
અધ્યાત્મસુધા
ભાગ-૪
બહેનશ્રીનાં
વચનામૃત

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૪)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના પ્રવચનો

(વચનામૃત ૧૨૦ થી ૧૬૫)

પ્રકાશક

વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ

ભાવનગર

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણું સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. વર્તમાનકાળમાં **'સીમંધર'** ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્‌ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્‌પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે **'બહેનશ્રીનાં વચનામૃત'** ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ **'અધ્યાત્મ સુધા'** ભાગ–૪ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'** દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૪૬ વચનામૃત ઉપર થયેલા કુલ ૩૩ પ્રવચનો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૧ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ ચતુર્થ ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. તેથી પ્રશમમૂર્તિ પૂજ્ય 'બહેનશ્રી ચંપાબહેન'ની ૯૫મી જન્મ જયંતી પ્રસંગે ચતુર્થ ભાગનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુ તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરીત કરતાં એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્યભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને કયા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રી'ના વચનામૃતોના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ લખી લેવામાં આવેલ છે અને ત્યારબાદ પ્રવચનો સાંભળીને તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં

## અનુક્રમણિકા


| પ્ર. ક્રમાંક | તારીખ | બોલ | વિષય | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|---|
| ૦૯૪ | ૨૨-૫-૮૭ | ૧૨૦ / ૧૨૧ | ધ્યાન / પ્રેરણા | ૦૦૧ |
| ૦૯૫ | ૨૩-૫-૮૭ | ૧૨૧ / ૧૨૨ | પ્રેરણા/ પ્રેરણા | ૦૧૯ |
| ૦૯૬ | ૨૪-૫-૮૭ | ૧૨૩ / ૧૨૪ | સ્વરૂપ મહિમા / શ્રીગુરુ મહિમા | ૦૩૫ |
| ૦૯૭ | ૨૬-૫-૮૭ | ૧૨૪ / ૧૨૫ | શ્રીગુરુ મહિમા / પ્રેરણા | ૦૫૩ |
| ૦૯૮ | ૨૭-૫-૮૭ | ૧૨૫ / ૧૨૬ | પ્રેરણા / પુરુષાર્થ | ૦૭૦ |
| ૦૯૯ | ૨૯-૫-૮૭ | ૧૨૬ / ૧૨૭ / ૧૨૮ | પુરુષાર્થ / વસ્તુસ્વરૂપ / ભેદજ્ઞાન / જ્ઞાનીનીદશા | ૦૮૭ |
| ૧૦૦ | ૩૦-૫-૮૭ | ૧૨૮ / ૧૨૯ | જ્ઞાનીની દશા / માર્ગદર્શન | ૧૦૬ |
| ૧૦૧ | ૩૧-૫-૮૭ | ૧૨૯ / ૧૩૦ / ૧૩૧ | માર્ગદર્શન / સ્વરૂપ મહિમા / પ્રેરણા / કર્તવ્ય | ૧૨૪ |
| ૧૦૨ | ૧-૬-૮૭ | ૧૩૧ / ૧૩૨ | પ્રેરણા / કર્તવ્ય / વિધિ | ૧૪૩ |
| ૧૦૨ | ૦૨-૬-૮૭ | ૧૩૨ / ૧૩૩ | વિધિ / જ્ઞાનીની દશા | ૧૫૯ |
| ૧૦૩ | ૦૩-૬-૮૭ | ૧૩૪ / ૧૩૫ | ધન્ય મુનિદશા / માર્ગદર્શન | ૧૭૬ |
| ૧૦૪ | ૧૯-૬-૮૭ | ૧૩૬ / ૧૩૭ | યથાર્થ ભૂમિકા / માર્ગદર્શન | ૧૮૬ |
| ૧૦૫ | ૨૦-૬-૮૭ | ૧૩૭ / ૧૩૮ | માર્ગદર્શન / રુચિ | ૨૦૪ |
| ૧૦૬ | ૨૨-૬-૮૭ | ૧૩૮ / ૧૩૯ | રુચિ / યથાર્થ ભૂમિકા | ૨૧૮ |
| ૧૦૭ | ૨૩-૬-૮૭ | ૧૪૦ | કર્તવ્ય | ૨૩૬ |
| ૧૦૮ | ૨૪-૬-૮૭ | ૧૪૧ / ૧૪૨ / ૧૪૩ | ધન્ય મુનિદશા / યથાર્થ ભૂમિકા / પ્રેરણા / માર્ગદર્શન | ૨૫૫ |
| ૧૦૯ | ૨૬-૬-૮૭ | ૧૪૩ / ૧૪૪ / ૧૪૫ | માર્ગદર્શન / ધ્યાન / વૈરાગ્ય | ૨૭૦ |
| ૧૧૦ | ૨૭-૬-૮૭ | ૧૪૬ | વિધિ | ૨૮૭ |
| ૧૧૧ | ૨૯-૬-૮૭ | ૧૪૭ / ૧૪૮ | વૈરાગ્ય / સ્વરૂપમહિમા | ૩૦૫ |
| ૧૧૨ | ૩૦-૬-૮૭ | ૧૪૯ / ૧૫૦ | વિધિ / દ્રવ્યદૃષ્ટિ | ૩૨૩ |
| ૧૧૩ | ૦૧-૭-૮૭ | ૧૫૦ / ૧૫૧ | દ્રવ્યદૃષ્ટિ / પુરુષાર્થ | ૩૪૦ |
| ૧૧૪ | ૦૩-૭-૮૭ | ૧૫૨ / ૧૫૩ | વિધિ / માર્ગદર્શન | ૩૫૮ |
| ૧૧૫ | ૦૪-૭-૮૭ | ૧૫૪ / ૧૫૫ | રુચિ / ભેદજ્ઞાન | ૩૭૫ |
| ૧૧૬ | ૦૫-૭-૮૭ | ૧૫૫ | ભેદજ્ઞાન | ૩૯૧ |
| ૧૧૭ | ૦૬-૭-૮૭ | ૧૫૬ | કર્તવ્ય | ૪૧૦ |
| ૧૧૮ | ૦૭-૭-૮૭ | ૧૫૬ / ૧૫૭ | કર્તવ્ય / માર્ગદર્શન | ૪૨૫ |

| | |
|---|---|
| શ્રીમતી અરૂણાબહેન નવીનભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી ન્યાલચંદ વીરચંદ વોરા પરિવાર, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રી શ્રેણીકભાઈ ઝવેરીભાઈ સાવલા, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રીમતી લીનાબહેન ભરતભાઈ રાંબીયા, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રી મેઘજી રાયશી રાંબીયા, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રીમતી જયાબહેન જયંતીલાલ દોશી, બોરીવલી-મુંબઈ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, કોલકાટા | ૫૦૧/- |
| શ્રીમતી ચારૂબહેન જૈન, ભાવનગર | ૫૦૧/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

હે પરમ કૃપાળુ ગુરુદેવ ! આપના અપાર ગુણોનું શું વર્ણન કરૂં ? આપના અનંત ઉપકારોનું શું વર્ણન કરૂં ? આ આત્માની દરેક પર્યાયમાં આપનો અસીમ ઉપકાર છે. આપે આ ભારતના જીવોને જાગ્રત કર્યા છે, અંતરમાં આત્મા તરફ વાળ્યા છે.

હે ગુરુદેવ ! આપના શુદ્ધાત્મામાં પ્રગટેલી શુદ્ધ પર્યાયોની–જ્ઞાન–વિરક્તિ આદિની છાયા આપના અંતરમાં તેમજ આપની મુદ્રામાં છવાઈ ગઈ હતી.

હે ગુરુદેવ ! આપના અંતરમાં ચૈતન્યરત્નાકરસ્પર્શી સાતિશય શ્રુતજ્ઞાનની ચમત્કારી સમ્યક્ પર્યાયોના ઝગમગતા જ્ઞાન-દીવડા પ્રકાશી રહ્યા હતા. આપની સાતિશય વાણી ચૈતન્યદેવનો અદ્ભુત ચમત્કાર દેખાડનારી હતી.

હે ગુરુદેવ ! આપનું ચૈતન્યદ્રવ્ય મંગળસ્વરૂપ અને મંગળતા પ્રગટાવનાર તથા અલૌકિક હતું, દિવ્ય હતું.

હે ગુરુદેવ ! આપે એકાકી, નિસ્પૃહ અને નીડરપણે અંતરમાં પુરુષાર્થ કરી આત્મરત્નને પ્રગટ કરી ભારતના જીવોને તે સમ્યક્ માર્ગે નિઃસ્પૃહપણે અને નીડરપણે આપના પરાક્રમથી વાળ્યા છે, શાસ્ત્રોનાં ને આત્મદેવનાં ઊંડા સૂક્ષ્મ હાર્દ પ્રકાશ્યાં છે; ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યહાર, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાતા, કર્તા, અકર્તા, સ્વાનુભૂતિની નિર્વિકલ્પ દશા વગેરે ચૈતન્યની અદ્ભુતતા વાણી દ્વારા પ્રકાશ કરી લાખો જીવોને અંતરદૃષ્ટિનો માર્ગ બતાવ્યો છે, તે પંથે વાળ્યા છે. આપ ભારતની મહાન વિભૂતિ  અને અજોડ રત્ન હતા.

હે ગુરુદેવ ! આપના ઉપકારોનું શું વર્ણન થાય ! તે તો હૃદયપટમાં કોતરાઈ ગયા છે. આ દાસના આત્મા ઉપર આપનો અનંત અનંત ઉપકાર છે. આપની સેવા-ભક્તિ અંતરમાં વસી રહો. આપના ચરણકમળમાં આ દાસના વારંવાર પરમભક્તિથી વંદન નમસ્કાર હો.

*–પૂજ્ય બહેનશ્રી ચંપાબેન*
*('પરમાગમસાર'માંથી સાભાર)*

# અધ્યાત્મ સુધા

(ભાગ-૪)

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પણ મૂળ તળમાંથી શાંતિ આવવી જોઈએ તે આવતી નથી. અનેક ફળફુલથી મનોહર વૃક્ષ સમાન અનંતગુણનિધિ આત્મા અદ્‌ભુત છે, તેના આશ્રયે રમતાં સાચી શાંતિ પ્રગટે છે. ૧૨૦.

તા. ૨૨-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૨૦,૧૨૧
પ્રવચન નં. ૯૪

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું-૩૯. ૧૨૦ નંબરનો બોલ છે. ધ્યાનનો બોલ છે. **'પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પણ મૂળ તળમાંથી શાન્તિ આવવી જોઈએ તે આવતી નથી.'** સામાન્યપણે જૈન ધર્મમાં પંચ પરમેષ્ઠી પદ છે એનું સ્મરણ, ધ્યાન કરવામાં આવે છે. એમને વીતરાગતા

પ્રગટી છે અને એવી વીતરાગતા પ્રગટ કરવાના જે અભિલાષી છે એ પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે છે, સ્મરણ કરે છે. એ ધ્યાન અને સ્મરણ કરતા વિકલ્પની ઉત્પત્તિ થાય છે કેમકે આખરમાં એ પરદ્રવ્ય છે. અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - પાંચે અન્ય દ્રવ્યો છે અને એમના તરફનો વિકલ્પ છે એ વિકલ્પ ખરેખર શાંતિનો ઉત્પાદક નથી. કષાયની તીવ્રતામાં, વિષયકષાયમાં પડ્યો હોય એવા જીવને પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, સ્મરણ કરે ત્યારે ઘડીભર કષાયની મંદતા થાય (ત્યારે) શાંતિ લાગે. પણ અહીંયાં બહુ સ્પષ્ટ કહ્યું છે કે, '**મૂળ તળમાંથી શાન્તિ આવવી જોઈએ તે આવતી નથી.**' ઉપલક શાંતિ, કષાયની મંદતાની શાંતિ કદાચ અનુભવાય પણ એ ખરેખર શાંતિ નથી, એ આત્માની શાંતિ નથી.

જે સ્વભાવમાંથી શાંતિ પ્રગટ થાય એ શાંતિની અપેક્ષાએ તો આ કષાયની મંદતાની શાંતિ દુઃખરૂપ છે, અશાંતિરૂપ છે. દુઃખરૂપ છે એમ કહો કે અશાંત સ્વરૂપ છે, સ્વયં અશાંતરૂપે જ છે. પંચ પરમેષ્ઠીની વીતરાગતાને લક્ષમાં લઈને પંચ પરમેષ્ઠીનું ધ્યાન કરે, પરમેષ્ઠી પદનું પણ ધ્યાન કરનારા હોય છે. 'સોગાનીજી'ને કોઈએ પ્રશ્ન પૂછ્યો છે કે, આત્માનું ધ્યાન કરતા પરમેષ્ઠી પદના વિકલ્પો કોઈ કરે છે, કોઈ આત્માના વિકલ્પો કરે – સોહમ્, તો એવો વિકલ્પ પહેલા કેમ કરે છે ? નિર્વિકલ્પ ધ્યાન પહેલા એવો વિકલ્પ કેમ કરવામાં આવે છે ? ત્યારે એમણે એવો ઉત્તર આપ્યો છે કે, એ રીતે સ્વરૂપમાં એકાગ્રતા કરવાના પ્રયત્નમાં શિથિલતા હોય અથવા મંદ પ્રયત્ન છે એ વિકલ્પનો ઉત્પાદક છે. જે મોક્ષમાર્ગી છે એને તો પુરુષાર્થ વર્તે છે, જેટલો થોડો ઓછાવત્તા પ્રમાણમાં પણ પુરુષાર્થ એમને છે. એવા મોક્ષમાર્ગી ધર્માત્માઓ પણ સ્વરૂપનું ધ્યાન કરે ત્યારે એમને આત્માનો વિકલ્પ ઉત્પન્ન થાય. સોહમ્, ચિદાનંદ, હું ચિદાનંદ સ્વરૂપ છું, નિર્વિકલ્પો અહમ્.

છે ને 'ગુરુદેવ'નું ? આપણે ('પરમાગમસાર'માં એમના) ધ્યાનના શબ્દો લીધા છે. એમના જ હસ્તાક્ષરમાં શરૂઆતમાં છે ને ? એ ધ્યાનકાળનો એમનો જાપ હતો. 'પરમ પારિણામિક ભાવ છું. કારણ પરમાત્મા છું, કારણ જીવ છું, શુદ્ધ ઉપયોગો અહમ્. નિર્વિકલ્પો અહમ્.' પાંચ બોલ લીધા છે. બધા પોતાના સ્વરૂપલક્ષે છે.

એ પુરુષાર્થ ઉગ્ર થાય ત્યારે નિર્વિકલ્પ દશા થાય, શુદ્ધ ઉપયોગ થાય અને પુરુષાર્થધર્મ મંદ રહે ત્યારે જ્ઞાનીને પણ કાં તો પોતાના આત્મસ્વરૂપના વિકલ્પ હોય, કાં તો એને પંચ પરમેષ્ઠીના વિકલ્પ પણ ધ્યાન કાળે આવે. જ્યારે એ વિકલ્પની દશા છે ત્યારે તીવ્ર કષાયની અપેક્ષાએ શાંતિ દેખાય તોપણ એ મૂળ તળમાંથી જે શાંતિ આવવી જોઈએ તે શાંતિ આવતી

નથી. તે શાંતિ છે પણ નહિ અને વિકલ્પમાંથી વિકલ્પના કાળે એ શાંતિ મળતી નથી, હોતી નથી, અનુભવાતી નથી. એટલે પંચ પરમેષ્ઠીના ધ્યાનના વિકલ્પથી છૂટીને સ્વરૂપનો આશ્રય થાય, એકાગ્રતા થાય ત્યારે સાચી શાંતિ પ્રગટ થાય, એમ કહેવું છે.

**'અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન...'** આ આત્માને ઉપમા આપી છે. એક નહિ પણ અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન. બહુ સુંદર, અતિ સુંદર વૃક્ષ, જેને ફળ પણ એટલા લટકતા હોય અને ફૂલ પણ એટલા ખીલ્યા હોય એવા વૃક્ષો થાય છે, બહુ સુંદર વૃક્ષો થાય. ફળફૂલથી પાંગરેલું વૃક્ષ હોય એમ આત્મા અનંત ગુણથી પાંગરેલું દ્રવ્ય છે, એમ કહે છે. શાંતિ જેવા અનેક ફળ છે, આનંદ જેવા અનેક ફળ છે અને જ્ઞાન ને અનેક પ્રકાર(ના) દૈવી ગુણ સમાન જેમ ફૂલ ખીલ્યા હોય (એવું સ્વરૂપ છે).

**'અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન અનંતગુણનિધિ આત્મા અદ્ભુત છે,...'** ઉપમા તો એને કોઈ દેવા જાય તોપણ અધૂરી પડે છે, એને કોઈ ઉપમા દઈ શકાતી નથી. ઉપમાઓ બધી ટૂંકી પડે છે એને. એવો **'અનંતગુણનિધિ આત્મા અદ્ભુત છે, તેના આશ્રયે રમતાં સાચી શાન્તિ પ્રગટે છે.'** એવા આત્માના અંતર્મુખના આશ્રયમાં નિરાકુળ શાંતિ, સાચી શાંતિ એટલે નિરાકુળ શાંતિ પ્રગટે છે. આત્મા એકદમ શાંત, શાંત, પ્રકૃષ્ટ – ઉત્કૃષ્ટ શાંતસ્વરૂપ છે એમાં લીન રહેતાં, એમાં રમણતા કરતાં; રમવાનો અર્થ લીન રહેવું છે, એમાં ઉપયોગ જામી જાય છે ત્યારે ખરેખર સાચી શાંતિ પ્રગટે છે.

આ આત્માના ધ્યાનની શાંતિ છે. સાચી શાંતિ સ્વરૂપના ધ્યાનકાળે પ્રગટ થાય છે અને અનુભવગોચર થાય છે. એ સિવાય કોઈ વિકલ્પના કાળે સાચી શાંતિ હોતી નથી. ભલે એ વિકલ્પ પંચ પરમેષ્ઠી પદનો હો કે એ વિકલ્પ પોતાના જ પરમપદનો હો તોપણ વિકલ્પમાં અશાંતિ છે, વિકલ્પમાં શાંતિ નથી. બેની જાત જુદી છે.

જેને સ્વભાવની જાતિથી શાંતિની જાત અથવા આત્માની જાતને પરખી નથી, ઓળખી નથી એને વિકલ્પની શાંતિમાં શાંતિ મનાય જાય છે. એટલે એ વિકલ્પને સાધવા લાગી જાય છે, સ્વભાવને સાધવાને બદલે વિભાવને સાધવા લાગે છે અને વિભાવને સાધવામાં એ ભૂલથી આગળ વધે છે. એટલે પ્રથમ ઓળખાણ કરવાનો આદેશ છે અથવા ઉપદેશ છે. જે કાંઈ બોધ છે, ઉપદેશ છે એમાં એ વિષય પહેલા છે. પછી સ્વરૂપને ઓળખીને એમાં એકાગ્ર થાય, ઓળખ્યા વિના એકાગ્રરૂપ ધ્યાન થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :– એમનો ઉપદેશ સાચો છે. પંચ પરમેષ્ઠી ભગવાન પાસે માલ પણ સાચો છે અને એમનો ઉપદેશ પણ સાચો છે, એમાં કાંઈ વાંધો નથી પણ એ ઉપદેશને અંતરમાં ઉતારવો એ પોતાનું કાર્ય છે અને એ કાર્ય પોતાથી, પોતામાં, પોતાના આશ્રયે થાય છે, પંચ પરમેષ્ઠીના આશ્રયે થતું નથી. જેમકે ક્ષાયિક સમ્યગ્દર્શન કેવળીના પાદમૂળમાં જ થાય છે. તીર્થંકર ભગવાન હો, સામાન્ય કેવળી હો, એમના ઉપદેશથી એમની સમીપતામાં થાય છે અથવા નિસર્ગાત, અધિગમાત્વા એમાં જે અધિગમ લીધું કે સમ્યગ્દર્શન અધિગમથી થાય છે, એમાં દેવ-ગુરુ-શાસ્ત્રનું સમીપપણું છે, નિમિત્તપણું છે. તો નિમિત્તથી થતું નથી એમ કહેવા જતાં આ સૂત્રને વિરોધતા થાય છે ? કે, સૂત્ર વિરુદ્ધ વાત નથી. ત્યાં સંયોગનું જ્ઞાન કરાવ્યું છે કે સમ્યગ્દર્શન થતાં સંયોગ હોય પણ ખરો અને સંયોગ ન પણ હોય.

અનુકૂળ સંયોગ ઉપર આરોપ કરવામાં આવે છે. હવે એ આરોપ જ છે કે ખરેખર સાચી વાત છે એની પરીક્ષા અથવા એની સાબિતી શું ? ઊંડા  તરીને એ વિષયની વિશેષપણે તપાસ કરવામાં આવે કે, ત્યાં આવું સૂત્ર હોવા છતાં એને આરોપિત કથન કહી દેવું એમાં ક્યાંય અન્યાય તો થતો નથી ને ? કે વિરોધાભાસને કેવી રીતે ટાળી શકાય એવી વાત ઊંડા  તરીને નક્કી કરી શકાય છે. જ્યારે કોઈપણ જીવને સમ્યગ્દર્શન થાય છે ત્યારે એને પોતાના સ્વરૂપનો આશ્રય હોય છે કે જેના નિમિત્તે સમ્યગ્દર્શન થાય એના ઉપર એનું લક્ષ હોય છે ? કોના ઉપર એનું લક્ષ હોય છે ? કોઈ પરલક્ષ હોય અને નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં સમ્યગ્દર્શન થાય એવું તો સમ્યગ્દર્શનનું પરિણમન જ નથી. જ્યારે ઉપદેશ સાંભળતા સાંભળતા ઉપદેશમાં શુદ્ધાત્માનું સ્વરૂપ આવ્યું, એ શુદ્ધાત્માનું સ્વરૂપ એટલે કોઈ બીજાના શુદ્ધાત્માનું સ્વરૂપ નહિ, Third person નહિ પણ મારું આવું સ્વરૂપ છે એમ જ્ઞાનલક્ષણથી પોતાના ઉપર ઉપયોગ જાય ત્યારે ઉપયોગ તો એકસાથે બે પદાર્થને વિષય કરે નહિ, એ વખતે ઉપદેશનો વિષય છૂટી જાય છે. ઉપદેશનો વિષય પણ ઉપયોગમાં રહે અને આત્મા પણ ઉપયોગમાં રહે એમ સ્વ અને પર એમ બે તો ઉપયોગમાં રહેતા નથી. છદ્મસ્થનો ઉપયોગ એક કાળે એક વિષયને જાણે, વિષય કરે. એનો ઉપયોગ છૂટી જાય છે અને સ્વરૂપમાં ઉપયોગ જ્યારે લાગે છે ત્યારે એને શુદ્ધ ઉપયોગ અને સમ્યગ્દર્શન પ્રગટે છે. ત્યારે આરોપ આવે છે કે વાણી સાંભળતા સાંભળતા સમ્યગ્દર્શન (પ્રગટ થયું). પણ પૂર્વ પર્યાયમાં સાંભળતો હતો, ઉત્તર પર્યાયમાં સાંભળવાનું છૂટી ગયું છે. એ વાત સૂક્ષ્મ કાળની અને સૂક્ષ્મ પરિણમનની છે. એટલે સ્થૂળ કથનથી એમ કહેવાય કે, સાંભળવાથી જ્ઞાન થયું, સાંભળવાથી બોધ લાગ્યો,

સાંભળવાથી સમ્યગ્દર્શન પ્રગટ થયું. એ સ્થૂળ કથન છે.

એમ પંચ પરમેષ્ઠી માલ તો સાચો આપે છે પણ એ માલ એટલે પોતાનું જ સ્વરૂપ છે. વાચક શબ્દોનો વિષય પોતાનો આત્મા છે, અનંતગુણ નિધિ પોતાનો ભાવ છે અને એના અનુભવ માટે એણે આત્મસન્મુખ થવું પડે છે. પંચ પરમેષ્ઠીની સન્મુખતાવાળો ભાવ અથવા જ્ઞાનનો ઉપયોગ, એ છૂટીને, બદલીને જ્યારે આત્મામાં આવે ત્યારે અનુભવ થાય ત્યાં સુધી થતો નથી.

એટલે એ કહ્યું કે, જેમ **'અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન...'** પોતાનું આત્મસ્વરૂપ **'અનંતગુણનિધિ આત્મા અદ્ભુત છે,...'** (સ્વરૂપ) સન્મુખ જ્ઞાનમાં જેને પોતાના જ્ઞાનમાં પોતાનો આત્મા વિષય થાય છે તેને એ અનંત ગુણની નિધિ સ્વરૂપે વિષય થાય છે, અદ્ભુત તત્ત્વ તરીકે વિષય થાય છે. સામાન્ય, આત્મા એટલે કોઈ સામાન્ય ચીજ નથી, સામાન્ય વાત નથી. અદ્ભુત સ્વરૂપ છે, અનંત ગુણની નિધિ છે. એનો અંતર આશ્રય થતાં, એમાં એકાગ્રતા થતાં **'સાચી શાન્તિ પ્રગટે છે.'** ત્યારે ખરેખર આત્માને પોતાના સ્વરૂપની શાંતિ પ્રગટે છે. એ શાંતિની તોલે જગતમાં બીજા કોઈને તોળી શકાય એવું નથી. એકવાર એ શાંતિનો જીવ સ્વાદ ચાખે ત્યારે એને શાંતિનું જ્ઞાન થાય અને ત્યારે એને અશાંતિનું પણ સાચું જ્ઞાન થાય.

બહુભાગ જીવો સ્વભાવને ઓળખ્યા વિના કષાયની મંદતામાં સાચી શાંતિ માની લ્યે છે અને છેતરાય જાય છે. એટલે અહીંયાં 'સાચી શાંતિ' એવો શબ્દ લીધો છે. **'સાચી શાન્તિ પ્રગટે છે.'** એમ કહ્યું છે. કેમકે તીવ્રતા અને મંદતામાં જે ફરક છે એ ફરક (છે). કષાયની તીવ્રતામાં આકુળતા ઘણી છે એટલે અશાંતિ ઘણી છે, જીવને એ અનુભવ છે. એ અનુભવમાં એને કષાયની મંદતામાં આવતા શાંતિ લાગે છે, પણ એ સાચી શાંતિ નથી અને એ કષાયની મંદતાની શાંતિ પાછળ દોડવા જેવું પણ નથી. ૧૨૦ (બોલ પૂરો) થયો. એ સ્વરૂપધ્યાનને લક્ષે (બોલ છે). પંચ પરમેષ્ઠીનું ધ્યાન એ ખરેખર આત્માનું ધ્યાન નથી, એમાં સાચી શાંતિ પ્રગટતી પણ નથી. પંચ પરમેષ્ઠીના ધ્યાનથી સાચી શાંતિ નહિ પ્રગટે. પછી બીજાના ધ્યાનથી શાંતિ પ્રગટવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

**આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે :- જાગ રે ! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી. તું તારી ભૂલથી જ રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો તરીને જો, અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ. ૧૨૧.**

'**આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે...**' નિષ્કારણ કરુણાથી. જેમને તિલતુષમાત્ર પરિગ્રહ નથી, એવા જંગલવાસી દિગંબર સંત આચાર્ય એ ખરા આચાર્ય છે. જેને કોઈ અપેક્ષા નથી. સામે ચાલીને કોઈ વ્યવસ્થા કરે તો એ વ્યવસ્થાનો સ્વીકાર નથી. નીચેના ગુણસ્થાને એ બને છે કે બીજા સાધર્મીજનોની વ્યવસ્થા ધર્માત્માઓ સ્વીકાર કરે છે પણ મુનિરાજ સ્વીકાર કરતા નથી. આ વીતરાગતા છે. મુનિપદનો આ મહિમા છે કે, કોઈપણ એમના માટેની જમવાની, રહેવાની કે નાનીમોટી ચીજની કોઈ વ્યવસ્થા (સ્વીકારતા નથી). જોકે એમને કોઈ ચીજ ખપે જ નહિ, કોઈ ચીજની સગવડ જોઈએ જ નહિ. ન કપડા જોઈએ પછી બીજું હોવાનો પ્રશ્ન નથી. એટલે આહાર-પાણીથી માંડીને, આહારની વ્યવસ્થા સ્વીકારતા નથી (ત્યાં) બીજી વ્યવસ્થા કેમ સ્વીકારે ? એમના માટે (બનાવેલા) ઉપાશ્રય કે બંગલા મુનિરાજને હોતા નથી. એમની જગતના જીવો ઉપર નિષ્કારણ કરુણા કહેવામાં આવે છે. કાંઈ કારણ નથી, કોઈ અપેક્ષા નથી એટલે કારણ નથી.

પ્રશ્ન :- ....

સમાધાન :- સગડવતા જ નથી. અગવડ-સગવડ સમકક્ષાએ છે. સમતા પ્રગટી છે કે નહિ ? મુખ્ય લક્ષણ એમનું સામ્ય છે. 'ચારિત્ર છે તે સામ્ય છે અને સામ્ય છે તે ધર્મ છે, ધર્મ છે તે મોહ ક્ષોભ વિહીન આત્મપરિણામ છે.' 'પ્રવચનસાર'(માં આવે છે).

એટલે એમને બધું સરખું છે. જ્ઞાનનું જ્ઞેય છે, જ્ઞાતાદ્દષ્ટા થઈ ગયા છે. ચક્રવર્તી વંદન કરે તોપણ સરખું છે અને કોઈ ઉપસર્ગ આવે તો સરખું છે, બધું એમને સરખું છે. જ્ઞાનમાં ખ્યાલ આવે છે તોપણ સમભાવ થઈ જાય છે, રાગ કે દ્વેષ થતો નથી, વિષમભાવ થતો નથી. એવા આચાર્ય મહારાજ કરુણા કરી જીવને જગાડે છે. એ વિકલ્પ આવે છે, ખરેખર તો એમને એ વિકલ્પમાં પણ રહેવું નથી. એમને તો અનંત ગુણનિધિ અદ્‌ભુતથી અદ્‌ભુત આત્મસ્વરૂપ છે એમાં જ રમવું છે. છતાં જે નિષેધનો વિષય છે એવો ઉપયોગ બહાર આવે છે. ખરેખર એ નિષેધનો વિષય છે. અને એ વિકલ્પ અને ઉપયોગના મિશ્ર પર્યાયથી સત્‌શાસ્ત્રની – બોધની રચના થઈ જાય છે.

જેના એવા નિષેધના વિષયથી રચિત ઉપદેશ પણ બીજાને કલ્યાણમાં નિમિત્ત પડે છે તો એમની ગુણસંપત્તિ કેવી ? આને તો પોતે અવગુણ માને છે. ઉપયોગ બહાર જાય એને અવગુણ માને છે, ઉપયોગ બહાર જાય ત્યારે શાસ્ત્ર સંબંધિત, ઉપદેશ સંબંધિત વિકલ્પ છે એને પણ અવગુણ માને છે. એવી જે અવગુણની છાંટ છે, અલ્પ અવગુણ છે એટલે અવગુણની છાંટ છે (એમ) કહ્યું, એ પણ બીજાને કલ્યાણમાં નિમિત્ત પડે છે, તો એના ગુણની તો શું વાત થાય ! એટલે અદ્‌ભુત વાત લીધી છે.

આત્મા કેમ અદ્‌ભુત છે ? કે, એના સાધનાના રસ્તે ચડેલા સાધક, મુનિઓ અને આચાર્યોના અવગુણની છાંટમાં બીજાનું કલ્યાણ થઈ જાય છે. લોકો કહે છે ને, ભાઈ ! આ ફલાણા સોનીનો ધૂળધોયો લાખોપતિ થઈ ગયો. એની દુકાને રોજ સંજવારી કાઢીને બહાર ધૂળ, કચરો નાખી દ્યે ઇ ધૂળ ધોતા ધોતા એમાં એટલા સોનાના રજકણ નીકળ્યા (કે) ઇ લખપતિ થઈ ગયો. એમ આ ધૂળધોયો સમ્યગ્દર્શન થઈ જાય એવું છે. એમના વિકલ્પ અને ઉપયોગના નિમિત્તે શાસ્ત્રો રચાય, ઉપદેશ આવે એમાંથી પાત્ર જીવ પકડી લ્યે છે કે, આમ મારો આત્મા બતાવવા માગે છે.

**'આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે–જાગ રે ! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી.'** આ ઊંઘ કઈ છે ? મોહની ઊંઘ છે. કઈ ઊંઘ છે ? દર્શનમોહની ઊંઘ છે. એમાં તને તારા આત્મામાં કેમ અંતર્મુખ થવું એ અંદરની દિશા તને સૂઝતી નથી. ઊંઘમાં શું ખબર પડે ? કાંઈ ખબર ન પડે. આ દર્શનમોહની સ્થિતિ બિલકુલ એવી છે. 'શ્રીમદ્‌જી'એ લખવાની શરૂઆત કરી છે ઇ ત્યાંથી શરૂઆત કરી છે કે, પ્રભાત થયું. ભાવનિંદ્રા ટળી હવે ભાવનિંદ્રા ટાળીને જાગૃત થાઓ. ભાવનિંદ્રા એટલે મોહનિંદ્રા. પહેલું વાક્ય એ લીધું

છે. મોટો ગ્રંથ છે ને ? 'રાત્રિ વ્યતિક્રમી ગઈ.' ત્યાંથી શરૂ (કર્યું છે). (અર્થાત્) અજ્ઞાન પૂરું થયું.

મુમુક્ષુ :– શ્રીમદ્જીનો ગ્રંથ મળ્યો એ માટે 'ગુરુદેવ'નો ઉપકાર માનવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ તો છે જ. 'પુષ્પમાળા'નો પહેલો બોલ છે. 'રાત્રિ વ્યતિક્રમી ગઈ. પ્રભાત થયું, નિંદ્રાથી મુ ત થયા, ભાવનિંદ્રા ટાળવાનો પ્રયત્ન કરજો.' સત્તરમા વર્ષ પહેલાં આ ભાવનિંદ્રા ટાળવાની વાત લખી છે. વિચારદશા ઘણી જાગૃત હતી. પંદર વર્ષે એટલો વિવેક છે, (લખે છે) કે, 'જો તું સ્વતંત્ર હો તો સંસાર સમાગમે તારા આજના દિવસના નીચે પ્રમાણે ભાગ પાડ. એક પ્રહર ભ તિ કર્તવ્ય, એક પ્રહર ધર્મ કર્તવ્ય, એક પ્રહર આહાર પ્રયોજન, એક પ્રહર વિદ્યા પ્રયોજન, બે પ્રહર નિંદ્રા પ્રયોજન અને બે પ્રહર સંસાર પ્રયોજન.' આઠ પ્રહરમાંથી સંસારની વ્યવસ્થા માટે બે પ્રહર (લીધા છે), રૂપિયે ચાર આની લીધી છે, ચોથો ભાગ. પાંચ-છ કલાકથી વધારે કામનો સમય ગણ્યો નથી. બાકી એને પોતાના સમયનો સદ્ઉપયોગ કરવાનો વ્યવસ્થિત સમય કરી નાખવો જોઈએ.

પ્રશ્ન :– પ્રહર એટલે ?

સમાધાન :– આપણે એમ માનો કે, ચોવીસ કલાકમાંથી આઠ પ્રહર લ્યો તો ત્રણ કલાકનો એક પ્રહર થયો ને ? ત્રણ કલાકનો. બે પ્રહર નિંદ્રા એટલે વધુમાં વધુ છ કલાક નિંદ્રા, બરાબર છે. છ કલાક નિંદ્રા માટે. બરાબર તંદુરસ્ત માણસને આરામ મળી જ જાય, એને કાંઈ કોઈ માનસિક તકલીફ થાય નહિ. અને છ કલાકનો આ નોકરી, ધંધો ઇ બહુ વ્યાજબી વાત કરી છે. કોઈ વધારે પડતી વાત કરી છે એવી વાત નથી કરી.

મુમુક્ષુ :– સત્તરમે વર્ષે કેવી વાત કરી છે !

પૂજ્ય ભાઈશ્રી :– સત્તર વર્ષ પહેલાં પંદર-સોળ વર્ષે આટલો વિવેક છે.

મુમુક્ષુ :– એ વખતે સસ્તુ બહુ હતું.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અત્યારે સસ્તુ હોય કે મોંઘું હોય, આત્માનું કરવું હોય તો સમય કાઢ્યે છૂટકો છે. કરવું હોય તો, ન કરવું હોય તો બહાના ઘણા છે. મોંઘવારી છે ને ફલાણું છે ને તબિયત આમ નથી રહેતી, અમારે કામ ઘણા ને સગાંસંબંધી ઘણા ને લપ ઘણી ને... ઘણું નીકળે. જગતમાં તો છે જ, ઇ તો અનાદિથી છે અને જીવ (ઇ જ) કરતો આવ્યો છે.

'ગુરુદેવ'ને (કોઈએ) કહ્યું હતું, સાહેબ ! અમારે કેટલી જવાબદારી હોય, આપને શું

ખબર હોય. ઠીક ! એમને કહ્યું, ભાળી તમારી જવાબદારી, અહીં તો એ બધાને ફગાવીને નીકળી ગયા છીએ. તમારા શેઠિયા-ફેઠિયાના કામની અહીંયાં કોઈ કિંમત નથી. અને જવાબદારી હોય તો જવબાદારી અદા કરવા માટે કોઈ શાશ્વત રહેવાનું છે કંઈ ?

કોને મહત્તા આપવી એનો વિવેક કરવાનો વિષય છે. જેમ ચોવીસ કલાકમાં આહાર, નિંદ્રા કેટલીક પરિસ્થિતિ વર્તમાન શક્તિ પાસે અનિવાર્ય ગણાય તોપણ એ ગૌણપણે રાખીને એનો સમય અને એમાંથી આ સમય મુખ્યપણે કાઢી લેવો. કાર્ય તો બન્ને કરવા પડે, નિંદ્રા લેવી પડે, આહાર લેવો પડે પણ એને મુખ્ય રાખીને ? વ્યવસાય કરવો પડે તો એને મુખ્ય રાખીને કે એને ગૌણ રાખીને ? બસ ! આટલો સવાલ છે. એને ગૌણ રાખીને કરવો પડે અને આત્મકાર્યની મુખ્યતા રહે તો કાર્યસિદ્ધિ થવાનો અવસર છે. નહિતર આગળ કોઈ પ્રસંગ કાર્યસિદ્ધિ થવાનો નથી. ધર્મને નામે અને ધર્મને બહાને જે કાંઈ કર્યું છે એ સંસારના કાર્યોને મુખ્ય રાખીને જીવે કર્યું છે. અત્યાર સુધી જે કર્યું છે એ મુખ્ય રાખીને કર્યું છે. એની મુખ્યતા છોડી નથી અને ગૌણપણે આ બધું કરતો ગયો છે. જે આપણાથી થાય એટલું કરવું, કરી છૂટો, આપણાથી થાય એટલું કરી છૂટો. જેટલો સમય અને શક્તિ છે કાંઈ કરી લ્યો, કાંઈ કરી લ્યો પણ એ ગૌણપણે રાખે છે કે મુખ્યપણે રાખે છે ? આ વાત તપાસીને એકવાર એનું પલ્લું બદલી નાખવા જેવું છે. મુખ્ય-ગૌણના ત્રાજવાના બે પલ્લા છે. જ્યાં કાટલા મૂક્યા છે ત્યાં માલ મૂકવાની જરૂર છે, માલ મૂક્યો છે ત્યાં કાટલા મૂકવાની જરૂર છે, તો સાચો તોલ આવશે.

મુમુક્ષુ :- જીવના નસીબમાં હોય એટલું જ મળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમાં કાંઈ ફેર પડી જતો નથી. ખરેખર તો એણે વિચાર કરવા જેવો એ છે કે, આ જીવ સંયોગોના કાર્ય કરી શકે છે કે નહિ ? 'ગુરુદેવ'ના ઉપદેશમાં પાયાની વાત આ છે કે, તું તારા સંયોગના કાર્ય કરી શકે છે એમ માનીને કરે છે ? કે, કરી શકતો નથી અને એમ માનીને કરે છે ? જો કરી શકે છો, એમ માનીને કરીશ તો તારું એ બાજુનું જોર અનંતું જાશે અને એમાં ધાર્યું નહિ તરે તો આકુળતા પણ અનંતી થશે. કરી શકતો નથી પણ તારા ભાવની, પરિણામની દવા કર્યા વિના રસ્તો નથી. એ ભાવની દવા છે. દવા પીવાની હોંશ ન હોય, દવા પીવી પડે તો રોગવશ પીવી પડે. એમ પોતાના પરિણામની સ્થિતિ જાળવવા માટે, પરિણામ બગડી ન જાય (એ માટે પ્રવૃત્તિ કરવી) પડે અથવા કરવાના પરિણામ થાય તો એનું જોર ન રહે અને જોર ન રહે તો

હળવોફૂલ જેવો થઈને પ્રવૃત્તિમાં દેખાય, થોડો હળવો થઈ જાય. નહિતર માથું ભારે થયા વગર રહે એવું નથી.

મુમુક્ષુ :- સાંભળતી વખતે પોતાના હિતની વાત લાગે છે પણ જ્યારે ઉદય આવે છે ત્યાં ચૂકી જવાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં એવું છે કે, કેટલા રસથી સાંભળી છે ? કેટલા ભાવથી સાંભળી છે એના ઉપર આધાર છે. સાંભળવા સાંભળવામાં ફેર પડે છે. આ એટલા માટે 'શ્રુત'ને 'ભાવશ્રુત' એવો શબ્દ લગાડ્યો છે કે, તું સાંભળ તો ભાવથી સાંભળે છો તો એની અસર તને ઉદયકાળે સીધી ભી થશે. જ્ઞાન તો તેનું નામ કે ઉદયકાળે હાજર થાય તેનું નામ જ્ઞાન. જો ઉદયકાળે હાજર ન થાય તો એનું નામ જ્ઞાન નથી, કાંઈક બીજું છે, ગોખણપટ્ટી છે. ઇ પલાંખાં બધા અધ્ધર રહેશે. ઇ બધા પલાંખાં ઉદયકાળે અધ્ધર રહેવાના, ક્યાંના ક્યાંય રહી જશે. એટલે એણે આત્માના હિતની વાત જે ભાવથી, જેટલા ભાવથી, જે પ્રકારના ભાવથી સાંભળવી જોઈએ એ સાંભળી નથી, એ રીતે સાંભળી નથી. અને એવું જ અનંતવાર, અનંતકાળ(માં) સાંભળ્યું છે અનંતવાર, આવી રીતે માથેથી કાઢી નાખીને સાંભળ્યું છે. એટલે એવો ને એવો રહ્યો છે, એને ક્યાંય ઉપદેશ લાગ્યો નથી. એ કારણ છે.

મુમુક્ષુ :- શ્રુત અને ભાવશ્રુતનો ફરક...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એક વિચાર (કહ્યો). ભાવશ્રુત તો ખરેખર તો શાસ્ત્રમાં જે ભાવશ્રુત નામનો શબ્દ છે એ તો સમ્યક્જ્ઞાન જે છે એને ભાવશ્રુત કહેવામાં આવે છે. સમ્યક્ શ્રુતજ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહે છે. કેમકે આત્માનો સ્વભાવભાવ એનો વિષય છે. પણ આપણે એક મુમુક્ષુની ભૂમિકામાં વિષયને વિચારવો હોય કે, સાંભળીએ છીએ અને કેમ આમ થાય છે ? આ પ્રશ્ન એકલા (આ ભાઈનો) નથી, ઘણાનો આ પ્રશ્ન છે, ઘણા મુમુક્ષુઓનો આ પ્રશ્ન (છે), સામાન્ય પ્રશ્ન છે. સાંભળતા સાંભળતા વર્ષો ગયા, હવે તો જેટલા ગયા એટલા કદાચ બાકી પણ નહિ હોય એટલા ગયા અને પાછું ઉદયના કાળે તો ભૂલી જવાય છે. આ પ્રશ્ન આપણે ત્યાં બહુ સામાન્ય છે. તો કહે છે કે, જે ભાવથી સાંભળવું જોઈએ એ ભાવથી સાંભળ્યું નથી. એનો જે રસ હોવો જોઈએ, રસ આવવો જોઈએ, જે રસ ઉત્પન્ન થવો જોઈએ એ રસ ત્યાં નથી, એવો રસવાળો ભાવ નથી એટલે એની કાંઈ અસર હોતી નથી કે રહેતી નથી અને ઉદયકાળે તો એ બધા પલાખાં ક્યાંયને ક્યાંય અધ્ધર રહે છે અને પોતે ક્યાંય બીજી જગ્યાએ પ્રવર્તે છે. આ દશા ઉત્પન્ન થાય છે. એવું સાંભળવાનો

કોઈ અર્થ નથી. થોડુંક તો એમાંથી કામ થતું હશે કે નહિ ? એ પ્રશ્નનો એ સીધો ઉત્તર છે કે, એમાં થોડુંક પણ કામ થાય છે એવી અપેક્ષા રાખવી કે આશા રાખવી એ તદ્દન વ્યર્થ છે અને કલ્પનામાત્ર છે, કાંઈપણ કામ થતું નથી. અને કાંઈપણ કામ થતું નહિ હોવાથી સમય અને પરિશ્રમ વ્યર્થ જાય છે એની આકુળતા થવી જરૂરી છે. જેમ વેપાર કરે અને મહેનત કરે અને ભાવ ઘટી જાય અને એકેય પૈસો ન કમાય તો કેવું દુઃખ થાય ? કે, આટલી મોટી ઉપાધિ કરી, ઠેઠ 'દિલ્હી' ને 'લુધિયાણા'થી માલ લાવ્યા, જોખમ કર્યું અને અહીંયાં ભાવ ઘટી ગયા ને ભાવોભાવ માલ વેંચી દેવો પડ્યો. કાંઈ એક પૈસો નફાનો આવ્યો નહિ. આકુળતા થાય ને ? કે, લાખો રૂપિયાનું Turnover કર્યું ને એક પૈસો મળ્યો નહિ. ઉઘરાણી પાથરી, જોખમ કર્યું. ટાઢ, તડકો ખાયને પરિશ્રમ કરીને મુસાફરી કરી. નફો (કેટલો થયો) ? તો કહે, નફામાં શૂન્ય. આકુળતા થાય.

અહીંયાં અનેકવાર સાંભળે અને કાંઈ નફો ન થાય તો એને આકુળતા ન થાય. એમ ટાઢું માટલું હોય એમ ને એમ પડ્યો રહે. શું કરીએ ? રોજ સાંભળીએ છીએ, કાંઈ ને કાંઈ કરીએ છીએ. સાંભળવા તો જઈએ જ છીએ ને, સાંભળીએ તો છીએ ને, આટલું તો વાંચીએ જ છીએ ને, વિચાર તો થોડોઘણો કરીએ જ છીએ ને. પણ નફો શું થયો ? શાંતિ કેટલી થઈ ? એની તપાસ કરીને કોથળીમાં મેળ મેળવતો નથી. ઓલામાં મેળ મેળવે. બરાબર સરવાળા, બાદબાકી મૂકીને બારે મહિનાનું સરવૈયું કાઢીને (હિસાબ કરે), ક્યાંય નામાની ભૂલ નથી. નફો સાચો છે કે ખોટો છે ? કે નફો છે જ નહિ ? શું છે ખરેખર ?

મુમુક્ષુ :- જેવું કારણ આપે એવું કાર્ય થાય.

પૂજ્ય ભાઈશ્રી :- કારણ આપે એવું કાર્ય થયા વિના રહે જ નહિ. લોટમાં ગોળ નાખે અને લાડવો ગળ્યો થાય નહિ તો એણે ગોળ નથી નાખ્યો, ભૂલથી કાંઈક બીજું નાખી દીધું છે. એમ છે. ગોળ નાખે ને ગળ્યું ન થાય, એ કેમ બને ? અને ત્યાં તો કદાચ ન થાય તો ન થાય, અહીંયાં તો થયા વિના રહે નહિ. આ તો સ્વભાવનો વિષય છે.

**'આચાર્યદેવ કરુણા કરી જીવને જગાડે છે–જાગ રે ! ભાઈ, જાગ. તને ઊંઘમાં દિશા સૂઝતી નથી.'** તારું હિત ક્યાં છે ? તારું કલ્યાણ ક્યાં છે ? કેવી રીતે તારું કલ્યાણ થાય ? એ વાત તને સૂઝતી નથી. પોતાના હિત-અહિતને વિષે જાગૃતિ આવવી – આ સાચી દિશાસૂઝ છે. અંતર્મુખની વાત તો આગળની છે. ખરી દિશા તો અંતર્મુખની છે. પણ હિત-અહિતના ભાવો અને પરિણામોને વિષે એને ખ્યાલ રહેવો, જાગૃતિ આવવી તો એને અહિતકારક પરિણામ

થતાં આંચકો લાગશે. જેમ કોઈ માણસને હિચકિચાહટ થાય છે ને ? કોઈ એવું કઠણ કામ હોય તો એને ખચકાટ થાય છે, અરે...! આવું કામ મારાથી નહિ થાય. એમ મારા અહિતનું કામ મારાથી નહિ થાય. લાખ વાતની વાત, ગમે તે પરિસ્થિતિ થાઓ, મારું હિત પહેલા છે અને પછી આખી દુનિયાની વાત છે. જગતની બધી વાત પછી છે, પહેલામાં પહેલા મારું હિત છે. એવી એને જાગૃતિ આવવી જોઈએ.

મુમુક્ષુ :- આપણને તો 'ગુરુદેવશ્રી'એ જગાડ્યા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર ખરી વાત છે. જ્ઞાનીઓ એમ કહે છે કે, અમને આચાર્યોએ જગાડ્યા. આપણને 'ગુરુદેવે' જગાડ્યા. ખરી વાત છે. આ કાળમાં 'ગુરુદેવે' હજારો જીવોને જાગૃત કર્યાં, તોપણ કહેવાનું આવે કે, સહુ પોતપોતાની રીતે જાગૃત થઈને પોતાના હિતમાં સાવધાન થાય અને અહિતથી બચે એવી વાત જરૂર કરી છે અને બહુ સારી રીતે કરી છે.

'સોગાનીજી'એ પોતાના અનુભવની વાત લખી છે. કેમકે એમને તો અનંતકાળે પહેલાવહેલા 'ગુરુદેવ' જ નિમિત્ત પડ્યા છે એટલે એમને જે લાગ્યું છે એ લખ્યું છે. આવી વાત ! આ વાત સાંભળતા જ ચોંટ લાગવી જોઈએ. ચોંટ ન લાગે એવી આ વાત નથી માટે સાંભળતા એને ચોંટ લાગવી જોઈએ. જો ચોંટ ન લાગે તો એને હું સાંભળ્યા કરું, હું સાંભળ્યા કરું. (વાત) ઉપર ઉપરથી સારી લાગશે, ચોંટ નહિ લાગે. પણ કોઈ એમ કહે કે, અમને ચોંટ નથી લાગી, પણ (વાત) સારી લાગે છે એટલે વારંવાર 'ગુરુદેવ'ના પ્રવચનો સાંભળીએ છીએ, વાંચીએ છીએ, વિચારીએ છીએ, ટેપ સાંભળીએ છીએ, 'પ્રવચન રત્નાકર' વાંચીએ. એમ નહિ. એ ઉપર ઉપરથી સારી લાગી છે પાછી ભૂંસાઈ જશે. એ સારી લાગવાનું મટી જશે, તને ખબર નહિ રહે. એની ઊંડી ચોંટ લાગવી જોઈએ. નહિતર તને સાંભળવાનો અભિપ્રાય થઈ જશે કે, આ વાત સાંભળ્યા કરું, આ વાત સાંભળ્યા કરું, આ વાત સાંભળ્યા કરું. સાંભળવાના અભિપ્રાયથી સાંભળીશ તો એમાંથી તને કાંઈ મળશે નહિ.

એક સારો બોલ લીધો છે ('બહેનશ્રીના વચનામૃત'માં),

મુમુક્ષુ :- સ્વભાવની વાત સાંભળતા....

પૂજ્ય ભાઈશ્રી :- હા, સ્વભાવની વાત સાંભળતા કાળજે સોંસરવટ ઘા પડવો જોઈએ. કાળજું છે એ મર્મસ્થળ છે. જીવની લાગણીના મર્મસ્થળને કાળજું કહેવામાં આવે છે. એ તો બધા જ્ઞાનીઓ એક જ વાત કરે, બે વાત કરે કાંઈ ?

પ્રશ્નકારે તો પોતાની વર્તમાન પરિસ્થિતિને સ્પષ્ટ કરીને પ્રશ્ન કર્યો છે. ૪૩૯. 'અંદર મેં તો કુછ દિખતા નહીં...' અંદરમાં અમારો આત્મા દેખાતો નથી. 'ઔર સ્થિરતા હોતી નહીં,...' અને અંતર ઉપયોગ શુદ્ધ થઈને સ્થિર ઉપયોગ થાય નહિ, એમ કહે છે. 'ઇસલિયે સુનને કા ભાવ રહતા હૈ. - ક્યા કરેં ?' માટે આવી વાત કોઈ સંભળાવનારા મળે ત્યાં અમે સાંભળવા જઈએ, બીજું શું કરીએ ? આત્મા હજી અંદરમાં કાંઈ દેખાતો નથી, ઉપયોગમાં હજી લીનતા થતી નથી માટે આ વાત કહેનારા કોઈ હોય તો અમે સાંભળીએ અથવા તો એના પુસ્તકો હોય તો વાંચીએ. શું કરીએ ? ક્યાં કરેં ?

એમણે એમની શૈલી પ્રમાણે ઉત્તર કડક આપ્યો છે. 'ઇસમેં તો વ્યવહાર શ્રદ્ધા ભી નહીં આઈ.' ઠીક ! નિશ્ચય શ્રદ્ધાની વાત તો એક બાજુ રહી, તારી વ્યવહાર શ્રદ્ધા પણ એમાં નથી. પણ હું તો સાંભળવાની વાત કરું છું ને આપ અમારી વ્યવહાર શ્રદ્ધા ઉડાવો છો ? અમે તો આવી વાત કોઈ કરે એને સાંભળવા જવાની વાત કરું છું અને વ્યવહાર શ્રદ્ધા પણ નહિ અમારી ? તો કહે છે, હા ! એમાં તારી વ્યવહાર શ્રદ્ધા નથી. અભિપ્રાય પકડીને ઊંડેથી વાત કરી છે કે, 'સુનને કા અભિપ્રાય હી નહીં હોના ચાહિએ.' એમ કહીને જરા આમાં ઊંડાણ એ લીધું છે કે, જો ચોંટ ન લાગે, સાંભળતા ચોંટ લાગીને એ વિષયના ઊંડાણમાં ન જાય, સ્વભાવના ઊંડાણમાં ન જાય તો એને સાંભળવાનો અભિપ્રાય થઈ જશે કે, આ સાંભળીએ, આપણે આ વાત સાંભળ્યા કરીએ, આપણે આ વાત સાંભળીએ. એ જે અભિપ્રાય થઈ જશે એમાં નિશ્ચય શ્રદ્ધા તો એક બાજુ રહી, વ્યવહાર શ્રદ્ધા પણ નહિ રહે.

કેમ વ્યવહાર શ્રદ્ધા નહિ રહે ? એ પ્રશ્ન થવા યોગ્ય છે. ઊંડે ઊંડે એ અભિપ્રાયમાં એવું મિથ્યાત્વ ઘૂંટાય છે કે, આ સાંભળતા લાભ થઈ જશે, આ સાંભળતા લાભ થઈ જશે, આ સાંભળતા લાભ થઈ જશે. માટે આ સાંભળ્યા કરું, માટે આ સાંભળ્યા કરું કેમકે આ સાંભળતા સાંભળતા મને લાભ થઈ જશે. એ સાંભળતો નથી, મિથ્યાત્વને ઘૂંટે છે, વ્યવહાર શ્રદ્ધા એમાં રહેતી નથી. આ સાંભળવા બેઠા છે એને ક્યાં જોખમ છે, (એની) લાલબત્તી મૂકી છે કે, સાંભળતા હોય તો સંભાળજો, ક્યાંક આ અભિપ્રાય નથી થઈ ગયો ને ? નથી થઈ પડ્યો ને ? નહિતર નફો એકબાજુ રહ્યો, નુકસાનીનો ધંધો રોજ ચાલતો હશે અને એની ખબરેય નહિ હોય.

મુમુક્ષુ :- ધીરે ધીરે ફેર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- આ ઇ જ કહ્યું. ધીરે ધીરે સાંભળતા સાંભળતા ફેર પડશે; એના કરતાંય બીજું કહે છે, તમારા કરતાંય (બીજું કહે છે કે), આ રોજ સાંભળવામાં કો'ક દિ' તો તીર વાગી જશે, કો'ક દિ' તો ગોળી વાગશે માટે આપણે સાંભળ્યા તો કરો. આમ અભિપ્રાય રાખીને સાંભળે છે. એ વાતેય ખોટી છે. તારા લક્ષ વગર તીર વાગવાનું નથી. લક્ષ વિનાનું બાણ નકામું જાય એમ લક્ષ વિનાનું સાંભળવાનું બધું તારું નકામું જશે. એમ કહેવું છે. ત્યાં સંપ્રદાયમાં તો આવી વાત સાંભળવાનું પણ નથી પણ જ્યાં સાંભળવાનું છે ત્યાં પણ આ બધી વાતો છે. ભેગી ભેગી આ વાત સાંભળવાની છે, એવી રીતે સાંભળવાની વાત છે.

કૌંસમાં ખુલાસો કર્યો છે કે, સાંભળવાનો રાગ, વિકલ્પ થવો એક વાત છે અને અભિપ્રાય રહેવો કે હું સાંભળ્યા જ કરું, સાંભળવાનો અભિપ્રાય થઈ જવો કે હું સાંભળ્યા કરું, એનાથી કાંઈક થશે, આગળ જતા થશે, ધીરે ધીરે થશે – એમાં બહુ મોટો ફરક છે. સાંભળવાનો રાગ તો ગણધરને આવે છે. તીર્થંકરદેવના સમવસરણમાં ગણધરદેવની હાજરીમાં એમને ઉપદેશ સાંભળવાનું બને છે ? તો કહે છે, હા, બને છે. પણ એનો નિષેધ કરીને અંદરમાં ચાલ્યા જાય છે, ક્ષણે ક્ષણે અંદરમાં લીન થઈ જાય છે, સાંભળવા રોકાતા નથી. નહિતર તો એ વાણી જે ખરે છે એ તો કાનમાં કોઈ અમૃતરસની ધાર કરતા હોય એવી વાણી ખરે છે. પણ એના કરતાં અમૃતનો કુંડ આત્મા છે એમાં લીન વધારે (થા). એનો વિષયભૂત – વાણીનો વિષયભૂત અમૃતકુંડ આત્મા છે, એ સાંભળીને સીધા ઉપદેશમાં તરી જાય છે, ઉપદેશનો અમલ કરે છે, ખાલી શબ્દના અમૃતમાં રોકાતા નથી. એ તો એનો વિષય આત્મા અમૃતકુંડ છે એટલે વાણીને અમૃતકુંડની ઉપમા આપી છે. સાક્ષાત્ અમૃત તો પોતાનો આત્મા છે.

એટલે સાંભળવાનો રાગ હોવો અને અભિપ્રાય હોવો, બન્નેમાં બહુ મોટો ફરક છે. 'સુનતે હી ઇધર કા પ્રયાસ ચાલૂ હો જાના ચાહિયે.' સાંભળવું અને પુરુષાર્થ ચાલુ થવો એ સાંભળતાવેંત થવું જોઈએ. આ વર્તમાન પાત્રતાની નિશાની છે. સાંભળે અને એમ ને એમ પુરુષાર્થ ઊંધો ને ઊંધો ચાલ્યા કરે અને સવળા પુરુષાર્થમાં બિલકુલ જાગૃત ન થાય એ રીતે સાંભળવાની પદ્ધતિનો નિષેધ છે. એ પદ્ધતિએ સાંભળવું જોઈએ નહિ.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ત્યાં તો એને રોમેરોમે ઝાળ લાગી જાય. અરરર...! આમ કહ્યું,

આમ કહ્યું. અરે...! એને ન કહ્યું હોય, એનાવાળાને કહ્યું હોય, જેના ઉપર એને મમત્વ હોય, દીકરાવાળો, ફલાણાવાળો, ઢીંકણાવાળા, સગાંવાળો, વેવાઈવાળો, કાંઈક તો વાળો, વાળો હોય ને ? એને કહ્યું તોય લાગી જાય. તો એને કહે તો તો શું ય થાય ? અહીંયાં તને કેમ અસર નથી થતી ? આમાં તો તને જ કહે છે, બીજાને નહિ, તારા અડીને છે એને પણ નહિ, તને જ કહે છે. તને કેમ લાગતું નથી ?

'સુનતે હી ઇધર કા પ્રયાસ ચાલૂ હો જાના ચાહિયે.' આ વાત ઉપર એમનું બહુ વજન છે. ચર્ચાની અંદર આ વાત ઉપર ઘણું વજન આપેલું, અનેકવાર. કેમકે એમણે જોયું કે, અહીંયાં મુમુક્ષુઓ 'સોનગઢ'માં નિવૃત્તિ લઈને (રહે છે). કુટુંબ, વેપાર-ધંધો બધું છોડીને અહીંયાં આ કામ માટે રહ્યા છે. ખૂબ ખૂબ સાંભળે છે પણ એ જોયું કે, અંદરનો પ્રયત્ન કરવાવાળા નથી. ચોંટ લાગવી જોઈએ એ ચોંટ લાગી નથી. પોતાને પહેલેથી ચોંટ લાગી છે. બન્યું છે શું કે, પોતે એટલા નિવૃત્ત થઈને આવ્યા નથી, રહ્યા નથી પણ વાત ચોંટ મારે એવી છે એટલે એમને પાત્રતાવશ ચોંટ લાગી છે. એટલે એ વાતનો તફાવત જોવામાં આવે છે કે, આની તો ચોંટ લાગવી જોઈએ પણ કેમ ચોંટ લાગતી નથી ? સાંભળવી ગમે છે એમ જાણીને તમે સાંભળો છો તો ખૂબ ખૂબ, પણ ચોંટ કેમ લાગતી નથી ? ચોંટ લાગીને આનો પ્રયત્ન  પડવો જોઈએ, પુરુષાર્થ ચાલુ થવો જોઈએ, એ ન થાય તો સાંભળ્યું શું કામનું ? આ તો પછી એક સાંભળવાનો અભિપ્રાય થઈ ગયો, એકલો રાગ ન રહ્યો, રાગ ઉપરાંત અભિપ્રાય સહિતનો રાગ થઈ ગયો. આ તો ગડબડ થવાની. આનું ફળ કાંઈ આવવાનું નહિ, નુકસાન કેટલું ક્યારે કોણ કરશે એનું કાંઈ નક્કી નથી. એટલે આ પદ્ધતિ બરાબર નથી. એ વાત ઉપર એમણે બહુ ઊંડાણથી પ્રકાશ પાડ્યો છે.

પ્રશ્ન :- ...

સમાધાન :- દર્શનમોહનું જોર (છે). દર્શનમોહનું ગોદડું ઓઢ્યું છે એટલે મારે તોય વાગતું નથી. ચોંટ નહિ લાગવાનું કારણ પોતાનો વિરુદ્ધ ભાવ છે, વિરાધનાનું જોર છે. ચોખ્ખું કહીએ તો વિરાધનાનું જોર સામે કામ કરે છે. ઉપદેશને પછાડે છે. ઉપદેશની અસર આવવા દેતું નથી. વિરાધનાનું જોર છે. 'શ્રીમદ્જી' એક જગ્યાએ લખે છે કે, આવા સાચું સમજાવનારા પ્રત્યક્ષ સત્પુરુષ મળે, એમના નિમિત્તે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળે અને આ જીવ ન પામે તો મહામોહનીયનું બળ પ્રવર્તે છે એમ જાણવું. મહામોહનીય એટલે દર્શનમોહ, એ મહામોહનીય છે. ચારિત્રમોહનીય એ મહામોહનીય નથી, દર્શનમોહ છે એ મહામોહનીય

છે. એનું બળ પ્રવર્તે છે. પણ અમે તો મુમુક્ષુ છીએ, અમે તો વિષયકષાયને થોડાક ગૌણ કરીને આ બધું સાંભળવા બેઠા છીએ. સાચી વાત ! ચારિત્રથી જોઈએ તો તારી મંદતા દેખાય છે, શાંત દેખાય, બહુ ઉગ્ર નથી દેખાતો અને આ બધું વાંચે છે, વિચારે છે, સાંભળે છે, એમાં કાંઈક શાંતિ મુમુક્ષુને થાય છે, પણ દર્શનમોહનીયનું શું ? આજે બોધ અસર કરતો નથી, એ બોધનો પ્રતિકાર દર્શનમોહ દઢ થઈને કરે છે. એના ઉપર કાં તારું ધ્યાન નથી. ધ્યાન તો એના ઉપર દેવા જેવું છે.

એટલે એ વિષયમાં જગાડે છે. આચાર્યદેવ જગાડે છે કે, તું જાગ. '**તું તારી ભૂલથી જ રખડ્યો છે.**' કોઈ બીજાની ભૂલ કાઢીશ નહિ, ભૂલેચૂકે પણ કાઢીશ નહિ. આના કારણે આમ છે, આના કારણે આમ છે એ વાત ખોટી છે. જીવ રખડ્યો છે એ પોતાની ભૂલથી રખડ્યો છે, પોતાના મતિદોષથી રખડ્યો છે, પોતાના મિથ્યાત્વના દોષથી રખડ્યો છે. સમ્યક્જ્ઞાન, એની ભૂલમાં મિથ્યાજ્ઞાન, સમ્યગ્દર્શન, એની ભૂલમાં મિથ્યાત્વ – એ બન્ને ભૂલમાં ગણાય.

'**તું તારી ભૂલથી જ રખડ્યો છે. તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો.**' તું સ્વતંત્ર છો, તારી ભૂલમાં પણ તું સ્વતંત્ર છો. અનાદિથી ભૂલ કરી છે એમાં તું સ્વતંત્રપણે જ ભૂલ કરતો આવ્યો છો. બીજા ઊંધું સમજાવનારા મળ્યા માટે ભૂલ થઈ એ વાત ખોટી છે. તારી જ ભૂલ છે. એ વાતની તું તપાસ કર તો તને બરાબર સમજાય એવી પણ છે કે, ભૂલ તો પોતાની જ છે. જો બીજાને લઈને ભૂલ થાય તો બીજા સાચું સમજાવનારા અનંતવાર મળ્યા હતા, કેમ સવળો ન થયો ? અનંતવાર તને સાચું કહેનારા મળ્યા, કેમ સવળો ન થયો ? ભૂલ પણ તેં સ્વતંત્ર કરી છે. અને નથી સવળો થતો એ પણ સ્વતંત્રપણે ભૂલમાં રહીને નથી થતો અને જે દિ' સવળો થઈશે તે દિ' તારા પુરુષાર્થથી થઈશ. એમાં તને કોઈ રોકી શકે એવું નથી. કેમકે આ તો ભાવનો વિષય છે, ભાવ કરતા કોણ રોકી શકે ? કોઈ એમ કહે કે, ક્રિયા કરતા રોકી શકાય. એ તો પુણ્યયોગ ઉપર આધારિત છે. કોઈ કોઈને રોકી શકે, કરી શકે એ પ્રશ્ન નથી પણ બાધા કરવાનો અભિપ્રાય હોય છે. તો એ બહારના કાર્યની અંદર બાધામાં નિમિત્ત ગણાય છે, કોઈ કરી તો શકતા નથી પણ અંદરનું જે કાર્ય ભાવથી કરવું છે એમાં તો સ્વતંત્ર છો. એના ભાવને પરિણમતા કોણ રોકી શકે ? એને કોઈ રોકી શકતું નથી.

'**તું સ્વતંત્ર દ્રવ્ય છો; ભૂલમાં પણ સ્વતંત્ર છો. તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ**

**રહ્યો છે.**' આ એક મોટી વાત છે. જે વાત સ્થાપવી છે એ આ વાત સ્થાપવી છે કે, ચોરાશી લાખ યોનિમાં રખડપટ્ટી કરી ત્યારે પણ તું શુદ્ધ પદાર્થ રહ્યો છો. પદાર્થપણે તારી શુદ્ધતાને તેં ક્યારેય ગુમાવી નથી. આ બહુ મોટી વાત છે. બહુ મોટી વાત છે અને મુખ્યપણે ગણીને એને સંભાળવા જેવી છે. જે આચાર્ય મહારાજે 'સમયસાર'માં સ્થાપ્યું કે, હું પણ મારા આત્મામાં સિદ્ધપદને સ્થાપું છું, તારા આત્મામાં પણ સિદ્ધપદને સ્થાપું છું. આ બહુ મોટી વાત કરી છે. તું રખડ્યો, ભૂલ્યો પણ તારી શુદ્ધતા એમ ને એમ અકબંધ રહી છે, મૂંઝાવા જેવું નથી.

'**તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે.**' માણસ કહે છે ને, અમે જિંદગી હારી ગયા. અમે પાયમાલ થઈ ગયા, અમારી બધી સંપત્તિ કોઈ લૂંટી ગયું અથવા વેપારમાં નુકસાન થઈ ગયું અથવા આગ લાગી ગઈ કે  થલપાથલ થઈ ગઈ, ચોરાઈ ગયું. કાંઈ નહિ. તું લૂંટાઈ ગયો એમ માને છો ત્યારે કહે છે કે, તારી પૂરેપૂરી સંપત્તિ તારા ઘરમાં દાટેલી છે. આથી મોટી હૈયાધારણ બીજી કઈ હોઈ શકે ?

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ તો કોઈ લૂંટી શકે નહિ એવી ચીજ છે, કોઈ લૂંટી શકે નહિ. તારા ગુણના ધનને કોઈ અડી શકે એવું નથી, કોઈ સ્પર્શી શકે એવું નથી. એવું અનાદિઅનંત સુરક્ષિત છે. સમ્યગ્દૃષ્ટિ નિઃશંક અને નિર્ભય છે એનું કારણ આ છે. એને અરક્ષા ભય નથી. સાત ભયમાં આવે છે ને અરક્ષા નામનો ભય ? અરક્ષા નામનો ભય એને નથી. મારું બધું સુરક્ષિત રહેશે કે નહિ ? (કહે છે કે), જેટલું તારું છે એ બધું તો સુરક્ષિત જ છે અને સુરક્ષિત જ રહેવાનું છે. જે તારું નથી એને રક્ષા કરવાનું કે એની રક્ષા રાખવાનો પ્રશ્ન રહેતો નથી કે તારા હાથની વાત પણ એ નથી.

'**તું રખડપટ્ટી વખતે પણ શુદ્ધ પદાર્થ રહ્યો છે. આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ.**' જો રખડે છો ત્યારે પણ તારું ગુણનિધાન અંદરમાં એટલું ને એટલું, એવું ને એવું સાક્ષાત્ સિદ્ધપદ, અખંડ સિદ્ધપદ, પ્રત્યક્ષ સિદ્ધપદ, જેમ અશરીરી સિદ્ધ ભગવાનની મૂર્તિ, અમૂર્તિક મૂર્તિ બિરાજમાન છે, દેહમાં અમૂર્તિક સિદ્ધપદ બિરાજમાન છે, આખેઆખું. એ પણ કુદરતી મનુષ્યાકારે અને અહીંયાં આપણો આત્મા પણ અત્યારે મનુષ્યાકારે છે. આખી સિદ્ધની મૂર્તિ લક્ષમાં લેવી, સીધું પોતાનું લક્ષ થાય એવું છે. અમૂર્તિક ચૈતન્યબિંબ અખંડ સિદ્ધપદ છે એમ ને એમ અકબંધ છે, કોરેકોરું નક્કોર, રાગની છાંટ એને અડી નથી. પ્રચુર

કષાય કલંક મિથ્યાત્વના નિગોદના (ભવ) કર્યા (પણ) રાગની છાંટ એને અડી નથી.

મુમુક્ષુ :- અત્યારે એવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- અત્યારે. સર્વ કાળે અને અત્યારે (એવું જ છે).

**'આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ.'** નિર્વિકલ્પ વસ્તુ, અભેદ વસ્તુ, અખંડ વસ્તુ મહિમાવંત છે, એનો મહિમા પણ નિર્વિકલ્પ છે. વિકલ્પથી એનો મહિમા થતો નથી. **'તું અંદર ઊંડો તરીને જો,...'** આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર સ્વભાવમાં ઊંડો તરીને એને જો. ઉપર ઉપર બહાર ને બહાર વિકલ્પમાં ફાંફાં મારે છો, એમ નહિ. અંદર જ્ઞાનમાં સ્વભાવમાં ઊંડો તરીને એને જો. તારા આખેઆખા અખંડ સિદ્ધપદના તને દર્શન થશે, પોતાના સ્વરૂપે દર્શન થશે. પોતે પરમાત્મા (છે) એમ દર્શન થશે.

એવા **'અસલી તત્ત્વને ઓળખ.'** એની જાતને ઓળખી લે, જાતથી એને ઓળખી લે, એનો નિશ્ચય કરી લે. અસલી તત્ત્વનો જો તને ભાવ ભાસે (તો) **'તારું દુઃખ ટળશે,...'** પછી દુઃખનો સવાલ રહેતો નથી. ક્યાંય અસમાધાન નથી, સર્વાંગ સમાધાન સ્વરૂપ આત્મા છે. એની સામે જોવે ત્યાં એને કોઈ અસમાધાન રહેતું નથી. કેમકે મારું મારામાં ભરપૂર પડ્યું છે અને બહારમાં કાંઈ મારું છે નહિ. જેમ થાવું હોય એમ થાઓ, આખી દુનિયાની થલપાથલ થાઓ, મારે લેવાદેવા શું છે ? કાંઈ લેવાદેવા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- પરમસત્ય તો એક જ જગ્યાએ છે. જગતમાં બીજો જૈન નથી કોઈ. દેરાવાસી પણ જૈન ને સ્થાનકવાસી પણ જૈન ને તેરાપંથી પણ જૈન, એમ નહિ, જગતમાં બીજો જૈન જ નથી. જગતમાં બે - દ્વૈત નથી, બીજો જૈન નથી. એક જ ધર્મ છે.

**'તારું દુઃખ ટળશે, તું પરમ સુખી થઈશ.'** પૂરેપૂરો સર્વોત્કૃષ્ટ સુખી થઈ જઈશ. એવી નિષ્કારણ કરુણા આ વિષયમાં આચાર્યોએ, જ્ઞાનીઓએ કરી છે. એ કરુણાનું પણ કોઈ માપ નીકળે એવું નથી. અહીં સુધી રાખીએ.

L O L

## તા. ૨૩-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૨૧,૧૨૨
## પ્રવચન નં. ૯૫

'બહેનશ્રીનાં વચનામૃત'. પાનું ૩૯. ૧૨૧મો બોલ ચાલે છે. પ્રેરણાનો બોલ છે. શું કરવાથી તું સુખી થઈશ ? કે, આત્મા મહિમાવંત વસ્તુ (છે તે) તને બતાવીએ છીએ, અનંત મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. જગતની ચાર ગતિની પામર અવસ્થામાં પણ તું શુદ્ધ પદાર્થ રહ્યો છો. તારી શુદ્ધતા એવી ને એવી અકબંધ રહી છે એ તારો કોઈ અચિંત્ય મહિમા છે. મૂળ સ્વરૂપ અને મૂળ સ્વરૂપે સદાય રહેતું એવું જે અસ્તિત્વ એ વસ્તુના અનંત સામર્થ્યને સૂચવે છે. વસ્તુમાં એવું અનંત સામર્થ્ય ન હોય તો વસ્તુનો કાળે કરીને નાશ થાય અથવા કાળે કરીને વસ્તુ કોઈ એવી પરિસ્થિતિમાં હોય કે જેમાંથી એનું બધું સત્ત્વ હણાઈ ગયું હોય.

અહીંયાં કહે છે કે, તારું મૂળ સત્ત્વ છે એ સદાય એવું ને એવું રહે છે એ વસ્તુના સામર્થ્યનો કોઈ અચિંત્ય મહિમા છે, એ તને બતાવીએ છીએ. એ વિષય તું ભૂલ્યો છો, એ વિષયમાં તારી સાવધાની નથી, તારી સાવધાની કોઈ અન્ય પ્રકારે સંયોગમાં છે અને એથી કરીને તને દુઃખ અને જન્મ-મરણની પ્રાપ્તિ થાય છે એટલે **'આ કોઈ મહિમાવંત વસ્તુ તને બતાવીએ છીએ. તું અંદર ઊંડો તરીને જો,...'** ઉપર ઉપરથી નહીં પત્તો ખાય. **'તું અંદર ઊંડો તરીને જો,...'** આ માર્મિક વાત છે.

ઊંડા તરવું એટલે શું ? આ ગ્રંથમાં 'ઊંડા' શબ્દનો પ્રયોગ અનેક જગ્યાએ છે. ઊંડો તરીને જો એટલે તારા અનુભવને જો, તારા અનુભવથી તારા સ્વભાવને જો, એ જોવામાં તારે ઊંડું તરવું પડશે. વસ્તુના સ્વરૂપની જે ઊંડાઈ છે – ગહેરાઈ છે એને સમજવા માટે, એને જાણવા માટે એટલી ગહેરાઈમાં જાવું પડે છે, એટલી ઊંડાઈમાં જાવું પડે છે.

કહે છે કે, '**તું અંદર ઊંડો  તરીને જો,...**' ઉપર ઉપરના વાંચન, વિચારથી વસ્તુ ગમ્ય થતી નથી, કહેવાનો મતલબ એ છે. જ્યાં સુધી વસ્તુનો અનંત ગંભીર સ્વભાવ અવલોકનથી પોતાને ભાસ્યમાન ન થાય કે, 'હું આવો છું' ત્યાં સુધી ઉપર ઉપરના વિચારોથી કે વિકલ્પથી, વાંચનથી, વિચારણાથી કોઈ વસ્તુનો પત્તો લાગતો નથી. એમ કહેવું છે. '**તું અંદર ઊંડો  તરીને જો,...**' એમ કહે છે. તારામાં (ઊંડો  તર), બીજે ક્યાંય ઊંડા  તરવાનો, અંદર જવાનો પ્રશ્ન નથી. તારામાં '**તું અંદર ઊંડો  તરીને જો,...**' અને તારું જે અસલી તત્ત્વ છે, તારું જે મૂળ સત્ત્વ – તત્ત્વ છે એને ઓળખ – એની પિછાણ કર. પહેલાંમાં પહેલી વાત આ છે.

જ્યાં સુધી પોતાના સ્વયંના મૂળ સ્વરૂપને ઓળખવામાં ન આવે ત્યાં સુધી એક પણ કાર્ય એનું સાચી દિશામાં થાય એ સંભવિત નથી. એટલે સ્વાધ્યાયના યોગે, સત્સમાગમના યોગે પ્રથમમાં પ્રથમ પોતાના શુદ્ધાત્મસ્વરૂપને ઓળખવું, મૂળ અસલી તત્ત્વને ઓળખવું એવી શાસ્ત્ર આજ્ઞા છે, એવી સત્પુરુષોની આજ્ઞા છે. આ પહેલાંમાં પહેલી વાત છે. પ્રથમ શું કરવું જોઈએ ? કે, પ્રથમ જ પોતાના મૂળ સ્વરૂપને ઓળખવું જોઈએ અને એ ઓળખવામાં પોતાની શ તિ અને સમયનો ઉપયોગ થવો જોઈએ, સદ્વ્યય થવો જોઈએ.

'**અસલી તત્ત્વને ઓળખ. તારું દુઃખ ટળશે,...**' જરૂર તારું દુઃખ ટળશે. તારા અનંત સુખ સ્વરૂપને ઓળખતા અવશ્ય તારું દુઃખ ટળશે, અવશ્ય તારી આકુળતા ટળશે અને '**તું પરમ સુખી થઈશ.**' સાધારણ સુખી થઈશ એમ ન લીધું, કે ચાલ તારા બધા પ્રશ્નો છે એની સગવડ થઈ જશે. તને ધનનું દુઃખ હશે તો ધન અપાવી દેશે કે તને બીજી કોઈ શરીરની રોગિષ્ઠ દશા હશે તો તંદુરસ્તી અપાવી દઈશું અને તું સુખી થઈ જઈશ – એવા સાધારણ સુખની વાત નથી. '**પરમ સુખી થઈશ.**' એમ કહે છે. તારું ચાર ગતિનું સર્વ પ્રકારનું દુઃખ ટળશે અને પરમ એટલે ઉત્કૃષ્ટ સુખી થઈશ. 'સાદી અનંત અનંત સમાધિ સુખમાં, અનંત દર્શન અનંત જ્ઞાન સહિત' આવી વાત છે. એક પોતાના મૂળ સ્વરૂપને ઓળખે તો આ પરિણામ આવે, એમ લખ્યું છે.

પ્રશ્ન :– અંદર ઊંડો  તરીને જો, એમાં શું શું બતાશે ?

સમાધાન :– ઊંડો  તરીને તારા ઊંડાણમાં રહેલા, તળમાં રહેલા સ્વભાવને જો, એમ કહેવું છે. પર્યાય ઉપર ઉપર છે, પર્યાયના ક્ષણિક ભાવોને અને પર્યાયત્વને નહીં જોતા ત્રિકાળી સ્વભાવને તું જો તો એ તારું મૂળ અસલ સ્વરૂપ છે એને ઓળખતા તું ન્યાલ

થઈ જઈશ. તને પરમ સુખ થશે એટલે તું ન્યાલ થઈ જઈશ. તારી રખડપટ્ટી ને જન્મ-મરણ બધું મટી જશે. આયુષ્ય પૂરું થાય તો એ મરણના પ્રસંગથી બચાવવા કોણ સમર્થ છે ? ચક્રવર્તી હોય તોપણ એને દેહ છોડ્યે છૂટકો છે અને દેહ છૂટ્યો એ પછી નવો દેહ ધારણ કરવામાં કોઈ એના વશની વાત નથી કે મારી ઇચ્છા પ્રમાણે હું રહું ને જઉં ને બીજા શરીરમાં ઉત્પન્ન થઉં. એ પરિસ્થિતિ રહેતી નથી. કેમકે એ કુદરતી વ્યવસ્થા છે કે જીવના પરિણામ અનુસાર એનું ફળ આવ્યા વિના રહે નહીં. સંસાર અવસ્થામાં આ સંસારમાં જીવ રુચિએ કરીને પુદ્ગલ પરિણામને અથવા પુદ્ગલ પદાર્થોને સેવે છે અને એના ફળમાં એને સંસારદુઃખ અવશ્ય થાય, થાય ને થાય જ, અનિવાર્ય પરિસ્થિતિ છે એમાં કોઈ ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્રનું કાંઈ ચાલે એવું નથી. આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :– અંદર જોઈએ છીએ ત્યાં પર્યાય દેખાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ ઉપર ઉપર દેખાય છે. હજી ઊંડો જા એમ કહે છે, હજી ઊંડો તર એમ કહેવું છે. જેટલો ઊંડો તરીશ... આ હીરાનો વેપાર શીખવા બેસે, ઝવેરી થયો ન હોય પણ ઝવેરી થવા માટે હીરા બજારમાં જઈને ઝવેરીની દુકાને હીરા જોવે ત્યારે એને બધા હીરા સરખા દેખાય. કેમકે બધા White stone છે. બધા ઉપર ઉપરથી તો સરખા દેખાય, આ પણ સરખો છે, આ પણ સરખો છે, આ બધાય પહેલ પાડેલા હીરા છે પણ બધાની કિંમત જુદી જુદી છે. કેમકે એને ઊંડો તરીને જોવે છે કે આમાં શું શું ભર્યું છે ને શું શું નથી. અસ્તિ ને નાસ્તિથી – આની મેલપ કેટલી નથી અને આની સ્વચ્છતા કેટલી છે, કિંમત આંકવા માટેના એના જેટલા ગુણો છે એ બધાને જોવા માટે એનો ઊંડો અભ્યાસ કરે ત્યારે જણાય છે કે નહીં ?

'દિલ્હી'માં 'ચાંદની ચોક'માં કાપડની લારીવાળા ભા રહે છે. શુટિંગ ને શર્ટિંગ (લઈને ભા હોય). તમે માગો તો કહે કે, તમને સ્ટોરમાં આ પાંસઠ રૂપિયે અને પચાસ રૂપિયે મીટર મળશે, અમે ત્રીસ રૂપિયે મીટર આપીએ છીએ. એવું સરસ દેખાય ડિઝાઈન કલર બધો સારામાં સારી મિલનો હોય એવો, અને વીસમાં માગો તોય આપી દે ને પંદરમાં માગો તોય આપી દે. સ્ટોરની અંદર સો–પચાસ રૂપિયા મીટરના લાગે, અમે ત્રીસ રૂપિયામાં– બહુ ઓછે ભાવે વેચીયે છીએ. કેમકે અમારે દુકાનનો કાંઈ ખર્ચો નથી. આ લોકો તો મોટું ભાડું ભરે છે, માણસોના ખર્ચા રાખે છે, અમારે કાંઈ એના ઉપર ખર્ચ ચડતો નથી. ત્રીસ રૂપિયે મીટર. નફો અમે બહુ ઓછો કરીએ છીએ. માગો તો પંદર ને વીસ રૂપિયે મીટર આપે.

દેખાય એવું સરસ કાપડ. ધોવો એક વખત પછી ખબર પડે કે આ (કેવું છે). તો એને ઊંડા તરીને જોવું પડે કે એમ ને એમ લઈ લેવાય ? એમ ને એમ લઈ લ્યો ? ઉપાડી આવો ? ત્યાંથી એ વેચવા લાવો કે આ બહુ સસ્તુ છે અને આમાં તો વધારે નફો મળશે. અહીંયાં લાવીને ઉધાર વેચો, ઘરાક જાણીતા હોય એ ધોઈને લાવે પાછું કે આ શું કર્યું તમે ? આ તમારું કાપડ પાછું અને ન લ્યો તો કાંઈ ઉઘરાણીના પૈસા આપશું નહીં. આપે ?

કોઈપણ ચીજને ઓળખીને એનો અસલ સ્વભાવ શું છે એ નક્કી કર્યા વગર કોઈ રીતે એનો ઉપયોગ થઈ શકે એવું નથી. આ તો સર્વ સાધારણ વાત છે કે નહીં ? ચા લેવા જાય છે તો સારી ચા વેચતા હોય એની દુકાને જાવ. બધાય બોર્ડ તો મારે છે. અહીંયાં 'દાર્જિલિંગ'ની ને ફલાણી ને ઢીકણી ને 'આસામ'ની સારામાં સારી ચા આપશું. પણ કેમ પ્રતિષ્ઠાવાળાને ત્યાં જાય છે ? ખબર છે કે આનો ભાવ ઊંચો છે. હાથે કરીને વધારે પૈસા દેવા જાય છે ? એમ છે ખરેખર ? એ વિષયમાં એ ઊંડો તર્યો છે કે પૈસા વધારે લાગે તોપણ અહીંયાં છેતરામણ નથી અથવા મર્યાદિત છેતરામણ છે, ભલે અહીંયાં બીજા કરતા પૈસા વધારે લાગશે તોપણ માલ અહીંથી લેવો જોઈએ. એમ ક્યાંથી નક્કી કરે છે ? એની પ્રમાણિકતા ને એની Prestige પ્રસિદ્ધ છે. આ વીતરાગી દેવ-ગુરુ-શાસ્ત્ર છે એની પ્રમાણિકતા કેટલી ? નિર્દોષ પરમાત્મા છે. મૂળ તો આદ્ય પુરુષ છે, આપ્ત પુરુષ છે એ તો અરિહંત ભગવાનના શ્રીમુખેથી નીકળેલી વાણી, પ્રવાહીત થયેલી વાણી છે, જેને આપણે જિનવાણી કહીએ છીએ. સંપૂર્ણ નિર્દોષ, પરિપૂર્ણ નિર્દોષ પરમાત્મા, એનો માલ બધા વેચે છે. 'ગુરુદેવ' પણ એમ કહેતા કે 'કુંદકુંદાચાર્ય' 'સીમંધર' ભગવાન પાસેથી માલ લઈને આવ્યા, એમના આડતિયા થઈને વેચે છે અમે પણ એના અનુચર થઈને આ વાત કરીએ છીએ. પોતે પણ એના સેવક થઈને વાત કરે છે. ૧૨૧ બોલ (પૂરો) થયો. કાલ થોડું બાકી હતું ને ?

મુમુક્ષુ :- ઊંડા તરવાનો ૪૧૯ નંબરનો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૧૯. ઘણાં બોલમાં એ વાત લીધી છે. તું ઊંડો તર, ઊંડો જા, ઊંડો જા, પછી ઊંડાણથી કર. **'હું જ્ઞાયક છું' એમ ભલે પહેલાં ઉપલકપણે કર,...'** અથવા પહેલાં તને ઉપલકપણે એવો ભાવ થશે. ઉપલક ઉપલકભાવે હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું એમ તને થાય પણ **'પછી ઊંડાણથી કર,...'** એમ વાત લીધી છે. **'શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ...'** કરવી અથવા પ્રતીતિ હોય તો **'દૃઢ કરવી,...'** એ પ્રકારે **'જ્ઞાયકને ઊંડાણથી પ્રાપ્ત કરવો,...'** ઊંડાણથી પ્રાપ્ત કરવો

(એટલે) અનુભવથી પ્રાપ્ત કરવો. વિચાર છે એ ઉપલક છે, અનુભવ છે એ એ વિષયનું ઊંડાણ છે.

મુમુક્ષુ :- ઊંડાણમાં જઈને ધ્રુવને જોવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ધ્રુવ જ્ઞાયકનો ઊંડાણથી અનુભવ કર, અંતર્મુખ થઈને એનો અનુભવ કર. એ વસ્તુ જ ઊંડાણમાં રહેલી છે ત્યાં એનો અનુભવ કરવા માટે પર્યાયને ઊંડે ગયા વિના અનુભવ થાય એવું નથી.

મુમુક્ષુ :- શુભાશુભ ભાવમાં જઈએ એ ઊંડાણ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- શુભાશુભ ભાવ તો ઉપરછલ્લા પરિણામ છે અને આત્માનો જ્ઞાયક સ્વભાવ છે એ ઊંડું ઊંડું તત્ત્વ છે. 'સોગાનીજી'એ એક પત્રમાં લીધું છે. દેહથી, દેહથી અને કર્મથી, શુભાશુભ પર્યાયથી અને શુદ્ધપર્યાયથી પણ ઊંડા ઊંડા ત્રિકાળી ધ્રુવ જ્ઞાયક તત્ત્વ તે હું છું, એમ શ્રદ્ધાએ પ્રસરી જવું તેને વાસ્તવિક શ્રદ્ધા કહેવામાં આવે છે. ૧૭ નંબરનો પત્ર છે.

બીજી પણ એમાં અપેક્ષા લાગે છે કે, જ્યારે જીવ પોતાના જ્ઞાયક સ્વભાવની સન્મુખ થાય છે અને ઊંડા સ્વભાવ પ્રત્યે ઉપયોગ ઊંડાણમાં ચાલ્યો જાય છે ત્યારે એને બહારના કોઈપણ પદાર્થોનો ઉપયોગ અથવા ખ્યાલ રહેતો નથી. એને સ્પર્શાદિ વિષય સુદ્ધાનું પણ ભાન રહેતું નથી. એટલે કોઈ સ્પર્શ કરે તોપણ એને ખબર ન પડે તો અવાજનો તો પ્રશ્ન જ રહેતો નથી કે અવાજથી ખલેલ પડે. એને શુદ્ધાત્માનું ઊંડું ધ્યાન કહેવામાં આવે છે. એ ઊંડું કેમ કહ્યું ? કે, બહારની ખબર ન રહી માટે ઊંડું, એમ.

'ગુરુદેવ' એવો દૃષ્ટાંત આપતા કે જેમ કોઈને પાણીની તરસ લાગી હોય ને જંગલમાં કોઈ કૂવો જોવે. ઘોડા ઉપર બેઠો બેઠો, મારતે ઘોડે પાણીની શોધ કરતો હોય એમાં કૂવો જોવે. જો તરસ લાગી હોય તો એને એ ઘોડા ઉપરથી  તરી, વાંકા વળી અને કુવામાં તળિયે પાણી છે કે નહીં એની તપાસ કરવી પડે. મારતે ઘોડે, હાલતા ઘોડે એને પાણી કેમ દેખાશે ? એમ વિકલ્પના ઘોડા ઉપર બેઠો છો (એમાં) ઊંડો જ્ઞાયક સ્વભાવ દેખાય એવું નથી. એટલે એ ઉપમાથી સમજાવે છે. આ પૂજ્ય 'બહેનશ્રી'ના મૂળ શબ્દમાં એ 'તળ' શબ્દ આવે છે, તળ. તળમાં જા, તું તળમાં જા, વસ્તુના તળમાં જા તું, તળીયે જા તું.

'ગુરુદેવ' બીજો દૃષ્ટાંત લેતા હતા. જેમ કોઈ કોશિયો ધુમકો મારે છે. પાણીમાં કોશિયો મારે છે કે નહીં ? કોશની જેમ પડે એને કોશિયો કહે છે, પલાંઠી મારીને ધુમકો મારે

એને પણોઠિયો કહે છે. પાણી પાંચ માથોડા હોય ને પલાંઠી વાળીને પડે તો એક માથોડામાંથી પાછો ઉપર આવી જાય. નીચે પાંચ-છ ફૂટ માંડ જાય અને પાછો એની ઉપરની સપાટી ઉપર એ માણસ તરે, પણ જો કોશની જેમ પડે તો સીધો પચીસ-ત્રીસ ફૂટ જેટલું પાણી ઊંડું હોય (એના) તળિયે ચાલ્યો જાય, એક સેકન્ડમાં કોશ પડે એમ સડસડાટ કરતો (ઊંડો ચાલ્યો જાય). નીચે તળિયે જે વસ્તુ હોય – માટી હોય, રેતી હોય એ હાથમાં લઈને આવે ને બતાવે કે, જુઓ ! આ ઠેઠ, ઠેઠ તળિયે જઈને આવ્યો.

એમ અહીંયાં ઉપયોગ છે એ અંતર્મુખ થઈને જેમ વિજળી સડસડાટ કરતી અંદરમાં – પર્વતમાં તરી જાય છે એમ અસંખ્ય પ્રદેશે ઉપયોગ અંતર્મુખ થઈને સ્વભાવના તળનો અનુભવ કરે છે. એ રીતે એના ઊંડાણને સમજાવવા માટે અનેક દૃષ્ટાંત લેવામાં આવ્યા છે. એને ભાવ ભાસવો જોઈએ. એમ બધું કહેવામાં ભાવે શું સ્થિતિ છે ? એના ભાવની શું સ્થિતિ છે ? એ ભાવ ભાસે તો એને માર્ગ હાથમાં આવે, માર્ગ સૂઝે, એ માર્ગ સૂઝાડવા માટે અનેક વાતો કરી છે.

પ્રશ્ન :- ભાવભાસન સમ્યક્દર્શન પહેલાં થાય છે ?

સમાધાન :- હા, સ્વરૂપનું બરાબર ભાવભાસન થાય એને ઓળખાણ કહે છે. અસલી તત્ત્વને ઓળખ એ ઓળખાણ છે. ગુરુવારે એ વિષય ચાલ્યો ને ? એકવાર અસ્તિત્વને પકડે, અસ્તિત્વને ઓળખે તો એ સમ્યક્દર્શનનું અંગ છે એમ કહ્યું. સમ્યક્દર્શનનું એ અંગ છે. સમ્યક્દર્શન થઈ જશે, એને સમ્યક્દર્શનનું કારણ ઉત્પન્ન થઈ ગયું.

સમ્યક્દર્શન કેમ કરતા થાય ? કે, સ્વરૂપને ઊંડાણથી એટલે સ્વભાવથી ઓળખે. એ ઓળખે તો એને અનુભવ થાય, ઓળખ્યા વિના અનુભવ થાય નહીં. કેમકે અનુભવમાં એકાગ્રતા જોઈએ, એકાગ્રતા થવા માટે આકર્ષણ ભું થવું જોઈએ અને આકર્ષણ થવા માટે ઓળખાણ જોઈએ. ઓળખાણ વિના આકર્ષણ થાય નહીં ને આકર્ષણ થયા વિના અનુભવ, એકાગ્રતા થાય નહીં. સીધેસીધી વાત છે.

અહીંયાં એ વાત ઘણી જગ્યાએ આવશે. તું તારા સ્વરૂપને ઓળખ, સ્વરૂપને ઓળખ. અનુભવ પહેલાં નિર્ણય હોય છે એ વાત પણ આવે છે. નિર્ણયનો વિષય છાંટ્યો છે ને. ૧૩૬ (વચનામૃત). **'સમકિત પહેલાં...'** એટલે સમ્યક્દર્શન પહેલાં પણ **'વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા'...'** છે અથવા આવો આત્મા હું છું અથવા હું આત્મા આવો છું **'એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય...'** હજી સમ્યક્દર્શન

ન થયું હોય તોપણ પહેલાં વિકલ્પની દશામાં વિકલ્પ સહિતપણામાં નિર્ણય હોય છે ખરો. આ સમ્યક્દર્શન પહેલાંની ભૂમિકા છે. છે કે નહીં ? બધી વાત આવી છે. છે કે નહીં સ્પષ્ટ ? નિર્ણયનો વિષય સમ્યક્દર્શન પહેલાં છે અને સમ્યક્દર્શન પહેલાં એવી સ્થિતિ હોય છે, એમ ને એમ સમ્યક્દર્શન હોતું નથી એમ અહીંયાં કહેવાનો અભિપ્રાય છે. ૧૩૬માં તો એ સ્પષ્ટ વિષય છે.

**'સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે,...'** આત્માનો નિર્ણય થઈ શકે છે, બરાબર નિર્ણય થઈ શકે છે, યથાર્થ નિર્ણય, પાકો નિર્ણય થઈ શકે છે કે, જે નિર્ણયના બળથી એને નિર્ણયનો વિષય પોતાનું અભેદ અનુભૂતિ સ્વરૂપ આત્મા છે. નિર્ણયનો વિષય અભેદ અનુભૂતિ સ્વરૂપ સ્વયં આત્મા પોતે છે એનો નિર્ણય, નિર્ણયબળ વધતાં એની અભેદ અનુભૂતિ પ્રગટવાનું કારણ થાય છે.

**તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે. જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે. ૧૨૨.**

૧૨૨ **'તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે.'** એમ કહે છે કે પહેલાં ભાવે અથડાવું, આથડવું બંધ કર. 'આથડવું' ગુજરાતી ભાષાનો શબ્દ છે. આથડવું એટલે ભટકવું, એને ગુજરાતીમાં આથડવું કહે છે. ભટકવું, રખડવું, આથડવું, અથડાવું એ બધું એકાર્થ છે. **'તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે.'** આ ચાર ગતિની જે ભટકન છે એ ચાર ગતિની અથડામણ છે. આ સરકારી નોકરિયાતને ઉપરાઉપરી બદલી કરે ત્યારે એમ કહે છે કે, ક્યાંથી ક્યાં તમારે આથડવું પડે છે. ઘડીકમાં તમને 'બિહાર'ના જંગલમાં મૂક્યા તો ઘડીકમાં 'ઓરીસ્સા'માં ફેંક્યા તો ઘડીકમાં 'પંજાબ'માં નાખ્યાં તો ઘડીકમાં વળી 'આસામ'માં નાખ્યાં, ક્યાંયના ક્યાંય આથડવું પડે છે, એમ નથી કહેતા ? આમ ફરવું સારું ન લાગે ? કે, એમાં જીવને આકુળતા ને દુઃખ થાય છે. ઠરીને ઠામ થવામાં એને શાંતિ છે. શેમાં જીવને શાંતિ છે ? ઠરીને ઠામ થવામાં શાંતિ છે, આથડવામાં શાંતિ નથી. એ દ્રવ્યે ભ્રમણ છે,

દ્રવ્યે ભ્રમણ છે.

જ્યારે પણ મુસાફરી કરી (ત્યારે) મુસાફરી કરતા કરતા એ વિચાર વધારે આવે છે. ક્ષેત્રથી ક્ષેત્રાંતર થવું તે દ્રવ્યે ભ્રમણ છે. આ એક ભવમાંથી બીજા ભવમાં જાય ત્યારે ક્ષેત્રાંતર થાય છે ને ? ત્યારે વાહન વગરની મુસાફરી છે. જીવને કોઈ વાહનની એ વખતે જરૂર નથી પડતી. શરીરનો આધાર પણ છોડે છે. શરીરને ચાલવા માટે પગ જોઈએ કે નહીં ? પગ વગર ચલાય કે નહીં ? કે, કેટલાય યોજન પગ વગર ચાલ્યો છો તને ખબર છે ? પગથી ચાલ્યો છો એથી અનંતું તું પગ વગર ચાલ્યો છો. બરાબર હશે ? પગેથી ચાલ્યો (તો) તું પગથી કેટલું ચાલી શકે ? થાકી જાય. પગ વગર અનંતું ચાલ્યો છો. હજારો, લાખો યોજન દેવલોકમાં જાય, અસંખ્ય યોજન ઉપર જાય. નારકીમાં અસંખ્ય યોજન નીચે જાય. અઢી દ્વીપની બહાર અસંખ્ય યોજન દ્વીપ સમુદ્રમાં જઈને પડે, જન્મે. કોઈ વાહનની જરૂર નહીં. એવી ઝડપી દ્રવ્યે ભ્રમણની ગતિ થાય તો પહેલાં ભાવે ભ્રમણ થયું છે એના ફળમાં દ્રવ્યે ભ્રમણ થાય છે. અહીંયાં એનો Total માર્યો છે કે, **'તું આત્મામાં જા.'** ઠરીને ઠામ થવું હોય તો તું આત્મામાં જા.

પ્રશ્ન :- 'આ આત્મા' એમ પાકો નિર્ણય ક્યારે કહેવાય ?

સમાધાન :- એવો આત્મા એને ભાસવા લાગે ત્યારે. નિરંતર એને એ ભાસવા લાગે, એના લક્ષમાંથી ખસે નહીં ત્યારે એને નિર્ણય થયો એમ કહેવામાં આવે. ખસવું ન જોઈએ. લક્ષમાંથી ખસે તો નિર્ણય નથી. એમ છે.

મુમુક્ષુ :- વિકલ્પ આવે જાય પણ...

પૂજ્ય ભાઈશ્રી :- ખસે નહીં. હું માણસ છું ઇ ક્યારે ખસે છે ? ક્યારેય એવો બીજો વિચાર આવ્યો કે હું માણસ મટીને ઢોર છું ? જરાય ન આવે.

મુમુક્ષુ :- ઇ જેમ ખસતું નથી એમ આ..

પૂજ્ય ભાઈશ્રી :- આ ખસે જ નહીં, ખસે નહીં.

મુમુક્ષુ :- કેમ ન ખસે ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્ણય થાય તો ન ખસે. સીધી વાત છે.

મુમુક્ષુ :- ખસી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાવ ભાસે (તો ન ખસે). ભાવ ભાસતો નથી. ઉપર ઉપરથી વિચાર કરે.

પ્રશ્ન :- ભાવ કેમ ભાસે ?

સમાધાન :- ભાવ ભાસે (એ) જ્ઞાનલક્ષણથી ભાસે. જ્ઞાન સ્વરૂપી છે, જ્ઞાન લક્ષણવંત છે એટલે જ્ઞાનસ્વરૂપવંત છે એનો અભ્યાસ કરે અને અવલોકનમાં વારંવાર એનો અભ્યાસ કરે તો એને આખો સ્વભાવ, અખંડ સ્વભાવ, મૂળ સ્વભાવ, પરિપૂર્ણ સ્વભાવ ભાસ્યમાન થાય એવું છે. અનંતાને ભાસ્યું છે. ઓળખાણ કરવાનો પ્રયત્ન કરે અને ઓળખાણ ન થાય એવું બનતું નથી. ઓળખાણ કરવાનો પ્રયત્ન ન કરે અને ઓળખાણ થાય એવું પણ બનતું નથી.

મુમુક્ષુ :- ઓળખાણ કરવા તો આવીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ કરવા આવીએ છીએ પણ પ્રયત્ન કરતા નથી, ઓળખવાનો પ્રયત્ન નથી કરતા. આવવાની પણ જરૂર નથી, પ્રયત્ન કરો એમ કહે છે, ઠીક ! તમારું તત્ત્વ તમારામાં છે ને તમારામાંથી ને તમારામાંથી એની ઓળખાણ કરવાની છે તો (તમારે) તમારી ઓળખાણ કરવા માટે ક્યાંય આવવા જવાની જરૂર નથી. તમે તમારામાં ઓળખાણ કરો, ઓળખાણનો પ્રયત્ન કરો. અને ઓળખાણનો પ્રયત્ન કરતા ઓળખાય એવો જ આત્મા છે, ન ઓળખાય એ પ્રશ્ન રહેતો નથી. અનંતાને ઓળખાયો છે.

બહારમાં જે કામ કરવું હોય તો કહે, બીજો કરી શકે ને હું શું કરવા ન કરી શકું ? ઇ ધાન ખાય છે ને હું કાંઈ ધૂળ ખાઉં છું, એમ કહે. એ અનાજ ખાય છે, હું પણ અનાજ ખાઉં છું. ઇ કરી શકે તો હું શું કરવા ન કરી શકું ? ત્યાં તો એનો ચાનક ચડે છે. એને હાથ, પગ, પાંચ ઇન્દ્રિયો, બુદ્ધિ સાબૂત છે, મને પણ બધું સાબૂત છે. ઇ કરી શકે તો હું કરી શકું. કોઈ બીજા કરી શકે તો હું શા માટે ન કરી શકું ? એમ ભગવાન કહે છે કે તું મારી જાતિનો આત્મા છો. મેં સર્વજ્ઞપદ પ્રગટ કર્યું મારી શક્તિમાંથી હું તને કહું છું, ખાતરી આપું છું - Guarantee આપું છું. તારી સર્વજ્ઞ શક્તિનો અનુભવ કરીને તું સર્વજ્ઞપદ પ્રગટ કરી શકીશ.

'અનુભવ પ્રકાશ'માં એ વાતનો ચમકારો દીધો છે કે, પ્રથમ અનુભવ થાય છે એ સર્વજ્ઞ સ્વભાવનો અનુભવ થાય છે. 'હું સર્વજ્ઞ પરમાત્મા છું' એમ અનુભવ થાય છે. તો એની દશામાં સર્વજ્ઞ અને પરમાત્મ પદ પ્રગટ્યા વિના રહેશે જ નહીં, થાય જ. સર્વજ્ઞપદનો અનુભવ સર્વજ્ઞતાને પ્રગટાવશે, નિયમથી પ્રગટાવશે. આવી મોટી (વાત છે). કહેવામાં કાંઈ કસર રાખી છે એવું તો અત્યારે નહીં કહી શકાય કે, કહેવામાં કસર રાખી છે, એવું નથી.

**‘તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે.’** જુઓ ! સાધકનો બાહ્ય દેખાવ પણ એ જ રીતે થાય છે કે સ્વરૂપમાં અંતર્મુખ થવાનો ઊંડાણમાં જવાનો અભ્યાસ કરવાના કાળમાં પણ એને ઉપયોગ અચંચળ થાય. કોને ધ્યાન થઈ શકે ? ધ્યાનના બોલ આવી ગયા ને ? કે, જેના ઉપયોગમાં ધૈર્ય હોય તેને ધ્યાન થાય, ધીરજ હોય એને ધ્યાન થાય. અચંચળતા (હોય), ચંચળતા ઘટી હોય તેને ધ્યાન થાય એમ કહેવાય છે. વસ્તુ સ્થિર છે, ત્રિકાળ સ્થિર સ્વભાવ છે, નિત્ય સ્વભાવ છે એના અવલંબને પરિણમન ઉપયોગ પણ સ્થિર થાય છે, એવો જ થાય છે. તો એવા સાધકોનો બાહ્ય દેખાવ પણ એટલો શાંત અને અચંચળતાવાળો હોય છે. મન-વચન-કાયાના યોગ ઠરેલાં હોય, સ્થિર હોય એવું લાગે છે. હડફડીયા જેમ હોય છે એવા કાંઈ જ્ઞાનીને એમ જોવામાં આવતા નથી. એટલે એના મન-વચન-કાયાનો યોગ, ઉપયોગ (સ્થિર દેખાય). વાણી– વાણીમાં શાંતિ, મન-વચન-કાયાના યોગમાં શાંતિ, પરિણમનમાં શાંતિ, સ્વભાવમાં શાંતિ, આમ શાંતિની વાત બધે મેળ ખાતી વાત હોય છે અને મુનિરાજની તો એટલી શાંતિ હોય છે કે અશાંત પ્રાણીઓ પણ એને જોઈને શાંતિ પામે. હરણિયા તો એની ખાજ ખુજાવે એટલી એની શાંતિ હોય છે, સ્થિર ! એ ભાવે ભ્રમણ મટ્યું એનું દ્રવ્યે ભ્રમણ મટ્યું, એનું પરિભ્રમણ મટ્યું.

આ જોયા હતા ને ‘ઘોઘા’માં જીવડાં ? ચોમાસામાં બત્તીના જીવડાં થાય છે. આ મોટી લાઇટો જે હોય છે રોડ ઉપરની મરક્યુરી ને હોલોઝન, એટલા બધાં જીવડાં ચક્કર ચક્કર ફરતા હોય છે કે તમે જુઓ તો એક જીવડાં ઉપર, ફરતા જીવડાં ઉપર તમારી નજર ન રહે, એટલી Speedમાં ફરે. એમાં એને સુખ હશે કાંઈ ? એટલી આકુળતા છે કે, એ પોતાના પરિભ્રમણને રોકી શકતું નથી. ડી ડીને પડે, મરે તોય ત્યાં જઈને ડીને પડે. એ ભાવે ભ્રમણ છે. ત્યાં જીવે એટલો ઉપયોગ ઘુમાવ્યો છે પછી આ દ્રવ્યે ભ્રમણ છે. દ્રવ્યે ભ્રમણમાં જ્યાં સુધી પોતાના સ્થિર સ્વભાવને લક્ષમાં ન લે, નિત્ય સ્વભાવને લક્ષમાં ન લે ત્યાં સુધી એને આ પરિસ્થિતિ મટે એવું નથી. કેટલી આકુળતા હશે એનું માપ કાઢે તો માપ નીકળે એવું નથી. આખી રાત મરે નહીં ત્યાં સુધી (ચક્કર માર્યા કરે). સવારે જુઓ તો મરીને બધા નીચે ઢગલો થઈ ગયા હોય. આયુષ્ય એટલા ટૂંકા હોય છે. એ આખી રાત ઉત્પન્ન થાય ત્યારથી તે મરે ત્યાં સુધી એ પ્રકાશ ઉપર ઝપટ માર્યા જ કરે. ક્યાંય એને નિંદ્રા આવે નહીં કે સુખ પડે નહીં. મનુષ્ય પ્રાણીને તો પાંચ-છ કલાક નિંદ્રાય આવી જાય, આને ક્યાંય સુખ પડે નહીં.

પ્રશ્ન :- સાધક એટલે શું ?

સમાધાન :- સાધક એટલે આત્માના સ્વભાવને, શાંતિને, સુખને, જ્ઞાનને સાધે તે સાધક. સાધે તેને સાધક કહીએ. સાધના કરનાર તે સાધક. 'ક' છે એ કાર્યના કર્તાપણાને સૂચવે છે. 'જ્ઞાયક' (અર્થાત્) જ્ઞાનનો કરનાર તે જ્ઞાયક. સાધનાનો કરનાર તે સાધક. એમ પાછળ 'ક' લાગે છે એ કર્તાપણાનો લાગે છે.

અહીંયાં આત્મામાં જવાની પ્રેરણા આપે છે કે, **'તું આત્મામાં જા તો તારું અથડાવું મટી જશે.'** તારું પરિભ્રમણ મટી જશે. અથડાવું મટી જશે એમાં આથડવાના જન્મ-મરણના દુઃખ પણ મટી જશે. જીવની શક્તિ ઘણી છે એટલે દુઃખને ભૂલી જાય છે. પણ ભૂલી જાય છે એટલે દુઃખ નહોતું એવું તો નથી. જ્યારે રોગ થાય, જન્મ-મરણના દુઃખ થાય ત્યારે ઘણી પીડાને અને વ્યાધિને ભોગવે. પાછો એવો શક્તિવાળો છે કે એને ભૂલતા વાર નહીં. આ એની શક્તિને બતાવે છે. ક્યાંયથી પણ એ શક્તિને પકડી શકે એવું છે. જ્યારે એ દુઃખને ભોગવે છે, પીડાને ભોગવે છે ત્યારે તો એમ વિચારે કરે છે કે આવી પીડા ન ભોગવું એવું થાય તો સારું. મને આવી પીડા કોઈ વાતે ન હોય તો સારું. પણ એના કારણરૂપ જે પરિણામ એનો નાશ કર્યા વિના એના ફળનો નાશ કદી થઈ શકતો નથી. એટલે જે વિવેકી છે, દીર્ઘ દૃષ્ટિવાળા છે એ એના કારણનો નાશ કરવાના ઉપાયમાં પોતાના આત્માને જોડે છે અને ત્યારે એને દુઃખનો નાશ થાય છે. એ વાત અહીંયાં (કહે) છે કે, તું આત્મામાં જા, તારું પરિભ્રમણ મટી જશે, અથડાવું મટી જશે બધું.

**'જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.'** જેને આત્મામાં જવું હોય તે આત્માનો આધાર લ્યે. પોતાની જે નિજ સત્તા છે એ શાશ્વત સત્તા છે, એ ચૈતન્યભૂમિનો આશ્રય લ્યે. ભાવે એની વર્તમાન હયાતીનો અનુભવ કર. દ્રવ્યે તો તું શાશ્વત જ છો. અનુભવ કર એટલે તને તારી દ્રવ્યે ત્રિકાળી શાશ્વતતા છે એનું જ્ઞાન થશે અથવા એનો આધાર તને મળશે.

આધાર લેવાનું કાર્ય શ્રદ્ધા કરે છે, જ્ઞાન કરે છે, આચરણ કરે છે, પુરુષાર્થ કરે છે. બધા મુખ્ય ગુણો આધાર લેવાનું કાર્ય કરે છે પણ શ્રદ્ધાનું એ મુખ્ય કાર્ય છે. બધામાં શ્રદ્ધાનું એ મુખ્ય કાર્ય છે કે પોતાની નિજ ચૈતન્ય સત્તાનો આધાર લેવો. આધાર તો લીધા વિના જીવ ક્યાંય રહેતો નથી. બહુભાગ અનિત્ય પદાર્થ અને અનિત્ય પરિણામનો આધાર લઈને જીવ સંસારમાં દુઃખી થઈ રહ્યો છે કે, આ શરીરના આધારે હું ટકું છું, શ્વાસોચ્છ્વાસ ને

આયુષ્યના આધારે હું જીવું છું અને એ જીવન દરમિયાન પૈસા વગેરે, ધન ધાન્ય વગેરે જેટલી બાહ્ય અનુકૂળતાની સામગ્રી છે એના આધારે હું જીવું છું. અને એવો આધાર લઈને અનિત્ય પદાર્થોનો અને અનિત્ય પર્યાયોનો આધાર લઈને જીવ એકલી આકુળતાને ભોગવી રહ્યો છે, દુઃખને ભોગવી રહ્યો છે. એમાં ક્યાંય એને શાંતિ, ચેન અને સુખ છે નહીં.

આત્મપ્રાપ્તિના વિષયમાં ઊંડાણમાંથી જે પરિણામ આવે છે અનુભવ થયા પહેલાં એ એવું છે કે, મારે ક્યાંય હવે અશાંતિ ન જોઈએ. મારા આત્માની સુખ-શાંતિ ને ચેન જોઈએ. વર્તમાન અશાંત અને જે આકુળતાવાળુ પરિણમન છે એ કોઈ પણ ભોગે ન જોઈએ, એ દુઃખથી છૂટવું છે એમ એને છૂટું છૂટું થઈ રહ્યું હોય એ છૂટી શકે છે. ભલે સુખનો અનુભવ નથી તોપણ. વર્તમાન સ્થિતિ જે દુઃખમય છે એનાથી છૂટવાનો એને તીવ્ર ભાવ આવ્યા વિના સાચા સુખની શોધમાં એનો પુરુષાર્થ કાર્યગત થતો નથી એ બહુ સ્વાભાવિક છે.

પ્રશ્ન :– છૂટવું છૂટવું થાય ?

સમાધાન :– હા, એને છૂટવું છૂટવું, દુઃખથી છૂટવું જ થયા કરતું હોય એ છૂટી શકે છે.

મુમુક્ષુ :– છૂટવાના ઇચ્છકને કોઈ બાંધનાર નથી ને બંધાવું હોય તેને કોઈ છોડાવનાર નથી, એવો એક બોલ આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'શ્રીમદ્જી'નું વચન છે. જેને બંધાવું છે એ કોઈ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળમાં પોતાના હાથે કરીને બંધાય છે. છૂટવું છે એને કોઈ બાંધનાર નથી. આ તો લોકો બહાના કાઢે છે ને કે અમારે ઘણું છૂટી જવું છે પણ શું કરીએ આ કુટુંબની જવાબદારી માથે રહી અને અનેક કાર્યોની જવાબદારી રહી. કેવી રીતે છૂટી શકાય ? (તો કહે છે), તું હાથે કરીને બંધાય છે, છૂટવું હોય એને કોઈ રોકનાર નથી.

મુમુક્ષુ :– છૂટવું છે એને કોઈ રોકનાર નથી.

પૂજ્ય ભાઈશ્રી :– બંધાનારને કોઈ છોડાવનાર નથી. ખરેખર તો એમ છે. સ્વયં જીવ બંધાય છે એને કોઈ છોડાવી શકે એવું નથી. 'ગુરુદેવ' કહેતા, બળદનો દૃષ્ટાંત આપતા કે જ્યાં ઓલો સવારના પહોરમાં ગાડાનું ધોસરું ઊંચું કરે ત્યાં માથું નાખી અને આવીને ભો રહે કે બાંધો મને હવે, નાખો ગાળિયો. ગળામાં નાખે એને ગાળિયો કહે અને ગળામાં બાંધે રસ્સીથી. એ ધોસરું ઊંચું કરે ત્યાં ફટાક કરતો આવીને ભો રહે. આ જીવનું એવું છે કે, સામે નિમિત્ત જોવે (એટલે) સીધો ઢળી જાય છે, બંધાય છે. પરપદાર્થમાં રોકાય છે

કે નહીં ? એટલે જ્યાં એને ઉદયમાન પરિસ્થિતિ જે કાંઈ, જેને જે છે તે એનું ધોસરું છે. ઉદયમાં આવે છે એટલે ફટ (કરતો) અંદર જાય છે, બળદની જેમ. જોડાય સ્વયં પોતે પોતાના કારણથી અને પછી એ પાછું બહાનું કાઢે કે શું કરીએ ભાઈ ! આ બધી પરિસ્થિતિ એવી છે કે આટલું જોડાયા વિના ચાલતું નથી ને આ બંધાવું પડે છે. ખોટી વાત છે. તારે છૂટવું હોય તો જગતમાં કોઈ બાંધનાર નથી.

પ્રશ્ન :- માથે જવાબદારી આવી હોય તો બેદરકાર રહેવાનું ?

સમાધાન :- આત્માનું કરવાનું. આત્મામાં બેદરકાર નહીં રહેવાનું. પછી બહારમાં બેદરકાર રહેવાય તો માફ છે, એ ગુનો માફ છે.

પ્રશ્ન :- સંસાર માંડીને બેઠા હોઈએ તો પછી કેવી રીતે ...?

સમાધાન :- સંસાર માંડીને શું કરવા બેસવું જ તે. સંસાર માંડીને બેઠા હોઈએ પણ 'માંડીને બેઠા હોઈએ' તો છે ને ? અહીં તો હવે ઉઠાડવાની વાત છે.

પ્રશ્ન :- પણ હકીકતમાં માંડેલો છે એનું શું ?

સમાધાન :- માંડેલો હોય તો ઉઠાડી શકાય. માંડેલો છે એ તો ભૂલથી માંડેલો છે, કોઈ એમ નથી કહેતું કે તમે ભૂલ કરી હોય તો સુધારી નથી શકાતી. એવું ભગવાન ના પાડતા નથી કે ભૂલ કરી છે તો તું હવે સુધારીશ નહીં, એવું કાંઈ કહેતા નથી.

મુમુક્ષુ :- ઘરની જવાબદારી હોય આપણે જ બધું કરવાનું હોય...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતાની રુચિથી જીવ કરે છે. પછી બહાના ગમે ઇ કાઢે તો આમાં તો પોલ ચાલે એવું નથી, આમાં કાંઈ પોલ ચાલે એવું નથી. પોતાની રુચિથી કરે છે, જે કાર્ય કરે છે એ પોતાની રુચિથી કરે છે. પોતાની અરુચિ હોય તો ક્યાં સુધી ટકી શકે ? અરુચિમાં કોઈ જીવ ન ટકી શકે. આ ચાલ્યા કરે છે તો બરાબર રુચિથી ચાલે છે એનો અર્થ એમ છે.

મુમુક્ષુ :- અમારે ત્યાં લોકો એટલા હોંશિયાર હોય છે કે, કોઈને કોઈ વેઠિયો ગોતતા જ હોય, મળી જાય એટલે બેસાડી દે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એ ધોસરામાં માથું તો પોતે જ નાખે છે. એ જે 'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા ને એ પરમ સત્ય છે. એને પોતાને જ ટેવ પડી છે કે પોતે ધોસરામાં માથું નાખે છે, બળદ તરીકે જોડાય છે અને પછી એમ કહે કે આ બીજાએ મારા ઉપર જવાબદારી નાખી ને આ મારે કર્યા વગર છૂટકો નહીં. ખોટી વાત છે, તદ્દન ખોટી વાત છે. તારી

મેળે ધોસરામાં તું જોડાણો છો એ વાત નક્કી છે, તારે ન જોડાવું હોય તો તને કોઈ જોડનાર નથી.

મુમુક્ષુ :- બળદ જેવી હાલત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બળદ કરતાંય તે ભૂંડી હાલત છે. બળદને તો કેટલાક કલાક પૂરતું જ ઇ ધોસરું હોય. આ તો ધોસરામાંથી નીકળતો નથી. ચોવીસ કલાક – ઊંઘમાં એ અને જાગતા પણ એ. આ મારું અને હું એનો અને એ ધોસરામાંથી નીકળતો નથી.

પ્રશ્ન :- નીકળવું છે તો શું કરવું ?

સમાધાન :- બસ ! આ આત્મામાં જા એમ કહે છે. ચોખ્ખે ચોખ્ખી તો વાત છે. એક વચન એવું છે કે બધેથી છોડાવી દે એમ છે. નાની ને ટૂંકી વાત છે એટલે કિંમત નથી એમ નથી. એક વચન એવું છે કે તું આત્મામાં જા. આખા જગત ઉપરનું લક્ષ ઉડાવીને અથવા તેં રચેલી તારી સૃષ્ટિ, તેં માંડેલી તારી સૃષ્ટિને ને માંડેલો તારો સંસાર એ એમ ને એમ પડ્યું રહેવા દે ને ત્યાંથી મમત્વ છોડીને અંદરમાં જા. ભાવથી પહેલાં છૂટવું છે, દ્રવ્યે તો આપોઆપ છૂટી જશે. દ્રવ્યે તો છૂટો જ પડ્યો છે.

મુમુક્ષુ :- સંયોગોથી છૂટવા માંગે છે અંદરથી કેમ છૂટવું ઇ આવડતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અંદરથી પણ એવું છે કે, કરોળિયો જાળમાં છે પણ કરોળિયા તરીકે છૂટો છે કે કરોળિયા તરીકે બંધાયેલો છે ? એક બોલ છે આમાં એવો કે, તું આ સંસારમાં ભલે બંધાયેલો છો પણ એક તારા આત્મા તરીકે તું આત્મા છૂટો છો, પણ એમ જોવાનો તે કદી પુરુષાર્થ કર્યો નથી. તું તારા સ્વરૂપે તો છૂટો જ છો. તને કોણ બાંધે ? કોઈ બાંધે એવી જગતમાં વસ્તુ વ્યવસ્થા નથી પણ અધ્યાસે કરીને તારા ભાવે તું બંધાયેલો હોવાનો અનુભવ કરે છો અને તારી જ લાળમાં – ભાવની લાળમાં તું કરોળિયાની જેમ ગૂંચવાયેલો તને માને છો ને જાણે છો ને દુઃખને ભોગવે છો, બાકી તું તારા સ્વરૂપે તો છૂટો જ છો. છે, જમણા હાથ બાજુ એક બોલ છે. એ વિષયની વચનરચના પણ બહુ માર્મિક છે. માણસ તરીકે તું છૂટો છો એમ (આવે છે). વચ્ચે મોટો પેરેગ્રાફ છે. કદાચ આવી ગયો હોય, બોલ વંચાય ગયો હોય તો ખ્યાલ નથી. મનુષ્ય તરીકે તું છૂટો જ છો એમ કરીને આવે છે. ૪૭. આવી ગયો છે. ૪૭મો બોલ છે.

**‘જેમ કરોળિયો લાળમાં બંધાયેલ છે તે છૂટવા માગે તો છૂટી શકે છે, જેમ ઘરમાં રહેતો માણસ અનેક કાર્યોમાં, ઉપાધિઓમાં, જંજાળમાં ફસાયેલો છે પણ માણસ તરીકે છૂટો**

**છે;...'** એક માણસ તરીકે એને કોઈએ દોરડા બાંધ્યા છે ? ઉપાધિમાં છે, ઘરના કાર્યોમાં છે પણ માણસ તરીકે ? તો કહે છે, માણસ તરીકે છૂટો છે. એમ પ્રયત્ન કરે. **'વિભાવની જાળમાં બંધાયેલ છે, ફસાયેલ છે પણ પ્રયત્ન કરે...'** છૂટો જોવાનો **'પ્રયત્ન કરે તો પોતે છૂટો જ છે એમ જણાય.'** જ્ઞાયકભાવ બંધાયેલો નથી. છૂટો છે એને છૂટો જોવાનો પ્રયત્ન કરે તો પોતાને છૂટાપણાનો અનુભવ થાય કે હું છૂટો જ છું. ચૈતન્ય પદાર્થ તો છૂટો જ છે પણ એવું પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે, વિભાવની જાળ પોતે પાથરીને એમાં ફસાણો છે. પ્રયત્ન કરે તો છૂટો જ છે. છૂટાને જોવાનો પ્રયત્ન કરે તો છૂટો જ છે, એમ કહે છે. દ્રવ્યે બંધાયેલ નથી. એ બહુ માર્મિક વિષય લીધો છે. માણસ તરીકે તું જો તું છૂટો છો કે તને બાંધ્યો છે કોઈએ ? ભલે અનેક કાર્યોમાં ફસાયેલો હો પણ માણસ તરીકે છૂટો છો કે નહીં ? આ એક અનુભવગમ્ય દૃષ્ટાંત છે. ૪૭ માં બોલમાં (આવે છે).

મુમુક્ષુ :- ડોકું નીચું કરવાની ટેવ પડી ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આદત થઈ ગઈ છે. પોતાની રુચિથી ઉપાધિમાં જોડાય છે. કોઈપણ કાર્યની ઉપાધિમાં જોડાય છે તો પોતાની રુચિથી જ જોડાય છે.

મુમુક્ષુ :- ત્યાંથી પાછા વળવું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાંથી પાછા વળવું હોય તો એને પોતાને લાભ-નુકસાન સમજીને પાછો વળી શકે એવું છે. જીવનો સ્વભાવ છે (કે), નુકસાનમાં ભો રહે નહીં, નુકસાન એને પોસાય નહીં પણ નુકસાન પોસાય છે ત્યાં સુધી એને નફો થવાનો નથી.

અહીંયાં કહે છે કે **'જેને આત્મામાં જવું છે તે આત્માનો આધાર લે.'** આ આધાર લેવાનો જે વિષય છે એ પણ થોડો પોતાને પોતાના પરિણામથી ચાલતા અનુભવથી સમજવાનો વિષય છે કે પોતે કેવી રીતે ક્યા ક્યા પરદ્રવ્યોનો અને સંયોગોનો આધાર લઈને પરિણમી રહ્યો છે, જીવન જીવી રહ્યો છે. આ વિષય એને લટો (અનુભવ ચાલે છે તેને) થોડોક અનુભવથી તપાસવા જેવો છે. તો એને પોતાનું પરિણમન આધાર લ્યે છે અને એ આધારબુદ્ધિનો વિષય શું શું છે એ એને ખ્યાલમાં આવશે.

ખરેખર તો એને પોતાની શુદ્ધ ચૈતન્યસત્તા, જે શાશ્વત છે એ વાસ્તવિક આધારનો વિષય છે. એ સમ્યક્દર્શનમાં આધારનો વિષય છે, સમ્યક્જ્ઞાનમાં પણ એ આધારભૂત સત્તા છે. સત્તા તે આધારભૂત ભાવ છે, આધારભૂત દ્રવ્ય છે એ એને સમજાય છે. અને ત્યારે એને આત્મામાં જવાનું થાય છે. જ્યાં સુધી આધાર બદલે નહીં ત્યાં સુધી પરિણામ આત્મામાં

જઈ શકે નહીં. આ એક વિજ્ઞાન છે પરિણામનું. પરિણામને આત્મામાં જવા માટે આધાર પહેલાં બદલવો પડે છે.

બીજી રીતે કહીએ તો ભેદજ્ઞાનનો પુરુષાર્થ અથવા ભેદજ્ઞાનનો અભ્યાસ કે પ્રયોગ એ આધાર બદલવાની એક પ્રક્રિયા છે – Process છે, બીજું કાંઈ નથી. Change of alignment. આ જીવ આધાર પકડીને બેઠો છે. એણે એટલો સજ્જડ આધાર પકડ્યો છે રાગનો ને રાગના વિષયભૂત પદાર્થનો કે ત્યાંથી ઉખડીને એક માત્ર નિજ ચૈતન્યસત્તાનો આધાર લ્યે તો પરિણામ આત્મામાં જાય. જેને આત્મામાં જાવું હોય તે આત્માનો આધાર લ્યે. આધાર બદલ્યા વિના પરિણામ આત્મામાં અંતર્મુખ થઈને જઈ શકશે નહીં. આ વિજ્ઞાન છે પરિણામનું.

પ્રશ્ન :– તીર્થંકરનો તો આધાર લેવો ને ?

સમાધાન :– કોઈનો આધાર લેવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ કહ્યું છે ને.. !

પૂજ્ય ભાઈશ્રી :– ના પાડી. તીર્થંકર – સાક્ષાત્ તીર્થંકરની આધારબુદ્ધિ પણ સ્વયંનો નાશ કરાવવાવાળી છે. બહુ કડક લખ્યું છે. આત્માનો નાશ થશે એમ કહે છે, ઠીક ! શ્રદ્ધામાંથી, હોં ! આમ તો દ્રવ્યે તો આત્માનો નાશ થતો નથી, પણ બીજાનો આધાર પકડ્યો કે ગયો પોતાના આધારથી, એ પોતાના આધારથી ખસ્યો.

મુમુક્ષુ :– પર્યાયનો પણ આધાર લેવાનો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ પણ ક્ષણિક છે. તું શુદ્ધ પર્યાય, એક સમયની પર્યાયનો આધાર લઈશ કેવી રીતે ? જે ફરતી ચીજ છે, આ લોલક છે, પંખો છે એના ઉપર નજર રાખીને સ્થિર નજર કેવી રીતે કરીશ ? ચલિત પદાર્થ ઉપરની દૃષ્ટિ કેવી રીતે સ્થિર થશે ? ચંચળ પદાર્થ ઉપરની દૃષ્ટિ સ્થિર થતી નથી. પર્યાય તત્ત્વ તો એક સમયનું ચલિત તત્ત્વ છે એમાં એનો આધાર ક્યાંથી લઈશ ? ઇ તો એક સમયમાં ખસી જશે (તો) તારો આધાર જ ખસી જશે. એનો આધાર કોઈ લઈ શકે નહીં ને લે એ ભ્રમણાથી દુઃખી થાય, બીજું કાંઈ બની શકે એવું નથી. બાકી પર્યાય તો આધાર લઈ શકાય એવું તત્ત્વ જ નથી. એ રીતે અહીંયાં આધારની ગંભીર વાત કરી છે કે આત્મામાં જવું હોય તો આત્માનો આધાર લ્યે તો આત્મામાં જાય, નહીંતર આત્મામાં જઈ શકે નહીં. (સમય થયો છે).

L O L

**ચૈતન્યરૂપી આકાશની રમ્યતા સદાકાળ જયવંત છે. જગતના આકાશમાં ચંદ્રમા અને તારામંડળની રમ્યતા હોય છે, ચૈતન્ય-આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે. તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે. સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે. ૧૨૩.**

## તા. ૨૪-૦૫-૧૯૮૭, વચનામૃત–૧૨૩,૧૨૪
## પ્રવચન નં. ૯૬

'બહેનશ્રીનાં વચનામૃત' (બોલ–૧૨૩). આકાશના અંતમાં ભાગમાં ૩૪૩ ઘન રાજુનો લોક છે એ પણ એક પરમાણુના સ્થાને છે. એટલું અનંત આકાશ છે દસે દિશામાં વ્યાપક ક્ષેત્રવાળું શુદ્ધ નિર્વિકારી દ્રવ્ય છે. એમાં આ ત્રણ લોક છે – આખું વિશ્વ  ર્ધ્વલોક, મધ્યલોક, અધોલોક પરમાણુવત છે, પરમાણુવત છે. એટલું મોટું આકાશ છે. અનંત ક્ષેત્ર ! કેમકે આ તો ૩૪૩ ઘન રાજુની મર્યાદા આવી. પેલું તો દસે દિશાની અંદર અમર્યાદિત ક્ષેત્ર છે. દસ દિશા એટલે ચાર દિશા, ચાર ખૂણાને વિદિશા કહે છે. પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણને દિશા કહે છે, ચાર ખૂણાને વિદિશા કહે છે અને ઉપર અને નીચે થઈને બે દિશા જુદી, (એમ) દસે દિશાની અંદર એટલે ચો તરફ બધી બાજુથી અનંત... અનંત... અનંત ક્ષેત્ર છે. આખું એક અખંડ દ્રવ્ય છે, નિર્વિકાર દ્રવ્ય છે. કદી એમાં કાંઈ લેપાયમાન થતું નથી.

મુમુક્ષુ :- અનંત અનંત અમાપ છે.

પૂજ્ય ભાઈશ્રી :- અમાપ છે. ક્યાંય છેડો જ નથી. દસે દિશામાં ક્યાંય ગમે એટલું શ્રુતજ્ઞાનને લંબાવે. કેવળજ્ઞાનમાં એનું અનંતપણું જ્ઞાનમાં આવે છે. શ્રુતજ્ઞાનમાં પણ પરોક્ષપણે એનું અનંતપણું જ્ઞાનમાં આવે છે છતાં અનંત અનંત રહે છે, અનંતનો અંત આવતો નથી.

આ ચૈતન્યરૂપી આકાશ છે. અહીંયાં સ્વભાવની અનંતતા લેવી છે. ચૈતન્યરૂપી નિર્વિકાર ચૈતન્ય આકાશ છે. આત્મા પણ નિર્લેપ છે એની રમ્યતા, રમ્ય એટલે એનું સુંદરપણું. આત્મતત્ત્વ ચૈતન્યતત્ત્વનું સુંદરપણું **'સદાકાળ જયવંત છે.'** પોતાના અનેકવિધ સુંદર ગુણોથી સુશોભિત આત્મા, પ્રતાપવંત આત્મા પોતાના સ્વતંત્ર પ્રતાપથી શોભતો આત્મા જગતની અંદર સદાય જયવંત છે. એની ક્યારેય પણ હાર થાય એવું બનતું નથી. જય એટલે વિજય થાય છે, ક્યારેય એની હાર થતી નથી. અનંત પ્રચુર કષાયકલંકમાં અનંતકાળ ગયો તોપણ આત્મા એવો ને એવો છે. અંદરમાં જરા પણ ફેર નથી. એ એનો જય છે અથવા સદાય પોતાના સ્વરૂપે, મૂળ સ્વરૂપે સદાય જીવંત રહે, સદાય હયાત રહે, સદાય મોજૂદ રહે, એની મોજૂદગીને – હયાતીને કોઈ મિટાવી શકે, કોઈ ઇજા પહોંચાડી શકે, કોઈ હરકત કરી શકે એ બની શકતું નથી. એવો આત્મા સદાય પોતાના સુંદર સ્વરૂપથી જયવંત છે. સ્વાનુભવમાં એ જણાય છે એટલે શબ્દો દ્વારા એની મહિમાના ગાણાં ગાવામાં આવે છે, ખરેખર એમ છે.

**'જગતના આકાશમાં...'** (એટલે) આ દેખાય છે એ. **'ચંદ્રમાં અને તારામંડળની રમ્યતા હોય છે,...'** આકાશની અંદર અસંખ્ય તારાઓ છે, ચંદ્ર છે એ વગેરે(થી) આકાશ સારું લાગે છે. એ તો એક ઉપમા દેવાની વાત છે. **'ચૈતન્ય-આકાશમાં...'** એ ઉપમાથી (વાત કરે છે). **'ચૈતન્ય-આકાશમાં અનેક ગુણોની રમ્યતા છે. તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે.'** એમ કહેવું છે. ચૈતન્ય-આકાશ સ્વરૂપ આત્મા છે એની સુંદરતા કોઈ જુદાં પ્રકારની છે. અનેકવિધ દિવ્ય ગુણોથી આત્મા ભરેલો, ભરપૂર ચીજ છે અને એનાથી કોઈ સુંદરતા એની જુદાં જ પ્રકારની છે.

આગળ લીધું ને ? વૃક્ષની ઉપમા આપી હતી. વૃક્ષની ઉપમા આપી હતી ને ? જેમ અનેક ફળ-ફૂલથી વૃક્ષ શોભી ઠે છે, પાંગરેલું છે એમ આત્મા છે એમાં અનંત ગુણો છે એ રહેલા છે. આંબાને કેરીઓ લટકતી હોય એમ કોઈ ફૂલનું વૃક્ષ હોય છે તો ત્યાં ચારેકોર ફૂલથી સુશોભિત હોય છે. ૧૨૦માં છે, ધ્યાનના બોલમાં છે. **'અનેક ફળફૂલથી મનોહર વૃક્ષ સમાન અનંતગુણનિધિ આત્મા અદ્‌ભુત છે,...'** ધ્યાનના આકર્ષણનું કારણ શું

છે ? એકાગ્રતારૂપ જે ધ્યાન સ્વરૂપમાં જામે છે એની અંદર એવું કયુ આકર્ષણ છે ? કે, અનંત ગુણનિધિનું આકર્ષણ છે. એક એક ગુણને કહી ન શકાય એટલી મોટપ છે, એટલી મહિમા છે કે એક એક ગુણને કહી ન શકાય. અનંત ગુણને તો કહેવા પણ કઈ રીતે ? અનંત ગુણને કોઈ વચનગોચર કરવાનું સામર્થ્ય વાણીમાં નથી પણ કદાચિત્ વાણીમાં સામર્થ્ય હોય તોપણ કાળ ટૂંકો પડે એવું છે. કેમકે કાળના સમયો કરતા પણ અનંત ગુણ છે. કાળના સમય કરતા પણ ગુણ અનંત છે. એક ગુણને વચન દ્વારા કહેવા જાય તો અસંખ્ય સમય લાગે, કથનમાં તો અસંખ્ય સમય લાગી જાય. અનંત ગુણને કહેવા માટે સમય પણ નથી. જો કે અનંત ગુણને કહેવા માટે વાણીની પાસે શક્તિ પણ નથી અને સમયની પાસે સમય પણ નથી. એવું મહાન દ્રવ્ય આત્મા છે, એવો મહાન પદાર્થ આત્મા છે, એમ કહેવું છે.

એની સુંદરતા અને એની રમ્યતા કોઈ જુદાં જ પ્રકારની છે. ચૈતન્યની રમ્યતા માત્ર ચૈતન્યના અનુભવગોચરથી જ છે, એમ કહેવું છે. બાકી બધું ટૂંકું પડે છે. એક જ્ઞાન જ એને પહોંચી વળે છે, અનુભવ જ એને પહોંચી વળે છે, બાકી બધું ટૂંકું પડે છે. સમય ઓછો પડે છે, વાણી ઓછી પડે છે, બધું ઓછું પડે છે. '**તે રમ્યતા કોઈ જુદા જ પ્રકારની છે. સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા જણાય છે.**' એવી રમ્યતા પ્રથમમાં પ્રથમ સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાનમાં જણાય છે. જગતના રમ્ય પદાર્થો ચૈતન્યની રમ્યતા પાસે તુચ્છ ભાસે છે.

'ગુરુદેવ' તો એક ઉપમા એવી આપતા કે, ઇંદ્રના ભોગ ઉપભોગ, ચક્રવર્તીના ભોગ ઉપભોગ જેમાં જગતના ઉત્કૃષ્ટ પદાર્થો હોય બધા રત્નો ને વગેરે, તો 'ગુરુદેવ' કહે કે, એ તો મરેલા મીંદડાં ને મરેલા કૂતરા જેવા લાગે, સડેલાં. મરેલાં અને સડેલાં. ઠીક ! સડી ગયા પછી મરી જાય અને જેમ એ એક ઘૃણાનો વિષય થઈ જાય (એવા) જગતના ઉત્તમમાં ઉત્તમ વિષયો, જેની પાછળ જગત મરે છે, આંધળું થઈને દોડે છે. જેની પાછળ ચૈતન્યને ગુમાવે છે, જેની પાછળ ચૈતન્ય દીન થઈને દોડતો ફરે છે એ વિષયો તો મરેલાં અને સડેલાં કૂતરા ને મીંદડાં જેવા લાગે છે. કોઈ અતિશયોક્તિ નથી, હોં ! આ વાત કરવામાં 'ગુરુદેવ'ની કોઈ અતિશયોક્તિ નથી.

ખરેખર આત્માના આનંદ અમૃતનો જે આસ્વાદ છે એ એવો આસ્વાદ છે. એ આસ્વાદની પાસે ખરેખર બાહ્ય વૃત્તિ છે એ આકુળતા ને દુઃખરૂપ પ્રત્યક્ષ છે. એ વૃત્તિ પોતે જ દુઃખ

સ્વરૂપે છે અને આકુળતા સ્વરૂપે છે. એવો બન્ને વચ્ચેનો વિરુદ્ધ સ્વભાવનો ફેર છે. ચૈતન્યનો આનંદ, ચૈતન્યની શાંતિ, ચૈતન્યનું સુખ અને એનો જે અમૃત જેવો આસ્વાદ – અનુભવ એ સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાનમાં જ્યારે અનુભવાય છે ત્યારે જગતના સર્વ પદાર્થો એની પાસે એટલા જ તુચ્છ લાગે છે. પછી જગતના પદાર્થોનું આકર્ષણ થાય (એમ બનતું નથી). સ્વાનુભવી કેમ વૈરાગી છે એનું આ કારણ છે કે, એને જગતના પદાર્થોના આકર્ષણનો કોઈ પ્રશ્ન રહેતો નથી કેમકે એને આનંદ અમૃતનું જે સુખ છે એની પાસે જગત તો તુચ્છ છે, આખું જગત તુચ્છ છે.

એવું **'સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતા તે રમ્યતા જણાય છે.'** અને આત્માનું એવું સ્વરૂપ હોવાથી એની મુખ્યતા, એનું લક્ષ, એની એકાગ્રતા સદાય નિરંતર રહ્યા કરે એ તદ્દન સ્વાભાવિક છે. એટલી જ એ સ્વાભાવિક છે. એ **'સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે,...'** જગતની સાથે કેમ અને ક્યા પદાર્થ સાથે એને મેળવીને ઓળખાવવી ? એમ કહે છે. એ જુદી જ છે. જગતના સુખ એની પાસે દુઃખના ખાતામાં ખતવવા પડે છે. આત્માના સુખ પાસે જગતના સુખને દુઃખના ખાતામાં લઈ જવું પડે છે. આ જમાની રકમ છે તો પેલી ઉધારની રકમ છે, જગતની છે એ. એટલો બધો ફેર છે. જગતમાં જે ક્ષમા છે એ ક્ષમાભાવથી પુણ્ય બંધાય છે. લોકો કહે છે ને કે, ક્ષમા રાખવી. ક્રોધ ન કરવો પણ 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્'. ક્ષમા રાખવા માટે શક્તિ જોઈએ છે, તાકાત જોઈએ છે. તો કહે છે, એ પણ શુભના ખાતામાં જાય છે, વિકારના ખાતામાં જાય છે. નિર્વિકારી ક્ષમા કોઈ જુદી વાત છે. દસલક્ષણ ધર્મમાં ક્ષમા ધર્મ છે એ વીતરાગી ક્ષમાની – ઉત્તમ ક્ષમાની વાત છે. એ શુભભાવની ક્ષમાની વાત નથી.

પ્રશ્ન :– વીતરાગી ક્ષમા એટલે ?

સમાધાન :– વીતરાગી ક્ષમા એટલે કોઈપણ જીવ પોતાના પ્રત્યે ક્રોધાદિ કાંઈ પણ અપરાધ કરે, દોષ કરે, દ્વેષ કરે, કાંઈ પણ કરે તો એના જ્ઞાતાદૃષ્ટા માત્ર રહેવું. એમ. એના જ્ઞાતાદૃષ્ટામાત્રપણે – માત્ર એને જ્ઞાનનું જ્ઞેય બનાવવું. એવી વીતરાગી ક્ષમા તે ગુણ છે અને શુભભાવરૂપ વિકલ્પ આવે કે, એના પ્રત્યે ક્રોધ ન કરવો જોઈએ કેમકે હું ધર્મી છું, હું જૈન છું, હું સાધુ છું એવો વિકલ્પ ઉઠે એ દોષ છે. લૌકિક ક્ષમાને દોષના ખાતામાં લઈ જવી પડે છે, આત્માની ક્ષમાને બતાવવા એને ગુણ કહેવો પડે. લૌકિક સુખને દુઃખ કહેવું પડે છે, લૌકિક ક્ષમાને દોષ ગણવો પડે છે. લોકો જેને ગુણ ગણે એને આ દોષ

(ગણે). વાસ્તવિકપણે, હોં ! ગણવામાં એટલે કે કાંઈ ખોટું ગણવું નથી. વાસ્તવિકપણે એને દોષ કહેવામાં, સમજવામાં આવે છે એટલે કહેવામાં આવે છે. આવા એક એક ગુણ અલૌકિક છે કે જેમાં લૌકિકગુણ તો અવગુણનું નામ પામે છે. લોકો જેને ગુણ ગણી ગણીને છાપરે ચડાવે, મોટો ગણાવે એ તો બધા અવગુણમાં નામ પામે છે. એવો આત્મા ગુણવંત છે, એવી એની રમ્યતા છે, એવી એની સુંદરતા છે, એમ કહેવું છે.

મુમુક્ષુ :– 'સમયસાર'માં આવે છે કે સ્વસંવેદન પ્રત્યક્ષથી આત્મા આબાળગોપાળને અનુભવમાં આવે છે. સ્વસંવેદન આબાળગોપાળને થઈ જ રહ્યું છે. અહીંયાં કહે છે કે, સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કર.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રગટ કરતા એટલે આવિર્ભૂત કરતા. ઓલું તિરોભૂત છે. ત્યાં એમ કહ્યું છે કે, ત્યાં તિરોભૂત છે, અનુભૂતિ છે એ તિરોભૂત થઈ ગઈ છે.

મુમુક્ષુ :– ... આત્મા સ્વસંવેદનપ્રત્યક્ષ છે.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા સ્વભાવે કરીને સ્વસંવેદનપ્રત્યક્ષ છે. સ્વભાવે કરીને સ્વસંવેદનપ્રત્યક્ષ છે. સ્વભાવને જોતા એવો આત્મા જણાય છે. એમનો પ્રશ્ન શું છે ફરીને પ્રશ્ન સ્પષ્ટ (કરીએ) કે, જ્ઞાન લક્ષણમાં પ્રસિદ્ધપણું છે, વેદન પ્રત્યક્ષપણું છે, તો વેદન પ્રત્યક્ષપણું તો બધાયને છે. પણ બધાયને છે એમ કહીને જેને ખબર નથી એનું પણ ધ્યાન દોરે છે.

ઘરમાં સંપત્તિ છે, પોતાના ઓરડામાં જ છે, પોતાના કબજામાં છે પણ ખબર નથી તો ભીખ માગે છે, લાચારી કરે કે મને કોક કાંઈક મદદ કરો. મારી પાસે કાંઈ નથી, હું નિર્ધન છું, હું દરિદ્ર છું, હું પાંગળો છું, હું દીન છું, હું પામર છું (એમ) ભીખ માગવા માટે બધું કહે. મા-બાપ દયા કરજો. સાઠ વર્ષનો બૂઢ્ઢો હોય ને પંદર વર્ષનો શ્રીમંતનો છોકરો હોય તો શું કહે ? મા-બાપ દયા કરજો. શું કહે ? ઇ તો એના દીકરા જેવડો છે. તો શું કહે એને ? મા-બાપ દયા કરો એમ કહે કે ન કહે ? એ એની દીનતા બતાવે છે કે બીજું કાંઈ છે ? હવે એના જ ઘરમાં સંપત્તિ દાટેલી હોય ને ખબર ન હોય તો આવી દીનતા કરે.

એમ (અહીંયાં) ઓળખાવે છે કે, તારા જ્ઞાનમાં પ્રત્યક્ષ વેદન ધ્યાનથી જો તો તને જણાશે અને એવો તારો સ્વભાવ પણ તને જણાશે. એનો જોતા તારું લક્ષ છે એ પ્રસિદ્ધ થઈ જશે. પ્રસિદ્ધ લક્ષણથી લક્ષની પ્રસિદ્ધિ થઈ જશે. લક્ષની પ્રસિદ્ધિ થઈ જશે તો તને તારો આખો આત્મા છે એ જેટલો મહાન છે એટલી મહાનતા તારા જ્ઞાનમાં સમજાશે તારા

જ્ઞાનમાં એની મહાનતા આવશે અને એવા મહાન પદાર્થને જો તારું મતિ-શ્રુત જ્ઞાન ઝીલશે તો એ જ્ઞાન પણ એવું જ્ઞાન સમૃદ્ધ થશે કે એ જ્ઞાનની અંદર લોકાલોકના છએ દ્રવ્યોને સ્વીકારવાની તાકાત આવી જશે અને એક ન્યાયે એ કેવળજ્ઞાનની જાતિ એણે પ્રગટ કરી.

પ્રશ્ન :- તિરોભૂત એટલે શું ?

સમાધાન :- તિરોભૂત એટલે ઢંકાય એવું. જેમ લાપસીનું દસ મણનું તપેલું મૂક્યું હોય ને ધુમાડો થાય, છાણાં લાકડાની જે ચૂલ બનાવીને સળગાવે તો મોટું દસ મણનું તપેલું દેખાય નહીં. તો તપેલું નથી ત્યાં ? તપેલાનો અભાવ છે ત્યાં ? કે, નહિ. છે પણ ધુમાડા આડે દેખાતું નથી. એમ આત્મા છે ખરો, આત્માના ગુણો છે ખરા, આત્મા પ્રગટ છે, પ્રસિદ્ધ છે એમ કહે છે. આત્મા છે, આત્મા પ્રત્યક્ષ છે, આત્મા અત્યંત પ્રત્યક્ષ છે – આ 'શ્રીમદ્જી'ના વચનો છે. કેમકે તે સ્વસંવેદનથી અનુભવગોચર થાય છે. અનુભવમાં આવી રહ્યો છે. આમ છે. આબાળગોપાળને અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્મા અનુભવમાં આવી રહ્યો છે તોપણ અનાદિ બંધના વશે જીવનું સર્વસ્વ ત્યાં એ ઉપયોગથી પરમાં રોકી લે છે એટલે ઢંકાઈ જાય છે. છે પણ ઢંકાઈ જાય છે. કાંઈ નવો આત્માને ઉત્પન્ન કરવાનો છે ? આત્માને બનાવવાનો છે ? (એવું) કાંઈ નથી. છે એને જોવાનો છે, પણ એને ઉપયોગ ફેરવતા પરસેવો પડે છે. અહીંથી ઉપયોગ અહીંયાં લાવતા પરસેવો પડે છે. એવી કોઈ જગતની મોહની છે કે એને ત્યાં ને ત્યાં લક્ષ ચોંટ્યું રહે છે, ખસેડી શકતો નથી. આમ છે. એની તુચ્છતા જાણતો નથી. જ્યાં એનું લક્ષ છે એની તુચ્છતા જાણતો નથી અને જ્યાં પોતાની મહાનતા છે એની મહાનતાને પણ એ જાણતો નથી. એટલે એ ઘર ઘર ભીખ માગે છે. 'કુકર આશાધારી..' 'આનંદઘનજી'એ ગાયું છે. જેમ કૂતરો ઘરે ઘરે બટકું રોટલા માટે જાય ને એને હડહડ કરીને કાઢે. કેમકે એને કંઈ ટાઇમની ખબર નથી કે આ લોકોને ત્યાં બાર વાગે રસોઈ બને છે કે એક વાગે બને છે. એને તો નવ વાગ્યામાં ભૂખ લાગે તો નવ વાગે બારણે જઈને ભો રહે. નવ વાગ્યામાં હજી કાંઈ ચૂલે ચડાવ્યું ન હોય, ચૂલો પણ સળગાવ્યો ન હોય. હાલ, હાલ નીકળ અહીંથી, એમ કહે. એમ આ (જીવ) અહીંથી સુખ લેવા જાય તો કહે, હટ.. હટ.. અહીં તારું સુખ નથી. બીજે જાય તો કહે, હટ... અહીંયાં તારું સુખ નથી. બધેથી એને હડહડ કરીને કૂતરાની જેમ કાઢે છે. કોણ ? પુદ્ગલ પદાર્થો. તોય લાજ શરમ વગર ફરી ફરીને કૂતરાની જેમ પાછો ત્યાં જાય છે કે મને સુખ દે, તું મને સુખ દે. હે પુદ્ગલો ! તમે મને સુખ આપો. હે પૈસાઓ ! રૂપિયાઓ ! તમે મને સુખ આપો.

હે શરીરો ! તમે મને સુખ આપો. ઓલો કહે, હટ.. હટ.. નીકળ અહીંથી. અહીંયાં તારું સુખ કેવું ? આ દશા છે.

મુમુક્ષુ :– સુખ લેવા તો જાય છે ચારેબાજુ, ક્યાં જાય ?

પૂજ્ય ભાઈશ્રી :– અંદર સુખ ભર્યું છે ત્યાં જાય. જ્યાં સુખનો ભંડાર ભર્યો છે ત્યાં જાય તો સુખ મળે, કોઈની જરૂર એને નથી. પોતે જ પરમાત્મા છે. એટલે તો 'ગુરુદેવે' એક હાક મારી છે, હાકલ કરી છે કે, તું પરમાત્મા છો એમ નક્કી કર. આ પહેલી વાત છે. તો કહે, પણ પ્રભુ ! અમે કયાંથી નક્કી કરીએ ? આ આટલા બધા રાગ-દ્વેષ ને કષાય થતાં હોય. તો કહે છે, એને ગૌણ કરીને તું પરમાત્મા છો એમ નક્કી કર. પણ એની હયાતી તો (છે). (તો કહે છે), એની હયાતીને એકવાર ગૌણ કરી નાખ તું. હયાતીની કોણે ના પાડી ? છે, અમને ખબર છે. તને કહીએ છીએ તો અમને ખબર નથી ? પણ એને એકવાર તું ગૌણ કર અને તારા પરમાત્મપદને મુખ્ય કર. આ એક બહુ જોરદાર હાકલ કરી છે. શાસ્ત્ર પણ 'પરમાત્મ પ્રકાશ' ચાલે છે. 'પરમાત્મ પ્રકાશ'નું પ્રવચન છે.

પ્રશ્ન :– સ્વાનુભૂતિની રમ્યતા એટલે અહીંયાં શુદ્ધ પર્યાયની રમ્યતા લેવી છે ?

સમાધાન :– નહીં. સ્વભાવની (રમ્યતા). '**સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા...**' એટલે સ્વરૂપની રમ્યતા. અખંડ સ્વરૂપની જે રમ્યતા છે એ '**જણાય છે.**' સ્વાનુભવ સ્વસંવેદનપ્રત્યક્ષમાં એ જણાય આવે છે. સ્વસંવેદનનો વિષય સ્વસંવેદન નથી, સ્વસંવેદનનો વિષય અખંડ આત્મા છે, અનંત ગુણનો નિધિ છે.

'ગુરુદેવ' એક બીજી ઉપમા દેતા હતા કે, જેમ સ્વયંભૂરમણ સમુદ્રમાં નીચે રેતી નથી. નીચે બધાય રત્નો જ છે, રેતી નથી ત્યાં. એમ આ આત્મામાં એકલા ગુણરત્નો જ છે, અવગુણ એકેય નથી એનામાં. ઠીક ! એક પણ અવગુણ પરમાત્મામાં નથી. બધા સંપૂર્ણ ગુણોથી સુસજ્જ આત્મા છે, સમૃદ્ધ આત્મા છે. એને એના સ્વરૂપે તું જો તો આખી દુનિયાને ભૂલી જવું એ તો સહજમાત્રમાં બની શકવા યોગ્ય છે, ન બને એવું કાંઈ નથી.

મુમુક્ષુ :– પરમાત્મામાં એકેય અવગુણ નથી, વાહ !

પૂજ્ય ભાઈશ્રી :- એકેય અવગુણ નથી અને ગુણ ? તો કહે છે, ગુણ અનંતા છે. અનંતા ગુણોથી સુંદર રમ્ય પદાર્થ છે. જેમાં રમવું ગમે એવો રમ્ય પદાર્થ છે. અનંતા સિદ્ધો એમાં પરિણતિ (રમાવે છે). અરિહંત થાય ત્યારથી એની પરિણતિ સંપૂર્ણપણે એમાં રહે છે, જરા પણ બહાર રહેતી નથી.

પ્રશ્ન :- આટલા બધા અવગુણો દેખાય છે એ કોના ?

સમાધાન :- અવગુણો દેખાય છે ઇ એને ભૂલીને ઉત્પન્ન કરેલા એના. જે એને ભૂલ્યો છે અને એ ભૂલતા ઉત્પન્ન થયા છે એના. ફરીને, આવો ગુણનીધિ છે એને ભૂલીને જેણે એ અવગુણો ઉત્પન્ન કર્યા છે એના છે એ. આને સંભાળતા અને એમાં સાવધાન થતાં પછી એ વાત નથી. આગળ એક બોલ આવે છે. નીરસ થઈ જાય છે. આત્મા અનુભવ થતાં નીરસ થઈ જાય છે. એવો એનો ચૈતન્યરસ છે કે આત્મા નીરસ થઈ જાય છે એનાથી. ચારસો નજીક નજીકનો બોલ છે. ૩૯૭. બહુ સરસ બોલ છે.

**'ચૈતન્ય મારો દેવ છે; તેને જ હું દેખું છું.'** મારો દેવ કોઈ બીજો નથી, કોઈ બીજો મારો ભગવાન નથી ને હું એનો ભગત નથી, એમ કહે છે. ઠીક ! જો કે ભગવાન પણ એમ જ કહે છે કે, હું તારો ભગવાન ને તું મારો ભ ત એવી મારી નજર નથી. હું મને ઊંચો જોઉં અને તને નીચો જોઉં એવી મારી નજર નથી, એમ કહે છે. **'ચૈતન્ય મારો દેવ છે;...'** તેને જ હું દેવ તરીકે દેખું છું અને એને હું દેખું છું ત્યારે **'બીજું કાંઈ મને દેખાતું જ નથી ને !'** એમ કહે છે. એકને દેખતા બીજું કાંઈ દેખાતું નથી. દેખાય છે તો ગૌણ થઈ જાય છે, એમ કહેવું છે. એટલે **'બીજું કાંઈ મને દેખાતું જ નથી ને !--આવું દ્રવ્ય ઉપર જોર આવે,...'** અને આવા પ્રકારે **'દ્રવ્યની જ અધિકતા રહે, તો બધું નિર્મળ થતું જાય છે.'** આખું અખંડ દ્રવ્યનું પરિણમન નિર્મળ... નિર્મળ... નિર્મળ શુદ્ધ થતું જાય છે, કષાયની મલિનતા ખરી જાય છે, ઝરી જાય છે.

**'પોતે પોતામાં ગયો, એકત્વબુદ્ધિ તૂટી ગઈ,...'** રાગ સાથેની **'એટલે બધા રસ ઢીલા પડી ગયા.'** સંસાર સંબંધીના બધા રસ એના ઢીલા પડી ગયા. લૂખો થઈ ગયો, ચારે બાજુથી લૂખો થઈ ગયો. પહેલા જે વિષયો એને રસ ઉત્પન્ન કરવાના નિમિત્ત લાગતા હતા, કારણ લાગતા હતા, સ્થાન લાગતા હતા એ એને નિરસપણે જાણવામાં આવે છે કે, આમાં કાંઈ મને હવે રસ આવતો નથી. **'એટલે બધા રસ ઢીલા પડી ગયા. સ્વરૂપનો રસ પ્રગટતાં,...'** આ સ્વસંવેદન રસ છે, આનંદ રસ છે. **'સ્વરૂપનો રસ પ્રગટતાં...'** અમૃત રસ પ્રગટતા **'અન્ય...'** (અર્થાત્) રાગાદિના **'રસમાં અનંતી મોળાશ આવી.'** કેટલી મોળાશ આવી ? અનંતી મોળાશ આવી. સાવ ફિક્કા થઈ ગયા રસ.

**'ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો.'** બધાથી ભિન્ન. કોઈ એને પોતાનું દેખાતું જ નથી પછી ક્યાં પ્રશ્ન છે ? જે પહેલાં ભ્રાંતિએ કરીને પોતાનું

દેખાતું હતું કે આ ઘર મારું, આ પરિવારના સભ્યો મારા એ એને હવે મારા દેખાતા નથી. મારા દેખાતા એ મારા હતા – મારવાવાળા મારા હતા. મારા મારે ને ? જે મારે એને મારા કહીએ. મારા દેખાતા એ ખરેખર 'મારા' હતા – મારવાવાળા મારા હતા, હત્યારા હતા. મારા જોતા એ હત્યારા થાય છે. ઠીક ! હત્યા કરે છે – ગુણની હત્યા કરે છે. બધાથી **'ન્યારો, બધાથી ન્યારો થઈ જતાં સંસારનો રસ અનંતો ઘટી ગયો.'** પછી એને સંસારમાં ક્યાંય રસ આવતો નથી. **'દિશા આખી પલટાઈ ગઈ.'** એના પરિણમનની દિશાનો જે પ્રવાહ છે એ પ્રવાહ બદલાઈ ગયો. અનંત ગુણોનો ધોધ અંદરમાં પડવા મંડ્યો. પાણીનો જેમ ધોધ પડે છે એમ અનંત ગુણનો ધોધ અંદરમાં પડે છે, હવે એ બહારમાં જાતો નથી.

મુમુક્ષુ :– પોતાની દશાનું વર્ણન કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો અનુભવની જ બધી વાતો છે. અનુભવીઓની બધી વાતો અનુભવપૂર્ણ છે. અનુભવથી ભરેલી વાતો છે ઇ બધી. એવો વિષય છે. મુનિઓની જ્યાં વાત આવે છે ત્યાં કોઈ જગ્યાએ એવું કહે છે કે, મુનિઓ તો લીલા માત્રમાં આ સંસારને તરી જાય છે. એને સંસાર તરવો એ હવે કોઈ અઘરી વાત રહી નથી. લીલા માત્રમાં તરે છે.

'પ્રવચનસાર'માં એ વાત લીધી છે. મોક્ષતત્ત્વ લીધું ને ? 'પ્રવચનસાર'. મુનિનું વર્ણન કરે છે, 'કુંદકુંદાચાર્યદેવ' પોતે મુનિરાજનું વર્ણન કરે છે. મુનિ કેવા હોય છે ? કે, એની મુ ત દશા જોઈને દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રતિબંધ વણ – એને કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું બંધન નથી. એવી એની મુ તદશા જોઈને અભેદનયે એને અમે મોક્ષતત્ત્વ (કહીએ છીએ). '**ह्न न्नफ्र व्रुक्रफ्रप्रफ्फ्रफ्र प्रफ्फ्र.**' આ ગાથામાં મોક્ષતત્ત્વનું ઉદ્‌ઘાટન કરે છે.**'અયથાચરણહીન...'** **'જે (શ્રમણ) ત્રિલોકની કલગી સમાન નિર્મળ વિવેકરૂપી દીવીના પ્રકાશવાળો હોવાને લીધે યથાસ્થિત પદાર્થનિશ્ચય વડે ઉત્સુકતા નિવર્તાવીને...'** જગત પ્રત્યેનું ઉત્સુકપણું જેણે છોડી દીધું છે. જગતમાં એને કાંઈ જોવા જેવું લાગતું નથી. એવો જેનો ટોચનો વિવેક છે અને **'સ્વરૂપમંથર...'** છે – સ્વરૂપમાં લીન – જામી ગયા – **'રહેવાથી સતત 'ઉપશાંતાત્મા...'** પ્રશાંત આત્મા ઉપશમની મૂર્તિ છે, શાંતિની મૂર્તિ છે એવો **'વર્તતો થકો, સ્વરૂપમાં એકમાં જ અભિમુખપણે ચરતો હોવાથી...'** એક સ્વરૂપમાં જ પોતે પોતાનું આચરણ કરતો હોવાથી **'અયથાચાર રહિત' વર્તતો થકો,...'** જેને અયથા આચરણ નથી એવો વર્તતો થકો **'નિત્ય જ્ઞાની હોય, તે ખરેખર સંપૂર્ણશ્રામણ્યવાળા સાક્ષાત્ શ્રમણને મોક્ષતત્ત્વ જાણવું,...'** '**व्रुक्रफ्रफ्फ्रफ्रफ्र प्रफ्फ्र**'એને તમે

મોક્ષતત્ત્વ જાણજો. એ શ્રામણ્યને જ, શ્રામણ્ય એટલે સાધુને જ તમે મોક્ષતત્ત્વ જાણજો.

'જયસેનાચાર્યે' નય વિવિક્ષાથી એ વાત કરી છે. ૨૭૨ ગાથા છે. '**ह्न प्रफ्रम्रभ्रक्रक्रह्न ' ह्नप्रप्रह्मकप्रप्रम्ररिण्प्रमृक्रक.**' આ રીતે મોક્ષ તત્ત્વથી પરિણત પુરુષ છે '**हस्प्रक्रोंफ्र** એ અભેદનયથી '**व्रुक्रॅफ्रस्प्रम्रफ्र ज्ञम्रक्रॅ प्रह्मिक** એને મોક્ષ સ્વરૂપે જ જાણવું જોઈએ. એમ કરીને શ્રમણને જ મોક્ષ કહ્યાં છે. અહીંયાં એમણે વાત કરી છે. કેમ એને મોક્ષતત્ત્વ જાણવું ? '**કારણ કે પહેલાંનાં સકળ કર્મનાં ફળ તેણે લીલાથી નષ્ટ કર્યાં હોવાથી...**' સહજ માત્રમાં એનો નાશ કર્યો. કર્મનો નાશ કરવો એ તો એમને રમત માત્રમાં એનો નાશ કરે છે. '**કારણ કે પહેલાંનાં સકળ કર્મ...**' પહેલાં બાંધેલા સકળ કર્મ જેમણે '**લીલાથી નષ્ટ કર્યાં હોવાથી...**' ઉદયમાં આવ્યા ત્યારે જ્ઞાતા-દૃષ્ટા રહ્યા. '**અને નૂતન કર્મફળને તે નિપજાવતો નહીં હોવાથી, ફરીને પ્રાણધારણરૂપ દીનતાને નહીં પામતો થકો...**' મોક્ષે જવાના છે (એટલે) ફરીને પ્રાણ ધારણ કરવાના નથી. દીનતાને નહીં પામતા થકા **દ્વિતીય ભાવરૂપ પરાવર્તનના અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં અવસ્થિત વૃત્તિવાળો રહે છે.**' એવા મુનિરાજને અહીંયાં મોક્ષતત્ત્વ કહેવામાં આવ્યું છે. મૂળ ગાથામાં એ વાત છે. મૂળ તો અહીંયાં તો એમ લીધું સંસારમાં ચિર નહીં રહે. '**चिम्र: ण्फ्रज्म्रम्रि ' ह ँ प्रेक्रँ प्रमृण्फ्रँप्रह्मण्प्रेह्न**' '**ह्न भद्धृफ्रचिम्र: ोंफ्रज्म्रह्मिक.**' અફળ એવા આ સંસારમાં, નિષ્ફળ એવા આ સંસારમાં તે હવે લાંબો વખત રહેવાના નથી. કદાચ એકાદ ભવ થાય, બાકી એ નહીવત છે, અનંતકાળમાં એક ભવ હોવો એ તો નહીંવત છે.

મુમુક્ષુ :– અમારે હજી ઘણું અંતર છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણું અંતર હોય તો ઝપટ કરવી. મોડું થતું હોય તો શું કરીએ ? કોઈ કામમાં – પ્લેન છૂટી જતું હોય, ટ્રેન છૂટી જતી હોય, પરદેશ જાવું હોય, લાંબી મુસાફરી હોય (એમાં) મોડું થયું (છે) એમ ખબર પડે (તો) એ ઝપટ કરે, તો એને મોડું થયું એ જ્ઞાન વાસ્તવિક થયું, સાચું થયું અને જો ઝપટ ન કરે તો એને મોડું થયું એની ખબર નથી, બોલવા માત્ર છે. એ મોડું થયું એવું જ્ઞાન ઉતાવળ કરાવે જ છે. પુરુષાર્થને એકદમ ઉત્પન્ન કરી દે છે એવો વિષય છે.

અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી' આત્માની સુંદરતાનું વર્ણન કરે છે. રમ્યતા ! એમની વર્ણન કરવાની પદ્ધતિમાં અનેક જગ્યાએ આ વિષય આવે છે. (કહે છે કે), '**સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા...**' અનુભવગોચર થાય છે. '**જણાય છે.**' એટલે અનુભવગોચર થાય

છે. કોઈ અલૌકિક રમ્યતા છે એટલે પ્રથમ શુદ્ધોપયોગમાં કોઈ આવે છે એને જે આનંદ અમૃત અને આત્માની સુંદરતાનો અનુભવ થાય છે, એને એવી ભાવના થઈ આવે છે કે, હવે પછીનો મારો અનંતકાળ આ આત્મતત્ત્વના ભોગવટામાં જ પસાર થાવ. 'નિયમસાર'માં આ વિષય લીધો, ભાવનાનો ગ્રંથ છે ને ! હવે પછીની અનંત કાળાવલી. આ ચાકળો માર્યો છે. 'સ્વાધ્યાય મંદિર'ના પગથિયા ચડો એટલે સામે પહેલી વાત આવે. હવે પછીની અનંત કાળાવલી આત્મતત્ત્વના ભોગવટામાં વહો. મારો એક સમય પણ આત્મતત્ત્વને છોડીને બહાર ન જાવ. મારો સર્વ કાળ, સંપૂર્ણ કાળ મારા આનંદ અમૃતમાં હું ડૂબેલો રહું એ જ રીતે પસાર થાવ, એમ કહેવું છે. એ આત્મરસ છે એ સંસારરસથી વિરુદ્ધ રસ છે તેથી એમાં અનંતી મોળાશ આવી જાય છે. ૩૯૭માં જે અનંતી મોળાશની વાત કરી ને ? એનું કારણ એ છે.

**'સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે,...'** એ અવસ્થાની વાત લીધી, ઓલી દ્રવ્યની વાત લીધી. **'સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કરતાં તે રમ્યતા...'** એટલે સ્વરૂપની રમ્યતા **'જણાય છે.'** અનુભવગોચર થાય છે અને એ સ્વાનુભવ થાય છે એ સ્વાનુભવની રમ્યતા – સ્વાનુભવની સુંદરતા એ **'પણ કોઈ જુદી જ છે,...'** એ પણ **'અનુપમ છે.'** એને પણ ઉપમા આપી શકાતી નથી. જેના એક અંશને ઉપમા ન આપી શકાય, સ્વાનુભવ તો એનો એક અંશ છે, એક સમયની પ્રગટ પર્યાય (છે). જેના એક અંશને ઉપમા આપી ન શકાય એના એ અંશથી અનંતગુણ સમૃદ્ધ એવા પદાર્થને ઉપમા કેવી રીતે દેવાય ? એ પ્રશ્ન રહેતો નથી. એવો આત્મા મહાન છે.

કોઈપણ રીતે એટલે વાસ્તવિક રીતે જો આત્માનો મહિમા આત્માને આવે તો બધો નિવેડો છે અને જો એને આત્માનો મહિમા ન આવ્યો તો જગતના પદાર્થોનો મહિમા એને જશે નહીં. જગતના પદાર્થોનો મહિમા અને જગતની વાતોનો મહિમા ને જગતમાં જે મહિમાવંત મોટું ગણાય છે એની મહિમા ને અધિકતા ને મોટપ રહી ત્યાં સુધી એને પોતાનું મહાન સ્વરૂપ ભાસ્યમાન પણ નહીં થાય, નિશ્ચય પણ નહીં થાય, ઓળખાણ પણ નહીં થાય. સ્વરૂપની ઓળખાણ તો નહીં થાય પણ સ્વરૂપની ઓળખાણ થવાનો બાહ્ય પ્રસંગ અને બાહ્ય નિમિત્ત એવો જે સત્સંગ અને સત્પુરુષ એની ઓળખાણ પણ નહીં થાય.

'શ્રીમદ્જી'નો ૩૩૧મો પત્ર છે એમાં એમ કહેવું છે કે, સત્પુરુષને ઓળખવા માટે પણ જગતની મહિમાને તારે ભૂલવી જ રહી. તો જ તને સત્પુરુષની ઓળખાણ, એનો મહિમા

અને એના સંગથી થતા લાભનો મહિમા અને તારા આત્માનો મહિમા આવશે. નહીંતર નહીં આવે. કોઈ એમ કહે કે અમે તો મહિમા કરીએ છીએ. એ મહિમા ઓળખીને કરવામાં આવે છે કે કેમ ? આ સવાલ છે. ઓળખીને કરવામાં આવે તો એ મહિમામાં કચાશ રહેતી નથી, કસર રહેતી નથી. આ એક વિશિષ્ટ વાત છે.

શ્રીમદ્જીએ તો એ કહ્યું કે, જીવને સત્પુરુષ મળ્યા છે, સત્પુરુષનો જીવે યતકિંચિત્ મહિમા પણ કર્યો છે પરંતુ જે હદે મહિમા કરવો જોઈએ એ હદે મહિમા ઓળખીને નહીં થતો હોવાને લીધે આ જીવ એવું તરવાનું સ્થાન, તીર્થરૂપ સત્પુરુષ મળવા છતાં પણ તર્યો નથી એનું કારણ આ છે. અપર્યાપ્ત માત્રામાં એનો મહિમા થયો છે એમ કહ્યું છે. ઠીક ! એવી વાત લીધી છે.

મુમુક્ષુ :- અલ્પ મહિમા અને એ પણ ઉપર ઉપરથી કર્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઓળખાણ ન હોય એટલે એવું થાય. ક્ષયોપશમમાં વાત પકડાય કે, ના, ના છે તો (જ્ઞાની), જ્ઞાની જ લાગે છે ને જ્ઞાની જ હોય, આવા જ જ્ઞાની હોય. એમ એને બાહ્ય-બહિર્લક્ષી જ્ઞાનમાં એવું એટલું પણ પકડવાની તાકાત છે. ભલે ઇ ઊંધું જ્ઞાન છે તોપણ એટલી તો શક્તિ રાખે છે અને તેથી એ મહિમા કરવો જોઈએ ને મહિમા જીવ કરે પણ છે. પણ જે ઓળખીને મહિમા આવે એની જાત જુદી હોય અને આની જાત જુદી હોય. બેની જાત જુદી છે. (ઓળખે) એને તો સર્વાર્પણબુદ્ધિ આવે છે, એને એ પરમેશ્વર તત્ત્વ દેખાય છે એટલે એમાં એને કસર લાગતી નથી. બીજો ફૂટપટી મૂકે છે કે આને ચોથું ગુણસ્થાન છે, આને પાંચમું છે કે આને છઠ્ઠું છે કે આને તેરમું છે. એના ગુણસ્થાનના પ્રમાણમાં ભક્તિ કરું, વધારે કરીશ તો કાંઈક મિથ્યાત્વનો દોષ લાગશે, કાંઈક આમ થશે તેમ થશે. આ બધી ગડબડ જે છે એ બધી ગેરસમજણની ગડબડ છે, રસ્તો અને સ્થાન ને તક ચૂકી જવાની ગડબડ છે. બાકી જેને ઓળખાણ થાય એને કસર રહેતી નથી, મહિમામાં જેને કસર રહેતી નથી એ પામી જાય છે. એ એની સ્થિતિ થઈ જાય. અનંતકાળમાં આટલે હદ સુધી આવ્યો છે. સત્પુરુષ મળ્યા, સત્પુરુષના સાન્નિધ્યમાં ગયો, ભક્તિભાવ કર્યો, સત્પુરુષ તરીકે જાણ્યા, માન્યા પણ બધું ઓળખાણ વગર. એટલે એ બધું બની ગયું પણ એનાથી જે કાયમી લાભ થવો જોઈએ, એનું જે Permanent Result આવવું જોઈએ એ એમાંથી આવ્યું નહિ, ઉત્પન્ન ન થયું. એટલે વળી પાછી ફરી ફરીને એની એ સ્થિતિ છે. આજે મહિમા કરે, કાલે પાછો એ અવર્ણવાદ બોલતા એને વાર લાગે નહીં, ભૂલી જાય. ફેરફાર

થઈ જાય બુદ્ધિમાં કેમકે એ તો બહિર્બુદ્ધિમાં ઉપરછલ્લી વાત હતી.

(અહીંયાં કહે છે), **'સ્વાનુભૂતિની રમ્યતા પણ કોઈ જુદી જ છે, અનુપમ છે.'** એની ઉપમા પણ જગતમાં જડતી નથી એવી કોઈ અસાધારણ ચીજ છે. ૧૨૩ બોલ (પૂરો) થયો. સ્વરૂપ મહિમાનો બોલ છે. સ્વરૂપનો મહિમા કર્યો અને સ્વાનુભૂતિનો મહિમા કર્યો.

**શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, જેનાથી મોહ ભાગી જાય છે અને શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે. ૧૨૪.**

૧૨૪. એમાં ગુરુદેવનો મહિમા કરે છે. શું કહે છે ? કે, **'શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે,...'** 'રામચંદ્રજી' પુરુષોતમપુરુષ કહેવાયા. ચરમશરીરી, તદ્‌ભવ મોક્ષગામી (હતા). વર્તમાન સમયમાં સિદ્ધાલયમાં એમનો આત્મા સિદ્ધ સ્વરૂપે બિરાજમાન છે. સંસાર અવસ્થામાં ૭૨ કળામાં પ્રવીણ થયેલાં. ગુરુ 'વશિષ્ઠ' પાસે અસ્ત્ર શસ્ત્રની બધી વિદ્યા સાધેલી, ૭૨ એ ૭૨ કળા ! જગતની કોઈ ચીજ એમને ન આવડે અને એમાં કુશળ ન હોય એવું ન બને. એમાં બાણમાં તો શસ્ત્ર વિદ્યા હતી, કુળ ધર્મે ક્ષત્રિય હતા. 'રામ'નું બાણ ખાલી ન જાય. એને ભાથામાંથી બાણ ઉપાડ્યું (એટલે) ખલાસ સામે.

મુમુક્ષુ :- હજી ટંકાર કરે ત્યાં અડધી સેના ભાગી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- અડધી સેના ભાગી જાય ને જેના ઉપર બાણ છોડવાનું હોય એના હાંજા ગગડે. હજી તો પણછ ઉપર ચડાવ્યું હોય, બાણ છૂટ્યું ન હોય ત્યાં એના હાંજા ગગડી ગયા. મરી ગયા ! આ બાણ ખાલી જવાનું નથી. ત્રણલોકમાં જ્યાં હોય ત્યાંથી વીંધી નાખે. રામબાણ ખાલી ન જાય તો અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી' કહે છે કે 'ગુરુદેવ'ના વચન પણ ખાલી જાય એવા નથી. આ ઉપમા આપી છે. પોતે સફળ કર્યું છે એટલે કહે છે કે, ખાલી જાય એવા આ વચનો નથી. જેને જાતા હોય એને ભલે જાતા એનું અમારે કામ

નથી, અમે તો અમારા અનુભવની વાત કરી છે. એમ વિચારે છે.

શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવનારા (ગુરુ છે). ઇ તો જેમ જેમ સમય જશે ને એમ 'ગુરુદેવ'ના વચનોની કિંમત થશે. જેમ જેમ સમય જશે એમ. હવે એમ લાગે છે કે આ ટેપની અંદર ઘણું ભર્યું છે. લાગે છે કે નહીં ? જેમ જેમ ટેપથી ગુરુવાણીનો વધારે પરિચય થાય છે (એમ) લાગે છે ને કે આ ટેપની અંદર ઘણું ભર્યું છે, ઘણું ભર્યું છે, ઘણી વાતો આવી ગઈ છે. કેવા ભાવો નીકળ્યા ! કેવી કેવી વાતો છે ! પ્રત્યક્ષ પરિચય છે એને તો એમ લાગે કે સામે બેસીને જ બોલે છે. નવી પેઢી માટે જુદી વાત છે પણ જેણે પ્રત્યક્ષ પરિચય કર્યો છે એને તો વિશેષ ભાવનો ભાસન થવાનો પ્રસંગ છે.

મુમુક્ષુ :- ત્યાં ટેપ ચાલે છે તો અહીં વિડીયો ચાલુ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બેય એક સાથે ચાલુ થાય - વિડીયો અને ઓડીયો બેય. નવી પેઢીને આહા..હા...! કરે તો કોને ખબર પડે કેવી રીતે કરતા હશે ? પણ આપણને તો નજર સામે તરવરે. આ કેટલો સ્વરૂપનો મહિમા છે ! કેટલો વસ્તુના સ્વરૂપનો મહિમા આવે છે ! વાતે વાતે કેટલો મહિમા આવે છે ! શબ્દે શબ્દે કેટલો મહિમા આવે છે !

એવું '**શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે,...**' એ વચનો ખાલી જાય એવું અમને દેખાતું નથી. ખરેખર એ વચનોમાં શુદ્ધાત્મસ્વરૂપ પ્રદર્શિત થાય છે, કહેવાય છે અને બરાબર એ કહેવાય છે એવું જ્ઞાનમાં ગ્રહણ પણ થાય છે. ભલે વચનોમાં કથંચિત્ વ્ય તતા થાય છે પણ જ્ઞાનમાં કથંચિત્ વ્ય તતા થતી નથી, જ્ઞાનમાં તો અખંડ વ્ય તતા થાય છે. વચન કથંચિત્ વ્ય ત કરે છે. જ્યારે વચન નીકળે છે ત્યારે જ્ઞાનમાં કથંચિત્ નથી. વચનની પાછળ જેનું Back-ground છે એ જ્ઞાનમાં તો અખંડ સ્વરૂપ પૂરેપૂરું લક્ષમાં છે. વચ્ચે શબ્દ  ભો થયો એના નિમિત્તે જેને જ્ઞાન થયું એને પાછું આખું સ્વરૂપ પ્રગટ થાય છે - જ્ઞાનમાં પ્રત્યક્ષ થાય છે. એને કથંચિત્ જણાતું નથી. એવું મતિ-શ્રુત જ્ઞાનમાં સામર્થ્ય છે કે અંશ વ્ય તિ ઉપરથી અખંડ પરિપૂર્ણ વ્ય તપણે આખા પદાર્થને લક્ષમાં, જ્ઞાનમાં લઈ લેવું એ મતિશ્રુતની અલ્પજ્ઞાનમાં એવી શ તિ રહેલી છે. જ્ઞાનના પૂરા સામર્થ્યની તો એના ઉપરથી કેટલી મહાનતા છે એ સમજી શકાય એવો વિષય છે.

મુમુક્ષુ :- ગુરુના વચન નીકળે છે ત્યારે અહીંયાં..

પૂજ્ય ભાઈશ્રી :- શુદ્ધાત્મા જેવો કહેવા માગે છે, જેવો એમના જ્ઞાનમાં - વ તાના જ્ઞાનમાં છે - ગુરુના જ્ઞાનમાં છે એવો શ્રોતાના જ્ઞાનમાં આવે છે. એવો જ આવી જાય

છે કે, ગુરુ ભગવાન આવો આત્મા કહેવા માગે છે. એ ભગવાનઆત્મા કરતા જાય છે, કહેતા જાય છે ને અહીંયાં ભગવાન આત્મા પ્રસિદ્ધ પ્રગટપણે જણાતો જાય છે, એમ લ્યે છે. અને એમ બતાવવામાં આ વચન નિષ્ફળ જતાં નથી. આમ છે.

પ્રશ્ન :- અહીંયાં જે થાય છે અને કાંઈક નથી પણ થતું. હવે જે થાય છે ઇ કઈ રીતે થાય છે ? ધ્યાનથી સાંભળે છે ?

સમાધાન :- થાય છે એ ધ્યાનથી નહીં, વાચ્ય ઉપર વજન જાય છે. સાકર એમ કહે ને સાકર કેમ લક્ષમાં આવે છે. શબ્દ ઉપર લક્ષ રહે છે કે વાચ્ય ઉપર લક્ષ જાય છે ? એમ વાચ્ય ઉપર લક્ષ જાય છે તો આખું વાચ્ય એને લક્ષગોચર થઈ શકે છે.

મુમુક્ષુ :- ('સમયસાર'ની) ૩૮મી ગાથામાં આવે છે ને ગુરુ નિરંતર સમજાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિરંતર સમજાવે છે, એમ જ છે. નિરંતર એને ગુરુનો ઉપદેશ લક્ષમાંથી ખસતો નથી એટલે જાણે નિરંતર ગુરુ સમજાવે છે એમ કહેવાય. ગુરુ ક્યાં નિરંતર નવરા છે ? ઇ એમનું કામ કરે છે. તોપણ કહે છે, વિર ત ગુરુથી નિરંતર સમજાવવામાં આવતા.

એક એમાં બીજો વિચાર આવે છે કે, જ્ઞાનીની વાણી ભાગ્યે જ ખાલી જાય. જે જ્ઞાનીની વાણી ખરે નહીં અને પોતાનું કામ કરીને પૂર્ણ થઈને સિદ્ધાલયમાં ચાલ્યા જાય, ચાલ્યા જાય પોતે એની બીજી વાત છે, પણ જો વાણીનો યોગ થયો ને વાણી નીકળી તો વાણી ખાલી જવાનો પ્રશ્ન રહેતો નથી. કોઈ ને કોઈ જીવ કાળાંતરે પણ પામવાનો હોય ત્યારે એ વાણી બહાર આવે. કેમકે એની પાછળ સત્ ભું છે અને સત્ કદી નિષ્ફળ જતું નથી. સત્ એની પરંપરા પ્રગટાવતું જ જાય છે. અનંતકાળથી આ સત્ કેમ પ્રસિદ્ધ રહ્યું ? અનંતકાળથી ચાલુ છે કે નહીં ? કે માર્ગ ક્યારેય બંધ રહ્યો છે ? કે, ત્રણેય કાળે સત્‌નો માર્ગ – મોક્ષનો માર્ગ ચાલુ રહ્યો છે. કેમકે એની પરંપરા ચાલુ રહે છે. એ એમ પ્રસિદ્ધ કરે છે કે, સત્પુરુષની વાણી કદી નિષ્ફળ જતી નથી. એટલે જ્ઞાનીની વાણી પ્રસિદ્ધ થાય, પુસ્તકારૂઢ થાય અથવા સાંભળવામાં કોઈને પણ મળે તો એ કાંઈક બહાર પડી એ વાણી તરીકે બહાર આવી, સત્‌ના નિમિત્તે એ વાણી નીકળી (એટલે) કોઈને ને કોઈને ગોળી વાગવાની છે. એનો સંસાર જાશે. એક જણને પણ ગોળી વાગી કે એનો સંસાર ખલાસ થઈને સિદ્ધાલયમાં એ પહોંચશે, સિદ્ધપદમાં પહોંચશે.

'ગુરુદેવ' તો જગતગુરુનું તત્ત્વ છે -- દ્રવ્ય છે એટલે પ્રશ્ન જ નથી કે એમની વાણી

ખાલી જાય પણ (પૂજ્ય 'બહેનશ્રી'ને) પોતાને સ્વાનુભવનું નિમિત્ત થયું છે એટલે મહિમા કરીને કહે છે કે, શુદ્ધાત્માનું એવા અનુભવથી વ્ય ત કરીને કહે છે કે જાણે હથેળીમાં આમળો બતાવતા હોય એમ કહેવું (છે). હસ્તઆમલકવત્ ! હાથમાં આમળો જોવો એ દુષ્કર છે જોવાવાળાને ? આમળું આવડું આવે છે કે નહીં ? હાથમાં રાખ્યું હોય તો એને જોવામાં શું તકલીફ પડે ? એમાં કાંઈ અઘરી વાત છે ? એનાથી વધારે સુસ્પષ્ટ બતાવે છે આત્મા.

પ્રશ્ન :- વધારે કેમ ?

સમાધાન :- વધારે કેમકે ત્યાં તો નીચેનો ભાગ નથી દેખાતો, ઉપરનો દેખાય છે. નીચેના ભાગનું જીવ અનુમાન કરે છે કે, જેવો ઉપર ગોળ છે એવો જ નીચે ગોળ છે આમળો. દેખાય છે એને ? જ્ઞાનમાં દેખાય છે. આમ નજરમાં – ચક્ષુ ઇન્દ્રિયમાં નથી આવતું. કેમકે બીજી Side ન દેખાય, એક Side ગમે ત્યાંથી જોવે તો સામેની Side દેખાય, પાછળની ન દેખાય, ગોળાઈવાળા પદાર્થની અંદર. અહીં તો અખંડ આત્મા દેખાય છે એમ કહે છે. આમળા કરતા પણ વધારે સ્પષ્ટ ! અખંડ આત્મા જ્ઞાનમાં આવે છે. એવા ગુરુના આત્માના અનુભવપૂર્ણ વચનો છે અને એ વચનો ખાલી જાય એવું પણ દેખાતું નથી. એ વચનો ખાલી નહીં જાય. એમાં વચન સાતિશય છે એમ કહેવામાં આવે છે. વચનનો અતિશય ભરેલાં એ વચનો છે કે, એ કોઈ ને કોઈ પાત્ર જીવના અંતઃકરણને સ્પર્શી જાય છે અને એનો બેડો પાર થઈ જાય છે. એટલે પોતાના અનુભવથી એ વાત લીધી છે.

**'જેનાથી મોહ ભાગી જાય છે...'** પછી તો જેને જેનું નિમિત્ત પડે છે એની મહિમા કરવાનો તો એનો પ્રસંગ જ કોઈ જુદી જાતનો હોય છે. જેમકે 'સોગાનીજી'ને એક ગોળી વાગી. આવતાવેંત અંતર ભેદાણું તો કહે છે કે, મારે માટે તો અનંત તીર્થંકરથી વધારે છે. એક નહીં, કેટલા ? અનંત તીર્થંકર.

'આગ્રા'ની શિબિરમાં એક દિગંબર સંપ્રદાયના ભાઈએ વાંધો ઉઠાવ્યો કે, તમે સ્વામીજીને એટલા બધા આગળ કરો છો કે તીર્થંકરોને તમે નીચા કરી દ્યો છો. (મેં કહ્યું), 'આખું વાંચો.' સારું છે કે એમણે ખુલાસો કર્યો છે, ન કર્યો હોય તો સમજી લેવો જોઈએ પણ એમણે તો ત્યાં ખુલાસો કરેલો હતો, એ બધું આખું લખેલું હતું. અડધું નહીં વાંચો, આખું વાંચો. કોઈ તમને બચાવવા માટે એમ કહે કે પડીશ તો મરીશ ત્યારે તમે એમ કહો કે મને મરવાનું કહો છો ! કઈ જાતના માણસ છો. હું જીવતો છું ને મરવાની વાત કરો છો ! ભાઈ ! એમ નથી તમે જે જગ્યાએ  ભા છો ત્યાંથી જો પડશો તો મરી જશો

એવી જગ્યાએ ભા છો, જરા સંભાળો. બચાવવા માટે કહીએ છીએ, મારવા માટે કહેતા નથી. એમ અધૂરું કાં વાંચો ?

એમણે એમ કહ્યું કે અનંત તીર્થંકરોના સમવસરણમાં આ આત્મા ગયો પણ મારું કાર્ય સિધ્ધ્યું નહીં, થયું નહીં એવું જે કાર્ય અહીંથી થયું, સંપન્ન થયું માટે એ અનંત તીર્થંકરોના નિમિત્તે જે લાભ ન થયો એ લાભ અહીંથી થયો માટે હું અધિક સમજું છું. એ તો ન્યાયવાળી વાત છે. પછી પોતે પાછી ન સમજાય એને વળી પાછો દાખલો આપ્યો છે કે, જેમ જગતના હજારો કરોડપતિ ને અબજોપતિ હોય ને પોતાને કાંઈ મદદ ન કરે અને એક લખપતિ માણસ એમ કહે કે, લઈ જા આ પચાસ હજાર રૂપિયા ! અને પોતે અબજપતિ થઈ જાય તો દુનિયાના અબજપતિ કરતાં આ લાખોપતિ એને મોટો છે. દુનિયાના અબજપતિને સલામ ન ભરે, સામું પણ ન જોવે પણ ઓલાના ચરણસ્પર્શ લ્યે જઈને. જાય કે નહીં ? ભાઈસાહેબ ! ખરે વખતે તમે જે પચાસ હજાર આપ્યા છે ને એમાં હું અત્યારે અબજપતિ છું, નહીંતર આ દિવસ મને હોત નહીં. પગ પૂજે કે ન પૂજે ? તો એણે જોયું કે આ દિવસ મને કેમ છે ? કે, આ પુરુષની રામબાણ જેવી વાણી છૂટી. જ્ઞાન ને રાગ જુદાં છે (એમ જ્યાં સાંભળ્યું કે) ધડાક દઈને અંદરમાં જ્ઞાન ને રાગ જુદાં કર્યાં. એમ છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કાંઈક લીધું છે ને એક ક્ષીરસાગરનો લોટો.. એવું છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે. લીધું છે, લીધું છે. એ પરોક્ષ-પ્રત્યક્ષની ઉપમા આપી છે કે, ક્ષીરસાગર છે એ પરોક્ષ છે અને વર્તમાનમાં રણમાં તરસ લાગી હોય તો એક પાણીનો લોટો મળે તોપણ પ્રાણ બચી જાય છે. એમ શ્રુત ને પરોક્ષ શ્રુત, પરોક્ષ તીર્થંકરો... વર્તમાનમાં પણ પરોક્ષ છે ને ? મહાવિદેહમાં વીસ ભગવાન છે અત્યારે, એનાથી આ આત્માની તરસ બૂઝે નહીં અને અહીંયાં એક પ્રત્યક્ષ સત્પુરુષ હોય (તો) પામી જાય, એનો સંસાર છૂટી જાય આખો. અનંત દુઃખ, ચારગતિના જન્મ મરણ એના છૂટી જાય.

વાસ્તવિકતા સમજવા જેવી છે કે, એક માણસને ડૂબતો બચાવે. છેલ્લે આંખ મીંચી દીધી હોય કે હવે મરી ગયા, હવે જીવવાનો કોઈ આરોવારો નથી. ત્યાંથી કોઈ એનો ડૂબતો બચાવે, મરતો બચાવે તો એને એમ થાય કે, આ તો કો'ક ભગવાન આવ્યો, મારા માટે કો'ક ભગવાન (આવ્યો). (ભગવાને) આવીને મને (બચાવ્યો), ભગવાન થઈને એણે મને બચાવી લીધો છે, એમ કહે. આ અનંત જન્મ મરણથી બચાવે એને શું કહેવું પણ ? એને તો ભગવાન કહે તો એમાં કાંઈ વિશેષ વાત નથી. સીધી વાત છે.

(અહીંયાં) શું કહે છે ? કે, એ વચનો રામબાણ જેવા છે. **'જેનાથી મોહ ભાગી જાય છે.'** વ્યામોહ થતી બધી કલ્પના  ડી જાય છે અને પોતાના **'શુદ્ધાત્મતત્ત્વનો પ્રકાશ થાય છે.'** અથવા જ્ઞાનમાં શુદ્ધાત્મતત્ત્વ એને જણાઈ આવે છે. એટલે પ્રકાશ થાય છે, વચનમાં જ પ્રકાશ થાય છે, એમ કહે છે. (અહીં સુધી રાખીએ).

*

**ઉપયોગને અંતરંગમાં જ્ઞાન સામાન્ય ઉપર અનુભવ દષ્ટિએ લઈ જવો; અનુભવ દષ્ટિ 'હું પણા' રૂપ હોવાથી, જ્ઞાન સામાન્ય સદશ અતિ નિકટ દ્રવ્યમાં 'હું પણું' સહજ આપોઆપ આવે છે. આમ અંતરંગમાં ભેદજ્ઞાન થવા યોગ્ય છે. ઉલ્લાસીત વીર્યથી અર્થાત્ આત્મહિતના ઉલ્લાસપૂર્વક સહજ પ્રયત્ન - વારંવાર સ્વસમુખતાનો કર્તવ્ય છે, ધારાવાહી રહે ત્યાં સુધી. તે શુદ્ધ ઉપયોગનું કારણ છે.**
**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' - ૬૯૬)**

## તા. ૨૬-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૨૪,૧૨૫
## પ્રવચન નં. ૯૭

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૪૦, ૧૨૫મો બોલ છે. ૧૨૪ મો ચાલતો હતો. ૧૨૪ ફરીથી લઈએ. **'શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુનાં અનુભવપૂર્વક નીકળેલાં વચનો રામબાણ જેવાં છે, જેનાથી મોહ ભાગી જાય છે...'** શુદ્ધ આત્માનું સ્વરૂપ બતાવવામાં ગુરુના વચનો, જે વચનોની પાછળ અકષાય સ્વભાવી આત્મા ઉપર જોર છે. સ્વભાવ ઉપર જોર દેતાં દેતાં જે વચન સહજ નીકળી ગયા, સહજ નીકળી ગયા એટલા માટે કીધું (કે) પોતે એના કર્તા-હર્તા છે એવો અનુભવ કર્તા નથી. વાણીના કારણે જે કાળે જે શબ્દોનું વચન વર્ગણારૂપ પરિણમન થવાનું હોય (તે) સહજ થાય છે. વિકલ્પ ત્યાં નિમિત્ત પડે છે. આવું વસ્તુનું સ્વરૂપ છે.

આવો શુદ્ધાત્મા છે, શુદ્ધાત્મા આટલો મહાન છે, આવો મહાન છે તો જ્ઞાનમાં શુદ્ધાત્માની જે મહાનતા છે એ પ્રત્યક્ષ છે અને એ પ્રત્યક્ષ છે એના જોરમાં – એના બળમાં જે કાંઈ વચનપ્રયોગ થાય છે એ વચન લાયક જીવને, સાંભળનાર લાયક જીવના મોહને નાશ કરવાનું – વિનાશ કરવાનું નિમિત્ત બને છે. લાયક જીવને પણ મારો શુદ્ધાત્મા નિર્મોહી તત્ત્વ આવું છે, જગતમાં ઇષ્ટ અને અનિષ્ટ પદાર્થની કલ્પના એકમાત્ર વ્યામોહ છે. સર્વ પદાર્થો પોતપોતામાં પોતાની સ્વરૂપ સંપત્તિ લઈને રહેલાં છે, પરિણમ્યા કરે છે. હું આત્મા માત્ર જ્ઞાતા-દષ્ટા છું. મારા શુદ્ધ સ્વરૂપમાં કોઈ ઇષ્ટ અનિષ્ટપણાનો વ્યામોહ ઉત્પન્ન કરીને મલિનતાને ઉત્પન્ન કરવા જેવી નથી, દુઃખભાવને ઉત્પન્ન કરવા જેવો નથી એવું ગુરુના વચનોમાંથી વાચ્ય મળે છે. શ્રોતાને એવું વાચ્ય મળે છે એ પણ જે દશાને જ્ઞાની ગુરુ પામ્યા છે એ દશાને એ પોતે પણ પામે છે. એટલે એ વચન ખાલી ન ગયા એમ કહે છે. વચન નિષ્ફળ ન થયા.

વચનની ઉત્પત્તિ થવાની હોય તો નક્કી કોઈનું હિત પણ થવાનું હોય છે. એવો જ કોઈ નિમિત્ત નૈમિત્તિક સંબંધ હોય છે.

પૂજ્ય 'સોગાનીજી' તો 'ગુરુદેવ'ને વિશે એમ કહે છે કે, તીર્થંકર તો કદી એકલા મોક્ષમાં જતાં નથી. એમના ભૂતકાળમાં – મોક્ષ જવા પહેલાંના ભૂતકાળમાં જે કાંઈ છેલ્લા ભવો હોય છે એ ભવોની અંદર જો કોઈ જીવો એમના સંસર્ગમાં આવે છે તે તેમના ભાવોની અનુમોદના કરે છે, તેમના કાર્યોની અનુમોદના કરે છે. એને એવા જ કોઈ કર્મો બંધાય છે કે એને ને એને સંગ રહેવાનું સાથે બને છે. વિયોગ તો ક્યારે થાય ? વિરોધ કરે તો વિયોગ થાય. અનુમોદના કરે તો વિયોગ થાય નહીં. સંગ રહે, એની સાથે રહે, એના સમાગમમાં રહે એવા કર્મો બંધાય એ કુદરતી વસ્તુ છે.

મુમુક્ષુ :– ભવિ જીવ હોય એને તો અનુમોદન આવે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, યોગ્યતાવાળાને તો પોતાનું હિત કરવું છે એટલે હિત માર્ગના વિશે અનુમોદન આવે. જેને પોતાનું હિત કરવું છે એને તો હિત થાય એવું કરવું, કરાવવું, અનુમોદવું એ પ્રકારના જ ભાવ આવે.

મુમુક્ષુ :– જ્ઞાનીનો વિરોધ જે આવે એ તો અભવિ જીવ હોય માટે જ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– ના, ભવિ હોય તોપણ, ઘણાં ભવિ અભવિ જેવા હોય છે ને. એવું કાંઈ નથી (કે અભવીને જ એવા ભાવ થાય). પણ એનું કારણ કે, કોઈ દુર્ભવિ હોય છે. કોઈ ભવિ હોય, કોઈ દુર્ભવિ હોય, કોઈ અભવિ હોય એ તો કેવળજ્ઞાનીનો વિષય છે, આપણો વિષય નથી. પણ તીર્થંકર જેવા મહાપુરુષનો ઉદય હોય ત્યારે સામાન્ય રીતે અનેક જીવો એમની સાથે સાથે ચાલનારા હોય છે. બાકી તો ' ષભદેવ' ભગવાનના વખતમાં એમનો વિરોધ થયો અને સર્વ તીર્થંકરો (થયા ત્યારે આવું થયું). (પરંતુ આપણને તો એમ લાગવું જોઈએ કે), નક્કી કાંઈક આપણું હિત થવાનું હશે એવું અંદરમાંથી લાગવું જોઈએ, એવું ભાસવું જોઈએ.

મુમુક્ષુ :– તીર્થંકર એકલા મોક્ષે ન જાય.

પૂજ્ય ભાઈશ્રી :– (આપણું) હિત થવાનું હતું એટલે એમનો ઉદય થયો. એ એમના રસ્તે ચાલ્યા જાય છે ખરેખર તો. એમનો ઉદય એમને કારણે છે, વાણીનો – ભાષાનો, ભાવનો ઉદય જે કાંઈ છે, એમની હયાતી એમને કારણે છે પણ પેલાને એમ લાગે છે (કે), મારું હિત થવાનું હતું માટે આ બધો યોગ થઈ ગયો. નક્કી મારું હિત થવાનું હતું

એ વાત(ની) અંદરથી એનો આત્મા સાક્ષી પૂરે છે, એવું બને છે.

આ 'કુંદકુંદાચાર્ય' જેવા એવા મહાપુરુષોની વાણી, એવા શાસ્ત્રો જ્યારે કોઈ જીવને હિતમાં નિમિત્ત પડે છે ત્યારે એને એમ થાય છે કે બે હજાર વર્ષ પહેલાં આ શાસ્ત્ર લખેલું ઇ મહાપુરુષે મારા માટે લખેલું. એને પ્રત્યક્ષ પોતાનું હિત થતું અનુભવાય છે ત્યારે એને એવું લાગે છે કે, આ તો મારા જ માટે લખેલું. મારું હિત થવાનું હતું ને એટલે આ વસ્તુ લખાણી અને રહી ગઈ. નહીંતર કાળાંતરે ન પણ રહે પણ રહી ગઈ, એમ એને લાગે.

અહીં તો પૂજ્ય 'બહેનશ્રી'(નું) તો પ્રત્યક્ષ પોતાનું હિત થઈ ગયું છે, (વાણી) ખાલી નથી (ગઈ) એની પોતાને ખાતરી છે એટલે (એમ કહે છે). એ તો (પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની) હયાતીમાં વાત કરે છે ને કે, 'ગુરુદેવ'ના વચનોમાં અનુભવ ભર્યો છે. કોઈ દૃષ્ટાંત આપે તોપણ અનુભવનું એમાં જોર દેખાય, અનુભવની મુખ્યતા દેખાય. સામાન્ય દૃષ્ટાંત આપે તોપણ. એ રામબાણ જેવા વચનો છે. **'જેનાથી મોહ ભાગી જાય છે...'** મારો મોહ પણ એમના એ વચનોથી ભાગી ગયો. કોઈ દૈવી વાણી હોય અને અનાદિના મોહના કિલ્લાને ભેદી નાખે ! જેમ કોઈ મોટો કિલ્લો હોય ને તોપના ગોળે ફૂરચે ફૂરચા ઉડાવી દે એવો એ વાણીનો આભાસ થાય છે. 'ગુરુદેવ'ની વાણીનો એવો આભાસ થાય છે કે અનાદિનો જે મોહ તૂટવો મુશ્કેલ છે, છૂટવો મુશ્કેલ છે એને સહજ માત્રમાં તોડી નાખે છે અને જ્યાં મોહ તૂટી જાય છે ત્યારે પોતાના શુદ્ધ સ્વરૂપનો, શુદ્ધ આત્મતત્ત્વનો, મૂળ સ્વરૂપનો પ્રકાશ થાય છે. પ્રકાશ થાય છે એટલે પોતાને જણાય છે અથવા પોતાને અનુભવાય છે – વેદાય છે. અનંત શ ્તિ સંપન્ન પોતાનું શુદ્ધ આત્મતત્ત્વ એ વેદનગોચર થાય છે – અનુભવગોચર થાય છે અને હું મનુષ્ય છું કે ફલાણો છું એવો બધો વ્યામોહ છૂટી જાય છે, ફલાણો ફલાણો છું એ વાત છૂટી જાય છે. ૧૨૪માં 'ગુરુદેવ'ની વાણીનો મહિમા કર્યો છે.

પ્રશ્ન :– રામબાણ જેવા વચનો છે તોપણ અસર કેમ નથી થતી ?

સમાધાન :– એ પોતાની યોગ્યતાની ખામી છે. પોતાનો મોહ તગડો છે, દર્શનમોહ તગડો છે તો રામબાણ જેવા વચનો છે, એ જેને બાણ વાગ્યું છે એ કહેશે કે છે તો રામબાણ જેવા જ તે. વાત સાચી છે. ચોંટ લાગી છે એને તો એમ જ લાગે છે. બાકી તો બહેરા કાને ન સંભળાય તો એનો કોઈ ઉપાય નથી. દર્શનમોહથી કાન બહેરો થઈ જાય છે.

મુમુક્ષુ :– વાણી અસર ન કરે એવું તે કેવું !

પૂજ્ય ભાઈશ્રી :- એ એની સ્વતંત્રતા છે.

મુમુક્ષુ :- ઊંધાઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જીવની મોટી ઊંધાઈ પણ છે. અનંતકાળથી પરિભ્રમણ કરે છે. અનેકવાર એને તક મળી છે, અનંતવાર તક મળી છે છતાં જીવ પરિભ્રમણ કરે છે અને એ પોતે પોતાની ઊંધી લાઇન છોડતો નથી એમાં એ સ્વતંત્ર છે. સાક્ષાત્ તીર્થંકરના સમવસરણમાં પણ બીજાનું શું ચાલે ? કોઈ દ્રવ્ય ઉપર બીજાનું શું ચાલે ? કાંઈ ચાલે નહીં. એ પણ અનંત શક્તિ સંપન્ન છે, ઊંધો પડે તોપણ અનંત શક્તિ સંપન્ન છે અને સવળો પડે તોપણ અનંત શક્તિ સંપન્ન છે.

પ્રશ્ન :- મોહ કાઢવા માટે શું કરવું હવે ?

સમાધાન :- પોતાની હિતબુદ્ધિમાં ઉગ્રતા હોવી જોઈએ, તીક્ષ્ણતા હોવી જોઈએ કે મારે હવે મારું હિત કરી લેવું છે. હું બહુ રખડ્યો, બહુ રખડ્યો. એને પોતાના જન્મ-મરણની દયા આવવી જોઈએ, પોતાના દુઃખની દયા આવવી જોઈએ અને હિત કરવાની ભાવના વેદનાપૂર્વક ઉત્પન્ન થવી જોઈએ, વેદનાથી ઉત્પન્ન થવી જોઈએ. તો ચોક્કસ શ્રીગુરુના અનુભવપૂર્વકના રામબાણ જેવા વચન વાગ્યા વગર રહે નહીં. વાગે જ વાગે નિયમબદ્ધ વાત છે.

આમ તો પુરુષાર્થનો વિષય છે પણ જેનું કાર્ય થાય છે એને નસીબવંત કહેવાય છે. જેનું કાર્ય થાય છે એને નસીબવંત કહેવાય છે અને યોગ થવા છતાં અયોગ રહે એવા પરિણામ કરે, 'વિષય કષાય સહિત જે રહ્યા મતિના યોગ, પરિણામની વિષમતા તેને યોગ અયોગ' એવા વિષમ પરિણામ થાય છે, વિરુદ્ધ પરિણામ થાય તો એને માટે યોગ પણ અયોગ જેવો થઈ જાય છે. જાણે એને યોગ થયો જ નથી. તો એમ કહેવામાં આવે છે કે એ જીવ બિચારો કમનસીબ છે. આને (-જેનું કાર્ય થયું એને) નસીબવંત કહેવામાં આવે છે તો જ્ઞાનીઓ કરુણા કરીને કહે છે કે (- જેનું કાર્ય ન થયું) એ બિચારો કમનસીબ છે. જે પોતે દુઃખી થઈ રહ્યો છે એનો તિરસ્કાર શું કરીએ ? ઠીક ! જે પોતે જ દુઃખી થઈ રહ્યો છે એનો તિરસ્કાર શું કરીએ ? બાકી તો આ જાત જ કોઈ જુદી છે. બિચારા સળગી તો રહ્યાં છે, દુઃખી તો થઈ રહ્યાં છે હવે એનો ક્યાં તિરસ્કાર કરવો. ભગવાનઆત્મા છે, સમજશે, એને પોતાને પોતાનું સ્વરૂપ લક્ષમાં આવશે (તો) ગુલાંટ મારશે. પણ જ્યાં અત્યારે દુઃખી થઈ રહ્યાં છે, માણસ નથી કહેતાં ? પડ્યો હોય એને ક્યાં પાટું મારે છો

તું. એક તો પડ્યો, એને વાગ્યું, એને ઉપરથી પાટું મારવું ! એમ. (એમ તિરસ્કાર કરે તો) એનો વ્યવહાર નીચો થઈ જાય. એવું છે.

મુમુક્ષુ :– વ્યવહારનો અહમ્ થાય તો વ્યવહાર નીચો થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, વ્યવહારમાં અહંપણું આવે એટલે એનો વ્યવહાર નીચો થઈ જાય. વ્યવહારની ઉચ્ચ કક્ષાની એ નિશાની છે કે ઊંચામાં ઊંચા વ્યવહાર હોવા છતાં એને એનું હેયત્વ વર્તે છે એ જ એની ઉચ્ચતા છે, વિશેષતા છે. બહુ વાતો કરી છે. ઇ તો જેમ જેમ વખત જશે ને એમ બધો ખજાનો નીકળતો જાશે. ગોતી ગોતી ને મૂકે છે ને !

**આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્ગલનો કે વાણીનો દેશ તેનો નથી. ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને. ૧૨૫.**

૧૨૫. **'આત્મા ન્યારા દેશમાં વસનારો છે; પુદ્ગલનો કે વાણીનો દેશ તેનો નથી.'** આત્મા પોતાના સ્વરૂપ-દેશમાં વસનારો છે, જેમાં અનંત અનંત દૈવી ગુણોની વસ્તી રહેલી છે. દેશમાં વસ્તી હોય છે ને ? **'આત્મા ન્યારા દેશમાં વસનારો છે;...'** કોઈ જુદા જ દેશમાં વસનારો છે. આ લોક સમૂહ ઉપર તો લક્ષ જાય એ આકુળતાનું કારણ છે કે, આ બધા છે, આ બધા છે, આ બધા છે, આ બધા છે. (એમણે એક) બોલ લીધો છે, સમાજનો એક બોલ લીધો છે. એમ કે, મધદરિયે ડૂબતો હોય ત્યારે બચવાનો વિચાર કરે કે સમાજનો વિચાર કરે ? ડૂબતો હોય ત્યારે બચવાનો વિચાર કરે. એમ આ દેશમાં ને આ સમાજમાં આ ફલાણો ને એમ બધાનો – બીજાનો વિચાર કરે, એ પોતે ડૂબે છે એના ઉપર એનું ધ્યાન નથી ને પોતાએ પોતાને બચાવવો છે એના ઉપર એનું ધ્યાન નથી એટલે બીજાની ઉપર ધ્યાન જાય છે.

મુમુક્ષુ :– સમાજનું તો કરવું જોઈએ ને ! મઝા આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ તું ડૂબે છે એનું શું ? પોતે ગળકા ખાતો હોય એનું શું ? કે એનું ધ્યાન નથી એના ઉપર. લગભગ એ આસપાસના જ બોલ છે બધા.

મુમુક્ષુ :- સિંહ પાછળ લાગે ત્યારે ... સિંહ ચારેકોર ફરતા હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો નિર્ણય ઉપર વાત લીધી છે. વિકરાળ કાળ ઝપટું મારતો દોડતો આવતો હોય તો પોતે દોટ મૂકે, વિસામા ખાવા ભો રહેતો હશે ? એમ આ કાળ ઝપટું મારતો ચાલ્યો આવે છે ને અંદર કામ કરવાનું ઘણું બાકી છે એમ લાગવું જોઈએ. (આમાં છે એ) તો જરા મોટો પેરેગ્રાફ છે.

મુમુક્ષુ :- સાઠ ઉપર જાય એને તો સિગ્નલ લાગી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દર પાંચ-દસ વર્ષે ખબર તો પડે એવું જ છે કે ફેર પડે છે આમાં, શરીરની શિતમાં ફેર પડે છે. એ તો ખબર ન પડે ? ત્રીસ વર્ષે જેટલા જોરથી વ્યવસાય વગેરે રોજિંદા કાર્ય કરતો હોય એ કાંઈ ચાલીસમેં વર્ષે થોડું હોય છે ? પચાસમેં વર્ષે ન હોય. સીધી વાત છે.

(એ બોલમાં) મધદરિયે લીધું છે. પ્રશ્ન એવો કર્યો છે. આપ જે વાત સમજાવો છો તે વાત તો બરાબર સાચી જ છે. મહાજન મારા મા-બાપ પણ મારી ખીલી નહીં ખસે. તમારી વાત બધી સાચી પણ આનાથી સમાજને શું લાભ ? સમાજનું ઠૂંઠું કોઈએ પકડ્યું હશે (એટલે કહે છે) કે, જુઓ ભાઈ ! પહેલી વાત એ છે કે પોતાને પોતાનું જોવાનું છે. સમાજનું ગમે તે થાય. કોઈ કાળે આખો સમાજ મોક્ષે જાય, તીર્થંકરના સમવસરણમાં આવેલા બધા ભવિ મોક્ષે જાય એવું પણ કોઈ કાળે, ચોથા આરામાં પણ બનતું નથી ને કોઈ કાળે બનતું નથી. સમાજનું ગમે તે થાય તેની ચિંતા છોડીને પોતે પોતાનું સંભાળવું. મધદરિયે ડૂબકાં ખાતો હોય ત્યારે સમાજની કે કુટુંબની ચિંતા કરવા કોઈ રોકાતો નથી. મોત સામે દેખાતું હોય તો કોઈ સમાજની ચિંતા (કરતું નથી), કુટુંબની પણ ચિંતા કરવા રોકાતો નથી. પણ હું દરિયામાંથી ડૂબતો કેમ બચું ? (એમ જ લાગે). એક જ હોડીમાં બીજા કુટુંબી સાથે હોય તો એને એમ થાય હું બચીશ તો વળી બીજાને બચાવીશ પહેલાં હું તો બચી જાઉં. તે માટે જ ઉપાય કરે છે. તેમ સંસાર સમૃદ્રમા રખડતાં માંડ માંડ મનુષ્યભવ મળ્યો ત્યારે મારા આત્માનું હિત કેમ થાય ? મારો આત્મા સંસાર ભ્રમણથી કેમ છૂટે એ જ જોવાનું છે. પારકી ચિંતામાં રોકાય તો આત્મહિત ચૂકાઈ જાય છે. આ સીધી વાત છે. આ વાત તો પોતાનું હિત કરવાની છે. દરેક જીવ સ્વતંત્ર છે તેથી સમાજના બીજા જીવોનું હિત

થાય તો જ પોતાનું હિત થઈ શકે એવું કાંઈ પરાધીનપણું નથી. માટે હે જીવ ! તું તારા હિતનો ઉપાય કર. ઓલું તો અમસ્તુ પણ લોકસંજ્ઞામાં જાય છે, સમાજની મુખ્યતા તો લોકસંજ્ઞામાં જાય છે.

મુમુક્ષુ :– બધાય વીણી વીણીને જ બોલ લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અમુક બોલ બહુ સારા (લીધા છે). ઇ તો અભ્યાસુ બહુ છે ને ! બેય ભાઈ બહુ અભ્યાસી છે. આ ૧૧૫ મો બોલ છે.

(અહીંયાં) ૧૨૫ માં કહે છે કે, **'આત્મા ન્યારા દેશમાં વસનારો છે;...'** એમ. આ સમાજમાં વસનારો આત્મા નથી. પણ સમાજની વચ્ચે તો વસેલો છે ને ભગવાન ! બધાય સમાજની વચમાં છીએ કે નહીં ? (તો કહે છે), નહિ. ઇ ભૂલી જા તું.

પ્રશ્ન :– અત્યારે ?

સમાધાન :– જ્યારે છો ત્યારે ભૂલી જા. ખરેખર તું તારા ચૈતન્યદેશમાં – ચૈતન્યપ્રદેશમાં વસનારો છો. પ્રદેશ અપેક્ષાએ અસંખ્ય પ્રદેશની તને વસ્તી છે અને ગુણ અપેક્ષાએ અનંત ગુણની તને વસ્તી છે. એમાં તારો વાસ છે. એથી બહાર ક્યાંય સમાજમાં, કુટુંબમાં, મંડળમાં, કોઈ દેશમાં તારો વાસ નથી કે કોઈ દેશમાં વાસ નથી.

મુમુક્ષુ :– એક પુદ્ગલ તત્ત્વમાં ચૌદે ચૌદ રાજુલોક આવી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ચૌદે ચૌદ રાજુલોક આવી ગયા. પુદ્ગલનો કે વાણીનો દેશ એ આત્માનો દેશ નથી. આખા જગતના પંચપરાવર્તન પુદ્ગલ પરાવર્તનમાં સંયોગોમાં ક્યો પુદ્ગલ બાકી રહ્યો ? બધા પુદ્ગલોનો બધી પર્યાયો સહિત સંયોગ થઈ ચૂક્યો, અપવાદમાં એક સમ્યક્દૃષ્ટિને જે પુણ્ય હોય છે એ પ્રકાર નથી હોતો, સર્વાર્થ સિદ્ધિ વગેરે એ ક્ષેત્ર, એ પુણ્ય (નથી હોતું). બાકી બધું થઈ ચૂક્યું. કાંઈ બાકી રહ્યું (નહિ). મિથ્યાદૃષ્ટિને જેટલા પુણ્ય ને પાપ ને એના ફળ થાય છે બધા કરી ચૂક્યો.

પ્રશ્ન :– વાણીમાં શું કહેવું છે ? વાણીનો દેશ એટલે શું ?

સમાધાન :– પુદ્ગલનો કે વાણીનો દેશ નથી (એટલે) અમે હિન્દીભાષી, અમે ગુજરાતીભાષી. ગુજરાતીભાષી પ્રદેશથી, આ હિન્દીભાષી પ્રદેશમાંથી આવે છે. હિન્દીભાષીમાં આ ત્રણ-ચાર મોટા પ્રાંત છે ને ? મધ્યપ્રદેશ છે, રાજસ્થાન છે, ઉત્તરપ્રદેશ છે એ સિવાય પણ ઘણાં પ્રાંતની અંદર હિન્દી ભાષા વપરાય છે. તો કહે, અમે હિન્દીભાષી પ્રદેશમાંથી (આવીએ છીએ). તો એ ભાષાનો દેશ તારો નથી. ભાષાનો પણ મોહ હોય છે (કે), અમારી

ભાષા બહુ સારી. અમારા જેવી ભાષા નહીં જગતમાં ! અમારી ભાષામાં મીઠાશ આવે છે, અમારી ભાષામાં વધુમાં વધુ ભાવો વ્ય ત થઈ શકે છે એમ કહે.

મુમુક્ષુ :– ગુજરાતી આવે ત્યારે ગલગલિયાં થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ બધો ખોટો મોહ છે. તું ગુજરાતી પણ નથી ને તું હિન્દી પણે નથી, તું એક આત્મા જ છો. આત્મા સિવાય બીજું બધું ભૂલી જા. બાકીનો વળગાડ તને ખોટો વળગાડ છે, વળગાડ છે બધો. ભૂતાવિષ્ટ પુરુષ જેવું (છે), ભૂત વળગ્યું છે (કે), હું ફલાણો ફલાણો. તને ઇ ફલાણાં ફલાણાંનું ભૂત વળગ્યું છે. તું ફલાણો ફલાણો છે નહીં. આવું છે.

**'આત્મા ન્યારા દેશમાં વસનારો છે;...'** પહેલેથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી જુદો જ પાડવાની વાત છે. ન્યારો એટલે જુદો. હું ભિન્ન છું, કોઈની સાથે કાંઈ લેવા કે દેવા. અને સંયોગ તો અલ્પકાલીન છે. કોઈ ક્યાંયથી આવ્યું છે, કોઈ ક્યાંયથી આવ્યું છે, કોઈ ક્યાંયથી આવ્યું છે. કુટુંબમાં હો કે ગામમાં હો કે દેશમાં હો કે સમાજમાં હો કે ગમે ત્યાં. ક્યાંયના ક્યાંયથી પરિભ્રમણ કરતા જીવોનો સંયોગ અલ્પ કાળ માટે થાય છે, વળી ક્યાંયના ક્યાંય પોતાના કર્મફળ ભોગવવા ચાલ્યા જાય છે. કોઈની સાથે કાંઈ હિસાબ-કિતાબ કાંઈ કરવાનો રહેતો, હોતો નથી કે, ભાઈ ! આની સાથે આ લેણું રહી ગયું કે દેણું રહી ગયું કે કાંઈ ન મળે. ખાલી વર્તમાનકાળમાં સંબંધ માનીને રાગ-દ્વેષ અને મોહથી દુઃખી થાય છે ને હેરાન થાય છે, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– પાછો ત્યાં જ જઈને જન્મે.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો પેલા 'સુકૌશલ મુનિ'(ની વાત આવે) છે ને ? વાઘણ બની ને એની મા ખાય છે. તીવ્ર રાગ છે એને, એટલો બધો પુત્રનો તીવ્ર રાગ છે (કે) એ ને એ પુત્રને ખાવા માટે દ્વેષ કરે છે. ભાન ભૂલી જાય છે. આ જ મારો દીકરો છે ને આના જ ઉપર મને ઘણો રાગ છે ઇ ભૂલી જાય છે. એને એમ કે આ કો'ક મુનિ છે, એને એવો આભાસ રહી ગયો છે, સંસ્કાર એ રહી ગયા છે તો મુનિ ઉપર ગુસ્સો આવે છે. મુનિરાજ દેખે અને એને દ્વેષ આવે. એનો જ દીકરો મુનિ થયેલો હોય છે. અહીંયાં આ વાઘણ થઈ છે અને આ મુનિ થઈ ગયો છે. મુનિ તો એના ભવમાં જ થઈ ગયો હતો ત્યારથી તો એના દ્વેષનું નિમિત્ત બને છે. વાઘણ થઈને ખાય છે. આવું જીવ ભાન ભૂલે છે. જીવ ભાન ભૂલે ત્યારે કેવું ભાન ભૂલે ? પોતાનું મમત્વ હોય એનું અહિત કરે. હવે

જ્યારે જીવ પોતાના આત્માનું અહિત કરે છે તો પછી જેના ઉપર એને રાગ હોય એનું અહિત કરે એમાં શું નવાઈ છે ? અહિત કરવાનો ભાવ આવે એમાં શું નવાઈ છે એને ? કાંઈ નવાઈ નથી એમાં.

**'આત્મા ન્યારા દેશમાં વસનારો છે;...'** આત્મા એટલે કો'કનો આત્મા નથી લેવો અહીંયાં. મારો આત્મા ન્યારા દેશમાં વસનારો છે આમ લેવું છે. મારો કોઈ દેશ જુદો છે, મારું રહેઠાણ (જુદું છે).

મુમુક્ષુ :- ઇ જ કહ્યું ને, ન્યાલભાઈ ક્યાંય ગયા નથી ને આવ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાંય ગયા નથી ને આવ્યા પણ નથી. પત્રોમાં આ વાત નાખી છે. કદી ક્યાંય ગયા નથી, કદી ક્યાંય આવ્યા નથી અને આવવા જવાનો વાયદો કર્યો નથી, કરાવ્યો નથી. બધું ભૂલી જાવ તમે. સ્વરૂપની પકડ છે એ ગજબની પકડ છે !

મુમુક્ષુ :- આત્મામાં વાસ્તુ લીધું.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા એના સ્વરૂપથી ક્યાં ખસ્યો છે ? ભૂતકાળમાં ખસ્યો નહોતો અને અત્યારે ખસી શકે એવું છે નહીં, ભવિષ્યમાં સ્વરૂપ બહાર નીકળીને ક્યાંય જઈ શકે એવું છે નહીં. આવવા જવાની કલ્પના માત્ર છે. પરક્ષેત્ર અપેક્ષાએ વાત કરવામાં આવે છે. ગાડીમાં બેઠો હોય (ત્યારે) એમ કહે, હવે 'લીંબડી' આવ્યું, હવે 'વઢવાણ' આવ્યું. 'લીંબડી' ને 'વઢવાણ' આવે છે કે પોતે જાય છે ? ભાષા એમ થાય. એમ હું ફલાણી જગ્યાએ ગયો એમ નહીં. એ ક્ષેત્રનો સંયોગ થયો છે. આત્મા ક્યાંય પોતાના સ્વક્ષેત્રથી બહાર ગયો નથી. ક્યાંય ગયો નથી, ક્યાંય આવ્યો નથી પણ બોલાય એમ કહે હું ગયો, હું ગયો. ગયો જ નથી તું.

**'પુદ્‌ગલનો કે વાણીનો દેશ તેનો નથી.'** કોઈ વાણી એની નથી, ફલાણી ફલાણી ભાષા એની નથી.. ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. બસ ! ચૈતન્યસ્વભાવી આત્મા પોતાના સ્વભાવમાં જ અનાદિઅનંત રહેનાર છે. સ્વભાવથી છૂટો પડી શકે એવું એનું ક્યારેય સ્વરૂપ નથી. માને તોપણ નહીં ને ન માને તોપણ નહીં. બીજા મિથ્યાદૃષ્ટિ જીવો માનતા નથી. તો કહે છે, તું ચૈતન્ય ચૈતન્યમાં છો. આ જ્ઞાનીની જ્ઞાનદૃષ્ટિ અથવા આત્મદૃષ્ટિ છે.

મુમુક્ષુ :- અહીંયાં એવો અર્થ થયો કે જ્ઞાન જ્ઞાનથી બહાર જતું જ નથી. જ્ઞાન જ્ઞાનમાં જ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન પણ જ્ઞાનમાં રહે છે ને બધો સ્વભાવ – આખો સ્વભાવ

અખંડ સ્વભાવ સ્વરૂપ છોડીને ક્યાંય (જાય એમ છે નહિ). સ્વભાવ પોતાનું સ્વરૂપ છોડીને ક્યાંય ત્યાગ કરે અને ક્યાંય અન્યથા થાય, બીજા પ્રકારે જાય, લટું થાય, બહાર જાય (એવું) કાંઈ બનતું નથી. પોતાના સ્વક્ષેત્રમાં એકલો ચૈતન્યપિંડ છે એમાં અનાદિ અનંત સ્વભાવનું રહેવું છે. સ્વભાવમાં વિચલિતપણું થાય તો એ તત્ત્વનો – દ્રવ્યનો નાશ થઈ જાય. કોઈ પદાર્થ સ્વભાવથી વિચલિત થાય તો એ પદાર્થનો નાશ થઈ જાય.

પ્રશ્ન :– પર જ્ઞેયને જાણવા જાય છે ત્યારે એ બહાર ગયો કહેવાય કે નહિ ?

સમાધાન :– નહીં. ઇ કહેવાય છે, જાતો નથી ક્યાંય, કાંઈ જાતો નથી. (જાય છે) એમ કહેવાય છે. જેમ જઈને જાણે એ કેવું જાણે ? એવું પ્રતિબિંબ પડે છે અંદર. જાણે ગયો હોય ને કેમ જાણી લે ! એવું બતાવવા માટે એમ કહે છે કે, ત્યાં ગયો. સર્વજ્ઞ ભગવાનને ‘સર્વ વ્યાપક’ એવું વિશેષણ વાપરે છે કે, આપ તો સર્વ વ્યાપક છો. કોઈ વખત એમ કહે કે, આપનું જ્ઞાન – સર્વજ્ઞ જ્ઞાન સર્વ વ્યાપકપણે છે. પોતાનો પ્રદેશ છોડીને કોઈ ગુણની પર્યાય કે કોઈ દ્રવ્યની પર્યાય બહાર જાય એવું કદી કોઈના માટે બનતું નથી. સંસારમાં કે મોક્ષમાં કે ક્યાંય પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવને છોડીને પરિણમન ક્યાંય બહાર જઈ શકે નહીં. આ વસ્તુના કાર્યની મર્યાદા જ છે કે બહાર જવાનો પ્રશ્ન જ નથી. કહેવાય, બોલાય, ગમે એમ હોય (એ) બધા ઉપચરિત ભાષાના ઉપચાર છે. કોઈ પર્યાય બહાર ન જઈ શકે, જઈ શકે નહીં. સ્વક્ષેત્ર છોડીને બહાર જાય તો કાં પોતાનો નાશ થાય ને કાં બીજાનો – સામાનો નાશ થાય, બેમાંથી એક થાય.

મુમુક્ષુ :– પુસ્તક જણાય છે..

પૂજ્ય ભાઈશ્રી :– પુસ્તક ક્યાં જણાય છે ? પુસ્તક જણાય છે. આ પુસ્તક જણાય છે, ચોખ્ખે ચોખ્ખું આ પુસ્તક જણાય છે. આ અહીંયાં જણાય છે ? આ જણાય છે એમ કહે છે તો અહીંયાં જણાય છે ? અહીંયાં (જ્ઞાનમાં) જણાય છે. પણ ભૂલે છે. એમ કે જાણે કે અહીંયાં જણાય છે. જ્ઞેયનિષ્ઠ જીવ જ્ઞેયમાં પોતાને ભાવથી સ્થાપી દ્યે છે. દ્રવ્યે તો સ્થાપના થઈ શકતી નથી પણ ભાવે સ્થાપી દ્યે છે. દ્રવ્યે સ્થાપના નહીં થઈ શકતી હોવા છતાં એવી સ્થાપના કરે છે તેને મિથ્યા સ્થાપના કહેવામાં આવે છે. મિથ્યાભાવ કહ્યો, એ ભાવ તારો મિથ્યા છે. ત્યાં નથી જણાતું, અહીંયાં જણાય છે. જે જણાય છે તે અહીંયાં જણાય છે.

મુમુક્ષુ :– ખરેખર નિશ્ચયથી પોતાનું જ્ઞાન જ જણાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચયથી પોતે જ પોતાને જાણે છે. નિશ્ચયનયે પોતે પોતાને જાણે છે, વ્યવહારનયે પરને જાણે છે એમ વ્યવહારનયે એવું લાગુ પડે છે એને. એવો ભાષાનો ઉપચાર એને લાગુ પડે છે – જ્ઞાનમાં પરપદાર્થના પ્રતિબિંબ અને આકૃતિ જોઈને. એમ છે. નયજ્ઞાનમાં એ વિષય બહુ ચોખ્ખો કર્યો છે. 'પ્રવચનસાર'ના ૪૭ નય છે.

જેમકે, અત્યારે જે સિદ્ધાલયમાં સિદ્ધ પરમાત્મદશામાં – સિદ્ધ પરમાત્માની દશામાં બિરાજમાન છે, 'મહાવીર'સ્વામી આદિ સર્વ તીર્થંકરો, ભૂતકાળના કેવળીઓ. તો એ ભૂતકાળમાં 'ત્રિશલાદેવી'ના પુત્ર હતા એમ કહેવાય. ભગવાન 'મહાવીર'સ્વામી એમનો આત્મા જે અત્યારે સિદ્ધાલયમાં છે તે 'મહાવીર'સ્વામી ભગવાનના વખતમાં 'ત્રિશલાદેવી'ના પુત્ર હતા એમ કહેવાય ને ? તો એવું કથન અત્યારે પણ શું કરવા લાગુ પડે ? અત્યારે તો છે નહીં. અત્યારે તો સિદ્ધ થઈ ગયા છે. છતાંય એવું કથન લાગુ પડે ઇ જાતની નય વિવક્ષાથી જ્ઞાનીને કહેવામાં કોઈ દોષ નથી. એવા નયથી જ્ઞાની જાણે અને કહે તો તેને કાંઈ દોષ નથી. અથવા તો વર્તમાનના સિદ્ધ ભૂતકાળના સંસારી હતા એ વાત ખોટી કે સાચી ? કે, ભૂતકાળમાં સંસારી હતા એ સાચી. તો એ ભૂતકાળમાં સંસારી હતા અને અત્યારે સંસારી નથી છતાં એમ કહેવાય કે ભૂતકાળમાં સંસારી હતા. એવી યોગ્યતા તો રહી ગઈ કે નહીં ? એવી યોગ્યતા રહી ગઈ, એ યોગ્યતાને જોનાર જ્ઞાનનો નય – સમ્યક્જ્ઞાનનો નય, એ સમ્યક્જ્ઞાનનો નય છે (એ) એ રીતે જોવે છે તો સાચું જોવે છે, ખોટું નથી જોતાં. એવું અનેક ધર્મોને જોનારું સમ્યક્જ્ઞાન અનેકાંતિક છે.

મુમુક્ષુ :- શાસ્ત્ર પ્રત્યક્ષ જણાય છે છતાં એને વ્યવહારમાં નાખી દીધું કે વ્યવહાર એમ કહેવાય છે. ઇ જરા સ્પષ્ટ કરો.

પૂજ્ય ભાઈશ્રી :- કેમ બે વચ્ચે તો વ્યવહાર જ હોય ને ? શાસ્ત્ર કાંઈ આત્મા થોડો છે ? નિશ્ચયથી જણાય છે એટલે વ્યવહાર પ્રત્યક્ષ છે એ તો. નિશ્ચયથી જણાય એનો અર્થ શું ? નિશ્ચયથી તો પોતાનું હોય એ નિશ્ચય. નિશ્ચય તો પોતામાં આવે. પરમાં નિશ્ચય કેવી રીતે આવે ? બે પદાર્થ વચ્ચે વ્યવહાર હોય, બે પદાર્થ વચ્ચે નિશ્ચય ક્યાંથી હોય ? નિશ્ચય તો પોતામાં ને પોતામાં હોય. બહારમાં કોઈની સાથે નિશ્ચય હોઈ શકે, નિશ્ચય સંબંધ હોય જ ન શકે. આ સીધી વાત છે. એ તો કોના માટે લીધું છે ? કે, અન્ય પદાર્થનું જ્ઞાનમાં પ્રતિબિંબ પણ પડતું નથી. (પ્રતિબિંબ) પણ પડતું નથી એમ પણ કોઈ માનનારા છે. કોઈએ કહ્યું કે, આત્મા પરને જાણે છે એમ કહેવું વ્યવહાર છે, તો પર જ્ઞાનમાં જણાય છે એમ

કહેવું પણ વ્યવહાર છે. સ્વ અને પર વચ્ચેનો (વ્યવહાર થયો). કેમકે સ્વની અપેક્ષાએ પર છે ને પરની અપેક્ષાએ સ્વ છે. અનુભવ તો દરેકને પોતાનો છે, કાંઈ પરનો અનુભવ થઈ શકતો નથી. પણ પોતાનો અનુભવ – મને મારો અનુભવ થાય છે એમ કહેતાં જ પરનો અનુભવ નથી થતો એમ આવી જાય છે, તો સ્વની અપેક્ષાએ પર જુદું પડ્યું. સ્વની અપેક્ષા લેતાં જ પર જુદું પડે છે. તો સ્વની અપેક્ષાએ પર છે અને પરની અપેક્ષાએ સ્વ છે. સ્વ પર તો સાપેક્ષ છે.

(કોઈ એમ કહે કે), જો આવી રીતે છે તો પછી સર્વજ્ઞપણું જૂઠ ઠરશે. 'અનુભવ પ્રકાશ'માં આ તર્ક કર્યો છે કે સર્વજ્ઞ ભગવાન સર્વને જાણે છે એ તો એક ઉપચરિત વાત થઈ ગઈ, મૂળમાં કાંઈ વાત સાચી નથી. તો કહે છે, એ સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં અનંત જ્ઞેયોનું પ્રતિબિંબ ખરું કે નહીં ? હા, પ્રતિબિંબ નિશ્ચયથી છે. જ્ઞેયાકારની આકૃતિ જે ઉત્પન્ન થઈ છે એ નિશ્ચયરૂપ છે. એ આકૃતિ જરૂર થઈ છે, પણ એને ભાષામાં ઉપચાર કરવો પડે છે કે એ પરની આકૃતિ છે. કેમકે એકાકાર જ્ઞાનમાં એ આકૃતિ નથી. અને અનેક જ્ઞેયોમાં અનેક જ્ઞેયાકારે જ્ઞાનાકાર થાય છે. જ્ઞાનાકાર થાય છે તે નિશ્ચય છે. તો 'દીપચંદજી'એ એને એવો સરસ જવાબ આપ્યો છે કે, જેના ઉપચરિત ભાસનમાં પણ અનંત જ્ઞેયો છે એમ કહી શકાય એના અનુપચાર જ્ઞાનની મહિમા શું કરવી ! ઠીક છે ! ક્યાંની ક્યાં વાત કાઢી એમણે. જેના ઉપચરિત જ્ઞાન ઉપર આવો સર્વજ્ઞપણાનો ઉપચાર થઈ શકે, એના અનઉપચાર જ્ઞાનની તો મહિમા જ થાય એવું નથી. એ તો ગજબની મહિમા ! ભાષા એના માટે કામ કરતી નથી એવું અનઉપચરિત એનું જ્ઞાન છે એમ કહેવું છે.

**'ચૈતન્ય ચૈતન્યમાં જ રહેનાર છે. ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે.'** એમ આ વાત ફેરવીને લીધી. આત્મા ન્યારા દેશમાં રહેનારો છે. બીજો કોઈ એનો બહારના સંયોગનો દેશ, વાણી કોઈ એનું નથી. બસ ! ચૈતન્ય ચૈતન્યમાં રહેનાર છે પણ ચૈતન્ય ચૈતન્યને ગુપ્ત ગુફામાં શક્તિના સામર્થ્યમાં રહેલો છે. શું કરવું ? કે ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. પ્રગટ જ્ઞાનલક્ષણ દ્વારા – પ્રસિદ્ધ લક્ષણ દ્વારા તારા આત્માની પ્રસિદ્ધિ કરાવે છે. સ્વભાવ પ્રસિદ્ધ છે. લક્ષણમાં લક્ષ પ્રસિદ્ધ છે. લક્ષ પ્રસિદ્ધ છે, લક્ષણ પ્રસિદ્ધ છે એને લક્ષ પણ પ્રસિદ્ધ છે.

પ્રશ્ન :– લક્ષણ હોય ત્યાં લક્ષ હોય, હોય ને હોય જ એમ કહેવું છે ?

સમાધાન :– નહીંતર લક્ષણ કહેવું શેનું ? લક્ષણ એવું નામ શેનું પડે ? આ એમ

કહે કે ફલાણાનો દીકરો. તો કે આ ફલાણાનો બાપને ? પણ હવે ઇ પૂછવાની જરૂર ક્યાં રહે છે ? ફલાણા ભાઈનો આ દીકરો. તો કે ઇ એનો બાપને ? પણ ઇ એનો દીકરો કીધો એનો અર્થ જ કે ઇ એનો બાપ. એમ કહેવાની જરૂર રહેતી નથી. લક્ષણ કહ્યું તો લક્ષના સંબંધે લક્ષણ કહ્યું કે એમ ને એમ લક્ષણ કહ્યું ?

**'ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે.'** એટલે કે ગુરુ ઓળખાવવામાં બીજું લક્ષણ કહેતા નથી. આ એક એમાંથી અનર્પિતપણે નીકળે છે. અર્પિત તો પેલા જ્ઞાનલક્ષણની વાત લીધી પણ અનર્પિતપણે લઈએ તો બીજા કોઈ લક્ષણથી આત્મા ઓળખાતો નથી.

પ્રશ્ન :-- જ્ઞાનલક્ષણ એ કઈ રીતે કહેવા માગે છે ?

સમાધાન :– જ્ઞાનલક્ષણ (એટલે) જે આત્માનું જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણું એવું જે જ્ઞાનસામાન્ય, જ્ઞાનસામાન્ય જે છે, મતિજ્ઞાન લક્ષણ નહીં, શ્રુતજ્ઞાન લક્ષણ નહીં, જ્ઞેયાકારજ્ઞાન લક્ષણ નહીં, ઇન્દ્રિયજ્ઞાન લક્ષણ નહીં, અલ્પજ્ઞાન લક્ષણ નહીં, આ બધા વિશેષણો બાદ કરી નાખવા. વિશેષણ રહિતનું સામાન્ય જ્ઞાન. વિશેષણ સહિત તો વિશેષજ્ઞાન થાય છે. એ તમામ વિશેષોને – જ્ઞાનના તમામ વિશેષોને બાદ કરતા જે એકલું સામાન્યજ્ઞાન રહ્યું એ સામાન્યજ્ઞાન સ્વભાવનું લક્ષણ છે. કારણકે જ્ઞાન સ્વભાવે સામાન્ય છે. સ્વભાવ સામાન્ય હોય તો તેનું લક્ષણ પણ સામાન્ય હોય. કારણ કે લક્ષણ એક ન્યાયે તો એનું સ્વરૂપ જ છે.

ખરેખર તો એ લક્ષણ છે એ એક ન્યાયે એનું સ્વરૂપ જ છે ત્યારે એને લક્ષણ કહેવામાં આવ્યું છે. જેવું સ્વરૂપ છે એવું લક્ષણ છે, લક્ષણ છે એવું સ્વરૂપ છે, એમ છે ખરેખર તો. એટલે તો 'નિયમસાર'માં પરમપારિણામિકભાવ લક્ષણ પરમાત્મપદ કહ્યું છે. તો ત્યાં પરમપારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મપદ છે એમ લેવું. ત્યાં લક્ષણ-લક્ષનું પ્રકરણ ચાલતું નથી ક્યાંય. કેમકે ભાવનાનો ગ્રંથ છે. જેને આત્મા ઓળખાયો છે, અનુભવાયો છે અને વિશેષ એકાગ્રતારૂપ ભાવના કરે છે એની ભાષા ત્યાં ચાલી છે, તો ત્યાં બધે જ્યાં જ્યાં પરમાત્મપદની વાત આવે છે ત્યાં કારણપરમાત્મા પરમપારિણામિકભાવ પંચમભાવ લક્ષણ આત્મા છે એમ કહે છે. ત્યાં લક્ષણ એટલે સ્વરૂપ. લક્ષણનો બીજો અર્થ સ્વરૂપ થાય છે. અને અહીંયાં લક્ષ-લક્ષણની ચર્ચામાં એ અર્થ કાઢવો હોય તોપણ થાય છે કે, આત્મા જ્ઞાનલક્ષણવંત કે આત્મા જ્ઞાનસ્વરૂપવંત ? જ્ઞાનસ્વરૂપી જ આત્મા છે. જ્ઞાનલક્ષણ જેવો આત્મા છે ? તો કહે જ્ઞાનસ્વરૂપી આત્મા છે એમ કહેવું છે, જ્ઞાનસ્વભાવી આત્મા છે.

મુમુક્ષુ :– લક્ષણ દ્વારા અંદર જઈએ. એટલે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, લક્ષણ દ્વારા એટલે લક્ષણ છે... માણસ નથી કહેતા કે, આગળ ચાલવા માટે કાંઈક પગ મૂકવાનું સ્થાન તો જોઈએ ને ! તો આ સ્વરૂપમાં જવા માટે આ પ્રગટ જ્ઞાનની સામાન્ય ભાવરૂપ પ્રગટ અવસ્થા એ એને અંદર જાવા માટેનું સીધું પગથિયું છે. અનાદિથી જીવનું જ્ઞાનાદિ ગુણોનું પરિણમન આમ બહાર જાય છે. બહિર્દિશામાં – બાહ્ય દિશામાં પરિણમે છે. એણે કોઈ વાર દિશા બદલી નથી. પરિણમનને બે જ દિશા છે – એક બાહ્ય અને એક અંદરની. કોઈ વાર અંતર્મુખ થઈને અંદરની દિશામાં આવ્યો નથી, દિશા બદલાય તે અપૂર્વ છે, એમ કહ્યું છે. દિશા અપેક્ષાએ એક વાર પણ જો દિશા બદલાય તો તે અપૂર્વ છે.

અહીંયાં દિશા બદલવા માટે એ વાત લે છે કે, અંતરંગમાં જ્ઞાનના અનુભવને તું જો. અનુભવદૃષ્ટિથી તું જ્ઞાનને જો કે તને તારા જ્ઞાનનો જે અનુભવ થઈ રહ્યો છે, સૂક્ષ્મ અંતરંગ અનુભવદૃષ્ટિથી તું જોઈશ તો તને તારું જ્ઞાન કેવળ જ્ઞાનસ્વરૂપે – માત્ર જ્ઞાનસ્વરૂપે – જ્ઞાનમાત્ર સ્વરૂપે સદા સર્વદા સર્વથી જુદું જણાશે. એવું જે જ્ઞાન છે એ જ્ઞાનને જોતાં જ અંતર્મુખ થવાય છે. અંતર્મુખ થઈને જ એ જોવે છે. કેમકે એ અંતરંગ વિષય છે. એ પરિણમનનો પણ અંતરંગ વિષય છે સામાન્યજ્ઞાન તે અંતરંગ વિષય છે. જ્ઞેયાકાર જ્ઞાન તે બહિરંગ જ્ઞાનનો ભાવ છે. એટલા માટે અધ્યાત્મના પ્રકરણમાં હંમેશા જ્ઞાનમાં જ્ઞેયો પ્રતિબિંબિત થતાં હોવા છતાં જ્ઞેયાકાર જ્ઞાનને ગૌણ કરાવે છે. જ્ઞેયાકાર જ્ઞાનની ક્યાંય મુખ્યતા કરવામાં આવતી નથી પણ ઇ તો નિશ્ચયથી જ્ઞેયાકારે જ્ઞાનાકાર થયા છે. તો કહે છે, ભલે નિશ્ચયથી થયા હોય. નિશ્ચયથી તો ગુણભેદ પણ છે, લે ! કેમ એને મુખ્ય નથી કરાવતા ? ગુણભેદો નિશ્ચયથી નથી ? કો'કના છે ? જો તારા ગુણભેદો પણ નિશ્ચયથી છે એ ગૌણ કરાવે છે તો જ્ઞેયાકારો ગૌણ કરાવે, જ્ઞાનાકારો ગૌણ કરાવે અને એકાકાર થવા અર્થે એકાકાર જ્ઞાનને મુખ્ય કરાવે તો તે ઉચિત જ છે, સુસંગત છે. તારા પરિણમનમાં લીન થવા માટે એ સુસંગત છે. અન્ય અન્ય જ્ઞેયોને જોવામાં તો કાંઈ તને લાભ નથી, જોતા રહેવામાં કોઈ લાભ તને નથી. અધ્યાત્મના પ્રકરણમાં તો નિષેધ પણ બહુ કરે એનો. કોઈ વાર એવો નિષેધ કરે (કે), એમાં જ્ઞાનેય નથી ને સુખેય નથી. અન્ય છ દ્રવ્ય તારા જ્ઞાનમાં જણાય. (તો કહે છે, તને) જ્ઞાનેય નથી ને સુખેય નથી એમ કહી દ્યે.

મુમુક્ષુ :– 'રાજમલજી'એ કહ્યું.

પૂજ્ય ભાઈશ્રી :– હા. 'રાજમલજી'. બહુ અધ્યાત્મપ્રધાન ટીકા છે એમની.

**'ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે...'** તે લક્ષણ દ્વારા શોધી લે એટલું ન કહ્યું, થોડીક વિશેષ સૂચના કરી છે. 'અંદર જઈને' (કહ્યું) તો ક્યાં ? કાંઈ ચાલીને જવાતું હશે ? કાંઈ ગાડીમાં બેસીને જવાતું હશે ? કાંઈ વાહનમાં બેસીને કોઈ બીજા ક્ષેત્રમાં અંદર જવાતું હશે ? કોઈ ગુફા-બુફા છે ત્યાં અંદર જવાની વાત છે ? કહે છે, ના ! તારા ને તારા પરિણમનમાં બહિરંગ પડખાંને છોડીને, બાહ્ય અંગને છોડીને અંતરંગને પકડ, અંદરના અંગને પકડ, એમ કહેવું છે.

**'તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે આત્માને.'** એ જ તારો આત્મા છે. એટલે આમાં 'અનુભવ પ્રકાશ'ના વચનોનો બોલ છે ને ? 'પરમાગમસાર'માં એક બોલ છે કે, સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા છે. કહે છે કે, જ્ઞાનસામાન્યમાં – સામાન્યજ્ઞાન વેદન સ્વરૂપ છે એ વેદનને પોતે ભૂલ્યો છે. જો સંભાળે તો ત્યાં પોતે છે એટલે સ્વપણે તે વેદાય એવું છે અને જ્યાં એ સ્વપણે વેદાયું તો કહે છે કે એ જ આત્મા છે. હવે તારે આત્મા માટે બીજો કોઈ આત્મા શોધવાની જરૂર રહેતી નથી. પણ આત્મા તો અનંત ગુણનું ત્રિકાળી સ્વરૂપ છે. (તો કહે છે), એ અનંત ગુણનું ત્રિકાળી સ્વરૂપ લક્ષનો વિષય છે, આ અનુભવનો વિષય છે. લક્ષ છે એ અનુભવનો વિષય નથી ને અનુભવ છે એ લક્ષનો વિષય નથી. એકસાથે બે કામ છે ને ! જે લક્ષનો અવલંબનભૂત વિષય છે એ લક્ષમાં રહે છે અને વર્તમાન અવસ્થા વેદનમાં આવે છે. એકસાથે બેય થાય છે ત્યારે એને સમ્યક્ થયું એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– લક્ષ ત્રિકાળીનું.

પૂજ્ય ભાઈશ્રી :– લક્ષ ત્રિકાળીનું અને વેદન વર્તમાન જ્ઞાનનું. એમ એકસાથે બેય હોય છે. બેમાંથી એક ન હોય અને બીજું હોય એવું કદી બને નહીં. જ્યારે સ્વપણે જ્ઞાન વેદાયું ત્યારે એના લક્ષમાં આત્મા જ છે (એમ) કહેવાની જરૂર નથી અને જ્યારે લક્ષમાં ખરેખર આત્મા આવે ત્યારે એના જ્ઞાનનું વેદન આવિર્ભૂત થઈને એને વેદનગોચર ન થાય, હોય ને વેદાય નહીં (એમ બને નહિ). કેમકે ઇ તો હોય જ છે, એનો તો ત્યાગ થતો જ નથી, છૂટતું જ નથી ઇ તો. (એટલે) એ અવશ્ય વેદનગોચર થાય જ છે. એમ બન્ને સાથે જ રહે છે. બેમાંથી એકની વાત કરવામાં આવે ત્યારે બીજી વાત આપોઆપ સમજી લેવી. નહીંતર એ નથી સમજતા એને તર્ક થાય છે કે સ્વપણે વેદાતું જ્ઞાન તે આત્મા કહ્યું તો ત્રિકાળીનું શું ? અને જ્યાં ત્રિકાળીની વાત આવે તો કહે ઇ તો એક સમયની પર્યાયમાં

આવતો નથી તો વેદનનું શું ? ભાઈ ! વાત તો ક્રમથી વારાફરતી આવે, બે વાત એકસાથે કેવી રીતે આવે ? બે વાત એકસાથે નહીં આવી શકતી હોવાથી તો આત્માને અવ તવ્ય કહ્યો છે. અવ તવ્ય નયે આત્મા અવ તવ્ય છે. સપ્તભંગીના સાત નય છે કે નહીં ? અસ્તિ નયે અસ્તિત્વરૂપ છે. નાસ્તિ નયે પરચતુષ્ટયથી નાસ્તિત્વ સ્વરૂપ છે. અને એકીસાથે બન્ને નહીં કહી શકાતું હોવાથી અવ તવ્ય નયે તે આત્મા અવ તવ્ય છે. તો અહીંયાં અવ તવ્ય નય લાગુ પડે છે. વ્ય ત નહીં હોં ! વ તવ્ય. વ ત.. વ ત. વ ત એટલે બોલવું – Speak, to Speak, વદવું–બોલવું. મૂળ ધાતું છે – વચ. વચ ધાતુ છે એના ઉપરથી 'વચન' શબ્દ આવ્યો છે. સંસ્કૃતમાં 'વચ' ધાતુ (છે).

પ્રશ્ન :– વ તવ્ય અને અવ તવ્ય છે. એટલે પ્રગટ અને અપ્રગટ લેવું ?

સમાધાન :- નહીં. વ ત એટલે કહેવું. કહેવું. વચનથી કહેવું. વ તા એના ઉપરથી કહે છે. વ તવ્ય એટલે કહી શકાય એવું. અવ તવ્ય એટલે ન કહી શકાય તેવું. અવ તવ્ય નયે આત્મા અવ તવ્ય છે, કે નહીં કહી શકાવા યોગ્ય છે. કેમ કઈ રીતે નહીં કહી શકાવા યોગ્ય છે ? (તો કહે છે), કે લક્ષનો વિષય છે એ વેદનનો વિષય નથી. જ્યારે લક્ષની વાત કરે છે ત્યારે વેદનની થતી નથી. જે વેદનનો વિષય છે એ લક્ષનો વિષય નથી.

અહીંયાં કહે છે કે, '**લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે...**' લક્ષણ અને લક્ષની સંધિ કરી લે. જ્યાં લક્ષ તને પકડાશે ત્યારે વર્તમાન વેદનગોચર લક્ષણ છે એ ગૌણ થઈ જશે અને લક્ષ-લક્ષણના ભેદ અને વિભાગ પણ તારા જ્ઞાનમાં રહેશે નહીં. લક્ષ-લક્ષણનો ભેદ છૂટી જાય છે. આ લક્ષણ અને આ લક્ષ એ વિકલ્પ પછી ત્યાં નથી, એકાકાર થઈ જાય છે. એ રીતે ગુરુ જ્ઞાનલક્ષણ દ્વારા જ્ઞાનસ્વભાવી, જ્ઞાનસ્વરૂપી આત્માને ઓળખાવે છે – એનો નિશ્ચય કરાવે છે અને તું અંદર જઈને એને શોધી લે. ઉપર ઉપરથી બાહ્ય સંશોધનથી કાંઈ મળવાનું નથી. એમ કહેવું છે. પોતામાં અંદર જવું પડશે. એના વાચ્યને પકડવા માટે જ્ઞાનની દોરી જે ચાલે છે એ દોરીએ દોરીએ અંદર ચાલ્યો જા. સામાન્ય સ્વભાવ છે એનું સામર્થ્ય – બેહદ સામર્થ્ય તને તારા પોતાના સ્વરૂપે લક્ષમાં આવશે, અને તારું જ્ઞાન સ્વયં તને વેદનગોચર થશે.

મુમુક્ષુ :– આમાં જ્ઞાતા હું, જ્ઞાન પણ હું અને જ્ઞેય પણ હું, એ વાત...

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાતા, જ્ઞાન, જ્ઞેય એક થઈ જાય છે પછી.

પ્રશ્ન :– ઇ આમાં લાગુ પડે ?

સમાધાન :- હા, લાગુ કરવું હોય તો થાય કે જ્ઞાનલક્ષણ દ્વારા આત્મા જ્ઞાતા છે, જ્ઞાનલક્ષણ દ્વારા આત્મા જ પોતાને જ્ઞેય થાય છે અને આત્મા પોતે જ જ્ઞાન સ્વરૂપે છે. જ્ઞાન પણ પોતે છે જ્ઞેય પણ પોતે છે અને જ્ઞાતા પણ પોતે છે. (સમય થયો છે).

---

**આત્મજ્ઞાન સાથે વૈરાગ્ય અવિનાભાવિપણે હોય જ છે. સર્વ સ્વરૂપજ્ઞાની ધર્માત્મા ઉદય પ્રત્યે ઉદાસીન ભાવે સહજ વર્તે છે. તેમણે સુખ આત્મામાં જોયું છે. પુદ્ગલ સંયોગ સુખથી રહિત - શૂન્ય જણાય છે. તેથી પુણ્યયોગે પણ સહજ ત્યાગી દશામાં તેઓ વર્તી શકે છે, વા વર્તે છે; એવો ત્યાગ તે તેમનું ઐશ્વર્ય સ્પષ્ટપણે વ્ય ત કરે છે, અને તે તેમની અંતરંગ દશા સાથે સુસંગત છે. તેમજ બીજા મુમુક્ષુને પણ ઉપકારભૂત છે. તેમ જાણી શ્રી ભગવાને ત્યાગનું ઉત્કૃષ્ટપણું ઉપદેશ્યું છે કે જે અકર્તાપણે કર્તવ્ય છે.**

**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' – ૭૨૮)**

## તા. ૨૭-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૨૫,૧૨૬
## પ્રવચન નં. ૯૮

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૪૦. ૧૨૬(બોલ).

મુમુક્ષુ :- ૧૨૫ નંબરનો ખુલાસો બાકી છે.

પૂજ્ય ભાઈશ્રી :- લક્ષ-લક્ષણનું પ્રકરણ મોટું પ્રકરણ છે. ચૈતન્યાત્મક પદાર્થ તેને શ્રીગુરુ જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે. ઓળખવું એ જીવની વર્તમાન પાત્રતા ઉપર આધારિત છે. કોઈને તો 'જ્ઞાન તે આત્મા', 'આ જ્ઞાન તે આત્મા' એટલું કહે ત્યાં ઓળખાણ થાય છે. અથવા આત્માને જ્ઞાનથી નિર્દેશ કરવાનો – દર્શાવવાનો વ્યવહાર બહુ સામાન્ય છે, તો વાતવાતમાં ભલે ત્યાં ઓળખાવવાના હેતુથી વચન ન કહ્યા હોય તોપણ અનુભવીના વચનોમાં એક દર્શાવવાની પદ્ધતિ એવી હોય છે કે, જો જીવની પાત્રતા હોય તો તે આત્માને ઓળખી લે છે. જેમકે 'સોગાનીજી' ('સોનગઢ' પહેલીવાર) આવ્યા હશે ત્યારે કંઈ આત્માને ઓળખવાનું જ પ્રકરણ ચાલતું હશે એવું કાંઈ થોડું છે ? ક્રમમાં જે વિષય, જે શાસ્ત્ર, જે ગાથા (હોય) એ અનુસાર પ્રવચન, વિષય અનુસાર ચાલતું હોય પણ પ્રત્યેક પ્રવચનની અંદર એમના (–પૂજ્ય 'સોગાનીજી'ના) કહેવા પ્રમાણે પૂરી વાત આવતી હતી. એ તો વર્તમાનમાં ચર્ચા કરતા હતા કે, 'ગુરુદેવશ્રી'ના દરેક પ્રવચનમાં પૂરેપૂરી વાત આવે છે. પૂરી વાત તો દિવ્યધ્વનિમાં પૂરી વાત આવે. તો કહે (છે), આ દિવ્યધ્વનિ જેવી જ દિવ્યધ્વનિ છે. જાણે પૂરી વાત આવે છે એવું કહે. એનો અર્થ એ છે કે, પોતાને પરિપૂર્ણ અખંડ તત્ત્વ ભાસે છે. પોતાને પૂરું ભાસે છે એટલે કહે છે પણ પૂરું, પૂરેપૂરું કહે છે. નહીંતર મને પૂરું ક્યાંથી ભાસે ? સામે પૂરું કહેવાય છે તો મને પૂરું ભાસે છે ને ! એમ. એટલે પૂરું કહે છે એનો અર્થ કે પોતાને શું ભાસે છે એમ કહેવાને બદલે આમ નિમિત્તથી કહે છે. મારી પાત્રતાથી પામ્યો

એમ ન કહે, શ્રીગુરુના વચનથી હું પામ્યો, એમ કહે. બોલવાનો વ્યવહાર કરવાનો એ એક વિવેક છે.

અહીંયાં એમ કહે છે, ૧૨૫મો બોલ છે કે, '**ગુરુ તેને જ્ઞાનલક્ષણ દ્વારા ઓળખાવે છે.**' જ્ઞાનલક્ષણ દ્વારા આત્માનો નિર્દેશ કરે છે. આ જ્ઞાન તે આત્મા છે અથવા રાગાદિ ભાવોથી જ્ઞાન જુદું છે એમ કહેતાં માત્ર રાગની પર્યાયથી જ્ઞાનની પર્યાય જુદી છે એટલું નહીં કહેતાં વિભાવથી સ્વભાવ જુદો છે, કોઈપણ પ્રકારનો રાગાદિ ભાવ હોય તે વિભાવ સ્વભાવે છે, જ્ઞાન એટલે સ્વભાવ, જ્ઞાન એટલે જેમાં સ્વભાવ વ્ય ત છે એટલે એ સ્વભાવ, સ્વભાવથી વિભાવ જુદો છે એમ સ્વભાવ-વિભાવને જુદાં કહેવાનું તો પ્રવચનમાં આવે ને આવે જ. '**તે લક્ષણ દ્વારા અંદર જઈને શોધી લે...**' સંશોધક વૃત્તિથી તારા જ્ઞાનમાં તારો જ્ઞાન સ્વભાવ કેવો છે એને જો, એને શોધ તો તને તારો અખંડ પરિપૂર્ણ અનંત ગુણસ્વભાવી આત્મા, જ્ઞાન ઉપરથી અનંત ગુણસ્વભાવી આત્મા લક્ષગોચર થશે.

પ્રશ્ન :- જ્ઞાનસ્વભાવથી જ્ઞાનને કેવી રીતે જોવું જોઈએ ?

સમાધાન :- જ્ઞાનમાં શું છે કે જ્ઞાન પર્યાય છે, જ્ઞાનક્રિયા છે – જાણવારૂપ જ્ઞાનક્રિયા પણ છે અને ત્યાં જ્ઞાન સ્વભાવ પણ છે. સામાન્ય પણ છે અને વિશેષ પણ છે.

પ્રશ્ન :- જ્ઞાન સ્વભાવ એટલે ત્રિકાળી દ્રવ્ય ?

સમાધાન :- હા, ત્રિકાળી દ્રવ્ય, ત્રિકાળી દ્રવ્ય. પણ ત્રિકાળી દ્રવ્ય એવું ભેદ નિરપેક્ષ છે કે ન તો એને દ્રવ્યનો ભેદ લાગુ પડે છે, તો એને પર્યાયનો તો ભેદ લાગુ પડે જ કેમ ? ફરીથી, દ્રવ્યનો ભેદ એને લાગુ નથી પડતો.

મુમુક્ષુ :- આ જ્ઞાન, દર્શન, ચારિત્ર..

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો ગુણભેદ થઈ ગયો. ઇ ગુણભેદ. ગુણભેદ લાગુ પડે નહીં, દ્રવ્યનો ભેદ લાગુ પડે નહીં, પર્યાયનો ભેદ લાગુ પડે નહીં.

પ્રશ્ન :- દ્રવ્યના ભેદમાં શું આવે ?

સમાધાન :- દ્રવ્યનો ભેદ પાડે તો વિકલ્પ થાય. જેમ પર્યાયના ભેદથી વિકલ્પ થાય છે એમ દ્રવ્યના ભેદથી પણ વિકલ્પ જ થાય. ભેદ પડે તો વિકલ્પ થાય. 'સમયસાર'માં 'કર્તા-કર્મ અધિકાર'ના છેડે અભેદ નિર્વિકલ્પ અનુભવ થવાનો જ્યાં વિષય ચાલ્યો ત્યારે આ વિષય ઉપર એકસાથે ૨૬ કળશ 'અમૃતચંદ્રાચાર્ય'એ રચ્યાં છે. એમાં પર્યાયના ભેદ, ધર્મના ભેદ, ગુણના ભેદ અને દ્રવ્યના ભેદ ચારેય ભેદનો નિષેધ કર્યો છે. ँ फ्रश्नफ़्रफ़्रचिन्हफ़्र

ચ્ક્રિ્હ્ર્ક્ર એમ કરીને (લીધું છે). એ તો એક ચૈતન્ય ચૈતન જ છે, બસ ! નિત્ય પણ નથી, શુદ્ધ પણ નથી, અનિત્ય પણ નથી, અશુદ્ધ પણ નથી એમ કરીને બધા જે બોલ લીધા છે તો શુદ્ધ તો દ્રવ્યનો ભેદ છે અથવા ધર્મનો ભેદ છે, નિત્ય પણ ત્રિકાળીને લાગુ પડે છે. બધા ભેદ લીધા છે એની અંદર.

પ્રશ્ન :– ગુણભેદ છે, દ્રવ્યભેદ શું ?

સમાધાન :– દ્રવ્યભેદ પણ છે. હું આવો દ્રવ્ય છું એમ કરવા જાય તોય દ્રવ્યનો ભેદ પડે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેય ભેદ જ છે. દ્રવ્યત્વ તે ગુણત્વ નથી, ગુણત્વ તે પર્યાયત્વ નથી તો દરેકનો પોતપોતાનો જુદો ભેદ થયો કે ન થયો ? જે દ્રવ્યભાવ છે તે ગુણભાવ નથી, ગુણભાવ છે તે પર્યાયભાવ નથી, પર્યાયભાવ છે તે દ્રવ્ય-ગુણના ભાવ નથી. અતદ્ભાવની અપેક્ષા લ્યો તો. ('સમયસાર'ની) ૧૪૩ ગાથાની પહેલા એ બધા કળશ લીધા પછી ૧૪૩-૪૪ ગાથા લીધી છે. ૧૪૩ ગાથા યાદ રહી જાય એવી છે. જે ગાથામાં પક્ષાતિક્રાંત થયો તેને પરમાત્મા કહ્યો તે ગાથા. કઈ ? પક્ષાતિક્રાંત થયો તેને પરમાત્મા થયો (એમ) અહીંયાં એ શબ્દ 'અમૃતચંદ્રાચાર્યદેવે' વાપર્યો છે.

ૅ ફ્રહ્સ્ફ્વ્રૃ્ફ્રહ્સ્ફ્રોૅફ્રફ્રફ્રફ્રમ્ફ્ર કેમકે દ્રવ્ય પણ દ્રવ્યાર્થિક નયનો વિષય છે. પર્યાય જેમ પર્યાયાર્થિક નયનો વિષય છે એમ દ્રવ્ય દ્રવ્યાર્થિક નયનો વિષય છે. તો નયનો પક્ષપાત છોડાવવા અહીંયાં વાત કરાવે છે. નયાતિક્રાંત થવા માટે, નિર્વિકલ્પ સ્વાનુભવ થવા માટે નયનો પક્ષપાત કામમાં નથી આવતો.

મુમુક્ષુ :– વિકલ્પ સહિત છે, ભેદ છે એ વિકલ્પ સહિત છે ને આમ નિર્વિકલ્પ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ છે (કે), ભેદના લક્ષે વિકલ્પ ઠે છે, ભેદના લક્ષે વિકલ્પ ઠે છે. એમાં પહેલો એક(નો ભેદ) લીધો 'હ્ર ઢઁ ફ્રબ્ફ્રફ્રોંફ્રહ્રફ્રફ્રાફ્રૅ ફ્રએક પછી 'રક્ષ્હ્રફ્ર રફ્રફ્ર રક્ષ્હ્રફ્રએટલે રાગવાળો, દ્વેષવાળો, એમ. કર્તા, ભો તા, સૂક્ષ્મ, સ્થૂળ, કારણ સ્વરૂપે, કાર્ય સ્વરૂપે, ભાવ સ્વરૂપે, એક સ્વરૂપે, શાંત સ્વરૂપે, સ-અન્ત, નિત્ય સ્વરૂપે, વાચ્ય સ્વરૂપે, અનેક – નાના સ્વરૂપે પછી જ્ઞાન સ્વરૂપે, દર્શન સ્વરૂપે, 'હ્ર ઢઁ ફ્રચેૅહ્રપ્રેફ્ર 'હ્ર ઢઁ ફ્રષ ર્ઁ પ્રેફ્ર જ્ઞાન સ્વરૂપે, દર્શન સ્વરૂપે, 'હ્ર ઢઁ ફ્રસ્ફ્રેપ્રેફ્ર વેદન સ્વરૂપે. એટલી વિશેષતાવાળા બધા ગુણ લઈ લીધા છે. 'ભ્ફ્રહ્રેફ્ર – પ્રકાશ સ્વરૂપે. આવી અનેક પ્રકારની (વાતો લીધી છે).

છેલ્લે ૯૧ (શ્લોકમાં) બધાનો Total માર્યો કે, 'પુષ્કળ, મોટા, ચંચળ વિકલ્પરૂપ તરંગો વડે ઠતી આ સમસ્ત ઇન્દ્રજાળ...' આ બધા નયોની ઇન્દ્રજાળમાં પુષ્કળ વિકલ્પો છે, મોટા-

સ્થૂળ વિકલ્પો છે, ચંચળ વિકલ્પ છે. ચંચળ વિકલ્પ હોય ત્યાં ધ્યાન જામતું નથી. નિર્વિકલ્પ સમાધિ તો ધ્યાનની દશા છે તો ત્યાં નહિ થાય. દ્રવ્યના બધા વિકલ્પ ઉડાવ્યા, ગુણના વિકલ્પ ઉડાવ્યા, પર્યાયના વિકલ્પ ઉડાવ્યા. કેમ પણ ? દ્રવ્ય-ગુણ-પર્યાય તો વસ્તુનું સ્વરૂપ છે. (તો કહે છે), વસ્તુનું સ્વરૂપ સમજવું હોય, વસ્તુને ઓળખવી હોય ત્યારે એ સમજવા માટે ઇ ભેદનો ઉપયોગ છે. પ્રત્યક્ષ અનુભવમાં ભેદનો જરાપણ ઉપયોગ નથી. લટાનું તે ભેદોથી દૂર જાય તો જ એને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ ઉત્પન્ન થાય, નહીંતર થાય નહીં. વળી જેવો શુદ્ધોપયોગ છે એવી સદશ વસ્તુ છે, જેવો નિર્વિકલ્પ શુદ્ધોપયોગ છે બિલકુલ એવા જ સ્વભાવે – એવા જ ભાવે વસ્તુ છે. કેમકે ઇ તો એનો તદાકાર ઉપયોગ છે. તો એવી પણ વસ્તુ છે અને કથંચિત્ ભેદરૂપ પણ વસ્તુ છે ને કથંચિત્ આવી પણ વસ્તુ છે. બેય વસ્તુના સ્વરૂપના અંગ છે. તારે આરાધના માટે જે નિર્વિકલ્પ વસ્તુનું સ્વરૂપ છે તે અવલંબન માટે કામની ચીજ છે, ભેદવાળું જે વસ્તુનું સ્વરૂપ છે એ તારા અવલંબનને યોગ્ય નથી ને અવલંબન માટે કામમાં આવે એવી ચીજ નથી. એ જાણવાનો વિષય છે, આદરવાનો કે અવલંબવાનો વિષય નથી. જ્યારે નિર્વિકલ્પ સ્વરૂપ છે ઇ તો અવલંબવાનો વિષય છે.

પ્રશ્ન :– એમાં ઇન્દ્રજાળ શબ્દ શેના માટે વાપર્યો ?

સમાધાન :– આ નય વિકલ્પ માટે. જુદાં જુદાં નયથી વિકલ્પ ઉત્પન્ન થાય છે (માટે). એક નયથી – દ્રવ્યાર્થિક નયથી આત્મા દ્રવ્યસ્વરૂપ છે, પર્યાયાર્થિક નયથી પર્યાયસ્વરૂપ છે.

મુમુક્ષુ :– આમ તો ઇન્દ્રજાળનો અર્થ તો એવો થાય કે સર્વથા નથી એને માને.

પૂજ્ય ભાઈશ્રી :– ખરેખર તો એમ છે કે, અવલંબનનો વિષય છે એ સ્વરૂપે જ અસ્તિત્વને ગ્રહણ કરવું. જે અવલંબનનો નિર્વિકલ્પ શુદ્ધાત્મ દ્રવ્ય વિષય છે એ સ્વરૂપે જ અસ્તિત્વને ગ્રહણ કરવું, એટલું જ વસ્તુત્વ ગણવું. બાકીનું (શું) ? તો કે, અવસ્તુ ગણવી. ઠીક ! બાકીને અવસ્તુ ગણવી, અવસ્તુ ગણવી. કેમકે જે વસ્તુ પોતાને કામની ન હોય (તે અવસ્તુ). માણસ શું કહે કે, મારા દીકરા છગન મગન – બે સોનાના ને ગામના છોકરા ગારાના. આ ભલે કાણાંકૂબડા હોય તો સોનાના ને ઓલા રૂપાળા હોય તો ગારાના. એનો અર્થ શું ? કે, મારે કામના નથી. મારે તો આ જ કામના છે. એમ એને જે અવલંબનનો વિષય છે એટલી જ પોતાની સ્વ વસ્તુ અને બાકી અવસ્તુ. એટલી વસ્તુ અને બાકી અવસ્તુ, એમ.

પ્રશ્ન :– અહીંયાં ગૌણની અપેક્ષાએ ઇન્દ્રજાળ કીધી કે સર્વથા નથી ?

સમાધાન :– ગૌણ પણ ગૌણ આવી રીત ગૌણ, એમ. ગૌણ તો ખરું, પણ ગૌણ એટલે કેવું ગૌણ ? કે, જાણે એને અવસ્તુ કહી દે એવું ગૌણ. 'ગુરુદેવશ્રી'એ આ બધી વાતો બહુ ખોલેલી છે. એક વખત સાતમી ગાથાનો ભાવાર્થ 'રાજકોટ'માં ચાલતો હતો.

મુમુક્ષુ :– અવસ્તુ કીધી તો બાહ્યદૃષ્ટિએ અવસ્તુ જ બધી ઇન્દ્રજાળ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે જ એને ઇન્દ્રજાળ કીધી. ઇન્દ્રજાળ એટલે અવસ્તુ અને અવસ્તુ એટલે ઇન્દ્રજાળ. ઇન્દ્રજાળની ઉપમા કેમ લાગુ પાડી એને ? (કેમકે) ઇ કામની વસ્તુ નથી, અવસ્તુ (છે). જેમ ઇન્દ્રજાળ કામમાં આવતી નથી (એમ) આ ચીજ કામની નથી, પોતાની શાંતિ માટે કામની નથી.

સાતમી ગાથાનો વિષય એવો લીધો છે કે 'ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર કથને જ્ઞાનીને, ચારિત્ર નહીં દર્શન નહીં નહીં જ્ઞાન જ્ઞાયક શુદ્ધ છે' જેને ચારિત્ર નહીં, જેને દર્શન નહીં, જેને જ્ઞાન નહીં તેવો શુદ્ધ જ્ઞાયક છે. ઠીક ! જ્ઞાન-દર્શન-ચારિત્ર ત્રણ મુખ્ય ગુણથી તો આત્માને ઓળખાવે. આગળ એમ કહ્યું કે જે દર્શન-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત હોય તે આત્મા. આઠમી, નવમી ગાથામાં એમ કહેશે. તો અહીંયાં પહેલાં સાતમીમાં ઉડાવે છે. આત્માને બંધના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો પણ એને દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ વિદ્યમાન નથી. 'ंफ्रफ्रिफ्रेंह्रेफ – વિદ્યમાન નથી. દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી તો આત્મા તો ગુણ વગરનો ખાલી થઈ જશે. (તો કહે છે), એમ વિદ્યમાન નથી (એમ કહ્યું) – એ ગૌણ કરવાની પદ્ધતિ છે. અધ્યાત્મની ગૌણ કરવાની પદ્ધતિ એટલે કે જે વિષયને ગૌણ કરવો હોય એને એટલા જોરથી એનો નકાર અને નિષેધ કરે છે કે જો ભાવને – કહેનારના ભાવને ન સમજે તો એમ માને કે આ તો વસ્તુના સ્વરૂપને તોડી નાખે છે, વસ્તુનું બંધારણ આવું નથી. એમ થઈ જાય એને.

મુમુક્ષુ :– અહીંયાં ભેદ ઉપર દૃષ્ટિ છોડાવવા માટે નથી એમ કીધું. દર્શન, જ્ઞાન, ચારિત્ર નથી એટલે અહીંયાં ભેદ નથી એમ કહેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભેદ નથી એમ કહેવું છે. પણ આચાર્યને 'ભેદ નથી' એમ કહેતા તો આવડતું હતું. બહુ ઉત્કૃષ્ટ વ તા છે, આચાર્યદેવ તો ઉત્કૃષ્ટ વ તા છે ! તો દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ નથી એમ કહેવું હતું. દર્શન, જ્ઞાન, ચારિત્ર વિદ્યમાન નથી એવું શું કરવા કહો છો ? નકામું કોઈ ભ્રમમાં પડે. આમ તો દલીલ થાય કે ન થાય ? 'ર શ्रेंफ्रफ्रेंफ्रफ्रिय्फ्रिफ्रहस्फ्रोंफ्रफ्रिफ्रेंह्रेफ એના બદલે એમ કહી શકત કે 'ર શ्रेंफ्रफ्रेंफ्रफ्रिय्फ्रिफ्र

भेक्रस्त्रफ्रोंफ्रक्रिफ्रेंह्के એટલો શબ્દ નાખ્યો હોય તો ચોખ્ખું થાત કે નહીં ? ઇ ચોખ્ખું કરવામાં જે એમને નિષેધ કરવામાં Force દેવો છે ઇ નથી દેવાતો. એમને જે જોર દેવું છે ઇ જોર માર્યું જાય છે અથવા એવા નિર્વિકલ્પ અભેદ સ્વભાવના જોરમાં જે વાણી આવે છે એમાં વચ્ચે ભેદનો શબ્દ ને વિકલ્પ (આવે છે એ) ડખલ એમને પોસાતી નથી. એમ વાત છે. અભેદના જોરમાં ભેદવાળી વાણી પણ નથી આવતી, એમ કહેવું છે. જ્ઞાનમાં બધું છે. જેવું વસ્તુનું સ્વરૂપ ભેદાત્મક છે ઇ જ્ઞાનમાં નથી કાંઈ ? પણ અભેદનું જોર આવું કામ કરે છે. એમાંથી ઇ જોર પકડવું જોઈએ કે, આવું જોર આવ્યા વિના મારી નિર્વિકલ્પ અભેદદશા થશે નહીં. આ શુદ્ધોપયોગ જ મોક્ષનો સાધક છે. માટે એ શુદ્ધને જ વંદન કર્યા છે, 'પ્રવચનસાર'ના ચારિત્રમાં – આચરણના અધિકારમાં શુદ્ધોપયોગધારીને જ વંદન કર્યા છે.

આ સાતમી ગાથા બહુ સરસ છે. ભાવાર્થની અંદર પંડિત 'જયચંદજી'એ બિલકુલ આવો Cross Question સામે મૂ યો છે કે, **'અહીં કોઈ કહે...'** પોતે તો સમજે છે એટલે પ્રશ્ન ઉઠાવે છે. કોઈ એમ (એટલે) કોઈને પ્રશ્ન થઈ શકવા યોગ્ય છે કે, **'પર્યાય પણ દ્રવ્યના ભેદ છે, અવસ્તુ તો નથી.'** જેમ તમે ઇન્દ્રજાળ માટે પ્રશ્ન કર્યો કે, ઇન્દ્રજાળ તો અવસ્તુ કહેવાય. એમ પર્યાય તો દ્રવ્યનો જ ભેદ છે. આખા પ્રમાણરૂપ વસ્તુનું એક અંગ છે. પર્યાય તો દ્રવ્યનો જ ભેદ છે, વસ્તુનું જ અંગ છે, કાંઈ અવસ્તુ નથી **'તો તેને વ્યવહાર કેમ કહી શકાય ?'** તો એને શા માટે વ્યવહાર કહો છો ? એને વસ્તુનું અંગ કહો, ભેદ કહો. પોતે તો બહુ ઠંડો જવાબ આપ્યો છે પણ 'ગુરુદેવે' પ્રવચનમાં આટલો ઠંડો ઉત્તર નહોતો આપ્યો. એ તો પોતે ઉત્તર વાંચ્યા પહેલાં જ ઉત્તર આપ્યો કે, એ પર્યાય અવસ્તુ છે, બોલ ! એક વાર પર્યાય અવસ્તુ છે, હાલ તારે કહેવું છે કાંઈ ? અવસ્તુનો પ્રશ્ન ઉઠાવ્યો ને (આમ કહ્યું).

'રાજકોટ'ના પ્રવચનની વાત કરું છું. સાતમી ગાથા ચાલતી હતી પછી આધાર લીધો. અહીંયાં ભાવાર્થ ઉપર આમ વાત કરી કે, પર્યાય દ્રવ્યના જ ભેદ છે અવસ્તુ તો નથી. તો કહે, અવસ્તુ છે, પર્યાય અવસ્તુ છે ઠીક ! આવું પ્રવચનમાં કહ્યું. 'જયચંદજી'એ તો ધગધગતો જવાબ નથી આપ્યો. એમણે તો એમ કીધું કે, **'એ તો ખરું છે...'** તારી વાત સાચી છે. બંધારણની અપેક્ષાથી તારી વાત સાચી છે **'પણ અહીં દ્રવ્ય દષ્ટિને અભેદને પ્રધાન કરીને ઉપદેશ છે.'** અને આવી રીતે **'અભેદ દષ્ટિમાં ભેદને ગૌણ કહેવાથી જ અભેદ સારી રીતે માલુમ પડી શકે છે.'** એ સિવાય અભેદને સારી રીતે કહેવા માટે અને સારી

રીતે દર્શાવવા માટે બીજી પદ્ધતિ બરાબર નથી એટલે એને અવસ્તુ કહેવામાં આવે છે, વિદ્યમાન નથી એમ કહેવામાં આવે છે તો ઇ યોગ્ય જ છે.

**'અહીં અભિપ્રાય છે કે ભેદ દૃષ્ટિમાં નિર્વિકલ્પદશા થતી નથી અને સરાગીને વિકલ્પ રહ્યાં કરે છે; માટે જ્યાં સુધી રાગાદિક મટે નહીં ત્યાં સુધી ભેદને ગૌણ કરી અભેદરૂપ નિર્વિકલ્પ અનુભવ કરાવવામાં આવ્યો છે.'** એ અધ્યાત્મ શાસ્ત્રની પદ્ધતિ છે અને તે પદ્ધતિ એકદમ બરાબર યોગ્ય જ છે. 'ગુરુદેવે' તો આ બધું બહુ સ્પષ્ટ કરેલું છે. પ્રવચનોની અંદર આ બધું ખૂબ સ્પષ્ટ થયેલું છે. આગમ શું, અધ્યાત્મ શું, આગમ-અધ્યાત્મનો મેળ શું, એની અનેકાંતતા શું, એની સમ્યક્ એકાંતતા શું. બધા વિષયો 'ગુરુદેવે' સ્પષ્ટ કરેલા છે.

એમ જ્ઞાન લક્ષણ એક ભેદ ઉપરથી પણ નિર્ભેદ થવાનો, અભેદ થવાનો, અભેદ દ્રવ્યને ઓળખવાનો, અભેદ વસ્તુને પરખી લે એટલા માટે એક જ્ઞાન લક્ષણમાં પણ અનંત ગુણના રૂપો છે – સ્વરૂપો છે એ પણ એને સમજાય જાય છે.

પ્રશ્ન :– જેટલામાં વિભાવ છે ત્યાં જ સ્વભાવ છે તો ગોતવો કઈ રીતે ?

સમાધાન :– હા, ત્યાં જ સ્વભાવ છે છતાં વિભાવ છે તે સ્વભાવ નથી અને સ્વભાવ છે તે વિભાવ નથી. ત્યાં હોવા છતાં બન્ને જુદે જુદાં છે. સ્વભાવે એટલા બધા જુદાં છે કે એક પ્રકાશ સ્વરૂપ છે અને એક અંધકાર સ્વરૂપ છે, એક કાળું ધબ છે, એક પ્રકાશનું પૂર છે. એટલો પ્રકાશ છે કે જેની અંદર જેનાથી રાગનું અંધારું બહુ દૂર રહે એવું પ્રકાશ સ્વરૂપ છે.

પ્રશ્ન :– સ્વભાવને જોવે ત્યાં વિભાવ ભાગી જાય ?

સમાધાન :– શ્રીગુરુના વચનમાં વારંવાર સ્વભાવને જ બતાવવામાં આવે છે અને વારંવાર સ્વભાવને બતાવે એને જ ગુરુ કહેવામાં આવે છે. 'દિપચંદજી'એ 'આત્માવલોકન'માં એ વાત લીધી '[illegible]'. વારંવાર આત્માને બતાવે તેને ગુરુ કહીએ. એક સેકન્ડના અસંખ્ય ભાગમાં આત્મા જ્ઞાનાનંદ, નિત્યાનંદ, નિર્મળાનંદ (છે). 'ગુરુદેવ'ની શૈલી આ હતી. એક સમયમાં એટલે અત્યારે વર્તમાન સમયમાં આવો છે. ગમે ઇ અધિકાર ચાલતો હોય તો આ વિષય તો અનેકવાર આવે, આવે ને આવે જ. એ વારંવાર બતાવે છે.

કોને એ મળી જાય છે ? કે, જેને એની શોધ ચાલતી હોય એને મળી જાય છે. **'શોધી લે...'** એમ કહ્યું ને ? કોને મળે છે ? કે જેને એની શોધ ચાલે છે તેને મળે છે. દ્રવ્યને શોધતો જ ન હોય, પોતાના મૂળ સ્વરૂપને શોધતો જ ન હોય એને દર્શાવે તોપણ

મળતું નથી. જે શોધે છે એને મળે છે. સ્વદ્રવ્યની શોધમાં નીકળ્યો હોય અને ન મળે એવું કદી બનતું નથી. એટલું એ પ્રસિદ્ધ છે. જ્ઞાયકદેવ ટંકોત્કીર્ણ છે એમ કહેવાય છે એટલા માટે. એને ભૂંસાડી શકાતું નથી તો નહીં મળવાનો ક્યાં પ્રશ્ન છે ? નહીં મળવાનો પ્રશ્ન રહેતો નથી.

(આપણે જે વિષય ચાલતો હતો) ત્યાં તો એ વિચાર હતો કે, દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદ સ્વરૂપે નહીં હોવા છતાં સ્વભાવ તો દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યાપ્ત છે. જ્ઞાન લક્ષણમાં પણ સ્વભાવ વ્યાપ્ત છે, ગુણમાં પણ સ્વભાવ વ્યાપ્ત છે અને દ્રવ્યમાં પણ વ્યાપ્ત છે. ત્રણેયમાં વ્યાપ્ત હોવા છતાં ત્રણેયથી નિરપેક્ષ, ત્રણેયના ભેદ વિનાનો એકાકાર સ્વભાવ જણાય ત્યારે એણે સ્વભાવને સ્વભાવ સ્વરૂપે જાણ્યો છે એમ જાણવું. જ્યાં સુધી દ્રવ્યના ભેદે, ગુણના ભેદે, પર્યાયના ભેદે લક્ષમાં આવે ત્યાં સુધી એવું ભેદવાળું સ્વભાવનું સ્વરૂપ નહીં હોવાથી સ્વભાવ સ્વભાવ સ્વરૂપે જાણવામાં આવતો નથી. અને સ્વભાવ સ્વરૂપે નહીં જાણવામાં આવતો ભાવ, ભેદાત્મક જેવો છે તેવો તે વિકલ્પનો ને રાગનો ઉત્પાદક થાય છે. સ્વભાવ રાગનો ઉત્પાદક થાય નહીં. આમ છે.

મુમુક્ષુ :- અંદર જઈને..

પૂજ્ય ભાઈશ્રી :- શોધી લે અંદર જઈને, એમ કહે છે. પર્યાયમાં પ્રગટ છે, જ્ઞાન લક્ષણમાં પ્રગટ છે અને જ્ઞાન લક્ષણમાં પ્રગટ છે એમ અંદર જ્યાં જુએ છે તો દ્રવ્ય-ગુણ પણ પ્રગટ છે. દ્રવ્ય-ગુણ-પર્યાયે પ્રગટ છે તો પ્રગટ જ છે. પ્રગટ એનું સ્વરૂપ છે, સહજ પ્રત્યક્ષ એનું સ્વરૂપ છે અને કોઈ પણ દ્રવ્ય-ગુણ-પર્યાયના ભેદમાં એનો વાસ દેખાતો નથી. ૧૨૫ (બોલ પૂરો) થયો.

જ્ઞાન લક્ષણથી આત્મા ઓળખવા ઉપર તો આખું પ્રકરણ 'નિર્ભ્રાંત દર્શનની કેડીએ..'માં (લખ્યું છે). જ્ઞાન લક્ષણથી આત્મા ઓળખવા માટે 'નિર્ભ્રાંત દર્શન...'માં એક પ્રકરણ જ એના ઉપર લીધું છે, સૌથી મોટું પ્રકરણ એના ઉપર જ લીધું છે.

**પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય પર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ. જેને લાગી હોય તેને પુરુષાર્થ પડ્યા વિના રહેતો જ નથી. અંદરથી કંટાળે, થાકે, ખરેખરનો થાકે, તો પાછો વળ્યા વિના રહે જ નહિ. ૧૨૬.**

૧૨૬. પુરુષાર્થનો બોલ છે, દૃષ્ટિનો પણ બોલ છે અને મુમુક્ષુની યોગ્યતા કેવી હોય એને આ દૃષ્ટિ ને પુરુષાર્થ  પડે એ વાત પણ એની અંદર (લીધી છે). ચાર લીટીમાં ત્રણ વિષય સમાવેલા છે. બહુ થોડામાં ઘણું કહેવાય એ કહેનારની વચન ગંભીરતા છે. એમ છે.

સામાન્ય રીતે મહાન આચાર્યોની આ પદ્ધતિ રહી છે. શાસ્ત્રની અંદર, સૂત્રની અંદર શબ્દો થોડા હોય અને દરિયા જેટલો વિષય ભરી દીધો હોય ! ગાગરમાં સાગર જેમ કહે એવી રીતે. આવે જ છે ને ? આમાં બહુ ટૂંકા ટૂંકા સૂત્રો છે – 'ઉમાસ્વામી' મહારાજનું 'તત્ત્વાર્થસૂત્ર'. જ્ઞાનના પાંચ ભેદ છે. મતિ-શ્રુત-(અવધિ), મનઃપર્યય અને કેવળ. પછી મતિ અને શ્રુત છે ઇ પરોક્ષ છે એમ ન કહે. 'ह्नफ्रफ्राप्रफ्रफ्र આદિ એટલે શરૂઆતના. આદ્ય એટલે દ્વિવચન. સંસ્કૃતમાં એકવચન, દ્વિવચન અને બહુવચન (એમ) વ્યાકરણમાં ત્રણ ભેદ પડે છે. દ્વિવચન માટે દરેક શબ્દ જુદો. બહુવચન માટે જુદો. હું, અમે બે, અને અમે બધા. એમ 'અમે બે' માટે જુદો શબ્દ આવે. તું, તમે બે અને તમે બધા. 'બે' માટે જુદો શબ્દ આવે.

(એમ અહીંયાં) આદ્ય એટલે કહેવાની જરૂર નહીં કે પહેલાંના બે. મતિ-શ્રુત એમ કહેવાની જરૂર નહીં. આ પાંચ કહ્યા એમાં આદ્ય કહેતા પહેલાં બે પરોક્ષ છે. 'ñहफ्रफ्रक्कह्नाँ फ्रक्क'ह्नाँ फ्रक्क એટલે બાકીના પ્રત્યક્ષ છે. કેટલું ટૂંકું કહે છે. બેને કહેવા માટે બે શબ્દ વાપર્યા – 'ह्नफ्रफ्र प्राफ्रफ्र ત્રણને કહેવા માટે બીજા બે શબ્દ વાપર્યા કે 'ñहफ्रफ्रक्कह्नाँ फ्रक्क જાવ, બીજા છે ઇ પ્રત્યક્ષ છે. બે બે શબ્દમાં સૂત્ર છે. એક સૂત્રમાં બે શબ્દ. પણ એની અંદર કેવળજ્ઞાન સુધીની વાતો ભરી દ્યે ! કેવળજ્ઞાન પ્રત્યક્ષ છે.

**'પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ.'** દૃષ્ટિ એટલે શ્રદ્ધા. જેટલું વેદન છે એટલો જ હું, પર્યાયમાં પર્યાય વેદાય છે એટલો જ હું એવા ક્ષણિક પર્યાય ઉપર પોતાના અસ્તિત્વની સ્થાપના અનાદિથી રાખી છે અને ક્ષણે ક્ષણે એ પર્યાય વિલીન થતી હોવાથી, નાશ થતી હોવાથી પોતાનું ભાવમરણ પણ ક્ષણે ક્ષણે થઈ રહ્યું છે. એવી જે પર્યાય ઉપર દૃષ્ટિ સ્થાપી છે અને પર્યાય ઉપર દૃષ્ટિ સ્થાપી હોવાને લીધે રાગાદિ ક્ષણિક ભાવોમાં અથવા ક્ષયોપશમ આદિ ક્ષણિક ભાવોમાં એકત્વબુદ્ધિ થઈ રહી છે. શ્રદ્ધા, જ્ઞાન અને આચરણ. પછી જ્ઞાન અને આચરણ તો શ્રદ્ધાને અનુસરતા હોવાથી પર્યાય જેટલો અને જેવડો જ હું એમ શ્રદ્ધાએ પણ છે, એમ જ્ઞાનમાં પણ એકત્વબુદ્ધિથી છે, પર્યાયની એકત્વબુદ્ધિ

તે જ્ઞાનનો પર્યાય છે ને એકત્વ તે આચરણનો પર્યાય છે. એ શ્રદ્ધા, જ્ઞાન, આચરણ એકલા પર્યાયમાં જ છે અને પર્યાય જ આત્મા થઈ પડ્યો છે. એક ન્યાયે તમામ મિથ્યાદૃષ્ટિ બૌદ્ધમતિ છે. બૌદ્ધમતિ ક્ષણિકવાદી છે ને ? તમામ 'પર્યાય મૂઢાઃ પરસમયા' જૈન મતની બહાર (છે). પરસમય એટલે જૈન મતની બહાર કોણ છે ? કે, બધા મિથ્યાદૃષ્ટિ માત્ર પર્યાયને અવલંબતા હોવાથી, પર્યાયમાં જ દૃષ્ટિ હોવાથી, પર્યાયમાં જ એકત્વબુદ્ધિ હોવાથી અને પર્યાયમાં લીન હોવાથી (બૌદ્ધમતિ છે).

સ્વભાવ અંતર તત્ત્વ છે અને એ સ્વભાવની અપેક્ષાએ વિભાવ તો બહિર્તત્ત્વ છે જ પણ પર્યાય પોતે બહિર્તત્ત્વ છે. અથવા સ્વભાવ નિર્ભેદ અભેદ તત્ત્વ એ અંતર તત્ત્વ છે અને કોઈપણ ભેદ તે બહિર્તત્ત્વ છે. દ્રવ્ય, ગુણ, પર્યાયનો કોઈપણ ભેદ તે બહિર્તત્ત્વ છે. એટલો સ્થૂળ-સૂક્ષ્મની અપેક્ષાએ ફરક છે તો કહે છે, એ છોડી દે.

પ્રશ્ન :– એકત્વબુદ્ધિનું તમે કીધું, જ્ઞેય જ્ઞાનમાં જણાય અને એકત્વબુદ્ધિ થવી એ બેય એક જ સમયે છે ?

સમાધાન :– થાય છે એક જ સમયે, પણ જાણવા સિવાય થતું નથી, જાણતા થાય છે, જાણીને થાય છે, જાણતાવેંત થાય છે, જાણતા તત્ સમયે થાય છે.

પ્રશ્ન :– એક જ સમયે થાય છે. જ્ઞેયનું જ્ઞાનમાં જણાવું અને એકત્વ થવું એક જ સમય છે ?

સમાધાન :– એક જ સમય છે, એક જ સમય છે. પહેલાં જાણે પછી બીજા સમયે એકતા કરે એમ નથી. એકતા સહિત જ જાણે છે, એમ કહેવું છે. જો એમ ન હોય તો પહેલાં જુદો રહ્યો અને પછી એકતા કરી એમ થાય. એમ તો થતું નથી. ન્યાયથી મેળ ખાય એવું નથી. ખરી વાત એ છે.

**'પર્યાય પરની દૃષ્ટિ છોડી દ્રવ્ય ઉપર દૃષ્ટિ દે તો માર્ગ મળે જ.'** એમ કરીને અનાદિથી જે પર્યાયબુદ્ધિ છે, પર્યાય જેટલું જ પોતાનું અસ્તિત્વ પકડ્યું છે. અસ્તિત્વ ગ્રહણ કરતાં તો આવડે જ છે. પર્યાયમાત્રમાં અસ્તિત્વ ગ્રહણ કર્યું છે. પોતે ત્રિકાળી હોવા છતાં, ત્રિકાળ રહેતો હોવા છતાં એક ક્ષણવર્તી પર્યાય જેટલો અને જેવડો જ પોતાને ગ્રહણ કરે છે એ પ્રકાર છોડી દે તો એને માર્ગ મળે જ. એ પ્રકાર રાખીને માર્ગ નહીં મળે. એ પ્રકાર છોડી દેતા માર્ગ મળશે. પર્યાયબુદ્ધિ ઉડાવી દે, પર્યાયદૃષ્ટિ ઉડાવી દે. એક ન્યાયે તો એમ કહે છે કે એ પર્યાયત્વના ભેદને જ ન જો તું.

આ જ્ઞાન લક્ષણમાં આ પ્રશ્ન થવા યોગ્ય છે. આપણે પ્રકરણમાં ઇ ચર્ચા કરી છે કે જ્ઞાન તો પર્યાય છે ને ? અને અમારે તો દ્રવ્યને ઓળખવું છે. જ્ઞાન લક્ષણથી શ્રીગુરુ ઓળખાવે છે એમ કહ્યું તો જ્ઞાન લક્ષણ તો અહીંયાં પ્રગટ પર્યાય છે અને અમારે દ્રવ્યને ઓળખવું છે. તો કહે (છે), એ પર્યાયમાં દ્રવ્યને જોવાની વાત છે, પર્યાયમાં પર્યાયને જોવાની વાત નથી.

બીજું, કે નયજ્ઞાનની અંદર પર્યાય એકાંતે કદી દેખાતી નથી. પર્યાયાર્થિક નયમાં પણ એકાંતે પર્યાયનું જ્ઞાન થતું નથી. પર્યાયાર્થિક નય દ્રવ્યાર્થિક નય સાપેક્ષ છે. 'પ્રવચનસાર'માં જ્યાં ૪૭ નયોનું વર્ણન કર્યું ત્યારે 'અમૃતચંદ્રાચાર્યે' કહ્યું કે, જેટલા કથન છે એટલા નયવાદ છે. આવા અનંતા નયો છે. અનંતા નયો અનંતા ગુણધર્મોને જાણનારા છે એટલે એમાં પ્રવેશે છે. તેમ છતાં વસ્તુ અનેક ધર્મ સહિત હોવાથી અને પ્રમાણ પણ અનેક ધર્મોમાં વ્યાપ્ત હોવાથી નયની પ્રવૃત્તિ હંમેશાં પ્રમાણ સહિત હોય છે. એટલે સમ્યક્ નયો તો સાપેક્ષ જ હોય છે, નિર્પેક્ષ કોઈ દિવસ સમ્યક્ નય હોતો નથી. એટલે પર્યાય નયથી આત્મા પર્યાય સ્વરૂપે છે એમ કહેતા દ્રવ્ય નયથી દ્રવ્ય સ્વરૂપે છે એમ કહેનારને લક્ષમાં છે. એટલે આગમની જે વસ્તુ વ્યવસ્થા છે એમાં કાંઈ ભૂલ પડતી નથી. બરાબર પર્યાયાર્થિક નયથી, દ્રવ્યાર્થિક નયથી ગમે ઇ વાત વારાફરતી કરે (તોપણ વસ્તુ લક્ષમાં છે). દ્રવ્યાર્થિક ને પર્યાયાર્થિક બન્ને એકસાથે તો કહેવાય નહીં કેમકે વસ્તુ એ રીતે અવ તવ્ય છે. તો એક નયથી વાત ચાલતી હોય ત્યારે બીજા નયનો વિષય પણ જેમ છે તેમ જ્ઞાનમાં રહે તો કહેનારની વાત બરાબર છે, નહીંતર એમાં કાંઈક એકાંત થઈ જાય છે અને વસ્તુ જેમ છે એમ જ્ઞાનમાં રહેતી નથી. અહીંયાં પર્યાય ઉપરની દૃષ્ટિમાં એકાંતે પર્યાયનો અનુભવ થાય છે અને ત્રિકાળી દ્રવ્ય સામાન્ય જાણે છે જ નહીં એમ ડી જાય છે. દૃષ્ટિ તો એકને વિષય કરે, બેને કરી શકે નહીં.

**'તો માર્ગ મળે જ.'** જો દ્રવ્ય ઉપર દૃષ્ટિ દેવામાં આવે અથવા ત્રિકાળીમાં પોતાના અસ્તિત્વને સ્થાપવામાં આવે, શ્રદ્ધાથી ત્રિકાળીને શ્રદ્ધવામાં આવે – વિષય કરવામાં આવે તો એને માર્ગ મળે જ એટલે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેની પ્રાપ્તિ થાય જ, ન થાય એવું બને નહીં. પણ બહુ ટૂંકામાં વાત કરી દીધી. આ વર્તમાન પર્યાય ઉપર તારી દૃષ્ટિ છે એટલો જ એવડો જ તું તને અનુભવ કરે છો આ તારો મિથ્યા અનુભવ છે. આખી દૃષ્ટિ ત્યાંથી ઉઠાવીને આખી સ્થાપના ત્યાંથી બદલી નાખ અને તારા મૂળ સ્વરૂપમાં તારી

સ્થાપના શ્રદ્ધાએ કરીને કર. 'આ હું છું' એમ શ્રદ્ધામાં સ્થાપ. બસ ! તને મોક્ષનો માર્ગ હાથમાં આવી ગયો. આટલું શ્રદ્ધામાં થતાં તને મોક્ષનો માર્ગ – માર્ગ એટલે મોક્ષનો માર્ગ તને હાથમાં આવી ગયો. આટલું ટૂંકામાં સમાવી દીધું. માર્ગ મળવામાં આ એક દૃષ્ટિ ફેર કર અને માર્ગ મળી જાય એવું વસ્તુ સ્વરૂપ છે.

મુમુક્ષુ :– બૌધ મટીને જૈન થઈ જવાનું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બૌદ્ધત્વ – પરસમયપણું નાશ પામશે, સ્વસમયપણું ઉત્પન્ન થશે. એટલે જ સ્વસમયની અપેક્ષાએ આત્માને સમય કહ્યો છે. સમયસાર કહ્યો ને ! સાર તો વિપરીતના પરિહારના અર્થે (કહ્યું). એમાં દ્રવ્યકર્મ નહીં, ભાવકર્મ નહીં, નૌકર્મ નહીં. ત્રણેય ન લીધા. અનુભૂતિ લેવી છે એટલે પછી અવસ્થા નહીં એમ નથી લીધું પણ ભેદ તો એમાં ન લેવાય એ બધું એમાં આવી જાય છે. કેમકે ભેદનું અવલંબન એ વસ્તુનું સ્વરૂપ નથી. અધ્યાત્મમાં આશ્રય કરવાની અપેક્ષાએ એ અવસ્તુનું સ્વરૂપ છે એમ કહી દે છે.

પ્રશ્ન :– સમ્યક્ એટલે શું ?

સમાધાન :– સમ્યક્ એટલે સાદો અર્થ છે સાચું. અને સમ્યક્ એટલે સત્ય, એમ સાદો અર્થ એમ કહેવાય છે. પણ મૂળ સંસ્કૃત ભાષામાં સમ્યક્ અર્થ આત્માભિમુખ દિશા સૂચવવી હોય ત્યારે એ શબ્દનો પ્રયોગ થાય છે.

નાનપણમાં અમે R.S.S. ની શાખામાં જતા હતા. (એમાં) અગ્રેસર બનાવે. પાંચ-પાંચ, દસ-દસની ટુકડીનો એક અગ્રેસર હોય. ત્યાં સંસ્કૃતમાં બધી વાતો થાય. Hinduisamની Branch ને એટલે મૂળ હિન્દુની ભાષાનું Level પણ સંસ્કૃતનું. એટલે ત્યાં બધા Orders સંસ્કૃતમાં થાય. Captainને અગ્રેસરો મારી સામે આવીને ભા રહે એમ કહેવું હોય તો એમ કહે કે અગ્રેસર સમ્યક્. ઇ શબ્દ ત્યાં પહેલો વહેલો સાંભળ્યો હતો. દસ-અગિયાર વર્ષની ઉંમરે. અગ્રેસર સમ્યક્. અગ્રેસરો જે હોય એ બધા સામે આવી જાય, મારી સન્મુખ આવે. એ સમ્યક્ એટલે આત્માભિમુખ – સન્મુખ થવું, નિજ સન્મુખ થવું એને સમ્યક્ કહેવામાં આવે છે. એ દિશાસૂચક છે અને જીવના તમામ ગુણોના પરિણામ પોતાના આત્માભિમુખ રહે તે જ પરિણામ સમ્યક્ છે, ભલે જ્ઞાનનો ઉપયોગ હોય પણ બહાર જાય એટલે એનો નિષેધ કર્યો છે, એના ઉપર ધોકો જ માર્યો છે કે, ઉપયોગ બહાર નિકલા કિ જમકા દૂત સમજો. એને મોત જ સમજો, એને જીવન નહીં સમજો. ઉપયોગ બહાર જાય તે જ્ઞાનનું જીવન નહીં, તે જ્ઞાનનું પરિણમન નહીં, તે જ્ઞાનનું મૃત્યુ છે એની અંદર. કેમકે જ્ઞાનને

આવરણ કરવાનો એ ઉપાય છે. ઉપયોગને બહાર જાવું એ જ્ઞાનનો વિનાશક છે. ઉપયોગ બહાર જાય તો એ પોતે જ જ્ઞાનનો વિનાશક છે, પોતે જ પોતાનો વિનાશક છે.

મુમુક્ષુ :- ઉપયોગ તો જ્ઞાની ગુરુને બધાય ને બહાર તો જાય ને !

પૂજ્ય ભાઈશ્રી :- જાય છે તો કહે છે કે ઇ અમારો ઉપયોગ નથી, ઇ અમારું સ્વરૂપ નથી એમ કહે છે. ઇ અમારું સ્વરૂપ નથી. એક વાર 'પાલીતાણા'ની તળેટીમાં 'શેત્રુંજય'ની તળેટીમાં 'ગુરુદેવે' ચર્ચા કાઢી. રવિવારે જતા ને ? (અમે) સાથે ગયા હતા. થોડીવાર બધા મૌન બેઠા હતા પછી એમાંથી કાંઈક અંદર વિચાર ચાલતા હશે. ૧૭૨ ગાથાના અલિંગગ્રહણના નવમા બોલની ચર્ચા કરી, વિષય ઇ કાઢ્યો કે, આચાર્યદેવ કહે છે કે, મારા ઉપયોગનું કોઈ હરણ કરી જઈ શકતું નથી. ઉપયોગનું કોઈ હરણ કરી જઈ શકતું નથી. ગ્રહણ એટલે હરણ કરવું, અહીંયાં એવો અર્થ કર્યો છે. પોતે ને પોતે પાછા કહે છે કે, પણ પ્રભુ ! આચાર્યદેવને પ્રભુ કહે છે. છટ્ઠે સાતમે ગુણસ્થાને છે એમ નથી કહેતા પણ પ્રભુ એમ કહે. 'અમારો ઉપયોગ તો છદ્મસ્થ છીએ (એટલે બહાર જાય છે) અને અમે તો છદ્મસ્થ સાધક છીએ ને છદ્મસ્થ છીએ ને અમારો ઉપયોગ તો બહાર જાય છે.' 'હાલ... હાલ, ઉપયોગ બહાર જાય ઇ આત્માનો ઉપયોગ નહીં.' બહાર જાય તે આત્માનો ઉપયોગ નહીં. પોતે ને પોતે પાછો જવાબ દ્યે. પોતે ને પોતે પ્રશ્ન કરે છે, પોતે ને પોતે ઉત્તર આપે છે. એનો અર્થ નિષેધ કેટલો છે.

જેમ ઓલા દીકરાને કહે ને કે તું આવો પાક્યો ! તું મારો દીકરો નહીં. ચાલ ઘરમાંથી નીકળી જા. મારો દીકરો જ નહીં તું. મારો દીકરો આવો હોય નહીં. એમ કરે. એના જેવી વાત છે. એટલો નિષેધ છે. એટલે એ સમ્યક્ ઉપર કેટલું વજન છે, અહીંયાં એ લેવાનું છે. આત્માભિમુખપણું એના ઉપર એટલું વજન છે કે એનો જ્ઞાનનો ઉપયોગ સમ્યક્જ્ઞાન છે, એ કાંઈ મિથ્યાજ્ઞાન નથી, ભલે સમ્યક્જ્ઞાન હોય પણ ઉપયોગ બહાર ગયો જ કેમ ? એના ઉપર મમત્વ હોય નહીં. પછી એ શાસ્ત્રમાં જાય તો એના ઉપરનું મમત્વ નહીં, ગુરુ ઉપર જાય તો મમત્વ નહીં, દેવ – સર્વજ્ઞદેવ ઉપર જાય તો મમત્વ નહીં. એમ લીધું. 'સોગાનીજી'એ એ કીધું કે, ઇ તો સીધી ભઠ્ઠી જ સળગે. દેવ-ગુરુ અને શાસ્ત્ર ઉપર ઉપયોગ જાય એટલે ભઠ્ઠી ચાલુ થાય. (માત્ર) કહેવાની વાત નથી. ભઠ્ઠીનો અનુભવ કરવાની વાત છે. એવી વાત છે.

મુમુક્ષુ :- તો અંદર જવાય.

પૂજ્ય ભાઈશ્રી :– તો અંદર જવાય અને આવી શાંતિની તુલના આવી છે. સીધી નથી શાંતિ બતાવી શકાતી એટલે આડકતરી રીતે આમ બતાવવી પડે છે. આ પરમશાંત વીતરાગદેવ (એમને) જોતા ઉપયોગ ઠરવાનું નિમિત્ત ગણવામાં આવે. ધ્યાનનું કારણ છે, ભગવાનની પ્રતિમા અને ભગવાનના દર્શન પોતે સમ્યક્‌દર્શન અને સમ્યક્‌દૃષ્ટિને ધ્યાનનું કારણ છે. મિથ્યાદૃષ્ટિને સમ્યક્‌દૃષ્ટિનું કારણ અને સમ્યક્‌દૃષ્ટિને ધ્યાનનું કારણ છે. બેયને ઉપયોગી છે. તો કહે છે, એ ઠીક છે. અમુક હદે એ વાત અમુક ન્યાયે છે પણ અહીંયાં અમારા સ્વરૂપમાંથી બહાર નથી નીકળવું એને તો કહે છે કે ભઠ્ઠી સળગે, સીધી ભઠ્ઠી પડે એટલું પણ નહીં. ઠીક ! એવા જોરની વાત છે.

એ પોતે ખુલાસો પણ કરતાં કે આવી નિમિત્ત નૈમિત્તિક સંબંધીની તો કેટલાય પ્રકારથી વાતો આવે છે અને એમાં એ પ્રકાર એમ સૂચવે છે કે આમ થતાં પછી આમ થાય, આમ થતાં પછી આમ થાય, આમ થતાં આમ થાય તો એને સાધન ને આને સાધ્ય, એને સાધન ને આને સાધ્ય (કહેવાય). શાસ્ત્રમાં આ પદ્ધતિ ચાલી છે. તો કહે, શિથિલતાના પ્રકારોમાં એવું બને છે. શું કહે ? સીધું ધ્યાન ન જામે તો મૂર્તિનું અવલંબન લે, વચનનું, વિકલ્પનું અવલંબન લે. સ્વરૂપને વિષય કરતા વિકલ્પો – શુદ્ધોહં, નિર્વિકલ્પોહં, એકોહં, પૂર્ણોહં એમ. એ બધી શિથિલ પુરુષાર્થની દશામાં એ બધું છે. જેને સીધી સડસડાટ ગોળી વાગે જેમ, બુલેટની જેમ એને શું વિકલ્પ-ફિકલ્પ ? વિકલ્પ કરવો પડે એ કોઈ જરૂરી નથી, એમ કહે છે. એ તો સીધી ઝપટ મારે છે. જેમ પતંગિયું દીવા ઉપર ઝપટ મારે છે એમ ઝપટ મારી દે છે. એ બાહ્ય દૃષ્ટિ આખી ઉડાવી છે. પર્યાયદૃષ્ટિમાં બાહ્યદૃષ્ટિ જ આખી ઉડાવી છે અને તમામ પ્રકારનાં પરિણામોનું બાહ્ય વલણ કોઈ પણ અંશે હોય તો એનો એમાં નિષેધ છે એને અંતરદૃષ્ટિ કહેવામાં આવે છે, એને આત્મદૃષ્ટિ કહેવામાં આવે છે.

**'જેને લાગી હોય તેને પુરુષાર્થ પડ્યા વિના રહેતો જ નથી.'** શું (કહે) છે ? આ એક એમનું બહુ માર્મિક વચન છે કે જેને લાગી હોય તેને પુરુષાર્થ પડ્યા વિના રહેતો નથી. સામાન્યપણે મુમુક્ષુઓ એવી ફરિયાદ કરતા સંભળાય છે કે સમજાય છતાં પુરુષાર્થ ન પડે તો કરવું શું ? આ પ્રશ્ન મોટો થઈ પડ્યો છે. ક્ષયોપશમમાં એટલી શક્તિ છે કે, શાસ્ત્ર અને ગુરુવચન સમજાય છે. આ બધી વાત બહુ સાદા શબ્દોમાં છે, ન સમજાય એ કાંઈ પ્રશ્ન નથી. એ સમજવું એક વાત છે અને અંદરમાં લગની લાગવી એક બીજી વાત છે. લગની લાગી તો એને સમજાયું અને ન લાગી તો એને સમજાયું નથી. સમજાયું

તો છે. તો કહે છે, એ નહીં સમજાવા બરાબર સમજાયું છે.

આ એક બહુ Pinpoint વાત એમની છે કે, સમજણની ભૂમિકામાં સમજાતા તને લગની લાગી છે ? (તો) તારો પુરુષાર્થ  પડશે. આત્મિક પુરુષાર્થ કાર્યકારી થશે, એ પુરુષાર્થ કામની ચીજ છે પણ એમ ને એમ લગની વગરની સમજણને સમજણ શું કહેવી ? બહારમાં બહુ મોટો લાભ હોય તો તારી દોડ કાંઈ અછાની રહેતી નથી. અહીંયાં આવડો મોટો લાભ છે કે તારા કાયમના પરિભ્રમણનો, અનંતકાળના પરિભ્રમણનો છેડો આવે એવડો મોટો લાભ છે અને તને એની લગની નથી લાગતી તો એ લાભ તને સમજાયો છે એમ કેવી રીતે માનીએ ? વાસ્તવિકતાથી તો એ વાત દૂર છે. વાસ્તવિકતા તો એ છે કે જેટલો લાભ એટલો રસનો ઉત્પાદ જોરથી આવે. જેટલો લાભ મોટો એટલો રસ પણ તીવ્ર અને મોટો. આ એની વાસ્તવિકતા છે. બહારના અનુભવથી સ્પષ્ટ થાય એવું છે. અહીંયાં લાભ મોટો અને રસ નાનો તો તું વાસ્તવિકતાથી દૂર છો, વાસ્તવિકપણે તને એ વાત સમજાણી નથી. એટલે બીજા કોઈપણ વિષયમાં ભૂલ પડે (પણ) વસ્તુના વિજ્ઞાનમાં ભૂલ પડતી નથી.

આ વૈજ્ઞાનિક વિષય છે કે જેને લાગી હોય તેને પુરુષાર્થ  પડ્યા વિના રહે નહીં. તારો પુરુષાર્થ નથી  પડતો એવી તને ફરિયાદ થાય છે એનો અર્થ કે તને લગની આ બાબતની નથી કે હું જલદી પ્રાપ્ત કરું એવી લગની નથી. જ્યાં છો ત્યાં તું જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એટલે જે ભાવે છો ત્યાં તને અધિકાઈ છે કે આ ઠીક છે. આ ઠીક છે અને હવે મને વાંધો નથી. એમ વગર વિચાર્યે પણ તું ઠરીને ઠામ થઈને પડ્યો છો. ત્યાં એવો ઠરીને ઠામ થઈને પડ્યો છો કે શ્રીગુરુ કાઢવા માટે તીખા તમતમતા વચન કહે, તને ચાબખા મારે તોપણ  ભો થતો નથી. આ પરિસ્થિતિ છે. એને એમ કહે છે કે, આ ચિહ્ન છે મેળવી લે. તારી દશા સાથે મેળવણી કર. લગની લાગી હશે તો પુરુષાર્થ  પડશે, નહીં લાગી હોય તો પુરુષાર્થ  પડવાનો પ્રશ્ન અસ્થાને છે, કોઈ પુરુષાર્થ  પડવાની પરિસ્થિતિ બની શકે જ નહીં, હોય શકે જ નહીં.

મુમુક્ષુ :- લગની નથી લાગતી એનો અર્થ ઇ કે હજી પૂરું સમજ્યો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એને વાત વાસ્તવિકપણે સમજવામાં આવી નથી, કાલ્પનિકપણે સમજવામાં આવી છે. સમજવાની એક એને કલ્પના થઈ છે. કલ્પના જુદી ચીજ છે, વાસ્તવિકતા જુદી ચીજ છે. કલ્પના મિથ્યાત્વનું સ્વરૂપ છે, વાસ્તવિકતા સમ્યક્ત્વનું અંગ છે. કલ્પનાનું ફળ દુઃખ છે, વાસ્તવિક સ્વરૂપજ્ઞાનનું ફળ સુખ છે. આ બધું સામેસામા પડખાં છે આ

વિષયનાં. ઇ કલ્પનામાં પડ્યો છે. સમજાણું ઇ એને કલ્પના થઈ છે અને વર્તમાન સ્થિતિમાં અધિકાઈ જે રહી છે એ પણ એની કલ્પના છે. એ બન્નેનું ફળ દુઃખ છે. કલ્પના માત્ર દુઃખના ફળને લાવે છે.

**'જેને લાગી હોય તેને પુરુષાર્થ પડ્યા વિના રહેતો જ નથી.'** અપવાદ ખાતર પણ, અનંત પુરુષાર્થ કરનારા જીવો થયા એમાં એક અપવાદવાળો જીવ એવો નથી કે જેને લાગી હોય અને પુરુષાર્થ ન પડ્યો હોય. એ બની શકે નહીં. ન ભૂતો ન ભવિષ્યતી. ભૂતકાળમાં અનંતાને બન્યું નથી, ભવિષ્યમાં કોઈને અનંતમાંથી કોઈને બનશે (નહીં), એકને પણ નહીં બને. જેમ સર્વજ્ઞના જ્ઞાનમાં ત્રણકાળને આવરી લેવામાં આવે છે એમ સમ્યક્ મતિ-શ્રુત જ્ઞાનમાં પણ ત્રણકાળને વિષય કરવામાં આવે છે. આમાં ફેર પડે નહીં.

પ્રશ્ન :- રસ ને રુચિ હોય તો લાગે ને ?

સમાધાન :- હા. રસ, રુચિ, લગની, એની તાલાવેલી એ બધા લગભગ ભળતા શબ્દો છે પણ એ પુરુષાર્થના ઉત્પાદક પર્યાયો છે. સ્વરૂપની મૂંઝવણ થાય તો મૂંઝવણ ટળે. મૂંઝવણ મૂંઝવણને ટાળે એમ કહે છે. જેમ કોઈ નાક દાબે (તો) કાં મોઢું ખોલે ને કાં મોઢું ને નાક બેય દાબ્યા હોય તો ધક્કો મારીને છોડાવ્યા વિના રહે નહીં. તો આ મિથ્યાભાવે નાક ને મોઢું બેય દાબ્યા છે. એને એની મૂંઝવણ થાય તો એને ધક્કો માર્યા વિના રહે નહીં.

કોઈ કહે કે આટલું બધું કડક કેમ બોલો છો ? આ ભેદ – દર્શન, જ્ઞાન, ચારિત્ર આત્મામાં નથી એવું કહો છો. ભાઈ ! ઇ ભેદ પાડી પાડીને મિથ્યાત્વમાં રહ્યો. હવે જોરથી ધક્કો મારવો પડે છે. હવે જોરથી ધક્કો મારે છે. ભેદ નિરપેક્ષ અભેદ તત્ત્વ છે. અભેદનો પણ ભેદ નહીં, એમ. ભેદનો તો ભેદ નહીં પણ અભેદનો ભેદ નહીં.

પ્રશ્ન :- દર્શન, જ્ઞાન, ચારિત્રના ભેદ શું પણ ? આ દર્શન, આ જ્ઞાન, આ ચારિત્ર એવા વિકલ્પ ?

સમાધાન :- હા એમ. આ જાણે તે જ્ઞાન, દેખે તે દર્શન, સ્થિરતા કરે તે ચારિત્ર, એમ એના લક્ષણ ભેદે ભેદ પાડે.

મુમુક્ષુ :- એના અનુભવના કાળે તો એવી નાની વાત ન હોય ને !

પૂજ્ય ભાઈશ્રી :- ના (ન હોય). એટલે તો જ્યાં સુધી એવા વિચારભેદ રહે છે, વિકલ્પભેદ રહે છે ત્યાં સુધી તો અનુભવ થતો નથી. એટલે એ વસ્તુના અને વસ્તુના ભેદો હોવા છતાં જોરથી કહેવા માટે, એને ઉડાવવા માટે, ભેદથી ખસવા માટે એને અવસ્તુ કહે છે

અને ભેદથી ન ખસે તો એ ભેદ વિચાર જ એને અભેદ અનુભવમાં અંતરાય થઈને ભો રહે છે. અભેદ અનુભવમાં એને અંતરાય પાડનાર કોણ છે ? જ્યાં આત્માનો વિચાર કરે છે ત્યાં એને અભેદ અનુભવમાં કોણ અંતરાય પાડે છે ? તો કહે છે, ઇ અભેદનો ભેદ કે ભેદનો ભેદ એ જ એને અંતરાય છે. એટલે એને અભેદ અનુભવ થતો નથી.

પુરુષાર્થ ક્યાંથી પડે એનો સીધો ઉત્તર છે. કેમ પુરુષાર્થ પડે ? ક્યાંથી પુરુષાર્થ પડે ? શું કરવાથી પુરુષાર્થ પડે ? આ એનો સીધો ઉત્તર છે કે આ સમજીને તને સ્વરૂપ પ્રાપ્તિની લગની લાગી છે ? લાગે છે ? તો તારો પુરુષાર્થ આગળ ચાલશે. આ સાંભળ્યા પછી પણ ટાઢોબમ થઈને એમ ને એમ પડયો છે. એમ નથી કહેતા કે ભાઈ ! આ ટાઢું માટલું છે. ગમે ઇ કહો નહીં કાંઈ હલે એમ નથી, કાં તો પ્રકૃતિનો ઠંડો માણસ હોય એને એમ કહેવામાં આવે. આ આને અધિકાઈ(ને) લઈને ત્યાંથી ખસવું ગમતું નથી. વર્તમાનમાં મને એટલું બધું અનુકૂળ છે, આપણા પ્રમાણમાં બધું એટલું અનુકૂળ છે. આ બસ ! આ બધું ઠીક છે, આ બધું ઠીક છે, આપણે ઠીક છે. આ ઠીકમાં રોકાઈ ગયો છે. ત્યાં ઠીક છે તો એને સ્વરૂપ પ્રાપ્તિની લગની ઉત્પન્ન થવાનો પ્રશ્ન રહેતો નથી. જાણવા મળે કે સ્વરૂપ પ્રાપ્ત કરવા જેવું છે પણ એ જાણ્યું શું કામનું ? એટલે તો નીચે લેશે હવે કે અહીંયાં થાકે, જ્યાં છે ત્યાં કંટાળે, ત્યાં થાકે અને થાકે એમ નહીં ખરેખરનો થાકે એમ. રહેવાય નહીં એવો થાકે ત્યારે એ પાછો વળે, ત્યાં સુધી આ જીવ પાછો વળે એવો નથી. જ્યાં સલવાણો છે ત્યાં બખોલમાં માથું નાખ્યું છે. એવો ફસાણો છે કે એને નીકળવા માટે થોડું જોર કરવું પડે છે એને પુરુષાર્થ કહેવામાં આવે છે. વિશેષ લઈશું...

## તા. ૨૯-૦૫-૧૯૮૭, વચનામૃત- ૧૨૬, ૧૨૭,૧૨૮
## પ્રવચન નં. ૯૯

૧૨૬ બોલ (ચાલે છે). છેલ્લી લીટી છે. **'અંદરથી કંટાળે, થાકે, ખરેખરનો થાકે, તો પાછો વળ્યા વિના રહે જ નહીં.'** ક્યાંથી પાછો વળ્યા વિના રહે નહિ ? વિભાવથી પાછો વળ્યા વિના રહે નહીં. સ્વભાવની સન્મુખ થવું, વિભાવથી ખસી અને સ્વભાવની સન્મુખ થવું એ સહજપણે ક્યારે થાય ? કે, અંદરથી કંટાળે, થાકે (ત્યારે થાય). વર્તમાન દશામાં જે દુઃખ છે, પર્યાય ઉપરની એકત્વ પરિણતિને લીધે અનંતી આકુળતા છે. 'સોગાનીજી'એ એકવાર એ ગણિતની જેમ સિદ્ધ કર્યું હતું. એમાં અનંતી આકુળતા છે. ટેવાઈ ગયો છે એટલે ખબર નથી પડતી, ખ્યાલ નથી આવતો પણ ત્રિકાળી આત્માને એક સમયની પર્યાયમાં ભિડાવી દીધો છે એની અનંતી આકુળતા છે.

પાંચ ફૂટના માણસને બે ફૂટની પેટીમાં પેક કરે તો એને કેટલું ભીંસાવું પડે ! અથવા દોઢ ફૂટની પહોળાઈ છે એને એક ફૂટના પાઇપમાં ઉતારે (તો) કેટલો ભીંસાય ! એક તૃતીયાંશ ભીંસાય તોપણ એને સહન ન થાય. આ ત્રિકાળી આત્મા અનંતમાં ભાગની એક પર્યાયમાં ભીંસાય છે. અનાદિઅનંત પોતાનું અસ્તિત્વ છે એને એક સમયની પર્યાયમાં પકડે છે. આખા અસ્તિત્વને દબાવીને અનંતી આકુળતા એમાં ઉત્પન્ન થાય છે. પોતે એટલો ટેવાઈ ગયો છે, 'વાંદ્રા'ની ખાડીમાં દુર્ગંધથી ટેવાઈ જાય એમ. ત્યાં રહેનારાને–ઝૂંપડપટ્ટીવાળાને આખા 'મુંબઈ'ની ગટર ત્યાંથી પસાર થતી હોય (તોપણ) એને–રહેનારને ગંધ ન આવે. ત્યાંથી એક મિનિટ માટે મોટરમાં નીકળનારને અસહ્ય થાય. ટેવ એવી ચીજ છે. જીવને ટેવાઈ જવું જે તે સંજોગોમાં એ પણ એની શક્તિને સૂચવે છે. એટલી પ્રતિકારત્વ શક્તિ છે ને એનામાં ! એ પણ એની શક્તિને સૂચવે છે કે આટલા અનંત દુઃખને સહે છતાં કાંઈ નહીં જાણે એને. પુણ્યનો

ઉદય આવે તો જાણે લીલાલહેર કરતો હોય એમ લાગે. છે અનંતા દુઃખમાં, એ વખતે પણ અનંતા દુઃખમાં છે.

એ દૃષ્ટાંત લીધું હતું ને એક બીજું લીધું હતું – પીંજારાનું દૃષ્ટાંત. પીંજારો જેમ રૂને પીંજી નાખે છે ત્યારે ગંઠાઈ ગયેલું ઘટ્ટ થઈ ગયેલું રૂ, આટલા રૂ ને એના પેલા ત્રાગ ઉપર ચડાવે પછી એને પીંજે ત્યારે એક એક તાતણે તાતણો જુદો પાડી નાખે છે. એમ અભેદ આત્મદ્રવ્ય છે એને ભેદમાં ભો રહીને પીંજી નાખે છે. એટલે અનંતું દુઃખ થાય છે. બે પ્રકારના દૃષ્ટાંત આપતા હતા.

પ્રશ્ન :– એને દુઃખ જણાતું નથી એનું કારણ જાગૃતિનો અભાવ છે ?

સમાધાન :– જાગૃતિનો તો અભાવ છે પણ ટેવાઈ ગયો છે. જે જેનાથી ટેવાઈ ગયો હોય એનાથી એને એટલું નથી લાગતું. જેમકે બાળક હોય ને પેટમાં ચૂંક આવે તોય રડવા લાગે. એને શું જાગૃતિ છે કે આને રોગ કહેવાય, આને વેદના કહેવાય, આ વેદના એટલે દુઃખાવો કહેવાય, દુઃખે એટલે રડવું એવું કાંઈ એને શીખવવાનો પ્રશ્ન ઉપસ્થિત નથી થતો. પણ એનાથી ટેવાયેલો નથી જીવ. શરીર વેદનાથી ટેવાયેલો નથી. તંદુરસ્તીથી ટેવાયેલો છે તો તંદુરસ્તી હોય ત્યારે એને શરીરનું કાંઈ લાગે જ નહિ, જાણે શરીર જેવું કાંઈ છે જ નહીં. ખરેખર તો હું શરીરવાળો છું ઇ પણ બોજો ને ઇ પણ ઉપાધિ છે, ઇ પણ દુઃખ છે પણ ઇ ભાવથી ઇ ટેવાઈ ગયો છે પણ એમાં એક વેદના થાય, સોય અડે એટલી તો એનાથી નથી ટેવાયેલો, એમ છે. જાગૃતિ તો નથી જ. પણ જાગૃતિ તો આખો બીજો અસ્તિનો વિષય છે. અહીં તો નાસ્તિના ને નાસ્તિના વિષયમાં જે તે સંયોગથી જીવ જ્યારે ટેવાઈ જાય છે (તેની વાત છે). જેમકે શ્રીમંત માણસો એમ કહે કે આવા બળબળતા ઉનાળામાં ખરે તડકે કેવી રીતે મજૂરીનું કામ થાય ? જે લોકો મજૂરી કરે છે ઇ ખરે તડકે કરે જ છે. બંદરથી રેકડામાં માલ લાવે છે ખરે બપોરે ખારમાંથી લાવે છે. કડિયા મકાન ચણે છે, ખરે બપોરે ચણે જ છે મકાન, મકાનના કામ બપોરે બંધ નથી રહેતા, ચાલુ જ રહે છે. એની દાડી જે સવારથી સાંજ સુધીની હોય છે – રોજ હોય છે ઇ સવારથી સાંજ સુધીનો હોય. જમીને ભલે અડધી કલાક, કલાક, દોઢ કલાક આરામ કરે પણ બે–અઢી વાગે એટલે કામે ચડી જાય. બે–અઢી વાગે તડકો નથી ? ખરો તડકો છે.

મુમુક્ષુ :– ચામડી ટેવાઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ટેવાઈ જાય છે, ચામડી ટેવાઈ જાય એમ માનસિક રીતે પહેલું ટેવાવું

પડે છે. ચામડીને તો બીજું શું થઈ જાય, જે થવું હોય તે થાય પણ માનસિક રીતે માણસને અસહ્ય હોય તો એ એને રહેવું, ટકવું મુશ્કેલ પડે છે કોઈ પણ જગ્યાએ. એણે એક નક્કી કર્યું કે, આપણે તો આમ જ હોય. આપણે તો આમ જ કરવાનું હોય, આપણે તો આમ જ રહેવાનું હોય. પતી ગયું. પછી જીવની શ િત ઘણી છે એમાં.

મિથ્યાત્વના અનંતા દુઃખથી ટેવાયેલો છે, આપણે તો એ ચાલે છે. પર્યાયબુદ્ધિને લઈને પર્યાય ઉપર દૃષ્ટિ હોવાને લઈને અનંતી આકુળતા અને અનંતા દુઃખથી જીવ ટેવાયેલો છે. એમાં એ અંદરથી કંટાળે અને થાકે. આ એની પાત્રતાનો વિષય છે. વર્તમાન સ્થિતિમાંથી કંટાળે, વર્તમાન સ્થિતિમાંથી થાકે. થાકે એવું નહીં, ખરેખર થાકે, ખરેખરો થાકે. માણસ દોડતા દોડતા ખરેખરો થાકે કે, હવે એક ડગલું આગળ નહીં જવાય. તરતા તરતા થાકે તો ડૂબી જાય તો ભલે પણ પછી કાંઈ હાથપગ વીંઝી શકે નહીં. એમ ખરેખરો થાકે એમ વાત લેવી છે. જે વિભાવમાં એ ધસી રહ્યો છે ત્યાંથી પાછો વળ્યા વિના રહે નહીં.

ખરેખર તો વિભાવમાં ને રાગમાં જીવ વેગથી ધસીને જાય છે. અવલોકન કરે તો એને સમજાય એવું છે કે કેટલા વેગથી, કેટલા રસથી, કેટલા પુરુષાર્થથી એ વિભાવ પ્રત્યે ધસી રહ્યો છે, એ અવલોકનના અભ્યાસથી સમજાય છે. એવી જાગૃતિ ન હોય તો એની પણ ખબર પડતી નથી. પણ થાકે તો પાછો વળ્યા વિના રહે નહીં. એ પુરુષાર્થ  પડવા પહેલાંની પાત્રતાની પૂર્વ પર્યાયની કુદરતી સ્થિતિ છે, વાસ્તવિક સ્થિતિ છે. આવા પાત્ર જીવને પુરુષાર્થ અવશ્ય  પડે છે, એને પુરુષાર્થ ન  પડે એવું બનતું નથી.

બીજા જીવનો તો પુરુષાર્થ જ વર્તમાન અવસ્થામાં સંતુષ્ટ થઈને રોકાઈ ગયો છે. એટલે એને પુરુષાર્થ, ત્યાં રોકાયેલો જે પુરુષાર્થ છે એ પુરુષાર્થ તો ત્યાં પતી ગયો. જેટલી શ િત હતી એ ત્યાં ખર્ચે છે પછી બીજે શ િત ખર્ચવાનો પ્રશ્ન રહેતો નથી. ૧૨૬ (બોલ પૂરો થયો).

**કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો  યાંથી તારા હોય ? ૧૨૭.**

૧૨૭. **'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'** આ પદાર્થનું સ્વરૂપ છે એ દ્રવ્યાનુયોગનો વિષય છે. દ્રવ્યાનુયોગમાં દ્રવ્યવિશેષ અધિકાર ચાલે છે કે બધા દ્રવ્યો ભિન્ન ભિન્ન છે. વિશેષ એટલે તફાવતવાળા છે. એક દ્રવ્ય બીજા દ્રવ્ય સ્વરૂપે નથી. વિજાતીય દ્રવ્ય તો બીજા દ્રવ્ય સ્વરૂપે હોઈ શકે નહીં કે થઈ શકે નહીં. ચેતન અચેતન ન થાય, અચેતન ચેતન ન થાય (કેમકે) જાત જુદી છે – વિરુદ્ધ જાતિ છે, પણ સજાતીય દ્રવ્ય – એક જીવ બીજા જીવ રૂપે ન થાય, એક પરમાણુ બીજા પરમાણુરૂપે ન થાય, એક કાળાણું બીજા કાળાણુંરૂપે ન થાય. બાકી ત્રણ (દ્રવ્ય) તો એક એકની સંખ્યામાં છે. પણ જે અનેકની સંખ્યામાં છે એવા સજાતીય દ્રવ્યો પણ કોઈ પોતાનું સ્વરૂપ ત્યાગ કરીને, પોતાના અસ્તિત્વને છોડીને બીજા સ્વરૂપે થઈ જાય એવું કદી બનતું નથી.

હવે અહીંયાં એ દ્રવ્યના વિષયને અધ્યાત્મમાં ઉતારવો છે કે કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી એટલે હું પણ કોઈનું કાંઈ કરી શકતો નથી એ વાત આવે છે. હું કોઈનું કાંઈ કરી શકતો નથી અને મારું બીજો કોઈ કાંઈ કરી શકતો નથી. મારા સુખ-દુઃખ લેવા દેવાને જગતમાં કોઈ જીવ કે કોઈ પરમાણુનું કાંઈ પણ કાર્ય નથી. બીજાએ મને દુઃખી કર્યો એ વાત વસ્તુસ્વરૂપથી વિરુદ્ધ છે. વસ્તુના સ્વરૂપનો જે કાયદો છે, કાનૂન છે એનો ભંગ છે એની અંદર. મને બીજાએ હેરાન કર્યો, મને બીજાએ સુખી કર્યો કે દુઃખી કર્યો એ બધું ખોટું છે. અને હું બીજાનું કરી દઉં એ પણ મિથ્યા અભિપ્રાય છે – મિથ્યા નિર્ણય છે. વસ્તુનું સ્વરૂપ એવું નથી. એમ બે પદાર્થ વચ્ચેનું ભેદજ્ઞાન એ કર્તૃત્વબુદ્ધિરૂપ જે મિથ્યાત્વભાવ એનો નાશ કરે છે. એ કર્તૃત્વબુદ્ધિ છે કે, હું બીજાના કામ કરું અને બીજા મારા કામ કરે અથવા એને કદી શંકા ન મટે કે કોઈ મને દુઃખી કરશે તો ? એવી શંકા અને એવો ભય એને મટી ન શકે. કોઈ મને બાધા પહોંચાડશે, કોઈ મારો નાશ કરી નાખશે, કોઈ મારું મૃત્યુ લાવી દેશે એ શંકા એને કદી જાય નહીં. એવી પરિસ્થિતિ થાય.

બીજું, કે બીજા પદાર્થો મારા છે ને હું એના કાર્યો કરું છું એમ અનેક સંયોગોને મેં મારી કુશળતાથી સંપન્ન કર્યા, પ્રાપ્ત કર્યા. હવે એ સંયોગોમાંથી કાંઈ પણ ઘટે નહીં, ઊલટાની વૃદ્ધિ થાય કે જળવાઈ રહે એવી સાવધાની કર્તૃત્વબુદ્ધિમાં એને આવ્યા વિના રહે નહીં. ત્યારે એને નિરાલંબ નિરપેક્ષ સ્વતત્ત્વની સાવધાની કોઈ રીતે ઉત્પન્ન થાય નહીં. કેમકે એની સાવધાની બહારમાં સંયોગ ને અન્ય પદાર્થ ઉપર એટલી સજ્જડ પડી છે કે સ્વરૂપને વિશે જાગૃત થવું, સાવધાન થવું કે હું નિરાળો ભિન્ન જ્ઞાયક દ્રવ્ય છું, કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-

કાળમાં હું ભિન્ન જ્ઞાયક છું, એવો જે અભ્યાસ – અંતરમાં ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાનો છે એ વસ્તુસ્વરૂપના જ્ઞાન વિના, જુદાંપણાના – દરેક પદાર્થની જુદાઈના, ભિન્નતાના જ્ઞાન વિના કોઈ રીતે થઈ શકે એવું નથી. એટલે તો આ નિયમ દેવ-ગુરુ-શાસ્ત્રને વિશે પણ દેવ-ગુરુ-શાસ્ત્ર લગાડે છે કે, અમે પણ કોઈનું કાંઈ કરવા સમર્થ નથી. ગુરુ એમ કહે કે, હે શિષ્ય ! અમે તારું કરવા કાંઈ સમર્થ નથી. ગુરુ શિષ્યનો વ્યવહાર છે એ કહેવા માત્ર છે. હું તારો ગુરુ નથી ને તું મારો શિષ્ય નથી. સ્વરૂપે કરીને તો અમે બધાને સિદ્ધ જ જોઈએ છીએ, બીજું કાંઈ જોતા નથી.

મુમુક્ષુ :– બહુ મહત્વની વાત છે. આખો કર્તા-કર્મ અધિકાર લખાણો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આખો કર્તા-કર્મ અધિકાર આવી જાય છે એની અંદર. કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી. જિનેન્દ્ર પરમાત્મા એમ કહે છે કે હું પણ તારું કલ્યાણ કરી શકું છું એ વાત નથી. એમની વાણી એમ પોકાર કરીને કહે છે કે તારું કોઈ ખરાબ-સારું કરી શકે એ અનાદિની તારી મિથ્યાદૃષ્ટિ છે એ બંધ કરી દે, છોડી દે એ દૃષ્ટિ. કદી કોઈ કોઈથી કોઈનું સારું ખરાબ-થાય એ વસ્તુસ્થિતિમાં છે જ નહીં. તારું ભલું કરનાર પણ તું જ અને તારું બૂરું કરનાર પણ તું જ.

પ્રશ્ન :– ઘરના, સમાજના, દુકાનના બધા કામ કરીએ તો થાય ને ?

સમાધાન :– બધી વાત જૂઠે જૂઠી છે, એકેય વાત સાચી નથી. થવાના કાળે થાય છે, કોઈના રાગથી થાય નહીં અને કોઈના દ્વેષથી અટકે નહીં. જે બનનાર હોય તે ફરે નહીં, ફરનાર હોય તે બને નહીં. આ વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :– 'સોનગઢ'માં આ બધું કર્યું તો થયું ને !

પૂજ્ય ભાઈશ્રી :–કાંઈ કોઈએ કર્યું નથી. પરમાણુ પરમાણુનું કાર્ય કરી રહ્યાં છે. કોઈ કાંઈ કરે કે કારવે એ વાતમાં કાંઈ માલ નથી. 'ગુરુદેવ' ચાલુ પ્રવચને કહેતા, 'આ (ભાઈ) બેઠા, 'પરમાગમ મંદિર' એમણે બાંધ્યું કે ન બાંધ્યું ? કામ અટકી ગયું હતું પછી એમણે ચાલુ કરાવ્યું કે ન કરાવ્યું ?' 'સાહેબ ! ના ઇ વાત ખોટી છે, આપ ના પાડો છો.' કહેતા કે નહીં ? થવાનું હોય તે થાય છે.

પ્રશ્ન :– કડિયાએ તો કર્યું ને ?

સમાધાન :– કડિયાએ નથી કર્યું. કડિયો એને અડ્યો નથી. 'ગુરુદેવ' ત્યાં સુધી કહેતા કે, કડિયો એને અડ્યો નથી પછી કરવાનો ક્યાં પ્રશ્ન છે ?

મુમુક્ષુ :– એમ ને એમ ગોઠવાણું.

પૂજ્ય ભાઈશ્રી :– હા એની મેળે ગોઠવાણું છે. એની મેળે ન ગોઠવાય તો કોઈ ગોઠવી શકે પણ નહીં. મોટી શિલા ઉપર ચડાવવી હોય (તો) ક્રેન જોઈએ અને ક્રેનને ચલાવનાર માણસો જોઈએ. હવે શે (-કેવી રીતે) ગળે  તરે એને કે આમાં કોઈ કાંઈ કરતું નથી. આટલી બધી મહેનતથી, આટલી બધી વ્યવસ્થાથી આટલું કામ થાય ને તમે કહો કે કાંઈ કરતો નથી ! એક ટકો પણ રાખવા તૈયાર નથી. વસ્તુનું સ્વરૂપ તો એવું જ છે. આજે કે કાલે કે અનંત કાળે એ માન્યે છૂટકો છે, જો રાગ-દ્વેષ-મોહ છોડવા હોય અને વીતરાગ થવું હોય તો.

વીતરાગ થવા માટે વસ્તુનું સ્વરૂપ, એને અનુસરીને પરિણમન, એ એક જ વીતરાગતાનું કારણ છે. વસ્તુના સ્વરૂપથી જેટલો વિરુદ્ધ જઈશ, આખી દુનિયાના કાર્યો કરવાનો તારો અભિપ્રાય  ભો થશે, એનાથી અનંતી આકુળતા  ભી થશે છતાં તું કાંઈ નહીં કરી શકે, જે થવાનું હશે તે થશે. ઘણાય દુનિયાને જીતવા નીકળ્યા હતા કે નહીં ? આ 'હિટલર' દુનિયાને જીતવા જ નીકળેલો ને ! 'સિકંદર' છે, 'નેપોલિયન બોનાપાર્ટ' છે. આ 'હિટલર'નો તો તાજો દાખલો છે. એટમ બોમ્બ પહેલોવહેલો એના હાથમાં આવ્યો, શોધ એના હાથમાં આવી. કોઈની પાસે હથિયાર હતું નહીં. જ્યાં જાય ત્યાં મારીને લઈ લે. એ 'રંગુન' સુધી આવી ગયો. 'જર્મન'થી  પડેલો 'રંગુન' સુધી આવી ગયો. કેમ એણે આખી દુનિયા ન જીતી ? (દુનિયા જીતવાનો) અભિપ્રાય એનો હતો. એના પુણ્યનું બળ હતું ત્યાં સુધી ચાલ્યું, પુણ્ય ખલાસ થયા વાત પૂરી થઈ ગઈ, એક રજકણ હલાવી કે ચલાવી શકે (નહીં).

**'કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી.'** પોતા ઉપર ઉતારવાનું છે કે હું કોઈનું કાંઈ કરી શકતો નથી અને મારા કાર્ય માટે કોઈની પણ અપેક્ષા રાખવી એ વ્યર્થ છે. મારું કાર્ય મારા પુરુષાર્થથી થશે. ઊંધા પુરુષાર્થથી અવળું અને સવળા પુરુષાર્થથી સવળું. બીજા પદાર્થો તો તારા નથી એટલે કરી શકતો નથી પણ **'વિભાવ પણ તારા નથી તો બહારના સંયોગ તો ક્યાંથી તારા હોય ?'** પ્રશ્ન ચિહ્ન મૂક્યું છે. તારી અવસ્થામાં ઉત્પન્ન થતાં વિભાવભાવ એ પણ તારા નથી, તારા સ્વરૂપે નથી. તારા નથી એટલે એ તારા સ્વરૂપે નથી, તારું એ મૂળ સ્વરૂપ નથી, એ તું નથી. મૂળમાં તું જેવો છો એ રૂપે આ વિભાવ નથી ને વિભાવ સ્વરૂપે તારું મૂળ રૂપ નથી, મૂળ સ્વરૂપ નથી. જો અવસ્થાના આ વિભાવ અંશને અને તારે આટલું છેટું છે તો પછી એ વિભાવના વિષયરૂપ બીજા જે પદાર્થો છે એને તો પોતાપણે

સ્વીકાર કરવો એ ઘણું દઢ થયેલું અજ્ઞાન છે ને દઢ થયેલું મિથ્યાત્વ છે, સ્થૂળ થયેલું મિથ્યાત્વ છે.

પ્રશ્ન :– વિભાવભાવ મન જનિત છે ?

સમાધાન :– વિભાવભાવ મન જનિત અને ઇંદ્રિય જનિત બધું છે, પાંચ ઇંદ્રિય અને મન જનિત. છે પ્રકારના ભાવ વિભાવભાવ છે. વિભાવ એટલે વિકારીભાવ. રાગ, દ્વેષ, મોહ, રતિ, અરતિ આદિ અનેક પ્રકારના સોળ કષાય અને નવ નોકષાય. (એ) પચીસે પ્રકારના કષાયના પરિણામ છે.

પ્રશ્ન :– બધા મનથી ઉત્પન્ન થયેલા છે ?

સમાધાન :– મનવાળા પ્રાણીને મન હોય છે, મન ન હોય એને પણ વિભાવ તો છે. અથવા મન હોય તો મનવાળા પ્રાણીને બીજા દરેક વિભાવ સાથે સાથે રહે છે. સ્પર્શેન્દ્રિય વખતે, ચક્ષુઇન્દ્રિયના વિભાવ વખતે, કર્ણેન્દ્રિયના વિભાવ વખતે, ઘ્રાણેન્દ્રિયના વિભાવ વખતે, રસનેન્દ્રિયના વિભાવ વખતે મનવાળા જીવને મન સાથે બધી વખતે જોડાયેલું રહે છે. પણ જે અસંજ્ઞી પંચેન્દ્રિય, ચારેન્દ્રિય, ત્રણેન્દ્રિય, બેઇન્દ્રિય, એકેન્દ્રિય છે એને મન નથી પણ વિભાવ તો છે જ. એને વિભાવ નથી એમ તો ન કહી શકાય. એને વિભાવ છે. એટલે વિભાવમાં બધા ભાવ લઈ લીધા. એક વિભાવ કહીને બધું શુભ-અશુભ, તીવ્ર કષાય, મંદ કષાય સર્વ પ્રકારના વિકારી પરિણામ એ બધા વિભાવમાં આવી ગયા. (ફ ત) મન લઈએ ત્યાં પછી મન સિવાયના વિભાવનું શું ? મનના વિભાવને જ વિભાવ કહીએ તો મન સિવાયના વિભાવ થાય છે એનું શું ? એ બહાર રહી ગયા ને !

પ્રશ્ન :– એ વિભાવનો ધણી કોણ ? પંચેન્દ્રિયમાં તો મન વિભાવનો માલિક છે.

સમાધાન :– ઇ તો પોતે આત્મા જ એનો માલિક થઈને ફરે છે. પોતાના વીતરાગી સ્વરૂપને ભૂલીને આત્મા જ એનો માલિક થઈને ફરે છે પણ છતાંય માલિક થઈ શકતો નથી. જેમ અત્યારે પૈસાનો માલિક થઈને ફરે છે કે, આ બેંકના Accountમાં Proprietor તરીકે મારી જ સહી ચાલે, માલિકી હક્ક મારો છે. આ મકાનનો માલિકી હક્ક મારો છે. (પછી) શરીરનો તો હોય જ ને ! જો મકાન ને રૂપિયાનો હોય તો શરીર તો એની સાથે ને સાથે રહે છે, ઓલા તો આઘા પણ રહે છે. મકાન છોડીને 'મુંબઈ' જાય અને બેંક છોડીને પણ બહારગામ જાય પણ શરીર છોડીને તો જાતો નથી. તો (કહે છે), શરીરનો પણ તારો માલિકી હક્ક નહીં. શરીરનો માલિકી હક્ક નહીં એમ તો નહીં તારા વિભાવનો

પણ માલિકી હક્ક નહીં.

મુમુક્ષુ :- વિભાવનું તો જ્ઞાન થાય છે ...

પૂજ્ય ભાઈશ્રી :- જો જ્ઞાન થાય છે તો છે એનું જ્ઞાન થાય છે કે નથી એનું જ્ઞાન થાય છે ?

મુમુક્ષુ :- છે એનું.

પૂજ્ય ભાઈશ્રી :- છે. તો પહેલાં હતા કે પહેલાં નહોતા ?

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થયું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન તો જ્ઞાનની પર્યાયમાં થયું.

મુમુક્ષુ :- જ્ઞાનની પર્યાયમાં જ્ઞાન થયું તો પછી વિભાવ એ વખતે ક્યાં થયો ?

પૂજ્ય ભાઈશ્રી :- વિભાવ વિભાવમાં થયો.

મુમુક્ષુ :- વિભાવ ..જ્ઞાનની પર્યાય, ધ્રુવ, સંયોગ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધુંય છે. ત્રિકાળી ધ્રુવ છે, જ્ઞાનની પર્યાય છે, એક સમયનો વિભાવ છે. એક સમયની જ્ઞાનની પર્યાય છે, ત્રિકાળી ધ્રુવ છે અને વિભાવનો વિષય અન્ય પુદ્ગલો પણ છે, એના નિમિત્તો પણ છે.

પ્રશ્ન :- વિભાવભાવનો સ્વામી - ધણી કોણ ખરેખર ?

સમાધાન :- વિભાવભાવનો સ્વામી અજ્ઞાનભાવે જીવ અને જ્ઞાનભાવે એનો કોઈ સ્વામી નહીં. ઇ ત્રિશંકુ થઈ ગયો આધાર વગરનો એટલે એનો નાશ થાય છે. અજ્ઞાન ભાવે વિભાવનો સ્વામી આત્મા થતો હતો એ એણે છોડી દીધું કે, અરે! મારું સ્વરૂપ તો વિભાવ સ્વરૂપ છે નહીં, એ મારા છે નહીં. અત્યાર સુધી મારા માન્યા. હું જૂઠથી છેતરાણો, એના ફળમાં દુઃખી થયો. (આમ જ્યાં માન્યું ત્યાં) એણે જ્ઞાનભાવે વિભાવનું સ્વામિત્વ છોડ્યું એનું નામ જ નાસ્તિ અપેક્ષાએ જ્ઞાનદશા છે. વિભાવનું સ્વામિત્વ છોડે તે જ્ઞાની. અને એ વિભાવનું સ્વામિત્વ જેણે છોડ્યું ત્યારે વિભાવની શું હાલત થઈ ? કે, એ વિભાવ હવે મૃત્યુના પંથે પ્રયાણ કરવા લાગ્યો. એક સમયમાં ઉત્પન્ન થયો, નબળો પડ્યો અને ખર્યો. બીજા સમયે એથી નબળો ઉત્પન્ન થયો અને ખર્યો. વળી પછી પાછો ઉત્પન્ન થયો એ એથી નબળો ઉત્પન્ન થઈને ગયો. એમ વિભાવ જર્જરિત (થઈ જાય છે). જેમ કોઈ કાપડ જરી જાય એ ટળતો, બળતો, જરતો (જાય અને) એનો સર્વનાશ થઈ જાય છે, એનો ક્ષય થઈ જાય છે, એને - વિભાવને T.B લાગુ પડી ગયો.

સ્વામિત્વ અનંત શક્તિનો ધણી પોતે છે એ જ્યાં સુધી એને ટેકો આપતો હતો ત્યાં સુધી જોર કરતો હતો. એને જ્યાં સુધી અનંત શક્તિ સંપન્ન આત્માનો ટેકો મળતો હતો ત્યાં સુધી એ વિભાવનું જોર દેખાતું હતું. જેવો આત્માએ એને આધાર આપવાનું છોડી દીધું કે, તું મારો નહીં, હું તારો નહીં, તારે ને મારે કાંઈ લેવા દેવા નહીં. તું તારું ફોડી ખા. એટલે એની તાકાત ખલાસ થઈ ગઈ, પછી એ જીવી શકતો નથી. વિભાવને જીવતો રાખનાર ને વિભાવમાં પ્રાણ પૂરનાર આ જીવ જ છે.

જેમ માણસ કહે છે ને કે, ખોરાક છે એનાથી શરીરની અંદર ઝેર પણ ઉત્પન્ન થાય અને એનાથી રોગ થાય અને એ જ ખોરાક સુયોગ્ય રીતે લેવાય તો શરીરને પુષ્ટિ આપે, પોષણ આપે. હવે ખોરાક તો તેનો તે છે, સદ્ઉપયોગથી એના શરીરને પોષણ મળે છે અને દુરઉપયોગથી એનાથી અંદરમાં ઝેર ઉત્પન્ન છે. બીજું ઝેર, કાંઈ બહારથી કોઈ ઝેરનું ઇંજેક્ષન નથી આપતું. હોજરીમાં ઝેર થાય છે. આ ઉલટી થાય છે ને ઘણાને ! બહુ ખાઈ લ્યે. વધારે પડતું ખાવાથી જે પાચન ન થાય એમાંથી ઇ જ પરમાણુ(નું) ઝેર થાય. હોજરી એને સંગ્રહી શકે નહીં (એટલે) ઉપાડીને બહાર ફેંકે.

એમ આ પોતે ને પોતે વિભાવરૂપી ઝેરના પ્રાણ પૂરે છે. એટલે તો પુણ્ય તત્ત્વને ઝેર કહ્યું છે. કેમકે એ વિભાવમાં જાય છે. ઝેર – વિષકુંભ ! વિષકુંભ એવું નામ આપ્યું 'સમયસાર'માં. અને ક્યા પરિણામને વિષકુંભ કહ્યું ? કે, જે વ્યવહાર પ્રતિક્રમણ સ્વરૂપ છે. મારે દોષથી પાછા હટવું છે, મારે વિભાવથી દૂર જવું છે, હું હવે ભૂતકાળમાં કરેલા મારા દોષથી પાછો વળું છું એવો વિકલ્પ, પ્રતિક્રમણનો એવો વિકલ્પ. તો કહે છે, (એ) ઝેરનો ઘડો છે. આ તો જૈનદર્શન સિવાય એ વાત મળે એવું નથી. દોષ મટાડવાનો વિકલ્પ ખુદ દોષ છે ? તો કહે છે, હા. એ દોષ મટાડવાનો વિકલ્પ સુદ્ધાં વિભાવભાવ છે, દોષ છે. જેટલું બીજું – અન્ય પુણ્ય ભાવનું ઝેર છે એટલું જ આ પુણ્ય ભાવરૂપ ઝેર છે. બીજા લોકો એને સાધન માને છે અથવા જૈનના સંપ્રદાયમાં પણ જે નથી સમજ્યા એ બધા એને સાધન માને છે. કેટલા પ્રતિક્રમણ કર્યા ? કે, સવારનું કર્યું, બપોરનું કર્યું, સાંજનું કર્યું. ત્રણ ત્રણ પ્રતિક્રમણ રોજ કરીએ છીએ. તત્ત્વ દૃષ્ટિએ ન સમજે તો એને ઝેર સમજી શકે નહીં.

મુમુક્ષુ :– પ્રતિક્રમણ કરે છે કે આક્રમણ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આત્મા ઉપર આક્રમણ કરે છે. આક્રમણ કરે છે પણ આત્મા ઉપર આક્રમણ (કરે છે). આક્રમણ કરે છે એટલે દમન કરે છે, બળાત્કાર કરે છે, હઠથી એને

ત્યાં રોકે છે, સહજ વૃત્તિ એને ત્યાં કામ કરતી નથી. પ્રતિક્રમણ કરી કરીને પાથરવાના પાથરણા ફાડ્યાં એમ કહે છે ને ?

મુમુક્ષુ :– કટાસણાં.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એને કટાસણાં કહે છે. જૈનની ભાષા જ બધી જુદી છે, લૌકિકમાં એવી ભાષા નથી. સંપ્રદાયમાં ફેરફાર થઈને બધા વાડા જુદાં થયા પણ શબ્દો તો બધા ઇ ના ઇ રાખ્યા છે કેટલાક.

પ્રશ્ન :– કોઈના રાગ-દ્વેષથી જીવને લાભ-હાનિ નથી પણ જીવને અશાંતિ રહ્યા કરે છે તો એનું કોઈ કારણ તો હશે ને ?

સમાધાન :– કારણ એ પોતે તપાસે. અશાંતિના તો ઘણાં ઘણાં કારણો છે. પોતે તપાસે કે પોતાની અશાંતિ માટે પોતાને શું કારણ છે. પોતે પોતાની તપાસ કરે.

મુમુક્ષુ :– વિભાવ કારણ નથી તો જ્યારે વિભાવ થાય છે ત્યારે આત્માની અંદર...

પૂજ્ય ભાઈશ્રી :– વિભાવનો સ્વામી થાય છે ત્યાં સુધી વિભાવ મારા છે એમ જાણીને જીવ વિભાવને પોષણ આપતો એનો સંગ કરે છે, એમાં એકત્વ કરે છે, એ રૂપ પોતાનો અનુભવ કરે છે, એ સ્વરૂપે પોતાનો અનુભવ કરે છે, પોતાની હયાતી એમાં જોવે છે – એમાં અવગાહન કરે છે લ્યો ને ! અથવા એમાં પોતાનો પ્રવેશ જોવે છે કે, હું આમાં આ વિભાવરૂપ થઈ ગયો છું, વ્યાપ્ય વ્યાપકપણે હું વિભાવરૂપ છું, હું વિભાવમાં આખેઆખો વ્યાપી ગયો છું. એવું જે વિભાવનું અનુભવન એ મિથ્યાઅનુભવન છે, એ સાચું નથી.

પ્રશ્ન :– એ વખતે જ્ઞાનની પર્યાય જ્ઞાનરૂપ નથી રહેતી ?

સમાધાન :– જ્ઞાનની પર્યાય સ્વયં અજ્ઞાનરૂપ થાય છે. જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ થાય છે એટલે એને વિભાવ કીધો. 'જ્ઞાનનું અજ્ઞાનત્વ' એ શબ્દ વાપર્યો છે ૯૩, ૯૪, ૯૫ (ગાથામાં). ૯૨ ગાથાથી એ વિષય શરૂ કર્યો છે. ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬ ગાથા સુધી એ વિષય ચાલ્યો છે – 'સમયસાર'ના 'કર્તા-કર્મ અધિકાર'માં. ત્યાં ઠંડી-ગરમીનો દૃષ્ટાંત લીધો છે, શીત-ઉષ્ણનો દૃષ્ટાંત લીધો છે.

જેમ આત્મા શીત–ઉષ્ણરૂપે થઈ શકતો નથી છતાં મને ઠંડી લાગી, મને ગરમી લાગે છે એ વગેરે પ્રકારે મિથ્યાઅનુભવ કરે છે. ઠંડી ઠંડીમાં છે, ગરમી ગરમીમાં છે. એટલા પરમાણુની પર્યાયમાં છે. આત્માને એનું જ્ઞાન થાય છે. માત્ર જ્ઞાન થાય છે એવું પોતે ભૂલે છે અને જ્ઞાનનું અજ્ઞાનત્વ પ્રગટ કરીને મને ઠંડી લાગી, મારામાં જ્ઞેય થઈ તો કહે, મારામાં

આવી. ખરેખર એનું પ્રતિબિંબ પડ્યું તો એને એમ થાય છે કે મારામાં ઠંડી આવી ગઈ, ગરમી મારામાં આવી ગઈ. એવો જે પરપ્રવેશભાવ એ જીવના નિર્વિકાર સ્વસંવેદનને અવરોધ કરનારો, રોકનારા પરિણામ છે.

'દિપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં એક બહુ સરસ વાત એ કરી છે કે, જીવને સ્વસંવેદન કેમ પ્રગટ થતું નથી ? કે, પરપ્રવેશભાવમાં ભો છે એટલે. અન્યમાં પ્રવેશ કરી લીધો છે એટલે આ સ્વસંવેદન રોકાઈ ગયું છે. એ પરપ્રવેશભાવથી છૂટો થાય તો સ્વસંવેદન આવિર્ભૂત થાય. આ સીધેસીધો હિસાબ મુકાવ્યો છે. એટલે અવલોકનમાં એ જ અભ્યાસ થાય છે કે આ ઠંડી જ્ઞાનમાં છે ? ઠંડીમાં જ્ઞાન છે કે નહીં ? જ્ઞાનમાં ઠંડી છે કે નહીં ? બસ ! શરીરની વેદના (લ્યો). વેદનામાં જ્ઞાન છે કે નહીં ? જ્ઞાનમાં વેદના છે કે નહીં ? બસ ! આ અભ્યાસ કરવાનો છે.

મુમુક્ષુ :– ખરેખર જ્ઞાનમાં જ્ઞાન જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનમાં એકલું જ્ઞાન છે અને જ્ઞાનમાં સિવાય જ્ઞાન, બીજાનો પ્રવેશ થવો અશ ય અને અસંભવિત છે. ત્યાં 'અશક્ય' શબ્દ વાપર્યો છે. આત્માનું શીત–ઉષ્ણપણે થવું જેમ અશક્ય છે તેમ આત્માનું રાગાદિ – વિભાવાદિ જ્ઞેયરૂપે થવું અશક્ય છે. ત્યાં 'સમયસાર'માં આ ગાથાઓમાં 'અશક્ય' શબ્દ વાપર્યો છે

મુમુક્ષુ :– રાગ સાથે એકત્વ કરી શકતો નથી પણ એકત્વપણાનો એને ભ્રમ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ભ્રમ થાય છે, અધ્યાસ થાય છે અને જાણે ઇ એમ જ માને છે કે આ સાચું છે. ઝાંઝવાના જળને સાચું જળ માનીને દોડ્યા જ કરે છે, કાંઈ હાથમાં આવતું નથી. એ ભ્રમનો વિષય જ એવો છે (કે) સાચું જ લાગે. દોરડી પડી હોય ને સાપનો ભ્રમ થાય તો સાચો સાપ પડ્યો જોવે એટલો જ ભય થાય કે ઓછો થાય ? એટલો જ ભય થાય એને. એથી કાંઈ દોરડી સાપ ન થાય. બસ ! ભ્રમ ચીજ એવી છે.

તમામ ઉપદેશ છે અથવા ઉપદેશનો બહુભાગ છે એ આ જીવની ભ્રમણા મટાડવા માટે છે. કોઈ પદાર્થ ઇષ્ટ નથી-અનિષ્ટ નથી, સારો નથી-ખરાબ નથી. જીવને ભ્રમથી લાગે છે કે, આ સારું છે, આ ખરાબ છે. બસ ! ઇ એવો જે એને આભાસ થાય છે – મિથ્યા આભાસ થાય છે એમાંથી રાગ-દ્વેષ જન્મે છે. દેખતા જ એને વ્યામોહ થાય છે એને દર્શનમોહ કહે છે. આ ઠીક (થયું) એટલે રાગ જન્મ્યો, આ અઠીક (થયું) એટલે દ્વેષ જન્મ્યો. મોહના

જ બે પુત્રો છે – રાગ અને દ્વેષ. એ (ઠીક-અઠીકપણું છોડવાનો) અભ્યાસ કરવો જોઈએ. ઠીક અને અઠીકપણું થયા કરે છે ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે પોતાના ઉદયમાં પોતે છેતરાય છે એની જાગૃતિ રાખવી જોઈએ. સામે વસ્તુ ઇષ્ટ નથી, સામો પદાર્થ અનિષ્ટ નથી અને મને લાગ્યા કરે છે અને આ લાગ્યા કરે છે એ તો ઠીક પણ આનું ફળ બહુ ખરાબ છે. જન્મ-મરણનું બીજ આ મિથ્યાત્વમાં રહેલું છે. અનંત જન્મ-મરણનું બીજ, અનંત ભવભ્રમણનું બીજ, અનંત નિગોદના ભવનું બીજ આ છેતરામણમાં રહેલું છે. આ ભ્રમણા છે એ સામાન્ય દોષ નથી, સામાન્ય રોગ નથી પણ અનંત નિગોદના ભવનું બીજ એની અંદર સાજું છે.

જેમ એક વડના એક નાના બીજમાં, ટેટામાં તો ઘણાં બીજ છે, બોરડીના બોર જેવું એક ટેટું હોય એની અંદર કેટલાય બીજ હોય છે. બહુબીજ ફળ છે. એક બીજમાં મોટો વડલો ફાલે અને એક વડલામાં એવો કેટલાય હજારો, લાખો બીજ ઉત્પન્ન થાય, લાખો ટેટા ઉત્પન્ન થાય. એકમાં પાછા અનેક (હોય). એટલી શ ્તિ આ એક બીજમાં પડેલી છે. એવું આ ભ્રમણાનું બીજ છે. એ ભ્રમણાનું બીજ બળી જાય અને ફરીને ગે નહીં એટલો પુરુષાર્થ જીવને કરવા યોગ્ય છે.

પોતાનું હિત સાધવાનો આ ખાસ મુદ્દો છે કે ગમે તેમ કરીને આ મનુષ્યભવ મળ્યો છે, સબ અવસર આ ચુકા હૈ તો આટલું તો ઓછામાં ઓછું એણે કામ કરવું જોઈએ. એ બીજ બળી જવું જોઈએ. પછી આગળની સ્થિતિ આપોઆપ પૂર્ણતા સુધીની તો ઉત્પન્ન થયા વિના રહેશે નહીં. સમ્યક્દર્શન પોતે એમ કહે છે કે, તારે મોક્ષમાં નહીં આવવું હોય તોપણ હું તને સંસારમાંથી ઢસડીને, બાંધીને મોક્ષમાં લઈ જઈશ. પછી તું સંસારમાં રહી શકે એ પરિસ્થિતિ રહેશે નહીં.

મુમુક્ષુ :– વિભાવ તારા નથી પણ વિભાવ કરે છે પોતે.

પૂજ્ય ભાઈશ્રી :– કરે છે પોતે. એ પરિણમન અપેક્ષાએ જીવનું પરિણમન છે એવું બતાવવું હોય ત્યારે એ પોતે કરે છે એમ કહેવાય. એટલે એ પદાર્થજ્ઞાનનો વિષય થયો. હવે પદાર્થજ્ઞાન ઉપરથી અધ્યાત્મ ઉપર આવવું છે તો એમાં પદાર્થજ્ઞાનનો એ સિદ્ધાંત પકડી રાખવાની આવશ્યકતા નથી. એ જાણી લીધું કે, આ જીવ કરે છે. હવે છોડવા છે તો અંદરમાં ને અંદરમાં પોતાનું મૂળ સ્વરૂપ જેનો પોતે સ્વામી છે ને જેનો કદી ત્યાગ થતો નથી એવો પોતે કોણ ? અને જેનો ત્યાગ થાય છે ને જે રાખ્યા રહેતા નથી, ભલે તને કોઈ વિભાવ સુહાતો હોય, સારો લાગતો હોય પણ એને ટકાવી શકે ? એ વિભાવ રહેશે નહીં, છૂટી

જશે. તારું હોય તો તારામાંથી છૂટે નહીં, તારું નથી એ તારામાંથી છૂટી જાય છે, તારો એના ઉપર Control નથી કેમકે તારું છે નહીં. પણ તેં તારું માન્યું છે એ તારા ભાવમરણ અને દ્રવ્યમરણનું કારણ છે. તારું મૂળ સ્વરૂપ જો તો તને તારાપણું એમાં જણાશે અને તારાપણું જ્યારે તને તારા સ્વરૂપમાં જણાશે ત્યારે તને આપોઆપ ક્ષણિક વિભાવમાં તારાપણું – પોતાપણું – સ્વામિત્વ જણાશે જ નહીં.

જ્ઞાની વિભાવ અંશમાં સ્વામિત્વ કરતા નથી એનો અર્થ શું છે ? કે, વિભાવઅંશમાં એને પોતાપણું ભાસતું પણ નથી. જ્ઞાનમાં ભાસતું પણ નથી કે, આ વિભાવ મારો છે ને હું એ સ્વરૂપે થઈ ગયો છું. હું તો પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપે અનાદિથી છું અને આ વિભાવ થવાના સર્વ વર્તમાનમાં એ સ્વરૂપે જ રહ્યો છું. મારું પૂર્ણ વીતરાગ સ્વરૂપ મટીને, ફીટીને કે વિલય પામીને એક સમયના વિભાવરૂપે થયું નથી કે થઈ ગયું નથી. થયું છે ? જો થઈ ગયું હોય તો એનો નાશ થતાં પોતાનો નાશ થાય. પણ જ્યારે એને પોતાના સ્વરૂપ ઉપર દૃષ્ટિ પડે છે ત્યારે એને ખ્યાલ આવે છે કે, હું તો એમ ને એમ રહું છું.

નદીના કાંઠે ભેલો માણસ પાણીના પ્રવાહને જુએ ત્યારે જો ભાનમાં રહે તો એને ખ્યાલ આવે છે કે, આ પાણીનો પ્રવાહ વહે છે ને હું કાઠે હલ્યા વગરનો એમ ને એમ સ્થિર ભો છું. પણ જો પાણીના પ્રવાહમાં એકાકાર થાય તો એને એમ લાગે કે હું તણાઉં છું. ભ્રમ થઈ જાય એને, દૃષ્ટિભ્રમ થાય એવી રીતે. કે હું તણાઉં છું, આ પ્રવાહમાં હું તણાઉં છું. એને એમ થાય કે આ ભો છું તો ક્યાંક Balance ગુમાવી તો નહીં દઉં ને ? પડી તો નહીં જાઉં ને ? લપસી તો નહીં જાઉં ને ? ડૂબી તો નહીં જાઉં ને ? પણ તું પાણીમાં જ નથી, તું તો કાંઠે જુદો ભો છો. પણ એકાકાર દૃષ્ટિ પ્રવાહમાં કરે તો એને તણાતો લાગે અને પોતાના ભાનમાં રહે તો એ વહેતા પાણીને નિરાંતે જુએ છે.

એમ વિભાવ આવે છે ને જાય છે, આવે છે ને જાય છે. (એમાં) એકાકાર થાય તો તણાય, એને તણાયાનો અનુભવ થાય. એ ડૂબ્યો, એ મર્યો ! ને કાંઠે ભો રહે તો કાંઈ વાંધો નથી તો વિભાવ આવી ને ચાલ્યો જશે, આવીને ચાલ્યો જશે. પછી બહુ લાંબો કાળ આવશે પણ નહીં.

મુમુક્ષુ :– ખરેખર ડૂબતોય નથી ને મરતોય નથી પણ એવો ભ્રમ થઈ જાય છે કે હું ડૂબ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– એ કેવો ભ્રમ થાય છે ! ખરેખર તો કાંઠે ભો છે પણ ભ્રમ

એવો થાય છે કે હું જ તણાઉં છું. આમ ચાલ્યો જાણે પ્રવાહની અંદર ! ક્યાંય જાતો નથી, ભ્રમણા જ છે, ખાલી દૃષ્ટિભ્રમ છે બીજું કાંઈ નથી.

એક પ્રશ્ન લીધો છે એમાં – 'પરમાગમસાર'માં લીધો છે. નંબર તો નહીં યાદ હોય. 'દૃષ્ટિના નિધાનમાં'ય ખેંચ્યો છે કે વિભાવને પોતાના જાણે મુમુક્ષુજીવ ? કેમકે જ્ઞાની તો ભિન્ન જાણે છે પણ મુમુક્ષુ હજી જ્ઞાની ન થયો હોય એ પોતાના જાણે કે પોતાથી ભિન્ન જાણે ?

'ગુરુદેવે' ઉત્તર આપ્યો છે કે, દોષ પોતે કર્યો છે એમ જાણે અને એનાથી છૂટવા માટે મારાથી ભિન્ન છે એમ જાણે. ઉત્તરમાં ઘણી વિચક્ષણતા છે ! દોષ પોતે કર્યો છે એમ જાણે. કેમકે એકત્વબુદ્ધિએ કરેલો દોષ છે. અને એનાથી ભિન્ન થવા અર્થે મારાથી ભિન્ન છે, મારું સ્વરૂપ કોઈ આથી જુદું વીતરાગ સ્વરૂપ છે એમ જાણે. એ રીતે પ્રયત્ન કરે, જુદો પડવાનો પ્રયત્ન કરવો.

જુદો પડવાનો પ્રયત્ન ક્યારે કરે ? કે, એકમેક છે એવી ખબર પડી ગઈ કે આ એકમેક થઈ જવાય છે અને એકમેક થવાથી આ જીવને મોટું નુકસાન છે, એના આનંદપ્રાણનો ઘાત છે, એની શાંતિનો ઘાણ વળી જાય છે અને અશાંતિ ભી થાય છે. ત્યારે એને છૂટા પડવાનો પ્રયત્ન થાય છે. એ છૂટા થવાના પ્રયત્નની અંદર એ મારા નથી, પોતાનું સ્વરૂપ ઓળખીને મારા સ્વરૂપે એ નથી એવી રીતે એને ભિન્ન જાણે છે.

મુમુક્ષુ :– વાંચેલા શાસ્ત્રોમાં આવો વિચક્ષણ જવાબ ક્યાંય આવતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં એવું છે કે, આ તો અપૂર્વ વાતો કરી છે અને એ કરેલી અપૂર્વ વાતો અપૂર્વ છે એમ ભાસવી જોઈએ, એની અપૂર્વતા ભાસવી જોઈએ. જ્યારે એની અપૂર્વતા ભાસે ત્યારે એનો ખરો મહિમા આવે અને ત્યારે જીવનો પુરુષાર્થ જ્યાં મહિમા હોય એ બાજુ નિયમથી લાગે, એ વિષયમાં લાગે.

૧૨૭ બોલ (પૂરો) થયો. બે, સવા બે લીટી છે પણ બે મુદ્દા છે એની અંદર. એક તો વસ્તુનું સ્વરૂપ (લીધું કે) કોઈ કોઈનું કાંઈ કરી શકતું નથી, ભિન્ને ભિન્ન છે. અને એ ભિન્નતાને ઠેઠ ત્યાં સુધી આરાધના માટે લઈ જવી છે કે વિભાવભાવ પણ મારો નથી, મારા સ્વરૂપે નથી. એમ વસ્તુનું ભિન્ન સ્વરૂપ અને ભેદજ્ઞાન. બે લીટીમાં બે મુદ્દા છે. વિભાવથી પણ ભેદજ્ઞાન કરાવ્યું છે અને પરદ્રવ્યથી પણ ભેદજ્ઞાન કરાવ્યું છે.

**આત્મા તો જાણનાર છે. આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. ભલે રોગ આવે કે ઉપસર્ગ આવે, આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી, ત્રણે તો કેવળ પ્રગટાવ્યું. અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી. ૧૨૮.**

૧૨૮ મો બોલ છે – જ્ઞાનીની દશાનો. '**આત્મા તો જાણનાર છે.**' આત્મા જાણનાર છે એવો અનુભવ કરે છે એવા જે જ્ઞાની તેને '**જ્ઞાતાધારા...**' – જ્ઞાનધારા પ્રગટ થયેલી છે. એવી જ્ઞાનીની '**જ્ઞાતાધારાને...**' અથવા '**આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી.**' અહીંયાં શું લેવું છે ? કે, જ્ઞાનીને જે જ્ઞાનધારા પ્રગટ થઈ એની શક્તિ કેટલી ? એનું સામર્થ્ય કેટલું ? એ વાત લેવી છે. આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી. પછી એ સામાન્ય રીતે કોઈપણ કાર્યની અંદર વિઘ્ન આવે છે (ત્યારે) એ દૃષ્ટાંત લેવામાં આવે કે રોગ આવે, ઉપસર્ગ આવે ત્યારે માણસને ચાલતા કામો પડતા મૂકવા પડે છે, ચાલતું કાર્ય છોડી દેવું પડે છે. અત્યારે શરીરમાં રોગ છે કોઈ કામ આપણે કરી શકીએ એમ નથી. રોગને લઈને માનસિક ઉપાધિ રહે છે. શરીરની વ્યાધિ અને ઉપાધિ બે ભેગા થાય (ત્યારે) માણસ બધા કામ છોડી દે છે. કોઈ બીજા એ જ રીતે ઉપસર્ગ કરે તોપણ એના કાર્યમાં વિઘ્ન આવે છે.

જ્ઞાતાધારાની શક્તિ એવી છે કે એમાં કાંઈ થઈ શકતું નથી. ભલે રોગ આવે પણ જ્ઞાતાધારાને તે રોકી શકતો નથી. શરીરમાં રોગ આવી શકે છે. એ વખતે એ રોગ જ્ઞાતાધારાને તો રોકી શકે નહીં, લટાની જ્ઞાતાધારા છે એ વધારે ઉગ્ર થાય છે. આ જ્ઞાનીની, સર્વ જ્ઞાનીની – તમામ જ્ઞાનીની સહજ દશા છે. યોગ્યતાવાળા – પાત્રતાવાળા જીવને પણ એમ જ થાય. પાત્રતાના લક્ષણમાં પણ આ વાત છે કે પ્રતિકૂળતાના સમયે તે પોતાના આત્મા પ્રત્યેના પુરુષાર્થને વધારે છે, જાગૃતિને વધારે છે. મુમુક્ષુ તો જાગૃત જીવ છે તે મુમુક્ષુ છે.

મુમુક્ષુ છે તે જાગૃત છે. જાગૃતિ વિના મુમુક્ષુતા નથી અથવા જાગૃતિ વિના મુમુક્ષુતા નામમાત્ર મુમુક્ષુતા છે, ખરેખર મુમુક્ષુતા નથી. ત્યાં એની જાગૃતિ ઔર વધે છે. એનું નામ એ મુમુક્ષુની પાત્રતા છે. જ્ઞાની તો એની આગળની દશામાં છે, વિશેષ દશામાં છે તો જ્યારે જ્યારે રોગાદિ થાય, ઉપસર્ગ આવે, કોઈપણ પ્રકારની પ્રતિકૂળતા આવે ત્યારે એને પોતાની જ્ઞાતાધારા - જ્ઞાનધારા વધારે સતેજ થાય છે, ઉગ્ર થાય છે, જોર પકડે છે. એટલે એમને ઉપસર્ગ રોગ એ ખરેખર એક ન્યાયે એના મદદકર્તા થઈ જાય છે, પોતાના સ્વકાર્યને વિશે ઉપકારી થાય છે. ખરેખર ઉપકારી માને છે. ઘણાંય જ્ઞાનીઓને એવો વિકલ્પ આવી જાય છે કે, શરીરમાં રોગ આવ્યો (તો) તું ઉપકારી છો મારો. રોગ આવ્યો ને ઉપકારી કહે ! ઠીક ! ડૉ ટર આવ્યો હોય એને ઉપકારી કહે તો બીજી વાત છે. રોગ આવ્યો હોય એને ઉપકારી કહે. (કેમકે) તારા નિમિત્તે મારો પુરુષાર્થ વધ્યો, તું ઉપકારી છો જા ! ઠીક ! દ્વેષ ન કરે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ લીધું છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'શ્રીમદ્જી'એ તો એવું વા ય કર્યું છે કે, મુમુક્ષુ માટે લખ્યું છે એમણે (કે), આ કાળમાં પ્રતિકૂળતાઓ આવવી કે થવી એ મુમુક્ષુને તો તરવા બરાબર છે. કેમકે તરવાનો પુરુષાર્થ અથવા વસ્તુના સ્વરૂપને યથાર્થપણે અવલોકન કરવાનો પુરુષાર્થ પ્રતિકૂળતાના સમયે વિશેષ કરીને થવો સંભવે છે. એટલે આ કાળે પ્રતિકૂળતા આવવી એ મુમુક્ષુને તો તરવા બરાબર છે. એટલે પ્રતિકૂળતાથી ગભરાય તે મુમુક્ષુ નહીં.

જગતના જીવને પ્રતિકૂળતા આવ્યા પહેલાં ખબર પડે કે પ્રતિકૂળતા આવશે તો છાતીના પાટીયા ભીંસાવા મંડે. મૂંઝવણ થવા મંડે, ડૉ ટર બોલાવવા પડે. આ (મુમુક્ષુ) કહે છે કે, પ્રતિકૂળતા આવે તો ઠીક છે. આપણે જાગૃત છીએ અને બરાબર બાંયો ચડાવીને પુરુષાર્થ કરવાની પૂર્વ તૈયારીમાં હોય છે. આવવા દ્યો. જેમ કોઈ વીર પુરુષ હોય તો કોઈ એને ખબર આપે કે તારી સામે ફલાણો લડવા આવે છે. એમ ! લડવા આવે છે ? મારી સામે આવે છે ? આવવા દ્યો ! થઈ જાઉં છું તૈયાર, એ આવે ત્યાં સુધીમાં તો હું તૈયાર થઈ જાઉં છું. એને ભય નથી થતો કે, મારી સામે લડવા આવશે, હવે મારું શું થશે ? મને મારશે તો ? મને મારી નાખશે તો ? એ કાયરનું કામ છે. આ તો કહે છે પ્રતિકૂળતા ? અરે...! કાંઈ વાંધો (નહિ). પ્રતિકૂળતા જેવું છે શું જગતમાં ? આવવા તો દ્યો. જે સંજોગો ભા થવાના હોય (તે) થવા તો દ્યો. હું મારી શ તિ સંપન્ન બરાબર બેઠો છું. એને કાંઈ અસર થતી નથી.

રોગનો પ્રકાર તો પૂજ્ય 'બહેનશ્રી'ને શારીરિક રીતે ઘણાં વર્ષથી છે. ખરેખર કહીએ તો ઇ પોતાના અનુભવને લખે છે એમ કહીએ તો ચાલે. ભલે રોગ આવે. શરીર કાલ પડતું હોય તો આજ પડે, જ્ઞાનીને એનો હરખ-શોક હોતો નથી. જો શરીરને પડવાનો હરખ-શોક નથી તો રોગનો હરખ-શોક શેનો હોય ? એ પ્રશ્ન રહેતો નથી.

**'ભલે રોગ આવે કે** (ભલે) **ઉપસર્ગ આવે...'** બન્નેમાં ઇ લાગુ પડે છે. **'આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે.'** એ રોગનો આત્મામાં પ્રવેશ નથી. એવો પ્રત્યક્ષ અનુભવ શરીરની રોગિષ્ટ અવસ્થાના કાળે પણ પૂર્ણ તંદુરસ્ત – પૂર્ણ નિર્વિકાર, રોગ વિનાનો પૂર્ણ નિરોગ હું છું એવો અનુભવ પ્રત્યક્ષ વર્તે છે. એટલે એમને રોગ મને થયો એ ઉપાધિ, એ બોજો, એવું એકત્વ એમાં થતું નથી.

શરીરથી જુદો છે એનો અર્થ જ એ છે કે, શરીરમાં જે કાંઈ થાય એનું લાભ-નુકસાન મને નથી. જેટલા કોઈ ફેરફારો થાય એનું લાભ-નુકસાન આ આત્માને બિલકુલ નથી. અને ખરેખર નથી, વસ્તુતાએ પણ નથી. અનંતા શરીરો છોડ્યા, અનંતા શરીરોમાં રોગ આવ્યા, અનંતા રોગ આવ્યા અને વૃદ્ધાવસ્થાઓ અનંતી થઈ, અનંતી અશક્તિઓ થઈ, અનંતું થઈ ગયું બધું, શરીરો સડ્યા, બળ્યા, જળ્યા, રોગિષ્ટ થયા, બધું થયું. આત્માને ક્યાંય ડાઘ લાગ્યો હોય તો બતાવી દ્યો ! એને કાંઈ થયું તો નથી પણ એનો ડાઘ પણ નથી ક્યાંય કે, આ શરીર બહુ બળી ગયું હતું ને એટલે એની દાઝ રહી ગઈ છે, સહેજ કાળું ચાઠું રહી ગયું છે. કાંઈ નથી, એવું ને એવું નકોર તત્ત્વ છે. એવી એની શક્તિ છે કે, શરીરના પુદ્ગલો આત્માને જરાપણ સ્પર્શી શકતા નથી. પુદ્ગલો સ્પર્શતા નથી ને પૌદ્ગલિક વેદના એ પણ જ્ઞાનને સ્પર્શી શકતી નથી. આત્માને સ્પર્શી શકતી નથી એટલે જ્ઞાનને સ્પર્શી શકતી નથી. જ્ઞાનને સ્પર્શી શકતી નથી એટલે પોતાને સ્પર્શી શકતી નથી. વેદનાને સુખી થતો થતો જ્ઞાની જાણે છે. જાણે છે એટલું નહીં, વેદનાનો જ્ઞાતા છે એમ નહીં પણ સુખી થતો થતો જાણે છે, સુખમાં ડોલતો જાણે છે. સુખ છે, અંદરથી સુખ પ્રગટે છે ને જાણે છે, સુખનો અનુભવ કરે છે.

એટલે તો આમનું પદ છે ને ! કોનું પદ છે ? 'દ્યાનતરાયજી'નું પદ છે, 'દ્યાનતરાયજી'નું પદ છે. 'બાહર નારકી કૃત દુઃખ ભોગે અંતર સુખ રસ ગટાગટી.' સુખને પીવે છે. બહારમાં લોકો એમ જોવે છે કે નરકના દુઃખ ભોગવે છે. હું તો અંદરમાં સુખ ભોગવું છું. આટલો બધો, અંદરમાં ને બહારમાં આટલો બધો ફેર છે. ત્યાં તો રોગ પણ ઘણાં છે, નારકીના

શરીરમાં તો રોગ પણ ઘણાં છે ને બીજા ઉપસર્ગ પણ ઘણાં છે, એકસાથે બન્ને વાત છે.

**'આત્મા તો નીરોગ ને નિરુપસર્ગ છે. ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી,...'** ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા (કરી). જેવો ઉપસર્ગ આવ્યો કે રસ્તો પકડ્યો પોતાની લીનતાનો. પૂર્ણ સાધવા નીકળેલા. મુનિદશા લીધી, દીક્ષા લીધી એટલે પૂર્ણ સાધવા નીકળેલા. એમાં આ 'દુર્યોધને' ઉપસર્ગ કર્યો. બહુ સારું, તું ઉપકારી, ભાઈ ! આ અમારે કેવળજ્ઞાનનું સીધું પડી ગયું. એટલે સીધી લીનતા કરીને કેવળજ્ઞાન લઈ લીધું. દુનિયા આખી 'દુર્યોધન'ને નિંદે. એ... 'દુર્યોધન', દુષ્ટ વૃત્તિવાળો 'દુર્યોધન' ! ધર્માત્માઓને ઉપસર્ગ કર્યો. આ કહે છે – ધર્માત્મા કહે છે કે, અમને તો સવળું પડ્યું છે, અમને અવળું પડ્યું નથી.

મુમુક્ષુ :– ધર્માત્માની દૃષ્ટિ જ જુદી છે જોવાની.

પૂજ્ય ભાઈશ્રી :– લાઇન જ જુદી છે ને ! કામ કરવાની પદ્ધતિ જ જુદી છે. સહજ જ થાય છે એ.

મુમુક્ષુ :– દુનિયા એમ જોવે કે, 'દુર્યોધને' ખરાબ કામ કર્યું, એમ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અલબત એની વૃત્તિ, એને પૃથ્થકરણ કરીએ તો એમાં દુષ્ટતા હતી પણ જ્ઞાનીને એ દૃષ્ટિએ નથી જોવું. જ્ઞાનીને એ જ્ઞાન થાય છે કે, આની વૃત્તિમાં દુષ્ટતા છે એની ખબર એને પડે છે પણ એને એ દૃષ્ટિએ નથી જોવું. એને તો પોતાની ભાવના ઉગ્ર થવામાં નિમિત્ત પડે છે તો એને ઇ પડખું પકડવું છે, ઓલું પડખું જાણે છે તોય છોડી દ્યે છે. પેલાની દુષ્ટતાનું પડખું જાણે છે તોય છોડી દ્યે છે અને પોતાની ઉગ્ર વૃત્તિ થાય છે એ પડખાંને (જોઈને) વધારે એ બાજુ જાય છે. એમ એની જે ચાલ છે એ જુદી રીતની છે.

મુમુક્ષુ :– ખરી વાત છે. કોઈ વિરોધ કરે તો 'ગુરુદેવ' કહેતા કે, એ પણ ભગવાન છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ તો એમ જ થાય. જેટલો વિરોધ થાય એટલી મુમુક્ષુ હોય, જ્ઞાની હોય એની ભાવના તીવ્ર થાય.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' એને ભગવાન કહેતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આપણે હમણાં 'સુરેન્દ્રનગર' ગયા હતા. 'સૂર્યકીર્તિ' ભગવાનની બધા ભક્તિ કરતા હતા ને ! ઇ તો જ્યાં જ્યાં સ્થાપના કરે છે ત્યાં મુમુક્ષુઓ ભક્તિ બહુ કરે છે. પછી ઓછા માણસો હોય કે વધારે હોય. આવી રીતે જાહેર કરે કે કેટલાકથી

ગુપ્ત રાખીને કરે પણ ભક્તિ બહુ કરે છે. 'અમરેલી' અમે ગયા તો દોઢ કલાક તો ભક્તિ કરીને પછી બંધ રાખવા પડ્યા કે હવે આ સ્થાપનાનું મુહૂર્ત જાય છે. જો અમુક પ્રકારે વિરોધ ન થયો હોત તો કદાચ આટલી ભક્તિથી સ્થાપના ન થતી હોત. અંદર અંદર જે વિરોધ થયો આટલો તો લોકોને એમ થાય કે આ પ્રસંગ આપણને કોઈ કોશિશથી મળે છે, કાંઈક એની કિંમત દેતા મળે છે તો જોરથી ભક્તિ કરે છે, વધારે ભક્તિ કરે. નહીંતર સામાન્ય રીતે જે Traditional જે પ્રકારે ચાલે છે બીજા પ્રતિષ્ઠા મહોત્સવ એવી રીતે થાય. પણ ખાસ કરીને ઘાતકી ખંડના વિદેહ તીર્થંકરની જ્યાં સ્થાપનાની વાત આવે ત્યાં બધાયને 'ગુરુદેવ'ની ભાવિ પર્યાય દેખાય છે. ત્યાં તો અનંતા તીર્થંકર થવાના છે. ઘાતકીમાં વિદેહમાં અનંતા ભાવિ તીર્થંકરો થવાના છે. આ તો એક પ્રતિમાનું પ્રતીક છે Representation અનંતનું Representation એક પ્રતિમા છે. પણ 'ગુરુદેવ'ની પર્યાય દેખાય છે ને ! 'ગુરુદેવ'ની પર્યાયને હિસાબે વિરોધ થયો હતો, (તોપણ બધા) ખૂબ ભક્તિ કરે છે, ખૂબ ભક્તિ કરે છે. એ બધે 'જામનગર'માં તમે જુઓ, જ્યાં જ્યાં થયો ત્યાં બધે એમ જ થયું. અહીંયાં (-બહારમાં) વિરોધ થાય તો અહીંયાં (-અંદરમાં) ભાવના તીવ્ર થયા વિના રહે જ નહીં. આ કુદરતી વસ્તુ છે. કરવું પડે નહીં, કુદરતી છે.

શું કહે છે અહીંયાં ? સમય થઈ ગયો છે. **'ઉપસર્ગ આવ્યો તો પાંડવોએ અંદર લીનતા કરી...'** એવી ભાષા કરી છે અને **'ત્રણે તો કેવળ પ્રગટાવ્યું.'** એ ન આવ્યો હોત તોય ઇ તો કરત પણ આ તો આવ્યો એટલે પરિણમનને એ બહાનું મળી ગયું. (વિશેષ લઈશું...)

* * *

## તા. ૩૦-૦૫-૧૯૮૭, વચનામૃત-૧૨૮,૧૨૯
## પ્રવચન નં. ૧૦૦

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૪૧, ૧૨૮મો બોલ ચાલે છે. સાધકદશાની કેવી શક્તિ હોય છે એનું વર્ણન કર્યું છે. દૃષ્ટાંત તો પાંડવોનું મુનિદશાનું આપ્યું છે કે, પાંડવોએ ઉપસર્ગ આવતાં લીનતા કરી અને પાંચ પાંડવોમાંથી ત્રણ આત્માઓ તો કેવળજ્ઞાન પ્રગટ કરી ગયા. બેને શુભોપયોગના ફળમાં સર્વાર્થસિદ્ધિના ભવનો બંધ પડ્યો, તોપણ અશુભ ઉપયોગ થયો નથી. ઉપસર્ગ થયો તોપણ તીવ્ર કષાય કે આકુળતા તીવ્ર નથી થઈ અથવા મુનિદશાને યોગ્ય વ્યવહારના પરિણામના ફળમાં સર્વાર્થસિદ્ધિમાં ગયા. (અન્ય ત્રણ પાંડવોએ) મુનિદશામાં જ ઉગ્ર સાધના કરી તો કેવળજ્ઞાન પ્રગટ કર્યું. એ મુનિદશાનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત છે.

અહીંયાં સામાન્ય સિદ્ધાંત એ સ્થાપવો છે કે, **'આત્માની જ્ઞાતાધારાને કોઈ રોકી શકતું નથી.'** પછી એ ચતુર્થ ગુણસ્થાનવર્તી પ્રથમ શુદ્ધોપયોગ થવાનો હોય એને કોઈ રોકી શકતું નથી અને ચોથા ગુણસ્થાનના જઘન્ય, મધ્યમ, ઉત્કૃષ્ટ ભેદ લઈએ તો એના કોઈપણ પ્રકારના જ્ઞાતા પરિણામને – શુદ્ધ પરિણામને જગતની અંદર એવો કોઈ પદાર્થ નથી, એવી કોઈ પરિસ્થિતિ નથી કે એને રોકી શકે.

આમ તો છએ દ્રવ્યો, પ્રત્યેક પદાર્થ પોતાનું કાર્ય સ્વતંત્ર રીતે કરે છે અને સ્વતંત્ર રીતે કરતા એવા પદાર્થને જ એના કાર્યનો કર્તા કહેવાય છે. સ્વતંત્રપણે કાર્ય કરે તેને કર્તા કહીએ. એવી સ્વતંત્રતા ઉપર કોઈ કોઈના કાર્ય ઉપર તરાપ મારી શકે એ જગતની અંદર વસ્તુ વ્યવસ્થા જ નથી.

જીવના અશુદ્ધ પરિણમનને પણ કોઈ ફેરવવા સમર્થ નથી. અશુદ્ધ પરિણમન તો નબળાઈથી (થયેલું છે), અશક્ત ભાવ જીવની અશક્તિ પ્રદર્શિત કરતું પરિણામ છે. અને

સામે પરિપૂર્ણ શુદ્ધ તીર્થંકરનું દ્રવ્ય હોય અને સંસારી જીવ સ્વતંત્રપણે અશુદ્ધ પરિણમતો હોય તો એને કાંઈ કોઈ ફેરવી શકતું નથી. નહીંતર ધર્મને યોગ્ય કેવું વાતાવરણ છે ! કે સમવસરણનું વાતાવરણ છે એવું ઉત્કૃષ્ટ ધર્મને યોગ્ય વાતાવરણ તો વિશ્વમાં ક્યાંય હોય શકતું નથી. એટલા ધર્મીના ટોળાં હોય, એટલા મુનિઓના ટોળાં હોય, એટલા કેવળીઓ થતાં હોય અને ધર્મનાયક તીર્થંકર સાક્ષાત્ બિરાજમાન હોય. એમના ઉપદેશનો ધોધ છૂટતો હોય પણ જીવ સ્વતંત્રપણે અવળો ચાલે, આ જીવ અનંતવાર ચાલેલો છે, એક-બે વાર નહીં, લાખ-કરોડ, અબજ વાર નહીં એથી વધારે વાર. એક, બે વાર ભૂલ કરી છે એમ નથી, અનંતવાર કરી છે. સમવસરણમાં ગયો છે. પંચ પરાવર્તનમાં અનંત પંચ પરાવર્તન લઈએ તો આ સ્વીકારવું જ પડે. જે નિત્ય નિગોદમાંથી બહાર નથી નીકળ્યાં એને માટે પ્રશ્ન નથી, એ અપવાદ છે પણ જે સંસારમાં પરિભ્રમણ કરે છે એ બધાની તો આ દશા થઈ ચૂકી છે એટલે ચેતવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- ત્યાં જઈને ન સમજ્યો બહુ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં જઈને તો નથી સમજ્યો એની સાબિતી પોતે અત્યારે અહીંયાં છે એ છે. સાબિત કરવા જવું પડે એવું નથી, પણ એમાંથી જે કાંઈ ધડો લેવાનો છે - કાંઈ તાત્પર્ય કરવાનું છે કે રખેને આવી કોઈ ભૂલ રહેતી નથી ને ? હવે તો ભૂલ નથી રહેતી ને કાંઈ ? આ વસ્તુ એમાંથી મેળવવાની છે.

મુમુક્ષુ :- એ રીતે તીર્થંકર મળ્યા એ તો યાદ નથી પણ અત્યારે મળ્યા ઇ તો યાદ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- યાદ છે કે નહીં ? અત્યારે જો મળ્યા છે તો અત્યારે તારે કામ કરવાની તક છે. અત્યારે ભૂલ નથી કરતો ને ઇ જોઈ લ્યો ! ફરીને અત્યારે તો કોઈ એવી ભૂલ નથી કરતો ને ? એટલું તપાસી લેજે. અને તપાસતા તને પ્રતીતિ થશે. જો તને તપાસવા જેટલો પણ ભાવ આવશે કે લાવ મારી જાતને હું એકવાર બરાબર Check કરી લઉં, તો જરૂર તને સમજાશે. એટલો હળવો થઈશ કે મારી જાતને હું તપાસી લઉં કે અનંતકાળમાં કરી એવી ફરીને હું આવી તો કોઈ ભૂલ નથી કરતો ને ? તો તને ચોક્કસ ખબર પડશે, જો ભૂલ થતી હશે તોપણ અને ભૂલ નહીં થતી હોય તોપણ. બેય વાતની તને ખબર પડી જશે.

અહીંયાં તો એમ કહેવું છે કે, જીવના ઊંધા પરિણમનની સ્વતંત્રતા પણ સાબિત થયેલી

ચીજ છે કે એને કોઈ ફેરવી શકતું નથી તો જે આત્માની શક્તિથી ઉત્પન્ન થયેલી જ્ઞાતાધારા છે, ઓલું તો દૃષ્ટાંત ઊલટું લીધું હવે સૂલટામાં સિદ્ધાંત લેવો છે કે, આત્માની જ્ઞાતાધારાને કોણ રોકી શકે ? શરીરનો રોગ અને વેદના એ ખરેખર આત્માની જ્ઞાતાધારાને રોકી શકે નહીં. કોઈપણ નિમિત્ત – પ્રતિકૂળતાનું નિમિત્ત કે અનુકૂળતાનું નિમિત્ત એ જ્ઞાતાધારાને વધારે ઉગ્ર થવામાં જ નિમિત્ત પડે છે, શિથિલ થવામાં નિમિત્ત પડતું નથી. એવી જ કોઈ વધતી દશા મોક્ષમાર્ગને વિશે સાધકની હોય છે. ઉપસર્ગના કાળમાં તો વિશેષે કરીને સાધનાનો પ્રયોગ થવાનો અવસર છે તેથી ત્યાં તો એને રોકવાનો પ્રશ્ન નથી પણ ઊલટાનું પોતાની સાધના વધારવાનો પ્રસંગ મળે છે. એ પાંડવોના દૃષ્ટાંતે વાત લીધી. સમર્થ દૃષ્ટાંત લેવામાં આવે છે પણ સાધકદશાની શરૂઆતથી ચોથા, પાંચમાં, છઠ્ઠા-સાતમાં ગુણસ્થાન – ત્રણેય દશામાં આ યોગ્યતા સામાન્ય પ્રકારની છે કે પ્રતિકૂળતામાં સાધના વધે છે, પ્રતિકૂળતામાં સાધના ઘટતી નથી.

આ તો એટલા માટે વાત લે છે કે, અજ્ઞાન દશામાં એવો એક અભિપ્રાય હોય છે કે પહેલેથી જ નબળો વિચાર કરે છે કે મારા પ્રસંગો હીણા થશે તો હું શું કરીશ ? મારું શું થશે ? લાવ અત્યારથી જ મારી ચારેબાજુની પ્રસંગની મજબૂતાઈ, મારા સંયોગોની તો સરખાઈ કરી લઉં. પછી પાછળ ઇ બધું થઈ ગયા પછી મને સંયોગનો વિકલ્પ નહીં રહે અને પછી હું નિરાંતે ધર્મધ્યાન કરીશ. એ પાયો ખોટો છે, એ પાયો ખોટો છે. કોઈપણ સ્તરે એ વિચારથી અને એ અભિપ્રાયથી તો કોઈપણ સ્તરે તને ધર્મધ્યાન થવાની પરિસ્થિતિ ઊભી થવાની જ નથી. તારો વિકલ્પ સંયોગ આશ્રિત જ રહેવાનો છે. ભલે બધી અનુકૂળતા થઈ ગઈ હશે, એ અનુકૂળતા થઈને નિવૃત્તિ લઈ લીધી હશે, નિવૃત્તિ લઈને નિવૃત્તિ ક્ષેત્રમાં આશ્રમમાં જઈને બેસી ગયો હોઈશ; નિવૃત્તિના આશ્રમ હોય છે ને ? આ ઉદાસીન આશ્રમ (છે) ને ! હવે તો બધે ઘણાં થઈ ગયા છે. 'સાયલા'થી માંડીને 'વવાણિયા' જાવ, 'સાયલા' જાવ, 'ખંભાત' જાવ, 'વડવા' જાવ, 'દેવલાલી' જાવ બધે બહુ ઓછા પૈસે (રહેવા મળે). 'દેવલાલી'માં છ રૂપિયાની અંદર (રહેવા દ્યે છે). એવી રીતે અહીંયાં 'સાયલા' અમે જોવા ગયા હતા. સાત રૂપિયાની અંદર રહેવું, ખાવું, પીવું, બે વખત ચા નાસ્તો. સાત રૂપિયા રોજનો ચાર્જ. એટલી વ્યવસ્થા થઈ ગઈ હોય તો ધર્મધ્યાન થાય કે ન થાય ? કે, વ્યવસ્થા થઈ ગઈ હોય તો થાય ? તો (કહે છે), ન થાય. આ વિચારસરણી આખી ઊલટી છે, ઊંધી છે. પહેલેથી જ તારે આધાર લેવો છે સંયોગનો અને પછી આત્માનો આધાર શોધવા

નીકળવું છે, ઓલો આધાર પકડી રાખીને. કેવી રીતે આધાર બદલ્યા વિના ધર્મ થવાનો હતો ? ધર્મ તો આત્માના આધારે જ થવાનો છે.

પહેલાં એમ નક્કી કર કે, અત્યારથી – અત્યારે જ ધર્મ કરવો છે, ધર્મનો પ્રયત્ન તો અત્યારથી જ ચાલુ કરવો છે, ભલે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં મારી કોઈપણ પરિસ્થિતિ હો. ગમે તે પરિસ્થિતિમાં આ પ્રયત્ન ચાલુ કરવો છે. કેમકે મારા પ્રયત્નને અને પરિસ્થિતિને કાંઈ લાગતું વળગતું નથી. અહીંથી એણે શરૂઆત કરવી જોઈએ. ઉપાડ જો અહીંથી કરે તો કોઈપણ હાલતમાં એને ધર્મધ્યાન થઈ શકે છે. અને નહીંતર સારામાં સારી સગવડતા, સંપૂર્ણ સગવડતા, પૂરી સગવડતા હોય તોપણ એને સંયોગ આશ્રિત પરિણામ મટે જ નહીં. કેમકે એનો આધાર સંયોગ છે, એનો આધાર આત્મા બની શકે નહીં. જેનો આધાર સંયોગ છે એનો આધાર આત્મા કેવી રીતે થશે ? જેનો આધાર પર છે એનો આધાર સ્વ કેવી રીતે થશે ? પહેલેથી તો દુશ્મનના દળમાં સામેલ થયો છો તું. અજીવ સંયોગ છે એ તારા પ્રતિપક્ષભૂત દુશ્મન છે, એ દુશ્મનમાં તો તું સામેલ થઈ ગયો છો. પછી કોઈ રીતે અવિપરીત કાર્ય સાધી નહીં શકાય, વિપરીતતામાં પૂરેપૂરો આવી ગયો છો.

મુમુક્ષુ :– બધી અનુકૂળતા તો 'ભરત' ચક્રવર્તીને પણ નહોતી તો અમને ક્યાંથી હોય !

પૂજ્ય ભાઈશ્રી :– કોઈ પ્રશ્ન જ નથી. 'ગુરુદેવ' કહેતા હતા કે, જગતમાં કોઈને પૂરા પુણ્ય હોય એવું બનતું નથી. પુણ્ય અધૂરાં જ હોય. ચક્રવર્તી અને ઇન્દ્ર કરતા પણ તીર્થંકર ભગવાનના પુણ્ય વધારે છે. કેમકે એને એ વંદન કરે છે. તોપણ સમોવસરણની બહાર એમનું પણ અવર્ણવાદ બોલનારા ભા હોય છે. ઇ પુણ્યનો યોગ છે ? અવર્ણવાદ બોલે ઇ પુણ્યનો યોગ છે ? આ તો હજુ પાંચમો આરો છે. અહીં તો હલકા પરિણામવાળા જીવો હોય જ. પણ ચોથા આરાના પ્રારંભમાં પણ એ જીવો હતા. ચોથા આરાની શરૂઆતમાં પણ આ જીવો હતા. એ તો ત્રણેય કાળે હોય છે. કોઈને પૂરા પુણ્ય હોતા નથી. અને પૂરા પુણ્યનું કામ પણ નથી, આત્માને એની જરૂર પણ નથી. પૂરાં પુણ્યની જરૂર નથી, અધૂરાં પુણ્યની પણ જરૂર નથી ને થોડાં પુણ્યની પણ જરૂર નથી. પુણ્ય માત્રની એને જરૂર નથી. ત્યાંથી ઉપાડ કરવાનો છે ને ત્યાંથી શરૂઆત કરવાની છે. એટલે એ પડખું આખું છોડી દે. ભલે પુણ્યનો ઉદય હો કે ભલે પૂર્વકૃત પાપનો ઉદય હો, મારે માટે બન્ને સરખાં છે. મારા માટે એમાં કાંઈ વિશેષતા હોય તો એ મારી સાધનાને અનુકૂળ નથી. બન્નેમાં સમભાવ થવો એ જ મારી સાધનાને અનુકૂળ છે. ત્યાંથી શરૂઆત કરવાની છે.

છેલ્લી લીટી લેવાની છે કે, **'અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી.'** કોઈ અનુકૂળતાના સંયોગો એને ફસાવતા નથી કે પ્રતિકૂળતાના (સંયોગો) એને રોકતા નથી. ફસાય છે જીવ તો પોતાની મેળે, અટકે છે તોપણ પોતાની મેળે. ખરેખર તો પોતે જ પોતાનો દુશ્મન છે. પરિભ્રમણ કરાવવા માટે, દુઃખી થવા માટે પોતે જ પોતાનો દુશ્મન છે, પોતાને દુઃખમાં નાખવા માટે પોતે જ પોતાનો દુશ્મન છે. પોતાનું દુઃખ બીજું કોઈ ઉત્પન્ન કરે એવું બનતું નથી.

પ્રશ્ન :- પોતાના મિત્ર હવે કેમ થવાનું ?

સમાધાન :- પોતાના હિતની બુદ્ધિ રાખવી. પોતાની હિતબુદ્ધિએ બધું વિચારવું કે, આમાં મારા આત્માને હિત થાય કે ન થાય ? આમ કરતા મારા આત્માનું હિત થાય કે અહિત થાય ? આમ કરતા મારા આત્માનું હિત થાય કે અહિત થાય ? ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે આ દૃષ્ટિકોણ આગળ રાખવો.

મુમુક્ષુને હિતબુદ્ધિનો દીવો છે. જેને હજી સમ્યક્જ્ઞાનનો દીવો નથી પ્રગટ થયો એવા મુમુક્ષુને હિતબુદ્ધિનો દૃષ્ટિકોણ એ એક માત્ર એનો દીવો છે એની પાસે. આ દીવો લઈને એ જ્યાં જાય ને દીવો આગળ રાખે, પ્રકાશ કરે કે આમા મારું હિત થાય કે અહિત થાય ? આમા મારું હિત થાય કે અહિત થાય ? બસ ! જ્યાં અહિત થાય એવા પરિણામ કે પ્રસંગ હશે, તરત જ એનો રસ ત્યાંથી  ડી જશે, ઉપેક્ષા થઈ જશે કે આ (નહીં). નકાર એને આવી જશે. નહીં, આ નહીં, આ નહીં, આ નહીં. બસ ! હિતબુદ્ધિનો દીવો છે એની પાસે. મારું હિત થાય કે અહિત થાય આ તપાસી લેવું. દરેક વખતે આ તપાસતા જવું.

'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ'માં એને સુવિચારણા કહી છે. પોતાનું હિત થાય એ વિચારણા સુવિચારણા. પોતાના હિત-અહિતના વિષયમાં જાગૃતિ જ ન હોય એ ગમે એવી ક્ષયોપશમવાળી વિચારણા હોય તોપણ કુવિચારણા છે. એટલે એમણે એમ લીધું છે. એમણે તો સુવિચારણાનો છેડો નિર્વાણ સુધી અડાડ્યો છે. 'જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજજ્ઞાન, તે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.' એક પદની અંદર નિર્વાણ સુધીનું ફળ લઈ લીધું છે કે, સુવિચારણાના ફળમાં શું થાય ? કે નિજજ્ઞાન એટલે આત્મજ્ઞાન ઉત્પન્ન થાય. આત્મજ્ઞાનના ફળમાં શું થાય ? કે દર્શનમોહ ને ચારિત્રમોહનો ક્ષય થાય. દર્શનમોહ ને ચારિત્રમોહનો નાશ થતાં શું થાય ? કે, નિર્વાણપદની પ્રાપ્તિ થાય. આખી લીંક જોડી દીધી છે. સંક્ષેપમાં ઘણું કહેવાનું સામર્થ્ય હોય એવા સૂત્રો છે એ બધા.

મુમુક્ષુ :- હિતબુદ્ધિનો દીવો રાખીને ચાલવું. બહુ સરસ વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે ખરેખર તો. એને પોતાનું હિત થાય છે કે અહિત થાય છે ? બસ ! એટલું વિચારતા એટલો દૃષ્ટિકોણ મુખ્ય રહે તો એ તરે જ તરે. કેમકે એ તારવણીનો જ વિષય થઈ ગયો, તારવણીનો દૃષ્ટિકોણ થઈ ગયો. પોતાના આત્માને દોષથી તારે છે, તરીને ચાલે છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્' જેવો ક્ષયોપશમ ચારસો-પાંચસો વર્ષમાં કોઈનો નહિ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોથા ગુણસ્થાનવર્તી (હતા), બહુ નિર્મળતા ! એકાવતારી હતા ને ! વિચારદશા ઘણી લાંબી ચાલીને પછી સમ્યક્‌માં આવ્યા અને પૂર્વનું આરાધન, શ્રુતનું આરાધન, સત્સંગનું આરાધન, સત્પુરુષના યોગનું આરાધન એ પૂર્વભવમાં – નજીકના જ પૂર્વભવમાં ઘણું સારું હશે.

મુમુક્ષુ :- ક્ષયોપશમ એટલે શાસ્ત્ર જ્ઞાન નથી કહેતો, બુદ્ધિનો ક્ષયોપશમ ઘણો.

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. નિર્મળતા – જ્ઞાનની નિર્મળતા ઘણી !

મુમુક્ષુ :- એ તો અવધાન કરતા ને એ બધું...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ખરો, એ તો બાહ્ય ક્ષયોપશમ છે પણ અંદર આત્માના હિતના વિષયમાં જે કાંઈ સુસ્પષ્ટ વિચારણા (હતી) એ ઘણી સારી. મથાળામાં ભાઈએ વાક્ય લીધું છે એ સારું લીધું છે. 'શ્રીમદ્'ના જે વચનામૃતો લીધા એનું મથાળું લીધું છે 'શ્રીમદ્જી'ના શબ્દોમાં. 'આ જે વચનો લખ્યા છે તે સર્વ મુમુક્ષુને પરમ બાંધવરૂપ છે.' જેમ ભાઈ પડખે ને પડખે રહે. પડખે રહે એને ભાઈ કહેવાય, હોં ! અત્યારે જોકે એવી પરિસ્થિતિ ભાઈઓ ભાઈઓમાં નથી. અત્યારે ઈર્ષાની પરિસ્થિતિ હોય છે પણ સામાન્ય રીતે બાંધવ એને કહેવાય છે. જેમકે 'રામ' અને 'લક્ષ્મણ' હતા. એ 'રામચંદ્રજી'ને કાંઈ પરિશ્રમ કરવા ન દ્યે. હું બેઠો છું ને તમે ક્યાં ભા થાવ છો ? હું બેઠો છું ને ! એમ કહીને ભા થઈ જાય. એને (–'લક્ષ્મણજી'ને) જે છ મહિના ખભે લીધા છે એ એમ ને એમ નથી લીધા. જીવન દરમિયાનમાં એનું – 'લક્ષ્મણજી'નું જે સમર્પણ છે એ પણ અસાધારણ છે ! કષાયની તીવ્રતાવાળા હતા એટલે નરકે ગયા પણ એનું જે 'રામચંદ્રજી' પ્રત્યેનો જે... ભાઈ જાણીને, હોં ! જે એનો અનુરાગ હતો એ સમર્પણ કાંઈ જોવા ન મળે. 'રામ-લક્ષ્મણ'ની જોડી એટલા માટે કહેવાય છે. વહેલી સવારથી ચરણસ્પર્શથી માંડીને રાત્રે સૂવે ને પગચંપી કરે ત્યાં સુધી. સૂતા પહેલા એની પગચંપી કરે ત્યાં સુધીનું. સવારથી ચરણ ધોવાથી માંડીને બધું જ એનું

એટલું બહુમાનથી કરેલું છે અને એક પણ દિવસ કંટાળ્યા વિના. એટલા લાંબા આયુષ્ય પાછા.

મુમુક્ષુ :– એમાં તો બેય વાત હશે ને ? 'લક્ષ્મણ'ને ખબર પણ હશે કે આ ચરમશરીરી છે, આ ભવે મોક્ષ જશે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે કીધું કે, જ્ઞાની પ્રત્યેનું બહુમાન નહીં પણ હવે આમ ભાઈ ભાઈનો રાગ હતો. 'રામ-લક્ષ્મણ'ની વચ્ચે, 'બળદેવ-વાસુદેવ'ની વચ્ચે સાંસારિક રાગ વિશેષ હોય છે. સાંસારિક રાગ (હતો). જ્ઞાનીને જોઈને જો રાગ આવે તો એનું ફળ પાછું બહુ ંચું આવે છે, એનું ફળ બહુ ઊંચું આવે છે. આ જ્ઞાની છે એમ બહુમાન આવે તો એનો દર્શનમોહ મંદ પડે, એનો ચારિત્રમોહ મંદ પડે. એ (સમ્યક્) પામવાની નજીક જાય. એમ તો ઇ પણ તીર્થંકરનું દ્રવ્ય છે.

પ્રશ્ન :– ભાઈ પ્રત્યેનો તીવ્ર સ્નેહ છે માટે નરકે જાય છે ?

સમાધાન :– ના. બીજી પણ લડાઈઓ બહુ કરી છે, મારામારી–કાપાકાપી બહુ કરી છે એટલે જ્યારે ઇ પ્રસંગ, ઇ ઉદય આવેને ત્યારે એના ક્રોધના પરિણામનું માપ ન રહે.

મુમુક્ષુ :– છેલ્લા પરિણામમાં છે, ભાઈનું મરણ સાંભળતા જે થયા...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ છે. એ છે (અને) રાવણની લડાઈમાં બહુ પરિણામ આકરા કરેલા છે. પછી જ્યાં જ્યાં વનમાં ગયા છે ત્યાં ત્યાં જ્યાં જ્યાં ઉપસર્ગો, આ તે, ક્યાંક ક્યાંક લડવું પડ્યું છે કોઈની સાથે, બધે ઇ પોતે જ ગયા છે. અહીં પણ સુર્પંખા અને ઓલો આવે છે ત્યારે ત્યાં પોતે જ જાય છે ને ! પછી બનાવટ કરીને 'રામચંદ્રજી'ને (કહે છે). પોતે 'રામચંદ્રજી'ને ક્યાંય જાવા દેતા નથી. હું છું ને પણ, હું બેઠો છું પછી આપને જવાનો પ્રશ્ન જ ક્યાં છે ? ઇ પણ એવા સમર્થ હતા. લડવાની અંદર શક્તિશાળી હતા, વિદ્યાધારક હતા.

અહીં તો લેવું છે, બાંધવ કોને કહીએ ? કે, આ વચનો બાંધવરૂપ છે. પરમ બાંધવરૂપ છે ને પરમ રક્ષકરૂપ છે – બે વાત મેળવાળી છે. 'અને તે સમ્યક્ પ્રકારે વિચાર્યેથી પરમ પદને આપે એવા છે. એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી...' જુઓ ! આ પોતાના વચનો માટે પોતે લખે છે ! કેટલી ખાતરી ને કેટલી પ્રતીતિ હશે પોતાને ! 'એમાં નિર્ગ્રંથ પ્રવચનની સમસ્ત દ્વાદશાંગી, ષડ્દર્શનનું સર્વોત્તમ તત્ત્વ અને જ્ઞાનીના બોધનું બીજ સંક્ષેપે કહ્યું છે. માટે ફરી ફરીને તેને સંભારજો, વિચારજો, સમજજો, સમજવાનો પ્રયત્ન કરજો.

એને બાધ કરે એવા બીજા પ્રકારોમાં ઉદાસીન રહેજો.' કદાચ અમારા વચનોનો વિરોધ થાય એવું કોઈ કહે તો તમે એના પ્રત્યે ઉપેક્ષા કરી દેજો. કેવી લાઇનદોરી આપી છે ! એ પણ કહેનારા નીકળશે કે, આમ ન હોય ને આમ હોય. તે ઉપેક્ષા કરજો. 'એ પ્રકારમાં ઉદાસીન રહેજો. એમાં જ વૃત્તિનો લય કરજો. એ તમને અને કોઈ પણ મુમુક્ષુને...' આ એક વાત એમણે વિશેષ લખી છે. જેને પત્ર લખ્યો છે એને એમ કહ્યું કે, તમારા માટે લખીએ છીએ એટલું જ નહીં કોઈપણ મુમુક્ષુને 'ગુપ્ત રીતે કહેવાનો અમારો આ મંત્ર છે.' ગુપ્ત રીતે આ મંત્ર અમારે કહેવો છે. 'એમાં સત્ જ કહ્યું છે અને એ સમજાવા માટે ઘણો જ વખત ગાળજો.' આટલું મથાળું બાંધીને પછી એમણે વચનો તારવ્યા લગભગ ૨૦૦ આસપાસના છે. 'શ્રીમદ્ રાજચંદ્ર.' ૧૯૮ છે.

શું કહે છે અહીં ? જીવ **'અટકે તો પોતાથી અટકે છે, કોઈ અટકાવતું નથી.'** પોતાના રાગે અટક્યો છે. રાગ બંધન એ જ જીવને ભાવથી બંધન છે. એના ફળમાં દ્રવ્યબંધન છે. આ સિદ્ધાંત છે. એટલે છૂટવા માટે પોતે સ્વતંત્ર છે. કોઈનો બાંધ્યો બંધાણો નથી કે તેથી કોઈ છોડાવે તો છૂટે. એ પ્રશ્ન છે નહીં. ૧૨૮ (બોલ પૂરો) થયો.

**ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ. અનેકાન્તનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે. ૧૨૯.**

૧૨૯ માં કહે છે, **'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ.'** જે વસ્તુનું સ્વરૂપ કેવળજ્ઞાન અને એની પરંપરા અનુસાર સત્ શાસ્ત્રોથી પ્રસિદ્ધ છે, એમાં પણ જે પ્રત્યેક પદાર્થની ભિન્નતા છે એ મુખ્ય વાત છે. **'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ...'** એટલે એમના કહેવાને અવગણીને તું પ્રવર્તીશ તો ડૂબી જઈશ, સંસારમાં રખડી, મરી જન્મ-મરણના સમુદ્રમાં ડૂબકા ખાતો રહીશ. બીજું કોઈ એનું ફળ આવશે નહીં. **'આજ્ઞાથી બહાર પગ મૂકીશ...'** (એ) થોડી મૃદુ ભાષા વાપરી છે પણ ખરેખર તો આજ્ઞા ઉપર પગ જ મૂકે છે એ. જે આજ્ઞા શિરોધાર્ય કરવી જોઈએ – મસ્તકે ચડાવવી જોઈએ એ આજ્ઞાને પગથી

કચરે છે. એટલો અનાદર છે એ વિષયમાં.

સ્પષ્ટપણે વાત છે કે, જે પદાર્થો તારી જાતિથી જુદાં છે અને જે સેવવા યોગ્ય કે આરાધવા યોગ્ય નથી અથવા એને રુચિથી સેવતા અવશ્ય સંસારમાં દુઃખ, દુઃખ ને દુઃખ જ મળે છતાં પણ એ આજ્ઞાનું ઉલ્લંઘન કરવું તો બીજું કાંઈ નહીં ડૂબી જ જઈશ, બીજું કાંઈ છે નહીં. આપણે નથી કહેતા કે ઝેર ખાઈશ તો મરી જઈશ. (એમ) આ ઝેર ખાવાની વાત છે. ડૂબવાથી પણ મૃત્યુ છે, ઝેર ખાવાથી પણ મૃત્યુ જ છે.

ભગવાનની મુખ્ય આજ્ઞા એ છે, અહીંથી અનર્પિત એ કાઢવું જોઈએ કે, તું સર્વથી સર્વ પ્રકારે સર્વદા સર્વથા જુદો જ છો. જુદો છો એને તું ક્યાંય ભેગો કરીને સંબંધ રાખે છો. આ ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકવાની વાત છે. કોઈપણ જગ્યાએ સંબંધ બાંધ્યો કે આજ્ઞાનો લોપ કર્યો. હું એક આત્મા છું. જ્ઞાનસ્વભાવી, ચૈતન્યસ્વરૂપી, ચૈતન્યદ્રવ્ય, જગતનું એક સ્વતંત્ર દ્રવ્ય છું અને કોઈની સાથે ખરેખર મારે કાંઈ પણ સંબંધ નથી. પૂર્વકર્મના બાહ્ય સંબંધો હોય તોપણ એ જ સ્થિતિમાં પણ તું ભાવે, અભિપ્રાયે અને ભાવે અંદરથી જુદો પડી જા, એમ કહેવું છે. તો એ બહારના સંબંધના ખોખા એનો કાળ પૂરો થયે એ ખોખા નકામા, અમસ્તાય નકામા છે પણ તું અંદરથી તો જુદો પડ. સમજણથી ને અભિપ્રાયથી તો જુદો પડ. તો તને ક્યાંય રસ નહીં આવે. નહીંતર તારી અનંત શતિનો રસ એમાં રેડી દઈશ તું. એટલો રેડીશ, એટલો રેડીશ કે એમાં ભવભ્રમણ  ભું રહેશે.

આમ જીવ જો નાનો ગુનો કરે, કોઈ પાંચ રૂપિયાની ચોરી કરે કે પાંચ રૂપિયા વેપારમાં અપ્રમાણિકપણે છેતરીને નકલી-અસલી કરીને ભાવ વધારે લઈ લ્યે તો લોકોને એમ થાય, અરે...! આવું કામ કરે છે ! આવું કામ કરે છે ! પણ ભગવાનની આજ્ઞા ઉપર પગ દેવાનું પોતે કામ કરે છે એનો હીચકીચાટ નહીં. ઓલો મોટો ગુનો દેખાય છે, આ ગુનો દેખાતો નથી. જગતમાં જેને ગુનો કહેવાય છે એ બધા તો ગુના કરવા જેવા નથી. કરવા જેવા છે એ અહીંયાં પ્રશ્ન નથી પણ એની મહત્તા આવે અને મોટો ગુનો પોતે કરે એ કાંઈ એને લાગે જ નહીં અને એની કાંઈ એને ગણના જ ન થાય એ બહુ મોટી મુશ્કેલીવાળી વાત છે.

મુમુક્ષુ :- આમાં સજા કેટલી છે એ ખબર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આની સજા અનંત (જન્મ-મરણ છે). કોઈને પાંચ રૂપિયામાં છેતર્યો હોય એની એટલી સજા નથી જેટલી અહીંયાં ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકવાની

સજા થાય છે. આમ છે.

બીજું, કે તત્ત્વ દૃષ્ટિએ જે સ્વ-પર તત્ત્વનું સ્વરૂપ ભગવાનના શાસનમાં સ્થાપિત છે, પોતાની મતિ કલ્પનાએ એનાથી વિપરીતતામાં જાય તો એ પણ ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકે છે. ઓલી એક સર્વ સામાન્ય વાત કરી. હવે તત્ત્વજ્ઞાનના અભ્યાસ કરનારા એવા આપણે, આપણે શું વિચારવાનું રહે છે ? કે, ક્યાં ભૂલ થાય ? કે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરીએ છીએ એમાં જેમ છે એમ તત્ત્વનું સ્વરૂપ ન સ્વીકારવામાં આવે અને અન્યથા કે વિપરીતપણે સ્વીકારવામાં આવે અને એનો આગ્રહ થાય ત્યારે પણ એ ભગવાનની આજ્ઞા ઉપર પગ મૂકે છે, આજ્ઞા બહાર જાય છે. એટલે આપણને લાગેવળગે છે ત્યાં સુધી અહીંયાં જરા સાવચેતી રાખવાનો વિષય છે.

તત્ત્વજ્ઞાનનો અભ્યાસ એ ગંભીર વિષય છે અને એમાં ભૂલ થાય તો બધું ઊલટું થઈ જાય. ટોચથી પડવાની વાત છે. એ ટોચનો વિષય છે. સવળું પડે તો સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનનું કારણ છે. અવળું પડે તો એ ભગવાનની આજ્ઞાથી ચોખ્ખે ચોખ્ખો વિરુદ્ધમાં ચાલ્યો જાય. એ ક્યાંય ને ક્યાંય એકાંત ખેંચાઈ જાય. એટલે સાથે સાથે એ વાત લીધી છે. આ વાતના અનુસંધાનમાં જે બીજી લીટી છે એ આના અનુસંધાનમાં છે કે **'અનેકાંતનું જ્ઞાન કર...'** ક્યાંય એકાંત એવી રીતે ન ખેંચાઈ જાય કે જેથી ભગવાનની આજ્ઞાનો લોપ થાય. વસ્તુના સ્વરૂપનો લોપ થાય એવું થવું જોઈએ નહીં.

પ્રશ્ન :- એટલે નિશ્ચયાભાસી કે વ્યવહારાભાસી થવું જોઈએ નહીં, એમ કહેવું છે ?

સમાધાન :- ન નિશ્ચયાભાસી થવું જોઈએ, ન વ્યવહારાભાસી થવું જોઈએ, ન ઉભયાભાસી થવું જોઈએ. નિશ્ચયાભાસીને નીકળવું સહેલું છે, વ્યવહારાભાસીને નીકળવું એથી અઘરું છે, ઉભયાભાસીને નીકળવું એથી પણ અઘરું છે. કેમકે ઉભયાભાસી જીવ નિશ્ચયનું પણ થોડું ખેંચે છે, વ્યવહારનું પણ ક્યાંક ખેંચે છે. બેયનું એવી રીતે ખેંચે છે કે, એને એવો ભ્રમ રહે છે કે મારે હવે બેયમાં વાંધો નથી. પણ જો વાંધો ન હોય તો એનું ફળ પણ હોવું જોઈએ. ક્યાંક ને ક્યાંક જીવ ભૂલ કરે છે અથવા 'ગુરુદેવ'ના શબ્દોમાં કહીએ તો કોઈ શલ્ય રહી ગયું છે માટે અટક્યો છે, શલ્ય રહી ગયું છે ને અટક્યો છે. એમ ને એમ અટક્યો છે (એવું નથી). આવા દેવ-ગુરુ-શાસ્ત્ર મળ્યા, આવા સત્‌ને ખોલીને સમજાવનારા ને કહેવાવાળા મળ્યા તો આ જીવ અટક્યો છે તો કાંઈક શલ્ય રહી ગયું છે ને અટક્યો છે. એ વાત નક્કી વાત છે. એમાં કોઈ બીજી પોલ ચાલે એવું નથી કે

એમાં બીજા કોઈ થાબડભાણાં કરવા જેવું નથી કે ના, ના અભ્યાસ તો કરે છે, અભ્યાસ તો કરવામાં આવે છેને, અભ્યાસ તો કરે છે, તત્ત્વની પ્રવૃત્તિ છેને બીજી તો પ્રવૃત્તિ નથી ને. (તો કહે છે), નહીં, નહીં. એ રીતે વાત લેવાય નહીં.

પ્રશ્ન :– આ ત્રણ પ્રકાર લીધા એ બધા ઉપરની સપાટી ઉપર જ રહે છે, અંદર પરિણામમાં શું ફેર પડે ?

સમાધાન :– મૂળમાંથી ફેરફાર નથી થતો. ઉપર ઉપર એ બધો અભ્યાસ ચાલે છે. ક્ષયોપશમમાં બાહ્યલક્ષી, પરલક્ષી બહારના ક્ષયોપશમમાં અભ્યાસ ચાલે છે, અંદરનો કોઈ ફેરફાર થતો નથી. અંદરનો ફેરફાર થાય તો દર્શનમોહ ગળવા માંડે. આ સીધી વાત છે. જ્યારે જીવના ભાવમાં દર્શનમોહ ગળવા માંડે એ એનો અંદરનો ફેરફાર છે. એ એક જ એવો કિલ્લો છે કે જે જીવને એના તળમાં પહોંચવા દેતો નથી. સ્વભાવના તળમાં પહોંચવા માટે દર્શનમોહનો અવરોધ છે. એને ભેદે તો એણે ગ્રંથીભેદ કર્યો, એણે અંતરભેદ કર્યો. એ સીધો સડસડાટ નીચે (–અંતર સ્વરૂપમાં) જશે.

મુમુક્ષુ :– શલ્ય છે એ તો ઝીણું છે દેખાતું નથી કાંઈ.

પૂજ્ય ભાઈશ્રી :– ઉપયોગ સ્થૂળ છે એટલે દેખાતું નથી. (શલ્ય) ઝીણું છે એટલે દેખાતું નથી એટલું જ માત્ર નથી પણ ઉપયોગ પણ સ્થૂળ છે એટલે દેખાતું નથી. ઉપયોગ સૂક્ષ્મ થાય તો દેખાય એવું છે સીધી વાત છે. ઉપયોગ કેમ સ્થૂળ છે ? કે, બાહ્ય દૃષ્ટિને લીધે, બહારની રુચિને લીધે, બહારના રસને લીધે ઉપયોગ સ્થૂળતા ધારણ કરે છે. સીધી વાત છે. સ્વભાવનો પ્રેમ હોય ને સ્વભાવની રુચિ હોય તો આપોઆપ ઉપયોગ સૂક્ષ્મ થાય. તિર્યંચનો ઉપયોગ સૂક્ષ્મ થાય છે. જેણે જ્ઞાનનો અપરાધ કરીને જેનો ક્ષયોપશમ બિડાઈ ગયો, સ્થૂળ થઈ ગયો એવો સંજ્ઞી પંચેન્દ્રિયમાં હજી છે, એટલો બચ્યો છે તો એનો ઉપયોગ સૂક્ષ્મ થઈને સ્વભાવને પકડે છે. એને શલ્ય નથી રહેતું. અને તું શાસ્ત્રોના શાસ્ત્રો ભણી જા છો ને શલ્ય રહી જાય છે અને એમ કહે છે આ સૂક્ષ્મ શલ્ય છે તો અમને ન પકડાય. બચાવ કરવાની વાત નથી કે, સૂક્ષ્મ શલ્ય રહી ગયું હોય. શું કરીએ ? ઇ શલ્ય ન પકડી શકતા હોઈએ. તું નથી પકડી શકતો એનું કારણ તારું જ્ઞાન સ્થૂળ છે એ સ્વીકારવા તૈયાર છો ? કે, શાસ્ત્રજ્ઞાનના પારંગતપણાને લીધે એ વાત તને સ્વીકાર્ય નથી કે ના, ના ! આટલું બધું હું જાણું છું ને હવે મારા જ્ઞાનમાં સ્થૂળતા ક્યાંથી હોય ? આટલું જાણું છું તો ખરો. એ જાણે છે પણ તારામાં રહેલા તારા શલ્યને નથી જાણતો. તો પછી નિઃશલ્ય સ્વભાવને જાણવાનો

તો પ્રશ્ન જ રહેતો નથી. એટલે એ ઉપયોગ સ્થૂળ છે.

ઉપયોગ સ્થૂળ છે ઇ એમ સૂચવે છે, એની પાછળના કારણને જાહેર કરે છે કે, તારી રુચિ અને તારી વૃત્તિ કોઈ પરપદાર્થ ઉપર એવી રીતે છે, એવો રસ છે તારો, એવી અધિકાઈ છે એ વિષયની કે જેને લઈને તને આત્મા અધિક થતો નથી, સ્વભાવ અધિક થતો નથી. ઉપયોગ સૂક્ષ્મ થતો નથી, તને શલ્ય પકડાતું નથી, એ શલ્યના નાશનો ઉપાય પણ રહેતો નથી.

અહીંયાં કહે છે કે, **'અનેકાન્તનું જ્ઞાન કર...'** જ્યાં સમજણ કરવાનો પ્રસંગ છે ત્યાં પણ અનેકાંતનું જ્ઞાન કર, અનેક ધર્મોનું જ્ઞાન કર **'તો તારી સાધના યથાર્થ થશે.'** કેમકે પરસ્પર વિરુદ્ધ ધર્મો છે. એક બાજુથી એમ કહે કે, આત્મા પોતાના કાર્યનો સ્વતંત્રપણે કર્તા છે. કાર્ય એટલે પરિણામ. બીજી બાજુ ત્રિકાળી દ્રવ્યની અપેક્ષા આવે તો કહે, આત્મા શુદ્ધ પર્યાયનો પણ દાતાર નથી, કેવળજ્ઞાનનો દાતાર જ્ઞાયક પદાર્થ નથી. જ્ઞાનમાંથી તો જ્ઞાનનો પર્યાય ઉત્પન્ન થાય છે. જ્ઞાનગુણ દ્રવીને – પરિણમીને એમાંથી જ્ઞાનનો ઉપયોગ ઉત્પન્ન થાય છે. તો કહે, એક ધર્મ એવો છે કે જ્ઞાન પરિણમે છે, જ્ઞાન શક્તિમાંથી જ્ઞાન પરિણમે છે. એક ધર્મ એવો છે કે શક્તિ વ્યક્તિમાં આવતી નથી. શક્તિ શક્તિપણે રહે છે. હવે બેય વાત છે. બેય એકસાથે છે – એકસાથે છે, એક સમયે છે. તો જેમ છે એમ પદાર્થનું સ્વરૂપ અવભાસ્યા વિના ક્યાંકને ક્યાંક કોઈ એક પડખાંના એકાંતમાં તું અયથાર્થપણે ખેંચાઈશ (તો) સાધના યથાર્થ નહીં થાય. Balance નહીં રહે.

પ્રશ્ન :– કેવળજ્ઞાનનો દાતાર ધ્રુવ નથી, ત્રિકાળી દ્રવ્ય નથી એમ કહ્યું તો પછી કોણ છે ?

સમાધાન :– કેવળજ્ઞાનનો દાતાર ધ્રુવની અપેક્ષાએ ધ્રુવ નથી. આખા પદાર્થની અપેક્ષાએ એ પદાર્થ પોતે જ કેવળજ્ઞાનનો જન્મદાતા છે. દાતા છે અને દાતા નથી, એમ કહેવું છે. અસ્તિ છે અને નાસ્તિ પણ છે. ક્ષણિક પણ છે અને નિત્ય પણ છે, શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ છે, એક પણ છે અને અનેક પણ છે. એક જ પદાર્થને વિશે એવા અનેક વિરુદ્ધ ધર્મો છે એ બધા એકસાથે છે.

પ્રશ્ન :– સ્વદ્રવ્યનો દાતાર કોણ છે ?

સમાધાન :– સ્વદ્રવ્યનો દાતાર પદાર્થ પોતે છે. ત્રિકાળી ધ્રુવને લક્ષમાં લઈએ તો ? તો કહે, ના એ નથી, એ અપેક્ષાએ નથી. બન્નેની અપેક્ષા એક નથી. હંમેશા જ્યાં વિરુદ્ધ

ધર્મો છે ત્યાં અપેક્ષા બદલાય છે, તો એ અપેક્ષાએ એને વસ્તુ જ્ઞાનમાં ભાસવી જોઈએ. ગોખવી જોઈએ નહીં, એને જ્ઞાનમાં ભાસવી જોઈએ કે પદાર્થનો આવો એક ધર્મ છે. એમ એને ભાવ ભાસવો જોઈએ. તો એને Balance રહે નહીંતર એક બાજુ કાં તો નિશ્ચયના બહાને ખેંચાઈ જાય અને કાં તો પદાર્થના જાણપણાના બહાને ખેંચાઈ જાય.

મુમુક્ષુ :- આખો પદાર્થ છે એ અવલંબન લેવા માટે નથી.

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબન લેવા માટે જે જોર આવે એમાં પણ અનેકાંતયુ ત પદાર્થનું જ્ઞાન હોય તો Balance રહે, નહીંતર Balance ગુમાવી બેસે, એમ થાય. પદાર્થનું જ્ઞાન કર્યા પછીયે તે જે ધ્રુવ દ્રવ્ય છે એના ઉપર જોર એવું આવશે અને બાકીના જે જાણવા યોગ્ય કેટલાક ધર્મો છે એની ઉપેક્ષા થઈને ગૌણતા રહેશે તોપણ એનું મૂળમાંથી Balance રહેવું (જોઈએ) એમાં ફેર પડવો જોઈએ નહીં. એમ છે.

એક દૃષ્ટાંત લઈએ. એ દૃષ્ટાંતથી સમજાશે. એક માતાને એનો દીકરો છે (એ) તોફાની બહુ છે, રંજાડી બહુ છે. ઘરમાં પણ તોફાન કરે તો નુકસાન કરે ને બહાર જાય તોપણ તોફાન કરીને મારામારી કરીને આવે, એને ખબર છે કે છે જ કજિયાળો અને તોફાની. તો કંટાળીને ક્યારેક એવો ગુસ્સો આવે, એવો ગુસ્સો આવે કે ઢીબી જ નાખે એને. એટલો મારે કે બીજાને એમ થાય કે આ મા છે ને આટલું મારે છે એને ! છતાં એનો દીકરો છે એનું Balance એને જાતું નથી. ત્રણ-ચાર વર્ષનો હોય ને સમજણો હોય અને કો'ક અજાણ્યો માણસ કે પાડોશી પેંડો લઈને આવે તો ભાગીને એની મા પાસે ચાલ્યો જાય. મા.. મા કરતો એની પાસે ચાલ્યો જાય. પણ હમણાં તો તને આટલો માર્યો હતો. ઇ જાશે એની પાસે, રાતે સૂશે એની પાસે, કોઈ અજાણ્યા માણસ પાસે નહીં જાય. આ અનેકાંતપણું શું છે ? ઇ (સમજવાનું છે). આટલો દ્વેષનો પ્રકાર, આટલો દ્વેષનો ઉદય છતાં રાગ એમ ને એમ જળવાઈ રહે, અરસપરસ બન્નેને. એમ રાગ, મૂળમાં રાગ છે એ ગયા વગર દ્વેષ આવે છે એને. બને છે કે નહીં ? એકસાથે બે કામ થાય છે કે નથી થતું ?

એમ વસ્તુનું સ્વરૂપ જ્ઞાન અને જ્યાં ઢળવું છે ને ક્યાંથી ખસવું છે ? એને એક કળા કહી છે, એટલે તો જ્ઞાનની કળા કહી છે, સમ્યક્જ્ઞાનની કળા એવું નામ આપ્યું છે. એનું કારણ એ છે કે એ કળાની અંદર Balance જાતું નથી. સમતોલપણું ગુમાવીને પરિણમન થતું નથી. સમતોલપણું રહે છે અને કાર્યસિદ્ધિ થાય છે. એટલે જેટલી માત્રામાં ઢળવું જોઈએ એટલી માત્રામાં અંદરમાં ઢળે છે, એટલી માત્રામાં બહારથી ખસે છે અને પદાર્થના અનેકાંતિક

જ્ઞાનમાં ક્યાંય ગડબડ થતી નથી. આ વિષય બહુ બહોળો છે અને અનેક પડખાંથી પ્રત્યક્ષમાં પૂજ્ય 'બહેનશ્રી' સાથે ચર્ચા થાય છે ત્યારે ઘણાં પડખાં ખોલે છે. આમ પણ છે અને આમ પણ છે, આમ પણ છે ને આમ પણ છે, આમેય કહેવાય છે ને આમેય કહેવાય છે. એમ થાય કે બેય વાત કરે છે હવે કરવું શું ? પણ એમાંથી કેવી રીતે સમતોલપણું રાખીને કે રહીને સાધના થાય છે તે સમજવાનો વિષય છે, એ આ વિષયનું ઊંડાણ છે.

મુમુક્ષુ :- શુદ્ધ છે, અશુદ્ધ પણ છે. શુદ્ધ છે અને અશુદ્ધ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શુદ્ધ પણ છે એનો અર્થ જ અશુદ્ધ નથી.

મુમુક્ષુ :- અશુદ્ધ છે એમ પણ લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છે. અવસ્થામાં અશુદ્ધિ છે. શુદ્ધતા એનો ધર્મ છે. જો અનેકાંતના પ્રકરણને લઈએ તો બે રીતે અનેકાંત છે. જે શુદ્ધ છે અસ્તિથી, તે અશુદ્ધ નથી નાસ્તિથી. એમ અનેકાંત કર્યું. એક આખા પદાર્થને લઈને એનું એક અંગ શુદ્ધ છે તો એના એક અંગની અંદર અશુદ્ધતા ધારણ કરેલી છે. અશુદ્ધતા પણ એનો ધર્મ છે. પાછળ ૧૪ બોલ ચાલ્યા ને ? એક-અનેક, શુદ્ધ-અશુદ્ધ, નિત્ય-અનિત્ય અને અસ્તિ-નાસ્તિ. આ ચાર બોલ ઉપર ચૌદ ભંગ કરેલા છે. એમાં શુદ્ધ-અશુદ્ધનો એક બોલ છે. બહુ હેતુપૂર્વક આચાર્યમહારાજે (વાત કરી છે). એ તો શાસનના નાયક છે એમ કહીએ તો ચાલે. નિત્ય-અનિત્ય, એક-અનેક અને અસ્તિ-નાસ્તિ – એમાં બહુ વાંધો ન આવે, પણ અશુદ્ધતા પણ જીવનો ધર્મ છે આ સ્વીકારવામાં થોડોક વાંધો આવે એવું છે. એના કરતા આમ લ્યોને, જે તમારે દલીલ છે કે શુદ્ધ છે અને અશુદ્ધ નથી, અનેકાંત થઈ ગયું અને એ અનેકાંત તે અમૃત છે. તો કહે, એમ એકાંતે ખેંચ્યે સાધના નહીં થાય. કેમ સાધના નહીં થાય ? કે, વર્તમાન તારી અવસ્થામાં અશુદ્ધતા પ્રગટપણે મોજૂદ છે અને એ તારાથી કરાયેલી છે, તારો અપરાધ છે. એ વાત જ્યાં સુધી તને નહીં સમજાય ત્યાં સુધી તને નિરપરાધ થવાનું સમજાઈ જશે એ વાતમાં કાંઈ માલ નથી. થોડો એવો વિષય છે. એટલે પ્રયોજનનો છેડો ક્યાં કેટલો અડે છે ? કેટલા પ્રમાણમાં અડે છે ? એ વસ્તુનું અનેકાંતિક જ્ઞાન કરવાની અંદર પણ પ્રયોજનભૂત છે.

પ્રશ્ન :- પૂર્ણ થયા પછી પણ ?

સમાધાન :- પૂર્ણ થયા એને તો આ પ્રશ્ન જ ક્યાં છે ? એકસાથે બધા ધર્મો જ્ઞાનમાં છે. એને પૂર્ણ થયા પછી તો એનો ઉપયોગ ક્યાં ફરે જ છે.

મુમુક્ષુ :- ઉપયોગ નથી ફરતો પણ એક છે, અનેક છે...

પૂજ્ય ભાઈશ્રી :- પણ આ તો જે અનેકાંતનું જ્ઞાન કરે એ વિચારદશાની વાત છે. અહીંયાં જે પ્રકરણ છે કે, તું અનેકાંતનું યથાર્થ જ્ઞાન કર. એ તો વિચારદશામાં ભો છે અને ક્યાંક ઓછુંવત્તું ખેંચી લે છે અને ભૂલ ખાય જાય છે એને માર્ગદર્શન આપે છે. બોલ તો માર્ગદર્શનનો છે. આ કેવળી થયા એને એકસાથે સચરાચર પદાર્થો જ્ઞાનમાં છે, જગતના સર્વ અનિષ્ટો પણ જ્ઞાનમાં એકસાથે આવે છે ને કેવળજ્ઞાનીઓ પેદા, ઉત્પન્ન થાય છે જે સમયમાં ને જે ક્ષેત્રમાં, ૬ મહિનાને ૮ સમયમાં ૬૦૮ જાય છે, બધુંય જ્ઞાનમાં છે. એ તો અંદરમાં લાગેલા છે. સંપૂર્ણપણે અંદરમાં ઉપયોગ ચોંટેલો છે અને આ બધું પ્રતિબિંબ પણ સાથે સાથે પડે છે. એકસાથે ત્યાં પણ બે વાત છે. છે ને બે વાત ? ઉપયોગથી પૂરેપૂરા નિરવશેષ અંતર્મુખ હોવા છતાં એના ઉપયોગમાં લોકાલોક ઝળકે છે, પ્રતિબિંબિત થાય છે, અનંત જ્ઞેયોના આકારો આકૃતિને પામે છે.

પ્રશ્ન :- એ અશુદ્ધતા છે ?

સમાધાન :- નહીં, બિલકુલ નહીં. જરાપણ અશુદ્ધતાનો પ્રશ્ન જ નથી ત્યાં.

મુમુક્ષુ :- શુદ્ધ છે ને અશુદ્ધ છે...

પૂજ્ય ભાઈશ્રી :- નહીં. પણ અશુદ્ધ છે એ તો સંસાર અવસ્થામાં અશુદ્ધ છે. ભૂત નૈગમનયથી અશુદ્ધ છે. એ દ્રવ્યતામાં અશુદ્ધતા થવાનો ધર્મ છે એટલે ભૂતકાળમાં અનંતકાળ પર્યંત એણે અશુદ્ધતા એની અવસ્થામાં ધારણ કરી હતી, એ જ દ્રવ્યે પોતે જ કરી હતી એવું જ્ઞાન ત્યાં પણ વર્તે છે. અને એની યોગ્યતા છે કે નહીં ? અનંતકાળ એ જીવ પણ સંસારમાં રહ્યો એવી એની યોગ્યતા કે બીજા કોઈની યોગ્યતા ? અને એવું લાંછન અત્યારે પણ એને લાગે કે બીજાને લાગે ? જેમ કોઈએ ભૂતકાળમાં ગુનો કર્યો હોય તો એમ કહે કે, ભાઈ ! આ ઇ માણસ છે કે જેણે આ ખૂન કર્યું હતું. અત્યારે બિલકુલ સારા, બહુ પૂરેપૂરા સજ્જન છે અને અત્યારે તો સંત થઈ ગયા છે પણ એક વખત એમણે આ ભૂલ કરી હતી. ઇ લાંછન લાગે છે કે નહીં ?

મુમુક્ષુ :- ઇ તો આપણે જ કહેવાનું છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- ના. પણ એમના જ્ઞાનમાં બધુંય છે. વિચાર નથી. પણ જ્ઞાન નથી એમ નથી. એમના જ્ઞાનમાં પોતાના ભૂતકાળનું – અનંત ભૂતકાળનું જ્ઞાન છે કે આ જીવે કલંકિત પરિણામ પણ અનંતકાળ કરેલા છે. પ્રચુર કલંકના પરિણામ પણ અનંતકાળ કરેલા

છે એવું જ્ઞાન એમને વર્તે છે, એક જ સમયમાં વર્તે છે. સર્વ ભેદો સહિત, એક એક પર્યાયના ભેદો સહિત પાછું. મોટલેપોટલે નહીં. એકેએક પર્યાય જેટલી અપરાધની કરી છે ઇ બધી જ્ઞાનમાં છે. સર્વ ભેદે એક એક સમય સમયની પાછી.

મુમુક્ષુ :- એ પદાર્થની મહત્તા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ એનો ધર્મ છે. ભલે વર્તમાન અશુદ્ધતા નથી પણ ભૂતકાળમાં એ આત્માએ – પોતાના આત્માએ અપરાધ કર્યો હતો એવી યોગ્યતારૂપ એનો ધર્મ છે, એવી યોગ્યતારૂપ ધર્મ છે એનો. એમ કહેવાય. નહીં તો કહેવાય કેમ એને ? કહેવાય છે એનો અર્થ કે કહેવાય છે એ યોગ્યતા છે માટે કહેવાય છે, નહીંતર કહેવાય નહીં. એમ છે.

પ્રશ્ન :- અશુદ્ધતા હતી કે માની ?

સમાધાન :- અવસ્થામાં તો હતી અને મિથ્યાત્વ હતું ત્યારે માની પણ હતી. અવસ્થામાં હતી એ એક હકીકત હતી અને માની હતી એ એક બીજી હકીકત હતી, બેય વાત હતી. એકલી નહોતી અને માની હતી એવું નથી. ઇ તો ત્રિકાળીમાં માને છે એ ભ્રમ છે. બાકી અવસ્થામાં માને છે એ ભ્રમ નથી. અવસ્થામાં તો અશુદ્ધતા છે એમ સ્વીકારવામાં આવે છે. એ તો અશુદ્ધનયનો વિષય છે. સમ્યક્જ્ઞાનીના અશુદ્ધનયનો વિષય છે.

સાધકદશામાં વર્તમાન રાગાંશ અશુદ્ધતા છે એ એને જણાય છે કે આ અશુદ્ધતા મારી કરેલી, મારું પરિણમન છે. એ અશુદ્ધનયરૂપ નયજ્ઞાનનો વિષય થાય છે એને પોતાને. ૪૬ મો નય છે, ૪૭ નયમાં ૪૬ મો અશુદ્ધનય છે. નય અશુદ્ધ નથી પણ નયનો વિષય અશુદ્ધ છે માટે એ નયને અશુદ્ધનય એવું નામ આપવામાં આવ્યું છે. એ તો એણે પોતાના ત્રિકાળી સ્વરૂપમાં હું અશુદ્ધ છું એમ માન્યું છે એ એનો ભ્રમ છે. અવસ્થાનું અશુદ્ધતાનું જ્ઞાન હોય તો તે બરાબર છે. એટલે તો કહે છે કે એક બાજુ ખેંચાઈ જઈશ નહીં, અનેકાંતનું જ્ઞાન કર. શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ છે, એમ શું કરવા લીધું અનેકાંતના પ્રકરણમાં ? નિત્ય-અનિત્ય લીધું ત્યાં સુધી ઠીક છે, અસ્તિ-નાસ્તિ લીધું ત્યાં સુધી ઠીક છે, એક-અનેક લીધું ત્યાં સુધી (ઠીક છે), પણ શુદ્ધ-અશુદ્ધનો બોલ શું કરવા લીધો ? બહુ પ્રયોજન છે એની પાછળ. કેમકે એમણે તો વેદાંતને પણ સામે લીધું છે કે, વેદાંતની અંદર એક એવો મત છે કે આત્માને અશુદ્ધતા છે જ નહીં. આત્મા ત્રિકાળ ધ્રુવ શુદ્ધ પરમાત્મપદસ્વરૂપ કૂટસ્થ છે. જેટલા દોષ છે એ બધા પ્રકૃતિના ચાળા છે, પુરુષ તો નિર્દોષ છે. પ્રકૃતિ અને પુરુષ

એવા બે નામ ત્યાં શાસ્ત્ર પરિભાષામાં ચાલ્યા છે. સાંખ્યનો મત છે. તો એ શેમાંથી ઉત્પન્ન થયો ? કે, દિવ્યધ્વનિમાં અનેકાંતયુ ત પ્રકરણને બરાબર નહીં સમજવાથી ઉત્પન્ન થઈ ગયો. એમાં ભૂલ ખાધી.

આપણે અહીંયાં વિચાર કરીએ કે, 'ગુરુદેવે' એમ પણ કહ્યું અને શાસ્ત્રમાં પણ આવ્યું કે ક્ષેત્રથી પણ તું એક સમયની પર્યાયથી ભિન્ન છો. ક્ષેત્ર ભિન્નતાનો વિષય આપણે વિવાદાસ્પદ ચાલ્યોને હમણાં ? તો ક્ષેત્રથી ભિન્ન છો એ શબ્દ તો 'ગુરુદેવ'ના શ્રીમુખેથી આવેલા છે, શાસ્ત્રમાં પણ મળી શકે. પણ હવે એ ભાવને ખેંચવા માટે છે. ત્રિકાળીમાં પર્યાયભાવને ન ભેળવવા માટે એ પર્યાયનું ક્ષેત્ર જુદું, મારું ક્ષેત્ર જુદું. પણ અસંખ્ય પ્રદેશી ક્ષેત્રને એમાં લઈ લ્યે, દ્રવ્યને લઈ લ્યે, દ્રવ્યક્ષેત્ર અને ભાવક્ષેત્ર એમ લઈ લ્યે, કાર્યક્ષેત્ર જુદું છે એ બરાબર પણ આ ક્ષેત્રને લઈ લ્યે, જે અસંખ્ય પ્રદેશાત્મક છે એમાં પર્યાય થતી નથી, ક્યાંક એનાથી બહાર જાય છે – તો એ સાંખ્ય જેવું થશે, બીજું કાંઈ નહીં થાય. સીધું ગૃહીત મિથ્યાત્વ આવી જાય.

મુમુક્ષુ :– એક ત્રિકાળી અસંખ્ય પ્રદેશ અને એક ક્ષણિક અસંખ્ય પ્રદેશ.

પૂજ્ય ભાઈશ્રી :– બે અસંખ્ય છે ? એક જ અસંખ્ય છે, બે અસંખ્ય છે નહીં. લોક પ્રમાણ એક અસંખ્ય છે. કોના ગણવા છે ? કે એમાં બે ભાગ પાડવા છે ? તો ઇ બતાવો. અમારે તો મુમુક્ષુઓ મુમુક્ષુઓ વચમાં એ બધી ચર્ચા ચાલી છે કે, અસંખ્ય પ્રદેશમાં ક્યા પર્યાયના ને ક્યા ધ્રુવના ? કહો. અથવા એક પ્રદેશમાં બે વિભાગ પાડો તો ધ્રુવનો વિભાગ કેટલો અને પર્યાયનો વિભાવ કેટલો ? નિરુત્તર થવું પડશે. કેમકે એ વિભાગ એના હાથમાં આવશે નહીં. એના હાથમાં શું કેવળીના હાથમાં પણ આવે એવું નથી. કેમકે એ પ્રદેશ જ નિર્વિભાગ છે. તો એના હાથમાં તો અમસ્તોય તે ક્યાંથી આવવાનો જ છે ? એટલે એ વિષયમાં તો નિરુત્તર થવું પડે એવું છે. પણ એમ ત્યાં કહેવાનું તાત્પર્ય પણ નથી. પણ જે ભાવને ખેંચવા જે વજન લેવા માટે, જે જોર દેવા માટે એ વાત કહી છે એને એમ કામે નહીં લગાડતા અન્યથા ગ્રહણ થાય તો આખા તત્ત્વનું ખૂન થાય. સીધું ગૃહીત મિથ્યાત્વમાં ચાલ્યું જવાય, વસ્તુ વ્યવસ્થામાં ભૂલ પડી જાય. જેને વસ્તુ વ્યવસ્થામાં ગોટો હોય અથવા વિપર્યાસ હોય એ અધ્યાત્મનું જોર મારે એ ખોટું મારે છે. એ રીતે સાધ્યની સિદ્ધિ થતી નથી કે થઈ શકતી નથી. યથાર્થ સાધના... અહીં સાધનામાં 'યથાર્થ' શબ્દ લગાડ્યો છે. **'સાધના યથાર્થ થશે.'** યથાર્થ નથી થતી એ કૃત્રિમ જોર છે અને એ કલ્પનામાં આવી જાય

છે ને કલ્પનાનું ફળ દુઃખ છે. કલ્પનાનું ફળ સુખ નથી, કલ્પનાનું ફળ દુઃખ છે.

મુમુક્ષુ :- ક્યાંક આવે છે કે, અશુદ્ધતામાં તેં શુદ્ધતા માની તો તને એવું કાંઈક આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો મંદ કષાયનું પ્રકરણ ચાલ્યું છે. 'બનારસીદાસ'ની ચિઠ્ઠી છે. 'ટોડરમલજી'ના 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પાછળ જે 'બનારસીદાસ'ની ચિઠ્ઠી છે એમાં આ વાત છે કે તેં અશુદ્ધતામાં પણ શુદ્ધતા માની એ તો છે કષાયની મંદતામાં જે વિશુદ્ધિ છે એની વાત છે. એ તો આખો વિષય જ જુદો છે.

અહીં તો એક પર્યાયમાં પણ આવી વાતો છે. એમ વિચારીએ તો એક એક અશુદ્ધ પર્યાયમાં આવી વાતો છે. એટલે આ વિષય પદાર્થના ધર્મોને અનુલક્ષીને એવો વિશાળ છે, એવો પરસ્પર વિરુદ્ધ ધર્માત્મક છે કે એને સમજણની અંદર ભાવભાસન થઈને એને બરાબર બેસવું જોઈએ. માત્ર તર્કથી, ન્યાયથી, આગમથી, યુક્તિથી બેસી જાય તો ફરી જશે. કેમકે એ હજી ઓઘે બેઠેલું છે. બુદ્ધિની પહોંચ હોય, ઉઘાડ હોય તો આગમ, ન્યાય, તર્કથી બેસી જાય પણ ભાવ ભાસીને બેસે તો ફરે નહીં. અને નહીંતર પેલું તો ઉપલકિયું જ્ઞાન છે, બહિર્લક્ષી જ્ઞાન છે ક્યારે છૂટી જાય કે ક્યારે વિપરીત થઈ જાય એનો પત્તો લાગે નહીં. થોડો ટાઇમ એમ લાગે કે આ બરાબર આગમ અનુસાર છે. બધું બરાબર બોલે છે, સાચું કહે છે. વળી પાછો એ ગડબો ક્યાં મારી દ્યે, કાંઈ ખબર પડે નહીં. આવું થઈ જાય છે. વિશેષ લઈશું...

***

## તા. ૩૧-૦૫-૧૯૮૭, વચનામૃત- ૧૨૯, ૧૩૦,૧૩૧
## પ્રવચન નં. ૧૦૧

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું ૪૧. ૧૨૯ બોલ ચાલે છે. કાલનો બોલ ચાલુ છે. **'ભગવાનની આજ્ઞાથી બહાર પગ મૂકીશ તો ડૂબી જઈશ.'** ભગવાનની આજ્ઞા સ્વરૂપસ્થ રહેવાની છે, સ્વરૂપથી બહાર નીકળવાની ભગવાનની આજ્ઞા નથી. પોતાના સિવાય અન્ય પદાર્થ અને રાગમાં મમત્વ કરવાની તો આજ્ઞા નથી જ. ઉદયને તપાસીને વિચાર કરવામાં આવે તો એનો અર્થ એ થયો કે, જે કુટુંબ-પરિવાર અને અનેક પ્રકારના સંયોગરૂપ વધતા પદાર્થોમાં મમત્વ કરતા ડૂબી જવાશે. 'એ મારા છે' એવો અનુભવ કરવા જતાં સંસારમાં ડૂબી જવું પડશે અને એ રાગમાં પણ એકાગ્ર રહેવાથી, રાગમાં પણ એકત્વ કરવાથી ડૂબી જવાશે.

જ્યાં ઉપયોગને પણ બીજા અવલંબનનો – અન્ય અવલંબનનો નિષેધ છે ત્યાં રાગમાં મમત્વ કરવું અને અન્ય પદાર્થને વિશે મમત્વ કરવું એ તો ઘોર અપરાધમાં જાય છે. ઉપયોગ પરને અવલંબે એ પણ અપરાધ છે ત્યારે આ (મમત્વ કરવું એ) તો ઘોર અપરાધ છે. એવી (મમત્વ નહિ કરવાની) ભગવાનની આજ્ઞા છે. કાલે લઈ લીધું હતું, ટૂંકામાં ફરીથી લઈએ છીએ.

હવે અંતર અવલંબનરૂપ જે સાધના છે એ યથાર્થ થાય એટલે અંતર્મુખ થઈને સ્વરૂપનું અવલંબન લેવાય એવું ક્યારે થશે ? કે, અનેકાંત – અનેક ધર્મરૂપ જે વસ્તુ છે, સ્વ-પર પદાર્થ છે, એના જે અનેક ધર્મ છે – નિરપેક્ષ ધર્મો છે અને અપેક્ષિત ધર્મો છે, એનું જ્ઞાન કરતા આરાધના યથાર્થ થશે. આ એટલા માટે કહેવામાં આવે છે કે, જીવને અસમાધાન થવાના પણ અનેક પ્રકાર ઉત્પન્ન થાય છે. અનેક પ્રકારના ઉદયમાંથી પસાર થાય છે, એ ઉદયો વચ્ચે આવતાં એને સમાધાન રહેવું મુશ્કેલ પડે એવા પ્રસંગો ઉત્પન્ન થાય છે તો એને સર્વ પ્રસંગમાં સમાધાન રહે એના માટે અને મૂંઝવણ ન થાય, પરમાં અટકે નહીં એને

માટે એને વસ્તુના અનેક ધર્મો છે, જેમાં અનેક ધર્મો તો પરસ્પર વિરુદ્ધ છે એવા ધર્મો છે, એ ધર્મોનું પણ એને જ્ઞાન કરવું જોઈએ, સમજણ કરવી જોઈએ તો એમાં એને અંદરમાં શલ્ય ન રહે.

વસ્તુના સ્વરૂપથી વિપરીત સમજણ અનાદિની છે, સ્વરૂપથી વિપરીત માન્યતા અનાદિની છે અને એ માન્યતાનું શલ્ય એમ ને એમ રાખે અને કોઈ જીવ અંતર્મુખ થઈ શકે એવું બનતું નથી. કોઈપણ રીતે વિપરીત માન્યતાથી મુ ત હોય અને અંતર્મુખ થાય એ સંભવિત છે પણ પકડ ઊંધી રહે અને સવળું થવાય એમ બને નહીં.

એક મુમુક્ષુભાઈ શ્વેતાંબર મૂર્તિપૂજકમાંથી આવતા હતા. 'સોનગઢ'માં 'ગુરુદેવ'ની વાત સાંભળે તો મહિમા કરે કે, આવું કોઈ કહેનાર નથી. અમારા સંપ્રદાયમાં મોટા મોટા આચાર્યો નામધારી છે અને જેની ઘણી કીર્તિ છે સાધુ તરીકેની, સાધુના જ્ઞાન તરીકેની, સાધુના આચરણ તરીકેની કીર્તિ હોય છે એ પણ કોઈ આવી વાત કરતા નથી. એવી રીતે મહિમા કરે પણ અંદરમાં ઊંડે ઊંડે પક્ષ રહેલો. આગમમાં છે એમ કહે પણ એ આગમના જ્ઞાતા કોઈ હવે સંપ્રદાયમાં રહ્યા નથી એટલે કોઈ આવી વાત કરી શકતા નથી. એટલે અમારા આગમ સાચા છે. કેમકે એમાં નિશ્ચયની, વ્યવહારની, પંચપરમેષ્ઠી, નવ તત્ત્વ, છ દ્રવ્ય આ બધું આવે છે. છ દ્રવ્યમાં એક દ્રવ્ય તો ઉપચારિક માને છે. છ દ્રવ્યનું (નિરૂપણ) સરખું નથી એમાં. પણ નામથી છ દ્રવ્ય આવે, પછી ચૌદ ગુણસ્થાન આવે, ચૌદ માર્ગણાસ્થાન આવે, ચૌદ જીવસ્થાન આવે, છકાય જીવોની રક્ષારૂપ સંયમ આવે, અનેક પ્રકારે પંચમહાવ્રત આવે, સમિતિ, ગુપ્તિની બધી વાત, પ્રત્યાખ્યાન, પ્રતિક્રમણ, આલોચના આ બધા શબ્દો ત્યાં આવે છે. ઇ કહે, છે તો બધું પણ એના જાણનારા કોઈ રહ્યા નહીં એટલે આવું કોઈ કહી શકતા નથી, બતાવી શકતા નથી, સમજાવી શકતા નથી. મહારાજ સાહેબ તો બરાબર આ વસ્તુ બતાવે છે. આવું કોઈ બતાવનાર અત્યારે જૈનમાં નથી રહ્યું. ઊંડે ઊંડે એ જાતની (માન્યતા રહી ગઈ હતી). હવે ઇ શું કહે ? કે, કોઈવાર ચર્ચા નીકળે, વાતચીત નીકળે, અમારે પરિચય હતો. (મેં કહ્યું), 'ત્યાંનું કાંઈ પૂરેપૂરું તમને તો ખબર નથી પણ આ એક કુળમાં આવ્યા છો એટલે એ સંસ્કાર લઈને, એ મમત્વ લઈને તો આવ્યા છો. ત્યાંના બધા આગમનો કાંઈ અભ્યાસ નથી તમને કે તમારા સાધુઓને છતાં એમ માનવું કે ના, ના ! એની અંદર બધું બરાબર છે. એ તો કુળધર્મનું મમત્વ હજી છૂટતું નથી એના જેવું થાય છે.' તો એ શું કહે ? 'શશીભાઈ ! આપણે મંડન ખંડનમાં પડવા જેવું નથી. આત્માર્થી માણસે મંડન

ખંડનમાં ન પડવું જોઈએ.' કેવી સરસ વાત છે ! આત્માર્થી માણસે મંડન ખંડનમાં ન પડવું જોઈએ, વાત તો બહુ સુંદર છે. પણ એમ કહેનારનો એ કહેવા પાછળનો અભિપ્રાય જરાય સુંદર નથી. સુંદર છે અભિપ્રાય ? એ તો છળ પકડે છે એ સારી વાતનો. અને મંડન ખંડન માટે વાત નથી પણ વસ્તુનું – અનેકાંત વસ્તુનું યથાર્થ જ્ઞાન કરવાની વાત છે. પણ હવે એ દલીલ કરે કે આપણે સરવાળે તો આત્માને અવલંબવાની વાત છે ને ! અંતર્મુખ થવાની વાત છે ને ! આપણે આત્મામાં સ્થિર થવું ઇ પ્રયત્ન કરવો જોઈએ. આવી બધી માથાકૂટમાં તરીએ ઇ ખોટું છે. ભાઈ ! એવી યથાર્થ સાધના અનેકાંતના જ્ઞાન વગર થતી નથી.

એવા જીવ માટે એ પ્રકારમાં આવો કોઈપણ પ્રકાર હોય એને માટે આ વાત છે કે વિપરીત સમજણ ને વિપરીત જ્ઞાનની પક્કડ રહે અને એને અવિપરીત કાર્યનું ફળ આવે એવું કદી બનતું નથી. અને (આપણને) સીધું સમજાય ગયું કે, અંતર્મુખ થઈને આત્માનું અવલંબન લેવું છે અને એનો જ પ્રયત્ન કરવો છે. પણ એનો પ્રયત્ન કરવામાં તને શું નડે છે ? નડે છે ઇ એટલું સ્થૂળ છે, એ સ્થૂળ વિષય તને જ્ઞાનમાં સમજાતો નથી, આવતો નથી, જણાતો નથી અને અંતર અવલંબનનો સૂક્ષ્મ વિષય કેવી રીતે જ્ઞાનમાં આવીને અવલંબન થઈ શકશે. એ તો કોઈ દિવસ બની શકે નહીં.

એટલે એમ કહે છે કે, **'અનેકાંતનું જ્ઞાન કર...'** અનેક ધર્મોનું જ્ઞાન કર. અનેક ધર્મો જાણવા, માત્ર માહિતી મેળવવા નહીં પણ એ અનેક ધર્મો જાણતા પોતાના અસમાધાનને ટાળવા અને પોતાના વિપર્યાસને ટાળવા માટે અનેક ધર્મોનું જ્ઞાન કર. નહીંતર તો બાહ્ય જ્ઞાન છે એ ઉપાદેય નથી. આમ તો પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'માં છે, આમાં – 'દૃષ્ટિના નિધાન'માં ભાઈએ તારવ્યું છે કે, મિથ્યાદૃષ્ટિ દ્રવ્યલિંગી મુનિને એવી લબ્ધિ હોય કે, અંગ પૂર્વનું જ્ઞાન કંઠસ્થ હોય અને સમ્યક્દૃષ્ટિ ભાવલિંગીને એવી લબ્ધિ હોય કે અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વને ફેરવી જાય, ચૌદપૂર્વનો સ્વાધ્યાય કરી જાય. અંતર્મુહૂર્તમાં ! ગણધર આદિ તો અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વ પોતે સ્વયં રચી લે છે પણ એ રચાયેલા ચૌદ પૂર્વનો સ્વાધ્યાય અંતર્મુહૂર્તમાં ભાવથી અને વાણીથી કરી લ્યે. એવું લીધું છે. ભાવથી કરી લ્યે ઇ બેસે એવું છે પણ વાણીથી પણ કરી લ્યે એવી લબ્ધિ હોય છે. પણ એ બાહ્યજ્ઞાનની ભાવલિંગી મુનિને કોઈ કિંમત હોતી નથી.

પાંચમો બોલ છે. **'કોઈ કોઈ મુનિશ્વરોને...'** ભાવલિંગી મુનિ હોં ! **'એવી લબ્ધિ પ્રગટ**

**થઈ જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં અગિયાર અંગ અને ચૌદપૂર્વનું...'** એટલે બારેબાર અંગ. ચૌદપૂર્વ એટલે બારેબાર (અંગ) થઈ ગયા, **'અનુપ્રેક્ષણ કરી લે છે!'** અનુપ્રેક્ષા એટલે ફેરવી લેવું, અનુસરીને પ્રેક્ષણ એટલે અવલોકન થઈ જવું. **'પરંતુ મુનિરાજના હૃદયમાં તેનો પણ મહિમા તો નથી જ.'** અહીંયાં શું કરવા આપણે આ મુદ્દો હાથમાં લઈએ છીએ ? કે, એક બાજુ પોતે એમ કહે છે કે અનેકાંતનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે, બીજી બાજુ પોતે એમ કહે છે કે, ભાવલિંગી મુનિ હોય અને અગિયાર અંગ ને ચૌદપૂર્વનું જ્ઞાન, એની અનુપ્રેક્ષા, બારે અંગની અનુપ્રેક્ષા અંતર્મુહૂર્તમાં કરી લે તોપણ એનો મહિમા નથી. એમ બેય જુદાં જુદાં Stage ની વાત છે.

જેને અનેક ધર્મોનું જ્ઞાન છે એવું એક આગમજ્ઞાન – બાહ્યજ્ઞાન અને જેને પોતાના અંતર સ્વરૂપ જ્ઞાયક તત્ત્વનું જ્ઞાન છે એવું અંતરજ્ઞાન – આ બન્ને જ્ઞાનની જો તુલના કરવામાં આવે, આ બન્ને જ્ઞાનને તોળવામાં આવે તો જ્ઞાયકનું જ્ઞાન છે એ ઉપાદેય છે અને બાહ્ય જ્ઞાન એને ઉપાદેય નથી. કેમકે મુનિદશાની વાત લીધી છે. એને સ્વરૂપનું જ્ઞાન છે. નહીંતર શું થાય કે બે વાતમાં વિરુદ્ધતા ભી થાય કે એક બાજુથી એમ કહે કે અનેકાંતનું જ્ઞાન કર તો તારી સાધના યથાર્થ થશે, બીજી કોરથી (બાજુથી) એમ કહે કે ચૌદપૂર્વનું જ્ઞાન હોય તો એની કોઈ મહિમા નથી. **'લૌકિકદૃષ્ટિએ...'** એટલે બાહ્યદૃષ્ટિએ તો **'તેમને કેવી અદ્‌ભુત લબ્ધિ છે !'** એક અંતર્મુહૂર્તમાં બાર અંગને ફેરવી જવા એ તો અદ્‌ભુત લબ્ધિ છે. જગતની દૃષ્ટિએ, લૌકિકદૃષ્ટિ એટલે જગતની દૃષ્ટિએ તો આશ્ચર્યાત્મક લબ્ધિ છે. **'સંપૂર્ણ બાર અંગનું અંતર્મુહૂર્તમાં મનથી તો અનુપ્રેક્ષણ કરે છે પરંતુ તદુપરાંત વચનથી પણ સ્વાધ્યાય કરી લે છે.'** અંતર્મુહૂર્તમાં ! આ લબ્ધિનો વિષય છે. બાકી આમ ક્રમથી બની શકે નહીં. ક્રમથી આયુષ્ય ઓછા પડે. કોઈનું આયુષ્ય – મનુષ્યનું આયુષ્ય એટલું નથી.

પ્રશ્ન :– વચનથી કહેવું એમાં તો ઘણો સમય જાય છે તો આ એક અંતર્મુહૂર્તમાં કેવી રીતે ?

સમાધાન :– લબ્ધિનો વિષય છે. એવી લબ્ધિ છે. બુદ્ધિમાં આવે એવો વિષય નથી, બુદ્ધિ ગ્રાહ્ય થાય એવું નથી. લબ્ધિનો વિષય છે, આશ્ચર્યનો–ચમત્કારનો વિષય છે.

પ્રશ્ન :– બીજા જાણી શકે કે આને આ જાતની દ્ધિ છે ?

સમાધાન :– હા, હા ! બરાબર સમજી શકે. પોતે સમજી શકે, બીજા સમજી શકે. ઇ તો ઇતિહાસની અંદર એવા જૈન મુનિઓ–સાધકો – આરાધકો થયા છે કે એ છદ્મસ્થ

હોવા છતાં લોકોને સ્વીકારવું પડે કે જૈનમાં સર્વજ્ઞ છે. એનો પુરાવો એને લાગે કે, આ લોકો એમ કહે છે કે અમારામાં (સ્વરૂપ) સાધતા સાધતા સર્વજ્ઞપદ સધાય છે એની સાબિતી એનું છદ્મસ્થ પદ આપે છે, એની લબ્ધિઓ આપે છે, જ્ઞાનની લબ્ધિઓ આપે છે કે જે અંતર્મુહૂર્તમાં બાર બાર અંગનો સ્વાધ્યાય કરી લે છે ! સર્વજ્ઞપદને ના કહી શકાય એવું નથી. એવી ખાતરી કરાવી દ્યે. એવા મુનિઓ થાય છે. 'વીરસેનસ્વામી' એવા હતા. એ 'કળિકાળ સર્વજ્ઞ' એમના સમયમાં કહેવાતું. જૈનના સર્વજ્ઞને જોવા હોય, એનો નમૂનો જોતો હોય તો જાવ 'વીરસેનસ્વામી' પાસે પરિચય કરવા, ખબર પડે તમને. જેમણે આ 'ધવલ ટીકા' 'ષટખંડાગમ'ની ટીકા લખી છે એ.

પ્રશ્ન :– લબ્ધિ એટલે શું ?

સમાધાન :– લબ્ધિ ? લબ્ધિ એટલે પ્રાપ્તિ. કોઈ રિદ્ધિસિદ્ધિની પ્રાપ્તિ થાય એને લબ્ધિ કહે છે. જેમ આ કહે છે ને કે, જનાવરમાંથી માણસ બનાવી દે. ઇ તો બધા ગપ્પા હોય છે, નજરબંધીના ખેલ હોય છે પણ ઇ ચમત્કાર તો કરે છે કે નહીં ? તો આ તો અમુક જાતના પુણ્યના યોગથી એવા ચમત્કાર થઈ શકે એવી લબ્ધિ હોય છે. પાણી છાંટે તો પત્થર હોય એ સોનું થઈ જાય. એવી લબ્ધિ હોય છે. એને લબ્ધિ કહે છે.

આ પહેલુંવહેલું જાણવા મળ્યું કે, મનથી તો અંતર્મુહૂર્તમાં અનુપ્રેક્ષણ કરે છે પરંતુ વચનથી પણ બાર અંગનો સ્વાધ્યાય કરી લ્યે છે. આ વાત પ્રસિદ્ધ નથી. **'તેમને અંદરમાં સહજ કોઈ એવી શક્તિ ઘડી જાય છે કે તેઓ અંતર્મુહૂર્તમાં પૂરેપૂરાં બાર અંગ ફેરવી જાય. આ પ્રકારે બાર અંગનું જ્ઞાન અને તદ્વિષયક લબ્ધિ હોવા છતાં પણ મુનિઓને બાર અંગના જ્ઞાનની અને લબ્ધિની કાંઈ અધિકતા લાગતી નથી.'**

પ્રશ્ન :– મન અને વાણી. મન તો જાણે જ્ઞાનને અવલંબે છે ઇ બરોબર છે પણ વાણી તો આખું નિરપેક્ષ તત્ત્વ છે. પરપદાર્થ જ છે તો એને ઇ કેવી રીતે બાર અંગને...?

સમાધાન :– એનામાં પણ સામર્થ્ય છે. વાણીમાં બાર અંગને કહેવાનું સામર્થ્ય છે, બાર અંગને કથવાનું, બોલવાનું સામર્થ્ય છે.

પ્રશ્ન :– અંતર્મુહૂર્તમાં એમ ?

સમાધાન :– હા, એ પુદ્ગલમાં એ પુદ્ગલની લબ્ધિઓ જ છે ને આ બધી. બહારના ચમત્કારો છે ઇ પુદ્ગલની જ લબ્ધિ છે ને. મુનિરાજનો આમ પડછાયો પડે ત્યાં સામાનો રોગ ચાલ્યો જાય. એક પડછાયો પડે ત્યાં. ઇ પુદ્ગલમાં જ છે ને. હવે એ પડછાયો કાંઈ

ઔષધ થોડી છે ? જે રોગ કોઈ રીતે મટે એવો ન હોય, અસાધ્ય રોગ કહેતા હોય (પણ) મુનિરાજનો પડછાયો પડે (ત્યાં રોગ ચાલ્યો જાય). એમને ખબર પણ ન હોય કે મારા પડછાયાથી આ મટી ગયું. પણ એવી લબ્ધિઓ પ્રગટી ગઈ હોય. પુદ્ગલમાં પણ એવી શક્તિઓ છે, ચમત્કારિક શક્તિઓ છે પુદ્ગલમાં. એ બધા પુણ્યના પ્રકાર છે.

આ (અંતર્મુહૂર્તમાં ચૌદપૂર્વને ફેરવી જવું એ) તો જ્ઞાનનો બાહ્ય વિકાસ છે. આ પુણ્યનો પ્રકાર એટલો નથી, સાથે જોડાયેલું છે પુણ્ય તો, પણ મુખ્યપણે જ્ઞાનનો – બાહ્યજ્ઞાનનો વિકાસ છે. અંતરજ્ઞાન સહિતના મુનિને બાહ્યજ્ઞાનનો વિકાસ છે એટલે એનો મહિમા કરવામાં આવે છે. અધ્યાત્મનો વિષય છે એટલે સાથે સાથે કહેવામાં આવે છે કે છતાં મુનિઓને એ બાર અંગના જ્ઞાનની ને લબ્ધિની કાંઈ અધિકતા લાગતી નથી. **'અંતરમાં અપૂર્ણ જ્ઞાન રુચતું જ નથી.'** જુઓ ! આ Stage છે એમનું. અધૂરું જ્ઞાન એમને રુચતું નથી. પૂર્ણ જ્ઞાનથી ભરેલો હું અને એનો ઉપયોગ હું ન કરી શકું ને મારે અધૂરા જ્ઞાનનો ઉપયોગ કરવો પડે ! કોઈ એમ કહે કે આ ખજાનો ભર્યો છે પણ પૂરો વાપરવા નહીં દઉં, રોજના પાંચ રૂપિયા જ મળશે. શ્રીમંતનો છોકરો હોય, બાપને ખબર પડે કે ઉડાડી દ્યે એવો છે તો કહે, જો દીકરા ! મૂડી બધી તારી જ છે. મારે કોઈને દઈ દેવાનું નથી. દઉં એવો પણ નથી. પણ તને તો Controlમાં રાખ્યા વગર રસ્તો નથી. રોજના પાંચ તારે વાપરવા લઈ લેવા. તારે પાન ખાવાની ટેવ છે ને તારે ફલાણાની ટેવ છેને એની તને ના નથી, પણ એથી વધારે ખોટો ખર્ચ એટલે બીજા વ્યસનમાં જતો રહે એવું નથી કરવા દેવું. તો એને જેમ એમ લાગે કે આ મને પૈસા શું કામના ? મારા પૈસા શું કામના ? મને તો વાપરવા મળતા નથી, મને તો વાપરવા મળતા નથી. મારા કહેવાય છે પણ ઇ કામના શું ? એને એક વસવસો રહે છે. એમ મુનિરાજ કહે છે કે મારી પાસે પૂર્ણ જ્ઞાન ને મારે વાપરવાનું અધૂરું ? આ વાત મને નથી રુચતી. મારે તો એક સમયમાં પૂરું જોઈએ. ઉપયોગમાં પણ પૂરું જોઈએ.

**'અંતરમાં અપૂર્ણજ્ઞાન રુચતું જ નથી. એ તો ક્રમિક જ્ઞાન છે...'** ક્રમે બધું જાણે છે. અંતર્મુહૂર્તનો ક્રમ પડે છે. કેવળજ્ઞાનની લબ્ધિ બીજો વિષય થઈ ગયો. કેવળજ્ઞાન જેવી, કોઈ પણ જ્ઞાનની લબ્ધિમાં એવી લબ્ધિ ન હોય કે અક્રમે બધું જાણી લે. (જો જાણી લ્યે) તો એ કેવળજ્ઞાન થઈ ગયું. ગમે એવી લબ્ધિ હોય તો એમાં ઓછામાં ઓછો અંતર્મુહૂર્તનો ક્રમ પડી જાય. **'એ તો ક્રમિક જ્ઞાન છે; ક્રમ પડે એવા જ્ઞાનનો મહિમા જ શો ?'** અક્રમે જાણવાની શક્તિ મારામાં રહી છે અને ક્રમે મારે જાણવું પડે એ વાત મને રુચતી નથી.

એ રીતે અહીંયાં બાર અંગની લબ્ધિવાળા જ્ઞાનનું મૂલ્ય નથી જેટલું મૂલ્ય પોતાના પૂર્ણ સ્વરૂપનું છે. એમ અપેક્ષા ચાલી છે. અહીંયાં (ચાલતા બોલમાં) એ અપેક્ષા નથી.

અહીંયાં નીચેવાળાને સાધના હજી જે કરી શકતો નથી ને જેને યથાર્થ સાધના કરવામાં કાંઈ ને કાંઈ અંદર શલ્ય રહે છે, કાંઈને કાંઈ અડચણ રહે છે, અવરોધ રહે છે એવા Stageની વાત લેવી છે. ઓલા Stageની વાત નથી લેવી. એને એમ કહે છે કે, તું અનેકાંતનું જ્ઞાન કર. વસ્તુના સ્વરૂપ વિષયક કેટલુંક બાહ્યજ્ઞાન કરવાની પણ તને આવશ્યકતા છે. એ આવશ્યકતા સહિત તને આગળ વધવાનું થશે ને નહીંતર તને જે અવરોધ છે, જે અપરાધ કરીને, વિરાધના કરીને જે ઊંધું ગ્રહણ કર્યું છે એ તો તારે છોડ્યે જ છૂટકો.

એનો સિદ્ધાંત અને નિયમ એવો છે કે જે જીવે બુદ્ધિપૂર્વક ઊંધું સમજીને સ્વીકાર કર્યો હોય એને બુદ્ધિપૂર્વક સવળું સમજીને સ્વીકાર કરે ત્યારે એ પડેલી ગાંઠ છૂટે. નહીંતર એની એ ગાંઠ છૂટતી નથી અને ત્યાં સુધી એની સાધના એટલે અંતર્મુખ થવાનું યથાર્થ બની શકતું નથી. એનો ઉપયોગ અંતર્મુખ થવાને બદલે બહાર ને બહાર રહી જાય છે. કોઈ ગ્રંથીથી પકડાયેલો એનો ભાવ છે એ અંતર્મુખ થઈ શકતો નથી. એ અપેક્ષા છે એની અંદર. એ રીતે એ વિષય ભિન્ન ભિન્ન જીવોની અપેક્ષાએ (કહ્યો છે). એ વચનની અંદર સંક્ષેપમાં પણ ઘણી ગહન વાત કરે છે. ૧૨૯ (બોલ) પૂરો થયો.

**નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે. અનંત ગુણોની ઋદ્ધિ જે પ્રગટે તે પોતામાં છે. ૧૩૦.**

૧૩૦. '**નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે,...**' એટલે એની માથે બીજો કોઈ ધણી નથી. ચક્રવર્તીની માથે પછી કોઈ ધણી હોતો નથી. ચક્રવર્તીની ઉપમા આપી છે – ચૈતન્ય ચક્રવર્તીની, પણ એનો કહેવાનો આશય ત્યાં એ છે કે, એની માથે પછી કોઈ બીજો (ધણી નથી), દેવની માથે કોઈ દેવ નથી. જેમ ભગવાન સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્માને આપણે સ્તુતિ કરતા

એમ કહીએ કે, હે પ્રભુ ! આપ તો દેવાધિદેવ છો. દેવના પણ દેવ. અધિદેવ એટલે અધિક દેવ એવા છો. જે સર્વ દેવો છે, દેવગતિના જેટલા દેવો છે એના પણ આપ દેવ છો, ઇન્દ્રોના પણ આપ દેવ છો. પણ આ ચૈતન્ય ચક્રવર્તીનો કોઈ દેવ નથી. આમ વાત છે. એનાથી આગળની વાત લ્યે છે. કેટલો મહિમા આપે છે !

**'નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે,...'** આ નિશ્ચય છે. વ્યવહારમાં જિનેશ્વરદેવ છે એના ઉપર બીજા કોઈ દેવ નથી. એને પછી બીજા કોઈ દેવ નથી. જુઓ ! અન્યમતમાં કેવી ગડબડ છે ? મુખ્યપણે આ હિન્દુઓની અંદર અનેક દેવો છે. એમાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ. ત્રણ મુખ્ય મોટા દેવ છે. બાકી બધા તો નીચી પાયરી ઉપરના છે. ઇ ત્રણેયને ભિન્ન ભિન્ન પાયરી આપી છે. એક સૃષ્ટિના સર્જક છે, બીજા બ્રહ્માને સર્જક બનાવ્યા છે, વિષ્ણુને પાલન કરનારા બનાવ્યા છે અને શંકરને વિનાશ કરનારા બતાવ્યા છે. ત્યાં એમને એ વિનાશ કરવું એ હલકું કામ સોપ્યું છે એવું ગણતરીમાં આવતું નથી. કેમકે પૂર્વગ્રહ એવો છે કે એ દેવને તો મહાદેવ કહેવા. ઓલા બેને મહાદેવ એવું નામ ન આપ્યું પણ અહીંયાં કામ જરા હલકું છે અથવા બહારમાં તો કોઈ એવું કામ કરે તો એની નિંદા જ કરવામાં આવે કે અરે...! કોઈને કાંઈ મારી નખાય ? આ તો સૃષ્ટિનો પ્રલય કરે છે. પણ એવું ન થઈ શકે એટલે જે એના શાસ્ત્રકર્તાઓ થોડા બુદ્ધિશાળી હોય છે, લોકોને કેવી રીતે ગેરરસ્તે દોરવા એ કુટીલબુદ્ધિ વક્રબુદ્ધિ, પણ વિચક્ષણતાવાળી હોય છે એ લોકોમાં – એવા જીવોમાં. તો કહે, આનું નામ મહાદેવ આપો. એવા કેવા મહાદેવ છે ? કે, સર્વથી મોટા દેવ છે. બ્રહ્મા, વિષ્ણુ એની સેવા કરવા આવે છે. 'શિવપુરાણ' વાંચે, 'શિવપુરાણ' કરીને પુરાણ છે. સામાન્ય રીતે સંપ્રદાયના જીવોમાં કોઈનું મૃત્યુ થાય તો શિવપુરાણ વંચાય છે. 'ગરુડપુરાણ' ને 'શિવપુરાણ'નું વાંચન થાય છે. એ 'શિવપુરાણ'માં 'શિવ'નો એટલો મહિમા આવે કે 'બ્રહ્મા' અને 'વિષ્ણુ' એની સેવા કરે, એની પૂજા કરે. 'વિષ્ણુપુરાણ' વાંચવામાં આવે ત્યારે 'બહ્મા' અને 'શંકર' એની પૂજા કરવા આવે. અને આ માતાજીની શત્તિનું પુરાણ વાંચવામાં આવે ત્યારે 'બહ્મા', 'વિષ્ણુ' ને ('શિવ') ત્રણેય એની પૂજા કરવા આવે.

હવે કોઈ ચક્રવર્તી દેવ નથી એમ કહેવું છે અહીંયાં. ચાલુ વિષય સાથે શું અનુસંધાન છે ? કે, ચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે. એને તો જિનેશ્વરદેવ પણ દેવ નથી એને માટે. વ્યવહારે સર્વજ્ઞદેવ દેવ છે. એની આસ્થા ફરે નહીં. કોઈપણ અપેક્ષાએ એની આસ્થા ફરે નહીં. જેમ કોઈપણ અપેક્ષાએ પોતાના નિશ્ચય સર્વજ્ઞપદની આસ્થા ફરે નહીં, વ્યવહારે બહારમાં સર્વજ્ઞપદની

આસ્થા ફરે નહીં. આ આખી દુનિયાની થલપાથલ થઈ જાય તો આ વાત – બે વાતમાં ફેર પડે નહીં. વ્યવહારે ફેર પડે નહીં, નિશ્ચયે ફેર પડે નહીં. કેમકે એ પોતે ચક્રવર્તી છે. બન્ને પોતપોતાના સ્થાનમા ચક્રવર્તી છે. એમની માથે, એમની ઉપર કોઈ નથી.

એ ચૈતન્ય ચક્રવર્તીમાંથી **'અનંત રત્નોની પ્રાપ્તિ થશે.'** આ બોલમાં તો એકલા આત્મસ્વરૂપનો જ મહિમા છે. જિનેશ્વરની તો એક વ્યવહારે લેવા માટે એ વાત લીધી પણ અહીંયાં બોલ તો એકલો નિશ્ચયનો જ છે. **'નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે.'** એ ચક્રવર્તીમાં – ચૈતન્ય ચક્રવર્તીમાં અનંત ચૈતન્ય રત્નો છે. આ જડ રત્નોની વાત નથી, અનંત ચૈતન્ય રત્નો છે, એ એની શક્તિઓરૂપ રત્નો છે, એના ગુણરૂપ રત્નો છે, જે શાશ્વત હોય છે. એવા એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે એટલે અનુભવ થશે. ચૈતન્ય ચક્રવર્તીને સાધતા – આરાધતા એમાંથી અનંત રત્નોનો અનુભવ થશે. ઇ બધા વિશેષણો ઓછા પડે એવો વિષય છે આ.

વસ્તુ એટલી મહાન છે કે ચક્રવર્તીપણું પણ એને ઓછું પડે. કેમકે એ સાદી સાંત છે. આ ચૈતન્ય ચક્રવર્તી અનાદિઅનંત છે, એમ. પછી એ ચક્રવર્તીને કોઈવાર હાર ખાવી પડે છે. ખાધી કે નહીં 'ભરત' ચક્રવર્તીએ 'બાહુબલીજી'ના હાથે ? આ ચક્રવર્તી સદાય જયવંત વર્તે છે. કદી કોઈથી હાર ખાવાનો પ્રશ્ન બનતો નથી. બીજે અપવાદ છે આમાં અપવાદ નથી એટલે ઉપમા બધી ટૂંકી પડે છે. ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ ઉપમા આપવા જતા પણ એ ઉપમા એને ઓછી પડે છે.

'ગુરુદેવશ્રી' એકવાર કહેતા હતા. એક સમુદ્રની ઉપમા આપવામાં આવે છે (કે), ગુણનો સાગર છે, શક્તિનો સાગર છે. પણ સાગરને તો તળિયું છે આને ક્યાં તળિયું છે ? પાછા એમ કહે. એકવાર પ્રશ્ન કાઢ્યો કે, સમુદ્ર કેટલો ઊંડો છે વધુમાં વધુ ? ઓલા તો સમુદ્ર અસંખ્ય યોજન ઊંડા છે પણ આપણે આ લવણ સમુદ્રની વાત છે. ભૂગોળની દૃષ્ટિએ આપણી જે પૃથ્વી કહેવાય છે એની આજુબાજુ છે એ મોટા મોટા બે દરિયા છે – 'એટલાન્ટિક' અને 'પેસિફિક'. આ Arabian sea – અરબી સમુદ્ર, અરબસ્તાન અને હિન્દુસ્તાનની વચ્ચે રહેલો જે સમુદ્ર છે એને Arabian sea કહે છે. એટલાન્ટિક અને પેસિફિકને Ocean કહે છે. મહાસમુદ્ર છે, મહાસમુદ્ર કેટલો ઊંડો ? કે, વધુમાં વધુ સાડા પાંચથી છ માઈલ. એ પૃથ્વીનો ખાડો છે જ્યાં પાણી ભર્યું છે. સાડા પાંચ-છ માઈલનો ખાડો છે. એમ વધુમાં વધુ માઉન્ટ એવરેસ્ટ કેટલો ઊંચો ? કે આમ ભે ભું સીધી લાકડીની જેમ (Vertical)

રાખે તો સાડા પાંચથી છ માઈલ એની ઊંચાઈ. આમ ત્રાંસી ઢાળની નહીં, ઇ તો વધી જાય, માઈલોની થઈ જાય. ઇ તો સંખ્યાબંધ માઈલો થઈ જાય. પણ નેવું ડિગ્રીના એંગલથી જમીન સાથે આમ સીધી ભી લાકડી રાખે તો સાડા પાંચથી છ માઈલ. ખાડા અને ટેકરાનું પ્રમાણ સપ્રમાણ છે આ પૃથ્વી ઉપર, જ્યાં આપણે આવાગમન કરીએ છીએ ત્યાં. સાડા પાંચ–છ માઈલ બસ ? આટલો જ ઊંડો છે ? કે, સાહેબ ! ભૂગોળમાં એવું આવે છે. આ તો ભૂગોળનો વિષય છે ને. કોઈને નવાઈ લાગે, 'ગુરુદેવ' આ ભૂગોળના વિષયની આજે ચર્ચા કેમ કરે છે ? એવી ચર્ચા – લૌકિક ચર્ચા ઓછી કરે એટલે બધાયને નવાઈ લાગી કે, આજે આ ભૂગોળની ચર્ચા કેમ ચાલે છે આપણે ત્યાં ? તો કે કહેવું છે એમ કે આ સમુદ્રને તળિયું છે પણ ચૈતન્ય-સમુદ્રને અંદરમાં નીચે તળિયું નથી. એ બેહદ ઊંડાણવાળો, બેહદ ગહેરાઈવાળો એક ભાવ છે – સ્વભાવ ભાવ છે કે જેને નીચે કોઈ તળિયું જ નથી, છેડો જ આવતો નથી. એટલે આ તો ખાબોચિયું ને છીછરું કહેવાય, આ સમુદ્ર તો એની પાસે બહુ છીછરો કહેવાય. આટલું ક્ષેત્ર એ તો તરત જ તળિયે જઈ શકે છે ને જાય છે લોકો તળિયે.

એટલે અહીંયાં મહિમા કરતા કરતા પણ એ વિષય ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે આ કોઈ અતિશયો તિ થતી નથી પણ સ્વરૂપનો મહિમા કરવામાં અલ્પ ઉ તિ થાય છે. અતિશયો તિ થતી નથી, વધાર કરીને વધારે પડતું કહેવામાં આવે છે એમ વાત નથી. આત્માને મોટી મોટી ઉપમા દઈ દેવામાં આવે છે, વખાણ કરવા ખાતર વખાણ કરવામાં આવે છે એમ નથી. ખરેખર જેટલા વખાણ કરે એ બધા ઓછા પડે છે.

પોતે જ '**નિજચૈતન્યદેવ પોતે ચક્રવર્તી છે, એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે.**' જેમ આશ્ચર્યકારી પદાર્થ જોવે તો ઉપયોગ ત્યાં લાગ્યો રહે અથવા પરિણતિ ભી થઈ જાય એની. એવો આ મહાઆશ્ચર્યકારી પદાર્થ છે કે ઉપયોગ જાય તો થંભી જાય. ખોડાઈ જાય ઉપયોગ, ત્યાંથી ઉપયોગ ખસી શકે નહીં, જો ઉપયોગ એના ઉપર જાય તો. ઓળખે તો ઉપયોગ જાય અને એકવાર ઉપયોગ જાય તો એની પરિણતિ થઈ જાય. ઉપયોગ છૂટે, પરિણતિ છૂટે નહીં. એવો અનંત મહિમાવંત પદાર્થ છે. એમાંથી અનંત રત્નોની પ્રાપ્તિ થશે એટલે અનંત આશ્ચર્યકારી એના ગુણધર્મો અનુભવગોચર થશે. પ્રાપ્તિ થવી એટલે અનુભવ થવો, અનુભવ થવો એટલે પ્રાપ્તિ થવી – એકાર્થ છે.

એવા '**અનંત ગુણોની દ્ધિ જે પ્રગટે તે પોતામાં છે.**' આવી અનંત ગુણોની જે કાંઈ

દ્ધિ પ્રગટે, જેટલી કોઈ વસ્તુ પોતે અનંત ગુણોથી સમૃદ્ધ છે એટલે એની જે કોઈ દ્ધિ પ્રગટે છે તે પોતામાં જ છે, એ કાંઈ બહાર પ્રગટતી નથી. અને આ જે ગુણની દ્ધિ છે એ જગતના જે પુદ્ગલના દ્ધિ-સિદ્ધિના ચમત્કારો છે એ એની પાસે બહુ તુચ્છ છે, એટલી મહાન ( દ્ધિ) છે. ચૈતન્યની દ્ધિ કેટલી મહાન છે ? કે, જેની પાસે જગતની દ્ધિ સિદ્ધિ, લૌકિક પુદ્ગલોની જે ચમત્કારિક રિદ્ધિસિદ્ધિ છે એ બધી એની પાસે તુચ્છ છે, કાંઈ નથી એની પાસે.

મુમુક્ષુ :- ચોસઠ દ્ધિ મહાન છે એની પૂજા કરવામાં આવે છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- ચોસઠ દ્ધિ પણ તુચ્છ છે. ચોસઠ દ્ધિની પૂજા કરવામાં નથી આવતી પણ ચોસઠ દ્ધિધારી ભાવલિંગી સંતોની, મુનિઓની પૂજા કરવામાં આવે છે, દ્ધિઓની પૂજા કરવામાં આવતી નથી. પણ એમને પવિત્રતાની સાથે સાથે કેટલાક પુણ્યના પ્રકાર ઉત્પન્ન થાય છે એનો ત્યાં નિર્દેશ છે. ( દ્ધિઓનું) જ્ઞાન કરાવે છે, લોભાવવા માટે નહીં.

જો કે પ્રશ્ન થવા યોગ્ય છે કે, જો લોભ કરવાનો વિષય નથી, મહત્તા કરવાનો વિષય નથી તો પછી એવી પૂજા શા માટે ગોઠવવામાં આવે છે ? કે, નાહક અમથું અમથું નુકસાન થાય. તો કહે છે, કો'ક એવા બાળજીવો હોય છે જેને બાહ્ય વિભૂતિનો મહિમા હોય છે એને એમ થાય છે, બાહ્ય વૈભવનો મહિમા હોય છે (એને એમ થાય છે કે), અહીંયાં પણ કાંઈક છે, માલ છે અહીંયાં. એટલે એ નજીક આવે છે. નજીક આવે ત્યારે એને એમ કહે છે કે જો આ માલ છે એમ તને લાગે છે ને ઇ ધૂડ છે, માલ નથી, માલ કાંઈક બીજો છે. માલ જોવે છે ને ? તું માલ જોવા આવ્યો છો ને ? હાલ, તને માલ (દેખાડું), અંદર ભોંયરામાં આવ તને માલ દેખાડું. એ તો ઊંડાણમાં રાખ્યો છે, આ બહાર દેખાય છે એ ખરો માલ નથી. એવો કોઈ પ્રકાર ઉત્પન્ન થાય એવી અપેક્ષાથી એ બધી વાતો છે.

મુમુક્ષુ :- મુનિઓ એની સામું જોતા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- મુનિઓ તો જોતા નથી એની સામું. એવું છે કે જે આ ભગવાનને સમવસરણ અને ચોત્રિસ અતિશય એ વગેરે પ્રકાર છે એમાં પણ એવું જ છે. જગતની અંદર તો કેટલાક ધુતારા પાપ પરિણામવાળા જીવો ધર્મને નામે એવો બહુ પાપાચાર કરતા હોય છે તો એની અંદર ચમત્કારોને સામેલ કરીને લોકોને આકર્ષતા હોય છે. ત્યારે કેટલાક

જીવોને ગ્રંથી એવી બંધાઈ ગઈ હોય છે કે આટલી શક્તિ ન હોય તો એની પાસે જવાનો કાંઈ અર્થ પણ નથી. આપણે ચમત્કારને નમસ્કાર છે. શું કહે ? એમાં એટલી શક્તિ છે. તમારા કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રમાં ચમત્કાર હોય તો આવીએ, બાકી અમસ્તું તો અમને કાંઈ આવવાનો રસ નથી. એને પહેલે પગથિયે અહીંથી જ શરૂઆત કરવાની હોય છે. એવી જ કોઈ યોગ્યતાવાળા હોય છે. એ એમ જોવે કે જગતમાં ચમત્કાર ન હોય એવા ચમત્કાર અહીંયાં છે તો જાવું તો જોઈએ એકવાર. પછી ત્યાં જાય તો એને (ખબર પડે) કે આ હું જેને મહત્તા આપું છું એ લોકો તો એને અહીં કાંઈ ગણતા નથી, અહીંયાં તો કોઈ ઇંથી મોટા ચમત્કારની વાતું ચાલે છે. એમ કરીને એને ઊંડા તરવાનું એક કારણ બને છે. એ બાહ્યદૃષ્ટિ જીવોને ચમત્કારથી ભરમાવવા એ બહુ સહેલું છે. અને એમાં બહુ મોટો સમૂહ વળી જાય છે. અનાદિની જીવની બાહ્યદૃષ્ટિ છે એટલે એમાં સંખ્યા પણ મોટા પ્રમાણમાં હંમેશા હોય છે. એટલે એ વસ્તુની સદંતર ગેરહાજરી જૈનશાસનને વિષે નથી. એની કિંમત જરૂર નથી આ શાસનમાં પણ એ વસ્તુ જ નથી હોતી એવું કાંઈ નથી. પવિત્રતા છે એની સાથે પુણ્ય પણ અહીંયાં હોય છે. પુણ્ય ન હોય ને એકલી પવિત્રતા હોય એવું બનતું નથી.

આ તો ' દ્ધિ' શબ્દ છે ને ? **'અનંત ગુણોની દ્ધિ જે પ્રગટે છે તે પોતામાં છે.'** અને પોતાથી બહાર ક્યાંય નથી. એક જગ્યાએ પોતે લ્યે છે કે, જેને સ્વાનુભૂતિની દ્ધિ પ્રગટ થઈ એને જગતનો બાહ્ય વૈભવ અને જગતની લક્ષ્મી તો એના પગમાં આળોટે છે. આ લોકો પૈસાવાળાની પાછળ પાછળ દીનતા કરે છે ને ? લાચારી કરે છે, માખણપટ્ટી લગાડે છે. શું કરે છે ? હજૂર ! જી હજૂર ! કહીને હજૂરિયા થાય છે. તો એને એમ કહે છે કે પણ ભાઈ ! જેની લાચારી તું કરે ઇ જેની લાચારી કરે છે એને તું ઓળખ. જે પૈસા ને લક્ષ્મીને લઈને જગતના જીવો લાચારી કરે છે એ લક્ષ્મી કોની લાચારી કરે છે એ તું જો. એ તો એના પગમાં આળોટે છે.

જંગલમાં મુનિરાજ વીતરાગ દશામાં બિરાજમાન હોય (અને) ચક્રવર્તીની સેના નીકળે તો બધા એને વંદન કરે છે. ઉપરથી ઇન્દ્રો આવીને પણ એને વંદન કરે છે તો એના ચરણમાં આળોટે છે કે નહીં ? ખાલી મફતની ઉપમા આપીને ફેંકાફેંકી કરે છે એવી વાત છે ? ફેંકોલોજી નથી કાંઈ (કે), ઠીક છે ભાઈ ! ભલે દરિદ્રી દેખાય પણ કહી દ્યો ને કે જગતની લક્ષ્મી એના પગમાં આળોટે છે. એવું નથી પણ વાસ્તવિક વાત છે, હકીકતે પણ

એમ જ છે. કેમકે અનુભવમાં એ પોતે ત્રણ લોકનો નાથ થયો છે. એ વાત એને અનુભવગોચર થાય છે એટલે એને ક્યાંય દીનતા કરવાનો પ્રશ્ન રહેતો નથી.

'સોગાનીજી'ની તો કેટલીક વાતો બહુ તીખી હતી. ઇ તો કહે, આ દેવ-ગુરુ-શાસ્ત્રને વંદન, નમસ્કાર ને ભક્તિ એ પણ મને તો દીનતા લાગે છે. આ આત્મા આવી દીનતા કરે એ વાત આત્માને માટે તો ઠીક નથી લાગતી. નહીંતર તો સામાન્ય રીતે જ્ઞાનીઓ એમ ઉપદેશ પણ આપે કે, જ્યાં સુધી છદ્મસ્થ દશા છે ત્યાં સુધી, બારમાં ગુણસ્થાન સુધી પણ સત્શ્રુતને સાથે રાખવામાં આવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રને સાથે રાખવામાં આવે છે, માથે રાખવામાં આવે છે, એમનો મહિમા પણ કરવામાં આવે છે. છતાં એ બધી વ્યવહારની વાતો છે. એનું જે સ્થાન છે એ એનું સ્થાન છે અને જે આત્માનું સ્થાન છે એ આત્માનું સ્થાન છે. આત્માનું સ્થાન કોઈ લઈ શકે એવું નથી. ચક્રવર્તી કહીને એમ કહેવું છે કે, આ આત્માનું સ્થાન કોઈ લઈ શકે એવું નથી, બીજા દેવ-ગુરુ-શાસ્ત્ર કોઈપણ લઈ શકે એવું નથી.

મુમુક્ષુ :- સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પણ એમ જ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ પણ એમ જ કહે છે કે, હું તારો ભગવાન અને તું મારો ભક્ત – એ નહીં. હું તો ભગવાન પણ તું પણ ભગવાન. હું ભગવાન અને તું પણ ભગવાન. તો કહે, ભગવાન થાઉં ત્યારે ને ? કે, ત્યારે નહીં. અત્યારે પણ તું ભગવાન. આમ છે. એવી રીતે સ્થાપે છે. બાજુમાં બેસાડે છે, નીચે નથી બેસાડતા. અન્યમતમાં એ આવે છે, મારા ચરણમાં આવી જા હું તારી રક્ષા કરીશ. મમં એકં શરણં.. આ કહે છે કે, (એમ) નહીં. હું ભગવાન તું ભગવાન – મારી સમકક્ષ. મારી સરખા Levelમાં તું બિરાજમાન થા. નીચેની ગાદીએ નીચે બેસવાની વાત નથી. સાથે બેસાડે છે, પડખે બેસાડે છે. એ વિશિષ્ટતા છે આ વિષયની. જૈનદર્શનની તોલે કોઈ વાત આવે એવું નથી. એકેએક એના પડખા લ્યો તો અદ્વિતીય વિષય છે. જગતમાં બે જૈન નથી. જેટલા ફાંટા પડે છે એ બધા ખોટે ખોટા પડે છે. માનકષાયને વશ પડે છે. બાકી બે વાત નથી, બે માર્ગ નથી, બે જૈન નથી. એક જ પ્રકાર છે.

પ્રશ્ન :- ગુરુદેવશ્રી આવી વાત લાવ્યા ક્યાંથી ?

સમાધાન :- બહાર કાઢી, હતી ઇ બહાર કાઢી. દિગંબરના સાહિત્યમાં – સત્ શાસ્ત્રોમાં પડી હતી ઇ બહાર કાઢી. ગુપ્ત થઈ ગઈ હતી. ખોવાઈ ગઈ હતી એ સમાજમાં પ્રસિદ્ધ કરીને મૂકી. ક્યાં એમણે એકેય શાસ્ત્ર લખ્યું છે ? એક શાસ્ત્ર બતાવો જોઈએ – 'કાનજી

સ્વામી' લિખિત. છે ? ઇ કહે, અમે તો આડતીયા થઈને માલ વેચીએ છીએ, 'કુંદકુંદાચાર્ય', 'અમૃતચંદ્રાચાર્ય', 'સમંતભદ્રસ્વામી', 'કાર્તિકેયસ્વામી', 'વીરસેનસ્વામી', 'જયસેનાચાર્ય' બધા આચાર્યોનો માલ છે આ બધો. એમનો માલ છે, અમે એના આડતિયા થઈને વેચીએ છીએ. અમારે તો અંદરમાં અનુભૂતિ થાય એટલું અમારું કમિશન છે આમાં. આડતિયા કમિશન કરે ને ? કમિશન એટલે લાભ. તો કહે આમાંથી કેટલો લાભ લીધો ? કે, અમારો સ્વાનુભવ કરવાનો લાભ અમે લીધો, આ કમિશન અમે લીધું છે. બાકી એનો માલ વેચીએ છીએ, એના નામે વેચીએ છીએ, અમારા નામે વેચતા નથી. 'હું આમ કહું છું' એવું કોઈ 'દી કીધું નથી એકવાર પણ. હજારો પ્રવચન આપ્યા એમાં કોઈ એક પ્રવચનમાં એક વચન એવું નથી કહ્યું કે, 'હું આમ કહું છું, મૈં ઐસા કહેતા હું' એ વાત નથી (કરી) કોઈ દિવસ. ભગવાન આમ કહે છે, આચાર્યો આમ કહે છે. એ પ્રકાર જ જુદો આવ્યો છે નહીંતર સમર્થ પુરુષ હતા પોતે. ૧૩૦ (બોલ પૂરો) થયો.

**શુદ્ધોપયોગથી બહાર આવીશ નહિ; શુદ્ધોપયોગ તે જ સંસારથી ગરવાનો માર્ગ છે. શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ. જો પ્રતીતમાં ફેર પડયો તો સંસાર ભો છે. ૧૩૧.**

૧૩૧ મો બોલ છે – પ્રેરણા અને કર્તવ્યના વિષયનો. શું કહે છે ? સીધી પ્રેરણા છે કે આ આત્માને શું કર્તવ્ય છે ? કે, '**શુદ્ધોપયોગથી બહાર આવીશ નહીં;...**' ઠીક ! ફલાણું કરજે, પહેલાં ફલાણું કરજે, પહેલાં ફલાણું કરજે એ કાંઈ વાત ન કરી.

પ્રશ્ન :- પહેલાં શું કરવું ?

સમાધાન :- આ પહેલું કહો કે છેલ્લું કહો, તારું ભલું તો એમાં છે કે, તું શુદ્ધોપયોગમાં નિરંતર રહે. ઉપયોગ બહાર લઈ જવાની આજ્ઞા નથી. ઇ તો પહેલાં લીધું, આ ભગવાનની

આજ્ઞામાં એ ચર્ચા કરી લીધી આપણે સંક્ષેપમાં કે જ્યાં ઉપયોગ બહાર લઈ જવાની આજ્ઞા નથી ત્યાં રાગ કરવાની આજ્ઞા છે એ તો પ્રશ્ન જ રહેતો નથી. રાગ ચારિત્રગુણનો વિકાર છે અને ઉપયોગ બહાર જાય એ જ્ઞાનગુણનો વિકાર છે. પણ શાસ્ત્રમાં ઉપયોગ જાય તો લોકો એને અવગુણ નથી જોતા, વ્યવહાર એવો છે. એમ તો કષાયની મંદતારૂપ વ્યવહારને પણ લૌકિકમાં અવગુણ નથી ગણાતો. દયા, દાન, સમતા, આ સમતા એટલે જેણે અપરાધ કર્યો હોય એના પ્રત્યે ક્ષમા, એ અપરાધ નથી જણાતો કેમકે કષાયની મંદતા છે એમાં. પણ નિશ્ચયથી એ અપરાધ છે. એમ શાસ્ત્રમાં ઉપયોગ જાય એ વ્યવહારે અપરાધ નથી ગણાતો પણ નિશ્ચયથી એ અપરાધ છે. એમ સામે ભગવાન દેવ હોય એમના ઉપર ઉપયોગ જાય, સાક્ષાત્ પરમાત્મા તીર્થંકર પોતે જીવંત સ્વામી બિરાજમાન હોય ને એના ઉપર ઉપયોગ જાય તો અપરાધ છે. અપરાધની જાતને ઓળખવી તો પડશે ને ! જો અપરાધની જાતને આરાધન સમજી લેશે તો અપરાધને જ આરાધન તરીકે સાધવા લાગશે ઇ તો.

મુમુક્ષુ :– અપરાધ છે એ વાત બરાબર છે. સમવસરણમાંથી જે આજ્ઞા આપે છે એનાથી વિરુદ્ધ જાય છે. ભગવાન કહે, તું અંદર જો તો આ બહાર જોવે છે તો ત્યાં ને ત્યાં અપરાધ થઈ ગયો ને !

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઇ બહાર જોવે છે ને ! 'સોગાનીજી' – એમની શૈલી એવી જ કડક હતી કે, ગુરુ પાસે ગયો ઉપયોગ તો ઉપાડીને થપ્પડ મારી. અંદર જા ! અહીંયાં ક્યાં આવ્યો છો તું.

મુમુક્ષુ :– અપરાધ જ કરે છે. એનાથી ઊંધું વર્તે છે. ગુરુ કહે છે એનાથી ઊંધું જ વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઊંધું વર્તે છે. અને ગુરુને, દેવ-ગુરુ-શાસ્ત્રને એટલી પણ લાલચ નથી કે, ના ના ! તું અમારી પાસે આવ્યો છોને વાંધો નહીં, બીજે જવાની તને ના છે, અમારી પાસે રહેવાની ના નથી, એમ નથી કહેતાં. અમારી પાસે પણ નહીં, બોલ ! જા અંદર તું ! આ ઇ વાત છે સીધી.

શું કહે છે ? કે, **'શુદ્ધોપયોગથી બહાર આવીશ નહીં;...'** આવી ચર્ચા ચાલે ત્યારે 'ગુરુદેવશ્રી' એમ કહેતા કે પણ પ્રભુ ! પહેલા સીધે સીધી આવી વાત કરો છો એના કરતા કાંઈક પહેલા બીજી એવી વાત કરોને હળવી પછી આવી અઘરી વાત કરો, ઊંચી વાત પછી કરો, પહેલા આવી કાંઈક નીચી વાત સમજાવો અમને. કહે છે કે, પણ જે ખરેખર

કરવા યોગ્ય છે અને જેના ઉપર વજન દેવા યોગ્ય છે એને પહેલા બીજી વાત કરીને હળવી શા માટે કરી નાખવી ? જેની અધિકતા કરવા જેવી છે એની અધિકતા કરવા માટે કહેવામાં આવે છે અને એ અપેક્ષિત વાત છે કે, પાત્રતાવાળાને માટે આ વાત છે, પાત્રતાનો વિષય ઉડાડીને કોઈ વાત છે એમ તો ખરેખર નથી. એટલે તો પાત્રતાની અનેક વાતો પણ પ્રવચનોમાં આવતી હતી.

**'શુદ્ધોપયોગથી બહાર આવીશ નહીં; શુદ્ધોપયોગ તે જ સંસારથી ગરવાનો માર્ગ છે.'** સંસારથી તરવાનો મુ તિનો માર્ગ કહો કે પોતે સ્વયં મુ ત સ્વરૂપ ભાવ કહો. મુ ત ભાવ સ્વરૂપ પોતે શુદ્ધોપયોગ છે અથવા શુદ્ધ ઉપયોગ પોતે જ મુ ત ભાવ સ્વરૂપ છે કે જે ઉપયોગ કોઈ પણ અન્ય ભાવ, દ્રવ્યને વિશે પ્રતિબદ્ધપણું પામ્યો નથી. એનું નામ મુ ત છે. અન્ય દ્રવ્ય-ભાવને વિશે પ્રતિબદ્ધપણું પામે તે બંધભાવ છે અને માત્ર સ્વરૂપને વિશે શુદ્ધોપયોગમાં રહે તે મુ તભાવ છે. એટલે એ પોતે જ મુ ત સ્વરૂપે છે. એટલે એ **'શુદ્ધોપયોગ તે જ સંસારથી ગરવાનો માર્ગ છે.'** અથવા સંપૂર્ણ શુદ્ધ થવાનો ઉપાય છે. તે સિવાય બીજા કોઈ પણ પરિણામની જાત કે કોઈ પણ પરિણામનો પ્રકાર સંસારથી ગરવા માટે નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' એ આ શુદ્ધોપયોગ છે.

જૈન સંપ્રદાયમાં ફાંટા પડ્યા પણ વર્તમાનમાં તો શુદ્ધ ઉપયોગની કોઈને ખબર નથી, દિગંબરમાં તો સાહિત્યમાં વસ્તુ છે પણ પંડિતોને, ત્યાગીઓને, કહેવાતા મુનિઓને કાંઈ ખબર નથી તો પછી શ્વેતાંબર આદિમાં તો ક્યાં ઇ અપેક્ષા રાખવી. સ્થાનકવાસીમાં તો ઘણું અંધારું છે. પણ જેના સંપ્રદાયમાં આ વાત પડી છે એ જ્યારે શુદ્ધોપયોગથી અજાણ્યા છે (ત્યારે બીજાની વાત શું કરવી). ચોથે ગુણસ્થાને શુદ્ધોપયોગ થાય નહીં, કોઈ કહે, સાતમે જ થાય, કોઈ કહે સાતમે ન થાય બારમે જ થાય. કોઈ કહે કે, આ કાળમાં (પંચમ) કાળમાં શુદ્ધોપયોગ હોય નહીં 'ગુરુદેવ' કહે, અરેરે...! પ્રભુ ! શું કરે છો તું ? આ તને શું થઈ ગયું ? એમ કહે. દયા ખાયને 'પ્રભુ' કહીને સંબોધે કે અરે..! પ્રભુ ! આ તું કહે છો ? કેમકે ચોથા ગુણસ્થાને જેને શુદ્ધોપયોગથી સ્વાનુભવ થાય છે એ એમ કહી શકે છે કે, અત્યારે આ કાળમાં ચતુર્થ ગુણસ્થાને નિર્વિકલ્પ શુદ્ધોપયોગ હોય એના સાક્ષી અને પુરાવા રૂપે આ અમે મોજૂદ છીએ. ક્યાંય કોઈને શાસ્ત્રમાં પૂછવા જવાની જરૂર નથી. પછી ક્યાં વાત રહી ? ઇ બધા ગપ્પા મારે.

શાસ્ત્રમાં તો જોકે વાત પડી જ છે. 'સમયસાર'ની ૧૪૩ ને ૧૪૪મી ગાથા લ્યો તો

શુદ્ધ નયના વિષયમાં પણ પક્ષ કરીને સૂક્ષ્મ વિકલ્પ ઠે એનો નિષેધ કરીને પક્ષાતિક્રાંત નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં પરિણમતો આત્મા ત્યાં પર-આત્મા – પર થયેલો – વિકલ્પથી પર થયેલો પર-આત્મા – પરમાત્મા એમ કહી દીધું. એને પરમાત્મા કહી દીધો. એને શુદ્ધાત્મા કહી દીધો છે, એને જ્ઞાયક આત્મા કહી દીધો, એને આત્મખ્યાતિ કહી દીધી છે, એને સમયસાર કીધો છે. 'અમૃતચંદ્રાચાર્યે' આ બધા વિશેષણ વાપર્યા છે. પોતે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છે ને વાત કરે છે ચોથાની ને ચોથાની વાત કરતા એને પરમાત્મા કહે છે. કાંઈ ધ્યાન દોરવા જેવો વિષય છે કે નહીં ? એમ.

પરમાત્મા કહેવા જતાં ચોથા ગુણસ્થાનને બદલે તેરમું ગુણસ્થાન કોઈ સમજી લેશે ને આ વધારે પડતું થઈ જશે એવું નહીં થાય ? હિસાબકિતાબ કરે છે ને લોકો ? કે, ચોથા ગુણસ્થાનવાળાને આટલા વંદન, નમસ્કાર કરવા કે ન કરવા ? છઠ્ઠા-સાતમાવાળાને આટલું કરવું, તેરમાં ગુણસ્થાનવાળાની પૂજા કરવી, ચોથાવાળાને અર્ઘ ન ચડાવવો. આ બધી વાતો ચાલે છે ને ? એને કહે છે કે, ભાઈ ! આચાર્ય પરમાત્મા કહે છે તારે શું કહેવું છે ? ઇ તારું ધ્યાન ખેંચે છે કે, જેટલું પરમાત્માને થઈ શકે એટલું એને થઈ શકે છે. જેટલું પરમાત્માનું નિમિત્તત્વ છે એટલું એનું નિમિત્તત્ત્વ છે. આ વાત તને સમજાશે તો તારો બેડો પાર થશે, આ વાત તને નહીં સમજાય તો બહુ મોટું ગોથું ખાધું છે.

શું કહે છે ? કે, '**શુદ્ધોપયોગ તે જ સંસારથી ગરવાનો માર્ગ છે.**' એ સિવાય બીજો કોઈ સંસારથી તરવાનો માર્ગ નથી. એટલે શુદ્ધોપયોગમાં એ વાત લીધી છે કે, શુદ્ધોપયોગ પોતે સંસારથી મુ તભાવ છે એટલે એ પોતે તરેલો ભાવ છે, મુ ત થયેલો ભાવ છે અને જે પોતે સ્વયં તરે એ પોતે તીર્થ હોવાથી બીજાને તરવામાં નિમિત્ત થાય છે. એ સિવાય કોઈ નિમિત્ત થઈ શકતું નથી.

મુમુક્ષુ :– ચોથા ગુણસ્થાનનો અને આખા અનંતા સિદ્ધોનો શુદ્ધોપયોગ આવરી લીધો.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જાત એક છે ને !

મુમુક્ષુ :– અહીંયાં નિષેધ આવે એટલે અનંતાનો નિષેધ થયો.

પૂજ્ય ભાઈશ્રી :– બધાનો નિષેધ થઈ ગયો, બધાનો નિષેધ થઈ ગયો. અનંત સિદ્ધો ત્રણે કાળના સિદ્ધો, ત્રણે કાળના અરિહંતો, ત્રણે કાળના સાધક આત્માઓ, પંચ પરમેષ્ઠીઓ અને સમ્યક્દૃષ્ટિઓ એ બધાનો અપરાધ ભો થયો. અમસ્તુ તો કાંઈ એનું ફળ નિગોદ નથી આપ્યું. એનું કારણ એ છે કે, અપરાધ બહુ મોટો છે. આ લોકો તો, બીજા તો આ

વિષયમાં ન સમજે પણ નામધારી કહેવાતા જૈન, જૈન સંપ્રદાયમાં જન્મેલા જૈન એ શુદ્ધોપયોગનો નિષેધ કરે છે (કે), અત્યારે હોય નહીં શુદ્ધોપયોગ.

મુમુક્ષુ :- પાછા મુનિઓ નિષેધ કરે છે, 'સમયસાર' વાંચનારા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વાંચનારા નિષેધ કરે છે. બીજાનો અફસોસ પણ શું કરવો ? એમ વાત છે.

પ્રશ્ન :- બીજાને જેટલી સજા થશે એનાથી વધારે આને થાશે, એમ કહેવું છે ?

સમાધાન :- કેમકે એ સામે આવીને ના પડે છે. એક માણસ વડીલની ગેરહાજરીમાં બીડી પીવે અને સામે ન પીવે તો એટલી મર્યાદા રાખે છે એમ કહેવાય ને ? પણ સામે સળગાવે એટલે શું થાય ? કે, વાત પૂરી થઈ ગઈ. એમાં મર્યાદા તોડી પછી. (એમ આણે) સામે આવીને કહ્યું કે, હું તમારો નિષેધ કરું છું. મારે તમારી સાડીબાર નથી. એ વધારે તીવ્ર અપરાધમાં છે. અપરાધ તો બન્ને કરે છે પણ આ તીવ્ર અપરાધમાં આવેલા જીવો છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' આ જ રીતે લેતા. એક ધાગો રાખીને નિગોદ ગયા. એને આટલી સજા કેમ ? એ સમજાવતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઇ 'કુંદકુંદાચાર્યે' એ વિષય લીધો છે. એ મૂળ વિષય તો 'અષ્ટપાહુડ'માં છે, 'અષ્ટપાહુડ'માં એ વિષય છે. કેમકે એ સંક્રાંતિ કાળ હતો અને ભગવાન 'કુંદકુંદાચાર્ય'ના સમયમાં શ્વેતાંબર સંપ્રદાયની શરૂઆત થઈ હતી. ત્યારે તો આટલો બધો પરિગ્રહ કોઈ એ સાધુઓ નહોતા રાખતા. જંગલમાં રહેતા હતા. અર્ધફાલક વલકલ વગેરે વીંટાળતા એ પણ ક્યારે ? કે, ગામમાં આહાર લેવા આવે ત્યારે. પાછા જંગલમાં નગ્ન થઈને રહે. દુર્ધર તપ તપે. પણ અભિપ્રાય બદલાઈ ગયો, શ્રદ્ધા બદલાઈ ગઈ કે આ પણ મુનિમાર્ગ છે, આમ પણ ચાલી શકે. એટલે એ જે શ્રદ્ધાભ્રષ્ટ થઈને એક ધાગો, તાણોવાણો સ્વીકારવાનો અભિપ્રાય થયો એ આખા માર્ગ ઉપર પગ દ્યે છે. જિનમાર્ગ ઉપર એ પગ મૂકવાની વાત છે, જિનઆજ્ઞા ઉપર પગ મૂકવાની વાત છે. એ ગુનો ઇ તો વર્તમાન દિગંબર મુનિઓને લાગુ પડે છે. જે મૂળ આચાર છે, અઠ્ઠ્યાવીસ મૂળ ગુણ છે એમાંથી એક ગુણ ભંગ થાય છે એમ ખબર હોય અને છતાં મુનિપણું માનીને ચલાવે એ બહુ મોટો અપરાધ થાય. મુનિપણું ન લે એનો અપરાધ નથી પણ લ્યે, પ્રતિજ્ઞા લઈને તોડે ઇ બહુ મોટો અપરાધ છે. સંયમ તો ગૃહસ્થ કરતા અને સામાન્ય માણસ કરતા એનો વધારે છે પણ છતાં એ

સંયમને ગણવામાં આવતો નથી, અપરાધને ગણવામાં આવે છે. એવો વિષય છે.

મુમુક્ષુ :- મુનિઓ મારામારી સુધી આવી ગયા એવી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. પણ એવું છે ને કે શું સ્વીકારતા દર્શનમોહ લાગુ પડે ? માત્ર દર્શનમોહનો અહીંયાં સંબંધ થાય છે એવું નહીં પણ ગૃહીત મિથ્યાત્વ ભું થાય, તીવ્ર દર્શનમોહ ભો થાય એ પ્રકરણથી અજાણ છે લોકો અને ચારિત્રમોહની બધી વાત દેખાય છે કે, આ સંયમ પાળે છે, આ ઉપવાસ કરે છે, આ એક વખત આહાર લે છે, એક વખત પાણી લે છે, આ નગ્ન રહે છે, આ ઠંડી-ગરમી સહન કરે છે, આ વસ્ત્ર-પાત્ર વાપરતા નથી અથવા ઉઘાડે પગે રહે છે, કેશલોચ કરે છે એ જે કષાયની મંદતા અને એની ક્રિયાઓ છે એમાં 'છાશે જગ ભરમાયા'. 'માખણ સો તો વિરલા ખાયા, છાશે જગ ભરમાયા, અબધુ નટ નાગરકી બાજી, ક્યા જાણે બ્રાહ્મણ કાજી.' કાજી એટલે મુસલમાન ને બ્રાહ્મણ એટલે હિન્દુ. જૈનનું તત્ત્વ હિન્દુ-મુસલમાન શું જાણે ? જૈનમાં પણ 'છાશે જગ ભરમાયા' – વ્યવહારથી લોકો ભરમાણા છે, બાહ્ય ક્રિયાથી ભરમાણા છે. કોઈક વિરલાએ અંદરનું માખણ ખાધું.

મુમુક્ષુ :- આવા મુનિઓની અનુમોદના તો થાય જ નહીં ને !

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન જ નથી રહેતો. અનુમોદના કરે એટલે ઇ જાતનો ને ઇ લાઇનનો થઈ ગયો. અહીં સુધી રાખીએ છીએ.

***

## તા. ૧-૦૬-૧૯૮૭, વચનામૃત–૧૩૧,૧૩૨
## પ્રવચન નં. ૧૦૨

'બહેનશ્રીનાં વચનામૃત' – પાનું ૪૧, ૧૩૧ બોલ ચાલે છે. આ બોલમાં શુદ્ધોપયોગની પ્રેરણા છે. શુદ્ધોપયોગ એક માત્ર મોક્ષમાર્ગ છે અને શુદ્ધોપયોગ દ્વારા જ મોક્ષ સુધી પહોંચાય છે. ત્રણે કાળને વિશે આ એક જ ઉપાય છે. એટલે સૌથી વધુમાં વધુ વજન શુદ્ધોપયોગ ઉપર રાખવાનું કહે છે.

ઉપયોગ અંતર્મુખ થઈને શુદ્ધાત્માને વિષય કરે ત્યારે એ ઉપયોગમાં રાગાદિની મલિનતાનો અભાવ હોવાને લીધે એને શુદ્ધ ઉપયોગ કહેવામાં આવે છે. એવો જે શુદ્ધોપયોગ છે એ મુ તભાવ સ્વરૂપ હોવાથી એને મુ તિનું કારણ ગણવામાં આવે છે, સંપૂર્ણ મોક્ષદશાનું એને કારણ ગણવામાં આવે છે. ભગવાનની તો એ આજ્ઞા છે. ઉપર ૧૨૯માં લીધું ને ભગવાનની આજ્ઞા કે, **'શુદ્ધોપયોગથી બહાર આવીશ નહીં.'** જો કે વર્તમાનકાળમાં જીવની યોગ્યતા(નો) વિચાર કરતા શુદ્ધોપયોગ બહુ દુર્લભ થઈ પડ્યો છે. પાત્રતાના ઘણાં ગઢ ઓળંગ્યા પછી શુદ્ધોપયોગ પ્રગટે છે એમ ને એમ અદ્ધરથી તો શુદ્ધોપયોગ પ્રગટતો નથી. પણ ભલે એ બધું હોવા છતાં પણ જે ભગવાનની મુખ્ય આજ્ઞા છે એ આ છે કે, શુદ્ધોપયોગથી બહાર આવવાની આજ્ઞા જ નથી અને **'તે જ સંસારથી  ગરવાનો માર્ગ છે.'** બીજો કોઈ માર્ગ નથી. ભલે કરવામાં કઠિન લાગે, દુષ્કર લાગે, મોડો થાય, અત્યારે હાલને હાલ ન થાય તોપણ નિશ્ચય એમ જ રાખવો ઘટે છે કે, એક શુદ્ધોપયોગ જ કર્તવ્ય છે અને એ જ મોક્ષનો માર્ગ છે, બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી.

એવું ન થવું જોઈએ કે આ વાત આપણા માટે ઘણી ઊંચી છે માટે એને પડતી મૂકી દ્યો અને શાસ્ત્ર વાંચન અને જે કાંઈ સાંભળવું, શ્રવણ કરવું, વાંચન કરવું, એ ચર્ચા વગેરે કરવી, એ પ્રવૃત્તિમાં જ રહી જાઓ. 'ગુરુદેવ'ના મુમુક્ષુ માટે બીજી ક્રિયામાં તો રોકાવાનો

પ્રશ્ન નથી પણ આ ક્રિયામાં શુદ્ધોપયોગ નથી થતો માટે આ ક્રિયામાં રોકાઈ જાવ અથવા નથી થતો માટે આ ક્રિયા કર્યા કરો માટે કદાચ થઈ જશે એ અભિપ્રાયની બહુ મોટી ભૂલ છે.

'સોગાનીજી' તો એને એક જગ્યાએ કહે છે કે, એમાં તો વ્યવહાર શ્રદ્ધા પણ નથી, વ્યવહાર શ્રદ્ધાનો અભાવ છે. ૪૩૯માં એ વાત લીધી છે. ન થતો હોય તોપણ થવાનો પ્રયત્ન કર અને પ્રતીતમાં એમ જ રાખ, નિશ્ચયમાં એમ જ રાખ કે આ કર્યે જ છૂટકો છે, આ જ કરવા જેવું છે ને બીજું કરવા જેવું નથી. એ વિષયમાં જરા પણ તારો અભિપ્રાય બદલીશ નહીં, જાણે કે અજાણ્યે બીજો અભિપ્રાય થઈ જશે તો શુદ્ધોપયોગનો માર્ગ બંધ થઈ જશે.

**'શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ.'** આ પ્રતીતિ છે. માર્ગની પ્રતીતિ અને શુદ્ધ આત્માની પ્રતીતિ. મારું આશ્રયસ્થાન એક શુદ્ધ આત્મા જ છે અને એક શુદ્ધઆત્મા – ત્રિકાળી શુદ્ધઆત્મા સિવાય કોઈ મારું આશ્રયસ્થાન નથી, ત્રણલોક ત્રણકાળમાં નથી અને આશ્રયસ્થાન માટે કોઈ બીજો વિકલ્પ નથી કે આ સિવાય પણ આશ્રય હોય શકે, થઈ શકે એ બીજો વિકલ્પ નથી. આશ્રયનો પત્તો ન લાગે અને આશ્રય ન થાય ત્યાં સુધી એને જંપ વળવો જોઈએ નહીં. એક જાતનો અજંપો રહેવો જોઈએ. ઉપયોગને અંતર્મુખ થવાનો માર્ગ હાથ ન આવે તો એને મૂંઝવણ થવી જોઈએ. મૂંઝવણ થાય તો મૂંઝવણ ટળવાનો ઉપાય પણ થાય. પણ જો મૂંઝવણ જ ન થાય તો એને એ મૂંઝવણ ટાળવાનો પ્રશ્ન નથી. એ તો સુખચેનથી પડ્યો છે, જે સ્થિતિમાં પડ્યો છે એ સ્થિતિમાં એને જરાપણ તકલીફ નથી, દુઃખ નથી, આરામ છે, મજા છે અને આપણાથી થાય એટલું બાહ્ય ક્રિયામાં વાંચન આદિ, શ્રવણ આદિ કરીએ છીએ. એ અભિપ્રાયની બહુ મોટી ભૂલ છે. જેઓ વાંચન, શ્રવણ કરતા જ ન હોય એની તો ચર્ચા કરવી જ અસ્થાને છે પણ તત્ત્વાભ્યાસ કરતા હોય એને પણ અભિપ્રાયની આ બહુ મોટી ભૂલ છે એ વિચારવા યોગ્ય છે.

**'શુદ્ધોપયોગમાં ન રહી શકે...'** હજી તો આવી શકવાની વાત છે, પછી રહેવાની વાત છે, ટકવાની વાત તો પછીની છે. મુમુક્ષુને તો પહેલાં આવવાની વાત છે. **'શુદ્ધોપયોગમાં ન રહી શકે...'** એ તો પોતે પોતાને સાધક હોય તો પોતાને સંબોધન કરે છે, આત્મ-સંબોધન છે કે તારે શુદ્ધોપયોગમાં જ રહેવા જેવું છે અને પોતે પોતાને કહે છે કે, હે આત્મા ! જો તું શુદ્ધોપયોગમાં ન રહી શકે તો એ શુદ્ધોપયોગમાં રહેવા જેવું છે ને બહાર નીકળવા

જેવું નથી, એ પ્રતીતમાં તો ફેર પડવો જોઈએ નહીં.

આ ગ્રંથ બહાર આવ્યો એ પહેલાં 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'નું પ્રકાશન થયું હતું. (એમાં આવે છે કે), 'ઉપયોગ બહાર નિકલા કિ જમકા દૂત સમજો.' 'ગુરુદેવશ્રી' સ્વાનુભવી પુરુષ (છે એમણે) જોયું કે, અરે...! આ સિદ્ધાંતને કેવી રીતે વળગે છે, કેટલાં જોરથી વળગે છે. આ પુસ્તક – આ ગ્રંથ તો બહાર પછી આવ્યો છે. ૨૦૩૩માં આવ્યો. ૨૦૩૩માં પહેલું પ્રકાશન છે આનું. પેલું ('દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ') ૨૦૨૩માં છે. એક દસકાનો ફેર છે. દસકામાં તો વાત ઝીલવા માટે મુમુક્ષુઓ તૈયાર થઈ ગયા કે ઉપયોગ બહાર નીકળે એને ધર્માત્મા સૈદ્ધાંતિક રીતે સ્વીકાર કરતા નથી, એ એના સિદ્ધાંત બહારની વાત છે. છતાં પણ ધર્માત્માનો ઉપયોગ બહાર જાય છે એ અપવાદ છે, અપવાદ છે અને અપરાધ છે, બન્ને છે. અપવાદ છે એટલે અક્ષમ્ય અપરાધ નથી, ક્ષમ્ય અપરાધ છે પણ છે અપરાધ, અપરાધ નથી એમ નથી.

**'શુદ્ધોપયોગમાં ન રહી શકે તો પ્રતીત તો યથાર્થ રાખજે જ. જો પ્રતીતમાં ફેર પડ્યો તો સંસાર ભો છે.'** ઉપયોગ બહાર ગયો (પણ જો) પરિણતિ તારી જોરદાર હશે (તો ઉપયોગ) ખેંચાઈને અંદર આવશે. પણ પ્રતીતમાં ફેર પડ્યો (તો) પરિણતિ ચાલી જશે (અને પરિણામે) સંસાર ભો છે. દીર્ઘ સંસારનો વિષય ભો થઈ જાય છે. શુદ્ધોપયોગ અને પરિણતિવાળાને દીર્ઘ સંસાર હોય શકે નહીં. એનો તો બહુ અલ્પ સંસાર છે. એને તો મુ તિ હાથવેંતમાં છે અને દૃષ્ટિ અપેક્ષાએ તો એ મુ ત જ છે. ँ फ्रहए व्रक्षह्लक्रहस्क्र એને પરિપૂર્ણ મુ ત સ્વરૂપનું સ્વામિત્વ હોવાને લીધે એ ખરેખર તો મુ ત જ છે. એને એટલી મુ તિની તમા નથી જેટલી એને આશ્રયભૂત વિષયની પક્કડ છે. પણ પ્રતીતિ ખોવે એણે બધું ખોયું છે. એને દીર્ઘ સંસાર છે.

એકવાર શુદ્ધોપયોગ થઈ ગયો હોય પણ પ્રતીતિ છૂટી જાય, પરિણતિ છૂટી જાય તો સંસાર ભો છે, એને એમ કહેવામાં આવે છે કે તું સંસારમાં આવી ગયો – સંસરણ થઈ ગયું અને આ સંસારનો ભરોસો રાખવા જેવો નથી કે એ સંસાર કેવો હશે. ભલે એ જીવનો સંસાર અનંતકાળ પર્યંતનો નથી હોતો તોપણ એની ઉત્કૃષ્ટ મર્યાદા અર્ધપુદ્ગલ પરાવર્તનની છે એ નાનીસૂની નથી અથવા કોઈ આત્માને સાગરોપમના વર્ષ સુધી પરિભ્રમણ કર્યા પછી એને જો પાછી ફરી સાધકદશા હાથ આવે; કેમકે એકવાર સાધક થયો એને તો બીજીવાર સાધકદશા આવવાની, આવવાની અને આવવાની જ, એમાં તો કોઈ ફરક પડવાનો નથી. એકવાર આનંદનો સ્વાદ ચાખી લીધો પછી એનો આત્મા અનંતકાળ પર્યંત

વગર આનંદે ઠરીને રહી શકે કે પરિભ્રમણ કરીને રહી શકે એ પરિસ્થિતિ રહેતી નથી. ફરીને એને આનંદની ખોજ  પડે છે અને એ આનંદ માટે એ ફરીને તલસે છે અને એ આનંદ મેળવ્યે એને છૂટકો થાય છે અને એને મળે જ છે, પછી નહીં મળવાનો પ્રશ્ન પણ નથી. એ તો અનાદિ મિથ્યાદૃષ્ટિને મળે છે તો સાદી મિથ્યાદૃષ્ટિને (ન) મળવાનો તો પ્રશ્ન રહેતો નથી. એ તો સંસ્કારી છે. 'ર્િ  ક્રુન્ફ્રફ માર્ગ જોયેલો છે એવો છે એ તો. એટલે એને તો એ પ્રશ્ન રહેતો નથી. એને મળી જાય છે પણ એ સાગરોપમમાં કેટલાં દુઃખ ભોગવવા પડે, ક્યાં ક્યાં જન્મ-મરણ કરવા પડે, કેટલા દુઃખની ઉપાધિમાંથી પસાર થાય એ પણ સંમત કરવા જેવું નથી. ઉપયોગ એક ક્ષણ બહાર જાય એ સંમત કરવા જેવું નથી તો સાગરોપમનું મિથ્યાત્વ સહિતનું પરિભ્રમણ કોણ સંમત કરે ?

'શ્રીમદ્જી' કહે છે કે, તમતમપ્રભા અને રૌવરૌવ નરક સંમત કરું છું; સાતમી નારકીની તમતમપ્રભા નામની પૃથ્વી છે, બહુ (ઠંડી) છે. એક કણ અહીંયાં આવે તો હજારો માઈલમાં પ્રાણીઓ મરી જાય. એ સંમત કરું છું. મિથ્યાત્વ મોહનીય – દર્શનમોહને હું સંમત કરતો નથી. પ્રતિકૂળતા આટલી સંમત છે, દર્શનમોહ મને સંમત નથી. કેમકે એ દર્શનમોહના ગર્ભમાં અનંતવારની સાતમી નારકી  ભી છે અને અનંતકાળનો નિગોદ  ભો છે એટલે એને સંમત કરવામાં આવતું નથી.

મુમુક્ષુ :– દર્શનમોહની આવી ભયંકરતા બીજા કોઈ બતાવી ન શકે.

પૂજ્ય ભાઈશ્રી :– જૈનદર્શન સિવાય નથી અને 'શ્રીમદ્જી' અને જે સત્પુરુષો થયા એમણે આ વિષયને બહુ ખોલ્યો 'ગુરુદેવશ્રી'એ એટલો ખોલ્યો, વચનામૃતમાં વિષય આવે છે, 'શ્રીમદ્જી'એ ખોલ્યો. આપણને જેમના વચનો સ્વાધ્યાયમાં કામમાં આવે છે એ તો એક ન્યાયે તો બહુ બહુ મોટું નસીબ છે. આટલો ખુલાસો, સો વર્ષ પહેલાં આટલો ખુલાસો કોઈને જોતો હોય તો મળતો નહોતો. એ પરિસ્થિતિ (છે). બહુભાગ જીવો સંપ્રદાયની ક્રિયામાં પડ્યા હતા ને એમ ને એમ સેંકડો વર્ષથી ચાલતું હતું. છેલ્લા સાતસો, આઠસો, નવસો વર્ષ પછી તો લગભગ મુનિદશા લુપ્ત પ્રાયઃ છે. જ્ઞાનીઓ ક્યાંક કો'ક ગૃહસ્થદશામાં થાય તો એના એટલા પુણ્ય હોય નહીં (કે) લોકો ઓળખે, સત્સમાગમ કરે અને આત્મહિત માટે કાંઈ પણ વિચારી શકે. પરિસ્થિતિ એવી રહી કે સંપ્રદાયમાં બાહ્ય ક્રિયાની અંદર એકદમ અંધશ્રદ્ધાથી અને ઓઘસંજ્ઞાથી ને લોકસંજ્ઞાથી (પ્રવર્તતા રહ્યા). દયા, દાન કરે એ લોકસંજ્ઞાથી, ઉપવાસ-તપ કરે એ લોકસંજ્ઞાથી, જાત્રાઓ કરે લોકસંજ્ઞાથી, બધું લોકસંજ્ઞાથી કરે. લોકોને સામે રાખીને

જે કાંઈ કરવામાં આવે અલ્પ શુભભાવ થાય, મોટો અશુભભાવ થાય અને લોકસંજ્ઞાનું ઝેર ચડે એ ઉતારવું મુશ્કેલ પડે એ સ્થિતિ થાય. ૧૩૧ (બોલ પૂરો) થયો.

**જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે. ૧૩૨.**

૧૩૨. **'જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે.'** ઉપર(ના ૧૩૧ બોલ સંબંધી) થોડોક વિચાર આવ્યો છે. 'પ્રતીતિ યથાર્થ રાખજે' એમાં સાધકને તો નિર્વિકલ્પ પ્રતીતમાં ને પરિણતિમાં ફેર ન પડવો જોઈએ. મુમુક્ષુની અપેક્ષા લઈએ તો એના વિચારપૂર્વકના નિર્ણયમાં અને વિશ્વાસમાં ફેર ન પડવો જોઈએ કે, આ શુદ્ધોપયોગ જ માર્ગ છે. શુદ્ધોપયોગથી બહાર જવું એ માર્ગ નથી પછી ગમે તે શુભઉપયોગનો પ્રકાર હો પણ એ માર્ગ નથી, એ બંધનો માર્ગ છે, ત્રણે કાળે એ બંધનો માર્ગ છે અને બિલકુલ મોક્ષનો માર્ગ નથી. એટલો વિશ્વાસ, એટલી ખાત્રી, એટલો નિર્ણય એણે અવશ્ય રાખવો જ રહ્યો એમાં ફેર પડ્યો એટલે આખું વ્યવહાર શ્રદ્ધાન પણ ફરી ગયું. એને માટે તો કોઈ પછી રસ્તો સૂઝવાનો અવસર રહેતો નથી. રસ્તો જ સૂઝે નહીં એને તો. એને તો એમ થાય કે આ કર્યા જ કરું, કર્યા જ કરું. એ વિચાર આ 'લઢણ' ઉપરથી આવે છે.

૧૩૨મો બોલ છે ને કે, **'જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે, તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે.'** હવે જ્ઞાયકસ્વભાવનું લઢણ એક વાત છે અને બહિર્લક્ષી વાંચન, વિચાર અને શ્રવણ એ બીજી વાત છે. આમાં મુમુક્ષુઓ ઘણીવાર ભૂલ ખાય છે કે આપણે તો 'સમયસાર' વાંચીએ છીએ, વારંવાર 'સમયસાર' સાંભળીએ છીએ અથવા સત્પુરુષના વચનામૃત – પ્રત્યક્ષ ઉપકારી 'ગુરુદેવ'ના વચનામૃત વાંચીએ છીએ, 'શ્રીમદ્જી'ના વચનામૃત વાંચીએ છીએ, 'બહેનશ્રીનાં વચનામૃત' વાંચીએ

છીએ. આપણે તો આ જ કરીએ છીએ ને બીજું કરતા જ નથી અને આ જ કરવા જેવું છે ને આજ કરીને આ જ લઢણ કરીએ છીએ પણ એમાં જ્ઞાયકસ્વભાવનું લઢણ થાય છે કે એ સિવાયનું લઢણ થાય છે ? આટલી વાત જરા બારીકાઈથી – સૂક્ષ્મતાથી, ઝીણવટથી તપાસવા જેવી છે. નહીંતર વળી પાછો કાંઠે આવીને છેતરાય જાઈશ.

મુમુક્ષુ :– વચનામૃતમાં અને 'ગુરુદેવ'ના પ્રવચનમાં તો જ્ઞાયકસ્વભાવનું જ વર્ણન છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો આપણે પ્રશ્ન Agenda ઉપર લીધો. બહુ સમજીને વાત છેડી છે કે આપણે જે વચનામૃતો લઈએ છીએ એમાં તો મુખ્યપણે વિષય તો એ જ છે. એટલે એ વાંચતા ને એ વિચારતા ને એ સાંભળતા એમ લાગે કે, આપણે તો જે કરીએ છીએ એ જ કર્યા કરો, જે કરીએ છીએ એ જ કર્યા કરો. તો એ બરાબર છે ? આટલી વાત તપાસવા જેવી છે અને વિચારવા જેવી છે, જરાક ઊંડા તરવું. અને જે વિષયમાં જાવું એ વિષયનું પૂરેપૂરું તળિયું જ લેવું. તલસ્પર્શી એની વિચારણા થવી જોઈએ અને બરાબર એની જેટલી સૂક્ષ્મતાથી ચોખવટ થઈ શકે એટલી કરી લેવી જોઈએ. એવું નથી કે આપણી વાત છે ને આપણી વાતમાં કાંઈક પોલ રહી ગઈ હોય તો વળી આ પાછું બધું, આવું ક્યાં છંછેડવી આ વાતને, એમ નહીં. જરાય પોલ ન રહી જાય એટલા માટે પણ છંછેડવી જોઈએ, એ આત્માર્થીનું લક્ષણ છે.

જ્ઞાયકસ્વભાવનું લઢણ – એમાં જ્ઞાયકસ્વભાવના પ્રયત્નનો અભ્યાસ હોય તો જ કહી શકાય. પહેલી વાત આ છે કે જ્ઞાયકસ્વભાવનું લઢણ કહેવું કોને ? ઉપલક વાંચન, વિચારને જ્ઞાયકસ્વભાવનું લઢણ કહી શકાય ખરું ? કે, હરગીઝ નહીં. એ તો પોતે કહેશે કોઈ કોઈ જગ્યાએ કે ઉપર ઉપરની જિજ્ઞાસા આ જીવે અનંતવાર કરી છે, એનાથી કાંઈ એનું વળ્યું નથી. ઉપલક વાંચન, વિચારથી પણ તારું કાંઈ નહીં વળે. આ તો આવે છે, 'વચનામૃત'માં આ બધા બોલ આવે છે. જે આ વાંચન, વિચાર કરે છે એમાં જ્ઞાયકનું લઢણ થાય છે અને નથી થતું એવા બે પ્રકાર ભા થાય છે, તો એને માટે વિચારવાનો વિષય ખરો કે નહીં ? તપાસવાનો વિષય ખરો કે નહીં ? કે, એના માટે તપાસવાનો વિષય થાય છે.

જ્યારે બે વાત આવે છે ત્યારે બે વાત વચ્ચેનો તફાવત તો પોતાના હિત માટે, પોતાની હિતબુદ્ધિએ અવશ્ય અવશ્ય એને સમજવો જ રહ્યો. જો ન સમજે અને એમ ને એમ થાબડભાણા રાખે કે ચાલો આપણે કરીએ તો છીએ, કાંઈક તો કરીએ છીએ, કાંઈક તો કરીએ છીએ, સાવ કાંઈ કર્યા વગરના નથી. (તો કહે છે), તું મોટા બફમમાં પડ્યો છો.

જ્ઞાની એમ કહે છે કે, સંપ્રદાયની અંધક્રિયા અને તારી અંધક્રિયામાં અમને તો કાંઈ ફેર લાગતો નથી. પણ 'ગુરુદેવ'ના વચનામૃત સામે છે, અરે...! 'ગુરુદેવ'ના શું ગમે એના હોય નહીં. તારી ભૂલ છે એમાં 'ગુરુદેવ'ના વચનામૃત કરે પણ શું ? તું ભૂલથી અન્યથા પ્રકારે પ્રવૃત્તિ કર તો એમાં વચનામૃત શું કરે ? એમાં તો ઘણું ચોખ્ખું આવે છે, ઘણું માર્ગદર્શન આવે છે, ઘણી લાઇનદોરી આવે છે કે ઉપલક વાંચન વિચાર જુદી ચીજ છે, જ્ઞાયકનું લઢણ જુદી ચીજ છે. આ બે વચ્ચેની જુદી વાત તને સમજવામાં ન આવે તો સમજવી જરૂરી છે છતાં પણ તું એમ ને એમ ઓઘે ઓઘે ના, ના વાંચીએ છીએ; ના, ના સાંભળીએ છીએ એમ તો કાંઈ કર્યા વગર તો રહેતા નથી. (પરંતુ) એમ પત્તો ખાય એવું નથી.

મુમુક્ષુ :– અસ્તિત્વના ખ્યાલ વગર લઢણ કેવી રીતે થાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અસ્તિત્વનું ગ્રહણ થવું જોઈએ. અસ્તિત્વનો ખ્યાલ આવવો જોઈએ, અસ્તિત્વનું (ગ્રહણ) પણ એ જ્ઞાયકસ્વભાવનું.

પ્રશ્ન :– આમાં જે લઢણ લખ્યું છે તો લઢણ કોને કહેવું છે ?

સમાધાન :– હા, એ તો આપણે અહીંયાં ચર્ચા કરવી છે. સ્વાધ્યાય કરવા બેઠા છીએ તો કલાકની તો નવરાશ છે બરાબર, બીજી ઉપાધિ તો નહીં. એ મુખ્ય વાત છે કે એમાં જ્ઞાયકનો રસ પોષાવો જોઈએ, આત્મરસ – ચૈતન્યરસ આવવો જોઈએ અને લઢણમાં એની પરિણતિ થવી જોઈએ તો લઢણ છે. માત્ર ઉપલક ઉપલક વિકલ્પો ચાલે, વિચારો ચાલે એ કોઈ લઢણ નથી. અથવા આટલું વંચાઈ ગયું, આ ગ્રંથ વંચાઈ ગયો, આટલો ગ્રંથ વંચાઈ ગયો, આટલા પાના રોજ વંચાઈ ગયા, આટલા કલાક રોજ વાંચ્યું – એ વસ્તુ નથી, એ બધી તો અવસ્તુ છે. જ્યાં અંદરમાં લઢણ નથી, પરિણતિ નથી ત્યાં ખરેખર એ વસ્તુ નથી પણ બધી અવસ્તુ છે અને અવસ્તુમાં વસ્તુ માનવી એ કલ્પનાને હળવી ભાષામાં કહીએ તો કલ્પનાને દૃઢ કરવાની વાત છે, કઠોર ભાષામાં કહીએ તો મિથ્યાત્વને દૃઢ કરવાની વાત છે. કેમકે કલ્પના મિથ્યાત્વની પર્યાય છે, બીજું કાંઈ નથી.

તત્ત્વનો અભ્યાસ કરતાં કરતાં સમ્યક્ પણ થાય અને ભૂલ થાય તો તત્ત્વનો અભ્યાસ કરતાં કરતાં અનાદિનું મિથ્યાત્વ છે એ દૃઢ પણ થાય, વધી પણ જાય. જેમ મોટો વેપાર જોખમી છે, કાં તો કરોડો મળે ને કાં તો દેવાળું કાઢે. એ તો અનુભવનો વિષય છે કે નહીં ? ચાલો, ખેલો કરવો છે. આ કરતા કે નહીં ? ચાંદીનો ખેલો કરતા હતા, એરંડાનો ખેલો કરતા હતા, શિંગદાણાનો ખેલો કરતા હતા. કાં તો કરોડો ઢસડીને ગામના ઘર ભેગા

કરી નાખે અને નહીંતર પોતાનું ઉઠમણું થઈ જાય એવો વેપાર છે. મોટો વેપાર છે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ જવાબદારીનો બહુ મોટો વેપાર છે. એ તો જેમ જેમ ઉપર જાવ એમ જવાબદારી તો વધે જ છે. પટાવાળાની નોકરી ને જનરલ મૅનેજરની નોકરી કાંઈ એકસરખી જવાબદારીની થોડી છે ? જેમ પગાર મોટો છે તો જવાબદારી મોટી છે. એમ (અહીંયાં) ફળ મોટું છે તો એની જવાબદારી પણ મોટી જ છે.

અહીંયાં તો ૧૩૨ બોલની સૈદ્ધાંતિક વાત એટલી જ છે કે, આ એક વિધિનો વિષય છે. લઢણ છે એ એક વિધિનો વિષય છે અને એ વિધિ એવી છે કે અંતરમાં જ્ઞાયક સ્વભાવને પકડીને, ગ્રહણ કરીને, આશ્રય કરીને એનો જ રસ તીવ્ર થાય એને લઢણ કહેવામાં આવે છે. જ્ઞાયકનો જ રસ વૃદ્ધિગત થાય એ એનું લઢણ છે. એ સિવાય(નું) લઢણ (એ) જ્ઞાયકનું લઢણ નથી, કાંઈક બીજું લઢણ ચાલે છે, જ્ઞાયકને છોડીને કાંઈક (બીજું) લઢણ ચાલે છે.

જ્ઞાયકસ્વભાવ વીતરાગસ્વભાવસ્વરૂપ હોવાથી, પરિપૂર્ણ વીતરાગસ્વરૂપ હોવાથી એમાં વીતરાગરસ વધે છે, વીતરાગતા વૃદ્ધિગત થાય છે, વીતરાગતાની પ્રાપ્તિ થતી જાય છે અને જ્યાં એમ નથી થતું ત્યાં બીજા લઢણમાં રાગરસ વધે છે અને રાગરસની પ્રાપ્તિ થતી જાય છે ને રાગના માર્ગે રાગના રસમાં જીવ આગળ વધી જાય છે. અંદરનો ફેર બહુ સાંકડો છે એટલે નજરમાં ન આવે પણ એ સ્થૂળ દૃષ્ટિમાં નજરમાં ન આવે, સૂક્ષ્મ દૃષ્ટિમાં તો નજરમાં આવ્યા વિના રહે નહીં, આવે જ આવે. અને આ વિષય તો સૂક્ષ્મ દૃષ્ટિનો જ વેપાર છે, આ સ્થૂળ દૃષ્ટિનો વેપાર નથી. જ્ઞાયકનો વિકલ્પ અને જ્ઞાયકનું લઢણ એ બે વચ્ચે શું તફાવત છે અંદરમાં ? આ અંતર એને સૂક્ષ્મ દૃષ્ટિથી પકડાવું જોઈએ અને ન પકડાય તો આખી બાજી હારી જાય.

આપણે કહીએને કે 'ગુરુદેવ'ના વચનામૃતમાં તો જ્ઞાયકની જ વાત છે. પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'માં પણ ઠામઠામ જ્ઞાયકની વાત આવે છે અને કોઈપણ જ્ઞાની – સત્પુરુષ, આચાર્ય (હોય, એ) બધાના કથનોનું કેન્દ્રસ્થાન તો જ્ઞાયક શુદ્ધઆત્મા જ છે. કેમકે એમનું પરિણમન ને પરિણતિ તો એના મહિમાથી ભરેલી છે અથવા એનો મહિમા સમાય નહીં એવી એમની પર્યાય છે કે જેમાં એનો મહિમા સમાતો નથી. એટલે એ વાત મુખ્યપણે આવે જ આવે, એ તો નિર્વિવાદ અને નિઃશંક વિષય છે. પણ પોતાને એનો વિકલ્પરસ – રાગરસ ઘૂંટાય છે કે પોતાને એનો ભાવરસ, સ્વભાવરસ ઘૂંટાય છે ? રાગરસ વિભાવરસ છે અને જ્ઞાયકનું ઘૂંટણ સ્વભાવરસ છે. એક રસ અને બીજો રસ પરસ્પર વિરુદ્ધ છે અને એક રસમાં બીજા

રસનો સદંતર અભાવ છે. (આમ) આનો તફાવત જો ન સમજવામાં આવે તો એકના બદલે બીજું થતું હોય અને માનવામાં આવે કે પહેલું થાય છે, બીજું નથી થતું. તો માન્યતાનો દોષ ભો થાય કે ન થાય ? કે, અવશ્ય માન્યતાનો દોષ અહીંયાં ભો થાય (અને) માન્યતાનો દોષ ભો થાય ત્યાં દર્શનમોહ વૃદ્ધિગત થયા વિના રહે નહીં.

અહીં આપણે તો સ્વાધ્યાયનો મુખ્ય વિષય એ રાખ્યો છે કે દર્શનમોહનો છેડો ક્યાં અડે છે આ વિચાર કર. જ્યાં જ્યાં ધાર્મિક પ્રવૃત્તિ છે ત્યાં ત્યાં ધાર્મિક પ્રવત્તિમાં દર્શનમોહને કેટલું લાગેવળગે છે, ક્યાં દર્શનમોહનો રસ વૃદ્ધિગત થાય, ક્યાં દર્શનમોહનો રસ કપાય. આ બે વાત તારા પ્રયોજનની હોવાથી જો તારા લક્ષમાં ન હોય ને તને સમજાય નહીં તો મોટી ગડબડ રહી જશે, તને ખબર પડશે નહીં.

એટલે અહીંયાં વચનામૃત તો બે સવા-બે લીટીનું નાનું છે કે, **'જેમ લીંડીપીપરનું લઢણ કરવાથી તીખાશ પ્રગટ થાય છે,...'** જગતમાં પૌરાણિક રીતે બહુ સર્વ વિદિત દષ્ટાંત છે કે લીંડીપીપર એક એવું ઔષધ છે જે શરદી ઉપર કામ કરે છે, શરીરમાં ગરમી ફેલાવવા માટે. સામાન્ય લીંડીપીપરને જેમ જેમ લઢવામાં આવે છે એમ એની ગરમી આપવાની શ તિ વ્ય ત થઈને ઉપયોગ થઈ શકે એવી સ્થિતિમાં એ ઔષધ આવે છે. ક્યાંથી પ્રગટે છે એ તીખાશ ને એ ગરમી ? કે, એ લીંડીપીપરમાં અસ્તિત્વપણે એનું સત્ત્વ રહેલું હતું. તે સત્ત્વમાંથી પ્રગટે છે. 'ગુરુદેવ'ની ભાષામાં કહીએ તો પત્થરામાંથી (તીખાશ પ્રગટ નથી થતી), જે પથરા સાથે ઘસવામાં આવે છે, ખરલમાં ઘસે છે ને ? એ ખરલના પત્થરમાંથી કાંઈ તીખાશ આવતી નથી. તીખાશ આવે છે એ એના સત્ત્વમાં પડી છે એ બહાર આવે છે. એમ આત્મામાં બેહદ જ્ઞાયકસ્વભાવ, બેહદ વીતરાગસ્વભાવ, બેહદ સામર્થ્યનું સત્ત્વ પડેલું છે એને બહાર લાવવાની વિધિ એનું લઢણ છે. જેમ લીંડીપીપરની તીખાશ બહાર લાવવાની વિધિ એનું લઢણ છે, એમ આ પણ એનું લઢણ આ એક માત્ર એનો ઉપાય છે. કોઈ ઝાઝા માર્ગ નથી, ઝાઝા ઉપાય નથી, આ એક માત્ર એનો ઉપાય છે.

એ વિધિ કહેવાના શબ્દો, એ વિધિ કહેવાની શૈલી, એ અનેક પદ્ધતિ વિભિન્ન જ્ઞાનીઓથી વિભિન્ન પ્રકારે થઈ છે પણ તે એક ને એક વાત કહેવા માટે થઈ છે, વાતમાં બીજો ફેર ક્યાંય છે નહીં. વિધિમાં ક્યાંય ફરક નથી. કહેનારની પદ્ધતિમાં ફરક લાગે પણ વિધિ એ જ કહેવા માગે છે. ગમે તે (પદ્ધતિએ કહેવાયું હોય), કહેવા માટે અનેક પદ્ધતિ એના માટે સંભવિત છે, હોય શકે છે અને છે, પણ ક્યાંય વિધિ બદલાતી નથી એ વાત તો એને

કોઈપણ સત્પુરુષના, કોઈપણ આચાર્યના, કોઈપણ શાસ્ત્રના વચનમાંથી એ વાત એની સમજમાં રહેવી જોઈએ.

**'તેમ જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે.'** જ્ઞાયકસ્વભાવ એટલે અનંત ગુણોનો પિંડ. જ્ઞાયકસ્વભાવ એટલે એક જ્ઞાનગુણ એમ પણ નથી. જ્ઞાયકસ્વભાવ એટલે અનંતગુણ વિશિષ્ટ દ્રવ્ય – દ્રવ્યસ્વભાવ. દ્રવ્ય એટલે દ્રવ્યસ્વભાવ, સામાન્યસ્વભાવ, નિશ્ચયનયના વિષયભૂત, શ્રદ્ધાના વિષયભૂત સ્વભાવ. એનું લઢણ કરવાથી અનંત ગુણો પ્રગટે છે. એ અનંતગુણોને પ્રગટ થવાનું એકમાત્ર કારણ છે, એકમાત્ર એની આ વિધિ છે.

વિધિના વિષયની ચર્ચા કરીએ તો વિધિનો વિષય જેને વિધિ પ્રાપ્ત છે એવા સ્વાનુભવી સત્પુરુષના વચનોમાં આવે છે, કદી બિનઅનુભવી – જેને અનુભવ નથી એવા અજ્ઞાની કોઈપણ વિદ્વાન, પંડિત, શાસ્ત્રપાઠી હોય એના વચનોમાં વિધિનો વિષય આવતો નથી. આ એક પડખાંની ચોખવટ છે. વિધિનો વિષય ચાલે છે એટલે વચનામૃતને અડીને (બીજી) બાજુનું પડખું લઈએ છીએ. વિધિનો વિષય જેને વિધિની ખબર નથી, જેને વિધિનો અનુભવ નથી એની વાણીમાં આવી શકે નહીં, સંભવિત નથી કે આવે. આ એક જ્ઞાની અને અજ્ઞાનીની વાણી વચ્ચેનો મોટો તફાવત છે અને એ તફાવત આત્માર્થી પકડી શકે છે – જે વિધિને શોધતો હોય તે.

વિધિ એટલે માર્ગ. માર્ગને શોધવા નીકળ્યો હોય, ઉપાયને શોધવા નીકળ્યો હોય એને સત્પુરુષના વચનમાંથી એ માર્ગ પ્રકાશની જેમ – સર્ચલાઇટની જેમ એને નજરે પડે છે અને એને પ્રતીતિ આવે છે કે આ સત્પુરુષ છે, આ 'રુ૯ ક્રૂક્રફ્ર છે અને માર્ગ જોયો છે, માર્ગ જોયો છે અને કહે છે, એ એને ખ્યાલ આવે છે. બાકી એની એ વાત એ જ પ્રકારે કહેતો કોઈ બિનઅનુભવી પુરુષ – આત્મા, કોઈ આત્મા એ વાતને કહી શકતો નથી. કેમકે એ વિષયથી એ અજાણ છે. એ ક્ષયોપશમનો વિષય નથી, એ સ્વાનુભવનો વિષય છે અને સ્વાનુભવનો વિષય વગર સ્વાનુભવે વ્ય ત કરવો એ કોઈ રીતે સંભવિત નથી અને શક્ય પણ નથી. તેથી જ્ઞાનીના વચનમાં બીજાને જ્ઞાની થવાનું નિમિત્તત્વ છે, અજ્ઞાનીના વચનમાં ત્રણકાળમાં નિમિત્તત્વ નથી કે કોઈને એનાથી સમ્યક્ત્વ પ્રગટે. આ જે દેશનાલબ્ધિનો ત્રૈકાલિક સિદ્ધાંત છે, અનાદિઅનંત સિદ્ધાંત છે એની પાછળનું આ રહસ્ય છે.

એટલે 'શ્રીમદ્જી'એ જ્યાં કહ્યું કે, મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે. ત્યાં એ આત્માર્થી જીવ વિધિના વિષયને પકડી લે છે. એને સાંભળતા એમ લાગે છે કે માર્ગની

વિધિ આ જાણે છે ને કહે છે, નક્કી આ સત્પુરુષ છે. અને એ વિધિને શોધવા માટે સાંભળતો હોય અને વિધિનો વિષય ન આવતો હોય ત્યારે એને એમ લાગે કે વાત તો ઘણી આવે છે પણ વિધિની વાત ક્યાંય આવતી નથી. આ ખાલીખમ છે. એને ન વિદ્વતામાં આકર્ષણ થાય, ન પંડિતાઈમાં આકર્ષણ થાય, ન એને ક્ષયોપશમમાં આકર્ષણ થાય, ન ભાષામાં આકર્ષણ થાય, કોઈ વ તૃત્વકળામાં – ઑરેટરીમાં એ ક્યાંય ફસાઈ જાય નહીં. એટલો ફેર પડે અને એ બચી જાય, બીજો ફસાઈ જાય. એટલે આ શાસ્ત્રમાં વિધિના વિષયના તો ઘણાં બોલ છે.

પ્રશ્ન :– લઢણ એટલે આત્મસાત કરવું ?

સમાધાન :– આત્મસાત કરવું ને લઢણ એટલે એમાં જ્ઞાયકને લક્ષે અંતરમાં જ્ઞાયકના પ્રયત્ન સહિત જ્ઞાયકરસ ઘૂંટાય છે તો એને લઢણ કહેવામાં આવે છે. આજે શ્રુતપંચમી છે ને ? શ્રુતનું હાર્દ આ છે – વિધિ. શ્રુતનું હાર્દ વિધિ છે અને 'સમયસાર'માં 'અમૃતચંદ્રાચાર્ય' ભગવાને એને 'હ્નપ્રહ્મોંગ્ર હ્નઝ્ઝ્ફ્ક'એવો શબ્દ વાપર્યો છે – 'આત્માનું તત્ત્વ' વાપર્યું છે. પણ પ્રભુ ! આત્મા પોતે તો તત્ત્વ છે અને તમે એને આત્માનું તત્ત્વ કહો છો ? કે, હા ! આ તત્ત્વનું તત્ત્વ છે. આત્મા પોતે તત્ત્વ છે અને આ વિધિ એ તત્ત્વનું તત્ત્વ છે. 'હ્નપ્રહ્મોંગ્ર હ્નઝ્ઝ્ફ્ક' બે જગ્યાએ આ શબ્દનો પ્રયોગ કર્યો છે. એક છે ૨૩૯ કળશમાં અને એક છે ૨૪૬ કળશમાં 'અમૃતચંદ્રાચાર્યદેવે' આ શબ્દનો પ્રયોગ કર્યો છે.

મુમુક્ષુ :– આમાં ૩૧૯ મો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– આમાં તો આપણે છેને કેટલાક બોલને વિષયનું વર્ગીકરણ આપી દીધું છે. એમાં વિધિનો વિષય લીધો છે. માર્ગની વિધિ – પહેલો છે ૧૭ નંબરનો બોલ. ૧૭ પછી ૩૬, ૮૪, ૧૩૨ તો આપણે ચાલે છે, ચાલતો ૧૩૨ છે. ૧૭, ૩૬, ૮૪, ૧૩૨, ૧૪૬, ૧૪૯, ૧૫૨, ૧૬૬, ૧૯૮, ૨૩૪, ૨૪૫, ૩૦૬, ૩૧૨, ૩૧૮ છે. ૩૧૯ નથી લીધો. ૩૧૮, ૩૫૦, ૩૫૩, ૩૭૩, ૩૮૧, ૩૮૩ ને ૩૮૫. આટલા બોલ વિધિના પ્રકરણ ઉપર પ્રકાશ પાડે છે. વિષય એકનો એક છે, કેટલા પડખેથી એના ઉપર પ્રકાશ પાડે છે, વિષયને Enlight કરે છે એ કહેનારના સામર્થ્યને સૂચવે છે. બાકી સૂક્ષ્મમાં સૂક્ષ્મ કોઈ વિષય તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ હોય તો આ વિધિનો વિષય છે.

મુમુક્ષુ :– તમે પાંચ-છ બોલ કીધાં ...

પૂજ્ય ભાઈશ્રી :– પાંચ-છ બોલ નહીં, ઘણાં બોલ છે, લગભગ પંદર વીસ બોલ છે.

મુમુક્ષુ :– એ સાથે સાથે લઈ લઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું સંકલન કરવાનો વિચાર આવ્યો છે કે જે વર્ગીકરણ કર્યા છે એવા બોલોનું જુદું સંસ્કરણ કરવું, પ્રકાશન કરવું. જેમકે વિધિના વિશે બોલ – તો 'વચનામૃત'માંથી લેવા, 'પરમાગમસાર'માંથી લેવા, 'શ્રીમદ્જી'ના ગ્રંથમાંથી લેવા અને બીજા કોઈ સત્શાસ્ત્રોમાંથી પણ મળે તો લેવા. જુદું નામ એને આપી અને એક પુસ્તકનું જુદું (પ્રકાશન કરવું). એક જ જગ્યાએથી એક વિષય મળે, આત્માર્થી જીવ તાકાત હોય એટલો ઊંડો તરે. એવો એક પાત્રતાનો (વિષય) લેવો, આપણે તો એક ગ્રંથમાંથી લગભગ એવા પચીસ-ત્રીસ વર્ગ કર્યા છે. બધા પુસ્તક, 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'ના ચર્ચામાં એ વર્ગીકરણ કર્યું છે, આમાંય વર્ગીકરણ કર્યું છે અને 'પરમાગમસાર'નું પણ વર્ગીકરણ કર્યું છે, થઈ ગયું છે, એ તો હમણાં જ કર્યું છે. આમાંથી લેવો હોય તો લઈએ આના પછીનો બોલ. પંદર મિનિટ છે આપણે. ૧૩૨ પછી ૧૪૬ છે.

**'કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી.'** છએ દ્રવ્ય. કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપનો, ત્રણે કાળમાં કોઈ એક સમય માટે પણ પોતાના સ્વરૂપનો ત્યાગ કરે એવું બનતું નથી. કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતા નથી. **'આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે;...'** હવે આત્મા ઉપર વાત લ્યે છે કે, **'આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ. આત્માનું લક્ષણ...'** ત્રિકાળી આત્માનું લક્ષણ અથવા ત્રિકાળી સ્વરૂપ ઓળખીને, લક્ષણ દ્વારા **'ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર.'** અહીંયાં ઓળખીને પ્રતીત કરવું (એમ જે કહ્યું) એ એક જેને વિધિ હાથમાં નથી આવી એને વિધિ હાથમાં લેવા માટેનું એક માર્ગદર્શન છે.

વિધિના વિષયમાં માર્ગદર્શન આપતા કોઈ એમ કહે કે વિધિ તો જેને... એવો પ્રશ્ન ઉપસ્થિત થવા યોગ્ય છે કે, જે જ્ઞાની છે અને જેને માર્ગની વિધિ પકડાઈ ગઈ અને જે માર્ગે પ્રયાણ કરે છે એને તો વિધિ મળી ગઈ, એ વિધિને જાણે છે અને એ માર્ગમાં નથી આવ્યા એ વિધિને જાણતા નથી એને વિધિ પકડવા માટે શું કરવું ? તો આ ૧૪૬ મો બોલ છે એના માટે. એટલે એને વિધિનું નામ આપ્યું છે.

અહીંયાં એમ કહ્યું કે છ દ્રવ્યમાં કોઈ દ્રવ્ય પોતાનું સ્વરૂપ છોડતાં નથી તો તારા આત્માએ પણ તારા મૂળ સ્વરૂપનો કદી ત્યાગ કર્યો નથી. ભલે અનંતકાળથી તું સંસારમાં રહ્યો છો અને અનંતકાળથી તને તારા સ્વરૂપનો પત્તો નથી પણ જો તને કાયમ માટે નિષ્કલંક

દશામાં સુખી રહેવાની ભાવના થઈ હોય, જેને પૂર્ણ શુદ્ધતા કહીએ, પૂર્ણતાનું લક્ષ કહીએ, તો પહેલાં તારા સ્વરૂપની શોધ કર. તારા સ્વરૂપનો તેં ત્યાગ કર્યો નથી. મોટામાં મોટી (વાત), તને હોંશ અને ઉત્સાહ આવે અને તારા કામની તને આશા બંધાય; જેમ માણસને એમ થાય છે ને કે, આશા છે કે આ કામ તો અમારું ફળીભૂત થઈ જશે. અમને આશા બંધાણી છે, સંજોગો જોતા એમ લાગે છે કે આ કામમાં હવે કાંઈ વાંધો નહીં આવે. એમ તારા સ્વરૂપે તારા શુદ્ધ અસ્તિત્વનો ત્યાગ કર્યો નથી, તારા શુદ્ધસ્વભાવનો કદી ત્યાગ કર્યો નથી – આ એક તને તારા સ્વરૂપને ઓળખવા માટે, સર્વકાળે વિદ્યમાન એવું જે તારું શુદ્ધ સ્વરૂપ, એ તને – તારા સ્વરૂપને ઓળખવા માટે બહુ મોટી આશાનું સ્થાન છે. માણસને કાંઈક આશાનો ટેકો મળવો જોઈએ છે. કોઈ કામ કરતા નિરાશ થઈ જવાય તો એ કામની અંદર માણસ આગળ નથી વધી શકતો, એનો પ્રયત્ન છે એ શિથિલ થઈ જાય છે અથવા છૂટી જાય છે.

અહીંયાં પ્રયત્ન પડવાનું બહુ મોટું કારણ છે એટલે પહેલાં, વિધિની વાત શરૂ કરતા પહેલાં એક વાતની ખાતરી આપી કે છએ દ્રવ્ય જેમ એના સ્વરૂપને છોડતા નથી. એક એક વાતમાં બહુ ગંભીરતા છે, હોં ! એટલા ઊંડાણથી એ વાત આવતી હોય છે કે ક્યારે ક્યા જીવને શું જરૂર છે એની ખબર હોય છે. એનું લક્ષ હોય તો તો ગોળી વાગી જાય, લક્ષ ન હોય તો ઉપરથી ચાલ્યો જાય. બાકી કહેનારને ખ્યાલ હોય છે કે આને કેવી રીતે વાત દેવી.

કહે છે કે, તારે જરાય મૂંઝાવાની જરૂર નથી. છએ દ્રવ્ય પોતાના સ્વરૂપનો ત્યાગ કરતા નથી એનો અર્થ કે તારા આત્માએ તારા સ્વભાવનો ત્યાગ કર્યો નથી. તારો સ્વભાવ સદાય મોજૂદ છે અને એમાં તારા સ્વરૂપને વિશે ક્ષયોપશમાદિ એટલે ક્ષયોપશમભાવ અને ઉદયભાવ બે ભાવ તો એને વર્તમાનમાં પરિચિત છે. ઉપશમભાવ અને ક્ષાયિકભાવ એનાથી પોતે અપરિચિત છે એટલે એની એને ખબર નથી કે એ ભાવ કેવા છે, પણ જે બે ભાવ એને અનુભવગોચર છે, વિદ્યમાન છે, કહે છે કે, એ તારા ભાવ નથી. તારા શુદ્ધ તત્ત્વમાં એ છે જ નહીં. એ ભાવ એમાં નથી, એવા ભાવ સ્વરૂપે તારું તત્ત્વ નથી અને એ ભાવથી કોઈ પર થઈને, પાર થઈને તારે આ તત્ત્વને શોધવાનું છે, ઓળખવાનું છે.

મુમુક્ષુ :– ક્ષાયોપશમિકભાવ તેમાં નથી...

પૂજ્ય ભાઈશ્રી :– તેમાં નથી એટલે આત્મા પરમ શુદ્ધ તત્ત્વ છે...

પ્રશ્ન :- ક્ષાયોપશમિકભાવમાં શું લેવું ?

સમાધાન :- ક્ષયોપશમભાવમાં આ જ્ઞાનનો ક્ષયોપશમ છે પછી કષાયની મંદતા થાય છે તે ચારિત્રનો ક્ષયોપશમ છે. કોઈ ઓછી શક્તિવાળા જીવો દેખાય છે ને કોઈ વધારે શક્તિવાળા જીવો દેખાય છે ત્યાં એને પુરુષાર્થનો - વીર્યનો ક્ષયોપશમ છે. ખાસ કરીને આત્મકાર્ય કરવામાં જ્ઞાનનો ક્ષયોપશમ, ચારિત્રનો ક્ષયોપશમ, વીર્યનો ક્ષયોપશમ એ કામ લાગે છે. પણ જ્યાં સુધી એ ક્ષયોપશમ અવળો પ્રવર્તે છે ત્યાં સુધી એ અવળું કાર્ય સાધે છે, સવળો પ્રવર્તે ત્યાં એ સવળું કાર્ય સાધે છે. પણ અહીંયાં તો એમ લેવું છે, પારિણામિકભાવરૂપ સ્વભાવ છે ને ? તો કહે છે, ક્ષયોપશમભાવ એ તારું સ્વરૂપ નથી. ક્ષયોપશમભાવે (સ્વરૂપ) નથી.

પ્રશ્ન :- અહીં ક્ષયોપશમભાવ એટલે બહારનું જાણપણું એમ લેવું ?

સમાધાન :- હા, બહારનું જાણપણું એ પણ ક્ષયોપશમમાં જાય છે. આમ તો ક્ષયોપશમ અંદરનું (હોય) કે બહારનું, ક્ષયોપશમ ક્ષયોપશમમાં જાય છે. વિશાળ વિષય છે. ક્ષયોપશમ કોઈપણ ગુણનો લઈ શકાય, એકલો જ્ઞાનનો જ લેવાય એમ નહીં. કષાય મંદ થાય છે એ ચારિત્રગુણનો ક્ષયોપશમ છે, વીર્યનો ઉઘાડ છે એ પુરુષાર્થનો ક્ષયોપશમ છે. તો એ બધા ક્ષયોપશમભાવે કોઈપણ ગુણનો પર્યાય હોય એ મૂળ તત્ત્વમાં નથી, મૂળ તત્ત્વ એ સ્વરૂપે નથી. આખી જાત ફેર લઈ જવી છે.

'નિયમસાર'માં તો આચાર્ય ભગવાન પોતે ભાવના ભાવે છે એટલે તો ચારે ભાવને લઈ લે છે. કેમકે પોતાને ઉપશમભાવ અને ક્ષાયિકભાવ વર્તે છે. તો કહે છે, એ પણ નથી. એમને ઉપશમભાવ ને ક્ષાયિકભાવની ખબર છે કે ઉપશમભાવ, સમ્યક્ ક્ષયોપશમભાવ, ઉપશમભાવ એના ઉપરથી ક્ષાયિકભાવ પણ એમને સમજાય છે; ભલે કોઈને પ્રગટ હોય, કોઈને ન હોય પણ એના જ્ઞાનનો વિષય થઈ જાય છે. અને ઉદયભાવ તો સર્વને પરિચિત છે. 'નિયમસાર'ની અંદર એ ચારે ભાવોથી પાર વસ્તુ લઈ લે છે. કેમકે એમાં એ નથી અને આમાં આ નથી. એ ચારેય ક્ષણિક ભાવો છે, એમાં ત્રિકાળી સ્વભાવ નથી અને ત્રિકાળી સ્વભાવમાં ક્ષણિક ભાવો નથી. બન્ને જુદાં જુદાં વર્ગમાં હોવાથી એકમાં બીજાનો અભાવ છે.

જેની ઓળખાણ કરવાની અને ઓળખાણ કરીને જેની પ્રતીત કરવાની છે અને એ ઓળખાણ અને પ્રતીત કરતા જે વિધિ ભી થાય છે; વિધિ ક્યાં વચ્ચે આવે છે ? કે ઓળખાણ અને પ્રતીત કરતા સાધ્યની સિદ્ધિની વિધિ હસ્તગત થાય છે, એ વિધિ ઉત્પન્ન

થઈ આવે છે એટલે એને અહીંયાં વિધિના વર્ગીકરણમાં નાખ્યું છે. એ વિધિ પ્રાપ્ત થવા માટે ક્ષયોપશમભાવ આદિ જે ચારેય વિભાવભાવમાં ગણીને એનો આશ્રય છોડાવે છે. કેમકે વિધિની અંદર આશ્રય થાય છે અને એ આશ્રય ત્રિકાળીસ્વભાવનો જ થાય છે. વિધિ સ્વયં પ્રવૃત્તિરૂપ છે, વિધિ સ્વયં પ્રવૃત્તિરૂપ છે અને જે એનો આશ્રયસ્થાનનો વિષય છે એમાં કોઈ પ્રવૃત્તિ નથી, એમાં કોઈ પ્રવૃત્તિ નથી. એ વિધિ ઉપશમભાવ અને ક્ષાયિકભાવ સ્વરૂપે હોવા છતાં વિધિનો વિષય જે આશ્રયસ્થાન છે એ એનાથી પાર છે. એ પારિણામિકભાવ સ્વરૂપે છે.

પ્રશ્ન :- આત્મા તો નિરાશ્રય તત્ત્વ છે ને ?

સમાધાન :- નિરાશ્રય એટલે સ્વતત્ત્વનો પણ આશ્રય નહીં, એમ નહીં. કોઈપણ ક્ષણિક ભાવોનો આશ્રય નહીં અને કહેવાની જરૂર નથી કે કોઈ રાગાદિ કે પરભાવોનો પણ અથવા પરદ્રવ્યનો પણ, પરપદાર્થનો પણ આશ્રય નહીં, એને નિરાશ્રયપણું કહે છે. એમ તો નિરાલંબન શબ્દ આવે છે. કેવો છે મોક્ષમાર્ગ ? કે, નિરાલંબન માર્ગ છે. પણ નિરાલંબનનો અર્થ શું ? કે, જેને કોઈ બાહ્ય આલંબન નથી એને અહીંયાં નિરાલંબન કહેવામાં આવે છે, પણ અંદર પરમાત્મતત્ત્વનું આલંબન તો એને અવશ્ય છે, છે ને છે. પરમાત્મતત્ત્વનું પણ આલંબન નથી એવો નિરાલંબનનો અર્થ નથી. એ સાપેક્ષ શબ્દ છે, અપેક્ષિત શબ્દ છે. એની અંદર એકાંત નથી કે પોતાના આત્માનું આલંબન ન હોય. એમ (નિરાલંબનનો અર્થ) નથી કાંઈ.

એટલે વિધિ પ્રાપ્ત કરાવવા માટે અહીંયાં બહુ આગળથી વાત ઉપાડી છે કે, તારા દ્રવ્યસ્વભાવનો ત્યાગ નહીં થયો હોવાથી તારા દ્રવ્યસ્વભાવને ગ્રહણ કરવું, ઓળખવું, પ્રતીત કરવી અને એનું અવલંબન લેવારૂપ વિધિ ઉત્પન્ન થવી, એ કાર્ય સંપન્ન થવામાં કાંઈ વાંધો નથી. આ એક બહુ આશાસ્પદ પરિસ્થિતિ છે કે અનંતકાળમાં ભલે તેં સામું જોયું નથી તોપણ તારો કારણપરમાત્મા તારા દરવાજે સદાય ભો રહે છે અને તારો દરવાજો ખખડાવે છે કે કમાડ ખોલ તો તને મારા દર્શન થાય. ખોલ કમાડને તું ! ભો જ છે, એ થાકતો નથી. અનંતકાળ ભો રહે છે (તોપણ) એને થાક લાગતો નથી. એટલું સામર્થ્ય છે એનામાં. પણ કહે છે કે જે વર્તમાન વર્તતા તને ક્ષયોપશમિક આદિ ભાવો છે એ ભાવોમાં, આત્મા જે પરમ શુદ્ધતત્ત્વ છે એ (તેમાં) નથી, ત્રિકાળી તત્ત્વ એમાં નથી.

**'તું તારા સ્વભાવને ઓળખ.'** આ વિધિ સંપ્રાપ્ત થવા માટે પહેલાંમાં પહેલું એનું કોઈ પગથિયું હોય તો તે ત્રિકાળી સ્વરૂપને ઓળખવા સંબંધીનું છે. જ્ઞાનલક્ષણથી જ્ઞાનસ્વભાવી

આત્માનો પ્રથમ નિશ્ચય કરવો, પ્રથમ એને ઓળખવો અને એ નિર્ણયની દિશામાં પ્રયત્ન કરીને એકવાર ઓળખાણ થવી, આ પહેલાંમાં પહેલું એનું વ્યવસ્થિત કાર્ય છે, પદ્ધતિસરનું કાર્ય છે, વિધિવત્ કાર્ય છે. વિધિનું વિધિવત્ કાર્ય. આ વિધિના વિષયમાં વ્યવસ્થિત વાત છે કે પહેલાં તું ઓળખાણ કર.

અંદરમાં તો **'અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે...'** હિમાલય પર્વતની મોટી હારમાળા હજારો માઈલમાં પડી છે એમ તારા ગુણભંડારમાં અનંત ગુણરત્નોની માળાઓ પડી છે. થોડા-ઘણાં રત્નો નથી, પાર નથી એટલા ગુણરત્નો પડ્યા છે. તેને – ગુણસમૃદ્ધ આત્માને, ગુણભંડાર આત્માને એકવાર ઓળખી લે. ઓળખાણ થઈ – પિછાણ થઈ (એટલે) એક એવી ખાણ હાથમાં આવી કે જે ખાણ કદી ખૂટવાની નથી, અનંતકાળ (ખૂટવાની નથી). માણસ લૌકિકમાં પણ કહે છે કે, પૈસા કામ ન કરે ત્યાં ઓળખાણ કામ કરે છે. ઓળખાણ જેવું કામ કરે એવું કામ પૈસા કરી શકતા નથી. નહીંતર સામાન્ય રીતે પૈસાથી બધું કામ થાય છે પણ કેટલાક કામ એવા હોય છે કે પૈસાથી નથી થતા છતાં ઓળખાણથી થઈ જાય છે. એમ આ આત્માની ઓળખાણ એ એક સર્વોત્કૃષ્ટ ઓળખાણ છે કે જેનાથી એને સિદ્ધપદનું Registration મળી જાય છે. ત્યાં સિદ્ધપદ Register થઈ ગયું, પાકું થઈ ગયું.

એને શંકા પડતી નથી કે હવે મારે મુ તિ કરવામાં શું થશે ? એને તો પોતાનું નિજપદ ઓળખાણમાં આવતા  લટાનું એમ થાય છે કે મુ તિ કરવાનો ભ્રમ મારા પદમાં ઉત્પન્ન કરવા જેવો નથી. એ પણ એક ભ્રમણા છે કે જેમાં મુ તિ ઉત્પન્ન કરવી. મુ તિ તો સમજાય ગઈ છે, કરવાની વાત નથી. સમજવાની વાત હતી તે સમજાય ગઈ છે. દિગંબરના આચાર્યોએ કહ્યું છે, મુ તિ થતી નથી પણ મુ તિ સમજાય જાય છે. આ સમજાય જાય છે એ આ વાત છે. એમાં ઓળખાણનો વિષય છે અને ઓળખાણથી અભેદ નિર્વિકલ્પ પ્રતીતિ ઉત્પન્ન થાય છે. એનો એક Process શરૂ થઈ જાય છે એને સમ્યક્ સન્મુખદશા કહેવામાં આવે છે. એ વધારે વિસ્તારવાળું પ્રકરણ છે. વિશેષ લઈશું...

***(

## તા. ૨-૦૬-૧૯૮૭, વચનામૃત-૧૩૨,૧૩૩
## પ્રવચન નં. ૧૦૩

'બહેનશ્રીનાં વચનામૃત' – પાનું ૪૨, ૧૩૨ બોલ ચાલે છે. આત્મામાં અનંતગુણો કેવી રીતે પ્રગટે અથવા અનંતગુણરૂપ સ્વભાવ ભેદથી એ રીતે કહીએ, અભેદથી સ્વભાવમાત્ર કહીએ કે, એ સ્વભાવ કેવી રીતે પ્રગટે ? કે, જ્ઞાયકસ્વભાવનું લઢણ કરવાથી પ્રગટે. સંક્ષેપમાં અને સીધેસીધી સ્વભાવને પ્રગટ કરવાની આ વિધિ છે.

જ્ઞાયકસ્વભાવનું લઢણ, એમાં સ્થૂળ વિકલ્પો નથી પણ નિર્વિકલ્પ સ્વભાવ, એનું નિર્વિકલ્પ વેદન કરવાનો પ્રયત્ન છે – પ્રયાસ છે. વિકલ્પપૂર્વક એનું વર્ણન કરવામાં આવે તો એટલા શબ્દો એમાં આવે કે હું જ્ઞાયક છું, હું માત્ર જ્ઞાયક છું એવા ભાવનું વિકલ્પ વિનાનું વાચ્ય છે, એવો વિકલ્પ વિનાનો ભાવ.

સમજી શકાય એના માટે દૃષ્ટાંત લઈએ તો 'હું મનુષ્ય છું' એવો વિકલ્પ વિનાનો ભાવ વર્તે છે. વર્તે છે કે નહીં જીવને ? અથવા એનું જે નામ પોતે સ્વીકાર્યું છે કે, 'મારું નામ ફલાણો'. તો એવો નામધારી હું એનો વિકલ્પ વિનાનો ભાવ વર્તે છે. વર્તે છે કે નહીં ? 'હું મનુષ્ય છું, હું વાણિયો છું, ફલાણો નામધારી છું' એવું જે પોતાનું કલ્પનાથી જે અસ્તિત્વ સ્વીકાર્યું છે એ અસ્તિત્વના સંબંધમાં વિકલ્પ વિનાનો જ ભાવ પ્રવર્તે છે.

અહીંયાં પણ નિર્વિકલ્પ સ્વરૂપનું નિર્વિકલ્પભાવે અસ્તિત્વ સ્વીકારવું છે ત્યાં પણ એનો વિકલ્પ વિનાનો એક ભાવ ચાલુ રહ્યાં કરે એને એનું લઢણ કહેવામાં આવે છે. પછી શ્રદ્ધાની મુખ્યતાથી એને એમ કહીએ કે અસ્તિત્વ ગ્રહણ કર્યું છે, જ્ઞાનની મુખ્યતાથી એને એમ કહીએ કે જ્ઞાનમાં એકમાત્ર જ્ઞાયક સ્વભાવનું જ લક્ષ રહે છે. ચાહે વાંચનનો વિષય જ્ઞાયક સ્વભાવ સિવાયનો કોઈ હોય. શાસ્ત્રમાં તો અનેક વિષય આવે છે, કરણાનુયોગનો વિષય

ચાલતો હોય તોપણ જ્ઞાયક સ્વભાવનું જ લક્ષ હોય એને લઢણ કહેવામાં આવે છે અથવા જેનું લક્ષ હોય એની મુખ્યતા રહે છે તો મુખ્યતા જેની રહે છે એનું પણ લઢણ કહેવામાં આવે છે. અને એ જ્ઞાયકસ્વભાવની જ રુચિ રહ્યા કરે, એનો જ રસ વૃદ્ધિગત થયા કરે અને સર્વત્ર બધા જ ઉદયમાં 'હું જ્ઞાયક છું' એવું જાય નહીં, એવું ખસે નહીં.

મુમુક્ષુ :- મૈં હી મૈં હૂં.

પૂજ્ય ભાઈશ્રી :- મૈં હી મૈં હૂં. 'જ્ઞાયક' શબ્દ ત્યાં તો એમણે (- 'સોગાનીજી'એ નથી વાપર્યો). વિકલ્પ નથી એટલે એટલો ભાવ ઓછો કર્યો છે. એમાં ગર્ભિત છે 'હું જ્ઞાયક... જ્ઞાયક' એમ ગર્ભિત છે. પણ મૈં હી મૈં હૂં, એમાં આવી ગયું બધું. આ હું... આ હું... આ હું... આ હું... આ હું. જ્ઞાન લક્ષણથી લક્ષિત થતો અખંડ આત્મા – જ્ઞાનમય આત્મા – જ્ઞાયક આત્મા તે હું.

જેમ જગતના જીવને ઉદય આ બધું છે, ઉદયમાં આ બધું છે, જે એને પોતાને જેને જે ઉદય હોય એને આ બધું છે, આ બધું છે, આ બધું છે એ જ રહ્યા કરે. આ બધું છે, આ બધું છે. પોતાને ભૂલીને આમ રહ્યાં કરે છે કે નથી રહ્યાં કરતું ? કે, એમ જ રહ્યાં કરે બધાને. આ બધું છે, આ છે, આ છે, આ છે, આ છે. એટલું આજુબાજુમાં એને લાગતું વળગતું (હોય એવા) ઉદયમાન પ્રસંગો થયા કરે એમાં આ છે, આ છે, આ છે, આ છે એ જ રહ્યા કરે. જેને હવે એ બદલાય છે, જેને અનંત ગુણરૂપ સ્વભાવ પ્રગટ કરવાનું કારણ ઉત્પન્ન થાય છે એનો ભાવ આવો છે, કારણરૂપ ભાવ (આવો છે). રીતનો ભાવ – વિધિનો ભાવ, જે ભાવ કહીએ એ આ છે કે, આ હું, આ હું, આ હું, આ હું. એમ જ્ઞાયકના લક્ષમાં, જ્ઞાયકની રુચિમાં અને જ્ઞાયકના અસ્તિત્વ ગ્રહણમાં આ છું, આ છું, આ છું (એમ રહ્યા કરે). 'છું'માં અસ્તિત્વ (આવે છે). 'છું' એટલે અસ્તિત્વ જ પકડાય છે. આ હું છું.

મુમુક્ષુ :- આ હું છું એટલે એમાં તો અસ્તિત્વ જ પકડાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા ! 'આ હું છું, આ હું છું, આ જ્ઞાયક હું છું, માત્ર જ્ઞાન હું છું.' એવું જે જ્ઞાયકસ્વભાવનું લઢણ રહે. ઉપરના વિકલ્પ ચાલવા બીજી વાત છે અને લઢણ ચાલવું એ બીજી વાત છે. વિકલ્પ ચાલે છે ઉપર ઉપરના અને લઢણ નથી ચાલતું એની ખાત્રી કરવી હોય તો એની નિશાની એ છે કે એને એમાં બહુ રસ ન આવે, થાક લાગે અને થાક લાગીને એ વિકલ્પ કરવા છોડી દ્યે. કોઈ જીવને ટેવ પડી જાય તોપણ એને

જ્ઞાયકનું ભાવભાસન હોય નહીં અને એમ ને એમ જેમ કોઈ માળા ગણતા ગણતા ક્યાંય ને ક્યાંય ઉપયોગ ઘુમાવ્યા કરે અને ઉપયોગ પણ બીજે ભમ્યા કરે અને ક્યારેક ક્યારેક વિકલ્પ ચાલતા રહે 'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું.' એવું પણ સંભવિત છે. પણ એ પ્રકારના ઉપર ઉપરના વિકલ્પ થાક લાગે એવા કે ટેવ પડી જાય એવા, બેય પ્રકારના. એમાં ટેવ પડી જાય એમાં થાકનો ખ્યાલ નથી આવતો. કેટલાકને ટેવ પણ પડી શકે છે. એ પ્રકાર સંભવિત છે. 'જ્ઞાયક છું, જ્ઞાયક છું, જ્ઞાયક છું'ની ટેવ પડી જાય. એને જ્ઞાયકનો કાંઈ ભાવ ભાસે નહીં કે હું જ્ઞાયક કેવો ? એવો એને ભાવ ભાસતો ન હોય.

જેમ માણસને કોઈ ભાવતી ચીજનું નામ લ્યે તો આખી ચાજ જ્ઞાનમાં ખડી થઈ જાય છે કે નહીં ? મેસૂબ ચાર શેર ઘીનો બનાવ્યો હોય ઇ બહુ ભાવે. શેર લોટમાં ચાર શેર ઘી નાખીને મેસૂબ બનાવ્યો હોય (એ) મેસૂબ બહુ ભાવે. જેને ભાવતો હોય ઇ નામ જ્યાં પડે ત્યાં એને ઇ પદાર્થ ઉપર લક્ષ ચાલ્યું જાય છે. ઇ પદાર્થનો ભાવ ભાસે છે. ખરેખર તો ત્યાં એ જીવને એ પદાર્થનો પોતાપણે ભાવ ભાસે છે કે, આ મને ભાવે છે, આ મારામાં આવી શકે છે, મને એનો સ્વાદ મળી શકે છે. એમ એકત્વ સહિતનો અહંપણારૂપ ભાવ ભાસે છે.

એમ અહીંયાં જ્ઞાયકમાં જ્ઞાયક પદાર્થ જે છે પોતે, પોતે જ જ્ઞાયક પદાર્થ છે એવો એને પોતે જ્ઞાયક છે એવો ભાવ ભાસ્યા કરે ત્યારે એનો રસ આવે, ત્યારે એના રસ અને રુચિપૂર્વક એનું લઢણ ચાલે એમાં થાક ન લાગે પણ એમાં એ ભાવ વૃદ્ધિગત થયા કરે એવું જ એને રહ્યાં કરે કે આ તો જ્ઞાયકના અનંત રસનો કંદ છે એમાં હજી અલ્પ રસ આવે છે, અનંત રસ લેવો મારે બાકી છે અને એ અનંત રસ પ્રગટ કરવા માટે હું વિશેષ વિશેષપણે આનો રસ લઉં છું, આ ભાવને વૃદ્ધિગત કરું છું. એમાં એને થાક લાગવાનો પ્રશ્ન હોતો નથી. વિકલ્પમાં થાક લાગે કેમકે એ પારકી ચીજ છે, પણ આ તો પોતાના સ્વભાવની ચીજ છે એમાં થાક લાગવાનો શું પ્રશ્ન છે ?

એવું જે જ્ઞાયકનું લઢણ કરવામાં આવે અથવા સહજપણે થાય અને કરવામાં આવે એમ કહેવાય છે, એ પછી સહજ જ થાય છે ત્યારે **'અનંત ગુણો પ્રગટે છે.'** આ એનું લક્ષણ છે. એનો એને રસ આવવો જોઈએ. એવો રસ આવે, એવો રસ આવે. એ પોતાનો વિષય છે, શાંતરસનો વિષય છે, આનંદરસનો વિષય છે અને પોતાની ભાવનાનો વિષય છે. જેની જેને ભાવના હોય, જેની જેને અભિલાષા હોય એમાં તો એને રસ આવે, આવે

ને આવે જ.

મુમુક્ષુએ જે આ વિષયની સૂક્ષ્મતા સમજવાની છે એ એટલી છે કે રાગરસ અન્ય ચીજ છે અને જ્ઞાયકરસ અન્ય ચીજ છે. જ્ઞાયકનો વિકલ્પ કરે એમાં ભૂલથી રાગરસ રેડાતો હોય ને રાગરસ વૃદ્ધિગત થતો હોય અને એમ માને કે મને જ્ઞાયકનો રસ આવે છે તો જીવ કોઈ વિપરીતતામાં ચાલ્યો જાય અને એ મોટી હરકત છે, મોટી ઉપાધિ છે.

જ્ઞાયકના રસમાં તો જ્ઞાયક પ્રગટે. જેને યથાર્થ હોય છે એને પૂછવા જવું પડતું નથી. કેમકે એ જીવ જ્ઞાયકની સમીપ જતો જાય છે, જ્ઞાયકની નજીક જતો જાય છે, આગળ વધતો જાય છે અને અલ્પકાળમાં એ પોતાના અનંત ગુણને પ્રગટ કરે છે. ભલે જઘન્ય અવસ્થા સમ્યક્‌દર્શનમાં પ્રગટ થાય છે પણ અનંતુ પ્રગટ થાય છે.

આમાં એક બોલ લીધો છે – અનંતુ પ્રગટ થાય છે. અલ્પમાં પણ અનંતુ પ્રગટ થાય છે, અલ્પ દશામાં પણ અનંતુ પ્રગટે છે. એક-બે બોલ એવા લીધા છે. એવી ભાષા આવે છે. 'પૂજ્ય બહેનશ્રી'નો બોલ (છે). અનંતુ પ્રગટે છે, અનંતુ પ્રગટે છે એમ લ્યે છે. સારો ભાવ ખેંચ્યો છે. અહીંયાં 'અનંત ગુણો પ્રગટે છે'ને એ પ્રચલિત શૈલીથી છે, આ એમની મૌલિક શૈલી છે.

૨૧ મો બોલ છે. **'આત્મા કામધેનું છે, કલ્પવૃક્ષ છે. એમાંથી જ્યારે જે જોઈએ તે મળી રહેશે. તું જે ઇચ્છશે તે અંદરમાંથી મળશે.'** જોકે આત્મા કામધેનું છે અને કલ્પવૃક્ષ છે, આત્માનું જે સ્વરૂપ છે એ જેને જ્ઞાનમાં અનુભવગોચર થઈને ગમ્ય થાય છે એ કદી પુદ્‌ગલ પદાર્થની વાંછા કરતો નથી. નહીંતર કોઈ તર્ક કરે કે, જે ઇચ્છે તે મળે તો પછી કોઈ એમ માને કે, મને સોનાનો મહેલ મળે. ઇન્દ્રનું ઇન્દ્રાસન મળે. એ કલ્પવૃક્ષની અંદર એ છે નહીં અને આત્મા કલ્પવૃક્ષ છે એમ જેને જાણ્યું એને એની ઇચ્છા – વાંછા થતી નથી. કેમકે એના લક્ષે દુઃખ થાય છે અને દુઃખને કોણ ઇચ્છે ? તો આત્માને જાણ્યા પછી અથવા આત્માની પ્રાપ્તિની ભાવનાવાળાને પુદ્‌ગલની ઇચ્છા કે વાંછા એ દુઃખની ઇચ્છા છે. તો કોણ એ ઇચ્છે ? સુખની ઇચ્છા કરવાવાળો દુઃખને કેમ ઇચ્છે ? એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આ તો કહ્યું ને, જ્યારે જે જોઈએ તે મળી રહેશે. એનો અર્થ એમ કે, તારે સુખ જેટલું જોઈતું હશે એટલું અંદરથી મળશે. અંદરનો પરમાત્મા દાતાર છે. એ કોઈ લોભી નથી પણ દાતાર છે. તને જોઈએ એટલું આપે એમ છે.

**'સ્વભાવમાંથી મનોવાંછિત ફળ મળશે.'** હવે લ્યે છે કે, **'એક ઉપયોગને અંદર મૂકતાં**

**તો કેટલુંય ફાલી નીકળશે.**' જેમ કહે છે ને કે કોઈ એવી વનસ્પતિ હોય અને એને એમ કહે કે, ભાઈ ! તમે થોડુંક પાણી સીંચો, ઘણાં વર્ષથી આને પાણી નથી પાયુ પણ જરાક પાણી સીંચો એટલે એકદમ પાંગરવા માંડશે. ફૂલીફાલી જાશે. એવો આ આત્મા છે કે, એક ઉપયોગને અંદર મૂકતા – ઉપયોગનું સીંચન થતા કેટલુંય ફાલી નીકળશે.

'**એક ચૈતન્ય પર દૃષ્ટિ મૂક તો એના ફળ એવાં પાંગરી જશે કે અંદરથી સહજ જ્ઞાન આવશે,...**' એક દૃષ્ટિ મૂકતા એવા પાંગરી જશે એના ફળમાં '**કે અંદરથી સહજ જ્ઞાન આવશે, આનંદ આવશે,...**' અને એ સહજ જ્ઞાન અને સહજ આનંદ અને આત્માનો વૈભવ ને એ સંબંધી તત્ત્વજ્ઞાન, તત્ત્વનું જ્ઞાન થતાં તારે '**ગોખવું કે ધારવું નહીં પડે,...**' એ ઉપાધિ નહીં કરવી પડે કે આમ યાદ રાખી લઉં, આમ બરાબર સમજી લઉં, ધારણામાં આમ પકડી રાખું. ઇ તારે નહીં કરવું પડે. અંદરથી જ્ઞાનનો ભંડાર છે એ ખૂલી જશે. કાંઈ તારે ધારણાની ઉપાધિ કરવાની જરૂર નથી.

'**એમાં ગોખવું કે ધારવું નહીં પડે, કોઈપણ જાતની આકુળતા વગર નિરાકુળપણે આવ્યા જ કરશે.**' અંદરમાંથી તને. ઓલા વિદ્વાનોને ને પંડિતોને તો ભય રહે છે કે આપણે નહીં વાંચ્યું હોય, નહીં સમજ્યા હોય, નહીં જાણ્યું હોય એવી વાત કોઈ સભામાંથી પૂછશે તો ? તો આપણી ઇજ્જતનો સવાલ છે. આપણને જવાબ ન આવડ્યો, આપણને ખબર નથી પડતી, આપણે અજાણ્યા છીએ, આપણને જ્ઞાન નથી એવું સાબિત થશે. જ્ઞાનીને એ પ્રકારનો વિકલ્પ હોતો નથી. કોઈ આવે, ગમે ત્યારે આવે, ગમે ત્યાંથી પ્રશ્ન આવે, સર્વાંગ સમાધાનનો ભંડાર એની પાસે હોવાથી એ એની સમીપ ચાલ્યા જાય છે. જોઈ લ્યે છે પોતાના આત્માને ત્યાં એને સમાધાન આવે છે કે પ્રશ્નનું સમાધાન આમ છે. કેમકે પ્રશ્ન અસમાધાનમાંથી ઉત્પન્ન થયો છે. અસમાધાનની સામે સમાધાન છે. બસ ! એટલે એને ધારણા કરવી, યાદ રાખવું, શીખી લેવું, ગોખી લેવું એ પ્રકારની ઉપાધિ અથવા એવો બોજો, એમને માનસિક બોજો હોતો નથી કે ઉઠાવવો પડતો નથી. વિદ્વાનોને તો પ્રવચન આપવું હોય ત્યારે તૈયાર થઈને જવું પડે કે આજે મારે આ શાસ્ત્રની આ ગાથા વાંચવી છે માટે લાવ સમજી લઉં, લાવ બરાબર એનો વિષય શું છે એ પકડી લઉં, એની અંદર કેટલા કેટલા પડખાં હોય તો જરાક ખ્યાલ કરી લઉં, યાદ કરી લઉં, ધારણામાં લઈ લઉં. કો'કવાર કો'ક તો જે વાંચવાનું હોય ત્યાં ને ત્યાં જ નોટ કરી લે. એ આ વિષય નથી, ઇ પ્રકાર નથી આ, ઇ લાઇન નથી આ.

અહીંયાં તો 'પૂજ્ય બહેનશ્રી' કહે છે કે તને અંદર જ્ઞાન ને આનંદ આવશે. તારે કાંઈ ગોખવું ને ધારવું નહીં પડે. એનો અર્થ કે અમારે એમ જ છે. ઇ કાંઈ કહેવાની જરૂર રહેતી નથી અથવા એવી રીતે પોતાને વિશે જ્ઞાની લગભગ બોલતા નથી પણ એ સમજી લેવું.

**'કોઈપણ જાતની આકુળતા વગર નિરાકુળપણે...'** અંદરથી **'આવ્યા જ કરશે. એનો એક અંશ...'** જઘન્ય અંશ. સ્વભાવનો પ્રગટ થયેલો એક અંશ **'પણ અનંતુ લઈને આવશે.'** ઠીક ! આ બહુ માર્મિક અને ગંભીર વાત કરી છે. ઓલા અનંતગુણ પ્રગટશે એમ જે કીધું છે એના કરતાંય તે થોડીક આ વાત માર્મિક છે ને ગંભીર છે. **'એક અંશ પણ અનંતુ લઈને આવશે. પૂર્ણતા થાય એની શી વાત ?'** કરવી હવે. એની તો વાત જ થઈ શકે એવું નથી, એ શબ્દનો વિષય નથી પણ એનો એક અંશ અનંતુ લઈને આવશે. આમ છે.

મુમુક્ષુ :- સાદીઅનંત કાળનું સુખ લઈને આવશે.

પૂજ્ય ભાઈશ્રી :- સાદીઅનંત કાળનું સુખ લઈને આવશે અને એનું જ્ઞાન કેટલું ઊંડું ને ગંભીર છે એ મિથ્યાદૃષ્ટિની કલ્પનાનો વિષય નથી, અંદાજનો વિષય નથી, અનુમાનનો વિષય નથી.

એક જગ્યાએ થોડી પ્રસાદી 'ગુરુદેવ'ના વચનોમાં – 'પરમાગમસાર'માં આવી છે કે, ચૌદ પૂર્વનો, બાર અંગધારી – અગિયાર અંગ અને ચૌદ પૂર્વને ધારણ કરનારા લબ્ધિવાળા મુનિરાજ હોય, જીવ એવો હોય કે અંતમુહૂર્તમાં (પ્રગટે). ઇ જે ન્યાય કાઢે ઇ ન્યાય સમ્યક્દૃષ્ટિ કાઢે. એનો અર્થ શું ? કે, એનો અર્થ એ કે એક અંશ પણ અનંતુ લઈને આવશે. ઇ તો હજી મર્યાદા છે. બાર અંગ તો મર્યાદિત જ્ઞાન છે. બાર અંગ છે એમાં વ તવ્ય શ્રુત બધું આવી જાય છે પણ અવ્ય ત રહી જાય છે. કેમકે કેટલુંક અવ તવ્ય છે. છએ દ્રવ્યોમાં અનંત ગુણો અવ તવ્ય છે. આત્મામાં પણ અનંતગુણો ને ધર્મો અવ તવ્ય છે. એટલે વ તવ્યમાં પણ જે છદ્મસ્થને જેટલું વ તવ્ય થઈ શકે એટલું જ બાર અંગમાં આવે છે. પાછું કેવળજ્ઞાનમાં જે વ તવ્ય છે એનાથી તો અનંતમાં ભાગે આવે છે અને કેવળજ્ઞાનમાં જેટલું જણાય છે એના અનંતામાં ભાગે દિવ્યધ્વનિમાં આવે છે. દિવ્યધ્વનિમાંથી અનંતમાં ભાગે શબ્દારૂઢ વાણી થાય છે. ઓલી અશબ્દવાણી છે, જેમાં શબ્દ નથી એવી અનક્ષરી વાણી છે. અક્ષરાત્મક વાણી છે એની અંદર એના અનંતમાં ભાગે આવે, જેને આપણે બાર અંગ કહીએ છીએ.

ઇ તો એટલું બધું મર્યાદિત છે. (જ્યારે) અહીં તો જ્ઞાનની વાત છે, અહીંયાં વાણીની વાત નથી, શબ્દોની વાત નથી, અક્ષરની વાત નથી. એક અંશ અનંતુ લઈને આવશે, એમ કહે છે.

**'પૂર્ણતા થાય એની શી વાત ? તને આશ્ચર્ય થશે...'** પ્રગટ થયા પછી તને એકવાર આશ્ચર્ય થશે કે આ શું થયું ! ચમત્કાર ક્યાંથી થયો !! આવું તો ધાર્યું નહોતું કે આવું થાશે. **'તને આશ્ચર્ય થશે કે એક અંશમાં આટલું તો પૂર્ણતામાં કેટલું ?'** આ તને આશ્ચર્ય થઈ જશે કે એક અંશમાં આટલું તો પૂર્ણતામાં કેટલું ! આ તને આશ્ચર્ય થઈ જશે. તે અંશ સહજ અનંતુ લઈને જ આવશે. પાછું એમ નહિ કે કો'ક ને આવશે ને કો'કને નહીં આવે એમ નથી. **'તે અંશ સહજ અનંતુ લઈને જ આવશે. સ્વભાવમાં છે તે ક્યાં જાય ? એને કોણ લઈ જાય ?'** બહુ જોરથી વાત આવી છે. ઓલી બહુ સૂત્ર જેવી વાત આવી છે, આ એવી વાત છે કે જાગતો જીવ ભો છે તે ક્યાં જાય ? એ શૈલીથી વાત અહીંયાં આવી છે. એ તો (એમની) પોતાની શૈલી છે ને ! સ્વભાવમાં છે તે ક્યાં જાય ને એને કોણ લઈ જાય ? એ જાય ક્યાં અને એને લઈ જાય કોણ ? **'એને વિઘ્ન કરનાર કોણ છે ?'** છે કોણ એને વિઘ્ન કરનાર ? એને બાધા કરનાર કોણ છે ? આ તો જોર કેટલું છે એ (કહેવું છે).

**'એને રોકનાર કોણ છે ?'** કોણ એને રોકનાર છે ? એમ પૂછે છે. છે કોઈ એને રોકનાર ? એ સ્વભાવને કોઈ રોકનાર નથી. એ તો ચૈતન્ય વજ્ર છે. એની શ તિ એ અબાધ્ય શ તિ છે, કોઈ એને બાધા કરી શકતું નથી, કોઈ એને પ્રતિબંધ કરી શકતું નથી. એને વિઘ્ન કરનાર કોણ છે ? એને રોકનાર કોણ છે ? કે **'કોઈ એને રોકનાર નથી; રોકાય તો પોતાના પુરુષાર્થની નબળાઈથી જ.'** રોકાય છે, બાકી એને કોઈ બહારનો રોકનાર નથી. **'એક અંશ અનંતુ લઈને જ આવે.'** છે. આ ત્રીજીવાર લખે છે. એક બોલની અંદર આ વાત ત્રીજીવાર આવે છે કે એક અંશ અનંતુ લઈને જ આવે. જ્યારે આ વાત પોતે કરે છે ત્યારે એ વાત ઉપર એમનું વજન છે. ત્રીજીવાર એ વાત આવે છે કે એક અંશ અનંતુ લઈને આવે છે. આ જેવી તેવી વાત નથી, એમ કહેવું છે.

**'સર્વગુણાંશ તે સમકિત. એક અંશના વેદનમાં અનંતી શ તિનું વેદન છે.'** અને એક શ તિમાં પણ અનંતુ લઈને આવે છે. કેમકે એ પોતે અનંત સામર્થ્યની જાત પ્રગટ થઈ ને ! એટલે અનંતુ લઈને આવે છે. એક એક શ તિમાં અનંતુ છે. એ તો ગણિતની અંદર

એમ કહેવાય છે. એક શૂન્ય છે તો શૂન્યને શૂન્યથી ભાગે તો શૂન્ય આવે, શૂન્યને શૂન્યથી ગુણે તો શૂન્ય આવે, શૂન્યમાં શૂન્ય ઉમેરે તો શૂન્ય જ થાય અને શૂન્યમાંથી શૂન્ય બાદ કરે તો શૂન્ય રહે. એવું અનંતાનું છે. બે બાજુના બે છેડા છે. Extreme point ! જેમ શૂન્યનું ગણિત આવું છે કે શૂન્યને શૂન્યથી ભાગે કે કોઈ રકમથી ભાગે તો શૂન્ય આવે. કોઈ રકમથી ગુણે તો શૂન્ય આવે બાકી બાદબાકી કરો તો શૂન્યમાં કાંઈ છે નહીં એટલે બાદબાકી કરવાનો સવાલ નથી અને શૂન્યમાં શૂન્ય ઉમેરો ત્યાં સુધી શૂન્ય આવે બીજું કાંઈ ઉમેરો તો વૃદ્ધિગત થાય. ગણિતમાં સરવાળામાં અહીંયાં ફેર પડે છે. અનંતામાં કાંઈ ફેર પડતો નથી. અનંતમાંના અનંતમાં ભાગે અનંતુ છે એમાં બધું આવી ગયું ગુણાકાર, ભાગાકાર, સરવાળો, બાદબાકી બધું આવી ગયું. બધે અનંત જ આવે છે. ક્યાંય એનો અંતમાં ગણતરીમાં એનું કોઈ પરિણામ આવતું નથી. પરિણામ એટલે Result આવતું નથી.

એટલે અહીંયાં કહે છે કે, એક અંશ અનંતુ લઈને જ આવે. સમ્યક્દષ્ટિને એક અંશ પ્રગટે (એ) અનંતુ લઈને આવે. 'કરે કર જોડી બનારસી વંદન' લીધું છે એની પાછળ સમજણ છે કે, અનંતુ લઈને આવ્યું છે. (એ પ્રગટ થયેલો અંશ) સ્વભાવની જાતનું – પરમાત્માની જાતનું અનંતુ લઈને આવ્યો છે. એ જિનેશ્વરનો લઘુનંદન છે, કાલનો જિનેશ્વર છે. આજે તો જિનેશ્વરનો લઘુનંદન છે, આજે રાજાનો દીકરો છે કાલનો એ રાજા છે. ભલે દિવાન હોય અને પુખ્ત ઉંમરનો હોય, દિવાન તો પુખ્ત ઉંમરનો હોય અને રાજકુંવર હોય અને એ Minor ગણાય એવી અવસ્થાનો હોય – બાળ અવસ્થાનો હોય પણ દિવાન એની અદબ સાચવે. દિવાનની અદબ રાજકુંવરને સાચવવાની રહેતી નથી. સભામાં આવે તો એને એની કુર્નિશ બજાવવી પડે. રાજકુંવર ભો થઈને દિવાનની કુર્નિશ ન બજાવે કાંઈ. ભલે વહીવટ બધો એના હાથમાં હોય, આના હાથમાં કાંઈ વહીવટ હજી ન હોય તો એ એનું જે સ્થાન છે ઇ જુદું સ્થાન છે આખું.

એ બધી વાત ૨૩માં બોલમાં આવી ગઈ છે કે, સમ્યક્દષ્ટિને '**દ્રવ્યદષ્ટિ કરીને સમ્યક્ પર્યાય પ્રગટ થઈ તો પૂર્ણ શુદ્ધતા પ્રગટ્યે જ છૂટકો.**' છે. એ જીવ સિદ્ધ નહીં થાય એ વાતનો પ્રશ્ન અસ્થાને છે. '**શુદ્ધતાનો સાગર અંદરથી એકદમ છળશે.**' પૂરેપૂરી શુદ્ધતાનો સાગર, પૂરો શુદ્ધ સાગર અંદરથી છળશે. '**દરેક ગુણ સાગરની માફક છળશે.**' એકેએક ગુણ, અનંતે અનંત ગુણ સાગરની જેમ ઉછાળો ખાશે. હવે અહીંયાં કહે છે કે, '**એક અંશ અનંતુ લઈને આવે, પછી આગળ વધતાં મુનિદશા, ને એમ કરતાં કરતાં કેવળજ્ઞાન;.. ત્યાં**

**તો અનંત અનંત ગુણો શુદ્ધતાથી ભરેલા છળશે. મુનિદશામાં તો અનંતુ પ્રગટે પણ કેવળજ્ઞાન થતાં તો એનાથી પણ અનંત અનંતગણું છળશે; કારણ કે એ વીતરાગદશા છે.'** બસ ! ઇ ઉપર એક જ્ગ્યાએ આવી ગયું. એક અંશ અનંતુ લઈને આવે. એ વાત ૨૩માં બોલમાં પાછી ફરીને દોહરાવી છે.

પ્રશ્ન :– આ પકડાતું હશે ?

સમાધાન :– હા, બરાબર પકડાય. એક અંશ અનંતુ લઈને આવે છે એ પકડાય.

પ્રશ્ન :– ભાવભાસનમાં ?

સમાધાન :– હા, બરાબર ભાસે. એટલે તો સમ્યક્દૃષ્ટિની મસ્તી કોઈ જુદી જાતની હોય છે ને ! સમ્યક્દૃષ્ટિની મસ્તી... ૨૯ વર્ષમાં 'શ્રીમદ્જી'ના વચનો જુઓ તો ત્યાં સુધી કહ્યું કે, આ કાળના અમે પચીસમાં તીર્થંકર છીએ. ઠીક ! રાડ નાખી જાય એવું છે. ક્યાંય આગમમાં પચીસ તીર્થંકર ભાળ્યા છે ? કે જ્યાં ભરતક્ષેત્રને વિશે ચોવીસ તીર્થંકર થાય. જે ત્રણે કાળમાં એક ઉત્સર્પિણી કાળમાં ચોવીસ તીર્થંકર થાય. છ આરા જેની અંદર (છે), એક કાળની અંદર છ આરા છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી બન્નેમાં ચડતા ને તરતા છ આરા છે. પણ પચીસમાં તીર્થંકર કોઈ દિવસ ન થાય, અનંતકાળને વિશે નહીં થાય. ભૂતકાળના અનંતકાળમાં કોઈ પચીસમાં તીર્થંકર થયા નથી, ભાવિમાં થવાના નથી. હજી ગૃહસ્થ અવસ્થા છે (છતાં) આ મસ્તીમાં કહે છે, આ કાળના અમે પચીસમાં તીર્થંકર છીએ. શું કહે છે ? કે એક અંશ અનંતુ લઈને આવ્યો છે. એ કોઈ ફેંકોલોજી નથી. પણ એની મસ્તી છે અને એ મસ્તી આત્મામાંથી ઉત્પન્ન થયેલી આત્માનો અંશ છે. આત્મિકભાવનો એ અંશ છે. આગમ વાંચનારો ભૂલો પડી જાય એવું છે. એ આગમ વિરુદ્ધ છે, આગમમાં આનો આવો ક્યાંય ઉલ્લેખ નથી આવતો – પચીસમાં તીર્થંકરનો. તો કહે છે, હાલ, હાલ ! એક કોર બેસ ! તારું કામ નથી આમાં. આ વાત તને સમજાય એવી નથી. આ બીજી જાતના પલાખાં છે. જેણે ઘડિયા આગમ વાંચી વાંચીને ગોખ્યા છે એ વસ્તુ આ નથી. એવું બોલ્યા છે, એવું લખ્યું છે. પોતાની ડાયરીમાં આ અંગત લખ્યું છે. કોઈને નથી કીધું પણ પોતાની અંગત ડાયરીમાં લખ્યું છે કે હે વર્તમાનમાં ભૂતકાળના 'મહાવીર'ને શોધવા માટે ભટકતા જીવો ! આ વર્તમાનના 'મહાવીર'ને ભૂલીને તમે ભૂતકાળના 'મહાવીર'ને શોધવામાં ક્યાં ભટકો છો ? નહીં જડે તમને ભૂતકાળના 'મહાવીર'. અમે આ કાળના બીજા 'શ્રીરામ' છીએ. 'શ્રીરામ' સર્વગુણ સંપન્ન ગણાતા હતા. તો કહે છે, અમારું પણ એવું છે. ઠીક !

એવી વાતો આગળ લખી છે. બીજાને સહન કરવું મુશ્કેલ પડે એવું છે પણ મસ્તી એવી ચીજ છે. અનંતો ખજાનો એકસાથે મળી ગયો છે, લૉટરી લાગી ગઈ છે, એવી વાત છે.

એ અનંતુ પ્રગટ કરવાની વિધિ અને રીત છે – જ્ઞાયકનું લઢણ કરવું તે. એ જ્ઞાયક સ્વભાવનું લઢણ કરતા અનંતુ પ્રગટ (થાય છે). ભવન ફરી જાય છે. નથી માણસ કહેતા ગાંડો થઈ જાય ત્યારે કે ભવન ફરી ગયું છે એનું. આનું હવે ભવન ફરી ગયું છે. એમ સમ્યક્દૃષ્ટિનું ભવન એટલે પરિણમન. To be – થવું. ભવન એટલે પરિણમન ભવન ફરી ગયું છે. આખો સંસાર માર્ગ  થલાવી નાખ્યો છે, આખા સંસારને  થલાવી નાખ્યો છે અને મોક્ષના પંથે એના પ્રયાણ શરૂ થયા છે, મહાપ્રયાણ છે, હવે એને કોઈ રોકનાર નથી.

પ્રશ્ન :– સુખબુદ્ધિનો નિર્ણય પહેલાં થવો જોઈએ ને ?

સમાધાન :– હા, નિર્ણય તો કરવો જોઈએ. જેનો નિર્ણય નથી અથવા એ પહેલાં ઊંધો નિર્ણય છે. એ પહેલાં શું છે ? નિર્ણય નથી કર્યો એ પહેલાં ઊંધો નિર્ણય છે તો ઊંધા નિર્ણયવાળાને ક્યાંથી લઢણ થાશે. ઊંધું લઢણ તો એનું ચાલે જ છે. એને સવળું લઢણ થાશે ક્યાંથી ? જેને જ્ઞાયક લક્ષમાં જ ન આવે એને એનું લઢણ કેવી રીતે થાય ? વિકલ્પ થયા કરે, લઢણ ન થાય. આ તો લીંડીપીપરના દૃષ્ટાંત જેવું છે. જેમ લીંડીપીપરને ઘસે અંદરથી એની શ િત પ્રગટે, એમ (અહીંયાં જ્ઞાયક સ્વભાવનું) જેમ લઢણ થાય એમ અંદરથી શ િતનો અંશ પ્રગટ થાય છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' બધા દાખલા એક એક પ્રવચનમાં આપ્યા છે આપણને એમ થાય કે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, બહુ ઘરગથ્થુ. અનુભવની વાણી છે ને ! શાસ્ત્રમાં એવી વાત એને ક્યાંય ગોતવા જાય ને ન મળે તોપણ અનુભવમાં આવે એવી જેની વાતો હોય છે. 'શ્રીમદ્જી' અનુભવી જીવની વાણીનું લક્ષણ બતાવતા આ વાત કરે છે કે, શાસ્ત્રમાં કદાચ ન હોય છતાં અનુભવમાં આવે એવી જેની વાણી હોય એવી જ્ઞાનીની વાણી હોય છે. ત્યારે ઓલા લોકો શાસ્ત્રમાં ગોતે છે, શાસ્ત્રમાં છે કે નહીં ? શાસ્ત્રમાં છે કે નહીં ? (જો હોય) તો આપણે માનીએ. તને શાસ્ત્રમાંથી મળે તોપણ તારું માનેલું ં નકામું છે. કદાચ તને શાસ્ત્રમાંથી જડે અને પછી તું સ્વીકાર કર કે, ના, ના શાસ્ત્રમાં પણ છે ને આ કહે છે, બન્ને વાત બરાબર છે. તારું તો માનેલું ખોટું જ છે, તારું માનેલું સાચું નથી. તને સીધી પ્રતીત આવવી જોઈએ કે આ પુરુષ કહે છે એમાં બીજી વાત, બીજો ફેરફાર હોય શકે

નહીં. એમાં સ્વપ્ને પણ શંકા કરવી એ આત્માને ખોવાની વાત છે, એ વાત છે. સમજીને (માને), ભલે સમજવામાં વાર લાગે એનો વાંધો નહીં, આશંકા થાય એનો વાંધો નહીં પણ એ સાચા છે એમ રાખીને આશંકા કરજે; ખોટા છે, ભૂલ કરતા હોય, કદાચ એમની પણ ભૂલ થતી હોય ઇ વિકલ્પ ઉઠાવીશ નહીં કોઈ દિવસ. ભૂલેચૂકે પણ એમની ભૂલ હશે કે કેમ એ શંકામાં પણ જઈશ નહીં તું. ભૂલ તો જોઈશ નહીં પણ ભૂલની શંકામાં પણ જઈશ નહીં. એમ છે. ૧૩૨ (બોલ પૂરો) થયો.

**જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા-આતુર હોય છે. અહો ! તે પરમ પુરુષાર્થી મહાજ્ઞાનીઓની દશા કેવી હશે કે અંદર ગયા તે બહાર આવતા જ નથી ! ધન્ય તે દિવસ કે જ્યારે બહાર આવવું જ ન પડે. ૧૩૩.**

૧૩૩ (વચનામૃતમાં) જ્ઞાનદશાનું વર્ણન છે. '**જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા...**' અથવા અત્યંત '**આતુર હોય છે.**' એક એક બોલ (અદ્ભુત છે). કોઈ આડીઅવળી વાત જ નથી. અધ્યાત્મનું માખણ ! 'ગુરુદેવ' એટલે જ આ ગ્રંથની વિશેષ પ્રશંસા કરતા. આમાં આડીઅવળી કોઈ વાત નથી રહેતી. કટકે કટકે વચનો સંકલિત કરતા મુમુક્ષુઓને માટે તો સારામાં સારો એક ઉચ્ચકોટિનો ગ્રંથ તૈયાર થઈ ગયો.

'**જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલબુદ્ધિવાળા–આતુર હોય છે.**' એવી અંદર ચૈતન્યની શોભા છે કે પોતાને સ્વાનુભવગોચર છે તોપણ એને વિશેષ વિશેષ અવલોકન કરવા માટે, એને અવલોકનમાં નિહાળવા માટે આતુર જ રહે છે અને કુતૂહલબુદ્ધિવાળા રહે છે. કુતૂહલમાં વિશેષ જિજ્ઞાસા રહે છે, વિશેષ ભાવ રહે છે. કેમકે અભેદપણે તો અખંડ આત્મા અનુભવમાં આવ્યો અને એમાં અભેદભાવે પૂર્ણ આત્માનું અવલંબન થયું અને જ્ઞાન થયું છતાં પણ એની અંદર વિશેષતાએ કેટલી ચૈતન્યની રિદ્ધિસિદ્ધિ છે એને નિહાળવા માટે

આતુર જ હોય છે, એની કુતૂહલતા એમને જાતી નથી.

પ્રશ્ન :- ... કુતૂહલતા, અનુભવ પછી કુતૂહલતા છે ?

સમાધાન :- કુતૂહલતા (એટલે) બહારની કુતૂહલતા નથી. સામાન્ય રીતે જગતના પ્રાણીને જગતના પદાર્થોની કુતૂહલતા હોય છે એ કુતૂહલતા નાશ પામી જાય છે, એમ કહેવું છે. ત્યાં એ અપેક્ષા છે, એ એમણે લીધું છે. આમાં એક બોલ એવો લીધો છે. આ જ બોલ આપણે વાંચ્યો એની આસપાસમાં જ એવો એક બોલ છે કે, તારું કુતૂહલ છૂટી જશે. તને કુતૂહલ નહીં રહે.

પ્રશ્ન :- અહીંયાં કુતૂહલ એટલે જિજ્ઞાસા લેવી ?

સમાધાન :- આતુરતા. અહીં આતુરતાનો Other word છે. કેમકે વચ્ચે જે ડેશ(–) કરી છે એ કુતૂહલબુદ્ધિવાળા એટલે આતુર રહે છે, એમ. કુતૂહલનો અર્થ એવો પણ થાય કે જે વિષયમાં અજાણ હોય, ન જાણ્યો હોય એ વિષયને જાણવાની ઇચ્છાને પણ કુતૂહલ કહે છે. અહીંયાં એવું એકાંતે નથી કેમકે વિષય તો અનુભવગોચર થઈ ગયો છે પણ આતુર હોય છે એ આતુરતાના ભાવસૂચક કુતૂહલતા અહીંયાં લેવી છે. કુતૂહલતામાં આતુરતા હોય છે. કુતૂહલતામાં નહીં જાણેલાને જાણવાની ઇચ્છા, ઇચ્છારૂપ આતુરતા હોય છે તો અહીંયાં આતુરતાનો Factor લેવો છે, એટલો જ મુદ્દો પકડવો છે.

મુમુક્ષુ :- વારંવાર આવવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, વિશેષ વિશેષ આતુર રહે છે. એટલે ઓલી કુતૂહલતાનો જે સામાન્ય અર્થ છે, રૂઢિગત અર્થ છે એટલો અર્થ નહીં લેવો.

૨૯ મો બોલ છે. **'પોતાના સ્વરૂપધામમાં રહેનાર એવા મને...'** જુઓ ! કેવી ભાષા આવી છે. **'પોતાના સ્વરૂપધામમાં રહેનાર એવા મને જગતના કોઈ ભાવોની ઇચ્છા નથી. એક ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરતાં મારી બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે.'** તૃપ્તિ પ્રગટ થઈ ગઈ છે, કોઈ ઇચ્છા હવે મને નથી. જ્ઞાયક પરિપૂર્ણને ઇચ્છા શેની ? અને ઇચ્છા હોય તો એ પરિપૂર્ણ શેનો ? આ સવાલ છે. માણસ એમ કહે કે તું શ્રીમંત હોય તો ભીખ માંગે છે શું કરવા ? તારી પાસે વૈભવ રિદ્ધિ-સિદ્ધિ આમ, દામ, ઠામ હોય તો તું ભીખ શેનો માગ ? ભીખ માગે છે એનો અર્થ કે તારી પાસે નથી. સીધી વાત છે. એમ આત્મા સ્વરૂપે કરીને પરિપૂર્ણ હોય તો એને ઇચ્છા શેની ? ને ઇચ્છા હોય તો એને પરિપૂર્ણતા શેની ?

આ લોકોએ (-શ્વેતાંબરોએ) કેવળજ્ઞાનમાં ઠરાવ્યું છે ને કે દવા મગાવે છે. એમ કે ભગવાન 'મહાવીર'ને લોહીખંડ ઝાડા થયા તો મુનિ પાસે દવા મગાવી કે, જાઓ તમે મારા માટે દવા વ્હોરી આવો, ત્યાં પદ્ધતિ છે કે એક મુનિ બીજા માટે વ્હોરી આવે. દિગંબરમાં એ પદ્ધતિ નથી. પોતાનો આહાર પોતે જ લેવા જાય. પોતાનો આહાર બીજો લાવી દે અને એ ગ્રહણ કરે એ દિગંબરની અંદર પદ્ધતિ નથી. પોતે જ આહાર કરે, ભા ભા જ ગ્રહણ કરે. એ અઠ્ઠાવીસ મૂળગુણનો એક ગુણ છે - ભા ભા આહાર લેવો, બેસીને આહાર ન લેવો, કરપાત્રમાં આહાર લેવો એ અઠ્યાવીસ મૂળગુણમાંના આ બધા ગુણ છે. એક વખત ભા ભા (આહાર લેવો).

મુમુક્ષુ :- આ તો તીર્થંકરનો જીવ હતો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. તીર્થંકરનો જીવ હોય એને તીર્થંકરપણું તો પ્રગટ થઈ ગયું. એને તો આહારનો પ્રશ્ન જ રહેતો નથી. ઇ તો અઢાર દોષરહિત છે, એને તો ક્ષુધા, તૃષા હોતી નથી. એ બન્ને દોષ એને ટળી ગયા છે પણ આ તો મુનિદશામાં પણ ઉણોદરી એ અઠ્યાવીસ મૂળગુણ છે. પેટ ભરીને આહાર લે નહીં, એક વખતથી વધારે વાર આહાર લે નહીં, ભા ભા આહાર લે, કરપાત્રમાં આહાર લે. આ ચારે અઠ્યાવીસ મૂળગુણમાંના જ મૂળગુણ છે. અઠ્યાવીસમાં જ આ ચારેચાર આવે છે. એમાં કોઈ અપવાદ હોય શકે નહિ, મૂળગુણમાં અપવાદ હોતો નથી. એમાં ફેરફાર ન થાય. નગ્નપણું એ મૂળગુણમાં છે.

પ્રશ્ન :- કોઈ ન જઈ શકે ઉંમરને હિસાબ કે ગમે તે હિસાબે તો ?

સમાધાન :- તો ઉપવાસ પડે અને કાં સંથારો કરી લે. ઉપવાસ પડે. એક ઉપવાસ, બે ઉપવાસ, મહિનાનો ઉપવાસ, બે મહિનાનો, છ મહિનાનો ઉપવાસ પડે. એમ લાગે કે હવે આમાં સ્વાસ્થ્ય ઠેકાણે આવે એવું નથી તો સંથારો લઈ લે, તો સંથારો લઈ લે.

'ગુરુદેવ'ની તો મુનિદશા નહોતી પણ 'જશલોક' (હૉસ્પિટલમાં) થોડાક દિવસ વધારે થયા તો કહે, હું સંથારો લઈ લઈશ. આહાર પાણી છોડી દઈશ. આ શું ? અહીં અમારું કામ છે ? અહીં હૉસ્પિટલમાં રહેવું ઇ અમારું કામ છે ? ઠીક ! એ તો એની વૃત્તિ - સિંહવૃત્તિ હોય છે. એ કોઈ પામર અને રાંકા નથી. એ તો સિંહવૃત્તિવાળા હોય છે. મુનિઓ તો કેવળજ્ઞાન લેવા નીકળ્યા છે, કાંઈ જેવી તેવી વાત નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ, મૂળગુણમાં કાંઈ ફેર પડે નહીં. કોઈની પાસે આહાર

મગાવે નહીં ને મગાવે તો કોઈ સાચો મુનિ હોય ઇ લાવે પણ નહીં. કોઈ ખોટો મુનિ મગાવે એટલે વેશધારી નગ્ન હોય અને મુનિપણું ન હોય ને કોઈ શિથિલાચારથી મગાવે તો ભાવલિંગી સંત કહે કે, આ શું ? આ હોય શકે નહીં. તમે મુનિ નથી, મુનિ તરીકેનો સ્વીકાર ન કરે કોઈ. ભાવલિંગી એનો સ્વીકાર કરે નહીં. સમ્યક્દૃષ્ટિ એનો સ્વીકાર કરે નહીં. એમ છે. એટલી શરીરની મમતા જ હોતી નથી, મમત્વ જ નથી હોતું. એમાં શું, દેહ છૂટી જાય તો શું કાંઈ આત્મામાંથી કાંઈ છૂટતું નથી. બહુ બહુ તો આહાર વિના દેહ છૂટે કે બીજું કાંઈ થાય ? આથી તો કાંઈ (વધારે) થાય નહીં ને ? ઇ કંઈ આત્મામાંથી કાંઈ છૂટતું નથી, ઇ તો એમણે છૂટો જ ભાળ્યો છે. એને તો ક્ષણે ક્ષણે છૂટો પડે છે. પછી એમાં ક્ષેત્રે છૂટો પડે તો એમાં શું બીજો ફેર પડી જાય છે ?

જેમ એક માણસ એમ કહે કે ભાઈ ! આપણે બે ભાઈઓ છીએ. બાજુ બાજુમાં એક મકાનનાં બે ભાગ કરીને વચ્ચે દીવાલ કરીને (રહીએ). (પહેલાં) દીવાલ વગર એમ ને એમ સંપીને રહેતા હતા પણ હવે અમારે એક બીજો સારો બંગલો બંધાવ્યો ને દૂર રહેવા ગયા છીએ, તો બન્નેને મમત્વ તો છૂટી જ ગયું છે કે એનો નફો-નુકસાન એને ત્યાં અને મારો નફો-નુકસાન મારે ત્યાં. એને ને મારે કાંઈ લેવા દેવા નથી. તો નજીક રહેતા હતા કે દૂર રહેતા હતા એને શું ફેર પડે છે ? કાંઈ ફેર પડતો નથી. કેમકે ઇ ક્ષેત્રથી દૂરપણું છે. જ્યાં ભાવથી મમત્વ છૂટ્યું ત્યાં ક્ષેત્રના મમત્વનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

**'એક ચૈતન્યસ્વભાવને ગ્રહણ કરતાં મારી બધી ઇચ્છાઓ તૂટી ગઈ છે. બહારમાં પુણ્યના–વૈભવના ઢગલાઓ દેખાય,...'** ગંજ ખડકેલા હોય **'પણ મને એની ઇચ્છા નથી;...' 'જાતજાતનાં બહારનાં જ્ઞેયો છે પણ મને તેમનું આશ્ચર્ય નથી.'** અનેકવિધ જ્ઞેયો હોય એનું કુતૂહલ પછી જ્ઞાનીને નથી. અહીં તો બહારમાં વાજા વાગે ત્યાં કુતૂહલ થઈ જાય. હવે આખી જિંદગી વરઘોડા જોઈ જોઈને તો ઉંમર નીકળી ગઈ હોય પણ એક વખત વાજા વાગે ત્યાં કહે, કોનું નીકળ્યું એમ કરીને બહાર જોવા માટે આવે, ઘરમાં બેસી શકે નહીં. સામાન્યપ્રાણીની આવી છીછરી પરિણામવૃત્તિ હોય છે. જ્ઞાની કહે છે કે, આખા જગતના અનેક ચિત્રવિચિત્ર જ્ઞેયો છે મને એનું કાંઈ કુતૂહલ નથી, એની કોઈ આતુરતા નથી કે ક્યાં કેવું હશે ને ક્યાં હશે ? 'અમેરિકા' કેવું હશે ને 'સ્વિટ્ઝરલેન્ડ' કેવું હશે ? ને બરફનો પર્વત કેવો હશે ? ને ડાલ સરોવરમાં હોડી ને પાણી કેવું હશે ? હવે જેવું હોય એવું. એને કાંઈ એની આતુરતા કે કાંઈ એની કુતૂહલતા થતી નથી. એ કુતૂહલતા દુઃખ છે, એમ

છે ખરેખર તો. જ્ઞાનીને એટલું દુઃખ ને દુઃખવાળી પરિણતિ હોતી નથી. એમ કહેવું છે.

**'જાતજાતનાં બહારનાં જ્ઞેયો છે પણ મને તેમનું આશ્ચર્ય નથી, અનંતકાળથી પુણ્યના ઠાઠનું આશ્ચર્ય** ભૂતકાળમાં **લાગતું હતું...'** ભૂતકાળમાં અજ્ઞાનદશામાં એ લાગતું હતું **'તે ભ્રાંતિને લીધે મારી ભૂલ હતી,...'** અનંતકાળથી પુણ્યના ઠાઠનું આશ્ચર્ય લાગતું હતું. કરોડપતિના અમથો અમથો વખાણ કરે. અરે...! ભાઈ ! કરોડ છે એની પાસે તો, કરોડો થઈ ગયા છે, અબજો થઈ ગયા છે, ફલાણું થઈ ગયું. હવે તું છાનોમાનો ભાઈસાહેબ (બેસ). એની પાસે હોય ઇ એનું છે, અમથું તારે લેવાદેવા નથી પણ તું મહિમા કરી કરીને તારા કર્મ શું કરવા બાંધે છો ? એમ કહેવું છે.

**'અનંતકાળથી પુણ્યના ઠાઠનું આશ્ચર્ય લાગતું તે, ભ્રાંતિને લીધે મારી ભૂલ હતી, જે ભૂલને કારણે પરિભ્રમણ થયું અને ત્યાં આકુળતા ને ખેદ...'** અને દુઃખનું વેદન કર્યું હતું. આ બધો ભૂતકાળનો એમને ખ્યાલ છે. **'હવે તો આ પુણ્યના વિલાસને છોડી હું મારા ચૈતન્યનિવાસમાં વસું છું.'** મારે કોઈ ઇચ્છા પણ નથી ને કોઈ આશ્ચર્ય પણ નથી ને કોઈ કુતૂહલ પણ નથી. એ આશ્ચર્ય અહીંયા કુતૂહલના નામે છે. એવું કુતૂહલ જ્ઞાનીને બહારના પદાર્થોનું  ડી જાય છે, ખસી જાય છે. પણ અંદરમાં તો એ આતુર છે. પોતાની ચૈતન્યની રિદ્ધિ સિદ્ધિ જોવા માટે એ આતુર છે. વચનો ખેંચીને ઘણું સારું કામ કર્યું છે.

(અહીંયાં) શું કહે છે ? **'જ્ઞાની ચૈતન્યની શોભા નિહાળવા માટે કુતૂહલ બુદ્ધિવાળા-આતુર હોય છે.'** પોતાના ચૈતન્યની મહાનતા અવલોક્યા જ કરે છે, અવલોક્યા જ કરે છે ને ધરાતા નથી. જેમ કોઈ ભગવાનની એવી મૂર્તિ કંડારી હોય, વીતરાગભાવ કે જેને જોતા ધરાય નહીં. એનો શાંતરસ, વીતરાગરસ જોતા ધરાય નહીં. આ 'શ્રવણબેલગોલા'માં 'બાહુબલીજી'ની એવી જ મૂર્તિ છે અને સમવસરણમાં એવું હોય છે. સાક્ષાત્ જે પરમાત્મા હોય છે એમની જે શાંતતા, સૌમ્યતા, શરીરની સુંદરતા, નમણાશ એટલે બધા અવયવોનું ખાસ કરીને મુખ્યત્વે ચહેરાનું ઘાટીલાપણું, આમ તો એમનું સમચતુરસ્ત સંસ્થાન હોય છે. એટલે બહુ લાંબા હોય કે બહુ જાડા હોય કે એવું કાંઈ નથી હોતું. પદ્માસને બેસે તો ઓરસ-ચોરસ સરખું માપ આવે એવું એમનું શરીરનું – ચરમશરીરનું સંસ્થાન હોય છે પણ એ તીર્થંકર પ્રકૃતિને લઈને એટલું બધું એમને બહારની વીતરાગતા સાથેનું શરીરનું રૂપ હોય છે, વીતરાગતા સહિતનું (છે) કે, જોનારને ઉપયોગ ફેરવવો ગમે નહીં ને ફાવે નહીં, ઉપયોગ બદલવો ગમે નહીં. એને જોયા જ કરો, જોયા જ કરો ચોવીસ કલાક ! ભૂખ-તરસ ભૂલી

જાય, બધું ભૂલી જાય, નિંદ્રા ન આવે, ભૂખ ન લાગે, તરસ ન લાગે, ઊંઘ ન આવે. સમવસરણમાં જાય એને બધું છૂટી જાય. ભગવાનને તો ભૂખ-તરસ નથી પણ ભગવાનને જોનાર ને ભગવાનની વાણીને સાંભળનારને ભૂખ-તરસ એટલો ટાઇમ ચાલી જાય છે, ડી જાય છે. એટલો તો અતિશય સમવસરણમાં છે. આ તો (શ્વેતાંબરમાં) ભગવાનને ભૂખ-તરસ ઠરાવે છે.

મુમુક્ષુ :- આ જીવ સમવસરણ અનંતવાર ગયો છે અને પાછો આવ્યો બહાર ..

પૂજ્ય ભાઈશ્રી :- અનંતવાર ગયો છે. હા, એની ઊંધાઈ કાંઈ પાર વગરની ખરી ને ! ઊંધાઈ પણ પાર વગરની ખરી ને ! ત્યાં પણ એણે શંકા કરી હશે, ત્યાં એણે કાંઈક ને કાંઈક ફ્રોદો કાઢયો હશે કે, આટલું બધું છે તો આમ કેમ ?

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- બહુ એવું સાતિશય હોય છે, એવું સાતિશય હોય છે કે એવું જોવા ન મળે, જગતમાં ક્યાંય એનો જોટો જ ન હોય. એટલી પુણ્ય પ્રકૃતિ ! તોપણ આ જીવને ઊંધાઈ થાય એમાં ઇ સ્વતંત્ર છે. એમ છે. છે છે, પૂર્વ સંસ્કારને તોડે નહીં ત્યાં સુધી એની સંતતિ ચાલે છે. અનંતકાળમાં ઊંધા ભાવ ક્યાં ક્યારે કેવા કર્યા છે એ છોડે નહીં ત્યાં સુધી એની સંતતિ ચાલે. એટલે એક વખત એવા વિરુદ્ધ પરિણામરસને, વિરુદ્ધભાવરસને અવિરુદ્ધભાવરસથી તોડી નાખવો જોઈએ પછી રસ્તો સાફ છે ને સુગમ છે ને સહેલો છે. નહીંતર ભાવ ક્યારે ક્યાં ડીને પડે એનો કાંઈ પત્તો લાગે એવું નથી.

પ્રશ્ન :- સમવસરણ એટલે શું ?

સમાધાન :- સમવસરણ એટલે ભગવાનની ધર્મસભા. એનું નામ સમવસરણ કહેવાય છે. જેમ ગામમાં સભા ભરાય એવા હોલને ટાઉનહોલ કહે છે કે નહીં ? કે આ આપણા મોતીબાગમાં ટાઉનહોલ છે. સભા ભરવી હોય તો ત્યાં ભરી શકાશે. એમ ભગવાનની ધર્મસભા ભરવાનું સ્થાન જે ઇન્દ્રોએ તૈયાર કરાવ્યું છે, એના ખજાનચી પાસે – કુબેર પાસે કે, તારી પાસે જેટલું ધન હોય એટલું ભલે વપરાય જાય પણ એકવાર એવી ધર્મસભા બનાવ કે ભગવાનને બિરાજમાન કરવા માટે એમ લાગે કે કાંઈ ખામી નથી. પણ એને અક્ષય દ્ધિ છે એટલે એનો કાંઈ ખજાનો ખાલી થતો નથી અને એના ખજાનામાં છે એના કરતાં પણ કોઈ વિશિષ્ટ સૌંદર્યવાળું સ્થાન ધર્મસભા પ્રગટ થાય છે કે એને આશ્ચર્ય થાય છે કે આવું ક્યાંથી થયું ! આવું તો મારી બનાવવાની કલ્પના પણ નહોતી એવું થઈને ભું રહ્યું આ તો !! એવું બનાવતા બનાવતા એવું બની જાય છે.

મુમુક્ષુ :- બહારની વિભૂતી જોવામાં જીવ અટકી જાય, પોતામાં ન જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, અટકી જાય છે. હા, બરાબર છે. એવું પણ બને છે. એવા પુણ્યના મહિમાવાળા જીવો હોય છે અથવા આ જીવે પુણ્યનો એવો મહિમા કર્યો છે કે તીર્થંકરનો મહિમા કરવાને બદલે આ સમોસરણનો મહિમા કરવા લાગી ગયો. વાહ ! શું અહીંયાં રત્નજડિત ને હીરાજડિત ને શું અહીંયાં બધું દૈવી વાતાવરણ છે !! એ પુણ્યના મહિમામાં અટકી જાય છે તો એને આત્માનો મહિમા નથી. એવું પણ બને છે. ત્યાં એવું બધું જોવાનું છે કે એમાં પણ ભૂલો પડી જાય છે. એવા ગઢ ને એવા કાંગરા ને એવા ઓરડા ને એવા સભાસ્થાનો છે, એવા નાટારંભના નાટ્યસ્થાનો છે. ત્યાં નાટકો થતા હોય છે, જ્યારે ભગવાનની દિવ્યધ્વનિ બંધ થાય ત્યારે. એ નાટકશાળાઓ ને બધું અંદર હોય છે. એ બધું જોવામાં, એની શોભા જોવામાં એના ચિત્રો જોવામાં ભૂલો પડી જાય ને કાળ પૂરો થઈ જાય. ભગવાનની દિવ્યધ્વનિ સાંભળવામાં એની રુચિ જામે નહીં. ઓલામાં રુચિ જામે ને આમાં રુચિ ન જામે. ઓલી રુચિ તો પડી જ છે, ત્યાં એનો વિકાસ થઈ જાય. એ પુદ્‌ગલની રુચિ વધી જાય, આત્માની રુચિ ન વધે તો જઈને પાછો આવે. વિશેષ લઈશું...

***

**મુનિએ બધા વિભાવો પર વિજય મેળવી પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે. વિજયધ્વજ ફરકી રહ્યો છે. ૧૩૪.**

તા. ૩-૦૬-૧૯૮૭, વચનામૃત–૧૩૪,૧૩૫
પ્રવચન નં. ૧૦૪

(મુનિરાજે) ત્રણ (કષાયની) ચોકડીનો નાશ કર્યો (છતાં) પણ સંજ્વલનનો મંદ ઉદય વર્તે છે. એટલે એ લગભગ નાશ પામવાની પરિસ્થિતિ ઉપર એટલો પાતળો થઈને પ્રવર્તે છે. એટલે એ પણ નાશ પામી જશે એમ ગણીને (એમ કહ્યું કે), '**બધા વિભાવો પર વિજય મેળવી...**' અથવા સંસાર અવસ્થામાં સંસારી જીવને જે બધા પ્રકારના વિભાવો થાય છે તેવા કોઈ પ્રકારના વિભાવો મુનિરાજને થતા નથી એટલે એ બધા વિભાવો ઉપર એમણે વિજય મેળવી લીધો છે અને પછી એમણે પ્રવ્રજ્યા એટલે દીક્ષા અંગીકાર કરી છે. દીક્ષા અંગીકાર કરી છે એવી સાદી ભાષા નહીં વાપરવાને બદલે '**પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યને પ્રાપ્ત કર્યું છે.**' એમ કહે છે.

જેમ કોઈ રાજા લડાઈ કરીને વિજય મેળવ્યા પછી સામા માણસના રાજ્ય ઉપર સામ્રાજ્ય કરે છે એમ આમણે પણ કષાયો ઉપર વિજય મેળવીને શેનું સામ્રાજ્ય લીધું ? કે '**પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું...**' એ કોઈ યાચકવૃત્તિની ભૂમિકા નથી કે રોજ ઘરે ઘરે જઈને માગ્યા

કરે એવી કોઈ યાચકવૃત્તિની ભૂમિકા નથી. મુનિરાજ તો જગતના ઇન્દ્રો ને રાજાઓ ને ચક્રવર્તીઓથી પણ મહાન છે. એ યાચકવૃત્તિના, કોઈ દીનવૃત્તિના પ્રાણી નથી. જબરદસ્ત પુરુષાર્થ જેને ઉત્પન્ન થયો છે અને દીક્ષારૂપી સામ્રાજ્ય જેણે પ્રાપ્ત કર્યું છે, એ કાંઈ દીન નથી. એમની પાસે જે આત્મિક વૈભવ છે એવો વૈભવ જગતના કોઈ પ્રાણી પાસે નથી.

'કુંદકુંદાચાર્યે' પાંચમી ગાથામાં 'સમયસાર'માં કહ્યું ને કે, હું આ 'સમયસાર'રૂપી અરિહંત પ્રવચનના અવયવરૂપ અંશને; અરિહંત પ્રવચનનો અવયવ કહ્યો છે, મારા નિજ વૈભવથી કહીશ. એમ કહ્યું. મારા નિજ વૈભવથી કહીશ. મારી પાસે આત્માનો વૈભવ પ્રગટ છે એનાથી હું કહીશ. ('સમયસાર') કહેવામાં મને એનો આધાર છે. આગમ અનુસાર ને અમારા ગુરુઓની પરંપરા અનુસાર તો આ વાત અમે જાણી હતી, સમજ્યા હતા, સંમત પણ કરી હતી પણ ત્યારપછી એ વિષયમાં અમે પવિત્રતાનો વૈભવ પ્રગટ કર્યો અને એ શુદ્ધતાના આધારે અમે આ વાતને કહેશું. અશુદ્ધતામાં પડ્યા છીએ ને આ વાત કહેશું એમ નહીં, શુદ્ધતામાં આવીને આ વાત કહીએ છીએ. પોતે વૈભવ લીધો છે.

**'પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્ય પ્રાપ્ત કર્યું છે.'** અને મુનિરાજને સાધકજીવો, ધર્માત્માઓ એ નજરથી જોવે છે કે મુનિરાજ એટલે કષાયો ઉપરની લડાઈમાં જીતીને વિજયધ્વજ ફરકાવી રહ્યાં છે એવા મહાત્માઓ, એને મુનિરાજ કહેવામાં આવે છે. જેમ કોઈ લડાઈ જીતીને સામાના કિલ્લા ઉપર એનો ઝંડો ફરકતો રહે એમ વિજય મેળવ્યો છે જેણે કષાયો ઉપર અને એ કષાયો (ઉપર જીત) મેળવીને જે જિન થયા છે. મુનિરાજને પણ જિન કહેવામાં આવે છે. ભગવાનને જિનેન્દ્ર (અર્થાત્) જિનના ઇન્દ્ર કહેવામાં આવે છે, શ્રેષ્ઠ છે માટે. સર્વજ્ઞદશા પ્રાપ્ત કરી એટલે એ જિનની શ્રેષ્ઠદશા પ્રાપ્ત કરી છે. જિન એટલા માટે કહેવામાં આવે છે કે જીતે છે – કષાયોને એ જીતે છે માટે જૈન – જિન કહેવામાં આવે છે.

'સોગાનીજી'એ 'ગુરુદેવ'ના પ્રવચનોનો એવો એક ઉલ્લેખ પત્રમાં કર્યો છે. 'ગુરુદેવ'નો મહિમા કરતાં કરતાં એ વાત કરે છે કે, કેવળજ્ઞાનનો ઝંડો ફરકાવતાં ફરકાવતાં અમે, સાધકદશાનો વીતરાગતાનો ઝંડો ફરકાવતાં ફરકાવતાં અમે આજકાલમાં કેવળજ્ઞાન લેશું. જુઓ ! 'ગુરુદેવ'ની મસ્તી ! એમ કરીને લખ્યું છે. કોઈ 'આત્મધર્મ'ના પ્રવચનમાં આવ્યું હશે. કેવળજ્ઞાન લેવા માટે નીકળ્યા છે, અમે નીકળ્યા છીએ અને વીતરાગતાનો ધર્મનો ઝંડો ફરકાવતાં ફરકાવાતાં આગળ વધી રહ્યાં છીએ, આજકાલમાં અમે કેવળજ્ઞાનને લેશું. અલ્પકાળમાં લેવાના છીએ એટલે આજકાલમાં અમે કેવળજ્ઞાનને લેશું.

એ જે વિજયની દશા છે જેના ઉપરથી બહુ પ્રચલિત શબ્દ 'જૈન' અને જિનપણું, જિનેન્દ્રપણું (એવા) અનેક શબ્દો ઉત્પન્ન થયા. એ બહુ ભાવવાચક શબ્દ છે. જેને સમ્યક્ પ્રકારે કષાયનો અભાવ થાય છે અને સમ્યક્ દશા પ્રગટ થાય છે, સાધકદશા – જિનદશા પ્રગટ થાય છે એ એવી જ દશા છે. ખરેખર વિજય મેળવ્યો હોય એવી દશા છે. એને એ પ્રકારનો અનુભવ થાય છે કે, ખરેખર આ લડાઈમાં હું જીત્યો છું એક Struggle ચાલે છે, એક દ્વંદ્વ – યુદ્ધ ચાલે છે અંદરમાં અને પોતાના પૂર્વ સંસ્કારોને લઈને ઉત્પન્ન થતી જે કષાયભાવોની – વિભાવભાવોની જે શૃંખલા, એ સાંકળના મકોડે મકોડા તોડીને, છૂટા પાડીને વેરવિખેર કરીને એનો નાશ કરી નાખે છે એવું એક અંદરનું યુદ્ધ જીતે છે, પુરુષાર્થથી – પ્રચંડ પુરુષાર્થથી જીતે છે. એ વાતને ભાવમાં ઉતારવા માટે એનો શબ્દ લીધો છે 'જૈનપણું', 'જિનપણું', 'જિનેન્દ્રપણું' એ બધા એના શબ્દો છે એ બહુ ભાવવાચક શબ્દો છે અને એ સ્વાનુભવનો સૂચક છે, એ પ્રકારના અનુભવનો એ સૂચક શબ્દ છે.

કેમ આખા જગતની સાધકને તમા નથી ? કે, આખું જગત છે એ રાંકુ, દીન, લાચાર, કષાયની પાસે હારેલું જોવે છે કે આ જગતના જીવો બિચારા રાંકા છે. એ હારી જાય છે અને કષાયમાં તણાય જાય છે, કષાયના પ્રવાહમાં એ હારીને તણાય છે. એટલા એ હીન સત્ત્વ છે, હીન વીર્ય છે કે જે કષાયની અંદર તણાય જાય છે. અમે તો હવે એના ઉપર વિજય મેળવીને એક બાદશાહ થઈ ગયા છીએ, સામ્રાજ્યને પ્રાપ્ત કર્યું છે. એટલે એ નબળા વર્ગને પણ સમજે છે અને જે પુરુષાર્થથી પ્રબળ થયા છે, બળવાન થયા છે એવા બળવાનના વર્ગને પણ સમજે છે અને પોતાની દશાનો પણ અનુભવ કરે છે (કે), કેટલી જીત મેળવી છે ને કેટલી જીત મેળવવાની બાકી છે.

બહુમાન આવવાનું કારણ એમનો પુરુષાર્થ છે. કેમકે દર્શન તો બધાને સરખું છે. સમ્યક્દર્શન તો તિર્યંચને છે એવું જ સિદ્ધ પરમાત્માને સિદ્ધાલયમાં છે. આત્મજ્ઞાન(માં) તારતમ્યતા – સ્વાનુભૂતિમાં તારતમ્યતા છે, આચરણમાં તારતમ્યતા છે પણ એ તારતમ્યતા તો પુરુષાર્થને વશ પડેલી (તારતમ્યતા) છે. જેટલો પુરુષાર્થ (વિશેષ) એટલું સ્વાનુભૂતિનું વેદન ઊંડું અને તીવ્ર–ઉગ્ર, એટલો સ્વરૂપ સ્થિરતા ને લીનતાનો આચરણનો પર્યાય પણ એટલો સ્થિર અને વિશેષ વીતરાગરૂપ છે, વધુ વીતરાગતા ઉત્પન્ન થઈ છે, પણ એ બન્ને પુરુષાર્થને આધીન છે. એટલે પુરુષાર્થની દૃષ્ટિએ ઉપરની ઉપરની દશાવાળા સાધકને જોવે છે ત્યારે એમનો પુરુષાર્થ જોઈને પોતાને એનું બહુમાન ને ભક્તિ આવ્યા વિના રહેતા નથી. એટલે

એ મુનિરાજને વિજયધ્વજ ફરકાવનારા જુએ છે. કષાયોને હરાવીને વિજયધ્વજ ફરકાવનારા અને પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યનું રાજ કરનારા રાજવી જોવે છે. મુનિરાજ કહેવાય છે મુનિ-રાંકા નથી કહેવાતા, મુનિ દરિદ્રી નથી કહેવાતા, મુનિરાજ કહેવાય છે. એનું કારણ એ છે કે ખરેખર એ પોતાના વીતરાગતાના રાજને રાજે છે, ભોગવે છે એ રાજને. મુનિભ તિ તો આ ગ્રંથની અંદર બહુ સુંદર કરી છે !

મુમુક્ષુ :- પુસ્તક બહાર પાડ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પુસ્તિકાનું નામ જ 'ધન્ય મુનિદશા' આપ્યું છે. એમનો બોલ છે એ જ પ્રમાણે પુસ્તિકાનું નામ આપ્યું છે – 'ધન્ય મુનિદશા'.

પ્રશ્ન :- વિભાવ એટલે શું ?

સમાધાન :- વિભાવ એટલે વિકારીભાવ, વિકારીભાવ. સ્વભાવ એટલે અવિકારી ભાવ અને વિભાવ એટલે વિકારરૂપ ભાવ એને વિભાવ કહ્યો. બન્ને પરસ્પર વિરુદ્ધ છે. પ્રશ્નોત્તરમાળા વાંચી હતી કે નહીં ? પ્રશ્નોત્તરમાળા નથી વાંચી ? નહોતા લઈ ગયા ? લઈ ગયા નથી. આપણે વાત થઈ હતી. (તેઓ) ઘણા શબ્દોના અર્થ, પ્રચલિત શબ્દોના અર્થ જાણતા નથી. પ્રશ્નોત્તરમાળા છે (એમાં) બધા શબ્દોના અર્થ વ્યાખ્યા સહિત અર્થ (આપ્યા છે) એ એક વખત વાંચી જાઓ. વાંચી તો શકો છો ને ? વાંચી શકો છો ને ? એક વખત શબ્દોના અર્થ ન સમજાતા હોય એને તો સમજી જ લેવા જોઈએ, બીજો એમાં ઉપાય નથી. કેમકે શાસ્ત્ર વાંચનમાં તો શાસ્ત્રની પરિભાષા તો ઓછાવત્તા અંશમાં તો ગમે એટલું સાદું કરવામાં આવે તો (પણ) ઓછાવત્તા અંશમાં તો શાસ્ત્રીય પરિભાષાના શબ્દનો પ્રયોગ થયા વિના રહે નહીં.

મુમુક્ષુ :- આપણે અહીંયાં પણ પ્રશ્નોત્તરમાળાના  લાસ ચલાવવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- મને  લાસ લેતા આવડતું નથી. (આ) બેન છે એ એમાં તૈયાર થયેલા છે. પ્રશિક્ષણની અંદર તૈયાર થયેલા છે, એ કલાસ લઈ શકે એવા છે. બહેનોને તો  લાસ માટે અનુકૂળતા છે. બાકી આપણે (કોઈ વિદ્વાનને) કોઈવાર બોલાવીએ, એ બહુ સારા કલાસ લે છે. એમને કલાસ લેવાનું સારું ફાવે છે. મને એ પદ્ધતિ નથી ફાવતી. બાકી તો આપણે જે સ્વાધ્યાય ચાલે છે એ પ્રશ્નોત્તરમાળા – 'જૈનસિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા' વાંચી જાય અને એમાંથી કોઈ શબ્દનો અર્થ ન સમજાય તો આપણે ખુલાસો કરી નાખશું. બહુભાગ તો સમજાય એવું છે. જેને પરિચય છે, વાંચન છે, શ્રવણ છે એને તો લગભગ સમજાય

એવું હોય છે. કોઈ શબ્દ ન સમજાય તો પુસ્તક સામે રાખીને આપણે ખુલાસો કરશું પણ શીખવાનું પહેલેથી ફાવ્યું નથી એટલે શીખવવાનું પણ ફાવતું નથી. કોઈ લાસમાં બેસીને શીખવું, ગોખવું (એ) પદ્ધતિ પહેલેથી ફાવી જ નથી. શીખવા માટે કોઈવાર લાસમાં બેઠો જ નથી.

પ્રશ્ન :– સહજ અંદરથી જ આવે છે ?

સમાધાન :– એનું શું છે કે ગોખવું-બોખવું ઇ વિચાર ને અભિપ્રાયની અંદર બરાબર Set નથી થતું કે ગોખવું શું ? આત્માનો અનુભવપ્રધાન ધર્મ છે તો બધા ભાવો તો અનુભવમાં આવે છે તો ઇ પદ્ધતિથી એને સમજવાનો પ્રયત્ન કરવો જોઈએ, એમ. પહેલેથી એ પદ્ધતિ ઉપર આવી ગયો. ૧૩૪ (બોલ પૂરો) થયો.

**એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય. આત્મા તો અનાદિ અનંત ગુણોનો પિંડ છે. ૧૩૫.**

૧૩૫. **'એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા.'** કેમકે દોષ કેટલા ? પરિણામમાં જે દોષ થાય છે, પરિણામમાં દોષ થાય છે, હોં ! અન્ય પદાર્થમાં દોષ નથી થતા. જીવનો દોષ જીવના પરિણામમાં ને જીવની પર્યાયમાં થાય, એથી બહાર ન થાય. એના પ્રકાર કેટલા ? કે, અસંખ્ય પ્રકાર છે. જીવના પરિણામના દોષના અસંખ્ય પ્રકાર છે. એવા અસંખ્ય પ્રકારના દોષને એક એકને ગોતી ગોતીને સમજી સમજીને ટાળવા નથી પડતા. શું આમાં માર્ગદર્શન છે ? કે, તારે સર્વ પ્રકારના દોષ ટાળીને સંપૂર્ણ નિર્દોષ દશા પ્રાપ્ત કરવી હોય તો એમાં બધા પ્રકારના દોષને ગોતી ગોતીને – શોધી શોધીને, સમજી સમજીને ટાળવા પડે કે આને આમ ટાળવો, ક્રોધ આવે તો એને ક્ષમાથી ટાળવો, માનનો દોષ આવે તો એને નમ્રતાથી ટાળવો એમ જે સામે સામે લેવામાં આવે છે ખરેખર એ પદ્ધતિથી કાંઈ

દોષને ગોતી ગોતીને – શોધી શોધીને ટાળવા માટે ટાળવાની પદ્ધતિ બરાબર નથી અથવા દોષ ટાળવા માટે એમ નથી કરવું પડતું. દોષ ટાળવા માટેનો એનાથી સુગમ અને સરળ ઉપાય છે એમ કહેવું છે.

જેમ સામાન્ય રીતે દરેક તાળાને જુદી જુદી ચાવી હોય છે એમ દરેક દોષને પણ એનો પ્રતિપક્ષભૂત નિર્દોષ પરિણામ હોય છે તોપણ જેમ એક Master key થી બધા તાળા ખૂલે છે એમ અહીંયાં પણ એક એવી Master key હોય છે કે બધા દોષને ટાળવા માટે એને લાગુ કરો તો કોઈપણ પ્રકારનો દોષ હોય તો ટળી જાય. એકેય તાળું ન ખૂલે એવું ન બને. એમ.

**'એક એક દોષને ગોતી ગોતીને ટાળવા નથી પડતા. અંદર નજર ઠેરવે તો ગુણરત્નાકર પ્રગટે અને બધા દોષનો ભૂકો બોલી જાય.'** કેવી ભાષા આવી છે ! પુરુષાર્થની ભાષા છે ને ! બધા દોષ નાશ પામશે એમ હળવી વાત નથી લીધી. બધા દોષનો ભૂકો બોલી જશે. જેમ કોઈ તોપનો ગોળો છૂટે અને સામે મજબૂત કિલ્લો હોય તોપણ કાંકરે કાંકરી (કરીને) રેતીનો ઢગલો કરી નાખે. એટલો જોરદાર વિસ્ફોટ હોય કે કાંકરે કાંકરી પત્થરની જુદી પાડી દે. એમ દોષનો ભૂકો બોલી જાય એવું છે. જો અંદર ગુણરત્નાકરને પ્રગટ કરે, અંદરમાં ઉપયોગને સ્થિર કરીને શુદ્ધોપયોગ દ્વારા જો ગુણરત્નાકર આત્માને – રત્નાકર એટલે સમુદ્ર, રત્નનો આકર, આકર એટલે સમુદ્ર, જેમાં રત્નોનો સમુદ્ર છે એવા આત્માને પ્રગટ કરે તો બધા દોષનો ભૂકો બોલી જાય એવું છે. કોઈ દોષ ટકી શકે, આત્માના પ્રચંડ પુરુષાર્થની શક્તિ પાસે કોઈ દોષ ટકી શકે, કોઈ કર્મ ટકી શકે, દોષ એટલે ભાવકર્મ છે એના નિમિત્તે પુદ્‌ગલ પ્રકૃતિમાં કાર્મણવર્ગણામાં જે ફેરફાર ઉત્પન્ન થાય છે એને દ્રવ્યકર્મ કહેવામાં આવે છે, (એ) કોઈ ટકી શકે એ નહીં બને. (કોઈ) કહે કે, આ જીવ તો અનંતકાળથી અનંતા કર્મો બાંધતો આવ્યો છે. કર્મ સંચય એનો વધતો જાય છે, ભારેકર્મી થતો જાય છે કરવું શું ? કે એના એક ધનુષ્યના ટંકારે બધા ભાગવા માંડશે. કાંઈ એનું જોર નથી, તારી પાસે એનું કાંઈ જોર નથી.

એક બોલ આમાં બહુ સરસ લીધો છે કે જ્યારે માણસ ઊંઘતો હોય છે ત્યારે એના ઉપર મચ્છર આવીને બેસે, માખી આવીને બેસે, મચ્છર ચટકા પણ ભરી જાય, માકડ પણ આવીને કરડી જાય. ક્યાં સુધી (કરડે) ? માકડ, મચ્છરની શક્તિ કેટલી માણસ પાસે ? બુદ્ધિ પણ કેટલી ને શક્તિ પણ કેટલી ? પણ એ ઊંઘતો હોય ત્યાં સુધી આવી આવીને બેસે,

ચટકા પણ ભરે. એને એમ થાય કે, આહા...! આવડો મોટો માણસ છ ફૂટનો કેવો ચટકાવ્યો ને કેવો ફટકાવ્યો ! અંદરમાં રાજી થાય પણ ઇ ઊંઘે છે ત્યાં સુધી, હોં ! જાગ્યા પછી તારી દેન નથી કે એને તું ચટકાવી શકે. એમ તું જાગ. બહુ સરસ બોલ છે.

તું જાગ તો આ કર્મ- ફર્મ કાંઈ નથી. તું ંઘે છો ત્યાં સુધી એ બધા તને ચટકાવે છે. બાકી તું જાગ તો તારી શ િતને સંભાળ તો એટલી બધી અનંત શ િત તારામાં ભરી છે કે એ તો તને શ િતનું ભાન આવતા એ બધા હાલવા માંડે છે, રસ્તો છોડી છોડીને હાલવા માંડે છે, ભાગો ભાગો ! મરી ગયા આ તો. જેમ ઓલો ઊંઘતો માણસ સળવળે તોપણ માખી બેઠી હોય તો ડી જાય કે, આ તો હલ્યો. એ હલે ત્યાં ભાગી જાય. (એમ) મોટા ભાગના કર્મની તો એવી સ્થિતિ છે. આ દર્શનમોહ ને એવા થોડાક જરાક ચીકણા ભાવે બાંધેલા હોય છે ને ચીકણી પ્રકૃતિવાળા હોય છે એને માટે થોડો પુરુષાર્થ શરૂઆતની અંદર વિશેષ જાગૃતિવાળો જોઈએ. પછી એ દર્શનમોહને અનુષંગિક ચારિત્રમોહની જે એકતાલીસ પ્રકૃતિ છે એ ગઈ અથવા એ રૂપ પરિણામ ગયા. પછી બાકી તો બધા રમતમાત્રમાં, મોક્ષમાર્ગી ધર્માત્માઓ એનો લીલામાત્રમાં નાશ કરીને કેવળજ્ઞાનને પ્રાપ્ત કરે છે. કેમકે પછી તો શ િત આવી ગઈ અને શ િતની જાગૃતિ આવી ગઈ.

અહીંયાં કેટલાક મૂંઝાય છે કે, આવો દોષ થાય તો શું કરવું ? આવો દોષ થાય તો શું કરવું ? આવો દોષ થાય તો શું કરવું ? એમ મૂંઝાય છે. એને કહે છે, તારે કાંઈ બહુ મૂંઝાવાની જરૂર નથી. એ દોષનું સામાધાન ચોપડીઓમાંથી ગોતી ગોતીને, વાંચી વાંચીને, ગોખી ગોખીને કાંઈ તૈયાર થવાની જરૂર નથી. એક ઉપયોગ અંદરમાં સ્થિર કર. એક ક્ષણનો ઉપયોગ અનંતા કર્મોની નિર્જરા લાવે છે. એ તો ભાવથી ન સમજે એને કર્મથી સમજાવવું પડે છે. અંદરમાં એટલી શુદ્ધિ પ્રગટ થાય છે, એટલી શ િત પ્રગટ થાય છે કે, વિભાવની જે યોગ્યતા ગર્ભિતપણે જીવમાં રહેલી હોય છે એનો ક્ષય થઈ જાય છે. જેમ સંચિત કર્મનો ક્ષય થઈને નિર્જરી જાય છે, ઉદયાભાવિક ક્ષય જેને કહે છે, સ્થિતિ ટૂંકાઈ ટૂંકાઈને (ક્ષય થતો જાય છે), એમ અંદરમાં વિભાવની યોગ્યતાઓ પડી હોય છે એ યોગ્યતાઓનો નાશ થઈ જાય છે. વર્તમાન શુદ્ધ અને ભાવિ પણ શુદ્ધતાનો પ્રકાર ઉત્પન્ન થઈ જાય છે.

જીવને આ બહુ સહેલો રસ્તો બતાવ્યો છે કે, એક એક દોષને ગોતી ગોતીને ટાળવાની માથાકૂટમાં તારે પડવાની જરૂર નથી, એ જરૂર નથી. બસ ! '**અંદર નજર ઠેરવે...**' 'નજર'

એક સાદી ભાષા લીધી છે પણ એની અંદર શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્ર – દર્શન, જ્ઞાન, ચારિત્ર અને પુરુષાર્થની પરિણતિ બધી સાથે અભેદ લેવી, એક એકને જુદું જુદું લેવાનો પ્રશ્ન નથી. **'અંદર નજર ઠેરવે...'** (એટલે) પોતાના સ્વરૂપ ઉપર (દૃષ્ટિ કરે). 'ગુરુદેવ' એમ કહેતા, ત્રાટક લગાવે. આ ત્રાટકને લોકો સમજી શકે છે ને ! એમાં એકાગ્રતા હોય છે, એમાં નિષ્ઠા હોય છે, એમ. એમ આમાં પણ નિષ્ઠા એટલે શ્રદ્ધા હોય છે. જ્ઞાનમાં એનું અનુભવન હોય છે, એમાં સ્થિરતા હોય છે. એવો પુરુષાર્થ પ્રગટ કરે તો અનંત ગુણોનો સમુદ્ર અંદરથી છળે.

સાધકદશામાં ભલે અંશ પ્રગટ્યો કહેવાય છે તોપણ એક અંશમાં અનંતુ પ્રગટ થાય છે. કાલે આપણે લીધું ને ? એક અંશમાં અનંતુ પ્રગટ થાય છે. એ અસ્તિથી પ્રગટ થાય છે, નાસ્તિથી બધા દોષનો નાશ થઈ જાય છે અથવા ભૂકો બોલી જાય છે. કેમ કર્મ માર્ગ આપશે ને કેમ કર્મ તૂટશે ? (એ) કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. તારી શક્તિથી તું તારા ઘરમાં રહે, તારા સ્વરૂપમાં રહે, બહાર ન જા, પરિણામ બહાર ન લઈ જા તો કર્મનો તો ભૂકો બોલી જશે. ભલે ભૂતકાળમાં અજ્ઞાનભાવે તેં આકરા કર્મ બાંધ્યા હશે તોપણ એનો ભૂકો બોલાઈ જશે. માણસ નથી કહેતા કે ભાઈ ! આ તો એવો માણસ છે કે એકલો હોય ને સામે પાંચ-પચીસ માણસ હોય તો બૂકડો બોલાવી દે, એમ નથી કહેતા ? એટલે કે એની શક્તિ અને આની શક્તિમાં બહુ મોટો ફેર છે. એમ કર્મની તો કાંઈ શક્તિ જ નથી અને કર્મની શક્તિ હોય તો કર્મમાં છે. એક વિભાવભાવ એના પરિણામમાં ઉત્પન્ન થાય છે એ એની શક્તિનો વિરોધીભાવ છે તોપણ શક્તિ પાસે એ નિર્બળ છે. આત્માની શક્તિ પાસે, અનંત શક્તિ પાસે તો એ કાંઈ નથી. એને નાશ કરવો કેટલો સહેલો છે ?

'પરમાત્મપ્રકાશ'માં એક દૃષ્ટાંત આપ્યું છે કે, કાચા સૂતરના તાંતણેથી કોઈ માણસના બે પગ બાંધ્યા હોય અને એના બે હાથ, બીજા બધાં અવયવ ખુલ્લાં હોય તો એને એ બંધનમાં પડ્યો છે, બંધનમાં પડ્યો છે એમ રડવાની જરૂર નથી. કાચા સૂતરના તાંતણાને હાથેથી તોડી નાખે તો, ખોલી નાખે (તો) મુક્ત જ છે. બીજા અંગ મુક્ત છે એનાથી જે અંગ બંધાયેલું છે એને મુક્ત કરે. એમ પર્યાય-અંગમાં બંધભાવ છે અને સામાન્ય અંગ અભંગ અંગ છે એ મુક્ત છે. બસ ! મુક્તઅંગનો આશરો લેતા એનો નાશ કરવો એ કાંઈ બહુ મોટી વાત નથી.

સામાન્ય રીતે સંપ્રદાયની અંદર કર્મ અને વિભાવને એટલું બધું વજન આપે છે, એટલું

બધું એને બળવાન બતાવે છે અને જીવને એટલો નબળો બતાવે છે કે, અરેરે...! તને આ કર્મ હેરાન કરે છે ને કર્મ મારશે ને કર્મ આમ કરશે ને તેમ કરશે. પુરુષાર્થની આ શૈલી જુદી છે. અહીંયાં કહે છે કે તું એવો જબરદસ્ત છો (કે) એનો તો ભૂકો બોલાવી દે એમ છો. કાંઈ ચિંતા કરવાની જરૂર નથી.

મુમુક્ષુ :- જાણવામાત્રથી આટલું થાય...

પૂજ્ય ભાઈશ્રી :- એ જાણવામાત્રથી આટલું થાય તો આગળ વધતા શું ફેર પડે ! જાણવામાત્રથી આખો અભિપ્રાય બદલાઈ જાય, આખું માનસ બદલાઈ જાય તો પુરુષાર્થે પરિણમે એને તો કર્મનો નાશ કરવો કે વિભાવનો નાશ કરવો કેટલો સહેલો ને કેટલો સહજ છે ! એને તો રમતમાત્રમાં કામ થાય છે.

મુમુક્ષુ :- નવા કર્મો ન બંધાય પણ જૂના કર્મોનું શું થાય ?

પૂજ્ય ભાઈશ્રી :- જૂનાં નબળા પડી જાય એવું એનું તેજ છે. જ્ઞાયકભાવનું એવું તેજ છે કે જે જૂના સંચિત (કર્મ) સત્તામાં રહ્યાં છે એના બિચારાના રસ તૂટી જાય છે, નિરસ થઈ જાય છે. એ રસથી એનું બળવાનપણું છે. રસમાં એની શક્તિ છે તો એ નિરસ થઈ જાય છે, ફિક્કાં પડી જાય છે. એ ઉદયમાં આવે ત્યારે જ જોર વગરના થઈ જાય છે, ઉદયમાં આવ્યા પહેલાં જ એનું જોર તૂટી જાય છે આમ થાય છે. અને એ ઉદયમાં આવે છે ત્યારે આત્મા તો ઘણો જોરાવર થઈ ગયો હોય છે. એટલે પછી એને જરા પણ એની ચિંતા કરવાની જરૂર નથી. આ ચિંતા કરાવે છે ને ? ચિંતા કરાવે છે પછી પૂજા કરાવે છે. કાંઈ એવી જરૂર નથી. પૂજવા યોગ્ય હોય એની પૂજા થાય. પૂજ્ય, પૂજવા યોગ્ય એટલે પૂજ્ય. પૂજ્યની પૂજા થાય. દુષ્ટોની પૂજા થાય ? તો કર્મ પૂજવા યોગ્ય છે કે કર્મ દુષ્ટ છે ? કે, દુષ્ટ છે. એની કાંઈ પૂજા થાય ? પણ ઇ તો જેમ આ લોકો કર્મની પૂજા કરે છે, ઓલા હિન્દુ લોકો નાગપાંચમના દિવસે નાગની પૂજા કરે છે. નાગ પૂજવા યોગ્ય પ્રાણી છે ?

મુમુક્ષુ :- અંતરાય કર્મ નડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નડે એને ! ઓલા નાગ કરડે અને આ નડે. અભિપ્રાયમાં તો બન્ને એકસરખા થયા. નાગ તો ક્રોધીમાં ક્રોધી પ્રાણી છે અને બીજા પ્રાણી ઝેરી નથી, આ ઝેરી પ્રાણી છે. પ્રસિદ્ધપણે ઝેરી પ્રાણી છે તો એની પૂજા કરે છે. લોકો ઝેરી છે એની પૂજા કરે છે. એ બધી ભયપૂજા છે. એમાં ખરેખર પૂજા નથી પણ ભયથી પૂજા કરવાની

વૃત્તિ ઉત્પન્ન થાય છે. એમાં વધારે ભયાન્વિતપણે થવાની વાત છે. પોતાની શક્તિને ભૂલીને આવી રીતે ભયમાં ને ભયમાં જીવ ભાવમરણને પ્રાપ્ત કરે છે (અને) એના ફળમાં દ્રવ્યમરણને પ્રાપ્ત કરે છે.

પ્રશ્ન :– જ્યાં સુધી ઉપયોગ શુદ્ધમાં ન જાય ત્યાં સુધી શુભાશુભ ભાવમાં જાગૃત કેમ રહેવું ?

સમાધાન :– શુભાશુભ ભાવમાં જાગૃત રહેવા માટે પોતાના અહિત કરનારા આ ભાવ છે એમ જાણીને જાગૃત રહેવું અને જ્ઞાન લક્ષણથી હું જ્ઞાયક છું એમ જ્ઞાયકભાવમાં જાગૃત રહેવાનો અભ્યાસ કરવો, પુરુષાર્થ કરવો, પ્રયત્ન કરવો. અસ્તિ નાસ્તિ બન્નેથી લેવું.

(અહીંયાં કહે છે), **'આત્મા તો અનાદિઅનંત ગુણોનો પિંડ છે.'** ક્યારેય એમાં કોઈ કાળે અનાદિઅનંત કાળમાં કોઈ કાળે, કોઈ ક્ષણે અનંત ગુણોમાંથી એક ગુણ ઓછો થતો નથી કે કોઈ એક ગુણમાં હાનિ થતી નથી, ઓછાપણું થતું નથી એવો અનંત ગુણોનો પિંડ છે. એટલે તું અનંત શક્તિઓનો પિંડ છે. એક શક્તિ નહીં પણ અનંત શક્તિઓનો પિંડ છે અને દોષનો તો તું ભૂકો બોલાવી દે એવો છે. આવો તું શક્તિવાન હોવા છતાં ક્યાં રડે છો ? માણસ એમ કહે ને કે આ નાના બાળકો સાથે લડાઈ કરવામાં તું રોવા મંડ્યો કે આ બધા છોકરા મને હેરાન કરે છે ? તું આવો મોટો માણસ, શક્તિવાળો પહેલવાન જેવો થઈને આ પાંચ પાંચ વર્ષના બચ્ચા સામે રડે છો કે અરેરે...! આ મને ખીજવે છે, આ મને હેરાન કરે છે, મને કાંકરી મારે છે, મને કાંકરા મારે છે, મને પથરા મારે છે, મને પાંદડાં મારે છે, મને કાગળિયા મારે છે. કેવા બહાનાથી રોવે છે ? કે મને કાગળિયા વાગ્યા, મને પાંદડાં વાગ્યા, મને ડાળિયું વાગી, મને કાંકરા વાગ્યા. અરે...! શું કરે છો ? તારી શક્તિ તો જો. તને કાંઈ વાગી શકે એવું નથી, એવો શક્તિશાળી તું છો. એમ કહીને અહીંયાં અનંત ગુણોનો પિંડ છે એમ કરીને પોતાની શક્તિનું ભાન કરાવવું છે. એના ભાન માત્રમાં શક્તિ પ્રગટવાનું શરૂ થઈ જાય છે.

***

> **સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે, 'આ આત્મા' એમ પાકો નિર્ણય થાય છે. ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો. ૧૩૬.**

**તા. ૧૯-૦૬-૧૯૮૭, વચનામૃત–૧૩૬,૧૩૭**
**પ્રવચન નં. ૧૦૫**

'બહેનશ્રીનાં વચનામૃત' – પાનું ૪૩. ૧૩૬ (નંબરનો) બોલ. સમ્યક્‌દર્શનની પૂર્વભૂમિકા યથાર્થ નિર્ણયની હોય છે એ વિષયમાં અહીંયાં સ્પષ્ટીકરણ છે. **'સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે.'** પોતાના આત્મસ્વરૂપનો, મૂળ સ્વરૂપનો, અસલ સ્વરૂપનો નિર્ણય સમકિત પહેલાં પણ વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે. મુખ્યપણે તો પ્રત્યક્ષ અનુભવ થાય અને એ અનુભવમાં થયેલો નિશ્ચય, એ સમ્યક્ નિશ્ચય છે.

અહીંયાં એવા પરિણામના કારણરૂપ પરિણામ અથવા એને એવું પરિણામ થવા પહેલાં વિચારદશામાં પણ ફેરફાર થાય છે અને એ વિચારદશાને કારણનો ઉપચાર આવે છે; ભિન્ન પર્યાય હોવા છતાં કારણનો ઉપચાર આવે છે. ઉપચારને યોગ્ય છે એવી જે સ્થિતિ એની વાત કરવી છે. **'સમકિત પહેલાં પણ...'** સમ્યક્‌દર્શન પહેલાં પણ સવિકલ્પદશા; વિચારદશા એટલે સવિકલ્પદશામાં **'વિચાર દ્વારા નિર્ણય થઈ શકે છે,...'** પોતાના આત્મસ્વરૂપનો નિર્ણય થઈ શકે છે. અને એ નિર્ણયમાં આ **'આત્મા...'** અથવા પોતે – આવો આત્મા પોતે. આવો એટલે કોઈપણ કથનથી કહેવા જાય તો કથન અધૂરું રહે છે, અધૂરું કહે છે, અલ્પ કહે

છે, ઓછું કહે છે તેથી આવો આત્મા – જેવો જ્ઞાનમાં નિર્ણયમાં આવ્યો તેવો આત્મા પોતે **'એમ પાકો નિર્ણય થાય છે.'** એમ પાકો નિર્ણય થાય છે એટલે યથાર્થ નિર્ણય થાય છે. પાકાનો અર્થ અહીંયાં યથાર્થ લેવો. જેવો આત્મા છે એવો જ નિર્ણય થાય છે અથવા એ નિર્ણયના ફળસ્વરૂપે જ્યારે આત્મા સ્વાનુભવપ્રત્યક્ષ થાય છે ત્યારે પણ એમ જણાય છે કે જેવો મારા વિચારજ્ઞાનમાં નિર્ણિત થયો હતો, નિશ્ચિત થયો હતો તેવો જ અનુભવગોચર થયો. ફરક પ્રત્યક્ષ અને પરોક્ષનો છે. વિકલ્પદશા વખતે પરોક્ષપણું છે અને સ્વાનુભવ વખતે અતીન્દ્રિય પ્રત્યક્ષપણું છે, એટલો ફરક છે.

યથાર્થ અથવા પાકો નિર્ણય થાય છે એનો અર્થ કે જેવો આત્મા છે એવો જ નિર્ણય થાય છે. અને અનુભવમાં આવે છે એ આત્મા કેવો છે ? 'ગુરુદેવશ્રી'નાં શબ્દોમાં કહીએ તો જેવો કેવળજ્ઞાનમાં આત્મા જણાય છે એવો જ પ્રત્યક્ષ અનુભવમાં ચોથા ગુણસ્થાને આવે છે. એ રીતે અનુસંધાન મેળવીએ તો કેવળજ્ઞાનમાં જણાય છે એવો અનુભવમાં આવે છે અને અનુભવમાં આવે છે એવો જ નિર્ણયમાં આવે છે તો સીધે સીધું લઈએ તો જેવો કેવળજ્ઞાનમાં (આત્મા) જણાય છે એવો નિર્ણયમાં આવે છે. માટે એ નિર્ણયને યથાર્થ નિર્ણય અથવા પાકો નિર્ણય કહેવામાં આવે છે. પરિપ વ નિર્ણય છે, પાકો નિર્ણય છે એટલે પરિપ વ નિર્ણય છે એમાં કચાશ નથી. એ નિર્ણયની અંદર નિર્ણય અપેક્ષાએ કોઈ કચાશ નથી. બરાબર નિર્ણય છે, યથાર્થ છે, પાકો નિર્ણય છે અને એવું સમ્યક્દર્શન પહેલાં થઈ શકે છે.

આ તો કોઈ એવી રીતે વિચારે છે કે શું કરીએ હજુ સમ્યક્દર્શન તો થયું નથી. એ પહેલાં તો બધું મિથ્યા છે, મિથ્યા છે એટલે એ બધું તો ખોટું છે, એમાં કાંઈ છે નહીં. શું કરીએ હજી આપણને સમ્યક્દર્શન તો થયું નથી. એમ નહીં વિચારવું જોઈએ. સમ્યક્દર્શન પહેલાં પણ પાકો નિર્ણય વિચારદશામાં થઈ શકે છે. જો તું સંજ્ઞી પંચેન્દ્રિય વિચારદશાની ભૂમિકાવાળો છો તો એ ભૂમિકામાં તારો પાકો નિર્ણય થઈ શકે છે કે જે નિર્ણયને સમ્યક્દર્શનનું કારણ અથવા સમ્યક્દર્શનનું અંગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પોતાને પ્રતીતિ આવી જાય છે કે કેવળજ્ઞાનમાં જેવો આત્મા જણાય, એવો જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા ! એવો જ છે. પ્રતીતિ – વિશ્વાસ આવે છે. પ્રતીતિ એટલે અહીંયાં વિશ્વાસ આવે છે. જે નિર્ણયમાં આવેલું પોતાનું સ્વરૂપ છે એનો વિશ્વાસ ભો

થાય છે એ પણ જ્ઞાનની પર્યાય છે અને નિર્ણય થાય છે એ પણ જ્ઞાનની પર્યાય છે. જ્ઞાનમાં વિશ્વાસ આવે છે કે આવો જ છું. આવો છું એમ નહીં, આવો જ છું એમ બરાબર વિશ્વાસ એને આવે છે અને એ વિશ્વાસ આવતા એને નિર્ણયનું બળ, વિશ્વાસનું બળ પણ ઉત્પન્ન થાય છે. અહીંથી પુરુષાર્થ શરૂ થયો.

આપણે ગુરુવારે રાત્રે યથાર્થ નિશ્ચયનો વિષય ચાલે છે. પડખાં તો અનેક લીધા છે એમાં પણ એના મુખ્ય બે ચિહ્ન છે – એક તો જેને નિર્ણય થાય એને પુરુષાર્થ સમુત્પન્ન થાય છે. પુરુષાર્થ – સ્વરૂપલક્ષી પુરુષાર્થ – આત્મપ્રત્યયી પુરુષાર્થ એ જીવને એ પહેલાં શરૂ નહોતો અને અહીંથી શરૂ થાય છે. પુરુષાર્થ થવાનું આ એક એનું મુખ્ય ચિહ્ન છે. અને એક એનો મહિમા છે. એવો મહિમા, અપૂર્વ મહિમા કદી પણ પોતાને નહોતો આવ્યો એવા મહિમાની અપૂર્વતાનો પણ એને ચોક્કસ ખ્યાલ આવે છે, કે અત્યારે જે સ્વરૂપ જ્ઞાનમાં છે એ અનંત મહિમાવંત છે, નિર્ણયમાં છે એ અનંત મહિમાવંત છે અને એનો અપૂર્વ મહિમા વર્તે છે. આ બે વાત પોતાને ન સમજાય એવું નથી. જેને નિર્ણય થાય એને આ બે વાતની (તો ખબર પડે જ છે). ક્ષયોપશમ ઓછો હોય તો બીજા પડખાં ઓછાવત્તા સમજાય, પણ આ બે પડખાં એવા અસાધારણ પરિણમનની અંદર વ્ય ત થાય છે કે જે એને ન સમજાય એવું બનતું નથી.

પ્રશ્ન :– આત્માનો નિર્ણય પાકો થયા પછી બીજા દ્રવ્ય ઉપર ભાવ ન જાય ને ?

સમાધાન :– બીજા દ્રવ્ય ઉપર ભાવ જાય તો એનો નિષેધ સાથે સાથે આવે કે, આ બરાબર નહીં. હજી તો પૂર્ણ વીતરાગ થાય ત્યારે બીજા દ્રવ્ય ઉપર ભાવ ન જાય. ત્યાં સુધી ઉપયોગ છે એ ચંચળ છે અને તેથી બીજા દ્રવ્ય ઉપર એના પરિણામ જાય છે, પણ જેને પાકો આત્માનો નિર્ણય થયો કે આ હું છું, આ સર્વસ્વ, મારું સ્વરૂપ આ છે, સર્વસ્વપણે ઉપાદેય પણ આ છે અને સર્વસ્વપણે ઉપાદેય છે અને પોતે જ છે આ, આ સિવાય મારું પરમ પ્રયોજન બીજે ક્યાંય નથી, પરમ પ્રયોજનભૂત આ છે. આટલું બધું એની અંદર નિર્ણયમાં આવી જાય છે કે, આ મારું આશ્રયસ્થાન છે, ઠરવાનું ઠેકાણું છે, પરમ પ્રયોજનભૂત છે, આ જ સર્વસ્વપણે ઉપાદેય છે. આટલું આ સાથે સાથે નિર્ણયમાં આવી જાય છે. ત્યારે બીજે જતાં પરિણામનો આ કારણે એનો નિષેધ આવ્યા વિના રહેતો નથી. આ પ્રકારે પરિણામ વર્તતા હોવાને લીધે એને એથી વિરુદ્ધ પરિણામનો નિષેધ આવ્યા વિના રહેતો નથી.

મુમુક્ષુ :– છઠ્ઠા ગુણસ્થાન સુધી..

પૂજ્ય ભાઈશ્રી :- છઠ્ઠા ગુણસ્થાન સુધી બુદ્ધિપૂર્વક નિષેધ આવે. પછી તો ઉપયોગ બુદ્ધિપૂર્વક બહાર જતો નથી. સાતમા ગુણસ્થાનથી ઉપરના ગુણસ્થાને નિર્વિકલ્પદશા ધ્યાનની દશા હોવાથી પછી ઉપયોગ બુદ્ધિપૂર્વક તો બીજા પદાર્થો ઉપર જતો નથી, અન્ય દ્રવ્યો ઉપર જતો નથી.

પ્રશ્ન :- બીજા પદાર્થો ઉપર ગયા જ કરે, ગયા જ કરે છે તો શું કરવું ?

સમાધાન :- પોતે એટલો રસ લીધો છે, પોતે એટલી વિરાધના પોતાના સ્વરૂપની કરી છે. પોતે એટલી જ પરપદાર્થને કિંમત અને મહિમા આપી દીધી છે અને એ મહિમા આપીને રસ લીધો છે તો એનો દંડ પણ ભોગવવો, અવશ્ય ભોગવવો પડે જ. રુચિએ કરીને પરદ્રવ્ય સેવે એને સંસારદુઃખ ન થાય એવું કદી બને નહીં. આ સિદ્ધાંત છે. ન બને એવું ન થાય, એવું બને જ, થાય ને થાય જ એને. એ જીવ દુઃખી થાય, થાય ને થાય જ. ન થાય એવું ન બને. માટે અન્ય પદાર્થ ઉપર પરિણામ જાય ત્યારે પણ અરુચિના પરિણામ થાય, નિષેધના પરિણામ થાય તો તે યોગ્ય છે. ન થાય તો તે અયોગ્ય છે, તે અનર્થ છે, આત્માને અવશ્ય નુકસાનનું ને દુઃખનું એ બીજ છે, કારણ છે.

પ્રશ્ન :- વિચાર દ્વારા પાકો નિર્ણય કર્યો. એમાં બીજા ગુણોએ કાંઈ કામ કર્યું ? કે ખાલી વિચાર વિકલ્પ જ છે ?

સમાધાન :- મુખ્ય ગુણોએ કામ કર્યું. જ્યારે વિચાર દ્વારા નિર્ણય યથાર્થ થાય છે ત્યારે નિર્ણય જ્ઞાનમાં થયો એટલે જ્ઞાન સન્મુખ થયું, શ્રદ્ધામાં શું થયું ? કે, દર્શનમોહ ઉપર એવો ઘા પડ્યો કે દર્શનમોહ એકદમ અશ ત થઈ ગયો, એકદમ પાતળો પડી ગયો, હજી ગયો નથી, એ નાસ્તિથી (થયું). અસ્તિથી (શું થયું) ? કે, સ્વરૂપની અનન્ય રુચિ થઈ. ગુણની રુચિ થઈ, ગુણથી ઉત્પન્ન થતાં સુખની રુચિ થઈ અને એ અનન્ય રુચિ ઉત્પન્ન થઈ. એવી સ્વભાવની અનન્ય રુચિ અને જ્ઞાન એ બે મુખ્ય છે એની અંદર. પછી રુચિ અનુયાયી વીર્ય હોવાથી વીર્યગુણના પરિણમનમાં પુરુષાર્થ પણ યતકિંચિત્ જેટલી યોગ્યતા છે એટલો પુરુષાર્થ પણ શરૂ થયો. બસ ! આ ત્રણ ગુણ કામ કરે છે. હજી સુખ પજ્યું નથી, હજી ચારિત્ર થયું નથી. કેમકે ઉપયોગ સ્થિર સમ્યક્‌દર્શનમાં થશે ત્યાં સુધી સ્વરૂપાચરણ ચારિત્ર નથી. ધર્મ તો 'સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રાણી' હોવાથી જ્યાં સુધી સ્વરૂપમાં ઉપયોગ સ્થિર ન થાય ત્યાં સુધી ધર્મનો પ્રારંભ થયો નથી, શરૂઆત નથી થઈ પણ એનું કારણ ઉત્પન્ન થયું. ઉપયોગ સ્થિર થવાનું કારણ ઉત્પન્ન થયું. એ સ્વરૂપની રુચિ, સ્વરૂપસન્મુખ જ્ઞાન –

નિર્ણય અને પુરુષાર્થ – આ ત્રણ વસ્તુ ચાલુ થઈ.

**'ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય...'** આ ભૂમિકામાં ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય એટલે કે નિર્વિકલ્પદશા ઉત્પન્ન ન થઈ હોય. અહીંયાં નિર્વિકલ્પદશાને અનુભૂતિ કહે છે. શુદ્ધોપયોગરૂપ અનુભવ અહીંયાં ન થયો હોય **'તોપણ પહેલાં વિકલ્પ સહિતનો નિર્ણય હોય છે ખરો.'** કોઈ જીવને સવિકલ્પ દશામાં આત્મસ્વરૂપનો નિર્ણય ન થાય અને અદ્ધરથી કોઈ સ્વાનુભવની દશા, નિર્વિકલ્પ શુદ્ધઉપયોગની દશા ઉત્પન્ન થાય એવું બની શકતું નથી. આ એનો નિયત ક્રમ છે. ત્રણે કાળને વિશે આ એનો ચોક્કસ ક્રમ છે. એટલે (કોઈ) એમ કહે છે કે, અનુભૂતિ થઈ પછી જ બધું સાચું, એ પહેલાં કાંઈ નહીં ? તો કહે છે, નહીં. ઇ પહેલાં પણ કાંઈક છે કે જેને અહીંયાં સમ્યક્દર્શનના કારણપણે સ્થાન આપવામાં આવે છે.

જેમ મોક્ષ છે એનું કારણ મોક્ષમાર્ગ છે. ત્રણે કાળને વિશે મોક્ષમાર્ગ સમુત્પન્ન થયા પહેલાં, સમ્યક્ પ્રકારે ઉત્પન્ન થયા પહેલાં કોઈ જીવને મોક્ષ થાય એવું બને નહીં. ઘણાં અન્યમતિઓ ખાસ કરીને એવો પ્રશ્ન પૂછે છે કે, જૈનમાં જ મોક્ષ છે, બસ ! બીજા ધર્મ પાળવાવાળાને મોક્ષ ન થાય ? અમે આસ્તિક્ય દર્શનવાળા છીએ એટલે અમને મોક્ષમાં શ્રદ્ધા છે – આસ્થા છે તો તમને જૈનોને જ મોક્ષ થાય અને અમને ન થાય એવો કેમ દાવો થઈ શકે તમારાથી ? કહે છે કે, ભાઈ ! અહીંયાં કોઈ સંપ્રદાયનો વિષય નથી. જે જીવો મોક્ષમાર્ગમાં આવે એનો મોક્ષ થાય. પછી જૈન-અજૈનનો પ્રશ્ન નથી. તિર્યંચ પણ ભગવાનના સમવસરણમાં અને સમવસરણની બહાર પણ અઢી દ્વીપમાં અત્યારે પંચમ ગુણસ્થાન સુધી મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે અને એનો મોક્ષ અવશ્ય થવાનો છે. જેમ મોક્ષનું કારણ નિયત છે, મોક્ષમાર્ગરૂપ સમ્યક્દર્શન–જ્ઞાન–ચારિત્ર એ ત્રણેય કાળે નિયત એટલે ચોક્કસ છે, એકાંતે નિયત છે, સમ્યક્ એકાંત છે એમ અહીંયાં મોક્ષના માર્ગના કારણરૂપ સ્વરૂપનિર્ણય એ પણ નિયત છે, એ ચોક્કસ છે. કોઈને પણ સ્વરૂપનિર્ણય ન થાય અને સીધો અનુભવ થાય એવું કદી ન બને.

મુમુક્ષુ :– ગઈકાલના પ્રકરણના નિર્ણય બાબતના નવ મુદ્દા લાગુ પડ્યા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર છે, ઇ તો લાગુ પડે જ તે, બધે એક જ વાત હોય ને ! બીજી બીજી વાત કેવી રીતે હોય ?

પાકો નિર્ણય અનુભવ પહેલાં થાય છે, એમ કહે છે. એટલે તું એમ વિચાર નહીં

કરતો, એમ મુમુક્ષુ જીવને પોતાને માટે એ વાત લેવાની છે કે, '**ભલે હજુ અનુભૂતિ ન થઈ હોય તોપણ...**' વિકલ્પદશામાં વિકલ્પ સહિતનો આત્માનો નિર્ણય હોવો જોઈએ અને તે નિર્ણય યથાર્થ હોવો જોઈએ તો અવશ્ય એના ફળસ્વરૂપે સમ્યક્દર્શન પ્રાપ્ત થશે જ. જો સવિકલ્પદશામાં નિર્ણય યથાર્થ કરવામાં નહીં આવે તો ધર્મની શરૂઆત થવાની કોઈ વાત રહેતી નથી, એ આશા રાખવી વ્યર્થ છે. કેમકે આ એક જ કારણ છે. આ જ કારણ છે સમ્યક્દર્શનનું, બીજું કોઈ સમ્યક્દર્શનનું કારણ નથી.

એ 'શ્રીમદ્જી'એ પોતાની ભાષામાં એમ લીધું છે કે, અનાદિથી આ જીવને અસ્તિત્વ ભાસ્યું નથી, એમ લીધું છે. અસ્તિત્વ ભાસ્યું નથી. નિર્ણયમાં પોતાનું સ્વરૂપઅસ્તિત્વ કેવું છે એ ભાસ્યમાન થાય છે અને એ પ્રતિભાસ છે એ સમ્યક્દર્શનનું અંગ છે. ત્યાં એમણે એ લીધું છે કે, એ સમ્યક્દર્શનનું અંગ છે. એવી રીતે વાત લીધી છે.

મુમુક્ષુ :- નિર્ણયના નવ મુદ્દા જરા લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- મેં તો કાંઈ એકડો, બગડો કર્યો નથી પણ તમે ગણ્યા છે. પ્રકરણ ચાલે છે એમાં. હા, ('નિર્ભ્રાંત દર્શનની કેડીએ'માં) પેલા નવ પેરેગ્રાફ લીધા છે. એ તો બહુ વિસ્તારથી ચાલે છે.

એક તો પોતાનું સ્વરૂપ સિદ્ધ સમાન છે, ચૌદ ગુણસ્થાનથી પાર છે અને સાક્ષાત્ પોતે સિદ્ધપદસ્વરૂપ છે એવું ભાસવા લાગે કે જે ભાસનને વશ દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે એની યથાર્થ સમજણ આવે છે. ત્યારે સાચું સમજાય છે કે, દેવ-ગુરુ-શાસ્ત્ર શું કહે છે ખરેખર. ત્યાં સુધી જે સમજણ છે એ બધી સમજણ ઓઘસંજ્ઞારૂપ છે. શાસ્ત્રને અનુકૂળ દેખાતી સમજણ પણ ઓઘસંજ્ઞારૂપ છે, સાચી સમજણ નથી.

ખરેખર તો પંચ પરમેષ્ઠીને જે નમસ્કાર કર્યા છે એમાં ણમો અરિહંતાણં એ પહેલુંવહેલું ત્યારે સમજાય છે. જ્યારે આત્માને પોતાના સ્વરૂપની... દરેક વખતે જુદી જુદી થોડી વાત આવે છે, ચાલ્યું હોય ત્યારે કેટલીક વાત ન પણ આવે. ણમો અરિહંતાણં પહેલુંવહેલું અહીંયાં સમજાય છે, જ્યારે પોતાના સ્વરૂપનો નિર્ણય થાય ત્યારે. ત્યાં સુધી નમો અરિહંતાણંના જેટલા ઘડિયા ગોખ્યા છે એ બધા એમ ને એમ ઓઘે ઓઘે. જૈન હોય એટલે નવકારમંત્ર ભણે. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, ણમો આયરિયાણં, ણમો ઉવ્વજાયાણં, ણમો લોએ સવ્વસાહૂણં. અનેકવાર બોલવાનું થાય પણ બધું એમ ને એમ ઓઘે ઓઘે જાય છે. પહેલું ણમો અરિહંતાણં અહીંયાં સમજાય છે કેમકે અંદરમાં સિદ્ધાણં સમજાણું છે. સિદ્ધ અવસ્થાનું

કારણ અરિહંતદશા છે. અરિહંતદશા પહેલાં કોઈને સિદ્ધદશા થાય એવું બનતું નથી. તો અહીંયાં પોતાનું સિદ્ધ સમાન સ્વરૂપ ચૌદ ગુણસ્થાનથી પાર જ્યાં ભાસ્યું ત્યાં એને ણમો અરિહંતાણં સમજાણું, ત્યાં સુધી ણમો અરિહંતાણં સમજાણું નથી. આ પરિસ્થિતિ છે. આ પહેલો મુદ્દો છે. અને દેવ-ગુરુ-શાસ્ત્રના સર્વ કથનો એને ત્યારે ખરેખર સમજાય છે ત્યાં સુધી ખરેખર સમજાણા નહોતા. એ પહેલો મુદ્દો (થયો). બે મુદ્દા આવી ગયા ને એમાં ? એમાં એક મુદ્દામાં આ બે વાત છે. આ તો લેવા જાશું તો નવ મુદ્દા પૂરા નહીં થાય એક કલાકમાં એવું છે. ઇ ઘરે જોઈ લેવું. આપણે ગુરુવારના સ્વાધ્યાયમાં બે, ત્રણ મુદ્દા ચાલ્યા છે.

બીજા મુદ્દામાં અપૂર્વ મહિમા છે અને એ અપૂર્વ મહિમાના પ્રતિપક્ષરૂપ અનાદિથી આ જીવને જગતના પદાર્થોનો જે મહિમા આવ્યો છે, જગતના પ્રસંગોનો મહિમા આવ્યો છે, જગતની વસ્તુઓ અને વાતોનો મહિમા આવ્યો છે એનો મહિમા છૂટી જાય છે. એટલે એને ક્યાંય રસ આવે નહીં અને ઉદયમાન સર્વ પ્રસંગોમાં ઉપેક્ષા અને ઉદાસીનતા ઉત્પન્ન થતી રહે, નિરસપણું ઉત્પન્ન થાય છે. એ બીજો મુદ્દો છે.

ત્રીજો મુદ્દો છે – પ્રયોજનભૂતનો. પોતાનું સ્વરૂપ જ પરમ પ્રયોજનભૂત છે. આ એક જ પ્રયોજનભૂત વિષય મારા માટે છે ને આ જગતમાં બીજો કોઈ પ્રયોજનભૂત વિષય મારા માટે નથી. એટલે જ્યાં જ્યાં દેવ-ગુરુ-શાસ્ત્રના કથનમાં પોતાના પરમ પ્રયોજનનો વિષય આવે છે ત્યાં એનો રસ વધે છે અને બાકીની વાતો અપ્રયોજનભૂત ગણી અને તેને ગૌણ કરીને એને ઉપરથી કાઢી નાખે છે. અત્યાર સુધી પ્રયોજનનો વિષય ઉપરથી જતો હતો અને અપ્રયોજનભૂત વિષયમાં એને રસ આવતો હતો અને રોકાતો હતો એ પરિસ્થિતિ પલટી અને પોતાના પ્રયોજનભૂત વિષય ઉપર વિશેષપણે મુખ્યતા લાવીને રસ આવે એ પ્રકાર ઉત્પન્ન થાય છે અને પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂત વિષયની વહેંચણી અહીંથી શરૂ થાય છે. આ ત્રીજો મુદ્દો છે. પરિણામની અંદર મારે પ્રયોજનભૂત મારું સ્વરૂપ જ છે ને બીજું મારે પ્રયોજનભૂત નથી, એવી ખતવણી અને એવી વહેંચણી અહીંથી ચાલુ થઈ જાય છે અને તેથી કરીને અપ્રયોજનભૂતથી છૂટો પડતો જાય છે અને પ્રયોજનને વળગતો એવો જીવ એ પ્રયત્નમાં અભેદ થઈ જાય છે, સારી રીતે વળગી જાય છે ત્યારે અભેદ થાય છે. એ ત્રીજો મુદ્દો છે.

ચોથો આપણે થોડો ચાલ્યો છે કે, જ્ઞાન લક્ષણથી જ્યારે લક્ષનો નિશ્ચય થયો ત્યારે

લક્ષણ પર્યાયમાં હોવા છતાં પર્યાયત્વ લક્ષમાં રહેતું નથી પણ ત્રિકાળી સ્વભાવ લક્ષમાં રહે છે અને લક્ષણ ગૌણ થઈ જાય છે અને લક્ષ-લક્ષણનો ભેદ પણ છૂટી જાય છે એવું પણ પોતાને ખ્યાલમાં આવે છે. એ પણ યથાર્થ નિર્ણયનું એક લક્ષણ છે અથવા સ્વરૂપ છે.

પાંચમો બોલ છે – સવિકલ્પ જ્ઞાનની દશામાં... આ જુઓ ! આપણે ચાલે છે એની સાથે મેળ છે. આવો સ્વરૂપનો નિશ્ચય સવિકલ્પજ્ઞાનની દશામાં થાય છે. પરંતુ જેનો સ્વપણે નિશ્ચય થયો છે તે તત્ત્વ વિકલ્પ રહિત, ભેદ રહિત અથવા નિર્વિકલ્પ સ્વરૂપ હોવાથી નિર્ણય થનારને હવે નિર્વિકલ્પતાનો કાળ પાકી ગયો છે. સ્વકાળ જોઈએ ને ? સમ્યક્દર્શનનો સ્વકાળ છે. તો કહે છે, સ્વકાળ છે એની શું ખબર પડી ? કે, અહીંયાં કાળ પાક્યો એની એક નિશાની ભી થઈ. શેનો નિર્ણય થયો છે ? કોનો નિર્ણય થયો છે ? કે, નિર્વિકલ્પ નિજાત્મતત્ત્વનો નિર્ણય થયો છે. હું નિર્વિકલ્પ સ્વરૂપ છું, અભેદ સ્વરૂપ છું, ભેદ રહિત છું, વિકલ્પ રહિત છું એવો જે પોતાનો સ્વરૂપનિર્ણય થયો એને એવા નિર્વિકલ્પ આત્મતત્ત્વનું – નિજતત્ત્વનું જોર આવે છે અને એ જોર એની નિર્વિકલ્પતા ઉત્પન્ન કરે છે, અવસ્થામાં પણ સવિકલ્પતાને ટાળે છે. એને નિર્વિકલ્પતાનો કાળ પાકી ગયો છે એટલે એના વિકલ્પો હવે વમાઈ જશે, એના વિકલ્પોનું વમન થઈ જશે અને એ નિર્વિકલ્પ સ્વભાવના જોરવાળો પુરુષાર્થ તદાકાર પરિણમન થઈ જાય એટલી ઉગ્રતા ધારણ કરશે જ. આ વિષય ભગવાન 'અમૃતચંદ્રાચાર્યે' 'સમયસાર'ની ૭૩ ગાથામાં લીધો છે કે, આવો આકાશવત નિરાલંબ નિરપેક્ષ આત્મતત્ત્વનો – નિર્વિકલ્પ તત્ત્વનો નિર્ણય થાય છે અને એના વિકલ્પો શીઘ્ર વમાઈ જાય છે અને એને સ્વાનુભૂતિ પ્રગટ થાય છે તે જ આત્મખ્યાતિ છે, તે જ 'સમયસાર' છે, એમ કરીને ત્યાં ૭૩મી ગાથામાં સ્વાનુભવનો મહિમા કર્યો છે.

છઠ્ઠો બોલ છે – ટૂંકામાં, સંક્ષેપમાં લઈ લઈએ છીએ કે, જ્યારે પોતાના સ્વરૂપનો નિશ્ચય થાય છે ત્યારે એને નિશ્ચયનયનો પક્ષ બંધાય છે. નિશ્ચયનયના વિષયભૂત એવું જે સ્વસ્વરૂપ એનો પક્ષ બંધાય છે. અનાદિથી જીવને પર્યાયની એકત્વબુદ્ધિ હોવાને લીધે વ્યવહારનયના વિષયભૂત એવા પર્યાયનો પક્ષ છે એટલે વ્યવહારનયનો પક્ષ છે અને એ વ્યવહારનયના પક્ષને લઈને એને શુભરાગનો પક્ષ છે કેમકે એ પણ વ્યવહાર છે. એ પક્ષપલટો થાય છે. આ લોકો કરે છે ને પક્ષપલટો ? આ પક્ષપલટો અહીંયાં થાય છે અને નિશ્ચયનયના પક્ષમાં જીવ આવે છે. જ્યારે એ પક્ષ પણ છોડે છે ને પક્ષાંતિક્રાંત થાય છે ત્યારે એને સ્વાનુભવ પ્રગટ થાય છે. પણ કોઈપણ જીવ વિરુદ્ધ પક્ષમાં ભો રહે ને એને સમ્યક્દર્શન

થાય એવું બનતું નથી. એને પક્ષપલટો અવશ્ય થાય છે એમ અહીંયાં નિર્ણયના એક પડખાંમાં આ વાત જાય છે. અનેક પડખાંમાંથી એક પડખું આ છે કે, અવશ્ય એને પક્ષપલટો થાય છે.

મુમુક્ષુ :- પક્ષાંતિક્રાંત...

પૂજ્ય ભાઈશ્રી :- પક્ષાંતિક્રાંત થવા પહેલાં વ્યવહારનયનો પક્ષ છૂટીને નિશ્ચયનયનો પક્ષ થાય છે. પણ એ નિશ્ચયનયના પક્ષમાં આવેલો જીવ એટલો વિચક્ષણ છે અથવા એને નિશ્ચય ઉપર લક્ષ હોવાથી, પક્ષ ઉપર લક્ષ નહીં હોવાથી એનો પક્ષ છૂટી જશે. પણ પુરુષાર્થ અપરિપ વ હોવાને લીધે એને રાગ સાથે છે એટલે પક્ષ થઈ જાય છે, રાગને લઈને પક્ષ થાય છે. એ રાગ છૂટી જશે, પક્ષાંતિક્રાંત થઈ જશે. વીતરાગ સ્વરૂપનો વીતરાગભાવે અનુભવ થશે અને એ વખતે એને પક્ષ છૂટી જશે અને પક્ષાંતિક્રાંત થશે. ત્યારે તે 'સમયસાર'રૂપ પર-આત્મા પરમાત્મા થશે. 'અમૃતચંદ્રાચાર્યે' ૧૪૩ ગાથામાં ત્રણ શબ્દ વાપર્યા છે કે, એ 'સમયસાર' થાય છે અહીંયાં, અહીંયાં તે પરાત્મા થાય છે, અહીંયાં તે પરમાત્મા થાય છે. પોતે પરમાત્મા છે એવો પ્રત્યક્ષ સ્વાનુભવ – પરમાત્મ સ્વરૂપનો અનુભવ થાય છે, દશામાં જાણે પરમાત્મા થયો.

ચોથે ગુણસ્થાને પરમાત્મા કહ્યો ? કે, આચાર્યોએ તો કહ્યો છે, તને બેસે કે ન બેસે પણ આચાર્યદેવે ત્યાં સ્પષ્ટ કહ્યો છે. એ સહજ પક્ષ છે, કૃત્રિમ પક્ષ નથી. અને એ પક્ષમાં વિચક્ષણપણું છે એ પક્ષ છૂટીને પણ એની પક્ષાંતિક્રાંત દશા થશે. એ એનું છઠ્ઠું પડખું છે.

સાતમો છે – પુરુષાર્થનો બોલ. આત્મસ્વરૂપનો યથાર્થ નિર્ણય પોતે જ ચૈતન્યવીર્યની સ્ફુરણાનું કારણ થાય છે. એના આધારમાં વાત લીધી છે, અહીંયાં પરમાગમસારનો ૨૧૦ નંબરનો બોલ લીધો છે કે, જો (મૂળ સ્વરૂપ) પહેલાં એના જ્ઞાનમાં ને રુચિમાં ને લક્ષમાં આવે તો એના વીર્યમાં સ્વભાવ સન્મુખની સ્ફુરણા ચાલ્યા કરે, સહજ જ ચાલ્યા કરે. પુરુષાર્થ કરું, કરું, કરું, કરું એવા પરિણામનો પુરુષાર્થ ન થાય, એ પ્રકારનો પુરુષાર્થ ન થાય પણ એ નિર્ણય પોતે જ ચૈતન્યવીર્યની સ્ફુરણાનું, નવીન સ્ફુરણાનું એ કારણ થાય છે. આ જ સમ્યક્‌દર્શનનો ઉપાય છે, આ સમ્યક્ પહેલાંની વાત છે. બીજો કોઈ સમ્યક્‌દર્શનનો ઉપાય નથી. આ ૨૧૦ નંબરનો બોલ છે (એમાં) પણ નિશ્ચયને કારણ બનાવીને વાત લીધી છે.

આઠમો (પેરેગ્રાફ) છે – લબ્ધ (અને) ઉપયોગનો. જ્યારે સવિકલ્પદશામાં, વિચારદશામાં ઉપયોગપૂર્વક સ્વરૂપનો નિર્ણય થયો, એ ઉપયોગ બદલાણો ત્યારે એ ઉપયોગનો વિષય ગયો

લબ્ધમાં. ઉપયોગપૂર્વક લબ્ધ થાય છે. લ્યો, આ એક કલાકમાં નિર્ણયના વિષયની, પડખાંની આખી Brief – સંક્ષેપમાં આવી જશે. ઉપયોગાત્મક દશામાં, વિચારદશામાં ઉપયોગ ચાલતો હતો, પોતાના સ્વરૂપ સંશોધનનો જે ઉપયોગ ચાલતો હતો એ શોધતાં શોધતાં એને પોતાનું સ્વરૂપ જડ્યું. અંતર્શોધ ચાલી અને એમાં અંતરમાં રહેલું પોતાનું સ્વરૂપ આવું છે, આવું જ મારું સ્વરૂપ છે, જેવું કેવળજ્ઞાનમાં જણાય છે તે ભાસ્યું – તે ઉપયોગમાં ભાસ્યું અને એ ઉપયોગ પાછો અન્ય પદાર્થ ઉપર ગયો એટલે સીધું એ ઉપયોગનું થયું લબ્ધ. આવું લબ્ધ કદી નહોતું થયું. પૂર્વે કદી આવું લબ્ધ થયું નહોતું. એવું જે લબ્ધ થયું તે લબ્ધ થતાં પછી એનું જોર ચાલ્યા કરે છે. લબ્ધનું જોર ઘણું છે. લબ્ધનું જોર એટલું છે કે ઉપયોગને બેકાર કરતો જાય છે. પછી જે પર ઉપર ઉપયોગ જાય છે એને બેકાર કરે છે. જેમ સમ્યક્દૃષ્ટિનો ઉપયોગ પર ઉપર જાય છે તો બેકાર જાય છે કેમકે એને લબ્ધ પરિણતિમાં આત્મા છે. મિથ્યાદૃષ્ટિનો આત્માનો વિચારરૂપ ઉપયોગ બેકાર જાય છે કેમકે એને લબ્ધ પરિણતિમાં અનાત્મા છે. બન્નેને લટું–સૂલટું છે. લબ્ધ-ઉપયોગ તો બન્ને છે. છદ્મસ્થ જીવને લબ્ધ-ઉપયોગ તો જ્ઞાનમાં પરિણમનનું સ્વરૂપ છે. તો મિથ્યાદૃષ્ટિને લટું છે કે, હું આત્મા છું, અનંતગુણ સ્વરૂપ છું, પરિપૂર્ણ સ્વરૂપ છું, જ્ઞાનાનંદ સ્વરૂપ છું, અનંત શતિ સંપન્ન છું એ બધો ઉપયોગ એનો નકામો કેમ જાય છે ? વિચાર તો આત્માનો કરે છે. કે એનું લબ્ધનું જોર જે લટું છે એ ઘણું કામ કરે છે એની એને ખબર નથી. એટલે એને પ્રશ્ન થાય છે કે, હું આત્માના વિચાર તો ઘણાં વખતથી કરું છું, વાંચન કરું છું, વિચાર કરું છું, ચર્ચા કરું છું, આત્માનું મનન કરું છું, હું જ્ઞાયક છું, જ્ઞાયક છું, રટણ કરું છું. મને કેમ અનુભવ થતો નથી ? કે, તારું લબ્ધ બદલાણું નથી. ક્યારે બદલાય ? કે, પહેલો યથાર્થ નિર્ણય થાય ત્યારે બદલાય. અને ત્યારે તારા જોરનો વિષય આત્મા ઉપરનો થઈ જાય અને બાકીનું જોર નકામું જાય, એ સિવાયનું નકામું જાય.

મુમુક્ષુ :– 'બાહુબલી' ભગવાનની કેવળજ્ઞાનની તૈયારી હતી છતાં લબ્ધમાં ભરતની ભૂમિ ઉપર ભો છું એવું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– (એ તો) અબુદ્ધિપૂર્વક હોય. ગમે તે રહી ગયું હશે, શાસ્ત્રમાં કથાનુયોગમાં તો થોડુંક આઘુંપાછું થઈ જાય. પણ એટલો બધો સ્થૂળ કષાય નથી હોતો. મુનિદશાની અંદર સંજ્વલન કષાયમાં એટલો બધો સ્થૂળ કષાય નથી હોતો. વિચારતાં એમ લાગે છે કે, એટલો બધો સ્થૂળ કષાય નથી હોતો. પછી જેને સમ્યક્દર્શન તો હતું જ,

પણ જેને તિલતૂષમાત્ર પરિગ્રહ નથી એમાં ભૂમિ કોની ? નથી 'ભરત'ની કે નથી 'બાહુબલી'ની કે નથી કોઈની. ભૂમિ ભૂમિની છે ઇ તો એને તત્ત્વજ્ઞાન છે. હવે તો પરિત્યાગ થઈ ગયો છે. સર્વસંગ પરિત્યાગ થઈને જંગલમાં તપશ્ચર્યામાં છે, પણ કોઈ અબુદ્ધિપૂર્વકનો રાગ છે એ રહી જાય છે. 'ભરત'ની ભૂમિ છે એવો બુદ્ધિપૂર્વકનો રાગ મુનિદશામાં રહેતો નથી. કેમકે એ તો શ્રેણી માંડવાની તૈયારીમાં છે અને એનો પુરુષાર્થ ચાલે છે. ત્યાં તો સંજ્વલન (કષાય) પણ એટલો બધો મંદ અને પાતળો પડે છે કે આવા સ્થૂળ વિકલ્પો ત્યાં પજતા નથી. ત્યાં જે રોકાણ છે એ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પરિણતિ ફરે છે. દ્રવ્ય, ગુણ, પર્યાયમાં પરિણતિ ફરે છે, ભેદમાં પરિણતિ ફરે છે અને એ ભેદમાં પરિણતિ ફરે છે એને શાસ્ત્રની અંદર કહી છે – જ્ઞપ્તિ પરિવર્તન ક્રિયા. જ્ઞપ્તિ પરિવર્તન – પરિણતિનું ફરવું – પરિવર્તન. જ્ઞપ્તિ પરિવર્તન ક્રિયા અંદરમાં થાય છે ત્યાં સુધી એને કેવળજ્ઞાન પ્રગટતું નથી. પણ એ તો એને પોતાને ખબર નથી. કેમકે સાતમું, આઠમું, નવમું, દસમું (ગુણસ્થાન) એ બધી શુદ્ધોપયોગની દશા છે, તો ઉપયોગમાં તો વિચાર જ નથી ક્યાંય. અંદરમાં જે પરિણતિ ફરે છે, લબ્ધમાં પણ પરિણતિ ફરે છે એ બહુ સૂક્ષ્મપણે દ્રવ્ય, ગુણ, પર્યાયમાં ભેદની અંદર ફરે છે અને ત્યાં એટલી પુરુષાર્થની કચાશ છે કે, અભેદ દ્રવ્યને સંપૂર્ણ અભેદભાવે પહોંચી વળાતું નથી. જો સંપૂર્ણ અભેદભાવ થાય તો ઉપયોગ શુદ્ધ થઈને સંપૂર્ણ કેવળજ્ઞાન થઈ જાય, અરિહંતદશા પ્રગટ થાય.

મુમુક્ષુ :– લબ્ધમાં વિપરીતભાવ હોય એને અવિપરીતભાવ ક્યાંથી થાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એટલે એ નિર્ણયથી એ પરિસ્થિતિમાં પલટો આવે છે અને તેથી એને સમ્યક્દર્શન થવાનું કારણ બને છે. સમ્યક્દર્શન થવાનું આ વૈજ્ઞાનિક કારણ છે એની આ સાબિતી છે – લબ્ધ-ઉપયોગની જ્ઞાનની દશા.

પ્રશ્ન :– સમ્યક્સન્મુખ જે જીવ હોય એને જ આવું લબ્ધ હોય ને ? બીજાને તો નથી ને ?

સમાધાન :– ના, નથી. કોઈને નથી અને કોઈને નથી એટલે તો જે એને આત્માના વિચારો, શાસ્ત્ર વાંચન, પૂજા, ભક્તિ, શાસ્ત્ર સ્વાધ્યાય, ચિંતવન, મનન, ઘોલન (કરે છે) એના ફળસ્વરૂપે અનુભવ નથી થતો એનું કારણ એ છે કે નિર્ણય જ નથી, નિર્ણયપૂર્વકનું લબ્ધ નથી એની પાસે.

મુમુક્ષુ :– સમવસરણમાં જઈને આવ્યો તોય...

પૂજ્ય ભાઈશ્રી :- સમવસરણ શું કરે ? સમવસરણ તો રજકણ છે. ભગવાન પરદ્રવ્ય છે, ભગવાનની વાણી પણ પરદ્રવ્ય છે અને આ જીવ અનંતવાર પોતે, આ જીવ પોતે અનંતવાર ગયો છે, કોઈની સામું જોવાની જરૂર નથી અને આ જીવે એ ભૂલ કરી છે.

મુમુક્ષુ :- હવે નથી કરવી.

પૂજ્ય ભાઈશ્રી :- ન કરવી હોય તો સારી વાત છે, એમાં શું ખોટું છે. પણ છે અહીંથી મૂળિયું પકડવાની વાત છે, મૂળમાં અહીંયાં વાત છે.

એટલે આ જે પુરુષાર્થની ઉત્પત્તિ થઈ, ચૈતન્ય વીર્યની સ્ફુરણા એ પુરુષાર્થની ઉત્પત્તિ છે. અહીંથી પુરુષાર્થનો પ્રારંભ થયો અને આ પુરુષાર્થ, આ ઉદ્યમ સારી રીતે એને ભેદજ્ઞાન કરવામાં મદદરૂપ થાય છે. સારી રીતે એ ભેદજ્ઞાન કરીને બરાબર છૂટો પડી જાય છે. આગળ જતા એ એટલો ઉગ્ર પુરુષાર્થ કરે છે કે, જે બીજે ઉપયોગ જતો હતો એનો નિષેધ કરે છે અને લબ્ધ જેવો જ ઉપયોગ થાય છે ને લબ્ધ-ઉપયોગની સંધિ થાય છે.

એમાં એ શબ્દમાં લીધું છે કે, આ પુરુષાર્થ ભેદજ્ઞાન કરવામાં કાર્યગત થાય છે. આ રીતે વર્તમાન જ્ઞાન જ્ઞાનબળમાં લબ્ધ-ઉપયોગની સંધિ થવારૂપ કાર્ય અનુભવને ઉત્પન્ન કરે છે એટલે કે ઉપયોગ અને લબ્ધના વિષયની સંધિ થવાથી અવશ્ય સ્વકાર્ય સફળ થાય છે અથવા તો તે નિષ્ફળ કેમ થઈ શકે ? એ નિષ્ફળ થવાનું કોઈ કારણ અહીંયાં પછી રહી શકતું નથી.

નવમો બોલ છે – 'ગુરુદેવ'ના ૩૫૯ બોલના આધારવાળો બોલ છે. આપણે ઘણી વખત અહીંયાં વાંચ્યો છે. આવા સમ્યક્સન્મુખ જીવની જે દશા છે... તત્ત્વાભ્યાસ – એનો તત્ત્વ અભ્યાસ, એનું સ્વરૂપ ચિંતવન, એનું મંથન એ વગેરેની પરિણતિ કેવી હોય છે ? કે, જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, તેને સાંભળતા જ્ઞાયકનું જ લક્ષ રહે, ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક છું એમ રહે, એનું જોર પણ જ્ઞાયક પ્રત્યેનું રહે અને આ રીતે એને સમ્યક્સન્મુખતા થાય ત્યાં એને અવશ્ય સંસ્કાર પડી જાય છે. એવા ઊંડા સંસ્કાર પડે છે કે, એ જીવ સમ્યક્દર્શનને પ્રાપ્ત કર્યા પછી પણ જો વમીને મિથ્યાદર્શનમાં આવે, મિથ્યાજ્ઞાનમાં આવે – અજ્ઞાન થાય તો વળી પાછો આ સંસ્કારના બળે એ સમ્યક્દર્શનને પ્રાપ્ત કરે. ફરીને સમ્યક્દર્શનને પ્રાપ્ત કરવાનું કારણ આ સંસ્કાર છે એ વાત પણ, એ પડખું પણ અહીંયાં નિર્ણયમાં ભું થાય છે. એ વાત અહીંયાં લીધી છે કે, એવા દૃઢ સંસ્કાર અંદરમાં પડે કે જે સંસ્કાર ફરે નહીં. જેમ સમ્યક્દર્શન થતાં અપ્રતિહતભાવ કહ્યો છે તેમ

સમ્યક્સન્મુખતામાં પણ અપ્રતિહતભાવે સમ્યક્દર્શન થયે જ છૂટકો. એવી દશા ઉત્પન્ન થાય છે. એ 'પરમાગમસાર'નો ૩૫૯ મો બોલ છે.

પ્રશ્ન :- પાના નંબર શું છે ?

સમાધાન :- વિષય તો શરૂ થાય છે ૫૯ પાનાથી ૬૪ પાના સુધી. પાંચ Pageની અંદર એ વિષય છે.

આ યથાર્થ ભૂમિકા – સમ્યક્દર્શનની યથાર્થ ભૂમિકાનો આ વિષય છે. આવી સ્થિતિ, આવો નિર્ણય, આવી દશા હોય છે ખરી, ન હોય ને એમ ને એમ અદ્ધરથી કોઈ જીવ ધર્મ પામે એવું બનતું નથી. એમ કહેવાનો અહીંયાં આશય છે. આ નિયત ક્રમ છે એમ કહેવું છે.

મુમુક્ષુ :- મેળવણી કરવી હોય તો નવ મુદ્દા આવ્યા કે નહિ તે તપાસી શકે.

પૂજ્ય ભાઈશ્રી :- તપાસી શકે છે, તપાસી શકે છે, બરાબર તપાસી શકે છે.

મુમુક્ષુ :- નિર્ણય સાચો કે ખોટો ખબર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધું ખબર પડે. આ મુદ્દાથી એને બરાબર ખ્યાલ આવે કે નિર્ણય થયો છે કે નથી થયો. નથી થયો અને થયો છે એમ માને તો એક લટી ભૂલ થઈ છે એમ માનવું જોઈએ. ખોટા રૂપિયાને સાચો રૂપિયો માને (તો) નુકસાન જાય. ૧૩૬ થયો.

**ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંત વાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે. બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે. ૧૩૭.**

૧૩૭. **'ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે.'** બહુ સુંદર વાત કરી છે કે, ભાઈ ! ચૈતન્યપરિણતિ તે જ જીવનું જીવન છે. જીવનું જીવન કહો, જીવનું પરિણમન કહો એ સાચું પરિણમન

છે, એ સાચું જીવન છે. ચૈતન્યમય પરિણતિ એ જીવનું ખરું જીવન છે. બાકીનું જીવન એ કૃત્રિમ જીવન છે – Artificial જીવન છે, જૂઠાં આનંદમાં સાચો આનંદ માની રહ્યો છે અને ઠગાયો છે અથવા દુઃખમાં સુખ માનીને ઠગાયો છે. ખરેખર એને ક્યાંય સુખ નથી અને ક્યાંય એનું જીવન સાચું નથી.

અહીંયાં તો પડખું એ લીધું છે કે, બહારનું તો અનંતવાર મળ્યું. બહારનું અનંતવાર મળ્યું એટલે તુચ્છતા લીધી છે. આ કાંઈને કાંઈ પ્રસંગ બને એમાંય ખાસ કરીને પુણ્યયોગવાળા પ્રસંગ બને ત્યારે જીવને હર્ષ થાય છે હરખ થાય છે. ખેદ થવો જોઈએ ત્યાં હરખ થાય છે. હરખનો તો ખેદ થવો જોઈએ. હરખ થઈ જાય તોપણ એનો ખેદ થવો જોઈએ કે અહીંયાં કેમ હરખ થાય છે ? એ તો અનંતવાર મળ્યું. તું અનંતવાર બહારમાં ઘણાં પુણ્યના ઢગલા ઉપર જઈને બેઠો પણ તને ક્યાંય આત્મામાં શાંતિ કે ચેન કે સુખ ઉત્પન્ન થયું નથી. એટલે એ **'બહારનું તો અનંતવાર મળ્યું,...'** કાંઈ **'અપૂર્વ નથી,...'** બધું પૂર્વાનુપૂર્વ છે. સુંદર શરીર મળ્યું, નિરોગ શરીર મળ્યું, એથી આગળ ચાલીને બહારમાં આમ, દામ ને ઠામ લોકો કહે છે (એ) બધી ચીજ સહજ પ્રાપ્ત થાય. પાંચ ઇંદ્રિયના વિષયો જેની ઇચ્છા થાય એ સહજપણે, સુલભપણે એની પ્રાપ્તિ હોય, ઉપલબ્ધિ હોય તોપણ આ જીવને એનાથી શાંતિ નથી ને સુખ નથી. શાંતિ અને સુખ માને એમાં એ ઠગાણો છે અને એ એને રુચિનો વિષય થતાં સંસારદુઃખની ઉત્પત્તિનું કારણ થાય છે.

**'બહારનું તો અનંત વાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે.'** અંદર જે અંતર્મુખનો આત્મપ્રત્યયી પુરુષાર્થ થાય એવો અનંતકાળમાં આ જીવને પુરુષાર્થ ઉત્પન્ન થયો નથી. એટલે કે એની દિશા બદલાણી નથી. એની પુરુષાર્થની દિશા બાહ્ય પદાર્થો ઉપરની રહી છે. અંતરંગમાં પરમાત્મપદ છે એના ઉપર એના પુરુષાર્થની પ્રક્રિયા ક્યારેય પણ ચાલું થઈ નથી. એ અપૂર્વ છે. એમ કહે છે ને ? 'ગુરુદેવ' પણ કહેતા, 'પૂજ્ય બહેનશ્રી' પણ કહે છે કે, અપૂર્વતા આવ્યા કરે છે, અપૂર્વતા જ આવ્યા કરે છે, અંદરથી અપૂર્વતા આવ્યા કરે છે. નવીન નવીન ભાવો આવે છે, અપૂર્વ ભાવો આવે છે એનો અર્થ શું ? કે, જે અંતર્મુખનો પુરુષાર્થ છે એ અપૂર્વ છે અને એ જ્ઞાનદશામાં – મોક્ષમાર્ગની દશામાં વધતો પુરુષાર્થ છે. અપૂર્વ અપૂર્વ ભાવે વધતો પુરુષાર્થ છે, નવીન નવીનપણે ઉત્પન્ન થતો એ પુરુષાર્થ છે એટલે એ અપૂર્વ છે. એની અપૂર્વતા સમજાય છે, એની અપૂર્વતા જ્ઞાનમાં બરાબર માલૂમ પડે છે કે આ અપૂર્વ પરિણામ છે. આવા પરિણામ કદી પૂર્વે મને થયા

નહોતા એનો એને બરાબર ખ્યાલ આવે છે. એ કાંઈ જાતિસ્મરણનો વિષય નથી. જાતિસ્મરણ તો મર્યાદિત હોય છે. અપૂર્વમાં તો અનંતકાળમાં ક્યારેય નહોતા થયા એમ પોતાને મતિશ્રુત જ્ઞાનની અંદર બરાબર ભાસ્યમાન થાય છે. એટલે તો કહ્યું છે કે, જેવી કેવળજ્ઞાનની તાકાત છે એવી જ મતિ-શ્રુતની (તાકાત છે). ँ प्रस्फ्रर स्फ्रॅफ्राफ्रॅफ्रक्रेफ्रक 'તત્વાર્થસૂત્ર'માં 'ઉમાસ્વામી'નું સૂત્ર છે. જેમ કેવળજ્ઞાન સર્વ દ્રવ્ય, પર્યાયને જાણે છે એમ મતિ-શ્રુત જ્ઞાન પણ સર્વ દ્રવ્ય, પર્યાયને જાણે છે. એક પ્રત્યક્ષ જાણે છે, એક પરોક્ષ જાણે છે.

**'અંદરનો પુરુષાર્થ...'** અંતર્મુખી પુરુષાર્થ તે જ અપૂર્વ છે. એમ કહે છે કે, તું અનંત કાળે મનુષ્ય થયો. બહુ સારું થયું કે, તું અનંત કાળે મનુષ્ય થયો અને વળી આ કોઈ અલૌકિક ધર્મનો વિષય પણ તારી સમક્ષ આવ્યો. તારી વિચારની ભૂમિકાની સામે વિચારવા માટે આ અલૌકિક ધર્મ અને અલૌકિક આત્મતત્ત્વનો વિષય પણ સામે આવ્યો. હવે અપૂર્વતા પ્રગટ કર્યા વિના જતો નહીં. મનુષ્યભવ પૂર્વાનુપૂર્વ છે. જૈનધર્મનો સંયોગ થવો, દેવ-ગુરુ-શાસ્ત્રનો, સંપ્રદાયનો (સંયોગ થવો) એ પણ પૂર્વાનુપૂર્વ છે. એ તો સમવસરણમાં પણ અનંતવાર ગયો છે ને ! પણ આ અંતર્મુખનો પુરુષાર્થ તે અપૂર્વ છે. એ અપૂર્વ કર્યા વિના હવે જાતો નહીં. આ એક ગાંઠ માર કે, આ કરવું જ છે.

એક બોલમાં પોતે બહુ સરસ વાત લે છે કે, જો કરવા ધારે તો થાય જ છે પણ કેમ થતું નથી ? કે, પોતે કરવા ધારતો નથી. આ એક બહુ માર્મિક વાત એમણે લીધી છે કે, જો આ જીવ ગાંઠ વાળે કે આ એક કામ કરવું જ છે, કોઈપણ ભોગે ગમે તેમ કરીને કરવું છે. કેમકે પાછળ એનો લાભ અનંતો છે. જીવ એક વખત અપૂર્વ પુરુષાર્થની શ્રેણીમાં આવ્યો (એટલે) એનો અનંતકાળ સુધરી ગયો. પહેલું જોર કરવું એ જીવને કઠણ પડે છે એટલા માટે કે, ઊંધા જોરમાં ભો છે માટે. પણ એકવાર અપૂર્વ પુરુષાર્થ કરે એનો લાભ એને અનંતકાળ પર્યંતનો છે. એ પછી સંસ્કાર જતો નથી. એ તો કહ્યું, સંસ્કાર પડી જાય છે. એ સંસ્કાર ક્યારે પણ ભુસાતો નથી.

મુમુક્ષુ :- અધ્યાત્મના ઢાળ ઉપર આવી જાય પછી તો પોતાના વેગથી જ દોડે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી તો બહુ સહેલું છે, સહજ છે. ઢાળ ઉપર આવવો જોઈએ. પછી તો વલણ છે ને (એ) એક વહેણ છે. જ્યાં અનંત મહિમાવંત સ્વરૂપ જ્ઞાનમાં લક્ષની સમક્ષ રહે પછી એના પરિણમનનું વહેણ એ તરફનું ચાલ્યા જ કરે ને ! એ તો સીધી વાત છે. કેમકે એક ભર્યું ભર્યું લાગે છે ને બાકીનું બધું ખાલી ખાલી લાગે છે. એટલે એ

વહેણ છે એ આપોઆપ જ વધતું ચાલે છે અને પૂર્ણતાને પહોંચે છે.

શબ્દ સાદો છે પણ બહુ ભાવ ભર્યો છે એમાં. ભાઈ ! **'બહારનું તો અનંત વાર મળ્યું,...'** અને અનંતવાર તે માણ્યું, પણ એ કાંઈ જીવન નથી, એ કાંઈ ચૈતન્યનું જીવન નથી. એ જડનું જીવન જડ જેવું થઈને અનંત વાર તને ઘણાં દુઃખનું કારણ થયું. હજી ન સમજે તો એ પણ અનંતકાળ પર્યંત અનંત દુઃખનું જ કારણ થશે. બહારના પદાર્થોની અને બહારની બધી કિંમત ઉડાવી જ દે એકવાર તો ! એના ઉપર ચોકડી મૂકી દે કે, એ કાંઈ નથી. જાણે કાંઈ છે જ નહીં. એવી રીતે એની તુચ્છતા આવી જાય તો જ એનો ઉપયોગ સ્વરૂપમાં થંભે એવી પરિસ્થિતિ આવે. બહારનો મહિમા એમ ને એમ જળવાઈ રહે (તો) ઉપયોગ દિશા નહીં બદલે. અંદર આવીને સ્થિર થાય, થંભી જાય એ તો વળી બીજી વાત છે પણ દિશાય નહીં બદલે. દિશા બદલવું એ પણ અપૂર્વ છે. એવું અપૂર્વ ન થાય ત્યાં સુધી બધું પૂર્વાનુપૂર્વ છે.

**'અનંત વાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે.'** અંતર્મુખી પુરુષાર્થ થાય, આત્માની ચૈતન્યવીર્યની સ્ફુરણા થાય એ જ અપૂર્વ છે. **'બહાર જે સર્વસ્વ મનાઈ ગયું છે તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.'** બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે. એટલું બધું સર્વસ્વ મનાઈ ગયું છે કે, એને પોતાને ખબર નથી કે મેં કેટલું સર્વસ્વ માન્યું છે ! એની પાસે એનો અંદાજ નથી. પણ એટલું સર્વસ્વપણું બહારમાં માન્યું છે કે, એનો ઉપયોગ અને એની પરિણતિ ત્યાંથી પાછી ફરવા અસમર્થ થઈ ગઈ છે, અશક્તિમાન થઈ ગઈ છે.

એક ન્યાય એવો છે કે, સંજ્ઞી પંચેન્દ્રિય જીવના પરિણમનમાં જ્ઞાનનો ક્ષયોપશમ અને વીર્યના ક્ષયોપશમમાં પરિણમનમાં એવી પ્રગટ વ્યક્ત શક્તિ છે કે, એ ધારે તો પોતાના સ્વરૂપમાં આવી શકે છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન, સમ્યક્ચારિત્રને એ પ્રાપ્ત કરી શકે છે. એથી નીચેના એટલે અસંજ્ઞી પંચેન્દ્રિયથી માંડીને ચાર ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, એક ઇન્દ્રિય અને નિગોદના જીવોને કોઈપણ પ્રકારે સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્ર પ્રગટ કરવાનું સામર્થ્ય જ નથી. હવે આવું સામર્થ્ય હોવા છતાં એક તબક્કે એમ કહેવું પડે છે કે, જ્યાં સુધી જીવ પરપદાર્થમાં સર્વસ્વ માનીને પરિણમે છે ત્યાં સુધી તે સમ્યક્દર્શનને પ્રાપ્ત કરવા માટે અસમર્થ છે. સમર્થ હોવા છતાં અસમર્થ છે. આ બીજો તબક્કો. સંજ્ઞી પ્રાણી છે તે સમર્થ છે પણ એની પાસે જે પુરુષાર્થની મૂડી છે, એની પાસે જે સમજણની ને જ્ઞાનની

મૂડી છે એનો એ દુરઉપયોગ કરે છે, પરપદાર્થને વિશે લગાવે છે અને તેથી એમાં એટલી અશાન્તિ આવે છે કે, એ વિચાર કરે ને ઇચ્છા કરે કે મારે સમ્યક્દર્શનને પ્રાપ્ત કરવું છે ને મારે આ શુદ્ધોપયોગ થઈને આત્મામાં સ્થિર રહેવું છે પણ એ સ્થિર રહી શકે નહીં. કેમકે એમ રહેવા માટે તે અસમર્થ છે.

મુમુક્ષુ :– પરપદાર્થને સર્વસ્વ ન માનવું હોય છતાંય (મનાય છે).

પૂજ્ય ભાઈશ્રી :– સર્વસ્વ ન માને તો તો એ સમર્થ છે.

મુમુક્ષુ :– પણ છતાંય ભાવમાં એજ આવી જાય છે. જરાક બહારના પરિણામમાં...

પૂજ્ય ભાઈશ્રી :– કારણ કે સર્વસ્વપણું માન્યું છે. કાંઈ મફતનું આવતું નથી. પણ એ પોતાને ખબર નથી કે, મેં કેટલું માન્યું છે, કેટલી હદે માન્યું છે. પોતાનો સિદ્ધ સમાન આત્મા, પોતાનું આખું સિદ્ધપદ સમર્પણ કરી દીધું છે. પુદ્ગલ રજકણના ઢગલામાં, જડ રજકણના વિષ્ટાના ઢગલામાં આખું સિદ્ધપદને સમર્પણ કર્યું છે. એણે આટલું મોટું પાપ કર્યું છે. આમ તો ભગવાનની પ્રતિમાને પગ ન અડાડે, ચરણસ્પર્શ કરીને માથું નમાવે. કાંઈ પગ અડાડાય ? આણે તો ત્યાં ઢગલામાં આખા સિદ્ધપદને સમર્પણ કરી દીધું.

મુમુક્ષુ :– લાત મારી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, લાત મારી છે. પગ નથી અડાડ્યો પણ સિદ્ધપદને લાત મારી છે. મોટું પાપ કર્યું છે. મિથ્યાત્વને મોટું પાપ એટલા માટે કહ્યું છે. એ કાંઈ ઉપમા, અલંકાર આપીને ભડકાવવાની વાત નથી કે અતિશયોક્તિ નથી પણ જેમ છે એમ જ કહ્યું છે, યથાર્થ કહ્યું છે.

મુમુક્ષુ :– આ એક બોલને નવ મુદ્દા લાગુ પાડીએ તો છૂટી જાય એવું છે.

પૂજ્ય ભાઈશ્રી:- હા, છૂટી જાય એવું છે.

એણે સર્વસ્વ માન્યું છે. બહારમાં સર્વસ્વ માન્યું છે અને સિદ્ધપદને ત્યાં સમર્પિત કરી દીધું છે. એનું સમર્પણ ખોટી જગ્યાએ છે. એ પણ જે રજકણ આંધળા છે, જડ છે, જેમાં સુખ નથી પછી સુખ દેવા સમર્થ નથી એ વાત જ રહેતી નથી. કેમકે સુખ હોય તો દ્યે ને ! સુખ દેવા સમર્થ નથી શું પણ સુખ જ નથી એનામાં પછી સુખ શું દ્યે ? પણ ભ્રાંતિએ કરીને, સુખની ભ્રાંતિથી ત્યાં મારું સુખ છે એમ જાણીને આ જીવે પોતાના સિદ્ધપદનું સમર્પણ કર્યું છે. એટલે એનો ઉપયોગ સ્થિર થવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

મુમુક્ષુ :– તિર્યંચ ગતિમાં પણ સમ્યક્દર્શન થાય છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- તિર્યંચ ફરી જાય છે. એનું સર્વસ્વ આત્મામાં એ સ્વીકારે છે ત્યારે એને સમ્યક્દર્શન થાય છે. (એ) ફેરફાર કરી નાખે છે. એ તિર્યંચ નથી પણ ખરેખર એ દેવ છે એમ કહેવાય છે. ગણધરદેવો તેને દેવ કહે છે. ૨૮મી ગાથા. 'રત્નકરણ્ડકશ્રાવકાચાર' ૨૮ ગાથામાં એ કહ્યું. ભલે ચાંડાળનો દેહ હોય, લોકો અછૂત કહેતા હોય, અડાય નહીં એને. કહે છે કે જો એણે સમ્યક્દર્શન પ્રાપ્ત કર્યું તો એ ગણધરદેવ તેને દેવ કહે છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા' ૨૩૬ ગાથામાં ભગવાન 'કાર્તિકસ્વામી' એને કહે છે કે તે પૂજનીય છે, તે વંદનીય છે. શું કહ્યું ? તે વંદનીય છે ને તે પૂજનીય છે.

પ્રશ્ન :- સંજ્ઞી પંચેન્દ્રિય કે અસંજ્ઞી પંચેન્દ્રિય ?

સમાધાન :- સંજ્ઞી પંચેન્દ્રિય. કોઈ અસંજ્ઞી પંચેન્દ્રિયને તો વિચારદશા જ ન હોય. મન ન હોય ત્યાં વિચારદશા ન હોય, વિચારદશા ન હોય ત્યાં નિર્ણય ન થાય. વિચાર વગર નિર્ણય થાય નહીં. એણે એટલી સ્વરૂપની વિરાધના કરી છે કે મનનો ઉઘાડ, ભાવમન ગુમાવી બેઠો છે એટલે એને નિર્ણય થવાની ભૂમિકા રહેતી નથી. સંજ્ઞી પંચેન્દ્રિય સુધી આરાધના કરવાની શક્યતા છે પછી એકલી વિરાધના છે. ક્યાંય આરાધના થઈ શકે એવી જગ્યા નથી. અનંત શક્તિના ધણીની આ હાલત થાય છે. અહીં સુધી રાખીએ.

***

## તા. ૨૦-૦૬-૧૯૮૭, વચનામૃત-૧૩૭,૧૩૮
## પ્રવચન નં. ૧૦૬

'બહેનશ્રી'ના વચનામૃત પાનું ૪૩. ૧૩૭ બોલ ચાલે છે. ફરીને લઈએ. **'ચૈતન્ય પરિણતિ તે જ જીવન છે.'** એ જ જીવન છે એટલે તે જ સાચું જીવન છે. પોતાના શુદ્ધ ચૈતન્યને અનુસરીને જે પરિણમન થાય એમાં શાંતિ છે, કષાયનો એમાં અભાવ છે. એવું જે પરિણમન છે એ સાચું જીવન છે, જીવવા યોગ્ય જીવન છે, બાકીનું એ સિવાયનું જે પરિણમન છે એ દુઃખમય જીવન છે, કષાયમય અને દુઃખમય જીવન છે.

જે બાહ્ય પદાર્થોના કારણથી જીવનમાં મલિનતા થાય છે એ વિષયમાં સ્પષ્ટીકરણ કરે છે કે, ઇ બધું અનંતવાર મળ્યું. જેના માટે તારું જીવન બગાડે છો એ તો અનંતવાર મળી ચૂ યું છે, નવું નથી કોઈ અથવા તને જે વર્તમાનમાં બાહ્ય સંયોગો, બહારનું જે કાંઈ મળ્યું છે એનાથી ઘણું ઘણું પૂર્વે મળી ચૂક્યું છે. એટલું બધું ઘણું મળેલું છે કે, વર્તમાનમાં છે એ તો કાંઈ નથી એની પાસે. એટલું મળી ચૂકેલું છે. એ કાંઈ **'અપૂર્વ નથી,...'** એટલે એની કાંઈ કિંમત નથી. અપૂર્વ નથી એટલે એનું કાંઈ એવું મૂલ્ય નથી કે જેના કારણે પોતાની શાંતિ ગુમાવવી પડે, જેના કારણે પોતાનું જીવન ખરાબ કરવું પડે, મલિન કરવું પડે એવા એ કોઈ પદાર્થો નથી. અનંતવાર મળી ચૂકેલા છે. મળી ચૂકેલા છે એટલે સંયોગમાં આવી ચૂકેલા છે. આત્મામાં કાંઈ મળ્યું હોય તો અત્યારે એ સંબંધી કાંઈ પણ એમાં કાંઈ રહ્યું હોત, (પરંતુ) આત્મામાં તો મળવાનો પ્રશ્ન નથી. સંયોગ તો એવા અનંતવાર થઈ ચૂક્યા છે. એની શું કિંમત છે કે જેથી વર્તમાન જીવન એની પાછળ ખરાબ કરવું, બગાડવું કે ગુમાવવું ?

એ કાંઈ **'અપૂર્વ નથી પણ...'** અનંતકાળમાં **'અંદરનો પુરુષાર્થ...'** અંતર્મુખનો પુરુષાર્થ – આત્મિક પુરુષાર્થ તે કર્યો નથી – તે થયો નથી તેથી **'તે જ અપૂર્વ છે.'** જો આત્મલક્ષી

પુરુષાર્થ ઉત્પન્ન થાય તો અનંત શક્તિઓ ખીલવા લાગે, આત્માની અનંત શક્તિઓની ખીલવટ શરૂ થાય એ અપૂર્વ છે. જાણે કે આત્મામાં નવી ચેતના પ્રગટ થઈ ! પુરુષાર્થ એવી ચીજ છે કે, જાણે આત્મામાં કોઈ નવી ચેતના પ્રગટ થઈ ! જાણે કે આત્મજીવન કોઈ નવપલ્લવિત થતું હોય એવું એ પુરુષાર્થનું કાર્ય છે, એ અપૂર્વ છે. અનંતકાળમાં જીવને એ થયું નથી, એ અપૂર્વ છે.

હવે, એવું અપૂર્વ કેમ થતું નથી એનું કારણ પણ એક લીટીમાં આપે છે કે **'બહારમાં જે સર્વસ્વ મનાઈ ગયું છે...'** જે કાંઈ ક્ષુદ્ર સંયોગો છે – તુચ્છ સંયોગો છે એમાં આ જીવ સર્વસ્વ માનીને આખેઆખો ટીંગાઈ ગયો છે, પૂરેપૂરો ટીંગાઈ ગયો છે. પોતાની પૂરી શક્તિથી જાણે એની પાછળ પૂરું જીવન સમર્પિત કરવા માગતો હોય એવી રીતે ધસે છે, એવી રીતે દોડે છે. બહારમાં જે સર્વસ્વ મનાઈ ગયું છે અને એ મનાઈ ગયું છે તેથી એનું જે સર્વ ગુણોનું પરિણમન જે બાહ્ય પદાર્થોને અનુસરે છે એથી એ પાછો વળીને અંતર્મુખના પુરુષાર્થમાં આવી શકતો નથી. કેમકે પુરુષાર્થની મૂડી એણે બાહ્ય પદાર્થો પાછળ લગાવી અને તેથી કરીને એનો પુરુષાર્થ એને અંદરમાં લગાવવો જોઈએ, અંદરમાં જે પુરુષાર્થ કાર્યગત થવો જોઈએ એ કાર્યગત થતો નથી. એનું મૂળ કારણ માન્યતા છે. **'મનાઈ ગયું છે...'** એમ કહ્યું ને ? બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે. બસ ! આ જ બધું છે.

ટૂંકામાં કહીએ તો એ બાહ્ય સંયોગો એ જ આત્મા થઈ પડ્યો છે એટલે એ સિવાય એને પોતાનો આત્મા જાણે ખોવાઈ ગયો છે. બહારમાં સર્વસ્વ માનતા પોતાના આત્માને એણે ખોય નાખ્યો છે અને પોતાની શાંતિને હણે છે. બાહ્ય ભાવો કેવી રીતે ઉત્પન્ન થાય છે ? ખરેખર તો આત્મગુણ તો આત્મશાંતિને ઉત્પન્ન કરે એવા છે. ગુણ કહો કે સ્વભાવ કહો. સ્વભાવ તો આત્મશાંતિને ઉત્પન્ન કરનારો છે પણ એને મરડીને, મચડીને એનો કચ્ચરઘાણ કાઢીને અશાંતિ ઉત્પન્ન કરે છે. એ રીતે અશાંતિમય જીવન જીવે છે.

પ્રશ્ન :– માન્યતા એટલે શ્રદ્ધા છે પરમાં ?

સમાધાન :– હા, બરાબર શ્રદ્ધા છે. માન્યતા એટલે શ્રદ્ધા જ છે. આ જ મારું સર્વસ્વ છે એવી શ્રદ્ધા પડી છે. આ સંયોગો જ મને સુખનું કારણ છે એવી શ્રદ્ધા કામ કરી રહી છે અને તેથી આત્મામાં સુખ છે, આત્મા સુખનું કારણ છે એ શ્રદ્ધા કરી શકતો નથી, એ સ્વીકાર એને થતો નથી. જાણે બધું બહારમાં જ છે ને અંદરમાં કાંઈ નથી, એ સ્થિતિમાં છે.

પ્રશ્ન :- શું કરવું ?

સમાધાન :- એ શું કરવું એ બીજી લીટીમાં છે, તરત જ છે કે, **'તે પલટીને સ્વમાં સર્વસ્વ માનવાનું છે.'** અનંતગુણ નિધાન દૈવી ગુણોનો ખજાનો અંદરમાં ભરપૂર છે, જેની હયાતી ત્રણે કાળે સદાય રહે છે, મોજૂદ રહે છે, ક્યારેય પણ એમાં ફેર પડતો નથી. છે એને જોવાનું છે – કાર્ય તો ફ ત આટલું જ છે. કાંઈ લાવવાનું છે, કાંઈ કરવાનું છે, કાંઈ ઉત્પન્ન કરવાનું છે, કાંઈ બનાવવાનું છે (એવું) કાંઈ નથી. છે એને જોવાનું છે કે, પોતે પોતાના અનંતગુણ સ્વભાવથી ભરેલો સભર પદાર્થ છે, સમૃદ્ધ પદાર્થ છે અને એના જ અભાનમાં એ દીનતા કરે છે. એના ભાનમાં ત્રણલોકનો નાથ પોતે પોતાને ભાસે છે. ત્રણલોકનો નાથ છે પોતે. ચક્રવર્તીને છ ખંડ હોય અને ઇન્દ્રને બત્રીસ લાખ વિમાન હોય તોપણ એ બધું મર્યાદિત છે. અહીંયાં તો અમર્યાદિત શાસન મળે છે. ઓલું તો મર્યાદિત શાસન છે, આ અમર્યાદિત શાસન છે.

મુમુક્ષુ :- પોતે જ આવો મહાન છે ને જોતો નથી !

પૂજ્ય ભાઈશ્રી :- એવું છે. આવો મહાન પોતે જ હોવા છતાં પોતે જ પોતાને ભૂલ્યો છે એ પણ એટલી જ મહાન ભૂલ છે, એ કોઈ નાનીસૂની ભૂલ નથી. પોતે પોતાને ભૂલ્યો છે એ ભૂલમાં અનંત નિગોદના ભવનું બીજ છે. અનંત નરક, નિગોદના ભવનું બીજ ત્યાં પડ્યું છે. આવો પોતે સર્વજ્ઞ સ્વરૂપે, સર્વજ્ઞ સ્વભાવે હોવા છતાં, શુદ્ધ સિદ્ધ પ્રસિદ્ધ સિદ્ધપદ હોવા છતાં પોતે જ પોતાને ભૂલ્યો ને પોતે પોતાને ભૂલ્યો એ કોઈ નાનીસૂની ભૂલ નથી.

'ગુરુદેવ' એનું દૃષ્ટાંત આપતા કે, રાજાના ઘરમાં ચોરી કરવી અને રૈયતના ઘરમાં ચોરી કરવી એમાં ફેર છે. સામાન્ય નગરજનના ઘરમાં ચોરી કરવા જાય એ જ ચોર જ્યારે રાજાના ઘરમાં ચોરી કરવા જાય ત્યારે એની હિંમત કોઈ વિશેષ છે. એમ આ સર્વજ્ઞપદ છે એની લૂંટ ચલાવે છે, ગુણનિધાનને લૂંટાવે છે (એ) મોટો અપરાધ છે. એનું ફળ પણ એવું જ છે.

**'સ્વમાં સર્વસ્વ માનવાનું છે.'** અને કોઈપણ ભોગે પોતાની શાંતિ અને પોતાની આરાધના બગડે નહીં એવો એનો અભિપ્રાય થઈ જવો જોઈએ. પરિણમન તો ઓછુંવત્તું હોય શકે છે પણ અભિપ્રાય તો પૂરેપૂરો એવો જ થઈ જવો જોઈએ. એ અનુસંધાન છે આગળ પાછળનું એટલે છેલ્લી લીટી બાકી હતી એ શરૂથી લીધી.

**રુચિ રાખવી. રુચિ જ કામ કરે છે. પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે. તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો. રુચિ વધારતા જવી. ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે. 'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક' - એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહિ. ૧૩૮.**

૧૩૮. રુચિ ઉપરનો બોલ છે. સ્વરૂપની રુચિ – આત્મરુચિ, એ કાર્ય કરે છે એ મૂળનું કારણ છે, માર્ગ પ્રગટ થવાનું એ મૂળ કારણ છે. ભેદજ્ઞાન શરૂ થવાનું પણ એ મૂળ કારણ છે. **'રુચિ રાખવી.'** સ્વરૂપની ગુણની – ગુણના સુખની – ગુણથી ઉત્પન્ન થતાં સુખની રુચિ રાખવી. **'રુચિ જ કામ કરે છે.'** આત્માનું આત્મકાર્ય કોણ કરે છે ? આ સિદ્ધાંત છે કે રુચિ જ કામ કરે છે. બીજો પક્ષ લઈએ તો અનાદિથી જીવને રાગની, કષાયની અને પરપદાર્થની રુચિ છે અને એ જ અનંત સંસારના પરિભ્રમણનું કાર્ય કરે છે. એ (રુચિ) ઊલટું કાર્ય કરે છે, આ (સ્વરૂપની રુચિ) સૂલટું કાર્ય કરે છે. માટે એમ કહે છે કે **'રુચિ રાખવી.'** સ્વરૂપની રુચિ જ સ્વરૂપનું કામ કરે છે અને રુચિ ન હોય તો રુચિ વિનાની કોઈપણ ક્રિયા – ચાહે શાસ્ત્ર વાંચનની ક્રિયા હોય, ચાહે વ્રત, ઉપવાસ આદિની કોઈપણ ક્રિયા હોય, ચાહે દયા, દાન આદિની કોઈ ક્રિયા હોય, યાત્રા, નામ સ્મરણની કોઈ ક્રિયા હોય, એ બધી ક્રિયા સ્વરૂપની રુચિ વિના કોઈપણ પ્રકારે કાર્યગત થતી નથી. સ્વરૂપની રુચિ વિનાની તે સર્વ ક્રિયાઓને જડક્રિયા કહેવામાં આવે છે. ચેતન વિનાની ક્રિયા છે એ જડક્રિયા છે. જેમ શરીરની ક્રિયા જડ છે, વાણીની ક્રિયા એ જડ છે, મનની ક્રિયા એ જડ છે એમ આત્મરુચિ વિનાની સર્વ ક્રિયાઓ જડવત્ હોવાથી તે જડ છે.

જેની રુચિ છે ત્યાં પુરુષાર્થ કામ કરતો હોવાથી ત્યાં ભીંસ લાગે છે, જોર ત્યાં લાગે છે. જેમકે શાસ્ત્ર વાંચન લઈએ, બીજી બધી ક્રિયા તો એનાથી હેઠ છે, નીચેની કક્ષાની

છે. પણ એક જ્ઞાનક્રિયાને ઊંચી ક્રિયા કહે છે, શાસ્ત્ર વાંચન. સ્વરૂપની રુચિપૂર્વકની જ્ઞાનક્રિયા છે એ અકષાય સ્વભાવના જોરથી જોરને ઉત્પન્ન કરનારી છે અને સ્વરૂપ રુચિ વિનાની એ શાસ્ત્ર વાંચનની ક્રિયા છે એ કષાયના જોરમાં ઉત્પન્ન થયેલા પરિણામો છે. બેમાં મોટો ફેર પડી જાય છે. એક કષાયની ભીંસમાંથી આવતા ભાવો છે અને એક અકષાયની ભીંસમાંથી આવતા ભાવો છે. બે વચ્ચે બહુ મોટો આંતરો છે.

એટલે જે પાયાની વાત છે એ સ્વરૂપ રુચિની છે, આત્મરુચિની છે અને એ જ કામ કરે છે. મૂળનું કામ એ કરે છે. પછી બીજા બધા ગુણો રુચિને અનુસરીને પૂરું આત્મકાર્ય સંપન્ન થવામાં સહયોગ આપે છે. રુચિ ઉત્પન્ન થાય તો બીજા ગુણોનો સથવારો એને મળે છે, સધિયારો એને મળે છે. જો મૂળમાં રુચિ ન હોય તો કષાયની મંદતાની ક્રિયા કે જ્ઞાનની ઉઘાડની ક્રિયા એ બધી નિષ્ફળ જાય છે. કોઈ કામ કરતી નથી. એટલે એમ કહ્યું કે, **'રુચિ જ કામ કરે છે.'** અંદર તપાસવા યોગ્ય છે...

પ્રશ્ન :- કેમ ખબર પડે કે આ રુચિ છે ?

સમાધાન :- હું ઇ જ કહેવા જતો હતો કે અંદર તપાસવું જોઈએ કે, આ જીવને શું રુચે છે ? પોતાની જાતને તપાસ્યા વિના પોતાને કેમ ખબર પડશે ? કદાચ જ્ઞાની ગુરુ એમ કહે કે, તને આની રુચિ છે અને તને આની રુચિ છે. પણ એ પણ એને તપાસશે ત્યારે જ ખબર પડશે કે, આ કહે છે – ગુરુ કહે છે એ સાચું છે કે ખોટું. નહીંતર તો ગુરુ છે માટે એનું માની લ્યો. એમાં એ વાત એણે પોતાના ઘરની બનાવી નથી, પોતાની નથી બનાવી. એટલે પોતાને તપાસતા માલૂમ પડે છે, અંતર શોધ કરતા માલૂમ પડે છે કે, જીવને શું રુચે છે. આ બધું રુચે છે, જગતના પદાર્થો, પાંચ ઇન્દ્રિયના વિષયો રુચે છે અથવા જે કાંઈ સંયોગો છે એ સંયોગો જળવાઈ રહે છે, વૃદ્ધિગત થાય છે એ બધું રુચે છે. પોતાની ઇચ્છા અનુસાર અનુકૂળ બધા કાર્યો બહારમાં થાય એ બધું એને રુચે છે કે એ બધાના અભાવ સ્વભાવે રહેલો શુદ્ધાત્મપદાર્થ રુચે છે ? ગુણથી ભરપૂર એવા ગુણની રુચિ છે એ રુચે છે ? બસ ! એ એને તપાસ કરીને અંદરમાં નક્કી કરવું જોઈએ.

**'પૂજ્ય ગુરુદેવે ઘણું દીધું છે.'** આ વિષયમાં અનેક પડખેથી 'ગુરુદેવશ્રી'એ વિષયને ખોલેલો છે, ઘણી ઘણી વાતો કરી છે, અનેક પ્રકારે વાતો કરી છે. રુચિને દર્શાવવા માટે અથવા આત્મરુચિ પ્રગટ કરવા માટે ઘણી વાતો કરી છે. **'તેઓશ્રી અનેક રીતે સમજાવે છે.'** આ તો 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં શાસ્ત્રવાંચનમાં નીકળેલા વચનો છે એટલે એ રીતે

વાત આવી છે કે, અત્યારે પણ તેઓશ્રી અનેક રીતે સમજાવે છે. ઘણું દીધું છે અને હજી દઈ રહ્યાં છે.

**'પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો.'** બરાબર છે ? આવે છે ? પ્રયોગ કરવો. **'પૂજ્ય ગુરુદેવના વચનામૃતોના વિચારનો...'** એટલે એ સંબંધી જે કાંઈ વિચારી શકાય એને વિચારીને એનો પ્રયોગ કરવો. રુચિ છે એ પ્રયોગ સાથે સંબંધ ધરાવનાર પરિણામ છે. આમ તો યથાર્થ વિચાર પણ પ્રયોગ સાથે સંબંધ ધરાવનાર પરિણામ છે પણ અયથાર્થ વિચાર હોય તો એમાં પ્રયોગ સાથે સંબંધ રહેતો નથી, અદ્ધર ને અદ્ધર ચાલે છે અથવા ઉદયકાળે એ બધું અદ્ધર – સમજેલું અદ્ધર રહી જાય છે, એનો કોઈ પ્રયોગ થઈ શકતો નથી. તે અયથાર્થ વિચાર છે. યથાર્થ વિચાર યથાર્થ રુચિને ઉત્પન્ન કરે. યથાર્થ જ્ઞાન યથાર્થ રુચિને ઉત્પન્ન કરે અને જ્યારે યથાર્થ રુચિ થાય ત્યારે એનો પ્રયોગ થયા વિના રહે નહીં.

પ્રયોગ એટલે ઉપયોગ થવો. મૂડી હોય ને જરૂર વખતે વપરાય નહીં તો એ મૂડી શા કામની ? રોગ થયો શરીરમાં અને પૈસા ન હોય એને તો તકલીફ થાય પણ હોય એને ન વાપરવાનું થાય તો ? એ તો નહીં હોવા બરાબર છે. (એ પૈસા) એના નથી એ ખરેખર. એમ જે કાંઈ સમજણ છે, જે કાંઈ રુચિ છે એનો ઉદયમાં પ્રયોગ ન થાય – ઉપયોગ ન થાય તો એને એ વિચાર, એ સમજણ, એ રુચિ ખરેખર પોતાની કરીને કેળવી નથી, રાખી નથી અને એનો એને ઉપયોગ નથી. એ કો'કના ઘરની ચીજ છે, કોઈની ઉછીની લીધેલી ચીજ છે એના કામની એ નથી, નકામી પડી છે.

મુમુક્ષુ :– Theory માં બધું સમજાય છે પણ Practical વખતે મગજ ઠેકાણે નથી રહેતું.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો પરીક્ષા જ ત્યાં છે આ વિષયની. આ વિષય સાથે આપણે સંબંધ છે કે નહીં એની પરીક્ષા ક્યાં થાય ? ખરે ટાંણે પરીક્ષા થાય. માણસ નથી કહેતા કે ખરે ટાંણે એનું સ્વરૂપ દેખાશે. તમારી સાથે સંબંધ સારો રાખે છે, ડાહી ડાહી વાતો કરે છે પણ તમારે કોઈ એવો પ્રસંગ, ખરો પ્રસંગ પડશે ને ત્યારે તમને ખબર પડશે. એમ નથી કહેતાં ? એમ આ બધું વાંચ્યું, વિચાર્યું એની ખબર ક્યારે પડે ? કે, ખરે ટાંણે પડે. જ્યારે એની પરીક્ષા કરવાનો સમય આવે ત્યારે ખબર છે કે ખરેખર આ વાત આપણે કેટલી હદે પોતાની કરી છે અથવા પોતાની કરી છે કે નથી કરી એ ત્યારે ખબર પડે છે.

ખરેખર તો ત્યારે જ આ વસ્તુ સમજાય છે. પ્રયોગ અને પ્રયોગના વિષયમાં થોડો

વિચાર કરવામાં આવે તો એ છે કે, વગર પ્રયોગે જે સમજાય છે તે ઓઘસંજ્ઞામાં જાય છે, તે ઓઘસંજ્ઞામાં જાય છે. જેમ લોકસંજ્ઞામાં કરેલો ધર્મ એ ધર્મ નથી પણ અધર્મ છે, એમ ઓઘસંજ્ઞાએ કરેલો ધર્મ એ પણ ધર્મ નથી પણ અધર્મ છે. 'શ્રીમદ્‌જી'એ તો એ વિષયમાં સ્પષ્ટ લખ્યું છે કે, જીવને આત્મસ્વરૂપ નહીં ભાસ્યમાન થવાનું શું કારણ છે ? કે, લોકસંજ્ઞા, ઓઘસંજ્ઞા. એ બન્ને સંજ્ઞા એવી છે કે જેને લઈને એને પોતાનું સ્વરૂપ મૂળ સ્વરૂપ જાણવા મળે છે પણ છતાં એને ભાસ્યમાન થતું નથી. શાસ્ત્રથી અને શાસ્ત્રના કહેનારા શ્રીગુરુના વચનોથી સાંભળવા મળે છે, વિચારવા મળે છે, જાણવા મળે છે કે, આવો આત્મા કહે છે. છતાં પોતે જ એવો છે એ નહીં ભાસવાનું કારણ કાં લોકસંજ્ઞા છે કાં ઓઘસંજ્ઞા છે. એની દૃષ્ટિ લોકો ઉપર છે કે લોકોની નજરમાં હું કેવો દેખાવ છું અને કાં એ ઓઘે ઓઘે એટલે કે સમજેલી વાતને પ્રયોગ કર્યા વિના એમ ને એમ અદ્ધરને અદ્ધર સમજે છે. એ ઓઘસંજ્ઞા છે. ઓઘસંજ્ઞા રહેવાનું કારણ એ છે.

(અહીંયાં) શું કહે છે ? **'પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો.'** માત્ર સાંભળી લેવું એમ નહીં પણ પોતાના જીવનમાં અથવા ઉદય પ્રસંગોમાં એનો પ્રયોગ કરવો કે, આ સમજણ કેવી રીતે લાગુ પડે છે અને ઉદયથી કેવી રીતે જુદાં પડવાનું છે ? એનો પ્રયોગ કરવો.

પ્રશ્ન :– અત્યારે આ વાંચનનો ઉદય છે એમાં શું કઈ રીતે કરવું ?

સમાધાન :– એમાં પણ જ્ઞાયકનું લક્ષ રાખવું. આવશે નીચે જ્ઞાયક... જ્ઞાયક... જ્ઞાયક. જ્ઞાયકની રુચિ અને જ્ઞાયકનું લક્ષ રાખવું. વચન છે એને જ્ઞેય નહીં બનાવવું પણ જાણનારને જ્ઞેય બનાવવું અથવા જે સંભળાઈ રહ્યાં છે એવા જે વચન, કર્ણેન્દ્રિયનો વિષય છે ને ? વચન છે એ કર્ણેન્દ્રિયનો વિષય છે. એ કર્ણેન્દ્રિયના વિષયરૂપ વચનોથી હું જ્ઞાયક પદાર્થ ભિન્ન છું. એમ જ્ઞાયકના લક્ષે એણે ભેદજ્ઞાન કરવું. એનાથી પણ ભિન્ન છું.

માણસ જમવા બેસે છે ત્યારે પહેલેથી એવો વિચાર રાખે છે કે, આમાં મીઠું નાખ્યું હશે કે નહીં નાખ્યું હોય ? આપણે નક્કી કરીને પછી ખાવાનું શરૂ કરીએ. એ તો સીધો જેવો પહેલો કોળિયો લ્યે છે એટલે તરત જ મીઠું ન હોય તો એનું જ્ઞાન હાજર થાય છે. મીઠું રહી ગયું લાગે છે. મીઠાની તપાસ કર્યા વિના પણ કેમ લક્ષ ગયું ? કે આમાં મીઠું નથી ને મોળું છે ? આ તપાસવા માટેનો વિચાર પણ નહોતો. અને છતાં સીધું સ્વાદમાં આવતા 'મીઠું નથી' એમ સીધી Light ક્યાંથી થઈ ? એ જ્ઞાન હાજર થયું. એમ ગમે

તે રસોઈ હોય, ગમે તે અનેક જાતના ફરસાણ હોય, શાક હોય જેમાં મીઠું વપરાય છે, દાળ હોય એમાં ક્યાંય પણ મીઠું ન હોય તો તરત એને ખબર પડે. મીઠાની ગેરહાજરી એને જણાઈ આવે છે. પણ આ બધા પદાર્થોને સર્વ કાળે જાણી રહ્યો છે એવા જ્ઞાનની ગેરહાજરી કાં જણાતી નથી ? હું જ્ઞાનસ્વરૂપે મોજૂદ છું, હાજર છું એ વાત એ કેમ ચૂકી જાય છે ? એક પણ ચીજની અંદર મીઠું ઓછું હોય તો ભૂલતો નથી અને આ જે સર્વ કાળે જાણ્યા જ કરે છે ને જેની હાજરીમાં – ઉપસ્થિતિમાં જ 'બધું છે' એમ ખ્યાલ આવે છે, એ ઉપસ્થિતિને જ કેમ ભૂલે છે ? આ એક વિચારવા યોગ્ય સ્થાન છે, આ સ્થાનને વિચારવું જોઈએ. જ્યાં સુધી ભૂલી રહ્યો છે ત્યાં સુધી એ ભૂલ કેમ થાય છે ? ત્યાં જરાક બરાબર ચીકાશ રાખીને, ચીકણો થઈને એ વાતને તપાસે. માણસ નથી કહેતા કે, ભાઈ ! આ બાબતમાં બહુ ચીકણો માણસ છે. એ વાત મૂકી ન શકે, એ વાતને જલદી છોડી ન શકે. એમ આ વાત એણે એટલી બધી ચીકાશથી પકડવી જોઈએ કે, આ કેમ થાય છે ? જ્ઞાનને કે જે સર્વને જાણનાર છે એને જ ભૂલી જવાય છે ! જેની હયાતીમાં બધું જણાય છે એને જ ભૂલવામાં આવે છે ! આ કઈ જાતની વાત છે ? આવું કેમ બને છે ?

એવું બને છે એનું સીધું કારણ છે કે, એ જણાય છે એવા જ્ઞેય પ્રત્યે એનું એટલું આકર્ષણ છે ને એટલી નિષ્ઠા છે કે જ્ઞેયનિષ્ઠ જ્ઞાન જ્ઞાનને ભૂલે છે અને જ્ઞેયમાં સાવધાન રહે છે. જ્ઞેયોની સાવધાની જ્ઞાનને ભૂલાવે છે. જેમાં જણાય છે એની બેસાવધાની છે, એની અસાવધાની છે અને જણાય છે એવા પદાર્થ પ્રત્યેની સાવધાની છે. એ ઊંધું છે, એ વિપરીતતા છે, ઊંધાઈ છે જીવની અને ત્યાંથી મિથ્યાત્વ ભું થાય છે.

એટલે એમ કહે છે કે, બરાબર પ્રયોગ કરવો. 'હું જાણનાર છું' એ વાતને રુચિપૂર્વક મુખ્ય કરવી. જાણનારની રુચિથી જ્ઞાયકને મુખ્ય કરવો અથવા નિયમ પણ એવો જ છે કે, જેની રુચિ હોય એ જ વિષય મુખ્ય થાય. એ વિષયને કોઈ ગૌણ કરવા ચાહે તોપણ થઈ શકે નહીં. એવી વસ્તુ વિજ્ઞાનની એક કુદરતી જ પરિસ્થિતિ છે. જેની રુચિ હોય એની મુખ્યતા રહે, જેની મુખ્યતા રહે એની જીવને રુચિ હોય. રુચિ તપાસવી હોય તો અહીંથી તપાસી શકાય છે. નહીંતર સીધી ખબર પડતી ન હોય કે મારી રુચિ ક્યાં કામ કરે છે તો એને શેની મુખ્યતા વર્તે છે ? એના ઉપર એની રુચિ ક્યાં કામ કરે છે એ વાત એને બરાબર પકડાય છે.

પ્રશ્ન :– પ્રયોગ કરવો એટલે તપાસવું ? અવલોકન કરવું ?

સમાધાન :– પ્રયોગ કરવો એટલે લાગુ કરવું. વચનામૃતોમાં જે કહેવા માંગે છે એની સમજણ તો થાય છે ક્ષયોપશમ છે એટલે. એ સમજણને લાગુ કરવી, સમજણને લાગુ કરવી એનું નામ પ્રયોગ છે. એક દૃષ્ટાંત લઈએ કે, રાગ દુઃખરૂપ છે એમ કહ્યું. આપણે સંમત પણ કરી લીધું કે, ઠીક છે રાગ દુઃખરૂપ છે, પણ હવે ચાલતો રાગ દુઃખરૂપ છે એ વાત પોતાની સમજણથી લાગુ થાય છે ? સમજણમાં એ દુઃખ જણાય છે ? દુઃખ ન જણાય તો એને ભૂલ થાય છે, જાણવામાં ભૂલ થાય છે, સમજવામાં ભૂલ થાય છે, ઓલું સમજેલું નકામું જાય છે અને કેટલોક રાગ સુખરૂપ લાગે છે, મીઠાશ લાગે છે. એ મીઠાશને જે વેદે છે એમાં બહુ મોટી ભૂલ પડે છે. એકદમ ઊંધું થઈ જાય છે. જે દુઃખ છે એ જ સુખરૂપ લાગે તો એને એ વિષયની અંદર એને જ્ઞાન સાથે, અકષાય સ્વભાવ સાથે મીંઢવે તો એને દુઃખ છે કે સુખ છે એનો ખ્યાલ આવ્યા વિના રહે નહીં.

એક ચીજ – આ દ્રાક્ષ છે. કોઈપણ ખાટી-મીઠી એવી ભાવતી ચીજ છે. (એને) ખાવા માટે જીભ ઉપર મૂકી. સારી લાગી, દ્રાક્ષ બહુ સારી છે. તો પ્રયોગ એ કરવાનો છે કે એ જ્ઞાનનું જ્ઞેય છે ? કે, એ સારું છે કે નરસું છે ? કડવી દવા ખાધી. કડવી છે પણ ખાવી પડે છે, કડવું કાંઈ સારું લાગતું નથી. પાછું એ જ કારેલાનું શાક ખાય ત્યારે મીઠાશથી ખાય પાછો. કેરીના રસ સાથે આ કારેલાનું શાક સારું લાગે છે. કડવું છે ને ! કડવું છેને ક્યાંથી સારું લાગ્યું ? કડવો સ્વાદ સારો છે ? કડવો સ્વાદ સારો પણ નથી ને ખરાબ પણ નથી, માત્ર જ્ઞાનમાં જણાવા યોગ્ય છે એવો કાંઈ પ્રયોગ કર્યો ? એ બધા ઉદયના પ્રસંગો છે, રોજના ઉદયના પ્રસંગો છે. આહાર લેવો – જમવું એ તો રોજનો ઉદયનો પ્રસંગ છે. આ સારું લાગે છે, આ સારું લાગે છે. ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે ઇષ્ટ અને અનિષ્ટ, ઇષ્ટ અને અનિષ્ટ થયા જ કરે છે. એ કોઈ પદાર્થો ઇષ્ટ-અનિષ્ટ નથી પણ આ જીવ એમાં ઇષ્ટ-અનિષ્ટપણાની માત્ર કલ્પના કરે છે અને કલ્પના માત્ર એવા પદાર્થોની અંદર ઇષ્ટ-અનિષ્ટપણું કરીને પોતાના જ્ઞાયક સ્વભાવને ભૂલવાનું કાર્ય કરે છે. મોટી તકલીફ એમાં એ છે કે, ઇષ્ટ અનિષ્ટપણું કરતા પોતાને ભૂલે છે અને દર્શનમોહને તીવ્ર કરે છે. ઇષ્ટ-અનિષ્ટપણું કરતા દર્શનમોહને વધારે છે અને એટલું મોટું નુકસાન કરે છે કે, સ્વરૂપની નજીક આવવામાં એ બધું પરિણમન એને મુશ્કેલી ભી કરશે, આડશ ભી કરશે, દીવાલ ભી કરશે, અંતરાય ભો કરશે. એ વાત એને સમજમાં આવતી નથી.

પ્રશ્ન :– એ એક સામા પક્ષની વાત કરી, હવે જ્ઞાની કઈ રીતે કરે છે ?

સમાધાન :- એટલે એને પ્રયોગ કેમ કરવો એ વિષય ચાલે છે. જ્ઞાની પ્રયોગ કરે છે કે, હું તો જ્ઞાતા-દૃષ્ટા છું. કોઈ પદાર્થ આ આત્માને ઇષ્ટ-અનિષ્ટપણે કેમ હોય શકે ? કોઈ પદાર્થ આ આત્માને (ઇષ્ટ-અનિષ્ટ કેમ હોય શકે ?) આત્મા જ્ઞાનસ્વરૂપ છે અને સદાય જ્ઞાનસ્વરૂપ રહે છે. અવિકૃત એવું એનું સ્વરૂપ છે. ઇષ્ટ-અનિષ્ટપણાની વિકૃતિ એ સ્વરૂપથી તદ્દન વિરુદ્ધ ચીજ છે. એટલે પોતે પોતાના જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં રહે છે. જ્ઞાની ક્યાં રહ્યાં છે ? કે, જ્ઞાતા-દૃષ્ટા ભાવમાં રહ્યાં છે – સંયોગમાં નથી, રાગમાં નથી. બાહ્ય દૃષ્ટિથી દેખાય છે કે, એને આવો સંયોગ છે ને એને આવો રાગ થાય છે, પણ ત્યાં એ ભા નથી. એ પોતાનું સ્થાન, પોતાનું આસન, પોતાની સ્થાપના એમણે પોતાના સ્વભાવમાં કરી છે અને એ સ્વભાવમાં જ રહેલા છે, ક્યાંય બીજે રહ્યાં નથી.

**'પૂજ્ય ગુરુદેવનાં વચનામૃતોના વિચારનો પ્રયોગ કરવો.'** વિચારવું એટલે જે કાંઈ જુદી જુદી જુદી જુદી વાતો કરી છે એમ અનેક પ્રકારે એને પ્રયોગમાં લેવી અને જ્યારે એ પ્રયોગમાં લેવાનો પ્રયત્ન કરશે ત્યારે જ એ વાતની એને ખૂબી જણાશે. જેમ વેપાર ન કરે ત્યાં સુધી વેપાર શું ચીજ એ સમજાય નહીં, નહીંતર તો આમ વ્યાખ્યા કરવી હોય તો એમ કહે, ભાઈ ! માલ ખરીદવો ને ખરીદેલો માલ અમુક નફાથી વેચવો એનું નામ વેપાર. પણ ખરીદવામાં ક્યાં છેતરાય જાય એ ખરીદવા જાય ત્યારે ખબર પડે અને વેચવાની અંદર ઘરાકને કેમ સમજાવી શકાય અને માલ વેચાતા કેટલું પાણી તરે એ વેચે ત્યારે ખબર પડે.

મુમુક્ષુ :- પ્રયોગમાં આવે ત્યારે ખબર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રયોગમાં આવે ત્યારે ખબર પડે છે ત્યાં સુધી તો આ બે લીટીની વાત લાગે કે માલ ખરીદવો ને માલ વેચવો એનું નામ વેપાર. છોકરો ભણી તરીને દુકાને આવે ત્યારે કહે, હું તો સમજી ગયો બાપા ! વેપાર તો કોલેજમાં અમને ભણાવ્યું છે કૉમર્સની અંદર. એમ નહીં. તું દુકાને થડા ઉપર બેસ તો તને સમજણ પડે કે વેપાર શું ચીજ છે, ત્યાં સુધી ખબર પડે એવું નથી.

ચોપડો ખોલીને વાંચે કે, આમાં તો જમા ને ઉધાર બે ખાતા છે, બે Side છે – બે બાજુ છે. આવે છે ઇ જમા કરો છો, આપો છો ઈ ઉધારો છો. બરાબર છે, નામું સમજાય ગયું. એમ નામું સમજાય એવું નથી. ઇ નામું લખે ત્યારે એને નામાની આંટીઘૂંટીની ખબર પડે. ત્યાં સુધી એને પ્રયોગ વિના કાંઈ સમજાતું નથી. ઇ પહેલાં સમજાયું હોય છે, સમજણ તો અનુકૂળ છે કે આ બરાબર છે, આપે છે એને ઉધારવામાં આવે છે. પૈસા આપે તોય

ઉધારે અને માલ આપે તોપણ ઉધારે, આવે ઇ જમે થાય. એ સમજણ સમજણની દૃષ્ટિએ એમ લાગે કે ઠીક છે, તોપણ જ્યાં સુધી પ્રયોગ કરતો નથી ત્યાં સુધી એ સમજણ ખરેખર સાચી સમજણ છે, ભૂલ વગરની સમજણ છે એમ નક્કી થતું નથી.

એવું જ આમાં છે કે, જે સમજવા મળે છે માટે એ જ્ઞાન થઈ ગયું, સમજ્યો માટે એને જ્ઞાન થઈ ગયું, વાત કહે છે – કહી શકે છે માટે જ્ઞાન થઈ ગયું, એ વાત સ્વીકારવા જેવી નથી. પ્રયોગમાં મૂકીને એ વાતને જીવનમાં કેટલી કેળવી છે, જીવનમાં કેટલી અંદરમાં ઉતારી છે એના ઉપર એને જ્ઞાન થયું છે કે નહીં એમ કહી શકાય છે.

'ગુરુદેવશ્રી' કહેતા કે, મોટા ભાગના જીવોને તો આવી વાત સાંભળવા મળતી નથી, વાંચવા મળતી નથી, સાંભળવા મળતી નથી તો વિચારે કે'દી અને પ્રયોગ તો કરે જ કે'દી ? એમ કહેતા સાથે સાથે. કેમકે પહેલાં તો સાંભળવા-વાંચવા મળે પછી એના ઉપર એનો વિચાર ચાલે. એની યથાર્થતા, એની સત્યતા વિચારતા એને વિશ્વાસ આવે અને પછી એ વિશ્વાસ આવે તો એનો પ્રયોગ કરે. જીવનમાં ઉતારવા માટે પ્રયોગ કર્યા સિવાય એ જીવનમાં નહીં  તરે. આ પ્રશ્ન થાય છે, સમજાય છે પણ અંદરમાં ઉતારવું કેવી રીતે ? કે, પ્રયોગ કરે તો અંદરમાં  તરે, પ્રયોગ ન કરે તો અંદરમાં  તરે નહીં, બહારને બહાર અદ્ધર રહી જાય. એ એને કામની ચીજ નથી.

**'રુચિ વધારતા જવી.'** જે કાંઈ રુચિ છે એ રુચિ વધારતા જવી એટલા માટે કહે છે કે, તું બીજા સંપ્રદાયો અને જગતના બીજા કાર્યોથી થોડોક છૂટો થઈને આ વાત સાંભળવા આવ્યો તો સામાન્ય રુચિથી તને એમ લાગ્યું કે, આ ઠીક છે. લાવ અહીંયાં જાઉં, બીજે જવાના બદલે આ ઠીક છે, અહીંયાં જવા જેવું છે. પણ એવી સામાન્ય રુચિમાં અટકવા જેવું નથી. આત્માને ઓળખીને એની અનન્ય રુચિ પ્રગટ ન થાય ત્યાં સુધી એને રુચિ ખરેખર વધી છે, રુચિ થઈ છે એમ કહેવામાં આવતું નથી. સામાન્ય રુચિ નથી થઈ એમ કહેવામાં આવે છે.

**'રુચિ વધારતા જવી.'** અને રુચિ વધી છે કે રુચિ નથી વધી એનો હવે અહીંયાં આંક (આપ્યો) છે. એટલી બધી વાતનું સ્પષ્ટીકરણ અત્યારે છે કે, જીવ ક્યાંય ભૂલો ન પડે એવી વાત છે કે **'ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.'** હવે એમ કહે છે કે, અંદરમાં રાગથી જ્ઞાનસ્વભાવી આત્મા ભિન્ન છે એવું જે સ્વભાવ-વિભાવનું ભેદજ્ઞાન કરવાનું છે એ ભેદજ્ઞાન ક્યારે થશે ? કે, સ્વભાવની તીખી રુચિ હશે તો થશે. ભેદજ્ઞાન માટે એટલે ભેદજ્ઞાન

થવા અર્થે સ્વભાવની તીખી રુચિ જ કામ કરે છે. જો તીખી, તીક્ષ્ણ રુચિ ન હોય, ઉગ્ર રુચિ ન હોય તો જીવ ભેદજ્ઞાન કરી શકતો નથી. એટલે જો જીવ ભેદજ્ઞાન કરી શકતો નથી તો એમ સમજવા યોગ્ય છે કે જીવને રુચિ નથી. સામાન્ય રુચિ છે એને (રુચિ) નથી એમ કહેવું પડે છે અથવા તીખી રુચિ નથી. વાત સાંભળે છે, સમજે છે, હા પાડે છે એ સિવાયની બીજી વાતની-વિરુદ્ધ વાતની ના પડે છે તોપણ ભેદજ્ઞાન થતું નથી એ એમ બતાવે છે કે એને એ વિષયની તીખી રુચિ હજી નથી. એ એનું મીટર છે, માપવાનું મીટર છે કે, ભેદજ્ઞાન તીખી રુચિ વિના થાય નહીં ને તીખી રુચિના અભાવમાં જો ભેદજ્ઞાન ન થાય તો બાકીનો જે વિચાર, વાંચન છે એનું કોઈ એવું બળ નથી કે સંસ્કાર પડે. એનું કોઈ એવું બળ નથી કે જેને લઈને એનું શ્રદ્ધાન બદલી શકે. વિચાર ભલે આત્માનો કરે પણ શ્રદ્ધાન ઊંધું પડ્યું છે એનું શું ? કે એ શ્રદ્ધાનને ફેરવવા માટે એને રુચિપૂર્વક ભેદજ્ઞાન શરૂ થાય તો જ એનું શ્રદ્ધાન પલટે.

(વિપરીત) શ્રદ્ધાન છે એ પરમાં નિજની સ્થાપના છે અથવા નિજમાં પરની સ્થાપના છે. એ આખી સ્થાપનાને ઉથાપીને શ્રદ્ધામાં પોતાના સ્વરૂપની સ્થાપના કરવી છે. સ્વરૂપ તો જ્યાં છે ત્યાં છે પણ શ્રદ્ધામાં એની સ્થાપના કરવી છે. એ સ્થાપના બદલવાની જે Process છે એ માત્ર ભેદજ્ઞાન છે. ત્રણે કાળને વિશે આ એક જ ઉપાય છે, આ એક જ માર્ગ છે. આ સિવાય બીજો કોઈ ઉપાય નથી કે ભેદજ્ઞાન સિવાય શ્રદ્ધા પલટે.

પ્રશ્ન :- ભેદજ્ઞાન ને ભેદજ્ઞાનનું કારણ તીખી રુચિ, હવે તીખી રુચિ શું ?

સમાધાન :- શું રુચે છે એના ઉપર તો આધાર છે. તીખી રુચિ, એમ. એકદમ તીક્ષ્ણ રુચિ એની હોય છે. બીજું કાંઈ રુચે નહીં. 'પરમાગમસાર'માં ૩૦૭ મો બોલ છે. બોલ ભેદજ્ઞાનના લક્ષણ તરીકે લીધો છે. **'જ્ઞાનમાં રાગ પ્રત્યે તીવ્ર અનાદર ભાવ જાગે તે જ્ઞાન અને રાગ વચ્ચે ભેદજ્ઞાન થવાનું લક્ષણ છે'** અથવા કારણ છે. **'આત્મામાં રાગની ગંધ નથી. રાગના જેટલા વિકલ્પો ઉઠે છે તેમાં બળું છું'** તેમાં બળું છું, 'રાગ આગ દહે સદા તાતે સમામૃત સેઇએ' **'તેમાં બળું છું તેમાં દુઃખ દુઃખ ને દુઃખ...'** એકાંતે દુઃખ છે અને એ ઝેર છે. આટલા શબ્દો વાપર્યા છે. **'તેમ પહેલાં જ્ઞાનમાં નિર્ણય કરે તો ભેદજ્ઞાન પ્રગટે...'** અથવા તેમ રુચિમાં એને લાગે તો એને ભેદજ્ઞાન પ્રગટે. આ તીવ્ર અનાદરભાવ જાગે તે રુચિનો ભાવ છે. આ રીતે તીવ્ર અનાદરભાવ જાગે એ રુચિનો ભાવ છે. આ રીતે ભેદજ્ઞાન શરૂ થાય છે.

મુમુક્ષુ :- અહીંયાં તીવ્ર રુચિ થાય ને આ બાજુ રાગનો તીવ્ર અનાદરભાવ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર અનાદરભાવ થાય. કેમકે એ અવગુણ છે. ગુણની રુચિ અવગુણનો નિષેધ કરે છે, દોષનો નિષેધ કરે છે. એક બોલમાં કેટલી કેટલી વાતો લીધી છે. પ્રયોગની વાત લીધી છે, રુચિની વાત લીધી છે, ભેદજ્ઞાનની વાત લીધી છે.

**'ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.'** ન થતી હોય તો એણે આ એક વિચાર કરવા જેવો છે કે, આ જીવન ચાલ્યું જાય છે એમાં કોઈ Extension મળતું નથી. મુદત નથી મળતી એમાં કે ભાઈ ચાલો, તમારે થોડુંક કામ બાકી રહી ગયું છે પાંચ વર્ષ તમને ગ્રાંટ કરી દઈએ છીએ. પાંચ વર્ષ પછી અહીંથી જાજો. એવું નથી. જીવન પાણીના પૂરની જેમ ચાલ્યું જાય છે, રોક્યું રોકાય એવો સમય (નથી). Time and tides wait for none કોઈના માટે એ રોકી શકાય એવું નથી. જો આ તીખી રુચિથી ભેદજ્ઞાન ન કર્યું તો જે સમય ગયો તે હાથ આવે એવું નથી. એટલે સમય જાય છે એ કિંમતી સમય જાય છે, મોટું નુકસાન જાય છે, એ વાત ઉપર એનું લક્ષ જાય તો થોડોક અંદરમાં સાવધાન થાય નહીંતર બફમ્‌માં ને બફમ્‌માં સમય નીકળી (જાય). આ તો કાંઈ આયુષ્ય નથી, સો-પચાસ વર્ષના આયુષ્ય તો, એ પણ ઠેકાણા વગરના, ક્યારે કોનું રામ નામ બોલાઈ એ કાંઈ કહેવાય નહીં પણ દેવોના અબજો ના અબજો વર્ષના, સાગરોપમના આયુષ્ય 'અનુકૂળતામાં ઠીક છે' એમાં ચાલ્યા જાય છે. એક નાટક જોવા બેસે અને દસ હજાર વર્ષ નીકળી જાય. એ ત્યાં તો એ જાતની બધી વ્યવસ્થા એવી છે, અહીંયાં શહેરમાં મોટી વ્યવસ્થા હોય છે એ કાંઈ નથી એવી વ્યવસ્થા ત્યાં હોય છે તો એ સમય ક્યાં જાય એની ખબર પડે નહીં. રસ પડે એટલે સમયની ખબર પડે નહીં. એ લક્ષ રાખે તો એને કાંઈ આત્મકાર્ય કરવાની ચટપટી લાગે. અંદરમાં ચટપટી ઉત્પન્ન થયા વિના એના કામ કરવાનો પુરુષાર્થનો એની ઉત્સુકતા, ઉદ્યમની ઉત્સુકતા આવવી એ જ્યાં સુધી ન બને ત્યાં સુધી કેમ કામ થાય ?

**'ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.'** પાછળ પડી જાય. આ એક જ જીવનમાં કરવા યોગ્ય કાર્ય છે ને એની પાછળ પડી જાય. દુનિયા આખી ભલે રસાતાળમાં જાય મારે કોઈનું કામ નથી. આમ એકદમ જોરથી એને બીજાનો નિષેધ આવે અને સ્વકાર્ય કરવાનો ઉત્સાહ જાગે એ જ કામ કરે છે. **'જ્ઞાયક', 'જ્ઞાયક', 'જ્ઞાયક' – એની જ રુચિ હોય તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહીં.'** જેની રુચિ એનો પુરુષાર્થ. જો પોતાના જ્ઞાયક સ્વભાવનો મહિમા હોય, એની રુચિ હોય, એનો રસ હોય તો પુરુષાર્થ ત્યાં કામ કરે નહીં તો અનાદિનો

પુરુષાર્થ બીજે કામ કરવા ટેવાઈ ગયો છે. બીજે રુચિ પડે છે ને બીજે કામ કરવા ટેવાઈ ગયો છે. ઘડીકમાં આયુષ્ય પૂરું થશે અને ખબર પડશે કે ડૉ ટરોએ હાથ ઊંચા કર્યા કોકવાર ખબર પડે કોકવાર તો એમ ને એમ આંખ મિચાઈ જાય ત્યારે તું લાચાર હોઈશ કે, હવે પણ આમાં મારું તો મેં કાંઈ કર્યું નહીં. આનું ને તેનું, ફલાણું ને ઠીકણું એ બધું કરવા રોકાણો પણ મારું તો કાંઈ કર્યું નહીં અને ઘડીકમાં જાણે પૂરું થઈ ગયું એમ લાગશે. આટલા બધા વર્ષ ઘડીકમાં જતા રહ્યાં એમ એને થાય. પણ ગમે તે થાય એમાં કાંઈ Extension મળે એવું નથી. થોડો પણ વધારો કોઈ કરી દ્યે કે ભાઈ ! હવે આત્માનું કામ કરવું છે માટે થોડો વધારો કરી દ્યો. આ તો ઠીક છે નથી થતો પણ જો કોઈ વધારો કરી દ્યે ને તો ઇ કરે એવો નથી પાછો. જે વધારો કરી દે એને છેતરે એવો છે. એવી આ જીવની વિપરીતતા છે એટલે ખટકો રાખીને આત્મકાર્ય કરી લેવા જેવું છે.

***

**જીવને પોતાને તો સ્વભાવથી જ્ઞાતાપણું છે. સ્વયંનું જ્ઞાતાપણું અનાદિથી ભૂલેલો જીવ પોતાના પુરુષાર્થને, ઉદયમાં રાગી થઈ, અન્ય કાર્યને કરવામાં યોજે છે. ત્યાં કર્તૃત્વને / એકત્વભાવને પામે છે, અને બંધાય છે. આમ જ્ઞાનમાત્ર એવા સ્વરૂપનું અજ્ઞાન જ જીવને રાગ કરવા પ્રેરે છે, રાગમાં ઉત્સાહિત કરે છે. એટલે કે પોતાના મહાનપદના બેભાનપણાને લીધે, જીવ પોતાને વર્તમાન ઉદયજનિત અવસ્થારૂપે માનીને, અનેક કલ્પિત કાર્યો માટે સ્વામિત્વભાવે ઉત્સાહિત થઈ પ્રવર્તે છે.**

**પરંતુ જ્ઞાની જ્ઞાતાપણાને લીધે, ઉદય પ્રત્યે તેમને રાગ નહિ હોવાથી - નિરુદ્યમ થઈ, જ્ઞાતાપણાના પુરુષાર્થમાં વર્તે છે.**

**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' – ૭૫૩)**

## તા. ૨૨-૦૬-૧૯૮૭, વચનામૃત-૧૩૮,૧૩૯
## પ્રવચન નં. ૧૦૭

રુચિના વિષયનો બોલ છે. ગુણની રુચિ ને અવગુણની અરુચિ આત્મકાર્યમાં મૂળ કારણ તરીકે કામ કરે છે. આ વિષય પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ અનેક રીતે સમજાવ્યો છે. એમના વચનોનો વિચાર કરવો, એ વિચાર જે કર્યો હોય એનો પ્રયોગ પણ કરવો અને રુચિને વૃદ્ધિગત કરવી. પ્રયોગ કરવાના વિષયમાં થોડીક ચર્ચા આપણે ચાલી હતી.

જે કાંઈ સમજણથી સંમત કરવામાં આવે એને અનુભવમાં લાગુ કરવું એને પ્રયોગ કહે છે અથવા સમજાયેલી વાત, વિચારમાં આવેલી વાત, એનું અનુભવકરણ (કરવું) એને પ્રયોગ કહે છે. પ્રયોગનું Stage છે એ અનુભવનું Stage છે. વિચારનું Stage એ હજી અનુભવનું Stage નથી. વિચાર પરલક્ષી દશામાં પણ થાય અને વિચાર સ્વલક્ષી દશામાં પણ ચાલે. વિચારની ભૂમિકા બન્ને જગ્યાએ સંભવિત છે. પરલક્ષી જ્ઞાનવાળાને પણ તત્ત્વના વિચાર ચાલે અને આત્મલક્ષી વલણવાળાને પણ તત્ત્વના વિચાર ચાલે, પણ અનુભવમાં ઉતારવા માટે એવી વાત બનતી નથી. એમાં તો એકલા આત્મલક્ષી જ પરિણમનથી કામ થાય છે અને એમાં પરલક્ષી પરિણમનથી અનુભવ કરવાનું કોઈ કામ થતું નથી. એટલે અહીંયાં બીજો જે વિપરીત પક્ષ છે એ રહેતો નથી. એક જ પક્ષ અનુભવકરણમાં રહે છે, બીજો પક્ષ રહેતો નથી.

પ્રશ્ન :– સ્વલક્ષી વિચારધારા હોય તો જ પ્રયોગ શરૂ થાય ?

સમાધાન :– સ્વલક્ષી વિચારધારામાં પ્રયોગ શરૂ થાય. પરલક્ષી વિચારધારામાં પ્રયોગ ચાલી શકે નહીં.

અહીંયાં પૂજ્ય 'બહેનશ્રી' કહે છે, એનો પ્રયોગ કરવો. પ્રયોગ કરતા આપોઆપ સ્વલક્ષી વલણ થશે. નહીંતર એવું બનવાનો સંભવ છે કે, તત્ત્વ વિચાર પણ પરલક્ષે ચાલે અને

એવું પરલક્ષી જ્ઞાન કોઈ કામમાં આવતું નથી અથવા એનાથી કોઈ આત્મગુણ પ્રગટતો નથી. પ્રાયઃ એમાંથી અવગુણ થવાનો સંભવ છે. આ માર્ગમાં વિચાર છે એ તો ઉપર ઉપરનું ખોખું છે, માર્ગનો રસકસ તો પ્રયોગમાં રહેલો છે. એટલે જ્યાં સુધી વિચારેલા વિષયનો પ્રયોગ ન થાય ત્યાં સુધી આગળ વધાતું નથી. આ માર્ગમાં આગળ વધવા માટે માત્ર એક પ્રયોગ જ કામિયાબ નિવડે છે. વિચાર માત્રથી કામ થાય છે એવું નથી બનતું.

મુમુક્ષુ :– કર વિચાર તો પામ.

પૂજ્ય ભાઈશ્રી :– 'કર વિચાર તો પામ' એમ કહ્યું છે ત્યાં પણ સ્વલક્ષી વિચાર અને ગર્ભમાં, અંતર્ગભિત પ્રયોગની વાત સમજી લેવી. કેમકે દરેક વાતમાં કાંઈ બધી અપેક્ષા ખોલવા તો બેસાય નહીં. એક એક વાતે એક એક વાતની અપેક્ષા ખોલવા બેસે એવું તો કોઈ ગ્રંથમાં બની શકે નહીં. પ્રવચનમાં બધા ખુલાસા થાય. પણ જે ગ્રંથારૂઢ વિષય થાય એમાં પ્રત્યેક વાતનો ખુલાસો કરતા જાય, પ્રત્યેક વાતની અપેક્ષા અને મર્યાદા બતાવતા જાય (તો) એ રીતે કોઈ ગ્રંથ નથી લખાતો. મુખ્ય મુખ્ય અપેક્ષાઓ ક્યાંક ખોલવામાં આવે છે પણ વાતે વાતે દરેક અપેક્ષા ખોલી શકાય એવું બને નહીં, બની શકે પણ નહીં. દલીલ એમ છે, 'કર વિચાર તો પામ' તો અમે તો વિચાર કર્યે રાખીએ છીએ અને વિચાર કરીએ એટલે પામી જઈએ ? 'શ્રીમદ્જી'નું વચનામૃત છે.

મુમુક્ષુ :– ખુલાસો તો તમે કર્યો હતો હમણાં કે આગળ વધાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– આગળ વધાતું નથી. પ્રયોગથી આગળ વધાય છે માત્ર વિચારથી આગળ વધી શકાતું નથી.

મુમુક્ષુઃ- જાણી શકાય.

પૂજ્ય ભાઈશ્રીઃ- હા. માહિતી મળે. જાણવાનું મળે. પણ એવું પરલક્ષી જાણપણું – ધારણા, શાસ્ત્ર ભણતર અગિયાર અંગ ને નવ પૂર્વ પર્યંતનું અનંતવાર કરી ચૂક્યો, આ જીવ પોતે કરી ચૂક્યો છે. એનાથી તો કાંઈ વળતું નથી. એમની ને એમની 'આત્મસિદ્ધિ'માં આગળ પાછળ અનુસંધાન મેળવો તો પાછી આ બધી અપેક્ષાઓ બેસે છે.

જેમકે વિચારની વાત ચાલી તો એમણે સુવિચારણા(ની) વાત લીધી છે. 'જો પ્રગટે સુવિચારણા તો પ્રગટે નિજજ્ઞાન, જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.' તો 'સુવિચારણા' એવો શબ્દ લીધો તો સુવિચારણા એટલે કોઈ ચોક્કસ પ્રકારની આત્મલક્ષી વિચારણા છે, અમુક ચોક્કસ જાતની વિચારણાને સુવિચારણા કહેવાય અને બાકીનાને સુવિચારણા ન કહેવાય

એમ એમાં આપોઆપ આવી જાય છે. તો 'કર વિચાર તો પામ' એમાં સુવિચારણા લાગુ કરવી જોઈએ ને ? ગમે તેવા વિચાર ન ચાલે, ઉપલકિયા વિચાર ન ચાલે, પરલક્ષી વિચાર ન ચાલે એમ સમજવું જોઈએ.

પ્રયોગ કરવો અને **'રુચિ વધારતા જવી.'** રુચિ વધારતા જવી એટલે મુમુક્ષુની ભૂમિકામાં સામાન્ય રુચિથી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં પ્રવેશ થયો હોય ત્યાંથી માંડીને રુચિ ને અનન્ય રુચિ પ્રગટે, સ્વરૂપની ઓળખાણ થઈ સ્વરૂપનો પ્રતિભાસ આવીને અનન્ય રુચિ પ્રગટે ત્યાં સુધી રુચિ વધારતા જવી એટલે ત્યાં સુધી આગળ વધવું.

પ્રશ્ન :- રુચિનો આમ તો એક જ પ્રકાર ને ? રુચિ તો સર્વાંશે એક જ બાજુ હોય ને ?

સમાધાન :- રુચિ (એટલે) સામાન્ય રુચિ અને વિશેષ રુચિ એમ લઈએ તો સામાન્ય રુચિ તો દરેક મુમુક્ષુને હોય છે અને ત્યારે તો એ બીજા ક્ષેત્રના કાર્યો છોડીને આ ક્ષેત્રમાં તત્ત્વજ્ઞાનનો અભ્યાસ વગેરે કરવા આવે છે, એ પ્રવૃતિ કરે છે. પણ સામાન્ય રુચિ, સામાન્ય જિજ્ઞાસા એ કોઈ આમાં ખરેખર કામ કરવાને સમર્થ નથી. અનન્ય રુચિ પ્રગટે એવી રીતે રુચિ વધે એ રીતે આગળ વધવું. કેમકે **'ભેદજ્ઞાન માટે તીખી રુચિ જ કામ કરે છે.'** સામાન્ય રુચિવાળા જીવને ભેદજ્ઞાન થતું નથી. આપણે ત્યાં પણ મુમુક્ષુ સમાજમાં આ વ્યાપક ફરિયાદ છે કે, બધું સમજાય છે પણ અંદરમાં ભેદજ્ઞાન તો થતું નથી. અંદરમાં રાગ અને જ્ઞાન વચ્ચેનું જે ભેદજ્ઞાન થવું જોઈએ એ થતું નથી એનું કારણ, વાત સમજાય છે તોપણ થતું નથી, વાત વિચારાય છે તોપણ નથી થતું એનું કારણ કે રુચિ નથી અથવા તીખી રુચિ હોવી જોઈએ એ પ્રકારની રુચિ નથી. એટલે ભેદજ્ઞાન થતું નથી.

મુમુક્ષુ :- છેલ્લા છ વર્ષમાં હજારો માણસોને આ જવાબ આપ્યો છે બહેનશ્રીએ, હજારો પ્રશ્ન આવ્યા એમાં આ એક જ જવાબ આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ એક જ જવાબ આપે છે. અનુભવમાં તો બીજું શું બને ? જે પદ્ધતિએ કામ થાય એ જ પદ્ધતિએ કામ થાય, બીજી રીતે તો થાય નહીં કાંઈ. કોઈ એમ કહે કે અમે બે કલાક વાંચન કરીએ છીએ, ચાર કલાક વાંચન કરીએ છીએ, બે કલાક બીજું શ્રવણ કરીએ છીએ, કોઈ છ કલાક, આઠ કલાક તત્ત્વજ્ઞાનની પ્રવૃતિ અથવા વિચાર કરીએ છીએ. પણ ભેદજ્ઞાન કેટલો સમય થાય છે ? આ ખરો મુદ્દાનો વિષય છે. વાંચન, વિચાર એ તો બધી બહારની ચીજ છે, બાહ્ય ક્રિયારૂપ છે. અંતરંગ ક્રિયા તો જીવને

લાભનું કારણ થાય એ ભેદજ્ઞાનની છે.

પ્રશ્ન :- ભેદજ્ઞાનનો વિચાર જ કર્યા કરવો કે પ્રસંગે ભેદજ્ઞાન કરવું ?

સમાધાન :- ના, ભેદજ્ઞાનનો વિચાર તે ભેદજ્ઞાન નથી. ભેદજ્ઞાનનો વિચાર માત્ર તે કોઈ ભેદજ્ઞાનનું સ્વરૂપ નથી કે ભેદજ્ઞાન નથી. ભેદજ્ઞાન તો પ્રયોગાત્મક ચીજ છે અને સર્વ ઉદયમાં ક્ષણે ક્ષણે ને પ્રસંગે પ્રસંગે કર્તવ્ય છે. સતત ભેદજ્ઞાન કરવા યોગ્ય છે. ક્યારેક કરવું ને ક્યારેક ન કરવું, ન કરવું એ પ્રશ્ન જ નથી. જ્ઞાનદશામાં તો નિરંતર ભેદજ્ઞાન વર્તે છે તો એવી નિરંતર – આંતરા વગરની દશા ઉત્પન્ન થવા માટે સતત ભેદજ્ઞાન થાય, વારંવાર ભેદજ્ઞાન થાય, જેટલું બને એટલું વધું ભેદજ્ઞાન થાય તો એ જ ભેદજ્ઞાનનો અભ્યાસ, અનુભવ થઈને નિરંતર જ્ઞાનધારામાં પરિણમે. એટલે ક્યારેક કરવું એમ નથી. ક્યારેક વિચાર કરવો, ક્યારેક ભેદજ્ઞાન કરવું, ક્યારેક વાંચન કરવું, ક્યારેક શ્રવણ કરવું, ક્યારેક પાછું ભેદજ્ઞાન કરવું એમ ભાગ પાડવાનો આ વિષય નથી. વાંચન કરો કે શ્રવણ કરો ત્યારે પણ ભેદજ્ઞાન કરવું.

જેમકે આ અત્યારે સ્વાધ્યાયની પ્રવૃતિ ચાલે છે તો સ્વાધ્યાયની પ્રવૃત્તિમાં જે શબ્દો છે (એ) પુદ્ગલાત્મક છે, આત્મા એનો જ્ઞાયક છે. એને (–શબ્દોને) અવલંબવાની કોઈ જરૂર નથી. એનું વાચ્ય જે આત્મા છે – શબ્દોનું વાચ્ય જે આત્મા છે એની મુખ્યતામાં રહીને ચાલતો રાગ છે – સ્વાધ્યાયનો જે ચાલતો રાગ છે એનાથી પણ હું ભિન્ન છું એવું ભેદજ્ઞાન કરી શકાય છે. પણ પ્રયત્ન કરે – પુરુષાર્થ કરે – પ્રયાસ કરે તો થાય. જો પુરુષાર્થ ન કરે તો ન થાય.

મુમુક્ષુ :- સંયોગો આવે ત્યારે વધારે ખ્યાલ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- સંયોગો ક્યારે નથી આવતા ? કોઈપણ સંસારી જીવને ક્યારેય ઉદય ન હોય એવું બને નહીં. આઠેય કર્મનો ધારાવાહી ઉદય છે. એક વિગ્રહગતિમાં આયુકર્મનો (ઉદય) નથી. બાકી આઠેય કર્મનો ઉદય નિરંતર છે. આયુષ્યનો ઉદય ક્યારે નથી ? એવી રીતે કોઈપણ કર્મનો ઉદય નથી, આઠમાંથી એક પણ કર્મનો ઉદય નથી એવો એક સમય પણ નથી. કર્મનો ઉદય ભલે ન પકડાય પણ બહારમાં સંયોગમાં નોકર્મનો સંયોગ-વિયોગ તો પકડાય છે ને ? પોતાના પરિણામ બાહ્ય પદાર્થોને આશ્રિત બુદ્ધિપૂર્વકના પરિણામ એ પણ પકડાય છે. એનાથી ભિન્ન જ્ઞાનમય આત્મા હું છું એવો અંદરમાં પ્રયોગ કરવો. માત્ર વિચાર કરવો, વિકલ્પ કરવો એમ નહીં પણ પ્રયોગ કરવો. પ્રયોગ કરવો એટલે શું ? કે,

ચાલતા અનુભવને ઉપયોગમાં લેવો એનું નામ પ્રયોગ છે. ચાલતા અનુભવને ઉપયોગમાં લેવો એનું નામ પ્રયોગ છે.

પ્રશ્ન :- એટલે મને જ્ઞાનનું વેદન થઈ રહ્યું છે એમ ઉપયોગમાં લેવું ?

સમાધાન :- હા, જ્ઞાન અને રાગ બન્ને જુદાં છે એને ઉપયોગમાં લેવા. જુદાંને જુદાંપણે ઉપયોગમાં લેવા. જે અનાદિથી એકત્વ થઈ રહ્યું છે એ તો એક આશ્ચર્યનો વિષય છે. 'સમયસાર'માં એક કળશ છે કે, આ એક આશ્ચર્યનો વિષય છે કે બેની જાત જુદી છે, બેનો પ્રકાર જુદો છે, બે તદ્દન અંધારા-અજવાળા જેટલા જુદી જાતના છે છતાં બન્નેને એક થઈને અનુભવવામાં (આવે છે), એક કરીને અનુભવવામાં આવે છે આ એક આશ્ચર્યની વાત છે. અજ્ઞાની કહે છે કે, બેને જુદાં પાડવા એ મોટું આશ્ચર્ય છે. જ્ઞાની કહે છે કે, આ તું બેનું એકપણું કરે છે એ આશ્ચર્યની વાત છે. એમ પ્રતિપક્ષ છે.

(રાગ અને જ્ઞાન) બન્ને અનુભવમાં આવતા ભાવ છે. જ્ઞાનભાવ છે એ સતત માત્ર જ્ઞાનપણે અનુભવમાં આવતો ભાવ છે અને વિભાવભાવ તો અનેક પ્રકારના વિચિત્ર વિચિત્ર પ્રકારે ઉત્પન્ન થતો, જ્ઞાનથી જુદો પડતો, નહીં જાણતો એવો ભાવ છે. જે જુદાં છે એને જુદાં અનુભવમાં લેવા. બન્ને અનુભવમાં આવે છે પણ જુદાંપણે અનુભવમાં લેવા એનું નામ ભેદજ્ઞાન છે અને એ જુદાંપણે અનુભવમાં લેવા એનું નામ ભેદજ્ઞાનનો પ્રયોગ છે.

ભેદજ્ઞાન છે એટલે ભેદજ્ઞાનનો પ્રયોગ છે એ આત્માની અથવા ગુણની તીખી રુચિ વિના, તીક્ષ્ણ રુચિ વિના, તીવ્ર રુચિ વિના અંતરંગમાં એવું કાર્ય થતું નથી. કરવાની ઇચ્છા હોય તોપણ થઈ શકતું નથી. એટલે એને માટે આ રુચિનો વિષય લીધો કે તીખી રુચિ (હોવી જોઈએ). ભેદજ્ઞાન માટે અસ્તિથી વાત લીધી છે (કે), તીખી રુચિ જ કામ કરે છે. નાસ્તિથી લઈએ તો તીખી રુચિ વિના ભેદજ્ઞાન થઈ શકતું નથી. અને એ પોતાના અનુભવથી ખ્યાલમાં આવે છે કે, ભેદજ્ઞાન કરવું છે એવું નથી સમજ્યા એવું તો કાંઈ નથી. અનેક વાર એ વાત સાંભળી છે, વાંચી છે, વિચારી છે, સંમત કરી છે પણ ભેદજ્ઞાન નથી થતું એનું કારણ શું ? કે, એનું કારણ આત્માને આત્માની રુચિ નથી. આત્માને આત્માની રુચિ નથી એનો બીજો અર્થ એ છે કે, આત્માને રાગની રુચિ છે, આત્માને જડની અને સંયોગની ને દેહની રુચિ છે અને એને કારણે એને ભેદજ્ઞાનનો પ્રયોગ કરવાની ઇચ્છા હોય તોપણ થઈ શકતો નથી. એ બીજું પડખું એમાંથી આપોઆપ સ્પષ્ટ થાય છે.

હવે કહે છે કે, **'જ્ઞાયક'**, **'જ્ઞાયક'**, **'જ્ઞાયક...'** એક જ્ઞાયક માત્ર **'એની જ રુચિ હોય**

**તો પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહીં.'** રુચિ પુરુષાર્થની ઉત્પાદક હોવાથી જો જ્ઞાયક આત્માની રુચિ હોય તો જ્ઞાયક સંબંધીનો પુરુષાર્થ ઉત્પન્ન થયા વિના રહે જ નહીં. પછી તો પુરુષાર્થને રોકી શકાતો નથી, કરવાનો પ્રશ્ન રહેતો નથી. પુરુષાર્થ કે જેનું સહજ સ્વરૂપ છે અને પુરુષાર્થ કે જે કૃત્રિમપણે ઉત્પન્ન કરી શકાતો નથી અથવા કૃત્રિમ પુરુષાર્થને પુરુષાર્થ કહેવાતો પણ નથી, એવો સહજ પુરુષાર્થ રુચિથી આપોઆપ ઉત્પન્ન થઈ આવે છે. આત્મરુચિને લઈને આપોઆપ ઉત્પન્ન થઈ આવે છે.

મુમુક્ષુ :- ચારે પડખેથી સહજ જ ઉત્પન્ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- સહજ જ પડે. જેની રુચિ હોય એનો પુરુષાર્થ પડ્યા વિના રહે નહીં. એ જ કહ્યું, **'પુરુષાર્થનું વલણ થયા વિના રહે નહીં.'** એ તો કહે છે અહીંયાં. જેની રુચિ હોય, અહીંયાં – બહારમાં પણ એમ જ થાય છે. રાગની અને જડ પદાર્થોની રુચિ છે એટલે રાગ સંબંધી અને સંયોગ સંબંધીનો પુરુષાર્થ થયા વિના રહેતો નથી. આ વૃદ્ધ માણસોના તો ઘણાં દાખલા છે.

'ગુરુદેવ' દાખલો આપતા હતા કે, સાઠ વર્ષ, સિત્તેર વર્ષ, પંચોતેર વર્ષ, એંસી વર્ષનો બૂઢો થાય તોપણ એમ કહે કે, મને ઘરે નહીં ગમે. મારી દુકાને જઈને હું બેસું ને તો મારો ટાઇમ નીકળી જાય, વખત પસાર થઈ જાય. હું ઘરે બેઠો બેઠો મૂંઝાઈ જઈશ. એનો અર્થ શું છે ? કે, આખી જિંદગી એણે વેપારનો એટલો રસ લીધો છે કે હવે એ વેપારના સ્થાન વિના એને ઘરે વેપારનું સ્થાન નથી એટલે ત્યાં એને રહેવું ફાવતું નથી, એ પારકું ઘર નથી. તો એનો અર્થ કે જેને જેની રુચિ છે એના તરફ એનું પુરુષાર્થનું વલણ થયા વિના રહે જ નહીં. એનો રુચિનો વિષય બંધ કરો તો મૂંઝાઈ જાય. આ એક કુદરતી વસ્તુ છે. ચાહે રુચિ સૂલટી હોય કે ચાહે રુચિ લટી હોય.

**'એની જ રુચિ હોય...'** (અર્થાત્) જ્ઞાયકની જ રુચિ હોય તો જ્ઞાયક પ્રત્યયી પુરુષાર્થ ઉત્પન્ન થાય જ થાય, અને જેટલો પુરુષાર્થ થાય એટલું પોતાનું સ્વકાર્ય સિદ્ધ થાય. બધા ગુણોનું કાર્ય પુરુષાર્થને આધીન છે. અનંત ગુણો પુરુષાર્થથી ખીલી ઠે છે અને આખા આત્માનો વિકાસ થાય છે. અનંત ગુણમયી આખા આત્માનો વિકાસ પુરુષાર્થ આધીન છે. પુરુષાર્થ રુચિ આધીન છે તેથી રુચિ છે એ કાર્યસિદ્ધિને માટે એક પાયાનો વિષય છે.

અહીંયાં એક તર્ક થવા યોગ્ય છે કે, રુચિ કેમ થાય ? તર્ક કરવામાં તો કાંઈ વાંધો નહીં. રુચિ કેમ થાય ? કે, આત્મલક્ષી એટલે આત્મહિતને લક્ષે સાચી સમજણ કરવામાં

આવે તો એ રુચિને ઉત્પન્ન કરનારી છે. જ્ઞાન જ રુચિને ઉત્પન્ન કરે છે. પ્રથમ ભૂમિકામાં – જિજ્ઞાસુની ભૂમિકામાં પોતાને આત્મહિત કરવું છે એવા લક્ષે તત્ત્વની સાચી સમજણ કરે અને આગળ વધીને એ જ જ્ઞાન સ્વરૂપની ઓળખાણ કરે, આત્માની ઓળખાણ થાય – આત્માનો નિશ્ચય થાય – સ્વરૂપનિશ્ચય સાચો થાય ત્યારે એને સ્વરૂપની અનન્ય રુચિ પ્રગટે.

મુમુક્ષુ :– આપણે જે નવ બોલ છે ઇ આ બોલમાં લાગુ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– થાય જ. એ તો સીધી વાત છે. કેમકે આ તો મુમુક્ષુની ભૂમિકાના વિષય છે ને બધા. યથાર્થ ભૂમિકામાં તો એ બધો વિષય આવી જ જાય છે. ૧૩૮ (બોલ પૂરો) થયો.

પ્રશ્ન :– શુભાશુભ ભાવોનો નિષેધ વર્તે તો જ પુરુષાર્થ સ્વ તરફ વળે ને ?

સમાધાન :– હાસ્તો. શુભાશુભનો આદર છે એમાં ભેદજ્ઞાનનો અભાવ છે અથવા શુભાશુભનો આદર છે એમાં શુભાશુભની રુચિ છે. એને તો આત્માના પુરુષાર્થનો કાંઈ પ્રશ્ન રહેતો નથી. પણ જેને શુભાશુભનો નિષેધ છે અને શુદ્ધાત્માનો આદર છે, એકલો શુભાશુભનો નિષેધ નથી પણ અસ્તિનું પડખું (પણ સાથે) છે. કેમકે અનાદર નાસ્તિનું પડખું છે તો અસ્તિના પડખાંમાં શુદ્ધાત્માનો આદર છે, શુદ્ધ સ્વભાવનો આદર છે. એ રીતે અહીં ભેદજ્ઞાન શરૂ થાય છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'નો ૩૦૭ મો બોલ આપે લીધો હતો તીવ્ર અનાદરભાવ જાગે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, (રાગ પ્રત્યે) તીવ્ર અનાદરભાવ (થાય) એ ભેદજ્ઞાનનું લક્ષણ છે. એમ ત્યાં 'પરમાગમસાર'માં ૩૦૭ માં કહ્યું છે. શુભાશુભનો તીવ્ર અનાદરભાવ એ ભેદજ્ઞાનનું લક્ષણ છે અને રાગનો અભાવ કરવાથી વીતરાગ માર્ગમાં અવાય છે અથવા વીતરાગ ભાવરૂપ ધર્મ પ્રગટે છે એમાં રાગનો સીધો અભાવ કદી થતો નથી. પહેલાં રાગની રુચિ ટળે છે અને પછી રાગનો અભાવ થાય છે. આવો વૈજ્ઞાનિક ક્રમ છે. એટલે પહેલાં રુચિ ટળશે અને પછી રાગ ટળશે. સીધો કોઈ રાગ ટાળવા માગે કે, આ પદાર્થનો મને રાગ છે માટે હું પદાર્થનો ત્યાગ કરું એટલે મારો રાગ તૂટી જાય. (એમ) કોઈ દિવસ નહીં તૂટે. એ અવિધિએ કાર્ય કરવા માગે છે. અવિધિએ કાર્યસિદ્ધિ થતી નથી.

મુમુક્ષુ :– 'બહેનશ્રી'નો ૩૬ મો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આમાં તો બધા પડખાં આવી ગયા છે. **'જે પ્રથમ ઉપયોગનો પલટો કરવા માગે છે પણ અંતરંગ રુચિને પલટાવતો નથી; તેને માર્ગનો...'** એટલે ઉપાયનો

**'ખ્યાલ નથી.'** કેવી રીતે કાર્યસિદ્ધિ થાય છે એની એને ખબર નથી. જો કે સંપ્રદાયમાં તો ઉપયોગ (બાબતમાં) સમજતા જ નથી. ત્યાં તો કહે છે કે, બાહ્ય પદાર્થને છોડો એટલે એનો રાગ મટે. ફલાણાંનો ત્યાગ કરો એટલે એનો રાગ મટે, આનો ત્યાગ કરો એટલે (એનો રાગ મટે). પણ જગતમાં અનંત પ્રકારના પરમાણુ છે. અનંત પ્રકારની એની પર્યાયો ધારણ કરેલી છે. કેટલા કેટલાનો તું ત્યાગ કરીશ ? એ રીતે તો ખરો ત્યાગ થઈ શકતો નથી. રુચિ રહી જાય અને બહારમાં ત્યાગ કરે. રુચિ રહી જાય ત્યારે રસ રહી જાય. રસ રહે અને બાહ્ય ત્યાગ કરે (તો) શું દશા થાય ? મૂંઝવણ સિવાય બીજુ કાંઈ થાય નહીં. કેમકે અંદરમાં રસ રહ્યો ને બહારમાં પરિણામને હઠથી રોકે કે, નહીં, મેં તો ત્યાગ કર્યો, મેં તો ત્યાગ કર્યો, મારે તો ત્યાગ છે, મારે તો ત્યાગ છે. એ તો કોઈ રીતે એને કાર્યસિદ્ધિ થતી નથી.

**'તેને માર્ગનો ખ્યાલ નથી. પ્રથમ રુચિનો પલટો કરે...'** તો પુરુષાર્થ ઉત્પન્ન થશે અને પુરુષાર્થ ઉત્પન્ન થશે **'તો ઉપયોગનો પલટો સહજ થઈ જશે. માર્ગની યથાર્થ વિધિનો આ ક્રમ છે.'** આ યથાર્થ વિધિ છે આ સિવાયની બીજી વિધિ પકડે તો અવિધિએ કામ કરવા માગે છે. આ તો પદાર્થનું વિજ્ઞાન છે. કોઈ વિજ્ઞાનને પલટાવવા માગે તો એ પદાર્થને પલટાવવા માગે છે. એવું તો ત્રણકાળમાં બની શકે નહીં. એટલે કોઈ ઉન્માર્ગે કામ કરવા માગે, અવિધિએ કામ કરવા માગે તો એ ભૂલો પડી જશે, એનાથી કાર્યસિદ્ધિ નહીં થાય.

ખાસ કરીને જેટલા કોઈ ધાર્મિક મતાંતરો છે અને ઝઘડાઓ છે એ બધા વિધિના વિષયમાં વિચારભેદ થતાં (ઉત્પન્ન થયા) છે. ત્રણે કાળે મોક્ષમાર્ગની વિધિ કહો કે મોક્ષમાર્ગ કહો એ ત્રણે કાળે એક જ પ્રકાર છે. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ.' એમાંથી જરાક બહાર ગયો એટલે એ જિનમાર્ગની બહાર ગયો. એ ઉન્માર્ગને સેવે છે. જરાક બહાર ગયો એનો અર્થ કે, આખો બહાર ગયો. કહેવાય કે જરાક બહાર ગયો પણ માર્ગથી એ આખેઆખો બહાર ગયો. થોડોક ઊંધો નથી પૂરેપૂરો ઊંધો છે. એટલે એને અજૈન કહેવામાં આવે છે, એને જૈન જ કહેવામાં આવતા નથી. જિનમાર્ગની બહાર તે અજૈન, જિનમાર્ગમાં આવે તે જૈન, એમ.

પ્રશ્ન :- ૧૦૦માંથી એક જ માર્કનો વાંધો હોય. એક માર્ક જ ઓછો હોય એમાં આટલો વાંધો ?

સમાધાન :- માત્ર એક માર્ક ઓછો નથી. એનો માર્ગ જ  લટો છે, બીજો માર્ગ

છે એટલે ૧૦૦ એ ૧૦૦ માર્ક ઉપર એની ચોકડી છે, એકેય માર્ક એને દેવામાં આવતો નથી.

મુમુક્ષુ :- ૯૯ માર્ક તો છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૯૯ નથી. એણે બીજો માર્ગ પકડ્યો એટલે એને માઈનસ માર્ક દેવામાં આવે છે. અવગુણને ઉત્પન્ન કરનારો માર્ગ છે. આગળ જતાં અવગુણને ઉત્પન્ન કરશે. માર્ક દેવાનો પ્રશ્ન જ નથી.

પ્રશ્ન :- આ જ્ઞાયક... જ્ઞાયક આવ્યું એમાં શું કહેવા માગે છે ?

સમાધાન :- જ્ઞાયક એટલે પોતાનો અનંતગુણ ભરપૂર મહા મહિમાવંત આત્મા. અનંત મહિમાવંત પોતાનો આત્મા, પોતાનો પરમેશ્વર, પોતાનું પરમ પદ. પોતે જ પ્રભુ છે અને અનંત ગુણનું નિધાન છે. એની રુચિ થતાં એનો પુરુષાર્થ અને એનો ઉપયોગ થાય એ એક જ માર્ગ છે ને એ સિવાય બીજો કોઈ માર્ગ જગતમાં નથી.

આ તો એટલું બધું ચોખ્ખું કર્યું છે, જેને અધ્યાત્મનું રહસ્ય કહેવાય એવો વિષય છે. જગતમાં તો સંપ્રદાયના જીવોને આ વાત સાંભળવા મળતી નથી. અન્ય સંપ્રદાયના – જૈનના નામે ચાલતા સંપ્રદાયના વિષયમાં આ વાત ચાલતી નથી, સાંભળવા મળતી નથી તો જગતના બીજા જીવોને તો આ વાત ક્યાંથી પહોંચે ? એવી વાત બહુ સંક્ષેપમાં રહી ગયેલી વાત છે. ઓછા ક્ષેત્રમાં ઓછા જીવોને કાને પડે એવી વાત છે.

પ્રશ્ન :- શુદ્ધભાવનો આદર કરતા કરતા શુભનો અનાદર કરીએ કે શુભનો અનાદર કરીએ પછી શુદ્ધભાવનો આદર થાય ?

સમાધાન :- બન્ને સાથે.

પ્રશ્ન :- પહેલાં શું લેવું ?

સમાધાન :- જેના ઉપર લક્ષ હોય, એનું લક્ષ બે ઉપર જશે. ક્યારેક રાગ ઉપર જશે, ક્યારેક શુદ્ધાત્મા ઉપર જશે. શુદ્ધાત્મા ઉપર લક્ષ જાય ત્યારે એનો આદર થાય, એમાં શુભાશુભનો અનાદર સ્વયમેવ છે. શુભાશુભ ભાવ ઉત્પન્ન થાય અને એનો નિષેધ આવે એમાં શુદ્ધાત્માનો આદર સ્વયમેવ છે. બેય સાથે જ છે, એમ. વારાફરતી છે એવું નથી. એકસાથે બેય પડખાનું કામ થાય છે. જેટલો રોગ જાય એટલી તંદુરસ્તી આવે, જેટલી તંદુરસ્તી આવે એટલો રોગ જાય. એ તો સાથે જ હોય ને હંમેશા, એમ.

મુમુક્ષુ :- કોઈવાર એમ કહેવાય છે કે અસ્તિથી લેવું.

પૂજ્ય ભાઈશ્રી :- અસ્તિ મુખ્ય છે એમાં. અસ્તિ છે એ એમાં મુખ્ય છે કેમકે વજન ગુણનિધાન ઉપર છે અને પોતાનું સ્વતત્ત્વ અથવા પોતાનું સર્વસ્વ, જ્યાં પોતાનું સર્વસ્વ હોય ત્યાં જ મુખ્યતા હોય, બીજો તો નિષેધનો વિષય છે. એટલે જે નિષેધનો વિષય છે એની મુખ્યતા કરવાનો ક્યાં પ્રશ્ન છે ? એમ. પણ પોતે જ્યાં સુધી રાગાદિ ભાવરૂપ પરિણમે છે અને નાસ્તિમાં ભો છે ત્યાં સુધી એ આવ્યા વિના નહીં રહે.

એક વખત પૂજ્ય 'બહેનશ્રી' પાસે પ્રત્યક્ષ ચર્ચામાં એક મુમુક્ષુએ પ્રશ્ન પૂછ્યો હતો કે, અસ્તિની જ મુખ્યતા કરીએ. અસ્તિની જ મુખ્યતા કરીએ અને નાસ્તિનો વિષય વચ્ચે ન લઈએ તો ? પ્રશ્નમાં આપોઆપ કૃત્રિમતા છે એ સમજાય જાય એવો વિષય છે. કેમકે ન લઈએ ઇ પ્રશ્ન નથી. જ્યાં સુધી આ જીવ રાગમાં ભો છે ત્યાં સુધી એને અનેક પ્રકારનો રાગ ઉદય અનુસાર ઉત્પન્ન થયા વિના રહેશે નહીં. એ તો મોક્ષમાર્ગીને (પણ હોય) છે. આ તો હજી મુમુક્ષુ છે. (રાગ) આવે એટલે એનો નિષેધ થવો જોઈએ એ સીધી વાત છે. નહીંતર એવો વિચાર આવે કે, એકલા અસ્તિથી પડી જઈએ તો ? પણ ભાઈ છદ્મસ્થ છે ત્યાં સુધી ઉદય છે. ઉદય છે ત્યાં સુધી ઉદય અનુસારનો આંશિક રાગ ધર્માત્માને પણ હોય છે, મુનિરાજ હોય તો (એમને પણ) હોય છે. નીચે તો (નથી એ) ક્યાં વાત છે ? ગણધરને હોય છે. એ પણ ભગવાનના સમવસરણમાં જે સાંભળવા બેઠા છે એનો અર્થ શું છે ? બાર અંગનું જ્ઞાન છે. અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે છે. પહેલી જ જ્યાં વાણી છૂટે ત્યાં બાર અંગની રચના અંતર્મુહૂર્તમાં થઈ જાય. છતાં જ્યાં સુધી તીર્થંકર ભગવાનની વાણી છૂટે છે ત્યાં સુધી ગણધર ભગવાન સાંભળે છે. સાંભળે છે એમાં ઉપયોગ વારંવાર અંતરમાં લીન થાય છે. પણ જો ઉપયોગ સતત અંતરમાં લીન રહે અંતર્મુહૂર્ત રહે તો તો પોતે અરિહંત થઈ જાય. પણ જ્યાં સુધી એ અરિહંતદશા પ્રગટ કરતા નથી ત્યાં સુધી એમને પણ સાંભળવાનો (રાગ) વિકલ્પપૂર્વક ઠે છે પણ એ નિષેધપૂર્વક ઠે છે. એનો એમને નિષેધ ત્યાં આવે છે. વિકલ્પ આવે છે એટલે એ કર્તવ્ય છે એમ છે નહિ. એને એ દોષ સમજે છે. એમાં સુખ નથી, શાંતિ નથી એ બધી મર્યાદા એમાં આવી જાય છે.

પ્રશ્ન :- 'બહેનશ્રી'એ શું જવાબ આપ્યો હતો ?

સમાધાન :- એમણે એમ કહ્યું કે, નાસ્તિ આવ્યા વિના રહેશે નહીં. નહીંતર તો જો ન સમજે તો માણસ એમ જવાબ આપી દે, હા, હોં ! અસ્તિથી જ પડવું, હોં ! એકલું અસ્તિથી જ પડવું, તમારે એકલું અસ્તિથી જ પડવું એમ કહી દે. કેમકે એ પડખું

પૂછનારને પણ સારું લાગ્યું છે ને કહેનાર પણ સારો દેખાય. કે, હા ! અસ્તિની વાત બહુ સરસ કરે છે. પણ એમ નહીં. વાસ્તવિકતા શું છે ? ભાઈ ! અસ્તિથી પડવાનો અભિપ્રાય હોય તોપણ વિકલ્પ આવ્યા વિના રહેશે નહીં. એટલે એકલું અસ્તિથી પડવું હોય તો એકલી અસ્તિના વિકલ્પની કૃત્રિમતા કરે તો એ પણ રાગ છે અને રાગ છે એનો તો નિષેધ હોવો જોઈએ. ચાહે તો અસ્તિ સ્વરૂપ સંબંધીનો રાગ હોય ને વિકલ્પ હોય તોપણ એ નિષેધને યોગ્ય છે. એને તો શું છે કે ઇ જે અસ્તિનો વિકલ્પ આવે છે એને પુરુષાર્થ માને છે. આ જ કર્યા કરવું, આ જ કર્યા કરવું, આ જ કર્યા કરવું. જ્યાં સુધી સ્વભાવને ઓળખે નહીં ત્યાં સુધી વિભાવને સ્વભાવ મનાઈ જાય છે અને સાધના સ્વભાવની થવાને બદલે વિભાવની થઈ જાય છે. આ જ કર્યા કરું, આમ જ કર્યા કરું, અસ્તિનો જ વિકલ્પ કર્યા કરું, અસ્તિથી જ પડ્યાં કરું. એમ કરું... કરું... કરું એ પુરુષાર્થનું સ્વરૂપ છે જ નહીં. (પુરુષાર્થ) એ તો સહજ છે. રુચિ પડે (એટલે) સહજ પુરુષાર્થ પડે. એમ પુરુષાર્થ થાય છે.

મુમુક્ષુ :- શુભભાવનો અનાદર કરતા શુભમાંથી અશુભમાં પડી જવા જેવું થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- શુભભાવનો અનાદર કરતા અશુભમાં ચાલ્યું જવાતું હોય તો એને એમ સમજવું જોઈએ કે, એને શુદ્ધતાનું લક્ષ જ નથી. શુદ્ધતાના લક્ષે શુભનો અનાદર થાય છે. આટલું અધ્યાહાર છે અહીંયાં. શુભના અનાદરમાં શુદ્ધાત્માના લક્ષે શુભનો અનાદર થાય છે. જેને શુદ્ધનું લક્ષ જ નથી એ શુભનો અનાદર કરે તો અશુભમાં ચાલ્યો જ જાય, વગર કીધે ચાલ્યો જાય.

મુમુક્ષુ :- શુભ-અશુભ બન્નેનો અનાદર કહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- શુભાશુભ બન્નેના અનાદરની વાત છે આમાં તો. અશુભ તો તીવ્ર કષાય છે. જો મંદ કષાયનો અનાદર કરવામાં આવે તો તીવ્ર કષાયનો આદર કરવાનો ક્યાં પ્રશ્ન રહ્યો ? પણ એવું સ્થૂળ જ્ઞાન હોય, સ્થૂળ સમજણ હોય તો એને એ વાતનો ખ્યાલ ન રહે કે, આ મંદ કષાયનો અનાદર કરવા જતાં તીવ્ર કષાયનો આદર થઈ ગયો એનું શું ? મંદ કષાયમાં જે અશાંતિ અને દુઃખ છે એના કરતાં તીવ્ર કષાયની અંદર દુઃખ વિશેષ છે. તો જે મંદ દુઃખમાંથી, થોડા દુઃખમાંથી વધું દુઃખમાં આવ્યો અને એને ખબર ન પડી કે આ શું થયું ? એને દુઃખની પણ ખબર ન પડી.

પ્રશ્ન :- તીવ્ર કષાય ન આવે એની જાગૃતિ રાખે તો ?

સમાધાન :- એની જાગૃતિ શુદ્ધતાના લક્ષે જ રહે, બીજો કોઈ એનો ઉપાય નથી. જેને શુદ્ધાત્માનું લક્ષ હોય, શુદ્ધતા પ્રાપ્ત કરવાનું લક્ષ હોય, આત્મપ્રાપ્તિનું લક્ષ હોય એને જ એ નિષેધ બરાબર થાય. નહીંતર એ શુભનો નિષેધ કરવા જતાં અશુભમાં ચાલ્યો જાય. તો એ તીવ્ર દોષમાં પરિણમે. એ એક સ્વચ્છંદનું ચિહ્ન છે કે, જેને અશુભમાં પણ તીવ્ર દુઃખ લાગતું નથી. એ સ્વચ્છંદનું ચિહ્ન છે. શુભમાં પણ દુઃખ લાગવું જોઈએ એને બદલે અશુભમાં પણ નથી લાગતું એનું શું કારણ ? એ સ્વચ્છંદ છે. એ નિશ્ચયાભાસનું પડખું છે.

મુમુક્ષુ :- ૪૩મો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૨ કે ૪૩ ? **'યથાર્થ રુચિ સહિતના શુભ ભાવો વૈરાગ્ય અને ઉપશમરસથી તરબોળ હોય છે;...'** ઠીક ! જેને વીતરાગભાવ સ્વરૂપ પરિપૂર્ણ ગુણ સંપન્ન આત્માની રુચિ થાય, કષાયના અભાવ સ્વભાવની રુચિ થાય અને એને શુભભાવ આવે તોપણ એની અંદર વૈરાગ્ય અને કષાયનો ઉપશમરસ હોય છે. શાંત રસથી તરબોળ હોય છે અને રાગની રુચિવાળાના એટલે **'યથાર્થ રુચિ વિના...'** રાગની રુચિવાળાના **'તેના તે શુભભાવો...'** પછી એ ભલે ભક્તિ કરે, એ જ પૂજા કરે, એ જ ભક્તિ કરે, એ જ તત્ત્વજ્ઞાનના વિચાર હોય **'તેના તે શુભભાવો લૂખા...'** શુષ્ક – શુષ્ક જ્ઞાનવાળા **'અને ચંચળતાવાળા હોય છે.'** આ તો કેટલી વાતો બહાર આવી ગઈ છે ! એટલે રુચિ શું કામ કરે છે ? શુભભાવની અંદર પણ એની જાત પલટી નાખે છે એમ કહેવું છે અહીં તો.

અહીંયાં શું કહ્યું ? કે. જો આત્માની રુચિ યથાર્થ હોય તો એના શુભભાવ પણ બીજી જાતના હોય કે જે શુભભાવનો એને નિષેધ પાછો આવે. ઊંચી કક્ષાના શુભભાવ હોય અને છતાં એનો એને નિષેધ આવે. હેયબુદ્ધિએ શુભભાવ થાય. અને આને (–રુચિ વિનાના જીવને) ઉપાદેયબુદ્ધિએ શુભભાવ થાય અને એની કક્ષા પણ નીચી હોય છે. લૂખા અને ચંચળતાવાળા, નીચી કોટિના શુભભાવ થાય. ૪૨, ૪૩, ૪૪ બધા રુચિના બોલ છે. જુદાં જુદાં દૃષ્ટાંત અને જુદાં જુદાં પડખાંથી વિષયને બહુ સ્પષ્ટ કર્યો છે.

પ્રશ્ન :- જ્ઞાયક ભાવની રુચિ કરી એ ધ્યાન કહેવાય કે નહિ ?

સમાધાન :- શું કહેવાય ? ધ્યાન ? ના. ધ્યાન તો બહુ આગળની વાત છે. ધ્યાનનું Stage તો ઘણું આગળનું છે. પ્રથમ ધ્યાન થાય છે – સમ્યક્‌દર્શનના કાળમાં. આ તો હજી મુમુક્ષુની ભૂમિકાની વાત છે. અને ત્યાં પણ અલ્પ માત્રામાં ધ્યાન છે, ચોથા ગુણસ્થાને પણ ધ્યાનની માત્રા બહુ અલ્પ છે. પછી ઉપર ઉપરના ગુણસ્થાને ધ્યાન વિશેષ છે. મુનિદશામાં

ધ્યાન ઘણું હોય છે. અત્યારે તો એક જાતનો એક Menia ચાલ્યો છે. આ બધી આગળના Processની કાંઈ ખબર ન હોય અને ધ્યાન કરવા બેસી જાય. ધ્યાનના વર્ગો ને ધ્યાનનું ફલાણું ને ધ્યાનની શિબિર ને ધ્યાનના આશ્રમ ને... બધું કાંઈક ચાલે છે. એ બધા ધ્યાનના ધતિંગ ચાલે છે, એમાં કાંઈ ધ્યાન-બ્યાન થવાનો પ્રશ્ન રહેતો નથી. એ બધા અપધ્યાન - માઠાધ્યાન થાય છે.

મુમુક્ષુ :- વિશ્વશાંતિ ધ્યાન...

પૂજ્ય ભાઈશ્રી :- હા, નામ આપી દઈએ એમાં શું ? મોટા મોટા શબ્દોના તો કાંઈ પૈસા લાગતા નથી.

મુમુક્ષુ :- વિશ્વશાંતિ રાખવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હવે ક્યાં વિશ્વની શાંતિ ને ક્યાં ધ્યાનને કાંઈ લેવા દેવા ખરું ? બે વિષયને મેળ નથી. ધ્યાન તો આત્મામાં લાગે છે. વિશ્વ શાંતિને શું લેવા દેવા છે ? એમ ને એમ બધા ગબારા જ ચાલે છે. મૂળ તો એવું છે કે આમ જનતા, જેને સામાન્ય સમાજ કહીએ એ આ વિષયથી અજાણ્યા છે. હવે માણસો અજાણ્યા છે એટલે થોડુંઘણું અધકચરું જાણતા હોય એની પણ પોલ ચાલે છે. પેલાને એમ લાગે છે કે આપણે આ નથી જાણતા એટલું તો જાણે છે. માટે કાંઈક છે એની પાસે. આ એમાં ભરમાય છે લોકો.

પ્રશ્ન :- અનુભવ વગર ધ્યાન જ ન થાય ને ?

સમાધાન :- પ્રશ્ન જ નથી કાંઈ, પ્રશ્ન જ નથી ને. 'હ ઢ્ઞીં ચિંહ્મક ાિફ્રફ્રક ૅ ફ્રંસ્રક' 'ઉમાસ્વામી' મહારાજ'નું ધ્યાન ઉપરનું આ સૂત્ર છે. અન્ય પદાર્થને વિશે તો અનાદિથી એ કોઈને કોઈ વિષયમાં એકાગ્ર થાય ત્યારે એને આર્તધ્યાન તો વર્તે છે. એ જ વ્યાખ્યા સ્વરૂપ ધ્યાનને વિશે લગાવવામાં આવે છે કે જ્યારે સ્વરૂપને એકને અગ્ર એટલે મુખ્ય કરીને કોઈપણ અન્ય ચિંતાનું સહજ જ ઉત્પન્ન ન થવું એને નિરોધ કહે છે. એવું જે આત્માને વિશે થવું તેને આત્મધ્યાન અથવા ધર્મધ્યાન કહેવામાં આવે છે.

**ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહિ. અનાદિ કાળથી લગની લાગી જ નથી. લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ. ૧૩૯.**

**૧૩૯. 'ઊંડાણમાંથી લગની લગાડીને પુરુષાર્થ કરે તો વસ્તુ મળ્યા વિના રહે નહીં.'** આ પણ મુમુક્ષુની ભૂમિકાનો એક બોલ છે, જેમાં આત્માની લગની વિના આત્મકાર્ય થતું નથી એ વાત સ્પષ્ટ છે. એવો તર્ક અથવા પ્રશ્ન થવા યોગ્ય છે કે, લગની કેવી રીતે લાગે ? તો કહે છે કે, બહારમાં કોઈ મોટો લાભ થવાનો હોય તો એની પ્રાપ્તિની લગની લાગે છે કે નહીં ? કોઈ એમ કહે કે, તમે એક આટલું કરોને તો તમે કરોડપતિ થઈ જશો. તો બધું ભૂલી જાય, ખાવું-પીવું બધું ભૂલી જાય એવી લગની લાગે. આ દુકાને ઘરાકી હોય તો જમવા નથી જતા ને. ટિફિન મંગાવે, ટિફિન આવ્યું હોય તો ઠરી જાય, એ સવારનું સાંજે ઘરે જઈને ખાય કે ભઈ ! ટાઇમ નથી હવે, ભલે પડ્યું એ તો. એનો અર્થ શું છે ? કે, જ્યાં લાભ દેખાય ત્યાં જીવનો એવો સ્વભાવ છે કે એને લગની લાગે, લાગે ને લાગે જ. લગની લાગી નથી એનો અર્થ કે એને હજી લાભ દેખાણો નથી. આ 'કર વિચાર તો પામ' આમાં છે. વિચાર કરીને એને લાભ દેખાણો હોય તો એને લગની લાગે અને એ પામી જાય. વિચાર કરે ને લગની ન લાગે તો એને એવો કર વિચાર અને પામ એ વાત રહેતી નથી. એ વિચાર જ છે પણ એમાં પામવાની વાત રહેતી નથી. વિચાર કરવાવાળો પામે પણ ખરો અને ન પામે પણ ખરો. એટલે 'કર વિચાર તો પામ' એમાં સામાન્ય વિચાર નહીં લેવો. એવો વિચાર કર કે જેને લઈને તને કેટલો લાભ છે એની સમજણ પડે અને તારી લગની એમાં એ કાર્ય કરવા માટે ઉત્પન્ન થઈ આવે તો એ વિચાર કર્યો સાર્થક છે અથવા યથાર્થ છે. નહીંતર તો વિચાર એવો અનંતવાર કરી ચૂક્યો છે, નથી વિચાર કર્યો એવું તો કાંઈ નથી.

પ્રશ્ન :- કર વિચાર એટલે અંતર મંથન ?

સમાધાન :- મંથન ઘણાં કરે છે પણ પરલક્ષી જ્ઞાનમાં મંથન ચાલે છે. પરલક્ષી જ્ઞાનમાં વિચાર ચાલે, મંથન ચાલે, ચિંતન ચાલે, ઘોલન ચાલે બધુંય ચાલે (પણ) બધું પરલક્ષી હોય અને બાહ્ય દૃષ્ટિવાળાને એમ થાય કે, આ..હા...! શું આનું મંથન છે ! શું આનું ઘોલન છે ! શું આનું ચિંતન છે ! પણ એ બધું ચોકડી મૂકવા જેવું હોય. એમ તો છેતરાવાનું કારણ થાય. એકલું વિચાર, મંથન, ચિંતન એવું ન હોય. એનું લક્ષ આત્મા ઉપર છે કે નહીં ? બસ ! આખો આધાર (આની ઉપર છે). 'લક્ષ થવાને તેહનો કહ્યાં શાસ્ત્ર સુખદાઈ.' લક્ષ એવી ચીજ છે કે ફરે નહીં એનું નામ લક્ષ. લક્ષ કદી ફરતું નથી. એ કામની ચીજ છે. બાકી વિચાર, મંથન, ચિંતવન એ તો અનંતવાર બધું કરી ચૂક્યો છે.

એટલે અહીંયાં વિશેષણ એક લીધું છે કે, **'ઊંડાણમાંથી લગની લગાડીને...'** એટલી વાત લીધી છે. ઊંડાણમાંથી આત્માનું અંતઃતત્ત્વ છે, એ અંતઃતત્ત્વ જે ઊંડાણમાં છે, એક સમયની પર્યાયથી પણ ઊંડે છે. નિમિત્તો, રાગ અને જ્ઞાનની એક સમયની પર્યાય એનાથી પણ ઊંડે જે આત્મતત્ત્વ છે એના લક્ષે લગની લાગવી જોઈએ, ઊંડાણમાંથી લગની લાગવી જોઈએ.

પ્રશ્ન :- ઊંડાણ એટલે શું ઊંડે ઊંડે ?

સમાધાન :- હા, ઘણે (ઠેકાણે) આવે છે. ઊંડું, ઊંડું, ઊંડું એમ આવે છે. સ્વભાવ છે (એ) અવ્ય ત સ્વભાવ છે એટલે એ ઊંડામાં રહેલું તત્ત્વ છે, ઊંડે રહેલું તત્ત્વ છે એમ કહેવાય છે. વ્ય ત પર્યાય છે એના કરતાં કોઈ એની પાછળ અવ્ય ત સ્વભાવ છે એટલે એ ઊંડું તત્ત્વ છે એમ કહેવામાં આવે છે.

એક દૃષ્ટાંત લઈએ કે, તળાવનું પાણી છે એ સીધું દેખાય. થોડે દૂર હોય ત્યાંથી એને દેખાય કે આગળ અડધો માઈલ છેટે તળાવ ભર્યું લાગે છે. પણ કૂવાનું પાણી તો કૂવો ખોદીને નીચે તળિયે ઊંડાણમાં હોય છે, તો કૂવાનું પાણી જોવા માટે એને નીચે ડોકું કરવું પડે. કાંઠે આવે ત્યાં સુધી પાણી ન દેખાય. આમ બરાબર જોવે તળિયા સુધી નજર લઈ જાય ત્યારે એને પાણી છે કે નહીં એમ ખબર પડે. એમ જ્ઞાનને વાળે, તળિયા સુધી વાળે ત્યારે એને જણાય છે. એમ કેમ છે ? કે, એટલું ઊંડાણમાં છે માટે એમ જણાય છે. આ ભાવનું ઊંડાણ છે. દૃષ્ટાંત ક્ષેત્રનો લીધો પણ અહીંયાં ભાવથી લેવું. જે સ્વભાવનું તળ છે એમાંથી રુચિ આવી, એને લક્ષે રુચિ આવવી જોઈએ. એને ઊંડાણ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- કૂવાના ઊંડાણમાં જોવા જાય તો તરત પોતે જ દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાનું પ્રતિબિંબ પડશે.

મુમુક્ષુ :- આમાંય ઊંડાણમાં જાય તો પોતે જ દેખાય.

પૂજ્ય ભાઈશ્રી :- પોતે જે છે ને એ તો. ઊંડાણમાં પોતે જ છે, ખરેખર તો પોતાનું જ સ્વરૂપ છે, એ જ ખરું સ્વરૂપ છે, સાચું એ જ સ્વરૂપ છે.

પ્રશ્ન :- એટલે ધ્રુવ એવો છે ?

સમાધાન :- હા ધ્રુવ જ છે.

ઊંડાણમાંથી લગની લાગવી જોઈએ. ઉપર ઉપરની લગની લાગે વળી છૂટી જાય, વળી

લાગે, વળી છૂટી જાય. શું થાય છે (કે), સામાન્ય મુમુક્ષુની ભૂમિકામાં કોઈવાર ભાવોની તીવ્રતા ચાલે વળી મંદતા ચાલે વળી તીવ્રતા ચાલે એમ ને એમ હાલક-ડોલક પરિસ્થિતિમાં જે સમય નીકળે છે એમાં કોઈ કાર્યની સિદ્ધિ થતી નથી. અહીંયાં જેને અનાદિનું આત્મકાર્ય એટલે સમ્યક્દર્શન થયું નથી મોક્ષમાર્ગનો પ્રારંભ, પ્રવેશ મળ્યો નથી એને પ્રવેશ કરવા માટે ઉપાડ બહુ જોરદાર જોઈએ. શરૂઆતનો ઉપાડ ઘણો જોરદાર હોય છે. બહુ જોરથી પ્રવેશ મળે છે. જોર કરે છે એને પ્રવેશ મળે છે અથવા પ્રવેશ થાય છે ત્યારે બહુ જોરથી પ્રવેશ થાય છે. એવો પ્રકાર છે. કેમકે અનાદિથી એને આ વસ્તુનો પત્તો લાગ્યો નથી. એકવાર એને પત્તો લાગ્યો કે આ જ કરવા જેવું છે, અહીંયાં જ મારું સર્વસ્વ છે અને આ જ જીવનનું એક લક્ષ હોવું જોઈએ, બાકી બધું તુચ્છ છે એવું એને સમજાય જાય ત્યારે એની લગની એવી પડે કે પછી પાછો વળવાનો પ્રશ્ન રહે નહીં. એમ. ઘડીક લગની પડે ને વળી પાછી પડી જાય ને વળી પડે ને... એ વસ્તુ અહીંયાં નથી એમ કહે છે.

મુમુક્ષુ :- આ બોલમાં નવ બોલ Apply કરીએ તો તરત લાગુ પડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધાય એમાં આવે છે. મૂળ તો ભૂમિકા જ લીધી છે ને ! આખી ભૂમિકા જ લીધી છે.

**'ઊંડાણમાંથી લગની લગાડીને...'** એટલે લગની લાગે છે એને લગાડી એમ કહેવાય છે. પુરુષાર્થ સહજ થાય એને પુરુષાર્થ કરે એમ કહેવાય છે. એ તો વચન વ્યવહાર છે. એને વસ્તુ મળ્યા વિના રહેતી નથી. વસ્તુ મળ્યા વિના રહેતી નથી એટલે એને સ્વાનુભવ થયા વિના રહેતો નથી. જેને સ્વાનુભવ થાય છે એના જન્મ-મરણનો છેદ થયા વિના રહેતો નથી. એક ક્ષણનો સ્વાનુભવ અનંત જન્મ-મરણના નાશનું કારણ છે. એટલી આત્મશક્તિ છે.

મિથ્યાત્વમાં અનંત જન્મ-મરણનું બીજ છે અને એ પાંગર્યા જ કરે છે, જ્યાં સુધી મિથ્યાત્વ જતું નથી. સ્વાનુભવના કાળે મિથ્યાત્વનો નાશ કર્યો એને અનંત જન્મ-મરણનો છેદ થઈ ગયો. કેટલો લાભ ? શા માટે લગની લાગે છે ? કે, આટલો મોટો લાભ છે માટે લાગે છે. આખેઆખું અખંડ સિદ્ધપદ હસ્તઆમ્લકવત્ – હાથના આમળાની જેમ અંદરમાં પોતાના કબજામાં આવે છે. છે એનો કબજો અનુભવાય છે. કબજામાં આવે છે એટલે ? છે એનો કબજો અનુભવાય છે કે આ તો મારા કબજાની ચીજ છે. એ રીતે દૃષ્ટિ જ્યાં એનો કબજો લે છે ત્યાં જન્મ-મરણનો પ્રશ્ન રહેતો નથી. એ તો જાણે કોઈ સમસ્યા જ

નથી. જનમ-મરણના અભાવ રહિત વસ્તુ પોતે છે એમ જ્યાં ભાન થયું અને દૃષ્ટિ આવી ત્યાં જન્મ મરણની સમસ્યા શેની પણ ?

જેમ કોઈ માણસ એમ કહે કે અહીંયાં અઢળક દોલત ભરી છે એમાં ગરીબાઈની ને દીનતાની વાત શેની ? આટલા ભંડાર ભર્યાં છે એને માગવાનો પ્રશ્ન ક્યાં ભો રહે છે ? એમ જે જન્મ-મરણના અભાવ રહિત શાશ્વત ચીજ જોવે એને જન્મ-મરણની સમસ્યાનો પ્રશ્ન ક્યાં છે ? એ પ્રશ્ન જ નથી એને. જન્મ-મરણ શેના ? કોના જન્મ-મરણ ? શું વાત છે ? એ પ્રશ્ન રહેતો નથી. જે અનંતકાળથી જતું નથી એ આટલું સહજમાત્રમાં ખતમ થાય છે. એટલે એની લગની લાગે છે. જેને યથાર્થ સમજાય છે એને લગની લાગે છે, એનો પુરુષાર્થ પડે છે, એને સ્વાનુભવ થયા વિના રહેતો નથી.

**'અનાદિ કાળથી લગની લાગી જ નથી.'** શું કહે છે ? કે, એણે જપ કર્યાં, તપ કર્યાં, શાસ્ત્ર વાંચન કર્યાં, ઘણું ભણ્યો, બધું કર્યું. પૂજા, ભ તિ, દાન, દયા, યાત્રા બધું કર્યું (પણ) એને આત્માની લગની લાગી નથી. સાચું સમજાણું નથી, સાચું સમજીને સાચી લગની લાગી નથી. મુમુક્ષુ જીવને આ એક એવું ચિહ્ન બતાવે છે કે જો ભાઈ ! તું બધું કરે છો પણ તને લગની પડી છે ? લગની નથી પડી તો અનાદિ કાળથી નથી થયું એ હજુ બાકી રહી ગયું છે. જે અનાદિથી તેં નથી કર્યું એ હજી બાકી રહ્યું છે એની આ સ્પષ્ટ અને ખ્યાલ આવે એવી વાત છે. તને જ ખ્યાલ આવી જાય કે લગની પડી નથી, આની લગની લાગી નથી તો વાત પૂરી થઈ ગઈ કે હજી જે સમજાવું જોઈએ એ સમજાણું નથી. અનાદિકાળથી જે બાકી છે એ હજી બાકી જ છે. અને હજી જીવ ત્યાંનો ત્યાં જ ભો છે, જરાય આગળ વધ્યો નથી.

**'લગની લાગે તો જ્ઞાન અને આનંદ પ્રગટે જ.'** જેમ વસ્તુ મળ્યા વિના ન રહે તો વસ્તુ મળવાની અંદર સ્વાનુભવની અંદર સ્વસંવેદન જ્ઞાન પ્રગટ થાય, નિર્વિકલ્પ જ્ઞાન પ્રગટ થાય અને આત્માનો શુદ્ધ નિર્વિકલ્પ આનંદ પણ પ્રગટ થાય. વચનાતીત આનંદ પ્રગટ થાય કે જે આનંદ પાસે જગતના ઊંચામાં ઊંચા કહેવાતા પદાર્થો, ઊંચા કહેવાતા પદાર્થો બધા જ એને દુ;ખના નિમિત્ત ભાસે. સુખાભાસ થવાનો પ્રશ્ન નથી પણ એને એના ઉપરનું લક્ષ એ દુઃખનું ઉત્પાદક છે એટલે એ નિમિત્ત દુઃખનું છે, સુખનું તો હરગિજ નિમિત્ત નથી.

પ્રશ્ન :- ચક્રવર્તી પદ ?

સમાધાન :- દુઃખનું નિમિત્ત છે. અને ઇન્દ્રનું ઇન્દ્રાસન પણ દુઃખનું નિમિત્ત છે.

મુમુક્ષુ :- એ કેવું સુખ અંદર હશે !

પૂજ્ય ભાઈશ્રી :- એવું સુખ છે. એ (ચક્રવર્તી આદિ પદ) તો બધા અશુભભાવ છે. અશુભ ઉપયોગનો આશ્રય છે. ઇન્દ્રનું ઇન્દ્રાસન કહો કે છ ખંડનું રાજ કહો પણ શુભોપયોગનો વિષય સાક્ષાત્ તીર્થંકર પરમાત્માના દર્શન, વીતરાગ સર્વજ્ઞદેવ બિરાજમાન હોય અને એમના વંદન, નમસ્કારનો ઉપયોગ એ પણ દુઃખ ભાસે. શુભભાવ પણ દુઃખ ભાસે. શુભોપયોગ છે ને ! એમાં પણ દુઃખ છે. એવો આનંદ છે એ.

મુમુક્ષુ :- એક મુમુક્ષુ 'ગુરુદેવ' ને કહેતા હતા કે, ગળે સાંબેલા ઉતારવા જેવી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત છે. કેમકે એને આનંદ શું છે, આત્માનો આનંદ શું છે એ કોઈ દિવસ એના ખ્યાલ ઉપર આવેલી વાત નથી. અનુભવ થયો નથી એટલે ખ્યાલ ઉપર આવેલી વાત નથી. જગતના તીવ્ર કષાય અને મંદ કષાયનો પરિચય છે. એ રીતે સુખ-દુઃખની એણે વહેંચણી કરી છે. પણ એનાથી કોઈ ત્રીજી જ વાત છે આ, એટલે આ વાતને, આ વિષયને અલૌકિક વિષય – લોકમાં જ્યાં નથી, આખા લોકમાં ક્યાંય નથી એવો અલૌકિક વિષય કહેવામાં આવે છે.

એ આનંદ પાસે એવી તૃપ્તિ છે એ આનંદના અનુભવમાં કે એ જીવને હવે જગતમાં કાંઈ માગવાનું રહેતું નથી. મારો આનંદ મારા આનંદ સરોવરમાંથી હિલોળા લઈને આવ્યા જ કરે છે. બસ ! મારે હવે કોઈની પાસે શું લેવા દેવાનું છે ? કાંઈ પ્રશ્ન રહેતો નથી. એ ભગવાનને પણ આનંદ-સરોવર જ જોવે છે. પણ છતાંય એટલો ઉપયોગ બહાર જાય એનું પોસાણ નથી. આનું નામ રુચિ છે. નહીંતર એ તો વીતરાગ પરિપૂર્ણ આનંદમાં બિરાજમાન છે, આનંદનું જ બિંબ છે. સર્વજ્ઞતાનું બિંબ છે એવું પરિપૂર્ણ આનંદનું પ્રદેશ પ્રદેશથી બિંબ છે. તો કહે છે કે, એટલો ઉપયોગ બહાર જાય એ હવે આ નિજાનંદને અનુકૂળ પડતું નથી. એવો એ આનંદ છે. (સમય થયો છે).

***

'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને ? 'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે ને ? તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે, પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે ! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય. અનંત કાળમાં બધું કર્યું એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધ્યું નથી. ૧૪૦.

## તા. ૨૩-૦૬-૧૯૮૭, વચનામૃત–૧૪૦
## પ્રવચન નં. ૧૦૮

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૪૪, ૧૪૦ બોલ. અનંતકાળમાં (જીવે) ધર્મના લક્ષે અનેક કાર્યો કર્યા છે પણ **'સત્‌ને શ્રદ્ધ્યું નથી.'** છેલ્લી લીટી છે – **'સત્‌ને શ્રદ્ધ્યું નથી.'** અનંતકાળમાં બધું કર્યું, બધું કર્યું એટલે ધર્મને નામે જે કાંઈ પરંપરાથી બાહ્ય ક્રિયા કરવામાં આવે છે એવું બધું કર્યું, કાંઈ બાકી ન રાખ્યું. અંદરમાં એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધ્યું નથી. 'શ્રીમદ્‌જી' તો એવું કહે છે કે, સત્‌ને સાંભળ્યું નથી અને સત્‌ને શ્રદ્ધ્યું નથી. સ્પષ્ટતા (કરી) છે ત્યાં.

અહીં તો (કહે છે), **'સત્‌ને શ્રદ્ધ્યું નથી.'** જો ભાવથી શ્રવણ કર્યું હોય, જે શ્રવણ કરતાં ભાવભાસન થાય એ પ્રકારે શ્રવણ કર્યું હોય તો એને ત્રિકાળી સત્‌ની શ્રદ્ધા થયા વિના રહે નહીં. જો એને શ્રદ્ધા નથી થઈ એનો અર્થ કે એણે સત્ સાંભળ્યું પણ નથી. સંભળાવનાર તો મળ્યા છે. સત્પુરુષો મળ્યા, સદ્‌ગુરુ મળ્યા, પરમગુરુ તીર્થંકર પણ મળ્યા. એ પરમગુરુ છે. સર્વોત્કૃષ્ટ ગુરુ જગતગુરુ કહેવાય છે. એ સત્‌ને કહ્યું છે કહેનારે (પણ)

આ જીવે સાંભળ્યું નથી, પોતે સાંભળ્યું નથી. સાંભળ્યું નથી એટલે એને શ્રદ્ધા પણ થઈ નથી. એમ ને એમ તો સીધી શ્રદ્ધા થતી નથી.

કોઈપણ શ્રદ્ધાવાન જીવ સત્‌ને સંભળાવે છે ત્યારે જ જીવને સત્‌ની શ્રદ્ધા થાય છે, સીધી કોઈને સત્‌ની શ્રદ્ધા થાય એવું બનતું નથી. એ અનાદિ સ્થિતિ છે. 'પાવે નહિ ગુરુગમ બિના યહી અનાદિ સ્થિત.' નિમિત્ત નૈમિતિક સંબંધનો એ અફર સિદ્ધાંત છે. (એમાં) નિમિત્તની પરાધીનતા નથી પણ એવી જ કોઈ વસ્તુસ્થિતિ છે. એને ઉપાદાન આશ્રિત જોવામાં આવે છે તો એ વસ્તુસ્થિતિ છે. ઉપાદાનની એ વસ્તુસ્થિતિ છે. જેમ પરથી નાસ્તિરૂપ છે એ વસ્તુસ્થિતિ છે. ઉપાદાનથી એ નાસ્તિપણું છે, પરથી નાસ્તિપણું. એમ અહીંયાં સત્‌ શ્રદ્ધાનનો પણ આ પરઅપેક્ષિત ધર્મ છે. એ ત્રણે કાળે અફર છે.

શ્રદ્ધાનો વિષય સત્‌ છે. સત્‌ છે એટલે હોવારૂપ અસ્તિત્વ છે. ત્યાંથી વાત શરૂ કરે છે. **'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને ?'** ત્રણ વખત 'છે' લીધું છે. (એનો અર્થ) ભૂતકાળમાં પણ છે પોતે, વર્તમાનમાં પણ પોતે છે, ભવિષ્યમાં પણ પોતે છે. ભૂત, વર્તમાન, – ચાલુ વર્તમાન અને ભવિષ્ય વર્તમાન એમ લેવાય છે. વ્યાકરણ ભણ્યા હોય એને ખ્યાલ આવે. અંગ્રેજીમાં તો એ બધા Adjective જુદાં હોય છે. Verb ના Adjective એના બધા જુદાં જુદાં જ હોય છે એટલે ખબર પડે કે આ ચાલુ વર્તમાન કાળની વાત નથી ચાલતી પણ ભૂત વર્તમાનની વાત ચાલે છે. ભૂત વર્તમાન, ચાલુ વર્તમાન અને ભવિષ્ય વર્તમાન. આ એક એક 'છે'માં એમ આવે છે વાત. જ્ઞાનીને વ્યાકરણ ભણવું પડતું નથી પણ બધું આવી જાય છે.

શું કહે છે ? કે, પોતાના નિજ અસ્તિત્વનું અવલોકન કરે તો એને પોતાનું અસ્તિત્વ ખ્યાલમાં આવે કે ભૂતકાળમાં પણ હું વર્તતો હતો, અત્યારે પણ હું મોજૂદ છું, હયાત છું, ભવિષ્યમાં પણ મારી મોજૂદગી છેપણે સદાય રહે એવું લાગે છે. આમ મારું અસ્તિત્વ છે એ બરાબર સદાય હોવારૂપ મારું અસ્તિત્વ છે એ ખ્યાલમાં આવે છે, ખ્યાલમાં આવે છે એટલે જ્ઞાનમાં આવે છે, જ્ઞાનમાં આવે છે એટલે એનો સ્વીકાર થાય છે. શ્રદ્ધામાં એનો સ્વીકાર થાય છે.

સત્‌ શ્રદ્ધાનમાં બે વાત લીધી છે. એક અસ્તિત્વની વાત લીધી છે અને બીજું જાણનાર કેવું અસ્તિત્વ છે ? (એમ લીધું છે). કેમકે અસ્તિત્વ તો પુદ્‌ગલને પણ છે, આકાશને પણ છે, છએ દ્રવ્યને અસ્તિત્વ છે. અસ્તિત્વ સામાન્યમાં તો અથવા મહાસત્તામાં તો છએ દ્રવ્ય

આવે છે. પણ અનુભવમાં પોતે એકલો આવે છે. અનાદિથી બીજાના અસ્તિત્વમાં પોતાના અસ્તિત્વની ભ્રાંતિગતપણે – અધ્યાસિતપણે ભેળસેળ કરી છે. એટલે એકલું અસ્તિત્વ નહીં લેતાં જાણનાર અસ્તિત્વ છે એમ સાથે સાથે લેવામાં આવે છે.

ઘણાં (જીવો) શાસ્ત્રમાં એ સમજણફેર કરે છે કે, જો સમ્યક્‌દર્શનનો વિષય અસ્તિત્વ છે તો એકલા અસ્તિત્વથી  પડો. અસ્તિત્વ ઉપર જોર દેવામાં આવે છે અથવા શ્રદ્ધાનું બળ પણ અસ્તિત્વને ગ્રહણ કરતા શ્રદ્ધાબળ વિશેષ કાર્ય કરે છે અને પરિણતિ આગળ વધે છે. પણ એ અસ્તિત્વમાં પણ સાથે સાથે જાણનારનું પડખું ન હોય તો અનાદિનું જે ભેળસેળવાળું અસ્તિત્વ (ગ્રહણ થઈ રહ્યું) છે એમાં ફેર પડે નહીં તો એ રીતે એને પોતાનું ભિન્ન અસ્તિત્વ ખ્યાલમાં આવ્યા વિના એનું જે અસ્તિત્વ સ્વભાવ ઉપર જોર જવું જોઈએ એ જોર જતું નથી.

એકવાર આ પ્રશ્ન પૂછ્યો હતો કે, આત્મા અસ્તિત્વપણે છે અને આત્મા જ્ઞાયકપણે પણ છે. ઉપાડ ક્યાંથી કરવો ? ઉપાડ કરવામાં બે વાત આવે છે. કોઈ શાસ્ત્ર વાંચનાર અસ્તિત્વ ઉપર જોર દ્યે છે અને કોઈ જ્ઞાયકપણા ઉપર જોર દ્યે છે. બન્ને સ્વભાવ જ છે. બન્ને અભેદ સ્વભાવ છે પણ મુમુક્ષુને ઉપાડ કરવો છે એને ક્યાંથી કરવો ? આ પ્રશ્ન હતો. (તો કહ્યું), જ્ઞાયકપણે છું ત્યાંથી ઉપાડ કરવો. જ્ઞાયકપણામાં અસ્તિત્વ ગર્ભિત છે. અસ્તિત્વમાં જ્ઞાયક (આવતો નથી). આત્માના ભિન્ન અસ્તિત્વમાં જ્ઞાયક ગર્ભિત છે પણ સામાન્ય અસ્તિત્વમાં તો છએ દ્રવ્ય ગર્ભિત છે. એકલો જ્ઞાયક રહેતો નથી. એટલે એકલા ઉત્પાદ્-વ્યય-ધ્રુવરૂપ અસ્તિત્વ ઉપર જે જોર દેવામાં આવે છે અને જ્ઞાયકનું પડખું જો ગૌણ રહે છે તો જે આત્મઆશ્રય કરવો છે, અધ્યાત્મમાં આવવું છે, આત્માનો આધાર લેવો છે, એ એવી રીતે ભિન્ન અસ્તિત્વ નહીં પકડાતું હોવાથી યથાર્થપણે પોતાના અસ્તિત્વ સ્વભાવનો ભાવમાં આધાર આવતો નથી. એક બોલમાં બન્ને વાત આવી ગઈ છે. બહુ સાદી ભાષા છે પણ બહુ વિચક્ષણતાથી વિષયનું નિરૂપણ છે એની અંદર.

**'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને ?'** પ્રશ્ન પૂછ્યો છે. જો જરા તું ! તારામાં ને તારામાં તારી હયાતીને સંભાળ એમ કહે છે. તું છો તો ભૂતકાળ, વર્તમાન અને ભવિષ્ય એમ ત્રણેયને લક્ષમાં લે. તારું હોવાપણું માત્ર અત્યારે જ છે પછી નહીં હો તું ? એક સમય પછી નથી તું ? એક સમય પછી હું છું તો એક સમય બદલાય છે ત્યાં ભૂત, વર્તમાન, ભવિષ્ય ત્રણે ખડા થઈ જાય છે. જે વ્યતીત થયો તે ભૂતકાળ થયો,

જે ભૂતકાળ થયો એ વર્તમાન હતો અને ત્યારે જે અત્યારે વર્તમાન છે તે ભવિષ્ય હતું. એ બે સમયમાં તો ભૂત, ભવિષ્ય અને સાથે વર્તમાન પણ એમાં આવી જાય છે. સમય બે અને કાળ ત્રણેય અનુભવગોચર થાય છે. એ તો કેટલા સમય સમય તો ચાલ્યા જ જાય છે. અસંખ્ય સમય એક સેકન્ડમાં ચાલ્યા જાય છે. અને પોતાની હયાતી બરાબર લક્ષમાં આવે છે કે, હું તો છું જ, હયાત જ છું, ક્યાંય ગયો નથી. હાજર જ છું. તો ત્રણે કાળે હું હયાત રહીશ એ વાત પણ બરાબર એમાંથી ખ્યાલમાં આવી શકે છે. આ તો પોતાની વાત છે.

આ તેલના કૂવામાંથી ગેસ નીકળે છે. ઉપર તો થોડોક ભડકો દેખાય છે. એ ભડકો થતો દેખાય છે, નાશ થતો દેખાય છે – થતો દેખાય છે, નાશ થતો દેખાય છે. એ ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે કે, આ તેનો તે ભડકો નથી. ક્ષણે ક્ષણે નવો ભડકો જોવામાં આવે છે એનો અર્થ કે ક્ષણે ક્ષણે નવો ગેસ સળગે છે. જો એ અવિરતપણે સળગે છે તો જેટલો દેખાય છે એટલો ગેસ અંદર નથી, મોટો ભંડાર ગેસનો અંદર ભરેલો છે.

(એમ) અહીંયાં ક્ષણ, ક્ષણ, ક્ષણ, ક્ષણ થઈને પોતાનું અસ્તિત્વ જો ખ્યાલમાં આવે છે તો પોતાનું કાયમી અસ્તિત્વ છે એમ બરાબર એને લક્ષમાં આવે છે, જ્ઞાનમાં આવે છે અને પોતાના અનંત અસ્તિત્વ સ્વભાવનો સ્વીકાર થાય છે. એવો જે પોતાનો અનંત અસ્તિત્વ સ્વભાવ એ સમ્યક્દર્શનનો વિષય છે. સમ્યક્દર્શનમાં જ્ઞાન શું, આનંદ શું એ શ્રદ્ધાનને કાંઈ ખબર હોતી નથી. શ્રદ્ધાન તો એક અસ્તિત્વને ગ્રહે છે કે જે અસ્તિત્વમાં જ્ઞાન, આનંદ આદિ અનંત એવા ગુણો છે એ ભરેલા જ છે, એ હયાતીમાં રહેલાં જ છે. અસ્તિત્વની અંદર બધા છે. આખો આત્મા છે એમ આખા આત્માનું અસ્તિત્વ થયું તો આખા આત્મામાં રહેલા અનંત ગુણોનું અસ્તિત્વ પણ આપોઆપ આવી ગયું. એટલે સમ્યક્દર્શનનો વિષય ત્રિકાળી સત્ એમ લીધું છે. ત્રિકાળી સત્ એટલે ત્રિકાળી અસ્તિત્વ સ્વભાવ એ સમ્યક્દર્શનનો વિષય છે.

**‘છે’, ’છે’, ’છે’ એમ ‘અસ્તિ’ ખ્યાલમાં આવે છે ને ?’** હવે જો પોતાની શાશ્વત સત્તા છે અને એ શાશ્વત સત્તામાં ઘસારો પહોંચતો નથી તો પછી નાશ થવાનો તો પ્રશ્ન કાંઈ રહેતો નથી. ઘસારો પહોંચે તો ધીરે ધીરે કરતા ઘસાતું ઘસાતું બધું નાશ થઈ જાય. પણ શાશ્વત સત્તા (છે). અનંત નિગોદના ભવ થયા, જેને કોઈ હસ્તીપણે સ્વીકારે નહીં.

અમારે એક વૈષ્ણવ સગા છે એની સાથે વાત થઈ. બટેટા ખાય ને એ લોકો. અગિયારસ

હોય (ત્યારે ખાય). ધર્મને નામે ઊંધું થાય ત્યારે કેટલું ઊંધું થાય એનો કાંઈ મેળ છે કાંઈ ? ઇ કહે, બટેટા ખાવામાં પાપ શું ? એને (એમ હોય કે), પાછું ઈશ્વરે બધું બનાવ્યું છે. તો તો પછી ઈશ્વરે બનાવ્યા જ ન હોત. જો ઈશ્વરે બધું બનાવ્યું તો ઝેર નથી બનાવ્યું એણે ? કાં ખાતા નથી ? ખાવ છો ? એમના ધર્મમાં પણ કેટલાક પદાર્થો અભક્ષ્ય છે. દારૂ, માંસ તો ત્યાં પણ નિષેધ્ય છે. જેટલા પદાર્થો બનાવ્યા છે કે છે એટલા બધા ખાદ્ય છે કે ભક્ષ્ય છે એમ તો નથી. તને દુઃખ થાય છે તો દુઃખનો ઉપાય કરવાનો તું વિચાર કરે છો તો બીજાને દુઃખ થાય એનો વિવેક કરવાની તારી ફરજ છે. આ તો અલૌકિક ધર્મ છે. જે તે કારણોસર જો તને દુઃખ થાય છે તે જ કારણોસર બીજાને દુ;ખ થાય છે. એ તો બધા સંસારી પ્રાણી છે. બાકી તો બાહ્ય કારણો દુઃખનું ખરેખર કારણ નથી. પણ એ વીતરાગોને અનુભવસિદ્ધ છે. સંસારી પ્રાણીઓને તો બીજો અનુભવ છે. ભલે એને એ પ્રકારનો અનુભવ છે પણ એ પ્રકારે એ દુઃખી તો થાય છે એ હકીકત છે. તો એને દુઃખ ન થાય (એવો વિવેક તો કર).

'ગુરુદેવ' તો બહુ કરુણાથી કેટલીક વાત કરતાં કે, અમે સાચું કહેવા જઈએ અને કદાચ કોઈને દુઃખ થાય તોપણ કોઈને દુઃખ લાગે એવો અમારો અભિપ્રાય નથી, હોં ! પોતે ચોખવટ કરે છે કે, અમારો અભિપ્રાય એવો નથી કે એને દુઃખ થાય એવું કાંઈ કહેવું. પણ સત્‌ને કહેવા જતાં અસત્‌ને દઢ કરેલું છે એવા જીવોને દુઃખ થયા વિના રહેતું નથી. અને એ રીતે દુઃખ પહોંચે તો અમને માફ કરી દેજો. ત્યાં સુધી કહેતા.

મુમુક્ષુ :- છેલ્લે છેલ્લે માફ કરજો એમ કહેતાં.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ લેતાં.

મુમુક્ષુ :- આ સમજણ મુમુક્ષુને તો હોય જ ને.

પૂજ્ય ભાઈશ્રી :- હાસ્તો. મુમુક્ષુને માટે તો પહેલી વાત છે. મુમુક્ષુતાથી જ સમજણની શરૂઆત છે. મુમુક્ષુને તો સમજણ હોવી જ જોઈએ. ખરી મુમુક્ષુતા પ્રગટે છે; મુદ્દાની વાત કરું છું કે, ખરી મુમુક્ષુતા ત્યારે પ્રગટે છે કે જ્યારે જીવનો એવો અભિપ્રાય થાય કે, એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય પર્યંતના કોઈપણ સંસારી જીવોને મારા મન, વચન અને કાયાના નિમિત્તે પણ દુઃખ ન હો. એવો અભિપ્રાય જ્યારે થાય ત્યારે ખરી મુમુક્ષુતા પ્રગટે છે, એ પહેલાં ખરી મુમુક્ષુતા નથી. પછી સમ્યક્‌દર્શનનો વારો છે. સમ્યક્‌દર્શન તો ઇથી ઘણાં આઘેની ચીજ છે. એ (મુમુક્ષુતા આવ્યા) પહેલાં કોઈ સમ્યક્‌દર્શન લેવા દોડે છે (તો) એને ખબર નથી

કે મુમુક્ષુતા પણ શું ચીજ છે ? એ એને ખબર નથી, એમ છે. પણ આવું બની જાય છે કે કેટલીક વાર વ્યવહારની અંદર બીજા જીવોને દુઃખ પહોંચવાનું કારણ બને છે. જેમકે એક તો મંદિર બાંધવામાં આવે તો સત્ સર્વજ્ઞની સ્થાપના છે. એમાં કેટલાક જીવોની હિંસા અનિવાર્ય છે. પાણીના જીવો, વાયુકાયના જીવો, ભૂમિના – પૃથ્વીકાયના જીવો (હણાય છે) તો એ ક્ષમ્ય છે ત્યાં. કેમકે ત્યાં હેતુ શુદ્ધ છે અને કાર્ય ઊંચી કોટિનું છે તો એટલું ત્યાં ક્ષમ્ય ગણવામાં આવે છે. એનો કોઈ છળ પકડે ને એકાંત પકડે, આ સ્થાનકવાસી સંપ્રદાય છે (એમાં) મંદિર કરાય જ નહીં. એને છળ કેમ કહીએ છીએ ? કોઈ એમ કહે કે છળ શેના કહો છો તમે ? ઇ બરાબર છે. હિંસા થાય છે ને ના પાડે છે. પાછા એના એ ઉપાશ્રય (બનાવવામાં) ના નથી પાડતા.

મુમુક્ષુ :– પોતાનો બંગલો બંધાય એમાં...

પૂજ્ય ભાઈશ્રી :– બંગલો તો સરખાઈનો બાંધે. પણ ઉપાશ્રય ધર્મના નામે (બનાવે છે). (પાછા એમ કહે કે), પણ (બંગલો બનાવવામાં) તો અશુભ અમારું પાપ છે ઇ અમે સ્વીકારીએ પણ અહીં ધર્મમાં ક્યાં તમે પાપ કરો ? એમ કહે ને ! ઇ દુકાને તો પાપનો વેપાર છે પણ મંદિરે આવીને ક્યાં પાપ કરો ? એમ ન કહે માણસો ? એમ કહે, આ તો ધર્મનું કાર્ય છે એમાં કેમ પાપનો સ્વીકાર થાય ? તો ઉપાશ્રય (બનાવો છો કે નહિ) ? તો એમાં એનો નિષેધ નથી આવતો. એટલે એને છળ કહેવામાં આવે છે.

પ્રશ્ન :– ઉપયોગ રાખે તો જીવહિંસા...

સમાધાન :– જીવ હિંસા ? હા, ઇ ભાવથી હિંસા છે. ક્રિયાથી હિંસા નથી પણ પરિણામથી હિંસા છે. ઉપયોગ કરતા પરિણામ લેવું, એમ. બધા ગુણો છે ને એની અંદર એટલે. પરિણામે ધર્મ છે અને પરિણામે અધર્મ છે.

મુમુક્ષુ :– શ્વેતાંબરમાં ઉપયોગ શબ્દ પ્રચલિત છે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર, ઠીક. ઉપયોગ તો જ્ઞાનનો એકલો વ્યાપાર છે એને ઉપયોગ કહેવાય છે પણ અહીં આચરણ પણ છે, શ્રદ્ધાન પણ હોય છે, પુરુષાર્થ પણ હોય છે, બધા પરિણામ હોય છે.

બીજું, વેપારમાં એમ જોવાય છે કે, જ્યાં ઘણો નફો અને થોડું નુકસાન (થતું હોય) એને નફો જ કહેવાય છે, નુકસાન નથી કહેવાતું. એક માણસે લાખો રૂપિયાની કમાણી કરી અને હજારો રૂપિયાનું વ્યાજ આપ્યું. લોન લેવી પડે વેપાર કરવા માટે તો વ્યાજ ચૂકવી

દ્યે. પણ એમાંથી મોટી કમાણી કરે તો એણે નફો કર્યો કે નુકસાન કર્યું ? કે, એણે નફો કર્યો છે. એમ અહીંયાં પણ વ્યવહારની અંદર એટલું અશુભ હોવા છતાં એને અશુભની ગણતરીમાં નથી લખ્યું.

કેટલાક વ્યવહારની અંદર એવું બને છે કે બીજા જીવોની હિંસા અને દુઃખ પહોંચવાનું બને છે તોપણ એ ક્ષમ્ય ગણ્યું છે અને એને નુકસાનનો વેપાર નથી ગણ્યો પણ એને નફાનો જ વેપાર ગણેલો છે. એમ છે. એટલે ન્યાય સંપન્ન વાત છે. વ્યવહારે પણ તે ન્યાય સંપન્ન વાત છે અને પારમાર્થિક હેતુ હોવાથી, વ્યવહાર છે તે નિશ્ચયનું પ્રતિપાદક હોવાથી એને ત્યાં સ્થાન આપવામાં આવ્યું છે તે યથાર્થ છે.

મુમુક્ષુ :– કંદમૂળમાં નિગોદિયાને પણ ત્રિકાળી સત્ એવું ને એવું લીધું છે. કંદમૂળમાં નિગોદના જીવ છે એમ લોકો ન માને.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે પછી એ કહ્યું કે, તમે નથી માનતા ને ? બટાટામાં જીવ નથી એમ માનીને ખાવ છો ને ? તો કહે, હા. એનું કારણ એ છે કે, તમે આત્માનું અસ્તિત્વ માનવા તૈયાર નથી. તો જેણે પોતાનું અસ્તિત્વ ન સ્વીકાર્યું એની નાસ્તિની પરિસ્થિતિ એવી થાય કે એને તો પોતાનું અસ્તિત્વ સ્વીકારવું બહુ છેટું પડી જાય, નિગોદમાં જાય એટલે, પણ બીજા એના અસ્તિત્વને ન માને. એ બીજા કોણ ન માને ? કે, આ તમારા જેવા ન માને. જૈનદર્શનમાં આવા ન્યાયો છે પણ એ લોકોને ખબર નથી. જૈનદર્શનની અંદર આવા સુંદર ન્યાયો છે કે, પોતાનું અસ્તિત્વ ન માનતા બીજા પણ પોતાનું અસ્તિત્વ ન માને એવી હાલત થાય. એનું ફળ એવું આવે એવી વાતેય ન સાંભળી હોય એ લોકોએ. (ઇ કહે), એવું છે ? કીધું, હા. વિચાર કરવા જેવો વિષય છે. એમ ને એમ કોઈની દરકાર કર્યા વિના આપણે જરૂર છે અને આપણને અનુકૂળતા છે એમ કર્યે જાવ એ ખરેખર જીવન જીવવાની રીત નથી.

અસ્તિત્વ ઉપર એ વિષય છે. શ્રદ્ધાથી પોતાના અસ્તિત્વને ગ્રહણ કરવું અને જાણનાર... જાણનાર... જાણનાર છે એમ જાણનારથી એને ભિન્ન પાડીને ગ્રહણ કરવું. ભિન્ન અસ્તિત્વને ગ્રહણ કરવું અને તે જાણનાર... જાણનાર... જાણનાર અથવા અસ્તિત્વ વર્તમાનનું જ પકડાય છે માટે તે માત્ર વર્તમાન પૂરતું જ સત્ છે એમ નથી. જે સમય વ્યતીત થાય છે અને એમાં પોતાની હયાતી અખંડપણે રહી છે, ખંડિત થયા વિના રહી છે, નાશ થયા વિના રહી છે એ ત્રણે કાળમાં પોતાના અસ્તિત્વને સિદ્ધ કરે છે. ન્યાયથી પણ સિદ્ધ કરે છે

અને અનુભવથી પણ સિદ્ધ કરે છે. ન્યાય કરતા અનુભવ બળવાન છે. પાંચ પ્રમાણ છે એમાં ન્યાય પ્રમાણ, તર્ક પ્રમાણ, યુ ્તિ પ્રમાણ, આગમ પ્રમાણ અને પાંચમું અનુભવ પ્રમાણ. એ બધા પાંચે પ્રમાણોમાં બળવાન પ્રમાણ અનુભવ પ્રમાણ કહેવામાં આવે છે.

'સૂર્યકીર્તિ' ભગવાનનો વિવાદ થયો ત્યારે એક મોટા વિદ્વાનને એક પ્રશ્ન કર્યો હતો. (એ કહે), આગમનો આધાર બતાવો. અમારે પ્રશ્ન ચાલ્યો. (મેં કહ્યું) આપને તો પ્રમાણ મેળવવું છે ને ? તો કહે, હા. પ્રમાણ માંગીએ છીએ. (મેં પૂછ્યું) કેટલા પ્રમાણ છે શાસ્ત્રમાં ? (એમણે કહ્યું), પાંચ પ્રમાણ છે. પાંચ પ્રમાણમાં અનુભવ પ્રમાણ છે ? તો કહ્યું, હા અનુભવ પ્રમાણ છે. તો અનુભવીને પૂછો. અનુભવ પ્રમાણ માટે અનુભવીને પૂછો. વિદ્વતાને અનુભવ નથી પણ અનુભવીને અનુભવ છે. બળવાનપણું અનુભવનું છે. તમારે માત્ર શાસ્ત્ર પ્રમાણ સ્વીકારવું કે અનુભવ (પ્રમાણ) ? બળવાન પ્રમાણ સ્વીકારવું કે નિર્બળ પ્રમાણ સ્વીકારવું ? ન્યાયનો વિષય શું છે ? અનુભવ પ્રમાણ છે ઇ બળવાન છે. પછી નિરુત્તર રહ્યાં.

મુમુક્ષુ :- ધર્મપિતા પોતે હાજરીમાં કહી ગયા પછી ક્યાં પ્રશ્ન જ છે. ધર્મપિતા પોતે જ પ્રત્યક્ષ હાજરીમાં કહી ગયા કે, અમે તીર્થંકર છીએ. એમાં કોઈ શંકા છે પછી ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વાત સાચી છે. એ તો આગમથી પણ વિશેષ છે. પોતે પોતાના વિશે તો કહે નહીં, સામાન્ય રીતે તો કોઈ પોતે પોતાને વિશે કહે નહીં.

મુમુક્ષુ :- આપ જ્યારે ત્યાં પધારો ત્યારે અમે પણ ત્યાં તમારી ધર્મસભામાં આવીએ એટલી ભાવના વ્ય ત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધાએ ભાવના ભાવી છે. ખરી વાત છે.

અહીંયાં એ વાત છે. અહીંયાં અનુભવથી સિદ્ધ કરે છે. અસ્તિ છે, છે, છે એમ ત્રણવાર જે કહે છે એમાં અનુભવનું પ્રમાણ મેળવવું છે કે, તારા અનુભવથી પ્રમાણ કરીને તારી શ્રદ્ધામાં સ્વીકાર. એકલા ન્યાયથી જોમા, એકલા તર્કથી જોમા, એકલી યુ ્તિ પકડમા. પછી તો એ બધા આમાં તો આપોઆપ મળે જ છે, નથી મળતા એવું નથી.

(એ વિદ્વાનને) પછી તો આગમ પ્રમાણ માટે પણ બે-ચાર બહુ જોરદાર દલીલ આપી હતી. એ વાત પણ સ્વીકારવી પડી કે, બરાબર છે. કોઈ આગમની અંદર અનંત કાળનો વિષય સમાવિષ્ટ થઈ શકે નહીં. બાર અંગની અંદર પણ અનંત કાળનો વિષય નથી. કેમકે અનંતકાળનું હોય તો આ બાર અંગ મર્યાદિત થઈ ગયા છે. અમર્યાદિત વિષય કેવી રીતે લખાણમાં આવે ? ગ્રંથારૂઢ કેવી રીતે થાય ? એ વિષય એનો નથી. આગમો મર્યાદિત છે,

પુરાણ પુરુષોનો કાળ અને ઇતિહાસ અમર્યાદિત છે. અનંતા તીર્થંકરો થવાના. બધાની વાત આગમની અંદર સર્વ કાળે મળવા યોગ્ય નથી. તેના તેના કાળમાં મળે. આગળ પાછળના કાળમાં મળે પણ સર્વ કાળમાં મળે એવું કદી કોઈ દિવસ બની શકે નહીં. અને બની શકે તો લાવો પ્રમાણ. અનંતા તીર્થંકરોના આગમો, એ પણ નથી. તો આ અબજોના અબજો વર્ષ પછી, અબજો ગુણ્યા અબજો ! એના સાગરોપમના તો આયુષ્ય છે. કોઈ રીતે સંભવિત છે ? સંભવિત નથી. કેવી રીતે આગમ પ્રમાણ મંગાય ? આ બધી વાત આગમ, યુક્તિ, અનુભવ બધાથી સિદ્ધ થાય એવો વિષય છે.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- અનંતા જીવોનું કેવી રીતે આવે ? અનંતા ભવિ છે, અનંતા અભવિ છે. એક એક વ્યક્તિગતનું આગમમાં કેવી રીતે આવે ? જ્ઞાનમાં આવે - કેવળજ્ઞાનમાં આવે. ભવિ-અભવિ શું એક એક સમયની પર્યાયના અનંત વિભાગ પ્રતિચ્છેદ જ્ઞાનમાં આવે. પણ એક એક વ્યક્તિનું કે એવી રીતે આગમમાં એક એક અવિભાગ પ્રતિચ્છેદનો વિષય કોઈ રીતે આવી શકે નહીં.

(અહીંયાં) શું કહે છે ? કે **'છે', 'છે', 'છે' એમ 'અસ્તિ' ખ્યાલમાં આવે છે ને ?'** એમ જે ખ્યાલમાં લેવાની વાત છે એ પોતાના અનુભવને અવલોકીને - પોતાની હયાતીને પકડીને ઉપયોગમાં લઈને લ્યો. ઠીક ! 'ઉપયોગ' શબ્દ લઈએ તો પોતાની હયાતીને ઉપયોગમાં લઈને ખ્યાલ કરવો કે પોતે ત્રણે કાળે હોવારૂપ છે, સત્ છે, હયાતીરૂપ છે. **'જાણનાર', 'જાણનાર', 'જાણનાર' છે ને ?'** એ પણ ત્રણ કાળ લઈએ. ભવિષ્યમાં હું જાણતો હતો એવો હતો, અત્યારે પણ હું જાણું છું એવો છું, ભવિષ્યમાં પણ હું જાણતો જ રહીશ એવો જ છું. ત્રણે કાળે હું જાણનાર છું અને ત્રણે કાળે જાણનાર છું એમાં જાણનાર અને 'છું' - અસ્તિત્વ સાથે સાથે આવી જાય છે. જ્ઞાયકપણામાં અસ્તિત્વપણું ગર્ભિત છે પણ અસ્તિત્વપણામાં જ્ઞાયકપણું ગર્ભિત નથી. તેથી અનાદિથી રાગ અને રાગના વિષયરૂપ પુદ્ગલ પદાર્થ સાથે અભિન્નપણું થઈ ગયું છે અને એ જ જીવને જન્મ-મરણનું કારણ હોવાથી જન્મ-મરણથી છૂટવા અર્થે ભિન્ન જ્ઞાયકનું શ્રદ્ધાન કરવાનું વિધાન છે.

એ બોલમાં ત્રણ બોલ લેવાનું કારણ એ છે કે, માત્ર એ વર્તમાન પૂરતું નથી. અનુભવમાં ભલે માત્ર વર્તમાન આવે છે. તોપણ જ્ઞાનમાં ભૂત અને ભવિષ્ય પણ આવી જાય છે. જો ભૂત, ભવિષ્ય જ્ઞાનમાં ન આવતા હોય તો આવતીકાલનું કોઈ Planning કરે નહીં. બીજું,

કે ભવિષ્યની ચિંતા તું કાયમ કરે છો, શું કરે છે ? ભવિષ્યની ચિંતા તું કાયમ કરે છે એ જ બતાવે છે કે તું ભવિષ્યમાં રહેવાનો છો માટે કરે છો. માણસ ક્યા ઘરની ચિંતા કરતો નથી ? કે, જે ઘર ખાલી કરવાનું હોય એની. આ તો આપણે છોડી દેવાનું છે, બદલી થઈ જવાની છે. સરકારી નોકર (હોય) તો એની એ ચિંતા કરતો નથી. પણ કાયમ રહેવા માટે બનાવ્યું હોય એની ? એને તો ક્યાંય ગાબડું પડ્યું હોય તોપણ Repair કરી લ્યે.. કોઈ કહે કે, ભાઈ ! ઘર તમારું બહુ સરસ છે. કેટલા વર્ષ થયા ? પચીસ વર્ષ પહેલાં બનાવ્યું. બહુ સરસ છે. ભાઈ ! એ તો એનું Maintehance છે અમારું. શું કહે ? એ તારા ત્રણે કાળને સિદ્ધ કરે છે.

**'તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી.'** અને જો વર્તમાન પૂરતું નથી ને તું ત્રિકાળી છો એટલે શાશ્વત છો એમ નક્કી થાય તો શાશ્વતતાના આધારે એક બહુ મોટું પરિણતિને બળ મળે છે. અનાદિથી જે નિર્બળ થઈને લાચારી કરે છે એ લાચારી શાશ્વતતાના આધારે છૂટી જાય છે કે જો હું શાશ્વત છું અને મારો નાશ નથી તો મારે ચિંતા શેની ? કોઈ એમ કહે કે, ચિંતા સંયોગની છે. પણ તું સંયોગ વગર જીવે એવો શાશ્વત છો પછી ચિંતા શેની ? દેહની ચિંતા છે. દેહ વિના તું જીવી શકે એવો શાશ્વત છો પછી તારે ચિંતા શેની ? જે દેહની તે ચિંતા કરી એવા દેહ અનંતવાર તેં છોડ્યા અને છોડ્યા છતાં તું એવો ને એવો હયાત રહી ગયો. એ એમ બતાવે છે કે એ ચિંતા વ્યર્થ હતી. એ ચિંતા તારી નકામી ગઈ. એ ચિંતાથી તેં કર્મ બાંધ્યા અને દુઃખ ભોગવ્યા પણ તું તો એમ ને એમ  ભો રહ્યો. એટલે તારી શાશ્વતતા દુઃખમાં પસાર થાય કે સુખમાં પસાર થાય એટલું જ તારે જોવાનું રહ્યું.

જો તું તારી નિરપેક્ષ શાશ્વતતાને ન સ્વીકારે તો શાશ્વત તો રહીશ પણ દુઃખમાં દુઃખી થતો થતો જીવીશ. તોપણ તારી શાશ્વતતા તો મટશે નહીં. પણ જો તારા નિરપેક્ષ શાશ્વત અસ્તિત્વને સ્વીકારીશ, ત્રિકાળી અસ્તિત્વને સ્વીકારીશ તો સુખમય જીવન જશે. એટલે તારે આ જ ક્ષણથી કાંઈ ચિંતા કરવાની જરૂર નથી. જેમ મૂડીવાળાને, પૈસાવાળાને લોકો એમ કહે છે કે, ચિંતા કરવાની જરૂર નથી ? જો કે વધારેમાં વધારે ચિંતાવાળા એ છે બિચારા. પણ લોકો એમ કહે છે કે, પૈસાવાળાને ચિંતા શું ? પણ એ તો મૂડીને લઈને તું કહે છો ને !  તારા અનંત ગુણની મૂડી તારી પાસે શાશ્વત છે. તારે ચિંતા કરવાની જરૂર નથી. જ્ઞાનની મૂડી, સુખની મૂડી, અનંતગુણની મૂડી (છે). ઓલી તો મર્યાદિત મૂડી છે, આ અનંતી

મૂડી છે. એ શાશ્વત છે તારે ચિંતા કરવાની જરૂર નથી. વળી એ ચિંતા એટલા માટે વ્યર્થ છે કે એની ચિંતા કરવાથી પણ તું કાંઈ ફેરફાર કરી શકે, પૂર્વકર્મની અંદર ચિંતાથી પૂર્વકર્મ બદલાઈ જાય અને કોઈ ઉદય હળવો થાય કે અનુકૂળતાનો કોઈ ઉદય ભારે થાય એવું કાંઈ બની શકતું નથી. એ રીતે પણ એ વ્યર્થ છે. એક નવા કર્મ બાંધવા માટે એ સાર્થક છે. એટલે તારું અનિષ્ટ અને દુઃખમય જીવન થવા માટે એ સાર્થક છે. બાકી ચિંતાનો કોઈ ઉપયોગ નથી.

ઘણાં મુમુક્ષુઓ કહે છે, હોં ! કે, 'ગુરુદેવ'ની આ વાત સાંભળ્યા પછી જો કાંઈક પણ આ વિષયમાં સમજણથી ન ચાલ્યા હોત તો પહેલાં કેટલા દુઃખી હોત પહેલાંની સમજણથી એ હવે થોડો અંદાજ આવે છે. ઘણાં એવું કહે છે. ઘણી ચિંતા, અનેક પ્રકારના પ્રતિકૂળ સંયોગોમાંથી પસાર થતાં એને ચિંતાનું પ્રમાણ ઘટે છે. ભલે જે સમજણ છે એ સમજણને વિચારતા પણ ચિંતાનું પ્રમાણ ઘટે છે તો ત્યાં એને એટલા આકરા કર્મ બંધાતા નથી. એટલો તો ફરક પડે જ છે. ત્યાં એને હરગિજ સંતોષ નહીં માનવો જોઈએ એ વાત સાવધાની કરવા જેવી છે કે ભલે એ રીતે થોડી શાંતિ ને સમાધાન રહે તોપણ સંતોષ પકડવા જેવો નથી. એટલી લાલબત્તી તો સત્પુરુષોએ મૂકેલી જ છે. પણ આ સમજણ કામની છે અને એ સમજણને પ્રયોગમાં મૂકીને અનુભવ કરવા જેવો છે. એ અનુભવનો પાયો સમજણ છે. એટલા માટે સ્વાધ્યાયનો વ્યવહાર છે. સમજણ માટે સ્વાધ્યાયનો વ્યવહાર છે અને એ સમજણથી પ્રયોગ ઉત્પન્ન થાય તો અનુભવ સુધી પહોંચાય. એટલે સ્વાધ્યાયના વ્યવહારની અંદર પરમાર્થ જોવામાં આવે છે.

**'તે માત્ર વર્તમાન પૂરતું 'સત્' નથી. તે તત્ત્વ પોતાને ત્રિકાળ સત્ જણાવી રહ્યું છે,...'** તે પોતે જ જાહેર કરે છે, પોતાની ત્રિકાળ હયાતીને જાહેર જ કરે છે, જણાવી જ રહ્યું છે. જણાવવાના ગુણને જ્ઞેય નામનો ગુણ અથવા પ્રમેયત્વ નામનો ગુણ કહેવામાં આવે છે. એમાં પ્રમેયત્વ છે એ જણાવી જ રહ્યું છે. તું જાણ ન જાણ બીજી વાત છે પણ એ તો જણાવી જ રહ્યું છે. હું શાશ્વત છું એ વાત એ બરાબર જણાવે છે. **'તે તત્ત્વ...'** એટલે પોતાનું આત્મતત્ત્વ ત્રિકાળ સત્ છે – શાશ્વત સત્ છે એમ જણાવી રહ્યું છે.

**'પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે !'** ટૂંકી દૃષ્ટિમાં અથવા પર્યાયદૃષ્ટિમાં માત્ર પર્યાય પૂરતું તું એને હોવાપણે માની રહ્યો છે. આ બહુ મોટી ભૂલ છે. શાશ્વત અનંત કાળ રહેનાર તત્ત્વને એક ક્ષણમાં અથવા એક સમયમાં સંકુચિત કરીને એને ભીંસી નાખવું,

કાળ અપેક્ષાની પહોળાઈ લઈએ (તો) જેની પહોળાઈ શાશ્વત રહેવાની છે એવા વિશાળ તત્ત્વને એક ક્ષણની અંદર પૂરી દેવું, ભીંસી દેવું, જકડી રાખવું એ અનંત દુઃખનું કારણ છે. વર્તમાન પણ અનંત દુઃખનું કારણ છે, ભવિષ્યમાં પણ અનંત દુઃખનું કારણ છે.

જુઓ ! નિગોદની અંદર ભાવની આકૂળતા તો અનંતી છે પણ આયુષ્ય પણ એટલું જ ટૂંકું છે. એક શ્વાસોચ્છ્‌વાસમાં અઢાર વખત જન્મે અને અઢાર વખત મરે. એનું કારણ આ છે કે એણે પર્યાયદૃષ્ટિથી આત્માને – માત્ર વર્તમાનને સ્વીકારીને એટલો તીવ્રપણે પકડ્યો, એટલો તીવ્રપણે પકડ્યો કે એનું ભાવજીવન તો એવું પણ દ્રવ્યજીવન પણ એવું. નારકીમાં એવું નથી. નારકીમાં તીવ્ર રસે કરીને તીવ્ર કષાય કરે છે, પાપ કરે છે પણ એને આયુષ્ય બહુ મોટા હોય છે. અઘાતીનો બહુ મોટો બંધ પડે. જ્યારે આને અઘાતીના બંધ પણ ટૂંકાં. પણ ત્યાંથી નીકળી શકે નહીં. કેમકે નારકીમાં તો સંજ્ઞીપણું પણ છે. અહીંયાં તો અસંજ્ઞીપણું છે, મન નથી. પોતાને હિત અહિતનો વિચાર વિવેક કરવાનો કોઈ અવકાશ ત્યાં નથી.

મુમુક્ષુ :– ત્યાં જાવું નથી હવે.

પૂજ્ય ભાઈશ્રી :– શાશ્વત અસ્તિત્વને, ત્રિકાળ સત્ જે સત્ પોતાનું શાશ્વતપણું દર્શાવી રહ્યું છે, જણાવી રહ્યું છે એને જાણવું અને વર્તમાન એક સમયની પર્યાયની પકડ છે એને છોડવી. 'સોગાનીજી' તો દૃષ્ટિનો વિષય મુખ્ય લે છે એટલે બે જ વાત લે છે. પુણ્ય-પાપની બહુ ચર્ચા કરે નહીં. પુણ્ય-પાપની ચર્ચા કરે નહીં પણ શુદ્ધિ-અશુદ્ધિની પણ ચર્ચા ઓછી કરે. એક આટલી જ ચર્ચા કરે કે, પર્યાયનું એકત્વ છોડ અને ત્રિકાળીમાં એકત્વ કર. પર્યાયનું એકત્વ છોડ અને ત્રિકાળીમાં એકત્વ કર. બસ ! આ એક એમના કથનની અંદર મુખ્ય મુદ્દો રહ્યો છે. ૬૪૫ બોલ છે. મુખ્ય મુદ્દો એ છે.

મુમુક્ષુ :– ત્રિકાળી મેં જમે રહો.

પૂજ્ય ભાઈશ્રી :– ત્રિકાળી મેં જમે રહો, એને પકડે રહો, એમાં સ્થિર રહો. બસ ! અને એક સમયની જે પર્યાયનું એકત્વ થઈ રહ્યું છે એને છોડી દ્યો. પુણ્યમાં એકત્વ થઈ ગયું છે ને ઇ કોઈ ચર્ચા નહીં. એક સમયની પર્યાયના એકત્વને છોડી દ્યો. રાગ તો ચારિત્રગુણની પર્યાય છે પણ ક્ષયોપશમમાં જે અહંપણું છે એ એક સમયની પર્યાયનું એકત્વ છે. એ પણ મોટું અનિષ્ટ છે. એક સમયની પર્યાયનું એકત્વ એ મિથ્યાત્વનું મૂળ સ્વરૂપ છે અને એ અનંત નિગોદના ભવનું બીજ છે. એટલે એ સીધો ઘા અહીંયાં કરે છે કે, આ પર્યાયનું એકત્વ છોડી દે તું ! તને અનુભવ થાય, આનંદ આવે, શાંતિ આવે તોપણ

એને ગૌણ કરજે, એમ કહે. અનુભવ હુઆ, મત હુઆ મત દેખ એમ કહે છે.

સામે પ્રશ્નો આવે, અનુભવ કેમ થાય ? અનુભવ કેમ થાય ? તો કહે, પર્યાયની શુદ્ધિ સમ્યક્દર્શન એ બહાને પણ પર્યાય ઉપરનું જોર ન જાય એ ધ્યાન રાખજે. તો કહે, અનુભવ હુઆ, મત હુઆ મત દેખ. હુઆ, નહીં હુઆ મત દેખ. એમ એને જોર દઈને, વજન દઈને એને જોવાનું નથી, થાય તોપણ એને ગૌણ રાખ. ત્યાં સુધી લીધું કે, મુનિપણાના પુરુષાર્થની મહિમા કરવામાં આવે છે. કેમકે સદેહે જે દશા એમની વિદેહી દશા છે. એક એક ક્ષણમાં ચૈતન્યની પાટ જુદી અનુભવમાં આવે છે. ચૈતન્ય ગોળો જુદો પડી જાય છે. હાલતા ચાલતા સિદ્ધ જેવા છે. એવો જેમનો રમઝટ પુરુષાર્થ કેવળજ્ઞાનને લેવાવાળો છે તો કહે, એ પણ એક સમયની પર્યાય છે અને એનાથી અનંત પુરુષાર્થનો પિંડ હું છું એના સામું જોઉં કે આ મુનિપણાની દશા સામું જોઉં ? અને સીધા અહીંયાં આવી જાય છે. એમની ચર્ચાની પદ્ધતિ જ એવી હતી.

પ્રશ્ન :- પર્યાયનું એકત્વ છોડ એમ કોને કહે છે ? કોણ છોડે ?

સમાધાન :- કરી રહ્યો છે એને. જે એકત્વ પામી રહ્યો છે એને એમ કહે છે કે, આ વિપરીત થાય છે.

મુમુક્ષુ :- ત્રિકાળ સ્વભાવ તો એકત્વ કરતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ત્રિકાળ કરતો નથી. એક સમયની પર્યાયમાં ત્રિકાળી માનીને એકત્વ કરે છે. આખે આખો માનીને એને એકત્વ કરે છે. એક સમયની પર્યાયમાં એકત્વ કરે છે ત્યાં આખો માની લે છે. આ મોટી ભૂલ છે.

મુમુક્ષુ :- એકત્વ કરનાર પર્યાય છે..

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય છે પણ એને દ્રવ્ય-પર્યાય જુદાં નથી. જે એકત્વ કરે છે એને તો પર્યાય એ જ આખો આત્મા થઈ ગયો છે. એટલે એને દ્રવ્ય-પર્યાય જુદાં નથી. એમ છે. એની માન્યતામાં જુદાં નથી.

મુમુક્ષુ :- એની માન્યતા બરાબર પણ...

પૂજ્ય ભાઈશ્રી :- એની માન્યતામાં નથી એને ઉપદેશ છે કે, તારી માન્યતામાં આ બહુ મોટી ભૂલ છે, હોં ! દ્રવ્ય અને પર્યાય જુદાં છે. પર્યાયત્વ છે એ દ્રવ્યત્વ નથી, દ્રવ્યત્વ છે એ પર્યાયત્વ નથી. પર્યાય ક્ષણિકપણે છે, દ્રવ્ય ત્રિકાળ છે અને ત્રિકાળ હું એમ પર્યાયનું એકત્વ ત્યાં અનુસંધાન કર. પર્યાય તે હું એવું વેદન છોડી દે તું. ચાલતી જે સમય સમયની

પર્યાયમાં હુંપણાનું વેદન (છે તે) છોડી દે અને ત્રિકાળી તે હું એમ અનુભવ કર, એ રીતે પરિણમન કર અને એ રીતે ત્રિકાળીમાં હુંપણાનું ગ્રહણ કરતાં ભલે તને અનુભવ પર્યાયનો થશે પણ દ્રવ્ય-પર્યાયનું યથાર્થ જ્ઞાન થઈ જશે.

મુમુક્ષુ :- પર્યાય પર સાથે એકત્વ કરે એ તો સમજાય છે, પર્યાય દૃષ્ટિ છોડે..

પૂજ્ય ભાઈશ્રી :- એની પર્યાયદૃષ્ટિ છોડે એટલે શું ? કે, પોતાનું હોવાપણું, દૃષ્ટિ એટલે દૃષ્ટિનો વિષય શું ? હોવાપણું - સત્. સત્ તે દૃષ્ટિનો વિષય છે. તો પોતાનું હોવાપણું માત્ર પર્યાય જેટલું માનવું કે અનુભવાવું એ ત્રિકાળીને ચૂકી જવાની વાત છે. એમાં ત્રિકાળી એના લક્ષમાં નથી, અનુભવમાં નથી, જ્ઞાનમાં નથી, શ્રદ્ધાનમાં નથી. અને આ વિપરીતતા છે, પૂરેપૂરી વિપરીતતા છે.

મુમુક્ષુ :- ગોસળિયાનો દાખલો લાગુ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભૂલી જાય છે. છે તો પોતે જ ગોસળિયો. ગોસળિયો તો પોતે જ છે પણ ભૂલી જાય છે. ગોસળિયો ક્યાં ગયો ? ક્યાં ખોવાઈ ગયો ? ક્યાં ખોવાઈ ગયો ? ક્યાં ખોવાઈ ગયો ? એમ ગોતે છે આત્મા, મારો આત્મા ક્યાં ? મારો આત્મા ક્યાં ? પણ આ પ્રશ્ન કરે છે એ કોણ છે ? એનું કોઈ શાશ્વત અસ્તિત્વ છે કે નહીં ? એ સદાય ટકતો દેખાય છે કે નહીં ? જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર ભલે ક્ષણે ક્ષણે જાણે છે તોપણ એમાં બીજી ક્ષણમાં કોઈ બીજો છે એમ અનુભવાય છે કે પહેલાં જે જાણતો હતો તે જ હું જાણું એમ કહે છે ?

એટલે તો 'પ્રવચનસાર'માં અલિંગગ્રહણના બોલમાં પ્રત્યભિજ્ઞાનનું કારણ જે દ્રવ્ય, એમ લીધું છે. પ્રત્યભિજ્ઞાન એટલે જે કાલે જાણતો હતો અથવા ભૂતકાળમાં જાણતો હતો એક સમય પહેલાં તે જ હું અત્યારે છું. એવું તેના તે પદાર્થનું ફરીને જ્ઞાન થવું તેને પ્રત્યભિજ્ઞાન કહે છે. પ્રત્યભિજ્ઞાનનો વિષય જે દ્રવ્ય, તે દ્રવ્ય પર્યાયને આલિંગન કરતું નથી, સ્પર્શતું નથી. એવો જે સ્વભાવ છે એને અહીંયાં અલિંગગ્રહણ સ્વભાવ કહેવામાં આવે છે. એમ કરીને સ્વભાવની પરિભાષા કરી છે. એ તો એવું નિરુપણ છે કે, વિશ્વની અંદર, વિશ્વના કોઈ સાહિત્યની અંદર આવું નિરુપણ નથી. એટલે જે બીજા સાહિત્યના અભ્યાસી છે એ જ્યારે એનો તુલનાત્મક અભ્યાસ કરે ત્યારે એને આશ્ચર્ય થાય એવું છે કે, જૈનદર્શન એ જગતનું કોઈ અદ્વિતીય પ્રતિપાદક શાસ્ત્રોનું દર્શન છે. આવું પ્રતિપાદન પણ ક્યાંય બીજે નથી.

મુમુક્ષુ :- એમાં ઝીણામાં ઝીણી બાબત...

પૂજ્ય ભાઈશ્રી :- સૂક્ષ્મમાં સૂક્ષ્મ અને છતાંય સર્વ પ્રકારના ભેદ પ્રભેદ જાણતા હોવા છતાં એ ભેદોના જ્ઞાનવાળું, ભેદોના વિષયનું સમૃદ્ધજ્ઞાન એની કોઈ કિંમત નહીં. પોતાના એક માત્ર અભેદ સ્વભાવનું નિર્વિકલ્પ અભેદ સ્વસંવેદનજ્ઞાન એની કિંમત. આ એક વળી એથી પણ એક છગ ચડાવી છે આ વિષયને. પ્રતિપાદિત વિષયની એક વિશિષ્ટ વાત છે કે, જે ભેદ પ્રભેદો જાણતા બીજાને આશ્ચર્ય થાય કે વાહ ! ઘણાં જ્ઞાનનો વૈભવ છે તમારી પાસે. તો કહે, ભો રહે ! આ વૈભવ તો હજી અમારો કાંઈ (નથી), અમે એને ગણતરીમાં લેતાં નથી. આ તો ગૌણ વાત છે. આ બધું જાણવું એ અમારા માટે ગૌણ છે. મુખ્ય તો અમારા આત્માનું જ્ઞાન, અભેદ અનુભવજ્ઞાન – અનુભૂતિજ્ઞાન એ જ્ઞાન એ ખરેખર ચૈતન્યના ચમત્કારસ્વરૂપે જ્ઞાન છે કે જે જ્ઞાન એક જ ક્ષણમાં અનંત સંસાર તોડીને સિદ્ધપદનું Registration કરે છે – સિદ્ધપદનો ટાંકો બાંધે છે. એટલો તો જેના એક ક્ષણમાં Power રહેલો છે – શક્તિ રહેલી છે. એક ક્ષણના અનુભવમાં ! વસ્તુની શક્તિનું તો કોઈ માપ જ નીકળે એવું નથી.

મુમુક્ષુ :- અગિયાર અંગનું જ્ઞાન પણ પુદ્ગલના પરિણામ લીધા છે..

પૂજ્ય ભાઈશ્રી :- પુદ્ગલના પરિણામ લીધા છે. પણ અભવિને હોય છે. અગિયાર અંગ ને નવ પૂર્વ સુધી તો અભવિને હોય છે એમ કરીને એને તો કાઢી નાખે છે. લબ્ધિવાળું જ્ઞાન છે. અગિયાર અંગ ને નવ પૂર્વ સુધી અભવિને હોય. ચારિત્રમાં મુનિદશા યોગ્ય, નગ્ન દિગંબર પંચ મહાવ્રત અઠ્ઠાવીસ મૂળગુણની ક્રિયા અભવિ પાળે. આમ જ્ઞાન અને ચારિત્ર બન્નેનો ક્ષયોપશમ છેલ્લી હદનો અભવિને આટલો છે. ત્યાં સુધી તું કર તો એમાં કાંઈ તારે અહંમ કરવા જેવો નથી. અનાદિની પર્યાયનું એકત્વ દ્રઢ કરીશ નહીં ભૂલેચૂકેય તે.

પ્રશ્ન :- બાર અંગનું જ્ઞાન થયું ત્યારે તો ચેતનના પરિણામ થયા ને ?

સમાધાન :- બાર અંગનું (જ્ઞાન) ચેતનના પરિણામવાળાને જ થાય છે. અને ત્યારે એને એમ થાય છે કે આ બાર અંગનું જ્ઞાન એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. આવે છે ૧૩મો કળશ ? 'રાજમલજી'નો. બાર અંગનું જ્ઞાન એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. અનુભૂતિ તે અપૂર્વ લબ્ધિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિ કરવાનું વિધાન છે.

પ્રશ્ન :- બાર અંગના પરિણામ પણ પુદ્ગલના ?

સમાધાન :- પરાશ્રિત પરિણામ બધાય પુદ્ગલના. ખાલી લબ્ધિવાળાના નહીં, ગણધર

ભગવાનના હોય તોપણ. આ તો 'ગુરુદેવ'ના પ્રવચનમાં બધો વિષય ચાલતો હતો કે, બાર અંગનું જ્ઞાન શ્રુત આશ્રિત છે, આગમ આશ્રિત છે અને એ પુદ્ગલ આશ્રિત છે માટે એને પુદ્ગલ કહેવામાં આવે છે. ગણધર ભગવાન પણ એની વિશિષ્ટતા માનતા નથી, પોતાના અનુભવની વિશિષ્ટતા માને છે. અહીં તો કો'કને ક્ષયોપશમ વધારે હોય ત્યાં એને આકર્ષણ થઈ જાય. બહુ સરસ... બહુ સરસ ! શું પણ બહુ સરસ ? બાર અંગ સુધી તો બાર અંગવાળા પણ ના પાડે છે કે, અમારે કાંઈ એમાં, ઇ વાતમાં દમ નથી, એના વખાણ કરશો નહીં, તમે એની મહિમા કરશો નહીં, એ અમારે તુચ્છ છે, એ અમારે કાંઈ નથી. અને એ વાસ્તવિક છે.

અનંત જ્ઞાનનું નિધાન જેના કબજામાં ને જેના હાથમાં આવે છે એને બાર અંગ તો અનંતમાં ભાગે છે. એને તો એક કેવળજ્ઞાનની પર્યાય અનંતમાં ભાગે છે કે જેના અનંતમાં ભાગે બાર અંગ છે. જેના અનંતના અનંતમાં ભાગે. અનંતના અનંતમાં ભાગે કેવી રીતે ? કે, કેવળજ્ઞાનમાં આવે એથી અનંતમાં ભાગે દિવ્યધ્વનિ(માં આવે) ને દિવ્યધ્વનિના અનંતમાં ભાગે બાર અંગ છે. એમ છે ખરેખર તો. થોડા ક્ષયોપશમમાં ક્યાં અર્પાય ગયો તું ?

આમ ત્રિકાળ સત્‌નો મહિમા છે. ત્રિકાળ સત્ આવું ભરેલું છે. એક એક ગુણનું નિધાન એવું છે કે જે પોતાને જણાવી રહ્યું છે, જે પોતાને પ્રદર્શિત કરી રહ્યું છે. **'પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે !'** માત્ર એની વર્તમાન હયાતી સ્વીકારે છો. કેવી રીતે ? કે, વેદીને. ક્ષણે ક્ષણે વેદીને સ્વીકારે છો.

આ માણસ નથી (હોતા) ? વ્યસની માણસને શું થાય છે ? અફીણનો વ્યસની હોય એને ખબર છે કે અફીણ ખાતા ખાતા એક દિવસ મરવાનો છું. કેમકે જેમ જેમ ખાય એમ એને એની માત્રા વધારતી જવી પડે એટલે એ તો એનું જે ઝેર છે એ વધતું જાય છે, Toxication વ્યાપતું જાય છે અને સરવાળે એમાંથી જ એના રોગ ઉત્પન્ન થાય છે. મોટામાં મોટો કબજિયાતનો રોગ ઉત્પન્ન થાય છે. કોઈપણ જાતનું જે વ્યસન છે એમાંથી મોટામાં મોટો કબજિયાતનો રોગ ઉત્પન્ન થાય છે ને પછી ઇ તો હજાર રોગનું ઘર છે. પણ ત્યાં તીવ્ર કબજિયાત થાય છે. તો ઇ કહે છે કે, નહીં. આ વર્તમાનમાં ઇ વગર ચાલશે નહીં. અફીણ લીધા વિના અત્યારે ચાલશે નહીં. બસ ! ઇ અત્યારને સ્વીકારે છે. કાલ મરીશ. તો કહે, મરીશ ત્યારની વાત ત્યારે પણ હવે અત્યારે જોશે એનું શું ? આ દશા પર્યાયદૃષ્ટિની છે. પર્યાયદૃષ્ટિ પોતાને પોતાની હયાતી વર્તમાન પૂરતી વેદે છે. અત્યારે હું

છું બસ ! અત્યારે છું. અત્યારે છું એમાં અત્યારે બધું જે મને સુખનું કારણ છે બસ ! એટલો (હું). એટલે વર્તમાનને જ સ્વીકારે છે. વર્તમાન સિવાય એને આગળની વાતની ખબર પડે તોપણ ગૌણ કરી નાખે છે, વ્યસનીની જેમ.

પ્રશ્ન :- આત્માની પર્યાય ને ?

સમાધાન :- હા, અવસ્થા બધી આત્માની જ તે. ક્ષણ... ક્ષણ... ક્ષણ... ક્ષણ કરીને પર્યાયો પણ ત્રણે કાળે ચાલતી રહેવાની. જૂની જવાની નવી થવાની, જૂની જવાની નવી થવાની અને ધ્રુવ અસ્તિત્વ એમ ને એમ આવ્યા – ગયા વિના એમ ને એમ ટકવાનું. એ વસ્તુનું સ્વરૂપ છે.

**'પણ તું તેની માત્ર 'વર્તમાન અસ્તિ' માને છે ! જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'** 'એક સમય તે સહુ સમય, ભેદ અવસ્થા જોય.' 'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ'માં ટૂંકામાં સંક્ષેપમાં નાખી દીધું. 'એક સમય તે સહુ સમય.' જે એક સમયે હયાત હોય તે ત્રણે કાળે હોય જ. કોઈ કહે કે, એક સમયની પર્યાય ત્રણે કાળે છે ? તો હા. શક્તિરૂપે ત્રણે કાળે છે. ઉત્પન્ન થયા પહેલાં કારણ શક્તિરૂપે છે અને વ્યય થતાં કાર્ય શક્તિરૂપે છે, પણ ત્રણેયકાળે છે. **'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'** અહીં તો આખા પદાર્થની વાત છે કે જો તારો આત્મા વર્તમાનમાં હયાતી ધરાવે છે તો એ ત્રણે કાળે હોય, હોય ને હોય જ. જો વર્તમાનમાં હયાતી ધરાવે છે એ ત્રણે કાળે ન હોય તો ત્યારે નવો ઉત્પન્ન થયેલો તારે સ્વીકારવો પડશે. તો ઉત્પન્ન થાય એનો નાશ થાય. પણ આ અનુત્પન્ન છે અને અવિનાશી દ્રવ્ય છે. એનો નાશ (કે) ઉત્પાદ થતો નથી.

પ્રશ્ન :- પર્યાયનું શું કીધું ? પર્યાયનું લીધું ને.

સમાધાન :- એ જરા ઝીણો વિષય છે કે એક સમયની પર્યાય જે પ્રગટ છે એ પર્યાય પરિણમન શક્તિરૂપે યોગ્યતારૂપે હતી એ યોગ્યતા બહાર આવી છે. યોગ્યતા નહોતી ને બહાર આવી છે એમ છે નહીં. ભવિષ્યમાં પણ એ જીવ ભૂતકાળમાં આ પર્યાયને યોગ્ય હતો એવી યોગ્યતા હવે રહી ગઈ છે. એટલે ત્રણે કાળે એનું અસ્તિત્વ છે. એટલે 'ગુરુદેવ' એમ કહેતા, આ વિષય (એક મુમુક્ષુએ) 'ધવલ'માથી કાઢ્યો હતો. ચર્ચા ચાલી હતી કે, જુઓ ! તુચ્છ અભાવ નથી. કેટલાક વિદ્વાનો એમ માને છે કે પર્યાયનો સર્વનાશ થાય છે. નવી જ પર્યાય ઉત્પન્ન થાય છે માટે પર્યાયનો સર્વનાશ (થાય છે). તો કહે છે, પર્યાયનો પર્યાયના વ્યક્ત પર્યાય તરીકે સર્વનાશ છે પણ એની યોગ્યતાનો સર્વનાશ નથી એટલે તુચ્છ

અભાવ નથી. એને શાસ્ત્રમાં તુચ્છ અભાવ કહે છે. સર્વનાશને તુચ્છ અભાવ કહે છે. શાસ્ત્ર પરિભાષા (છે).

પ્રશ્ન :- યોગ્યતા કેવી રીતે છે ?

સમાધાન :- આપણે નથી કહેતા કે જુઓ ! ભાઈ ! એને બહુ વતાવશો નહીં, એની યોગ્યતા બીજી જાતની છે. એમ નથી કહેતા ? વર્તમાનમાં એવી પર્યાય નથી હોતી એને. પણ જે એની યોગ્યતા ગર્ભિત છે, એના દ્રવ્યમાં ગર્ભિત છે એને જોઈને એમ કહેવામાં આવે છે કે આ બાબતમાં આ ભાઈને વતાવવા નહીં. એમ નથી કહેવાતું ? એનો અર્થ શું છે ? કે, એની યોગ્યતા એવી છે.

મુમુક્ષુ :- અત્યારે પર્યાય નથી એવી.

પૂજ્ય ભાઈશ્રી :- પર્યાય અત્યારે એવી નથી પણ એ પર્યાયને એ યોગ્ય છે. એમ તો છદ્મસ્થને ખબર પડે છે તો કેવળજ્ઞાનમાં તો ત્રણે કાળની પર્યાયની યોગ્યતાની ખબર પડે એમાં કાંઈ પ્રશ્ન રહેતો નથી. અને જો એવું જ્ઞાન ન થતું હોય તો સર્વજ્ઞપણું જ રહેતું નથી. ત્રણે કાળની પર્યાયની યોગ્યતાનું જ્ઞાન ન થાય તો સર્વજ્ઞપણું રહેતું નથી, સર્વજ્ઞ સર્વને જાણે એ વાત રહેતી નથી.

**'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ.'** તુચ્છ અભાવ કોઈ દિવસ થાય નહીં. અથવા જે દ્રવ્ય વર્તમાનમાં છે એ ભૂતકાળમાં પણ હોય ને ભવિષ્યમાં હોય. નવું ઉત્પન્ન થાય કે નાશ થાય એવું કદી બને નહીં. નાશ થાય તો બધાનો નાશ થઈ જાય, તો જગતને શૂન્ય થવું પડે. પણ એવું કાંઈ બનતું નથી. અને એ 'શ્રીમદ્જી' તો કહે છે કે, જો નાશ થાય તો 'શેમાં ભળે તપાસ'. જો ચેતનનો નાશ થાય તો શેમાં ભળે એ તપાસ. એનો અર્થ કે નાશ નથી થતો. ક્યાંય ભળતો હોય તોપણ નાશ તો થતો નથી. એનું છેપણું તો રહ્યું. આસ્તિ ય દર્શનો તો પૂર્વભવને માને છે એમાં આત્માની શાશ્વત સત્તાનો સ્વીકાર કરવામાં આવે છે. પણ જ્ઞાયક આદિ બીજા પ્રયોજનભૂત પડખાં એના બરાબર નહીં હોવાથી એ શાશ્વત સત્તાને માનતા હોવા છતાં પણ એને સમ્યક્દર્શનનો વિષય જે સત્તા એ યથાર્થપણે એને ગ્રહણ થઈને સમ્યક્દર્શન થતું નથી. એટલે એનો મોક્ષ પણ થતો નથી. એમ છે.

**'જે તત્ત્વ વર્તમાનમાં છે તે ત્રિકાળી હોય જ. વિચાર કરતાં આગળ વધાય.'** એ રીતે પોતાના સ્વરૂપનો આત્મલક્ષી વિચાર કરવામાં આવે તો આગળ વધાય. કેમકે અહીં તો આત્માનું જ લક્ષ લેવાનું રહ્યું ને ! ખ્યાલમાં અસ્તિત્વ લેવું છે. જાણનાર... જાણનાર... ખ્યાલમાં

લેવો છે. એમ આત્મલક્ષે વિચારની વાત લીધી છે કે, એવી રીતે આત્મલક્ષી વિચાર કરતાં આગળ વધાય છે. આગળ વધાય છે એટલે એના સ્વભાવના ઊંડાણમાં જવાય છે. એના સ્વભાવનો ખ્યાલ કરી શકાય છે.

**'અનંતકાળમાં બધું કર્યું,...'** છે. આ દિશામાં આગળ વધ્યા વિના ધર્મને નામે અનંત કાળમાં ઘણી ક્રિયાઓ કરી, ઘણું શાસ્ત્રજ્ઞાન કર્યું, એ બધું કર્યું. **'એક ત્રિકાળી સત્‌ને શ્રદ્ધયું નથી.'** એક પોતાના શાશ્વત અસ્તિત્વને, જ્ઞાનમય અસ્તિત્વને એણે ગ્રહણ કર્યું નથી. આ એક બાકી રહી ગયું છે. અંતર્મુખ થઈને પોતાના સ્વભાવ અસ્તિત્વને ગ્રહણ કરવાનું, ભિન્ન અસ્તિત્વને ગ્રહણ કરવાનું, જ્ઞાનથી જુદું પાડીને એને ગ્રહણ કરવાનું કર્યું નથી બાકી બધું કરી ચૂક્યો છે. અને એ કરી ચૂક્યો એનું ફળ હજી સંસાર પરિભ્રમણ મટ્યું એવું આવ્યું નથી. અહીંયાં તો એકેએક વાત સંસાર તોડવાની છે. સંસાર તોડવાની વાતમાં સંસારને પાંગરવાની વાત નથી. અને જ્યાં સંસારની લીલી વાડી રાખવી છે એને સંસારને તોડવાની વાત નથી. બે વાત ભિન્ન ભિન્ન છે. (વિશેષ લઈશું...)

***

**પ્રશ્ન :– પોતાનો (આત્માનો) દ્રવ્યરૂપે અનુભવ કેવી રીતે કરવો ?**

**ઉત્તર :- દ્રવ્યરૂપે અનુભવ કરવામાં, 'જ્ઞેયનું જ્ઞાન' એમ ન જોતાં (અનુભવતાં) જ્ઞાનાકાર જ્ઞાનને દ્રવ્યરૂપે દેખતાં / અનુભવતાં, જ્ઞેયથી ભિન્ન માત્ર પોતાના સ્વરૂપે સ્વયં સિદ્ધ વસ્તુ સધાય છે. ત્યારે જ શક્તિ અને વ્યક્તિનું અનેકાંતરૂપ યથાર્થ જ્ઞાન થાય છે.**

**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' – ૭૯૭)**

અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે; મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. પોતે પોતાની સહજ દશા પ્રાપ્ત કરી છે. જરા પણ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે. બહાર આવવું પડે તે બોજો-ઉપાધિ લાગે છે. મુનિઓને અંદર સહજ દશા-સમાધિ છે. ૧૪૧.

## તા. ૨૪-૦૬-૧૯૮૭, વચનામૃત – ૧૪૧, ૧૪૨,૧૪૩
## પ્રવચન નં. ૧૦૯

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૪૪, ૧૪૧ બોલ. ધર્મી જીવની ભાવનાનો વિષય છે – મુનિદશા. ભાવલિંગરૂપ મુનિદશા કેવી હોય છે એનું અનેક પડખેથી વર્ણન છે. **'અજ્ઞાની જીવને અનાદિનો વિભાવનો અભ્યાસ છે; મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે.**' તુલનાત્મક વિષય લીધો છે. સંસારી જીવને, અજ્ઞાની જીવને સહજપણે અનાદિથી વિભાવનો અભ્યાસ વર્તે છે. વિભાવ તે હું, ક્ષણે ક્ષણે ઉત્પન્ન થતો વિભાવ તે હું એવા અનુભવનો અભ્યાસ વર્તે છે. અભ્યાસ કરવો પડતો નથી, સહજપણે પ્રત્યેક ક્ષણના વિભાવરૂપ પોતે પોતાને પોતા સ્વરૂપે અનુભવી રહ્યો છે એવો અભ્યાસ થઈ ગયો છે, સહજ થઈ ગયું છે, અભ્યાસથી બધી સહજ થાય છે અને એ ચાલ્યા જ કરે છે.

કોઈને પૂછો કે ક્ષણે ક્ષણે મિથ્યાત્વને ટકાવી રાખવા માટે તમે શું નવો પુરુષાર્થ કરો છો ? તો (કહેશે), અમે તો કાંઈ પુરુષાર્થ કરતાં નથી. મિથ્યાત્વને ટકાવવાનો કાંઈ અમે પુરુષાર્થ કરતાં નથી. એ શું સૂચવે છે ? કે, વિષય એટલો અભ્યાસિત – સહજ થઈ ગયો

છે. જે વિષયમાં જેટલો Practical અભ્યાસ વધારે એટલો એ વિષય સહજ થાય છે. જગતના કાર્યોમાં પણ. આ જાદુગરો Hand tricks કરે છે, સરકસવાળાઓ જે કાંઈ દૃશ્ય દેખાડે છે, ખેલ દેખાડે છે (એમાં) લોકોને આશ્ચર્ય થાય છે એને સહજમાત્રમાં, રમતમાત્રમાં એ કરે છે. એનો અર્થ શું છે કે અભ્યાસ થઈ ગયો હોય એ વિષયનો, એણે મહાવરો ઘણો કર્યો હોય છે. એને પૂછો કે આમ કેમ થયું ? (તો કહેશે) કે, રોજના કેટલા કલાકો સુધી આ પ્રકારની Practice કરતા કરતા એ સહજ થઈ ગયું.

મુમુક્ષુ :- મિથ્યાત્વનો અભ્યાસ સહજ થઈ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વ – વિભાવમાં હુંપણું એ મિથ્યાત્વ છે. એ સહજ થઈ ગયું છે. પોતાને તપાસી જોવે તો ખ્યાલ આવે કે કેટલું સહજ થઈ ગયું છે કે એટલું સહજ થઈ ગયું છે કે એ કરવા યોગ્ય નથી, ન થાય તો સારું એવી સમજણ પણ એની કામમાં આવતી નથી. એટલું સહજ થઈ ગયું છે.

એની સામે એમ કહે છે કે, જેમ આ મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીને વિભાવમાં હુંપણાનો અભ્યાસ સહજ થઈ ગયો છે; એની સામે હવે (કહે છે), મુનિને, સાચા જે ભાવલિંગી મુનિ છે, જૈનમુનિ જેને કહી શકાય એને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. એમ વિભાવની સામે લીધું. પોતાનો જે આત્મસ્વભાવ તે હું, પોતાનો જે અસ્તિત્વ સ્વભાવ, જ્ઞાનાનંદ સ્વભાવ, પોતાનું મૂળ સ્વરૂપ એ હું – એવા અનુભવનો અભ્યાસ વર્તે છે. ક્ષણે ક્ષણે એ પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપને અનુભવે છે અને સહજપણે. પ્રતિક્ષણે કાંઈ વિકલ્પ કરવો પડતો નથી કે હું આત્મામાં લીન થાઉં અથવા શુદ્ધોપયોગની મને પ્રાપ્તિ થાવ કે હું શુદ્ધોપયોગને કરું એવો વિકલ્પ મુનિને કરવો પડતો નથી. હાલતા, ચાલતા, ખાતા-પીતા, બેસતા, ઠતા, બોલતા, સૂતા બધી વખતે અંદરમાં ચૈતન્યગોળો (ભિન્ન અનુભવાય છે), એવી જ કોઈ દશા કેળવાય ગઈ છે કે એ સહજપણે એ ભિન્ન અનુભવમાં વર્તે છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં અને આત્માના આનંદના, અતિશય આનંદના ભરામાં એ લીન રહે છે. એવો સહજ અભ્યાસ મુનિદશામાં વર્તે છે.

પ્રશ્ન :- મુનિ કેમ લીધા છે ?

સમાધાન :- મુનિદશાનો મહિમા કરવાનો વિકલ્પ હશે એટલે અજ્ઞાનીનું દૃષ્ટાંત લીધું છે. જેમ અજ્ઞાનીને આમ થાય છે, એમ એ દૃષ્ટાંતરૂપ છે. અજ્ઞાનીનો વિષય અનુભવપૂર્વકનું દૃષ્ટાંત છે કે, અજ્ઞાની જીવ પોતાના અનુભવને તપાસીને સમજી શકે કે પરિણમનમાં જે અભ્યાસિત થઈ જાય છે એ ચીજ કેવી છે, કેટલી સહજ છે. અભ્યાસ થઈ ગયો હોય

એ કેટલું સહજ થઈ જાય છે એનો ખ્યાલ આવી જાય.

મુમુક્ષુ :- ઊંધાઈ પણ સહજ ?

પૂજ્ય ભાઈશ્રી :- થોડા કાળ નથી કરી, પણ અનંતકાળ (કરી છે). બહુ ગંભીર વિચાર માગે એવો વિષય છે. જેના ગર્ભમાં અનંત ભવભ્રમણ અને નરક, નિગોદના ભવ રહ્યા છે. ત્યાં સાતમી નારકીના અનંતા ભવો છે, નિગોદના અનંતા ભવો પડ્યા છે. એવું એ ભયંકર રોગનું બીજ છે. વિભાવ તે હું એ આવું બહુ ભયંકર છે. એ સહજ થઈ પડ્યું છે. પોતાના સ્વરૂપના અજ્ઞાનને લઈને એ સહજ થઈ પડ્યું છે. હવે પ્રથમ સમ્યક્દર્શનમાં એવો (ઊંધો) અભ્યાસ તૂટે છે, એ પહેલાં એને ભેદજ્ઞાનનો અભ્યાસ ઘણો ચાલે છે. તીખી રુચિપૂર્વક ભેદજ્ઞાનનો અભ્યાસ ચાલે છે. આપણે આગળ ચાલી ગયું. તીખી રુચિપૂર્વક ભેદજ્ઞાનનો અભ્યાસ ચાલે છે અને વિભાવના અભ્યાસને મોળો પાડે છે પછી એક વખત એની પરંપરા તૂટી જાય છે અને વીતરાગદશા પ્રગટ થાય છે. એ વીતરાગદશા અત્યંત કેળવાય છે, એ વીતરાગદશાની કેળવણી વધે છે ત્યારે એ મુનિદશામાં ક્ષણે ક્ષણે સહજ આત્મલીનતાનો ઉપયોગ થઈ જાય છે. ઘડીકમાં છઠ્ઠે ગુણસ્થાને તો ઘડીકમાં સાતમા ગુણસ્થાને. એમ કહેવાય છે કે, મુનિરાજ તો છઠ્ઠા ગુણસ્થાને આવ્યા ન આવ્યા ને સાતમામાં આવી જાય છે. આવ્યા ન આવ્યા થાય છે અને સાતમામાં પહોંચી જાય છે. ક્ષણે ક્ષણે છઠ્ઠું-સાતમું થાય છે પણ એમ ન કહી શકાય કે સાતમામાં આવ્યા ન આવ્યા અને છઠ્ઠે આવી જાય છે એમ ન કહેવાય. બેય ક્ષણે ક્ષણે આવે છે. અને ૧/૩ સમય નિર્વિકલ્પદશાનો છે ને ૨/૩ સમય સવિકલ્પદશાનો છે તોપણ એમ કહેવાય છે કે, છઠ્ઠે આવ્યા ન આવ્યા ત્યાં સાતમે જાય છે. કેમ એમ કહેવાય છે ? કે, એનો પુરુષાર્થ છઠ્ઠાનો નથી પણ એનો પુરુષાર્થ સાતમાં અંગેનો છે, આઠમાં અંગેનો છે, આગળ જવાનો પુરુષાર્થ છે, પાછળ જવાનો પુરુષાર્થ નથી. એટલે એમ કહેવાય છે.

મુમુક્ષુ :- વધુ કાળ છઠ્ઠામાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાળ પરિમાણમાં મુનિરાજને બે પરિમાણ કાળ છઠ્ઠાગુણસ્થાનનો છે અને ૧/૩ કાળ સાતમાં ગુણસ્થાનના પરિમાણનો છે. આ પરિમાણનો વિષય 'ધવલ'માં આવે છે. મુનિદશામાં છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનનું પરિમાણ કેવું ? એ 'ધવલ'માં આવે છે.

એવો **'મુનિને સ્વભાવનો અભ્યાસ વર્તે છે. પોતે પોતાની સહજદશા પ્રાપ્ત કરી છે.'** શુદ્ધ આત્માને અનુભવવાની સહજ શુદ્ધ દશા, વીતરાગદશા સહજપણે પ્રાપ્ત કરી છે, જેમાં

રાગનો અભાવ છે, કષાયનો અભાવ છે એવી પવિત્રદશા પ્રાપ્ત કરી છે. **'જરાપણ ઉપયોગ બહાર જાય...'** જુઓ એ જ લીધું છે **'જરાપણ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે.'** આહાર કરે ત્યારે એ આહારનો સ્વાદ નથી લેતાં પણ આત્માના આનંદનો સ્વાદ લે છે આહાર કરતાં કરતાં. શું ખાધું એની ખબર નથી રહેતી, પણ જઠરાગ્નિ જરાક મંદ પડે ત્યાં ખાવાની વૃતિ  ઠી જાય છે. પૂરું ખાવાનો તો પ્રશ્ન જ નથી. મુનિદશામાં ઉણોદરીનો આહાર સહજ છે. કેમકે થોડુંક પેટમાં અનાજ જાય છે ને જઠરાગ્નિમાં ફેર પડે છે ત્યાં એમની વૃતિ જ  ડી જાય છે આહાર ઉપરથી, આહાર લેવાનો વિકલ્પ એમનો ખલાસ થઈ જાય છે. રવાના (થઈ જાય). સારું છે, આ ભોજન સારું છે, રાજાના ઘરનું છે, શેઠિયાના, શ્રીમંતના ઘરનું છે એટલે થોડો વધારે સ્વાદ લઉં (એવું હોય) ત્યાં મુનિદશા હોતી નથી. એવા પરિણામવાળા જીવને મુનિદશા હોતી નથી. એ પરિસ્થિતિ જ ત્યાં (સાચી મુનિદશામાં) ઉત્પન્ન થતી નથી.

એટલે તો મુનિરાજને 'પદ્મપ્રભમલધારીદેવે' ૩૮મી ગાથામાં વૈરાગ્યના મહેલના શિખરનો શિખામણી છે એમ કહ્યું છે. વૈરાગ્યના મહેલનું શિખર છે એમ નહીં, વૈરાગ્યના મહેલના શિખરનો શિખામણી છે. એના ઉપર એક મણી જેમ શોભતો હોય એટલો ફાટફાટ વૈરાગ્ય છે. એ તો પૂર્ણદશા પ્રાપ્ત કરવા નીકળી પડ્યા છે અને ચોવીસ કલાક એની પાછળ પુરુષાર્થની રમઝટ બોલાવે છે. મુનિને નિદ્રાનું ભાન નથી. આહારનું તો શું પણ નિદ્રાનું ભાન જેને હોતું નથી. એવી જાગૃતદશા છે.

**'જરા પણ ઉપયોગ બહાર જાય કે તરત સહજપણે પોતા તરફ વળી જાય છે.'** સહજપણે. વિકલ્પ કરીને કૃત્રિમપણે દશાને વાળવી પડે એવું ત્યાં હોતું નથી. સહજપણે પોતા તરફ વળી જાય છે. એ નીચે સાધકદશામાં ચોથા ગુણસ્થાને મુનિદશા ઉત્પન્ન થયા વિના અને સાચા મુનિ સામે નહીં હોવા છતાં જ્ઞાનમાં જે દશા આવે છે એ કહેવામાં આવે છે. આ વિશેષ વાત છે આ વિષયની કે અત્યારે એવા મુનિના પ્રત્યક્ષ દર્શન ઉપલબ્ધ નથી, એક વાત. પોતાને – કહેનારને એ મુનિદશા વર્તતી નથી, બીજ વાત. છતાં જેવી મુનિદશા હોય બસ ! બિલકુલ ઠીક Exact એવી વાત કરે છે. આવી અંદરની ભાવલિંગી દશા હોય છે.

મુમુક્ષુ :– પોતે ચોથે ગુણસ્થાને બિરાજમાન છે અને આવી દશાનું વર્ણન કરે છે !

પૂજ્ય ભાઈશ્રી :– કેવળજ્ઞાનનું વર્ણન કરી શકે. મુનિદશાનું વર્ણન કરે છે એમ નહીં, કેવળજ્ઞાન કેવું હોય, પરમાનંદ કેવો હોય એનું વર્ણન કરી શકે. બાર અંગના લબ્ધિધારી

મુનિ જે ન્યાય કાઢે એ ન્યાય (સમ્યક્દૃષ્ટિ) કાઢી શકે. કેમ ? કે, એ અનંત ન્યાયોનો ન્યાયાધીશ, નયાધીશ એવો શુદ્ધાત્મા એની દૃષ્ટિમાં ને એના જ્ઞાનમાં બરાબર આવ્યો છે. એ કેવળજ્ઞાનથી પણ અનંતગુણ વિશિષ્ટ છે. એનું અનુભવજ્ઞાન થયું છે. એનું જાણપણાનું જ્ઞાન થયું છે એમ નહીં પણ એનું અનુભવજ્ઞાન થયું છે અને એના જ્ઞાનમાં, બધા જ્ઞાન એના પેટામાં આવી જાય છે. કેવળજ્ઞાન એના પેટામાં આવે છે અને મુનિદશાનું જ્ઞાન પણ એના પેટામાં આવી જાય છે. નહીંતર પોતે આવ્યા છે સ્થાનકવાસીમાં, કુળ સંપ્રદાયે સ્થાનકવાસી સંપ્રદાય છે. આવા મુનિ ન હોય ને આવા મુનિ હોય એમ જ્ઞાન છે. જો કે પોતાને તો જાતિસ્મરણ છે.

પૂર્વભવમાં મહાવિદેહમાં ભગવાન 'સીમંધરનાથ'ના સમવસરણમાં ભાવલિંગી મુનિઓને પ્રત્યક્ષ જોયા છે અને એની યાદદાસ્ત વર્તે છે. ભગવાન 'કુંદકુંદાચાર્ય' બે હજાર વર્ષ પહેલાં ત્યાં મહાવિદેહમાં પધાર્યા ત્યારે પણ એમને જોયા છે. એ સંબંધમાં સભામાં – ધર્મસભામાં આશ્ચર્ય થયું અને ભગવાનની વાણીમાં એનો ખુલાસો આવ્યો કે, ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય છે અને ત્યાં શાસન પ્રવર્તાવે એવા સમર્થ આચાર્ય છે. એ વિષય અનુભવગોચર થયો છે. (બધું) યોગાનુયોગ છે, ત્યાંથી અહીંયાં આવવું, મહાવિદેહમાંથી આવીને રચેલા શાસ્ત્રોનો અભ્યાસ થવો, એના નિમિત્તે 'ગુરુદેવ'ને આત્મજ્ઞાન થવું અને મુખ્યપણે વર્તમાન સાહિત્યમાં અધ્યાત્મ શાસ્ત્ર 'કુંદકુંદાચાર્યદેવ'ના હોવાથી ગૌતમ ગણધર પછી એમનું નામ મંગલ અર્થે લેવામાં આવે છે. અધ્યાત્મ શાસ્ત્રની રચના એમની વિશેષ છે.

(અહીંયાં) શું કહે છે ? જરા પણ ઉપયોગ બહાર જાય કે અંદરમાં ડૂબકી મારી જાય છે. ઉપયોગ પાછો અંદરમાં (ડૂબકી મારી જાય છે). બહાર ઉપયોગ ટકતો નથી. સહજ પણે ચાલ્યો જાય છે, ચાલ્યો જાય છે જે કોઈ પદાર્થ ઉપર ઉપયોગ જાય છે તેની ઉપેક્ષા છે, તે પદાર્થ વિશે ઉદાસીનતા છે એટલે ઉપયોગ ત્યાં ટકતો નથી, ઉપયોગ પાછો અંદરમાં લીન થઈ જાય છે.

**'બહાર આવવું પડે તે બોજો–ઉપાધિ લાગે છે.'** ઘણો બોજો લાગે. જેમ જાણનાર એવું નેત્ર એ ડુંગર ને પર્વતને જાણે તો કોઈ એમ કહે કે એને ખસેડે કે ન ખસેડે ? એ ઉપાધિ નેત્ર કરી શકે નહીં. પાંપણે પાંપણે કાંઈ ઉપાડી ઉપાડીને ડુંગરો કાંઈ ખાલી કરી શકાતો નથી. આંખ (માત્ર) જાણે. એની પાસે સાધન શું ? કે, પાંપણ છે. તો પાંપણથી કાંઈ ડુંગરાની રેતી ખેરવીને બીજે કાંઈ ખસેડી શકે કે આડો આવે છે ચાલો અહીં રસ્તો કરવો છે. આંખનું

કામ જાણવાનું છે. એમ જ્ઞાતાદષ્ટા – જ્ઞાનનેત્રથી જ્ઞાતાદષ્ટા થયેલા મુનિરાજને બીજો બધો ભાવ ઉપાધિરૂપ છે. કાંઈ પણ વિકલ્પ આવે, આહારનો વિકલ્પ પણ ઉપાધિ છે અને કોઈપણ શુભોપયોગ છે, અશુભ ઉપયોગ તો મુનિને હોતો નથી. અશુભ ઉપયોગ થાય તો મુનિદશા રહેતી નથી. આહારમાં મજા છે એ અશુભ ઉપયોગ છે. એ મુનિને નથી થતો એનું કારણ કે મુનિદશા ત્યાં રહેતી નથી. સાધારણ પ્રાણીને તો એ મુનિદશાનો અંદાજ આવવો મુશ્કેલ છે કે કેવી અદ્દ્ભુત મુનિદશા હોય છે ! અનુમાન કરી શકે એમ નથી. એવો વિષય છે. કેમકે વર્તમાન પરિસ્થિતિ ઘણી વિકૃત છે. એટલે અસલ વાત છે એ પ્રસિદ્ધ નથી રહી.

(અહીં કહે છે), બહાર આવવું પડે, ઉપયોગ બહાર આવે, ઉપયોગથી બહાર આવવું પડે તે બોજો છે, એ એમને ઘણી ઉપાધિ છે અને એ બોજા ને ઉપાધિથી છટકીને પાછો ઉપયોગ અંદરમાં લીન થઈ જાય છે. પોતાના અનંત ગુણરૂપ ક્રીડાવન છે એ – મુનિઓને આત્મા એ પોતાને રમવાનું ક્રીડાવન છે. અંતરના બાગમાં મુનિ ક્રીડા કરે છે. એને બહાર આવવું ગમતું નથી. ઉનાળામાં પણ ઠંડકવાળી જ્ગ્યાએથી બહાર આવવું કોઈને બળબળતા ઉનાળામાં ગમે છે ? એ તો સાધારણ વાત છે. આ તો અંતરની શાંતિની ઠંડક કોઈ જુદી છે અને વિકલ્પનો બળબળતો દાહ છે (એ) આત્માને દઝાડે છે. છે બધા શુભઉપયોગ, પુણ્યના વિકલ્પ. અશુભ, પાપના (વિકલ્પ) તો મુનિરાજને હોય નહીં. એ પણ આત્માને દઝાડે છે એમ કહે છે. એમને એ પસંદ નથી. દેવલોક (પસંદ છે) ? કે, (એ પણ) પસંદ નથી. દેવલોકની ના પાડે છે. એ અમારું સ્થાન નથી.

પ્રશ્ન :– શાસ્ત્ર લખવાના ભાવ ?

સમાધાન :– એ પણ આકુળતા છે. આત્માનો વિકલ્પ સુદ્ધાં આકુળતા છે, સ્વભાવનો વિકલ્પ સુદ્ધાં આકુળતા છે. શાસ્ત્ર લખવાનો વિકલ્પ તો સ્થૂળ છે. વિકલ્પ સ્થૂળ છે, રાગ પણ એમાં સ્થૂળ છે અને સ્વરૂપ ચિંતવનનો વિકલ્પ તો સૂક્ષ્મ છે તોપણ એ આકુળતા છે. મીંઢવણી અહીંયાં નિરાકુળ સ્વભાવ સાથે છે અને નિરાકુળ આત્મસ્વરૂપના વેદન સાથે છે. એવી જે આત્મિક નિરાકુળ શાંતિનું વેદન છે એની પાસે અપવિત્ર રાગ, કેવો ? પવિત્ર એવા વીતરાગભાવ સાથે અપવિત્ર રાગ, રાગમાત્ર અપવિત્ર, રાગનો કણમાત્ર અપવિત્ર. જો વિષ્ટા અપવિત્ર છે તો વિષ્ટાનો થોડો કણ પણ અપવિત્ર છે. એ શોભતો નથી, વીતરાગતામાં રાગ શોભતો નથી.

**'તે બોજો–ઉપાધિ લાગે છે. મુનિઓને અંદર સહજ દશા–સમાધિ** છે.' સહજ દશા

છે. અથવા સહજ સમાધિ છે. દશાનો અર્થ સમાધિ છે. ઉપાધિ અને સમાધિ – સામે સામે લીધા છે. બહારમાં ઉપાધિ છે અને અંદર શુદ્ધોપયોગમાં સમાધિ છે. વારંવાર વીતરાગ ભાવરૂપ સમ પરિણામે પરિણમે છે એને સમાધિ કહે છે. ઉપયોગ બહાર આવે અને વિકલ્પ થાય તે વિષમ પરિણામરૂપ ઉપાધિ છે. આ સમપરિણામરૂપ સમાધિ છે અને બહાર બાહ્ય પદાર્થ પ્રત્યે ઉપયોગ જાય ને રાગનો કણ ઉત્પન્ન થાય (તે વિષમભાવ છે). એ તો ચારિત્રની અસ્થિરતાથી બાહ્ય પદાર્થનું અવલંબન થાય એટલે રાગ ઉત્પન્ન થયા વિના રહે નહીં. એ વિષમભાવ છે. આત્માના સમ સ્વભાવથી વિપરીત એવો વિષમભાવ છે.

પ્રશ્ન :– સમાધિનો અવસર ક્યારે આવશે ?

સમાધાન :– પોતે એની ભાવના ભાવી અને પુરુષાર્થ અત્યારથી માંડે. પુરુષાર્થ વિનાની ભાવના નહીં અને ભાવના વિનાનો પુરુષાર્થ નહીં. બન્ને એકબીજાના પૂરક છે. (કોઈ કહે કે), ભાવના તો અમે ભાવીએ છીએ પણ પુરુષાર્થ થતો નથી. તો કહે (છે), તારી લુખ્ખી ભાવના છે, તારી ભાવના લુખ્ખી છે. અન્યમતિ પણ એમ કહે કે, કોરા ભાણે આરતી ન ઉતારાય. શું કહે ? અન્યમતિમાં એવી કહેવત છે કે, કોરા ભાણે આરતી ન હોય. એટલે કે આરતીના થાળીમાં કોઈ પૈસો નાખીને આરતી ઉતારાય એમ કહે. અન્ય મતમાં પણ આટલી તો સમર્પણની એક કહેવત છે. એમ ભાવના પુરુષાર્થ સહિતની હોય, પુરુષાર્થ વિના ભાવના ન હોય. એ પુરુષાર્થનું સમર્પણ છે એની અંદર. (આ બોલમાં) એ મુનિદશાની મહિમા કરી છે. જ્યાં જ્યાં મુનિદશાનો બોલ આવે છે (ત્યાં) મુનિરાજની ભક્તિ કરે છે

પ્રશ્ન :– અજ્ઞાનીને વિભાવ તે હું ને અહીંયાં જ્ઞાનીને સ્વભાવ તે હું, એવું છે ?

સમાધાન :– સ્વભાવ તે હું એવું પરિણમન વર્તે છે. અભ્યાસ એટલે અહીંયાં પરિણમન વર્તે છે. વારંવારના પરિણમન થવાને પરિણમનરૂપ અભ્યાસ કહેવામાં આવે છે. વિકલ્પરૂપ અભ્યાસ નહીં પણ પરિણમનરૂપ અભ્યાસ છે, સહજ છે. એ અનુભવરૂપ અભ્યાસ છે. ઉપર (લીધું એમાં) પણ અનુભવનો જ અભ્યાસ લીધો છે. વિભાવ તે હું એવા અનુભવનો અભ્યાસ વર્તે છે. અહીંયાં સ્વભાવ તે હું એવા અનુભવનો અભ્યાસ વર્તે છે. એમ છે ખરેખર.

'ગુરુદેવે' વર્તમાન મુનિ સંબંધીનો સ્વીકાર ન કર્યો, 'ગુરુદેવશ્રી'એ વર્તમાન મુનિઓનો મુનિ તરીકે સ્વીકાર ન કર્યો એટલે સંપ્રદાયવાળાએ સમાજમાં એવી વાત પ્રસિદ્ધ કરી કે, આ લોકો મુનિઓને માનતા નથી 'આગ્રા'ની શિબિરમાં વાત કરી હતી. કેમ કે 'આગ્રા' જેવા શહેરમાં આઠસો–હજાર ઘર દિગંબર સંપ્રદાયના, એમાં આપણા ઘર થોડા, આપણા

પચીસ-પચાસ ઘર માંડ હશે. સાંભળવામાં તો જે સમૂહ આવે એમાં સંપ્રદાયના માણસો વધારે હોય. ત્યારે એ વાત કરી હતી. મુનિદશાના કેટલાક બોલ જ લીધા હતા અને પછી તો (એક મુમુક્ષુએ) વચનામૃતમાંથી (ચૂંટેલા) મુનિદશાના (બોલના) ચાકળા મંડપમાં ઘણાં લગાવ્યા હતા. 'કાનજીસ્વામી' મુનિને માનતા નથી એમ નથી પણ મુનિરાજની કેવી ભક્તિ હોય છે અને એ ભક્તિના કેવા અલૌકિક ભાવો હોય છે કે સંપ્રદાયમાં એ રીતની મુનિદશાનું સ્વરૂપ – જ્ઞાનનો અભાવ હોવાને લીધે એવી ભક્તિ પણ ઉત્પન્ન થતી નથી. જે મહિમા જ્ઞાનથી આવે છે એ મહિમા અજ્ઞાનથી કદી આવી શકતો નથી. લોકો શાંતિથી સાંભળતા હતા.

મુમુક્ષુ :– મુનિપંથ ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, મુનિપંથ કહે. આપણે તો મુનિને માનનારા અને આ લોકો મુનિને નહીં માનનારા એમ જ સીધું કહે. એમ નથી ભાઈ ! મુનિને માનીએ છીએ અને મુનિમાં અમુનિપણું છે એને જરાય માનતા નથી. એ તો (એક ભાઈને) કહ્યું હતું કે નહીં ? (એ) 'ગુરુદેવ'નો બહુ વિરોધ કરતા હતા ને ? આમના સહઅધ્યાયી છે, સાથે ભણતા હતા. અહીંયાં આવ્યા હતા ત્યારે (કહેતા હતા કે), તમે વ્યવહારમાં માનતા નથી એવું અમને લાગે છે. ચર્ચા કરતા હતા. (એમને) એમ કહ્યું કે, વ્યવહારની ચુસ્તતા અમારી એટલી છે કે વ્યવહારમાં – વીતરાગ માર્ગના વ્યવહારમાં કોઈ ફેરફાર કરે એને અમે માનતા નથી. તરત ચમક્યા ! કે વ્યવહારને માનતા નથી એ કહેવું ઇ તો બહુ ભૂલભરેલું છે. વ્યવહારમાં ગડબડ કરનારાને સ્વીકારતા નથી. આમ વાત છે. એવા ચુસ્ત વ્યવહારના માનવાવાળા અમે છીએ. તમારી ક્ષતિ અમને પોસાતી નથી. એને થયું કે ગડબડ ચાલે એવી નથી અહીંયાં. તમે શું માનો છો અને શું નથી માનતા, શાંત ચિત્તે થોડીક વાત સાંભળો તો ખબર પડે કે શું માનીએ છીએ અને શું નથી માનતા.

કાળક્રમે વિકૃતિ આવે છે. જ્યાં જ્યાં સમૂહ ભેગો થાય, સંપ્રદાયનું ટોળું થઈ જાય ત્યાં કાળક્રમે વિકૃતિ આવ્યા વિના રહે નહીં. એ વિકૃતિ એ જ અસલ માર્ગ છે એમ સમજીને ચાલનારાને વિકૃતિનો દોષ બતાવવામાં આવે ત્યારે એની શ્રદ્ધાનું આળુ સ્થાન છે એના ઉપર એને જરા વેદનાનો વિષય ભો થાય છે. જેમ કોઈ આળા સ્થાને સ્પર્શ કરે તો દુખાવો થાય છે એમ એની માન્યતાનો વિષય એ આળું સ્થાન છે. એટલે એને દુઃખ થાય છે. પણ કોઈને દુઃખ પહોંચાડવાનો આમાં હેતુ નથી. માત્ર સત્ય વાત સત્યના લાભાર્થી માટે,

સત્યના અર્થી માટે પ્રસિદ્ધ કરવાનો હેતુ છે. એટલા માટે એનો આગ્રહ નથી રાખવામાં આવતો કે કેમ તમે માનતા નથી. કેમકે આ તો ગરજુ થઈને સાંભળે, ગરજુ થઈને એ ગ્રહણ કરવા આવે એના માટેની એ વાત છે. કોઈને પરાણે લાદીને મનાવી દેવાનો આ વિષય નથી.

મુમુક્ષુ :- એ ભાઈ કહેતા હતા કે, 'કાનજીસ્વામી' સો ટકા સાચું કહે છે પણ મારી જીદ મૂકાતી નથી, પણ મેં જે વિરોધનો ઝંડો લીધો છે ને તે મુકાય એમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને લાભ નુકસાનની દરકાર નથી. એનો અર્થ એ છે કે લોકસંજ્ઞા આડે જીવને લાભ નુકસાન – પોતાના આત્માનું લાભ નુકસાન દેખાતું નથી. જે સમાજ ઉપર એની નજર છે, જે ટોળા ઉપર એની નજર છે એ અલ્પ સંખ્યામાં હોય છે. જગતની વસ્તી પાસે બહુ અલ્પ સંખ્યાનું એક ટોળું હોય છે એમાં પોતાનું સ્થાન આવું આગળ છે એમ કલ્પી લીધેલું છે. એ સ્થાનને ટકાવવા, એ સ્થાનને નભાવવા, એ સ્થાનમાં વધારે ને વધારે મજબૂત થવા એટલી હદે અનર્થદંડરૂપ પ્રવૃત્તિ કરે કે આત્માર્થીને એ પોસાય નહીં. ૧૪૧ (બોલ પૂરો) થયો.

મુમુક્ષુ :- આવા મુનિઓ હોય એ 'ગુરુદેવ' અને 'માતાજી'એ બતાવ્યું. ભાવલિંગી સંતો આવા હોય એમ. આચાર્ય થયા પછી કેટલા વર્ષો પછી બહાર આવ્યું ને ! નહીંતર તો બધા દ્રવ્યલિંગીને જ મુનિ માનતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- માને જ છે. માનતા હતા ને માને જ છે. દ્રવ્યલિંગી પણ નથી. શુદ્ધ દ્રવ્યલિંગ પાળે એને દ્રવ્યલિંગી કહેવાય. દ્રવ્યલિંગ પણ કોઈ શુદ્ધ પાળતું નથી. એવું છે. પછી જરાક કઠણ પડે એવો વિષય થઈ જાય છે. કઠણ પડે કે ન પડે એ વિષય તો જોવામાં આવે નહીં. સત્યનું સ્થાપન તો નિર્ભિકપણે સત્યની આરાધના અર્થે કરવામાં આવે છે.

**હંમેશાં આત્માને ર્ધ્વ રાખવો. ખરી જિજ્ઞાસા હોય તેને પ્રયાસ થયા વિના રહેતો નથી. ૧૪૨.**

૧૪૨. '**હંમેશાં આત્માને ર્ધ્વ રાખવો.**' બહુ મહત્વની પ્રેરણા છે આ બોલમાં. કેટલાક

બોલ તો બહુ ટૂંકાં છે પણ સૂત્ર જેવા, સૂત્ર સિદ્ધાંત જેવા મહત્વના છે. હંમેશાં (એટલે) કોઈ સમયને બાદ કરવાનો વિષય નથી, અપવાદનો વિષય નથી કે એની અંદરથી અપેક્ષાવાદ લગાડીને અપેક્ષા લગાવવાનો પણ વિષય નથી. **'હંમેશાં આત્માને ર્ધ્વ રાખવો.'** આત્મહિતને ર્ધ્વ રાખવું. મારું હિત થાય અને મારું આત્મહિત સધાય જેને આત્માર્થ કહેવામાં આવે છે, આત્માનું પ્રયોજન, અર્થ નામ પ્રયોજન, આત્માનું પ્રયોજન સિદ્ધ થાય તેને આત્માર્થ કહેવામાં આવે છે. આત્માર્થીને આત્મા જ ર્ધ્વ છે અને જે આત્માર્થી નથી એને સંસાર અને અનાત્મા ર્ધ્વ છે. ર્ધ્વ એટલે મુખ્ય. ર્ધ્વ એટલે આગળ, આગળ એટલે મુખ્ય. અહીંયાં કહે છે કે હંમેશાં આત્માને જ ર્ધ્વ રાખવો, આત્મહિતને જ મુખ્ય રાખવું. આત્મહિતમાં જ આત્મા મુખ્ય છે આત્મહિત જ્યાં જોવાતું નથી ત્યાં આત્મા મુખ્ય રહેતો નથી.

પ્રશ્ન :– સ્યાદ્‌વાદમાં કાંઈ ઢીલું ન પડે ?

સમાધાન :– આ સ્યાદ્‌વાદનું તાત્પર્ય છે. અથવા સ્યાદ્‌વાદ – અનેકાંતપણે કથન છે જે વાદની અંદર, એવા સ્યાદ્‌વાદની અંદર સમ્યક્ એકાંતરૂપ આ કથન પણ છે. એકાંતરૂપ દેખાય છે પણ એ સમ્યક્ એકાંતરૂપ આ કથન છે અને એ સમ્યક્ એકાંતરૂપ નિજહિતને અર્થે પેલું અનેકાંત કહેવામાં આવ્યું છે. નિજહિતના હેતુના અર્થે અનેકાંતરૂપ વચન કહેવામાં આવ્યું છે. એ 'શ્રીમદ્‌જી'એ કહ્યું ને ૨૯માં વર્ષમાં ? અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજહિતના હેતુથી હેતુત્વની પ્રાપ્તિ માટે જ ઉપકારી છે, સિવાય અન્ય હેતુએ ઉપકારી નથી.

મુમુક્ષુ :– 'સોગાનીજી'ને આ વચનામૃત બહુ જ ગમ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બહુ પ્રસન્ન થયા હતા. હિન્દીભાષી ક્ષેત્રમાં તો ઘણા જ્ઞાનીઓ થયા છે. ગુજરાતીભાષી ક્ષેત્રમાં એટલા જ્ઞાનીઓની પ્રસિદ્ધિ નથી. છેલ્લા બસો-અઢીસો વર્ષોમાં જેટલા જ્ઞાનીઓ થયા એમાં 'શ્રીમદ્‌જી' છે, 'ગુરુદેવ' અને 'બહેનશ્રી' છે. ત્યાં ઘણાં જ્ઞાનીઓ થયા. ('સોગાનીજી') ગુજરાતી વાંચી શકતા હતા, બોલી નહોતા શકતા. વાંચતા હતા બરાબર કેમકે અહીંથી ગુજરાતી 'આત્મધર્મ' જતું હતું એ વાંચતા હતા, 'શ્રીમદ્'નો ગ્રંથ પણ ગુજરાતીમાં વાંચતા હતા. ગુજરાતીમાં આવું વચન જોઈને ઘણી પ્રસન્નતા થયેલી. લોકો અનેકાંતના નામે ક્યાંનું ક્યાં ખતવી નાખે છે ! આ 'શ્રીમદ્‌જી'એ ગજબનો સરવાળો માર્યો છે કે અનેકાંત અને સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ સિવાય અન્ય હેતુએ ઉપકારી

જરાપણ નથી. એ નિજપદની પ્રાપ્તિના હેતુ સિવાય અનેકાંત વચનનો ઉપયોગ કરે તો એ તો અનેકાંતનો દુરુપયોગ છે, એ સાચું અનેકાંત નથી. ત્યાં મિથ્યા અનેકાંત થઈ જાય છે. એની ચૌભંગી છે. અનેકાંત સમ્યક્, અનેકાંત મિથ્યા. એકાંત સમ્યક્ અને એકાંત મિથ્યા. એમાં શું છે કે એકલું એકાંત ને અનેકાંત એમ કીધે રાખે એ ચાલે એવું નથી.

આત્મા સ્વનું કાર્ય કરે, પોતાની પર્યાયને પણ કરે અને આત્મા બીજા પદાર્થની પર્યાયને પણ કરે (એમ) અનેકાંત થયું કે ન થયું ? કે એ મિથ્યા અનેકાંત થયું. આત્મા સ્વ પર્યાયને કરે અને પર પર્યાયને ન કરે તે સાચું અનેકાંત છે. પણ બે રીતે ખેંચી જાય. મિથ્યા અનેકાંતને અનેકાંત માનીને ખેંચી જાય. આત્મા કથંચિત્ આત્માનું કરે અને આત્મા કથંચિત્ દેહનું પણ કરે. જુઓ ઇચ્છા થઈ અને આંગળી ઊંચી કરી, માટે આત્માએ આત્માનો વિકલ્પ પણ કર્યો (અને) આંગળીને ઊંચી કરવાનું કામ પણ કર્યું. કથંચિત્ આત્માનું કામ કર્યું, એક પર્યાયમાં કથંચિત્ શરીરનું કામ કર્યું. એ ખોટી વાત છે. એ મિથ્યા અનેકાંત છે. પરમાણુએ આંગળીની અવસ્થાનું કાર્ય કર્યું છે. આત્માએ જરાપણ એમાં કાંઈ કર્યું નથી. કેમકે પરમાણુના કોઈપણ અંશમાં, ભેદમાં ક્યાંય આત્માનું વ્યાપ્યવ્યાપકપણું નથી. સંયોગથી એમ કહેવાય કે વ્યવહારે આ દેહમાં આત્મા વ્યાપેલો છે. નિશ્ચયથી આત્મા દેહના કોઈ રજકણમાં વ્યાપેલો નથી. બધા જ રજકણો જડના જડ રહ્યા છે. ચેતન ચેતન સ્વરૂપે રહ્યો છે. ચેતન અને જડ ક્યારેય ભળ્યા નથી.

હંમેશાં એટલે સર્વ ઉદયના કાળમાં, એમ લેવું. હંમેશાં એટલે માત્ર કાળ પકડવો એમ નહીં પણ ધારાવાહી આઠેય કર્મનો ઉદય છે, કોઈ ક્ષણે ઉદય વિનાનો જીવ નથી અને આ જીવ ઉદયમાં ભૂલ કરે છે એટલે ઉદયમાં ઉદયને મુખ્ય કરે છે એવી ભૂલ કરે છે. ઉદયની મુખ્યતામાં આત્માને ખોય નાખે છે. કહે છે કે, આ લટું છે, તદ્દન વિપરીત છે. સર્વ ઉદયમાં – હંમેશાં એટલે સર્વ ઉદયમાં એક પોતાના આત્મહિતને મુખ્ય કરવું, આત્માને જ મુખ્ય રાખવો, આત્માને જ ર્ધ્વ રાખવો, બાકી બધું ગૌણ રાખવું. પણ બીજું કાર્ય કરે અને આત્મા મુખ્ય રહે ? (તો કહે છે), હા. એવું બને જ છે.

વેપારી ઘરાકને સારામાં સારો ઊંચામાં ઊંચો બદામ પિસ્તાનો આઈસક્રીમ મગાવીને ખવડાવે અને બે પ્લેટ ખવડાવ્યા પછી પણ (કહે), લ્યો, લ્યો તમને બહુ ભાવે છે, પસંદ પડે છે, ત્રીજી ખાવ એમ કહે. મફત આવે છે કાંઈ ? તો ત્યાં પૈસા દેવાની, નુકસાન કરવાની મુખ્યતા છે કે કમાણી કરવાની મુખ્યતા છે ? ત્રણ શું પાંચ ખાય નહીં. જેટલો ખાશે એટલો

શરમાશે. કેવો હિસાબ ગણે છે. સંસારમાં તો જીવ બહુ ચતુર છે. 'અનુભવપ્રકાશ'માં 'દિપચંદજી'એ તો ચાબખા માર્યા છે કે, સંસાર ચતુરીનો ચતુર આ જીવ પરિભ્રમણની અંદર ગોથા ખાય છે, પોતાની ચતુરાઈ કરી કરીને. એના ફળ તો પરિભ્રમણમાં જન્મ-મરણમાં ગોથા ખાવાનું છે. ત્યાં બધી વિચક્ષણતા લગાવે છે.

અહીંયાં પણ બીજા કાર્યોના અથવા લટા કાર્યોના કાળે પણ આત્માને ર્ધ્વ રાખી શકાય છે. જો આત્મા ઉપર લક્ષ હોય તો આત્મા ર્ધ્વ રહે છે, આત્મા ઉપર લક્ષ ન હોય તો આત્મા ર્ધ્વ રહેતો નથી, ગૌણ થઈ જાય છે.

પ્રશ્ન :- જમતા હોઈએ ત્યારે આત્માને કેવી રીતે ર્ધ્વ રાખે ?

સમાધાન :- જમતી વખતે જ્ઞાનનો સ્વાદ આવે છે, ભિન્ન જ્ઞાનનો સ્વાદ આવે છે. પુદ્‌ગલ પરમાણુનો ખારો, ખાટો, તીખો, ગળ્યો જે સ્વાદ જણાય છે એનાથી પોતે જુદો છે એમ એમાં નિરસપણું (કેળવે). એનો સ્વાદ મને આવી શકતો નથી, હું લઈ શકતો નથી, એને ભોગવી શકતો નથી, એમાં હું વ્યાપી શકતો નથી, એને હું વેદી શકતો નથી, પ્રત્યક્ષ એનાથી હું ભિન્ન જ છું. એમ બરાબર પોતાના આત્માને ર્ધ્વ રાખી શકાય છે. ભિન્ન આત્માને ભિન્નપણે ર્ધ્વ રાખવો એવું કોઈપણ ઉદયના પ્રસંગમાં કરી શકાય છે.

પ્રશ્ન :- 'મહાવીરસ્વામી' ભગવાનની પૂજા કરતા હોઈએ ત્યારે ?

સમાધાન :- ગમે તે કરતા હો જ્ઞાન જ થાય છે. અંદરમાં આત્માને સિવાય જ્ઞાન કાંઈ થાતું નથી. ભગવાન ભગવાનમાં છે અને રાગ રાગમાં છે, જ્ઞાયક એવો આત્મા જ્ઞાયકમાં છે. જ્ઞાયક ઉપર વજન હોવું જોઈએ અને જ્ઞાયકની ર્ધ્વતા હોય તો બીજું બધું આપોઆપ થાય છે, કરવું પડતું નથી. અને એ કરવામાં જ્ઞાયકને રસ પણ નથી. જ્ઞાયકનો રસ જ્ઞાયકને જ્ઞાયકમાં છે – આમ એને આત્મા ર્ધ્વ થઈ જવો જોઈએ. આત્મા ર્ધ્વ થઈ જવો જોઈએ.

આ એક વચનમાં તો બહુ મર્મ ભર્યો છે. શું કહે છે ? કે, કોઈ એમ કહે હવે બીજી લીટી છે એ પ્રશ્નનો ઉત્તર છે. આત્માને ર્ધ્વ રાખવો વાત તો બહુ ઊંચી અને સરસ લાગે છે પણ અમને આત્મા ર્ધ્વ રહેતો નથી એનું કરવું શું ? આ એનો ઉત્તર છે હવે. **'ખરી જિજ્ઞાસા હોય...'** તો આત્માને ર્ધ્વ રાખવાનો **'પ્રયાસ થયા વિના...'** પ્રયત્ન થયા વિના, પુરુષાર્થ થયા વિના **'રહેતો નથી.'** પૂછવું ન પડે ને જવાબ મળે એવું છે. ર્ધ્વ રાખવો બરાબર છે બહુ સરસ, બહુ સરસ પણ કરવું શું ? હવે થાતું નથી. ભાઈ ! તું બીજાની મુખ્યતા કરે છે. જરા પણ જાગૃતિ રાખ્યા વિના તું બીજાની મુખ્યતામાં આવી જાય છે

અને એ કાળે જરાપણ સાવધાની રાખતો નથી. ઉદયકાળે જરાપણ સાવધાન થતો નથી. જ્યારે તને તું નુકસાન કરે છો ત્યારે પણ તને નુકસાનીનો અચકાટ આવતો નથી.

માણસ એમ કહે છે ને કોઈ વધારે પડતો ખર્ચ કરે તો એમ કહે કે એને જરાક ક્ષોભ થવો જોઈએ, અચકાટ થવો જોઈએ કે આપણને પાછું પાછળ તકલીફ પડશે. એમ આને કાંઈ પાછળ કે અત્યારે તકલીફ પડશે એવી સાવધાનીનો અંશ જ રહેતો નથી. ત્યારે એનો કેટલો ઉદયમાં રસ હશે એનું માપ કાઢવું જોઈએ. એટલો ઉદયભાવમાં રસ છે કે, એને આ વાત સાંભળી છે તોપણ એને એની સાવધાનીનો અંશ ઉત્પન્ન થતો નથી. એટલે એમાં એને નિરસપણું થવાનું કે રસ ઉપર ઘા પડે એવું કાંઈ બનતું નથી. એનો અર્થ કે એણે ભાવથી શ્રવણ કર્યું નથી. જે ભાવે એને શ્રવણ કરવું જોઈએ, ભાવશ્રુત થાય; ખરેખર તો ભાવશ્રુતની એક અપેક્ષા એવી છે, એક ન્યાય એવો છે કે એવા ભાવે શ્રુત શ્રવણ કરે, શ્રુત એટલે આત્માને સાંભળે, આત્માના વીતરાગ સ્વભાવને સાંભળે, મહિમાવંત સ્વભાવને સાંભળે કે આત્માને સાંભળતા સાંભળતા ભાવશ્રુતજ્ઞાન પ્રગટે. એવા રસથી સાંભળે તો એને ભાવશ્રુત પ્રગટે. એ ભાવશ્રુત પ્રગટવું તો આગળની વાત છે પણ એવા ભાવથી તો સાંભળે કે એથી વિરુદ્ધ વર્તના થતાં એને સાવધાની આવે, જાગૃતિ આવે કે, આ નહીં, આ નહીં. મારા આત્માને આ નુકસાનનું કારણ છે. એમ એને અંદરમાં જો જાગૃતિ આવે તો એ એની જિજ્ઞાસાને સૂચવે છે. એને પ્રાપ્તિની ભાવના અથવા પ્રાપ્તિની જિજ્ઞાસા છે ત્યાં એને એ પ્રકાર ઉત્પન્ન થાય છે. ખરી જિજ્ઞાસા હોય તો એમ થાય જ અને ઉપર ઉપરથી સાંભળ્યું હોય તો એને કાંઈ થાય નહીં. એ બન્ને વાત લઈ લીધી છે.

આત્માને ર્ધ્વ રાખવો અને આત્માને ર્ધ્વ રાખવાની સમસ્યા હોય તો ક્યા પ્રકારની તારા પરિણામમાં ખામી વર્તે છે, ક્ષતિ વર્તે છે એનું પણ સ્પષ્ટીકરણ છે કે તારી જિજ્ઞાસા પણ સાચી નથી. જો તું સાંભળે છે છતાં સાચી જિજ્ઞાસાથી અને સાચી ભાવનાથી સાંભળતો નથી તો ઓછામાં ઓછું બીજું તને થોડું પૂછી લઈએ કે, તું હવે ક્યા હેતુથી સાંભળે છો એ તું અંતર તપાસ કરી અને તારા હિત-અહિતને વિચારી લેજે, અમને કહેવાની જરૂર નથી. અમારે જાણવાની પણ જરૂર નથી. તું અહીંયાં સાંભળે છો તો સાંભળવામાં તારો શુદ્ધ હેતુ તારા આત્માને ર્ધ્વ રાખવાનો હોવો જોઈએ, તારા આત્માને બચાવવાનો હોવો જોઈએ, તારા આત્માને તારવાનો હોવો જોઈએ. એવી જો જિજ્ઞાસા ને એવી જો ભાવના નથી તો અંતર તપાસ કર કે બીજા ક્યા હેતુથી તું આ પ્રવૃત્તિમાં છો ? જો કોઈ અન્ય

હેતુ હોય તો આત્માને બહુ મોટા નુકસાનનું કારણ છે. એમ સમજીને પાછું વળવા જેવું છે.

આ તો અંદરમાં ને અંદરમાં ફેરફાર કરવાનો છે કોઈને કહેવાની કાંઈ જરૂર નથી. પોતે ને પોતે પોતાના હિત માટેનો રસ્તો પકડે. આ તો ઝાઝા ભેગા થાય એટલે વાતો થાય નહીંતર ખરેખર તો કામ એકલાને જ કરવાનું છે. જો કે દોષ પણ એકલો જ કરે છે અને ગુણ પણ એકલો જ કરે. ધર્મ તો વ્યક્તિગત ચીજ છે, ધર્મ એ કોઈ સમષ્ટિગત ચીજ નથી. એ સમાજની ચીજ જ નથી. આ તો પાપ પણ એકલો કરે છે વ્યક્તિગતપણે, પુણ્ય પણ એકલો વ્યક્તિગત કરે છે અને ધર્મ કરે તોપણ એ વ્યક્તિગત જ કરવાનો. ૧૪૨ (બોલ પૂરો) થયો. પાંચ મિનિટ છે.

**સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે. આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય છે. ૧૪૩.**

૧૪૩. '**સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે.**' શું કહે છે ? મુમુક્ષુજીવને એક માર્ગદર્શન છે કે, જે જીવ આત્મસ્વરૂપની શોધમાં તન્મય થાય, ઊંડો તરે એ અવસ્થામાં એને અનેક જાતના વિકલ્પો ઉત્પન્ન થાય છે, વિચારો આવે છે એવી જે સામાન્ય પરિસ્થિતિ છે એમાંથી એક વિશિષ્ટ પરિસ્થિતિ ઉત્પન્ન થાય છે અને એ પરિસ્થિતિને આત્માની સન્મુખદશા, સ્વરૂપ સન્મુખની દશા, સમ્યક્ત્વ સન્મુખની દશા કહેવામાં આવે છે.

હવે વ્યવસ્થિત વિષય કેવી રીતે છે કે ક્યો આત્મા આત્માની સન્મુખ થાય છે એમ જો વિચારવામાં આવે તો જે સ્વરૂપની શોધમાં છે અને તન્મયપણે, ઉગ્રપણે સ્વરૂપની શોધમાં છે એ આત્માની સન્મુખ થાય છે. બીજા ખંડન-મંડનની ભાંજગડમાં પડવા કરતા 'શ્રીમદ્જી' એમ કહે છે કે, સ્વરૂપની શોધમાં જે જીવ વર્તે છે કદાચ એનો મોક્ષ વહેલો છે એમ કહે

છે. કદાચ એટલે શું ? કે, ઓલો કદાચ માર્ગ બદલી નાખે અને આગળ વધી જાય પણ અત્યારે તો આ આગળ છે. મોક્ષ ભવિષ્યમાં થવાનો છે પણ અત્યારે તો જે સ્વરૂપની શોધમાં છે એ આત્માની સન્મુખ થશે એને આત્મપ્રાપ્તિ થશે. 'આત્મસિદ્ધિ'માં એવી વાત લીધી છે કે જે સદ્‌ગુરુના, સત્પુરુષના પ્રત્યક્ષ સમાગમમાં વર્તે છે એ કેવી રીતે વર્તે છે કે જેને અંતર શોધ વર્તે છે તે. કોને સદ્‌ગુરુનો ઉપદેશ સુહાય છે અથવા કોને એ સદ્‌ગુરુનો ઉપદેશબોધ લાગુ પડે છે ? કે જેને અંતરશોધ વર્તે છે એને.

મુમુક્ષુ :– આવે જ્યાં એવી દશા સદ્‌ગુરુ બોધ સુહાય તે બોધે સુવિચારણા...

પૂજ્ય ભાઈશ્રી :– 'વર્તે અંતર શોધ' એમ કરીને છે. બોધ અને શોધ, એવું પદ છે. 'સેવે સદ્‌ગુરુ ચરણને ત્યાગી દઈ નિજ પક્ષ' પોતાનો અભિપ્રાય છોડીને. 'પામે તે પરમાર્થને નિજપદનો લે લક્ષ.' પોતાના આત્માને લક્ષે નિજપદની પ્રાપ્તિ થાય છે. ગાથા ૧૦૯. 'તે જિજ્ઞાસુ જીવને...' ત્યાં પણ જિજ્ઞાસા લીધી છે. 'તે જિજ્ઞાસુ જીવને, થાય સદ્‌ગુરુબોધ, તો પામે સમકિતને, (જો) વર્તે અંતરશોધ.' અહીંયાં પદ મેળવવા માટે 'જો' અધ્યાહાર છે. પ્રાસ મેળવવા માટે આગળનું પદ પાછળ, પાછળનું પદ આગળ એમ કર્યું છે. તે જિજ્ઞાસુ જીવ હોય, અંતર શોધ વર્તતી હોય એને સદ્‌ગુરુનો બોધ થાય અને એ સમકિતને પામે. એ રીતે છે. વિશેષ લઈશું.

L O L

## તા. ૨૬-૦૬-૧૯૮૭, વચનામૃત-૧૪૩,૧૪૪, ૧૪૫
## પ્રવચન નં. ૧૧૦

પાનું ૪૫. ૧૪૩ બોલ (ચાલે) છે. **'સ્વરૂપની શોધમાં તન્મય થતાં, અનેક જાતની વિકલ્પજાળમાં ફરતો હતો તે આત્માની સન્મુખ થાય છે.'** શું કહે છે ? ક્યો જીવ સ્વરૂપ સન્મુખ થાય છે ? જે અંતરંગમાં પોતાનું મૂળ સ્વરૂપ શોધી રહ્યો છે એવો જીવ સ્વરૂપની સન્મુખ થાય છે. એ સન્મુખ થવાના કાળમાં અનેક પ્રકારના વિકલ્પો ચાલતા હતા એ વિકલ્પોમાંથી એક એવું પરિણામ આવ્યું કે જેને લઈને જીવ આત્મસન્મુખ થયો – સ્વરૂપસન્મુખ થયો. સ્વરૂપની શોધ કરે છે, જે સ્વરૂપને શોધતો હોય છે એને સ્વરૂપસન્મુખ થવાનો પ્રસંગ છે.

સ્વરૂપસન્મુખ જીવ ત્યારે થાય છે કે જ્યારે એને સ્વરૂપ દર્શાવનાર મળે અને સ્વરૂપનો પત્તો લાગે. સ્વરૂપ દર્શાવનાર તો અનંતવાર મળ્યા છે પણ પોતે પાત્ર થઈને પોતાના સ્વરૂપની શોધ કરતો નથી ત્યાં સુધી એને સ્વરૂપ સન્મુખતા થતી નથી. પ્રથમ સ્વરૂપ સન્મુખતા થાય છે પછી અભેદ અનુભવ થાય છે. એટલે એ વિષય લીધો છે.

તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં બીજી ક્રિયા તો નિમિત્તભૂત પણ નથી પણ તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં પોતાના સ્વરૂપની અંતર શોધનો દૃષ્ટિકોણ હોય તો જીવ સ્વરૂપ સન્મુખ થાય છે અને તો એ આગળ વધીને અનુભવમાં આવે છે, નહીંતર સ્વરૂપ સન્મુખ થવાનો અવસર આવતો નથી. એટલે આ એક ખાસ વાત લીધી છે. મુમુક્ષુ જીવને માર્ગદર્શન આપ્યું છે કે, તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરવાના કાળમાં અનેક પ્રકારના – અનેક જાતના વિકલ્પ ઠશે, એ વિકલ્પની જાળમાં તારે ગૂંચવાઈ જવું ન હોય તો આ એક રસ્તો છે અને આ એક જ રસ્તો છે અને બીજો કોઈ રસ્તો નથી. કેમકે માર્ગ તો એક જ હોય હંમેશા ત્રણ કાળે.

આ એક માર્ગદર્શન છે. કેમકે અનેક નયથી, અનેક ન્યાયથી, અનેક ગુણધર્મોથી, અનેક પડખાંથી વસ્તુના સ્વરૂપને કહેવાય છે અને એ સંબંધીના વિકલ્પો સમજવાના કાળમાં આવે છે ત્યારે વિકલ્પજાળથી છૂટા પડીને નિર્વિકલ્પ સમ્યક્દર્શન થવા અર્થે માત્ર વિકલ્પજાળને વધાર્યા કરે તો એ વિકલ્પનું આરાધન થશે. વિકલ્પનું સાધન કાંઈ ખરેખર કામ આવતું નથી. નિર્વિકલ્પ આત્મસન્મુખ થવા અર્થે એને અંતરંગમાં શોધ હોવી જરૂરી છે. આ એક મહત્વનો મુદ્દો લીધો છે અહીંયાં.

સ્વરૂપ દેખાડનારા મળવા છતાં સ્વરૂપ કેમ મળ્યું નથી અથવા સ્વરૂપ કેમ જોયું નથી કે સ્વરૂપનો પ્રતિભાસ કેમ આવ્યો નહિ ? બુદ્ધિશક્તિ, ક્ષયોપશમ શક્તિ હોવાથી વાત પકડી લ્યે કે દ્રવ્ય-ક્ષેત્ર-કાળથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી, દ્રવ્ય-ગુણ-પર્યાયથી, ગુણ-ગુણી ભેદથી આત્માનું સ્વરૂપ આવું છે. આગમ અનુસાર છે એ બધું. નય, પ્રમાણ, નિક્ષેપ એ બધા એના સમજવાના પદ્ધતિસરના સાધનો છે. પણ એ સમજવાના કાળમાં જો અંતરશોધ હોય કે મારું સ્વરૂપ, મારું સ્વરૂપ કેવું ? એની કોઈ અપૂર્વ જિજ્ઞાસાથી શોધ ચાલતી હોય તો જ એને સ્વરૂપ દેખાડનારા મળે અને મળે ત્યારે એને સ્વરૂપનો પ્રતિભાસ આવે અને આત્મસન્મુખ થાય. નહીંતર દેખાડનારા મળે પણ એ એને ઉપરથી ચાલ્યું જાય. સાંભળનારને ઉપરથી ચાલ્યું જાય છે કેમકે એને શોધ નથી.

શોધે છે કોણ ? કે, જેને જરૂરિયાત છે એ શોધે છે. કોણ શોધે છે ? જરૂરિયાતવાળો શોધે છે. એટલે જરૂરિયાત છે ત્યાં એનો પત્તો લાગે છે. જરૂરિયાત વિના એનો પત્તો લાગતો નથી. જરૂરિયાત વિના તત્ત્વજ્ઞાનનો શું કરવા અભ્યાસ કરે ? કે, અવાન્તર હેતુ પણ એની અંદર થઈ જાય છે, બની જાય છે. કોઈ કોઈ ઓઘસંજ્ઞાએ કરે છે, કોઈ લોકસંજ્ઞાએ કરે છે, કોઈ અવગુણીના સંગમાં પ્રીતિ રાખીને પણ કરે છે.

'શ્રીમદ્જી'એ આ ત્રણ વાત લીધી છે કે આત્મસ્વરૂપનો નિશ્ચય નહીં થવામાં – પ્રતિભાસ નહીં થવામાં –આત્મસન્મુખ નહીં થવામાં જીવને શું કારણ છે ? કે કાં તો ઓઘસંજ્ઞાએ ચાલે કે આપણા સંપ્રદાયમાં અથવા આપણા સમાજમાં, આપણા મંડળમાં – 'ગુરુદેવ'ના મુમુક્ષુઓમાં તો સ્વાધ્યાયની પદ્ધતિ છે બીજી ક્રિયાની પદ્ધતિ નથી, વ્રત-ઉપવાસની પદ્ધતિ નથી. બીજી કોઈ મુખ્યતાવાળી વાત નથી, સ્વાધ્યાયની મુખ્યતા છે માટે આપણે ફરી ફરીને સ્વાધ્યાયનો પ્રોગ્રામ રાખવો અને સ્વાધ્યાયમાં બેસો અને સ્વાધ્યાય કર્યા કરો. એમ ને એમ પરંપરા ચલાવવા માટે પરંપરાગત અનુસરવા માટે જે જીવો પરંપરામાં સામેલ થઈ જાય છે

એ ઓઘસંજ્ઞાએ ચાલે છે અને લોકને સમાજને મુખ્ય કરીને એની દૃષ્ટિમાં બધી મૂલવણી કરવામાં આવે તો એ લોકસંજ્ઞાએ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે છે. એને પણ સ્વરૂપ પ્રતિભાસતું નથી. અને ગુણ પ્રાપ્તિનો હેતુ છે એવો હેતુ હોવા છતાં અવગુણનો ખ્યાલ આવે એવા અવગુણી જીવની પ્રીતિથી સંગ કરવો, અવગુણીઓ પ્રત્યે પ્રેમ રાખવો, રાગ રાખવો, પ્રીતિ રાખવી એનો સંગ કરવો એ આત્મસ્વરૂપને નહીં પ્રતિભાસવાનું કારણ છે. બુદ્ધિશક્તિથી સમજે, પકડી લ્યે કે આમ આત્માનું સ્વરૂપ કહેવા માગે છે પણ એને પ્રતિભાસ થઈને સ્વરૂપ સન્મુખ થાય એવું કદી બની શકે નહીં. એમણે આ ત્રણ કારણો એક પત્રમાં લીધા છે.

મુમુક્ષુ :– અવગુણીનો સંગ..

પૂજ્ય ભાઈશ્રી :– હા, એને અસત્સંગ કહ્યો છે. એમની ભાષામાં એમણે અસત્સંગ કહ્યો છે. અસત્સંગ એટલે શું ? કે, અવગુણીનો સંગ. સંગ કરવો તો ગુણવાનનો કરવો એવું વિધાન છે, એવું ફરમાન છે. એવું ફરમાન છે કે સંગ કરવો તો સમગુણીનો કરવો કાં વિશેષ ગુણીનો કરવો પણ અવગુણીનો સંગ ન કરવો. જ્ઞાની હોય એ અવગુણીનો સંગ કરે, પ્રીતિ રાખે તો પડી જાય, પતન થઈ જાય. એટલું બધું દોષનું એ કારણ છે. કેમકે ત્યાં દોષદૃષ્ટિ ભી થાય છે, દોષનો પક્ષપાત ભો થાય છે ત્યાં ગુણનો પક્ષપાત માર્યો જાય છે, ખલાસ થઈ જાય છે.

પ્રશ્ન :– પ્રીતિથી સંગ કરવો એમાં શું કહેવા માગો છો ?

સમાધાન :– પ્રીતિથી સંગ કરવો એટલે કોઈ વખત ગુણવાનના સંગમાં અવગુણી આવે. ગુણવાન હોય એના સંગમાં અવગુણી આવે પોતાના અવગુણ મટાડવા માટે તો એમાં ગુણીએ અવગુણીનો સંગ કર્યો છે એમ કહી શકાય નહીં, એમ લાગુ પાડી શકાય નહીં – એમ. પણ એવા અવગુણી જ્યારે ગુણવાનના સંગમાં આવે ત્યારે ગુણવાન એના ઉપર પ્રીતિ કરે, રાગ કરે, પક્ષ કરે તો એ તો એનું પોતાનું પતન થાય કે આ મને અનુસરે છે, આ મારી પ્રશંસા કરે છે ભલે અવગુણી છે પણ મારી પ્રશંસા કરે છે, મને અનુસરે છે, બધી વાતમાં મને સાથ આપે છે માટે લાવ એનો પક્ષ કરું. (એમ કરે તો) એનું પોતાનું પતન થાય. આ સિદ્ધાંત છે. આ તો ૯૯-૧૦૦ વર્ષ પહેલાં લખેલા, ૯૦-૧૦૦ વર્ષ પહેલાં લખેલા પત્રનો વિષય છે અને એ સિદ્ધાંત છે, આ અનુભવથી સિદ્ધ થયેલા સિદ્ધાંતો છે.

મુમુક્ષુ :– પરિવારમાં સગાંસંબંધી અવગુણી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિવારનો સંગ તો અમસ્તોય પાપના પોટલાનું જ કારણ છે. પરિવારની પ્રીતિ, સંગ એટલે પ્રીતિ, કેમકે આ મારા છે અને આ સિવાયના બીજા મારા નથી. આમની અનુકૂળતા મારે સાચવવાની છે કેમકે એ મારી અનુકૂળતા સાચવનારા છે. કોઈવાર તો એ સાચવનારા નથી પણ હોતા પણ છતાંય આ જીવને એક સંસ્કારવશ મમત્વ હોય છે કે ભલે એ મારી અનુકૂળતા ન સાચવે પણ હવે અંતે આપણો દીકરો છે, અંતે આપણો ભાઈ છે ને આપણો ફલાણો છે માટે એનો રાગ, એની પ્રીતિ, એનો પક્ષ કરવો. એ તો અમસ્તુ પણ પરિવારનું મમત્વ તો શુભનું પણ કારણ નથી, પુણ્યબંધનું કારણ નથી એ તો પાપબંધનું કારણ છે ચોખ્ખે ચોખ્ખું. પ્રીતિ રાખવાનો પ્રશ્ન નથી રહેતો. અને સંગ કરવામાં તો શું છે કે ખાસ કરીને આ વિષયની અંદર જેમ સત્સંગ કરે અને સાથે સાથે એનો અસત્સંગ પણ કરે - એનો સંગ કરે, એના પ્રત્યેનો પ્રેમ મમત્વ એ બધું જીવને ચોક્કસ નુકસાનનું કારણ છે. ખચિત નુકસાનનું કારણ છે. એ વિચારવા જેવું તો છે કે પરિવારનો વિષય તો એમ ને એમ એ પોપડું ખેડ્યા વગરનો રાખવો, આળું ગૂમડું છેને એટલે ત્યાં તો કાંઈ સ્પર્શ કરવા દેવો નહીં, એ પરિવારની વાત બહુ વિચારવી નહીં, બીજી બધી વાત કરો કે આ ભાઈ ગુણવાન છે કે આ ભાઈ ગુણવાન છે ? - એમ મુમુક્ષુમાં જ તારવણી કરવી એમ નહીં. એ તો જ્યાં એને સંગ કરવો છે, જ્યાં એની પ્રીતિ ને રાગ જાય ત્યાં એણે આ વિચાર કરવા જેવો છે. સંસારથી છૂટવું છે તો છૂટવાના ઉપાય જ લેવા પડશે. ન છૂટવું હોય તો એનો કોઈ ઉપાય નથી અને એને માટે જ્ઞાનીઓને કોઈ વાત કહેવાની ફૂરસદ પણ નથી. છૂટવું હોય એને માટે વાત છે.

પ્રશ્ન :- આમાં કેટલું બધું ધ્યાન રાખવું ?

સમાધાન :- દુકાને જાવ તો કેટલું ધ્યાન રાખો છો ? નોકર ચોરી ન કરે, ઘરાક આવે ઇ ચોરી ન કરે, ઘરાક છેતરી ન જાય, ફેરિયા આવે ઇ ધ્યાન રાખવું, હજાર માણસ નીકળે તો હજારનું ધ્યાન રાખવું ? તમારે રસ્તા ઉપર દુકાન હોય ને હજારો માણસ નીકળે તો બધાયનું ધ્યાન રાખવું ? કે, હા ! આપણી સહિસલામતી રહે એટલું તો બધાયનું ધ્યાન રાખવું. પોતે સલામત રહે ને પોતાને નુકસાન ન પહોંચે એટલું તો બધાયનું ધ્યાન રાખવું કે નહીં ? કે હજાર નીકળ્યા એમાં પાંચસોનું રાખવું અને પાંચસો ભલે ગમે એમ કરી જાય એનો વાંધો નહીં. અહીં તો લાભ-નુકસાનનો સવાલ છે, પોતાના લાભ-નુકસાનનો પ્રશ્ન છે.

પ્રશ્ન :- અવગુણીના દોષ દૂર કરવા માટે એનો સંગ કરે તો ?

સમાધાન :- દોષ દૂર તો એને કરવા છે કે તમારે કરવા છે ?

મુમુક્ષુ :- ચર્ચામાં મૂકીને કરે તો થોડુંક એને એમ થાય...

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત શું છે કે પોતે એના પ્રત્યે અનુરાગ રાખે તો પોતાને નુકસાન થાય. એ (સામેની વ્યક્તિ) અનુરાગ રાખે એનો વાંધો નહીં. પોતે અનુરાગ રાખે તો જરૂર એને કાંઈ અપેક્ષાબુદ્ધિ હોય તો જ રાખે. આ એનો નિયમ છે. એટલે જે પેટમાં પડેલી વાત છે ઇ આ છે કે પોતાને કાંઈને કાંઈ અપેક્ષા હોય તો જ એ અવગુણીનો અનુરાગ રાખે નહીંતર આ તો ગુણનું પ્રકરણ છે, ગુણ પ્રાપ્તિનો વિષય છે અને એક ક્ષેત્રની પ્રવૃતિ છે આ, ગુણ પ્રાપ્તિના ક્ષેત્રની પ્રવૃત્તિ છે આ. એટલે પોતાને જે અપેક્ષાવૃતિ છે એ પોતાને જ નીચે જવાનું કારણ છે. નહીંતર એમ કહે કે, એણે અવગુણી ઉપર પ્રીતિ કરી એમાં શેનું નુકસાન જાય ? કે, એ મફત પ્રીતિ કરતો નથી, કાંઈક એનું પ્રયોજન છે, કાંઈક ભૌતિક પ્રયોજન છે.

પ્રશ્ન :- કરુણાભાવે પ્રીતિ થાય તો ?

સમાધાન :- એને પ્રીતિ ન કહેવાય એને કરુણાભાવ જ કહેવાય. એ વિષયમાં 'શ્રીમદ્જી'એ બહુ સરસ લખ્યું છે, કે જ્ઞાની કેવા હોય ? કે જેને આત્માનો ઉપયોગ હોય છે – આત્માની સાવધાની હોય છે અને જેને અંતરંગ નિસ્પૃહતા હોય છે, એને અંતરંગ નિસ્પૃહપણું હોય છે. ભલે શાસ્ત્રમાં વાંચ્યામાં આવે એવી એની વાત ન હોય તોપણ અનુભવમાં આવે એવી એની વાત હોય છે. આ બધી વાત એક જ પેરેગ્રાફમાં સાથે લીધી છે. અને જે અંતરંગ નિસ્પૃહ હોય છે એવા જ્ઞાની હોય છે, એને નિષ્કારણ કરુણા હોય છે, એને પક્ષ નથી હોતો. એને બીજા બધા જેટલા અજ્ઞાની છે એ બધા પ્રત્યે એને નિષ્કારણ કરુણા છે, એને પક્ષ હોતો નથી.

મુમુક્ષુ :- પક્ષ હોય તો જ્ઞાની જ ન કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો છે જ. સીધી વાત છે. કેમકે એને તો 'સર્વ જીવ છે સિદ્ધસમ' એ વાત ન રહી, એ વાત ન રહી.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'નો દાખલો છે. બધાંને લાગે મારી ઉપર લગવાડ છે પણ કોઈની ઉપર લગવાડ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કાંઈ નહીં ને. પોતે પોતાના અંતરંગ વિચારમાં, જ્ઞાનમાં-ધ્યાનમાં

હોય. રૂમમાં કોઈ દર્શન કરવા આવી જાય પછી ભા રહે તો કહે, જાવ અમારે વખત નથી અત્યારે વાતચીત કરવાનો, ચર્ચાનો. ખાલી સંકેત કરી દ્યે (એટલે) એ ચાલ્યુ જવાનું. કેમકે એ પોતાનું, મુખ્યપણે પોતાનું (આરાધન) કરે છે. આ થોડો વિકલ્પ છે અને એ વિકલ્પમાં મુખ્ય કરુણાબુદ્ધિ છે, સમાજ પાસેથી કોઈ અપેક્ષા નથી. એ તો પહેલાં કહી દીધું હતું. 'સ્વાધ્યાય મંદિર'નો પાયો નાખ્યો તે 'દી કીધું હતું કે, તમે અહીંયાં રૂપિયા નાખો એટલે હું બંધનમાં છું એ વાત તમે સમજતા નહીં. આ બધા મકાનો બનાવો, ફલાણું કરો, ઢીકણું કરો એટલે મારા ઉપર કોઈ બંધન આવે એ વાત નહીં રહેવી જોઈએ. કેમકે મારે કોઈ અપેક્ષા નથી. મારે તો જે 'દી મન પડ્યું તે 'દી આ પડ્યા ગમે ત્યાં, કહેવા નહીં રોકાઈએ. એવી જો (માનની) અપેક્ષાવૃત્તિ હોય તો સંપ્રદાય શું ખોટો હતો ? સંપ્રદાયમાં તો ભગવાનની જેમ પૂજાતા હતા. જો એવી માનપૂજાની કામના હોય તો સંપ્રદાય શું ખોટો હતો એમને ? એ બધી માથાકૂટમાં પડે ને વળી અહીંયાં નવું ભું કરવું. પણ સત્યની પાછળ છે એ, કોઈ વ્ય તિની પાછળ હોતા નથી.

આ તો સ્વરૂપની શોધનો વિષય છે ને. એ અનેક પ્રકારના વિકલ્પોમાં વિકલ્પ થવા પાછળનો દૃષ્ટિકોણ શું હોવો ઘટે છે ? કેવો દૃષ્ટિકોણ હોવો ઘટે છે ? કે, એકમાત્ર પોતાનું સ્વરૂપ કેવું છે એની જિજ્ઞાસાથી એની શોધ ચાલે અને દર્શાવનાર કઈ રીતે એ સ્વરૂપ દર્શાવે છે એના ઉપર એણે ટગટગી લગાવી હોય તો પત્તો ખાય. એ શોધતો હોય તો મળે. શોધતો હોય તો દેખાડનાર મળે તો એને એમ લાગે કે આ તો સર્ચલાઇટ ફેંકે છે વસ્તુના સ્વરૂપ ઉપર, આપણું ધ્યાન જાતું નથી એમ એને ખ્યાલમાં આવી જાય છે. જ્યારે એ સ્વરૂપસન્મુખ થાય છે ત્યારે એને ખ્યાલમાં આવે છે કે વસ્તુનું સ્વરૂપ અનુભવી જીવ અસાધારણ રીતે પ્રકાશે છે પણ આપણું ધ્યાન જાતું નથી. એક પડળ જેવું છે – ઓઘસંજ્ઞા, લોકસંજ્ઞા અને અસત્સંગ એ જ્ઞાનનું એ પ્રકારનું આવરણ છે કે જે એને પોતાનું જ સ્વરૂપ, એનો નિશ્ચય કરવા દેતું નથી.

પ્રશ્ન :– અહીંયાં સમ્યક્‌દર્શન પહેલાંની વાત છે ને ?

સમાધાન :– હા. આત્માની સન્મુખ થાય છે. એમ સીધી વાત છે, સમ્યક્‌દર્શન પહેલાંની વાત છે. વિકલ્પજાળમાં ફરતો હતો ત્યારની વાત છે. સવિકલ્પદશામાં શોધ ચાલે છે અને સવિકલ્પદશામાં પ્રથમ સન્મુખ થાય છે પછી અનુભવ થાય છે.

**'આત્મસ્વરૂપનો અભ્યાસ કરવાથી ગુણોનો વિકાસ થાય છે.'** અને અનંતગુણના ધામનો

અભ્યાસ કરવાથી, અભ્યાસ કરવો એટલે 'એ હું' એવું જે વારંવારનું ભાવના અને પ્રયત્નપૂર્વકનું પરિણમન (થવું) એને અભ્યાસ કહેવામાં આવે છે. 'એવો હું, આ હું' જેવો જ્ઞાનમાં આવ્યો અનંતગુણવાન પદાર્થ એ હું એમ વારંવાર અભ્યાસ થાય. આ હું, આ હું – એમ છે. (એમાં) **'ગુણોનો વિકાસ થાય છે.'** એ અભ્યાસ કહો કે સ્વરૂપની સેવા કહો. ગુણવાનને સેવે છે એના ગુણનો વિકાસ થાય છે. ગુણવાન એવો પોતાનો નિજઆત્મપદાર્થ, નિજ ચૈતન્ય મહાપદાર્થ, મહાચૈતન્ય સત્તાધારી પદાર્થ અમૃતનું સરોવર છે, અંદરમાં અમૃતનું સરોવર ભર્યું છે એને સેવે છે એને ગુણનો વિકાસ થાય છે. જે એને સેવે એને ગુણનો વિકાસ થાય છે.

મુમુક્ષુ :– સામે સત્પુરુષ ગુણવાન હોય એને સેવે..

પૂજ્ય ભાઈશ્રી :– એ સત્પુરુષ ગુણવાન હોય એને સેવે એમાં એ જ વાત છે, સ્વરૂપ સેવાની જ વાત છે એમાં. સત્પુરુષને તો અપેક્ષા નથી. એ પોતે દર્શાવનાર મળ્યા છે એટલે એની પાત્રતા જાગી છે એટલે સેવે છે. એમ છે. ૧૪૩ (બોલ પૂરો થયો).

મુમુક્ષુ :– આમાંય નવ બોલ લાગુ પાડી દઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. સ્વરૂપસન્મુખનો જ વિષય છે. શોધ કરતા જે નિશ્ચય થાય છે ત્યારે સ્વરૂપસન્મુખ થાય છે એ જ વિષય છે. એટલે એમાં દર્શનમોહ ઘટે છે અને આત્મગુણોનો વિકાસ થાય છે. વિકાસ થવામાં સમ્યક્‌દર્શનથી માંડીને પછી આગળના જેટલા કોઈ ઉપર ઉપરના ગુણસ્થાન છે એ બધા ગુણના વિકાસના ગુણસ્થાન છે, ગુણનો વિકાસ થતો જાય છે.

મુમુક્ષુ :– 'ધવલ'માં એવું કાંઈક છે ને કે, સ્વરૂપ નિશ્ચય થાય ત્યારે ....

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ કરણલબ્ધિ, કરણલબ્ધિ થાય છે ત્યારે. સ્વરૂપ સન્મુખ થાય એની છેલ્લી હદ કરણલબ્ધિ છે. ત્રણ કરણ કરે છે – અપૂર્વકરણ, અનાવૃતિકરણ અને કરણ લબ્ધિ. છેલ્લે અસંખ્ય સમય છે, વખત છે અસંખ્ય સમય. સમ્યક્‌દર્શનની પૂર્વે લઘુ અંતર્મુહૂર્તમાં નાનું અંતર્મુહૂર્ત છે. ત્રણ કરણમાં જીવ આવે છે અને જ્યારે એ અપૂર્વકરણમાં આવે છે – બીજા કરણમાં આવે છે ત્યારે એને ભગવાન એમ કહે છે કે એ જિન થયો. પહેલું અપૂર્વકરણ છે અપૂર્વકરણ, અનિવૃત્તિકરણ (એમ) ત્રણ કરણ છે. જિન થયો – સમ્યક્ પ્રકારે કષાય ઉપર વિજય મેળવ્યો. એવા વિશુદ્ધિના પરિણામ છે ત્યાં. અનંતર સમયમાં એ નિર્વિકલ્પદશાને પામે છે. ત્રણ કરણ પૂરા થાય (એટલે) તરત જ સમ્યક્‌દર્શન, સમ્યક્‌જ્ઞાનની

શુદ્ધોપયોગની દશાને પામે છે. પણ એ પહેલાંના સમયમાં એને જિન કીધો છે. અહીંયાં વાત એટલી છે. 'ગોમટ્ટસાર'માં એ વાત છે અને 'ધવલ'માં એ વાત છે. 'ગોમટ્ટસાર'માં એ વાત છે. 'ગોમટ્ટસાર'માં તો 'નેમીચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી' ચર્ચા કરે છે કે એને અહીંયાં જિન કહીએ છીએ. શા માટે એને જિન કહીએ છીએ ? પ્રશ્ન ઉઠાવે છે. કે જિનત્વ પ્રાપ્ત કર્યું હોવાથી એને અમે જિન કહીએ છીએ. જિનપણું પ્રાપ્ત કર્યું છે માટે અમે જિન કહીએ છીએ. એવી બધી ચર્ચા કરી છે.

મુમુક્ષુ :- અપૂર્વકરણલબ્ધિ, લબ્ધિ શબ્દ લગાડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. લબ્ધિ જ છે એ. લબ્ધિ એટલે પ્રાપ્તિ. તે પરિણામની પ્રાપ્તિ. લબ્ધિ એટલે પ્રાપ્તિ. પાંચ લબ્ધિ છે એમાં આ કરણલબ્ધિ છેલ્લી લબ્ધિ છે. ચાર લબ્ધિ સુધી અનંતવાર આવે છે, પાંચમી લબ્ધિમાં આવે એટલે માર્ગ પામી જાય છે એમ બને છે.

પ્રશ્ન :- લબ્ધિ એટલે શક્તિ છે એમ નહીં ને ?

સમાધાન :- નહીં, નહીં, નહીં. લબ્ધિ છે એટલે શક્તિ છે એમ નહીં. વર્તમાન વર્તતા પ્રગટ પરિણામ – પ્રાપ્ત પરિણામને અહીંયાં લબ્ધિ કહેવામાં આવે છે. લબ્ધિ બે રીતે વપરાય છે, લબ્ધિ શબ્દનો પ્રયોગ બે રીતે થાય છે. જેમકે કોઈને આ રિદ્ધિસિદ્ધિની લબ્ધિ થાય છે તો ત્યાં એનો ઉપયોગ ન હોય પણ લબ્ધિ છે એની. એનો પ્રયોગ ન કરે. પાણી છાંટે તો પત્થર સોનું થાય, ફૂંક મારે ત્યાં રોગ, બહુ જટિલમાં જટિલ રોગ હોય તો મટી જાય, નાશ થઈ જાય.

મુમુક્ષુ :- વિક્રિયા લબ્ધિ વગેરે આવે છે ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આવે જ છે ને. એ તો શક્તિની વાત છે. અહીંયાં તો પ્રગટ પરિણામ છે એની વાત છે. 'પંચાધ્યાયી'માં લબ્ધ ઉપયોગમાં પણ લબ્ધને લબ્ધિ કહે છે પણ ત્યાં પ્રગટ પરિણામની વાત છે એમ. ઘણાંય વિદ્વાન એવી રીતે લ્યે છે કે સમ્યક્દૃષ્ટિને શ્રદ્ધા જ છે એકલી. જ્ઞાન, એનો ઉપયોગ તો ચોખ્ખો બીજાને ખબર પડે એવી રીતે બહારમાં જાય છે, જેમકે પ્રત્યક્ષ સામે સામે વાત કરતા હોય. તો પોતાની સાથે સામા જીવનો ઉપયોગ જોડાયેલો છે એ તો ખબર પડ્યા વિના રહે નહીં. તો કહે, એને એ વખતે જ્ઞાનમાં આત્મા નથી. શ્રદ્ધામાં જ આત્મા છે. પણ એને જ્ઞાનમાં આત્મા નથી. બીજા અજ્ઞાનીની જેમ જ એની જ્ઞાનની પ્રવૃતિ છે. તો કે શાસ્ત્રમાં એને લબ્ધિ છે એમ કહ્યું છે. ઇ લબ્ધિ છે એનો

અર્થ એમ કે એનામાં અનુભવ કરવાની શક્તિ છે. એ આત્માનુભૂતિ કરી શકે છે એવી એનામાં શક્તિ છે, એને લબ્ધિ કહી છે. પણ કોઈ જ્ઞાનની પ્રગટ પર્યાય નથી. એમ લ્યે છે. ઘણાં વિદ્વાનો એવો અર્થ કરે છે. એમ નથી. ત્યાં લબ્ધિ એટલે એને આત્મા સંબંધીનું, આત્માની સાથે જોડાયેલું અંશ પરિણતિવાળું, અનુભવાંશ પરિણતિવાળું એને જ્ઞાન વર્તે છે. એમ ત્યાં વાત છે. એને લબ્ધ પણ કહે છે અને લબ્ધિ એવો શબ્દ પણ વાપરે છે. 'પંચાધ્યાયી'માં એને 'લબ્ધિ' શબ્દ વાપર્યો છે. એ લબ્ધિનો અર્થ એવી રીતે થવાનું કારણ કે જેમ રિદ્ધિસિદ્ધિની લબ્ધિ થાય છે ત્યાં 'લબ્ધિ' શબ્દનો પ્રયોગ છે એટલે અહીંયાં પણ એમ લઈ લે છે. પણ અહીંયાં એમ વાત નથી. એમ પાંચમી લબ્ધિમાં પણ એ વાત નથી. કરણલબ્ધિમાં પણ એ વાત નથી. લબ્ધિ એટલે પ્રાપ્તિ.

**સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે. આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે. ૧૪૪.**

૧૪૪ બોલ છે એ ધ્યાનનો બોલ છે. **'સાચું સમજતાં વાર ભલે લાગે પણ ફળ આનંદ અને મુક્તિ છે.'** મુક્તિ તો ધ્યાનથી થાય છે એટલે પાછળ એ વાત લીધી છે કે, **'આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે.'** આનંદ, એનું ફળ આનંદ લીધું. આનંદ ક્યારે થાય ? સમજણ અને વિકલ્પના કાળમાં આનંદ ન થાય કેમકે ત્યારે તો શોધ ચાલે છે. પણ જ્યાં એકાગ્ર થાય, સમજે, ઓળખે અને ઓળખીને એકાગ્ર થાય, સન્મુખ થઈને એકાગ્ર થાય ત્યારે એમાં આનંદની ઉત્પત્તિ થઈ આવે છે.

શું કહેવું છે ? કે **'સાચું સમજતાં વાર ભલે લાગે...'** વાર ભલે લાગે એટલે શું ? પ્રમાદનો વિષય નથી પણ સમજવામાં બરાબર ધ્યાન આપે અને જેટલી જિજ્ઞાસા હોય એટલા પ્રશ્નોથી સમજવાનો પ્રયત્ન કરે એમાં કોઈ સંક્ષેપ કરવાનો વિષય નથી કે ઓછું પૂછવું. બરાબર જેટલી પોતાની જિજ્ઞાસા હોય એટલું પૂછી શકે છે અને આસ્તિક્ય બુદ્ધિથી એ પૂછવામાં અને એનું મંથન કરતા એને ઘડ બેસાડવામાં ભલે થોડી વાર લાગે તો એનો દોષ નથી. એ સ્વીકાર્ય છે કે બરાબર એ પોતાનું દઢ કરવા માટે જે કાંઈ પૂછે આશંકા

વગેરે કરે તો એને છૂટ છે. પ્રશ્નને તો કોણ ઇચ્છતું નથી ? કે, જેને ઉત્તર દેવાની અંદર પોતાને જ શંકા છે કે કદાચ કોઈ વાત એવી સામે આવશે કે જેનો ઉત્તર દેવામાં તકલીફ પડશે તો સભાની સમક્ષ પોતાનું અજ્ઞાન પ્રસિદ્ધ થઈ જશે. અને એ રીતે પોતાની જે કાંઈ છાપ છે, લોકસંજ્ઞા પોતાને છે એટલે સમાજમાં જે પોતાની છાપ છે એમાં કાંઈ ક્ષતિ પહોંચે એમાં કાંઈ ખરાબ લાગશે, એમાં ઓછાપણું થઈ જશે એવો જે આબરૂ, માન, કીર્તિનો દૃષ્ટિકોણ છે એ ભયવાન હોય છે, એ સશંક હોય છે કે આટલી બધી સભા છે કોઈ ક્યાંકથી કયો પ્રશ્ન લાવશે એના કરતા પ્રશ્નની વાત બંધ રાખો.

પ્રશ્ન :- વ તા લોકસંજ્ઞામાં જ ગયો ને ?

સમાધાન :- હા, વ તા લોકસંજ્ઞામાં જાય. (એ એમ કહે કે), પ્રશ્ન નહીં. પ્રશ્ન કરવો હોય તો ખાનગીમાં મળી લેવું, ખાનગીમાં આવવું અમારી પાસે. એમાં ખાનગીમાં ફેરફાર હોય તો ઓલાને જ ખ્યાલ આવે, બધાને તો ખ્યાલ આવે નહીં, એમ. અથવા પોતે મૂંઝાણો છે કે પોતાને નથી ખ્યાલ એનો પણ એકાદ જણને ખ્યાલ આવે, પૂછનારને બધાને ખ્યાલ ન આવે. પણ જેણે માર્ગ જોયો છે, જેણે સ્વરૂપ જોયું છે એ તો એ વિષયમાં નિઃશંક હોય છે ગમે ત્યાંથી પ્રશ્ન આવે, કોઈવાર એવું બને છે કે જ્ઞાનીએ એ પડખું વિચાર્યું જ ન હોય, એને ઉપયોગ જ એ પડખાનો ન થયો હોય અને પ્રશ્ન કોઈ એ પડખાનો આવે તો ફટ મેળવી લ્યે પોતાના સ્વરૂપ સાથે. અંદરમાં ડોકિયું કરી લે કે એમ છે કે નહીં ? તો એ એનો ઉત્તર બરાબર દઈ શકે છે. જરૂર નથી કે જે કોઈ પ્રશ્ન આવ્યા હોય એ બધા એણે વિચારી લીધા હોય તો જ એનો ઉત્તર દઈ શકે, એવી કોઈ જરૂર એને નથી. એ પણ એની લબ્ધિ છે, લ્યો ઠીક ! એ શ તિ છે ને એ લબ્ધિ છે એની. એ કહી શકે બરાબર. એટલે એ નિઃશંક છે. જ્ઞાની છે એ નિઃશંક છે. કોઈપણ પ્રશ્ન ગમે ત્યાંથી આવે એનો કાંઈ વાંધો નથી.

મુમુક્ષુ :- એનું જ્ઞાન સમ્યક્ છે એટલે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન સમ્યક્ છે અને સત્ય સ્વરૂપ એના હાથમાં છે. એટલે સત્ય અને અસત્ય વચ્ચે એને કાંઈ કોઈને પૂછવા જાવું નથી. એ કાંઈ કોઈ વિદ્વાનને પૂછીને નક્કી ન કરે કે આનું આમ હોય કે આનું આમ હોય. એને ખબર જ છે. વિદ્વાન તો શબ્દનો અર્થ જાણે, વ્યાકરણ ને વ્યુત્પત્તિ જાણે. એનાથી જ્ઞાની અજાણ્યા હોય શકે. શબ્દના અર્થથી, વ્યાકરણ વ્યુત્પત્તિથી અજાણ્યા હોય શકે પણ સત્-અસત્‌ના વિષયમાં, ન્યાય-નીતિના

વિષયમાં Supreme court નો ન્યાયાધીશ પાછળ રહે. ન્યાયનો દૃષ્ટિકોણ એવો તીખો હોય છે. ક્યાં આત્માને દોષ લાગે ને ક્યાં નિર્દોષતા આવે એ બહુ ઝીણી દૃષ્ટિ હોય છે, સૂક્ષ્મ દૃષ્ટિ હોય છે એમની પાસે.

શું કહે છે ? કે, સત્યને સમજવા જતાં સાચું સમજવામાં થોડીવાર લાગે તો એનો બહુ વાંધો નથી પણ જો એક વાર સાચું સમજાય જાય; કેમકે આમેય અનંતકાળ તો ગયો જ છે જીવનો, અત્યાર સુધીમાં કેટલો કાળ ગયો ? અનંતકાળ ગયો. વળી આગળ પણ કોઈ કાળ ખલાસ થઈ જવાનો છે એવું તો છે નહીં. કાળનો તૂટો નથી. એટલે એ રીતે કોઈ અધૂરાશ કે ઉતાવળથી કોઈ નિર્ણય લેવાનો પ્રશ્ન નથી. શાંતિથી ધીરજથી ખરેખર સત્ય શું છે એની શોધમાં ભો રહીને નિર્ણય લેતાં થોડો કાળ જાય તો એનો કોઈ વાંધો નથી પણ જો એને સત્ય સમજાય ગયું તો એના ફળમાં એને વર્તમાનમાં જ આનંદ પ્રગટ થશે અને સરવાળે પરિપૂર્ણ મુ તદશાને પ્રાપ્ત થઈ જશે.

વાર લાગે એટલે એને તો વાર લાગે એ ખૂંચે છે જ્ઞાની એમ કહે છે. એને તો એમ છે કે મને વહેલામાં વહેલું સમજાય ને વહેલામાં વહેલો આનંદનો અનુભવ થાય અને વહેલામાં વહેલો પરિપૂર્ણ થઈને મુ તિમાં જાઉં. સાથે એ સમાધાન છે કે એ બધું નિશ્ચિત છે પણ મને મારા સ્વરૂપના સુખ ને આનંદ સિવાય ક્યાંય હવે ઠરીને ઠામ થવું પોસાતું નથી. એટલે એ પોતાના સત્યની શોધમાં લાગે છે. એમાં થોડો કાળ પણ જાય છે પણ જો સાચું સમજે તો આનંદની ઉત્પત્તિ થાય.

સમજણ છે એ આનંદનું કારણ લીધું છે કેમકે સમજણ છે એ એકાગ્રતાનું કારણ છે, ઓળખાણ છે એ એકાગ્રતાનું કારણ છે. આમ તો આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે છે. એ તો પોતે ચોખવટ કરી દીધી છે કે, જ્યારે આત્મામાં એકાગ્ર થાય ત્યારે આનંદની ઉત્પત્તિ થાય છે; પણ એ એકાગ્ર થવાનું કારણ શું ? કે, સાચી સમજણ. જો સ્વરૂપની સાચી સમજણ હોય તો એનો મહિમા સાચો આવે, એનો અપૂર્વ સાચો મહિમા આવે તો એમાં એકાગ્રતા થાય.

એક બીજા બોલમાં આવે છે કે, બીજી કોઈ ક્રિયા પમાડતી નથી, એક આત્માનો મહિમા પમાડે છે એમ કરીને વાત લીધી છે. એટલે એ મહિમા ઓળખાણ વગર કે સમજણ વગર આવી શકે નહીં. ઓઘેઓઘે કોઈ મહિમા કરે એ કોઈ સાચો મહિમા નથી, કૃત્રિમ મહિમા એ મહિમા નથી પણ મહિમાવંત સ્વરૂપ જ્ઞાનમાં પ્રતિભાસે અને મહિમા ઉત્પન્ન થાય

એ જ સાચો મહિમા છે અને એ મહિમા થાય ત્યારે એને એકાગ્ર થવાનો પ્રસંગ આવે છે. ઘણો રસ વધે, આત્મસ્વરૂપનો મહિમા થતાં આત્મરસ ઘણો વધે ત્યારે ઉપયોગ ત્યાં ઠરે છે, ત્યારે ઉપયોગ ત્યાં આવીને થંભે છે એને એકાગ્ર થયો એમ કહેવામાં આવે છે. જ્યાં એકાગ્ર થયો ત્યાં પ્રદેશે પ્રદેશેથી આનંદની ઉત્પત્તિ થાય છે.

અંદર જે શક્તિરૂપ અનંત... અનંત... અનંત અપરિમિત આનંદનો ભંડાર ભર્યો છે એનો દરવાજો ખૂલીને આનંદ બહાર આવે છે પહેલો વહેલો. આવે છે (એ) હજી નમૂનો બહાર આવે છે, પરમાનંદનો એ નમૂનો છે. સિદ્ધપદમાં ઉત્પન્ન, અરિહંતપદમાં ઉત્પન્ન થતો જે પરમાનંદ એ પરમાનંદનો એ નમૂનો છે, એ Quality છે. એ એકાગ્ર થતા બહાર આવે છે. પ્રથમ જ્યાં એકાગ્ર થાય ત્યારે આનંદનો વિકલ્પ નથી તોપણ આનંદ ઝરવા લાગે છે. જેમ માટલામાંથી પાણી ઝરે છે તો એના એક એક છીદ્રોમાંથી પાણી ઝરે છે ને ? એમ આ પ્રદેશે પ્રદેશેથી આનંદ ઝરે છે. એટલે **'આનંદ ઝરે'** છે એમ શબ્દ લીધો છે. આનંદ આવે છે એમ આનંદ ઝરે છે એવો શબ્દ લીધો છે. કેમકે પ્રદેશે પ્રદેશેથી આનંદની ઉત્પત્તિ થાય છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ સમજણ લીધી. 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુ:ખ અનંત'

પૂજ્ય ભાઈશ્રી :- 'પામ્યો દુઃખ અનંત' પોતાનો આનંદ ન પામ્યો પણ અનંત દુઃખ પામ્યો કેમકે સ્વરૂપ સમજ્યો નહીં એ જ કારણ છે, બીજું કોઈ કારણ નથી. એ તો બધે જ્યાં જુઓ ત્યાં એકધારી વાત છે. અનંત જ્ઞાનીઓનો એક મત હોય છે. પ્રત્યેક અજ્ઞાનીના વિભિન્ન મત હોય છે, જ્યારે અનંત જ્ઞાનીઓનો એક મત હોય છે. એટલે સત્યના અનેક સંપ્રદાયો નથી હોતા અથવા અનેક સંપ્રદાયોમાં સત્ય હોય છે એવું બનતું નથી. સત્ય એક જ જગ્યાએ છે અને જે એક જગ્યાએ છે એને શોધવું રહ્યું. બાકી કુળધર્મના મમત્વથી એ કાંઈ વળે એવું નથી. ભલે સાચા સંપ્રદાયમાં હોય તોપણ કુળધર્મનું મમત્વ ઓઘસંજ્ઞામાં લઈ જાય છે અને અન્ય સંપ્રદાયનું મમત્વ કરીને એમાં રહે તો તો સાચું મળવાનો અવસર જ આવે નહીં. પણ અમે દિગંબર છીએ, દિગંબરમાં જન્મ્યા છીએ, અમારા દેવ-ગુરુ-શાસ્ત્ર છે, શાસ્ત્ર સાચા છે, અમે મૂળ દિગંબર છીએ, આ બધું અમારામાં છે. ભાઈ ! સાચી વાત છે. તમારામાં છે એની કોણ ના પાડે છે ? એક વાર નહીં પણ સાત વાર તમારામાં છે પણ એને ઓઘસંજ્ઞાએ સેવવાથી કાંઈ લાભ થતો નથી. એને ઓળખવું પડે છે નહીંતર એ અન્યમતિ જેવું જ છે, એનું પરિણમન કેવું છે ? અન્યમતિ જેવું જ પરિણમન છે. જૈનમતિ

નથી ત્યાં એ.

**'આત્મામાં એકાગ્ર થાય ત્યાં આનંદ ઝરે.'** એકાગ્ર થાય ત્યાં અવર્ણનીય આનંદ ઝરે. જેનું વર્ણન ભાષા દ્વારા થવું અશક્ય છે એવો આનંદ ઝરે છે અને જેની બરાબરીમાં જગતની અંદર કોઈ પદાર્થ નથી કે જેનો અનુભવ કરતા આનંદ થાય એ આનંદને આત્માના આનંદ સાથે સરખાવી શકાય અથવા ઓછાવત્તા પ્રમાણમાં સરખાવી શકાય (કે), ઇન્દ્રના ઇન્દ્રાસન પર ઇન્દ્ર બેસે ત્યારે જે આનંદ થાય (એના જેવો આનંદ).

પ્રશ્ન :- એનાથી અનંતગણું ખરું કે નહીં આત્માનું સુખ ?

સમાધાન :- એમ સરખાવીએ કે આનાથી અનંતગણો આત્માનો આનંદ ? કે નહીં. એ દુઃખ છે. એ દુઃખ છે ને આ સુખ છે. સુખની મેળવણી દુઃખની સાથે ન હોય. સુખની મેળવણી સુખની સાથે હોય. સમ્યક્દષ્ટિના આનંદ કરતા મુનિપણાનો આનંદ વધારે છે, મુનિપણાના આનંદ કરતા અરિહંત દશાનો, સિદ્ધ દશાનો આનંદ સંપૂર્ણ-પરિપૂર્ણ અનંતગુણ છે એમ મેળવણી થાય પણ સંસારના ચાર ગતિના કોઈ સુખ સાથે, કોઈ આનંદ સાથે એની સરખામણી થાય નહીં, એવો આનંદ છે. લટાનો એ આનંદ આવતા ઇન્દ્રના ઇન્દ્રાસન દુઃખના નિમિત્ત ભાસે છે, દુઃખરૂપ ભાસે છે. એનું લક્ષ જાય એના ઉપર તો એને આકુળતા થાય છે. એમ લાગે છે. એ ૧૪૪ (પૂરો) થયો.

**રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહીં. રાગને મારી નાખ તો અંદર જવાય. ૧૪૫.**

૧૪૫. **'રાગનું જીવતર હોય તેને આત્મામાં જવાનું બને નહીં. રાગને મારી નાખ તો અંદર જવાય.'** આ પ્રશ્ન આવ્યો કે કુટુંબ-પરિવારનો પ્રેમ કરવો કે ન કરવો ? એ કુટુંબ-પરિવારનો પ્રેમ એ રાગનું જીવતર છે એમ કહે છે. એ ઘરગથ્થું શબ્દ પણ એને 'જીવતર' શબ્દ અહીંયાં લીધો છે. જેમાં એ જીવી રહ્યો હોવાનું માને છે, જેને લઈને પોતે જીવી રહ્યો હોય (એવું) હોવાનું માને છે કે મારે વાંધો નથી. ઘર છે, ખાવાનું છે, પીવાનું છે, મારો

પરિવાર છે મારે બધું છે, મારી પાસે મારું બધું છે. એવું જે જીવતર. જીવતર નામ એવું જે પરિણમન છે તેને આત્મામાં જવાનું બની શકે નહીં. આમ છે.

ગૃહસ્થ દશામાં સમ્યક્દર્શન અવશ્ય થઈ શકે છે પણ અંતરંગમાંથી ગૃહસ્થપણું છૂટી જાય છે એને. આમ કહે છે. ઘણાં ડરે છે આ વિષયથી. નવાનવા કોઈ આ વિષયમાં પ્રવેશે ત્યારે એના કુટુંબમાં કોઈ વખત એમ થાય છે કે, આ બધો ત્યાગ કરીને છોડી દેશે તો શું થાશે ? વૈરાગ્ય આવે. શરૂઆત હોય થોડો વૈરાગ્ય આવે કે, ક્યાંય રસ લેવો નથી, ક્યાંય રસ લેવાનો પ્રશ્ન નથી. આ લાઇનમાં આગળ વધવું હોય તો બધેથી રસ એનો ઘટવો જોઈએ, તો કુટુંબ પરિવારમાં સાથે રહેતા હોય એને ખ્યાલ આવે કે, આ પહેલાં રસ લેતા હતા હવે રસ નથી લેતા. આ ભાઈ ક્યાંક છોડીને હાલતા ન થાય. તો એને એમ સમજાવવું પડે કે, ભાઈ ! આમાં છોડીને જવાની વાત નથી, ગૃહસ્થદશામાં પામે એની વાત છે. ગૃહસ્થદશામાં પણ પામી શકે, પણ કોણ ? કે ગૃહસ્થપણાનું મમત્વ મૂકે એ. એમ કહે છે.

એવું રાગનું જીવતર, ગૃહસ્થી (એ) એનો ઉદય છે. મનુષ્યજીવનમાં ગૃહસ્થી છે એ સંસારમાં ઉદય છે. તો કહે છે કે એ જીવતર હોય એને તો આત્મામાં જવાનું બને નહીં. આત્મામાં જવાનું હોય એને તો એ પ્રકાર હોતો નથી. એને બધું સરખું થઈ જાય છે. 'આ મારા' એ વાત ક્યાંથી લાવ્યો ? કહે છે. એ તો ભ્રાંતિ છે. આ મારા ને આ મારા નહીં, એ લાવ્યો ક્યાંથી તું ? ભ્રાંતિમાંથી લાવ્યો, એમ કહે છે. એ કોઈ વસ્તુસ્થિતિ નથી.

બધા જગતના જીવો છે અને કર્મના ઉદયે સંયોગ-વિયોગ છે. પૂર્વકર્મના નિબંધન અનુસાર એનો સંયોગ-વિયોગ છે આથી વિશેષ કાંઈ નથી. કોઈ કોઈનું છે એ વાત ઉપર ચોકડી મૂકીને ભૂલી જવા જેવું છે, આમ છે. વ્યવહાર જગતમાં જે રીતે ચાલતો હોય એ રીતે વ્યવહારમાં વર્તવું બીજી વાત છે પણ અંદરથી છૂટા પડીને. અંદરથી છૂટા પડીને એ વાત છે. એનું જીવતર જુદી જાતનું હોય છે. એનું જીવતર હોય છે એ જુદી જાતનું હોય છે. આ તો કુટુંબના કાર્યો, ઉદયના કાર્યો એ બધા પૂરી સાવધાનીથી સરખા રસથી કરવા અને પછી પાછું સવારમાં મંદિરમાં આવીને ઠવણી લઈને શાસ્ત્ર વાંચવું તો કહે છે, પેલો પણ ઉદય છે ને આ પણ ઉદય છે, એમાં કાંઈ ફેર નથી. અહીંયાં શાસ્ત્ર વાંચતા ઓલા ઉદયમાં ફેર પડે છે કે નહીં ? આ વાત તપાસીને પોતે પોતાની નક્કી કરવાની હોય છે આમાં. મારાપણું આવીને જે રસ આવે એમાં ચીકાશ ઉત્પન્ન થયા વિના રહે નહીં. મારાપણું

થઈને જે રસ આવે, ચીકણો રાગ ઉત્પન્ન થાય એ જ એને બંધન છે. એ જ બંધન છે, એ જ સંસાર છે બીજો કોઈ સંસાર નથી.

એને કહે છે કે, **'રાગને મારી નાખ...'** કડક શબ્દ, કઠોર શબ્દ લીધો છે કે રાગને તો એકવાર તું નિર્દય થઈને મારી નાખ, એમાં તારે દયા રાખવાની જરૂર છે નહીં. ભેદજ્ઞાનના વિષયમાં એ શાસ્ત્રની અંદર આવે છે. 'નિર્દય' શબ્દ વાપર્યો છે. કેવી રીતે જ્ઞાન અને રાગનું વિદારણ કરે છે ? વિદારણ કરવું એટલે ચીરી નાખવા. રાગ અને જ્ઞાનનું એકત્વ થયું છે એને ચીરી નાખવું એમ કહે છે, વિદારણ કરી નાખવું. નિર્દયપણે વિદારણ કરવું, કઠોર થઈને વિદારણ કરવું. કઠોર થઈને એટલે ઘરમાં ઝઘડા કરવા એમ અહીંયાં વાત નથી પણ અંતરંગની અંદર એનો રાગ મરી જવો જોઈએ. સમજણથી એનો રાગ મરી જવો જોઈએ.

મુમુક્ષુ :– ૧૩૭ મો બોલ છે આની સામે.

પૂજ્ય ભાઈશ્રી :– **'ચૈતન્યપરિણતિ તે જ જીવન છે. બહારનું તો અનંતવાર મળ્યું, અપૂર્વ નથી, પણ અંદરનો પુરુષાર્થ તે જ અપૂર્વ છે.'** એ તો બરાબર છે. **'બહારમાં સર્વસ્વ મનાઈ ગયું છે...'** મારું સર્વસ્વ આ જ છે, સંયોગો જ મારું સર્વસ્વ છે. એટલા સંયોગો પ્રત્યેના ચીકણા પરિણામ થાય છે, એને કહે છે કે આ તુચ્છ સંયોગો (છે). આથી ઘણાં વિશિષ્ટતાવાળા સંયોગો અનંતવાર મળ્યા, શું તને મળ્યું ? તને શું મળ્યું છે ? તપાસ ! છે કાંઈ તારી પાસે અત્યારે ? કે જો અત્યારે નથી તો ત્યારે પણ નહોતું અને અત્યારે જેની પાછળ તું આખા ચૈતન્યના આનંદમય, નિર્દોષતામય પવિત્ર જીવનને વેડફે છો અથવા તારી શાંતિનો ઘાણ કાઢીને અશાંતિ ભી કરે છો તો તને કાંઈ મળવાનું નથી, તારા હાથમાં કાંઈ આવવાનું નથી. એમ ખબર પડે કે, કાંઈ હાથમાં આવતું નથી તો પછી વેઠની જેમ કામ કરે. વેઠ એટલે ખબર છે ? કાંઈ ન આપે અને મફત કામ કરાવે એનું નામ વેઠ કહે છે. પહેલાં વેઠિયા લઈ આવતા ને ? શ્રીમંતને ત્યાં, રાજા-મહારાજાને ત્યાં વેઠિયા લોકો આવે. કામ કરી જાય એને કાંઈ આપે નહીં. એમ આ સંસારના કાર્યો કરે છે એને કુટુંબ-પરિવાર કાંઈ આપતું નથી, એમ જ્યારે એને ખબર પડે ત્યારે એને વેઠ ઉતારવા જેવું લાગે. અને પૂર્વકર્મ અનુસાર એ બધા કામ આવી પડે એનો બોજો ઉપાડવો પડે છે એવું એને લાગે. આ આત્માર્થીપણામાં બોજો લાગે, જ્ઞાનીને તો લાગે જ, એમાં કાંઈ પ્રશ્ન નથી પણ આત્માર્થી હોય એને બોજો લાગે અને એને છૂટું છૂટું થવું હોય છે, એને ક્યાંય સલવાવું ગમતું નથી.

'ગુરુદેવ' તો આ વિષયમાં બહુ કહેતા કે, એવી ટેવ પડી ગઈ છે કે જેમ બળદને ઓલું ધોસરું ઊંચું કરે ને ફટ માથું નાખે એમ જરાક ઉદયનો પ્રસંગ આવે ત્યાં એવો જોડાઈ જાય, એવો રસથી જોડાઈ જાય, એવો હોંશથી જોડાઈ જાય કે આજ તો અમારે આ છે, અમારા ઘરે આવો પ્રસંગ છે, આજ તો અમારે આવું છે, આજ તો અમારે આવું છે. કહે છે કે, ભાઈ ! ક્યાં ચાલ્યો ગયો ને ક્યાં ગરી ગયો ? કેટલો ઊંડો ગરી ગયો (એની) તને ખબર નથી રહેતી. નીકળવું મુશ્કેલ પડશે. આ કહે છે ને કે, નથી નીકળી શકાતું, નથી નીકળી શકાતું. આ બધું સાંભળીએ છીએ પણ આમાંથી નીકળાતું નથી. પણ ક્યાંથી નીકળાય, તેં કેટલો રસ લઈને ઊંડો તરી ગયો છો એનું માપ પણ તેં હજી કાઢ્યું નથી. પછી ક્યાંથી જલદી નીકળાય ? એ તો જેટલો ઊંડો ગયો છે એટલાથી બહાર નીકળવું છે ને ! એટલે એણે ઘણાં રસ લીધા છે, ઉદયના પ્રસંગોમાં ઘણાં રસ લીધા છે, એમાં એટલો ઊંડો ખૂંચી ગયો છે (કે એને) નીકળવામાં તાકાત પડે છે પણ એ કર્યે છૂટકો છે. એ કર્યે છૂટકો છે એના વગર છૂટી શકાય એવું નથી. પાછળ અનંત દુઃખની ખાણ, ખીણ ભી છે. અત્યારે કદાચ તને એમ ન લાગે. અત્યારે શું વાંધો છે ? આમ તો બીજું બધું તો અનુકૂળ છે પણ એ બીજું બધું અનુકૂળ છે એની પાછળ અનંત દુઃખની ખાણ ને ખીણ ભી છે. નજર ન પહોંચે એટલી ઊંડી ખીણ છે. ક્યાંય પત્તો લાગે નહીં.

એટલે એમ કહે છે કે વીતરાગ સ્વભાવી આત્માના પ્રેમની પાછળ, એના વીતરાગ સ્વભાવી આત્માના સ્વભાવની ખાતર સ્વભાવનો જે દુશ્મન છે, સ્વભાવનો જે વેરી છે, રાગ છે એ કોણ છે ? સ્વભાવનો વેરી છે – આત્માનો વેરી છે એને મારી નાખ તું. માણસ નથી કહેતા કે ભાઈ ! એટલું બધું એણે અમને કડવું કીધું કે હવે અમારી લાગણી મરી ગઈ છે. એમ નથી કહેતા ? હવે અમારી લાગણી મરી ગઈ છે એમ કહે. દીકરો ઠીને આમ બોલે, ફલાણો ઠીને આમ બોલે, આમ આટલું અમે કર્યું ને અમને આમ કહી દીધું ? અમે તો મરી ગયા છીએ, હવે અમારો ભાવ જ મરી ગયો છે. એમ એકવાર તને રાગની દુશ્મનાવટ, રાગનું વેરીપણું દેખાય તો એના પ્રત્યે તને લાગણી ન રહે. મૂળ તો જીવને રાગનું મમત્વ ઘણું છે. એને એ રાગ સુહાય છે, એની મીઠાશ છે અને એમાં એની ચીકાશ એટલી ઉત્પન્ન થઈને રેડાઈ જાય છે, ઘૂંટી ઘૂંટી ઘૂંટી, રાગને ઘૂંટી ઘૂંટી ઘૂંટીને એવો ઘૂંટી લ્યે છે કે એને પછી એમાંથી છૂટવું છે એ બહુ મુશ્કેલ થઈ પડે છે.

મુમુક્ષુ :– વિચિત્રતા કેવી છે કે પોતાનો જ રાગ ઉત્પન્ન થાય છે પોતામાંથી એ જ

વેરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પીપરમાં લાખ થાય છે કે નહીં ? ગુંદર જેવો ચીકણો પદાર્થ પીપરમાંથી જ ઉત્પન્ન થાય, એ પણ જુઓ સ્વભાવે ચીકણો છે. જેમ રાગ ચીકણો છે ઇ પણ ચીકણો છે દૃષ્ટાંતમાં. પણ પીપરને અને લાખને વધ્યઘાતક સંબંધ છે. પીપર એનાથી હણાય જાય છે, ઘાત કરે છે, ખવાય જાય આખી.

'ગુરુદેવ' કહેતા. અહીં 'મોતીબાગ' પાસે ગુજરી ભરાતી. પીપરની હારમાળા હતી, લાઇન હતી મોટી મોટી એ બધી ખલાસ થઈ ગઈ. કેમકે અંદરથી લાખ ઝરે (એટલે) ખવાય જાય થડમાંથી જ તે. એમ આ ચીકણો પદાર્થ છે – રાગ છે એ ચીકણો છે, આત્માનો વેરી છે, આત્માની શાંતિનો ઘાતક છે. અનિષ્ટ છે, ઘાતક છે એટલે એ દુષ્ટ છે. ઘાત કરે છે માટે એ ખરાબ કામ કરનારો દુષ્ટ છે. દુષ્ટ હોય તે ખરાબ કામ કરે છે એમ. એને મારી નાખ તો અંદર જવાશે, એને રાખીને અંદર જવાશે એમ બનશે નહીં. ના, ના રાગ ભલે રહ્યો. ગૃહસ્થપણામાં પણ પ્રાપ્તિ થાય છે, ચક્રવર્તીને પણ પ્રાપ્તિ થાય છે. તો કહે છે, અવલંબન લેવા માટે વાત નથી. રાગને મારવો છે એના બદલે તું રાગીના દૃષ્ટાંત લે, રાગ વધે એવા આલંબન ગોત તો એમાં રાગ ઘટવાને બદલે લટાનો વધી જશે. પ્રયોજન તો વીતરાગતાનું છે, રાગનો નાશ કરવાનું પ્રયોજન છે એ પ્રયોજન તો ક્યારે પણ છૂટવું જોઈએ નહીં, પ્રયોજન ક્યારેય ચુકાવું જોઈએ નહીં. તો વાંધો નથી આવતો. પ્રયોજન ચૂકી ગયો એટલે ગયો. પછી પ્રયોજન ચૂકીને શાસ્ત્ર વાંચે તોપણ એનું એ છે ને ન વાંચે તોપણ એનું એ છે. અહીં સુધી રાખીએ.

***

**કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી. આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ. આત્માનું લક્ષણ–ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર. ૧૪૬.**

**તા. ૨૭-૦૬-૧૯૮૭, વચનામૃત–૧૪૬**
**પ્રવચન નં. ૧૧૧**

૧૪૬ બોલ છે. આત્માને ઓળખવાની પ્રેરણા આપી છે. '**કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતાં નથી.**' જગતમાં જડ અને પુદ્ગલ અનંતા દ્રવ્યો છે. જાતિ અપેક્ષાએ છ જાતના દ્રવ્યો છે એમાંથી કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતા નથી. પોતાના સ્વરૂપનો ત્યાગ કરે એવું કોઈ દ્રવ્યને વિશે બનતું નથી. કોઈપણ દ્રવ્ય જો પોતાનું સ્વરૂપ છોડી દચે તો એનો સર્વનાશ થાય. એક દ્રવ્યનો નાશ થાય, ક્રમશઃ અનંતા દ્રવ્યનો નાશ થાય અને જગત શૂન્યવત થાય, પણ એવું કદી બનતું નથી.

જગતમાં સર્વ દ્રવ્યો પોતાના સ્વરૂપને શાશ્વતપણે ધારણ કરી રાખે છે. જો એમ છે તો આ આત્મા પોતે પણ એક દ્રવ્ય છે જે પોતે સદાય રહેવાનો છે, ક્યારેય પણ પોતાનો નાશ નથી, ક્યારેય પોતાનું મૃત્યુ નથી, ક્યારેય પોતાનો અભાવ નથી. જો કોઈ દ્રવ્ય પોતાના સ્વરૂપને છોડતું નથી તો '**આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે;...**' આત્મા છે એ તો મૂળ સ્વરૂપે –

અસલ સ્વરૂપે જુઓ તો પરમ શુદ્ધ તત્ત્વ છે. કોઈ દ્રવ્યનું એમાં મિલાવટ થયું હોય, કોઈ દ્રવ્ય એમાં ભળ્યું હોય, કોઈ દ્રવ્ય એમાં આવીને ભેળસેળ થયું હોય, અશુદ્ધતા થઈ હોય એવું નથી.

આત્મા પરમ શુદ્ધ તત્ત્વ છે એટલે આત્મા પોતાના સ્વરૂપે સદાય રહ્યો છે. આત્મા આત્મા સ્વરૂપે સદાય રહ્યો છે. એવા પરમ શુદ્ધ તત્ત્વમાં **'ક્ષાયોપશમિક આદિ ભાવો નથી.'** આદિમાં બાકીના ત્રણ પ્રકાર લઈ લેવા. ક્ષાયિકભાવ, ક્ષયોપશમિકભાવ, ઉપશમભાવ અને ઔદયિકભાવ – એ ચારેય પ્રકારના જે પરિણામ છે, (એ) પરિણામના ચાર પ્રકારમાં સર્વ પ્રકારના પરિણામ આવી જાય છે. સંસારના, મોક્ષમાર્ગના અને મોક્ષના. સંસારમાં અસંખ્ય પ્રકારના વિભાવ પરિણામ છે, મોક્ષમાર્ગમાં ઉત્તરોત્તર શુદ્ધતાની લબ્ધિવાળા પરિણામ છે અને મોક્ષના પૂર્ણ શુદ્ધિના પરિણામ છે. એ સર્વ પરિણામ આ ચાર જાતમાં – ચાર વિભાગમાં સમાય જાય છે. ઔદયિકભાવ છે એ સંસાર પરિણામમાં આવે છે. ઉપશમ અને ક્ષયોપશમભાવે મોક્ષમાર્ગના પરિણામ હોય છે અને ક્ષાયિકભાવે મોક્ષના સર્વ પરિણામ એ ક્ષાયિકભાવે છે.

કહે છે કે, પરમ શુદ્ધ તત્ત્વમાં – તેમાં એટલે આત્મા જે પરમ શુદ્ધ તત્ત્વ છે એમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. કેમકે આત્મા જે પરમ શુદ્ધ તત્ત્વ છે એ પારિણામિક ભાવે છે અને આ ચારેય પ્રકારના પર્યાય ભાવે નથી. પારિણામિકભાવ છે તે દ્રવ્યના સ્વભાવ ભાવે છે. આ ચારેય પ્રકારના પરિણામ પર્યાયાર્થિકનયના વિષયરૂપ છે. પર્યાયાર્થિકનય એને વિષય કરીને એનું જ્ઞાન કરે છે. પારિણામિકભાવ શુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. ચારેય પ્રકારના પરિણામ વ્યવહારનયનો વિષય છે અને પારિણામિકભાવ શુદ્ધ નિશ્ચયનયનો વિષય છે, શુદ્ધ નિશ્ચયનો વિષય છે. ચારેય પ્રકારને અશુદ્ધનિશ્ચય કહીને વ્યવહાર કહ્યો છે. એના પરિણામ છે એટલે અશુદ્ધનિશ્ચય કહીને એને વ્યવહાર કહ્યો છે.

પ્રશ્ન :– શુદ્ધ નિશ્ચય પરિણામિકભાવને ગણવાનો ?

સમાધાન :– શુદ્ધ નિશ્ચય, હા, એ શુદ્ધ નિશ્ચયરૂપ છે. પરમ શુદ્ધ કહો કે શુદ્ધ નિશ્ચય તત્ત્વ કહો બન્ને એક જ છે. ચારેય ભાવો એમાં નથી કેમકે એ તો પર્યાયભાવે જ નથી. દ્રવ્ય તો પોતે પર્યાયભાવે જ નથી. પછી એ ચારે પ્રકારની પર્યાય એમાં હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**'આત્મા તો પરમ શુદ્ધ તત્ત્વ છે; તેમાં ક્ષાયોપશમિક આદિ ભાવો નથી. તું તારા સ્વભાવને ઓળખ.'** એમ કહે છે, તું તારા સ્વભાવને ઓળખ એટલે એવા તારા સ્વરૂપને ઓળખ.

પરમ પારિણામિકભાવે રહેલું જે સ્વરૂપ એને ઓળખ, એમ કહેવું છે. સદાય એકરૂપ રહેતું શુદ્ધ ધ્રુવ તત્ત્વ છે, નિશ્ચય તત્ત્વ છે જે આત્માનું ખરું સ્વરૂપ છે અથવા જેને નિશ્ચય આત્મા કહેવાય છે – ખરેખર આત્મા કહેવાય છે એને તું ઓળખ. એ તારો સ્વભાવ છે. એ તારું સ્વરૂપ છે, એ તારો અનાદિઅનંત સ્વભાવ છે. **'તું તારા સ્વભાવને ઓળખ.'** અહીંથી જે કાંઈ આગળ વધવું છે એ ઓળખાણ થતાં આગળ વધાશે. એ પહેલાં આગળ વધવાનો પ્રશ્ન રહેતો નથી. જીવ ચાહે તે ક્રિયા કરે પણ પોતાના સ્વરૂપને ઓળખ્યા વિના કાંઈ થાય એવું નથી. અને પોતાના સ્વરૂપને તે જીવ ઓળખે છે કે જેણે પહેલેથી જ પોતાનું સાધ્ય, પોતાનું ધ્યેય, પોતાનો આદર્શ પરિપૂર્ણ શુદ્ધ નિષ્કલંકપણે થવાનો, દશાએ પરિપૂર્ણ શુદ્ધ થવાનો, પૂર્ણ પવિત્રદશાએ પહોંચવાનો જેનો ધ્યેય છે, જેનું એ સાધ્ય છે, જેનો એ આદર્શ છે જીવનનો કે મારે તો કષાયકલંકનો એક કણ પણ ન જોઈએ, એવું જેનું ધ્યેય છે ને આદર્શ છે એને પૂર્ણતાને લક્ષે શરૂઆત ઉત્પન્ન થાય છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'એ બન્ને વાતનો ...

પૂજ્ય ભાઈશ્રી :– આ તો સૂત્ર જેવી વાત કરી છે 'પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.'

મુમુક્ષુ :– અને ધ્રુવ તત્ત્વની વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– અને ધ્રુવ તત્ત્વની વાત કરી. એ પૂર્ણ તત્ત્વ, આ પર્યાય. બન્ને વાત પદ્ધતિસર અને અનેક પડખાંઓથી સ્પષ્ટ કરીને સમજાવી છે.

અહીંયાં સ્વાધ્યાય ને ચર્ચામાં એક પ્રશ્ન આપણે ચાલે છે કે, જીવને જાગૃતિ રહેવી જોઈએ. ઉદયમાં જાગૃતિ રહે તો એના ઉદયિકભાવના વિભાવરસ ઉપર ઘા પડે, મોળો પડે, ફિક્કો પડે, નિરસપણું આવે. જાગૃતિનો પ્રશ્ન ચાલે છે ને ? એ જાગૃતિ રહેવાનું ને નહીં રહેવાનું કારણ જો તપાસવામાં આવે તો જેણે પૂર્ણતાનું લક્ષ કર્યું છે, પૂર્ણ શુદ્ધિનું ધ્યેય બાંધ્યું છે એને જાગૃતિ યથાયોગ્ય પ્રકારે, યથાર્થ પ્રકારે રહે છે અને જેણે એ ધ્યેય બાંધ્યું નથી એને જાગૃતિ રાખવી હોય તોપણ રહેતી નથી.

જીવ અજ્ઞાનરૂપી અંધકારમાં ચાલી રહ્યો છે અને એ અંધકારમાં જાગૃતિ છે એની પાસે એ ટોર્ચલાઇટ જેવી છે. ટોર્ચનું અજવાળું બહુ ન પડે પણ એને જ્યાં પગ મૂકવો છે ત્યાં તો એને ખબર પડે કે આ ખાડો છે કે નથી. પગ ખાડામાં ન પડે એનું ધ્યાન રાખવું હોય તો એક ટોર્ચ હોય તોપણ ઘોર અંધકારમાં કામ આવે. એમ અનાદિનો ઘોર અંધકાર

છે એમાં જાગૃતિ છે એ ટોર્ચ છે એની. એ જાગૃતિ ઉત્પન્ન થવાનું કારણ (તપાસીએ તો માલૂમ પડે છે કે) જો પૂર્ણતાનું ધ્યેય હોય તો થાય છે.

જો જીવનમાં પૂર્ણતાનું ધ્યેય ન હોય, પૂર્ણ શુદ્ધિનું ધ્યેય ન હોય તો જાગૃતિ યથાર્થ પ્રકારે આવતી નથી અને જે કાંઈ કરે છે એ બધું લક્ષ વગરના બાણ જેવું છે. કેમકે અહીંયાં (-બહારમાં) તો લક્ષ છે કે અહીંયાં પહોંચવું છે. આ તો (ધર્મના ક્ષેત્રમાં) ચાલે છે પણ કઈ દિશામાં જવું છે એની એને ખબર નથી. જીવ પોતાના પોતાના સંપ્રદાયની પરંપરા અનુસારની અનેક પ્રકારની ધાર્મિક ક્રિયા, માનેલી ધાર્મિક ક્રિયા કરે છે પણ એ બધું અંધારામાં કઈ બાજુ જાવું છે એ ખબર વગર એમ ને એમ ઘડીક આ બાજુ જાય છે ને ઘડીક આ બાજુ જાય છે ને આથડી આથડીને આયુષ્ય પૂરું કરે છે. જાય ચારગતિના પરિભ્રમણમાં. કિંમતી મનુષ્યભવ વેડફી નાખે છે જીવ.

આ એક માર્ગદર્શનનો પાયાનો વિષય છે કે ક્યાંથી શરૂઆત કરવી. સ્વાધ્યાયમાં એ પણ પ્રશ્ન આવે છે કે શરૂઆત કેમ કરવી ? અહીંથી આ પ્રકારે શરૂઆત કરવી. અહીંથી આ પ્રકારે શરૂઆત કરવી ને બીજી કોઈપણ પ્રકારે શરૂઆત કરવી નહીં. અથવા બીજા કોઈપણ પ્રકારે જીવ પરિણમતો હોય કે કાર્ય કરતો હોય તો એણે એ શરૂઆત થઈ છે એમ માનવું નહીં કે, આ શરૂઆતમાં હું આમ કરું છું - એમ એણે માનવું નહીં. એ શરૂઆત જ નથી કરી.

મુમુક્ષુ :- લક્ષ પૂર્ણતાનું હોવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્ણતાના લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે. ત્યાં શરૂઆતને એક વિશેષણ લગાડ્યું 'ગુરુદેવશ્રી'એ કે, એ વાસ્તવિક શરૂઆત છે. બાકીની શરૂઆત ? તો (કહે છે એ) અવાસ્તવિક શરૂઆત છે અથવા ખોટી છે અથવા એને શરૂઆત માની છે એવો એક ભ્રમ થયો છે, એને નવો ભ્રમ થયો છે કે આ મારી શરૂઆત, શરૂઆતમાં હું આમ કરું છું, આ મારી શરૂઆત છે. ખોટી (વાત) છે શરૂઆત જ નથી. આ તો ઓળખવામાંથી વાત લીધી.

મુમુક્ષુ :- ઉદયભાવમાં જાગૃતિ રહેતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જાગૃતિ રહેશે નહીં રાખવી હોય તોય. જો એણે ધ્યેય સરખું નહીં બાંધ્યું હોય તો એને જાગૃતિ રહેશે નહીં. ક્યારેક વિકલ્પ આવશે પણ પરિણમનનો ઘણો કાળ તો એનો અજાગૃત અને અસાવધાન દશામાં ચાલ્યો જશે. મોટાભાગના ઉદયમાં સાવધાની

રહેશે નહીં. ક્યાં જવું છે, કઈ દિશામાં જવું છે એ નક્કી થાય તો એ દિશા બાજુથી બીજી દિશામાં જવાનું થાય તો એને તરત લાઇટ થાય અંદર, ખબર પડે કે આમ નહીં આમ જવાનું છે. મેં તો આમ જવાનું નક્કી કર્યું છે, આમ નથી જાવું. પૂર્વકર્મના ઉદયથી ચાલ્યું જવાય તોપણ એ ત્યાંથી પાછો વળવાનો પ્રયત્ન કરે. ઓછામાં ઓછો એનો ઉદયના વિભાવોના પરિણામનો રસભંગ તો થયા વિના રહે જ નહીં. રસ તો તૂટે જ, એનો ભંગ થાય જ. જો સ્વરૂપલક્ષે વિભાવરસ ભાંગે, વિભાવરસ તૂટે તો એના જ્ઞાનમાં આત્માને ઓળખવાની ક્ષમતા આવે.

અહીં જે વાત કરી કે, **'તું તારા સ્વભાવને ઓળખ.'** 'ગુરુદેવશ્રી' જેવા ઉત્કૃષ્ટ વ તા, પૂજ્ય 'બહેનશ્રી' જેવા સમર્થ જ્ઞાનીના વચનો આત્માને ઓળખાવા માટે તો ઘણાં છે. સાંભળીએ છીએ છતાં આત્માને ઓળખતા કેમ નથી ? કે, જે જ્ઞાનમાં જ્ઞાનને પોતાનો જ સ્વભાવ પ્રતિભાસવો જોઈએ – નિશ્ચિત થવો જોઈએ એ જ્ઞાનમાં એને પોતાનો સ્વભાવ જ્ઞાનના આધારે નિશ્ચિત થતો નથી, રાગના આધારે વિચાર કરે છે કે આત્મા આવો છે, આત્મા આવો છે, આત્મા આવો છે. અનંતજ્ઞાન છે, અનંતદર્શન છે, અનંતવીર્ય છે, અનંતસુખ છે. એક એક ગુણમાં અનંતુ સામર્થ્ય છે પણ એ સામર્થ્ય પોતાનું છે એવું એને ભાસવું જોઈએ એ ભાસતું નથી. પોતાની દીનતા એમ ને એમ રહે છે.

જ્ઞાન મેલું છે, વિભાવરસથી રંજિત થયેલું – રંગાઈ ગયેલું જ્ઞાન છે, રાગથી રંગાયેલું જ્ઞાન છે એટલે એમાં સ્વરૂપનો પ્રતિભાસ થતો નથી. અથવા જીવને રાગનો અને પુણ્યના ફળનો, બાહ્ય વૈભવનો, જગતમાં જે પદાર્થોની મોટાઈ છે એની અનાદિની અધિકાઈ એમ ને એમ એણે રાખી છે, વિચારીને એની તુચ્છતા આણી નથી એટલે પણ એને આત્માની મહત્તા ભાસતી નથી. કહે છે કે, તું મહાન છો કેમકે તારું અનંતુ સામર્થ્ય છે. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ કહે કોને ? એવો અનંત સામર્થ્યથી મહાન છે તોપણ કેમ મહાનતા ભાસતી નથી ? કે, બીજી મહાનતા ભાસી છે એ મહાનતા મૂકતો નથી. બે વાત, એક મ્યાનમાં બે તલવાર તો રહે એવી નથી. આત્માનો પણ મહિમા આવે અને જગતના પદાર્થોનો પણ મહિમા આવે બે વાતનો મેળ ખાય એવું નથી.

ઇચ્છા અનુસાર એક પછી એક પછી (એક) અનુકૂળ સંયોગો મળતા જાય. જગતના માણસો એમ કહે વાહ ભાઈ ! તમે તો બહુ ભાગ્યશાળી. તમારે તો પુણ્યની ડેગરડી ચડી છે. શું કહે ? શું કહે છે ? એવા શબ્દો મામણા ગોઠવી નાખ્યા છે (કે), જીવને રસ ચડી

જાય. એટલો રસ ચડી જાય જીવને. તમારે તો ચડતી ડેગરડી છે. બધું સરખું થતું (જાય છે), બધું સરખું થાય છે, બધું સરખું થાય છે. (આવું સાંભળીને) એને રસ ચડી જાય. કહે છે ભાઈ ! એ ઝેર ખાવા જેવું નથી.

શું કહે છે ? કે, **'તું તારા સ્વભાવને ઓળખ.'** ઓળખવા સુધીની તૈયારી કર અને એકવાર ઓળખી લે તો સન્મુખ થઈને અનુભવ સુધી પહોંચાય, નહીંતર આમ ને આમ આયુષ્ય તો કાંઈ રોક્યું રોકાશે નહીં. કાળનો પ્રવાહ ચાલ્યો જાય છે એને કોઈ રોકી શકતું નથી. એ તો પૂર જેવો વિષય છે. પૂરને ખાળી શકાતું નથી, કાળને થંભાવી શકાતો નથી. **'તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે...'** આ મહિમા કરે છે. **'તેને ઓળખ.'** એક રતન હોય તોપણ માણસને એમ થાય કે મારી પાસે રતન છે એવું કોઈની પાસે રતન નથી. બધાને દેખાડતો ફરે.

એક સંબંધી માણસને ત્યાં ગયા હતા, વૈષ્ણવ હતા ઇ કહે, જુઓ ! આ રુદ્રાક્ષનો પારો. આવો પારો ક્યાંય નથી હોતો. ઠીક ! તિજોરીમાંથી કાઢીને બતાવ્યો. માન્યતા હોય કે આવો પારો તિજોરીમાં રાખીએ તો તિજોરીમાં પૈસા આવ્યા જ કરે. એને કાંઈક એનું મુખ હોય છે, ઉપર જે ઉપસેલા ફીગર હોય છે એમાં એનું મુખ હોય છે. જમણું કે ડાબું. એમાં એમ કે આ જમણું કે ડાબું એ યાદ નથી રહ્યું. આવું નથી હોતું, બધા આ મુખના હોય છે, આવા મુખનો નથી હોતો એકેય પારો. આ એક પારો કોઈ મહાત્મા પાસેથી મળી ગયો છે. પૈસા પણ માગ્યા ઇ આપણે આપી દીધા છે. પેલાએ એમ કીધું હોય કે આવો ક્યાંય નથી હોતો ને આ તિજોરીમાં રાખો પછી વાંધો નહીં આવે. ઠીક ! જેટલા ઘરે મહેમાન આવે એને તિજોરીમાંથી કાઢીને દેખાડે. જોયો આ ? આ રુદ્રાક્ષનો પારો કોઈની પાસે નથી. આવો પારો ભાગ્યે જ મળે છે. હિમાલયમાંથી આવો ક્યાંક ગોતી કાઢ્યો હોય, કો'કને મળી ગયો હોય મહાત્માને, આપણે ભાગ્યશાળી કે આપણને મળી ગયો.

મુમુક્ષુ :- તિજોરીમાં વૃદ્ધિ થાય ને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તિજોરી ભરાયેલી જ રહે, તિજોરી ખાલી ન થાય, નુકસાન ન જાય. કેટલો રસ ! આ તો કેટલો રસ આવે છે જીવને. એક રતન જેવી ચીજ હોય તો રસ આવે છે.

આ તો કહે છે કે અનંત રત્નચિંતામણીનો ખજાનો છે. આત્મા છે એ અનંત રત્નચિંતામણીનો ખજાનો છે. અંદર ગુણરત્નો – એક રત્ન નથી પડ્યું ગુણરત્નની આખી

માળા પડી છે. બહારની માળામાં ૧૦૮ પારા હોય છે અહીં તો અનંત છે. લાખ, કરોડ, અબજ નહીં (પણ) અનંત ગુણો છે. પોતે કેટલો મહાન છે એની મહાનતા એક વાર ભાસે તો આખી દુનિયાને ભૂલી જાય એવું છે. કેવું છે આત્મતત્ત્વ ? કે એકવાર જો એને પોતાની મહાનતા ભાસે, હોં ! અનુભવ થાય તો પછીની વાત (પણ ભાસે) તો આખી દુનિયાને ભૂલીને અનુભવ કરી લે એવું છે. જો એની મહાનતા ન ભાસે તો દુનિયાની મહાનતા ખસે એવું નથી અને એ જગતના વિકલ્પો ટળે એવું નથી. એ વિકલ્પની હારમાળા ચાલ્યા જ કરશે, આકુળતા એને થયા જ કરશે, એમાંથી એ છૂટી શકશે નહી. જીવ વિકલ્પના વમળમાં ફસાયેલો છે. જેમ વમળમાં વહાણ ફસાયેલું ચક્કર ચક્કર ફર્યા જ કરે છૂટી શકે નહીં.

મુમુક્ષુ :– અમને માળા દેખાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એને બીજી માળા દેખાય છે એટલે. અને એટલે આ દેખાતી નથી. એને જે જગતના પદાર્થોની મહાનતા ભાસી છે એ મહાનતા એને ભૂંસી નાખે આરો છે એકવાર. સમજીને, એમ ને એમ નહીં પણ સમજીને (ભૂંસી નાખે) કે, આ જડ પદાર્થોમાં મારા સુખનો કણ નથી, સુખની ગંધ નથી અને આ જીવને એ ક્યાંય કામના નથી. કામની ચીજ છે એમ માની ત્યાં સુધી એનું મમત્વ રોકી શકાશે નહીં. આમ તો સંસારમાં બહુ સામાન્ય વાત છે કે જેટલી મમતા રાખે એટલું દુઃખ થાય ને મમત્વ કરવા જેવું નથી. પણ એ ચીજ કામની છે કે નકામી ? કે જો કામની છે તો મમતા થયા વગર રહેશે નહીં. નહીં કરવી હોય તોય થયા વગર રહેશે નહીં.

મારી વ્યાપકતાને તપાસવામાં આવે તો વ્યાપ્યવ્યાપક ભાવે મારા આત્મદ્રવ્યથી હું જરાપણ બહાર વ્યાપી શકતો નથી તેથી કોઈ ચીજ મને કામમાં આવી શકતી નથી. નિરાળો ને નિરાળો ભિન્ને ભિન્ન રહું છું. જાણવું એટલું જ મારું કાર્ય છે. જાણ્યા કરું છું. લક્ષ બીજા ઉપર છે તો બધું ભૂલી જવાય છે. આખા સ્વરૂપને ઓળંગી જવાય છે, ઉલ્લંઘન કરી જવાય છે.

પ્રશ્ન :– જગતની કોઈ ચીજ કામની નથી ?

સમાધાન :– જગતની કોઈ ચીજ જીવને કામની નથી, આ જીવને પોતાને કામની નથી. અને હોય તો કહો કે કેવી રીતે કામની છે ? પણ તરસ લાગે ત્યારે પાણી કામમાં આવે કે ન આવે ?

મુમુક્ષુ :– લાગી હોય ત્યારે ખબર પડે.

પૂજ્ય ભાઈશ્રી :- આમ છે. લાગી હોય ત્યારે સ્વભાવને સંભાળે તો કાંઈક બીજી ખબર પડે એવું છે અંદર. કે મારું તત્ત્વ અનાદિઅનંત શાશ્વત છે. (–બહારમાં) Guaranteed છે નહીં. એવા પણ સંજોગો આવે કે પાણી પણ ન મળે, આહાર-પાણી ન મળે. થલપાથલ થઈ જાય, જળબંબાકાર થઈ જાય, એકલો અટુલો એક ખડક ઉપર રહી જાય, જ્યાં આહાર ન હોય, પાણી ન હોય, કાંઈ ન હોય. નાડી તૂટવા માંડે તોપણ એને અંદરથી આધાર મળવો જોઈએ કે હું શાશ્વત તત્ત્વ છું. મારા અખંડિત પ્રતાપને કોઈ રોકી શકે એવું નથી. અનંત ગુણનું પ્રભુત્વ છે એનાથી હું પરમેશ્વર છું, અત્યારે જ પરમેશ્વર છું કોઈની અપેક્ષા મને નથી. એવી ખુમારીમાં ઓળખે તો આવે કે એમ ને એમ આવે ? વિકલ્પ તો કાંઈ કામમાં આવવાના નથી.

**'તું તારા સ્વભાવને ઓળખ. અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે તેને ઓળખ.'** અનંત ગુણરત્નોની માળા અંદર પડી છે એને ઓળખ. એની ઓળખાણ કર. ઓળખાણ કરવી એ એક ખાસ વિષય છે, આત્માને પરખવાનો કે જે ઓળખાણ થતાં જ એનો વાસ્તવિક મહિમા આવે. (ઓળખાય નહિ) ત્યાં સુધીનો જે મહિમા છે એ ઓઘસંજ્ઞાએ મહિમા છે. ભલે વિચારથી નિશ્ચિત કરેલી વાત હોય કે અનંત જ્ઞાન છે, જેનો અંત નથી એવું જ્ઞાન છે, અનંતુ જ્ઞાન છે, અનંતો આનંદ છે, અનંતુ સુખ છે પણ ઓળખાણ વગર એનો ભાવ ભાસતો નથી અને ભાવ ભાસ્યા વિના એનો મહિમા આવતો નથી. ઓળખવા ઉપર કેટલું વજન છે.

**'તેને ઓળખ.'** ઓળખીને પ્રતીતિ કર એમ કહે છે. એમ ને એમ અદ્ધરથી પ્રતીતિ થશે નહીં. **'આત્માનું લક્ષણ–ત્રિકાળી...'** આત્માનું લક્ષણ, એ લક્ષણ દ્વારા **'ત્રિકાળી સ્વરૂપ ઓળખી પ્રતીત કર.'** બહુ ટૂંકાંમાં કહી દીધું. આત્માનું લક્ષણ જ્ઞાન છે. જ્ઞાન એનું ત્રિકાળી સ્વરૂપ છે. જ્ઞાનસ્વભાવ એનું ત્રિકાળી સ્વરૂપ છે, જ્ઞાન એનું લક્ષણ છે અને એના દ્વારા એના ધ્રુવ ત્રિકાળી જ્ઞાનસ્વભાવી સ્વરૂપને ઓળખીને, લક્ષણ દ્વારા ઓળખીને, લક્ષણના આધારે ઓળખીને, સ્વભાવ અંશના આધારે અખંડ પૂર્ણ સ્વભાવને ઓળખીને પ્રતીતિ કર. પ્રતીત વિના જોર ક્યાંય આવશે નહીં. આવો જ છું એમ એની પ્રતીતિ આવવી જોઈએ. જેવો જ્ઞાનમાં ભાસે એવો જ છું એવી જ્યારે પ્રતીતિ એને આવે ત્યારે એનો પુરુષાર્થ પાંગરે અથવા સ્ફુરે. (આ રીતે જ્યાં સુધી પ્રતીત આવતી નથી) ત્યાં સુધી ચૈતન્યવીર્યની સ્ફુરણા થતી નથી.

મુમુક્ષુ :- લક્ષ લક્ષણનો ભેદ કાઢી નાખ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, લક્ષણ અને ત્રિકાળી સ્વરૂપ એક લઈ લીધું એમ. લક્ષણનો ભેદ નથી રાખવો. લક્ષણથી લક્ષને ઓળખીને, લક્ષણ લક્ષમાં અભેદ કરીને, લક્ષમાં લક્ષણને અભેદ કરીને તું તારા સ્વરૂપને ઓળખીને એની પ્રતીતિ કર.

જ્ઞાનને પ્રતીતિનો સાથ મળે તો એ સ્વરૂપમાં એકાગ્ર થવા સમર્થ થાય. ઉપયોગ ક્યારે સ્વરૂપમાં સ્થિર થાય ? કે, જ્યારે પોતાના સ્વરૂપને જાણ્યું છે એવા જાણેલા વિષયની પ્રતીતિ થાય ત્યારે એ જાણેલા વિષયમાં સ્થિર થવાય. ત્યાં સુધી સ્થિરતા આવતી નથી. જ્યાં સુધી સ્થિર થવાય નહીં ત્યાં સુધી શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્રની એકતા થઈ નથી. દર્શન, જ્ઞાન, ચારિત્રની એકતા થાય, શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રની એકતા થાય ત્યારે ધર્મ પ્રગટ થાય, ત્યારે એને જન્મ-મરણનો અંત આવે.

મુમુક્ષુ :- અનંત ગુણોની માળા કહો છો પણ અહીંયાં તો કાંઈ દેખાતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :- દેખાતી નથી એનું કારણ કે બીજું કાંઈક દેખાય છે. બીજું જે દેખાય છે એના ઉપર વિચાર કરીને નક્કી કરવું કે, આમાં કેમ મહાનતા નથી, આત્માને કામનું નથી અને કેમ કામનું લાગે છે ? કેમ દેખાય છે એવું ? એવું કેમ દેખાય છે ? કોઈ બે-પાંચ-પચીસ રૂપિયામાં છેતરી જાય તો એને ચાનક ચડે (કે), માળો મને છેતરી ગયો. સાચા રૂપિયાને બદલે ખોટો રૂપિયો દઈ ગયો. સાચી ચાંદીને બદલે ખોટી ચાંદી આપી ગયો, સાચા સોનાને બદલે નકલી સોનું આપી ગયો.

મુમુક્ષુ :- હોંશિયાર માને છે ને પોતાને.

પૂજ્ય ભાઈશ્રી :- હોશિયાર માને છે પણ અહીંયાં તો ચાર ગતિના પરિભ્રમણમાં હોશિયારીથી રખડે છે, ચતુરાઈથી રખડે છે.

'ગુરુદેવશ્રી' એકવાર 'ભાવનગર' પધારેલા. અહીંયાં (એક ભાઈના) બંગલે તર્યા હતા, ફિલ્ટરની ટાંકી પાસે. સાંજે ધ્યાનમાંથી (બહાર આવે) પછી ચર્ચા શરૂ થાય, એ પહેલાં ધ્યાનમાં બેસતા. આહાર કર્યા પછી ટાઇમ રહે. ચર્ચાના ટાઇમ પહેલાં દસ-પંદર મિનિટ બહાર આવે. જ્યાં બેસવાનું હોય, રૂમમાં દસ-પંદર મિનિટ બેસતા. ચર્ચામાં કોઈ વહેલા આવે નહિ, જમવાનો ટાઇમ હોય એટલે ટાઇમે જ પહોંચે લગભગ. એકલા બેઠા હતા (એમાં પેલા ભાઈ) આવીને બેઠા. હું એ વખતે હતો. 'ગુરુદેવ'ની કરુણા કેટલી છે ! અંગત રીતે તો ભાગ્યે જ 'ગુરુદેવે' કોઈને કીધું હશે, કોઈ ભાગ્યશાળીને કહે. (પેલા ભાઈને કહ્યું), ભાઈ ! સાંભળ્યું છે કે તમે

બહુ વ્યવહાર કુશળ માણસ છો. હતા પણ વ્યવહાર કુશળ. એ વખતમાં કરોડોનો વહીવટ કરતા. સાંભળ્યું છે કે તમે બહુ વ્યવહાર કુશળ છો, વ્યવહારમાં ડાહ્યા માણસ છો પણ સાચું ડહાપણ એ છે કે પોતે તરી જાય તો સાચું ડહાપણ છે. નહીંતર આ સંસારમાં ક્યાં ગળકા ખાવા પડશે એનો મેળ નથી. અને આ વાત સમજવા જેવી છે એનો અર્થ કે આ વાત અત્યારે છે. કાંઈક ધ્યાન આપીને, લક્ષ આપીને આ વાત સમજી લ્યો, આ વાત ઉપર તમારું વજન જાય તો તમારા આત્માને તરવાનું કારણ બને અને આવો યોગ થયો એ સફળ થાય, નહીંતર યોગ અયોગ થઈ જાય છે. પાત્રતા વિના તો યોગ અયોગ થઈ પડે છે. એમ વાત કરેલી. આ હોશિયારીની વાત છે. અને નહીંતર વ્યાખ્યાનમાં તો સ્પષ્ટ કહેતા, ઘણા હોશિયાર, પૈસાવાળા, બુદ્ધિવાળા માણસો સામે બેઠા હોય (તો કહે), આ બધું ચાર ગતિમાં રખડવાનું સાધન છે બીજું કાંઈ નથી. જગતની હોશિયારી અને જગતના કહેવાતા વૈભવો અને એ પ્રત્યેનો આ જીવને જે રસ (એ) ચાર ગતિમાં રખડવાનું કારણ છે, બીજું કાંઈ એનું ફળ નથી.

મુમુક્ષુ :- બહુ સારી મુદ્દાની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હોશિયારી શું કામની. રખડવાના કામમાં આવે, જીવને દુઃખી થવાના કામમાં આવે. પોતાનું હિત કરી લ્યે તો ડાહ્યો. અને પોતે જ પોતાના પગ ઉપર કુહાડો મારે તો એને ગાંડો કહેવો કે ન કહેવો ? જ્ઞાનીની નજરમાં જગતના હોશિયાર માણસો પાગલ છે અને એ પાગલની નજરમાં જ્ઞાની એને પાગલ લાગે છે કે, શું આ બધું રોજ ઠીને એકની એક વાત આત્મા, આત્મા, આત્મા, આત્મા. આત્મા, આત્મા જ કૂટે છે એમ કહે. શું કહે ? એમ કહે. ભાઈ ! તને શાંતિ નથી એ વાત તો નક્કી છે કે નહીં ? તું હોશિયાર માનતો હોય, તને બધું મળી ગયું હોય એમ માનતો હોય, ઘણું મળ્યું હોય એમ માનતો હોય પણ તને ક્યાય શાંતિ નથી એ વાત તો નક્કી છે કે નહીં ? શાંતિ માટે ફાંફાં મારે છો કે નથી મારતો ? આ સીધી વાત છે. તને જે અશાંતિ છે એનો રસ્તો શોધી કાઢ તો તું ડાહ્યો. (નહીંતર) અશાંતિમાં ને અશાંતિમાં મૂંઝાઈને મરી જઈશ. પાછળ એક બોલ છે. બહુ સરસ ! જાગૃતિ આવી જાય એવો બોલ છે. ૪૧૨ છે ? ૪૧૨ છે.

**'બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે,...'** થોડું પણ નુકસાન જાય તો તને દુઃખ થાય છે. **'બહારની એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે,...'** ઘરમાં દાગીનો લાવ્યા હોય સોનાનો ને પહેર્યો ન હોય ત્યાં ચોરાઈ જાય તો ? હજી હમણાં ત્યાં પૈસા દીધા

ને અહીંયાં કો'ક ઉઠાવી ગયું. **'એક ચીજ છોડતાં તને દુઃખ થાય છે, તો બહારનાં બધાંય દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એકસાથે છૂટતાં તને કેટલું દુઃખ થશે ?'** આ તો પ્રયોગ કરવો હોય તો આમ કરાય. ભલે દાગીનો ચોરાઈ ન જાય પણ આપણો ચોરાઈ જાય તો શું થાય ? ઇ વખતે શું પ્રયત્ન ચાલે ? એ વખતે શું વિચાર ચાલે ? કેમ વિચાર ચાલવો જોઈએ ? કેવો પુરુષાર્થ કરવો જોઈએ ? આ બધું કરી શકાય છે. બહારના બધાં દ્રવ્ય-ક્ષેત્ર એક ઝાટકે બધું છૂટશે તને કેટલું દુઃખ થશે ?

**'મરણની વેદના પણ કેટલી હશે ?'** એમ કહે છે. 'ગુરુદેવશ્રી' તો એના પ્રવચન કરતા કહે છે કે મરણની વેદના, મૂંઝવણની વેદના, તને સમાધાન નહીં થાય. એ અસમાધાનની વેદના, આ બધા સંયોગો છૂટી જશે એના દુઃખની વેદના અને છાતીમાં ભીંસ આવશે એની રોગની ભીંસની વેદના આ બધા દુઃખ એકસાથે ભેગા થઈ થશે. કોઈ તને શરણ થાશે નહીં. એ વખતે તને એમ થશે મને કોઈ બચાવો, હું આમાંથી – આ પરિસ્થિતમાંથી મુ ત થાઉં એવું કાંઈક કરો, પણ બોલી પણ નહી શકે. મૂંઝવણમાં ને મૂંઝવણમાં બોલી પણ નહીં શકે. બોલવાનો ભાવ હશે ને બોલાશે નહીં. કોઈને કહેવાનો ભાવ હશે ને કહી નહીં શકાય એની મૂંઝવણ. પુણ્ય છૂટી જાય પછી શું થાય. વાણી તો પુણ્યના યોગે ભાષાનો યોગ છે. ઇ પ્રકારનું પુણ્ય છૂટ્યું એટલે ભાષા ગઈ, જીભ એમ ને એમ રહી ગઈ, ભાષા થાતી નથી.

**'તું ભલે ધનના ઢગલા કરે, વૈદ્ય-દાકતરો ભલે સર્વ પ્રયત્ન કરી છૂટે, ટોળે વળીને ભેલાં સગાંસંબંધીઓ તરફ તું ભલે દીનતાથી ટગર ટગર જોઈ રહે,...'** કે કાંઈક કોઇક કાંઈક મને, કોઈક કાંઈક મને બચાવી લ્યે. કાંઈ પત્તો ખાય એવું નથી.

**'જો તેં શાશ્વત...'** હવે રસ્તો બતાવે છે, **'જો તેં શાશ્વત સ્વયંરક્ષિત જ્ઞાનાનંદસ્વરૂપ આત્માની પ્રતીતિ–અનુભૂતિ કરીને આત્મઆરાધના કરી હશે, આત્મામાંથી શાંતિ પ્રગટ કરી હશે, તો તે એક જ તને શરણ આપશે.'**

મુમુક્ષુ :– આમાં પણ પ્રતીતિ લીધી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા પ્રતીતિ લીધી ને. પ્રતીતિ કરીને અનુભૂતિ, પ્રતીતિપૂર્વકની અનુભૂતિ કરી હશે. એમ ને એમ કલ્પનાની અનુભૂતિ નહીં.

એ (આત્મ)શાંતિ શરણ આપશે. **'માટે અત્યારથી જ તે પ્રયત્ન કર.'** એમ. વળી જ્યારે મરણ પ્રસંગ આવશે ત્યારે પુરુષાર્થ કરીશ (એમ માનતો હો તો એ વખતે) નહીં કરી શકે.

અત્યારે તેં સમજવા છતાં એ વાતને ગૌણ કરી નાખી અથવા પછી કરીશ એમ કરીને પાછી ઠેલી નાખી તો ખરા વખતે તું પ્રયત્ન કરી શકીશ નહીં. જો અત્યારથી જ તને પ્રયત્ન કરવાનો અભિપ્રાય હશે અને તારો પ્રયત્ન યથાશક્તિ ચાલુ હશે તો જ્યારે ભીંસ વધી જશે ત્યારે પ્રયત્ન વધારે જાગૃત થઈને, તીવ્ર થઈને તને એ પ્રયત્ન કામમાં આવશે. બાકી અત્યારે 'પછી કરીશ' એમ રાખ્યું હશે તો ખરે વખતે કાંઈ થાશે નહીં, એમ કહેવું છે.

**'માથે મોત ભમે છે' એમ વારંવાર સ્મરણમાં લાવીને તું પુરુષાર્થ ઉપાડ...'** કેમકે એમાં વિમાના પ્રીમિયમની જેમ ૩૦ days (પહેલાં) Notice નથી આવતી. દેવલોકમાં એટલી સગવડ છે ત્યાં એટલું પુણ્ય છે. છ મહિના પહેલાં નોટિસ આવે કે, બસ ! હવે તૈયારી છે. અહીંયાં આમ તો આડકતરી નોટિસો તો આવે છે. ઉંમર થાય છે એના પ્રમાણમાં ફેરફાર (થાય છે), કોઈને કોઈ ઇંદ્રિય મોળી પડે છે, વાળ ધોળા થાય છે એ કાળી સ્લેટમાં ધોળા અક્ષરે લખવા જેવું જ છે ને ! કે આ હવે સમય આગળ ચાલ્યો. ઓચિંતું ગમે ત્યારે દેહ છૂટવાનું તો કારણ બની શકે છે, બની જાય છે.

**'તું પુરુષાર્થ ઉપાડ કે જેથી...'** સ્મરણમાં લાવીને, એને વારંવાર સ્મરણમાં એટલે જાગૃતિમાં લાવીને **'તું પુરુષાર્થ ઉપાડ કે જેથી 'અબ હમ અમર ભયે,...'** તારા અમર તત્ત્વને, શાશ્વત તત્ત્વને, સ્વયંરક્ષિત તત્ત્વને સંભાળ કે હું તો મરવાનો જ નથી. દેહનો ત્યાગ તો એની મુદત પ્રમાણે હોય શકે છે. દેહના ત્યાગમાં મારા સ્વરૂપનો ત્યાગ નથી ને મારા સ્વરૂપમાંથી કાંઈ જાતું નથી. એ રીતે ત્યાં શુદ્ધાત્માની ઉપાદેયતા લીધી છે. પ્રવચન બહુ વૈરાગ્યવાળું આવેલું છે, ચોથા ભાગમાં આનું પ્રવચન છપાયેલું છે.

૪૦૯ માં બોલનો પેરેગ્રાફ છે કે **'ધર્મી જીવ...'** એની પહેલાં ઉપરમાં લઈ લીધું છે કે **'રોગની, વેદનાની, મરણની, એકત્વબુદ્ધિની અને આર્તધ્યાનની ભીંસમાં ભીંસાઈને...'** અજ્ઞાની જીવ **'દેહ છોડે છે.'** મનુષ્યભવમાં પોતાનું હિત કર્યા વિના અહિત કરીને **'મનુષ્યભવ હારીને ચાલ્યો જાય છે.'** જ્યારે જ્ઞાની તો, હવે એની સામે જ્ઞાનીની વાત લીધી છે. **'ધર્મી જીવ રોગની, વેદનાની કે મરણની ભીંસમાં ભિંસાતો નથી,...'** એને શરીરનો રોગ આવે છે, વેદના એને હોય શકે છે અને દેહત્યાગ, પ્રાણત્યાગ વખતની પણ અશાતા ઉત્પન્ન થાય છે. તીવ્ર અશાતા હોય છે તોપણ એની ભીંસમાં ધર્મી ભીંસાતા નથી. ૪૦૯ છે.

**'કારણ કે તેણે શુદ્ધાત્માનું શરણ પ્રાપ્ત કર્યું છે.'** માટે એને કોઈ ભીંસ નથી. સમાધિમરણે દેહત્યાગ છે, એને સમાધિમરણ કહેવામાં આવે છે. જીવન સમાધિનું છે, પરિણમન સમાધિનું

છે. જેનું જીવન સમાધિનું છે એનું દેહત્યાગરૂપી મરણ પણ સમાધિમય હોય છે. જેને દેહત્યાગ સમાધિથી થાય છે એને ભવાન્તરની અંદર બીજા ભવમાં નવું જીવન પણ સમાધિપૂર્વકનું સમાધિજીવન શરૂ થાય છે. એને જન્મ-મરણના દુઃખ દુઃખપણે અનુભવાતા નથી, એને જાણે છે. **'વિપત્તિસમયે તે આત્મામાંથી શાંતિ મેળવી લે છે. વિકટ પ્રસંગે તે નિજ શુદ્ધાત્માનું શરણ વિશેષ ગ્રહણ કરે છે.'** વધારે પુરુષાર્થથી ગ્રહણ કરે છે. **'મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખસરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે – જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી, શાંતિનો અખૂટ નિધિ છે.'** આમ છે. ત્યાં ડૂબકી મારી જાય છે. કેટલાક પુરુષાર્થવંત મહાત્માઓ તો દેહ છૂટવાના કાળે શુદ્ધોપયોગમાં આવી જાય, લીન થઈ જાય. એકાગ્રતામાં ધર્મધ્યાનમાં (એટલા) લીન થઈ જાય (કે) દેહ છૂટ્યો ન છૂટ્યો એને ખબર નથી.

મુમુક્ષુ :– સમાધિમરણ...

પૂજ્ય ભાઈશ્રી :– અમસ્તુય નહીંતર શુદ્ધોપયોગ ન થાય તો પણ જ્ઞાનદશામાં જે જ્ઞાતૃત્વધારા છે એને લઈને એને સમાધિમરણ જ થાય છે પણ પુરુષાર્થની ઉગ્રતા કરનારા કેટલાક ધર્માત્માઓ દેહ છૂટવાના કાળમાં શુદ્ધોપયોગમાં પરિણમી જાય છે. નિર્વિકલ્પ ઉપયોગમાં આવી જાય.

એ લીધું ને અહીંયાં ? એમાં એ વાત કહેવી છે કે, **'મરણાદિસમયે ધર્મી જીવ શાશ્વત એવા નિજસુખ–સરોવરમાં વિશેષ વિશેષ ડૂબકી મારી જાય છે...'** અંદરમાં લીન થઈ જાય છે. **'જ્યાં રોગ નથી, વેદના નથી, મરણ નથી,...'** અને શાંતિના સરોવરમાં તો **'શાંતિનો અખૂટ નિધિ છે.'** તળિયા વિનાની શાંતિ છે, બેહદ શાંતિ છે એમાં જામી જાય છે. ગયો અંદર, પ્રસરી ગયો પ્રદેશે પ્રદેશે ઉપયોગ શાંતિથી. ખબર નથી કે દેહ છૂટ્યો કે નથી છૂટ્યો, એની એને ખબર નથી. દેહની ઉપરનું ખોળિયું – ડાબલી – હીરાની ડાબલી છૂટી પડી. તો કહે છે, ઇ તો છૂટી જ હતી હવે, છૂટી પડી એમાં કાંઈ બહુ વિશેષતા છે નહીં. અજ્ઞાનીને એમ લાગે છે કે મારું બધું ચાલ્યું ગયું, બધું છૂટી ગયું. આ કહે છે કે, મારે કાંઈ ગયું નથી. આટલો મોટો ફેર છે.

**'તે શાંતિપૂર્વક દેહ છોડે છે. તેનું જીવન સફળ છે.'** તેનું જીવન પણ સફળ છે અને તેનું દેહત્યાગરૂપી મરણ પણ સફળ છે. એટલે એને સમાધિમરણ કહેવામાં આવે છે. માટે **'તું મરણનો સમય આવ્યા પહેલાં ચેતી જા, સાવધાન થા, સદાય શરણભૂત – વિપત્તિ સમયે**

**વિશેષ શરણભૂત થનાર – એવા શુદ્ધાત્મદ્રવ્યને અનુભવવાનો...**' અત્યારથી જ પુરુષાર્થ કર, '**ઉદ્યમ કર.**'

પ્રશ્ન :– (ધર્મી) મરણ સમયે શુદ્ધોપયોગમાં ન હોય તો કેવા ભાવો હોય ?

સમાધાન :– સમાધિની જે ધારા હોય એમાં એને ઉગ્રતાનો પ્રયત્ન ચાલતો હોય. સ્વરૂપની ઉગ્રતાનો (પુરુષાર્થ ચાલતો હોય). જો શુદ્ધોપયોગ થાય તો ઠીક છે ન થાય તો શુદ્ધોપયોગ થાય એવો જ પ્રયાસ ચાલતો હોય. એમ છે. પણ પુરુષાર્થની અલ્પતાને લઈને ન પણ થાય એવું બને તોપણ એનો પ્રયત્ન તો લીન થવાનો, લીન રહેવાનો જ છે. 'શ્રીમદ્જી'એ શું કહ્યું ? કે, હું હવે મારા સ્વરૂપમાં લીન થાઉં છું. આ છેલ્લા વચનો એમના આટલા છે. હવે મને ઘણી ભીંસ છે ને હવે મને વેદના વધી ગઈ છે ને અરેરે...! હવે સહન થતું નથી (એવું) કાંઈ નથી. શરીર બહુ કૃશ થઈ ગયું છે, ભા થવાની પણ શારીરિક શ િત નથી તો નાના ભાઈને કહે છે કે મને આરામ ખુરશીમાં લઈ લે તું. ધ્યાનની અવસ્થામાં આવવું છે એટલે સૂતા સૂતા Practically બેસવામાં ફેર પડે છે. સૂવું તો એક પ્રમાદની ક્રિયા છે. સૂવામાંથી બેસવું એ પ્રમાદ છોડવાની ક્રિયા છે, વ્યવહારે પણ. એટલે આરામ ખુરશીમાં (બેસાડે) છે ત્યારે કહે છે કે, હવે હું મારા સ્વરૂપમાં લીન થાઉં છું. એટલે હવે જે થોડી ક્ષણો કે મિનિટો બાકી હોય એમાં મને બોલાવવાની જરૂર નથી, મારું ધ્યાન ખેંચવાની જરૂર નથી. તમારે પાણી જોઈએ છીએ ? તમારે દવા જોઈએ છીએ ? મોસંબીનો રસ આપું ? ફલાણું આપું ? આ ફલાણાં ભાઈ આવ્યા છે – કાંઈ નહીં. આ કુટુંબમાંથી ફલાણાં પહોંચી ગયા, આ દીકરી આવી ગઈ, દીકરો આવી ગયો, ફલાણો આવી ગયો. (એવી) કાંઈ જરૂર નથી. બધેથી ઉપયોગ સમેટીને પોતાના સ્વરૂપમાં લીન થાય છે. પોતાનું સ્વરૂપ એ વખતે વિશેષ શરણભૂત છે.

પ્રશ્ન :– મરણ ટાંણે શુભ ઉપયોગ કેવો હોય ?

સમાધાન :– કુટુંબ–પરિવારના અશુભ વિચારો ન આવે તો દેવ-ગુરુ-ધર્મના કે શાસ્ત્ર સાંભળવાના કે મને નમસ્કારમંત્ર સંભળાવો, મને ફલાણું કાંઈક સંભળાવો તો એવો કોઈ શુભ ઉપયોગ ચાલે કોઈને, સુદ્ધિ (–ભાનમાં) હોય તો. પણ બહુ મૂર્ચ્છા કરી હોય સંયોગમાં તો સુદ્ધિ ન રહે. મરણ પહેલાં થોડાક કલાકો કે થોડાક દિવસો કે થોડીક મિનિટો એને અસુદ્ધિ આવી જાય. એટલું બધું દુઃખ વધી જાય ભીંસમા ને ભીંસમાં. એકત્વબુદ્ધિની ભીંસ હોય છે, વેદનાની ભીંસ હોય છે, મૂંઝવણની ભીંસ હોય છે તો સાનભાન ગુમાવે છે. મોટા

ભાગના મનુષ્યો બેશુદ્ધ અવસ્થાની અંદર દેહ ત્યાગ કરે છે.

મુમુક્ષુ :– અશુભ ઉપયોગ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ અશુભ ઉપયોગમાં જાય છે. કેટલાકને સાનભાન હોય તો કહે કે, મારા દીકરાને બોલાવો, દીકરીને બોલાવી લ્યો, હું બધાને વહેંચી દઉં. મારું વીલ આમ કર્યું છે, મારે આમ ફેરફાર કરવો છે, ફલાણું આમ છે, પત્નીને બોલાવો, મા-બાપને બોલાવો એ બધું અશુભ છે. દીકરા-દીકરી ઉપર પ્રેમ હોય તો ન બોલાવે ? એ બધો અશુભ ઉપયોગ છે, શુભ પણ નથી એમાં તો.

પ્રશ્ન :– શુભમાં શું આવે ?

સમાધાન :– શુભમાં આ દેવ-ગુરુ-શાસ્ત્રનો વિચાર આવે છે, ધર્મ સંભળાવો કો'ક અથવા દાન દેવાનો વિચાર આવે કે મારી આટલી સંપત્તિ પડી છે એ શાસ્ત્રદાનમાં, ફલાણું આવી રીતે સારી જગ્યાએ વાપરજો. આમ છે, તેમ છે. એવા અનેક પ્રકારના, શુભ ઉપયોગ તો અનેક પ્રકારના છે. દયાના, દાનના, શાસ્ત્ર સાંભળવાના, તત્ત્વ સાંભળવાના, પંચપરમેષ્ઠીના સ્મરણના, ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં, કોઈ તીર્થંકરનું નામ લઈને સ્મરણ કરે, નામ સ્મરણ, જાપ – અનેક પ્રકારે શુભોપયોગ ચાલી શકે.

પ્રશ્ન :– બધામાં ઊંચો શુભોપયોગ ક્યો ?

સમાધાન :– આત્મસ્વભાવને સ્મરણ કરે ઇ ઊંચામાં ઊંચો શુભોપયોગ છે. એથી છોડીને દેવ-ગુરુ-શાસ્ત્ર બધા પર છે. પોતાના અકષાય સ્વભાવનું, શુદ્ધ સ્વભાવનું, પવિત્ર સ્વભાવનું સ્મરણ કરે એ વધારે ઊંચો શુભોપયોગ છે. એ તત્ત્વસ્મરણ છે – આત્મસ્મરણ છે. અને પુરુષાર્થ કરે અનુભવવાનો તો એ વિશેષ વાત છે. જ્ઞાની પુરુષાર્થ કરે છે. જ્ઞાની માત્ર શુભોપયોગમાં રહેતા નથી પણ વિશેષ પુરુષાર્થ કરે છે અને કોઈ વિશેષ પુરુષાર્થના એવા તબક્કે પહોંચે છે કે આ બાજુ (દેહ) છૂટવાની ક્ષણ હોય ને આ બાજુ શુદ્ધોપયોગની ક્ષણ હોય. બન્ને ક્ષણ એકસાથે હોય એની. એવો પુરુષાર્થ કરે.

પ્રશ્ન :– મતિ એવી ગતિ કે ગતિ એવી મતિ ?

સમાધાન :– જેનું જોર હોય. ગતિના પરિણામનું જોર હોય તો મતિ ગતિને અનુસરે. અને વિશુદ્ધ મતિ થાય, આમ તો મતિ એવી ગતિ છે અથવા તો ઘણી અવળી મતિ ચાલે તો એવી જ ગતિ થાય ભવિષ્ય માટે. મતિની ગતિ ને ગતિની મતિ એ ભૂતકાળ અને ભવિષ્યકાળ ઉપર એનું અર્થઘટન થાય છે. ભવિષ્ય માટે લેવું હોય તો કહે, ભાઈ ! જેવી

એની મતિ હશે એવી ગતિ થાશે. એટલે જેવી અવળી-સવળી મતિથી એણે કર્મ બાંધ્યા હશે એવા કર્મના ફળ એ બીજી ગતિમાં જઈને ભોગવશે. ભવિષ્ય માટે મતિ એવી ગતિ કહે છે અને ભૂતકાળમાં કારણ વગર કોઈ પરિણામ કરે, એવા માઠા પરિણામ (કરે) તો કહે, એવી ગતિમાંથી આવતો હશે એટલે એવા જ પરિણામ કરે છે. જેવી ગતિ એવી મતિ. એમ. સર્પ થાય. સર્પ થાય ને ક્રોધ કરે કોઈને ડંશે તો શું છે ? કે એની ગતિ જે સર્પની થઈ છે તો મતિ પણ એની સર્પની જ છે. ગતિ અનુસાર એની મતિ છે.

પ્રશ્ન :– ગતિ એવી મતિ થાય પછી પુરુષાર્થ કરવાનું ક્યાં આવ્યું ?

સમાધાન :– ના ! એ બંધન નથી. નહીં, નહીં, નહીં. ગતિ એવી મતિ સામાન્ય પ્રકારે હોય છે. કેમકે જેને જેવી મતિ છે એવી ગતિ થઈ છે અત્યારે. ભૂતકાળમાં વૈષ્ણવ સંપ્રદાયને સારો માન્યો હશે તો વૈષ્ણવ સંપ્રદાયમાં જન્મ થયો અને શ્વેતાંબર સંપ્રદાયને સારો માન્યો હશે તો શ્વેતાંબર સંપ્રદાયમાં જન્મ થયો. તો મનુષ્ય મતિ અનુસાર ગતિ થઈ પણ હવે કાંઈ એ મતિ અનુસાર જ ગતિ રાખીએ એવું કાંઈ નથી. નવી ગતિ માટે સ્વતંત્ર છીએ. છોડી શકીએ છીએ. જૂના સંસ્કારનો ત્યાગ કરી શકાય છે. નવા સાચા સંસ્કાર, સત્યના સંસ્કાર પ્રાપ્ત કરી શકાય છે. અને એના માટે આ જીવ સ્વતંત્ર છે, કોઈનું બંધન નથી. કોઈ પરાણે કહેતું નથી કે તમે આમ જ કરો.

પ્રશ્ન :– આયુષ્યનો બંધ તો પહેલા બંધાય જાય ને ?

સમાધાન :– ભલે આયુષ્યનો બંધ બંધાય જાય. પણ પરિણામ કરવા કોઈપણ સમયે જીવ સ્વતંત્ર છે. અને એ પરિણામ આત્મશક્તિને આધારે કરે તો શક્તિ એટલી બધી છે કે એની પાસે પૂર્વ કર્મની કોઈ તાકાત નથી. નિકાચિત કર્મ બાંધ્યું હોય અને ભોગવવાનો સમય ઉદયમાં આવે ત્યારે પણ જો પુરુષાર્થ કરીને જુદો પડે, ભેદજ્ઞાન કરે તો એને એ કર્મનો ભોગવટો ખરેખર નથી. કેમકે એ જુદો પડી ગયો. કર્મનો ઉદય કર્મમાં રહી ગયો ને પોતે પોતાની આરાધનામાં રહી ગયો. એટલે એ બંધાયેલા કર્મથી કે ઉદયમાન કર્મથી કાંઈ ગભરાવાની જરૂર નથી. કર્મ કોણ ? પોતે જ્યાં સુધી સૂતો છે ત્યાં સુધી એ બધી માખીઓ અને મચ્છર બેઠા છે, ઊંઘે છે ત્યાં સુધી. જરાક સળવળે જાગૃત થઈને ત્યાં ઉડવા માંડે, ભાગવા માંડે એ તો. ભાગો આ તો. એનો સળવળાટ જોવે તો એને થાય કે આ તો ઘણી શક્તિ છે. માખી, મચ્છર. માંકડનું આમાં કામ નથી. ભાગવા જ માંડે. એવું છે.

એવી શક્તિની ઓળખાણ થઈને એને પ્રતીત કરવી જોઈએ. પ્રતીત આવવી જોઈએ

કે આવો જ છું ! આવો છું એમ માત્ર વિચાર કરે એમ નહીં એનો વિશ્વાસ એને ઉત્પન્ન થાય તો કામ આગળ ચાલે નહીંતર કામ આગળ ચાલે નહીં. અને તો એનો વિશ્વાસ – ઊંધો વિશ્વાસ છે એ છૂટે.

મૂળમાં તો સુખનો વિશ્વાસ બહુ મોટું કામ કરે છે. અનંત સુખ અંદરમાં ભરેલું છે એમાંથી સુખ આવશે એનો વિશ્વાસ છે કે બહારની અનુકૂળતામાં સુખ છે એનો વિશ્વાસ છે ? બસ ! આટલી વાત છે. સુખ બહારમાં છે તો અનાદિની ભ્રમણા છે એ છૂટી નથી અને કોઈ રીતે આત્મશાંતિ પ્રગટવાની નથી, નથી ને નથી. સુખ જેણે અંતરમાં જોયું એને બહારમાં આખું વિશ્વ, કોઈપણ સંયોગ, કોઈપણ પ્રસંગ, કોઈપણ પુદ્‌ગલની પર્યાય, કોઈપણ પ્રકારની પુદ્‌ગલ પર્યાય એ એને સુખરહિત, સુખથી શૂન્ય ભાસે છે. મારું સુખ આમાં છે નહીં એમાં શું. જેમાં મારું સુખ નથી એમાં મારે રસ શું ? એનો રસ મને શું ? કે, એનો રસ પોતાને હોતો નથી.

કહે છે, આત્માનું લક્ષણ જ્ઞાન લક્ષણ. જ્ઞાનની પર્યાયમાં રહેલું જ્ઞાન સ્વભાવ લક્ષણ, સ્વભાવઅંશરૂપી લક્ષણ એ ત્રણે કાળે એકરૂપ છે. ત્રિકાળી એકરૂપ છે. એ સ્વસ્વરૂપે છે – પોતાના સ્વરૂપે છે. પોતાનું અસ્તિત્વ એમાં એને ભાસે, સ્વભાવમાં અસ્તિત્વનું ગ્રહણ થાય તો એને જ્ઞાનમાં રહેલું જ્ઞાન વેદન છે એ પકડાય છે ત્યાં સુધી એને જ્ઞાનવેદન પકડાતું નથી. વેદનથી હયાતીને પકડે.

પ્રશ્ન :– કઈ રીતે પકડવી ?

સમાધાન :– બહારમાં કઈ રીતે (પકડે છે) ? નથી ત્યાં કેવી રીતે હયાતીને પકડે છે ? જ્યાં નથી ત્યાં પકડે છે. આટલી બધી તો આવડત છે. કઈ રીતે પકડે છે ? તપાસ કરો. એ નથી આવડતું એવું નથી. આવડે તો છે પણ એણે કોઈ દિવસ અવલોકન કર્યું નથી, તપાસ કરી નથી કે, હું શું કરું છું ? અવળાઈ પણ કેવી રીતે કરું છું એ ખબર નથી એટલે પૂછે છે કે સવળાઈ કેમ કરવી ? પણ પરમાં તું હસ્તી પકડે છો, હસ્તી નથી છતાં પરમાં હસ્તી પકડે છો, ગ્રહણ કરે છો હસ્તીને.

મુમુક્ષુ :– પરમાં પણ જ્ઞાનથી જ પકડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનથી જ પકડે છે પણ એ તો નથી ને પકડે છે. ત્યાં તો છે જ નહીં. ઇ તો ભ્રમણા થાય છે એને કે અહીંયાં હું છું, રાગમાં હું છું, શરીરમાં હું છું, સંયોગ વચ્ચે હું છું, ઘરમાં વચ્ચે હું છું. ખોટી વાત છે, તું તારામાં જ છો.

મુમુક્ષુ :- માધ્યમ જ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- સંપર્ક તો જ્ઞાન જ કરે છે. કોઈપણ પરપદાર્થ સાથે જ્ઞાનનો જ સંપર્ક છે. (ત્યાંથી) પાછું વળી જાય, જ્ઞાન જ્ઞાનમાં પાછું વળે. જ્ઞાન જ્ઞાનને ગ્રહે, જ્ઞાન જ્ઞાનને વેદે તો સ્વસન્મુખ થાય અને એને અસ્તિત્વનું ગ્રહણ થાય. જો વેદનથી અસ્તિત્વને ગ્રહણ કરે તો એનો પુરુષાર્થ અંતર્મુખી ચાલ્યા કરે. અંતર્મુખી પુરુષાર્થ ચાલે તો એ આગળ વધીને અનુભવ કરે. એટલે એમ કહે છે કે સ્વરૂપ ઓળખીને એની પ્રતીતિ કર. એનો વિશ્વાસ લાવ. ઓળખીને અનુભવ કર. અનુભવમાં પ્રતીતિ કર, અભેદ અનુભવ કર. તું તારાથી અભેદ છો. તારાથી તું અભેદ હોવા છતાં તું તારાથી જુદો રહે એવો તને અનુભવ થયા કરે કે મારે મારો અનુભવ કરવો છે, મારે મારો અનુભવ કરવો છે એવી વાત તું ક્યારે કર ? કે જ્યારે તને તારા અભેદ સ્વરૂપની અનુભૂતિ નથી ત્યાં સુધી. છો તો તું તારામાં જ. તું તારામાં છો એ વાત સમજાય તો તને એના અનુભવથી દૂર રહેવાનું પોસાશે નહીં. કોઈ રીતે એને પોસાય નહીં. કે, આવું પરમાત્મપદ પોતે જ છે એનો જ વિયોગ ? આ કેમ ચાલે ? આટલું નજીક છતાં એનો વિયોગ. એ વાત હવે પોસાય એવી નથી.

એટલે કહે છે કે ઓળખી અને નિર્વિકલ્પ સ્વાનુભવમાં એની નિર્વિકલ્પ પ્રતીતિ કર. એક ક્ષણની નિર્વિકલ્પ પ્રતીતિ એ સમ્યક્દર્શન છે અને એ અનંત ભવના ભૂકા બોલાવે છે. એટલી તો શ તિ રહેલી છે એનામાં. એક ક્ષણમાં અનંત ભવના ભૂકા બોલી જાય છે. પૂર્ણ મુ તિ તો થાશે ત્યારે થાશે, ચૌદ ગુણસ્થાન થયા પછી ક્રમશઃ (થશે), પણ એને તો પરિપૂર્ણ મુ ત સ્વરૂપનો આખો ખજાનો હાથમાં (આવ્યો), મુ તિનો ખજાનો હાથમાં આવ્યો. એવી દૃષ્ટિ કામ કરે છે કે દૃષ્ટિ અપેક્ષાએ તો એ કૃત્યકૃત્ય થાય છે કે, એને જાણે કાંઈ કરવાનું રહેતું નથી. એવી પ્રેરણા છે ૧૪૬ બોલમાં. અહીં સુધી રાખીએ.

***

આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે. એકને જાણતાં બધું જણાય. મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ. ૧૪૭.

તા. ૨૯-૦૬-૧૯૮૭, વચનામૃત–૧૪૭,૧૪૮
પ્રવચન નં. ૧૧૨

૧૪૭ બોલ છે. પાનું ૪૫. **'આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે.'** જ્ઞાનના વિષયમાં અનેક પ્રકારે ભ્રાંતિ પ્રચલિત છે. બાહ્ય દૃષ્ટિ જીવો અનેક પ્રકારના જાણપણાવાળું જ્ઞાન, અનેક પ્રકારના પુસ્તકોના ભણતરનું જ્ઞાન એ ક્ષયોપશમની – બાહ્ય ક્ષયોપશમની વિશાળતાને જ્ઞાન સમજે છે. એ ખરેખર જ્ઞાન નથી, એ બધું ખરેખર જ્ઞાન નથી. 'हस्फ्रजप्रक्रफ्र ँ फ्रेक्र प्रस्फ्रजप्रक्रफ्र' શાસ્ત્ર વચન એ છે. જેણે એકને જાણ્યો તેણે સર્વને જાણ્યું. એક નામ આત્મા. જેણે એક પોતાના મૂળ સ્વરૂપને જાણ્યું, પોતાના શુદ્ધ સ્વરૂપને જાણ્યું તેણે સર્વને જાણ્યું.

એ વિષય છે કે, **'આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે.'** 'શ્રીમદ્જી' એમ કહે છે કે, આત્માને જાણ્યા વિના કોઈ જીવ જગતની રચના જાણવા જાય છે તો તે પ્રાયઃ બંધાય છે. આત્મજ્ઞાન થયા પહેલાં કરણાનુયોગ ભણી લઈએ. જગતમાં કેવી રીતે કર્મ બંધાય છે, કેવી રીતે કર્મથી મૂકાય છે, કેવા કેવા કર્મના ઉદય આવે છે, એમાં ફેરફાર થવાના શું સિદ્ધાંતો છે એ બધી (વ્યવસ્થા) એના ફળ સ્વરૂપે આ જગતની રચના શું છે ભોગ્યસ્થાનો,

કર્મના ભોગ્યસ્થાનો ક્યાં ક્યાં કેવા છે એ બધો કરણાનુયોગનો વિષય છે – ત્રણ લોકની રચના. આત્માને જાણ્યા વિના કોઈ એ સમજવા જાય છે, જાણવા જાય છે (તો) એ બંધાય છે એમ કીધું છે.

એનો અર્થ એ થયો કે, આગમમાં પણ પ્રથમમાં પ્રથમ આત્મજ્ઞાન કરવાનું ફરમાન છે. પહેલું આત્મજ્ઞાન કરવું. બીજુ બધું જાણવાનું ગૌણ કરીને એક પોતાનું શુદ્ધ સ્વરૂપ કેવું છે ? એની અપૂર્વ જિજ્ઞાસા ઉત્પન્ન થાય અને પોતાનું જ સ્વરૂપ હોવાથી અંતર સંશોધન વૃતિથી એની અંતર શોધ થઈ અને પોતાનું સ્વરૂપ જણાય તો એ આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે. ટૂંકામાં આત્માના જ્ઞાન વિનાનું બધું જ્ઞાન અજ્ઞાન છે. આત્માના જ્ઞાન વિનાનું બધું જેટલું કોઈને જે કાંઈ જ્ઞાન હોય તે બધું અજ્ઞાન છે. અને આત્મજ્ઞાન એ એક જ માત્ર જ્ઞાન છે. એમ કહીએ તો ચાલે.

'ધર્મદાસજી ક્ષુલ્લકે' તો પદ રચેલું છે કે, 'ભેદજ્ઞાન તે જ્ઞાન છે અને બાકી બૂરો અજ્ઞાન' અજ્ઞાનને એક વિશેષણ લગાવ્યું (કે), એ અનિષ્ટ છે, આત્માનું બૂરું કરનાર છે – 'બાકી બૂરો અજ્ઞાન'. 'ભેદજ્ઞાન હી જ્ઞાન હૈ બાકી બૂરો અજ્ઞાન, 'ધર્મદાસ ક્ષુલ્લક' કહે હેમરાજ તું માન.' (આવું) પદ એમણે રચ્યું છે.

કેટલાક જીવો જગતમાં પાપ પ્રવૃતિ છોડીને પુણ્ય પ્રવૃતિ કરવા પાછળ લાગીને ધર્મ થતો હોવાનું માને છે અને કેટલાક જીવો જ્ઞાનની પ્રવૃતિ કરીને આત્મજ્ઞાન સિવાયના બીજા જ્ઞાનમાં ધર્મ થતો હોવાનું માને છે એ બધું ઉન્માર્ગ છે, માર્ગ નથી પણ એ ઉન્માર્ગ છે. ત્રણે કાળે એક જ પ્રકારે માર્ગ છે અને એ માર્ગને છાંડીને જરાક પણ આઘોપાછો થાય એ ઉન્માર્ગે ચાલ્યો જાય છે. એને માર્ગ મળતો નથી, એ માર્ગથી દૂર જાય છે લટાનો.

મુમુક્ષુ :– નિષ્કારણ કરુણાથી જ્ઞાનીએ અમૂલ્ય વચનો પ્રદાન કર્યા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બિલકુલ નિષ્કારણ, નિષ્પૃહ વૃતિથી, કોઈ પણ જાતની અપેક્ષા વિના. માત્ર અજ્ઞાનને કારણે જગતના જીવો દુઃખી થાય છે તો પોતાને થોડો રાગ રહ્યો છે, એ દુઃખી ન થાય એવો એને કરુણાનો ભાવ આવે છે કે જગતના જીવો માત્ર સમજણ કરે, શ્રદ્ધા-જ્ઞાન સવળા કરે તો એનું દુઃખ મટે એવું છે, મારે તો કાંઈ દેવા લેવાનું છે નહીં. નથી કાંઈ લેવાનું, નથી કાંઈ લેવાનું. એમ જ છે. નિષ્કારણ કરુણાથી છે.

**'એકને જાણતા બધું જણાય.'** આમા ગર્ભિત આશય એવો પણ છે કે જેને આત્મજ્ઞાન થાય છે તેનું જ્ઞાન સમ્યક્ પરિણામી હોય છે, એના જ્ઞાનના સમ્યક્જ્ઞાન પરિણામ છે તેથી

તેના જ્ઞાનમાં જે કાંઈ જણાય છે તે સાચા દૃષ્ટિકોણથી જણાય છે. જાણવું અને જાણવા પાછળનો દૃષ્ટિકોણ એ જાણવાની યથાર્થતા અને અયથાર્થતાને નિશ્ચિત કરે છે. કહે છે કે જેણે આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. **'એકને જાણતા બધું જણાય.'** એમ કહ્યું. એને જેટલું બધું જણાય, બધું જણાય એમાં જેટલું બધું જણાય, છએ દ્રવ્યનો સ્વીકાર તો છે, નવ તત્ત્વનો સ્વીકાર છે તો એને જેટલું કાંઈ જણાય છે એ બધું સાચા દૃષ્ટિકોણથી જણાય છે. એનો દૃષ્ટિકોણ ક્યારેય લટો હોતો નથી. એ બહુ મહત્વનો વિષય છે.

પ્રશ્ન :- સાચા દૃષ્ટિકોણથી એટલે ?

સમાધાન :- સાચા દૃષ્ટિકોણમાં એનો મુખ્ય પ્રકાર તો આત્માનું હિત થાય અને અહિત ન થાય એવો અનેકાંત દૃષ્ટિકોણ છે. બધી વાતમાં આત્માના હિતનો વિષય સીધો કે આડકતરો, Direct કે Indirect આત્માનું હિત થાય ને અહિત ન થાય આ વિષય બધે મુખ્ય હોય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ કીધું ને કે આત્માનું હિત થાય એવા પાયા ગોતવા.

પૂજ્ય ભાઈશ્રી :- એના જ પાયા ગોતવા. આત્માનો અનુભવ થાય, આત્માને શાંતિ થાય, સુખ થાય એના જ પાયા ગોતવા. એના પાયા ગોતવા એટલે એનું મૂળ ક્યાં છે એ પકડવા માટે એની સંશોધક વૃત્તિ હોવી જોઈએ, એમ કહેવું છે.

**'એકને જાણતા બધું જણાય.'** આ એક છે એ મૂળ છે, જ્ઞાનનું આ મૂળ છે. જ્ઞાન ભંડારમાંથી નિર્મળ જ્ઞાનનો પ્રવાહ મૂળ સ્વરૂપને જાણતા ઉત્પન્ન થાય છે. એટલે પણ એને મૂળ કહે છે. મૂળને જાણ્યા વિના બીજું બધું નિષ્ફળ છે. ગમે એટલી બહારની લૌકિક સફળતા દેખાતી હોય તોપણ એ બધું નિષ્ફળ છે. જ્યોતિષનું જ્ઞાન હોય ને બરાબર સચોટ ભવિષ્ય ભાખી દે (એ) સફળ કે નિષ્ફળ ? કે નિષ્ફળ છે એ બધું. એ બધું બાકીનું જ્ઞાન રખડવાના કામમાં આવે છે. આત્મજ્ઞાનને છોડીને જેટલું કોઈ જ્ઞાન છે એ બધું એને પરિભ્રમણનું કારણ થાય છે અને એક આત્મજ્ઞાન જ આત્માને મુક્તિનું કારણ થાય છે.

મુમુક્ષુ :- આ કાળમાં તો આ વાત 'ગુરુદેવશ્રી'એ જ બતાવી, અમારા મૂળ દિગંબરમાં પણ ગોટેગોટા ચાલતા હતા આત્માને મૂકીને.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આત્માને મૂકીને જ બધી વાત. કેમકે એ વિષય ગહન છે. એ વિષય અંતર્મુખનો છે અનાદિનો અજાણ્યો છે. એટલે શાસ્ત્ર વાંચે તોપણ બીજું બીજું કલ્પના કરીને સમજે અને બીજું બીજું કહે. મૂળ વસ્તુ તો પોતે જ ન સમજે (તો) કેવી

રીતે બહાર આવે.

મુમુક્ષુ :- નાના મોટા દરેક શાસ્ત્રમાં ભર્યું છે. છ ઢાળા લ્યો એમ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબર શાસ્ત્રમાં કોઈપણ સમ્યક્જ્ઞાનીની રચના લ્યો. કોઈપણ માર્ગને પ્રાપ્ત છે, જેણે માર્ગ જોયો છે, જેણે અંતર્મુખ થવાની વિધિને જાણી છે એ રીતને જે પ્રગટપણે પરિણમી રહ્યા છે એ રીતે, એ તો બીજું કાંઈ કહેવાના નથી. કેમકે આત્મા હિતનો બધો રસકસ તો ત્યાં છે ને બાકી બધું તો કસ વગરનું છે, જેટલું જાણપણું છે એમાં કાંઈ માલ નથી.

એટલે એમ કહે છે કે **'મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ.'** એમ કહીને તમામ પ્રકારના બાહ્ય ક્ષયોપશમ જ્ઞાનની કાંઈ કિંમત નથી, એ જાણપણું તુચ્છ છે એમ કહે છે. લોકોને ભ્રમણા થાય છે, આકર્ષણ થાય છે કે મોટા વિદ્વાન છે, પંડિત છે, વ તા છે, લેખક છે, કાંઈ ને કાંઈ કોઈ હોય છે ને ! અને મોટી મોટી ડિગ્રી – ઉપાધિના ધારક છે, ડિગ્રીના ધારક છે. એ બધું નિષ્ફળ છે.

પ્રશ્ન :- સાત આઠ ડિગ્રી હોય તોય ?

સમાધાન :- ગમે તેટલી હોય નહીં, સાત આઠ શું ? જેટલી અપાય એટલી આપો તોપણ બધી નકામી છે. ડિગ્રી શું કેટલાકને તો ભગવાનની ઉપમા જ આપે છે. આ ભગવાન છે. કળિકાળમાં ભગવાન કોણ ? હમણાં એક સિક્કો હાથમાં આવ્યો, સિક્કા જેવું હતું, આમ તો Key-chain હતું. શિરડીના સાંઈબાબાનો અંદર ફોટોગ્રાફ દોરેલો હતો, એંબોસ કરેલો. કળિકાળની અંદર કોઈ પરમાત્મા હોય તો આ શિરડીના સાંઈબાબા છે એમ લખેલું હતું. ઠીક ! એની શ્રદ્ધા એવી છે. જગતમાં તો માર્ગ ભૂલેલા ઘણાં છે, માર્ગ પામેલું કો'ક છે. એવું છે.

મુમુક્ષુ :- દેશકાળથી થોડો ફેરફાર કરવા પડે તો...

પૂજ્ય ભાઈશ્રી :- દેશકાળથી ફેરફાર કરે પણ વસ્તુ બદલાઈ જાય દેશકાળ પ્રમાણે ? દેશકાળ પ્રમાણે ઘઉં વાવ્યા પછી બાજરો ગે છે ને જાર વાવ્યા એમાં ચોખાની ડુંડી આવે છે કાંઈ ? કે ચોખા વાવ્યા પછી જાર ગે છે ? એ તો વસ્તુનું સ્વરૂપ જ છે. જડ ચેતન વસ્તુ છે. વસ્તુ પોતાના ગુણધર્મને ધારણ કરીને રહેલી છે એમાં દેશકાળ શું કામ આવે ?

મુમુક્ષુ :- ન પાળી શકાય.

પૂજ્ય ભાઈશ્રી :- ન પાળી શકાતું હોય તો જાહેર કરવું કે, હું નથી પાળી શકતો.

પણ હું નથી પાળી શકતો ઇ પણ ધર્મ છે એનું નામ દેશ કાળ કોણે કીધો ? નથી પાળી શકતો એમાં પોતાની અશક્તિ એમાં વ્યક્ત કરવી જોઈએ, પોતાનો દોષ સ્વીકાર કરવો જોઈએ. પણ મારો દોષ છે ઇ પણ નિર્દોષતા છે એનું નામ દેશકાળરૂપ ધર્મ (માને) એ તો બધી ઊંધાઈ છે, ઉલટી વાત સાબિત કરવાની છે, ઊંધા પાટા ભણાવવાની વાત છે એ બધી.

મુમુક્ષુ :- હજારો વિદ્વાનો છે કોઈને નહીં સમજાતું હોય ?

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો હજારો વિદ્વાનો હોય કે લાખો વિદ્વાનો હોય પણ આપણે સમજી શકીએ એવી વાત છે કે નહીં આ ? ધર્મમાં તો પોતાનો દોષ સ્વીકારવાની પ્રણાલિકા છે. આલોચનાને શું કહે છે ? કે પોતાનો દોષ હોય એની આલોચના કરવી. એના બદલે પોતાનો દોષ હોય એને ઢાંકીને એમ કહેવું કે દેશકાળ અનુસાર આને ધર્મ કહેવો. ઇ કાંઈ વ્યાજબી વાત છે ? (એવું હોય) તો તો સગવડિયો ધર્મ થઈ ગયો. જ્યારે જેવી સગવડ પડે એવો ધર્મ ગોઠવી દેવો એનું નામ ધર્મ. એમ ચાલે કાંઈ ધર્મમાં ?

ધર્મ એટલે ખરેખર તો વીતરાગ, સર્વજ્ઞ જિનેશ્વર પરમાત્માની આજ્ઞા છે. એ આજ્ઞાથી ફેરફાર કરવાનો અધિકાર કોઈ પામર પ્રાણીને છે ? કે, નથી. એવા પામર પ્રાણી એમ કહે કે, નહીં. તીર્થંકર ભલે એમ કહી ગયા પણ અત્યારે દેશકાળ આમ છે માટે અત્યારે આમ. ઠીક ભાઈ ! તારે ઊંધું ચાલીને કાંઈક વધારે દુઃખી થવાનું લખ્યું હશે. બાકી બીજું કાંઈ આમાં દેખાતું નથી.

મૂળ તો મનુષ્ય પર્યાયમાં અહંભાવ છે એમાંથી બધા ફાંટા ઊભા થાય છે. જે મત, ગચ્છના, વાડાના, ભિન્ન ભિન્ન જૂથ ઊભા થાય છે, સંપ્રદાય એટલે જૂથ – ટોળા, પ્રવાહ એ બધા અહંભાવમાંથી ઊભા થાય છે. પોતાનો અહંભાવ ન પોસાય. ત્યાં વિદ્વતા બધી એકકોર પડી રહે છે, પહેલો મારો અહંભાવ પોસાવો જોઈએ પછી બીજી બધી વાત આગળ ચાલે. યોગ્ય અયોગ્યતાનો કોઈ વિચાર કરવા તૈયાર નથી.

આ '**મૂળને જાણ્યા વિના બધું નિષ્ફળ.**' છે. બધું બંધનના અર્થે છે. સંસાર અર્થે સફળ છે, મોક્ષ અર્થે નિષ્ફળ છે. નિષ્ફળનો અર્થ એમ છે.

મુમુક્ષુ :- જે જ્ઞાનથી નવમી ગ્રૈવેયક જાય...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાન પણ નિષ્ફળ છે. એ તો અગિયાર અંગ ને નવ પૂર્વનું જ્ઞાન હોય છે, પંચ મહાવ્રતનું ચોખ્ખું પાલન હોય છે પણ અભવિને પણ હોય છે એ બધું.

કોને ? અભવિને હોય છે. અભવિની મર્યાદા ત્યાં સુધીની છે.

મુમુક્ષુ :- ઇ જ્ઞાનમાં આત્માનું જ્ઞાન હોય છે ને..

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા સંબંધીનું ભણતરનું જાણપણું આવે છે પણ આત્માનું અનુભવજ્ઞાન એમાં હોતું નથી. અનુભવજ્ઞાનને જ્ઞાન કહ્યું છે, માહિતીજ્ઞાનને જ્ઞાન કહ્યું નથી. એ તો ટૅપ રેકોર્ડરમાં ઉતારી દે, એટલું તો જડમાં પણ કામ થાય છે, પુસ્તકમાં પણ એટલું જ્ઞાન ધારણ કરેલું છે. તો જડ પુસ્તકોનો મોક્ષ થઈ જવો જઈએ, તો શાસ્ત્રનો મોક્ષ થઈ જવો જોઈએ, તો એ ટૅપ રેકોર્ડરનો મોક્ષ થઈ જવો જોઈએ. એટલું (જ્ઞાન) તો અભવિ સુધી હોય શકે છે. અંતર્મુખ થવું, જે જ્ઞાન પોતે દિશા બદલે, અંતર્મુખ થઈને પોતાના શુદ્ધ અસ્તિત્વને વિષય કરે, વેદે, અનુભવે તે જ્ઞાન સાચું જ્ઞાન છે. એ જ્ઞાન ક્યાંય પણ પ્રતિબંધ પામતું નહીં હોવાને લીધે અબંધક છે. ઉપયોગને પર વિષય સાથેનો પ્રતિબંધ મટે. એ પ્રતિબંધ છે એ જ બંધ છે. અંતર્મુખ વળેલા જ્ઞાનને કોઈ વિષયનો પ્રતિબંધ નથી, કોઈ વિષયમાં અટકતો નથી, એ ઉપયોગ અંતરમાં વળેલો છે, એ મુ ત સ્વરૂપે છે, એ મુ તિની જાત છે જ્ઞાનની. એની જ પૂર્ણ દશા તે મુ તિ છે. આ આંશિક મુ તિ છે, ઓલી પૂર્ણ મુ તિ છે.

મુમુક્ષુ :- દ્રવ્યલિંગી પંચ મહાવ્રત પાળે...

પૂજ્ય ભાઈશ્રી :- આ અંતર્મુખ ઉપયોગથી બહાર છે બધું.

મુમુક્ષુ :- આત્માની છણાવટ, વાતો તો બધી આવી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, છણાવટ આવે એટલે શું થઈ ગયું પણ ? બાહ્ય જ્ઞાનમાં એટલું સંભવિત છે કે આત્માની ચર્ચા, આત્માની છણાવટ, આત્માની વાતો, ભેદ પ્રભેદે એનો વિચાર, અનેક ભેદ પ્રભેદથી એનો વિચાર (કરે), પણ અભેદ અનુભવ એ જુદી જાત છે. ભેદ પ્રભેદે વિચાર છે ત્યાં સુધી આકુળતા અને દુઃખ છે, ત્યાં સુધી આત્માને સુખ અને શાંતિ નથી. તો જે દુઃખ છે, હવે ત્યાંથી લઈએ એ કેટલું ઇષ્ટ છે ? તમને થોડુંક દુઃખ ભોગવવાનું કહીએ તો ? ભાઈ ! અમારે દુઃખ નામ ન જોઈએ, દુઃખ તો જોઈએ જ નહીં. આ મૂંઝવણનું દુઃખ શું છે ? એ વિચારવા જેવો વિષય છે. અસમાધાન અને મૂંઝવણ. માણસ વેદના પસંદ કરે છે, મૃત્યુ પસંદ કરે છે પણ મૂંઝવણ પસંદ કરતો નથી.

મુમુક્ષુ :- મૃત્યુથી વધારે મૂંઝવણનું દુઃખ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એનો પ્રગટ અનુભવ છે. અમારે સંબંધીમાં કાલનો જ એક

પ્રસંગ છે. (એમ વાત ચાલી કે), ભાઈ ! બે ત્રણ વર્ષથી તમને આ હુમલા આવે છે તમે કાંઈક ઇન્વેસ્ટીગેશન કરાવીને નક્કી કરાવી લ્યો કે આમાં છે શું ? પછી સરખી દવા થાય. તો કહે, ના. મારે ઇ કાંઈ કરવું નથી જે છે ઇ બરાબર છે. કાંઈ થતું નથી, મને કાંઈ થતું નથી. ઇ તો અમથેઅમથું થાય છે, પાછું સરખું થઈ જાય છે, સરખું થઈ જાય છે. શું છે એનો અર્થ ? કે જો એને ખબર પડે કે કોઈ ગંભીર પ્રકારનું દર્દ છે... (એમને) થાય ત્યારે શું (થાય કે) હાથપગ એકદમ પાણી પાણી થાય, નર્વસ થઈને ઢગલો થઈ જાય આખા. નક્કી કર્યું હોય કે હવે આ બૂટ-ચંપલ પહેરીને બહાર જાવું છે ત્યાં સૂઈ જવું પડે પલંગમાં જઈને. કેમકે એ જો ખબર પડે કે, આમ છે તો પછી જ્યાં સુધી આયુષ્ય હોય ત્યાં સુધી એનું જે મૂંઝવણનું – અસમાધાનનું દુઃખ છે એ બહુ અંધ શ્રદ્ધામાંથી ભું થયેલું હોય છે. ખાસ કરીને આ દેવ–દેવલાની માન્યતા હોય છે, સોમવાર કરવો ને મંગળવાર કરવો ને વીંટી પહેરવી ને તાવીજ પહેરવું ને માદળિયું પહેરવું ને દોરા ધાગા કરવા ને ફલાણી દેવીને માનવું ને ફલાણા દેવને માનવું ને... એને ખબર નથી હોતી કે, આ બધું કરવા જતાં મારું માનસ–મન કેટલું નબળું પડે છે. પછી એમાં આવું કાંઈ થાય પછી બાજી એવી બગડે છે કે એને એમ થાય કે, બહુ બહુ તો મૃત્યુ આવશેને પણ એ ઠીક છે, આ ખબર પડશે ને તો ઇ મોત કરતા વધારે ખરાબ દશા છે. જાણવાનું પસંદ કરતા નથી. જેનાથી મૂંઝવણ થાય એ વાત જાણવા તૈયાર નથી. આ પ્રગટ અનુભવ છે. ભણેલા ગણેલા – Educated માણસોની આ દશા છે. એ તો આ વસ્તુની કેટલી કિંમત છે કે, એક ક્ષણના અનુભવમાં અનંત જન્મ-મરણનો ભૂકો બોલે ! એની કિંમત શું થાય ?

મુમુક્ષુ :– આવું બતાવનારની કિંમત પણ કેટલી !

પૂજ્ય ભાઈશ્રી :– માર્ગદષ્ટાની કોઈ કિંમત જ થઈ શકે એવું નથી. કોઈ Termમાં એની કિંમત થઈ શકે એવું નથી. એટલે એના ઉપર આ વજન છે.

બોલ સંક્ષેપમાં છે પણ કેટલું વજન છે ઇ પકડવા જેવી વાત છે. **'આત્માના જ્ઞાનમાં બધું જ્ઞાન સમાઈ જાય છે.'** એક આત્માને જાણતા તારો ઉદ્ધાર થઈ જાય. બહુ કોઈ લાંબીચોડી વાત તને કહેતા નથી એક તારું સ્વરૂપ એકવાર તું સમજી લે, ઓળખી લે, અનુભવ કરી લે. બસ ! આટલું સંક્ષેપમાં કહ્યું એમાં બધું આવી ગયું. કેવળજ્ઞાનની લબ્ધિ એમાં સમાય છે અને જગતની રિદ્ધિ સિદ્ધિ બધી એમાં આવી જાય છે. કોઈની કાંઈ અપેક્ષા રહેતી નથી. આમ છે.

પ્રશ્ન :- એનું મૂળ સ્વરૂપ કેવું છે ?

સમાધાન :- એવું મૂળ સ્વરૂપ અનંત ગુણ નિધાન છે, શાંતિનો સાગર છે, સુખનો સાગર છે, જ્ઞાન અને સુખથી ભરચક ભરેલો છે પ્રદેશે પ્રદેશે જેની કોઈ હદ નથી એટલું એનું સામર્થ્ય છે. એકવાર એને પ્રતીતિ આવે અને નિર્વિકલ્પ પ્રતીતિ થાય તો બધો ફેંસલો છે, ક્યાંય પછી એને અસમાધાન થતું નથી. આ આમ કેમ ? એ પ્રશ્ન એને (થતો નથી). જેમ કેવળજ્ઞાનમાં અસમાધાન નથી. કેવળજ્ઞાનીને – કેવળીને અસમાધાન થાય ક્યાંય ? એ કેવળજ્ઞાનનું કારણ, જેના પેટમાં અનંત કેવળજ્ઞાનની પર્યાયો પડેલી છે એનો અનુભવ કર્યો. ભલે મતિ-શ્રુતથી કર્યો છે, એ મતિ-શ્રુતને પણ અસમાધાન નથી પછી. જો કેવળજ્ઞાનને અસમાધાન નથી તો મતિ-શ્રુતને પણ ક્યાંય અસમાધાન નથી.

અસમાધાનનું દુઃખ સૌથી મોટું છે. સાતમી નારકીના દુઃખ કરતા નિગોદનું દુઃખ વધારે છે એનું કારણ એ જ છે કે, સૌથી વધારે મૂંઝવણ ત્યાં છે. એટલે એટલું વજન દીધું છે. એક આત્માને જાણતાં એણે બધું જાણ્યું અને એ જાણ્યા વિનાનું જેટલું જાણ્યું એ બધું નકામું ને નિષ્ફળ છે. આત્મજ્ઞાન સિવાયનું જેટલું કોઈ જાણવું છે એ બધું નિષ્ફળ છે. એને સુખને માટે સફળતા થાય એવું નથી અને ક્યાંય શાંતિ મળે એવું નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનને પરિષહ કીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાનને ને ? અજ્ઞાનને પરિષહ તો ત્યારે કીધો છે કે જેને એ અજ્ઞાન પોષાતું નથી, એનું દુઃખ છે – અજ્ઞાનનું દુઃખ છે એને અજ્ઞાનપરિષહ કહે છે. દર્શનપરિષહ, અજ્ઞાનપરિષહ કહે છે. જેને અદર્શનનું, અશ્રદ્ધાનું અને અજ્ઞાનનું – આત્માનું જ્ઞાન નહીં હોવાથી જેને મૂંઝવણ થાય છે કે આ સ્થિતિ મને મંજૂર નથી, કોઈપણ ભોગે મને આ સ્થિતિ મંજૂર નથી. આવે છે ને 'શ્રીમદ્જી'માં ? માગી ખાયને ગુજરાન ચલાવશું પણ આત્માનું જ્ઞાન કર્યા વિના હવે આ વાત છોડવી નથી. એવા પાત્ર જીવો હતા એમની નજીકમાં. ('સોભાગભાઈ'ની) આજીવિકાની આર્થિક સ્થિતિ નબળી હતી તો કહે, ભલે માગી ખાયને ગુજરાન ચલાવશું પણ હવે... 'શ્રીમદ્જી'ને તો એમણે એવા ભગવાન સ્વરૂપે જોયા છે કે હવે તમને છોડશું નહીં. એવી વાત કરી છે. એટલું વજન છે એના ઉપર.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી'એ કીધું છે ને કે પેટે પાટા બાંધીને પણ આ વાત જાણવા જેવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આ માર્ગ પ્રાપ્ત કરવા જેવો છે અને આ માર્ગનો ઉદ્યોત કરવા

જેવો છે, પ્રકાશ કરવા જેવો છે. એનો અર્થ એટલું સમર્પણ હોવું જોઈએ. તત્ત્વ માટે એટલું સમર્પણ હોવું જોઈએ. એ બધું એના ઉપરનું કેટલું વજન છે એને બતાવે છે. આ આનું વજન કેટલું છે. પહેલું આ ને બીજું બધું પછી. ૧૪૭ (બોલ પૂરો થયો).

**ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા. તેની શોભા નિહાળ. ૧૪૮.**

૧૪૮ છે – સ્વરૂપ મહિમા. કેવા સ્વરૂપને જાણવાની વાત છે ? અનંત મહિમાવંત સ્વરૂપનો ઠેકઠેકાણે વારંવાર મહિમા કરવામાં આવે છે. **'ચૈતન્યલોકમાં અંદર જા.'** આ ચૈતન્યલોક છે. બહારના લોકમાં ભ્રમણ કરવાનો, પરિભ્રમણ કરવાનો જીવનો ભાવ રહે છે ને ! આ જોવું ને આ જોવું ને 'અમેરીકા' જોવું ને પરદેશ જોવું ને દેશ દેશાવર જોવા ને મહેલ જોવા ને મકાન જોવા ને બાગ જોવા ને બગીચા જોવા. કહે છે, એ બધી લોકની અનેક પ્રકારની ચીજો અને વિશિષ્ટતા છે ત્યાં જવાને બદલે અંદર ચૈતન્યલોકમાં જા. જગતનું આશ્ચર્ય ભૂલ એમ કહે છે. જગતની અધિકાઈને છોડ અને એક અંદર ચૈતન્યલોકમાં જા. આત્માનો મહિમા લાવીને એની અંદર જા. બહારનો મહિમા હશે, બહારના પદાર્થોનું વિસ્મય અને આશ્ચર્યકારીપણું હશે ત્યાં સુધી અંદરનો રસ્તો નહીં મળે.

**'ચૈતન્યલોકમાં અંદર જા. અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે;...'** આટલું વર્ણન કર્યું છે. અલૌકિક જેની શોભા છે. એક એક ગુણની શોભા (એટલી છે કે) એનું વર્ણન કરી શકાય નહીં. કહેવામાત્ર નથી, ખરેખર એમ છે.

એક દૃષ્ટાંત લઈએ કે, એ માણસ પ્રત્યે કોઈ ક્રોધ કરે અને એ ક્રોધ કરનાર પ્રત્યે બીજો માણસ ક્ષમા પ્રદાન કરે. તમને અમને મારવાથી સુખ  પજતું હોય તો થોડી વધારે તમને શાંતિ થાય એવું કરી દ્યો, બે-ચાર વધારે ઘા કરી લ્યો, ઠીક ! એવા શાંતિના પરિણામ, ક્ષમાના પરિણામ હોય તો આત્મગુણમાં તો એ ગુણ નથી. ઠીક ! વીતરાગી ક્ષમા જેને

ઉત્તમક્ષમા, જેને સત્ય ક્ષમા કહેવામાં આવે છે, એ તો આત્માનો વીતરાગી પરિણામ છે. એમાં એકલો શુભોપયોગ નથી કે તમને શાંતિ થાય એવું કાંઈક ભલે તમે ખુશીથી કરો, અમને એનું દુ:ખ નથી. બે વચન કહેવા હોય તો કહી દ્યો, કાંઈક મારવું હોય તો મારી લ્યો, તમારે જે કરવું હોય એ કરી લ્યો. અમારી ક્ષમા છે. એમ નહીં, એ પણ જ્યાં દોષ છે, ત્યારે ગુણ કેવો હશે ? એ અલૌકિક વિષય છે. આ લૌકિક વિષય છે અને આ લોકોત્તર વિષય છે. એક એક ગુણ એવા છે. જગતમાં જે ગુણ ગણાય છે એ દોષમાં જાય છે એવા લોકોત્તર ગુણનો ખજાનો છે એ આત્મા છે.

મુમુક્ષુ :- મુનિરાજના ૨૮ મૂળગુણ..

પૂજ્ય ભાઈશ્રી :- ૨૮ મૂળગુણ એ દોષ છે. પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ એ બધા શુભોપયોગના પરિણામ છે. એટલો શુભોપયોગ – લૌકિક ગુણ તો જગતમાં કોઈને હોતા નથી, એવો આચાર વિચાર નથી. એ તો કહીએ છીએ કોઈ અન્યમતિ સાથે ચર્ચા થાય ત્યારે એ વાત લેવી પડે કે, જૈનના બાહ્યાચાર છે એની બરાબરીમાં કોઈ ધર્મ-સંપ્રદાયનો બાહ્ય નિર્દોષ આચરણ લાવો તમે. જગતમાં કોઈ સંપ્રદાયમાં, કોઈ ધર્મમાં એટલી નિર્દોષતા, બાહ્ય નિર્દોષતા – શુભની નિર્દોષતા પણ એટલી નથી. જૈનધર્મ તો કોઈ અલૌકિક ચીજ છે. એવી અલૌકિક શોભાથી ભરપૂર, એક નહીં પણ અબજ નહીં પણ અનંત ગુણો આ ચૈતન્યલોકમાં છે એને જો, એનું અવલોકન કર, એનો અનુભવ કર, એની અંદર જઈને એમાં ક્રીડા કર.

મુમુક્ષુ :- શુભભાવ એ ધર્મ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- શુભભાવ એ ધર્મ નથી એ જરા મીઠો શબ્દ છે.

પ્રશ્ન :- અને અધર્મ કહીએ તો ?

સમાધાન :- એ કઠોર શબ્દ છે, કડક ભાષા છે. પેલી મૃદુ ભાષા છે. એટલો ફેર છે. વાત તો બેય એક જ છે. કોઈ વખત મૃદુ ભાષાનો ઉપયોગ કરતા સામો સમજે છે, કોઈ વખત કઠોર ભાષાનો પ્રયોગ કરતા સામો જીવ સમજે છે. એવી જુદી જુદી યોગ્યતાવાળા જીવો હોય છે. બન્ને પ્રકારના કથનો શાસ્ત્રની અંદર આવે છે. એવો પણ એકાંત નથી કે મૃદુ શબ્દનો જ પ્રયોગ આવે, એવો કોઈ એકાંત નથી. કોઈ એવી પાકેલી યોગ્યતામાં એવું બને છે જેમકે 'ધર્મદાસજી ક્ષુલ્લક'નો એવો પ્રકાર છે કે, એમના ગુરુ 'દેવેન્દ્રકીર્તિ' હતા એમણે કહ્યું કે, અંધા હૈ. 'સમ્મેદશિખર'ની કેટલી ? સેંકડો યાત્રાઓ કરી. (એમને પૂછ્યું

કે), સિદ્ધ પરમાત્માના દર્શન કર્યા કે નહીં ? નથી કર્યા. અંધા હૈ તું, સિદ્ધ પરમાત્માકો નહીં દેખતા હૈ, અંધા હૈ. એક વખત તો ફરીને ગયા કે, લાઉ ફરીને 'સમ્મેદશિખર' જાઉં. ગુરુ કહે છે એટલે ત્યાં ક્યાંક હોવા જ જોઈએ, નહીંતર તો કહે નહીં. વળી આવ્યા. પહાડમાં, જંગલમાં ક્યાંય સિદ્ધ પરમાત્મા નથી, ક્યાંય એના દર્શન થયા નહીં. અંધા હૈ તું. નહીં દેખતા હૈ, ફરીને એમ કીધું ને પડળ ખૂલી ગયા અને અંદરના સિદ્ધ ભગવાન દેખાઈ ગયા, દર્શન થઈ ગયા એના. એવું બને છે.

મુમુક્ષુ :– દોષ એ તો દોષ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– દોષ ત્રણે કાળે દોષ જ છે. નુકસાનમાં ક્યારેય નફો હોય ? નફામાં નુકસાન નહીં ને નુકસાનમાં નફો નહીં. ગુણ ત્રણે કાળે ગુણ છે, દોષ ત્રણે કાળે દોષ છે. એમાં બીજી વાત હોઈ શકે નહીં. કાળક્રમે કાંઈ દોષને ગુણમાં ખપાવી શકાય ? તમે કોઈ કાળમાં પિત્તળને સોના તરીકે ખરીદ કરશો ? પીળું છે, વજનદાર છે, ધાતુ છે, ચીકણું છે. હવે સોનું મળતું નથી માટે પિત્તળને સોનું માનો. કાળક્રમે બગલાને હંસ માનશો ? ભાઈ ! અત્યારે સાચા મોતી જ નથી તો સાચા મોતીના ચારા ચરનારા હંસ હોય ક્યાંથી ? તો જગતમાં કાંઈ હંસ વગરની દુનિયા હોય ? માટે બગલા ભલે માછલા ખાય એને હંસ માનો. 'ગુરુદેવશ્રી' આ દૃષ્ટાંત આપતા. એમ રાગનો ચારો ચરતા હોય, મિથ્યાત્વનો ચારો ચરતા હોય એને કાંઈ અત્યારે સાધુ નથી માટે એને સાધુ માનો. એમ કાંઈ માની બેસાય ? વીતરાગી આનંદ ને શાંતિનો ચારો ચરનારા હોય, પ્રચુર સ્વસંવેદન(ના ભોગવનારા હોય) એ સાધુ છે. એવા ન દેખાય એટલે કાંઈ બીજાને સાધુ ન હોય એને સાધુ માની બેસાય નહીં. એ તો ગૃહીત – પ્રગટ ગૃહીત મિથ્યાત્વનો દોષ છે.

(અહીંયાં કહે છે). **'અલૌકિક શોભાથી...'** જોવે છે ને ! કહેનાર તો અંદરના ચૈતન્યલોકની અલૌકિક શોભાને જોવે છે, એટલે બહારની શોભાની કોઈ વિસ્મયતા નથી. આ લોકો બહારની શોભા કરે ને ? ઝાકઝમાળ કરે, લાઇટીંગ કરો, ફ્લાણું કરો, ધજાપતાકા કરો, ઉત્સવ છે, આમ છે. એ અંદરની ચૈતન્યલોકની જેણે શોભા જોઈ છે એને બહારની શોભામાં કાંઈ કિંમત આવતી નથી.

પ્રશ્ન :– પહેલાં દ્રવ્યલિંગી થાય ને પછી ધીરે ધીરે ભાવલિંગી થાય, એકસાથે સીધા ભાવલિંગી થોડા થઈ જાય ?

સમાધાન :– હા, એકસાથે સીધા ભાવલિંગી થાય. ચોથા ગુણસ્થાનેથી એવો પુરુષાર્થ

પડે કે સીધું સાતમું ગુણસ્થાન આવે. દીક્ષા લ્યે ત્યાં સુધી ચોથું હોય કાં પાંચમું હોય. સાધુદશામાં પહેલું જ સાતમું ગુણસ્થાન છે પછી છઠ્ઠું આવે છે. ચોથા, પાંચમાં પછી છઠ્ઠામાં થઈને સાતમામાં કોઈ આવતું નથી. એવો ક્રમ નથી ગુણસ્થાનનો. ગુણસ્થાનના ક્રમને જાણતા હોય તો આમ તો બોલાય એમ કે ચોથા પછી પાંચમું પછી છઠ્ઠું પછી સાતમું, પણ એમ નથી. પહેલા ચોથું આવે, બીજું-ત્રીજું ન આવે. કેમકે બીજું-ત્રીજું પડતાનું છે, પાછા વળતાનું છે. એમ ચોથા, પાંચમાં પછી સાતમું આવે. પહેલાં ભાવલિંગી દશા આવે પછી બહારના આચરણમાં છઠ્ઠા ગુણસ્થાને આવે. એ છઠ્ઠા ગુણસ્થાનને દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. ભાવલિંગપૂર્વકનું એ દ્રવ્યલિંગ, એમ. ઓલું મિથ્યાદૃષ્ટિનું દ્રવ્યલિંગ. પછી એવું પણ ન હોય એને લિંગાભાસ કહેવામાં આવે, આભાસ છે. અત્યારે દ્રવ્યલિંગી પણ કોઈ નથી. ભાવલિંગ નથી, સાચું દ્રવ્યલિંગ નથી, અત્યારે તો લિંગાભાસમાં છે. એટલો બધો ફેરફાર છે. દ્રવ્યલિંગ પણ સાચું નથી અત્યારે તો. દ્રવ્યલિંગ તો નિરઅતિચાર અઠ્ઠાવીસ મૂળ ગુણ પાળે ત્યારે એને દ્રવ્યલિંગ કહેવામાં આવે છે. (અત્યારે તો) એવું છે નહીં.

પ્રશ્ન :– ગુણસ્થાન બદલાય એ શુદ્ધોપયોગમાં જ બદલાય ને ? ચોથામાંથી પાંચમામાં આવે..

સમાધાન :– હા. એ ઉપર ઉપરના ગુણસ્થાન શુદ્ધોપયોગમાં (થાય). એટલે તો છઠ્ઠું ગુણસ્થાન છે એ સવિકલ્પનું છે, પાછા વળવાનું છે. એટલે ઉપરના ગુણસ્થાનમાં, ચોથા પાંચમાંથી દીક્ષા લઈને ઉપરના સાધુપણાના ગુણસ્થાનમાં જાય તો પહેલાં નિર્વિકલ્પનું ગુણસ્થાન આવે – સાતમું આવે પછી સવિકલ્પનું આવે.

**'અલૌકિક શોભાથી ભરપૂર...'** એમ. ઓછી શોભા નથી, ણી શોભા નથી, ક્ષતિવાળી કોઈ શોભા નથી. પરિપૂર્ણ શોભાથી શોભાયમાન ભરપૂર અનંતગુણો ચૈતન્યલોકમાં છે કે જેનો મહિમા પૂરો પડતો નથી. વાણી અસમર્થ છે. છદ્મસ્થની વાણી તો અસમર્થ છે જ પણ દિવ્યધ્વનિ પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માની શોભા કહેવા માટે અસમર્થ છે, પૂરું કહી શકે એમ નથી.

પ્રશ્ન :– આવું બધું ભર્યું છે અત્યારે તોપણ કેમ આ બહાર ચાલ્યો જાય છે ?

સમાધાન :– અભિપ્રાય થઈ ગયો, એ અભિપ્રાય બંધાઈ ગયો પછી શું થાય ? છોડવો મુશ્કેલ પડે છે. અભિપ્રાય દઢપણે બાંધ્યો છે. એને એ સાચું લાગે છે, ખોટું છે એ સાચું લાગે છે. એક ખોટો હીરો ચમકદાર આપે. અત્યારે આ અમેરિકન ડાયમંડ આવે છે. બિલકુલ

ઘાટ-બાટ (અસલ જેવા હોય), કેમકે એ તો ડાયથી બને છે. ઘસવામાં તો હજી પહેલની અંદર ભૂલ થઈ જાય, વધારે–ઓછું ઘસાઈ જાય તો ઘાટ બગડે. આ તો બિલકુલ એકસરખા ઘાટ. હીરાના બરાબર ત્રણ ખૂણા સરખા હોય, ત્રણેય બાજુની સાઈડ સરખી હોય, એનું ટેબલ-બેબલ પાસામાં ચોખ્ખો એમ લાગે, જોવે તો કાંઈ ડાઘડૂઘ વગરનો. લોકો છેતરાય જાય. એને સાચો હીરો માને કે ચોખ્ખો આવો દેખાય છે. આમાં નહીં સાચા જેવું છે શું ? એમ કહે. એમ એને બીજે સુખ લાગે છે, બીજે એને મહિમા આવે છે. સુખ લાગે છે અને મહિમા આવે છે તો એ અભિપ્રાયને છોડી શકતો નથી. મારો અનુભવ એમ કહે છે કે, મને આમાં સુખ છે. શેરડી મને ગળી લાગે છે, બહુ મીઠી લાગે છે, બહુ સારી લાગે છે. એટલે એનો અભિપ્રાય, અસત્યને સત્ય માનવાનો જે અભિપ્રાય છે, જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં પોતાનો અનુભવ એ માને છે કે, મને આ શેરડીમાં સુખનો અનુભવ થાય છે. એને કોણ મટાડે ? એને કોણ છોડાવે ?

મુમુક્ષુ :– જ્ઞાની ગુરુ છોડાવે.

પૂજ્ય ભાઈશ્રી :– એ પોતે સ્વયં છોડે ત્યારે એને છોડાવ્યું એમ કહેવાય. બતાવનારા તો બતાવે છે કે ભાઈ તું ભૂલ્યો છો, રસ્તો ભૂલ્યો છો, ઘર ભૂલ્યો છો. તારા નિજ ઘરમાં આવી જા. (જે) ભિન્ન છે એ તારાથી ભિન્ન જ છે ત્રણે કાળે. આ તું દુઃખના રસ્તે છો, આમાં કાંઈ સુખનો છેડો આવવાનો નથી.

એક જિજ્ઞાસા કરવા જેવી છે કે, અલૌકિક શોભાથી ભરપૂર અનંત ગુણો ચૈતન્યલોકમાં છે, આ તે કેવો ચૈતન્યલોક હશે અંદરમાં ! એક એક પ્રદેશે અનંત ગુણોની શોભા છે, અનંત ગુણોનું પ્રભુત્વ છે, સ્વતંત્ર પ્રતાપથી શોભાયમાન છે આત્મા. આત્માને જે પ્રભુ કીધો છે એ એના સ્વતંત્ર પ્રતાપથી શોભાયમાન છે. અનંત ગુણોની સ્વતંત્ર શોભા છે.

**'અલૌકિક શોભાથી ભરપૂર અનંતગુણો ચૈતન્યલોકમાં છે; તેમાં નિર્વિકલ્પ થઈને જા,...'** આ વિકલ્પ પણ છોડી દે એના. આવા ગુણ છે ને તેવા ગુણ છે. એને નિહાળ ! નિર્વિકલ્પ વસ્તુને નિહાળીને અવસ્થામાં પણ નિર્વિકલ્પ થઈ જા. એમ. જેમ માણસ એમ કહે છે ને, ફલાણાંમાં હવે કાંઈ વિકલ્પ કરવાનો પ્રશ્ન નથી. આ ઘર મારું છે એનો વિકલ્પ શું ? આટલા રૂપિયા આપ્યા, નોટોના થોકડા આપ્યા, દસ્તાવેજ કર્યો, સામાએ સહી કરી દીધી, અમે સહી કરી, એની સાક્ષીઓ થઈ ગઈ, કલેકટર અને રજિસ્ટ્રારે રજિસ્ટ્રેશન કરી નાખ્યું, બધું Complete થઈ ગયું, એનો કબજો સંભાળી લીધો હવે ઘરમાં વસીએ છીએ. હવે આ

ઘર મારું છે એનો વિકલ્પ કરવાની જરૂર છે ? અથવા પોતે ચણાવ્યું હોય તો એનો વિકલ્પ કરવાની જરૂર છે કે હવે આ ઘર મારું છે કે નહીં, મારું છે કે નહીં, મારું છે કે નહીં ? નિર્વિકલ્પ થઈ જાય છે. એમ અનંત ચૈતન્યના ગુણોને સંભાળતા અંદર જઈને નિર્વિકલ્પ થઈ જા. એટલો નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્વિકલ્પભાવે મહિમા લાવ. વિકલ્પ કરી કરીને મહિમા લાવવાની વાત પણ નથી.

**'તેમાં નિર્વિકલ્પ થઈને જા, તેની શોભા નિહાળ.'** નિર્વિકલ્પ થઈને અંદર પ્રવેશ કર. તારો ઉપયોગ અસંખ્ય પ્રદેશમાં ફરશે અને તારા ચૈતન્યની શોભા નિહાળશે. આ એક તારા માટે અલૌકિક પ્રસંગ છે. અલૌકિક પ્રસંગ તો આ છે. બાકી બધા લૌકિક પ્રસંગો પૂર્વાનુપૂર્વ કંઈક પ્રકારના થયા જ કરે છે ને આવ્યા જ કરે છે ને જાય છે. એની તો જગતમાં કિંમત નથી, આ જગતમાં તો કિંમત નથી. બીજા લોકો ભલે કિંમત કરતા હોય પણ આ જગતમાં એની કિંમત નથી. આ લોકમાં એની કિંમત નથી, આ ચૈતન્યલોક છે. શાસ્ત્રમાં તો અનેક જગ્યાએ એ રીતે સ્વરૂપ મહિમા બહુ સુંદર કરેલો છે. આત્મસ્વરૂપનો મહિમા કર્યો છે. એની શોભા નિહાળ અને એની શોભા માણ. એનો અનુભવ કર એમાં એની શોભા છે.

પ્રશ્ન :- પંચ મહાવ્રતના પરિણામ દોષ છે એવું જ્ઞાનીને અમને કહેવાનું શું પ્રયોજન છે ?

સમાધાન :- દોષને ગુણ નહીં માની લે એ. જગતમાં બાહ્યદૃષ્ટિ જીવો શું કરે છે કે એને ધર્મ માને, એને ગુણ માને અને એને અંગિકાર કરે છે અને એની એટલી કિંમત આપે છે કે પછી સાચી વાત સાંભળતા એને કડવું લાગે છે, એને કઠોર લાગે છે, એને દુઃખ થાય છે, એની શ્રદ્ધા ઉપર ઘા પડે છે એટલે એને મુશ્કેલ લાગે છે. (એટલે) પહેલેથી આખી વાત તો સમજી લે. સાત માળનું મકાન કરવું હોય તો સાતમા માળનો સ્લેબ પછી ભરાશે પણ એ આટલું ઊંચું થાશે, આટલા સાધન જોશે, આટલી સામગ્રી જોશે, એમાં આટલી સિમેન્ટ જોશે, એમાં આટલા કડિયા દાડિયા જોશે, એમાં એન્જિનયર જોશે ઇ બધું સમજવું પડે છે કે નહીં ? પહેલાં આખે આખું સમજી લીધા પછી શરૂઆત કરાય છે. એમ વાત તો પહેલેથી છેલ્લે સુધીની – સિદ્ધપદ સુધીની એણે સમજી લેવી જોઈએ, સમજીને એની શ્રદ્ધા કરવી જોઈએ અને પછી ક્યાંથી શરૂઆત થાય ને કેવી રીતે થાય એ રીતે એને આગળ ચાલવું જોઈએ. એમ વ્યવસ્થિત વાત છે.

એમાં એક દલીલ આવે છે. ભાઈ કહે છે ને એમાં દલીલ એવી આવે છે કે, તમને

હજી છઠ્ઠું-સાતમું ગુણસ્થાન પ્રગટ્યું નથી, સાધુદશા આવી નથી, હજી તો તમે ઘર, વેપાર, ધંધો, ગૃહસ્થી લઈને બેઠા છો ને છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનમાં જે પંચ મહાવ્રત છે એનો નિષેધ કરો છો. જે પંચ મહાવ્રત આદિ મહાવ્રતો તમને પ્રગટ થયા નથી, એ પ્રગટ થયા પહેલાં જો તમે એનો નિષેધ કરો તો તમને પ્રગટ થશે જ નહીં. આવી એક દલીલ છે. એ આ વાતમાં કહેનારના અભિપ્રાયને સમજ્યા નથી.

કહેનારનો અભિપ્રાય એમ છે કે, આખી વાત તું સમજી લે. ધર્મ છે એ ગુણ-દોષ ઉપર આધારિત વિષય છે. તો ક્યાં કેટલો ગુણ છે, ક્યાં કેટલો દોષ છે, વીતરાગતા કેટલી છે, રાગ કેટલો છે આ બધી વાત તારી સમજમાં હોવી જોઈએ. નહીંતર તો ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ આવશે. ભલે પંચમહાવ્રત પ્રગટ્યા નથી પણ બીજાને પંચ મહાવ્રત હશે ને મિથ્યાદૃષ્ટિ હશે તો તું તો એને ધર્મી જ માનીશ. અને એમ જ સંપ્રદાયો ચાલે છે બધા. જેટલા સંપ્રદાય ચાલે છે એ તો બધા એ ઉપર જ ચાલે છે. એ ધર્મ નથી પણ છતાં એને (ધર્મ માને છે), એ ગુરુ નથી છતાં ગુરુપદે માને છે. એ તો ગૃહીત મિથ્યાદર્શન છે.

એ વાત 'ગુરુદેવશ્રી'એ સ્પષ્ટ કરી તો બધાને દુઃખનું કારણ થયું. જેને પ્રયોજનથી લાગતું વળગતું હતું એ બધાને દુઃખ થયું કે આ તો અમને ઉડાડે છે, અમારી નિંદા થાય છે, મારી દુકાનદારી બંધ કરવાની વાત છે. સાચું કહેવા જતાં બીજો તો કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :- આપણે તો પૂરા સંસારી છીએ એના કરતા તો ૫૦% દ્રવ્યલિંગીને માર્ક આપવા જોઈએ કે નહીં ?

સમાધાન :- છાશ પીવી કે બગડેલું દૂધ પીવું ઇ કહો ? માર્ક કોને આપવા ? દૂધ કરતા છાશ અલબત નીચેની કોટિનું પ્રવાહી છે ને દૂધ ઊંચી કોટિનું, પણ દૂધ બગડી ગયું હોય તો ? દૂધ તો છે હજી છાશ નથી. છે બગડેલું દૂધ. પણ દૂધ તો ખરું ને ! ઇ દલીલ વ્યાજબી નથી કાંઈ. એ બધી ખોટી ગડબડ છે. લૌકિકમાં બહાર ન છેતરાય. અહીંયાં છેતરાય છે. ત્યાગ તો કર્યો છે ને શાસ્ત્રનું જ્ઞાન તો છે ને, આપણને ક્યાં એટલું શાસ્ત્રનું જ્ઞાન છે, આપણે ક્યાં એટલો ત્યાગ કરી શકીએ છીએ. ભાઈ ! એમ નથી જોવાનું, બીજી રીતે એ જોવાનું છે. જેની પાસેથી માર્ગ મેળવવો છે તેને માર્ગ મળ્યો છે કે નહીં ? તેને માર્ગ પ્રાપ્ત થયો છે કે નહીં તેની પૂરી ખાતરી કરવી. આ સંતોની પહેલી શિખામણ છે. એમ ને એમ એને કાંઈ ભાન ન હોય તો એના ઊંધા લાકડા તમને ગરી જાય. તમારી શ્રદ્ધા એના ઉપર હોય કે આની પાસે કાંઈ છે, આ કાંઈક જાણે છે, આને શ્રદ્ધા છે, આને ધર્મ

છે. તો એ જેવું માનશે એવું તું માનતો થઈ જઈશ. બીજું કાંઈ નહીં થાય એમાં.

મુમુક્ષુ :- બધાયને આવું સાંભળવાનું તો મળે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બધાને ન મળે તો બધા મોક્ષ પણ પામતા નથી, રખડે છે એનું કારણ છે. 'ગુરુદેવ'ને એક જણે પ્રશ્ન પૂછ્યો, સાહેબ ! અમે એવા મુલકમાં ને એવા દેશમાં વસીએ છીએ કે જ્યાં જિનમંદિર નથી. આ તો હજી બહારની વાત હતી, હોં ! જિનમંદિર તો હજી ઠામઠામ હોય, જેટલા જિનમંદિર છે એટલા જ્ઞાની મળવા મુશ્કેલ છે. ત્યાં જિનમંદિર નથી હવે અમારે શું કરવું ? તો કહે, ત્યાં શું કરવા રહો છો ? રોટલા માટે. બરાબર છે ? રોટલા માટે શું કરવા ત્યાં રહેવું પડે છે કે આ દેહને નિભાવવો છે. તો દેહને નિભાવવા માટે તમારે ગમે ઇ મુલકમાં રહેવું છે. આત્મા માટે કાંઈ વિચાર કરવો નથી કે આત્માનો નિભાવ કેમ થાય ? જે મુલકમાં જિનેન્દ્રદર્શન ન થતાં હોય, જ્ઞાનીના સમાગમ ન મળતા હોય એમાં રહીને કામ શું છે તારે ? છોડી દેવો એ. તકલીફ પડે, કદાચ આજીવિકામાં થોડીક મુશ્કેલી પડે બીજું, ત્રીજું થાય તો એ બધું સહન કરીને જ્યાં આત્માને લાભ થતો હોય ત્યાં નિવાસ કરવો. એમ વાત છે ખરેખર.

હું 'નાઈરોબી' ગયો ત્યારે એ વાત કરી હતી કે, આ તમે પાંચ હજાર માઈલ છેટે શું કરવા આવ્યા છો ? પૈસા માટે. તો પછી જ્ઞાની બિરાજે છે ઇ દસ હજાર માઈલ દૂર હોય તો તમારે નજીક થઈ જવું જોઈએ. જ્યાં આત્માનું હિત થતું હોય ત્યાં નજીક જવું જોઈએ. સીધી વાત છે. એના માટે પરિશ્રમ કરવો જોઈએ, એના માટે તકલીફને ગૌણ કરવી જોઈએ. ન્યાયની વાત છે કે નહીં ? શરીર માટે જીવને બધું કરવું છે, જીવ માટે જીવને કાંઈ કરવું નથી. આવો અભિપ્રાય બહાર આવે છે, સૂર એનો ઇ છે.

પ્રશ્ન :- ઓળખાણ ન હોય તો ?

સમાધાન :- ઓળખાણ નથી પણ સુખી થવું હોય, શાંતિ જોઈતી હોય તો ઓળખાણ કરવી પડે. ક્યાં શાંતિ છે, કેમ શાંતિ પ્રાપ્ત થાય એને સમજવા માટેની પહેલાં ગરજ આવવી જોઈએ અને ગરજુ થઈને એ વાત શોધવા એને નીકળવું પડે. દેશ દેશાવર ખેડે છે ઇ તો ગરજુ થઈને ખેડે છે કે નહીં ? ભૂખ વેઠે, તરસ વેઠે. અહીંથી 'ગૌહાટી' જેટલું Travelling થાય તો રસ્તામાં કાંઈ બધે ટાઇમસર જમવાનું, ગરમ રોટલી મળે છે કાંઈ ? ઘરે ના ના ફૂલકા ખાવ ટકેલી થાળીમાં (એ) ત્યાં મળી જાય છે ? ગમે તેવી ગિરદી હોય, ગમે એવા ટાઢ-તડકા હોય, તૃષા લાગે. સમયસર મળે (ન મળે), ઊંઘ આવે ન આવે, ઉજાગરા

થાય. ત્યાં ક્યાં પલંગ-પથારી છે (કે) શાંતિથી (સૂવા મળે). ત્યાં તો ગાડીના અવાજ આવે, બધું થાય. ત્યાં કેમ આપણે સહન કરીએ છીએ ? લાભનું કારણ માન્યું છે માટે. રૂપિયા, આના, પાઈમાં લાભ માન્યો છે, શાંતિ-અશાંતિમાં લાભ માન્યો નથી, આમ વાત છે.

પ્રશ્ન :- સાચી શાંતિ જોઈએ છે શું કરવાનું હવે ?

સમાધાન :- પહેલા હજી લાભ નુકસાન તો નક્કી કરે કે આ લાભ નુકસાન સાચું કે આ લાભ નુકસાન સાચું ? એ તો પહેલાં નક્કી કરે, એમ. પછી તો જ્યાં એ વસ્તુ મળતી હોય એ શોધવી જોઈએ કે જગતમાં આ વસ્તુ ક્યાં મળે છે ? અનેક ધર્મ સંપ્રદાય છે, અનેક કહેનારા છે એમાં કોણ સાચું ? આ બધી વાત થોડી અઘરી લાગે એવી છે પણ છતાંય તે ન મળે એવું નથી. ખરેખર એને શોધ કરવી હોય તો મળે એવું છે. સાચી શોધ કરવા નીકળે, અભિપ્રાયમાં તો પૂરેપૂરો એની પાછળ નવરો થાય તો એને મળે એવું છે, ન મળે એવું કાંઈ નથી. અત્યારે તો આ બધા કેટલા શાસ્ત્રો વિદ્યમાન છે.

એકવાર 'પૂજ્ય બહેનશ્રી' તો કહેતા હતા કે, અમે જે 'દી પામ્યા તે 'દી આટલી બધી કાંઈ ચોખવટ, સ્પષ્ટીકરણ, આટલા શાસ્ત્રો આ કાંઈ ઉપલબ્ધ નહોતું અને એટલી નાની ઉંમર હતી. પાછું એમ નહીં કે ઘણું જોયું છે, ઘણી ઉંમર વ્યતીત થઈ ગઈ. જેને મેળવવું છે એને મળી રહે છે એવી કોઈ કુદરતી વ્યવસ્થા છે વિશ્વની અંદર. જેને મેળવવું જ છે એને મળી રહે છે, જેને નથી મેળવવું, દરકાર નથી તો કુદરત પણ એમ કહે છે કે, તું લહેર કર. જ્યાં પરિભ્રમણ કરવું હોય, જ્યાં જન્મ-મરણ કરવા હોય તું કરી લે. થાક પછી આવજે.

એકવાર સંસારથી થાક્યા વિના મોક્ષનો માર્ગ મળતો નથી. આ કુદરતનો નિયમ છે. બે ઘોડે ચડવું હોય તો બે ઘોડાની સવારી થાય એવું નથી. મારે મોક્ષ પણ જોઈએ અને સંસારની લીલી વાડી પણ રાખવી છે. બે વાત તો બને એવું નથી. જો કે તારે સંસારની લીલી વાડી રાખવી છે ઇ ખબર છે, પણ બધાયને રાખવી છે પણ બધાયને લીલી રહેતી નથી. કાંઈકની સુકાઈ જાય છે. એને નથી રાખવી ? એને પણ રાખવી છે. એનો અર્થ એ છે કે, એ જીવના અધિકારનો વિષય નથી, એ જીવના અધિકારનો વિષય નથી. જો જીવના અધિકારનો એ વિષય નથી તો આત્મશાંતિ અને આત્મસુખ મળે એવું કાંઈક, થોડુંક કરી લે જેટલો અવકાશ છે એટલું, (બહારની) ઉપેક્ષા કરીને એટલું કાંઈક થઈ જાય કે, જે થવાનું હશે એ થશે પણ હવે આપણું થોડુંક સાંધી લઈએ, એટલો પણ વિચાર હોય

તો એ સત્યને શોધવા નીકળે અને એને કાંઈક શાંતિની શોધમાં (સાચી શાંતિ) મળે એવા ઘણાં સાધનો અત્યારે ઉપલબ્ધ છે.

એક ન્યાયે કાળ હીણો છે તો બીજા ન્યાયે અત્યારે આ વસ્તુની ઉપલબ્ધિ ઘણી છે. એટલા શાસ્ત્રો, એટલું સાહિત્ય, ટેપરેકોર્ડ, વીડિયો સુધીની અત્યારે ઉપલબ્ધિ છે. ભાગ્યે જ આટલું બધું મળે. એ ન્યાયે તો કાળ હીણો છે કે સારો છે ? જે એનો લાભ લે એના માટે સારો છે અને લાભ ન લે એના માટે હીણો છે. એ સીધી વાત છે. એવી રીતે એની ગણતરી થાય છે. એકાંત એમાંય ચાલે એમ નથી કે એકાંતે એમ કહી દ્યે કે, આ કાળ હીણો છે. એવું નથી.

'ગુરુદેવશ્રી'ના ધોધમાર પ્રવચનો ચાલતા ત્યારે 'સોનગઢ'માં વસનારા એમ કહેતા કે આપણે તો મહાવિદેહક્ષેત્રમાં ને ચોથા આરામાં છીએ એવું લાગે છે. અહીં તો એકલો ધર્મકાળ જ છે, અહીંયાં બીજું કાંઈ દેખાતું (નથી). કેમકે ત્યાં તો કોઈ બીજી વાતમાં રસ લે નહીં. ત્યાં ભેગા થાય તો તમારે કેટલા દીકરા દીકરી છે એવું કોઈ પૂછે નહીં. વર્ષોનો એકબીજાને પરિચય હોય તો ખબર ન હોય કે એ શું કામ કરે છે ને એને પરિવાર શું છે ને એની ખબર ન હોય. મુમુક્ષુ તરીકેનો સંબંધ હોય. આવા તો ઘણાં દાખલા છે. અહીં સુધી રાખીએ.

***

રાગી છું કે નથી-તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું. નયોથી અતિક્રાન્ત ચૈતન્ય બિરાજે છે. દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે. ૧૪૯.

તા. ૩૦-૦૬-૧૯૮૭, વચનામૃત–૧૪૯,૧૫૦
પ્રવચન નં. ૧૧૩

**'રાગી છું કે નથી–તે બધા વિકલ્પોથી પેલી પાર હું શુદ્ધ તત્ત્વ છું.'** આત્માનું જે ધર્મરૂપ પરિણમન છે એનું વર્ણન જ્ઞાન પ્રધાનતાથી, શ્રદ્ધા પ્રધાનતાથી, પુરુષાર્થની પ્રધાનતાથી, ચારિત્રની પ્રધાનતાથી અનેક પ્રકારે આવે છે. અહીં ૧૪૯ બોલમાં જ્ઞાન પ્રધાનતાથી વાત છે. ૧૫૦ માં દૃષ્ટિ એટલે શ્રદ્ધા પ્રધાનતાથી વાત છે અને ૧૫૧ માં પુરુષાર્થની પ્રધાનતાથી વાત છે. વળી ૧૫૨ માં જ્ઞાનની પ્રધાનતાથી વાત છે. એમ જુદી જુદી રીતે એક શુદ્ધ પરિણમનમાં – એક ધર્મરૂપ પરિણમનમાં અનેક ગુણો છે એમાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ અને સુખ, શાંતિ, આનંદ એ મુખ્ય ગુણોનું પરિણમન છે અને બુદ્ધિગોચર છે, બુદ્ધિથી સમજી શકાય એવો વિષય છે એટલે એના દ્વારા કહેવામાં આવે છે, સમજાવામાં આવે છે. બીજા અનંત ગુણો એટલા સૂક્ષ્મ છે કે જે છદ્મસ્થને બુદ્ધિગમ્ય નથી, બુદ્ધિમાં એ સમજી ન શકે એવા સૂક્ષ્મ પરિણામો છે, એ પ્રકારે વર્ણન ઓછું છે. સમજી શકાય એ પ્રકારે શાસ્ત્રમાં વિશેષપણે વર્ણન આવે છે.

અહીંયાં એમ કહે છે કે, જ્ઞાનમાં હું રાગ સ્વરૂપી આત્મા છું કે હું રાગ વગરનો

વીતરાગ સ્વરૂપી આત્મા છું એવું જણાય અને એવા વિકલ્પો ઠે, એવો વિચાર આવે એવા વિચારોથી પેલે પાર શુદ્ધ આત્મતત્ત્વ છે. જે વીતરાગી આત્મતત્ત્વ છે શુદ્ધ સ્વભાવ, જે રાગ વિનાનું તત્ત્વ છે અથવા આત્માનું મૂળ સ્વરૂપ છે જેને શુદ્ધ તત્ત્વ કહ્યું છે, પરમાત્મતત્ત્વ એને કહેવામાં આવે છે, આત્માનું પરમસ્વરૂપ છે એમાં રાગ નથી તોપણ હું રાગી નથી એવો વિકલ્પ છે એની પેલે પાર જઈને અનુભવ થાય છે. એને ઓળંગી જતા અનુભવ થાય છે જેને આત્માની સ્વાનુભૂતિ કહેવામાં આવે છે. આત્માના મૂળ સ્વરૂપના વિકલ્પથી પણ આગળ જઈને, અતિક્રાંત થઈને, એનું ઉલ્લંઘન કરીને અનુભવ થાય છે એવી દશા છે.

સંસારી જીવને અવસ્થામાં રાગ છે અને જ્યારે એ અવસ્થાનો વિચાર કરે છે ત્યારે એને એવો વિચાર આવે છે, એવો વિકલ્પ આવે છે કે હું તો હજી રાગી છું, મને હજી આ બધો અનેક પ્રકારનો રાગ ઉત્પન્ન થાય છે તેથી હું રાગી છું. એ જ સંસાર અવસ્થામાં જેને આત્માનું જ્ઞાન થાય છે, મૂળ સ્વરૂપનું જ્ઞાન થાય છે એ મૂળ સ્વરૂપને લક્ષમાં લે છે, જ્ઞાનમાં લે છે ત્યારે એને એમ વિકલ્પ આવે છે, એવો વિચાર આવે છે કે હું મારા સ્વરૂપથી જોઉં, મૂળ સ્વરૂપથી જોઉં તો મૂળમાં હું રાગી નથી. એમ રાગી છું અને રાગી નથી એમ બન્ને વાત છે. મારા એક આત્મામાં હું રાગી પણ છું અને હું રાગી પણ નથી એમ બન્ને વાત છે અને બન્ને વિષયનું જ્ઞાન આમાં કામ કરે છે. વર્તમાન ચાલુ અવસ્થાનું જ્ઞાન એમ કામ કરે છે કે હું રાગી છું. એ જ વર્તમાન કાળમાં જ્યારે અવસ્થામાં રાગ છે ત્યારે મૂળ સ્વરૂપને જ્ઞાન જોવે છે ત્યારે મૂળ સ્વરૂપે આત્મા રાગી નથી, રાગના અભાવ સ્વભાવે છે.

જેમ વરસાદ પડે ત્યારે પાણી તો ચોખ્ખું પડે છે. આકાશમાંથી જે વરસાદ થાય છે એ તો નિર્મળ પાણીની વર્ષા થાય છે. જમીન ઉપર પડે છે ત્યારે ધૂળ અને માટી સાથે એનો સંયોગ થતાં એ પાણી મેલું, ડહોળું દેખાય છે. જેણે પાણીને શુદ્ધ સ્વરૂપે જોયું છે તે પાણીની અવસ્થા ડહોળી છે, મેલું પાણી છે, કાદવવાળું છે ત્યારે પણ એના મૂળ સ્વરૂપને લક્ષમાં લે છે, જ્ઞાનમાં લે છે કે, પાણી સ્વરૂપે કરીને તો મલિન નથી, પાણીનું મૂળ સ્વરૂપ મલિન નથી. તેથી આ ડહોળું પાણી છે એનો ઉપયોગ પીવામાં ન થાય પણ જો એના મૂળ સ્વરૂપે એની અવસ્થા પ્રાપ્ત થાય તો એનો પીવાનો ઉપયોગ થઈ શકે છે. એ પાણીને શુદ્ધ કરવામાં આવે છે. કાં તો પાણીને આછરવા ટોપમાં કાઢી લ્યે (તો) કાદવ નીચે બેસે એ ઉપશમ ભાવ છે. કાં તો પુરુષાર્થરૂપી ફટકડી નાખે તો એમાં રજકણ છે ઇ નીચે જુદાં

પડી જાય છે, જુદાં બેસે છે, ચોખ્ખું પાણી જુદું પડવા માંડે છે. આપોઆપ પ્રક્રિયા થાય છે. નજરે દેખાય એવી. હાલતું પાણી જોવામાં આવે, વાસણની અંદર પણ ચાલતું પાણી જોવામાં આવે. રજકણો નીચે બેસે, શુદ્ધ પાણી ઉપર રહે. એ એમ સૂચવે છે કે પાણી ખરેખર પોતાના મૂળ નિર્મળ સ્વરૂપનો ત્યાગ કરીને, પોતાની નિર્મળતા છોડીને મેલું નહોતું થયું. મેલું નહોતું થયું એમ પણ બિલકુલ નહીં અને મેલું થયું માટે એનો નિર્મળ સ્વભાવ છોડીને મેલું થઈ ગયું કે ફરીને નિર્મળ થઈ જ ન શકે એમ પણ નથી.

એમ આ આત્મા સંસાર અવસ્થામાં રાગી છે, દ્વેષી છે, મલિન છે, અનેક પ્રકારના વિકારના પરિણામ એને અવસ્થાની અંદર અનુભવગોચર થાય છે (એ) પોતાના જ પરિણામ છે, પોતાની જ એ દશા છે. તેમ છતાં આ આત્મા મૂળ સ્વરૂપે એ તમામ વિકાર રહિત અવિકાર સ્વભાવી છે એવા સ્વભાવનો ને એવા સ્વરૂપનો એણે ત્યાગ નથી કર્યો.

માણસ નથી કહેતા કે કોઈપણ માણસ દોષ કરે છે તો એનો Conscious bite કરે છે એમ કહેવાય છે. Conscious એટલે આત્મા અંગ્રેજીમાં, અથવા જે કોઈ દોષના પરિણામ કરવામાં આવે છે એનો અંદરથી નિષેધ આવે છે કે આ કરવા જેવું નથી. ચોર ચોરી કરે તોપણ એને ચોરી કરવા જેવી છે એ વાત એને અંદરથી તો એનો આત્મા હા પાડતો નથી. છતાં એ વર્તમાન જરૂરિયાતને અને વર્તમાન સમજણને મુખ્ય કરીને કે આમ જ કરાય ને આમ કરવાથી જ લાભ થાય તો એ અંદરના અવાજને – આત્માના અવાજને દબાવીને કામ કરે છે અને દોષમાં સામેલ થાય છે. પણ અંદરથી જે આત્માનો અવાજ ભો થાય છે કે આ કરવા જેવું નથી એ એમ સાબિત કરે છે કે, આત્મા બૂરું કરવાના, દોષના પરિણામ કરવાના સ્વભાવવાળી ચીજ નથી, મૂળ ચીજ એવી નથી. એટલે અંદરથી એવો અવાજ આવે છે. આ તો સર્વ સામાન્યને અનુભવગોચર વસ્તુ છે.

અહીંયાં 'પૂજ્ય બહેનશ્રી' કહે છે કે, જે પેલી પાર ચીજ છે એ શુદ્ધ તત્ત્વ છે, એ નિર્મળ આત્મતત્ત્વ છે, પવિત્ર આત્મતત્ત્વ છે, નિર્વિકાર આત્મતત્ત્વ છે અને શુદ્ધ આત્મતત્ત્વ, એને પરમ આત્મતત્ત્વ, એને પરમાત્મતત્ત્વ કહેવામાં આવે છે. 'પરમાત્મા' શબ્દ છે એ આત્માના પરમ સ્વરૂપનો વાચક છે. પરમ + આત્મા એ બે શબ્દોની સંધિથી આત્માનું જે વિશેષણ 'પરમ શુદ્ધ', 'પરમ શુદ્ધ' એવું જે આત્મતત્ત્વ એને ચાલુ ભાષામાં પરમાત્મા કહેવાય છે.

પ્રશ્ન :- અત્યારે બધામાં પરમાત્મા છે ?

સમાધાન :- બધા આત્મામાં પરમાત્મા બિરાજમાન છે. મૂળ સ્વરૂપે બધા શુદ્ધ છે. અવસ્થાએ બધા સંસારી અને મેલી અવસ્થાવાળા દેખાય છે તોપણ મૂળ સ્વરૂપે બધા આત્માઓ પરમાત્મા છે. 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો'. 'શ્રીમદ્‌જી'એ પંદર વર્ષે આ પદ લખ્યું. 'સર્વ આત્મમાં સમદૃષ્ટિ દ્યો આ વચનને હૃદયે લખો.' જો બધા આત્માને એના મૂળ સ્વરૂપની દૃષ્ટિથી મુખ્યપણે જોવામાં આવે અને એવી મૂળ સ્વરૂપની મુખ્યતાવાળી વિચારધારા હોય તો કોઈ આત્મા પ્રત્યે રાગ કરવો, દ્વેષ કરવો, મોહ કરવો એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આમ એ વીતરાગતાની વાત છે. વળી પોતાનો આત્મા પણ પરિપૂર્ણ વીતરાગ સ્વરૂપે હોવાથી આ આત્માને પણ રાગ કરવા યોગ્ય છે કે દ્વેષ કરવા યોગ્ય છે કે મોહ કરવા યોગ્ય છે એ વાત મૂળ સ્વરૂપને ઓળખતા એને લક્ષમાં લેતા એ વાત રહેતી નથી.

અહીંયાં તો એવી હદની વાત છે કે જે બન્ને વિષય સમજ્યો છે. શાસ્ત્રથી અને ગુરુગમથી જેને બન્ને વિષયનો ખ્યાલ છે કે સંસાર અવસ્થામાં આત્મા રાગી છે અને આત્માના પરમ સ્વરૂપને જોતા, પરમાત્મતત્ત્વને જોતા પોતે જ આત્મા રાગી નથી. રાગી છે પણ અને રાગી નથી પણ, એમ બન્ને વાત એની સમજમાં આવી અને એ વાત સમજાણી, સમજમાં સ્વીકાર કરી ત્યાર પછી એને એવા વિચારો ચાલે છે. અને જ્યાં સુધી એવા વિચારો ચાલે છે ત્યાં સુધી એવા વિચારોનો પોતા સ્વરૂપે અનુભવ થાય છે કે હું આત્માનો વિચાર કરનારો મુમુક્ષુ. શું વિચાર કરે છે ? હું મુમુક્ષુ છું અને હું આત્મા અવસ્થા દૃષ્ટિએ રાગી છે અને મૂળ સ્વરૂપે રાગી નથી એવો વિચાર કરનારો, એવો આત્માના સ્વરૂપનો અભ્યાસ કરનારો છું. એમ જે એને વિચાર આવે છે, એવા વિચાર આવે છે ત્યાં સુધી એને પરમ શુદ્ધતત્ત્વનો પ્રત્યક્ષ સ્વાનુભવ થતો નથી, અનુભવ થતો નથી.

પ્રશ્ન :- શું નડે છે ?

સમાધાન :- એ જ વિચારને લઈને. જેમ કોઈ માણસ જમવા બેસે. મીઠાઈ તો સારી, સારું ભોજન પીરસ્યું હોય (એમાં) બધી ચીજ સારી, બહુ સારી, બહુ સારી, બહુ સારી, બહુ સારી, બહુ સારી એમ જ વિચાર કર્યા કરે તો પેટ કે 'દી ભરાય ? મીઠાઈની સામે જોયા કરે અને એના વખાણ અને એની મહિમા એને આવ્યા કરે એમાં કાંઈ પેટ ભરાતું નથી. એમ જ્યાં સુધી વિચાર ચાલે છે ત્યાં સુધી શાંતિ અને આનંદ ઉત્પન્ન થતા નથી. આત્માની શાંતિ અને આત્માનો આનંદ ઉત્પન્ન થવા અર્થે આ બન્ને પડખાના વિચારોને સમાપ્ત કરીને આગળ જવું પડે, એની પેલી પાર જવું પડે છે. કેમકે પરમ શુદ્ધતત્ત્વ એની પેલી

પાર બિરાજમાન છે.

પરમાત્મા જે અંદરમાં બિરાજમાન છે, 'ગીતા'માં એવું આવે છે, હૃદયકમળમાં પરમાત્મા બિરાજમાન છે. બધાના હૃદયકમળમાં બિરાજમાન છે. અહીં તો આખો આત્મા જ પરમાત્મા છે. એ પરમાત્મા નયોથી પાર છે, નયોના વિકલ્પથી પાર છે, વિચારથી પાર છે. વિચારમાં એવી શ તિ નથી કે એ પરમાત્મતત્ત્વ સુધી પહોંચે, એની પહોંચ નથી ત્યાં સુધી.

જેમ કહેવાયને કે, રાજાના મહેલમાં ચમાર, ભંગી હોય તો એને બહાર ભા રાખે. બહાર ભા રહો તમે. તમારી વાત છે ને અમે રાજા સુધી પહોંચાડી દેશું. રાજાનો હુકમ હશે ઇ કહેવામાં આવશે. તમને અંદર આવવા દેવામાં આવશે નહીં. મંદિરની અંદર ઢેઢ, ભંગી, ચમારને નહોતા દાખલ કરતા એનું કારણ એ છે કે એ લોકોનો વ્યવસાય અપવિત્ર પદાર્થો સાથેનો છે. અને પરમાત્મા શુદ્ધ પવિત્ર છે એની શુદ્ધિ અને વિનય જાળવવા માટે. જાતિ ભેદનો સવાલ નથી પણ જો કોઈ એવો વ્યવસાય છોડી દે, અપવિત્ર કાર્યનો વ્યવસાય છોડી દે તો એના માટે નિષેધ હોય શકે નહીં. ઢેઢ, ભંગી, ચમાર પણ સમ્યક્દૃષ્ટિ ધર્માત્મા થઈ શકે છે અને જો એ ધર્માત્મા થાય તો એ વંદનીય છે અને પૂજનીય છે. ભલે એ ચમાર હોય, ગમે તે હોય એની સાથે એને કાંઈ સંબંધ રહેતો નથી. જ્યારે એ ધર્માત્મા થાય છે ત્યારે એ એવા વ્યવસાયમાં રહેતા નથી. છોડી દ્યે છે, કુળની પરંપરામાં હોય તો એ છોડી દે છે. તિર્યંચ હોય તો તિર્યંચ છોડી દે.

ભગવાન 'મહાવીરસ્વામી'. 'મહાવીરસ્વામી'ના પહેલાંના દસમાં ભવમાં સિંહનો અવતાર છે. સિંહનો જે અવતાર છે એમાં તો માંસ ખાવાનું. ખડ ખાય નહીં, સિંહ ખડ ખાય નહીં. પોતાના હાથે હિંસા કરીને પ્રાણીને મારીને ખાય. કોઈનું મારેલું ખાય નહીં. કોઈ મરેલું પ્રાણી જંગલમાં પડ્યું હોય, કોઈનું મારેલું હોય તો સિંહ એને ન અડે. પોતે શિકાર કરે. પરિણામમાં એટલી ક્રૂરતા છે અને એકલો માંસાહારનો – અભક્ષ્યનો આહાર છે. સિંહ માટે એ ભક્ષ્ય નથી પણ કોઈપણ પ્રાણી માટે એ અભક્ષ છે, અભક્ષ્ય છે એ બધા માટે અભક્ષ્ય જ છે. મનુષ્ય માટે અભક્ષ્ય અને સિંહ, વાઘ માટે ભક્ષ્ય એમ નથી. જ્યારે એમને જ્ઞાન થયું ચારણ દ્ધિધારી મુનિનો ઉપદેશ – બોધ સાંભળ્યો ત્યારથી આહાર છોડી દીધો, સંથારો કરી લીધો. સિંહના ભવમાં ચોથા ગુણસ્થાને સંથારો કરી લીધો. જ્યાં સુધી સિંહના ભવનું આયુષ્ય હોય ત્યાં સુધી આહાર નહીં. બીજો આહાર તો લઈ શકે નહીં એવી શરીરની અવસ્થા છે. માણસ એમ કહે ને કે, શરીરની અવસ્થા આવી હોય તો શું કરવું ? અભક્ષ્ય

લેવાય જ નહીં. અમારે એવો ધંધો છે, એવા કામકાજ છે કે એમાં થોડું એવું કાંઈ કરવું પડતું હોય તો શું કરવું ? મોટા મોટા સાહેબોને (દારૂની) બાટલી મોકલવી પડતી હોય તો શું કરવું ? ધંધો છોડી દેવો. કાલે કહ્યું હતું જિનેન્દ્રના દર્શન ન થાય ત્યાં વસવું પડતું હોય તો શું કરવું ? છોડી દેવું વસવાનું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- .. બરાબર છે. જ્યાં સત્સમાગમ હોય, શાસ્ત્ર સ્વાધ્યાય હોય, જિનેન્દ્ર દર્શન હોય મુમુક્ષુની ભૂમિકાના જે સંયોગ હોય ત્યાં એને વસવું જોઈએ. ભલે આજીવિકા માંડ માંડ ચાલે એવું હોય તોય. 'શ્રીમદ્જી'એ એવું લખ્યું, માંડ માંડ આજીવિકા ચાલતી હોય તોપણ સંતોષ પકડીને પણ આત્માનું હિત થાય એ કામ પહેલા કરવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ એ થયો કે વિકલ્પમાં એને સંતોષ છે. શાંતિ મળતી નથી, આત્મા આનંદસ્વરૂપ છે પરમાનંદસ્વરૂપ છે એવો વિકલ્પ કરે છે એમાં એને શાંતિ મળતી નથી તોપણ એને સંતોષ થાય છે. જો આકુળતા થાય કે આ વિકલ્પ ક્યાં સુધી ? આત્મા પ્રત્યક્ષ – સહજ પ્રત્યક્ષ છે, પોતે જ સ્વરૂપે કરીને સહજ પ્રત્યક્ષ છે એની વચ્ચે આ વિકલ્પનો પડદો કરીને, રાખીને પરોક્ષ રહેવું પડે એ વાત પોસાય નહીં. ભૂખ લાગી હોય ને ભાણું પીરસ્યું હોય તો ખાધા વગર પોસાય ખરું ? પોસાય તો સમજવું કે એને ભૂખ લાગી નથી. એમ આત્માના વિકલ્પ કરે છે પણ અનુભવ કરતો નથી તો એને હજી જરૂરિયાત લાગી નથી.

જરૂરિયાત બહુ મોટી ચીજ છે. જ્યાં જરૂરિયાત લાગે ત્યારે જીવ કોઈની પણ ગણના કર્યા વિના અથવા બધાની અવગણના કરીને પોતાની જરૂરિયાતની ચીજનો ઉપભોગ કરે છે. બરાબર છે ? આ તો અનુભવગોચર વિષય છે. જો તને આત્માની શાંતિ અને આનંદની જરૂરત લાગી હોય અને આ બધા પરિણામથી આકુળતા રહેતી હોય કે થતી હોય તો અંદરમાં જ શાંતિ ને આનંદ ભરેલો છે એનો અનુભવ કર્યા વિના તું રહી શકે નહીં.

પહેલી તો માન્યતા સુધારવાની જરૂર છે. જેમ પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખ, શાંતિ ને આનંદ નથી કેમકે તે બધા અચેતન રજકણ છે. એમાં સુખ, શાંતિ અને આનંદ નથી. પણ આત્માના વિચાર કરે, કોઈ સારા વિચાર કરે તો એમાંય સુખ, શાંતિ ને આનંદ નથી. એ વાત એની માન્યતામાં પહેલાં આવવી જોઈએ. બહુભાગ જીવ તો એવું માની લે છે

કે આપણે ક્યાં પાપ કરીએ છીએ હવે તો આપણે ધર્મની લાઇનમાં આ બધા ધર્મના વિચારો કરીએ છીએ અને એ કરવા યોગ્ય છે એમ ગણીને એમાં સંતુષ્ટ થાય છે. એવા વિચારોને ઓળંગી જઈને, આગળ અતિક્રાંત થઈને શુદ્ધ તત્ત્વમાં જ્યાં આનંદ ભર્યો છે એના આનંદનો અનુભવ કરી શકતો નથી. આ તકલીફ છે.

જેઓ પ્રવૃત્તિમાં ને વ્યવસાયમાં પડ્યા છે એને એમ થાય છે કે આપણે આ કરવું પડે છે ને આ કરીએ છીએ તો બીજું શું થાય ? એમ કરતા કરતા જેટલો વાંચન વિચાર થાય એટલો કરવો – સવાર, બપોર, સાંજ, બાકી તો બીજો ઉપાય નથી. એ સંજોગોવશાત પ્રવર્તે અને થોડુંઘણું કરે. જે પ્રવૃત્તિથી નિવૃત્તિના યોગમાં આવ્યા, એવો કોઈ પુણ્યયોગ હોય કે પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા ન હોય તો એ પણ વિચાર કરે ને સંતુષ્ટ થાય કે ઠીક છે ચાલો, રોજ આટલા કલાક વાંચન વિચાર કરીએ છીએ. એને માટે આ વાત છે કે સીધું દ્રવ્યનું આલંબન કર. છેલ્લી લીટી એ છે.

**'નયોથી અતિક્રાંત...'** નયોથી એટલે આવા વિચારોથી, વિચારને અહીંયાં નય લીધા છે. અવસ્થાનો વિચાર તે દ્રવ્યાર્થિકનયનો પર્યાય અને મૂળ સ્વરૂપનો, શુદ્ધતત્ત્વનો વિચાર જે દ્રવ્યાર્થિકનયનો વિચાર, એમ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયના વિકલ્પોથી અને વિચારથી પેલે પાર – અતિક્રાંત એટલે એને ઓળંગી જતા એને પાર **'ચૈતન્ય બિરાજે છે.'** નિર્વિકલ્પ ચૈતન્ય સ્વરૂપે પોતે આત્મા પરમાત્મા બિરાજમાન છે. એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે, મૂળ દ્રવ્ય કહેવામાં આવે છે, મૂળ ધાતુ કહેવામાં આવે છે તેનું **'અવલંબન કર...'** સીધે સીધો એનો અનુભવ કર, વિચાર વગર એનો અનુભવ કર. **'તો ચૈતન્ય પ્રગટ થશે.'** તારું મૂળ પરમાત્મ સ્વરૂપ છે એ તને અનુભવગોચર થશે. ચૈતન્ય પ્રગટ થશે એટલે ચૈતન્યની નિર્મળ અવસ્થા – પવિત્ર અવસ્થા ધર્માવસ્થા પ્રગટ થશે.

દ્રવ્યના અવલંબને જે શુદ્ધ અવસ્થા પ્રગટ થાય – રાગ રહિત અવસ્થા પ્રગટ થાય એને ધર્મ કહેવામાં આવે છે. કોઈપણ રાગની અવસ્થાને ધર્મ કહેવો, માનવો એ લટી માન્યતા છે – વિપરીત માન્યતા છે. એવું (–રાગની અવસ્થાને ધર્મ માનવાનું) ક્યારેય પણ જાણ્યે અજાણ્યે પણ માનવું જોઈએ નહીં. એમ અહીંયાં જ્ઞાનની પ્રધાનતાથી સીધું દ્રવ્યનું અવલંબન લેવાની પ્રેરણા છે. તું દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે.

ગર્ભિત વિષય તો જરા સૂક્ષ્મ છે. જે આત્માના વિચાર કરે છે, શુદ્ધ આત્માના વિચાર કરે છે, પરમાત્મ તત્ત્વના વિચાર કરે છે એને એમ કહેવું છે કે એ વિચાર કરતા કરતા

પમાશે નહીં. પરમાત્મ તત્ત્વની પ્રાપ્તિ એ વિચાર કરતા કરતા નહીં થાય પણ એ વિચારના કાળમાં જો તારો પુરુષાર્થ દ્રવ્યનું અવલંબન કરવાનો ઉત્પન્ન થશે, તો તને સીધો અનુભવ થશે, એમાં પરમાત્માની પ્રાપ્તિ થશે. તો બાહ્ય દૃષ્ટિથી જોનારને કે વિચારનારને એમ લાગે છે કે એ આત્માનો વિચાર કરતો કરતો કરતો કરતો કરતો પામી ગયો. માટે આપણે શાસ્ત્રથી, વગર શાસ્ત્રથી પણ આત્માના વિચાર કરો અને આત્માના વિચાર કરતા કરતા જેમ બીજા પામી ગયા એમ આપણે કદાચ પામી જઈએ. એમ બાહ્ય દૃષ્ટિથી જોવા જેવું નથી. એનું અંતરંગ જુદું છે કે એવા વિચારના કાળમાં પુરુષાર્થની ઉગ્રતા થતાં દ્રવ્યના અવલંબનનું જોર થાય છે ત્યારે એને નિર્વિકલ્પ સ્વાનુભવ થાય છે. વિચારના કારણે સ્વાનુભવ થાય છે એમ નથી પણ દ્રવ્યના અવલંબનના કારણે સ્વાનુભવ થાય છે. એ વાત અહીંયાં સંક્ષેપમાં કહી છે.

પ્રશ્ન :- પુરુષાર્થ કેમ કરવો હવે ?

સમાધાન :- પુરુષાર્થનું કારણ જ્ઞાન છે. જેવો શુદ્ધ આત્મા છે એનું જેટલું સ્પષ્ટ, સુસ્પષ્ટ, વિસ્પષ્ટ જ્ઞાન છે એટલું એ પુરુષાર્થનું ઉત્પાદક છે. જેમ માણસ કહે છે કે અમુક પ્રસંગ બને છે તો માણસને રડવું આવે છે. જેમ જેમ એને એ સાંભરે છે એમ વધારે વધારે રડવું આવે છે. એનો અર્થ શું છે ? કે એના જ્ઞાનમાં એ વિષય તાજો થાય છે. રડવા માટે એને વિકલ્પ કરવો પડે છે અને તો રડે છે ? જ્ઞાનમાં એ વિષય ઉપસ્થિત થાય તો એના ફળ સ્વરૂપે એને શોક થયા વિના રહે નહીં. એમ જ્ઞાનમાં સીધો આત્મા જેવો છે એવો આત્મા જેટલો ગ્રહણ કરવામાં આવે જ્ઞાનથી ગ્રહણ થાય સ્વતત્ત્વમાં એટલું એ જ્ઞાન પુરુષાર્થનું ઉત્પાદક છે. જ્ઞાન જ પુરુષાર્થનું ઉત્પાદક છે, જ્ઞાન જ રુચિનું ઉત્પાદક છે. મૂળમાં બધામાં જ્ઞાન છે. અને તેથી આત્મા જ્ઞાન સ્વભાવી છે એમ જ્ઞાનની પ્રધાનતાથી આત્માને દર્શાવવામાં આવે છે.

'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં એવો એક બોલ છે. ચર્ચા કરી છે. વિકલ્પથી કામ થતું નથી અવલંબનના જોરથી કામ થાય છે. ૪૦૦ નંબરનો બોલ છે. **'ત્રિકાલી મેં ઢલન તો નિરંતર હોતા હી હૈ...'** આ પોતાની અંગત વાત કરી છે. **'ત્રિકાલી મેં ઢલન તો નિરંતર હોતા હી હૈ.'** પરિણતિ છે ને. ત્રિકાળીના અવલંબનવાળી જે પરિણતિ છે એ તો નિરંતર હોય છે. ઔર **'એકાંત મેં વિચારકાલ મેં વિશેષ હોતી હૈ.'** જ્યારે એકાંતમાં બેસે, ધ્યાનમાં બેસતા એકાંતમાં રૂમ બંધ કરીને ... એ વખતે વિશેષપણે પુરુષાર્થની ઉગ્રતા વધે છે. એકાંત મેં

વિચારકાલ મેં, જે અનુભવકાળ નથી પણ વિચાર ચાલે છે ત્યારે પણ વિશેષ પરિણતિમાં થોડી ઉગ્રતા આવે છે. કેમકે વિચારનો વિષય બીજો હતો એ છૂટી ગયો, એક આત્મા જ રહ્યો. પરિણતિમાં તો આત્મા હતો જ હવે ઉપયોગમાં પણ આત્મા લેવામાં આવે ત્યારે વિશેષ પરિણતિનું જોર થાય છે, પરિણતિ જોરમાં આવે છે.

મુમુક્ષુ :- ... ઉપયોગમાં નથી ને ?

પૂજ્ય ભાઈશ્રી :- .. વિચારનો થોડો સાથ મળતા પરિણતિ ઉગ્રતા ધારણ કરે છે. એ વિચારને તોડી નાખે છે.

પ્રશ્ન :- લબ્ધમાં વિશેષ જોર આવી જાય ?

સમાધાન :- હા. જોર આવી જાય, બળવાનપણું આવે છે.

**'વિચારકાલ મેં વિશેષ હોતા હૈ લેકિન વિચાર તો અટકાવ હી હૈ.'** આ એમને કહેવું છે કે એ વિકલ્પ અને વિચાર છે એ તો સ્વાનુભવને પ્રતિબંધક છે કેમકે એમાં રાગ છે અને સ્વાનુભવ રાગરહિત પર્યાય છે, રાગરહિત દશા છે. રાગ અને વીતરાગતા પરસ્પર વૈરી છે, વિરોધી છે **'યહ વિચાર આદિ વિશેષ ઢલના કા કારણ ભી નહીં હૈ.'** વિચાર વિશેષ ઢળવાનું ઉગ્રતાનું કારણ નથી.

**'ચલતા ઔર વૃદ્ધિ પામતા હૈ...'** ત્યારે પણ એની પરિણતિ તો આગળ જ વધે છે. કેમકે એનાથી દ્રવ્યને સીધું અવલંબન છે. એને બહારની અશુભ પ્રવૃતિ સાથે સંબંધ નથી. **'વિચારકાલ મેં વિશેષ વૃદ્ધિ પામતા હૈ લેકિન વિચાર આદિ વિશેષ વૃદ્ધિ કે કારણ નહીં હૈં વે તો અટકાવ હી હૈં, ઇસલિયે વિચાર મેં અધિકતા નહીં હોતી. ત્રિકાલી મેં ઢલન હોનેસે અપને તો પર્યાય માત્ર કો ગૌણ કરી દીયા હૈ...'** પોતાની વાત કરે છે ને. **'ત્રિકાલી મેં ઢલન હોને સે...'** ત્રિકાળીમાં પરિણતિનું વલણ અને ઢલણ હોવાથી પર્યાયમાત્રને **'પર્યાય માત્ર કો અપને તો ગૌણ કર દીયા હૈ. ધ્રુવ દ્રવ્ય હી અધિક હૈ.'** આ ધ્રુવ દ્રવ્યની અધિકતામાં જેમ જેમ અધિકતા થાય છે તેમ નજીકતા થાય છે અને નિર્વિકલ્પ અનુભવ એમાંથી (ઉત્પન્ન થાય છે) એવો એક બીજો પણ બોલ છે.

મુમુક્ષુ :- અવલંબન જોરદાર છે.

પૂજ્ય ભાઈશ્રી :- અવલંબનમાં ઉગ્રતા આવે છે ત્યારે પરિણતિમાંથી ઉપયોગ થઈ જાય છે. જેમ પરિણતિ વધારે ઉગ્રતાવાળી થાય તો એમાંથી ઉપયોગ થતાં વાર લાગતી નથી.

મુમુક્ષુ :- ....

પૂજ્ય ભાઈશ્રી :- વિચાર આવે ખરો પણ એ આવે માટે થાય, વિચારથી કામ થાય એમ નથી. આવે ખરો. આવેય તે, ન આવે અને એમ ને એમ પણ ઉગ્રતા થાય. પરિણતિ ચાલુ છે અને એ વિષયની ઉગ્રતા માટે વિકલ્પની મદદની જરૂર નથી. વિકલ્પની મદદ મળે, વિકલ્પની મદદ મળે તો એને અવલંબન આવે ને નહીંતર ઉપયોગ ન થાય એવું નથી. એટલે તો એવું દૃષ્ટાંત લીધું કે રડવા માટે વિકલ્પની જરૂર નથી અને સહજ રડાઈ જાય છે. એવું સહજ રડાઈ જાય છે કે કોઈ સમજાવે કે તમે હવે નહીં રડો; તો કહે, વાત તો સાચી છે પણ મારાથી તો રહેવાતું નથી. એનો અર્થ શું છે ? કે જ્ઞાનમાં વિષય બહુ સ્પષ્ટ છે. જ્ઞાનમાં સ્વપણે એનું ગ્રહણ છે. સ્પષ્ટનો અર્થ અહીંયાં એ છે. એ જાણે છે એમ નહીં, પોતાપણે એનું ગ્રહણ થાય છે એટલે એ અસર આવે છે. એમ શુદ્ધ પરમાત્મ તત્ત્વનું સ્વ-રૂપે ગ્રહણ જેટલું ઉગ્ર થાય એટલું એને અવલંબન કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, જાતિ ભેદ છે. જાતિ ભેદથી બીજું શું છે કે વિકલ્પ મનના અવલંબને ચાલે છે. મન ઇન્દ્રિય, જેમ પાંચ ઇન્દ્રિય છે એમ મન છઠ્ઠી ઇન્દ્રિય છે. તો એ છઠ્ઠા મન બાજુ જે પરિણામ જોડાય છે તો આત્મા અંતઃતત્ત્વ છે અને મન તો બહારની ચીજ છે તો જે પરિણામ બહારમાં વળ્યું એ અંદરનો અનુભવ કેવી રીતે કરે ? લટી દિશા છે. એટલે મનની પહોંચ એમાં નથી. વિચાર છે એ મનાશ્રિત છે (માટે) મનની પહોંચ નથી. (બીજો બોલ છે – ૧૪૪)

૧૪૪ મો છે. **'નિર્વિકલ્પ ધ્યાનકે પહલે અનેક પ્રકારકા ચિંતવન ઘણ્ટોં તક ચલે...'** કલાકો સુધી ધ્યાનમાં બેસતા. કલાકો સુધી અનેક પ્રકારના જે ચિંતવનના વિકલ્પો છે એ નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયા પહેલાં ચાલે છે. **'ફિર ભી વહ નિર્વિકલ્પતાકા કારણ નહીં હૈ,'** એ વિકલ્પો ભલે આત્માના હોય, પરમાત્મ તત્ત્વના હોય. હું શુદ્ધ છું, નિર્વિકલ્પ છું, પરમાનંદરૂપ છું, એક છું, અભેદ છું, અખંડ છું એવા જ વિકલ્પો હોય, અભેદતાને સૂચક વિકલ્પો હોય. **'ફિર ભી વહ વિકલ્પ નિર્વિકલ્પતાકા કારણ નહીં હૈ.'** આ સીધી વાત છે. **'વહ તો અટકાવ હૈ.'** આ શબ્દ અહીંયાં વાપર્યો છે. **'નિર્વિકલ્પતા તો અંતરમેં ઉગ્ર અવલંબનસે હી હોતી હૈ.'** આ સિદ્ધાંત લીધો. જે અહીંયાં ૧૪૯ બોલમાં પૂજ્ય 'બહેનશ્રી' જે વાત કરે છે એ વાત છે કે દ્રવ્યનું અવલંબન કર તો ચૈતન્ય પ્રગટ થશે. હું શુદ્ધ છું ને હું અશુદ્ધ છું એ

વિકલ્પથી પાર જવું પડશે. વિકલ્પમાં અટકવાથી અનુભવ આવતો નથી. એટલે અવલંબનની વાત છે એ સિદ્ધાંતિક વાત છે.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :– વિકલ્પ આવે કદાચ. નિર્વિકલ્પ ધ્યાન પહેલાં વિકલ્પ આવે. અને કોઈને એવા વિકલ્પ ન આવીને એકદમ ઉગ્રતા આવીને પણ અનુભવ થાય. એમ બન્ને વાત છે. તો વિકલ્પ છે એ મેળવાળી ચીજ દેખાય છે કે શુદ્ધ આત્માનો અનુભવ કરવો હતો અને શુદ્ધ આત્માના વિકલ્પ ચાલતા હતા તો બાહ્ય દૃષ્ટિએ એમ લાગે કે આવો વિકલ્પ કરતા કરતા એણે અનુભવ કર્યો માટે આપણે વિકલ્પ કરો એટલે અનુભવ થાય. (આમ વિચારે) તો ભૂલો પડી જાય, એમ કહેવું છે. ચોખવટ એ વાતની છે.

**'નિર્વિકલ્પતા કા કારણ નહીં હૈ વહ તો અટકાવ હી હૈ. નિર્વિકલ્પતા તો અંદરમેં ઉગ્ર અવલંબનસે હી હોતી હૈ.'** વિચારના કાળમાં જ્યારે અવલંબન ઉગ્ર થયું ત્યારે નિર્વિકલ્પતા થઈ. જ્યાં સુધી ઉગ્ર અવલંબન નહીં થાય ત્યાં સુધી વિચાર ચાલશે પણ અનુભવ નહીં થાય એમ કહેવું છે. **'વિચારરૂપ ધ્યાન તો અટકાવ હૈ.'** ધ્યાનનાં બે અર્થ કર્યા છે. એક વિચારીક ધ્યાન અને એક નિર્વિકલ્પ ધ્યાન. વિચારરૂપ ધ્યાન શું કીધું કે, બીજો વિચાર નથી, બીજી પ્રવૃત્તિ નથી, એકાંતમાં બેઠો છે. આત્માના જ વિચાર કરે છે એટલે બહારથી એમ કહેવાય કે શું કરે છે ? તો કે ધ્યાનમાં બેઠા છે. તો એ વિચારરૂપ ધ્યાન ચાલે છે. નિર્વિકલ્પ ધ્યાન તો ક્ષણ માત્ર હોય છે.

મુમુક્ષુ :– વિકલ્પમાં ચંચળતા છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચંચળતા છે, ઓલું તો નિષ્ચંચળ પરિણામ છે, આત્મામાં સ્થિર થઈ ગયેલો ઉપયોગ છે.

**'વિચારરૂપ ધ્યાન તો અટકાવ હૈ, પહેલે હોતા હૈ, આ જાતા હૈ લેકિન વહ અવલંબન નહીં હૈ...'** એ વિચારરૂપ ધ્યાન કાંઈ શુદ્ધ આત્માનું અવલંબન નથી, એ મનનું અવલંબન છે. મનનું અવલંબન જુદી ચીજ છે અને આત્માનું અવલંબન જુદી ચીજ છે. **'અવલંબન તો અંદરમેં લિયા હુઆ હૈ,...'** પરિણતિએ અંદરમાં અવલંબન જે લીધું છે **'ઉસમેં હી ઉગ્રતા હોને પર નિર્વિકલ્પતા હોતી હૈ.'** એ પરિણતિમાં ઉગ્રતા થાય તો ઉપયોગ પણ નિર્વિકલ્પ થઈ જાય. **'યદિ અટકાવરૂપ વિચાર આદિકો કારણ માના જાએ...'** આ વિચાર કરવામાં આવે, રૂમ બંધ કરીને એકાંતમાં કે જંગલમાં જઈને એકાંતમાં, મંદિરમાં જઈને એકાંતમાં

બેસવામાં આવે, આદિ એટલે બહારના બધા સંયોગો લઈ લેવા, યદિ અટકાવરૂપ વિચાર આદિ કો (એટલે) એ બીજા સંયોગો. (ઉસે) કારણ માના જાય કે એને લઈને અહીંયાં નિર્વિકલ્પતા થાય છે, ભગવાનની સામે બેઠો માટે નિર્વિકલ્પ ધ્યાન થયું, એ કારણ માનવામાં આવે તો એમ ખરેખર નથી. **'તો વિચાર સે છૂટકર અંદર નહીં આ સકતે.'** એને કારણ માને તો ત્યાંથી ન છૂટી શકે. એ કારણને પકડી જ રાખે. આ કારણથી થયું માટે એને પકડી રાખો. મંદિરમાં એકાંતમાં બેસવું, ભગવાન નિર્વિકલ્પ શુદ્ધોપયોગમાં કેવળજ્ઞાનમાં બિરાજમાન છે આપણે એનું આલંબન લ્યો, અહીંયાં આપણને ધ્યાન થાય. એને સાધન માને. હવે એ તો બહારની ચીજ છે, કાંઈ આત્મા નથી. કોઈ એવા સંયોગોમાં હોય કે જ્યાં ભગવાનના દર્શન ન થાય એવા સંયોગોમાં હોય તો એને ધ્યાન ન થાયને તો પછી ? એવું કાંઈ છે નહીં.

**'કારણ માના જાએ તો વિચારસે છૂટકર અંદર નહીં આ સકતે. અટકાવ માનને પર હી અંદર આ સકતે હૈં.'** એને અટકવાનું સાધન માને તો જ છોડીને અંદર આવી શકે છે પણ એને પકડવાનું સાધન માને તો છોડી શકે નહીં. **'મંદ શક્તિવશ...** 'એટલે પર્યાયમાં અશક્તિ હોવાથી, પુરુષાર્થ મંદ હોવાથી **'અનેક તરહ કા વિચાર ચલતા હૈ ઉસમેં ઉલ્લાસ ભી હોતા હૈ,...'** કોઈ વાર તો વિચારના કાળમાં પણ ઉલ્લાસ આવે, જે 'ટોડરમલજી'એ લીધું છે. મનમાં આનંદ તરંગ ઉઠે છે, રોમાંચ ઉલ્લસિત થાય એ બધી ધ્યાન પહેલાની વાત છે, નિર્વિકલ્પ ધ્યાન પહેલાની વાત છે. **'ઉલ્લાસ ભી હોતા હૈ, કિન્તુ ઐસા ચિંતન આદિ કારણ નહીં, બલ્કિ અટકાવ હી હૈ.'** એને કારણ માન્યું તો એ ભૂલ્યો છે. એ અટકવાનું કારણ છે. જ્યાં સુધી છે ત્યાં સુધી એ (અટકે છે).

મુમુક્ષુ :– અટકવાનું કારણ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– મંદ કષાય છે, આત્માની શાંતિ નથી. આત્માની શાંતિ જુદી જાત છે, આ જુદી જાત છે. જગતમાં મનની શાંતિને શાંતિ માનીને લોકો એનું આરાધન કરે છે. જેમકે આ મુસલમાન લોકો છે. જુમ્મે કે જુમ્મે શુક્રવાર હોય તો આઠ દિવસે એકવાર પણ નમાજ પઢવા જાય. તો ત્યાં શું થાય ? નમાજ પઢે એટલે કષાય મંદ થાય. કષાય મંદ થાય એટલે શાંતિ થાય. મસ્જિદમાં આવ્યા તો શાંતિ થઈ. એમ ક્રિશ્ચિયન રવિવારે પ્રાર્થના કરવા જાય. કષાય મંદ થાય એટલે એને એમ થાય કે, ધર્મ સ્થાનમાં આવવાથી શાંતિ થાય છે માટે દર રવીવારે કે શુક્રવારે આવવું તો ખરું જ આપણે. એને ખરી શાંતિ માની

છે એટલે એનું આરાધન શરૂ કરે છે. જૈનદર્શન એથી આગળની વાત છે. એ શાંતિ એ શાંતિ નથી, એ કૃત્રિમ શાંતિ છે – Artificial છે અને એમાં શાંતિ માનવાથી આત્માની શાંતિને શોધવાનો પ્રયત્ન તારો ચાલશે નહીં. એમ ત્યાંથી વાત નવી કરે છે. જ્યાં બીજા જગતના લોકો કામ પૂરું કરે છે, આ કહે છે કે ત્યારપછી તો અમારી શરૂઆત થાય છે. એને છોડીને પછી હવે અમારી શરૂઆત થાય છે. આટલું આગળ પાછળ છે.

પ્રશ્ન :- આવા વિકલ્પોમાં ભઠ્ઠી જેવું દુઃખ લાગે છે ?

સમાધાન :- વિકલ્પોમાં તો ભઠ્ઠી જેવું દુઃખ લાગે.

પ્રશ્ન :- આવા વિકલ્પોમાં પણ ?

સમાધાન :- આવા આત્માના વિકલ્પોમાં પણ ભઠ્ઠી જેવું દુઃખ લાગે ત્યારે એ ત્યાંથી છૂટે. ભઠ્ઠી જેવું દુઃખ લાગે તો પછી સુખ શું છે ? એ વિષય વચનાતીત છે, એ વિષય અવર્ણનીય છે, વર્ણન કરી શકાય એવો વિષય નથી. એમ છે. લોકો જેને ગુણ માને છે, ધર્મ માને છે, શાંતિ માને છે એને અહીંયાં કહે છે કે દુઃખ છે. એટલે અલૌકિક વસ્તુ છે એમ જે કહ્યું ને કાલે ? ઉપરના બોલમાં છે, અલૌકિક શોભાથી (ભરપૂર) અંદર ચૈતન્ય લોકમાં જા તું, એને નિહાળ.

'સમયસાર'માં કળશ છે '...' નિવૃત થઈને, નવરો થઈ, ઉપયોગમાં લગની લગાડીને છ મહિના તારા આત્માને દેખ. '...' શબ્દ વાપર્યો છે. છ મહિના આત્માનો વિચાર કર એમ નથી કીધું. દેખ એમ કહ્યું છે. વીતરાગ સ્વરૂપે પરમાત્માની મૂર્તિ અંદરમાં બિરાજમાન છે, ચૈતન્યમૂર્તિ આત્મા પરમાત્મ સ્વરૂપે બિરાજમાન છે એને દેખ એમ કહ્યું. એને વારંવાર જોવાનો છ મહિના અભ્યાસ કર. આ તો વધુમાં વધુ છ મહિનાની વાત છે. કામ તો અંતર્મુહૂર્તમાં થાય છે અથવા એક સમયમાં થાય છે. તને અલૌકિક આનંદનો અનુભવ થશે, ત્યાં એમ લીધું. છ મહિના અભ્યાસ કર, તને અલૌકિક આનંદનો અનુભવ થશે. આટલી વાત છે.

બહુ આશાસ્પદ વિષય છે કે અનંતકાળથી સ્વરૂપનું અથવા ધર્મનું આરાધન આ સંસારી જીવે નહીં કર્યું હોવા છતાં એને છ મહિના જેટલી મુદત તો એને વધુમાં વધુ મુદત આપી. આની અંદર કીધું કે તું ઘણો પુરુષાર્થી છો, સમજદાર છો, ડાહ્યો છો. શું કહેવાય ? મારો દીકરો ડાહ્યો અને પાટલે બેસીને નાહ્યો એમ કહે તો રોતો રોતો છાનો રહી જાય. એમ જ્ઞાની કહે છે કે, તું તો સમજદાર છો, સમજુ છો, ડાહ્યો છો, પુરુષાર્થવાળો છો. એક છ

મહિના જરાક નવરો થઈ જાને બીજાથી. આત્માને દેખવા માટે અને બીજું નહીં દેખવા માટે છ મહિના અભ્યાસ કર, છ મહિના દેખવાનો અભ્યાસ કર. છ મહિના પણ નહીં તારે કરવો પડે કેમકે એ તો વધારે સમય (છે), તને સ્વાનુભવ થઈ જશે. એ દ્રવ્યનું અવલંબન લેવાની વાત છે. દેખવામાં પણ અવલંબન લેવાની (વાત છે). સ્વપણે ગ્રહણ કરવું. પરમાત્મ તત્ત્વને અંતરંગમાં સ્વપણે ગ્રહણ કરવું. તે ગ્રહણ કરવાના પર્યાયમાં સ્વાનુભવ ચૈતન્ય પરમાત્માની પ્રાપ્તિ થાય છે એમ કહેવામાં આવે છે. તેને બીજી ભાષામાં ઇન્દ્રિયનું... અક્ષ એટલે ઇન્દ્રિય. પર એટલે બીજું, પર જે બીજી ચીજ છે. ઇન્દ્રિય છે એ બીજી ચીજ છે. આંખનો કોડો છે, કાનનું કોડિયું છે, નાકની ભૂંગળી છે એ બધી બીજી ચીજી છે. એટલે એને પર-અક્ષ – બીજી ઇન્દ્રિય, પરોક્ષ – એના મારફત જાણનાર જ્ઞાનને પરોક્ષ કહે છે. અને આત્મામાં – ચૈતન્ય આત્મામાં એ ઇન્દ્રિય એટલે જડ દેહ નથી એટલે એને પ્રત્યક્ષ સ્વરૂપે જોવે છે અને એના પ્રત્યક્ષ અનુભવને સાક્ષાત્ અનુભવ કહેવામાં આવે છે. એને બીજી ભાષામાં આત્માનો, પરમાત્માનો સાક્ષાત્કાર કહેવામાં આવે છે. એકવાર જો છ મહિનાનો અભ્યાસ કરીને સાક્ષાત્કાર કરે તો એના જન્મ-મરણના ભૂકા બોલાઈ જાય, જન્મ-મરણનો નાશ થઈ જાય. જન્મ-મરણનો દુર્ભેદ્ય કિલ્લો છે, એ કિલ્લો ભેદી શકાય નહીં એવો છે. મરણ પછી જન્મ  ભો છે અને જન્મ થયું એનું મરણ  ભું જ છે, ચાહે કે ન ચાહે. એ શૃંખલાને, એ પરંપરા, એ સાંકળને તોડવા માટે આ એક સાક્ષાત્કાર એક જ સાધન છે, ત્રણ લોકમાં બીજું કોઈ સાધન નથી, ત્રણ કાળમાં બીજું કોઈ સાધન નથી. એટલે એ દ્રવ્યના અવલંબને પ્રગટ થાય છે, દ્રવ્યના અવલંબને એ ઉત્પન્ન થાય છે. ૧૪૯ (બોલ પૂરો) થયો.

**શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો. ૧૫૦.**

હવે એ જ વાત અહીંયાં શ્રદ્ધા પ્રધાનતાથી ૧૫૦ માં કહે છે. પહેલા વિચાર અને જ્ઞાનથી વાત કરી કે જ્ઞાનમાં ગ્રહણ કર એટલે અવલંબન લે. હવે દૃષ્ટિથી વાત કરે છે.

દૃષ્ટિ એટલે અહીંયાં શ્રદ્ધા. દૃષ્ટિ એટલે અહીંયાં ચક્ષુ ઇન્દ્રિયની નજર, એ વાત નહીં. દૃષ્ટિ એટલે અહીંયાં દર્શન ઉપયોગની વાત પણ નહીં. 'દૃષ્ટિ' શબ્દના અનેક અર્થ થાય છે. દૃષ્ટિ એટલે શ્રદ્ધાન. આત્મામાં, બધા આત્મામાં બધા ગુણો છે એમાં શ્રદ્ધા નામનો એક ગુણ છે. એની ખાતરી એ કે કોઈપણ જીવ શ્રદ્ધા વિનાનો નથી. શ્રદ્ધા ગુણ છે એનું પરિણમન તો સર્વદા હોય છે, સર્વ કાળ હોય છે. એટલે કોઈ જીવ શ્રદ્ધા વિનાનો નથી.

સામાન્ય લઈએ તો જગતના સંસારી જીવોને જડ પદાર્થોમાં સુખની શ્રદ્ધા છે. જડ પદાર્થોમાં સુખની શ્રદ્ધા છે અને એથી આગળ લઈએ તો વિભિન્ન પ્રકારના ધર્મ મતોમાં પોત પોતાની મતિ અનુસાર જે ગતિ થઈ છે, કુળ સંપ્રદાયના કુળધર્મની એને શ્રદ્ધા છે. પોતાના કુળધર્મમાં જે દેવ હોય, જે ધર્મની પ્રક્રિયા હોય, જે રીતરિવાજ હોય, જે પરંપરા હોય એને એ ધર્મ અથવા ધર્મનું સાધન માનીને, માનીને એટલે એમ શ્રદ્ધીને જીવ ધર્મ થતો હોવાનું કે ધર્મ કરતો હોવાનું માને છે, પણ શ્રદ્ધા વિનાનો કોઈ જીવ નથી.

હવે એ શ્રદ્ધા સમ્યક્ એટલે સાચી શ્રદ્ધા ક્યારે ? અને એ અસમ્યક્ એટલે ખોટી – લટી શ્રદ્ધા કેમ ? સાચી શ્રદ્ધાથી કેવી રીતે લાભ ? ખોટી શ્રદ્ધાથી કેવી રીતે નુકસાન ? આ વાત એણે બધા પડખેથી સમજીને નિર્ણય કરવો જોઈએ. નિર્ણય જ્ઞાનમાં થશે. શ્રદ્ધાનો નિર્ણય પણ જ્ઞાનમાં જ થાય છે. જ્ઞાનની પ્રધાનતા છે, બધા ગુણોમાં એ આગળ છે પછી બીજા બધા ગુણોનું કામ ચાલે છે.

અહીંયાં એમ કહે છે. અહીં તો એકલા માખણની વાત છે. આડીઅવળી બહુ લાંબી લપ્પનછપ્પન કરી નથી. સીધું એક લીટીમાં સૂત્ર જેવી સિદ્ધાંતની વાત મૂકી દચે છે કે, '**શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી તે નૌકામાં બેસી ગયો તે તરી ગયો.**' જાઓ ! ફેંસલો કરી નાખ્યો. નિવેડો તારો. શુદ્ધ તત્ત્વ જે પરમાત્મ તત્ત્વ છે એની શ્રદ્ધા કર. અમે તને એમ નથી કહેતા કે તું આની શ્રદ્ધા કર ને તેની શ્રદ્ધા કર, તને લાભ થશે. તું તારી શ્રદ્ધા કર એમ કહે છે.

તારા અંદરમાં પરમાત્મતત્ત્વ બિરાજમાન છે, તું જ પરમ દેવ છો. તારા દૈવી તત્ત્વની, અલૌકિક તત્ત્વની શ્રદ્ધા કર. તારું સુખ, તારી શાંતિ, તારો આનંદ, તારું જ્ઞાન, તારી શ્રદ્ધા, અનંત ગુણો, તારા અનંત ગુણોનો ખજાનો – ભંડાર તારામાં ભર્યો છે એનો તું વિશ્વાસ કર, એની શ્રદ્ધા કર – એની પ્રતીતિ કર. બસ ! આ એક શ્રદ્ધા કરી તો તું તરી ગયો જા. તને કાંઈ લાંબુંચોડું સમજાવવું નથી.

શ્રદ્ધાના પડખેથી વાત ચાલે ત્યારે એમાં એટલા બધા સંક્ષેપથી વિષય ચાલે છે અને

એ વિષય એટલો બધો સુગમ ત્યાં થઈ જાય છે કે બસ ! આટલું જ કરવાનું છે, એમ લાગે ઘણીવાર તો, પણ ખરેખર એમ જ છે. જેની શ્રદ્ધા પલટો મારીને સવળી થઈ તે ન્યાલ થઈ ગયો, એનો બેડો પાર થઈ ગયો. શ્રદ્ધા ન બદલાણી (તો) જાય ભવભ્રમણની અંદર, ગળકા ખાતા જાવ. ચોરાસી લાખ યોનીના અવતારમાં જન્મ-મરણ, જન્મ-મરણ, જન્મ-મરણ... વેદનાના દુઃખ, જન્મના દુઃખ, મરણના દુઃખ, મૂંઝવણના દુઃખ, અશાતાના દુઃખ, ઇષ્ટ વિયોગના દુઃખ, અનિષ્ટ સંયોગના દુઃખ... પાર વગરના દુઃખ, દુઃખ ને દુઃખ. દુનિયા એકલી દુઃખની દોઝખ છે. દુખિયાની હોસ્પિટલ એનું નામ દુનિયા છે. જેમ હોસ્પિટલમાં જોઈએ છીએ ને ? કોઈનો ટાંગો ભાંગેલો છે ને કોઈકનો હાથ ભાંગેલો છે ને કોઈકનું કાંઈક છે ને કોઈકનું કાંઈક છે. એમ આ રોગીષ્ટ છે. દુઃખના રોગની હોસ્પિટલ એનું નામ દુનિયા. છે કોઈ સુખી એની અંદર ? લાવો, એક તો લાવો. કરોડપતિ હોય કે અબજપતિ હોય એક તો લાવો. (એ) બિચારો વધારે દુઃખી છે. એને આકુળતા ને ચિંતાનો પાર નથી.

મુમુક્ષુ :– અનંત ગુણમાં એક જ ગુણ સવળો થાય તો બધું ..

પૂજ્ય ભાઈશ્રી :– આ એક ગુણ એવો છે, શ્રદ્ધા નામનો ગુણ એવો છે કે ઊંધો પડ્યો છે એ પૂરેપૂરો પૂરી શક્તિથી અને એ અડધો સવળો થતો નથી, આંશિકપણે એનું કામ થતું નથી. સવળો પૂરેપૂરો થાય છે. આ એક ગુણમાં આ જાતનો સ્વભાવ છે. એટલા માટે એને સવળો કરવામાં પણ જરાક વધારે તાકાત જોઈએ છે. કેમકે આખે આખો ઊંધો પડ્યો છે. ઘણાય શાસ્ત્ર વાંચીને, ચોપડી વાંચીને, જ્ઞાની ગુરુ પાસેથી સાંભળીને જ્ઞાનમાં સમજી લે કે, આમ આત્મા આવો છે, ફલાણું આમ છે, આ કરવા જેવું છે, આ નથી કરવા જેવું, આ ફલાણું ઢીકણું લોકડું અનેક વાત સાંભળી લે છે. પણ શ્રદ્ધા ફેરવવી એ બીજી વાત છે. એકલું સાંભળે, વિચાર કરે, વિચારીને હા પાડે તોપણ શ્રદ્ધા બદલી જાય છે એવું સહેલાઈથી બનતું નથી.

પ્રશ્ન :– શ્રદ્ધા બદલી એનું બેરોમીટર શું ?

સમાધાન :– એનું બેરોમીટર પોતાને પ્રથમમાં પ્રથમ શુદ્ધોપયોગ થાય. નયોથી અતિક્રાંત થઈને અનુભવમાં આવે એ વખતે એની શ્રદ્ધા બદલાણી છે. ત્યાં સુધી એની શ્રદ્ધા બદલાણી નથી. હવે બીજી વાત લઈએ, કોઈ એમ જ્યારે દાવો કરે કે, હું સમ્યક્દૃષ્ટિ છું. (તો) એને પૂછવું કે તમને ક્યારેય નિર્વિકલ્પ શુદ્ધોપયોગ થયો છે ?

અમારે એક મુમુક્ષુ હતા, ગુજરી ગયા. (એ કહે), સવિકલ્પ સમ્યક્દર્શન અને નિર્વિકલ્પ

સમ્યક્દર્શન શાસ્ત્રમાં બે પ્રકારના સમ્યક્દર્શન છે. સવિકલ્પદશામાંય સમ્યક્દર્શન .. ભાઈ ! એમ નથી. એ તો શુદ્ધોપયોગ થયા પછી જેને વિકલ્પદશા રહે એને સવિકલ્પ સમ્યક્દર્શન કીધું છે. એ પહેલાં કોઈને સવિકલ્પ સમ્યક્દર્શન શરૂ થાય એવું બનતું નથી. કેમકે ગુણસ્થાન નિર્વિકલ્પ ઉપયોગમાં પલટાય છે. અનાદિથી તારું પહેલું ગુણસ્થાન છે એ આ સમ્યક્ શ્રદ્ધા થાય ત્યારે ચોથું ગુણસ્થાન થાય છે અને ચોથું ગુણસ્થાન નિર્વિકલ્પ ઉપયોગમાં થાય છે. એ નિર્વિકલ્પ ઉપયોગ થયો છે ? ઇ કહે કે, હા થયો છે. તો પછી એના પ્રશ્નો જુદાં છે. તે કેવી રીતે થાય ? આગળપાછળ શું ? એ વખતે શું ? વેદન શું ? અનુભવ શું ? કાળ કેટલો ? એનું ક્ષેત્ર શું ? એ બધા અનેક જાતના (પ્રશ્નો થાય). પણ શુદ્ધ ઉપયોગ થયા વિના શ્રદ્ધા પલટો મારે છે એ વાત રહેતી નથી. શુદ્ધોપયોગના કાળમાં સીધો સાક્ષાત્કાર છે, અતીન્દ્રિય પ્રત્યક્ષ જ્ઞાનમાં શુદ્ધાત્માનો, પરમાત્માનો અનુભવ છે.

મુમુક્ષુ :– ...એકવાર સાચી શ્રદ્ધા કર..

પૂજ્ય ભાઈશ્રી :– હા એકવાર સાચી શ્રદ્ધા કર એટલે સમ્યક્દર્શન અથવા નિર્વિકલ્પ શુદ્ધોપયોગ સુધી પહોંચી જા. અહીંયાં પણ ઇ જ કહે છે કે, શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ એટલે શ્રદ્ધા પ્રગટ કરીને એ નૌકામાં જે બેસી ગયો, શ્રદ્ધાની નૌકામાં બેસી ગયો કે હું આવો જ છું એટલે નિર્વિકલ્પ જ્ઞાનમાં જેવો અનુભવમાં આવ્યો એવી જ પ્રતીતિ થઈ ગઈ ત્યાં. આવો જ છું એમ પ્રતીતિ થઈ ત્યાં. નિર્વિકલ્પ જ્ઞાનમાં નિર્વિકલ્પ પ્રતીતિ થઈ. એ તો ઊંધી પ્રતીતિ પણ નિર્વિકલ્પ જ છે. પ્રતીતિ પોતે જ નિર્વિકલ્પ છે. કેમકે વિકલ્પ તો જ્ઞાનમાં પડે છે, શ્રદ્ધામાં વિકલ્પ પડતો નથી. એ નૌકામાં જે બેસી ગયો એટલે શુદ્ધ શ્રદ્ધામાં જે આવી ગયો એ તરી ગયો, એ સંસાર તરી ગયો.

એટલા માટે 'શ્રીમદ્જી'એ સમ્યક્દર્શનને વાચા આપી છે. સમ્યક્દર્શનને કાંઈ વાણી નથી પણ એમણે ભાષા અલંકાર કર્યો છે. સમ્યક્દર્શનને વાચા આપી કે, હે જીવ ! એકવાર જો તેં મને અંગીકાર કર્યું ... એટલે કે સાચું શ્રદ્ધાન એમ બોલે છે કે, એકવાર જો તેં મને, સાચી શ્રદ્ધા પ્રાપ્ત કરી, હવે તને સંસારમાં નહીં રખડવા દઉં. તને પકડીને, ઢસડીને, ખેંચીને  મોક્ષમાં લઈ જઈશ. એમાં તારું ચાલશે નહીં. પછી મારું ચાલશે. અને શ્રદ્ધાનું જ બળ ચાલે છે. સંસારમાં રખડે છે એ ઊંધી શ્રદ્ધાના બળે, મોક્ષમાં જાય છે એ (સૂલટી) શ્રદ્ધાના બળે અને મોક્ષમાં સાદી અનંતકાળ રહે છે એ પણ સમ્યક્દર્શનના બળે રહે છે. એવું એ શ્રદ્ધાનું બળ છે એ અસાધારણ વિષય છે. (વિશેષ લઈશું...)

L O L

## તા. ૧-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૫૦,૧૫૧
## પ્રવચન નં. ૧૧૪

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું – ૪૬, ૧૫૦મો બોલ છે. દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવી એટલે શુદ્ધ દ્રવ્યને શ્રદ્ધામાં લેવું, એટલો જ માત્ર શ્રદ્ધાનો વિષય થવો. એ જીવને પોતાની શુદ્ધ અવસ્થા ઉપરની પણ દૃષ્ટિ રહેતી નથી. એને શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ કહેવામાં આવે છે. શુદ્ધ દ્રવ્યની દૃષ્ટિ કહો કે શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ કહો એ દૃષ્ટિ થતાં દૃષ્ટિ અપેક્ષાએ તો એ દૃષ્ટિનો વિષય પરિપૂર્ણ હોવાથી, કૃતકૃત્ય હોવાથી પોતે કૃતકૃત્ય થઈ ગયો, દૃષ્ટિથી કૃતકૃત્ય થઈ ગયો. જેણે શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરી એ નિયમથી તરી ગયો. એને પછી સંસાર લાંબો હોતો નથી અથવા જે છે એને નહીંવત ગણવામાં આવે છે. અનંતકાળના સંસારમાં અલ્પ સંસાર છે એ તો નહીંવત છે. ક્યાં કાળનો મહાસાગર અને ક્યાં અલ્પ વિકૃત અવસ્થાનો કાળ. એ તો કાંઈ જ નથી જાણે. સમુદ્રમાં એક બિંદુ જેવો એ વિષય છે. એટલે એ તો જાણે અત્યારથી જ તરી ગયો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– બધા ગુણસ્થાન હજી પાર કરવાના છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– ગુણસ્થાન પાર કરવાના છે એ દૃષ્ટિનો વિષય નથી. દૃષ્ટિનો વિષય તો ચૌદ ગુણસ્થાનથી પાર એવું આત્મતત્ત્વ છે. ચૌદે ગુણસ્થાન પછીની જે દશા થાય એ પણ એક સમયની દશા છે. આ તો ત્રિકાળીતત્ત્વ છે. એની દૃષ્ટિ એ કોઈ મોક્ષમાર્ગના પ્રારંભમાં અસાધારણ પ્રકાર છે. અનાદિઅનંત વસ્તુ વ્યવસ્થા છે, આ તો કોઈની કાંઈ કરાયેલી નથી. પણ ધર્મના માર્ગના પ્રારંભમાં જ આ સમ્યક્‌દર્શન જેવું અમુલ્ય રત્ન પ્રાપ્ત થાય છે કે જેની જે દૃષ્ટિ થતાં બસ ! એ જ એનું સર્વસ્વ છે અને એ સર્વસ્વ પરિપૂર્ણ શુદ્ધ નિર્વિકાર છે, અનંત આનંદમય અને અનંત જ્ઞાનમય છે. જે પહેલેથી ભાવનામાં એમ હતું કે મારા દ્રવ્ય સિવાય, મારા સ્વરૂપ સિવાય મારે કાંઈ જોઈતું નથી એ ભાવના અહીંયાં સીધી સફળ

થઈ ગઈ દૃષ્ટિમાં તો. દૃષ્ટિમાં શુદ્ધ દ્રવ્ય આવ્યું એને હવે કાંઈ જોઈતું નથી. કાંઈ જોઈતું નથી, કાંઈ કરવું નથી. કર્તૃત્વના ઉછાળા બધા ખલાસ થઈ જાય છે. આ કરું, તે કરું... અરે...! અવસ્થાને શુદ્ધ કરું એ વાત પણ દૃષ્ટિમાં રહેતી નથી. કેમકે પોતે અનાદિથી પૂર્ણ શુદ્ધ છે, અનંતકાળ સુધી પોતે પૂર્ણ શુદ્ધ છે. (એટલે) એ (અવસ્થાની) વાત એમાં તો નથી – દૃષ્ટિના વિષયમાં તો નથી. અવસ્થાનું જ્ઞાન થાય છે. કેટલી શુદ્ધ થઈ, કેટલી (અશુદ્ધ) રહી પણ એ જ્ઞાનનો વિષય થાય છે, દૃષ્ટિનો વિષય તો નહીં જ.

'ગુરુદેવશ્રી' તો એમ કહેતા કે, દૃષ્ટિ એક શુદ્ધ દ્રવ્ય સિવાય, શુદ્ધ આત્મસ્વભાવ સિવાય બીજા કોઈને સ્વીકારતી જ નથી ને. એને તો પોતાના વિષયના સ્વીકાર સિવાય કોઈની સાથે સંબંધ જ નથી થતો ને. કાંઈ લાગેવળગે નહીં ને. બીજું છે–નથી એ કાંઈ પ્રશ્ન જ નથી ને એને. બસ ! એક પરમાત્મ દ્રવ્ય છે એ દૃષ્ટિમાં આવ્યું, શ્રદ્ધામાં આવ્યું અને એની સાથે લપેટ થઈને શ્રદ્ધાન રહી ગયું સાદી અનંતકાળ. આ પરિસ્થિતિ છે. અને એવું પૂર્ણ શુદ્ધ દ્રવ્ય છે કે પછી બીજાની અપેક્ષાનો સવાલ રહેતો નથી. અપેક્ષાવૃતિ ત્યારથી દૃષ્ટિ અપેક્ષાએ તો ખલાસ થાય છે. ચારિત્રમાં અલ્પ અપેક્ષાની વૃત્તિ છે એટલો દોષ છે પણ દૃષ્ટિ અપેક્ષાએ તો કોઈ અપેક્ષાવૃતિ જ જાણે નથી. એવી દૃષ્ટિ સદાને માટે ઉદિત થઈ જાય છે, ઉદયમાન રહી જાય છે.

મુમુક્ષુ :– બાર અંગનો સાર.

પૂજ્ય ભાઈશ્રી :– બાર અંગનો સાર (છે), પોતાના સ્વરૂપની દૃષ્ટિ થવી તે સારમાં સારભૂત એ છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' ૪૫ વર્ષ...

પૂજ્ય ભાઈશ્રી :– એક જ વાત ઉપર વજન આપ્યું. પહેલામાં પહેલું મોક્ષમાર્ગમાં સમ્યક્દૃષ્ટિપણું – શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ થાય છે. એ પહેલાં તો મોક્ષમાર્ગની અંદર કાંઈ આગળ વધાતું નથી. પછી પણ જે આગળ વધાય છે એ દૃષ્ટિના જોરે આગળ વધાય છે. જ્ઞાનના જોરે આગળ વધાય છે એમ નથી કહેવાતું પણ દૃષ્ટિના જોરે આગળ વધાય છે એમ કહેવાય છે.

કોઈને તો ચોથા ગુણસ્થાને બાર અંગનું જ્ઞાન થાય ને લબ્ધિ પ્રગટે છે. તોપણ દૃષ્ટિનું જોર એટલું આગળ વધવાપણું છે. અને કોઈને નવ તત્ત્વના નામ યાદ ન રહે એવું જ્ઞાન અલ્પ રહે અને દૃષ્ટિના જોરે આગળ વધે. અનંત ગુણને ખીલવાનો કોઈ અંદરથી પુટ મળતો

હોય – શક્તિ મળતી હોય – તાકાત મળતી હોય તો એ દૃષ્ટિનું પરિણમન જે પ્રતિસમય કાર્ય કરી રહ્યું છે એ અનંત ગુણની ખીલવટનો ઉપાય છે.

મુમુક્ષુ :– આમ તો બધા ગુણ એક સાથે જ પરિણમે છે.

પૂજ્ય ભાઈશ્રી :– ગુણ તો બધા એકસાથે પરિણમે છે પણ આ શ્રદ્ધાનું પરિણમન અનંત ગુણને નિમિત્ત પડે છે. એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. આમ તો દૃષ્ટિનું પરિણમન એટલું સૂક્ષ્મ, નિર્વિકલ્પ અને ભાષાને અગોચર છે કે એનું વર્ણન ભાષાની અંદર પૂરેપૂરું ન આવી શકે પણ અનુભવથી એ સમજી શકાય છે કે દૃષ્ટિ કેવું કામ કરે છે, મૂળમાં કેવું કામ કરે છે, આગળ વધવામાં કેવું કામ કરે છે. એટલે 'ટોડરમલજી'એ એ વાત લીધી કે સિદ્ધપદમાં સિદ્ધ પરમાત્મા સાદી અનંત (કાળ) ટકી રહે છે એનું કારણ એમનું નિર્મળ સમ્યક્દર્શન છે. 'શ્રીમદ્જી'એ લીધું કે મુનિદશામાં જે નિર્મળ ચારિત્ર હોય છે, શુદ્ધ ચારિત્ર હોય છે, પવિત્ર દશા મુનિદશા હોય છે એ ચારિત્રના નિર્મળત્વનું કારણ છે. એમણે એમ લીધું. ચારિત્રના નિર્મળતાનું કારણ શું ? નિર્મળપણાનું કારણ શું ? એ સમ્યક્દર્શન છે. એમ સમ્યક્દર્શનનું પ્રભુત્વ ઘણું છે. પહેલેથી એ જીવ પૂર્ણ શુદ્ધ થઈને પરિણમે છે અને પહેલેથી જ આખો જે પરિપૂર્ણ પરમાત્મ સ્વભાવ છે એને જ એ વિષય કરે છે, એને જ એ સર્વસ્વપણે અંગીકાર કરે છે અને સર્વ પ્રકારે એની જ ઉપાદેયતા દૃષ્ટિમાં વર્તે છે. સાથે રહેલી – જોડે રહેલી એક સમયની શુદ્ધાશુદ્ધ પર્યાય એની સામે પણ દૃષ્ટિને જોવાની એક સમય માટે પણ ફુરસદ નથી કે હવે સમ્યક્દર્શન થયું, પાંચમું થયું કે નહીં ? એ જ્ઞાનની ફરજ છે જ્ઞાન જોઈ લેશે. દૃષ્ટિ કહે છે કે હું કાંઈ બીજું સંભાળતી નથી.

જેમ કોઈ એક મોટું Function હોય અને દરેકને પોતાપોતાની ફરજ સોંપી હોય ત્યારે કોઈ કહે કે હું તો મારી ફરજ સિવાય બીજું કાંઈ ધ્યાન નથી રાખતો. મારા વિભાગનું કામ આટલું છે ને (એમાં) પૂરેપૂરું મારું ધ્યાન છે, એમાં પૂરેપૂરી કાર્યવાહી સફળ ચાલે છે અને એમાં કાંઈ ગડબડ નથી. એમ દૃષ્ટિને એક પોતાનું શુદ્ધ આત્મદ્રવ્ય, પરમાત્મદ્રવ્ય સિવાય બીજું કાંઈ સ્વપણે અંગીકાર કરવાનું નથી. સાથે રહેલી શુદ્ધાશુદ્ધ પર્યાય (કેટલી છે) એ (જોવાનું) કાર્ય જ્ઞાનનું છે. અનંત ગુણના Function ચાલે છે પણ એ દરેક ગુણ પોતપોતાનું સંભાળે, સંભાળે ન સંભાળે મારે કાંઈ જોવાનું રહેતું નથી. હું મારો પરમાત્મા સંભાળીને બરાબર અભેદ રહું છું એની સાથે અને આ સિવાય મારે કાંઈ કોઈ જગત સાથે કાંઈ લેવાદેવા નથી. એવી દૃષ્ટિ – શુદ્ધ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ થાય છે, પ્રગટ થઈ એટલે એ નાવમાં

એ બેસી ગયો – સમ્યક્દર્શનરૂપી નાવમાં બેસી ગયો એ સંસારને તરી ગયો. આખો સંસાર જાણે ँ फ्रहि बृक्क्क्रहस्क्र 'અમૃતચંદ્રાચાર્યદેવ' 'સમયસાર'માં કહે છે કે, એને તો અમે મુ ત જ જોઈએ છીએ. હવે એ મુ ત થશે, નહીં થશે એ પ્રશ્ન, પ્રશ્ન ચિહ્નમાં વાત રહેતી નથી. (એને) તો મુ ત જ જોઈએ છીએ અમે. એવું દ્રવ્યદૃષ્ટિનું અદ્‌ભુત, જબરજસ્ત પરિણમન છે.

કર્મથી – કરણાનુયોગથી સમજાવામાં આવે તો અનંત કર્મમાં જે દર્શનમોહ છે જેનું એક ચક્રી રાજ આખા જગત ઉપર, ત્રણેય લોક ઉપર છે અને અનંત કાળથી જે જીવને મારીને બેઠો છે, હરાવીને બેઠો છે એનો નાશ, આ સમ્યક્દર્શનરૂપી ચક્ર છે એણે એનો નાશ કર્યો છે. દર્શનમોહનું મૃત્યુ થઈ ગયું એ બહુ મોટામાં મોટું કામ થયું છે. હવે કોઈ કર્મમાં એવું સામર્થ્ય નથી કે જે જીવને હરાવે. અહીંથી તો જિન થઈ જ ગયો, એને જિન તો કહી જ દીધો છે. દર્શનમોહને હરાવતા, જિતતા એ જિન તો થઈ ગયો. કારણ કે સૌથી મોટામાં મોટો જે દુશ્મન હતો, કર્મનો રાજા હતો એને ખલાસ કરી નાખ્યો. પછી બીજા તો અમસ્તાય નિઃસત્ત્વ થઈ જાય છે. દર્શનમોહની હયાતીમાં બીજા બધા નાનામોટા કર્મ જોર કરતા દેખાય છે. પછી તો બીજા જોર પણ કરતા નથી. એનું સત્ત્વ, એનું બળ છે એ ખલાસ થઈ જાય છે. બાકીની ત્રણ કષાયની ચોકડી રહે છે પણ એમાં ફેર પડી જાય છે, એના બળમાં ફેર પડી જાય છે. દર્શનમોહ હટતા, નાશ થતા એટલો બધો ફેર (પડી જાય) છે.

પ્રશ્ન :- પૂર્ણ તત્ત્વની દૃષ્ટિ પ્રગટ કરવી એટલે કઈ રીતે ? શું કરવું ?

સમાધાન :– એની જ શ્રદ્ધામાં, એ જ સર્વસ્વપણે છે અને એમાં જ સુખ છે એવું એનું શ્રદ્ધાન થાય છે. એનું આરાધન કરતાં પરિપૂર્ણ જે મોક્ષનું ધ્યેય છે એ સિદ્ધ થઈ જશે. એ બધું શ્રદ્ધામાં નિર્વિકલ્પપણે આવી જાય છે, એટલો વિકલ્પ લંબાવવો પડતો નથી. પૂરેપૂરી સિદ્ધિ મળી ગઈ જાણે ! સમ્યક્દર્શન થઈ ગયું તો એક ન્યાયે જાણે પૂરેપૂરી સિદ્ધિ મળી ગઈ ! સિદ્ધપદ દૃષ્ટિના કબજામાં છે. દૃષ્ટિ જાણે એ આખા સર્વજ્ઞપદને પચાવી ગઈ છે. એટલું સામર્થ્ય છે દૃષ્ટિમાં. 'બનારસીદાસે' આમાં લીધું છે, 'એક જાનીએ એક દેખીએ રમી રહીએ ઇક ઠૌર' દર્શન, જ્ઞાન અને ચારિત્ર. 'સમલ વિમલ ન વિચારીએ' અવસ્થા શુદ્ધ છે, અશુદ્ધ છે એટલો પણ વિકલ્પ નહીં. જ્ઞાન બધું છે તો(પણ) એનો વિકલ્પ નહીં, એની અટક નહીં, એની ખટક નહીં. 'યહી સિદ્ધિ નહીં ઔર.' આજ રીતે સિદ્ધિ છે બીજી

કોઈ રીતે આત્મસિદ્ધિ નથી.

પ્રશ્ન :- લબ્ધરૂપ જ્ઞાન એટલે ?

સમાધાન :- લબ્ધરૂપ જ્ઞાન તો છદ્મસ્થને લબ્ધ, ઉપયોગ બન્ને છે. પણ અહીંયાં તો દૃષ્ટિ થઈ એ બહુ મોટું કાર્ય છે. જ્ઞાન ઓછુંવતું એની સાથે કોઈ એટલું મહત્વ નથી, ઓછાવત્તા જ્ઞાન સાથે મહત્વ નથી. અનુભવ થયો એ પણ દૃષ્ટિ જોવા રહેતી નથી. અનુભવ થયો ન થયો એ દૃષ્ટિ જોવા રહેતી નથી. નિયમથી દૃષ્ટિ પ્રગટ થાય ત્યારે અનુભવ થાય જ છે અને અનુભવ થાય છે એ જ્ઞાનમાં જણાય જ છે, ન જણાય એવું બનતું નથી, પણ દૃષ્ટિ એ જોવા ન રહે. એને – દૃષ્ટિને તો એનો પરમાત્મા મળી ગયો, એની વાત પૂરી થઈ ગઈ. એક જ સમયમાં એની વાત પૂરી થઈ ગઈ. પછી એને છોડીને બીજે ક્યાંય જાવું એ એના પોષાણનો વિષય નથી.

મુમુક્ષુ :- બીજું બધું બીજા ગુણોનું કામ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજું બધું બીજા ગુણોનું કામ છે અને બીજા ગુણનું કામ બીજા ગુણ જાણે, કોઈના કામને એને જોવું નથી. એ તો કોઈ કામને જ જોતી નથી. પોતાને જ જોતી નથી. દૃષ્ટિ પોતાને વિષય કરતી નથી. દૃષ્ટિ પરમાત્મપદને જ વિષય કરે છે. સમ્યક્દર્શન ખુદ સ્વયંને વિષય કરતું નથી. સમ્યક્દર્શનનો વિષય જે શુદ્ધાત્મા, પરમાત્મા એ જ એને સ્વપણે સ્વીકાર્ય છે અને બાકી કાંઈ એને સ્વીકાર્ય નથી. સ્વીકારવા યોગ્ય એના માટે કાંઈ છે જ નહીં. એક ગજબનો વિષય છે આ !

અન્ય દર્શનમાં તો આ વિષય જ નથી. કેમકે એ તો ત્યાં પરિણમન નથી અને એ કોઈ સમજણમાં આવી શકે એવી કોઈ એમના માટેની સ્થિતિ જ નથી. આ તો સર્વજ્ઞની દિવ્યધ્વનિ અનુસાર આ બધી શાસ્ત્રોની પરંપરા ચાલી છે અને મુનિઓ, આચાર્યો અને જ્ઞાનીઓ થતાં આવ્યા એટલે વાત  ભી રહી ગઈ છે. આ કાળમાં પણ અત્યારે પણ મોક્ષમાર્ગ અખંડપણે પ્રગટ રહેલો છે એ અનેક શાસ્ત્રોની અનઉપલબ્ધિ હોવા છતાં બહુ મોટી વાત રહી ગઈ છે. મોક્ષમાર્ગ અખંડપણે મોજૂદ છે, રહેલો છે અને કોઈપણ જીવ પ્રગટ કરી શકે છે. શાસ્ત્રમાં એનું વિધાન મોજૂદ છે, એના કહેનારા બતાવનારા મોજૂદ છે અને એને પ્રાપ્ત કરનારા જીવો પણ થતાં આવે છે અને પરંપરા ચાલું રહે છે.

**એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો તરી જા. યાંય રોકાઈશ નહિ. અંદરથી ખટક જાય નહિ ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી. બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં વીતરાગ દશા ન પ્રગટી ! આંખમાં કણું સમાય નહિ તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી. જ્યાં સુધી સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન-કેવળજ્ઞાન પ્રગટ થતું નથી. ૧૫૧.**

૧૫૧. પુરુષાર્થનો બોલ છે. **'એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો તરી જા.'** પુરુષાર્થના જોરથી ચૈતન્ય સ્વભાવમાં, ચૈતન્ય સ્વભાવના અનુભવમાં એવા ઉગ્ર સ્વસંવેદનથી અનુભવ કર, ઊંડો તરી જા, એમ કહે છે. એ તારતમ્યતા સૂચક શબ્દ છે. અનુભવની તારતમ્યતા વિશેષ (બતાવે છે). જેમ વેદનાની અંદર કોઈ માણસ એવી રીતે વેદના વ્ય ત કરે છે કે, એટલી બધી વેદના હતી, એટલી બધી વેદના હતી કે જાણે જીવ ઊંડો તરી જતો હતો. શું કહે ? મારો જીવ ઊંડો તરી જતો હતો એમ કહે. એટલે કે એ વેદનાને વ્ય ત કરવાની બીજી ભાષા હોતી નથી. એનો અર્થ કે એટલી તીવ્ર વેદના હતી કે પોતાની જાગૃતિનો, પોતે જે જાગૃતપણે છે એનું ભાન ગુમાવી બેસે એટલી વેદના તીવ્ર થાય ત્યારે એ પહેલા એને ખ્યાલ આવે કે આ જીવ ઊંડો તરતો જાય છે. એટલે ઉપયોગ છે એ બીડાતો જાય છે અને ઉપયોગમાં પોતાનો ખ્યાલ રહેતો નથી, બેશુદ્ધ થઈ જાય છે ત્યારે જીવ ઊંડો, ઊંડો, ઊંડો, ઊંડો તરે છે એવું એને લાગે છે. એ અજાગૃતિ આવે છે.

અહીંયાં જાગૃતિની વાત છે. પોતાના જ્ઞાન, આનંદ આદિ ચૈતન્ય સ્વભાવનું એટલું તીવ્ર,

ઉગ્ર પુરુષાર્થથી વેદન લાવ કે એમાં ને એમાં નિજ સ્વરૂપમાં ઊંડે તરી જા તું. એટલો ચૈતન્યરસ પજે, એટલો નિર્વિકલ્પ આનંદઅમૃતનો રસ પજે કે એની અસર સાદી અનંતકાળ પર્યંત જાય નહીં. અસર તો જાય નહીં પણ લટાનો એ રસ વૃદ્ધિગત થતો જાય, એ પરિણમન વૃદ્ધિગત થતું જાય એવી સ્થિતિ ઉત્પન્ન થાય. એવો પુરુષાર્થ પ્રગટ કર એવી પ્રેરણા છે. પછી કરીશ, પછી કરીશ, પછી કરીશ એમ નહીં એકદમ અત્યારે જાણે એવો જ પુરુષાર્થ પ્રગટ કર.

જગતમાંથી કાંઈ લેવાનું નથી ને જગતમાંથી કાંઈ મળવાનું પણ નથી. જગતનો જીવ ઊંધો પુરુષાર્થ કરે છે, લટો પુરુષાર્થ કરે છે અને જગતમાંથી જગતના કોઈ ને કોઈ પદાર્થમાંથી, કોઈ ને કોઈ પરમાણુની પર્યાયમાંથી સુખ લેવા માટે ફાંફાં મારે છે પણ એમાંથી કાંઈ મળવાનું નથી, એ નિષ્ફળ પ્રયત્ન છે. જેને સ્વરૂપનો પુરુષાર્થ, સ્વરૂપ પ્રત્યયી પુરુષાર્થ છે એને તો એક જ મેળવવા જેવી, અનુભવ કરવા જેવી, પ્રાપ્ત કરવા જેવી ચીજ લાગે છે એટલે એની પાછળ પછી એ લાગ્યા રહે છે. એ જ એનું જીવન થઈ જાય છે.

અહીં એ લીધું છે. આમાં મુનિદશાની વાત જે પાછળ લીધી છે એમાં એ વાત લીધી છે કે, એનું જીવન આત્મામય થઈ ગયું છે. ૪૧૭ મો બોલ છે. **'બીજાનું મારે શું કામ છે ?'** વચ્ચેથી છે. મુનિરાજને ઘણી નિઃસ્પૃહ દશા છે. (પર પદાર્થથી) પરમ ઉપેક્ષા છે, શરીર માત્રનો સંયોગ છે. બીજો તો એમને કોઈ પરિગ્રહ નથી. ૪૧૭ મો બોલ છે. તોપણ એ શરીર પ્રત્યે પણ એમને પરમ ઉપેક્ષા છે. શરીરની શાતા–અશાતાની અપેક્ષા રાખતા નથી. શરીરની અનુકૂળતાની કોઈ અપેક્ષા રાખતા નથી. રોગ–નિરોગતાની કોઈ અપેક્ષા રાખતા નથી.

**'બીજાનું મારે શું કામ છે ?'** ત્યાંથી લીધું છે. **'એમ એક આત્માની જ ધૂન છે. વિશ્વની વાર્તાથી ઉદાસ છે.'** જગતમાં શું બની રહ્યું છે એની સાથે કાંઈ લેવા-દેવા નથી. આ તો સવારના પહોરમાં પેપર આવે ને છાપું આવે. શું બન્યું દુનિયામાં ? કાલે શું બની ગયું ? શું શું બન્યું ? એને કાંઈ લેવા-દેવા હોય નહીં પણ એક કુતૂહલવૃત્તિ છે. એ કુતૂહલવૃત્તિ છે એ રુચિની સૂચક છે. કુતૂહલવૃત્તિ છે એ રુચિને પ્રદર્શિત કરે છે. આત્માની અરુચિમાં જગતના પદાર્થોનું કુતૂહલ રહે છે અને આત્માની રુચિમાં વિશ્વથી ઉદાસીનતા આવે છે, જગતથી ઉદાસીનતા આવે છે. જેમ જેનું જે થાવું હોય એમ થાવ, મારે કાંઈ કામ નથી, મારે કાંઈ કામની ચીજ નથી, નકામું છે. એનું કુતૂહલ બધું ખલાસ થાય છે.

**'વિશ્વની વાર્તાથી ઉદાસ છે. બસ, એક આત્મામય જ જીવન થઈ ગયું છે; – જાણે હાલતા-ચાલતા સિદ્ધ !'** આમ લીધું છે. આ બધી બહુ મીઠાશવાળી વાતો લીધી છે **'જાણે હાલતા ચાલતા સિદ્ધ ! જેમ પિતાનો અણસાર પુત્રમાં દેખાય તેમ જિનભગવાનનો અણસાર મુનિરાજમાં દેખાય છે.'** મુનિરાજના દર્શન કરે ને એને જિનેન્દ્ર યાદ આવે છે. જેમ કોઈ પોતાના મિત્રના પુત્રને જોવે અને મિત્રનો અણસાર એના પુત્રમાં હોય તો એના પુત્રને જોવે ત્યારે એનો મિત્ર યાદ આવે. બને છે કે નથી બનતું ? એમ મુનિરાજને જોવે ત્યાં જિનેન્દ્ર એનું જે સાધ્ય આરાધ્ય પદ છે એ યાદ આવે. એવું જ બરાબર એને જ મળતું છે જિનેન્દ્રનું પદ છે. એમ ને એમ મુનિદશામાં ઠરતા, ઠરતા, ઠરતા એકવાર એવા ઠરી ગયા અંતર્મુહૂર્ત માટે. ધૂન લાગી છે, એના પુરુષાર્થની રમઝટ ચાલે છે, મુનિરાજ રાતદિવસ એની પાછળ પડી ગયા છે, એકવાર એવા થંભી જાય છે કે પછી ઉપયોગ બહાર નીકળતો નથી, ઉપયોગ છૂટતો નથી. એ ઉપયોગ એટલો ઊંડો તરી ગયો ત્યાં કે પછી એને ઉપર આવવાનો પ્રશ્ન રહ્યો નહીં.

એમ અહીંયાં એવા પુરુષાર્થની પ્રેરણા છે કે, તારા નિર્વિકાર ચૈતન્ય સ્વભાવમાં ઊંડો ઊંડો ઊંડો ઊંડો તરી જા. અમૃતરસના વેદનમાં પડી જા તું, ક્યાંય રોકાઈશ નહીં. બધું વ્યર્થ છે. જે કાંઈ છે એ આ આત્મા સિવાયના અમૃતરસના પિંડ પાસે બધું વ્યર્થ છે. ક્યાંય રોકાવાનું સ્થાન તારે માટે છે નહીં. ક્યાંય રોકાવા જેવું નથી. ક્યાંય રોકાઈશ નહીં, નિઃસાર છે. અનિત્ય છે, નિઃસાર છે અને કોઈ રીતે, કોઈ જીવને, કોઈ સંયોગો શરણભૂત થતા નથી.

પહેલેથી શરણ ને આધાર ને ઓથ માની હોય છે કે આને લઈને મને ઠીક છે, હવે મને વાંધો નથી. એને જ્યારે સરવાળે શરણ વગરની પરિસ્થિતિ ભી થાય છે ત્યારે એને આઘાત લાગે છે કે અરેરે...! આ તો મારે વિશ્વાસઘાત થયો. જેના વિશ્વાસે હું જીવતો હતો એને તો છોડવાનો વારો આવ્યો. એટલે એને કોઈ વિશ્વાસઘાત કરે ને (જેમ) આઘાત લાગે એવો એને આઘાત લાગે છે. એના દુઃખમાંથી એને છૂટવું હોય તો એ દુઃખમાંથી છૂટી શકતો નથી. એને એમ કહે છે કે અત્યારથી જ ક્યાંય રોકાવું નથી એ વાતને અભિપ્રાયથી અને પરિણમનથી જેટલી થઈ શકે એટલી દૃઢ કર.

**'અંદરથી ખટક જાય નહીં ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી.'** આ વાત જરા અંદરના સૂક્ષ્મ પરિણમનની કરી છે. અનેક, ઘણાં જીવોને એવું લાગે છે કે, મારે તો હવે

ક્યાંય લપનછપન નથી, ક્યાંય મને વળગાડ નથી, લગવાડ નથી, હવે તો એક આત્માનું જ કરવું છે પણ અંદરમાં એને ખટક હોય છે. ક્યાંક ખટક હોય છે એટલે ક્યાંયને ક્યાંય એણે અધિકતા આપેલી હોય છે અને એ અધિકતા જ્યાં સુધી છૂટતી નથી ત્યાં સુધી એને વીતરાગ દશા પ્રગટતી નથી. આ જરા અંદરના રહી ગયેલા સૂક્ષ્મ પરિણમનની વાત છે. પરિણમનની વાત છે, હોં !

અહીંયાં ખટક છે એટલે અટક છે. ક્યાંક ને ક્યાંક જીવ અટકેલો છે. કહે છે કે **'અંદરથી ખટક જાય નહીં ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી.'** એટલે ક્યાંક અટક્યો છે તપાસે તો એને ચોક્કસ ખ્યાલ આવે એવું છે. અવલોકન કરે તો ખ્યાલમાં ન આવે એવી ચીજ નથી કેમકે સ્થૂળ અને નાસ્તિનો વિષય છે. સ્થૂળ વિષય છે અને નાસ્તિનો વિષય છે. એ (ખટક) જાય નહીં, તુચ્છતાથી એના ઉપરનું વજન ઘટે નહીં, તુચ્છતા આવે અને વજન ઘટે તો એ ખટક નીકળી જાય, એ અટક નીકળી જાય, રસ્તો મોકળો થઈ જાય.

**'અંદરથી ખટક જાય નહીં ત્યાં સુધી વીતરાગી દશા પ્રગટતી નથી.'** ત્યાં સુધી વીતરાગ દશાની શરૂઆત થતી નથી. પ્રગટતી નથી એટલે પ્રગટ થવાની શરૂઆત થતી નથી. એના માટે દૃષ્ટાંત લીધો છે. ચારિત્રનો દૃષ્ટાંત 'બાહુબલીજી'નો લીધો છે. એમને એવી અટક ન હતી કે, મોક્ષમાર્ગમાં આવ્યા નહોતા. સમ્યક્દર્શન ઉપરાંત વિશેષ પ્રચુર સ્વસંવેદનની મુનિદશા હતી અને કેવળજ્ઞાનના ઉગ્ર પુરુષાર્થની ધારા માટે જંગલમાં રહીને ધ્યાન ધરતા હતા. એવું અડગ ધ્યાન ધરે, એમનું જે આ મુનિદશાનું ચિત્ર આવે છે એ (એવું) છે કે નીચે ઉગીને, જમીનમાં ઉગીને વેલા ચડી જાય તોપણ એમને ખ્યાલ ન રહે, એ ઉપર એનું લક્ષ ન જાય તોપણ અંદરમાં કાંઈક ખટક રહે. બહારમાં તો એટલું બધું દેખાય કે, આ વેલા વીંટળાય છે અને મુનિરાજને કાંઈ ખબર નથી. કેટલા વખતથી અડગ ધ્યાનમાં છે. કલાકો જાય, દિવસોના દિવસો જાય બસ ! એમ ને એમ રહી જાય. અંદરની રમણતામાં ઘડીક વિકલ્પ, ઘડીક નિર્વિકલ્પ. સૂક્ષ્મ વિકલ્પ અંદરમાં રહે પણ અંદરમાં કાંઈક ખટક રહી ગઈ હોય તો કેવળજ્ઞાન થાય નહીં. એ ખટક સૂક્ષ્મ રહે છે. વીતરાગતાનું એવું એ શુદ્ધ, પવિત્ર પરિણમન છે કે અશુદ્ધતા સાથે એને સામે સામું (છે). રાગને વીતરાગતા પોસાતી નથી અને વીતરાગતાને રાગ પોસાતો નથી.

**'બાહુબલીજી જેવાને પણ એક વિકલ્પમાં રોકાઈ રહેતાં...'** કોઈ એક વિકલ્પ રહી ગયો

હશે. **'વીતરાગ દશા ન પ્રગટી !'** વીતરાગદશા એટલે અહીંયાં કેવળજ્ઞાન પજે, પરિપૂર્ણ બારમાં ગુણસ્થાનની વીતરાગદશા છે એ દશા એમને પ્રગટ થવામાં સમય લાગ્યો છે. એ સમય લાગવા પાછળ કાંઈને કાંઈ એમને સૂક્ષ્મપણે અન્ય ભાવ રહી ગયો છે એ નીકળે નહીં ત્યાં સુધી પરિપૂર્ણ વીતરાગ દશા પ્રગટ થાય એવી સ્થિતિ ઉત્પન્ન થતી નથી. આ તો વિજ્ઞાન છે. એમાં ઇચ્છા-બિચ્છા કામ આવે નહીં. મારી ઇચ્છા આમ છે કે મારું પરિણમન આવું થાવ એમ ઇચ્છા ન કામ આવે. સ્વયં આપોઆપ જ દશા ઉત્પન્ન થાય. વિકારી કે નિર્વિકારી, શુદ્ધ કે અશુદ્ધ દશા આપોઆપ જ ઉત્પન્ન થાય. જેવું કારણ આપે એવું કાર્ય થાય. પોતે જેવો પુરુષાર્થ, જે દિશાનો, જે તરફનો, જેવો પોતાનો, જેટલો પુરુષાર્થ, જે પ્રકારનો પુરુષાર્થ (થાય) એવું સહજ જ પરિણમન વર્તે. એમાં કોઈની કે બીજાની ઇચ્છા કામ આવતી નથી.

**'આંખમાં કણું સમાય નહીં તેમ આત્મસ્વભાવમાં એક અણુમાત્ર પણ વિભાવ પોષાતો નથી.'** આ વસ્તુ સમજાવી જોઈએ. પોતાનો આત્મસ્વભાવ છે તે આત્મસ્વભાવ કોઈ એવો સ્વભાવ છે કે જેમાં રાગના કણનું પોષાણ નથી. આમ તો મુમુક્ષુ દશામાં ઘણો સ્થૂળ રાગ પ્રવર્તે છે. વળી એકલો શુભ ન રહે, એકલો અશુભ પણ ન રહે, શુભાશુભ સ્થૂળ રાગ પ્રવર્તે છે. એ દશામાં પણ આ સ્વભાવ સમજવા જેવો છે, આવો સ્વભાવ સમજવા જેવો છે કે મારો સ્વભાવ એવો છે કે જેમાં એક વિભાવનો કણ પણ પોસાય એ મારા સ્વભાવમાં નથી. આવા સ્વભાવને લક્ષમાં લેવાની વાત છે કે, આવો મારો સ્વભાવ છે. મારું આવું સ્વરૂપ છે, જ્યાં એક કણ પણ રાગનો પોસાય એવું નથી.

આંખનું દૃષ્ટાંત લીધું છે જે સર્વસામાન્ય અનુભવગોચર દૃષ્ટાંત છે. આંખ તો આવડી મોટી છે પણ કણું છે એ તો નજરે ન દેખાય. એવું ઝીણું રજકણ છે કે નજરે ન દેખાય પણ ખૂંચ્યા કરે. અરીસો લઈને જોવક કે બીજો કોઈ જોવે તો એને દેખાય નહીં, આમાં તો કાંઈ દેખાતું નથી, તમને નહીં દેખાતું હોય પણ મને તો ખૂંચે છે એમ કહે. જરાક જેટલું છે એટલે વાંધો નથી એમ છે કાંઈ ત્યાં ? આંખ એવી ચીજ છે કે એમાં બહુ નાનામાં નાનું (કણ) હોય તોપણ ખૂંચ્યા કરે છે. (એમ અહીંયાં) એવો વીતરાગ સ્વભાવ છે કે રાગ એને ખૂંચે છે, રાગ ખૂંચે છે એને.

જગતના જીવને રાગની મીઠાશ આવે છે. સંસારીઓને તો સંસારમાં અશુભ રાગની મીઠાશ આવે છે. વળી કેટલાક અશુભથી નિવૃત્તિ લ્યે છે તો એને શુભની મીઠાશ આવે

છે. અહીંયાં તો કહે છે કે અલ્પમાં અલ્પ રાગનો કણ, સૂક્ષ્મ વિકલ્પનું ઉત્થાન એ વિકલ્પ રહિત એવા આત્મસ્વભાવમાં ખૂંચે એવી ચીજ છે, પોષાય એવી ચીજ નથી. એવો આત્મસ્વભાવ છે કે એમાં અણુમાત્ર પણ વિભાવ પોસાતો નથી અને જ્યાં અણુમાત્ર પણ વિભાવ પોસાય અથવા કોઈ એક વિભાવ, કોઈ એક વિભાવનો અંશ પોસાય ત્યાં એને સ્વભાવની રુચિરૂપ સમ્યક્દર્શન નથી.

'સમયસાર'માં તો એની ગાથાઓ છે. 'અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ વર્તે જેહને' સદ્ભાવ એટલે એની એને પોસાણમાં, રુચિમાં સદ્ભાવ વર્તે. 'તે હોય સર્વ આગમધર ભલે' ભલે બધા આગમ ધારણામાં લીધા હોય 'તે જાણતો નહીં આત્મને.' આત્માના સ્વભાવને એ જાણતો નથી. કેમકે સ્વભાવમાં તો એક રાગના કણનું પોસાણ થાય એવો સ્વભાવ નથી. જે ઓળખે છે એ પણ આવા સ્વભાવને ઓળખે છે. જે ઓળખે છે એને આવા સ્વભાવની રુચિ છે કે જેમાં વિભાવના કણનું પોસાણ થતું નથી. બહુ પાયાથી આ વાત શરૂ થાય છે.

**'જ્યાં સુધી સંજ્વલનકષાયનો અબુદ્ધિપૂર્વકનો અતિસૂક્ષ્મ અંશ પણ વિદ્યમાન હોય ત્યાં સુધી પૂર્ણજ્ઞાન – કેવળજ્ઞાન પ્રગટ થતું નથી.'** આ આગમનો દૃષ્ટાંત લીધો કે કેવળજ્ઞાનનો આ સિદ્ધાંત છે કે અતિ સૂક્ષ્મ પણ જો અબુદ્ધિપૂર્વકનો (વિકલ્પ રહી જાય), બુદ્ધિપૂર્વક તો ત્યાં વિકલ્પ ચાલતો નથી. સાતમાં ગુણસ્થાનમાં નિર્વિકલ્પદશા થઈ, આઠમું તો એની ઉપરનું છે. આઠ, નવ, દસ બધા એની ઉપરના ગુણસ્થાન છે. જો સાતમામાં બુદ્ધિપૂર્વકનો વિકલ્પ નથી તો આઠ, નવ, દસમાં કોઈ બુદ્ધિપૂર્વકનો વિકલ્પ (હોવાનો) પ્રશ્ન જ નથી. અબુદ્ધિપૂર્વકનો – અતિસૂક્ષ્મ અંશ. પોતાને મનથી ન પકડાય એવો. અબુદ્ધિપૂર્વકનો અર્થ એ છે – મનથી ગ્રાહ્ય ન થાય, મનથી એને પકડી ન શકે કે આવો મને એ વિકલ્પ કે વિભાવ રહ્યો છે એ એને ખ્યાલમાં ન આવે, કેવળજ્ઞાનગોચર છે. પણ એ રહી જાય ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટે નહીં. જો કે બુદ્ધિપૂર્વકનો હોય કે અબુદ્ધિપૂર્વકનો હોય, ટાળવાનો ઉપાય તો એક જ છે કે પોતાના સ્વરૂપના પુરુષાર્થમાં જેટલો ઉગ્રપણે રહે એટલો વિભાવ આપોઆપ ટળે. વિભાવને ગોતી ગોતીને, એક એક વિભાવને ગોતી ગોતીને ટાળવો પડતો નથી.

એ વાત આગળ આવી ગઈ. એક એક વિભાવને, એક એક દોષને શોધીને, ગોતીને ટાળવો પડતો નથી. બુદ્ધિપૂર્વકનો હોય કે અબુદ્ધિપૂર્વકનો હોય, સ્વભાવનું આરાધન એ બન્ને પ્રકારના વિભાવને ટાળે છે. એક જ એનો ઉપાય છે. એટલે સાધક તો પોતાના આરાધનમાં,

પુરુષાર્થમાં રહે છે અને વિભાવ આપોઆપ ટળે છે. પણ જ્યાં સુધી રહી જાય ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટે નહીં. એ ચારિત્ર અપેક્ષાએ છે.

એમ અહીંયાં પ્રથમ સમ્યક્દર્શનમાં અભિપ્રાયથી વિપરીત અભિનિવેશ સૂક્ષ્મપણે રહી જાય તોપણ એને સમ્યક્દર્શન થાય નહીં. અથવા કોઈ એક વિકલ્પ સારો, આ સ્વભાવ સંબંધીનો વિકલ્પ છે માટે ઠીક છે, એ સમ્યક્દર્શન નહીં થવા દે. બીજો રાગ સારો હોય તો સમ્યક્દર્શન નહીં થવા દે, બીજો પદાર્થ સારો હોય એ તો પ્રશ્ન જ નથી, ચર્ચાનો વિષય જ નથી પણ રાગનો એક કણ પણ જ્યાં સુધી ઇષ્ટ છે અને અભિપ્રાયમાં કોઈપણ પદાર્થ ઇષ્ટ કે અનિષ્ટ છે, અભિપ્રાયમાં હોં ! ત્યાં સુધી એને વિપરીત અભિનિવેશ છૂટતો નથી. આ તો સૂક્ષ્મમાં સૂક્ષ્મ, સૂક્ષ્મ વિપરીત અભિનિવેશ. સ્થૂળ વિપરીત અભિનિવેશવાળા તો દૂર છે પણ સૂક્ષ્મ વિરુદ્ધ અભિપ્રાય રહી જાય કે આ વેદનમાં આવતો આ મંદ રાગ છે, આ સારો છે, ઠીક છે ! અહીંયાં જરા શાતા  પજે છે. શાતા રહે. કષાયની મંદતામાં શાતા પ્રકૃતિનો (ઉદય વેદાય), વેદનીયમાં શાતા પ્રકૃતિનો ઉદય વેદાય. એને સ્વભાવનું સુખ નજરમાં આવ્યું નથી, ઓળખાણ થઈ નથી. જ્યાં દુઃખ લાગવું જોઈએ ત્યાં સુખ મનાઈ ગયું છે. એ ખટક જ્યાં સુધી નીકળશે નહીં ત્યાં સુધી એને વીતરાગતા પ્રગટવાની શરૂઆત પણ થશે નહીં.

મુમુક્ષુ :- એક કણમાં જ આખો રોકાઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- આખે આખો આવી ગયો ત્યાં. બીજું, કે અનાદિથી જે નિર્ભેળ ચીજ છે, જે કોરી નકોર ચીજ છે આત્મસ્વભાવ એમાં કોઈ ભેળસેળ ચાલે એવું નથી. એને ગ્રહણ કરવા માટે કોઈને સાથે લઈને, કોઈ અન્ય તત્ત્વને સાથે લઈને એમાં જવાય કે એનો સંગ થાય કે એમાં અભેદતા સધાય એવું બનતું નથી. બધું એકબાજુ મૂકીને કેવળ એક પરમાત્મ પદ એ એક જ, સિવાય કાંઈ નહીં ત્યારે જ એનું સાધન થાય છે ત્યાં સુધી એનું સાધન બનતું નથી.

મુમુક્ષુ :- બહુ સરસ વાત કરી. સ્વભાવને ઓળખવો હોય તો, અહીંથી ક્યાંય જવાનું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમ ને એમ જાય, બધું મૂકીને. નિર્ભેળ તત્ત્વ છે એમાં ભેળસેળ ચાલશે નહીં. તારે કરવી હોય તોપણ નહીં થાય. તો ત્યાં સુધી પહોંચાશે નહીં. પાંચ ઇન્દ્રિયોને તો મૂકી દે પણ મનને પણ તું એકકોર મૂકી દે. મન બાજુએ રહી જશે ત્યારે ત્યાં પહોંચાશે,

ત્યાં સુધી પહોંચાશે નહીં.

કાલે વિષય ચાલ્યો હતો ને, છ મહિના જો તું. બીજી ઉપાધિથી દૂર થઈને, કોઈપણ પ્રકારની ઉપાધિને ધારણ કર્યા વિના મારું જે નિર્ભેળ તત્ત્વ છે, જ્યાં રાગના એક કણનું પોસાણ નથી ત્યાં એની પ્રાપ્તિ માટે ક્યાંય બીજાને કોઈને (સાથે) લેવાનો પ્રશ્ન રહેતો નથી. આ એક વિકલ્પને સાથે લઉં, આટલો રાગ હોય એ વાત ત્યાં રહેતી નથી. પણ ભૂમિકા અનુસાર તો રાગ હોય જ ને ! એ જાણવાનો વિષય છે સાથે લેવાનો વિષય નથી. હોય એ જાણી લે, હોય કે ન હોય ક્યાં કેવો હોય ? પણ અંદર જવા માટે તો કોઈની જરૂર નથી. વીતરાગભાવે વીતરાગ સ્વરૂપની સાધના થાય છે, સિવાય વીતરાગભાવે કોઈપણ પ્રકારે વીતરાગ સ્વરૂપી સ્વભાવની સાધના થઈ શકતી નથી, થતી જ નથી. આદિ, મધ્ય અને અંતમાં એમ જ છે. આ દૃષ્ટાંત લીધું છે અંતનું – કેવળજ્ઞાનનું દૃષ્ટાંત લીધું છે પણ આદિ, મધ્ય, અંતમાં આ છે. એટલું વજન જાય છે માત્ર વીતરાગતા ઉપર અને પૂરેપૂરું વજન (રાગાદિથી) ઠી જાય છે. પૂરું વજન જાય છે શુદ્ધ સ્વરૂપ ઉપર અને પૂરેપૂરું વજન ઠી જાય છે રાગાદિ ભાવ ઉપરથી. ત્યારે રસ્તો ચોખ્ખો, માર્ગ ચોખ્ખો, ઉપાય ચોખ્ખો થાય છે. ત્યાં સુધી ઉપાય જ થતો નથી. એટલે એ દૃષ્ટાંત લીધું છે, સંજ્વલન કષાયનું દૃષ્ટાંત લીધું છે

પ્રશ્ન :– સંજ્વલન કષાય તો સાતમાથી દસમાં સુધીનું આવ્યું એમ થયું ને ?

સમાધાન :– હા, છઠ્ઠા સાતમામાં એક સંજ્વલન કષાય રહ્યો છે.

પ્રશ્ન :– દસમાં સુધી રહે ને ?

સમાધાન :– હા, દસમાં સુધી છે. સૂક્ષ્મ લોભ રહી ગયો છે. એને સૂક્ષ્મ સાંપ્રાય કીધું છે ને ? સૂક્ષ્મ સાંપ્રાય કીધું છે. દસમાં ગુણસ્થાનનું નામ જ એ છે – સૂક્ષ્મ સાંપ્રાય. એ અંદર કાંઈ ખટક એવી રહી છે કે કેવળજ્ઞાનને બાધક થાય છે, જે એને પણ બુદ્ધિગોચર હોતી નથી, કેવળજ્ઞાન ગોચર હોય છે.

મુમુક્ષુ :– કથામાં આવે છે ને કે 'ભરત'ની ભૂમિ ઉપર હું ભો છું.

પૂજ્ય ભાઈશ્રી :– એમ કથામાં આવે છે પણ એટલો બધો કાંઈ સ્થૂળ વિકલ્પ તો હોય જ નહીં ને. અતિ સૂક્ષ્મ (હોય) એટલે સૂક્ષ્મ નથી લીધું, જુઓ ! અહીંયાં અબુદ્ધિપૂર્વકનો અને અતિસૂક્ષ્મ (એમ લીધું છે). બુદ્ધિમાં ન આવે એવો અને અતિસૂક્ષ્મ એવો અંશ પણ ક્યાંય પરિણમનમાં વિદ્યમાન રહી જાય ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટ થાય નહીં. પરિપૂર્ણ આલંબન

ન આવે. આલંબનમાં ક્ષતિ રહે છે. ધ્યાનમાં આલંબન તો છે, ત્યાં શુ લધ્યાન વર્તે છે. ધર્મધ્યાનથી આગળ વધીને મુનિરાજ શુ લધ્યાનમાં વર્તે છે પણ હજી આલંબનમાં ક્ષતિ રહી છે. આ તો વિજ્ઞાન છે, વસ્તુનું વિજ્ઞાન છે. સૂક્ષ્મ પણ આલંબનમાં ક્ષતિ રહી ગઈ છે તો કેવળજ્ઞાન થતું નથી. અને એ એકલા આરાધકપણાના જોરમાં આગળ વધ્યો અને અંતર્મુહૂર્તમાં ઉપયોગમાં સૂક્ષ્મપણે અબુદ્ધિપૂર્વકનું પણ જ્ઞપ્તિ પરિવર્તન ન થયું (એટલે) ફટાક કરતું કેવળજ્ઞાન ફાટી નીકળે ! બારમાં ને તેરમા ગુણસ્થાને સીધા કેવળજ્ઞાન, બારમાં આવે એટલે તેરમામાં આવે જ આવે.

પ્રશ્ન :– 'બાહુબલીજી'એ ક્ષાયિક શ્રેણી માંડી ને ?

સમાધાન :– ક્ષાયિક છે. એ તો ક્ષાયિક સમ્યક્દર્શન તો હતું જ. અને ક્ષપકશ્રેણી માંડે છે. પણ જ્યાં સુધી અંદર અબુદ્ધિપૂર્વકનું કાંઈક રહી જાય ત્યાં સુધી કેવળજ્ઞાન થાય નહીં. એમાં ઇચ્છા, નિરિચ્છાનો પ્રશ્ન નથી. માત્ર દશાની કેળવણીનો જ વિષય છે.

મુમુક્ષુ :– 'ભરત'ની ભૂમિ ઉપર હું ભો છું એવો વિકલ્પ રહી જતો હોય..

પૂજ્ય ભાઈશ્રી :– એવો વિકલ્પ રહી જાય છે એવી કથા આવે છે પણ ત્યાં એવો સ્થૂળ વિચાર, વિકલ્પ ચાલતો નથી. અબુદ્ધિપૂર્વક હોય છે એ તો લીધું છે. કથાનુયોગમાં તો કથામાં લોકોને સમજાય એવી વાતો આવે. કરણાનુયોગનો વિષય કેટલો સૂક્ષ્મ છે એ કથાનુયોગમાં કરણાનુયોગનો વિષય એટલો ન પણ આવે. એક અનુયોગમાં એવા બીજા અનુયોગનો વિષય નથી મેળવાતો. જે અનુયોગ જે રીતે સમજાય એવી રીતે કથનપદ્ધતિ હોય છે. જેમકે ચરણાનુયોગમાં મુનિરાજ જોઈને ચાલે અને કોઈ જીવજંતુ દેખાય જાય તો એના ઉપર પગ ન મૂકે પણ બાજુમાં પગ મૂકી દે, એના ઉપર પગ ન આવે એવી રીતે બાજુમાં પગ મૂકે. તો દ્રવ્યાનુયોગનો વિષય ત્યાં એમ ન ચાલે કે આ મુનિરાજ શરીરને હલાવી ચલાવી શકે છે ને પગ મૂકી શકે છે ને પગ ઉપાડી શકે છે ને પગ બાજુમાં રાખી શકે છે ને ઇચ્છા પ્રમાણે શરીરને ચલાવી શકે છે એના જેવી વાત થઈ ગઈ. ત્યાં દ્રવ્યાનુયોગ લાગુ કરવાનો પ્રશ્ન રહેતો નથી. એમ દરેક અનુયોગમાં એ અનુયોગને અનુસરીને બધી વાત હોય એટલે પેલી વાત તો અફર રહે છે. આત્મા શરીરનું કાંઈ કરી શકતો નથી એ વાત અફર રહે છે પણ ત્યાં એવો મુનિરાજને રાગ હોય છે. રાગ હોય તોપણ કોઈ વાર કોઈ જીવાત ઉપર પગ આવી જાય ને એની હિંસા થાય પણ ખરી પણ એને સાવધાની વર્તતી હોવાથી એનો દોષ એને લાગતો નથી. કેમકે પરિણામે દોષ છે. બેદરકારીથી ચાલતા

હોય તો દોષ લાગે અને એ તો કોઈ જીવ ન મરે તોપણ દોષ લાગે. અણઉપયોગે ચાલવાની પ્રવૃત્તિ કરતા હોય તો બીજા જીવની હિંસા ન થાય તોપણ એનો દોષ લાગે અને ઉપયોગથી, યત્નાથી પ્રવૃત્તિ હોય (છતાં) બીજા જીવની કદાચ હિંસા થઈ જાય તોપણ એને દોષ લાગે નહીં. એમ પરિણામે દોષ લાગે છે. કાર્યથી દોષ-નિર્દોષતા નથી. હિંસા થઈ માટે દોષ, હિંસા ન થઈ માટે દોષ નહીં એવું કાંઈ નથી. પરિણામે બંધ છે અને પરિણામે મોક્ષ છે.

પ્રશ્ન :- 'બાહુબલી'ને માનકષાય નડતો હશે ?

સમાધાન :- એવો સ્થૂળ માનકષાય જે કથાનુયોગમાં આવે છે એવું કરણાનુયોગથી વિચારીએ તો એવું નથી. પણ જે કરણાનુયોગને ન સમજી શકતા હોય એને સમજવા માટે એવો દૃષ્ટાંત લેવાય છે કે એમને એટલું માન હતું. પણ એવું માન તો સમ્યક્દૃષ્ટિ પણ રાખતા નથી. આ તો મુનિ હતા. સમ્યક્દૃષ્ટિને એવું માન હોતું નથી. ભૂમિ કોની ? ભૂમિ ભૂમિની છે, રજકણ રજકણના છે અને આત્મા આત્માનો છે. બીજા આત્માને સિદ્ધ સમાન જોવે છે. ત્યાં બીજો આત્મા 'ભરત' આ ભૂમિનો રાજા છે એ વાત ક્યાં રહી ? એ આત્મા ભિન્ન છે. એ તો પોતે ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ, ચરમશરીરી એ જ ભવમાં કેવળજ્ઞાન લેવાના છે. પછી એ દીક્ષા અંગિકાર કરે પણ એને તો કાંઈ માન નથી. એ તો 'બાહુબલી' મુનિરાજ થયા છે તો દર્શન, વંદન, પૂજન બધું કરે. એને કાંઈ એવું નથી કે મેં લડાઈ કરી હતી અને આ લડાઈ માટે ભૂતકાળમાં અમે સામેસામા હતા. કોઈ પૂર્વગ્રહ, ધાર્મિક દશામાં કોઈ પૂર્વગ્રહ રહેતો નથી. કોઈ આત્મા માટે, કોઈ વ્યતિ માટે કોઈ પૂર્વગ્રહ (રહેવાનો) વિષય જ નથી. એટલો બધો વિશાળ વિષય છે કે, 'સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો' એને આત્માની મુખ્યતાથી જોવે છે. પર્યાયમાં તો ફેરફાર હોય. થાય અને મટે, થાય અને મટે. જેને થાય છે એ અનાદિનો થઈ રહ્યો, (જેને) મટે એણે એના પુરુષાર્થથી મટાડ્યો છે તો એને એ પ્રશંસે છે, અનુમોદે છે કે ધન્ય છે એ આત્મા કે જેણે પોતે પુરુષાર્થ કરીને પોતાના દોષને ટાળ્યો. એવો રાગ હોય તો એનું અનુમોદન કરે. વીતરાગતા હોય તો બધાની ઉપેક્ષા છે. પોતાના સ્વરૂપમાં વીતરાગભાવે લાગેલા રહે છે અને સર્વની ઉપેક્ષા કરે છે. કોઈની અપેક્ષા-ઉપેક્ષાનો પ્રશ્ન રહેતો નથી.

અહીંયાં ૧૫૧ માં પુરુષાર્થની મુખ્યતાથી વાત છે. જો પ્રથમ પુરુષાર્થ કરવામાં આવે છે તો વીતરાગ માર્ગમાં પ્રવેશ મળે છે. આગળ પુરુષાર્થ વધારવામાં આવે છે તો મુનિદશા થાય છે. એમાંય પુરુષાર્થ વધે છે તો કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એમ પ્રારંભથી માંડીને અંત

સુધી પુરુષાર્થની પ્રધાનતાવાળો માર્ગ છે, પુરુષાર્થપ્રધાન માર્ગ છે એમ કહીએ તો ચાલે.

પ્રશ્ન :- આ જે અબુદ્ધિપૂર્વકનો દોષ રહી જાય છે તો જે મુનિરાજ છે એમને ઇ ખ્યાલ આવે છે કે આ મને અબુદ્ધિપૂર્વકનો દોષ રહ્યો છે ?

સમાધાન :- નહીં. ખ્યાલ આવે તો અબુદ્ધિપૂર્વકનો કહેવાય નહીં. મનથી ન પકડાય ત્યારે જ અબુદ્ધિપૂર્વકનો કહેવાય. છે એ 'કળશટીકા'માં સ્પષ્ટતા કરી છે.

પ્રશ્ન :- મારે પરિપૂર્ણ થયું નથી એ તો જાણે કે નહીં ?

સમાધાન :- એમાં શું છે કે કેવળજ્ઞાન પ્રગટ્યું નથી પણ એ દશાને જોવા રોકાતા નથી. દશાનું જ્ઞાન થાય તોપણ દશાને જોવા રોકાતા નથી. એમ છે. એ પોતાના પૂર્ણ તત્ત્વને જોવામાં રોકાયેલા છે, દશાને જોવામાં રોકાતા નથી. પણ દશા તો ઉપરછલ્લી ચીજ છે અને તત્ત્વ તો એથી ઊંડી ચીજ છે એટલે એને એનો ખ્યાલ આવી જાય છે.

મુમુક્ષુ :- ઉપરની સપાટીનું જ્ઞાન હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાન હોય છે, જ્ઞાન તો રહે.

મુમુક્ષુ :- તો પછી અબુદ્ધિપૂર્વકનો કષાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ જ્ઞાન હોય છે એ જ્ઞાન પણ લબ્ધમાં છે, ઉપયોગ નથી. ઉપયોગ નથી, એમ છે. (ઉપયોગમાં આવે) તો મનથી પકડાઈ ગયું હોય ને.

પ્રશ્ન :- પુરુષાર્થની કમીને એટલી ? એટલો ઓછો પુરુષાર્થ ને ?

સમાધાન :- હા, પુરુષાર્થની કમી છે.

પ્રશ્ન :- આમ તો સહજ દશાને ?

સમાધાન :- હા, સહજ જ છે. એ તો સહજતાનો જ માર્ગ છે એકદમ. કૃત્રિમતા તો ગઈ. સમ્યક્દર્શન થયું ત્યારથી કૃત્રિમતા ગઈ.

૧૧૬મો કળશ છે. 'કળશટીકા'માં 'આસ્રવ અધિકાર'નો કળશ છે. ચોથો કળશ 'આસ્રવ અધિકાર'માં છે. એમાં ँ **प्रह्ल्फ़ॅ प्रेंफ्फ़**સન્યાસ કરવો એટલે ત્યાગ કરવો. **'સમ્યક્દષ્ટિ જીવ જે રીતે નિરાસ્રવ છે તે કહે છે-** ँ **प्रह्ल्फ़ॅ फ्फ्क्लिक्प्रफ़ृऊ्राप्रक्ष्ह्मीप्रफ्रप्रफ़ँ प्रह्मीँ: स्फ़्फ़्फ्र**જે બુદ્ધિપૂર્વકનો રાગ છે એનો ત્યાગ કરે છે '**स्फ्रस्फ़्रवुप्रफ़ृऊ्राप्रक्ष्ह्मप्रफ़ि ह्म्फ़ जेप्ह्मफ़ँ स्फ़्प्रक्ष्द्दिह्मफ़ँ ग्रप्प्रप्रेफ़्फ़** પોતાની સ્વ શતિને સ્વ સામર્થ્યને સ્પર્શતા સ્પર્શતા, એના ઉપર ઘસારો - ભીંસ મારીને વારંવાર અબુદ્ધિપૂર્વકના રાગનો પણ સન્યાસ કરે છે એટલે ત્યાગ કરે છે. મૂળ 'અમૃતચંદ્રઆચાર્ય'ના એ શબ્દો છે. બુદ્ધિપૂર્વકના રાગનો અર્થ કર્યો છે કે પોતાના મનનું, બુદ્ધિ એટલે મનનું આલંબન

કરીને થાય છે. જેટલા મોહ, રાગ, દ્વેષરૂપ અશુદ્ધ પરિણામ એને બુદ્ધિપૂર્વકનો રાગ કહે છે તેને છોડતા થકા.

મુમુક્ષુ :– મનનું આલંબન.

પૂજ્ય ભાઈશ્રી :– હા, **'ભાવાર્થ આમ છે કે – નાના પ્રકારનાં કર્મોના ઉદયે નાના પ્રકારની સંસાર – શરીર – ભોગસામગ્રી હોય છે. એ સમસ્ત સામગ્રીને ભોગવતો થકો 'હું દેવ છું, હું મનુષ્ય છું, હું સુખી છું, હું દુઃખી છું,' ઇત્યાદિરૂપ...'** સમ્યક્દૃષ્ટિ જીવ **'રંજિત થતો નથી;...'** એને એનો ત્યાગ કર્યો એમ કહેવામાં આવે છે. **'જાણે છે કે – હું ચેતનામાત્ર શુદ્ધસ્વરૂપ છું; આ સમસ્ત, કર્મની રચના છે.'** એને ને મારે કાંઈ લેવાદેવા નથી, ભિન્ન છે. **'આમ અનુભવતાં મનના વ્યાપારરૂપ રાગ મટે છે.'** એ મનનો વ્યાપાર બુદ્ધિપૂર્વકનો કીધો.

હવે અબુદ્ધિપૂર્વકની વ્યાખ્યા કરે છે. **'ह्न बृफ्ऊिाप्रक्षक्ष्म ाप्रिफ्ह्नफ्जेह्नफ्सक्षसक्षसक्षक्ष्वुफ्ँ सफ्रफ्दिह्नफ्क ँ ाृ्रफ्रफ्रेंफ्रफ्रमनना આલંબન વિના...'** પછી કહેવાની જરૂર નથી કે પાંચ ઇન્દ્રિયનું કોઈ આલંબન હોય. મનના પણ આલંબન વિના **'મોહકર્મના ઉદયરૂપ નિમિત્તકારણથી...'** ફ ત અહીંયાં કર્મનો ઉદય છે અહીંયાં જીવની વિભાવિક અવસ્થા છે જીવના પ્રદેશોમાં, તેને પણ જીતવાને માટે **'ह्नफ्रह्न ाप्रिफ्रफ्जेह्नफ्र 'તેને પણ જીતવાને માટે...'** અબુદ્ધિપૂર્વકને જીતવાને માટે શું કરે છે ? કે વારંવાર એટલે **'અખંડિતધારાપ્રવાહરૂપે...'** વારંવારનો અર્થ આ છે – ત્રુટક ત્રુટકપણે નહીં. અખંડિતધારાપ્રવાહપણે. ઉગ્રતાથી આલંબન લે, ધારાવાહી ઉગ્રતાથી આલંબન લે. **'શુદ્ધ ચૈતન્યવસ્તુને...'** ધારાપ્રવાહરૂપે અખંડપણે શુદ્ધ ચૈતન્ય વસ્તુને **'સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદતો થકો.'** એ એને પણ જીતે છે. અબુદ્ધિપૂર્વકના રાગને પણ જીતે છે.

મુમુક્ષુ :– આપે કીધું કે કર્મના ઉદયને...

પૂજ્ય ભાઈશ્રી :– કર્મના ઉદયની સાથે સીધો સંબંધ છે.

મુમુક્ષુ :– કર્મના ઉદયમાં તો મુનિરાજ જોડાતા નથી. અહીંયાં સ્વભાવની ભીંસ આપે છે..

પૂજ્ય ભાઈશ્રી :– એમાં તો શું છે કે જ્યાં સુધી અબુદ્ધિપૂર્વકનું અલ્પ પણ જોડાણ છે ત્યાં સુધી કેવળજ્ઞાન પ્રગટતું નથી. એમ છે. જોડાતા નથી એટલે મુખ્યપણે જોડાતા નથી, મુખ્ય અંશે જોડાતા નથી. પણ જરાક પણ અંદર જોડાણ રહી ગયું (તો) કેવળજ્ઞાન અટકે. એમ છે.

બુદ્ધિપૂર્વક એટલે મારા પરિણામ આવા છે એમ અનુમાન કરીને જાણી શકે તેને બુદ્ધિપૂર્વક કહેવાય છે. ત્યાં આવા પરિણામને સમ્યક્દૃષ્ટિ જીવ મટાડી શકે છે. અને **'અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતાં, પાંચ ઇન્દ્રિય અને મનના વ્યાપાર વિના જ મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને રાગ-મોહ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવપરિણામરૂપ...'** પરિણમન થાય છે **'અસંખ્યાત પ્રદેશે.'** આવું પરિણમન જીવની જાણમાં નથી. સ્પષ્ટ કર્યું છે. **'આવું પરિણમન** એ પોતાને **જીવની જાણમાં નથી (અને જીવના સહારાનું પણ નથી,) તેથી જે તે પ્રકારે મટાડી શકાતું નથી...'** એનો વિકલ્પ પણ મટાડવાનો થઈ શકતો નથી. **'માટે આવા પરિણામ મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધસ્વરૂપને અનુભવે છે, શુદ્ધસ્વરૂપનો અનુભવ કરતાં સહજ મટશે. બીજો ઉપાય તો કોઈ નથી,...'** એક શુદ્ધ સ્વરૂપનો અનુભવ એ જ એનો ઉપાય છે અને તેને અનુભવતા સમ્યક્દૃષ્ટિ નિરાસ્રવ થાય છે. એ 'આસ્રવ અધિકાર'માં બુદ્ધિપૂર્વકની અને અબુદ્ધિપૂર્વકની ચર્ચા કરી છે. મૂળમાં એ વાત છે ને એટલે એ વાત લીધી. (સમય થયો છે).

***

**સમ્યક્ થતાં, બાહ્ય સંયોગ તો હતા તેવા જ ચાલુ રહે છે. પરંતુ સ્વામિત્વપણે મમત્વ રહેતું નથી, અર્થાત્ અવાંછિત ભાવે જ્ઞાનીને વર્તવું થાય છે, સંયોગો પ્રત્યેની રુચિ અંતરંગમાં નથી. કારણકે નિજ શુદ્ધ સ્વરૂપનો અનુભવ પણ રહે, અને પર દ્રવ્યમાં રુચિ પણ રહે, તેવું બનતું નથી. જ્ઞાતાપણું અને (પરનું) વાંછકપણું - તે પરસ્પર સર્વથા વિરુદ્ધ છે. પરની અભિલાષા / રુચિ – તે નિશ્ચયથી પૂરું મિથ્યાત્વનું પરિણામ છે. એમ શ્રીગુરુ કહે છે. આત્મરુચિ તે ખરેખર સમ્યક્દર્શન છે. (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' – ૭૮૨)**

**આત્માને ઓળખી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે. ૧૫૨.**

**તા. ૩-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૫૨,૧૫૩**
**પ્રવચન નં. ૧૧૫**

'બહેનશ્રીના વચનામૃત' પાનું – ૪૭ '...**સ્વરૂપરમણતાની પ્રાપ્તિ કરવી તે જ પ્રાયશ્ચિત્ત છે.**' પ્રાયશ્ચિત્તના વિષયમાં કોઈ પ્રકરણ ચાલતું હશે એમાં આ નિશ્ચય પ્રાયશ્ચિત્તની પરિભાષા છે – વ્યાખ્યા છે. ખરેખર સાચું પ્રાયશ્ચિત્ત કોને કહેવું ? નિશ્ચયમાં તો પ્રાયશ્ચિત્ત, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રતિક્રમણ, ભક્તિ, તપ અનેક પ્રકારના જે આરાધનાના વાચક શબ્દો છે એ તમામ આરાધનાનું વાચ્ય એક જ છે, વાચકના શબ્દો અનેક છે પણ એનું વાચ્ય તો એક જ છે. કોઈ બે પ્રકારે સાધના થતી નથી સાધના એક જ પ્રકારે થાય છે પણ આગળપાછળના વિકલ્પો અનુસાર એના જુદાં જુદાં નામ દેવામાં આવે છે.

સ્વરૂપરમણતા એ આત્મસ્વરૂપની એકમાત્ર આરાધના છે. એ સ્વરૂપરમણતા પહેલાં કોઈને તપ કરવાનો વિકલ્પ હોય તો એને તપનું નામ દેવાય છે, કોઈને પ્રાયશ્ચિત્તનો વિકલ્પ હોય તો એને પ્રાયશ્ચિત્ત કહેવાય છે, પ્રત્યાખ્યાનનો વિકલ્પ હોય તો એને જ પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. સ્વરૂપની અનંત મહિમા અને ભક્તિપૂર્વક સ્વરૂપ લીનતા થતી હોવાથી એને જ નિશ્ચયભક્તિ કહેવામાં આવે છે. એમ નામ અનેક છે. આરાધના અથવા સાધના –

વિધિ, રીત એની પદ્ધતિ કોઈ જુદી હોતી નથી. એક જ પ્રકારે ધર્મ થાય છે.

એવી સ્વરૂપરમણતા સ્વરૂપની ઓળખાણપૂર્વક થાય છે. સ્વરૂપની ઓળખાણ થાય તો સ્વરૂપનો મહિમા આવે, જેનો મહિમા આવે તેમાં લીનતા થાય. (એ) કુદરતી છે. સહજપણે, અકૃત્રિમપણે લીનતા આકર્ષણ અને મહિમા વિના થઈ શકે નહીં. એટલે ઓળખીને એકાગ્ર થવું એવું શાસ્ત્રનું સંક્ષિપ્તમાં ફરમાન છે કે આત્માને ઓળખીને આત્મામાં એકાગ્ર થવું. આટલી વિધિ છે અને એને અહીંયાં પ્રાયશ્ચિત્ત કહ્યું છે.

વ્યવહાર પ્રાયશ્ચિત્તમાં તો જે કાંઈ દોષ પોતે કર્યા હોય તેને દેવ-ગુરુની સાક્ષીએ પરોક્ષ અથવા પ્રત્યક્ષપણે (તે) ફરીને ન થાય એ પ્રકારે તે સંબંધીનો ખેદ થવો અથવા તે સંબંધીનો કાંઈ પણ એવો પ્રકાર ધારણ કરવો કે જેને લઈને ફરીને એવા દોષની ઉત્પત્તિ ન થાય. સામાન્ય રીતે તો ગુરુ પાસે જઈને પોતાના દોષને વ્ય ત કરે અને એ અંગે ગુરુ જે કાંઈ શિક્ષા આપે એ શિક્ષા એ શિરોધાર્ય કરે એને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. એ વ્યવહાર પ્રાયશ્ચિત્ત છે. તે પ્રકારનો દોષ ફરીને ઉત્પન્ન નહીં થવા અર્થે એવી એક વ્યવહારની વિધિ છે અથવા એવો વિકલ્પ આવે છે. એમ નથી કે પ્રાયશ્ચિત્ત લીધું અને વળી પાછો બીજે દિવસે તેનો તે થઈને  ભો રહે અને વળી તેવા ને તેવા દોષમાં પરિણમે એ કોઈ પ્રાયશ્ચિત્તની વિધિ નથી.

આપણે ત્યાં પર્યુષણ પર્વમાં સંવત્સરી પ્રતિક્રમણ કર્યા પછી મિચ્છામિ દુક્કડમ કરે છે ને ? ફરીને મિચ્છામિ ન કરવું પડે એનું નામ કર્યું કહેવાય. દર વર્ષે મિચ્છામિ દુક્કડમ કરવું અને પાછા એવા ને એવા દોષ કરવા એ કાંઈ યોગ્ય તો નથી. પણ એવો ખેદ થાય, એ દોષ પ્રત્યે એવી નારાજી થાય, અરુચિ થાય કે ફરીને એવો દોષ ન થાય એને હજી વ્યવહાર પ્રાયશ્ચિત્ત કહે છે. કેમકે તે દોષ ટળવા માટેના દોષની વિરુદ્ધના પરિણામ છે.

અહીંયાં સમ્યક્ પ્રકારે આત્મામાં લીન થઈ જવું અને નિર્દોષતા અને વીતરાગતા પ્રગટ કરવી કે જે નિર્દોષતા ને વીતરાગતાના રસને લઈને ફરીને દોષ ઉત્પન્ન ન થાય એને પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. એ નિશ્ચય પ્રાયશ્ચિત્ત છે. 'નિયમસાર'માં એ બધા અધિકાર લીધા છે – નિશ્ચય પ્રતિક્રમણ, નિશ્ચય ભ ત્તિ, નિશ્ચય આલોચના, નિશ્ચય પ્રાયશ્ચિત્ત. એમાંથી જ કદાચ વંચાતું હોય અને આવી સ્વરૂપરમણતાની વ્યાખ્યા કરી હોય. કેમકે ત્યાં રમણતાનો વિષય વધારે ચાલ્યો છે. નિશ્ચય આવશ્યક, નિશ્ચય પ્રાયશ્ચિત્ત આઠમો અધિકાર છે. નિશ્ચય પ્રાયશ્ચિત્તનું સ્વરૂપ, પહેલી જ સ્વરૂપની વ્યાખ્યા છે.

**'વ્રત, સમિતિ, સંયમ, શિલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ તે ભાવ પ્રાયશ્ચિત્ત છે જે અનવરત કર્તવ્ય છે.'** પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, ચારિત્રનો અધિકાર છે ને ? **'પાંચ મહાવ્રત, પાંચ સમિતિ, શિલરૂપ અને સર્વ ઇન્દ્રિયોના ને મન-વચન કાયાના સંયમરૂપ પરિણામ તથા પાંચ ઇન્દ્રિયોના નિરોધ - એ પરિણતિ વિશેષ તે પ્રાયશ્ચિત્ત છે. પ્રાયશ્ચિત્ત એટલે પ્રાયઃ ચિત્ત. પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત...'** એને પ્રાયશ્ચિત્ત કહે છે, નિશ્ચય પ્રાયશ્ચિત્તની વાત ચાલે છે ને ! પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત. જે અહીંયાં ૧૫૨ (વચનામૃતમાં) આત્મરમણતા કહી છે. પ્રચુરપણે નિર્વિકાર ચિત્ત અથવા **'અંતર્મુખાકાર પરમ સમાધિથી યુ ત પરમ જિનયોગીશ્વર, પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન, પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર પરિગ્રહના ધારી, સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ સમાન અને પરમાગમરૂપી પુષ્પરસ ઝરતા મુખ** કમળવાળા **પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે.'** પોતાની જ વાત કરી છે. ટીકા કરતા કરતા 'પદ્મપ્રભમુનિરાજ' કહે છે, પોતાને ને પોતાને હોં ! અંતર્મુખાકાર પરમ સમાધિથી પોતે યુ ત છે, પરમ જિનયોગીશ્વર છે, પાપરૂપી અટવીને બાળવા માટે અગ્નિ સમાન છે. અટવી એટલે જંગલ. પાપરૂપી જંગલને બાળવા માટે અગ્નિ સમાન છે. પાંચ ઇન્દ્રિયોના ફેલાવ રહિત દેહમાત્ર જેને પરિગ્રહ રહ્યો છે. એને – દેહને પણ પરિગ્રહ માને છે અને જે સહજ વૈરાગ્યરૂપી મહેલના શિખરના શિખામણિ સમાન છે. એટલો અત્યંત વૈરાગ્ય છે. અને જેના મુખ કમળમાંથી પરમાગમરૂપી પુષ્પરસ ઝરે છે. પુષ્પરસને મધ કહે છે. મીઠું મધુરું મધ. પુષ્પના રસમાંથી બને છે ને ? એ પરમાગમરૂપી પુષ્પરસ જેના મુખમાંથી ઝરે છે એવા પદ્મપ્રભે, એવા પદ્મપ્રભે આ પ્રાયશ્ચિત્ત નિરંતર કર્તવ્ય છે. એટલે કે આ આત્માએ પોતે નિરંતર સ્વરૂપ રમણતામાં – સ્વરૂપ લીનતામાં જ રહેવા યોગ્ય છે, બીજું કાંઈ કરવા જેવું નથી. એનું નામ પ્રાયશ્ચિત્ત લીધું છે. બહુ રસવાળો વિષય છે.

**'હ્ન ૅપ્રફ્રહ્રફ્ર.'** સદાય – નિરંતર, એમ કહે છે. **'હ્ન ૅપ્રફ્રહ્રફ્રચ્પ્રોંહ્નફ્રૃફ્રઠ્ય્રફ્રવુઁફ્રપ્રુફ્રર્ગ્રિપ્રફ્રહ્રૈંફ્ર ્રફ્રવુઁજ્રિપ્રૅફ્રિંફ્રૅ પ્રૅણફ્ર ્રફ્રફ્રહ્રસ્ર્રફ્રૅદેંપ્ર ્રફ્રૅિ ૂ ૅ ્ર્રીં ફ્રસ્જ્રિફ્રફ્રપ્રફ્રફ્રફ્ર રિગેંહેણફ્ર ૅ ફ્રજ્રૈફ્રફ્રૅ ફ્ર ્રીઁફ્રફ્ર શિફ્રફ્રશિફ્રફ્રહ્રૂણિપ્રંફ્ર ફ્રવુફ્રફ્રહ્રફ્રઠર ૅિફ્રૅિરિ વ્રૃફ્રફ્રીંભફ્રફ્ર ત્ર્રૅર્ફ્ર હિફ્ર'** (નિયમસાર પાના નં. ૨૨૯) પોતે 'પદ્મપ્રભમલધારીદેવ' પોતાનું નામ લઈને લખે છે કે 'પ્રદ્મપ્રભે' તો આ જ કરવા જેવું છે, બીજું કાંઈ કરવા જેવું નથી. **'મુનિઓને સ્વાત્માનું ચિંતન તે નિરંતર પ્રાયશ્ચિત્ત છે; નિજસુખમાં રતિવાળા તેઓ તે પ્રાયશ્ચિત્ત વડે પાપને ખંખેરીને મુ તિને પામે છે.'** ત્યાર પછીનો કળશ છે. **'જો મુનિઓને સ્વાત્મા સિવાય અન્ય ચિંતા હોય...'** મુનિ

હોય અને પોતાના આત્મા સિવાય બીજા કોઈની ચિંતા હોય એના ચિત્તમાં **‘તો તે વિમૂઢ કામાર્ત પાપીઓ ફરી પાપને ઉત્પન્ન કરે છે. આમાં શું આશ્ચર્ય છે ?’** એમાં કાંઈ આશ્ચર્ય નથી. સીધા જ પાપમાં પડે છે. મુનિપદ અંગિકાર કરીને આત્મા સિવાય બીજી કોઈ ચિંતા કરે (તો) પોતે ફરીને પાપને ઉત્પન્ન કરે છે એમાં શું આશ્ચર્ય છે ? ઇ તો પાપ જ એને બંધાય, બીજું કાંઈ થાય નહીં. એમ. કઠણ પડે એવું વચન લખ્યું છે.

ચાર કષાય ઉપર વિજય મેળવવાના ઉપાયનું સ્વરૂપ. પ્રાયશ્ચિત્તમાં એ બધી ગાથાઓ છે. શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે એમ કહેવું છે. જે શુદ્ધ જ્ઞાનનો સ્વીકાર કરે છે એને ખરેખર પ્રાયશ્ચિત્ત છે. નિશ્ચય પ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એ વિશેનું કથન છે. શુદ્ધ કારણપરમાત્મ તત્ત્વમાં અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ છે અને એ તપ તે પ્રાયશ્ચિત્ત છે એ સંબંધીનું કથન છે. પ્રાયશ્ચિત્તના અધિકારમાં પછી એક એક ગાથામાં શું શું વિષય ચાલ્યો છે (તે લીધું છે). નિશ્ચય ધર્મધ્યાન સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે એવું કથન, શુદ્ધ નિશ્ચય નિયમનું સ્વરૂપ અને નિશ્ચય કાયોત્સર્ગનું સ્વરૂપ. આટલી ગાથાઓ લીધી છે. ત્રણ ને બે પાંચ ને ત્રણ, આઠ ગાથાનો અધિકાર છે. નિશ્ચય પ્રાયશ્ચિત્ત અધિકાર. શુદ્ધ નિશ્ચય પ્રાયશ્ચિત્ત અધિકાર – એવો અધિકાર છે.

**‘સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મના સન્યાસના હેતુભૂત શુદ્ધ નિશ્ચય પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.’**

મુમુક્ષુ :– દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મ ત્રણેયનો ત્યાગ.

પૂજ્ય ભાઈશ્રી :– ત્રણેયનો ત્યાગ, ત્રણેયનો ત્યાગ. મુ ત િ માટેનું ચારિત્ર છે ને આ તો ! ભાવનાનો ગ્રંથ છે. એમાં આચરણના અધિકાર મુખ્યપણે (લીધા છે). કેમકે આચાર્ય મહારાજે પોતે જ પોતાની ભાવના અર્થે નિશ્ચય ચારિત્રમાં સ્થિત રહીને આ ગ્રંથની રચના કરી છે. ‘નિયમસાર’ શાસ્ત્ર.

આ ધ્યાન છે, આ ધ્યેય છે, આ ધ્યાતા છે. ‘ **इ : ॅ प्रंफ्रहिफ्र : ॅ प्रॅफ्रहुॅफ्रफॅ प्रफ्राफ ॅ-ऴ्रफ्र चफ ह्राफ्राफ** (શ્લોક :- ૧૯૩) અને પેલું ફળ છે. આવી વિકલ્પ જાળોથી જે મુ ત છે તે પરમાત્મતત્ત્વને હું નમું છું. એ બધા કળશ છે આ. વિકલ્પથી રહિત નિર્વિકલ્પ સ્વરૂપમાં નિર્વિકલ્પતાની ભાવનાવાળા બધા કળશ છે. ઘણાં કળશ લીધા છે. ગાથા ૧૨૦, ૧૨૧ ચાલે છે ત્યાં સુધીમાં ૧૯૯-૨૦૦ તો કળશ ચાલે છે. ગાથા કરતાં ટીકાની પદરચના ઘણી છે.

(આપણે અહીંયાં) ૧૫૨ (બોલ ચાલે છે). **‘આત્માને ઓળખીને સ્વરૂપરમણતાની પ્રાપ્તિ**

**કરવી...**' પ્રાયશ્ચિત્તની એ વ્યાખ્યા કરી છે. ઓળખીને એકાગ્ર થવું. સ્વરૂપરમણતા એટલે સ્વરૂપમાં એકાગ્ર થવું તે જ પ્રાયશ્ચિત્ત છે, તે સર્વદોષના નાશનું કારણ છે. પૂર્વે કરેલાં સર્વ દોષ, જે કાંઈ દોષ કરેલા છે એનાથી દ્રવ્ય કર્મની અપેક્ષાએ જે કાંઈ કર્મનું નિબંધન છે, એ દોષમાં પરિણમતી વખતે આત્માને જે યોગ્યતારૂપ દોષિત સંસ્કારો પડ્યા તે તમામનું નિવારણ એક પ્રકારે છે કે, વીતરાગ સ્વરૂપમાં વીતરાગભાવે લીન થવું તે. પછી એ કર્મ છે એની પણ ચિંતા નથી અને વિરુદ્ધ સંસ્કારો, અવિરુદ્ધ નિર્વિકાર ચૈતન્યરસના પરિણમનથી નાશ પામે છે. પછી એ સંસ્કારો કોઈપણ રીતે આત્માને ફરીને દોષનું કારણ થતા નથી. એ ખરેખર પ્રાયશ્ચિત્ત છે.

નિશ્ચય પ્રાયશ્ચિત્તનો અર્થ એમ નહીં કે આ વ્યવહાર પ્રાયશ્ચિત્ત અને આ નિશ્ચય પ્રાયશ્ચિત્ત, બન્ને પ્રાયશ્ચિત્ત જ છે ને ! (પરંતુ) એમ નથી. નિશ્ચય પ્રાયશ્ચિત્ત એટલે ખરેખર પ્રાયશ્ચિત્ત. દોષને મૂળમાંથી ઉખેડીને ફેંકી દે એવું જે સાચું પ્રાયશ્ચિત્ત એને ખરેખર પ્રાયશ્ચિત્ત કહેવામાં આવે છે. તે આ પ્રકારે છે. બીજો કોઈ એનો પ્રકાર નથી. દોષ ભલે હજાર પ્રકારના હો, અસંખ્ય પ્રકારના હો (પણ) એના નાશની આ એક જ વિધિ છે કે દોષ રહિત નિર્દોષ પરમાત્માને ઓળખીને, નિર્દોષ નિજ પરમાત્માને ઓળખીને એમાં લીન રહેવું, એમાં લીન થવું એ સર્વ દોષના નાશનો ઉપાય છે. પછી એને પ્રતિક્રમણ કહો, પ્રાયશ્ચિત્ત કહો, પ્રત્યાખ્યાન કહો, આલોચના કહો, પરમ આવશ્યક કહો, કરવા યોગ્ય -- આવશ્યક એટલે અવશ્ય કરવા યોગ્ય તેને આવશ્યક કહે છે.

મુમુક્ષુ :– છ આવશ્યક.

પૂજ્ય ભાઈશ્રી :– આ એક જ આવશ્યક છે. 'સોગાનીજી'ને એ વાતની ચોંટ લાગી ગઈ. કેમકે એ વિકલ્પની ઉપાધિથી મુ ત થવા ઇચ્છતા હતા. એવા અભિપ્રાયમાં હતા કે આ બધી વિકલ્પજાળ બંધ થાય અને કોઈ પરમ શાંત દશામાં સ્થિર રહેવાય. એ તો 'ગુરુદેવ'ના પ્રવચનોમાં વિષય ચાલી ગયો, 'આત્મધર્મ'માં વાંચ્યું, ખરેખર તો એ 'નિયમસાર'ના કોઈ પ્રવચન હશે, ખરેખર છ આવશ્યક નથી, ખરેખર તો એક જ આવશ્યક છે. સંપ્રદાયમાં તો ષટ આવશ્યકની વાત સાંભળી હોય. એક આવશ્યકની વાત ગુપ્ત રહી ગઈ, આ તો બહુ સારું, છની વાત મૂકો એક બાજુ. અષ્ટપ્રકારી પૂજા ખરી કે નહીં ? કે પૂજા એકપ્રકારી, અષ્ટપ્રકારી પૂજા નહીં. આઠ દ્રવ્યોથી પૂજા કરવાની એટલી બધી ઉપાધિ ? કોઈ દ્રવ્ય નહીં. પોતે જ દ્રવ્ય અને પોતે એની પૂજા કરનાર, બીજું કોઈ વચ્ચે નહીં. ઉપાધિ વગરની પૂજા –

નિરુપાધિક ક્રિયા છે એ બધી. આ (અષ્ટપ્રકારી પૂજા) ઉપાધિવાળી ક્રિયા છે. શુદ્ધ ક્રિયા છે એ નિરુપાધિક ક્રિયા છે, એમાં કોઈ વિકલ્પની ઉપાધિ નથી.

પ્રશ્ન :- સ્વરૂપરમણતા તો સાધુ જ કરી શકે ને, સંસારી કેવી રીતે રહી શકે ?

સમાધાન :- એમાં સાધુ થવાય તો શું ખોટું છે ? ક્યાં આપણે સંસારમાં રહેવા માટેનો કોઈ Contract તો લીધો નથી. અહીંયાં વાત ચાલે છે જે વાત કરે છે એ તો પોતે મુનિરાજ વાત કરે છે અને મુનિરાજ વાત કરે છે તો આપણે એમ કહીએ કે આ તો બધી સાધુની વાત છે ને અમે રહ્યા સંસારી, અમે તો ગૃહસ્થ છીએ અમારે ક્યાંથી થાય ? કે ગૃહસ્થમાં પણ એની ભાવના ભાવતા હોય એને થાય. બરાબર કે નહીં ? જે મુનિરાજના આત્મરમણતાના ભાવો છે એ ભાવોથી પણ ચિત્તની પ્રસન્નતા થાય, ચિત્તને ઉલ્લાસ આવે. આત્માને એમ થાય કે હું પણ આવી દશાને ક્યારે પ્રાપ્ત કરું ! એમ હોય ને ? એમ ન હોય કે અમને તો આ ક્યાંથી હોય ? આ તો બધી સાધુ પોતાની વાત કરે છે, આપણા કામની વાત નથી. એમ ન લેવાય કાંઈ. અને ગૃહસ્થ દશામાં પણ ગૃહસ્થને યોગ્ય સ્થિતિએ પહોંચે. એટલું તો ઓછામાં ઓછું કરે. સમ્યક્દર્શન અને પંચમ ગુણસ્થાન સુધી તો ગૃહસ્થદશા છે. ચોથું ને પાંચમું ગુણસ્થાન તો આવે. ચોથું ગુણસ્થાન આવતા એને આ વાત નહીં રહે કે આ વાત તો સાધુની છે ને મારે શું ? એ વાત રહેશે નહીં. કેમકે સમ્યક્દર્શનનો વિષયભૂત આત્મા એવો નથી એટલે પોતે એવો નથી. સમ્યક્દર્શનનો વિષયભૂત પોતે આત્મા એવો નથી કે જે ગૃહસ્થી છે; એ આત્મા ગૃહસ્થી પણ નથી ને આત્મા મુનિ પણ નથી, સાધુ પણ નથી. એવો આત્મા છે કે જેમાં લીનતા કરવા યોગ્ય છે. બસ ! એવો આત્મા છે.

જેટલી વાત ઊંચી એટલો આદર વિશેષ, એમ હોય ને ? તો એ વાત ઊંચી છે એ સમજાયું કહેવાય. જો એનો આદર ઓછો થાય તો એ વાત ઊંચી છે એમ રાખ્યું નથી. એ તો ઊંચી છે પણ નકામી છે, આપણા કામની નથી એમ એનો અર્થ થાય છે. ઘણા એમ કહે કે, આ બધી ઊંચી ઊંચી વાતો છે. આપણે અત્યારે જે કરી શકીએ એવી કાંઈક વાત કરો. જે આપણે કરતા નથી, કરી શકીએ એવું નથી દેખાતું એવી ઊંચી વાતો કરવાથી શું ફાયદો ? એ માત્ર વાતો નથી પણ એ વાત થતી વખતે કહેનાર કે સાંભળનારને એવી ભાવના ઉત્પન્ન થાય છે. એ ભાવનામાં આવવાની વાત છે. એની અરુચિ થાય અને એને હડસેલો મારે એ કાંઈ કરવા યોગ્ય નથી.

પ્રશ્ન :- પ્રયત્ન કર્યા કરવો ?

સમાધાન :- ચોક્કસ. ભાવનામાં આવીને એના પ્રયત્નમાં રહેવું જ જોઈએ. બહારમાં ભૂખ લાગી હોય કે તરસ લાગી હોય ને પાણી ન મળે તો છોડી દ્યે છે પ્રયત્ન ? કે મૂકો માથાકૂટ હવે, પાણી મળતું નથી. ઘણી મહેનત કરી હવે મૂકો માથાકૂટ આ. જેને જરૂરિયાત લાગી છે એ એનો પ્રયત્ન છોડી શકે નહીં. છોડી જ ન શકે, છોડવો હોય તોપણ છોડી ન શકે, બીજું કરી જ ન શકે એ. એમ છે ખરેખર.

પ્રશ્ન :- લૌકિક પાઠની જે પ્રવૃતિ છે એ લોકસંજ્ઞાને લઈને થતી હોય છે કે ઓઘસંજ્ઞાને હિસાબે થતી હોય છે ?

સમાધાન :- જેવા જેના ભાવ. એનો જે પાઠ છે એની અંદર તો દોષનું નિવારણ કરવાની વિધિ કરી હોય છે પણ અર્થ અને એના વાચ્ય પ્રત્યે લક્ષ ન હોય તો પછી કોઈને કોઈ પ્રકાર ચાલે. કાં તો ઓઘસંજ્ઞાએ ઘડિયા બોલે એમ બોલી જાય. કોઈને લોકસંજ્ઞા હોય તો કહે, હું પણ પ્રતિક્રમણ કરું છું. રોજ પ્રતિક્રમણ કરું છું એવી ગણતરી બીજાની નજરમાં રહે એટલા માટે કરે તો એ લોકસંજ્ઞા છે. પણ એ વ્યવહાર પ્રતિક્રમણ છે એની અંદર વિકલ્પ છે અને એ પણ વ્યવહાર પ્રતિક્રમણ ક્યારે ? કે નિશ્ચય પ્રતિક્રમણ લીનતાનું થાય ત્યારે. નહીંતર તો વ્યવહાર પ્રતિક્રમણ નથી. એમ છે. વ્યવહાર અને વ્યવહારાભાસ – બે જુદી જુદી વાત છે. નિશ્ચયની ઉપસ્થિતિમાં – નિશ્ચયધર્મની ઉપસ્થિતિમાં કોઈપણ શુભ વિકલ્પને, યથોચિત શુભવિકલ્પને એનો વ્યવહાર કહેવામાં આવે છે. પણ નિશ્ચયધર્મની ઉપસ્થિતિ ન હોય તો તેવા ને તેવા વિકલ્પને વ્યવહારાભાસ કહેવામાં આવે છે. એ જ પ્રકારના વિકલ્પને વ્યવહારાભાસ કહે છે. જે વ્યવહાર નથી પણ વ્યવહારનો દેખાવ છે. જેમાં વ્યવહારનો આભાસ થાય છે તે વ્યવહારાભાસ છે.

પ્રશ્ન :- પ્રતિક્રમણ પણ ન કરે અને પ્રાયશ્ચિત્ત પણ ન થાય તો ?

સમાધાન :- તો શું કરે ? કાંઈક તો કરે ને. આરામ કરે કે પ્રમાદ કરે. પ્રમાદનું પાપ લાગે. પ્રતિક્રમણના વિકલ્પ થાય તો એને પુણ્ય થાય. પ્રતિક્રમણના પુણ્યના વિકલ્પ ન કરે તો પાપના પરિણામ કરે. કાં પાપના પરિણામ કરે કાં પુણ્યના પરિણામ કરે કાં નિશ્ચયધર્મ – શુદ્ધતાના પરિણામ કરે, આત્માના પરિણામ કરે. કાંઈક ત્રણ જાતમાંથી કોઈ એક પ્રકારના પરિણામ કરે. એને જે ઠીક લાગે એ કરે. જીવને ઠીક લાગે તે કરે, ઇષ્ટ લાગે તે કરે. એમ છે.

મુમુક્ષુ :- મિચ્છામિ દુક્કડમ કરે ઇ શુભભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ શુભભાવ છે. એક વાત કરી હતી કે દર વર્ષે મિચ્છામિ દુક્કડમ કરે. મિચ્છામિ દુક્કડમ કર્યા પછી પાછું એનું એ. એ કાંઈ મિચ્છામિ દુક્કડમ બરાબર નથી.

પ્રશ્ન :- સમજણથી આગળ ચાલે તો ?

સમાધાન :- સમજણથી આગળ ચાલે તો સારું, દોષનો નાશ થાય. દોષનો નાશ થાય એ રીતે આગળ ચાલે તો સારી વાત છે.

મુમુક્ષુ :- નિષેધ કરીએ તો સાવ કેન્સલ થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું લાગ્યા કરે છે, કેમ ? સાચી રીતે એનો નિષેધ કરવાની વાત છે. ખોટી રીતે નિષેધ કરે તો પુણ્યને છોડીને પાપમાં પરિણમે. પણ સાચી રીતે નિષેધ કરે તો વાંધો નથી. અને પુણ્યને છોડીને પાપમાં પરિણમે એનો ડર લાગે છે, ખરું ને ? અને પુણ્યની રુચિ કરીને પુણ્ય પાપના પરિણામને છોડી ન શકે એવી મિથ્યાત્વની સ્થિતિનો ડર લાગે છે કે નથી લાગતો ? એ ગંભીર વિચાર માગે એવો વિષય છે.

પ્રશ્ન :- કર્મનો ક્ષય ન થાય ?

સમાધાન :- કર્મનો ક્ષય તો ન જ થાય ને. નવા કર્મ બંધાય. શુભભાવથી શુભ પ્રકૃતિના નવા કર્મ બંધાય. 'મોક્ષમાર્ગપ્રકાશક'માં એ પ્રશ્ન ચાલ્યો છે કે, અમે શુભભાવ કરીએ તો પાપકર્મની નિર્જરા થાય કે ન થાય ? એવો સીધો જ પ્રશ્ન ચોખ્ખો જ પૂછ્યો છે કે, અમે પુણ્યના પરિણામ કરીએ, શુભભાવ કરીએ તો અશુભ અને પાપની નિર્જરા થાય કે ન થાય ? તો કહે છે, ન થાય. પુણ્ય પ્રકૃતિના – શુભ પ્રકૃતિના નવા કર્મ બંધાય, પાપની નિર્જરા એનાથી થતી નથી. એમ સ્પષ્ટ ઉત્તર આપ્યો છે. પણ શુભ છૂટશે અને શુભનો નિષેધ કરશું તો અશુભમાં ચાલ્યું જવાશે એવી ભીતિથી શુભ કર્યા કરો, (જો એમ થશે) તો મિથ્યાત્વની દઢતા થશે – દર્શનમોહ તીવ્ર થશે. દર્શનમોહનો ડર રાખવો છે કે પાપનો ડર રાખવો છે ? આ બે પ્રશ્ન સામે રાખવા.

સંસારમાં રખડાવનાર છે એનાથી ભયભીત થતો નથી અને પાપથી ભયભીત થાય છે કેમકે પાપના ઉદયમાં રોગ, શોક આદિ દરિદ્રતા ને પ્રતિકૂળતા દેખાય છે ને એવું એને જોતું નથી. એમાં શું પડ્યું છે અંદર ? પાપના ઉદયવાળા જે જગતમાં સંયોગો બીજા પ્રાણીઓને દેખાય છે એવું પોતાને જોઈતું નથી. એટલે પાપથી ડરે છે. દુઃખથી ડરે છે એટલે પાપથી ડરે છે પણ અનંત જન્મ-મરણ થાય અને અનંત દુઃખ થાય એવા મોહથી ડરતો નથી.

એ જીવનું અજ્ઞાન છે. મોટું નુકસાન છે એ દેખાય નહીં અને નાનું નુકસાન છે એ દેખાય.

'ગુરુદેવશ્રી' એવો દાખલો આપતા. રૂ નો વેપાર કરે. રૂના ધોકડાના વેપારમાં પાંચ લાખનું નુકસાન જાય એનું ધ્યાન ન રાખે અને પૂમડા વિણ્યા કરે. ધોકડાની Delivery કરે. જીનની અંદર ધોકડા મોકલે ત્યારે બારદાનની અંદર પૂમડા ચોંટ્યા રહ્યા હોય ઇ વિણ્યા કરે. બજારમાં મંદી થઈ જાય એનું કાંઈ ધ્યાન રાખે નહીં. એમ દર્શનમોહનું ધ્યાન ન રાખે ને પાપ થાય છે કે નહીં ? પુણ્ય નથી થતું તો પાપ થાય છે કે નહીં ? પાપ થાય છે કે નહીં ? એના ઉપર નજર રહ્યા કરે તો એ વાત બરાબર નથી. નુકસાનને પણ તોળવું જોઈએ ને બરાબર ! એમ. મોક્ષમાર્ગમાં તો શુદ્ધ દ્રવ્યદૃષ્ટિના હેતુથી અથવા નિશ્ચયધર્મના રક્ષણ અર્થે – એ હેતુથી શુભનો નિષેધ કરવામાં આવ્યો છે તે યોગ્ય જ છે. આ હેતુ રાખીને વાત છે. એમ ને એમ અદ્ધરથી વાત નથી. એમ છે ખરેખર તો.

**રાજાના દરબારમાં જવું હોય તો ફરતી ટહેલ નાખે, પછી એક વાર અંદર ઘૂસી જાય; તેમ સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે. ૧૫૩.**

૧૫૩. '**રાજાના દરબારમાં જવું હોય...**' દૃષ્ટાંત મૂકે છે. '**તો ફરતી ટહેલ નાખે, પછી એક વાર અંદર ઘૂસી જાય;...**' પહેલા ફરતી ટહેલ નાખે અને પછી અંદર જાય છે. '**તેમ સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખી અંદર જવાનું શીખે તો એક વાર નિજ ઘર જોઈ લે.**' દેવ-શાસ્ત્ર ને ગુરુ. સાચા દેવ – વીતરાગી દેવ, નિર્ગ્રંથ ગુરુ – અંતરબાહ્ય જેને કોઈ ગ્રંથી નથી એવા અને એમના કહેલા સિદ્ધાંત સૂત્રો જેમાં છે તે શાસ્ત્ર કહીએ કે જે એક શુદ્ધ જ્ઞાયક આત્માને બતાવી રહ્યા છે. ખરેખર તો એ બધા વીતરાગ સ્વરૂપી આત્માને સીધેસીધા બતાવી રહ્યા છે. દેવ-ગુરુ-શાસ્ત્ર બીજું કાંઈ કહેતા નથી, બીજું કાંઈ કરતા નથી. દેવ પોતે વીતરાગ સ્વરૂપે છે તો એ વીતરાગતાને બતાવી રહ્યા છે. ગુરુ પણ વીતરાગતાની

મૂર્તિ છે. વારંવાર '[illegible]' (કહીને) આત્માને - વીતરાગી આત્માને બતાવી રહ્યાં છે. એ પણ આત્માને જ બતાવે છે એટલે એને દેવ-શાસ્ત્ર ને ગુરુને સમીપ રાખવાની વાત એટલા માટે કહેવામાં આવે છે.

એની ટહેલ નાખવાની છે. આત્માની અંદર જવા માટે દેવ-ગુરુ-શાસ્ત્ર જે કાંઈ કહે છે એનું ચિંતન, મનન અને એમાંથી આગળ વધીને અંદર જવાનું શીખે તો પોતાનું ઘર એટલે પોતાનું સ્વરૂપ શું છે ? નિજ ઘર એટલે પોતાનું જે રહેવાનું સ્થાન છે જ્યાં આત્મા રહ્યો છે એવું પોતાનું સ્વસ્થાન શું છે એને જોઈ લે. જોઈ લે એટલે અનુભવ કરી લે, તેનું દર્શન કરી લે, એનું શ્રદ્ધાન કરી લે. એ પરમાત્માના - પરમાત્મારૂપી રાજાના દરબારમાં જવા પહેલાંની પ્રક્રિયા સહિતની વાત છે અહીંયાં. એમ ને એમ રાજાના દરબારમાં જવાતું નથી.

જેમ ગમે ત્યાં કોઈના ઘરમાં હાલ્યો જાય એમ રાજાના દરબારમાં જવાતું નથી. તો આ આત્મા તો રાજાનો રાજા છે. પરમપદ - પરમાત્મપદ છે. એટલે પહેલાં આંગણું સાફ હોવું જોઈએ. એના માટે દેવ-ગુરુ-શાસ્ત્રની સમીપતા રાખવાની વાત કરી છે કે જેમાંથી એવી શીખ મળે છે કે જે આત્માને અંતર્મુખ થવા માટે આત્માના નિજ ઘરમાં જવા માટેની પૂર્વભૂમિકા તૈયાર થાય. એના માટે દેવ-ગુરુ-શાસ્ત્રની સમીપતા લીધી છે. એ ત્રણેય સત્ છે - સત્દેવ, સત્ગુરુ અને સત્શાસ્ત્ર. એનો સંગ કરવાની વાત છે. એને સમીપતા કહે છે. એને સત્સંગ (કહેવામાં આવે છે). ત્રણેયને એક વાત(થી) કહેવામાં આવે તો એને સત્સંગ કહેવામાં આવે છે. જેની પાસે સત્ની વાર્તા છે. સત્ એવો આત્મા. ત્રિકાળ હયાતી ધરાવતો સત્ આત્મા, એની વાર્તા છે, એની સમીપતા, એનો સમાગમ એનું નામ સત્સંગ કહેવામાં આવે છે. સ્વરૂપ માટે એમ લીધું છે ને ? સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખે. બીજા કોઈ હેતુથી નહીં. એમ નાસ્તિ એમાં આવી જાય છે. સ્વરૂપ માટે દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતા રાખે એનો અર્થ કે બીજો કોઈ અંદર હેતુ હોય તો એને દેવ-શાસ્ત્ર-ગુરુની ખરેખર સમીપતા રહેતી નથી. અવાન્તર હેતુનો નિષેધ છે એની અંદર.

એ તો પહેલેથી એક જ વાત છે. જ્યારથી શરૂઆત કરે ત્યારથી એક જ વાત છે કે એને બીજું લક્ષ ન હોય અને એક આત્મહિતનું જ લક્ષ હોય. ત્યારથી તો આ શરૂઆતની વાત છે. પ્રારંભ ત્યાંથી છે. બીજું લક્ષ હોય તો અનાદિની જે પરિસ્થિતિ છે એમાં ફેર નહીં પડે. કેમ ? કે, એક તો જીવને અનાદિથી સ્વરૂપ સંબંધીના કોઈ સંસ્કાર નથી. બરાબર છે ? ભૂતકાળમાં અનેક પ્રકારના લટા લટા એવા એવા આ જીવે પરિણામ કર્યા છે

કે જેને લઈને એને પુરુષાર્થ હીનતા, હીન પુરુષાર્થપણું વર્તી રહ્યું છે. બરાબર છે ? પુરુષાર્થ કરીને, સ્વરૂપનો પુરુષાર્થ કરીને આત્મકાર્ય કરી શકતો નથી. ત્રીજું, બહારમાં અસત્સંગનો ઘેરાવો એવો છે. વર્તમાનકાળમાં એ પ્રકારના સંયોગો છે કે જેના કારણે એ સંયોગને અનુસરીને થતાં જે પરિણામ, એ પરિણામને લઈને એને આત્મકાર્ય કરવું જરા દુર્લભ થઈ પડે છે, દુર્ગમ થઈ પડે છે, અઘરું - કઠણ લાગે છે એવી પરિસ્થિતિ છે. એવી પરિસ્થિતિમાં જ ભો છે કે એને કાર્ય થવું અઘરું લાગે તો એમાં કાંઈ નવાઈ નથી. અથવા અનંતકાળથી એનું કાર્ય નથી થયું તો એવી જ પરિસ્થિતિમાં એ આગળ પાછળ રહ્યો છે કે એનું કાર્ય નથી થયું.

હવે એનો ઉપાય શું ? ઉપાય એક કે એ બધી પરિસ્થિતિ હોવા છતાં પણ આ એક કામ કરી લેવું છે એવું લક્ષ થઈ જાય તો એ કામ જરૂર કરી શકે. એવી પરિસ્થિતિ હોવા છતાં આ એક કામ કરવું જ છે એવો નિર્ણય કરે. નિર્ણય કરે એટલે એવું કરવા ધારે એમ માનીને એનો પ્રયત્ન ચાલે તો એનું કાર્ય થાય, થાય ને થાય જ. અને નહીંતર કોઈ રીતે ન થાય. એ વાત એમ ને એમ રહેવાની છે.

મુમુક્ષુ :- નિરંતર રહેવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમન પણ નિરંતર જ થવાનું ને ! તો એના માટેનો પ્રયત્ન પણ નિરંતર જ હોવો જોઈએ. પરિણમન કાંઈ એકવાર પરિણમન થઈ ગયું એટલે બસ, હવે પછી ભલે ઊંધું પરિણમન ચાલે એવો તો કાંઈ આ વિષય નથી. આ તો જ્યારથી એનું આત્મિક જીવન શરૂ થાય ત્યારથી એનું એ જ જીવન વૃદ્ધિગત થઈને પૂર્ણતાને પહોંચે ત્યાં સુધી જે એ વિષયના ઘણા પુરુષાર્થવંત મહાત્માઓ છે એ પણ ઠરીને ઠામ થઈને બેસતા નથી.

'શ્રીમદ્જી' તો પોતે ગૃહસ્થ દશામાં છે એટલે બહુ લખે છે કે, તીર્થંકર જેવાએ પણ ક્યાંય... પોતે સમર્થ પુરુષ હતા. ચરમશરીરી હોય તોપણ એમણે સતતપણે એ પુરુષાર્થમાં લાગ્યા રહેવાનો પ્રયત્ન અને કાર્ય કર્યું છે તો બીજા કોઈએ બીજી વાત વિચારવી કે પ્રમાદમાં રહેવું એ સ્વપ્ને પણ વિકલ્પ કરવા જેવો નથી. એમ લીધું છે. સ્વપ્ને પણ એ વિચાર કરવા જેવો નથી કે આને પાછળ મૂકો હવે અત્યારે બીજું કામ અને બીજી જરૂરિયાત છે, સ્વાધ્યાય તો થઈ ગયો હવે, ઇ વાત તો પૂરી થઈ ગઈ, ઇ આત્માનો તો થોડીવાર કલાક, બે કલાક વિચાર કરી લીધો હવે. એમ નથી. બીજા કાર્યો કરવા પડે તોપણ એનું ચિત્ત આ બાજુનું

રહે એવી સ્થિતિ થવી જોઈએ. નહીંતર આ વાંચતા વાંચતા ચિત્ત પેલી બાજુનું થઈ જશે ને રહી જશે. કેમકે એ જરૂરિયાતનો વિષય છે.

ખરેખર તો મુમુક્ષુજીવે તપાસવા જેવો કોઈ વિષય હોય તો એ છે કે, તને શેની જરૂર છે ? તારી જરૂરિયાત શું ? જે જગતના અનુકૂળતાના પદાર્થો એ તારી જરૂરિયાત ? કે તારી આત્મિક શાંતિ એ તારી જરૂરિયાત ? આત્મિક સુખ એ તારી જરૂરિયાત ? તારી જરૂરિયાત શું ? બધું અનુકૂળ રહે ને સુખ સગવડતાવાળું રહે એટલી જરૂરિયાત કે અંદરથી આત્માની શાંતિ પજે એ તારી જરૂરિયાત ? જે જરૂરિયાત હશે, જેની જરૂરિયાત હશે એનો પુરુષાર્થ ચાલશે. પુરુષાર્થ વિનાનો જીવ ક્યારેય નથી. સતત પુરુષાર્થવંત છે. શેનો પુરુષાર્થ સતત કરે છે ? કે જેની જરૂરિયાત લાગી છે એનો પુરુષાર્થ એ સતત કર્યા જ કરે છે, કર્યા વિના રહેતો નથી. આ વાસ્તવિકતા છે, પરિણમનની આ વાસ્તવિકતા છે. તેમ સ્વરૂપ માટે એટલે સ્વરૂપ પ્રાપ્તિ માટે, જેને એ સ્વરૂપ પ્રાપ્ત છે અથવા જેની પાસે એ પ્રાપ્તિના અનુભવની વાર્તા છે – અનુભવપૂર્વકની પ્રાપ્તિની વાત છે, જેણે માર્ગ જોયો છે – 'દિઠમગ્ગા' જેને કહેવામાં આવે છે, માર્ગ જેણે જોયો છે. માર્ગને જોયેલો, માર્ગને પામેલો માર્ગ બતાવી શકે છે. જેણે માર્ગ જોયો નથી એવા અંધ છે એ માર્ગ બતાવી શકે એવું બની શકતું નથી.

પ્રશ્ન :– ટહેલ નાખવી એટલે શું ?

સમાધાન :– હા ! ઇ ટહેલ નાખવી. ટહેલ નાખવી એટલે સીધો એનો અર્થ વિચારીએ તો માગણી કરવી. આ નથી ટહેલ નાખતા ? ગામડામાં આવે છે, અહીંયાં ઓછા દેખાય છે. પરોઢિયે ચાર વાગે, પાંચ વાગે ટહેલ નાખવા નીકળે. લોકો સૂતા હોય ત્યારે ટહેલ નાખે. છ વાગે તો બધા પોતાના નિત્યક્રમમાં લાગે ત્યારે તો ટહેલ નાખવાવાળાએ કામ પૂરું કરી નાખ્યું હોય. રોજ ટહેલ નાખે. મહિનો, બે મહિનો ટહેલ નાખ્યા પછી આવે. (આવીને કહે), 'બે મહિનાથી ટહેલ નાખું છું. કાંઈક તમને ઠીક લાગે ઇ મને આપો પછી હું બહારગામ ચાલ્યો જવાનો. અહીંનો માણસ નથી, હું બહારગામ રહું છું. બહારગામથી ટહેલ નાખવા આવ્યો છું.' તો એનો અર્થ શું ? કે માગવાની પણ એક કેવી મૃદુતા છે, નમ્રતા છે. નમ્રતાથી માગવું. માગવું એમ નહીં પણ બહુ નમ્રતાથી માગવું એનું નામ ટહેલ છે. ઠીક ! સીધો અર્થ એનો એવો છે. ઘણી નમ્રતાથી માગે છે. ઓલા અઘોરીની જેમ નથી, પૈસો દે નહીંતર લોહી કાઢું છું. અને કાં તો વિષ્ટાની તુંબડી ભરીને આવે, જે કાંઈ દશ્ય જોવું ન ગમે એવું ભું કરે એટલે માણસ કંટાળીને પણ પૈસાનો ઘા કરે. એ પણ માગવાની જ પદ્ધતિ છે

અને આ ટહેલ નાખવું એ પણ માગવાની પદ્ધતિ છે. (અહીંયાં) આ પરમેશ્વર પદ છે એની પાસે ટહેલ નાખવાની વાત છે. સત્સમાગમમાં રહીને પોતાના પરમાત્મા પાસે પોતાના સ્વાનુભવની ટહેલ નાખે છે.

એકવાર પ્રત્યક્ષમાં એવો પ્રશ્ન ચાલ્યો હતો. આ ટહેલ નાખવાનું દૃષ્ટાંત થોડું નવું લાગે છે. (તો પૂજ્ય બહેનશ્રીએ કહ્યું), હા. રોજ ટહેલ નાખ. જ્યાં સુધી તને અનુભવ ન થાય (ત્યાં સુધી) ટહેલ નાખ તું. એમ કહે છે. એવી વાત ચાલી હતી. ટહેલ નાખતો નાખતો તું થાકીશ નહીં, એમ કહે છે. એવી ચર્ચા ચાલી હતી બહુ યાદ નથી. (કોઈ મુમુક્ષુએ) થોડી વાત કાઢી હતી કે, 'વચનામૃત'માં આ ટહેલ નાખવાનું આવે છે એ શું છે ? એના ભાવ કંઈક ખોલો. ત્યારે એવી વાત કરી હતી કે, તું તારા પરમાત્મા પાસે, પરમપદ પાસે તારા સ્વાનુભવની, તારી શાંતિની, આનંદની માંગણી કર. અંદર આનંદ ભર્યો છે એ આનંદ દ્યે એવો છે, શાંતિ દ્યે એવો છે તો એની પાસે તું ટહેલ નાખ તો તને આનંદ અને શાંતિની પ્રાપ્તિ થાય. પણ ટહેલ નાખતા નાખતા થાકીશ નહીં તું. જ્યાં સુધી તને આનંદ અને શાંતિ ન મળે ત્યાં સુધી એની ટહેલ તું નાખજે. એ બહુ સારી વાત કરી છે. નહીંતર માણસ શું કરે છે ? કે, ભાઈ ! પ્રયત્ન તો કર્યો. ઘણાં વર્ષ વાંચન કર્યું, ઘણાં વર્ષ સાંભળ્યું પણ કાંઈ વળતું નથી. એટલે પરિણામ જે પહેલાં ઉત્સાહવાળા ને ભાવવાળા હતા પ્રારંભમાં, હવે એટલો ઉત્સાહ રહ્યો નથી. એ થાકી ગયો છે અને એને શાંતિ જોઈએ છે એ વાત હવે રહેતી નથી.

આ તો પોતાને સુખ, શાંતિ થાય એની વાત છે. કોઈના માટે કરવાની વાત છે ? પોતાને જોઈએ અને પોતાને ગરજ ન હોય તો પોતાને ક્યાંથી મળે ? આ સીધી વાત છે. જરૂર એકવાર નિજ ઘર જોઈ લે. એકવાર જોઈ લે પછી એનો અર્થ એમ નથી એકવાર જોઈ લે પછી પાછો વળી જાય. એમ નથી કાંઈ. એકવાર જે પોતાનું ઘર જોવે તે પછી એવા અદ્ભુત આત્મવૈભવથી, આત્મગુણોના વૈભવથી ભરેલું ઘર છે એને ભૂલે નહીં. છ ખંડના ચક્રવર્તીને છ ખંડ ખાલી ખાલી લાગે છે. એમ નથી કહેતા માણસ કે, ઘરમાંથી બધા ચાલ્યા જાય તો આ ઘર ખાલી ખાલી લાગે છે. અને ઘણાં માણસોની સાથે રહેલા હોય તો એને ભર્યું ભર્યું લાગે છે. સમ્યક્દૃષ્ટિ ચક્રવર્તી હોય તો એને છ ખંડ ખાલી ખાલી લાગે છે. પોતાથી શૂન્ય લાગે છે, પોતાના અભાવ સ્વરૂપે લાગે છે. આમાં કાંઈ નથી, આમાં કોઈ મારું નથી, આમા કાંઈ છે નહીં અને અંદરમાં પોતાનો આત્મપદાર્થ અનંત ગુણના

રત્નોના ઓરડાથી ભરેલો લાગે છે. રત્નોના વૈભવથી, ગુણ રત્નોના વૈભવથી ભરપૂર પદાર્થ લાગે છે કે જેની મહિમા પાસે આખું જગત એક તૃણવત ભાસે છે. તૃણ એટલે ખડનું તણખલું, એને તૃણ કહે છે. સંસ્કૃત ભાષામાં એને તૃણ કહે છે. ઘાસનું એક તણખલું હોય કે જેની કાંઈ કિંમત નથી જગતની અંદર. એની શું કિંમત છે ? કાંઈ મળે ખરું ? એક તણખલાની સામે શું ચીજ મળે ? કે કાંઈ નહીં. એનો કોઈ ઉપયોગ ન થાય. મનુષ્ય તો એને વાપરી શકે નહીં. એવું તૃણવત લાગે. એવો મહિમાવંત પોતાનો આત્મા લાગે એને. ત્યારે એ ટહેલ નાખીને અંદર જાય છે. એકવાર જોઈ લે, બસ ! ફરીને એને કહેવાની જરૂર નથી રહેતી. એકવાર જોઈ લે એનો અર્થ એ છે કે, ફરીને એને કહેવાની જરૂર નથી રહેતી કે હવે આ આત્માનું આરાધન કર, આ આત્મામાં ઠરીને ઠામ થા, આ જ તારું નિવાસસ્થાન છે, આ સિવાય તારું રહેવાનું સ્થાન કોઈ નથી. એ એને કહેવાની જરૂર રહેતી નથી.

એટલા માટે ઉપદેશ અને બોધનો બહુભાગ વિષય જેણે આત્મા જોયો નથી એના માટે છે. જેને આત્મબોધ થયો એને કોઈ વિશેષ બોધ આપવાનો પ્રસંગ હોતો નથી. આવે છે, શાસ્ત્રની અંદર મુનિઓને, ગૃહસ્થ સાધકોને સંબોધન હોય છે, ઉપદેશ હોય છે પણ એ તો વીતરાગતાની વૃદ્ધિ – આરાધનાની વૃદ્ધિ કરીને પૂર્ણતા થવા અર્થે. મુખ્ય વિષય તો જેણે પોતાનું ઘર જોયું નથી અને અનંતકાળથી પરિભ્રમણ કરે છે અને ઘર જોયું નથી એ જ પરિભ્રમણનું એને કારણ છે. એટલે એને મુખ્ય વિષય, વિસ્તાર જે કાંઈ કરવામાં આવ્યો છે, બોધનો, ઉપદેશનો વિસ્તાર છે એ એના માટે વિશેષપણે સત્ શાસ્ત્રમાં જોવામાં આવે છે.

જેણે ઉપદેશ ગ્રહણ કરી લીધો એને તો દૃઢતા અર્થે ક્યારેક કહેવાનું બને. વિશેષ પ્રયોજન નથી. કેમકે એ તો સ્વતઃ આપોઆપ જ પોતાના પુરુષાર્થમાં લાગેલો છે ને આગળ વધતો જ જાય છે અને પૂર્ણ થવાનો જ છે, એ અપૂર્ણ રહેવાનો નથી. એવું જ કોઈ એનું Automatic પરિણમન ગોઠવાઈ જાય છે. એ સ્થિતિમાં આવવા અર્થે પહેલાં એનો ઉપદેશ દેવામાં આવે છે.

એકવાર તો નિજ ઘર જોઈ લે, એમ કહે છે. ટહેલ નાખીને દેવ-ગુરુ-શાસ્ત્રને સમીપ રાખીને એકવાર તો તું તારું ઘર જોઈ લે. તારું ઘર જ્યાં સુધી તેં જોયું નથી ત્યાં સુધી તું બહાર પરઘરમાં ભટક્યા કરે છો. એ ભટકવું બંધ કર, એમ કહે છે. એ ભટકવામાં

તને ક્યાંય શાંતિ ને નિરાંત વળે એવું નથી. બહુભાગ તો શું થાય છે કે આ વિષયનો વિચાર નથી. વિચારમાં પણ જેને આ વિષય નથી એને તો એકલી પરદ્રવ્યની પ્રાપ્તિ, પરદ્રવ્યની સાવધાની, પરદ્રવ્યની જાળવણી, પરદ્રવ્યની વૃદ્ધિ કરવી એટલો પરદ્રવ્ય સંબંધીનો રસ વધતો જાય છે કે, એ એને દુઃખનું ને બેચેનીનું કારણ થાય છે.

જીવને દુઃખનું ને બેચેનીનું કારણ શું કરવા ? આર્થિક રીતે અથવા બાહ્ય સામગ્રીથી સંપન્ન હોવા છતાં એને શા માટે અંદરની આત્માની શાંતિ ને સુખ ચેન નથી ? કે એને જે વર્તમાન પ્રાપ્ત સંયોગો છે એનો રસ ને રુચિ એ જ એની બેચેનીને ઉત્પન્ન કરે છે. એના દુઃખને ઉત્પન્ન કોણ કરે છે ? એ જ કરે છે. જડનો રસ ચૈતન્યના શાંતરસને લૂંટે છે ને આકુળતા ઉત્પન્ન કરે છે. એ વૈજ્ઞાનિક છે એ તો.

મુમુક્ષુ :– જડના રસને તોડવા માટે દેવ-શાસ્ત્ર-ગુરુ..

પૂજ્ય ભાઈશ્રી :– દેવ-ગુરુ-શાસ્ત્ર, જેના વચનો ચૈતન્યરસથી ઝરતા (છે), જેના વચનોમાં ચૈતન્યરસ ઝરે છે. એટલે તો કહ્યું કે, પુષ્પરસથી પરમાગમ ઝરે છે. અમારા મુખકમળથી આગમનો પુષ્પરસ પરમાગમ મકરંદ ઝરે છે. 'મકરંદ' સાહિત્યનો શબ્દ છે. પુષ્પરસને મકરંદ કહે છે. એ ઝરે છે. એમાં એકલો શાંતરસ છે. શાંતરસની ભૂમિકામાંથી નીકળેલા એ વચનો છે અને શાંતરસના અનુભવમાં બોળી બોળીને લખેલી એ વાત છે. શાંતરસમાં કલમ બોળી બોળીને લખી છે. એમાં શાંતિ કેમ થાય એ જ વાત આવે છે. બીજી આડીઅવળી વાત આવતી નથી. તું પુણ્ય કરીશ તો સુખી થઈશ અને તને પુણ્યના સંયોગો મળશે, પુણ્યના ફળ મળશે એ વાત એમની પાસે હોતી નથી.

મુમુક્ષુ :– સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ પાસે એ વાત નથી હોતી.

પૂજ્ય ભાઈશ્રી :– એ વાત નથી. એ વાત માટે જગતમાં ઘણાં સંપ્રદાયો છે. એટલે તો 'ટોડરમલજી'એ દિગંબર સિવાયના સંપ્રદાયને અજૈનમાં નાખ્યા. જૈન સંપ્રદાય ન કહ્યાં. નામ તો જૈન છે. ચોવીસ તીર્થંકરને એ લોકો માને છે, નવ તત્ત્વને માને છે, નમસ્કાર મંત્રને, પંચપરમેષ્ઠી મંત્રને માને છે. જૈન સંપ્રદાયમાં ન લીધા એમને. કેમકે પુણ્યથી ધર્મ થતો હોવાનું એ કહે છે. જે બીજા સંપ્રદાય કહે છે એ આ કહે છે. ગૃહીત મિથ્યાત્વ થયું ને. અન્યમત એટલે શું ? કે, ગૃહીત મિથ્યાત્વ થાય એને અન્યમત કહેવામાં આવે છે. ગૃહીત થઈ ગયું. જો કે દિગંબર સંપ્રદાય નામ જ રહ્યું છે. બાકી તો અન્યમત જેવું બધું ચાલે છે. દેવદેવલા પણ ઘણા ઘૂસી ગયા. જાણે કે એ દેવદેવલા કાંઈક આપી દેશે, સુખી

કરી દેશે અને સંયોગમાં પ્રતિકૂળતા આવતી હશે તો હડસેલી દેશે, અનુકૂળતાને લાવી દેશે. જેવું અન્યમતમાં છે એવું એ લોકો પણ માનતા થઈ ગયા.

મુમુક્ષુ :– સાચા દેવ-શાસ્ત્ર-ગુરુની વાત માની નહીં

પૂજ્ય ભાઈશ્રી :– સાચા દેવ-ગુરુ-શાસ્ત્રથી વિરુદ્ધ ચાલ્યા. માની તો નહીં પણ વિરુદ્ધ ચાલ્યા. એમ છે ખરેખર તો.

પ્રશ્ન :– દેવ-શાસ્ત્ર-ગુરુની સમીપતામાં શું લેવું ?

સમાધાન :– સમીપતામાં ભાવની સમીપતાનો વિષય છે, ક્ષેત્રની સમીપતાનો વિષય નથી. સમીપતા એટલે ક્ષેત્રથી નજીક રહે એમ ખાલી વિષય નથી. પણ એમનો જે ઉપદેશ છે એ હૃદયમાં ધારણ કરે ત્યારે એને એમ લાગે કે હું ભાવે સમીપ છું, હું એમની નજીક છું. જે એમના ભાવ છે એમને મળતા મારા ભાવ છે માટે ભાવથી હું એમની નજીક છું. માણસ નથી બોલતા ? બહુ મિત્રાચારી હોય, બહુ સંબંધ હોય, ગાઢ સંબંધ હોય તો કહે, અમારે નજીકનો સંબંધ છે. શું કહે ? નજીકનો સંબંધ એટલે ઘર બાજુ બાજુમાં છે એમ કાંઈ છે ? ગમે ત્યાં રહેતા હોય. અમારે બહુ નજીકનો સંબંધ છે. એમ ભાવે નજીકની વાત છે.

જે દેવ-ગુરુ-શાસ્ત્રનો વીતરાગ ભાવ છે, એમણે કહેવા ધારેલું જે વીતરાગ સ્વરૂપ છે એવો જ ભાવ પોતાને અંદરથી, ભાવથી એવો ભાવ રહે. ભાવથી રહે, એમ. ત્યારે એને ભાવથી નજીકતા થઈ એમ કહેવામાં આવે છે. સમીપતા થઈ એની, એની સમીપ છે એ. એ રીતે સમીપ રાખીને અંદર જવાનું શીખે. ભાવથી સમીપ થઈને અંદર જવાનું શીખે. દેવ-ગુરુ-શાસ્ત્રની ભાવની સમીપતા ન આવે તો અંદર જવાનું એ કહે છે એ પણ વાત એની સમજમાં ન આવે. આમ અંતર્મુખ થવાય છે, આમ પ્રત્યક્ષ આરાધન થાય છે એમ કહેનાર પ્રત્યે એને બહુમાન આવે છે, ભક્તિ આવે છે એ પણ એની સમીપતા છે. કહેનાર પ્રત્યે એને ભક્તિ અને બહુમાન આવે કે, અરે...! આ રસ્તો – અનાદિનો અજાણ્યો રસ્તો તમે બતાવ્યો. (તમે) ઉદ્ધાર કરી નાખ્યો, મારો નિવેડો કરી નાખ્યો. એને એના પ્રત્યે અત્યંત બહુમાન આવે છે એ પણ એની સમીપતા છે. એ ઇ રીતની સમીપતા છે કે, જેને લઈને એનો બોધ એને પરિણમવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે.

બોધ તો અનંત વાર મળ્યો છે પણ યોગ્યતા તૈયાર નથી થઈ. એટલે યોગ્યતા કઈ રીતે તૈયાર થાય એ વાત પહેલી જોવાની છે. યોગ્યતા વિના તો ઉપદેશ મળશે તોપણ

એ ઉપદેશ લાગવાનો નથી. લાગતો નથી એ પરિસ્થિતિ રહી છે, અનાદિથી તો એ પરિસ્થિતિ રહી છે. સમીપતામાં એ વાત છે. પાત્ર થવાની વાત છે. સીધી રીતે કહીએ તો પાત્ર થવાની વાત છે. પાત્ર થાય તો અંદર જાય. પહેલાં પાત્રતા ન આવે અને સીધો કોઈ અંદર જાય એ વાત કાંઈ અહીંયાં થઈ શકે એવું નથી. (વિશેષ લઈશું...)

***

દેહની - પીડા વગેરેનું દુ:ખનું વેદન - અનુભવનો વિષય છે, માત્ર વિચારનો વિષય નથી, તો તેના નિવારણ માટે, માત્ર સુખ કે આત્માનો વિચાર કરવાથી તે દુ:ખ મટવાનું કેમ બને ? તે માટે તો સુખ સ્વભાવનું પરિણમન થવું ઘટે છે. કોઈ એક વિચારને વિરુદ્ધ વિચારથી બંધ કરી શકાય, પરંતુ વેદનનું બળવાનપણું હોવાથી, તે માત્ર વિચારથી રોકી શકાય કે બંધ કરી શકાય નહિ. દુ:ખનું વેદન સુખના વેદનથી જ ટાળી શકાય, સુખ સ્વભાવનું ગ્રહણ થવાથી, કલ્પના માત્રથી ઉત્પન્ન થયેલું દુ:ખ, કલ્પના છૂટી જવાથી મટે છે. તેથી જ્ઞાયકનો વિકલ્પ, કે ચિંતન, દુ:ખનો નાશ કરવા સમર્થ નથી. સુખ વેદન જ દુ:ખનો ઉપાય છે.

(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' – ૯૦૫)

**જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે. જેને આ સમજવાની રુચિ હોય તેને બીજું ન ગમે કાલ કરીશ, કાલ કરીશ' એવા વાયદા ન હોય. અંદર ગડમથલ ચાલ્યા જ કરે અને એમ થાય કે મારે હમણાં જ કરવું છે. ૧૫૪.**

## તા. ૪-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૫૪,૧૫૫
## પ્રવચન નં. ૧૧૬

'બહેનશ્રીના વચનામૃત' પાનું. ૪૭, ૧૫૪ નંબરનો બોલ છે. રુચિ વિશે બોલ છે. **'જેને જેની રુચિ હોય તેને તે જ ગમે, બીજું ડખલરૂપ લાગે.'** પરિણામનો આ સિદ્ધાંત છે કે જેને જેની રુચિ હોય છે એ જ પદાર્થ એને ગમે છે, એ સિવાયનું બીજું વચ્ચે આવે તો એને ડખલ જેવું લાગે છે નડતર જેવું લાગે છે. અન્ય પદાર્થની રુચિમાં પણ સર્વ સામાન્ય અનુભવગોચર વિષય છે. જેને જે ગમે છે એ ગમવા સંબંધીના પરિણામમાં એથી વિરુદ્ધ વિષય પોસાતો નથી. એ સિદ્ધાંત અનુસાર જેને આ સમજવાની રુચિ હોય એને બીજું ન ગમે અથવા જેને આત્માની રુચિ હોય, તત્ત્વની રુચિ હોય એને આ સિવાય જગતના બીજા કાર્યો છે એ એને ડખલરૂપ લાગે છે.

જેમ જગતના જીવોને બાહ્ય કાર્યોની રુચિ છે તો એને તત્ત્વની અરુચિ થાય છે. તત્ત્વની અરુચિમાં તત્ત્વ સંબંધીની જે પ્રવૃત્તિ છે એ કરવાને બદલે જીવ જગતના કાર્યો પાછળ લાગેલો રહે છે અથવા જ્યાં સુખનો નિર્ણય છે ત્યાં જીવના પરિણામ રુચિપૂર્વક જાય છે અને એ

સુખમાં બાધા પહોંચે એ ડખલરૂપ જ લાગે, ડખલરૂપ ન લાગે તો બીજું શું લાગે ? રુચિ પણ આખરમાં તો સુખના નિર્ણય સાથે સંબંધ ધરાવે છે. જ્યાં સુખનો નિર્ણય ત્યાં રુચિ દોડીને જાય છે અથવા નિર્ણય જ્ઞાન કરે છે, રુચિ જ્ઞાનને અનુસરે છે, એમ કહેવું છે.

અનાદિથી જે વિપરિત સમજણ છે તે અનુસાર બાહ્ય પદાર્થને વિશે સુખ છે અને તેથી રુચિ પણ બાહ્ય પદાર્થને અનુસરે છે. બાહ્ય પદાર્થની રુચિમાં આત્માની રુચિનો અભાવ છે, આત્માની રુચિમાં બાહ્ય પદાર્થ(ની રુચિનો) અભાવ હોય છે. એમ પરસ્પર એકસાથે બે વિરુદ્ધ વિષયમાં રુચિ કામ કરતી નથી. કોઈ એમ કહે કે અમને આત્માની પણ રુચિ છે અન બીજી આત્મા સિવાય અનાત્મભાવોની, શુભભાવોની પણ રુચિ છે, શુભભાવના ફળની પણ રુચિ છે (પણ) એવું બનતું નથી. (કારણ કે બન્ને) પરસ્પર વિરુદ્ધ છે.

મુમુક્ષુ :- સુખનો નિર્ણય છે તે બાજુ જાય. એટલે જ્ઞાનથી ગડબડ પડી.

પૂજ્ય ભાઈશ્રી :- રુચિનો એવો નિયમ છે. પાયામાં બધે જ્ઞાન છે. અનંત ગુણોમાં આત્મા જ્ઞાન વિશિષ્ટ, જ્ઞાનસ્વભાવી દ્રવ્ય કહેવામાં આવે છે એનું કારણ એ છે કે જ્ઞાન અનંત ગુણોના સમૂહમાં એક નેતા જેવું કામ કરે છે. જેમ નેતાને બીજા બધા અનુસરે છે એમ જ્ઞાનને – યથાર્થ જ્ઞાનને બીજા બધા અનુસરે છે. રુચિ પણ જ્ઞાન અનુસાર જાગે છે. જો પોતાના સ્વરૂપમાં રહેલા ગુણનિધિનો નિર્ણય થાય તો રુચિ એની જાગૃત થાય છે. એ તો સ્વરૂપ નિશ્ચયના પ્રકરણમાં એ વિષય ચાલે છે.

જેને આ સમજવાની રુચિ હોય, જેને આત્માની રુચિ હોય, જેને તત્ત્વ સમજવું છે એને બીજું પણ ગમે અને આ પણ ગમે એમ બનતું નથી. અથવા અંતર સંશોધનથી રુચિ ક્યાં છે એમ સમજવું હોય, પકડવું હોય તો જીવને શું ગમે છે અને શું નથી ગમતું એનું અવલોકન કરે તો એને એની રુચિ ક્યાં કામ કરે છે એ સમજાય એવું છે, ન સમજાય એવું બને નહીં. એટલે આત્માની રુચિમાં આત્મા જ રુચે છે અથવા ગમે છે અને અનાત્મ ભાવો અને અનાત્મ પદાર્થો રુચતા નથી અથવા ગમતા નથી. બન્ને સાથે ગમે – આ પણ ગમે અને આ પણ ગમે એવું બનતું નથી. વિરુદ્ધ વિષય છે એટલે.

પોતે આત્મા સિવાય બધું પર છે અને સર્વોત્કૃષ્ટ પદાર્થ પોતે છે એ જેને સમજણથી રુચિમાં રુચ્યો એને બીજું પણ રુચે એ વાત બનતી નથી. અથવા પોતાની રુચિનો વિષય એવો જે પોતાનો શુદ્ધ આત્મા એ સિવાયનું બીજું બધું એને પોતાથી શૂન્ય અથવા પોતાથી ખાલી લાગે છે એટલે બીજે રુચિ ઉત્પન્ન થવાનો એને પ્રશ્ન રહેતો નથી. જેને આત્મા શૂન્યવત્

ભાસે છે, જાણે પોતે છે જ નહીં, અનંતગુણનો નિધિ જાણે એવું કાંઈ છે જ નહીં એને બીજું રુચે છે, એને અન્ય દ્રવ્ય અને અન્ય ભાવ નિયમથી રુચે છે અથવા એ ધર્મ પણ શુભની રુચિથી કરે છે અને 'ગુરુદેવશ્રી' કહે છે એમ જેને શુભની રુચિ છે એને પુણ્યની રુચિ છે, પુણ્યની રુચિ છે એને જડની, પુણ્યના ફળની રુચિ છે અને એને એમાં આત્માની રુચિ હોતી નથી. આવો નિયમ છે.

રુચિનું એક બીજું પડખું પણ અહીંયાં લીધું છે કે, '**કાલ કરીશ, કાલ કરીશ એવા વાયદા ન હોય.**' આ એક રુચિસૂચક પરિણામ છે કે જેને જેની રુચિ છે એને એ સંબંધીનું કાર્ય પણ તત્કાળ કરવું છે. 'સોગાનીજી' રુચિના વિષયમાં એક દૃષ્ટાંત આપતા હતા કે, પતંગિયાને દીવો રુચે છે. આ દીવાના જીવડાં થાય છે, પતંગિયા થાય છે, દીવાના જીવડાં થાય છે એને દીવો રુચે છે તો એ વિચાર કરવા નથી રહેતું કે આ દીવા પ્રત્યે હું ગમન કરું, અત્યારે ગમન કરું, જલદી ગમન કરું, ધીમે ધીમે જાઉં એ કાંઈ વિચાર કરવા રોકાતો નથી. એવી ઝપટ મારે છે દીવા ઉપર કે પોતાની જાતનું સમર્પણ કરી દ્યે છે, સ્વાહા થઈ જાય છે. અત્યારે તો આ વિજળીના દીવા છે પણ પહેલાં આ કોડિયાના ને ફાનસના દીવા હતા, જેમાં અગ્નિની ખુલ્લી જ્યોત હોય. એના ઉપર ઝપટ મારે પતંગિયું (એટલે) બળીને મરી જાય. બળીને મરી જાય તોપણ એ પોતાની રુચિના વિષયથી દૂર રહી ન શકે એવી એની અનન્ય રુચિ દીવા પ્રત્યે હોય છે.

આ આત્મા છે ઇ તો ચૈતન્ય દીવો છે એની રુચિમાં એનાથી અનન્યપણું, રુચિ છે એ અનન્યપણાનો ભાવ ધારણ કરે છે, એનાથી ભાવમાં જુદાંપણું, એનાથી અનુભવમાં જુદાંપણું જીવને પોસાતું નથી. એટલે અત્યારે બીજું કામ છે ને અત્યારે બીજું મહત્વનું કામ છે ને આ કાર્ય – મારું કાર્ય હું પછી કરીશ એ પ્રકારના પરિણામ છે એ આત્માની અરુચિને પ્રસિદ્ધ કરનારા પરિણામ છે. એમાં આત્માની અરુચિ છે, રુચિ નથી. એ પણ બહુ ઉપલક્ષણથી અનુભવનું સંશોધન છે.

'**કાલ કરીશ, કાલ કરીશ એવા વાયદા ન હોય.**' અથવા પછી કરીશ, પછી કરીશ એવા વાયદા એમાં ન હોય. 'સોગાનીજી' તો ત્યાં સુધી લેતા કે આત્માનો પુરુષાર્થ શીઘ્રપણે કર્તવ્ય છે. એકદમ... આ ૧૫૧માં લીધું ને ! '**એકદમ પુરુષાર્થ કરીને તારા ચૈતન્યસ્વભાવમાં ઊંડો તરી જા.**' એકદમનો અર્થ છે કે શીઘ્ર પુરુષાર્થ કરીને, ત્વરાથી પુરુષાર્થ કરીને આત્મામાં ઊંડો તરી જા એમ કહેવું છે. કેમકે રુચિપૂર્વક પુરુષાર્થ કરે છે અને રુચિ અનુયાયી વીર્ય.

તો શીઘ્ર પુરુષાર્થ કરવાનો ત્યાં પરિણામ થાય છે. અભિપ્રાય પણ એવો રહે છે અને કાર્ય પણ અભિપ્રાય અનુસાર થોડાઘણાં અંશે ઉત્પન્ન થયા વિના રહે નહીં.

પ્રશ્ન :- એટલે જેટલી તીવ્ર રુચિ એટલો તીવ્ર પુરુષાર્થ ?

સમાધાન :- જેટલી તીવ્ર રુચિ અને જેટલું જ્ઞાનમાં સ્વદ્રવ્યનું સુસ્પષ્ટપણે ગ્રહણ એટલો પુરુષાર્થ જોરથી સહજ જ પડે છે. એને પણ સીધો જ્ઞાન સાથે સંબંધ છે.

'સોગાનીજી' ત્યાં સુધી કહેતા. કેમકે (ઘણાં જીવોએ) નિવૃત્તિ લીધી, 'સોનગઢ'માં રહ્યા. ત્યાં 'સોનગઢ'માં ચર્ચાઓ ચાલતી અને વર્ષોથી રહેતા હોય. એ લોકો ચર્ચામાં આવતા હતા. તો કે પહેલાં સાંભળી લઉં, પહેલાં વાંચી લઉં, પહેલાં હજી થોડું સાંભળી લઉં, હજુ થોડું સાંભળી લઉં, હજી થોડું વાંચી લઉં, પહેલાં વાંચન કરું, પહેલાં શ્રવણ કરું પછી હું પુરુષાર્થ કરીશ એવું પુરુષાર્થને વિશે પરિણામ આવે છે એ પોતાના સ્વકાર્યની અરુચિને પ્રસિદ્ધ કરે છે. પણ હવે અમે એમ કે બીજા કાર્યો છોડીને અહીંયાં નિવૃત્તિ લઈને રહ્યાં અને આત્માની વાર્તા સાંભળીએ અને આપ એવી છાપ મારો કે આમાં આત્માની રુચિ નથી. જરા કઠણ પડે. અહીં તો બીજું કાંઈ કામધંધો છે નહીં. અમે તો આત્માની વાર્તા સાંભળવા અહીંયાં આવ્યા છીએ. આત્માની રુચિ છે કે નહીં આ સવાલ છે.

જો આત્માની રુચિ નથી તો આત્મા સામું નહીં જોવાય અને જો આત્મા સામું નહીં જોવાય તો બીજા સામું તું જોયા વિના રહીશ નહીં. કેમકે સ્વ અને પર બે પદાર્થ છે. પરમાં ભલે અનંતા પદાર્થો છે પણ કોઈને કોઈ જે પ્રકારનો ઉદય જે પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ઉદય એટલે સંયોગમાં જે પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ છે એની સામું તું જોયા કરીશ અને એમાં ને એમાં અનુકૂળતા ને પ્રતિકૂળતાઓની કલ્પનાઓ તું કર્યા કરીશ કે ઠીક છે, આ અઠીક છે (એમ) ઇષ્ટ અનિષ્ટપણું (કર્યા કરીશ). દર્શનમોહને વશ તું ઇષ્ટ અનિષ્ટપણું કર્યા જ કરીશ, કર્યા જ કરીશ. આ પરિસ્થિતિ થશે અને આત્માની વાર્તા સાંભળવાનું ઇ પણ ઉદયના ઘરમાં જશે. ઉદયના ઘરમાં એટલે પરના ખાતામાં ખતવાશે, તને ગુણ થાય એ ખાતામાં એની ખતવણી નહીં થાય.

પ્રશ્ન :- પર રુચિ છૂટ્યા પહેલા જ્ઞાનની રુચિ પ્રગટે ?

સમાધાન :- આમ તો બધું સાથે સાથે છે. જ્ઞાનપૂર્વક રુચિ છે ને ! જ્ઞાનપૂર્વક રુચિ છે. સમજણમાં પહેલો એવો વિચાર આવે કે મારે મારું આત્મહિત કરી લેવું છે, આત્મહિત સાધી લેવું છે. એ હું – પોતે આત્મા કેવો છે એના નિર્ણયમાં જાય છે. અથવા એ જીવને

ગુણથી ઉત્પન્ન થતાં સુખની રુચિ છે. એને બાહ્ય પદાર્થોને વિશે કલ્પનાથી ઉત્પન્ન થતાં સુખની રુચિ નથી. આટલા આટલા ફેરફારો છે. એટલે જ્યારે એને પોતાનો ગુણનિધિ આત્મા ઓળખવામાં આવે છે ત્યારે એની અનન્ય રુચિ એને જાગૃત થાય છે. આમ જ્ઞાન અનુસાર રુચિ છે, જ્ઞાનપૂર્વક રુચિ છે. કેમકે એણે સુખનો ભંડાર આત્મા જોયો. મારું અનંતસુખ મારામાં છે એ જ્યાં જોયું ત્યારે એને રુચિ છે એ એકદમ ઉમટીને આત્માની રુચિ થાય છે. જોરથી આવે છે અંદરથી રુચિ.

મુમુક્ષુ :– આમ તો બન્ને ગુણ સાથે જ પરિણમે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આમ તો અનંતે અનંત ગુણ સાથે જ પરિણમે છે. પણ કોણ કોને અનુસરે છે એવા નિમિત્ત નૈમિત્તિક સંબંધને પરસ્પર વિચારવામાં આવે તો જ્ઞાન અનુસાર રુચિ છે, એમ છે અને રુચિ અનુસાર પુરુષાર્થ છે. પુરુષાર્થનો વેગ અથવા જીવનું જોર, જીવનું વજન ક્યાં જાય ? કે, જે રુચિનો વિષય હોય ત્યાં જાય. એટલે કાલ કરીશ, કાલ કરીશ, પછી કરીશ એવા વાયદા એમાં નથી હોતા.

મુમુક્ષુજીવે તપાસીને, અંતર અવલોકન કરીને સમજવા જેવો વિષય છે કે પોતાની રુચિ ક્યાં કામ કરે છે ? એવું નથી કે જે તત્ત્વજ્ઞાનની પ્રવૃતિ કરે છે તે બધાને આત્મતત્ત્વની રુચિ છે માટે પ્રવૃતિ કરે છે એવું કાંઈ નથી. એમ છે. જ્યાં લાભ છે ત્યાં પણ કોઈને મોડો લાભ થાય એ પોસાતું નથી. દુનિયામાં જગતમાં લાભનો પ્રસંગ હોય તો શું કરે છે ? શુભસ્ય શીઘ્રમ કહે છે કે નહીં ? અથવા સારા કામમાં સો વિઘ્ન. કોઈપણ વિઘ્ન આવે, ઓચિંતું કોઈપણ વિઘ્ન ઉત્પન્ન થાય એ પહેલાં આપણે આપણું સારું કામ પૂરું કરી લ્યો. એમ કહે છે કે નહીં ? તો આત્માનું હિત થાય અને આત્માને સુખ થાય એમાં મોડું કરવાનો ક્યાં પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે કાલ કરીશ કે પછી કરીશ એ પ્રશ્ન અસ્થાને છે અથવા એ વિપરીતતાનો સૂચક ભાવ છે કે હું પછી કરીશ અને કાલ કરીશ.

‘શ્રીમદ્જી’એ તો આ વિષયમાં અનેક પડખાં લઈને એક દસ બોલ લીધેલા છે. દસ બોલ આવે છે ને ? ત્વરાથી આત્મકાર્ય કરવાના. એ રુચિને બતાવે છે. બહુ શરૂઆતમાં, ૧૯મા વર્ષમાં લખેલાં છે. ૧૯મા નહીં પણ સત્તરમાં વર્ષ પહેલાંના વચનો છે, હોં ! સત્તરમું વર્ષ તો પછી શરૂ થાય છે, પછી ૧૯મું શરૂ થાય છે. ૧૭મા વર્ષ પહેલાં આ વચનો લખ્યા છે. આમ તો સેંકડો વચન લખ્યા છે – બોધ વચનો (છે) એમાં ૧૦૮ થી ૧૧૭ દસ બોલ આ છે. ‘સ્વદ્રવ્ય અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જોવું.’ ત્યાંથી શરૂઆત કરી છે. ભેદજ્ઞાનથી

શરૂઆત કરી છે. સ્વદ્રવ્ય અને અન્ય દ્રવ્ય ભિન્ન ભિન્ન જુઓ. એમાં 'સ્વદ્રવ્યના રક્ષક ત્વરાથી થાઓ.' સંભાળો. જેમ મૂઠીમાં રહેલું સોનું ખોવાઈ ગયું હતું એમ જ્યારે કલ્પના થઈ, ભૂલી ગયો પોતે, કલ્પના થઈ એમાં ભૂલી ગયો કે મારું સોનું ક્યાંક ખોવાઈ ગયું છે. છે મૂઠીમાં ને મૂઠીમાં. બીજે શોધવા લાગ્યો ક્યાંય સોનું મળતું નથી. ઓચિંતો ખ્યાલ ગયો કે આ તો મારી મૂઠીમાં જ છે ને હું બીજે ગોતું છું. તરત સંભાળે છે. કબજામાં હોવા છતાં સંભાળી લે છે કે હવે આને ભૂલવું નથી. સંભાળવાનો અર્થ એ છે. એમાં વાર લગાડે છે ? સોનું જડી ગયું. હવે જડી ગયું ને એ તો નિરાંતે મૂકશું ઠેકાણે હવે, ભલે અત્યારે રખડતું મૂકો – એમ હોતું નથી. ત્વરાથી એનું રક્ષણ કરવાનો ભાવ, એને સાવધાની અને સંભાળ આવ્યા વિના રહે નહીં.

એમ કહે છે કે અનાદિથી રાગ અને પર સાથે એકત્વ થઈ રહ્યું છે એની ભિન્નતા કરી તો એ ભિન્નતામાં એને સ્વદ્રવ્યનું રક્ષણ, સ્વદ્રવ્યની સંભાળ – હું જ્ઞાયક છું, માત્ર જ્ઞાયક છું એવી જે અંતર સાવધાની એ ત્વરાથી આવે છે, ઝપટથી આવે છે. એ ત્વરા છે એ રુચિને બતાવે છે. પછી કરીશ એ અરુચિને બતાવે છે. આ વિષયમાં એ બહુ સારું માર્ગદર્શન છે. રુચિસૂચક જે માર્ગદર્શન છે (એ બહુ સારું છે).

પ્રશ્ન :– રુચિ ધર્મનો પાયો જ કહેવાય ને ?

સમાધાન :– હા ! ધર્મની રુચિ, આત્માની રુચિ, નિર્દોષતાની રુચિ એ પાયાનો વિષય છે. કેમકે જોર થવાનું ત્યાંથી બને છે.

બીજો બોલ લીધો છે કે, 'સ્વદ્રવ્યના વ્યાપક ત્વરાથી થાવ.' આત્મા તો આત્મામાં જ વ્યાપ્યો છે પણ આ જીવ ભ્રાંતિએ કરીને બીજામાં વ્યાપ્તો હોવાનું અને બીજા પદાર્થ પોતામાં વ્યાપ્તા હોવાનું અધ્યાસે કરીને, મિથ્યાભાવે કરીને અનુભવ કરે છે. એને એમ થાય છે કે આ ગળ્યો રસ મારામાં તરી ગયો, આ પાણીની ઠંડક મારામાં વ્યાપી ગઈ. આ માણસ સવારે ન્હાય છે તો એને એમ થાય છે કે મારામાં બધું વ્યાપે છે. એ મિથ્યાભાવ છે. કહે છે કે ત્વરાથી સ્વદ્રવ્યના વ્યાપક થાવ. પોતાની વ્યાપ્ય-વ્યાપકતા, જ્ઞાનથી અને સ્વસંવેદનથી પોતાની વ્યાપ્ય–વ્યાપકતાનો ત્વરાથી અનુભવ કરો કે હું મારા જ્ઞાનમાં જ વ્યાપું છું, ભાવથી મારા જ્ઞાયકપણામાં જ વ્યાપું છું, ક્ષેત્રથી મારા અસંખ્ય પ્રદેશમાં વ્યાપું છું અને નજીકમાં નજીક રહેલું જે શરીર – દેહ એમાં પણ હું વ્યાપતો નથી. શરીર પણ એક બાજુમાં રહેલું, પાડોશમાં રહેલું એક ખોખું છે અને હું મારામાં વ્યાપું છું. એમ પોતાની વ્યાપકતાને – વ્યાપ્ય-

વ્યાપકતાને ત્વરાથી અનુભવ કરો. સ્વદ્રવ્યના વ્યાપક પોતામાં વ્યાપનારા ત્વરાથી થાઓ. એનો અર્થ એ છે કે અન્ય દ્રવ્યની વ્યાપકતા તમે છોડો.

નીચેના ત્રણ બોલ તજો, તજો, તજો કરીને લીધા છે. 'સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ.' આ ૧૭મા વર્ષ પહેલાંની વિચારણા છે. સમ્યક્દર્શન ચોવીસમાં વર્ષે થયું છે ૧૭મા વર્ષ પહેલાં, આપણે ૧૬મું જ લઈ લ્યો ને. ૧૬ ને ૮ – ૨૪. ૮ વર્ષમાં આવી વિચારણા જાગેલી છે, પછી સમ્યક્દર્શન થયું છે. 'જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજ જ્ઞાન, જે જ્ઞાને ક્ષય મોહ થઈ પામે પદ નિર્વાણ.' આ સુવિચારણા આવી હોય છે. સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ. પોતાના સંસ્કાર કામ કરે છે ને ! કેવા વિચારો અંદરથી ગ્યા છે ! સંસ્કાર લઈને આવેલા છે, વર્તમાનમાં પોતાને કોઈ પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ નથી છતાં અંદરથી આત્મા કેવું કામ કરે છે ! ૧૬મા વર્ષે. અસાધારણ નમૂનો છે.

સ્વદ્રવ્યના ધારક ત્વરાથી થાઓ (અર્થાત્) ધારણ કરો, પોતાના સ્વદ્રવ્યમાં અહંપણું ધારણ કરો, સ્વદ્રવ્યમાં જ અહંબુદ્ધિ ધારણ કરો. એવું ક્યારે કરો ? કે ત્વરાથી કરો. અત્યારે જ કરો. પ્રત્યેક વર્તમાનમાં અત્યારે જ એ કામ કરવાનું છે, પછી પછી કરવાનો પ્રશ્ન રહેતો નથી. અનુસંધાન ચાલે છે એમાં પછી કરીશ, કાલ કરીશ એની વાત છે. કાલ કોઈ 'દી પડે નહીં ને આનું કામ કોઈ 'દી થાય નહીં.

'ગુરુદેવ' એક એવો દાખલો આપતા કે, આજે વાણિયા જમે ને કાલે બારોટ જમે. વાણિયાઓએ નક્કી કર્યું કે જમણવાર કરો. બારોટ કહે કે, ભાઈ ! અમે આડોશપાડોશમાં રહીએ છીએ અમને પણ જમાડો. તો (વાણિયા) કહે, આજે વાણિયા જમશે ને કાલે બારોટ જમશે. રોજ એમ કહે કે આજે વાણિયા જમશે અને કાલે બારોટ જમશે. કાલ પડે નહીં ને બારોટ જમે નહીં. એ 'પછી કરીશ'માં આ દૃષ્ટાંત આપતા હતા.

'સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ.' આત્મદ્રવ્યની રમણતા – આત્મદ્રવ્યની લીનતા અત્યારે જ કરો. અનંત સુખસાગરમાં, અનંત સુખ સરોવરમાં અત્યારે જ ડૂબકી લગાવો. શાંતિના સાગરમાં જવા માટે વાયદા હોય નહીં એમ કહે છે. જો તને તારો આત્મા પરમ શાંતસ્વરૂપ ભાસે છે તો એમાં જવા માટેનો વાયદો શું ? અથવા એનાથી બીજું કામ તે અશાંતિનું કામ છે, એ અશાંતિની રુચિ આડે તને શાંતિ રુચતી નથી. એટલે કાલ કરવાની વાત છે. નહીંતર અશાંતિ છોડીને શાંતિમાં જવું એમાં વાયદો શું ? એ તો તરત જ કર્તવ્ય છે, ત્વરાથી કર્તવ્ય છે. સ્વદ્રવ્યના રમક ત્વરાથી થાઓ. 'સ્વદ્રવ્યના ગ્રાહક પણ ત્વરાથી થાઓ.' ગ્રહણ કરવું

એને ગ્રાહક કહે છે. ગ્રહણ કરનારો તે ગ્રાહક. ગ્રહણ કરવું, પકડવું, અવલંબન લેવું, આશ્રય લેવો એ બધું એકાર્થમાં છે.

પ્રશ્ન :– ગ્રહણ કરવું અને લીન થવું – બેમાં શું ફેર ?

સમાધાન :– આમાં તો લીન છે એ સ્થિરતા સૂચક છે અને ગ્રહણ કરવું એ આશ્રયભાવમાં જાય છે. ગ્રહણ કરવું (એટલે) 'આ હું' એમ ગ્રહણ કરે છે. ગ્રહણ કરતાં લીનતાનો ભાવ પજે છે પછી. એવા સ્વદ્રવ્યને ગ્રહણ કરનારા એ પણ શીઘ્રતાથી થાઓ. સ્વદ્રવ્યનું શીઘ્રતાથી ગ્રહણ કરો અને સ્વદ્રવ્યને ગ્રહણ કરવામાં પ્રમાદ કરો નહીં, એમ કહેવું છે અહીંયાં.

પ્રમાદ ચોર છે. આત્મધનને ચોરે છે. અથવા પ્રમાદ મહારિપુ છે, મહાન દુશ્મન છે, છૂપો દુશ્મન છે. એ છૂપી રીતે આત્માને ખબર ન પડે એ રીતે આત્માનું અહિત કરે છે. એ ત્વરાથી નહીં કરવાના પરિણામમાં પ્રમાદનું અસ્તિત્વ નિશ્ચિત થાય છે, સમજાય છે કે અહીંયાં પ્રમાદ છે. એ પ્રશ્ન આપણે કોઈવાર વાંચનમાં ચાલે છે કે તો પછી બીજું ક્યારે કરવું ? આત્માનું કાર્ય ત્વરાથી કરવાનું પ્રકરણ જ્યાં ચાલે છે ત્યાં બીજું ક્યારે કરવું એ પ્રશ્ન તને ઠે છે તો બીજા કાર્યો અનંત કાળથી તું કરે છો એમાં આત્માનું ક્યારે કરવું એ પ્રશ્ન કેમ ન ઠ્યો ? હવે અમારો પ્રશ્ન છે. તારા પ્રશ્નના ઉત્તરરૂપે અમારો પ્રશ્ન છે કે, તું અનંતકાળથી બીજું બીજું જ કરે છો – આ દેહની પળોજણ કરી, કુટુંબ પરિવારની પળોજણ કરી અને અનેક પ્રકારના બાહ્ય કાર્યો, સમાજની અને બીજી બીજી પળોજણ તેં ઘણી કરી તો એમાં એ પ્રશ્ન કેમ ન ઠ્યો કે હવે આત્માનું ક્યારે કરવાનું ? આ તો અનંતકાળથી કરીએ છીએ તો આત્માનું ક્યારે કરવાનું ? એ પ્રશ્ન કેમ નથી ઠતો ? અને આ કાર્ય કરવાનું, ત્વરાથી કાર્ય કરવાનું આવે છે ત્યારે તને એમ થાય છે કે તો પછી બીજું અમારે ક્યારે કરવું ? બીજું તું કાંઈ કરી શકતો નથી.

પહેલાં તો એમ નક્કી કર કે કોઈ બીજું કાર્ય તું કરી શકતો નથી. કોઈ પરપદાર્થમાં તારો સ્પર્શ, તારી પહોંચ નહીં હોવાથી કોઈ પરપદાર્થના કાર્યો તું કરી જ શકતો નથી, એ કરવાની શ તિ જ તારા આત્મદ્રવ્યમાં નથી અને સ્વભાવે કરીને જો તો તું વિભાવને પણ સ્વભાવમાં કરી શકતો નથી. કર્તાબુદ્ધિએ વિભાવમાં વિભાવ કરે છો એ મોટું અનિષ્ટ છે અને એ અનંત સંસારનું બીજ છે, પણ સંસારના અભાવ સ્વભાવી, વિભાવના અભાવ સ્વભાવી સ્વભાવને જો તો એ સ્વભાવમાં તું વિભાવને પણ કરી શકતો નથી. આવું કર્તાકર્મનું

પ્રકરણ છે અથવા કર્તાકર્મની આ ચરમસીમા છે કે કોઈપણ દ્રવ્યનું કે ભાવનું કર્તૃત્વ જ મિથ્યાભાવ છે. કોઈને કરવાનો પ્રશ્ન નથી.

દ્રવ્યો તો છએ દ્રવ્યો અનાદિઅનંત છે અને સર્વે દ્રવ્યોની પર્યાય સમયે સમયે સહજ પોતાના ગુણધર્મો અનુસાર વૈજ્ઞાનિક રીતે થઈ જ રહી છે, કરવાનો પ્રશ્ન ક્યાંય ઉપસ્થિત થતો નથી. પરદ્રવ્યની તો નહીં જ પણ સ્વદ્રવ્યની પણ નહીં જ. એ પણ સમયે સમયે થઈ રહી છે. સિદ્ધાલયમાં સિદ્ધ પરમાત્માની દશા ઉત્પાદ-વ્યય-ધ્રુવ સિદ્ધપદ સ્વરૂપે સાદી અનંતકાળ અનંત... અનંત... અનંત સમાધિ સુખમાં થયા જ કરે છે, કરવાનો પ્રશ્ન રહેતો નથી. અને સંસારમાં સંસારને યોગ્ય જે તે સમયે, જે કાળે, જે પદાર્થ(ની), જે યોગ્યતા અનુસાર (અવસ્થા) થવાની તે થવાની જ, એને કરવાનો પ્રશ્ન રહેતો નથી. સહજ સ્વયં થતી એવી અવસ્થાને કરવાનું અહંપણું (રહેતું નથી).

મુમુક્ષુ :– સ્વભાવમાં ઇ કરવાપણું તો રહેતું જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો અનાદિ અનંત છે. સ્વભાવ અનાદિ અનંત છે. ઇ તો નવો બનાવવાનો અમસ્તો પણ પ્રશ્ન નથી, કેમકે ઇ તો દ્રવ્યનું મૂળ તત્ત્વ–મૂળ સત્ત્વ છે. છએ દ્રવ્યો એના મૂળ સ્વરૂપે તો સદાય છે. પણ સમય–સમયની અવસ્થા તો થાય છે ને ! નવી–નવી થાય છે. તો કહે, કરે તો થાય કે ન કરે તો ન થાય એવું ખરું કે નહિ ? કરે તો થાય અને ન કરે તો ન થાય એવું ખરું કે નહિ ? કે, નહિ. એની થતી અવસ્થાને કરવાનો પ્રશ્ન નથી અથવા થતી અવસ્થાને બંધ કરવાનો પણ પ્રશ્ન નથી. જો એને બંધ ન કરી શકાય તો એને કરું તો થાય એ વાત તો બિલકુલ અસ્થાને છે. રોકી રોકાતી નથી.

મુમુક્ષુ :– ઇ ગડમથલ શું છે ? આમ તો થાય છે ઇ ગડમથલ ક્યાં કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– અણસમજણની ગડમથલ છે. જે કાંઈ બધી ઉપાધિ છે એ અણસમજણની છે. દુઃખ છે એ અણસમજણથી છે, ઉપાધિ છે એ અણસમજણની છે. આ જીવે કોઈ ઉપાધિ કરવા જેવી નથી. લ્યો ઠીક ! નિરુપાધિક એવો આત્મસ્વભાવ એને સમજીને સર્વ ઉપાધિથી વ્યાવૃત્ત થઈ જાય. જો એને પોતાનું નિરુપાધિક સ્વરૂપ સમજાય તો છૂટો પડી જાય. આવો વીતરાગનો માર્ગ, વીતરાગનો ઉપદેશ આત્માને સુખ થાય એવો છે. ઉપાધિથી અને દુઃખમાંથી છૂટીને સુખી થાય એવો ઉપદેશ છે. અથવા જીવ ઉપાધિ કરે છે તોપણ મફતની જ કરે છે, વ્યર્થ કરે છે. કેમકે ઉપાધિથી એ કોઈ કાર્યને સવળા કરી શકે છે,

અવળાને સવળા કરી શકે છે, કે ઠીક નહીં થતાં અઠીકને ઠીક કરી શકે છે એ પણ વસ્તુના સ્વરૂપમાં નથી.

'સ્વદ્રવ્યના ગ્રાહક ત્વરાથી થાઓ' એટલે સ્વદ્રવ્યને અહંપણે – સ્વપણે ભાવમાં ગ્રહણ કરો, સ્વપણે એનું અવલંબન કરો, સ્વપણે એનો આશ્રય કરો અને એમાં જરાપણ – એક સમયનું પણ મોડું કરવા જેવું નથી. અત્યારે જ કરો ! ત્વરાથી કરો એટલે અત્યારે જ કરો ! એ જ સ્વરૂપલાભ છે. લાભમાં મોડું કરવું નહીં એમ કહે છે ને ? લાભમાં મોડું કરવું નહીં. એક ઘરાક આવ્યો હોય, એમ દેખાણું કે આપણા ભાવે આ ઘણો માલ લઈ જાય એવું છે ને એમાં ઘણો નફો છે તો એને ઠવા દેવાનું મન થાય ? એમ કહે કે જાવને જરા બાજુમાં પૂછી આવો પછી મારી દુકાને આવો એમ કહે એને ? એને શંકા થઈ જાય કે ત્યાં જઈને પાછો આવશે કે નહીં કોને ખબર છે ! ઠવા દ્યે એને ? કેટલું ત્વરાથી કામ કરવું છે એને ? કે, અહીંયાં બધું Final કરીને ભા થાવ. ત્યાં સુધી ભા થવાનું નથી.

મુમુક્ષુ :– ન હોય તો બજારમાંથી પણ લાવી દ્યે.

પૂજ્ય ભાઈશ્રી :– આ ગામમાં ઊંડી વખાર નામની એક બજાર છે. ત્યાં એમ ચાલે છે ખબર છે ? નાની-નાની હાટડી છે, નાની-નાની દુકાન છે, મર્યાદિત જથ્થામાં હોય, એટલી બધી આઈટમો છે એની અંદર – કરિયાણાની અંદર કે નાના વેપારી હોય એ તો બધી આઈટમ Stockમાં રાખી ન શકે. (પણ) ઘરાકને ન જવા દ્યે. લાવો ! તમારું List, કેટલી ચીજ જોઈએ છે ? કે, આટલી, આટલી... આટલી..., હોય ઇ બધી જોખવા માંડે. અંદરથી નોકરને કહે આ વખારેથી લઈ આવજે. શું કહે ? અંદર વખાર-બખાર કાંઈ હોય નહીં. જોખીને લાવજે વખાર(માંથી) કાંટે બરાબર જોખીને લાવજે. બીજાની દુકાનેથી પડીકું વાળીને લઈ આવે. ભલે કદાચ એમાં નફો ન પણ લ્યે અને લાગ પડે લેવો હોય તો લ્યે પણ ઘરાકને જવા દ્યે નહિ. એમ ન કહે કે મારે ત્યાં એક ચીજ નહિ મળે. પાંચ મળશે એક બીજેથી લઈ લેજો – એવું કહેતા નથી. લાભ એવી ચીજ છે. જો સ્વરૂપલાભ, આત્મશાંતિનો લાભ, આત્મિકસુખનો લાભ જુએ તો એમાં એને મોડું કરવાનો પ્રશ્ન હોય શકે નહીં.

'સ્વદ્રવ્યની રક્ષકતા ઉપર લક્ષ રાખો' લક્ષ રાખો એટલે એનું ધ્યાન રાખો કે મારું હિત થાય છે કે મારું અહિત થાય છે ? તમામ પરિણમનમાં, પરિણામમાં એક જ્ઞાનનો Watch ગોઠવી દ્યો, ચોકીદારી ગોઠવી દ્યો, જાગૃતિ લાવી દ્યો કે મારું હિત થાય છે

કે મારું અહિત થાય છે ? આમાં મને સુખ છે કે આમાં મને સુખ નથી ? આ સુખનું કારણ છે કે દુઃખનું કારણ છે ? હિતનું કારણ છે કે અહિતનું કારણ છે ? એ જાતની જાગૃતિ રાખવી એને લક્ષ રાખ્યું એમ કહેવામાં આવે છે. પોતાની રક્ષકતા ઉપર લક્ષ રાખો.

'પરદ્રવ્યની ધારકતાને ત્વરાથી તજો' બીજાનું ધારણ કરવું. બીજાની ઉપાધિ, ઉપાધિથી ધારણ કરે છે. આમ તો સ્વદ્રવ્યમાં અન્ય દ્રવ્યને મેળવી શકાતું નથી. પણ ઉપાધિ ધારણ કરે છે, એને એમ કહે છે કે પરદ્રવ્યની ધારકતા ત્વરાથી તજો.

'પરદ્રવ્યની રમણતા પણ ત્વરાથી...' લીનતા છે ઇ એકત્વબુદ્ધિ છે એને એકદમ છોડો. અને પરદ્રવ્યનું ગ્રહણ, પરદ્રવ્યનું અવલંબન, પરદ્રવ્યનો આશ્રય પણ ત્વરાથી છોડો – તજો. દસ બોલ લીધાં છે. બધામાં 'ત્વરાથી' શબ્દ લીધો છે. અત્યારે જ કરો, અત્યારે જ કરો, અત્યારે જ કરો...' એ આ કાર્યની રુચિને સૂચવે છે. અને કાલ કરીશ, કાલ કરીશ એ આ કાર્યની અરુચિ છે. જેને કાલ કરવું છે એને ક્યારેય કરવું નથી. એના અભિપ્રાયનું પૃથ્થકરણ કરવામાં આવે કે કાલ કરીશ એવા પરિણામ છે એને ક્યારે કરવું છે ? કે આજે વાણિયા જમે ને કાલે બારોટ એના જેવી વાત છે. એને આત્માને આજે જમાડવો નથી. જેને કાલ કરવું છે એને કોઈ 'દી કરવું નથી.

મુમુક્ષુ :- દયા નહીં આવતી હોય આત્માની ?

પૂજ્ય ભાઈશ્રી :- ન આવે તો જ એમ થાય ને ! દયા આવે તો થાય જ નહીં. પોતાનું હિત કરવાની બુદ્ધિ અનંત જન્મ-મરણ કરી ચૂકેલા એવા આત્માની દયા જો ઉત્પન્ન થાય, એટલે કે આત્મા ઘણું દુઃખ ભોગવી રહ્યો છે અને ઘણું ભોગવ્યું અને હજી ભોગવી રહ્યો છે એની વેદના એને હોય તો વેદનાથી મૂકાય. પણ એની વેદના કાંઈ નથી, એ તો જાણે કાંઈ નથી. એને અહીંયાંથી છૂટવાનો અવસર છે નહિ. ત્યાંથી છૂટવાનો પ્રસંગ નહિ આવે ત્યાંથી.

દર્શનમોહ મંદ થયા વિના તો સાચી વાતની અસર પણ પહોંચતી નથી. જે આત્માને હિતની વાત છે, સાચી વાત છે એટલે ? સત્ય છે એ તો પરમ સત્ય સદાને માટે પરમ સત્ય જ છે પણ આત્માને પોતાને હિતની વાત છે, પોતાના હિતની વાત પોતાના આત્મા સુધી પહોંચતી નથી. એમ આત્મા સુધી તો પહોંચતી નથી પણ પોતાની રુચિ સુધી (પણ) પહોંચતી નથી. જો એને રુચે, પોતાના આત્મહિતની વાત રુચે, આત્મહિતનો ઉપાય રુચે તો એનો દર્શનમોહ ગળ્યા વિના રહે નહીં, નાશ થયા વિના રહે નહીં. એ આત્મરુચિ છે

એ પણ દર્શનમોહની મંદતાને સૂચવે છે અને આત્માની અરુચિ દર્શનમોહની તીવ્રતાને પ્રસિદ્ધ કરે છે, સ્પષ્ટ કરે છે કે અહીંયાં દર્શનમોહ અત્યારે તીવ્ર થયેલો છે એટલે એને આત્માની વાત અને આત્માનું તત્ત્વ રુચતું નથી.

**'એવા વાયદા ન હોય.'** એને તો ત્વરાથી કરવા માટે **'અંદર ગડમથલ ચાલ્યા જ કરે...'** જેમ જગતના કાર્યોની ગડમથલ ચાલે છે એમ આત્મકાર્ય કેમ થાય એની ગડમથલ ભી થાય. જ્યાં સુધી માર્ગ ન મળે ત્યાં સુધી એને ગડમથલ ચાલે. કોઈ વાર લાંબી ચાલે તો એની આકુળતા પણ થાય એ ઇષ્ટ છે, થવા યોગ્ય છે. એવી આકુળતાને દર્શનપરિષહ કહેવામાં આવે છે. પરિષહમાં દુ:ખ પડે છે ને ? એને દર્શનપરિષહ કહેવામાં આવે છે. આત્મદર્શન થતું નથી એની આકુળતા છે. એને જલદી જલદી પોતાના આત્મદેવનું દર્શન કરવું છે. અંદરમાં સર્વાંગ સંપૂર્ણ દેવ છે. દેહદેવળમાં સર્વાંગ સંપૂર્ણ દેવ બિરાજમાન છે. સાક્ષાત સિદ્ધપદ સ્વરૂપે ! જેમ અરિહંત ભગવાનની પ્રતિમાનું સ્થાપન કરીએ છીએ, દેવ ગુરુ ને શાસ્ત્ર આત્મામાં સિદ્ધનું સ્થાપન કરે છે. અમૂર્તિક એવી સિદ્ધપદની મૂર્તિ ! શરીરરૂપી દેવળમાં અમૂર્તિક એવી સિદ્ધપદની મૂર્તિપણે અખંડ સિદ્ધપદ બિરાજમાન છે. સન્મુખ થઈને, એની સન્મુખ થઈને તું એને જો. એની સન્મુખ થઈને એના દર્શન કર, એમ ઉપદેશથી કહેવામાં, વચન વ્યવહારથી કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- જ્યારે જ્ઞાનીને અનુભવ થાય છે ત્યારે સિદ્ધપણે જ અનુભવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સિદ્ધપણે જ અનુભવે છે.

પ્રશ્ન :- અરિહંતપણે નહીં ?

સમાધાન :- નહીં, બિલકુલ નહીં. એમાં કાંઈક રહસ્ય છે. કેમકે અરિહંત તો અસિદ્ધત્વમાં રહ્યા છે. પરમાત્મપદ ત્યાં (છે), અનંત ચતુષ્ટય - અનંતજ્ઞાન, અનંતદર્શન અનંતવીર્ય, અનંતઆનંદ પ્રગટ થયા છે તોપણ અસિદ્ધત્વ છે એની અંદર, પૂરેપૂરું સિદ્ધપદ પ્રગટ થયું નથી. એટલી અધૂરાશ છે, એટલી કચાશ છે. એવું પણ ખામીવાળું, ક્ષતિવાળું આત્મપદ નથી. એટલી પણ ખામી આત્મપદમાં નથી. એવી સાક્ષાત સિદ્ધની મૂર્તિ જ બિરાજમાન છે. સિદ્ધપદની મૂર્તિ જ છે. એને એ સ્વરૂપે તું ત્વરાથી જો. એટલે એને એમ કહે છે કે ભોંયરામાં જઈને ભગવાનના દર્શન કર. આવે છે ને ? ભોંયરામાં જઈને ભગવાનના દર્શન કર.

અહીંયાં છે, આપણે 'કોટા'ની પાસે છે ને ? 'ચાંદખેડી છે.' આ પ્રશસ્તીમાં ફેર છે. 'ચાંદખેડી'માં નીચે છે. ભોંયરામાં બહુ મોટા પ્રતિમા છે. હશે લગભગ એક માળ જેટલા !

પદ્માસન, પંદર ફૂટ, વીસ ફૂટ જેટલા પદ્માસને હશે. બાબા બાબા કરે છે. માને ને ? ગડબડ બહુ છે. બાબા કહે છે, ભગવાનને બાબા કહે છે. અન્યમતિ માનતા કરે છે કે, આપણે સુખી થઈએ. બાબાના દર્શન, પૂજા કરીએ (તો) સુખી થઈએ. દિગંબર છે, મંદિર દિગંબરનું છે પણ દિગંબરોમાં ત્યાં આ માન્યતા પ્રચલિત છે.

એક તો તમારા સંબંધી છે, ત્યાં રહેતા હતા ટ્રાન્સપોર્ટવાળા. એ કહે, હું થોડાક વર્ષ પહેલા મરી જવાની તૈયારીમાં હતો. ડૉ ટરોએ હાથ ઊંચા કર્યા હતા કે આ હવે ગયા. એમાં બાબાને યાદ કર્યા અને બચી ગયો. એ વખતે જ માંદગીમાં નિર્ણય કરી નાખ્યો કે, હવે  ભો થઉંને તો બાબાની પાસે રહેવું છે, હવે ઘરે રહેવું નથી. એણે ઓરડી બતાવી કે આ મારી ઓરડી. કમ્પાઉન્ડમાં બધી ફરતી ઓરડીઓ ફરતી હતી. આ મારી ઓરડી. આ બાબાની પાસે રહું છું. હવે મારે બાબાને છોડીને ક્યાંય જાવું નથી. આપણે બીજું તો શું બોલાય ? સાંભળ્યા કરીએ. આપણે કાંઈ બોલ્યા નહીં ને સાંભળ્યા કર્યું એટલે એને એમ થયું કે આમને કાંઈક ઠીક લાગતું હશે. નિષેધ ન કર્યો, નિષેધ કરીએ તો એને દુઃખ થાય. જતા જતા કહે, બેસો ! તમારી સાથે પાંચ મિનિટ વાત કરવી છે. (મને કહે), આ હું સાચી વાત કહું છું, હોં ! હું ગપ્પા નથી મારતો, મારા અનુભવની વાત કરું છું અને ખાનગીમાં તમને ભલામણ કરું છું કે તમારે કાંઈ પણ, એવી કાંઈ ઇચ્છા હોય, તમારા જીવનમાં કોઈ એવી પ્રાપ્તિની ઇચ્છાઓ હોય તો આ બાબાને માનો, હોં ! બાબાને માનવા જેવું છે. બાબાની માનતા રાખશો તો તમારા કાર્યો બધા સફળ થઈ જશે. ઠીક ! જતા જતા પાંચ મિનિટ બેસાડીને નિરાંતે બહુ ગંભીરતાથી એવી ભલામણ કરતા હતા. બહુ ધ્યાનથી સાંભળો, મારી વાત બહુ વજનદાર વાત છે, જરાક સાંભળવા જેવી છે તમારે. બાબાને માનશો તો તમારા કાર્યો જરૂર સિદ્ધ થશે. આ એવી ચમત્કારિક મૂર્તિ છે. કેટલાયને આ પરચો થયો છે. તમને પણ મારા અનુભવથી ભલામણ કરું છું કે, તમે આની માનતા રાખશો તો તમારું કામ થઈ જશે. ઠીક ! (અહીંયાં) કહે છે કે, અહીંયાં ભોંયરામાં દર્શન કર તો તને પ્રદેશે પ્રદેશે સુખ, શાંતિ અને આનંદ થશે. તારે રાહ જોવી નહીં પડે કે બાબા ચમત્કાર ક્યારે કરશે ? આ બાબા તો અંદરથી એ જ ક્ષણે ચમત્કાર કરશે. બીજો સમય લાગશે નહીં. આ હાલત છે સંપ્રદાયની.

'ચાંદખેડી'માં 'ગુરુદેવ' પધારેલા ત્યારે નવી પ્રતિમાઓ ત્યાં સ્થાપિત થયેલી અને 'ગુરુદેવ'નું એની અંદર નામ હતું. હમણાં કોઈએ ભૂંસાડ્યું છે, કોઈ મુનિએ આ કાર્ય કર્યું

છે. કોઈપણ પ્રતિષ્ઠિત પ્રતિમા ઉપર કોઈપણ જાતની ક્રિયા થઈ શકે નહીં. એ મોટું પાપ છે. કોઈ મુનિએ, દિગંબર મુનિએ ફેરફાર કર્યો છે. એવું છે.

શું કહ્યું છે ? જેને ત્વરાથી અંદરમાં કામ કરવું છે એને એ કામ કરવાની ગડમથલ ચાલ્યા જ કરે છે. અથવા રુચિ છે એને જરૂરિયાત સાથે સંબંધ છે અને જેની જરૂરિયાત હોય એ કામ કરવાની ગડમથલ ચાલ્યા વિના રહે નહીં. આ તો બધાને સર્વ સામાન્ય અનુભવ છે. પોતાને જે કામની જરૂરત લાગે એ કામની ગડમથલ ચાલ્યા વિના રહે નહીં.

સમ્યક્દૃષ્ટિ જ્ઞાનીઓ સંસારના કાર્યોમાં જોવામાં આવે છે તો એને એ કાર્યોની ગડમથલ ચાલતી હશે કે નહીં ચાલતી હોય ? તો કહે છે, એ ઉદાસ છે. જ્ઞાની છે એ ભવઉદાસી છે. જે કામ જેમ થવાનું છે તેમ થવાનું છે અને એ થયા કરવાનું છે. થાશે અને એમાં મોળુંપાતળું થાય તો એનો હરખશોક એને નથી. બીજાને તો પોતાની કલ્પના પ્રમાણે થાય એની સાવધાની આવે છે કે હું ઇચ્છું છું, મારે કરવું છે એમ બરાબર થવું જોઈએ અને એમાં આઘુંપાછું થાય તો એનો પિત્તો આઘોપાછો થઈ જાય. એ ગડમથલ ચાલતી નથી, જ્ઞાનીને એ ગડમથલ ચાલતી નથી. કેમકે એ એની જરૂરિયાતનો વિષય નથી. અને જેને જરૂરિયાતનો વિષય છે એને એની ગડમથલ ચાલ્યા વિના રહેતી નથી, રોકી શકે નહીં, ઊંઘ ન આવે. ગડમથલ એવી ચાલે કે ઊંઘ ન આવે.

મુમુક્ષુ :- જીવનો રસ બીજી બીજી જગ્યાએ કામ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જરૂરત લાગી છે. જેને જે કામની જરૂરત લાગી છે એનો વિકલ્પ એને લાવવો પડે છે કે આને સંભારી સંભારીને એને યાદ કરું ? ન લાવવો હોય તો(પણ) બંધ થાય નહીં. ઊંઘ Disturb થઈ જાય એની અને (વિકલ્પ) ચાલુ થઈ જાય અને એને રોકવા માટે એને તરહ તરહના નુસખા કરવા પડે. કોઈને ગોળી લેવી પડે ને કોઈને વાંચવું પડે ને કોઈને કાંઈ, કોઈને કાંઈ, કોઈને કાંઈ. ઉપયોગને કાંઈક બીજો વિષય આપી દઈએ તો આ ગડમથલમાંથી છૂટીએ, એમ થઈ જાય.

નિર્ણયના બોલમાં 'ગુરુદેવશ્રી'એ લીધું છે કે, જ્યાં સુધી તત્ત્વનિર્ણય ન થાય ત્યાં સુધી નિરાંતે ઊંઘ ન આવે. એવી ગડમથલ ચાલવી જોઈએ. મારું સ્વરૂપ એનાથી હું અજાણ્યો ? મારા મૂળ સ્વરૂપથી હું અજાણ્યો ? લોકો તો મને બુદ્ધિવાળો કહે છે કે, ભાઈ તો બહુ હોશિયાર છે, બુદ્ધિવાળા છે, એકદમ તેજ છે. એમનું પોતાનું સ્વરૂપ (જાણે છે) ? તો કહે, પોતાના સ્વરૂપથી અજાણ્યા છે. ઠીક ! એના ઘરથી અજાણ્યા છે અને બીજા બધાના ઘરમાં

એમની સલાહ લેવાય છે, બીજે દોઢ ડહાપણ બધું એમનું ચાલે છે. એના પોતામાં ? તો કહે, એના પોતામાં કાંઈ ન મળે. ત્યાં શૂન્ય છે. ત્યાં કેટલા માર્ક મૂકવાના ? શૂન્ય. આ પરિસ્થિતિ એને ન પોસાય તો એની ગડમથલ ચાલ્યા વિના રહે નહીં.

**'ચાલ્યા જ કરે અને એમ થાય...'** અથવા એવો ભાવ એને રહ્યા કરે કે **'મારે હમણાં જ કરવું છે.'** મારું કાર્ય મારે અત્યારે જ કરવું છે એ પ્રકારના એના પરિણામ રહ્યા કરે. અને અત્યારે જ કરવું છતાં ન થતું હોય તો એને એની ખટક પણ રહ્યા જ કરે. એ એની ખટક છે. એને ખટકે છે. એ બધા એના પાત્રતાના અથવા રુચિના સૂચક પરિણામ છે. આત્મરુચિ છે એને એક ન્યાયે સમગ્રપણે પાત્રતાના લક્ષણમાં સમાવેશ કરવામાં આવે છે. અને પાત્રતા છે એ પામવાની પૂર્વભૂમિકા છે. પાત્રતાવાળો પામે છે. પાત્રતા વિના પ્રાપ્તિ થતી નથી. ૧૫૪ (બોલ પૂરો) થયો.

**જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે. ૧૫૫.**

૧૫૫. આ ભેદજ્ઞાનનો બોલ છે. **'જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે.'** વિશેષતા કરી છે એટલે શું ? કે, જેણે ભેદજ્ઞાનનો પ્રયોગ કરીને ભેદજ્ઞાન કરવાની Practice કેળવી છે, મહાવરો જેણે કેળવ્યો છે, ભેદજ્ઞાનની દશા કેળવી છે જેણે એવા જીવને ગમે તેવો પરિષહ આવે, આકરામાં આકરો પરિષહ આવે તો એમાં આત્મા જ વિશેષ લાગે છે અથવા એને એનો આત્મા જ મુખ્ય રહે છે. એનો આત્મા એને ગૌણ થાય અને પરિષહ અને પ્રતિકૂળતા ને વેદના એને મુખ્ય થાય એવું બનતું નથી. ક્યાં સુધી ? કે મરણ પર્યંતનો પ્રસંગ હોય.

આ છેલ્લામાં છેલ્લો સમર્થમાં સમર્થ દૃષ્ટાંત છે કે ઉપયોગ ઘેરાવા લાગે, આ બેશુદ્ધ થઈ જાય છે ને ? માણસ એમ કહે કે, જીવ ઊંડો ઊંડો ઊંડો તરી જાય છે. કોણ જાણે હવે શું થાશે ? એટલે કે મૃત્યુ થાશે તો શું થાશે ? તો કહે છે, એ કાળે પણ જેણે ભેદજ્ઞાનની દશા કેળવી છે, ભેદજ્ઞાન જેણે કેળવ્યું છે તે એકદમ સાવધાન થઈને, ત્વરાથી

સાવધાન થઈને પોતાના જ્ઞાયક આત્માને ગ્રહણ કરવાના પ્રયત્નમાં – પુરુષાર્થમાં લાગે છે. અને જ્ઞાન દ્વારા, જ્ઞાન લક્ષણ દ્વારા જ્ઞાન સ્વભાવની જ્ઞાનમાંથી, જ્ઞાનના આધારે જ્ઞાનસ્વભાવની મુખ્યતા એ કરે છે, બીજું બધું છોડી દ્યે છે. નામ સ્મરણ કરું, ફલાણું કરું એ વાત પણ નથી. એમ.

આ તો માણસ શું કરે છે કે મૃત્યુ સમયે નામ સ્મરણ કરવું, જાપ કરવા. કહે છે કે, જાપ કરવા એ પણ એક ઉપચાર છે. જ્ઞાની તો ભેદજ્ઞાનના જાપ જપે છે. આ ભેદજ્ઞાનનું પ્રકરણ છે ને ? જ્ઞાની તો ભેદજ્ઞાનના જાપ જપે છે. જાપ જપે એટલે શું ? ખાલી કોરું રટણ નથી પણ એ ચાલ્યા જ કરે, ભેદજ્ઞાન એનું ચાલ્યા જ કરે એને એનો જાપ કહેવામાં આવે છે. એ તો વિભાવ અને પર પ્રત્યેની (ભિન્નતા કરવાની) પ્રવૃત્તિવાળો ભાવ છે એટલે એને ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એમાં પરની અપેક્ષા છે, ભેદજ્ઞાનમાં પરની (અપેક્ષા છે કે), પરથી જુદું એમ પરની અપેક્ષા છે. એ જ પ્રવૃતિને, એ જ પ્રયત્નને સ્વરૂપમાં – સ્વભાવમાં અભેદ થવાનું અભેદજ્ઞાન કહેવામાં આવે છે.

જે ભેદજ્ઞાન છે તે જ સ્વ અપેક્ષાએ અભેદજ્ઞાન છે અને પર અપેક્ષાએ તે ભેદજ્ઞાન છે. તેમાં આત્મા જ વિશેષ છે, આત્માની મુખ્યતા છે, આત્માથી અભેદ થવાનો પ્રયત્ન છે. ભેદજ્ઞાનના કાળમાં પ્રયત્ન ચાલે છે અને એની સફળતા થાય ત્યારે એનો શુદ્ધોપયોગ થઈને લીનતા થઈ જાય છે. એટલા માટે તો 'સમયસાર નાટક'માં 'બનારસીદાસે' શરૂઆતમાં એવી વાત લીધી છે કે, ભેદજ્ઞાનનું ફળ શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગ ક્યાંથી ઉત્પન્ન થાય ? ભેદજ્ઞાનમાંથી ઉત્પન્ન થાય. માટે ભેદજ્ઞાનની કેળવણી અથવા વિશેષતા એણે કેળવવી જોઈએ, કરી લેવી જોઈએ તો એના ફળમાં એને ધર્મની પ્રાપ્તિ થાય. (વિશેષ લઈશું...)

***

## તા. ૫-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૫૫
## પ્રવચન નં. ૧૧૭

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૪૭. ૧૫૫ બોલ ચાલે છે. ભેદજ્ઞાનનો વિષય છે. **'જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે...'** કાલે જ શરૂ કરેલો, છેલ્લી પાંચ મિનિટ (ચાલેલો). ભેદજ્ઞાન એટલે સ્વ અને પર વચ્ચેની વહેંચણી. ભેદજ્ઞાન એક કાર્ય છે, એ કાર્યમાં સ્વ અને પરનો વિભાગ થાય છે. સ્વ અને પરને જુદાં પાડવાનું કાર્ય થાય છે, વહેંચણી થાય છે એને ભેદજ્ઞાન કહેવામાં આવે છે.

પોતે આત્મા ભિન્ન પદાર્થ હોવા છતાં, જુદો પદાર્થ હોવા છતાં, જુદો એટલે ભેદવાળો, ભેદ એટલે જુદો, અનુભવમાં અને પરિણમનમાં જુદો રહેતો નથી અને પરપદાર્થ ને રાગ સાથે અનુભવમાં – પરિણમનમાં ભેળસેળ થઈ જાય છે એ જીવને વિપરીત (પરિણમન) છે, પોતાના સ્વરૂપથી વિપરીત છે. કેમકે જુદો છે અને જુદો રાખતો નથી. એટલે પોતાના ભિન્ન સ્વરૂપ અસ્તિત્વથી એ વિપરીત છે અને પોતાથી વિપરીત છે તે પોતાને નુકસાનનું અને દુઃખનું કારણ છે. બીજી રીતે કહીએ તો એ જ પરિભ્રમણનું કારણ છે. અનંત દુઃખની પરંપરા એમાંથી સર્જન થાય છે.

સર્વ દુઃખોથી છૂટવાનો ઉપાય એક ભેદજ્ઞાન છે. આખું 'સમયસાર' ઠામ ઠામ ભેદજ્ઞાનની વાતથી ભરેલું છે. કોઈપણ અધિકાર કાઢો પણ ભેદજ્ઞાનની વાત એમાં નથી એવો એક પણ અધિકાર એમાં નથી. આ ભેદજ્ઞાનનું ફળ શુદ્ધોપયોગ છે. શુદ્ધોપયોગથી નિર્જરા થાય છે, શુદ્ધોપયોગથી મોક્ષનું સાધન થાય છે અને મોક્ષ પોતે સ્વયં શુદ્ધ ઉપયોગ સ્વરૂપે છે, મોક્ષ પોતે પણ શુદ્ધ ઉપયોગ સ્વરૂપે છે. મોક્ષ તો સર્વ વિશુદ્ધ જ્ઞાન સ્વરૂપે છે. એટલે ભેદજ્ઞાન છે એ મોક્ષમાર્ગની કરોડરજ્જુ છે એમ કહીએ (તો ચાલે). જેમ મનુષ્યનું શરીર આખી કરોડરજ્જુ ઉપર ટકેલું છે. નહીંતર તો બધું ભું જ ન રહી શકે, ઢીંગલું થઈ

જાય, બેસી જાય. એમ ભેદજ્ઞાન ઉપર આખો મોક્ષમાર્ગ છે.

કોઈ એમ કહે કે, પરદ્રવ્યનું અને રાગાદિનું કાર્ય અકર્તવ્ય છે અને કરવા યોગ્ય નથી તો પછી સાધક દશામાં કરવાનું શું રહ્યું ? સાધકદશામાં પરિણામનો વ્યાપાર શેનો ચાલે છે ? કે ભેદજ્ઞાનનો ચાલે છે. નિરંતરપણે, સતતપણે ભેદજ્ઞાનની પ્રવૃત્તિ ચાલે છે. પ્રવૃત્તિ સિવાય માણસનો કાળ નિર્ગમન થતો નથી, કાળ જતો નથી અને ઘણાં એવા નવરા થાય છે એને તકલીફ પડે છે કે દિવસ જાય તો રાત જતી નથી અને રાત જાય તો દિવસ જતો નથી. શું કરીએ સાવ નવરા છીએ. એને કહે છે કે આ ભેદજ્ઞાનની પ્રવૃત્તિ ક્ષણે ક્ષણે સર્વ ઉદયમાં કર્તવ્ય છે અને એ પ્રવૃત્તિમાં તને નિર્જરા છે, એ પ્રવૃત્તિના ફળમાં શુદ્ધોપયોગ છે, એ પ્રવૃત્તિના ફળમાં તારું નિજ આત્મકલ્યાણ છે એટલે ભેદજ્ઞાન કર્તવ્ય છે.

પ્રશ્ન :- ભેદજ્ઞાનની Continuity કેમ નથી રહેતી ?

સમાધાન :- સાધકને તો રહે જ છે. મુમુક્ષુની નથી રહેતી એનું કારણ શું છે કે એટલું એની પાસે જે બળ હોવું જોઈએ, પુરુષાર્થ હોવો જોઈએ એ પુરુષાર્થ નથી. ભેદજ્ઞાન કરે (વળી) પાછું છૂટી જાય, ભેદજ્ઞાન કરે ને છૂટી જાય, તો એ છૂટી જાય છે ત્યારે એ ભૂલી જાય છે કે મારે આ કરવાનું છે. એ તો નક્કી વાત છે ને ?

પ્રશ્ન :- એમાં રુચિની ખામી છે ને ?

સમાધાન :- હા, રુચિની ખામી એ ખામી તો છે જ. રુચિની પણ ખામી છે, ભાવનાની પણ ખામી છે. મૂળ તો ભેદજ્ઞાન કોને થાય છે ? કે જેને પોતાની સ્વરૂપ પ્રાપ્તિની તીખી ભાવના હોય છે, સાચી ભાવના હોય છે એને ભેદજ્ઞાન થઈ શકે છે. બીજાઓ એમ જાણે કદાચ કે, ભેદજ્ઞાન કરવા જેવું છે. કેમકે ભેદજ્ઞાનથી ઘણો લાભ છે. સમ્યક્દર્શન પણ ભેદજ્ઞાનથી પમાય છે, સમ્યક્દૃષ્ટિ થયા પછી પણ આગળ વધીને મુનિદશામાં પહોંચવું હોય તોપણ ભેદજ્ઞાનથી (પહોંચાય) છે અને મુનિઓ પણ નિરંતર ભેદજ્ઞાન કરીને મોક્ષદશાને પ્રાપ્ત કરે છે. એવું ભેદજ્ઞાન નિરંતર કરવા યોગ્ય છે. 'સમયસાર'ની અંદર એ તો શ્લોક લીધો છે કે, **'च्छिन्नक्रमॉ प्रक `भ्रमॉग्रेप्र र सिप्रमॉग्रहि त्रुच्छिन्नक्रमॉ प्रक्र'** અછિન્ન એટલે વચમાં છેદ ન પડે, વચમાં કટકો ન પડે, વચમાં આંતરો ન પડે એવા પ્રકારે ભેદજ્ઞાન ભાવવા જેવું છે. 'સંવર અધિકાર'નો કળશ છે. (૬-૧૩૦) સંવરનું કારણ ભેદજ્ઞાન છે. એવું આચાર્ય મહારાજ અધિકારનું ઉદ્ઘાટન કરતા એ વાત કરે છે કે, ઉત્કૃષ્ટ સાધન ભેદજ્ઞાન છે અને આ એક માત્ર ઉત્કૃષ્ટ કહો કે એકમાત્ર સાધન ભેદજ્ઞાન છે અને તે અત્રુટક ધારાએ

અછિન્નધારાથી ભાવવા યોગ્ય છે. ક્યાં સુધી ભાવવા યોગ્ય છે ? કે જ્યાં સુધી તું તારામાં સંપૂર્ણપણે લીન થઈ જા અને ઉપયોગ બહાર જ ન નીકળે ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવા યોગ્ય છે. આટલી ખબર પડ્યા પછી પણ, આવું વાંચી, સાંભળી અને એ સંમત કર્યા પછી પણ ભેદજ્ઞાન થવું એ બીજી વાત છે. સંમત થવું એ બીજી વાત છે અને (ભેદજ્ઞાન) થવું એ બીજી વાત છે.

પ્રશ્ન :- હવે આપણે થવું છે તો શું કરવું ?

સમાધાન :- ભાવનામાં આવવું જોઈએ. જેને આત્મસ્વરૂપની તીવ્ર ભાવના, સાચી ભાવના, અંતરથી ભાવના હોય એને જ ભેદજ્ઞાન શરૂ થાય અને બીજાને જાણવા છતાં, ભેદજ્ઞાન શરૂ કરવા જેવું છે, કરવા જેવું છે એવું જાણવા છતાં ન થાય. કેમકે એની ભાવના છે એ અન્ય પદાર્થને વિશે છે, રાગની ભાવના છે અથવા રાગના વિષયની ભાવના છે એટલે સંયોગની ભાવના છે. બેમાંથી રાગ અને સંયોગની ભાવના એ જીવને ભેદજ્ઞાન થવા દેતું નથી. ક્ષયોપશમમાં વાત સંમત થાય ન્યાયથી, આગમથી કે ભેદજ્ઞાન જ કરવા જેવું છે પણ સંયોગની રુચિ, સંયોગની ભાવના – રાગની રુચિ અને રાગની ભાવના એને ભેદજ્ઞાન થવા... થવા સમર્થ થતો નથી પોતે. ભૂલી જાય છે.

મુમુક્ષુ :- આ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાય જ નથી. આ એક જ છે. જુઓ ! પણ જીવને એની ગંભીરતા નથી આવતી, એની કિંમત નથી આવતી કે મારા છૂટવાનો ઉપાય આ એક જ છે. એક વાત તો એવી છે કે જગતમાં લોકો ઉપાય માટે ફાંફાં મારે છે અને ખબર નથી કે ખરેખર ઉપાય શું છે. પછી જે કાંઈ કુળ પરંપરા, સંપ્રદાયની પરંપરા કુળધર્મ અનુસારની અથવા અન્યમતમાં જાય તો કોઈની વિશેષતા – ત્યાગની, ચમત્કારની કાંઈને કાંઈ લાગી હોય, કોઈના ક્ષયોપશમજ્ઞાનની, ક્યાંયને ક્યાંય ભાલે ભરાય છે.

સાચા જ્ઞાની, સાચા શાસ્ત્ર, પ્રત્યક્ષ સત્પુરુષ એમ કહે. આ તો પ્રત્યક્ષ સત્પુરુષનો ગ્રંથ છે. મોટી વાત તો એ છે, અને સાચો ઉપાય મળે તોપણ જીવ ન આદરે તો એ ખરેખર જાણીબૂજીને આજ્ઞા ઉપર પગ મૂકે છે. આટલી એની ગંભીરતા લેવી જોઈએ. કેટલી ગંભીરતા લેવી જોઈએ ? કે જાણીબૂજીને જાણે એ આજ્ઞા ઉપર પગ મૂકે છે. બીજાને જાણવાય મળતું નથી. તને એટલે હદ સુધીનો યોગ થયો, હવે તું ઊંધો ચાલે ? એ વાત તારા હિતની નથી, અહિતની વાત છે. થોડો વિષય કઠોર પડે છે અહીંયાં પણ છે હિતનો વિષય. કે

આવું હિત કરવાની તક મળી, અહીં સુધી – ઠેઠ સુધી આવ્યો અને હવે કાં નથી કરતો ? એવું તો તારા હિતથી તને તારું અહિત કાં પ્રિય લાગ્યું ? કેમ વહાલું લાગ્યું ? કેમકે બીજી રીતે તો તારું અહિત છે. આ વિચાર કરવા જેવો છે.

જો જીવ વિચારણાના સ્થાનમાં ભો હોય તો એણે આ વિચાર કરવા જેવો છે કે તું અહિતને વહાલું કરીને, ભવદુઃખને વહાલું કરીને તારા કલ્યાણને છોડી દેવાની વાત, કલ્યાણનો ત્યાગ કરી દેવાની વાત એ વાત કેમ તને પોસાય છે ? બસ ! આ એક પ્રશ્નને ઊંડાણથી લ્યે અને એના સમાધાનમાં આવે તો ભેદજ્ઞાનમાં આવી જાય. ભેદજ્ઞાનમાં આવે તો એનો છૂટકો થઈ જાય. આ સીધેસીધી બહુ ચોખ્ખી વાત છે. અને એને બીજો કાંઈ પરિશ્રમ નથી. બીજો કાંઈ પરિશ્રમ નથી.

જે રાગ ચાલુ છે એ રાગમાં અહંપણું થઈ રહ્યું છે એટલે જે જ્ઞાન ચાલુ છે એમાં અહંપણું થઈ શકતું નથી. આ ભેદજ્ઞાનથી વિપરીત સ્થિતિ અનાદિથી ચાલી રહી છે. બરાબર ? હવે જે જ્ઞાન ચાલુ રહ્યું છે, ચાલી રહ્યું છે એ જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવી હું છું એમ જ્ઞાનમાત્ર હું, સદાય ઉપયોગધારી – ઉપયોગ સ્વભાવી હોવાથી સદા ઉપયોગને ધારણ કરનારો હું જ્ઞાનમાત્ર છું, એમ જ્યાં હુંપણું જ્ઞાનમાં કરે તો રાગમાં હુંપણું છોડવા નહીં જાવું પડે. જેમ રાગમાં હુંપણું કરતા જ્ઞાનમાં હુંપણું થતું જ નથી એમ જ્ઞાનમાં હુંપણું થતા રાગમાં હુંપણું થતું જ નથી. હુંપણું કરતો હતો અને હવે કેમ છોડવું એ સમસ્યા નથી રહેતી. એ પ્રશ્ન નથી રહેતો.

મુમુક્ષુ :– જ્ઞાન છે ઇ સૂક્ષ્મ છે અને રાગ છે ઇ સ્થૂળ છે એટલે પકડાતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ભલે સ્થૂળ છે અને સૂક્ષ્મ છે છતાં ન પકડી શકે એવું નથી, અશક્ય નથી. વાત તો ઠીક છે કે, રાગ વધારે સ્થૂળ છે અને જ્ઞાનમાં પણ જ્ઞાન સ્વભાવની અહીંયાં વાત છે એટલે એ સૂક્ષ્મ પડે છે. વળી અનાદિથી નથી કર્યું એટલે થોડું અઘરું પણ લાગે છે. એ પરિસ્થિતિ મંજૂર છે પણ એ કાંઈ અશ ય નથી કે ન કરી શકે.

છપ્પન જાતના મસાલા નાખ્યા હોય એવી રસોઈમાં મીઠું વધારે છે કે ઓછું છે એનું પરિમાણ નક્કી કરે છે. નાખનારે જોખીને નાખ્યું હોય તોપણ ચાખનારો એમ કહે કે કાંઈક ભૂલ થઈ છે. કહે કે ન કહી શકે ? પોતે હાજર નથી, જ્યારે રસોઈની અંદર નાખ્યું છે ત્યારે હાજર નથી (છતાં) સ્વાદથી કહી દ્યે છે કે નહીં ? ખારાશને પકડવામાં બીજા કેટલા જુદી જુદી જાતના સ્વાદ વચ્ચેથી કાઢે છે ! ઇ સૂક્ષ્મ છે કે નહીં ? આ વાત સૂક્ષ્મ ખરી

કે નહીં ? કે આ પ્રમાણ ઓછું છે અથવા સાવ ન હોય તો ખબર પડે પણ ઓછાવત્તાની પણ ખબર પડે. એકલું મીઠું નહીં, મરચું ઓછુવત્તું હોય તો ખબર પડે, ગળપણ ઓછુવત્તું હોય તો ખબર પડે, ખટાશ ઓછીવત્તી હોય તો ખબર પડે, બધું ખબર પડે છે. એ બધું સૂક્ષ્મ છે. એટલે જીવ સૂક્ષ્મપણે જ્ઞાનનો અભ્યાસ નથી કરતો એમ નથી પણ એને Practice છે તો વાંધો નથી.

આ ચોમાસું છે તો આ જાંબુ થાય છે ને ? ત્રણ ચાર જાંબુડા એકસાથે મોઢામાં નાખી દયે. ખાવાના ફળ, જાંબુડા ફળ. પછી તમારે ઠળિયો ખાવાનો નથી, બરાબર છે ? ઠળિયો ભાંગવા પણ માગતા નથી કેમકે ઠળિયો ભાંગે તો એનો સ્વાદ – તૂરો સ્વાદ પણ એની અંદર આવવા મંડે. તો જીભ અને દાંત (વચ્ચે) ચાવવું એવી રીતે (થાય છે). દાંત કાંઈ વળતી ચીજ નથી, જીભ વળે છે તો એના ગર્ભને એવી રીતે છોલો છો તમે દાંત સાથે (કે) ઠળિયો ભાંગે નહીં, જીભથી એવી રીતે એને ફેરવો છો કે તમારી જીભ બત્રીસ દાંત વચ્ચે આવે નહીં અને એક પછી એક બધા ઠળિયા સાફ કરીને બહાર મૂકી દ્યો. કેટલું સૂક્ષ્મ કામ કરો છો ! બીજી હજાર વાત કરો પાછા. બીજી ચર્ચા કરો, બીજા વિચાર કરો. બીજા આટલા કામ કરતા કરતા આવા સૂક્ષ્મ કાર્યો તમે કરો છો. ચાલુ જીવનની અંદર પણ તમે એટલા સૂક્ષ્મ કાર્ય કરો છો.

આ મૉટર ડ્રાઇવિંગ એવી વસ્તુ છે. પાંચ–સાત ઠેકાણે ઑપરેશન કરવા પડે છે. ઑપરેશન એટલે ક્રિયા કરવાની. અને છતાં બાજુમાં બેઠા હોય એની સાથે વાત કરે કે 'અમેરિકા'ના રાજકારણનો વિચાર કરે ને દુનિયાભરના રાજકારણની ચર્ચા કરતો જાય અને સાત-આઠ ઠેકાણે કામ કરતો જાય. ઇ તો નહીંતર એવું જવાબદારીવાળું કામ છે કે એક ઠેકાણે ભૂલે તો જાય જાનથી. કાં તો કો'કનો જાન જાય ને કાં પોતાનો જાન જાય. પણ જેની Practice છે એ વિષય સહજ થઈ જાય છે.

આ સરકસમાં કેટલા ખેલ કરે છે. કેટલા સૂક્ષ્મ કામ કરે છે. ઇ બધા બહુ બુદ્ધિવાળા છે એમ છે ? કાંઈ ન ભણ્યા હોય પણ Handle વગરની સાઇકલ ફેરવે ને એક પૈડાવાળી સાઇકલ ફેરવે ને તાર ઉપર ચાલે ને દોર ઉપર ચાલે ને દોરી ઉપર સાઇકલ ફેરવે ને કેટલી જાતના ઊંધા માથે ને સવળા માથે ને આડા ને અવળા ને ગલોટિયા ને કેટલું કાંઈક કરે છે. ક્યાંથી કરે છે ? બુદ્ધિનો વિષય છે ? Practice નો વિષય છે. અહીંયાં Practice નથી કરતો. Practice કરે તો આ સૂક્ષ્મ છે માટે નથી થાય એવું – એ વાત રહેતી નથી.

બહુ સહજ થઈ જાય છે.

મુમુક્ષુ :- મુખ્યતા આવે એટલે સહજ આમ Practice થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- થઈ જ જાય. આ ચતુર્થ ગુણસ્થાનવર્તી, અવિરત સમ્યક્દૃષ્ટિ હોય છે પણ બધાના ઉદય જુદાં જુદાં. ચારેય ગતિમાં થાય છે. નારકીમાં નારકીને યોગ્ય સંયોગો, તિર્યંચમાં તિર્યંચને યોગ્ય પ્રવૃત્તિ, મનુષ્યમાં મનુષ્યને યોગ્ય ક્રિયાઓ, દેવમાં દેવલોકને યોગ્ય... આમા આખું જગત આવી ગયું ચારેય ગતિમાં અને ચારેય ગતિમાં તે-તે પ્રકારની ક્રિયાઓ અને કાર્યો થતાં પણ નિરંતર ભેદજ્ઞાન ત્યાં ચાલે છે. તો તારે અહીંયાં નહીં થવાનો પ્રશ્ન રહેતો નથી. દુકાન માંડવી હોય અને રૂપિયા કમાવા હોય તો એમ કહે કે ઇ ધંધો કરી શકેને હું શું કરવા ન કરી શકું ? ત્યાં એમ કહે, એનામાં આવડત છે અને શું કાંઈ આપણામાં આવડત જ નથી, ઇ કાંઈ ધાન ખાય છે અને આપણે કાંઈ ધૂળ ખાઈએ છીએ ? ઇ કરી શકે એ આપણે કરી શકીએ, ઇ જ્યાંથી માલ લઈ આવે ત્યાંથી આપણે માલ લઈ આવ્યે, ઇ માલ જ્યાં વેચે ત્યાં આપણે વેચ્યે, એના ઘરાકમાં આપણે પહોંચી જઈએ, એનાં કરતાં એક પૈસો ઓછો બોલ ! કરે છે કે નથી કરતો ? ત્યાં એમ નથી કહેતો કે, ઇ કામ આપણે કોઈ 'દી કર્યું નથી એટલે હવે કેવી રીતે થાય ? જરૂરિયાત લાગે તો એને જેમાં વધુમાં વધુ લાભ થતો હોય એ કામ કરવા તૈયાર થઈ જાય છે. ન આવડતું હોય તો શીખી લ્યે છે. અને કેટલાક માણસો તો પહેલેથી જ શીખવા માટે નોકરીમાં લાગીને અનુભવ લઈને પછી દુકાન માંડે છે. જેને જે કરવું છે એના બધા ઉપાય એ કરે છે. કરવું છે એનો ઉપાય છે, નથી કરવું એનો કોઈ ઉપાય નથી.

એક તો નક્કી કર તું અથવા એક આમાં બોલ છે, જીવ કરવા ધારતો નથી. કેમ એનું કાર્ય થતું નથી ? કે એણે કરવા ધાર્યું નથી. જો એ કરવા ધારે એનો અર્થ થાય છે કે જો એ કરવા ધારે તો થાય, થાય ને થાય, ન થાય એ પ્રશ્ન નથી. અશ ય છે એ પ્રશ્ન નથી. ખરેખર તો આપણે એ સિદ્ધાંત અનેક વાર વિચાર્યો છે કે પાત્રતા હોય તો કાર્ય થતા વાર લાગતી નથી. હવે આ જો કરવા ધારે (તો) એ વખતે પાત્રતા ભી થઈ. જે કોઈ જીવ મારે મારું આત્મહિત કરી જ લેવું છે એવું જોર અંદરથી કરે, પોતાનું કાર્ય કરવા ધારે, નિર્ણય જોરથી લ્યે એટલે પાત્રતા ત્યાં ભી થઈ ગઈ. પોતાના સ્વરૂપની જિજ્ઞાસામાં આવે તો ત્યાં પાત્રતા થઈ ગઈ. સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં આવે તો ત્યાં પાત્રતા થઈ ગઈ. પાત્રતા કાંઈ લેવા જાવી પડતી નથી. પણ પોતાને પોતાનું કાર્ય કરવાની તીવ્ર

ભાવના થવી, એ જો તારી પાસે ન હોય તો પછી આગળની કોઈ વાત તને સફળ થાય અને આ માર્ગમાં તારી પ્રવૃત્તિ થાય અને તને આ માર્ગ હાથમાં આવે એ કેમ બની શકે ? કે કોઈ રીતે બની શકે નહીં.

કાલે (એક મુમુક્ષુએ) એક પ્રશ્ન કર્યો હતો કે, આ જરા જોખમી માર્ગ છે કે. શુભનો નિષેધ છે. શુદ્ધદૃષ્ટિનો અને શુદ્ધ માર્ગનો શુદ્ધતાના રક્ષણ કરવાના હેતુથી શુભનો પણ અહીંયાં નિષેધ કરવામાં આવે છે કે જરા જોખમી માર્ગ છે જો કાંઈ ખ્યાલ ન રહે તો સ્વચ્છંદમાં જીવ ચાલ્યો જાય. એ તો સ્પષ્ટ વાત છે કે જેમ જેમ આગળની વાત હોય તેમ તેમ જવાબદારી વધતી જાય છે. જેમ ઊંચી પાયરીવાળાની જવાબદારી વધારે હોય છે તેમ ઊંચા કાર્ય કરવાવાળાની જવાબદારી વધારે જ હોય છે. મુમુક્ષુ કરતા સમ્યક્દૃષ્ટિની વધારે જવાબદારી છે, સમ્યક્દૃષ્ટિ કરતા બીજા ત્યાગીઓની, મુનિઓની વધારે જવાબદારી છે, એમ છે ખરેખર તો. મુનિ તો એક ઘડીથી વધારે નિદ્રા લ્યે ત્યાં આવી જાય નીચે, મિથ્યાત્વમાં આવી જાય. એવું છે. ૨૮ મૂળગુણમાંથી એક મૂળગુણ તૂટે તો એનું મુનિપણું છૂટી જાય. મૂળગુણ છૂટે તો મુનિપણું છૂટી જાય. દ્રવ્યલિંગ થઈ જાય એને, ભાવલિંગ છૂટી જાય. જવાબદારી તો વિશેષ છે જ તે. એમ પંચમ ગુણસ્થાને પ્રતિજ્ઞા લ્યે અને તોડે તો બહુ મોટી જવાબદારી છે. ન લ્યે એની એટલી જવાબદારી નથી. અવિરત સમ્યક્દૃષ્ટિની એટલી જવાબદારી નથી. જેટલી પ્રતિજ્ઞા લઈને તોડનારની જવાબદારી છે. કેમકે ઊંચાની ઊંચી વાત છે. એમ ઊંચે ઊંચે જવાબદારી વિશેષ છે અને લાભ પણ વિશેષ છે. એ તો એક જવાબદારીનું પડખું થયું. પણ ઊંચી પાયરીવાળાને પગાર પણ ઊંચો જ મળે છે એમ અહીંયાં ઊંચે જનારને લાભ પણ વધુ જ છે. એને શાંતિ, આનંદનો લાભ વધારે છે, એનો મોક્ષ પણ નજીક છે. એ વાત સીધેસીધી છે. તો માત્ર આ એક જવાબદારીવાળું જોખમી કામ છે એમ સમજીને પણ ભય રાખીને ત્યાંથી હઠી જવા જેવું નથી પણ લાભ ઘણો છે એમ પકડીને આગળ જવા જેવું છે.

મુમુક્ષુ :- રાગ અને જ્ઞાન જે છે બેય બાજુ બાજુમાં જ છે. રાગ પર છે છતાં હુંપણું ત્યાં થઈ જાય છે અને અહીંયાં જ્ઞાન હું છું ત્યાં હુંપણું થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- ખરેખર તો તપાસ કરે તો એને પોતાનું અસ્તિત્વ જ્ઞાનમાં અનુભવાય એવી વસ્તુસ્થિતિ છે. જે હું હું હું હું હુંપણું થઈ રહ્યું છે, પોતાની હયાતી જે છે એમ લાગે છે – ભાસે છે એ અસ્થાનમાં છે, ભ્રાંતિએ કરીને. રાગમાં થાય છે એ ભ્રાંતિએ

કરીને થાય છે.

મુમુક્ષુ :– ત્યાં બેસી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પણ એ એટલી ભ્રાંતિ છે, એની એ ભ્રાંતિ છે. જો તપાસ કરે, મધ્યસ્થ થઈને ખાલી તપાસ જ કરે કે ખરેખર આ હુંપણું છે ક્યાં ? જ્યાં અનુભવાય છે ત્યાં છે ? એની મને જો ના પાડે છે તો ના પાડવાવાળા કોઈ પ્રમાણિક વ્યક્તિ છે, નિર્દોષતા ધારણ કરનાર વ્યક્તિ છે તો તપાસ તો કરું હું. એમ ને એમ નથી માની લેવું. તો એ તપાસ કરે, મધ્યસ્થ રહીને શોધે અંદરમાં કે મારું અસ્તિત્વ ક્યાં છે ? તો એને પોતાનું અસ્તિત્વ જ્ઞાનમાં માલૂમ પડશે. જ્યારે એને જ્ઞાનમાં અહંપણું, અસ્તિત્વપણું માલૂમ પડશે ત્યારે રાગમાં અસ્તિત્વપણું છોડવા જાવું પડશે નહીં, છૂટી જ જશે આપોઆપ. આટલું કાર્ય છે પણ એની કાળજી લઈને, એની દરકાર કરીને એને સાવધાનીમાં આવીને એટલે કે બીજી દરકાર ને બીજી સાવધાની છોડી દઈને કામ કરવું એ એના હિતની વાત છે. એને હિત સાધવું – ન સાધવું એના માટે એ સ્વતંત્ર છે, કોઈ એને બંધન લાદી શકે એવું નથી. ચાહે તો તીર્થંકર પરમાત્મા હોય તોપણ એનું બંધન એના ઉપર આવે એવું નથી. કરે તો સ્વતંત્ર – ઊંધું કરે તો સ્વતંત્ર અને સવળું કરે તો સ્વતંત્ર. આ પરિસ્થિતિ છે, વસ્તુસ્થિતિ છે.

મુમુક્ષુ :– અહીંને અહીં આગળ ચાલીએ. હુંપણું થાય પછી પાછું છટકી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હુંપણું થાય, જો એને પોતાના જ્ઞાનમાં – સ્વભાવમાં હુંપણું ભાસે તો ત્યાંથી એને સુખ, શાંતિ આવવાનું શરૂ થાય. અહીંયાં જેવું હુંપણું ભાસે તો જેમાં હુંપણું ભાસે છે એમાં નિરાકુળતા છે, એમાં કષાયનો અભાવ છે. જ્ઞાન સ્વભાવમાં કષાયનો અભાવ છે, અકષાયસ્વભાવી છે એટલે એમાં શાંતિ છે, સુખ છે એમાં દુઃખ નથી. જોડે રહેલો જે રાગ એ સકષાય પરિણામ છે એમાં અશાંતિ છે ને એમાં દુઃખ છે. હવે બળબળતા ઉનાળામાં અગ્નિ અને બરફ બન્ને બાજુ બાજુમાં હોય તો તમે શેને પસંદ કરો ? કે અહીંથી ચૂલો સળગાવ્યો છે એની હવા આવે છે. આ એક બારણું એવું છે. આ બારણામાંથી ઍરકંડીશનની ઠંડી હવા આવે છે. કઈ બાજુ જાશે જીવ ? સહજ જ એ પોતાની શીતળતા તરફ વળશે. એમ એને સુખ દુઃખનું Comparative knowledge જેને કહે છે, તુલનાત્મક જ્ઞાન થાય છે. સરખામણીવાળું જ્ઞાન થાય છે કે આ જ્ઞાનનો અનુભવ અને આ રાગનો અનુભવ અનાદિથી કર્યો. જ્ઞાનનો અનુભવ કરવા જતા શાંતિ અને શીતળતા છે અને આ તો બળબળતા અંગારા

છે. રાગ તો એકલા બળબળતા અંગારા છે. 'રાગ આગ દહે સદા તાતે સમામૃત સેવીએ' 'છ ઢાળા' નો વિષય છે. એવું જ્યારે એને ચોખ્ખું લાગે ત્યારે એને કહેવું પડતું નથી કે તું જ્ઞાનને મુખ્ય કર, તું આત્માને મુખ્ય કર એ કહેવું પડતું નથી, આપોઆપ જ આત્મા મુખ્ય (થઈ જાય) છે.

પ્રશ્ન :– વ્રત લઈએ ને ભંગ કરીએ તો દોષ લાગે પણ વ્રત ન લઈએ તો કાંઈ નુકસાન ખરું ?

સમાધાન :– હા, એટલું નુકસાન નહીં. નુકસાન તો બન્નેમાં છે પણ ઓલામાં વધારે છે. વ્રત અંગીકાર કરીને તોડે એનામાં વધારે નુકસાન છે. એટલે જૈન દર્શનની પરિપાટી એવી છે અથવા જિનાજ્ઞા અને જિનેન્દ્રના માર્ગની આમ્નાય એવી છે કે પહેલાં તત્ત્વજ્ઞાનથી વસ્તુનું સ્વરૂપ જાણે. તત્ત્વજ્ઞાનથી વસ્તુનું સ્વરૂપ સમજાય પછી જેટલી પોતાની શક્તિ હોય એ શક્તિનું માપ કાઢીને વ્રત અંગીકાર કરે. ભરો આવે એકદમ અને એમ ને એમ પ્રતિજ્ઞા લઈ લ્યે ને પછી એ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરી શકે નહીં. એ રીતે પ્રતિજ્ઞા લેવાનું વિધાન નથી, ફરમાન પણ નથી. એમ છે.

પ્રશ્ન :– અજ્ઞાનપણે વ્રત લઈ લીધા હોય અને પછી ન પળાય તો ?

સમાધાન :– ઇ વ્રત જ નથી. એ તો એણે મિથ્યાત્વને દઢ કરવાનું સાધન પકડ્યું હતું એને છોડી દેવું જોઈએ. અને કાં સહજપણે કષાયની મંદતામાં એણે એનો નિર્વાહ કરવો જોઈએ. એની પાછળની સમજણ કરી લેવી જોઈએ કે, આ માત્ર શુભરાગ છે. આત્માને એ ધર્મ નથી, ધર્મનું કારણ પણ નથી. એ મિથ્યાત્વ એણે છોડી દેવું જોઈએ. પહેલાં એને ધર્મના કારણ તરીકે અંગીકાર કર્યું હતું. જો સહજપણે કષાયની મંદતા રહેતી હોય તો ભલે નિર્વાહ કરે પણ એમ સમજીને કે આ ધર્મ કે ધર્મનું કારણ નથી. એક માત્ર શુભભાવ છે. મને એટલું અશુભ રુચતું નથી, એટલું અશુભ કરવાની સહજપણે આવશ્યકતા નથી તો શુભમાં રહેવાનો નિષેધ નથી. એ રીતે પણ એ શુભમાં અટકવાનો નિષેધ છે. શુભ થાય એનો એટલો નિષેધ નથી જેટલો શુભમાં અટકે છે એનો નિષેધ છે. ધર્મ માનીને અટકે છે, ધર્મનું સાધન માનીને અટકે છે તો એને સાચું ધર્મનું સાધન છે એ મળતું નથી. એ રીતે સમજણપૂર્વક રહે તો કોઈ એમાં એટલો દોષ નથી અને નહીંતર પોતાના પરિણામની શક્તિ ન હોય અને છૂટી જાય તો એનો એટલો દોષ નથી કે હઠ કરીને ધર્મનું સાધન માનીને દોષ કરતો હતો, એટલો દોષ એમાં નથી.

મુમુક્ષુ :– એક માણસ વેપાર નથી કરતો અને એક માણસ વેપાર કરે છે તો થોડીક નુકસાની જાય છે એના જેવી વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– નુકસાનીથી મૂડી ઓછી કરીને ? ઓલો વેપાર નથી કરતો તો મૂડી તો સાચવી રાખે છે ને !

મુમુક્ષુ :– કે ‘દી આગળ આવે ?

પૂજ્ય ભાઈશ્રી :– પણ નુકસાની કરે ઇ કેટલો પાછળ જાય ! આગળ આવવાની વાત તો એક બાજુ રહી. વેપાર ન કરે ને મૂડી સાચવી રાખે ને વેપાર કરે ને મૂડી ઓછી કરે, કોણ ડાહ્યો ? ઇ કહો. સીધી વાત છે કે નહીં ? વાણિયાને સીધું સમજાય એવું છે. વેપારનો વિષય સીધો સમજાય એવો છે. વેપારના દૃષ્ટાંત લેવા આપણે. તરત સમજાય એવું છે.

મુમુક્ષુ :– વેપાર કરે એને નુકસાન જાય પણ કો’ક ’દી નફો પણ થાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે પણ એટલી શક્તિ હોય તો જરૂર વેપાર કરે. કોણ ના પાડે છે ? વેપાર કરવા માટે જ વાત છે આ તો. શુદ્ધ ઉપયોગનો વેપાર કરવા માટે જ વાત છે. ખોટો વેપાર ને ખોટી લાઇનનો વેપાર કરવા માટેની વાત નથી. વેપાર પણ સમજીને કરે કે એમ ને એમ ગમે ત્યાં ઝંપલાવે છે ? ત્યાં તો ચારેબાજુથી તપાસ કર્યા પછી દુકાન માંડે. ભલે પાંચ ’દી મોડું થાય એનો વાંધો નહીં પણ પૂરી ખાતરી કરે ને એને વિશ્વાસ આવે કે આમાં હવે નુકસાન જવાનું નથી, તે ’દી દુકાન માંડે. નહીંતર કેવો સલવાય જાય ?

અમારે એક સ્નેહી હતા. અજાણ્યા વેપારમાં પડ્યા. પડ્યા એવી રીતે કે એક ભાઈને ભાગીદારની જરૂર હતી. ભાઈ ! આમાં બહુ નફો છે. આંબાઆંબલી બતાવી જેને, એને એમ કહે છે. બહુ નફો છે, આટલો નફો છે, ચાલીસ ટકાનો નફો છે, સાઠ ટકાનો નફો છે. એવા સલવાઈ ગયા, એવા સલવાઈ ગયા. પોતાની મૂડી સલવાઈ ગઈ ને પછી ગામની ઉધાર લેવા જવી પડી. પછી મૂંઝાઈ ગયા કે આ મારી (મૂડી) તો ગઈ પણ ગામનું દેવું કર્યું. આ તો હું દેવાદાર થઈ ગયો. બહુ કરી. આખી જિંદગીનું રળેલું. આખી જિંદગી ડૂબી જાય એવું લાગ્યું એને. ખાવું ભાવે નહીં, રાતે ઊંઘ આવે નહીં, ભાણે બેસે તો ખાવું ભાવે નહીં. આખો ’દી વિચાર... વિચાર... વિચાર.. વિચાર... વિચાર... ઘરના બધાને થઈ ગયું કે આને કાંઈક થઈ ગયું લાગે છે. ઘરમાં કહે નહીં કે હું સલવાણો છું. બૈરાં-છોકરાં કરે પણ શું ? ઓલા લોકોને ખ્યાલ થઈ ગયો કે આને એવી ગડબડ થઈ ગઈ છે ને કાં તો

ગાંડો થઈ ગયો છે.

મોક્ષમાર્ગ એથી ગંભીર છે. રૂપિયા કરતા એની – ધર્મની ઝાઝી કિંમત છે એટલી વાત તો નક્કી છે કે નહીં ? તો એનો વેપાર તો સમજીને કરવાની વાત છે કે એમ ને એમ દીધે રાખો ? ગમે ઇ કહેનાર મળે ને ગમે એનું માની લ્યો એમ હોય કાંઈ ? એની તો બરાબર પરીક્ષા કરીને એણે નક્કી કરવું જોઈએ.

અહીંયાં ભેદજ્ઞાન પણ પ્રવૃતિ એટલે વેપારરૂપ છે. ભેદજ્ઞાન એ પ્રવૃત્તિરૂપ છે, લક્ષમાં શુદ્ધ આત્મા છે. ધ્યેયનો વિષય – લક્ષમાં રાખવા યોગ્ય વિષય તો એક શુદ્ધ આત્મા છે કે જ્યાં પ્રવૃત્તિ નથી અને પ્રવૃત્તિનો વિષય છે વર્તમાન ભેદજ્ઞાનની પ્રવૃત્તિ. સાધકદશાનું આ એકધારું કર્તવ્ય છે. કરવા યોગ્ય કાર્ય છે.

**'જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે...'** એટલે કુશળતા પ્રાપ્ત કરી છે. વિશેષતા કરી છે એનો અર્થ એમ કે વિશેષતા છે કે આ વાતની એનામાં વિશેષતા છે એટલે આવડત છે, આગળ છે, એ વિષયમાં કુશળ છે, પ્રવીણ છે. 'સમયસાર'ની ૧૭-૧૮ ગાથામાં એને પ્રવીણતા એવો શબ્દ લીધો છે કે, અનુભવમાં આવતા જે મિશ્ર ભાવો એટલે રાગ અને જ્ઞાનનું મિશ્રણ થઈ ગયું છે – એકપણું થઈ ગયું છે એવા જે અનુભવમાં આવતા ભાવો તે ભાવોને જુદાં પાડવામાં જેણે ભેદજ્ઞાનની પ્રવીણતા કરી છે. ત્યાં 'પ્રવીણતા' શબ્દ લીધો છે. પ્રવિણતા કહો કે વિશેષતા કહો.

**'તેને ગમે તેવા પરિષહમાં આત્મા જ વિશેષ લાગે છે.'** આત્મા મુખ્ય (રહે છે). અહીંયાં વિશેષ એટલે મુખ્ય. ગમે એવા પરિષહમાં આવે, કોઈ પણ પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં આવે (પરંતુ) ભેદજ્ઞાનીને મૂંઝવણ થતી નથી. ભેદજ્ઞાનીને તે પ્રતિકૂળતાની ભીંસ ઉત્પન્ન થતી નથી. ચાહે આકરામાં આકરી વેદના હોય તો વેદનામાં એ ભીંસાતો નથી. લટાનો એ કાળે એ વિશેષપણે ભેદજ્ઞાન કરીને છૂટો પડી જાય છે. જ્ઞાનમાં જુદો રહીને વેદનાને જાણે છે, સુખી થઈને જાણે છે કે આ વેદના આવી છે. તીવ્ર છે અથવા મંદ છે જે કાંઈ હોય તે, પણ એને એની ભીંસ આવતી નથી.

પ્રશ્ન :– પ્રયોગમાં બતાવો. ભેદજ્ઞાનની વિશેષતા બીજી બતાવો કઈ રીતે થાય ?

સમાધાન :– એટલે એ એક પ્રૅક્ટિસનો જ વિષય છે કે એણે પ્રથમ અંતર સંશોધન કરવું જોઈએ કે જે રીતે જ્ઞાન ક્રિયા થાય છે એ રીતે રાગ ક્રિયા થાય છે ? જે રીતે રાગ ક્રિયા થાય છે એ રીતે જ્ઞાન ક્રિયા થાય છે કે નહીં ? 'સમયસાર'ના 'સંવર અધિકાર'માં

આ વિષય જોરથી ઉપાડ્યો છે અને ૧૮૧, ૧૮૨, ૧૮૩ ગાથામાં આ વિષય લીધો છે કે, ભેદજ્ઞાન છે એમાં સ્વરૂપ અસ્તિત્વ શોધવું. જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન સ્વભાવ છે. શું લીધું છે ત્યાં ? જ્ઞાનક્રિયાના આધારે જ્ઞાન છે. કોના આધારે જ્ઞાન છે ? જ્ઞેયના આધારે જ્ઞાન છે ? રાગના આધારે જ્ઞાન છે ? કે જ્ઞાનક્રિયા છે એના આધારે જ્ઞાન છે ? કે એના (જ્ઞાનક્રિયાના) આધારે જ્ઞાન છે.

પ્રશ્ન :- પર્યાયના આધારે દ્રવ્ય છે ?

સમાધાન :- પર્યાયના આધારે એટલે, આધાર એટલે અહીંયાં નિમિત્ત. પર્યાયના નિમિત્તે દ્રવ્ય જણાય છે. અનિત્ય નિત્યને દર્શાવે છે. 'ગુરુદેવ' આ શબ્દો કહેતા – અનિત્ય નિત્યને દર્શાવે છે. દર્શાવવાનું કામ અનિત્યનું છે અને દેખવાનું કામ પણ અનિત્યનું છે, વસ્તુ તો ધ્રુવ છે, જ્ઞાયક સ્વભાવ તો ધ્રુવ છે.

પ્રશ્ન :- ધ્રુવ એટલે ?

સમાધાન :- ધ્રુવ એટલે એમ ને એમ કૂટસ્થપણે ભેલો છે, એકરૂપપણે – ફેરફાર વગર, પરિણમન વગર. એને ધ્રુવ કહેવામાં આવે છે. ત્યાં 'આધાર' શબ્દ લઈને અસ્તિત્વ પકડાવ્યું છે.

('સમયસાર'ની) ૬૯, ૭૦ ગાથામાં જે રીતે જ્ઞાનક્રિયા થતી માલૂમ પડે છે તે રીતે ક્રોધાદિ ક્રિયા થતી માલૂમ પડતી નથી (એમ લીધું છે). અહીંયાં 'વિચાર' શબ્દ નથી લીધો. 'માલૂમ પડે છે' એવો શબ્દ લીધો છે. માલૂમ પડે છે એટલે તને અનુભવ શું થાય છે જો ? માલૂમ પડવો એનો અર્થ શું છે ? તને શું માલૂમ પડે છે ? તને શું અનુભવ થાય છે ? ક્રોધાદિ ક્રિયા થતી માલૂમ પડે છે એ રીતે જ્ઞાનક્રિયા થતી માલૂમ પડતી નથી. એટલે જ્યાં સુધી ક્રોધાદિ ક્રિયામાં અહંપણું થાય છે એમ ક્રોધાદિ ક્રિયા અહંપણે માલૂમ પડે છે તો ત્યાં જ્ઞાનમાં અહંપણું માલૂમ પડતું નથી. જેને જ્ઞાનમાં અહંપણું – પોતાનું અસ્તિત્વ માલૂમ પડ્યું એને ક્રોધાદિ ક્રિયા પણ અહંપણે થાય એમ થતું નથી. એ રીતે માલૂમ પડતું નથી.

અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી રાગ અને જ્ઞાનના અનુભવને તપાસીને બન્નેને જુદાં છે એને જુદું જુદું અવલોકન કરવું. જુદું જુદું છે એનું જુદું અવલોકન કરવું છે. ભેગા ભળી ગયા છે અને જુદાં પાડવા છે એમ તો છે નહીં. છે જુદાં ને જુદાં પાડવા છે. બન્નેના સ્વભાવ ભિન્ન છે. બન્નેના કાર્યો ભિન્ન છે, સ્વભાવ એટલે પ્રકૃતિ ભિન્ન છે, બન્નેના સ્વાદ એટલે અનુભવ ભિન્ન છે. આમ જુદે જુદું છે. શ્રીખંડની અંદર ખટાશ જુદી ચીજ છે. દૂધનો સ્વાદ જુદો

છે અને સાકરનો સ્વાદ જુદો છે. જુદાને જુદો જાણવો. સાકર સાકર છે દૂધ ક્યારેય થયું નથી. દૂધ સાકરપણે કદી થયું નથી.

'ગુરુદેવે' તો એટલું બધું સ્પષ્ટ કર્યું છે કે, ભાઈ ! અજ્ઞાનદશામાં તને – અજ્ઞાનીને પણ તારું જ્ઞાન અને રાગ એક થયા નથી, તું મૂંઝાઈશ નહીં. તારો રાગ જ્ઞાન સાથે ભળી ગયો નથી, તારું જ્ઞાન રાગ સાથે ભળી ગયું નથી. માણસ નથી કહેતા ? ભાગીદારી વહેંચવી હોય ત્યારે એમ કહે કે, એમાં શું આપણે ક્યાં ચોખા ને મગ ભળી ગયા છે. ખીચડીમાં ચોખા ને મગ ભેળવ્યા, આ વીણીને જુદાં પાડી નાખો. ચોખા ચોખાની થાળીમાં ને મગ મગની થાળીમાં. આ ચોખા ને મગ જુદાં. ત્યાં ક્યાં જુદું (પડે એવું નથી). દૂધમાં પાણી નાખે તો ઉકાળીને પાણી જુદું પાડી દ્યે છે. આ તો જુદેજુદાં જ છે. જુદાં હોવા છતાં ભેગા કરવાની ભૂલ કરી છે. ભેગા કરી શકતો નથી, ભૂલ કરી છે. અને નથી કરી શકતો છતાં કરવાનો પ્રયત્ન કરે છે એટલે એને આકુળતા થાય છે અને દુઃખ થાય છે. જે કામ ન થઈ શકતું હોય એ પરાણે કરવા જાય તો એમાં દુઃખ ન થાય તો બીજું શું થાય ? આકુળતા જ થાય. દુઃખનું કારણ આ જ છે, બીજું કાંઈ દુઃખનું કારણ નથી.

મુમુક્ષુ :– આમ તો અજ્ઞાની એકાંતે રાગને જ અનુભવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ પોતાને ભેળવે છે ને અનુભવે છે એટલે હું રાગ છું એમ અનુભવ કરે છે. કેવી રીતે ભેળવે છે ? હું રાગ છું એમ ભેળવે છે.

મુમુક્ષુ :– એટલે ઓલું હુંપણું છે ઇ...

પૂજ્ય ભાઈશ્રી :– જે હું હું પણું છે ઇ પોતાનું અસ્તિત્વ તો જ્ઞાનમાં છે પણ ચૂકે છે. અંદરની સાવધાની નથી એટલે એને ચૂકે છે. હાજર છે છતાં ભૂલે છે. જાણનાર હાજર છે છતાં એને ચૂકી ગયો છે, ચૂકી ગયો છે એને અને એકલો રાગમાં તન્મયાકાર થઈને પરિણમે છે, તન્મય થઈને પરિણમે છે. એના ફળમાં એને અનંત સંસાર, અનંત ભવભ્રમણ અનંત નરક, નિગોદના ભવ એ બધું આ એકત્વની ભૂલમાં એના ગર્ભમાં આ બધું પડ્યું છે. ભયંકર રોગ છે, જબરદસ્ત રોગ છે, ગંભીર રોગ છે એમ સમજીને એને હઠાવવાનો મરણિયો પ્રયત્ન કરવો જોઈએ. શરીરનો રોગ થાય તો ટીંગાઈ જાય આખે આખો. ક્યાં જાવાનું ? કે અમેરિકા જઈએ. મટતું હોય તો દેવું કરીને જાઓ. સિર સલામત તો પઘડિયા બહુત. છે કે નહીં ? એવી રીતે વિચારે છે કે નથી વિચારતો ? દેવું કરીને પણ (જાય છે). રોગ, મરણથી બચાતું હોય તો વાંધો નથી. આ અનંત જન્મ-મરણથી બચવાની વાત

છે. એક નહીં પણ અનંત.

એટલે ભાવનાનો વિષય આવે છે ત્યાં 'શ્રીમદ્જી' એવી વાત લ્યે છે કે જે ભૂલને લઈને, આ ભેદજ્ઞાનથી વિરુદ્ધ અભેદજ્ઞાન એ ભૂલ છે, જે ભૂલને લઈને તારા આત્માએ અનંત જન્મ-મરણના દુ:ખ ભોગવ્યા એ અનંત જન્મ-મરણના દુ:ખની વેદનાના ત્રાસથી તને માર્ગ શોધવાનો ભાવ આવ્યો છે ? તો તને માર્ગ મળશે. બાકી ઉપરછલ્લો તું આવીશ (તો) તને માર્ગ નહીં મળે. ઉપરછલ્લો અનંતવાર તેં આ વિષયને સ્પર્શ્યો છે, નજીક આવ્યો છો, આ વિષય તને નથી મળ્યો એવું કાંઈ નથી પણ બધા ઉપરછલ્લા પરિણામ છે. પણ આટલી ગંભીરતાથી જો તું માર્ગને શોધે, તારી જિજ્ઞાસા આ વેદનામાંથી ઉત્પન્ન થઈ હોય કે મારું સ્વરૂપ કેવું અને માર્ગનું સ્વરૂપ કેવું ? તો માર્ગ મળી જ જવાનો છે. તો માર્ગ નહીં મળે એનો અપવાદ પણ નથી. કુદરત તારી સાથે બંધાયેલી છે, આમ વાત છે. ખાતરી આપે છે.

પૂજ્ય 'બહેનશ્રી' તો ૨૧ મા બોલમાં (કહે છે), અનંતા તીર્થંકરોએ કહેલી આ વાત છે. ભાવના નિષ્ફળ જતી નથી એ અનંતા તીર્થંકરોએ કહેલી વાત છે. પોતે તો એક તીર્થંકરને જાતિસ્મરણથી યાદમાં લઈ શકે છે અને વર્તમાનમાં તો કોઈ તીર્થંકર અહીંયાં પ્રત્યક્ષ નથી તોપણ સાક્ષી અનંતા તીર્થંકરોની આપે છે ! અનંત આત્મામાંથી સાક્ષી આપે છે ને ! તો કહે છે, આ અનંતા તીર્થંકરોની સાક્ષી છે. અમારા અનુભવને અનંતા તીર્થંકરોની સાક્ષી છે, એમ કહે છે. એવી મજબૂત વાત છે. ઇ તાકાત આખી જુદી છે. ઇ ભાવનાને કોણ હલાવી શકે ?

સર્વજ્ઞની સ્થાપનાની ભાવના થઈ, ઉપકારી શ્રીગુરુની અવિલાષીત પર્યાયનો આદર કરવાનો પ્રસંગ હતો કોણ એને હલાવી શકે ? ગમે ત્યાંથી ધાડા આવ્યા, ગમે એ થયું. આ તો એક દૃષ્ટાંત છે. એ ભાવનાનો વિષય એવો છે. બહુ તાકાત છે એની પાછળ. ભલે પરિણમન શાંત હોય, ભલે પરિણમન ઠરેલું હોય પણ એનો અર્થ એમ નથી કે એમાં તાકાત નથી. જેટલા ઉછાળા ખાય છે એની સામે એ તાકાત એની પાછળ ઓછી પડે છે અને શાંત પરિણમનને કોઈ હલાવી શકતું નથી.

'ગુરુદેવ' દૃષ્ટાંત આપતા કે વાછડાને ખીલે બાંધ્યો હોય. તાજો જન્મેલો વાછડો ઠેકડે ઠેકડા મારતો હોય, ધરતી ઉપર પગ ન માંડે. એને લોહી ચટકા ભરે છે એમ કહે. નવું બનતું હોય ને લોહી ! ઠેકડે ઠેકડા અમથો અમથો મારે. બહુ બળૂકો છે એમ કહે, બહુ

બળૂકો છે આ તો. પણ ઓલો ખીલો ? જે ખીલા સાથે બાંધ્યો છે એ ખીલો હલતો નથી, મચક દેતો નથી. બળૂકો ખીલો કે બળૂકો વાછડો હવે ? કોનું બળ જોવું ? જોનારને બાહ્યદૃષ્ટિથી વાછડાનું બળ દેખાય છે (પરંતુ) એના કરતા બળવાન ખીલો છે. એમ સ્વરૂપની ભાવના અને સ્વરૂપની શાંતિની તાકાત એટલી બધી હોય છે કે બહારના તોફાનની તાકાત એની પાસે હારી જાય છે, એની જીત એમાં થતી નથી.

એટલે જે કર્તવ્ય છે, હવે પછીનો બોલ પણ એ કર્તવ્ય અને ભેદજ્ઞાન એ જ વિષય ઉપર જાય છે. **'જેણે ભેદજ્ઞાનની વિશેષતા કરી છે...'** અથવા સારી રીતે જેણે ભેદજ્ઞાન કરવાની દશા અથવા આવડત કેળવી છે એને અનુભવથી ખાતરી દેવામાં આવે છે કે, ગમે તેવા પરિષહમાં, ગમે તેવી પ્રતિકૂળતામાં, ઉપસર્ગ હોય કે પરિષહ હોય, ગમે તેવી પ્રતિકૂળતામાં એને આત્મા જ વિશેષ લાગે છે. એ એક અભેદ કિલ્લો છે કે જેને કોઈ બહારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ભેદી શકતા નથી. આ એક લડાઈ છે કે જેમાં જ્ઞાની સાધક ધર્માત્મા પોતાના સ્વરૂપના અભેદ કિલ્લામાં આવીને સુરક્ષિત થઈ જાય છે. એ ત્યાં રહીને લડે છે. રાગની અને પ્રતિકૂળતાની સામે ત્યાં જઈને લડે છે એટલે એ જીતે છે. જીતે છે એટલે એને જિન કહેવામાં આવે છે. જિનનો અર્થ જ જીતવું, જીતે તે જિન, એમ છે.

એને આત્મા જ વિશેષ લાગે છે – એને આત્મા જ મુખ્ય થઈ જાય છે અને આત્માની મુખ્યતા થતાં બીજું બધું ગૌણ થઈ જાય છે, કોઈ અસર આત્મામાં પહોંચતી નથી. કેમકે જે કાંઈ પરિષહ છે તે આત્માથી બહાર છે. જે મારામાં નથી, મને અડતો નથી, મને સ્પર્શતો નથી, મારામાં આવતો નથી, મને કાંઈ કરી શકતો નથી, મારા અવ્યાબાધ સ્વરૂપમાં કોઈ બાધા થઈ શકતી નથી, હું સંપૂર્ણપણે સુરક્ષિત છું, સ્વયંરક્ષિત છું પછી પરિષહને ને મારે શું લેવા દેવા ? કે કાંઈ લેવા દેવા નથી. બિલકુલ ઉપાધિ વિનાનો થઈ જાય છે. પરિષહ પરિષહના ઘરે, ઉદય ઉદયના ઘરમાં, આત્મા આત્માના ઘરમાં.

ઘણાં પ્રશ્ન પૂછે છે, પૂર્વે કરેલા કર્મો ભોગવવા પડે કે ન ભોગવવા પડે ? આત્માને જ્ઞાન થઈ જાય પણ પૂર્વે કરેલું તો ભોગવવું પડે કે ન ભોગવવું પડે ? એનો ઉદય આવે પણ આત્મા એને ભોગવે નહીં. અજ્ઞાનપણે ભોગવે છે. જ્ઞાન થાય એ ઉદયને ભોગવતો નથી. આ ફેર પડે છે.

પ્રશ્ન :– ઇ વખતે આત્મા આનંદ કરે ?

સમાધાન :– આત્મા આનંદ કરે, આત્મામાંથી શાંતિના ફુવારા છૂટે, એમ છે. એવો

એક બોલ લીધો છે પૂજ્ય બહેનશ્રીએ આમાં કે, ઘનઘોર રાત્રી હોય, ઘોર અંધારું હોય કે જે અંધારાથી લોકો બીવે છે. તો મુનિ અંદર ચૈતન્યના પ્રકાશમાં બિરાજમાન છે. બહારની અંદર ચામડી ફાડી નાખે એવો ૧૧૮ ડિગ્રીનો તડકો હોય તો મુનિ અંદર શાંત શીતળ શાંતિમાં બિરાજમાન છે. મુનિદશાની દૃષ્ટાંતથી ઇ બધી વાત લીધી છે. દરેક સાધકની એ જ સ્થિતિ છે. એવા ચાર-પાંચ બોલ લીધા છે. બહારની સાથે અંદર શું છે ? કે બહારમાં જગતના જીવોને ઘણાં સંયોગો હોય, ઘણો પરિવાર હોય, ઘણાં સગાસંબંધીઓનું જુથ હોય તો એને બધું ભર્યું ભર્યું લાગે. મુનિ એકાંતમાં જાય છે. ક્યાંય કોઈનો પગરવ ન હોય એવી જગ્યાએ જાય છે તો અંદરમાં એકલા છે, અનંતગુણના ધામમાં છે. ત્યાં એને અનંતગુણની વસ્તી મળે છે. બહારમાં અનંતા માણસો ન મળે, સંખ્યા હોય એની. અહીંયાં અનંતગુણની વસ્તીમાં એ બિરાજમાન છે. એવા ચાર-પાંચ બોલ લીધા છે.

મુમુક્ષુ :- ૪૦૯ બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ૪૦૯ છે ને ? ૪૦૯ નથી. બીજું છે, જેનો આધાર લેવો છે ને એ બીજું છે. એમ કે મુનિ એકલા નથી. અંદરમાં આમ છે. અંધારું નથી, અંદરમાં પ્રકાશ છે. એવી રીતે ત્રણ-ચાર બોલ સામા સામા લીધા છે. છે પાછળના જ બોલો છે. ૩૮૮ છે ને ?

પહેલો બોલ છે. બહારથી ને અંદરથી, બસ ! ૩૮૮ છે. ચોથી લીટી છે. '**બહારથી જોતાં તો મુનિરાજ આત્મસાધના અર્થે વનમાં એકલા વસે છે, પણ અંદરમાં જોતાં અનંત ગુણથી ભરપૂર સ્વરૂપનગરમાં તેમનો વાસ છે.**' બીજો દૃષ્ટાંત. '**બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય,...**' ઉપવાસી હોય, આહાર ન મળ્યો હોય. અનેક દિવસ સુધી શુદ્ધ આહારનો જોગ ન થયો હોય અથવા વિકલ્પ ઠ્યો ન હોય. હોજરી તો હોજરીનું કામ કરે. ક્ષુધા વેદના અંદરમાં ઉત્પન્ન થાય તો એને જ્ઞાયક થઈને જાણે, ભિન્ન થઈને જ્ઞાતા રહે. '**તૃષાવંત હોય...**' પાણી ન મળે. કેમકે એને આહાર અને પાણી એક વખત છે, બીજી વખત નથી. જંગલમાં કોઈ પરબનું પાણી પીવે એમ પણ નથી કે કૂવા, વાવ ને વીરડાનું પાણી પીવે એમ પણ નથી કે કમંડળમાં પાણી રહ્યું છે એમ પણ નથી. ઓલા તો બધા કાચા પાણી છે એનો ઉપયોગ થવાનો તો પ્રશ્ન જ નથી પણ કમંડળમાં પાકું પાણી હોય એનો પણ ઉપયોગ કરતા નથી.

'**બહારથી જોતાં ભલે તેઓ ક્ષુધાવંત હોય, તૃષાવંત હોય, ઉપવાસી હોય, પણ અંદરમાં**

**જોતાં તેઓ આત્માના મધુર રસને આસ્વાદી રહ્યા છે.'** આત્માના શાંત આનંદરસનો આસ્વાદ લઈને એ પોતાના આત્માને પુષ્ટ કરી રહ્યા છે. જેમ આહારથી શરીર પુષ્ટ થાય છે, અહીંયાં પ્રદેશે પ્રદેશે આત્માના આનંદથી આત્માને પુષ્ટિ મળે છે. એનો આહાર લઈને એનાથી પુષ્ટ છે ને તૃષ્ટ છે, સંતૃષ્ટ છે. આવું છે. ત્યાં શરીરની ક્ષુધા ભૂલી જાય છે. આત્માના આનંદથી એટલો સંતોષ છે, એટલી તૃપ્તિ છે કે બહારની ક્ષુધા, તૃષાને ભૂલી જાય છે.

સમવસરણમાં ભગવાનની વાણી છૂટતી હોય અને ભવ્ય જીવો સાંભળતા હોય. અભવ્ય તો એમાં હોતા નથી, ભવ્યો સાંભળતા હોય છે. તો એ ભવ્યો ક્ષુધા, તૃષાને ભૂલી જાય છે. સાંભળતા સાંભળતા કોઈ પાણી પીવા ઠે કે કોઈ જમવા ઠે કે કોઈ ઝાડો પેશાબ કરવા ઠે એવું ન બને. એની દેહની બધી ક્રિયા બંધ થઈ જાય. એવી મધુર વાણી, આત્મરસને સૂચવતી એવી મધૂરવાણી હોય કે બધું ભૂલી જાય. આ તો હજી બહારનો મધુર રસ છે. એમાં તો ઉપયોગ ત્યાં જાય છે. આ તો એકલો આનંદરસનો કંદ છે એમાં ઉપયોગ લીન થઈ જાય, તદાકાર થઈ જાય તો (એ) ક્ષુધા-તૃષા ભૂલી જાય તો એમાં શું નવાઈ છે ? એમાં કાંઈ નવાઈ જેવી વાત નથી. અંદરમાં એનો આસ્વાદ લઈને સંતૃષ્ટ છે – તૃપ્ત છે.

ત્રીજું, **'બહારથી જોતાં ભલે તેમની ચારે તરફ ઘનઘોર અંધારું વ્યાપ્યું હોય, પણ અંદરમાં જોતાં મુનિરાજના આત્માને વિષે આત્મજ્ઞાનનાં અજવાળાં પ્રસરી ગયા છે.'** અજવાળાં, પ્રદેશે પ્રદેશે જ્ઞાનના અજવાળાં પથરાઈ ગયા છે, એમાં ક્યાંય અંધારું નથી. 'ગુરુદેવ' તો ચૈતન્યપ્રકાશના નૂરનું પૂર કહેતા. આ બધા 'ગુરુદેવ'ના Prescribed word છે – ખાસ શબ્દો છે આ. આત્મા ચૈતન્યસૂર્ય છે. સૂર્યમાં અંધારાનો પ્રવેશ ક્યાંથી થાય ? અરે...! લાખો યોજન અંધારું દૂર રહે એનાથી, ત્યાં અંધારું આવવાનો, હોવાનો પ્રશ્ન રહેતો નથી. એવા ચૈતન્યપ્રકાશનું પૂર છે.

**'બહારથી જોતાં ભલે મુનિરાજ સૂર્યના પ્રખર તાપમાં ધ્યાન કરતા હોય,...'** ચાર દૃષ્ટાંત લીધા છે. **'પણ અંદરમાં તેઓ સંયમરૂપી કલ્પવૃક્ષની શીતળ છાયામાં બિરાજી રહ્યા છે.'** અંદરમાં શાંતિના ફુવારા ડે છે, એની અંદર પ્રદેશે પ્રદેશે શાંતિ છૂટે છે અને એમાં મુનિરાજ બિરાજમાન છે. **'ઉપસર્ગના ટાણાં આવે ત્યારે મુનિરાજને એમ થાય છે કે 'મારી સ્વરૂપસ્થિરતાનો અખતરો કરવાનો મને...'** પ્રયોગ કરવાની મને તક મળી. મને **'મોકો મળ્યો માટે ઉપસર્ગ મારો મિત્ર છે.'** જેમ મિત્ર હોય છે એ જગતમાં મદદગાર થાય છે, આ કહે છે કે, ઉપસર્ગ કરનારો તો મારી સ્વરૂપસાધનાનો મદદગાર છે. જગતના પ્રાણીને દ્વેષ આવે

છે કે, આ મને હેરાન કરે છે, આ મને પ્રતિકૂળતા આપે છે, આ મને નુકસાન કરે છે. મુનિરાજ કહે છે... એની પાસેથી કાંઈ લઈ જવાનું તો છે જ નહીં. બીજી પ્રતિકૂળતા તો કાંઈ થાય નહીં. બહુ બહુ તો વેદનાની પ્રતિકૂળતા હોય – મારે, કાપે, કોઈ પ્રાણી હોય તો કરડે. કહે છે, એ તો મારો મિત્ર છે. સારું થયું કે એણે એ પ્રયોગનો પ્રસંગ ભો કર્યો. આપણે હવે ખરેખરા જામો એની અંદર, હવે આત્મામાં બરાબર જામી જાવ. એ એને મિત્ર સમજે છે.

મુમુક્ષુ :- 'અપૂર્વ અવસર'માં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આવે જ છે. બરાબર આવે છે.

**'અંતરંગ મુનિદશા અદ્‌ભુત છે;...'** આવી જે મુનિદશા છે તે અદ્‌ભુત છે. અરે...! એમના **'દેહમાં પણ ઉપશમરસના ઢાળા ઢળી ગયા હોય છે.'** એમનો દેદાર જોવે તો જોનાર એકવાર ઠરી જાય ! મનુષ્ય તો ઠરી જાય એમાં કાંઈ નવાઈ નથી. ન ઠરે એ તો જંગલી પ્રાણીઓથી કાંઈક વિશેષ કઠોર તીવ્ર પરિણામવાળા છે. પણ સિંહ, વાઘ જેવા હાથી અને વાઘ જેવા, ચિત્તા અને સર્પ એ બધા તો એવા ક્રોધી પ્રાણી છે કે, અમથા અમથા નિર્દોષ પ્રાણીને કરડીને ખાય જાય. એ ઠરી જાય એની પાસે.

એવા પ્રસંગો બને છે. એ કોઈ દેખાવના ચિત્રો નથી, એવા પ્રસંગો બને છે. એને એમ થાય કે અહીંયાં બેસીએ. અરે...! આ મનુષ્ય, જે અમને જોઈને ભાગે, આ તે મનુષ્ય છે કે કોણ છે ! જરાક કુતૂહલથી જુવે. છે તો મનુષ્ય પણ આ તો ઢીમ છે ! શાંતિનું એકલું ઢીમ છે ! જ્યાં એમ જોવે ત્યાં એને અંદરથી શાંતિ આવવા માંડે, એનો ક્રોધ એને ઉત્પન્ન ન થાય. એને એમ થાય કે અહીંયાં બેસી જઈએ. શાંતિ થાય તો એને સારું લાગે છે. ક્રોધથી તો બિચારો પ્રાણી દુઃખી થાય છે. શાંતિથી એને સારું લાગે છે એટલે એ બેસે છે એનું કારણ ઇ છે. એને ઠીક લાગે છે.

મુમુક્ષુ :- મુનિરાજના શરીર સાથે હરણિયા ખાજ ખંજવાળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા. ખાજ ખંજવાળે છે. હરણિયા, હરણિયા. ઇ વળી એવો દૃષ્ટાંત છે – ભયનો દૃષ્ટાંત છે કે સામાન્ય રીતે હરણ છે એ તો જરાક કોઈ પાંદડું ખખડે ત્યાં ભાગે. જોવા ન રહે કે પાછળ મનુષ્ય છે કે વાઘ છે ? મને મારનારો છે કે મને મારનારો નથી, એ જોવા ન રહે. એવું એક ભય પ્રકૃતિવાળું પ્રાણી છે કે જરાક અવાજ થયા તો ચારે પગે ઠેકડો મારે. ચાર પગની ખરીથી એવી ઠેસ મારે કે પંદર વીસ ફૂટ તો

એનો એક એક ઠેકડો હોય છે. પંદર પંદર, વીસ વીસ ફૂટ જઈને બીજી વખત એની ખરીથી ઠેસ મારે પાછી. પવનવેગે જાય ! એવું બીકણ પ્રાણી છે, મુનિરાજને જોઈને એની બીક ડી જાય છે. આ મને મારશે (એવો) અવિશ્વાસ નથી. અહિંસાવ્રત છે ને ! મુનિ તો અહિંસા વ્રતધારી છે, પણ નિશ્ચય વ્યવહારની અહિંસાની શાંતિ એટલી છે કે એને અવિશ્વાસ નથી આવતો. ભૂલી જાય છે કે આ માણસ છે કે કોઈ ઝાડનું ઠૂંઠું છે. એને અડીને બેસે ને એને ચળ આવતી હોય તો શરીર ઘસે. એટલી નિર્દોષતા બહારમાં વ્યાપેલી છે. એ ઉત્કૃષ્ટ ભેદજ્ઞાનમાં છે, મુનિરાજ છે એ ઉત્કૃષ્ટ ભેદજ્ઞાનમાં છે. આત્માને મુખ્ય કરવાની અને અનાદિથી આત્માને અન્ય સ્થાનમાં સ્થાપ્યો છે એ આખું સ્થાપત્ય બદલવાની જે પ્રક્રિયા એને અહીંયાં ભેદજ્ઞાન કહેવામાં આવે છે. એ ભેદજ્ઞાન નિરંતર કર્તવ્ય છે. (વિશેષ લઈશું...)

***

**કરવાનું તો એક જ છે - પરથી એકત્વ તોડવું. પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે. અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે. પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે. હવે જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે. ૧૫૬.**

તા. ૬-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૫૬
પ્રવચન નં. ૧૧૮

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૫૬. ભેદજ્ઞાન – પરથી અને રાગથી જુદાંપણાનું જ્ઞાન. જે જ્ઞાન પરથી એકત્વ કરે છે તે જ્ઞાન ભેદજ્ઞાનથી વિરુદ્ધ પ્રકારનું જ્ઞાન છે અને એ જ સંસાર છે. ભેદજ્ઞાન છે એ આત્મામાં લીનતા કરવા માટેનો એકમાત્ર પ્રયોગ છે, બીજા કોઈ કારણથી આત્મામાં લીનતા થઈ શકતી નથી. અનાદિથી પરપદાર્થમાં સુખબુદ્ધિ હોવાને લીધે ઉપયોગની ચંચળતા એટલી સહજ થઈ ગઈ છે કે એક સમય માટે પણ આત્મામાં ઉપયોગ સ્થિર થાય એવી પરિસ્થિતિ રહી નથી. એ ઉપયોગને આત્મામાં સ્થિર કરવા અર્થે એકમાત્ર ભેદજ્ઞાન સમર્થ છે. બીજી કોઈ રીતે આત્મામાં ઉપયોગ સ્થિર થઈ શકે નહીં.

પાછળ એક બોલ છે એમાં વિશેષ વાત કરી છે. ૪૨૨ નો છેલ્લો પેરેગ્રાફ છે. '**પહેલાં આત્મસ્વભાવની પ્રતીતિ થાય,...**' પ્રતીતિ થાય એટલે અહીંયાં ઓળખાણપૂર્વકનો વિશ્વાસ આવે અને '**ભેદજ્ઞાન થાય, પછી વિકલ્પ તૂટે અને નિર્વિકલ્પ સ્વાનુભૂતિ થાય.**' ભેદજ્ઞાન થવા

અર્થે આત્મા કેવો છે એ એને ભિન્ન આત્માનો વિશ્વાસ આવે, ઓળખાણ આવે (કે) રાગથી ને પરથી હું ભિન્ન છું, જ્ઞાનમય આત્માનો એને વિશ્વાસ આવે અને એનાથી જુદાંપણાનો વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ થાય એ ભેદજ્ઞાનનો અભ્યાસ એટલે પરિણામને અંતર્મુખ વાળવાનો પ્રયત્ન છે.

પ્રશ્ન :- પ્રતીતિ એટલે ?

સમાધાન :- પ્રતીતિ એટલે આમ તો પ્રતીતિ એટલે શ્રદ્ધા થાય છે, પ્રતીતિ એટલે શ્રદ્ધા થાય છે પણ અહીંયાં પ્રતીતિ એટલે વિશ્વાસ આવે કે આવો જ હું આત્મા છું. નિર્વિકલ્પ પ્રતીતિ તો સ્વાનુભવના કાળે થાય છે પણ એ પહેલાં પણ ઓળખાણ થાય છે અને ઓળખાણ થાય છે તો યથાર્થપણે ભેદજ્ઞાન શરૂ થાય છે.

પ્રશ્ન :- નિર્ણય થાય છે ?

સમાધાન :- ઓળખાણ થાય છે એ નિર્ણય થાય છે અને નિર્ણય થાય છે પછી ભેદજ્ઞાન શરૂ થાય છે. તે ભેદજ્ઞાનના વારંવારના પ્રયત્નથી નિર્વિકલ્પ દશા ઉત્પન્ન થાય છે. એને પ્રથમ સમ્યક્દર્શન અને ધર્મની શરૂઆત કહેવામાં આવે છે. એ કેળવવાની સ્થિતિ છે. ભેદજ્ઞાન છે એ વારંવાર ભેદજ્ઞાન થાય, નિરંતર ભેદજ્ઞાન થાય, સતત ચાલુ રહે તો એને ઉપયોગ શુદ્ધ થાય અથવા વિકલ્પ ઉત્પન્ન થતો બંધ થાય. વિકલ્પ ઉત્પન્ન થતો બંધ થાય ત્યારે એને નિર્વિકલ્પ દશા થઈ અથવા વિકલ્પ તોડ્યો એમ કહેવામાં આવે છે. એવું ભેદજ્ઞાન, રાગથી જુદાંપણાનું અનુભવજ્ઞાન – ભેદજ્ઞાન છે એ અનુભવજ્ઞાન છે.

ભેદજ્ઞાનના વિષયમાં એક વિચારવા યોગ્ય વાત એ છે કે ભેદજ્ઞાન એ કોઈ વિકલ્પરૂપ દશા નથી. પરપદાર્થ જુદાં છે, રાગ જુદો છે અને હું જુદો છું એવો વિકલ્પ થયા કરે (એ ભેદજ્ઞાન નથી). એવી પણ (કોઈ) ભૂલ કરે છે કે એને જ ભેદજ્ઞાન માનીને એવા વિકલ્પોનું રટણ ચાલું રાખે (અને) એમ માને કે, હું ભેદજ્ઞાન કરું છું. હું ભેદજ્ઞાન કરું છું તોપણ મને કેમ સ્વાનુભવની દશા પ્રગટ થતી નથી ? પણ એ ભેદજ્ઞાન નથી.

ભેદજ્ઞાનમાં તો નિજ જ્ઞાયક સ્વભાવનો આશ્રય કરવાનો પ્રયાસ છે. માત્ર વિકલ્પરૂપ નથી પણ પ્રયત્નરૂપ છે અને પુરુષાર્થરૂપ છે. હું જ્ઞાયકસ્વભાવી આત્મા છું એમાં પરથી જુદાંપણું આવી ગયું. કોઈવાર પરનો વિકલ્પ હોય તોપણ વિકલ્પ ઉપર વજન નથી, વસ્તુના સ્વરૂપ ઉપર વજન છે. કેમકે એમાં જ્ઞાયકની મુખ્યતા છે. ભેદજ્ઞાનની પ્રક્રિયામાં જ્ઞાયકની મુખ્યતા છે અથવા શુદ્ધાત્માની મુખ્યતા છે અને પરનો તો નિષેધ કરવામાં આવે છે કે

એ હું નથી. રાગનો તો નિષેધ કરવામાં આવે છે કે એ હું નથી, એમ છે. એ નિષેધ વિકલ્પથી થાય ત્યારે પણ નિષેધ છે અને હું જ્ઞાયક છું એવા જ્ઞાયક ઉપરના પ્રયાસથી થાય, હુંપણાના પ્રયાસથી થાય, હુંપણું સ્થપાય એવો પ્રયત્ન થાય ત્યારે પણ આપોઆપ એને રાગનો ને પરનો નિષેધ ગણવામાં આવે છે, કહેવામાં આવે છે. બન્ને એક જ છે.

પુરુષાર્થ છે એ વિકલ્પનું સ્વરૂપ નથી અને વિકલ્પ છે એ પુરુષાર્થનું સ્વરૂપ નથી. પુરુષાર્થ છે એ તો સ્વયં આત્માનો એક આવેગવાળો પરિણામ છે. જેમાં સ્વરૂપ પ્રત્યયી વેગ છે એને સંવેગ કહેવામાં આવે છે એ આત્માનો પુરુષાર્થ છે. લક્ષમાં – જ્ઞાનમાં આત્મસ્વરૂપ હોય અને એના પ્રત્યે જોરવાળું પરિણમન ઉત્પન્ન થાય કે, આ જ હું, ત્યારે એને પુરુષાર્થ કહેવામાં આવે છે. એવું ભેદજ્ઞાન છે એ મોક્ષમાર્ગનું મૂળ છે અને મોક્ષનું પણ એ મૂળ છે.

પ્રશ્ન :– ભેદજ્ઞાન થાય પછી વિકલ્પ તૂટે ?

સમાધાન :– ભેદજ્ઞાનના ફળમાં શુદ્ધોપયોગ આવે છે.

પ્રશ્ન :– તો ભેદજ્ઞાન વખતે ત્યાં બીજું શું અંદર હોય ?

સમાધાન :– ભેદજ્ઞાનમાં આત્માને અંતર્મુખ ઉપયોગ કરવાનો પ્રયાસ છે – પ્રયત્ન છે.

પ્રશ્ન :– બળ છે ? જ્ઞાનબળ છે ?

સમાધાન :– જ્ઞાન છે, પુરુષાર્થ છે, રુચિ છે, ભાવના છે. એ બધા ગુણો, મુખ્ય ગુણો એમાં કામ કરે છે. અને શુદ્ધોપયોગ થાય છે ત્યારે સાક્ષાત્ આચરણ ભું થાય છે એને શુદ્ધ આચરણ અથવા સ્વરૂપ સ્થિરતારૂપ સમ્યક્ચારિત્ર કહેવામાં આવે છે. એ પહેલાં શ્રદ્ધા, જ્ઞાનના બળથી ચારિત્રમાં જીવ આવે છે એમ કહીએ. શ્રદ્ધા, જ્ઞાનના બળથી જીવ ચારિત્રને સંપ્રાપ્ત કરે છે.

મુમુક્ષુ :– જ્યાં સુધી અનુભવ નથી ત્યાં સુધી વિકલ્પ ચાલે ?

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં સુધી વિકલ્પ ચાલે ખરા, હોય ખરા પણ એ વિકલ્પ કાર્યકારી નથી. અવલંબન અને આશ્રયનું બળ જેટલું ઉગ્ર થાય એટલું કાર્યકારી થાય. વિકલ્પ કાર્યકારી નથી. એટલે વિકલ્પ સામું ન જોવું. વિકલ્પ કેવો છે ? વિકલ્પ છે કે નથી ? (એમ કરતા) વિકલ્પ ઉપર વજન ચાલ્યું જાય છે. વિકલ્પ અકાર્યકારી છે અને વિકલ્પનું કાંઈ કાર્ય આમાં આવતું નથી એમ જાણીને વિકલ્પની ઉપેક્ષા થવી ઘટે.

મુમુક્ષુ :- વિકલ્પ નડતરરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ તો ખરેખર નડતરરૂપ છે. જેને લક્ષમાં આત્મા છે એ તો નિર્વિકલ્પ તત્ત્વ છે. આત્મા સ્વરૂપે કરીને નિર્વિકલ્પ સ્વભાવી છે. એ કોઈ બીજો નથી, હું છું એમ એમાં જોવાય છે. આવો હું છું એમ લક્ષમાં આવે છે તો વિકલ્પ છે એ એને અનુકૂળ છે કે પ્રતિકૂળ છે ? એવા નિર્વિકલ્પ સ્વરૂપને વિકલ્પ અનુકૂળ છે કે પ્રતિકૂળ છે ? કે, પ્રતિકૂળ છે. એટલે વિકલ્પ કરવાનો તો કાંઈ અહીંયાં અભિપ્રાય હોય શકે નહિ. વિકલ્પ તો પોતાની જાત સાથે મેળ ખાતો નથી. પોતાના નિર્વિકલ્પ સ્વભાવની જાતિ છે એ સ્વભાવજાતિ સાથે વિકલ્પની જાતિ તો વિરુદ્ધ જાતિ છે. પછી હોય અને એનાથી કાંઈ કામ થાય એ વાત તો વિચારવા જેવી પણ નથી. હોય તો હોય ભલે હોય.

પ્રશ્ન :- વિકલ્પ છે તો નડતરરૂપ, પણ ચાલતી ક્રિયામાં વિકલ્પ તો છે ને ?

સમાધાન :- હા, પણ એ છે કે નથી એના સામું શું કરવા જોઈએ ? વિકલ્પ તો જ્યાં સુધી નિર્વિકલ્પ દશા નથી ત્યાં સુધી કહેવાની ભાગ્યે જ જરૂર છે કે વિકલ્પનું અસ્તિત્વ હોય છે. પણ હજી છે, હજી છે, હજી રહ્યો છે, હજી રહ્યો છે એ નુકસાનકારક છે. નહિ જાય, એમ નહિ જાય. એના સામું જોવાથી એ નહિ જાય. એના સામું નહિ જુઓ અને નિર્વિકલ્પ આત્મસ્વભાવની સામે જ માત્ર જુઓ તો આપોઆપ એ ઉત્પન્ન થતો બંધ થઈ જશે. નિર્વિકલ્પ સ્વભાવના જોરમાં વિકલ્પ ઉત્પન્ન થતો બંધ થાય એને વિકલ્પ તોડ્યો એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- બુદ્ધિપૂર્વકનો વિકલ્પ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, બુદ્ધિપૂર્વકનો વિકલ્પ છઠ્ઠા ગુણસ્થાન સુધી ઉત્પન્ન થાય છે. છેલ્લામાં છેલ્લે છઠ્ઠા ગુણસ્થાને ઉત્પન્ન થાય છે. એમાં પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ અને એ સિવાય જ્ઞાન, ધ્યાનના વિકલ્પ અથવા જિનેન્દ્ર દર્શન, ભક્તિ આદિના વિકલ્પ હોય છે. તપશ્ચરણ આદિના વિકલ્પ પણ હોય છે. તેથી નીચી કક્ષાના (અર્થાત્) ગૃહસ્થને યોગ્ય, શ્રાવકને યોગ્ય કોઈ વિકલ્પ હોય તો મુનિદશા રહે નહિ, એમ જાણવું.

પ્રશ્ન :- ચોથા, પાંચમા ગુણસ્થાન સુધી આવી સ્થિતિ હોય તો ગભરામણ નહિ થતી હોય ?

સમાધાન :- ગભરાય કે ન ગભરાય, એવી સ્થિતિ છઠ્ઠા ગુણસ્થાન સુધીની છે તો ચોથે, પાંચમે તો રહેવાના જ છે, પછી ગભરાવા નહિ ગભરાવાનો સવાલ નથી. પણ પોતે

નિર્વિકલ્પ સ્વભાવે મૂળ સ્વરૂપે છે એના ઉપરનું જોર એને ચાલુ રહેવું જોઈએ. એ જોર જો વધે તો વિકલ્પનો અભાવ થઈને અવારનવાર નિર્વિકલ્પ દશાનો અનુભવ થાય. ત્યારે ઘણી નિર્જરા છે. શુદ્ધ ઉપયોગના કાળમાં સાધક જીવને, ધર્માત્માને ગુણશ્રેણી નિર્જરા એટલે ઘણી નિર્જરા છે. ગુણાકાર કરીએ એવી નિર્જરા છે. સામાન્ય નિર્જરા થતી હોય એના કરતા અનેકગુણી, અનેકગુણી નિર્જરા છે. ત્યાં પુરુષાર્થ વિશેષ છે, શુદ્ધિવિશેષ પણ ત્યાં છે. એ શુદ્ધિવિશેષ એ પોતે જ ભાવનિર્જરા છે. પછી ન સમજે એને કર્મની નિર્જરાથી સમજાવવામાં આવે છે. બાકી એ પોતે જ ભાવનિર્જરા છે.

એક બીજો વિચાર (આવ્યો) હતો કે, પોતે નિર્વિકલ્પ શુદ્ધ સ્વરૂપે છે એમાં વિકલ્પનું શું કામ છે ? એમાં તો કોઈ વિકલ્પનું કામ નથી. પણ એ શુદ્ધઉપયોગ ક્યારે થાય ? અથવા એવું બળવાનપણું ક્યારે આવે કે શુદ્ધોપયોગ થાય ? કે, જેવું જ્ઞાનમાં નિર્વિકલ્પ સ્વરૂપ છે એમાં વ્યાપ્યવ્યાપક ભાવે અહંપણું થાય ત્યારે. વિકલ્પથી અહંપણું થાય ત્યાં સુધી નિર્વિલ્પતા થતી નથી. પણ વ્યાપ્યવ્યાપકભાવે... આ શબ્દનો પ્રયોગ કર્યો છે, 'ટોડરમલજી'એ 'રહસ્યપૂર્ણ ચિઠ્ઠી'માં. કે પછી એવો પ્રવર્તે કે વ્યાપ્યવ્યાપક ભાવે જેવું નિર્વિકલ્પ સ્વરૂપ છે એમાં વ્યાપકતા થઈ જાય, પરિણામનું વ્યાપવાપણું થઈ જાય ત્યારે એને એકાકાર સમરસભાવ અથવા નિર્વિકલ્પ શુદ્ધોપયોગ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- એટલે તન્મય દશા.

પૂજ્ય ભાઈશ્રી :- તન્મય દશા. જેવું શુદ્ધ સ્વરૂપ છે એમાં તન્મયતા થાય, ઉપયોગથી તન્મયતા થાય એને વીતરાગ ભાવ, એને ખરેખર જૈનધર્મ કહેવામાં આવે છે. એ સિવાય જૈનધર્મને નામે બધી વાતો ચાલે છે, ક્યાંય જૈનધર્મ ખરેખર છે નહિ. ખરેખર જૈનધર્મનું આ સ્વરૂપ છે, ચોખ્ખેચોખ્ખું નિર્ભેળ જૈનધર્મનું આ સ્વરૂપ છે, બાકી બધી ભેળસેળવાળી વાતો છે, ક્યાંય જૈનધર્મ નથી.

એ ભેદજ્ઞાન છે એ એકમાત્ર સાધન છે એમ કહેવામાં આવે છે. ૧૫૬માં પણ એ જ વિષય લીધો છે કે, ભેદજ્ઞાન કર્તવ્ય છે, કરવાયોગ્ય છે. '**કરવાનું તો એક જ છે-પરથી એકત્વ તોડવું,...**' કેટલી સંક્ષેપમાં વાત લીધી છે ! કરવાયોગ્ય શું છે ? કર્તવ્ય એટલે કરવાયોગ્ય શું છે ? માણસ એમ કહે ને, શું કરવું ? (તો કહે છે), તું પર સાથે તન્મયપણું કરી રહ્યો છે એ તોડવું છે. રાગ ને રાગના વિષયરૂપ જે જડ પદાર્થો છે એ પદાર્થો સાથે તારું પરિણામ તન્મય થાય છે, એકમેક થાય છે, લીન થાય છે એ તોડવાની જરૂર છે. જ્યાંથી ભો

છો ત્યાંથી પાછો વળ્યા વિના કાંઈ ગુણ કે ધર્મ થાય એવું નથી. એટલે એક જ કરવાનું છે કે, **'પરથી એકત્વ તોડવું,...'**

**'પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે.'** તે જ કરવાનું છે, તે જ કરવાયોગ્ય છે અને એ પરથી જુદાંપણાના જ્ઞાનથી છૂટે છે. 'સમયસાર' શાસ્ત્રમાં દૃષ્ટાંત આવે છે કે, જેમ કોઈ સજ્જન માણસને ત્યાં ધોબી કપડાં દઈ ગયો. પોતાના જેવું જ બીજાનું કપડું આવી ગયું. મીલના ધોતિયા હોય છે. એકસરખી કિનાર હોય ને એકસરખું કાપડ હોય. ફ ત ધોબી એના ઉપર નિશાન લગાવે કે આ ફલાણા ભાઈનું અને આ ફલાણા ભાઈનું. ત્યારે કોઈ માણસ આવીને એમ કહે છે કે, આ મારું નથી. (તો ધોબી કહે), તમારું ફલાણા ભાઈને ત્યાં ગયું. બાજુમાં જ છે, લઈ લ્યો, કાંઈ વાંધો નથી, સજ્જન માણસ છે. તમે વાત કરશો એટલે નિશાન જોઈને પાછું આપી દેશે. જ્યારે એ માણસ ત્યાં જાય છે કે તમે ઓઢેલું (વસ્ત્ર છે એ મારું છે). ઉપર હોય, ઉનાળાનો દિવસ હોય. ધોતિયું ઓઢીને સૂવે. (કોઈ) માખી, મચ્છર બેસે નહિ. આ ઓઢેલું ધોતિયું છે એ તમારું નથી, તમારા જેવું છે પણ તમારું નથી. નિશાન જુઓ એટલે ખાત્રી થશે કે એ મારું છે. જેવું એ જોવે છે કે આ નિશાન મારું નથી. બધા કપડાને જે નિશાન કરે છે એવું આ નિશાન નથી, આ મારું નિશાન નથી. એટલે એને જોતાવેંત એ પારકું છે એવું જ્ઞાન થાય છે. એ પારકું છે અને મારી ચીજ નથી એવું જ્ઞાન એને ત્યાગ કહેવામાં આવે છે. 'સમયસાર'ની ૩૪ ગાથામાં આ દૃષ્ટાંત આચાર્ય ભગવાને આપ્યો છે.

જ્ઞાન જ પ્રત્યાખ્યાન છે. પ્રત્યાખ્યાન જેને ત્યાગ કહે છે. જૈન પરિભાષામાં જૈન શાસ્ત્રની પરિભાષામાં એને પ્રત્યાખ્યાન કહે છે. સામાન્ય ભાષામાં એને ત્યાગ કહે છે. તો એ ત્યાગ ક્યાંથી ઉત્પન્ન થાય છે ? જ્ઞાન વિના કોઈ ત્યાગ કરે છે તો ત્યાગ નથી થતો. મારાપણું રાખીને ત્યાગ કરે છે કે, આ મારા રૂપિયા મારા હતા એ મેં દાનમાં આપ્યા. મારા આટલા રૂપિયાનું મેં દાન કર્યું. તો એમાં મારાપણું રાખીને દાન કરવાનો ભાવ છે એણે ખરેખર રૂપિયાનો ત્યાગ નથી કર્યો, રૂપિયાનો અત્યાગ ભાવ ભો રાખ્યો છે અને દાનનો વિકલ્પ આવ્યો એમાં અહંપણું કર્યું છે અને રૂપિયામાં પણ અહંપણું કર્યું. તો જ્ઞાન વિના ત્યાગ નથી. ત્યાં પર સાથે તન્મયતા છોડવી, પરનો ત્યાગ કરવો. ક્યાંથી ત્યાગ ઉત્પન્ન થશે ? કે, પરચીજ તે આત્મા નથી, આત્મા નહિ હોવાથી આત્માને સુખનું કે દુઃખનું કારણ નથી. અથવા પરપદાર્થ આત્માથી તદ્દન જુદો છે અને જુદો હોવાથી એની અનાદિથી જે ઉપાદેયતા

ભૂલથી થઈ રહી છે એ ઉપાદેયતા ત્યાગવા જેવી છે, એનો સંબંધ છોડવા જેવો છે. એમ જુદાંપણું જણાય ત્યારે એને તન્મયતા છૂટે, ત્યાં સુધી કોઈ રીતે એમાં અહંપણું કે મમત્વ કે તન્મયતા છૂટે નહિ.

જગતમાં એ વાત પ્રસિદ્ધ છે, બુદ્ધિગમ્ય છે એટલે કે જીવ સંયોગમાં મમતા કરે છે એટલો દુઃખી થાય છે. મમતા એટલું દુઃખ – એ કહેવત થઈ પડી છે. એથી મમતા નહિ કરવી જોઈએ એવું સમજાય છે પણ કોઈ મમતા છોડી નથી શકતું એનું કારણ શું ? કે, એ જુદું છે એવું જ્ઞાન નથી. જુદાંપણાના જ્ઞાન વિના મમત્વ છોડવું અશક્ય અને અસંભવિત છે.

અહીંયાં કહે છે કે, જીવ પદાર્થને અને જડ પદાર્થને વૈજ્ઞાનિકદષ્ટિએ તું જો તો એ ભિન્ન ભિન્ન જાતિના પદાર્થો છે તેથી એકબીજાથી જુદી જાતિના પદાર્થ છે, તેથી એ જુદાં પદાર્થ છે. જે જુદાં છે એમાં મમત્વ કરવાનો પ્રશ્ન રહેતો નથી. જે પોતાના નથી, પોતાથી જુદાં છે એમાં પોતાપણું કરવું એ ગુનો છે, એ અપરાધ છે અને એ અપરાધની સજા દુઃખ છે, દુઃખની પરંપરા, અનેક પ્રકારના દુઃખ પજવાનું મૂળ કારણ આ જ છે.

એટલે (અહીંયાં કહે છે), **'પર સાથે તન્મયતા તોડવી તે જ કરવાનું છે. અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે.'** અનાદિનો એવો અભ્યાસ છે, અભ્યાસ છે એટલે Practice, મહાવરો છે કે એને પરપદાર્થ સાથે સહજમાત્રમાં એકાકાર થઈ જવાય છે. એમાં શરીરનું એકત્વ તો એવું છે કે વેદનાયુ ત એની સાથે સંબંધ હોવાથી શાતા, અશાતાની વેદનાનો સંબંધ હોવાથી શરીર સાથેનું જુદાંપણું તો એને ખ્યાલમાં પણ આવતું નથી કે આ શરીરના રજકણે રજકણથી હું તદ્દન જુદો છું. ચાહે તો આ શરીર સંયોગમાં રહે કે ચાહે તો આ શરીરનો વિયોગ થાય. એથી મારા આત્માને કાંઈ લેવાદેવા નથી, કાંઈ લાભ-નુકસાન નથી, કાંઈ સુખ-દુઃખ નથી. એ વાત એણે પહેલાં અહીંથી શરૂ કરવી જોઈએ. શરીરથી શરૂ કરે તો પછી શરીરથી જુદાં પદાર્થ છે – મકાન, રૂપિયા અને બીજા પરિવારના સભ્યો એ તો ભિન્ન ક્ષેત્રે રહેલા ભિન્ન છે, જુદા ક્ષેત્રમાં રહેલા છે. આનું (–શરીરનું) તો ક્ષેત્ર એક છે. આકાશની અપેક્ષાએ, આકાશનું એટલું જ ક્ષેત્ર શરીર રોકે છે જેટલું ક્ષેત્ર આત્મા રોકે છે. Occupation જેને કહે છે, વ્યાપવું – રોકવું. જેટલું આત્માએ આકાશનું ક્ષેત્રફળ રોક્યું છે એટલું શરીરે રોક્યું છે એટલે એને એક ક્ષેત્ર કહેવાય છે. ખરેખર આત્માનું ક્ષેત્ર આત્માના પ્રદેશોમાં છે, રજકણનું ક્ષેત્ર રજકણના પ્રદેશોમાં છે અને બન્ને ક્યારે પણ

એક ક્ષેત્રરૂપ થઈ શકતા નથી. પોતાના સ્વરૂપથી જે ક્ષેત્ર મળેલું છે એનો ત્યાગ કરીને બન્ને એક ક્ષેત્રરૂપ થાય એવું કદી બની શકે નહિ. અહીંથી જુદાંપણું પકડે. પછી તો જુદાં ક્ષેત્રે રહેલા છે એ જુદાં છે. એ વાત એને તદ્દન સહેલી થઈ જાય છે.

જોકે ભેદજ્ઞાનમાં તો ત્યાંથી લેવું કે, રાગથી પણ જ્ઞાન જુદું છે. રાગનું ક્ષેત્ર એ જ્ઞાનનું ક્ષેત્ર નહિ. કાર્યક્ષેત્રમાં આમ થાય છે. આમ તો પ્રદેશોમાં તો ચારિત્રગુણની પર્યાય જ્યાં પરિણમે છે ત્યાં જ જ્ઞાનગુણની પર્યાય પરિણમે છે. પણ કાર્યક્ષેત્રની અપેક્ષાએ જોઈએ તો રાગનું કાર્યક્ષેત્ર છે એનાથી જ્ઞાનનું કાર્યક્ષેત્ર તદ્દન જુદું છે. પોતપોતાના ક્ષેત્રમાં બન્ને કામ કરે છે. ત્યાંથી જુદાંપણું લ્યે, ત્યાંથી જુદાંપણાનો અભ્યાસ અને પ્રયત્ન કરે, મહાવરો રાખે તો એને બીજા બધાં પદાર્થોથી જુદાંપણું ભાસવું એ સુગમ થઈ પડે છે, સહેલું થઈ પડે છે.

**'તે જ કરવાનું છે.'** જે ઊંધું થઈ રહ્યું છે, પરપદાર્થ અને રાગ સાથે ભ્રમણાએ કરીને એકત્વ અને મમત્વ થઈ રહ્યું છે, પોતાના ભિન્ન સ્વરૂપનું અજ્ઞાન હોવાને લીધે જે એકમેકપણું થઈ રહ્યું છે એ એમ ને એમ રહે અને એને ધર્મ થાય કે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થાય એવું કદી બની શકતું નથી. એટલા માટે જ્યાં સંયમ અને તપશ્ચર્યાનો વિષય ચાલે છે, જેને મન-વચન-કાયાના વ્યવહાર સાથે સંબંધ છે ત્યાં પણ એક લાલબત્તી મૂકવામાં આવે છે કે, જોજે મન-વચન-કાયાના પરમાણુની ક્રિયા તે આત્માની ક્રિયા નથી અને આત્માની જ્ઞાન, દર્શનની ક્રિયા છે એ મન-વચન-કાયાના પરમાણુની ક્રિયા નથી. દ્રવ્યસંયમ અને ભાવસંયમની યથાર્થ (સંધિ), તે બન્ને વચ્ચેની ભિન્નતા એમ ને એમ અબાધિત રાખીને, અખંડ રાખીને પછી જે કાંઈ નિરુપણ કરવામાં આવે છે તે નિરુપણ છે તે તપશ્ચર્યાનું નિરુપણ છે. વ્રતાદિકનું નિરુપણ એ રીતે સમજવું જોઈએ. ચરણાનુયોગમાં ચરણાનુયોગની ભાષાનો પ્રયોગ આવે, દ્રવ્યાનુયોગમાં દ્રવ્યાનુયોગની ભાષાનો પ્રયોગ આવે. ભાષાનો પ્રયોગ બદલાય એટલે વસ્તુનું સ્વરૂપ બદલાય જાય છે એવું કદી બનતું નથી. એવી વ્યવહારની ભાષાનો પ્રયોગ એવો છે કે 'પાણીનો પ્યાલો' બોલવામાં આવે છે. 'ઘીનો ઘડો' બોલવામાં આવે છે. પ્યાલો ધાતુનો કે કાચનો હોય છે. ઘડો માટીનો કે ધાતુનો હોય છે. જે પ્રવાહી ભરવામાં આવે છે તેનું વાસણ હોતું નથી. એવો ભાષાપ્રયોગ વખતે વસ્તુ સ્વરૂપ (બદલાતું નથી), વસ્તુ સ્વરૂપ પણ બદલાતું નથી અને વસ્તુ સ્વરૂપનું જ્ઞાન પણ બદલાતું નથી. એમ આમ સંયમ પળાય અને આમ સમિતિ-ગુપ્તિ પળાય એ બધી વાતોમાં જડ-ચેતનની બન્નેની

ભિન્નતા છે એ અબાધિતપણે રહે છે. એમાં કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યમાં ભળીને કામ કરે છે એવું કદી બનતું નથી.

મુમુક્ષુ :- જ્ઞાનનું ક્ષેત્ર છે તે જ્ઞાનનું ક્ષેત્ર છે...

પૂજ્ય ભાઈશ્રી :- કાર્યક્ષેત્ર તો જુદું ખરું કે નહિ ? ભાવનું ક્ષેત્ર તો જુદું ખરું કે નહિ ? કેમકે રાગનો વ્યય થાય છે અને જ્ઞાન ભું રહી જાય છે. રાગનો નાશ થાય છે અને જ્ઞાન ભું રહે છે. એ બન્નેનું એક ક્ષેત્ર હોય તો એકનું ક્ષેત્ર ખલાસ થતાં બીજાનું ક્ષેત્ર પણ ખલાસ થઈ જાય, એવું તો બનતું નથી. એક એરોપ્લેનમાં બે જણાં બેઠાં હોય. તે તૂટે તો બેય મરે કે એક ઉપર અધ્ધર રહી જાય. એક નીચે પડે ? બેય પડે. (અહીં) બેયનો આધાર જુદો છે. રાગનો આધાર પરદ્રવ્ય છે. જ્ઞાનનો આધાર સ્વદ્રવ્ય છે. રાગ પરદ્રવ્યના આધારે ઉત્પન્ન થયેલો છે. જ્ઞાન સ્વદ્રવ્યના આધારે ઉત્પન્ન થયેલું છે. એટલે રાગ ટાળતાં જ્ઞાનનો નાશ થતો નથી.

પ્રશ્ન :- સ્વસંવેદન કેમ કરવું ?

ઉત્તર :- પર સાથેનો મમત્વભાવને જો નીરસ કરવામાં આવે, પરના એકત્વભાવને નીરસ કરવામાં આવે તો એને બેય જાત જુદી-જુદી જણાય કે જ્ઞાનની જાત જુદી છે અને રાગની જાત જુદી છે. અંદરમાં જણાય હો ! વિચારમાં સમજાય એમ નહિ. અંદરમાં જણાય, દેખાય એને અને જ્યારે એને દેખાય ત્યારે એને એમ લાગે કે આ બે એક થયા જ નથી. આ બેની વચ્ચે સાંધ છે. જો જ્ઞાનને અંતર્મુખ વાળવામાં આવે તો પોતે રાગથી તદ્દન જુદો પડી જાય અનુભવમાં એવી પરિસ્થિતિ છે. એ એને સમજાય છે જ્યારે એને રાગ અને જ્ઞાનની સાંધ સમજાય છે ત્યારે એવી જે અંતર્મુખ જ્ઞાનની પર્યાય એને સમયસારની ૧૯૪ ગાથામાં, કળશ-૧૮૧,૧૮૨,૧૮૩ એમાં પ્રજ્ઞાછીણી એમ કહેવામાં આવ્યું છે. પ્રજ્ઞાછીણીને બહુમાનથી ભેદજ્ઞાનની પરિણતિ હોવાથી, સાક્ષાત ભેદજ્ઞાનની પરિણતિ હોવાથી તેને ભગવતી પ્રજ્ઞા કહેવામાં આવી છે. આચાર્ય મહારાજે ભેદજ્ઞાનની આવી મહિમાથી ભગવતી એટલે પવિત્ર, પવિત્ર એવી બુદ્ધિ – નિર્મળ મતિ એને ભગવતી પ્રજ્ઞા કહેવામાં આવે છે. એવા શબ્દો લીધા છે.

પ્રશ્ન :- ભગવતી વાપર્યું એટલે ?

ઉત્તર :- લૌકિકમાં પણ બહુ વિચક્ષણ ડાહ્યો પુરુષ હોય અને એવો કોઈ સજ્જન પુરુષ હોય કે કોઈનું અહિત ન કરે. બધાંયનું હિત ચિંતવે અને ખૂબ બુદ્ધિમાન હોય તો

એને પ્રજ્ઞાવંત કહેવામાં આવે છે. અહીંયાં એમ કહે છે કે જે બુદ્ધિ, જે મતિજ્ઞાનની પર્યાય અંતરમાં વળે તેને ભગવતી પ્રજ્ઞા કહેવામાં આવે છે. પોતે છઠ્ઠા-સાતમા ગુણસ્થાને મુનિરાજ છે, આચાર્ય છે છતાં ભેદજ્ઞાનને તો ભગવતી પ્રજ્ઞા કહી છે. પોતાને વર્તે જ છે પણ જેને વર્તે તેને એમ છે.

૧૯૭ બોલ છે. ઉપયોગ જ પ્રજ્ઞાછીણીનું કામ કરે. આ ભેદજ્ઞાનનો જ આખો બોલ છે. **'પ્રજ્ઞાછીણી શુભાશુભ ભાવ અને જ્ઞાનની સૂક્ષ્મ અંતઃસંધિમાં પટકવી. ઉપયોગને બરાબર સૂક્ષ્મ કરી...'** એ પ્રજ્ઞાછીણી છે, જ્ઞાનનો ઉપયોગ એ પ્રજ્ઞાછીણી છે. એને બરાબર સૂક્ષ્મ કરી **'તે બંનેની સંધિમાં સાવધાન થઈને તેનો પ્રહાર કરવો. સાવધાન થઈને એટલે બરાબર સૂક્ષ્મ ઉપયોગ કરીને, બરાબર લક્ષણ વડે ઓળખીને.'** જુદાં જુદાં પાડીને બન્ને વચ્ચે જુદાંપણાનો ભેદ કરવો. પછી છેલ્લો પેરેગ્રાફ બહુ સરસ છે. કેવી રીતે અને ક્યારે આવો ઉપયોગ સૂક્ષ્મ થઈને પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે ? એ પ્રશ્નનો ઉત્તર છે.

**'સ્વભાવના મહિમાથી પરપદાર્થ પ્રત્યે રસબુદ્ધિ – સુખબુદ્ધિ તૂટી જાય છે.'** એમ ને એમ વૈરાગી એમ નહિ. અમને ક્યાંય રસ નથી, છોડો આખી દુનિયાને, લઈ લ્યો દીક્ષા ! એમ નહિ. આત્મસ્વરૂપને ઓળખીને એના મહિમાપૂર્વક પરપદાર્થ પ્રત્યેનો ચૈતન્યના મહિમાથી જડનો રસ મટે. આ એની શરત છે. **'સુખબુદ્ધિ તૂટી જાય છે.'** અથવા આત્મસ્વરૂપમાં ભરેલું અનંત સુખ છે એ સુખને ઓળખીને એના રસપૂર્વક, જડમાં સુખનો અભાવ છે, રજકણમાં સુખનો અભાવ છે. જડના કોઈપણ રજકણમાં, એક Particleમાં સુખનું નામનિશાન અને ગંધ પણ નથી. એમ એને જ્ઞાન થઈને એની રસબુદ્ધિ તૂટી જાય અને સ્વભાવમાં સુખ હોવાથી એનો જ રસ લાગે અને બધું નીરસ લાગે. **'ત્યારે જ અંતરની સૂક્ષ્મ સંધિ જણાય.'** ત્યારે એને દેખાય કે આ જ્ઞાનની જાત જુદી, આ રાગની જાત જુદી. એક સમયમાં આત્માની અંદર એકસાથે પજતા બે પરિણામ, એમાં આ પરિણામ જુદું, આ પરિણામ જુદું. બન્નેને અંદરમાં જુદેજુદાં વહેંચણી અને ખતવણી કરી શકે. રાગની ખતવણી જ્ઞાનમાં ન કરે અને જ્ઞાનની ખતવણી રાગમાં ન કરે. એવું જેને અંતરમાં સૂક્ષ્મ ભેદજ્ઞાન જણાય, તે ક્યારે ? કે જ્યારે એને સ્વભાવમાં જ રસ લાગે ત્યારે અને બધેથી નીરસ થાય ત્યારે.

**'એમ ન હોય...'** એટલે કે એવું કદી ન બની શકે કે **'પરમાં તીવ્ર રુચિ...'** અને રસ હોય **'ને ઉપયોગ અંતરમાં પ્રજ્ઞાછીણીનું કાર્ય કરે.'** એવું કદી બનતું નથી. એનો બીજો અર્થ એ થાય છે કે, જેને જડ પદાર્થોમાં સુખબુદ્ધિ છે, બાહ્ય પદાર્થોમાં અનુકૂળતાની પણ સુખબુદ્ધિ

છે અને રાગમાં રસ અને રુચિ છે એનો ઉપયોગ એ ગમે તેટલો બુદ્ધિવાન જીવ દેખાતો હોય તોપણ સ્થૂળ ઉપયોગ છે. એનો ઉપયોગ સૂક્ષ્મ હોતો નથી. એ સ્થૂળ ઉપયોગની અંદર રાગ અને જ્ઞાન વચ્ચેનું જુદાંપણું અંદરમાં પોતામાં ને પોતામાં પોતે જાણી શકતો નથી, સમજી શકતો નથી. એને ભેદજ્ઞાન નથી થતું.

આ પેરેગ્રાફની ઉપરની બે-ત્રણ લીટી જરા સારી છે. **'વ્રત, તપ કે ત્યાગાદિ ભલે હો, પણ તે સાધન ન થાય, સાધન તો પ્રજ્ઞા જ છે.'** લોકો એમ ને એમ વ્રત, તપ ને ત્યાગાદિ ગ્રહણ કરે છે, ઠીક છે કષાય મંદ હોય તો ભલે હોય, એનો અર્થ એમ છે, ભલે હોય એનો અર્થ એ છે કે, જીવનો કષાય એટલો તીવ્ર ન હોય અને સહેજે સહેજે કષાય મંદ હોય તો ભલે હોય, પણ એ સાધન નહિ થાય. એનાથી તું ધર્મ પામી જઈશ એ કાંઈ માનવા જેવી વાત નથી. ભગવતી પ્રજ્ઞા છે એ જ સાધન છે અને એનાથી જ સ્વ-પરની ભિન્નતા થઈને સ્વાનુભવ સુધી પહોંચાય છે અને ધર્મની શરૂઆત થઈને આગળ વધી શકાય છે, બીજો કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :- પચાસ ઉપવાસ કરી નાખીએ તો !

પૂજ્ય ભાઈશ્રી :- 'ગુરુદેવ' એક દૃષ્ટાંત આપતા કે, એક માણસને ગણિત શીખવું છે તો કેટલા ઉપવાસ કરે તો એને ગણિત આવડે ? ઉપવાસ કરવાથી ગણિત ન આવડે ? આટલી તપશ્ચર્યા કરે તો ગણિત ન આવડે ? પણ ભાઈ ! ગણિત માટે એ સાધન નથી. તેમ આત્માનું જ્ઞાન કરવા માટે આહારનો ત્યાગ થાય તો અહીંયાં આત્માનું જ્ઞાન થાય, આહારના પરમાણુનો સંયોગ અહીંયાં ન થાય અને વિયોગ રહે તો આત્માને આત્માનું જ્ઞાન થાય એમ કેમ બને ? આત્માનું જ્ઞાન થવા અર્થે એણે ઉપયોગને આત્મા પ્રત્યે લઈ જવો જોઈએ. જ્ઞાનના ઉપયોગને, જ્ઞાનના વ્યાપારને આત્મામાં લગાવ્યા વિના આત્માનું જ્ઞાન કેમ થાય ? બીજું ક્યુ સાધન કામ કરે એમાં ? એ ઉપયોગને અહીંયાં પ્રજ્ઞા કહેવામાં આવે છે.

પ્રશ્ન :- પરમાં તીવ્ર રુચિ નથી પણ થોડી સૂક્ષ્મ હોય તો ?

સમાધાન :- અલ્પ પણ સુખબુદ્ધિ રહે ત્યાં સુધી એને વિપરીત અભિનિવેશ ટળ્યો નથી. વિપરીત અભિનિવેશ સહિત સાચું તત્ત્વજ્ઞાન હોય શકે નહિ. આ સીધી વાત છે. નવ તત્ત્વનું જ્ઞાન, ભૂતાર્થ આશ્રિત નવ તત્ત્વનું જ્ઞાન તે સમ્યગ્દર્શન છે. 'સમયસાર'ની ૧૩મી ગાથામાં આ વાત છે. એમાં નવ તત્ત્વનું જ્ઞાન ભૂતાર્થ આશ્રિત લીધું એનો અર્થ શું ? કે,

એક ભૂત નામ મારો શાશ્વત આત્મા — ધ્રુવ આત્મા એ જ મને ઉપાદેય છે, એ જ આશ્રય કરવા યોગ્ય છે, સુખનો ભંડાર મારો એ જ છે, જ્ઞાનનો ભંડાર મારો એ જ છે, એ જ મારું પરમાત્મ પદ છે અને પરમ ઉપાદેય છે, પરમ આરાધ્ય છે, એ સિવાય બીજું કાંઈ મને આરાધવા યોગ્ય નથી. એવું જે ભૂતાર્થ આશ્રિતપણું છે, એ પૂર્વક નવ તત્ત્વનું જ્ઞાન એને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. એમાં પુણ્યતત્ત્વ છે, નવ તત્ત્વમાં એક પુણ્યતત્ત્વ છે. એ પુણ્યતત્ત્વ પણ આ ધ્રુવ આત્માથી ભિન્ન છે અને આશ્રય કરવાયોગ્ય નથી. જ્યાં સંવર, નિર્જરા અને મોક્ષ આશ્રય કરવા યોગ્ય નથી ત્યાં પુણ્ય તત્ત્વ અને પુણ્યના ફળસ્વરૂપ પુણ્ય છે – દ્રવ્યપુણ્ય છે એ આશ્રય કરવા યોગ્ય છે એ વાત રહેતી નથી.

પ્રશ્ન :– શરૂઆતમાં આશ્રય કરવા જઈએ કે પછી આશ્રય કરવા જઈએ ?

સમાધાન :– પહેલેથી આ વાતનો નિર્ણય હોવો જોઈએ. નિર્ણય ંધો હોય તો ત્યાગ ક્યાંથી થાય ? નિર્ણય તો સાચો જોઈએ ને ! ત્યાગ પછી શ તિ અનુસાર થાય પણ પહેલો નિર્ણય છે એ તો બરાબર હોવો જોઈએ ને ? નિર્ણય હોય તો નિર્ણયની દિશામાં પરિણામ ગતિ કરે કે ગમન કરે, પણ નિર્ણય એવો હોય – ઊંધો હોય તો ઊંધી દિશામાં ગતિ કરે. નિર્ણય તો ચોખ્ખો હોવો જોઈએ. સ્વાધ્યાય તો નિર્ણય માટે છે. શાસ્ત્રની સમજણ અને સ્વાધ્યાય તો પ્રથમ નિર્ણય કરવા માટે છે. પછીનું કામ તો એકલાનું છે. પછીનું જે કામ છે એ તો અંદરમાં એકલાનું કામ છે.

મુમુક્ષુ :– પ્રથમથી જ શુદ્ધનો નિર્ણય કરશું તો...

પૂજ્ય ભાઈશ્રી :– અંદરથી હેય કરે તો જ એને ભેદજ્ઞાન થાય, નહીંતર તો ભેદજ્ઞાન થાય નહિ. જે કોઈ રાગ આવે એ આત્માની જાતિનો છે ? વિરુદ્ધ જાતિનો છે. આત્માની શાંતિને હણનારો છે. અશાંત સ્વરૂપ એવો રાગ આત્માની શાંતિનો ઘાતક છે તો એને પાળવો, પોષવો, પુષ્ટ કરવો, વૃદ્ધિ કરવો, સાવધાનીથી જાળવવો એ વાત રહેતી નથી. ઝેર તો થોડું પણ ખાવા જેવું નથી. થોડું ખાવા જેવું અને ઝાઝું નહિ ખાવા જેવું, એવું કાંઈ હોય ? એ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– જ્ઞાનીને પણ થાય છે ને !

પૂજ્ય ભાઈશ્રી :– થાય છે પણ એ ઝેર જાણે છે, એ ઝેર જાણે છે. એવો એક પ્રસંગ બન્યો હતો. 'શ્રીમદ્ રાજચંદ્રજી' એમની પેઢી ઉપર હતા. 'મુંબઈ'માં તાંબાકાંઠા ઉપર અત્યારે 'ભગવાન ભુવન' જેને કહે છે ને ? મને (એક ભાઈએ) બતાવ્યું હતું કે, આ ઓફિસ

છે ત્યાં 'કૃપાળુદેવ' બેસતા હતા. એમની ઑફિસે એકવાર ગયા હતા. ઉપલા માળે જ બેઠા હતા, પછી એક માળ નીચે તર્યા. પહેલા કે બીજા માળે આ જગ્યાએ, આ ઑફિસમાં એ બેસતા હતા, અહીં એમનો વેપાર ચાલતો હતો. તાંબાકાંઠા ઉપર. ત્યાં એક વખત 'દેવકરણજી' મુનિ જઈ ચડ્યા. આમ તો આપણે એમને સાંભળીએ છીએ. ગૃહસ્થ માણસ અને આ પોતે સ્થાનકવાસીના સાધુ હતા. ખ્યાલ આવી ગયો કે સાધુપણું તો આવું નથી. ભૂલા પડ્યા છીએ, પણ લોકોમાં હાપોહ થાય એટલે વેશ નહિ બદલેલો. ભાવ બદલાય ગયા હતા, પણ વેશ નહિ બદલેલો. જરા બુદ્ધિવાળા હતા એટલે એમ થયું કે, દુકાન ઉપર જોઈએ એમના પરિણામ કેવા છે ? એ પેઢી ઉપર ગયા. કાંઈક તત્ત્વચર્ચા ચાલી. બાહ્યદૃષ્ટિ તો હજી જ્યાં સુધી અંતરદૃષ્ટિ ઉત્પન્ન ન થાય ત્યાં સુધી તો બાહ્યદૃષ્ટિ ગઈ નથી અને બાહ્યદૃષ્ટિમાં તો જે પ્રકારના પરિણામની અને જ્ઞાનની યોગ્યતા હોય છે એ પ્રકારે બાહ્ય ભાવો વધારે દેખાય છે, અંતરના ભાવો તો એમાં એનો ઉકેલ કરી શકતો નથી જીવ. એમણે એમ કહ્યું કે, તમે તો આ બધો વેપાર કરો છે અને પાછી વાત તો બધી વીતરાગતાની કરો છો. શું કીધું ? તમે તો દુકાને બેઠા બેઠા વેપાર કરો છો. આ મોતીનું પડીકું ખોલ્યું ને પન્નાનું પડીકું ખોલ્યું ને આ હીરાનું પડીકું ખોલ્યું ને કોઈ ઘરાક આવે તો એને ભાવ કહે અને સોદો થાય તો કહે, તને માલ વેચ્યો. કોઈ બીજો દેવા આવે તો માલ એનો લ્યે. બરાબર પરખ કરીને (કહે) કે, આ કિંમત છે. તો કહે, આપ્યું તમને. તમે તો વેપાર કરો છો. અમારી સાથે વાત તો પાછી વીતરાગતાની કરો છો. આવો એક પ્રશ્ન કર્યો, ઠીક ! વ્યતિગત પ્રશ્ન છે.

('શ્રીમદ્જી'એ કહ્યું), તમને ખબર છે કે આ બધું થાય છે એને અમે કાળકૂટ ઝેર સમજીએ છીએ. એવી ખબર છે ? (આમણે કહ્યું), ઇ ખ્યાલમાં નથી આવતું. તો કહે, બસ ! ઇ ખ્યાલમાં આવવું જોઈએ. કાળકૂટ ઝેર સમજીએ છીએ, કાળકૂટ ઝેર જાણીએ છીએ. પણ જ્યાં સુધી પોતાની અશતિ હોય છે ત્યાં સુધી ચારિત્રના દોષમાં મોક્ષમાર્ગી ધર્માત્માને પણ પ્રવૃત્તિ જોવામાં આવે છે પણ એ પ્રવૃત્તિ એ દોષ ટાળવા અર્થે છે, દોષ વધારવા કે દોષ રાખવા અર્થે હોતી નથી. સંસારની દુકાન બંધ કરવા માટેનો એ વેપાર છે, માલ છેલ્લે છેલ્લે વેંચી નાખવાની વાત છે, લિલામ કરવાની વાત છે. એ વેપાર કોઈ વેપાર વધારવાની ચીજ નથી. એ વાત એ દૃષ્ટિકોણ એમનો જ્યાં સુધી ન સમજાય ત્યાં સુધી એ બીજાની જેમ વેપાર કરે છે એમ લાગે. અશુભ પરિણામ છે, વેપારના પરિણામ ચાહે પ્રમાણિકતાથી કરે,

એ તો પ્રમાણિકતાથી કરતા હતા તોપણ એ અશુભ પરિણામ છે, શુભ નથી. પણ એ અશુભ પરિણામ કે મંદિરમાં પૂજા, ભક્તિના શુભ પરિણામ (હોય) બીજા અજ્ઞાની જીવો, સંસારી જીવો કરે એવી જ રીતે એને કરતા દેખાય. બીજાને એનો નિષેધ નથી અને કર્તવ્ય છે એમ માનીને કરે છે. જ્ઞાનીને અકર્તવ્ય જાણીને એનો નિષેધ આવે છે અને નિષેધ સહિત કરે છે. બન્ને વચ્ચે ઉત્તર-દક્ષિણનો ફેર છે. એક જુદી દિશામાં જાય છે, બીજો એની ઊલટી દિશામાં જાય છે. એ જરા અઘરો વિષય છે. અનાદિથી એવો અભ્યાસ છે.

પ્રશ્ન : અઘરો છે એટલે ?

સમાધાન :– અઘરો છે એટલે પોતાને પરપદાર્થની પ્રવૃત્તિના કાળમાં બાહ્યદૃષ્ટિથી પરમાં એકત્વ થાય છે, તો એ જ્ઞાનીને પણ એમ જ જોવે છે કે આને એકત્વ થાય છે. દૃષ્ટિ એવી સૃષ્ટિ. જેવી પોતાની દૃષ્ટિ હોય છે એવું બીજાનું માપ પ્રાયઃ ઘણું કરીને જીવ કાઢે છે, આ એક સામાન્ય વસ્તુસ્થિતિ છે. એને પોતાને એકત્વ થાય છે તો બીજાને પણ એકત્વ થાય છે એમ જ જોવે છે. કેમકે એને એ જાતની અંતરદૃષ્ટિ નથી કે આ અંદરમાં સાવ જુદાં પડી ગયા છે. એ એને ખબર હોતી નથી.

પ્રશ્ન :– તો અંતરદૃષ્ટિ કરવી એમ થયું ને ?

સમાધાન :– અંતરદૃષ્ટિ કરે તો એને બીજાની પણ અંતરદૃષ્ટિ ઓળખાય અથવા અંતરદૃષ્ટિનો પ્રયત્ન કરે તોપણ એને બીજાની અંતરદૃષ્ટિ ઓળખાય. સાચો પ્રયત્ન કરે તો પોતાને લાભ થાય અને પોતાને ખોટું નુકસાન થતું બચે.

પ્રશ્ન :– પોતે જ્ઞાનીની લાઇન ઉપર આવી જાય ને ?

સમાધાન :– એ તો ક્રમે કરીને જ્ઞાની થાય. પ્રયત્ન કરે એનો પ્રયત્ન સફળ થઈ જાય.

**'અનાદિ અભ્યાસ છે તેથી જીવ પર સાથે એકાકાર થઈ જાય છે.'** અત્યારે વાણીનો વ્યવહાર છે. બોલવાનો અને શ્રવણ કરવાનો (વ્યવહાર છે). બોલવું અને શ્રવણ એવા જે શબ્દ-પુદ્ગલો છે એનાથી હું ભિન્ન છું, એમ ભેદજ્ઞાન રહેવું જોઈએ. હું જ્ઞાન છું. હું એનાથી ભિન્ન છું, એ જ્ઞેયમાત્ર છે, હું જ્ઞાનમાત્ર છું. ભગવાનના દર્શન કરે છે. પોતે જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવમાં લીન છે. એ મારા જ્ઞાનસ્વભાવને પ્રદર્શિત કરે છે, મારા જ્ઞાનસ્વભાવનો નિર્દેશ કરે છે. સીધો ઉપયોગ ફરીને પોતા ઉપર આવવો જોઈએ. મારા સ્વરૂપનો નિર્દેશ કરે છે. જેવા એ પરમાત્મા, અરિહંત પરમાત્મા લીન થઈને રહ્યા છે, બસ ! એવું મારું અંદરમાં

સ્વરૂપ છે. મારા સ્વરૂપનો ત્યાગ મેં કર્યો નથી. આમ જ કર્તવ્ય છે, આમ લીન રહેવા જેવું છે, આવું વીતરાગ સ્વરૂપ મારું છે. જેવા એ વીતરાગ થયા છે એવા જ મારા વીતરાગ સ્વરૂપને એ પ્રસિદ્ધ કરી રહ્યા છે. એમ એ મારા આત્માને દર્શાવે છે, મારા સ્વરૂપને દર્શાવે છે. એમ એને સીધું એકત્વ થવાને બદલે જુદાંપણાનું જ્ઞાન થવું જોઈએ. પ્રસંગે પ્રસંગે, જેટલા ઉદય ચાલે છે એ એક એક પ્રસંગે એણે પોતાને પકડવો જોઈએ, પોતે એવો જુદો છે એમ પોતાને ગ્રહણ કરવો જોઈએ અને પરથી જુદાંપણાનો એણે અભ્યાસ કરવો જોઈએ. જેમ અનાદિના અભ્યાસને લઈને પરથી એકાકાર થઈ જવાય છે તેમ આ અભ્યાસે કરીને એણે જુદું પડવું જોઈએ.

**'પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે.'** આ તો (સંવત) ૨૦૩૩ની સાલમાં પહેલી પ્રત નીકળી છે. 'ગુરુદેવ'ની વિદ્યમાનતામાં. વાંચનમાં જે બોલ્યા છે ત્યારે તો ઘણું વહેલું છે. એટલે હયાતીમાં વાત કરે છે કે, **'પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે.'** અત્યારે ક્ષેત્ર અપેક્ષાએ પરોક્ષ છે પણ જેણે પરિચય કર્યો છે એણે પ્રત્યક્ષ સમજીને ચાલવું જોઈએ. પૂજ્ય 'બહેનશ્રી' કહે છે, 'ગુરુદેવ' ભલે બહારમાં પરોક્ષ થઈ ગયા પણ હૃદયમાં પ્રત્યક્ષ કરીને રાખવા, એમ કહે છે. તો એકેય ભૂલ નહિ થાય, એમ કહે છે. પછી એકેય ભૂલ નહિ થાય. પ્રત્યક્ષ રાખવા – જાણે (વિદ્યમાન) છે ! જાણે છે ! એ આ ઉપદેશ આપી રહ્યા છે, આ કહી રહ્યા છે. એ વાત જો પ્રત્યક્ષવત્ કરીને રાખે પછી કોઈ ભૂલ થવાનો સવાલ રહેતો નથી. સમય થઈ ગયો છે.

***

## તા. ૭-૦૭-૧૯૮૭, વચનામૃત- ૧૫૬, ૧૫૭
## પ્રવચન નં. ૧૧૯

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૧૫૬. શું કરવાયોગ્ય છે ? મુમુક્ષુજીવે પર સાથેનું એકત્વ તોડવું અથવા પર સાથેની તન્મયતા તોડવી છે. અનાદિથી પર સાથે એકાકાર થઈ જાય છે. એવું પરિણમન છે એ જીવને અહિતકર પરિણમન છે, દુઃખકારક છે એ તોડવું. એ સંબંધમાં **'પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે.'** અહીંથી આપણે શરૂ કરવાનું છે. અનેકવિધ પ્રકારે પૂજ્ય 'ગુરુદેવ' એકત્વ તોડવા માટે, પરથી એકત્વ તોડવા માટે, રાગથી એકત્વ છૂટવા અર્થે સ્પષ્ટપણે, ખુલ્લેખુલ્લો એટલે સ્પષ્ટપણે માર્ગ બતાવી રહ્યા છે. પોતાના સ્વાનુભવથી અનેક યુક્તિ અને આગમથી, ન્યાય અને તર્કથી સુસ્પષ્ટપણે માર્ગ બતાવી રહ્યા છે.

સ્વાધ્યાયમાં એ રીતે અનેક જગ્યાએ પૂજ્ય 'બહેનશ્રી'એ 'ગુરુદેવ'નો મહિમા કર્યો છે. ઉપકારી શ્રીગુરુનો, પ્રત્યક્ષ સત્પુરુષનો મહિમા આવ્યા વિના રહેતો નથી. એ પણ એક સ્વાધ્યાયનું અંગ છે. મુમુક્ષુએ પ્રત્યક્ષ ઉપકારી સત્પુરુષનો-સદ્ગુરુનો મહિમા કરવો એ પણ સ્વાધ્યાયનું એક અંગ છે. કેવી રીતે સ્વાધ્યાયનું અંગ છે ? વ્યક્તિ મહિમા કે વ્યક્તિ પૂજા નથી પણ સ્વાધ્યાયનું અંગ કેવી રીતે છે ? કે, સત્શાસ્ત્રનો સ્વાધ્યાય પણ સત્ની નજીક જવા માટે છે. જેણે ગુણ પ્રગટ કર્યા છે અથવા જેણે સત્ને પ્રગટ કર્યું છે, દ્રવ્યને પ્રગટ કર્યું છે એનો મહિમા પણ દર્શનમોહના રસને ગાળે છે અને સત્શાસ્ત્રના સ્વાધ્યાયનો હેતુ પણ એ જ છે. બન્નેનો હેતુ એક છે તેથી બન્ને એકબીજાના પૂરક છે, એકબીજાના અંગભૂત છે એમ કહેવામાં આવે છે.

'શ્રીમદ્જી'એ તો એ બહુ સ્પષ્ટ કહ્યું છે. ખાસ કરીને જેને આત્મજ્ઞાન ન થયું હોય, જેને આત્મજ્ઞાન ન થયું હોય અને સંજોગવશાત્ અથવા ઉદયના કારણથી સ્વાધ્યાય-જાહેર

સ્વાધ્યાયમાં વાંચન કરવાનો પ્રસંગ હોય તો એણે મુખ્યપણે સત્પુરુષની ભક્તિ આદિ સ્થાપન કરવું એવું તો મુમુક્ષુને માર્ગદર્શન આપ્યું છે. બહુમાનથી લખે છે. પત્ર નંબર છે-૬૭૦. ૬૭૦ એટલે ૨૯મું વર્ષ ચાલે છે, ૨૯મા વર્ષનો પત્ર છે. **'સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે,...'** આત્માનું સ્વસંવેદન, અનુભવજ્ઞાન થવું તે સર્વ દુઃખથી મુક્ત થવાનો એકમાત્ર, સર્વોત્કૃષ્ટ એટલે એકમાત્ર ઉપાય છે એવું જે જ્ઞાનીપુરુષોએ કહ્યું છે **'તે જ્ઞાનીપુરુષોનાં વચન સાચાં છે, અત્યંત સાચાં છે.'** કેવી ભાવવાહી શૈલી છે !

ફરીથી, **'સર્વ દુઃખથી મુક્ત થવાનો સર્વોત્કૃષ્ટ ઉપાય આત્મજ્ઞાનને કહ્યો છે, તે જ્ઞાનીપુરુષોનાં વચન સાચાં છે, અત્યંત સાચાં છે. ...તે આત્મજ્ઞાન થતાં સુધી...'** જ્યાં સુધી આત્મજ્ઞાન ન થયું (હોય ત્યાં સુધી) **'જીવે...'** મુમુક્ષુજીવે **'મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ એવા સદ્‌ગુરુદેવનો નિરંતર આશ્રય અવશ્ય કરવા યોગ્ય છે,...'** આત્મજ્ઞાન ન થયું હોય તો મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ છે, કેવા છે સત્પુરુષ ? કે, મૂર્તિમાન આત્મજ્ઞાનસ્વરૂપ છે, આત્મજ્ઞાનની પ્રગટ મૂર્તિ છે. **'એમાં સંશય નથી.'** અને એવા પ્રત્યક્ષ યોગનો **'વિયોગ હોય ત્યારે આશ્રયભાવના...'** (અર્થાત્) હું ક્યારે એમના પ્રત્યક્ષ યોગમાં, એમના આશ્રયમાં, એમના ચરણકમળમાં રહું એવી ભાવના **'નિત્ય કર્તવ્ય છે.'**

હવે એ ઉપરાંત વાત કરે છે કે, **'ઉદયને યોગે...'** એવો કોઈ ઉદય હોય કે **'તથારૂપ આત્મજ્ઞાન થયા પ્રથમ ઉપદેશકાર્ય કરવું પડતું હોય...'** વાંચનકાર છે એ તો એક ન્યાયે ઉપદેશકનું સ્થાન ગણવામાં આવે છે. જોકે એણે પોતે આત્મજ્ઞાન થયા પહેલા એમ નહિ માનવું જોઈએ કે હું કોઈ ઉપદેશક છું પણ જગતની દૃષ્ટિએ તો એને ઉપદેશકના સ્થાનમાં લોકો જોવે છે એટલે એમ લીધું છે. પોતાએ તો એમ માનવું જોઈએ નહિ.

પ્રશ્ન :- શું માનવું જોઈએ ?

સમાધાન :- એણે એમ માનવું જોઈએ કે, હું મારા આત્મા અર્થે મારો સ્વાધ્યાય કરવા આવું છું અને આ રીતે મારે મારો સ્વાધ્યાય કરવાનો છે. કોઈને ઉપદેશ દેવાનો હજી મારો અધિકાર નથી. એમ એણે સમજવું જોઈએ. હજી મારે ઉપદેશ ગ્રહણ કરવાનો બાકી છે પરંતુ ઉપદેશ દેવાનો મારો અધિકાર નથી. આમ સમજવું જોઈએ, તો સ્વચ્છંદ ન થાય. નહિતર ઉપદેશ લેવાને યોગ્ય જીવ ઉપદેશદાતા થઈ જાય, ઉપદેશ દેનારો થઈ જાય તો સ્વચ્છંદ પાંગરતા વાર લાગતી નથી. આ તકલીફ ઊભી થાય છે. મોટો દોષ ઉત્પન્ન થાય છે. એટલે એમ કહે છે કે, **'ઉદયને યોગે...'** એવો કોઈ ઉદય છે કે સમાજમાં, મંડળમાં

બધા એમ કહે કે તમે સ્વાધ્યાય કરાવો, બીજાને એટલો ક્ષયોપશમ નથી, વળી તમારી કહેવાની શૈલી, સમજાવવાની શૈલી પણ બધાને ઠીક પડે છે, રુચે છે, રોચક શૈલી છે, બીજાને નહિ ફાવે, તમને ફાવશે.

એ રીતે **'ઉદયને યોગે...'** એવો કોઈ ઉદય હોય કે પોતાને એ કાર્ય **'કરવું પડતું હોય...'** 'કરવું પડતું' એમ શબ્દ વાપરે છે. (એ એમ સૂચવે છે કે) પોતાને એ જાતની હોંશ અને ઉમંગ નથી પણ સંયોગનું પરિબળ એવું છે કે સ્વ-પર હિતકારી એવું જે શાસ્ત્ર અધ્યયન અને શાસ્ત્ર સ્વાધ્યાયનું જે નિર્વહન છે એ સંસ્કાર અને વિશેષ અનેક જીવોને લાભનું કારણ થાય તે હેતુથી કરવા યોગ્ય છે. એ કરવું પડતું હોય તો **'વિચારવાન મુમુક્ષુ...'** અહીંયાં એકલો મુમુક્ષુ નથી લીધો. મુમુક્ષુએ શું કરવું ? વિચારવાન મુમુક્ષુ કે જેને પોતાના આત્મહિતનો સારો એવો વિચાર છે એવો મુમુક્ષુ **'પરમાર્થના માર્ગને અનુસરવાને હેતુભૂત એવા સત્પુરુષની ભક્તિ,...'** કેવી ભક્તિ કહી ? પરમાર્થના માર્ગને અનુસરવા માટે હેતુભૂત થાય છે એમ લીધું છે. ખાલી રાગ-ભક્તિનો રાગ કરવો એમ ન લીધું. ભક્તિ પરમાર્થના માર્ગને અનુસરવાને કારણભૂત થાય છે, દર્શનમોહનો રસ ગળતો હોવાને લીધે. એવા **'સત્પુરુષની ભક્તિ, સત્પુરુષના ગુણગ્રામ, સત્પુરુષ પ્રત્યે પ્રમોદભાવના... લોકોને ઉપદેશે છે.'** અને સત્પુરુષ પ્રત્યે અવિરોધભાવના થાય એ પ્રકારે લોકોને ઉપદેશે છે કે જેથી **'મતમતાંતરનો અભિનિવેશ ટળે,...'** મતમતાંતર કોઈ અન્યમતથી આવ્યા હોય, અહીંયાં તો અનેક પ્રકારે જીવો આવે, એવું નથી કે માત્ર વાડાના, સંપ્રદાયના જીવોને જ અહીંયાં આવકાર મળે અથવા આવવા માટેની Permission મળે અને બીજા જીવોને અહીંયાં આવવા માટે ના કહેવામાં આવે એવું તો હોતું નથી. અનેક જુદાં જુદાં મતથી આવનારા જીવોને એના મતનું સમાધાન થાય, સત્ય શું છે અને અસત્ય શું છે એ એને સમજાય અને સત્પુરુષ પ્રત્યે એને ભક્તિ જાગે, એને પ્રમોદ થાય એ રીતે એમના ગુણનો જે વિકાસ થયો હોય, એમની જે શુદ્ધ પરિણતિ છે એ શુદ્ધ પરિણતિની ઓળખાણ કરાવે. અને તે જીવોને **'સત્પુરુષના વચન ગ્રહણ કરવાની આત્મવૃત્તિ થાય તેમ કરે છે.'** એ ઉદયના યોગે વાંચનનું કાર્ય કરવું પડતું હોય તો એણે આવો પ્રકાર, આવા પ્રકારથી વાંચન કરવું. **'સર્વ કાર્યમાં કર્તવ્ય માત્ર આત્માર્થ છે; એ સંભાવના...'** એ સમ્યક્ ભાવના **'નિત્ય મુમુક્ષુ જીવે...'** કર્તવ્ય છે.

બે પત્રો ઉપરાઉપરી આ વિષયમાં લેવાણા છે. એક ૬૭૦, પછી ૬૭૩ છે. એમાં બીજા કેટલાક પડખાંની વાત કરી છે. **'યથાર્થજ્ઞાન ઉત્પન્ન થયા પ્રથમ જે જીવોને ઉપદેશકપણું**

**વર્તતું હોય...'** ઉદયના યોગે, એ એમાં લઈ લેવું. **'તે જીવે જે પ્રકારે વૈરાગ્ય, ઉપશમ અને ભક્તિનો લક્ષ થાય તે પ્રકારે પ્રસંગપ્રાપ્ત જીવોને...'** સાંભળવા આવનાર જીવોને **'ઉપદેશ આપવો ઘટે,...'** છે. એને વૈરાગ્યની ભાવના થાય એટલે કે એને પાંચ ઇન્દ્રિયના વિષયો સંબંધીનો, ભોગ-ઉપભોગ સંબંધીનો રાગરસ ઘટે અને ન વધે એ પ્રકારની શૈલી હોવી જોઈએ, એના કષાયો ઉપશાંત થાય, ઉપશમે, શમાય જાય, અભાવ થાય એવો પ્રકાર હોવો જોઈએ અને દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષની ભક્તિ થાય એવા લક્ષે એણે પ્રસંગપ્રાપ્ત આવનાર જીવોને ઉપદેશ આપવો ઘટે છે. આ બીજા પડખાંની વાત કરી છે.

આપણે સંદર્ભ એ લીધો કે, આત્મજ્ઞાન પ્રાપ્ત થયું હોવા છતાં, મુમુક્ષુને તો કર્તવ્ય છે જ પણ પોતાને આત્મજ્ઞાન પ્રાપ્ત છે છતાં પણ જે પોતાના ઉપકારી છે એમના ઉપકાર વિષયક ભક્તિ સ્વાધ્યાયમાં અનેકવાર આવ્યા વિના રહેતી નથી. ૧૬૧મો બોલ પણ એ છે. 'ગુરુદેવ'ના મહિમાના અનેક બોલ લીધા છે. ૮, ૨૨, ૨૭, ૬૮, ૧૨૪, ૧૫૯, ૧૫૯ પણ એ છે. ને ૧૬૧, ૧૬૭, ૧૯૪, ૨૨૫, ૨૬૯, ૩૧૩, ૩૪૬, ૩૫૪, ૩૫૮, ને ૩૬૪. આટલા બોલમાં 'ગુરુદેવ'નો મહિમા કરેલો છે. એક ગ્રંથની અંદર એકવાર વાત આવી ગઈ છે માટે હવે કાંઈ નહિ, એમ નથી. જેનો ઉપકાર વર્તે છે એમના પ્રત્યે વારંવાર બહુમાનનો ભાવ આવ્યા વિના રહેતો નથી. જીવ રાગમાં ભો છે કે નહિ ? તો એને એ રાગ થયા વિના રહે નહિ. રાગ કર્તવ્ય છે એ વિષય અહીંયાં નથી, પણ એમને ઓળખીને એમનું બહુમાન કરવા જાય ત્યારે જ્ઞાનમાં એની કિંમત ભાસે અને રાગમાં ભક્તિનો યથોચિત શુભભાવ ઉત્પન્ન થયા વિના રહે નહિ. રાગ છે એટલે. એકલો રાગ નથી પણ સાથે ઓળખાણરૂપ જ્ઞાન, જેમાં કિંમત–મૂલ્યાંકન થયું છે એવું જ્ઞાન – એ પણ સાથે સાથે હોવું જોઈએ. નહિતર ઓઘભક્તિ કહેવાય છે.

પ્રશ્ન :– કષાયનો અભાવ થાય એવો પ્રકાર તો જ્ઞાની સિવાય બીજો હોય શકે નહીં પછી એ ક્યાંથી બતાવી શકે ?

સમાધાન :– એ બરાબર છે પણ જે મુમુક્ષુ છે, ચડતી શ્રેણિમાં છે, જે આગળ જતા જ્ઞાની થશે એને એ માર્ગ સમજાય છે અને યત્કિંચિત્ એ દર્શાવી પણ શકે છે. એવો એક પ્રકાર છે. જે યોગ્ય મુમુક્ષુ છે, જે આગળ વધતી શ્રેણિમાં છે, એના પરિણામની પરંપરા એવી ચાલી છે કે જે આગળ વધતો જાય છે, ક્રમે કરીને જે આત્મજ્ઞાનને પ્રાપ્ત થશે એવી પૂર્વભૂમિકામાં વર્તે છે તો એ આ વાતને સમજી શકે છે અને વાણીના યોગ અનુસાર સમજાવી

પણ શકે છે. બન્ને પ્રકાર બને છે.

એ પ્રશ્ન ચાલ્યો હતો. બહુ શરૂઆતમાં હું નવો નવો વળ્યો ત્યારે રાત્રિચર્ચામાં પ્રશ્ન ચાલતો હતો. 'ગુરુદેવ'ને કોઈએ પૂછ્યું કે, સાહેબ ! આત્મજ્ઞાન ન હોય એ વાંચન કરે કે ન કરે ? અથવા બહુ સ્પષ્ટ પ્રશ્ન એ હતો કે, ગામેગામ આપણા મંડળો છે અને ત્યાં શાસ્ત્રવાંચન ચાલે છે. જે શાસ્ત્રવાંચન કરનારા મુમુક્ષુ છે એ કોઈ બધા આત્મજ્ઞાની તો નથી, તો એ રીતે શાસ્ત્રવાંચનની પરંપરા ચાલે તે યોગ્ય છે કે નહિ ? આવો પ્રશ્ન હતો. શબ્દો જુદાં જુદાં હોય છે. પૂછનારનો જે અભિપ્રાય હતો એ આવો હતો. તો ('ગુરુદેવે' કહ્યું), સત્પુરુષની આજ્ઞા અનુસાર એ પ્રકાર ચાલતો હોય તો એમાં કાંઈ દોષ નથી. શું કહ્યું ? સત્પુરુષની આજ્ઞા અનુસાર એ રીતે શાસ્ત્ર સ્વાધ્યાય ચાલતો હોય એટલે કે સત્પુરુષનો એને પરિચય હોય, પ્રત્યક્ષ સત્પુરુષનો એણે સંગ કર્યો હોય, સત્સંગમાં અવારનવાર રહેતો હોય અને એ પ્રકારની યોગ્યતામાં હોય તો એ જે કહે છે એવું એ કહેવા માગે છે, એવા અભિપ્રાયથી સમજીને શાસ્ત્ર અધ્યયન કરે તો એ વ્યવહાર યોગ્ય છે અને એ પરંપરા ચાલે તો એમાં દૂષણ આવતું નથી. એમ.

એમાં વિશેષ એવું લેવું કે, જેને પોતાને આત્મજ્ઞાન પ્રાપ્ત કરવાની, સ્વરૂપપ્રાપ્તિની ભાવના છે અને એ ભાવનાની વૃદ્ધિ અર્થે પોતે પોતાનો સ્વાધ્યાય કરે છે ત્યારે બીજા સ્વાધ્યાયમાં આવનાર જીવોને એ નિમિત્ત પડે છે અથવા પોતાના સ્વાધ્યાયમાં બીજા જીવો નિમિત્ત પડે છે. એ અપેક્ષાએ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પરસ્પર રહે છે, ઉત્પન્ન થાય છે તો એ રીતે સ્વાધ્યાય કરવા યોગ્ય છે, પણ શાસ્ત્રને અડીને, સત્પુરુષની ભ તિ, ગુણગ્રામ કરતા કરતા એણે સ્વાધ્યાય કરવો જોઈએ. જેમાં વૈરાગ્ય, ઉપશમ, ભ તિના પડખાં હોય એ રીતે શાસ્ત્રને અડીને (સ્વાધ્યાય કરવો જોઈએ). ઘણા તો એવી રીતે શાસ્ત્રની એક લીટી, અડધી લીટી વાંચી ન વાંચી (અને) શાસ્ત્રનો વિષય પડ્યો રહે એક બાજુ અને એનું પોતાનું ભાષણ ચાલે કાંઈક અધ્ધરથી ને અધ્ધરથી વિષયાંતર કરીને બીજા પ્રકારે (ચાલે). એ રીતે શાસ્ત્ર સ્વાધ્યાય કરવા યોગ્ય નથી. એ રીતે શાસ્ત્ર સ્વાધ્યાય કરે તો જે શાસ્ત્ર સામે રાખ્યું છે એ શાસ્ત્રનો અવિનય થાય, એ શાસ્ત્રના રચયિતા હોય, જ્ઞાની હોય, આચાર્ય હોય, મુનિરાજ હોય એમનો અવિનય થાય અને એ રીતે ગુરુ અને શાસ્ત્રનો અવિનય થતાં દર્શનમોહને તીવ્રપણે બાંધે. જે શાસ્ત્રસ્વાધ્યાય દર્શનમોહનો રસ ગાળવા માટે છે એનો જ બાહ્ય પ્રકાર એને એવો ભો થાય કે દર્શનમોહનો રસ ત્યાં વધે. શાસ્ત્ર સ્વાધ્યાય પણ યથાર્થ પ્રકારે

થવો ઘટે છે. નહિતર આ જવાબદારીવાળું કામ છે, એમ ને એમ ગમે તેમ ચાલે અને એને લાભ થાય એવું બનતું નથી.

મુમુક્ષુ :– એનું ધ્યેય છે ને કે મને જે આવડે છે એ બધું હું બીજાને કહું, મારી આવડતની વાહ.. વાહ થાય તો વિષયાંતર કરી બેસે.

પૂજ્ય ભાઈશ્રી :– એ વિષયાંતર તો થઈ જાય પણ એમાં તો પાપ લાગે. પોતાનું માન, કીર્તિ જળવાય, વધે એવો પ્રકાર અંદર ભો થાય તો એને તો સ્વાધ્યાયનું પુણ્ય અલ્પ છે, ત્યાં શુભરાગ થાય છે એનું પુણ્ય અલ્પ છે અને અંદર માનનો અભિપ્રાય છે એનું પાપ ઘણું છે. જેમ દાન દેનાર મારું નામ જાહેર કરો, મારું નામ ફલાણી જગ્યાએ લખો, બોર્ડમાં લખો, તખતીમાં લખો અથવા મકાન ઉપર જ્યાં મેં દાન આપ્યું છે ત્યાં મારું નામ લખો. તો એ દાનનું પુણ્ય ઓછું છે અને માનનું પાપ વધારે છે અને ત્યાં દર્શનમોહ–મિથ્યાત્વ દૃઢ થતું હોવાથી મિથ્યાત્વનું મોટું પાપ સૌથી વધારે છે. માન પ્રકૃતિ કરતા પણ મિથ્યાત્વનું પાપ ત્યાં સૌથી વધારે છે. એટલે એ તો બહુ અલ્પ પુણ્ય છે અને પાપ ઘણું છે એવી પરિસ્થિતિ છે.

પહેલા વહેલા અમે 'સમેદશીખર' એક વખત ગયા છીએ. 'સમેદશીખર' અને અહીંયાં 'પાવાપુરી' (ગયા હતા). દિગંબરના મંદિરમાં આપણે જઈએ (તો) ત્યાં બાજોઠ ઉપર નામ લખેલું હોય કે, આ બાજોઠ ફલાણા ફલાણા (તરફથી છે). કાં તો બે-ચાર નામ લખે. ફલાણાં બેન તો પત્ની ફલાણા ફલાણા ભાઈની એવું બધું, કાં તો બાપ-દાદાના નામ આપીને એના દીકરા ફલાણા ફલાણા એણે આટલા પૈસા આપ્યા. પંખા ઉપર નામ, બાજોઠ ઉપર નામ, નાનામાં નાની ચીજ ઉપર નામ લખેલા. જ્યાં જુઓ ત્યાં નામ જ લખેલા. દાન આપ્યું હોય એના ઉપર નામ (હોય કે) આ ફલાણાએ આપ્યું છે, આ ફલાણાએ આપ્યું છે. આપણે તો આ બાજુ અધ્યાત્મના વિચારો અને એ જાતનું શિક્ષણ છે એટલે એ બધું અજુગતું લાગે કે, મંદિરમાં ચારે કોર નામના શું ચિતરામણ છે ? આ ચિતરામણ કાંઈ શોભતા નથી.

**'પૂજ્ય ગુરુદેવ માર્ગ તો ખુલ્લેખુલ્લો બતાવી રહ્યા છે...'** સ્પષ્ટપણે બતાવી રહ્યા છે. તીર્થંકરદ્રવ્ય હોવાથી એ જાતનો વાણીનો યોગ પણ અસાધારણ હતો. સ્વાનુભવપૂર્ણ વાણી હોવાથી પણ એ વાણીમાં એક અતિશય હતો. અભણમાં અભણ જીવને એમની વાણી સમજાય અને અનેક શાસ્ત્રો ભણીને બહુ મોટો વિદ્વાન સાંભળવા બેઠો હોય તોપણ એને એમ થાય કે મને કાંઈક આત્માની વાત વિશિષ્ટ પ્રકારે નવી મેં જાણી નથી એવી કોઈ અપૂર્વ વાત

જાણવા મળે છે. એવો એક વાણીનો સાતિશય હતો અને કોઈ દિવ્યધ્વનિ છૂટતી હોય અને દૈવીવાણી છૂટતી હોય એવો આભાસ થાય. નવા નવાને વિષય ન સમજાય તોપણ એવો આભાસ થાય એવી 'ગુરુદેવ'ની વાણી હતી. એ વાણી સાંભળવા મળે છે, એમ કહે (છે). ત્યારે તો વર્તમાનમાં બિરાજમાન હતા. 'સોનગઢ'માં પૂજ્ય 'બહેનશ્રી' સ્વાધ્યાય કરાવતા હતા. રાત્રે બહેનોની સભામાં સ્વાધ્યાય – વાંચન ચાલતું હતું.

હવે એ સાંભળીને, અંતરમાં ઉતારીને **'જીવે પોતે પુરુષાર્થ કરીને,...'** એમ. માર્ગ તો બતાવનાર બતાવે છે. એ બતાવનારનો ઉપકાર છે, અનુપમ ઉપકાર છે, અનંત ઉપકાર છે, પણ પુરુષાર્થ તો જીવે પોતે કરવાનો છે. **'જીવે પોતે પુરુષાર્થ કરીને, પરથી જુદો આત્મા અનંત ગુણોથી ભરેલો છે...'** પોતાનો આત્મા પરથી અત્યંત ભિન્ન, પરથી સર્વથા જુદો, દેહ અને રાગ વિનાની ચીજ આત્મા છે. ચૈતન્યમાત્ર ચૈતન્યસ્વભાવનો પિંડ આત્મા છે, જે અનંત ગુણથી ભરેલો છે. ચૈતન્યના અનંત આત્મિક ગુણોથી એ ભરેલો છે. **'તેમાંથી ગુણો પ્રગટ કરવાના છે.'** તે ગુણને વિકસાવવાના છે, તે ગુણને પ્રગટ કરવાના છે. ગુણ, અવગુણરૂપે પ્રગટી રહ્યા છે તેને ગુણરૂપે પ્રગટાવવાના છે. ગુણો તો પરિણમ્યા વિનાના રહેતા નથી, પણ જ્યાં સુધી જીવનું ધ્યેય, લક્ષ અને શ્રદ્ધા વિપરીત હોય છે ત્યાં સુધી એના સર્વ ગુણો વિપરીત પરિણમે છે, લટા પરિણમે છે, અવગુણરૂપે પરિણમે છે, દોષરૂપે પરિણમે છે, ગુણરૂપે પરિણમતા નથી. એવા ગુણ પોતે પોતાનો પુરુષાર્થ કરીને પ્રગટ કરવાના છે, એમ કહે છે. આ કર્તવ્ય છે. કહેનાર મળ્યા, અનંતકાળે યોગ ન થાય એવા સત્પુરુષનો યોગ થયો, ગુણ હવે પોતાને પ્રગટ કરવાના છે. એ કાર્ય પોતાના પુરુષાર્થનું છે. યોગ્ય – સાચો મુમુક્ષુ એ સમજે છે કે ઉપદેશદાતા સત્પુરુષ મને સત્‌તત્ત્વનો ઉપદેશ તો આપે છે પણ મારો ગુણ પ્રગટ કરવાનો પુરુષાર્થ મારે જ કરવાનો છે. ઉપદેશક કાંઈ મારો પુરુષાર્થ કરી દેશે કે મારા ગુણ એ પ્રગટ કરી દેશે એવું તો બનવાનું નથી. એ રસ્તો ચીંધે છે, ચાલવાનું મારે છે, તો હું પહોંચું. રસ્તો ચીંધે છતાં ન ચાલું તો હું ન પહોંચું એ સ્વભાવિક છે, એમ એ સાંભળતી વખતે પણ એની સમજણમાં એ વાત બરાબર હોય છે. એ વાત અનેક જગ્યાએ – બોલમાં આ ગ્રંથમાં આવે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી'એ પૈંથીએ પૈંથીએ નહિ પણ વાળે વાળે તેલ પૂર્યું છે પણ અહીંયાં તોપણ (પોતે) પડતો નથી હવે એ શું કહેવું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા ! દર્શનમોહનું જોર ઘણું છે. 'શ્રીમદ્‌જી'એ એમ કહ્યું કે, સાચા

દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ મળે એને બધું મળી ચૂક્યું. આપણો વિચાર કરીએ તો બધું મળી ચૂક્યું. છતાં આ જીવ આત્માનું અપૂર્વ હિત ન કરે તો મહામોહનીયનું બળવાનપણું પ્રવર્તે છે એમ એણે જાણવું. ખોટો નુકસાનમાં ભો છે, એનાથી ઘણું નુકસાન છે, ભયભીત થવું જોઈએ, એનો એને એકવાર ભય લાગવો જોઈએ. ક્યારે આંખ મીંચાશે ખબર પડશે નહિ. વખત ચાલ્યો જાય છે, શીઘ્રમાં શીઘ્ર હું મારું આત્મહિત કરી લઉં. એટલે બીજા કાર્યમાં પ્રવર્તીને પ્રમાદથી કાળને નિર્ગમન કરે છે ત્યાં એને અચકાટ અને આંચકો લાગવો જોઈએ, આ વિષયની ચોંટ લાગવી જોઈએ અને એનો પુરુષાર્થ થોડાઘણા અંશે પણ એને શરૂ થવો જોઈએ. બીજો આમાં કોઈ ઉપાય નથી. સમજણ છે એ જ પુરુષાર્થને ઉત્પન્ન કરનારું તત્ત્વ છે. વગર સમજણે કાંઈ પુરુષાર્થ ઉત્પન્ન થઈ શકતો નથી. પુરુષાર્થ ઉત્પન્ન કરવા માટે યથાર્થ સમજણ કરવી, સાચી સમજણ કરવી, પોતાના હિત-અહિતના વિષયને વધારે ઊંડા તરીને વિચારવો તો એને પુરુષાર્થ ઉત્પન્ન થયા વિના રહેશે નહિ.

બીજો કોઈ બહારમાં નુકસાન કરવા આવે ત્યારે એ નુકસાન પોતાને ન થાય એના માટે પુરુષાર્થ કેમ કરવો એ શીખવા ક્યાંય જાય છે ? પૂછવા જાય છે કોઈને ? સીધું નુકસાન ન કરતો હોય અને આડકતરું નુકસાન કરતો હોય તોપણ બધું બરાબર સમજી લ્યે, પકડી લ્યે. બરાબર પકડી લ્યે છે ને ? એને ખબર નથી પડતી એવું તો કાંઈ નથી, પણ અહીંયાં ધિટ્ઠાઈ કરે છે, અહીંયાં હઠ કરીને પોતાનું હિત કરતો નથી. તો કાંઈ કુદરતની વ્યવસ્થા છે એ કાંઈ એને છોડી દેશે નહિ. જો સત્પુરુષનો યોગ થયા પછી પણ પોતે પોતાના આત્મહિતને માટે બેદરકાર રહે તો ફરીને સત્પુરુષનો યોગ જલ્દી ન મળે એવી કુદરતની વ્યવસ્થા છે. આ કુદરતની વ્યવસ્થા છે કેમકે તને યોગ મળ્યો પણ તેં દરકાર કરી નહિ. તો એવી જગ્યાએ એવા સ્થાનમાં એ ધકેલાય જાય કે જ્યાં ફરીને સત્પુરુષનો યોગ એને ઘણા લાંબા કાળ સુધી પ્રાપ્ત થાય નહિ.

મુમુક્ષુ :- સત્‌પુરુષની વિરાધના છે.

પૂજ્ય ભાઈશ્રી :- અજાણપણે પણ એ વિરાધના છે.

મુમુક્ષુ :- જયજયકાર બોલીએ છીએ ને !

પૂજ્ય ભાઈશ્રી :- અંતરથી જયજયકાર (હોય તો) તારો દર્શનમોહ ગળ્યા વિના રહે નહિ. તારો દર્શનમોહ ગળે તો તારું આત્મહિત થયા વિના રહે નહિ, તારો આત્મા ઓળખાયા વિના રહે નહિ, માટે જયજયકાર બોલે છો એ કેવી રીતે બોલે છો (એ) તપાસી લે તું.

બીજાને એનું કામ નથી અને બીજાને બીજાનું કામ નથી. તું તારું તપાસી લે. સીધી વાત છે. ૧૫૬ (બોલ પૂરો) થયો.

**મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે; તેમાં તારા ક્રોધ, માન, માયા લોભ, રાગ-દ્વેષ આદિ અવગુણ દબાય છે. માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં-તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે અને તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ. મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે અને ગુણો પ્રગટ થશે. ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે. ૧૫૭.**

૧૫૭. એમાં પણ–આ બોલમાં બહુ સુંદર માર્ગદર્શન છે. '**મોટા પુરુષની આજ્ઞા માનવી,...**' મોટા પુરુષ સત્પુરુષ છે એમની આજ્ઞા માનવી, એમની આજ્ઞામાં રહેવું, એક નિષ્ઠાએ એમની આજ્ઞામાં રહેવું. એમના કોઈપણ વિકલ્પથી પ્રતિકૂળ જવું એમાં એક નિષ્ઠા રહેતી નથી.

પ્રશ્ન :– એક વિકલ્પ ?

સમાધાન :– કોઈપણ વિકલ્પ (હોય). હમણા એક મુમુક્ષુભાઈ ઘરે પ્રશ્ન કરવા આવ્યા હતા. સત્પુરુષની આજ્ઞા માનવી એવી વાત ચર્ચામાં આવે છે તો પછી આમ થાય તો શું ? આમ થાય તો શું ? બહુ ટૂંકામાં કહી દીધું કે, બધી વાત ત્યાં પૂરી થાય છે. સામે કોઈ વિકલ્પ હોવો જોઈએ નહિ. પણ આપણે સહન ન કરી શકીએ. પછી એણે પોતાના કોઈ ઉદયની વાત કરી કે, આવી કોઈ Direct-indirect વાત ભી થાય અને પછી આપણે સહન ન કરી શકીએ અને રોજની ખટખટ ઘરમાં રહે ને આમ થાય ને તેમ થાય, પછી શું કરવું ? (મેં કહ્યું), તમારી સહનશક્તિનો વિષય છે. બાકી સિદ્ધાંતમાં તો બીજો કાંઈ ફેરફાર નથી. તમારી સહનશક્તિ ન હોય અને તમને સહન ન થતું હોય તો તમે બીજી

રીતે પ્રવર્તો એ તમારો અંગત વિષય છે. બાકી એથી કાંઈ સિદ્ધાંત બદલાય છે એ વાત રહેતી નથી. એને (-સત્પુરુષને) અનુકૂળ પ્રવર્તવું, પ્રતિકૂળ પ્રવર્તવું નહિ. એમને ગમે છે, નથી ગમતું એની દરકાર રાખવી, ગમા-અણગમાનો ખ્યાલ રાખવો, એમના વિકલ્પને શું અનુકૂળ છે, શું પ્રતિકૂળ છે એની સૂક્ષ્મપણે કાળજી રાખીને, દરકાર રાખીને જેમ અનુકૂળ વર્તાય તેમ જ વર્તવું. એ મુમુક્ષુનો એકમાત્ર ધર્મ છે અથવા ફરજ છે અથવા કાર્ય છે, કર્તવ્ય છે. એમાં બીજી વાત છે નહિ. તમારી સહનશક્તિ ન હોય તો એ અપવાદનો વિષય થાય છે પણ એથી કાંઈ સિદ્ધાંત બદલાતો નથી.

મુમુક્ષુ :- પૂરા રસથી...

પૂજ્ય ભાઈશ્રી :- પૂરા રસથી અને જેને એમ કહેવામાં આવે છે કે, સર્વ સમર્પણ, પૂરેપૂરી અર્પણતા હોવી જોઈએ, એમાં બીજો વિકલ્પ હોવો જોઈએ નહિ. લોકો દેશને માટે માથું ઉતારીને આપે છે. મરી જાય તો કાંઈ પાછળ એને તો દેશ ભોગવવાનો નથી. આ બન્યું હતું. ગુરુ 'ગોવિંદસિંહ' થયા. શીખના, એ લોકોમાં – શીખ પ્રજામાં તો ધર્મ અને રાજકારણ હંમેશાં સાથે સંકળાયેલું રહે છે. મોગલનું સૈન્ય સામે નદીને કાંઠે પડેલું અને આ બાજુ શીખની છાવણી હતી, સામે મુસલમાનો-મોગલોની છાવણી હતી, 'દિલ્હી'નું સૈન્ય. એ સૈન્ય મોટું હતું, લડાઈ કરે તો આ (શીખ) લોકો હારી જાય એવું હતું. પણ વચ્ચે નદી હતી એટલે સીધી બથમ્બથી થાય એવું નહોતું. છાવણી નાખીને બેય પડ્યા હતા. હવે આ લોકો જો દિવસ ગે અને આ બાજુ આવતા થાય તો નદીમાં આવે ત્યારે કેટલાકને મારી નાખે તોપણ મોટી સંખ્યામાં હોય તો બધા તો કાંઈ મરે નહિ. કરવું શું ? સંખ્યા જોઈને તો જીતવાનો કાંઈ પ્રશ્ન હતો નહિ. રાત્રે બાર વાગે છાવણીમાંથી બધાને જગાડ્યા (અને કહ્યું કે), હું એમ કહું કે અત્યારે મારે તમારું માથું જોઈએ છે તો પોતાની તલવારથી પોતાનું માથું ઉતારીને કોણ આપે એમ છે ? જેટલા આપે એ એક બાજુ આવી જાય. શું એણે કહ્યું ? જે શિરચ્છેદ કરીને પોતાનું માથું ઉતારીને આપવા તૈયાર હોય, એ એક બાજુ આવી જાય અને બાકીના એક બાજુ રહી જાય. કેટલાક તૈયાર થયા. જુઓ ! આ દેશનો રાગ છે, ભૂમિનો રાગ છે. બહુ સારું, જોઈ લીધી સંખ્યા, સેંકડો માણસો તૈયાર છે. બહુ સારું, હવે જુઓ હું કહું છું. અત્યારે રાત્રે બાર વાગે આ નદીમાં ઝંપલાવવાનું છે. તરીને સામે કાંઠે જવાનું છે અને સામી છાવણીવાળા ઊંઘમાં છે એને બધાને મારી નાખવાના છે. પતી ગયું, આપણે જીતી ગયા. એવી રીતે એ યુદ્ધ લડ્યા, જીતી ગયા. ઇ લોકો એમ કહે

છે કે, આપણે બચી ગયા, નહિતર અત્યારે આખું હિન્દુસ્તાન એક મુસલમાનનું જ રાજ્ય હોત. એ લોકો તો પરાણે મુસલમાન બનાવે છે ને ? હિન્દુસ્તાનમાં કોઈ હિન્દુ બચ્ચો જીવતો ન હોત. એમ એ લોકોની માન્યતા છે. હવે અહીંયાં એ તો પોતે મરી જાય તો એને તો આપ મૂઆ તો ડૂબ ગઈ દુનિયા, એની દુનિયા તો ગઈ, પણ પાછળ બીજાની દુનિયા માટે પણ લોકો પ્રાણ આપવા તૈયાર છે તો તારા પોતાના અનંત જન્મ-મરણથી નિવેડો લાવવા માટે તું કાંઈ કરવા તૈયાર નથી ? તારું સમર્પણ કાંઈ છે નહિ, કેટલું છે જોઈ લે તું. તો તને ખબર પડશે કે મારી આત્મહિતની તૈયારી કેટલી છે, એની તને ખબર પડશે.

પહેલી વાત લીધી છે. **'મોટા પુરુષની આજ્ઞા માનવી, તેમનાથી ડરવું,...'** એ મને ઠપકો આપશે તો એ સામાન્ય વાત નથી. સત્પુરુષ ઠપકો આપે એવી પરિસ્થિતિમાં આવવું પડે એ અપરાધ સામાન્ય નથી એમ જાણીને એનાથી ડરવું અને એમનાથી ડરવું, એ તો ક્યારે ઠપકો આપશે ? તારો અવગુણ જોઈને આપશે. એ કાંઈ એમ નહિ (કહે) કે, તું મારી સેવા કરતો નથી માટે હું તને વઢું છું, એમ તો કહેતા નથી. તારો અવગુણ જોઈને કદાચ તને કહે તો એમનાથી ડરવું એ તો તારા અવગુણથી ડરવા જેવું છે. કેમકે એમને અવગુણ પસંદ નથી અને એમને અવગુણી પસંદ નથી. એમની નજીક જવું હોય તોપણ ગુણવાન થઈને જવું પડે છે, તો નજીકતા મળે છે, નહિતર નજીકતા મળતી નથી. એટલે **'તેમનાથી ડરવું, એ તો તને તારા અવગુણથી ડરવા જેવું છે;...'** અને અવગુણથી ડરતાં **'તારા ક્રોધ, માન, માયા, લોભ, રાગ-દ્વેષ આદિ...'** એટલે વગેરે વગેરે અનેક પ્રકારના તારા દોષ છે, કષાય છે એ બધા **'અવગુણ દબાય છે.'** એમ સત્પુરુષથી દબાતા તારા અવગુણ દબાય છે. આમ છે સીધું. ઉપાદાનમાં આમ બને છે. નિમિત્તમાં આમ બને છે, ઉપાદાનમાં આમ બને છે.

મુમુક્ષુ :- કેવી સરસ સંધિ લીધી છે !

પૂજ્ય ભાઈશ્રી :- એવી સંધિ લીધી.

મુમુક્ષુ :- ગજબ શબ્દ આવી ગયો !

પૂજ્ય ભાઈશ્રી :- હા. વિશિષ્ટ વાતો આવી છે. સ્વતંત્ર રીતે આ વાત આવી છે.

મુમુક્ષુ :- આમાં એમની ભક્તિ પણ પ્રદર્શિત થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભક્તિ તો આવે જ છે પણ પોતાને કઈ રીતે ગુણ છે એ વાત પણ એની અંદર આવે છે. આ બધી વાતો એવી છે, આ એવા ન્યાયો છે કે શાસ્ત્રમાં

ગોતવા જાય તો મળે નહિ પણ સત્પુરુષના વચનમાં મળે. કેટલીક વિશિષ્ટ વાતો એ પ્રકારે હોય છે કે જ્યાં શાસ્ત્રમાં શોધવા જાય તો ન મળે પણ સત્પુરુષના વચનમાં મળે અને એમ લાગે કે આ કોઈ એક વધારાનો ઉપકાર કરે છે.

**'તેમનાથી ડરવું, એ તને તારા અવગુણથી ડરવા જેવું છે;...'** અને એમ ડરતાં **'તેમાં...'** એટલે એમ ડરવામાં **'તારા ક્રોધ, માન, માયા, લોભ...'** અનેક પ્રકારની કોઈને ક્રોધની પ્રકૃતિ હોય છે, કોઈને લોભી પ્રકૃતિ હોય છે, કોઈને માયાચારની પ્રકૃતિ હોય છે, કોઈને માનની, માનીપણાની પ્રકૃતિ હોય છે, કોઈ તીવ્ર રાગી હોય છે, કોઈ તીવ્ર દ્વેષી હોય છે (એમ) અનેક પ્રકારે જે દોષ છે એ તારા અવગુણ દબાશે. એનાથી દબાતા (તારા અવગુણ દબાશે). એવા અવગુણ રાખીને તું સમાગમમાં નહિ રહી શકે. એનાથી દબાવું પડશે અને સાથે સાથે તારા અવગુણથી પણ દબાવું પડશે. અવગુણ દબાશે એમાં.

**'માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં-તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે...'** માથે સત્પુરુષ હોય તો તને લગામ રહેશે કે એ જાણશે તો ? મારા આવા પરિણામ છે એ જાણશે તો ? પ્રત્યક્ષ અને પરોક્ષમાં આ ફેર પડે છે. પ્રત્યક્ષ છે એ ઉપદેશ આપે છે એ તો વિશિષ્ટ વાત છે પણ ઉપદેશ ન આપે તો એની હાજરીમાં આટલો ફેર પડે છે, ઉપસ્થિતિમાં આ જાતનો ફેર પડે છે. કે, મારા અવગુણ, મારો ક્રોધ, મારો કજિયો, મારો લોભ એ જાણશે તો ? મારા પ્રત્યે એમને લાગણી રહેશે નહિ. કેમકે એ તો ગુણવાન પ્રત્યે લાગણી રાખે છે. જ્ઞાની છે એ ગુણવાન પ્રત્યે લાગણી રાખે છે, પૈસાવાળા પ્રત્યે નહિ. કે, આ પૈસાવાળો છે માટે એને થાબડભાણા કરો, એમ હોતું નથી. એ તો એમ કહે કે, આ તમારા મોટા મોટા હજીરા બનાવ્યા છે એની મમતા કરશો તો મમતામાં ને મમતામાં મરી જાશો. મકાન ન કહે, બંગલા ન કહે પણ એને હજીરા કહેતા હતા. મોટો સારો બંગલો બાંધ્યો હોય તો કહે, હજીરો બાંધ્યો છે. જૂનો શબ્દ છે. આમાં હશે, હિન્દીમાં હશે, હજીરા નથી આવતું ? ગુજરાતીમાં એ મકાનની તુચ્છતા બતાવવી હોય તો એને (એમ કહે), ભાળ્યો તારો હજીરો હવે. બહુ મોટું મકાન છે પણ હજીરા જેવું છે એમાં કાંઈ ઠેકાણું નથી.

અથવા જે આત્મહિતના લક્ષવાળો મુમુક્ષુ છે એને મોટા પુરુષના સંગમાં, મહાપુરુષના સંગમાં એને હંમેશાં એ વાત રહે છે કે, મારો તીવ્ર રાગ અથવા તીવ્ર દ્વેષ એવો જે કોઈપણ પ્રકારનો કષાયનો વેગ છે એ ચાલશે નહિ, એમના સમાગમમાં એ વાત અનુકૂળ પડશે નહિ, એ સમાગમ છે એટલે મને એનો એટલો લાભ છે. નહિતર કોને ખબર છે ક્યાં

કષાયના વેગમાં તણાઈ જવાય. આ પરોક્ષ-પ્રત્યક્ષમાં આપોઆપ આટલો ફેર પડે છે. વિનય અર્થે પણ એવો ભાવ આવે છે કે, એ જાણશે તો ? મારા દોષને એ જાણશે તો ? માટે એ દોષ મારે છોડી દેવો જોઈએ. એમ કરીને પણ એ દોષને નાશ કરવાનો અભિલાષી જીવ છે એને સત્પુરુષની હાજરી છે, એની ઉપસ્થિતિ છે એ પણ દોષના નાશનું કારણ બને છે.

એનો બીજો એક અર્થ એવો પણ થાય છે કે, સત્પુરુષ હોવા છતાં જો જીવ એવા વિચારે, એવા પ્રકારે ન પ્રવર્તે અને બેફામપણે દોષમાં પ્રવર્તે તો એને કોઈ રીતે દોષ છૂટવાનો પછી ઉપાય નથી. એનો દોષ નહિ જાય. એ દોષ એટલી માત્રાએ પહોંચ્યો છે, એટલી હદે પહોંચ્યો છે કે એ દોષ હવે ટળવાનો નથી. કેમકે એને એક જે મર્યાદા હોવી જોઈએ એ મર્યાદા એણે છોડી દીધી. અરે...! આ સત્પુરુષ જાણશે તો ? એ વાત એણે છોડી દીધી. તો એને મોટા પુરુષ પ્રત્યેનો વિવેક, ભક્તિ, માન, મર્યાદા, લાગણી જે કાંઈ હોવું જોઈએ એ ન રહ્યું, એ મર્યાદા બહારનો દોષ છે, અમર્યાદિત દોષ છે અને એ ટળવો પછી બહુ મુશ્કેલ છે.

મુમુક્ષુ :– મોટા પુરુષની હાજરીમાં આટલું બધું થઈ જાય, એમ !

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઉપસ્થિતિ આટલું કામ કરે છે. એટલે તો પ્રત્યક્ષનો કોઈ વિકલ્પ નથી. પ્રત્યક્ષ સત્પુરુષનો કોઈ વિકલ્પ નથી. પ્રત્યક્ષ સત્પુરુષ ચોથા ગુણસ્થાને હોય અને આચાર્ય, ગણધરદેવનું ભૂતકાળનું શાસ્ત્ર વિદ્યમાન હોય તોપણ એ સત્પુરુષનો વિકલ્પ નથી એમ. કેમકે અત્યારે તારામાં જે દોષ છે એ શાસ્ત્ર બતાવી શકશે નહિ. એ બતાવવા નહિ આવે. અને આ તો એની ઉપસ્થિતિમાં જ તું ડરીશ. તારા દોષને તું તો જાણે છો. એની ઉપસ્થિતિમાં જ તને વિકલ્પ આવશે (કે) સત્સમાગમમાં આ દોષ ચાલશે નહિ.

**'માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં–તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે...'** આ એક લગામ છે. એમની ઉપસ્થિતિ છે એ એક લગામ છે. જેવું લક્ષ ગયું કે, મારો આ તીવ્ર દોષ છે એ જાણશે તો ? એ દોષથી અટકે, પાછો વળી જાય. એ દોષ હોવો જોઈએ નહિ. વળી, **'તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહિ.'** પોતાની ભૂલ પોતાને દેખાતી નથી. લોકો એમ કહે છે ને કે, ડૉક્ટર માંદો પડે, વૈદ્ય માંદો પડે તો એને બીજા વૈદ્ય, ડૉક્ટર પાસે જાવું પડે. એનો અર્થ શું છે ? કે, પોતાની ભૂલ પોતાને સમજાતી નથી. સમજાય તો કોઈ જાણીબૂજીને ભૂલ કરે નહિ. તો કહે છે કે, પોતે જે પોતાના અવગુણને સમજી

શકતો નથી એવા અવગુણ સમજવાનો સત્પુરુષની ઉપસ્થિતિમાં પ્રસંગ બને છે. આની કિંમત કેટલી થાય ? જે વાત પોતાના લક્ષમાં અને પોતાના ખ્યાલમાં પોતાના અવગુણની એટલે કે પોતાના નુકસાનની નહોતી આવી શકે એવી એ વાત એમની ઉપસ્થિતિમાત્રથી અથવા એમના કહેવામાત્રથી સમજી શકાય છે, તો એની કિંમત કેટલી ? કે, એ નુકસાનમાંથી બચી જાય એટલી. એ રીતે અનેકવિધ પ્રકારે પ્રત્યક્ષ સત્પુરુષ છે એ જીવને અવગુણ ટળવાનું નિમિત્ત પડે છે.

'શ્રીમદ્જી'એ તો 'આત્મસિદ્ધિ'માં કેટલી ગાથામાં એ વાત લીધી છે, કેટલીયે ગાથામાં એ વાત લીધી, એક-બે ગાથા નથી લીધી પણ સંખ્યાબંધ ગાથામાં એ વાત કરી છે. અને પત્રમાં તો ઠામઠામ એટલો પ્રત્યક્ષ સત્પુરુષના યોગનો મહિમા કર્યો છે કે એમના પત્રોના ગ્રંથને એક ટાઈટલ આપવું હોય તો એ આપી શકાય – 'સત્પુરુષનો મહિમા'. આ ગ્રંથની અંદર વિશેષપણે કોઈ વાત કરી હોય તો સત્પુરુષનો મહિમા, સત્સંગ મહિમા નામનો આ ગ્રંથ છે. એનું પર્યાયાંતર તરીકે બીજું નામ 'શ્રીમદ્ રાજચંદ્ર' છે. બાકી એમના પત્રો જોઈએ છીએ ત્યારે ગમે તે પત્રોમાંથી ઠામઠામ એ વાત નીકળે છે. એ વિષયની વિશિષ્ટતા એ છે કે પ્રત્યક્ષ સત્પુરુષ એમના જીવનમાં એમને ઉપલબ્ધ નહિ હોવા છતાં આ વિષયને એમણે બહુ જબરજસ્ત રીતે ઉપસાવ્યો છે.

એક પત્રમાં તો એવું લખે છે કે, મોક્ષની અમને એટલી ઇચ્છા નથી થતી, જેટલી ઇચ્છા અમને સત્સમાગમની થાય છે. ઠીક ! મોક્ષ કરતાં પણ સત્સમાગમ અમને વધારે વ્હાલો છે, ઇષ્ટ છે, એમ કરીને (લખ્યું છે). એનો અર્થ શું ? કે, હજી સમ્યગ્દર્શન નથી ત્યાં અત્યારે મોક્ષને યોગ્ય પુરુષાર્થ પડવાનો પ્રશ્ન નથી, તો અત્યારે તો જો એક સત્સંગ મળે તો સમ્યગ્દર્શનથી માંડીને મોક્ષ પર્યંતની સર્વ સિદ્ધિ મળે. એટલે અત્યારે આની જરૂર છે. પાણીની જરૂર છે ત્યારે લાડવા, ગાંઠિયા, ભજિયાની જરૂર નથી, ત્યારે તો પાણી જ જોઈએ, એમ કહેવું છે. જ્યારે જે ચીજની જરૂર છે, જેનાથી પ્રાણ બચે, એમ. એ આવશ્યકતા ઉપર (છે). એટલે મુમુક્ષુના જીવનમાં સત્પુરુષને – પ્રત્યક્ષ સત્પુરુષને તો એમણે એક કલ્પવૃક્ષ જ મૂક્યું છે. મુમુક્ષુ માટે આ એક કલ્પવૃક્ષ છે. એની મનોવાંછિત ભાવના, એની ભાવનાના વિષયને સફળ થવા માટે કોઈ જબરજસ્ત નિમિત્ત પડતું હોય તો એ પ્રત્યક્ષ સત્પુરુષ છે. એ વાત બહુ લીધી છે.

મુમુક્ષુ :– શ્રીમદ્જી સિવાય કોઈએ સત્પુરુષ માટે આવો ભાવ – મહિમા નહીં કર્યો

હોય.

પૂજ્ય ભાઈશ્રી :- આવે શાસ્ત્રમાં, પણ આમણે તો પત્રોમાં એ વિશેષ વાત લીધી છે. એ વિષય ખાસ ખાસ કરીને લીધો છે એમ લાગે છે. આ જગ્યાએ શેની જરૂરત છે ? મુમુક્ષુના સ્થાનમાં કોની વધુમાં વધું જરૂર છે ? એ વાત લીધી છે. એ વિષયને બહુ મહત્ત્વ આપ્યું છે.

અહીંયાં તો પડખાં લીધા છે. કેમ સત્પુરુષનું સાન્નિધ્ય, સત્પુરુષનો સમાગમ, સત્પુરુષના ચરણમાં રહેવાનું મુમુક્ષુને ઇષ્ટ છે એના કારણ લીધા છે, આટલા આટલા કારણો લીધા છે કે, અવગુણથી ડર લાગે છે, એના દોષ દબાય છે, કષાયના વેગમાં એ તણાય ન જાય અને પોતે પોતાના જે દોષને જાણી શકતો ન હોય, સમજી શકતો ન હોય એવા દોષને જાણવા અને સમજવાનો પ્રસંગ પ્રાપ્ત થાય, એ વગેરે પ્રકારે સત્પુરુષનો ઉપકાર એટલો બધો છે કે જેના માટે બીજો કોઈ વિકલ્પ, એનું કોઈ સ્થાન લઈ શકે એવી પરિસ્થિતિ જોવામાં આવતી નથી. નહિતર કોઈને કોઈ બીજો વિકલ્પ માણસ અપનાવે કે પોતાનું કાર્ય આમથી ન થાય તો આમથી કરી લેવું, આને માટે એ વાત નથી. એવો આ એક વિષય છે. બહુ બહુ વિચાર કરતા આ વિષય સાબિત થાય છે. (વિશેષ લઈશું...)

***

**વિરાધના પરિણામ માઠી ગતિનું કારણ છે. તે (વિરાધક) જીવ અનંત દુઃખ ભોગવે છે. તે કરુણાના પાત્ર છે, પરંતુ દ્વેષને પાત્ર નથી. સ્વભાવે કરીને તે પણ ભગવાન છે, તે વિસ્મરણ કરવા યોગ્ય નથી. - આ મહાપુરુષોનું હૃદય છે. અથવા મહાનતા અને વિશાળતા છે. મુમુક્ષુજીવે તે અનુસરણ કરવા યોગ્ય છે. દ્વેષભાવે અનુકંપાનો ત્યાગ થાય છે, કષાય તીવ્ર થવાથી નુકસાન થાય છે.**

**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' – ૮૯૯)**

## તા. ૮-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૫૭,૧૫૮
## પ્રવચન નં. ૧૨૦

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું–૪૮ –૧૫૭ બોલ ચાલે છે. મુમુક્ષુજીવને આ બોલમાં માર્ગદર્શન આપ્યું છે. મહાપુરુષ – એના શરણમાં રહેવું ને દોષથી ડરવું ને ગુણ પ્રગટ કરવા એ વિષય આ બોલમાં લીધો છે. ફરીથી સંક્ષેપમાં લઈએ. **'મોટા પુરુષની આજ્ઞા માનવી,...'** એક નિષ્ઠાએ સત્પુરુષની આજ્ઞામાં રહેવું, પોતાના તમામ પ્રકારના તર્ક વિતર્કને ગૌણ રાખવા, તેમનું કહેલું સર્વ સંમત કરવું અને **'તેમનાથી ડરવું,...'** ડરવાનો અર્થ અહીંયાં એવો છે કે, સત્પુરુષ અવગુણથી નારાજ છે, અવગુણ એમને પસંદ નથી, દોષ એમને પસંદ નથી એટલે દોષ કરીને એમના સંગમાં દોષિત ભાવે રહેવાતું નથી, રહી શકાતું નથી. એમના સંગમાં રહેવા માટે એણે દોષને ઉપશમાવવા પડશે, દોષને ટાળવા પડશે, દોષથી રહિત થવું પડશે અથવા દોષિત પ્રવૃત્તિ છોડીને કાંઈક નિવૃત્તિ લઈને સત્સમાગમ કરવો પડશે. એ વગેરે કારણ એમના ડરવાની વાતથી લીધી છે, પણ ખરેખર તો, **'એ તો...'** એટલે ખરેખર તો પોતાના **'અવગુણથી ડરવા જેવું છે;...'** અવગુણથી એટલે ડરવા જેવું છે કે અવગુણથી પોતાને નુકસાન છે, અવગુણ પોતાને વર્તમાનમાં દુઃખનું કારણ છે, ભવિષ્યમાં પણ એ દુઃખનું જ કારણ છે. દુઃખનું કારણ હોવાથી એનાથી ડરવા જેવું છે અને એ દુઃખના કારણરૂપ અવગુણ છે એ અવગુણ સત્પુરુષને પોસાતો નથી.

સત્પુરુષ છે એ અવગુણીનો સંગ કરવા ઇચ્છતા નથી. એ પણ ગુણવાન થવા ચાહે છે, અવગુણ છોડીને જે ગુણવાન થવા ચાહે છે એ એના સંગમાં રહે એ પસંદ છે. અથવા પાત્ર જીવો ઉપર સત્પુરુષની દૃષ્ટિ અમીદૃષ્ટિ તરીકે રહે છે. પાત્ર જીવો પ્રત્યે એમનું ચિત્ત

પ્રસન્ન રહે છે અને કોઈ અવગુણી જીવ હોય તો અવગુણ જોઈને એમને અનુકૂળ પડતું નથી. છે એને દુઃખનું કારણ તોપણ એ દુઃખી થાય એ પણ એ ચાહતા નથી. કોઈ દુઃખી થાય એ ચાહતા નથી. એટલે સત્પુરુષના સંગમાં જતાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ વગેરે પ્રકારના તીવ્ર રસવાળા પરિણામ હોય તો એ દબાય છે, એ દબાય છે. એ તીવ્ર પરિણામ રાખીને એમના સંગમાં રહેવાય છે એવું બનતું નથી. એને સહેજે એ સંગમાં જતા એમ થાય છે કે આ પરિણામ તો મને પણ ઉચિત નથી અને આ પરિણામ રાખીને એમના સંગમાં રહેવું એ વાતને મેળ ખાતો નથી. એટલે આપોઆપ પોતે એને દબાવે છે.

માથે એટલે અહીંયાં પ્રત્યક્ષ લેવું. **'માથે મોટા પુરુષ વિના...'** એટલે પ્રત્યક્ષ મહાપુરુષ હોય તો પ્રત્યક્ષ **'વિના તું કષાયના રાગમાં – તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે..'** મોટા પુરુષ **'માથે મોટા પુરુષ વિના તું કષાયના રાગમાં – તેના વેગમાં તણાઈ જવાનો સંભવ છે...'** અને પ્રત્યક્ષ હશે તો તને તારા ઉપર Control રહેશે કે એમ એ જાણશે તો ! કે, આવા કષાયના વેગમાં હું તણાવ છું, આવા રાગના વેગમાં હું તણાવ છું. એ એ જાણશે તો ! એમ પ્રત્યક્ષ હોય તો એને એ પ્રકાર દોષથી બચાવે છે. પરોક્ષ હોય તો જીવ અવગણના કરે છે. દોષની (અવગણના કરે છે). જાણશે નહીં જાણે એની અવગણના કરી જાય છે. પ્રત્યક્ષમાં અવગણના કરી શકતો નથી. એટલો ફેર પડે છે.

પૂજ્ય 'ગુરુદેવ'નો સ્વર્ગવાસ થયો ત્યારે શરૂ શરૂમાં પૂજ્ય 'બહેનશ્રી' કહેતા. શરૂઆતથી જ તે કેટલીક અવ્યવસ્થા ભી થઈ ત્યારે પહેલા જ એમ બોલ્યા કે, ભલે 'ગુરુદેવ' અત્યારે સ્વર્ગમાં બિરાજે છે તોપણ હૃદયમાં પ્રત્યક્ષવત્ રાખવા. એનો અર્થ શું છે ? કે, અહીંયાં 'ગુરુદેવ' છે અને આ વાત જાણે છે. એ પ્રત્યક્ષ છે એમ જો લક્ષમાં લેવામાં આવે તો પોતે કેટલાક પ્રકારના દોષથી આપોઆપ બચી જાય છે. જેમ કેટલાક દોષ પ્રત્યક્ષતામાં થવા અસંભવ હતા. એમને પ્રત્યક્ષવત્ હૃદયમાં ધારણ કરવાથી એ પ્રકારના દોષની ઉત્પત્તિ થતી નથી. એ 'માથેનો' અર્થ એવો થયો.

જેમ કોઈ નોકરચાકર સાધારણ આર્થિક સ્થિતિવાળા હોય છે, કોઈ શ્રીમંત શેઠ એને માથે હોય છે તો શું કહે કે ભાઈ ! એને માથે તો બહુ શ તિવાળો માણસ છે, એને કાંઈ વાંધો આવવાનો નથી. કોઈ માંદગી આવશે, કોઈ પ્રસંગ આવશે તો એની પડખે ભા રહેશે. એનો પ્રસંગ ઉકલી જશે, એને માથે છે.

એમ જે દોષમાં જતાં માથે સત્પુરુષ હોય તો એને પાછો વળવાનો પ્રસંગ આવે છે,

એને એ સમજાવે છે, ઉદારતાથી એને ક્ષમા આપીને પણ એમ કહે કે એકવાર દોષ થઈ ગયો તારાથી તો થઈ ગયો, એનું કાંઈ નહીં પણ હવે તું સમજીને ફરીને પાછો સાચા રસ્તે આવી જા.

મુમુક્ષુ :– આ બહુ સરસ વાત છે – પ્રત્યક્ષવત્ રાખવા.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રત્યક્ષવત્ રાખવા જોઈએ. બહુ મંથનમાંથી નીકળેલી વાતો હોય છે એમની. બહુ ઊંડી વિચારણામાંથી, મંથનમાંથી એકદમ તારણ, માખણ કાઢ્યું હોય એવો વિષય આ છે. લાંબું લાંબું સમજાવવાનું પસંદ નથી, ઓછું બોલવાની પ્રકૃતિ હોય તો ઘણું અંદર ઘોલન ને વિચારણા ને ચિંતન ને મંથન ચાલતું હોય એમાંથી સારભૂત કાઢીને બહાર મૂકે. એ પદ્ધતિ હોય છે. એટલે થોડું પણ બહુ સમજવા જેવું હોય છે, એનું બહુ મૂલ્ય હોય છે. એવી ગંભીરતા લઈને એનો વિચાર કરવો જોઈએ.

એ ઉપરાંત એમ લીધું છે. અહીં સુધી તો કાલે આવ્યું હતું. **'તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહીં.'** વળી જીવને જે ભૂલ થાય છે એ પોતાની ભૂલ હોય એને પોતાને ખબર પડતી નથી એવી સામાન્ય પરિસ્થિતિ હોય છે. કેમકે ભૂલ તો પોતાને નુકસાનનું કારણ છે અને કોઈ જાણીબૂજીને પોતાનું નુકસાન કરે એ તો જીવના સ્વભાવમાં નથી. પણ એને એમ થાય છે કે ના, ના આ બરાબર છે. ભૂલ હોય તોપણ એને શું થાય છે કે હું કરું છું એ બરાબર કરું છું પણ એ ભૂલ હોય છે, એને નુકસાનનું કારણ હોય છે. એ પોતાના અવગુણ પોતે જાણી શકતો નથી. પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ હોય તો એને પોતાના અવગુણ જાણવાનો પ્રસંગ બને છે. એક સંકેત કરે છે કે આમ ન હોય, મુમુક્ષુને તો આમ હોય. એટલે એ તરત જ ધ્યાન ખેંચાય છે કે આ વાતનો નિષેધ આવે છે માટે આપણે અટકી જવું જોઈએ. જો આપણને એમના પ્રત્યે શ્રદ્ધા હોય, એમની વાતમાં વિશ્વાસ હોય તો એ કહે છે એમ કરવું જોઈએ અને એ ન કહે અને નિષેધ કરે એ વાતમાં અટકી જવું જોઈએ. એ પોતે ભૂલતો હોય અને પોતાને ખબર ન પડતી હોય ત્યાં દોષથી બચી જાય એનું મૂલ્યાંકન કોઈ રીતે થઈ શકે નહીં. ભૂલથી બચે, વર્તમાન નુકસાનથી બચે એનાથી ઉત્પન્ન થતી પરંપરા, ભૂલની પરંપરાના નુકસાનથી પણ બચે. નહીંતર શું થાય છે કે જીવ એક ભૂલ કરે છે. એ ભૂલ નથી પણ બરાબર છે એમ જાણીને બીજી ભૂલો પછી એની શરૂ થઈ જાય છે. દોષમાં ક્યાં જઈને એ અટકે છે, આગળ ક્યાં કેટલે સુધી જાય છે એનો કોઈ પછી મેળ રહેતો નથી. એટલે એ પહેલેથી અટકી જાય છે તો પાછો કેટલો

અટકી જાય છે એનો હિસાબકિતાબ કોઈ રીતે થઈ શકે એવું નથી. એટલે એમ ખ્યાલમાં આવે છે.

પાત્ર જીવને તો એ ખ્યાલ આવે છે કે જો મને આ સત્પુરુષનો યોગ થયો ન હોત તો કોણ જાણે હું ક્યાં ને ક્યાં પરિભ્રમણમાં ચાલ્યો જાત. એટલું અનંત પરિભ્રમણ હોવાથી એનો કોઈ હિસાબ નીકળે એવું નથી. અંત વિનાનું હોય છે. આ હું બચી ગયો એને એમ થાય છે. મોક્ષનો માર્ગ એમણે દર્શાવ્યો, સત્યનું દર્શન કરાવ્યું અને હવે એ પ્રાપ્ત કર્યે છૂટકો છે, લીધે છૂટકો છે. એ વાત એને બરાબર અંદરમાં નિશ્ચિત થઈ જાય છે. પોતાનું હિત કરવાનો એ નિર્ણય કરે છે, કરવા ધારે જ છે એ કરે જ છે, નથી કરવા ધારતો એ કરતો નથી.

**'તેથી તારા અવગુણ તું સ્વયં જાણી શકે નહીં.'** એ તને જાણવા મળશે. અવગુણથી તું બચી જઈશ. **'મોટા પુરુષનું શરણ લેતાં તારા દોષોનું સ્પષ્ટીકરણ થશે...'** મોટા પુરુષનું શરણ લેતાં જો તારું સમર્પણ હશે, સત્પુરુષને વિશે તારું સમર્પણ હશે, તારી ભક્તિ હશે તો તારા દોષ નિઃસંકોચપણે એ જણાવશે. એમને ખ્યાલ છે કે આ હવે હું એના દોષ કહીશ તોપણ ભાગી જવાનો નથી. કહેવા માટે ગોપવે કોને ? કે જેના પ્રત્યે વિશ્વાસ ન આવે કે આને એમ કહેશું કે ભાઈ ! આ તારી ભૂલ છે એમ કહેતા એ ભડકીને ભાગશે તો એને ન કહે. કાંઈ નહીં, થોડો એને પાકો થવા દ્યો, પછી બતાવશું. પણ જેને સમર્પણ હોય છે, જેને અત્યંત ભક્તિ હોય છે એને સત્પુરુષ નિઃશંકપણે એના દોષ ટાળવા માટે એના દોષને બતાવે છે, કહે છે કે આવા દોષ મુમુક્ષુજીવે કર્તવ્ય નથી.

એના **'દોષોનું સ્પષ્ટીકરણ થશે...'** એનું પૃથ્થકરણ કરી દેશે. જુઓ ! આમ થતાં આમ થાય પછી આમ થાય, આમાંથી આમ થઈ જાય. માટે અહીંથી અટકી જવું જોઈએ. એવા પ્રકાર ઉત્પન્ન થાય છે. પણ એ શરણ લેતા વાત છે. શું (કહે) છે ? **'મોટા પુરુષનું શરણ લેતાં...'** એટલે અત્યંત ભક્તિએ એમનો સ્વીકાર કરતાં દોષનું સ્પષ્ટીકરણ જાણવા મળે છે **'અને ગુણો પ્રગટ થશે.'** એવા જીવને અવશ્ય અવશ્ય ગુણ પ્રગટે છે અને એ તરી જાય છે. એટલે તો 'શ્રીમદ્જી'એ કહ્યું ને કે, એક સત્પુરુષને શોધ. બીજું કાંઈ શોધમાં એક સત્પુરુષને શોધ પછી જો તને મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. એ તો એમની એક ભાષા અલંકાર કરવાની લાક્ષણિક પદ્ધતિથી કથન કરતા હતા પણ એનો અર્થ એમ છે કે, જો તું સત્પુરુષને શોધીને એના શરણમાં જા, તારો મોક્ષ Guaranteed છે. તારો

મોક્ષ છે એ Guaranteed તારો મોક્ષ છે, એમાં બીજી કોઈ વાત છે નહીં. બહુ મીઠાશ છે એ વિષયમાં.

'ગુરુદેવે' એવી વાત કરી છે કે જે વળગીને રહેશે એનો બેડો પાર થશે. એમ પોતાને માટે નહોતા કહેતા પણ જ્યાં એમને મુમુક્ષુઓને કહેવાની જરૂર લાગી, આવશ્યકતા લાગી ત્યારે પોતાને માટે નહીં તો પૂજ્ય 'બહેનશ્રી'ને માટે એ વાત એમણે ઉચ્ચારી છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોતા એમને એ કહેવું ઉચિત લાગ્યું છે. બધા વિકલ્પ શાંત કરીને, તર્ક વિતર્કને શાંત કરીને, ગૌણ રાખીને પછી પોતાને સમાધાન ન થાય તો ભક્તિએ કરીને પૂછવાથી સમાધાન તો બધા થઈ જાય છે. પણ એ ભક્તિમાં રહીને, આસ્થામાં રહીને, શ્રદ્ધામાં રહીને, શરણમાં રહીને એ કાર્ય થાય છે, એ સિવાય બીજી રીતે એનો ઉકેલ આવતો નથી. એવો વિષય છે.

મુમુક્ષુ :- પ્રત્યક્ષવત્ એ બહુ સરસ વાત કરી. જો 'ગુરુદેવ'ને પ્રત્યક્ષ રાખે..

પૂજ્ય ભાઈશ્રી :- પ્રત્યક્ષવત્ રાખે તો કેટલીક પરિસ્થિતિ ઊભી થાય નહીં, થાય નહીં. એવું છે. ઇ તો બહુ મંથનમાંથી કાઢે છે.

મુમુક્ષુ :- બધા એમ જ કહે છે કે અમે તો 'ગુરુદેવ'ને પ્રત્યક્ષવત્ જ રાખીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ફેર પડે છે, આટલો ફેર પડી જાય છે. પ્રત્યક્ષવત્ રાખે તો આટલો ફેર પડ્યા વિના રહે નહીં. એ બહુ એકદમ અનુભવપૂર્ણ વચન છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એને જ પ્રત્યક્ષ રહે. એ પોતે કહે છે ને કે અહીંયાં 'સોનગઢ'ના એક એક રજકણમાં 'ગુરુદેવ'ની સ્મૃતિ ભરેલી છે એટલે બધે એ જ દેખાય છે અમને તો. પછી અભક્તિ થવાનો કોઈ પ્રસંગ બની શકતો નથી.

**'અને ગુણો પ્રગટ થશે.'** દોષનો નાશ થશે, નુકસાનથી બચીશ અને તને લાભ અવશ્ય થશે. તારા ગુણ પ્રગટ થશે. મુમુક્ષુને યોગ્ય મુમુક્ષુની ભૂમિકાના ગુણ પ્રગટ થશે અને આગળ વધીને તને સમ્યક્દર્શન આદિ આત્માના આત્મિક ગુણો પણ અવશ્ય પ્રગટ થશે. એ એક બહુ સહેલો ઉપાય છે, અત્યંત સહેલો ઉપાય છે કે સત્પુરુષના પ્રત્યક્ષ યોગમાં એના શરણમાં રહેતા જીવ ચિંતામુક્ત થઈ જાય છે. એને પછી બોજો નથી કે હવે મારું શું થાશે ? એ બોજો એને રહેતો નથી. એને અંદરથી ખાતરી થઈ જાય છે, પતી ગયું આપણે હવે છૂટી ગયા છીએ. જેનું શરણ પકડ્યું છે એ જીવનમુક્ત પુરુષ છે, જીવનમુક્ત આત્મા છે અને

અનન્ય પ્રેમે, અનન્ય ભક્તિએ એમના શરણમાં રહેતા બીજી વાત પછી હોય શકે નહીં.

છેલ્લું વચન એ લઈ લીધું છે કે, **'ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે.'** અનંત ગુણનું નિધાન એવો જે પોતાનો આત્મા ચૈતન્યદેવ એની ઓળખાણ થશે, ઓળખાણ થતાં એનો મહિમા આવશે, એનો મહિમા આવતા એની મુખ્યતા, એનો રસ – ચૈતન્યનો રસ વૃદ્ધિગત થઈને સમ્યક્‌દર્શનમાં સ્વાનુભવ રસ પ્રગટ થશે – આત્મરસ પ્રગટ થશે અને મોક્ષમાર્ગ પ્રગટ થતાં તારો મોક્ષ છે એ નિશ્ચિત થઈ જશે, અલ્પકાળમાં મોક્ષનું નિશ્ચિતપણું થઈ જશે. ઓળખાણમાં ઠેઠ સુધીની વાત છે. લીધું એટલું કે, **'ગુરુનું શરણ લેતાં ગુણનિધિ ચૈતન્યદેવ ઓળખાશે.'** પણ ખરેખર તો નિર્વાણ સુધીની શૃંખલા એની અંદર ગોઠવાયેલી છે. આખી સાંકળ પડી છે, ઓળખાણમાં મોક્ષ સુધીની આખી સાંકળ પડી છે.

એટલે એ બહુ સહેલામાં સહેલો ઉપાય છે. અમસ્તો દર્શનમોહને મારવો કઠીન છે. કોઈપણ ક્રિયા કરવા જતાં એ ક્રિયાનું અભિમાન થતાં વાર લાગતી નથી અને શાસ્ત્ર આદિનું ભણતર કરવા જતાં ક્ષયોપશમનું અભિમાન થતાં વાર લાગતી નથી. પર્યાયદૃષ્ટિ હોવાને લીધે, પોતાનું સર્વ સમર્પણ જો સત્પુરુષને વિશે કરવામાં આવે તો જે માનથી એને બચવું દુષ્કર છે એ માનથી સહેજે બચી જાય. માન ન હોત તો મોક્ષ હથેળીમાં હોત એમ કહ્યું ને ? એટલો સહેલો પડત. એ હથેળીમાં મોક્ષ ક્યારે છે ? કે સત્પુરુષના શરણમાં જતાં એનું માન સહેજે ગળે છે. 'માનાદિક શત્રુ મહા નિજ છંદે ન મરાય, જાતા સદ્‌ગુરુ શરણમાં અલ્પ પ્રયાસે જાય.' બહુ સહેલાઈથી હથેળીમાં મોક્ષ હોય એના જેટલું સહેલું એ કરે છે. 'શ્રીમદ્‌જી'એ બહુ રહસ્યનો વિષય ખોલ્યો છે. દર્શનમોહને ટાળવા માટે એટલે કે અનંત સંસારને ટાળવાનું કારણ ટાળવા માટે આ એક સહેલામાં સહેલો ઉપાય છે. ૧૫૭ બોલ (પૂરો) થયો.

**હે જીવ ! સુખ અંદરમાં છે, બહાર યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ? જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહિ. ૧૫૮.**

**૧૫૮. 'હે જીવ ! સુખ અંદરમાં છે, બહાર ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ?'** બસ ! આટલો પ્રશ્ન એ ઉદયમાં પોતાના આત્મામાં ભો કરે, પોતાને વિશે પોતાને પૂછવા માટે આટલો પ્રશ્ન ઉત્પન્ન કરે તો એનો બહારથી સુખ લેવાનો રસ એના ઉપર એકદમ ઘા પડ્યા વિના રહે નહીં. આ બહુ પ્રયોગનો વિષય છે, એકદમ પ્રયોગનો વિષય છે કે જ્યાં પણ સુખ લેવાની વૃત્તિઓ, ઉપયોગનો વેગ ઉત્પન્ન થાય, પરિણામમાં વેગ ઉત્પન્ન થાય ત્યાં એ એમ વિચારે કે સુખ ક્યાં છે ? છે ક્યાંય સુખ બહારમાં ? સુખ ક્યાંય નથી. સુખનો ભંડાર, અનંત સુખનું સરોવર અંદર આત્મામાં હિલોળા લ્યે છે એને જોવે (તો) સુખથી ભરપૂર છે. કેટલું સુખ છે ? કે બેહદ સુખ છે. જેના સુખનો કોઈ પાર નથી એટલું સુખ છે. એને ભૂલ્યો કે બહારમાં સુખ માટે ફાંફાં મારે છે આ એક જ પ્રશ્ન એ બહારમાં સુખને માટે જતી વૃત્તિના આવેગને રોકવા માટેનો એક જ પ્રશ્ન એના માટે બસ છે.

સુખ અંતરમાં છે. વિચાર કરીને મેં એ વાતને જો સંમત કરી છે, એ વાતમાં જો મને વિશ્વાસ છે તો પછી આ બહાર ક્યાં ફાંફાં મારે છો ? બસ ! આટલો પ્રશ્ન ઉપસ્થિત કરે પોતાની અંદરમાં ને અંદરમાં (તો) તરત જ જીવ પાછો વળી જાય છે. વાત સાદી અને નાની એવી વાત લાગે પણ અંદરમાં એટલો કસ છે વિષયનો. કોઈપણ પ્રશ્ન લાવો ! સુખના વિષયનો કોઈપણ પ્રશ્ન લાવો ! એને આ એક વાત બસ છે. એના રસને અને વેગને પુરુષાર્થને એ બાજુથી પાછો વાળી દ્યે એવો આ વિષય છે.

સંબોધન કર્યું છે કે, હે જીવ ! સુખ તો અંદરમાં છે. તારા આત્મામાં તારું સુખ ભર્યું છે. તું ભ્રમણાએ કરીને ભ્રમા મા ! 'શ્રીમદ્‌જી'એ આવા કેટલાક ટુકડા લખ્યા છે. હે જીવ ! ભ્રમા મા. તને સાચું કહું છું સુખ તો અંદરમાં છે. બહારમાં શોધવાથી ક્યાંય સુખ મળે એવું નથી. જેટલી બહારમાં સુખની વૃત્તિ તીવ્ર અને જેટલો બાહ્ય સુખનો નિર્ણય દૃઢ એટલું દુઃખ વિશેષ. જીવના પરિણામમાં એટલું દુઃખ વિશેષ. એટલું દુઃખ વધી જાય. બહારમાં પૂર્વ પુણ્યનો યોગ હોય તો માણસ પૈસા અને સાધનસંપન્ન થઈ જાય (એમ) દેખાય, મોટર, ગાડી, બંગલા અનેક પ્રકારના નાના મોટા અનુકૂળતાના સગવડતાના કહેવાતા સાધનો, કહેવાતા (પણ) છે નહીં, એ બધું દેખાય પણ એમાં જીવ જેટલો રસ લ્યે, આ બધું મારે છે અને હજી આમાં હું વધારું, એટલો એ દુઃખી વધારે. એ જ એને – એ પરિણામ, એ નિર્ણય જ એને દુઃખનું કારણ છે, એ રસ જ એને દુઃખનું કારણ છે, બીજું કોઈ જીવને દુઃખનું કારણ નથી.

મુમુક્ષુ :- વધારવું નથી પણ આ બધું છે. મઝા આવે, આમ મોટર ને એ બધું છે એટલે શાંતિ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો એ સમસ્યા થઈ પડી છે. જગતને સુખ મળતું નથી, એ બધું મળવા છતાં સુખ મળતું નથી એ સમસ્યા થઈ પડી છે કે, આ બધું મળવા છતાં મને કાં સુખ ચેન નથી ? આ 'અમેરિકા'નો તો દૃષ્ટાંત પ્રત્યક્ષ છે કે નહીં ? ઊંઘ આવતી નથી, દિવસે પણ ચેન પડતું નથી. કેટલાય હિપ્પી થઈ ગયા, Millionare માણસ ગાંડા થઈ ગયા, કેટલાક વ્યસને ચડી ગયા. આ ગાંજો ને ચરસ ને એ જાતના જે નશાવાળા પદાર્થો છે એ નશીલા પદાર્થોનું સેવન કરતા થઈ ગયા. કેમ ? કે એથી એને જે ક્યાંય ચેન પડતું નથી એ વૃત્તિ પણ એની મુંઢાઈ જાય. કેવી થાય ? મુંઢાઈ જાય. જીવ બેભાન રહીને પણ મૂંઝવણનું દુઃખ ભોગવવા માગતો નથી. બેભાન રહેવું પસંદ કરે છે કે, ભલે બેભાન થઈ જાઉં, ભલે મને કાંઈ ભાન ન રહે. (એમાં) વધારે દુઃખ છે પણ એને ખ્યાલમાં આવે એવું દુઃખ એ સહન કરવા માગતો નથી. તો સરવાળે એવું થાય છે. નિગોદનું દુઃખ એવું છે કે એને ખબર ન પડે પણ અનંતું દુઃખ એને હોય છે અને એ ભોગવે છે જીવ.

પ્રશ્ન :- આ જીવ ત્યાં જઈ આવ્યો હશે ને ?

સમાધાન :- વિચાર કરતા અનુકંપા છૂટે એવો આ વિષય છે.

મુમુક્ષુ :- નરકના દુઃખ સાંભળીને અનુકંપા છૂટે છે, આ તો નિગોદના...

પૂજ્ય ભાઈશ્રી :- એથી વધારે છે, નરકના દુઃખથી વધારે છે. મૂઢતાનું દુઃખ નરકના દુઃખથી વધારે છે. ઘણાંને એ ખ્યાલ નથી એટલે પ્રશ્ન પૂછે અને પ્રશ્ન ઉત્તરથી સ્પષ્ટ કરવામાં આવે છે કે, સાતમી નારકીનું – નરકનું દુઃખ વધારે કે એકેન્દ્રિયનું – નિગોદનું દુઃખ વધારે ? શું વધારે ? નિગોદનું દુઃખ વધારે છે. આ પંચેન્દ્રિય છે, વેદના તીવ્ર જરૂર છે અને તેથી એને બહારનો દેખાવ એવો છે કે આને દુઃખ વધારે છે. કેમકે વેદના વ્ય ત કરી શકે છે એને પોતાને પણ ખ્યાલમાં આવે છે એટલે એને એમ લાગે છે કે નારકીનું દુઃખ વધારે. (પરંતુ) એમ નથી. નિગોદનું દુઃખ નારકીના દુઃખ કરતા અનંતગણું છે, એટલું બધું દુઃખ છે. એ નિગોદનો જીવ વ્ય ત કરી શકતો નથી એટલે એ નથી અને એને સહન કરવું પડતું નથી – એમ છે નહીં.

**'હે જીવ ! સુખ અંદરમાં છે, બહારમાં ક્યાં વ્યાકુળ થઈને ફાંફાં મારે છે ?'** એમ ને એમ ફાંફાં નથી મારતો પણ તું આકુળ વ્યાકુળ થઈને ફાંફાં મારે છો. એ તારી આકુળતા

વ્યાકુળતા બધી વ્યર્થ છે. એ રીતે તને સુખને શોધવા જતાં સુખ મળવાનું નથી. કેમકે ત્યાં સુખની ગંધ પણ નથી, સુખનું નામ નિશાન એમાં નથી. આ પરિસ્થિતિ છે. દૃષ્ટાંત લીધો છે કે **'જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી...'** આ ઉનાળામાં તીવ્ર તાપ પડે ત્યારે એ તાપને લઈને હવા એવી પાતળી થઈ જાય કે બહુ દૂરથી એ હવાને જોતાં પાણીના મોજા, પાણીની લહેર (હોય) એવું દેખાય. જાણે દૂર દૂરથી પાણીનું સરોવર ભર્યું છે અને એના મોજા ચાલે છે. આમ થોડોક તર્કથી વિચાર કરે કે આટલે બધે દૂર હોય પાણી તો એના મોજા અહીં ક્યાંથી દેખાય ? સરોવર હજી દેખાય કે પાણી છે પણ એનું મોજું ક્યાંથી દેખાય ? એ તો બહુ દૂરથી દેખાવાની ચીજ નથી, નજીકથી દેખાવાની ચીજ છે. પણ ભ્રમણાએ કરીને જે તરસ્યો છે, પાણીથી તરસ્યો છે એને એ ખ્યાલ આવતો નથી. એ એને સાચું માની લે છે. પાણીના એક ટીપાં માટે શોધ કરતો હોય અને (એને) એમ થાય કે પાણી નહીં મળે તો પ્રાણ છૂટી જશે. એને આ સરોવર જેવું દેખાય તો લાંબો વિચાર કરવા રોકાતો નથી. માંડે દોડવા. તરસ વધી જાય ક્યાંય પણ પાણી હાથમાં આવે નહીં ને તરસ્યો મરી જાય. આ દશા ઉત્પન્ન થાય છે ઉનાળામાં.

એમ આ જીવ સુખની, તીવ્ર સુખની શોધમાં છે. ક્યાંય સુખ તો બહારમાં નથી પણ કાંઈક એને એમ લાગે છે કે આ મને ફલાણી ઇચ્છા થઈ છે ને ઇ મળી જાય તો મને સુખ. એટલે એની પાછળ દોડ લગાવે છે. ક્યાંય એને કોઈ 'દી સુખ મળે એવી પરિસ્થિતિ હોતી નથી. ઝાંઝવાંમાં મૃગજળ. મૃગજળ એને કહે છે. ગુજરાતીમાં એને ઝાંઝવાંના જળ કહે છે. આમાં મૃગજળ કહે છે. કેમકે ખાસ કરીને જંગલમાં હરણિયાઓ, મૃગલાઓ છે એ તૃષા છીપાવવા માટે દોડે છે. એની ગતિ એટલી છે કે એ કલાકના માઈલોના માઈલો નીકળી જાય.

મુમુક્ષુ :– આગળ દેખાતું જ જાય ને દોડ્યો જાય.

પૂજ્ય ભાઈશ્રી :– આગળ દેખાતું જાય ને આગળ વધે. ક્યાંય પાણી મળે નહીં. તરસમાં તરફડીને મરી જાય.

**'જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી તેમ બહાર સુખ છે જ નહીં.'** એવું જ વસ્તુનું સ્વરૂપ છે. અહીં તો આ વસ્તુવિજ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. ક્યાંય સુખ હોય તોપણ આમાં (આ જીવમાં) આવવાનો તો હજી પ્રશ્ન નથી. જેમકે બીજા જીવમાં સુખ નામનો ગુણ છે, સિદ્ધ પરમાત્માને સુખ વ્ય ત છે, અરિહંત પરમાત્માને અનંતું સુખ વ્ય ત છે

પણ એમનું સુખ એ બીજાને દેવા સમર્થ નથી. તેથી કરીને એ પોતાના સુખમાંથી ટુકડો કરીને કેટલોક ભાગ લઈને બીજાને આપી દ્યે અને એને સુખી કરી દે એવું બનતું નથી. બીજા પદાર્થમાંથી પોતાનું સુખ લેવાતું નથી, સુખવાળો હોય તોપણ. આ તો તર્કને લંબાવીએ તો. તો જે પદાર્થમાં સુખ ગુણ નથી ને સુખનો પર્યાય નથી ત્યાંથી આ જીવને સુખ મેળવવું છે એ તો ફ ત દુઃખી થવાનો જ ઉપાય છે, બીજો કોઈ ઉપાય નથી. એનાથી સુખ મળી જાય એ વાત રહેતી નથી.

એ પ્રશ્ન થવા યોગ્ય છે કે જ્ઞાનીઓ પણ જાણે કે ઉદયમાં સંયોગથી ને ઇચ્છાથી કાંઈક એને સુખ મળતું હોય એવું બીજા જીવની જેમ લાગે છે. પણ ખરેખર એના જ્ઞાનમાં ને શ્રદ્ધામાં એ વાત હોતી નથી. જ્ઞાનમાં અને શ્રદ્ધામાં તે પ્રકારના ઉદયિક ભાવોનો નિષેધ હોય છે. જ્યારે અજ્ઞાનીને એ વાત ત્યાંથી સુખ મળશે એવી નિશ્ચિત થયેલી, શ્રદ્ધામાં આવેલી હોય છે અને એ જ્ઞાનથી સ્વીકારેલી હોય છે એટલે એનો પૂરો પ્રયત્ન એની પાછળ લાગે છે, પૂરેપૂરો પ્રયત્ન લાગે છે. જ્યારે જ્ઞાનદશામાં એ પ્રયત્ન ત્યાંથી પાછો વળી જાય છે કે, આ પ્રયત્ન કરવા જેવો નથી આ અનાદિના ઊંધા ચક્કર ફરેલા છે એટલે હજી થોડા ફેર આવે છે. બહુ ચક્કર ચક્કર ચક્કર ફરે ને તો એક વખત હેઠો બેસી જાય ફરતો ફરતો તોય એને બેઠા બેઠા એમ લાગે કે હજી બધું ફરે છે. કેમકે બહુ ચક્કર ફર્યો છે વેગમાં. એમ જ્ઞાનદશામાં બેસી ગયો છે હેઠો પણ હજી થોડું પરિણામ જાય છે એ ઘણાં ચક્કર ફર્યા છે એની થોડી અસર છે. પણ અંદરમાં ભાન છે કે આ ચક્કરમાં હવે ચકરાવે ચડવા જેવું નથી. હવે એમાં વેગ લાવવાનો પ્રશ્ન નથી ત્યાંથી પાછા ફરવાની વાત છે, ત્યાંથી જુદાં પડવાની વાત છે. બહુ મોટો ફેર છે, એ વિષયનો એ બહુ મોટો ફેર છે.

મુમુક્ષુ :- વાત સાચી છે, બેઠી પણ ખરી. સુખ અંદરમાં છે એ બેઠું, બહારમાં નથી એ બેઠું પણ હજી ગાડી ધીરી નથી ચાલતી, બહાર સુખ લેવા દોડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વખતે એને જે વાત બેઠી છે એને સંભાળી લેવી જોઈએ. જે વાત બેઠી છે એ અદ્ધર રહી જાય તો તો એને બેઠી છે એ વગર બેઠા જેવી છે. બેઠી ત્યારે કહીએ કે જ્યારે એનું વિપરીત પરિણમન ચાલે ત્યારે એ હાજર થાય. અને જ્ઞાન એને કહીએ કે જરૂર વખતે હાજર થાય. સંપત્તિ એને કહીએ કે જે ટાણે કામ આવે. જ્ઞાન એવો ગુણ છે – સંપત્તિ છે જીવની, જો એને પોતાને નુકસાન થાય ત્યારે એની હાજરી ન હોય તો એ શું કામનું ? દવાદારૂની જરૂર હોય અને એ મરવા પડ્યો હોય ત્યારે એ

દવા લેવા પૈસા કામમાં ન આવે તો એ શું કામના ? એ તો કાંકરા અને પૈસો બધું સરખું છે. એની કોઈ કિંમત રહેતી નથી.

પ્રશ્ન :- જ્ઞાન હાજર થાય, પછી જ્ઞાન શું કરે ?

સમાધાન :- જ્ઞાન હાજર થાય. બસ ! તરત જ એની વૃત્તિને પાછું વાળે કે અહીંયાં સુખ નથી ને. જ્ઞાન એટલે શું છે ? કે અહીંયાં સુખ નથી ને. મારી એવી સમજણ છે કે અહીંયાં સુખ નથી ને. સુખ નથી ને ક્યાં સુખની વાત ભી થઈ ? (આમ થાય એટલે) એનો રસ તૂટ્યા વિના રહે નહીં, પાછો વળ્યા વિના રહે નહીં એ. જો ત્યાં થરમૉમિટર મૂકવામાં આવે તો સડસડાટ એનો પારો નીચે તરી જાય. એવી વાત છે. અને એ Practiceમાં તો વારંવાર એ જાતના પ્રયોગમાં તો આવે. જો વારંવાર એ જાતના પ્રયોગમાં આવે તો એ વાત એવી સહજ થાય છે, સુગમ થાય છે કે પછી એ પરિણામોનું ઉત્પન્ન થવું બંધ થઈ જાય છે. એ સિવાય એ પરિણામોને બંધ કરવાનો આ જગતમાં કોઈ ઉપાય નથી. એક ભૂલવાળો ઉપાય છે કે જે તે પદાર્થોનો ત્યાગ કરવા જતાં તે પરિણામ બંધ થઈ જશે – એમ તો કાંઈ એ પરિણામ બંધ થવાના નથી. મૂળમાંથી એનો રસ તૂટશે તો એ પરિણામ બંધ થશે. મૂળમાંથી એને રસ તૂટવો જોઈએ.

પ્રશ્ન :- એ રસ કેમ તોડવો મૂળમાંથી ?

સમાધાન :- બસ ! એમાં સુખ નથી એવું જ્ઞાન એ રસને તોડે છે. આ તો એ બોલ ચાલે છે. જે પદાર્થમાં સુખાભાસ થાય છે, સુખની બુદ્ધિ થાય છે એમાં સુખ નથી. તપાસતાં એમ નક્કી કર્યું છે કે, એમાં સુખ નથી. એ એના રસને તોડે છે. એમ બરાબર રસ તોડે છે. એ રસ છે એ કષાયશક્તિ છે, કષાયશક્તિ છે અને એ કષાયની શક્તિને તોડે એટલે કષાયની કેડ ભાંગે છે. કેડ ઉપરનો એ પ્રહાર છે પછી એ ભો થાય નહીં.

**'જેમ ઝાંઝવાંમાંથી કદી કોઈને જળ મળ્યું નથી...'** એમ સમજવામાં સહેલી વાત છે પણ પ્રયોગમાં મૂકે ત્યારે એને એ વાતનું રહસ્ય સમજાય એવું છે કે આમાં શું કહેવા માગે છે. સ્વાધ્યાયમાં ફક્ત વાતના અર્થઘટનને સમજી લ્યે કે આ વાત ને આ શબ્દો ને આ વાક્યોનું અર્થઘટન આમ થાય છે એટલા પૂરતી સ્વાધ્યાયની મર્યાદા રાખવા યોગ્ય નથી. કથનના – વચનના અર્થ પૂરતી મર્યાદિત વાત કરી નાખે તો એની એ વાત કામમાં નહીં આવે. પણ એ વચનનું જે વાચ્ય છે કે જે વાચ્ય અનુભવગોચર છે પાછું. શું છે ? સુખ અંદરમાં છે ને બહારમાં ફાંફાં મારે છે, ક્યાંય સુખ નથી એ અનુભવગોચર છે, વસ્તુનું

સ્વરૂપ છે એ તો. એ વસ્તુના સ્વરૂપ સુધી – વાચ્ય સુધી જ્ઞાનને લઈ જાય. શબ્દના અર્થ સુધી નહીં, કથનના અર્થ સુધી નહીં પણ વાચ્ય સુધી જ્ઞાનને લંબાવે અને લંબાવીને એના અનુભવાર્થને બરાબર અનુભવગોચર કરે ત્યારે એણે વાસ્તવિકપણે સ્વાધ્યાય કર્યો એમ કહેવાય. તો એ સ્વાધ્યાય કરવાની ખરી પદ્ધતિ છે. બાકી તો બુદ્ધિ હોય એટલે અર્થ સમજી શકે અને એમાં આવી સાદી ભાષામાં કહેવાયેલી વાત તો સહેલાઈથી સમજી શકે, ન સમજી શકે એવું કાંઈ નથી. પણ એ વાંચીને અને સમજીને અટકી જાય તો એ વાંચનમાં અટક્યો છે એમ કહેવાય. વાંચનમાં એ અટકી ગયો છે. એથી આગળ ચાલતો નથી.

મુમુક્ષુ :– નિયમિત અમે હાજરી આપીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– નિયમિત હાજરી અટકવા માટે કે આગળ ચાલવા માટે ? આ સવાલ છે. હાજરી કાંઈ ગણાવવી છે ? કે, આ બધા જેટલા સાંભળવા આવે છે એમાં મારું નામ, મારી વાત એવી ગણાય છે કે હું નિયમિત હોઉં છું. બીજાની જેમ હું અનિયમિત નથી. એની નજર ક્યાં ગઈ ? નીચે એની નજર ગઈ. જેની નજર નીચે ગઈ એ નીચે તરશે. જેની નજર ઉપર, એ ઉપર ચડશે. હું નિયમિત આવું છું પણ મને એનો લાભ કાં નથી ? એવું તે મારામાં શું કારણ ઉપસ્થિત છે ? આ એણે વિચાર કરવા યોગ્ય છે. એવું તે મારામાં શું કારણ મોજૂદ છે કે જેને લઈને આ વાત હું વાંચું છું, વિચારું છું, સમજું છું પણ એનો લાભ મને થતો નથી ? એમ એણે વિચારવું જોઈએ.

આ જ વાતને વિચારતા અને કહેતા કહેનારને અનેક ગુણ પ્રગટ્યા છે અને એ ધર્મના માર્ગમાં આવેલા છે – મોક્ષના માર્ગમાં આવેલા છે, ગુણવાન થયેલા છે, એનું જ્ઞાન સમ્યક્ થયેલું છે, એની દૃષ્ટિ સમ્યક્ થયેલી છે, અનંત ભવનો નિવેડો લાવી દીધો છે. કહેનાર તો, જેણે વાત કહી છે એ તો એવા છે. તો પછી એટલો ગુણ મને કાં નથી ? શું ફેર રહે છે ? આ અંતર છે એ મારે કાઢી નાખવું જોઈએ. બે વચ્ચેનું અંતર મારે કેવી રીતે કાઢવું ? એ વાત ઉપર એણે ઊંડાં તરવું, એ વિષયમાં એણે ઊંડાં તરવું જોઈએ.

મુમુક્ષુના – સાચા મુમુક્ષુના મંથનનો પણ આ એક પ્રકાર છે. પ્રશ્ન કાઢ્યો તો એ વાત વિચારવા જેવી છે કે જે વાત એને સમજાય છે એવું જ એનું પરિણમન થતું નથી તો એની સમજણ અને પરિણમન વચ્ચે જે અંતર રહે છે તફાવત રહે છે એ તફાવત કેમ રહે છે ? આ વિષયમાં એ ઊંડો તરે છે. જે જીવ અટકી જાય છે એ તો સંતુષ્ટ પામે છે કે હું રોજ આવું છું, વાત વાંચું છું, વિચારું છું, સાંભળું છું, હા પાડું છું, વિરોધ

કરતો નથી. પણ એના પોતાના પરિણમન ઉપરનું અવલોકન થતું નથી. પોતાનું પરિણમન પોતાની સમજણને અનુકૂળ છે કે પોતાનું પરિણમન પોતાની સમજણથી કાંઈ જુદી જાતનું છે ? એ વાત ઉપર એનું ધ્યાન જતું નથી, એનું લક્ષ જતું નથી એટલે એ અટકી જાય છે. જ્યારે સાચો મુમુક્ષુ તો અહીંથી જુએ છે કે, જે વાત મારી સમજમાં આવી એવું મારું પરિણમન કાં નથી ? એને અનુકૂળ મારું પરિણમન કાં નથી ? એનાથી ઊલટું કાં ચાલે છે ? અને એમ કેમ ? એવું શા માટે ? તો મેં આ વાતને સંમત કરી છે એનો અર્થ શું ?

જેમ માણસ એમ કહે કે, તમારું દેણું કબૂલ. તમારા રૂપિયા મારા ચોપડે જમા છે. માલ લાવ્યો છું એ વાત સાચી, તમારું દેણું છે બધી વાત સાચી, બધી વાત સાચી. પણ સાચી છે તો લાવ રૂપિયા. તો કે એ વાત રહેવા દ્યો ને ! તમારો હું આટલો તો સ્વીકાર કરું જ છું ને ! ઇ વાત રહેવા દ્યો ને, એમ કહે તો ? પૈસા આપવાની વાત રહેવા દ્યો તમે. આ તમને બતાવી દઉં છું કે, તમારું દેણું છે, માલ જમે કર્યો છે, બરાબર જમે કર્યું છે, બીલ તમારું અમારા ચોપડામાં છે. બધી વાત સાચી જ છે, સાચી જ છે, દેણું કબૂલ જ છે પછી શું વાત છે ? કબૂલ છે તો એના પૈસા જોઈએ. (એ એમ કહે કે), ઇ વાત નહીં કરતા. તો ? એ વાત કેટલી બેહુદી લાગે છે, ઢંગ વગરની લાગે છે. એમ સમજણમાં હા પાડું છું. હવે આપણો પ્રશ્ન લઈએ. હું હા પાડું છું ને, પણ હું હા પાડું છું ને. ભાઈ ! તું હા પાડે છો પણ દેવાના ટાણે દેતો નથી. દેવાની વાત આવે તો કે એ વાત ન કરવી. એમ છે. એનો કાંઈ અર્થ નથી. બાકીની હા પાડવાનો કાંઈ અર્થ નથી.

પ્રશ્ન :- આ તબક્કે શેની ભૂલ છે કે જેથી આગળ વધતો નથી ?

સમાધાન :- સમજણને પરિણમનમાં લાગુ કરતો નથી. સીધી વાત ઇ છે. જે વાત સમજ્યો છે એને પરિણમનમાં લાગુ કરતો નથી એમ. આપણે નથી કહેતા કે આ સાધન છે. આ Electrical Appliances કહે છે ને બધા ? અનેક જાતના સાધનો - સગડી છે, ટૉસ્ટર છે, મિક્ષ્ચર છે, અનેક જાતના સાધનો વાપરે છે કે નહીં ? ફ્રિજ, પંખો આ બધા Appliances કહેવાય છે. જેને લાગુ કરાય તો એ કામ કરતા થાય. તો વાતને Apply કરવી - લાગુ કરવી જોઈએ. લાગુ કરે તો એનો ઉપયોગ છે અને લાગુ ન કરે તો એનો કાંઈ ઉપયોગ રહેતો નથી. ઉપયોગ વિનાની સમજણવાળી વાત નથી પણ એક નકામી ચીજ, પડી રહેલી ચીજ નકામી છે.

પ્રશ્ન :- લાગુ કરવા ઉપાડ ક્યાંથી કરવો ?

સમાધાન :- લાગુ કરવા માટે ઉપાડ કરવામાં વર્તમાન ઉદયથી કરવો, ચાલતા ઉદયથી કરવો. જે ઉદય અત્યારે ચાલી રહ્યો છે ત્યાંથી શરૂઆત કરવી. પછી કરીશ એ વાત રાખવી નહીં કે, આવો ઉદય આવે અને માંદગી આવે ત્યારે હું આમ કરીશ, ફલાણું થાય ત્યારે હું આમ કરીશ. એમ નહીં. કોઈપણ ઉદય જે અત્યારે ચાલુ છે એ ઉદયની અંદર એ ઉદયમાંથી સુખ મેળવવા માટે ચાહે છે. વસ્તુનું સ્વરૂપ એમ કહે છે કે કોઈ બાહ્ય પદાર્થમાં જીવને સુખ નથી. તમામ બાહ્ય પદાર્થો રજકણની રચના છે અને કોઈપણ રજકણની કોઈપણ પ્રકારની પર્યાય હો તે તમામ પ્રકારની પર્યાયમાં કોઈપણ પ્રકારમાં ક્યાંય સુખનું નામ નિશાન અને ગંધ નથી. આ વાત જેટલી એ જ્ઞાનમાં હાજર રાખે તો એની સુખની વૃત્તિમાં ફેર પડ્યા વિના રહે નહીં. જેમ ગોળ નાખે અને ગળ્યું થયા વિના રહે નહીં એના જેવી વાત છે. ગણિતમાં ભૂલ પડે પણ આમાં ભૂલ પડે નહીં. આ તો વસ્તુનો સ્વભાવ છે, વસ્તુનું સ્વરૂપ જ છે. એમાં ભૂલ પડતી નથી. ૧૫૮ (બોલ પૂરો) થયો.

મુમુક્ષુ :- કો'ક વખત પ્રયોગ કરવાનું મન થાય પણ સમયે સમયે આમ રોજ થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ વખત કરવાનું મન થાય તો એ બરાબર કરે છે કે કેમ ? જો એ બરાબર કરવાનું શરૂ કરે તો એને વારંવાર એનું મન થાય એવું છે. કેમકે એનાથી એને શાંતિ, દુઃખનો અભાવ અને શાંતિની નજીકતા થાય છે. હજી શાંતિ પ્રગટવી બાકી છે પણ એને દુઃખનો અભાવ થવા માટે શાંતિની નજીકતા આવે છે. જેમ વેપાર કરતા થોડું પોષાણ થયું ને થોડો લાભ થયો તો એ વેપાર વધાર્યા વિના રહે નહીં.

મુમુક્ષુ :- ઇ તો બધું આવડે છે પણ અહીં જ...

પૂજ્ય ભાઈશ્રી :- અહીં વેપાર કરતો નથી નહીંતર તો એ વેપાર વધાર્યા વિના રહે નહીં. માન્યું છે કે હું ક્યારેક આવો પ્રયોગ કરું છું પણ ખરેખર પ્રયોગ કરતો હોતો નથી. થોડો વિચાર આવે, વિકલ્પ આવે. વાંચ્યું હોય, સાંભળ્યું હોય, ધારણામાં રહ્યું હોય એટલે થોડો વિકલ્પ આવ્યો હોય તો એને એમ થાય કે ના ના આપણને કાંઈક તત્ત્વનો વિચાર આવે છે, કાંઈક પ્રયોગ કરીએ છીએ. પણ કાંઈ હોતું નથી. મીંડાંનું મીંડું, શૂન્યનું શૂન્ય જ હોય છે. નહીંતર આ પ્રયોગ એવો છે કે જેમાં કષાયરસ તૂટે છે. કષાયરસ સાથે દર્શનમોહને સંબંધ છે. જેમાં દર્શનમોહ ગળે છે. જીવ હળવો થતો જાય છે. કષાયરસ અને દર્શનમોહને

લઈને જીવ ભારેકર્મી છે. આ હળવો થતો જાય છે. આ હળુકર્મી ને ભારેકર્મી કહે છે કે નહીં ? આ હળુકર્મી થતો જાય છે, હળવો થતો જાય છે. તો એ માર્ગે આગળ વધ્યા વિના રહે નહીં. પછી તો એને સૂઝ પડતી જાય છે.

એને પહેલા તો એવી પરિસ્થિતિ હોય કે અનેક પ્રકારના પ્રશ્ન ઉપસ્થિત થાય પણ કોને પૂછવું એ પૂછવાનું ઠેકાણું મળે નહીં. એનો ઉત્તર એને મળે નહીં અને મૂંઝવણ થાય. પણ આ પ્રયોગના રસ્તે ચડે તો એને અંદરથી પ્રશ્નો ઉપસ્થિત થાય, એનો આત્મા જ એને અંદરથી જવાબ આપે, સમાધાન આપે અને આગળ વધતો જાય. આવું બને. નહીંતર તો તિર્યંચ પામે ક્યાંથી ? એને તો વાંચવાનો ને સાંભળવાનો યોગ નથી. કોઈ સમજાવે ને એ સમજે એ પ્રકારનો ક્ષયોપશમ નથી. એની ભાષા નથી બીજા મનુષ્ય પ્રાણી પાસે. કેવી રીતે એ ઉપદેશ ગ્રહણ કરે ? પંચમ ગુણસ્થાન સુધી પહોંચે છે. તિર્યંચનો જીવ પંચમ ગુણસ્થાન સુધી પહોંચે છે. સ્વરૂપ સ્થિરતા એટલી વૃદ્ધિગત કરે છે. તે જૈનના સાચા શ્રાવક છે. પંચમ ગુણસ્થાન એટલે સાચા જૈન શ્રાવક તો એ છે. પંચમ ગુણસ્થાને જે પહોંચ્યા એ છે. બાકી વાડાના શ્રાવક એ કોઈ સાચા શ્રાવક નથી. ક્યાંથી પહોંચે છે ?

અંદરથી જો એનો આત્મા, જ્ઞાન ભંડાર એવો આત્મા, સમાધાનનો ભંડાર એવો આત્મા અંદરથી જ્ઞાન ને સમાધાન ન આપે તો ક્યાંથી પહોંચે ? આમેય અંદરથી જ મળે છે. બહારના દેવ, ગુરુ, શાસ્ત્ર અને સત્પુરુષનું તો નિમિત્તમાત્ર એમ કહેવાય છે. એકલું નિમિત્ત નહીં પણ નિમિત્તમાત્ર એમ કહેવાય. એ તો ફ ત બહાનું છે એમ કહેવાય છે. ખરેખર તો જીવને સમાધાન અંદરથી જ આવે છે. ઇ તો ઇ વખતે એણે તપાસ્યું નથી કે કેમ સમાધાન થયું છે. જ્યારે કોઈ વાત સાંભળે છે ત્યારે એને અંતર મેળવણી થાય છે અને અંતર મેળવણી થયા પછી એને એ વાતની સંમતિ આવે છે કે, આ વાત સાંભળી એ યોગ્ય છે. એમ અંદરમાંથી એને સમાધાન આવે છે કે યોગ્ય છે. ત્યારે એનું સમાધાન સાચું. નહીંતર તો ઓઘે ઓઘે હા પાડે છે. પાછું ભૂંસાઈ જાય છે. એ સાચું સમાધાન નથી, એણે સાચી હા પાડેલી નથી. એટલે અંદરથી આવે છે એમાં નિમિત્ત ન હોય તોપણ ઉપાદાનની તૈયારી હોય તો અંદરથી બધું મળે. કેમકે અંદર બધું ભર્યું છે. આમાં એવો બોલ છે – અંદર બધું ભર્યું છે. તારે કાંઈ બહાર લેવા જવું પડે એવું નથી. બધું તારામાં જ છે. એવો બોલ પાછળ આવે છે, છેલ્લે છેલ્લે. એ બધું અંદરથી મળે છે.

મુમુક્ષુ :– કમાલ કરી દીધી છે આ પુસ્તકમાં તો !

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. એકલો અધ્યાત્મનો વિષય, મુમુક્ષુને યોગ્ય વિષય બહુ લીધો છે. એટલે છે તો મળે છે. અંદર બધું છે તો જીવને મળે છે. સીધી વાત છે. સાદી ભાષા છે ને એટલે શાસ્ત્ર ભણીને વિદ્વાન થયા હોય એને એમ લાગે કે આમાં કાંઈ એવું ખાસ શાસ્ત્ર – પુસ્તક ન કહેવાય. કેમકે ભાષા સાદી છે એની. એવા વિદ્વત્તાપૂર્ણ બોમ્બાસ્ટીક વર્ડિંગ બધા આવતા હોય ને એવી રચના હોય તો એને એમ થાય કે, ના છે તો વિદ્વાન ! પ્રખર વિદ્વાન લાગે છે શાસ્ત્રના રચવાવાળા ! પણ ક્યાં કોઈને દેખાડવા માટે શાસ્ત્ર રચવાનો પ્રસંગ થોડો હોય છે ?

આ તો આત્માના હિત અને અહિતનો વિષય છે. હિત કેમ થાય, કોઈપણ ભાષામાં એ કહેવામાં આવે. દિવ્યધ્વનિમાં ક્યા કોઈ ભાષા જ છે ? સાદી કે અઘરી અક્ષરી ભાષા જ નથી ને. પછી ક્યાં પ્રશ્ન છે. કોઈ દુનિયાની કોઈ ભાષા નથી. છતાં જગતની બધી ભાષાવાળા એ વાતને પકડે છે કે આમ આત્માનું હિત થાય છે. પ્રત્યક્ષ એવો આત્મા, સકળ પ્રત્યક્ષ એવો આત્મા મોજૂદ છે – હયાત છે. કારણપરમાત્મા તારા દરવાજે ભો ભો તારા દરવાજાની સાંકળ ખખડાવે છે. ઉઘાડ દરવાજો ! પરમાત્માના દર્શન કરવા તું ઉઘાડ દરવાજો ! પોતે ઉઘાડે એટલી વાર છે, આથી વધારે કાંઈ વાર નથી. પાત્ર જીવ છે એને એમ થાય છે કે અત્યાર સુધી આ કાં મેં અવાજ સાંભળ્યો નહીં ? અંતરનો અવાજ. બહાર દોડ્યો, મંદિરમાં ગયો, મસ્જિદમાં ગયો, જંગલમાં ગયો, પહાડમાં ગયો, પર્વતમાં ગયો, તીર્થસ્થાનમાં ગયો, સમુદ્રમાં ન્હાયો ને નદીઓમાં ન્હાયા, બધે ન્હાયા પણ અંદરનો અવાજ કાં સાંભળ્યો નહીં ? બસ ! એ ખોલી નાખે છે. સાંભળે એટલે એ ખોલી નાખે છે. આટલી વાત છે.

પ્રશ્ન :- તિર્યંચને પંચમ ગુણસ્થાન કેવી રીતે આવે છે ?

સમાધાન :- સ્વરૂપ સ્થિરતા એટલી વધે છે અને અનંતાનુબંધીનો અને પ્રત્યાખ્યાનવરણીયની બે કષાયની ચોકડીનો એને નાશ થાય છે. એટલે ભગવાન કેવળજ્ઞાનમાં એમ જાણે છે કે, આ જીવને પંચમ ગુણસ્થાન વર્તે છે.

પ્રશ્ન :- એને પોતાને નથી ખબર ?

સમાધાન :- એને પોતાને બરાબર ખબર છે. ત્યાં સ્વરૂપ સ્થિરતા આવે છે. શુદ્ધોપયોગ છે એમાં સ્થિરતા વધી જાય છે. અને કેટલાક પ્રકારના કષાયો એને ઉત્પન્ન થતા નથી. કષાયનો અભાવ થાય એટલે ઉત્પન્ન ક્યાંથી થાય ? હોય તો ઉત્પન્ન થાય, યોગ્યતા હોય તો ઉત્પન્ન થાય. ઉત્પન્ન થવાની યોગ્યતાનો નાશ કરે છે. એટલે એને બરાબર ખબર પડે

છે, બરાબર ખબર પડે.

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાન થઈ ગયું ઇ ઘણું કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :- એની પર્યાયમાં એને પહોંચાય ત્યાં સુધી પહોંચીને પુરુષાર્થ ઉપાડ્યો છે. એની પર્યાયમાં એણે પહોંચાય ત્યાં સુધી પહોંચીને પુરુષાર્થ ઉપાડ્યો છે. એને વધુમાં વધુ પાંચમું ગુણસ્થાન (આવે).

પ્રશ્ન :- અત્યારે અમારો Class તિર્યંચથી નીચે ગયો છે ?

સમાધાન :- એવા તિર્યંચથી તો ચોક્કસ, એવા તિર્યંચથી તો ચોક્કસ (નીચે છે). એવો જ મુનિદશાનો દૃષ્ટાંત છે. મુનિદશામાં અત્યારે કોઈ ભાવલિંગી મુનિ થાય તો એ પહોંચાય એટલો પહોંચવાનો પુરુષાર્થ કર્યો છે. એવી જ રીતે અત્યારે મોક્ષ નથી ને કોઈ એકાવતારી થાય તો એણે પહોંચાય એટલો પહોંચીને પુરુષાર્થ કર્યો છે. એમ ગણવું. (સમય થયો છે).

***

**ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે. ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે. કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે. ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે અને ગુણ પ્રગટે છે. ૧૫૯.**

## તા. ૧૦-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૫૯
## પ્રવચન નં. ૧૨૧

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૪૧. ૧૫૯ મો બોલ છે. આ બોલમાં 'ગુરુદેવ'નો મહિમા કર્યો છે અથવા મુમુક્ષુને ગુરુ આજ્ઞાએ વર્તવાની શિખામણ છે. શું કહે છે ? **'ગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે.'** સત્‌ગુરુના સમાગમમાં રહેવાથી તારા અવગુણ કેવી રીતે નાશ પામે અને આત્મામાંથી તારા ગુણો કઈ રીતે ખીલે અને તારી આત્મશક્તિઓનો વિકાસ કઈ રીતે થાય એ કળા – એ આવડત ગુરુ દેખાડશે. કાર્ય તો પોતાને કરવાનું છે દર્શાવનાર શ્રીગુરુ છે. દ્રવ્યાનુયોગ અનુસાર સિદ્ધાંત એ છે કે પોતાના ગુણને અથવા સ્વરૂપને અથવા દ્રવ્યને સેવતા ગુણો ખીલે છે. એ સિવાય ગુણને ખીલવાનું બીજું કોઈ કારણાંતર નથી, બીજું કોઈ કારણ હોય શકે નહીં. એ તો પરિભાષા થઈ વ્યાખ્યા થઈ, કે દ્રવ્યને સેવવું, ગુણની સેવના કરવી, દ્રવ્યની સેવના કરવી એથી ગુણ ખીલે, દ્રવ્ય ખીલે છે પણ એ કઈ રીતે આ એક બહુ મોટી સમસ્યા છે. કઈ રીતે ગુણથી ગુણને સેવવું અથવા પર્યાયથી દ્રવ્યને સેવવું એની શું વિધિ છે, શું રીત છે એ એક બહુ સૂક્ષ્મ વિષય છે અને બાહ્ય દૃષ્ટિમાં રહેલા જીવને માટે એ કોઈ અગોચર ઉપાય છે. ગમ પડે નહીં એને કે એની બુદ્ધિમાં આવે

નહીં, ગોચર થાય નહીં એટલે બુદ્ધિમાં સમજાય નહીં એવો થોડો અઘરો વિષય લાગે છે. અંતર્મુખ થતાં ગુણની અથવા દ્રવ્યની સેવા થાય છે પણ કેમ અંતર્મુખ થવું આ એક વિષય એ અંગેની અનેક તૈયારી માગે છે. કેટલીક ખાસ પ્રકારની તૈયારી માગે છે અને એ બધી, એ બધાના વિષયને અહીંયાં ટૂંકા શબ્દોમાં ગુણ ખીલવવાની કળા કહી છે. ગુણ ખીલવવાની કળા, શ્રીગુરુની વાણીમાં પોતાના આત્મગુણોનો વિકાસ કરવાની કળા છે એ દર્શાવે છે, અનુભવપૂર્ણ એનું વર્ણન આવે છે. જે જીવ એવી વિધિની શોધમાં હોય છે એને સ્પષ્ટપણે ભાસે છે કે શ્રીગુરુ મને આ ઉપાય, આ માર્ગ, આ રીત અને વિધિ દર્શાવી રહ્યાં છે.

બીજા જીવોને એ વાત સંભળાય છે પણ એ વિશેનું વાચ્ય છે એ ખ્યાલમાં આવતું નથી, લક્ષમાં આવતું નથી, જ્ઞાનગોચર એને થતું નથી. આ રીતે ફેર પડે છે. કે ગુરુ દર્શાવે છે દેખાડે છે એ વાત તો ચોક્કસ છે. એમને કહેવાનું બીજું કોઈ પ્રયોજન નથી. પોતે જે વિધિએ ચડ્યા છે જે વિધિએ પોતાનું આત્મહિત સાધી રહ્યાં છે પોતાના ગુણને ખીલવી રહ્યાં છે એ વાત કહેવા માટે એમનું બોલવાનું પ્રયોજન છે, વિકલ્પ છે એ સિવાય એમને કાંઈ બીજો વિકલ્પ અથવા બીજું પ્રયોજન નથી. એટલે જરૂર એ વાતને દર્શાવે છે પણ કોને દેખાય છે એ સવાલ છે. કે એવી માર્ગની શોધમાં પડ્યો હોય એને દેખાય છે બીજાને દેખાતું નથી. વાત તો જે છે ઇ છે. કોને દેખાય છે ? એ વિષય શાસ્ત્રમાં એ રીતે છે કે એવા અનુભવી જ્ઞાનીપુરુષનો સમાગમ જીવને અંનતકાળે થાય છે. કોઈકવાર અનંતકાળે એકાદવાર થાય છે પણ એવા અનંત અનંતકાળમાં અનંતવાર થયો છે, તેમ છતાં આ જીવને એની તૈયારી નહીં હોવાથી એને તે પ્રત્યક્ષ યોગ અયોગ સમાન રહ્યો છે. યોગ યોગ સમાન નથી રહ્યો પણ અયોગ સમાન રહ્યો છે એનું કારણ પોતે જ છે બીજું કોઈ એનું કારણ નથી. એટલે ધ્યાન એ દેવા જેવું છે કે વર્તમાનમાં પણ આ વિષય ઉપલબ્ધ છે – ગુણ ખીલવવાની કળા દેખાડનાર હયાત છે, મોજૂદ છે (પણ) પોતાની તૈયારી જોઈએ. જેમ પાણી વિના પ્રાણ જતાં હોય તો પાણીના એક બિંદુ માટે કેટલો આતુર હોય ? પ્રાણ છૂટી જાય એવી તરસ લાગી હોય રૂંવાડે રૂંવાડેથી પાણીના પોકાર છૂટતા હોય એને પાણીના એક ટીપાની શોધ પણ કેટલી આતુરતાથી હોય છે કે જ્યાં પાણીનું એક ટીપું છે ત્યાં સંભવ છે કે પાણીનો બીજો સોર્સ પણ હોવો સંભવે છે એ કેટલો આતુર હોય છે. એક વખત પ્રાણ છૂટવાનો અહીંયાં પ્રસંગ છે, અનંતકાળના પ્રાણ છૂટવાના પ્રસંગથી બચી જાય એની આતુરતા કેટલી ? એની ગરજ કેટલી ? આ વિષયની સમજણ છે અથવા આ વિષયની

આ વાસ્તવિકતા છે કે અહીંયાં આવ્યા વિના કોઈને માર્ગ મળતો નથી. આટલી હદે જેના ભાવ પહોંચે છે એને માર્ગ દર્શાવનાર હોય ત્યારે એ માર્ગ દેખે છે નહીંતર દર્શાવનાર હોય છે (પણ) પોતે માર્ગને જોઈ શકતો નથી. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- પોતાની જ ભૂલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની જ ખામી છે. અહીં તો પાત્ર જીવને સંબોધન છે કે **'શ્રીગુરુ તારા ગુણો ખિલવવાની કળા દેખાડશે.'** જેવો તારો આત્મા પ્રત્યક્ષ જ્ઞાયક છે ક્યાંય તારે શોધવા જાવું પડે એમ નથી. 'ગુરુદેવ' તો એમ કહેતા કે એક સમયની પર્યાયની બાજુમાં અંતર નથી, જેમાં એક સમયની પર્યાયને દ્રવ્ય સાથે જાણે કે કોઈ અંતર નથી. અરીસાની ઉપલી સપાટીને અને અરીસાના દળને કેટલું અંતર છે ? કે અવસ્થા દળ સાથે જડાયેલી છે. દળને ને એની વચ્ચે કોઈ આતરો નથી. એવી રીતે દ્રવ્ય છે એને તું પ્રત્યક્ષ ચીજને પ્રત્યક્ષપણે જોઈ લે, પ્રત્યક્ષ ચીજને પ્રત્યક્ષભાવે જોઈ લે. એવું ગુણોને ખીલવવાની એ કળા છે. સ્વદ્રવ્યનું અવલોકન કરવું, સ્વદ્રવ્યને વીતરાગી ઉપયોગથી નિહાળવું.

પ્રશ્ન :- વીતરાગી ઉપયોગથી એટલે ?

સમાધાન :- વીતરાગ સ્વરૂપ આત્મા સ્વદ્રવ્ય છે એને વીતરાગી ઉપયોગથી જો. એને દેખ બસ ! આ તારા ગુણને ખીલવવાની કળા છે. વીતરાગી ઉપયોગ એટલા માટે કે આમ કરું આમ કરું, કરું કરુંનો રાગ, એને ઉપાદેય કરું, એની સેવા કરું – એમ કરું એવો હું. રાગ સહિતનો ઉપયોગ નહીં. એવો પણ રાગ છૂટી જતા સમસ્વભાવી આત્માને સમભાવથી વીતરાગ સ્વરૂપી આત્માને વીતરાગી ઉપયોગથી અનુભવવો, લક્ષમાં લેવો, જ્ઞાનમાં લેવો એ ગુણો ખીલવવાની કળા છે. જેની પાસેથી, જે શ્રીગુરુ પાસેથી એ જ્ઞાન પ્રાપ્ત કરવું છે એ **'શ્રીગુરુની આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.'** કેવી શૈલી લીધી છે ! એ શૈલી પણ જુદી જાતની છે. કેમકે આજ્ઞાએ રહેવું પડે, પોતાને ગમતું હોય ન ગમતું હોય તોપણ રહેવું પડે એ વાત નથી અહીંયાં. ખરેખર તો મુમુક્ષુ જીવને શ્રીગુરુની આજ્ઞામાં રહેવું એ તો એને પરમ સુખ છે. એના જેવું એને બીજું કોઈ સુખ નથી એટલે એ શું કે એ તો ઉપાધિ વગરનો થઈ ગયો પછી. જેમ કોઈ સમર્થ ગુરુને માથે ધારે છે એને શું ઉપાધિ છે કે એને કોઈ ઉપાધિ નથી. એના જેવું છે કે ગુરુની આજ્ઞાએ રહેવું એ તો પરમ સુખ છે. એ કોઈ વિકટ કામ નથી એ કોઈ અણગમતું કામ નથી એ કોઈ પરાણે કરવું પડે એવું કામ નથી. એ તો પરમ સુખ છે એના માટે. શૈલી એવી લીધી છે. એટલે કે શ્રીગુરુની આજ્ઞાએ રહેવું

એ તો મુમુક્ષુને પરમસુખનો વિષય છે, એવી જેની લાગણી છે, એવી જેની માન્યતા છે, એવું જેનું વલણ છે કે, અરે...! ગુરુની આજ્ઞાએ રહેવું એ તો બહુ પરમસુખની વાત છે, એના જેવું સુખ ક્યાં છે ? કાંઈ જાણે આપણે ઉપાધિ જ નહિ. શ્રીગુરુની છત્રછાયામાં આવ્યા, આજ્ઞાએ આવ્યા એટલે એની છત્રછાયામાં આવ્યા, એના શરણમાં આવ્યા, બસ ! હવે કોઈ ઉપાધિ નથી. એ જીવ ઉપાધિ વગરનો થઈ ગયો. જુઓ ! બોલ કેવા લીધા છે ! આમ તો ગુરુના મહિમાના અનેક બોલ છે પણ બધામાં ભિન્ન ભિન્ન પ્રકારની વાતો આવી છે. એવો વિષય છે.

**'ગુરુ–આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.'** જેને બળબળતા તાપમાં કોઈ શીતળ છાયો મળી ગયો હોય એવી લાગણીથી અને એવા ભાવથી મુમુક્ષુજીવ શ્રીગુરુની આજ્ઞામાં વસે છે અને રહે છે. સ્વપ્નાંતરમાં પણ એને એની આજ્ઞા ઉથાપવાનો પ્રશ્ન હોય શકે નહિ. જાગતામાં તો પ્રશ્ન છે નહિ, સ્વપ્નમાં પણ એવી ભૂલ કરતો નથી. પછી એને માર્ગ ન મળે એ વાત રહેતી નથી. પણ પોતાને પોતાના અવ્યવસ્થિત મતિજ્ઞાનને લઈને અથવા અવ્યવસ્થિત બુદ્ધિને લઈને તર્ક ઠે, વિતર્ક ઠે, કુતર્ક ઠે અને એનું સમાધાન એને થાય નહિ અને શ્રીગુરુની આ વાત છે એ કોઈ રીતે એને બેસે નહિ, એવું થાય ત્યારે એને છૂટવાનો આરોવારો આવતો નથી, આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– તૈયારી ઘણી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– તૈયારીમાં આ એક જ કે, મારે મારો કાંઈ સ્વચ્છંદ એટલે મારા છંદે મારે ચાલવું નથી, આટલી તૈયારી હોય અથવા તૈયારી એ જોઈએ કે એને પૂરેપૂરું વળગ, અધૂરું વળગ નહીં. એમ વાત છે. ગુરુદેવશ્રી પોતાને માટે એવું ન કહે, પણ એમના પ્રવચનમાં એક બહુ સરસ સંકેત આવતો હતો કે, અહીંયાં જે વાત ચાલે છે તે અત્યારે મહાવિદેહક્ષેત્રમાં 'સીમંધર' પરમાત્મા ફરમાવી રહ્યા છે એ વાત ચાલે છે. કહેતા હતા કે નહોતા કહેતા ? ભગવાન જિનેશ્વર જિન પરમાત્મા સો ઇન્દ્રોની ઉપસ્થિતિમાં સમવસરણમાં આ વાત કહે છે એ વાત અહીંયાં છે. એમ કરીને કહેતા બરાબર છે ? ક્યારેક એમ પણ કહેતા કે, બત્રીસ લાખ વિમાનનો લાડો હોય, સૌધર્મ ઇન્દ્ર, એક એક વિમાનમાં અસંખ્ય દેવો છે. આ એંસી કરોડની વસ્તીનો પ્રાઈમ મિનિસ્ટર થાય ત્યાં ચિતળિયું ખસી જાય એવું છે. (ત્યાં તો) એક એક વિમાનમાં અસંખ્ય દેવો ! કરોડ, અબજ નહિ, અસંખ્ય દેવ. આટલા અબજ, આટલા અબજ, એંસી અબજ, ફલાણા અબજ એ કાંઈ નહિ, અસંખ્ય દેવ. એવા

બત્રીસ લાખ વિમાન છે, એક, બે, ચાર નહિ. એનો સાહેબો છે, એનો ધણી કહેવાય છે એટલા પુણ્યવંત ભગવાનના સમવસરણમાં ગલુડિયાની જેમ દાખલ થાય છે, ગલુડિયાની જેમ સાંભળવા બેસે છે. આવું કહેવા પાછળનો આશય શું છે ? કે, આ વિષયને સાંભળવા ને અંગીકાર કરવાની કેટલી ગરજથી પુણ્યવાન જીવ આવે છે ? તારા તો હજી પુણ્યના ઠેકાણા નથી. બહારમાં જગતમાં તારું એવું કોઈ સ્થાન નથી, કોઈ ઓળખતું નથી હજી. સાડા ત્રણ જણ ઓળખે ત્યાં ફુલેકે ચડે છે. અહીંયાં કહે છે કે, આ બત્રીસ લાખ વિમાનનો સાહેબો ગલુડિયાની જેમ સાંભળવા બેસે છે. આ દૃષ્ટાંત કાંઈક સંકેત કરે છે કે, આ વિષયને અંગીકાર કરવા માટે જીવ અત્યંત ગરજવાન થાય છે એના પલ્લે આ વાત પડે છે, બીજાને આ વાત સંભળાય છે પણ કાનસોંસરી નીકળી જાય. એને એ વાત અડતી નથી, ક્યાંય સ્પર્શતી નથી.

મુમુક્ષુ :- કાન સોંસરવી નીકળે તો તો હજી સારું ....

પૂજ્ય ભાઈશ્રી :- સરવાળે એનો અર્થ કે કાંઈ અસર પહોંચતી નથી. અડતી નથી એમ કહો, સોંસરવી નીકળી જાય છે એમ કહો, સરવાળે કાંઈ એની અસર પહોંચતી નથી, એ વિષયમાં એનો કાંઈ પ્રવેશ થતો નથી, એ વિષયનો સ્પર્શ થતો નથી. નહિતર પોકારી પોકારીને કહે છે કે, અનંત કાળે ન મળે એવી આ વાત છે. તારું કાયમી હિત સધાય જાય એવી વાત છે, ફરી ફરીને આ દાવ મળતો નથી, ચૂકીશ નહિ. કહેવામાં કાંઈ બાકી રાખી નથી, કોઈ કસર નથી રાખી.

**'ગુરુ-આજ્ઞાએ રહેવું તે તો પરમ સુખ છે.'** હવે વર્તમાન સ્થિતિની વાત લીધી છે કે, **'કર્મજનિત વિભાવમાં જીવ દબાઈ રહ્યો છે.'** પ્રતિ સમય કર્મનો ઉદય છે, જીવ જાણ્યે-અજાણ્યે એને અનુસરે છે. બુદ્ધિપૂર્વક અને અબુદ્ધિપૂર્વક એના પરિણામ ઉદયમાં ખેંચાય જાય છે, એને વિભાવ ઉત્પન્ન થાય છે, કર્મના ઉદય પ્રત્યે પરિણામ જતા એ પરિણામમાં વિભાવ ઉત્પન્ન થાય છે અને એ વિભાવમાં જીવ દબાઈ ગયો છે, એની હીનશક્તિ થઈ ગઈ છે, વિભાવના ભાર નીચે અનંત શક્તિનો ધણી દબાઈને પડ્યો છે. એને એમ થાય છે કે, અરે..રે...! હું શું કરીશ ? મારાથી કાંઈ થતું નથી, હું કાંઈ કરી શકતો નથી, હું નબળો છું, મારું કાંઈ ચાલતું નથી, વિભાવ થયાં કરે છે, વિભાવને મટાડવાનો વિકલ્પ આવે છે પણ કાંઈ વિભાવ ઘટતા નથી. એવો જાણે હીનસત્ત્વ થઈ ગયો છે, પુરુષાર્થહીન થઈ ગયો છે. એવી પરિસ્થિતિમાં તું હોવા છતાં કહેનાર ને ખબર છે કે આ તારી પરિસ્થિતિ

છે તેમ છતાં જો ગુરુ-આજ્ઞાએ વર્તીશ તો કર્મ સહેજે દબાશે. અત્યારે કર્મના ઉદય જનિત ભાવથી તું દબાય છે, એક ગુરુ-આજ્ઞામાં જા તો કર્મ તારાથી દબાશે, વિભાવ તારાથી દબાશે. હવે તારે શું કરવું છે ? એનો પણ ઉપાય છે, બહુ સહેલો ઉપાય, ઘણો સહેલો ઉપાય.

શાસ્ત્રો વાંચી વાંચી, સાંભળી સાંભળીને એની માથાફોડીમાં ગમે એટલો તરીશ તો હજી કર્મ નહિ દબાય, પણ ગુરુ-આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાશે. એમ સીધો એનો રસ્તો બતાવી દીધો. આવે છે કે નહિ ? સત્પુરુષની વાત આવે છે કે નહિ ? શ્રીમદ્જીએ જે વાત બહુ જોર જોરથી કરી છે. આ પૂજ્ય બહેનશ્રીએ આ વાત કેટલી જોરથી કરી છે ! 'ગુરુદેવ'ની ઉપસ્થિતિમાં આ પ્રવચનો ચાલ્યા છે, એમાંથી લીધેલી વાત છે.

મુમુક્ષુ :– 'ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ.'

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુ આજ્ઞા સમ પથ્ય નહિ, વિચાર ઔષધ ધ્યાન.' એના જેવું કોઈ પથ્ય નથી. જેમ રોગમાં ચરી પાળવાનું કહે છે, કરી કહે છે, ચરી કહે છે. એના જેવો વિષય છે. એક વાત તો બરાબર સ્પષ્ટ છે કે, ગુરુ-આજ્ઞા સામે બીજો તારો વિકલ્પ ન જોઈએ. આમ કેમ ? એ પ્રશ્ન જોઈએ નહિ. વાત બધી અહીંયાં પૂરી થાય છે, પૂર્ણવિરામ આવી જાય છે. ગુરુ-આજ્ઞા પાસે બધું પૂર્ણવિરામ આવી જાય છે. એની સામે બીજી વાત હોય શકે નહિ. ન સમજાય, મોડું સમજાય તો સમજવાનો પ્રયત્ન કરવો, આટલી વાત છે. જેને આખી દુનિયાથી વિમુખ થઈને, આખા જગતથી વિમુખ થઈને, આખા કર્મના સૈન્યને હટાવીને અંતર્મુખ થઈને શુદ્ધાત્મા પ્રાપ્ત કર્યો છે, એ રીતે આખા જગત ઉપર વિજય મેળવ્યો છે અથવા પોતાના પરમાત્મપદને ગ્રહણ કરવાનો મહાવિવેક જેને પ્રગટ્યો છે એની એકેએક વાતને પરમઆજ્ઞા માનીને એ આજ્ઞાને અંગીકાર કરી લેવી. બીજી વાત એમાં હોય શકે નહિ. એમાં એની સામે કોઈ વિકલ્પ જ હોય શકે નહિ, આ સીધી વાત છે. બીજો વિકલ્પ ઠચો તો સમજી લેજે કે તારી આ કચાશ છે એ થોડી નથી. કોઈ એમ કહે કે, ભાઈ ! ક્યારેક એ.... એ થોડુંક નથી પણ ઘણું છે.

મુમુક્ષુ :– કર્મજનિત વિભાવ એ જરા સ્પષ્ટ કરો.

પૂજ્ય ભાઈશ્રી :– કર્મજનિત એટલે શું છે કે, કર્મના ઉદયથી પોતે કર્મના સંગમાં જતાં જે વિભાવ હોય છે એને કર્મજનિત વિભાવ કહે છે. જાણે કે કર્મ જ એના વિભાવને ઉત્પન્ન કરી રહ્યા છે.

મુમુક્ષુ :– કરે છે જીવ.

પૂજ્ય ભાઈશ્રી :- જીવ કરે છે પણ પોતે કર્મના સંગમાં જાય છે, કર્મના ઉદયમાં પોતે જ ખેંચાય છે, આકર્ષિત થાય છે ત્યારે એને એ આત્માની જાતના નહિ હોવાથી એને કર્મની જાતના, જેવી કર્મની પ્રકૃતિ છે, જેમકે ક્રોધની પ્રકૃતિનો ઉદય થયો અને જીવને (એ) ઉદયમાં જોડાતા ક્રોધભાવ થયો તો એ પ્રકૃતિનો ભાવ અને જીવનો ભાવ એકસરખો મેળવાળો જોઈને અને આત્મસ્વભાવ એનાથી વિરુદ્ધ જાતિનો હોયને એ ભાવને કર્મજનિત કહેવામાં આવે છે. છે આત્માએ કરેલા આત્મજનિત. આત્મજનિત હોવા છતાં કર્મની સાથે એને મેળ ખાય છે માટે એને કર્મજનિત કહેવામાં આવે છે. તારી જાતના નથી, એમ કહેવું છે. તારા છે પણ તારી જાતના નથી, આટલી વાત છે. એ છે તારા કરેલા, તારા કરેલા હોવા છતાં તારી જાતથી વિરુદ્ધ જાતિના છે, એ જાત છે એ તને અનુકૂળ નથી, તને દુઃખદાયક છે, તારા સુખસ્વભાવથી એ વિરુદ્ધ છે, એમાં તું દબાઈ ગયો છે. એટલા બધા (વિભાવ થઈ) રહ્યા છે કે આખેઆખો અનંત ગુણનો ધણી, અનંત શક્તિનો ધણી એમાં દબાઈ ગયો છે, ધુમાડામાં તપેલું દેખાતું નથી. એના જેવી વાત છે.

મુમુક્ષુ :- એનો રસ્તો છે.

પૂજ્ય ભાઈશ્રી :— એનો રસ્તો છે, બહુ સહેલો રસ્તો છે, એકદમ સહેલો રસ્તો છે. થોડી બુદ્ધિ હોય તોપણ વાંધો આવે નહીં. એટલી જ બુદ્ધિની જરૂર છે કે, આ અનુભવી ગુરુ છે અને બસ ! એ કહે એ મને કબૂલ – મંજૂર છે. મારે મારું હિત કરવા માટે પૂરી ગરજથી એને અનુસરવું છે. એ અનુસરવામાં મારો કોઈ Voice નહિ, એમનો જેટલો Voice એટલો જ મારો Voice. વાત પૂરી થઈ ગઈ.

મુમુક્ષુ :- એકાવન ટકા નહિ, નવ્વાણુ ટકા પણ એકાદ વાતમાં ...

પૂજ્ય ભાઈશ્રી :— એમાં એવું છે કે દૂધપાકમાં તપેલામાં ઝેરનું ટીપું Majority છે કે Minority છે ? પછી એ દૂધપાકને અડાય નહિ. એમ તારે તરવું હોય તો વાત છે. એ થોડાકમાં તું ડૂબી જઈશ એમ કહે છે. થોડાકમાં ડૂબી જઈશ. તરીશ નહિ તું. જેમ એક ઝેરના ટીપામાં મરી જઈશ એમ થોડાકમાં ડૂબી જઈશ. પૂરો ડૂબીશ કે અધૂરો ડૂબીશ ? પૂરો ડૂબીશ. તરી જઈશ તો પૂરો તરીશ કે અધૂરો તરીશ ? પૂરો તરીશ.

પ્રશ્ન :- સત્પુરુષની ગેરહાજરીમાં શું કરવું ?

સમાધાન :- સત્પુરુષની ગેરહાજરીમાં સત્પુરુષના યોગની ભાવના ભાવવી કે જો આ વાત આટલી અનુકૂળ અને આત્માને માટે હિતકારક અને સહેલી હોય તો હજી પૃથ્વી નક્ષત્રિય

થઈ નથી, ક્યાંય ને ક્યાંય સત્પુરુષ બિરાજમાન હોય શકે છે, એ સત્પુરુષ મારી પાત્રતા તૈયાર થતાં મને મળી જશે. નહિ મળે તો પાત્રતા ફાટીને અંદરથી પરમાત્મા પ્રગટ થશે, નહિતર બહુભાગ તો એને મળ્યા વિના રહેતા નથી. આમ છે. જેની પાત્રતા પાકે છે એને મળ્યા વિના રહેતા નથી.

'સોગાનીજી'નો એ દૃષ્ટાંત વિચારવા જેવો છે કે ક્યાં 'અજમેર'ના દિગંબર સંપ્રદાયમાં પડ્યા હતા અને એમની જે સંપ્રદાયની માનેલી ક્રિયાઓ કરતા હતા. પૂજા પાછળ લાગ્યા તો છ-છ કલાક પૂજા કરી. શાસ્ત્ર વાંચે તો આખો દિવસ શાસ્ત્ર વાંચે, ધ્યાન કરે તો આખો દિવસ ધ્યાન કરે. પાત્રતા ઘણી તૈયાર થઈ કોઈ નિમિત્ત નહોતું ત્યાં. એક 'આત્મધર્મ' હાથમાં આવ્યું. આઠ દ્રવ્યથી પૂજા કરવી નહિ, એક જ દ્રવ્ય છે. ષટ્ આવશ્યક નથી, એક જ આવશ્યક છે. ચોંટ લાગી ! એમના વચનોમાં, પાછળ 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'ના જે ૬૪૫ બોલ છે એમાં એક વાત ધ્યાન ખેંચવા જેવી છે. એ વારંવાર એમ કહે છે કે, આ વાત સાંભળતા ચોંટ લાગવી જોઈએ. એમ શું કરવા કહે છે ? કે, પોતાને એ વાત જ્યારે પહેલીવહેલી મળી ત્યારે એની ચોંટ લાગી છે. ક્યારે એને ચોંટ લાગે છે ? કે, પાત્રતા તૈયાર થઈ હોય, દર્શનમોહનો રસ ગળ્યો હોય તો એને ચોંટ લાગે અને નહિતર દર્શનમોહનું ગોદડું ઓઢ્યું હોય, ગમે એટલી વાતો આવે એને કાંઈ અડે નહિ. આવું છે.

મુમુક્ષુ :– ઘણાંએ વાંચ્યું 'આત્મધર્મ.'

પૂજ્ય ભાઈશ્રી :– લાખો માણસોને મોકલ્યાં છે. લાખો બહાર પડી ગયા અને લાખો માણસોએ વાંચ્યા છે. ('સોગાનીજી'ને) ચોંટ લાગી છે. પહેલુવહેલુ વાંચ્યું ત્યારે ચોંટ લાગી. 'આત્મધર્મ'ની ઉપર 'ગુરુદેવ'નો જે ફોટો હતો એને અર્ઘ ચડાવે છે. અર્ઘ તો પૂજાનું અંગ છે. શું છે ? અર્ઘ તો પૂજાનું અંગ છે. અને હજી આ તો પુસ્તકનું પાનું છે. સાક્ષાત્ પણ નથી, પુસ્તકનું પાનું છે. એટલું બહુમાન આવ્યું છે કે એ વખતે અર્ઘ ચડાવ્યો.

પ્રશ્ન :– અષ્ટ દ્રવ્ય નથી, એક જ દ્રવ્ય છે એમ કહેવા પાછળ શું આશય છે ?

સમાધાન :– એમ કે, એક આવશ્યક છે એટલે એક આત્મામાં અંતર્મુખ થવું એ એક જ અવશ્ય કરવા યોગ્ય છે. આવશ્યકનો અર્થ થાય છે–અવશ્ય કરવાયોગ્ય. ક એટલે કરવાયોગ્ય. આવશ્યક એટલે અવશ્ય. શું અવશ્ય કરવાયોગ્ય છે ? કે, અંતર્મુખ થઈને આત્મામાં લીન રહેવું તે એક જ આવશ્યક છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રાણિ ધર્મ એ એક જ આવશ્યક છે. છ પ્રકારના આવશ્યક એ તો વ્યવહારમાં જાય છે. એ છ પ્રકારના છ વિકલ્પ છે એ

એમને બોજો હતો. શું છે ? મૂળ તો વિકલ્પથી થાકેલા હતા. આ અષ્ટ પ્રકારી પૂજા અને છ પ્રકારના આવશ્યક, આ બધા વિકલ્પો મને પોસાતા નથી. હું તો વિકલ્પ વિનાની ચીજ (છું) અને એમાં નિર્વિકલ્પભાવે અંદર રહી જવાતું હોય તો આ વિકલ્પ કરવા પોસાતા નથી, કરવા નથી. એ સ્થિતિમાં એ આવેલા અને એમાં જ્યારે એ વાત મળી ગઈ. અંદરથી એમ સ્પષ્ટ ન થતું હોય પણ ભાવ એવો રહેતો હોય અને સ્પષ્ટ ન થતું હોય ત્યારે એમ કહેનાર મળે ત્યારે એને જાણે કોઈએ રસ્તાનો દરવાજો ખોલી દીધો હોય એવું લાગે કે, અરે...! હું જેની શોધ ચલાવતો હતો એ વાત તો આમણે કરી છે. આ તો ટૂંકો રસ્તો બતાવે છે.

એ અર્ઘ ચડાવવામાં એમને શું વાંધો ? એ વાત લેવી છે. છીંછરા વિચારમાં એ સમજાય એવું નથી પણ બહુ ઊંડી વાત છે. એ કાળે એ મુમુક્ષુજીવને એમ લાગે છે કે, મારા તારણહાર મને મળ્યા અને હું તરી ગયો, બેય વાત એને દેખાય છે. હું તરી ગયો એમ દેખાય છે. તારણહાર સામે છે અને હું તરી ગયો છું, બસ ! આ એનો એક અર્ઘ ચડાવી દ્યે છે. સ્વાહા.. એ અર્ઘ સ્વાહા નથી કરતા, આખા સંસારને એણે સ્વાહા કર્યો. આમ છે.

મુમુક્ષુ :- આવી રીતે સહજ અંદરથી આવવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એની યોગ્યતામાં એમ જ આવે છે. એ બહુ ઊંડા વિચારનો વિષય છે. વિદ્વાનની ગણતરીમાં વિષય આવે એવું નથી. વિદ્વાનોને એમ થાય કે આ તો ચોથું ગુણસ્થાન છે. ચરણાનુયોગમાં ચોથું ગુણસ્થાન ગણાય અને આને અર્ઘ કેમ ચડાવાય ? વળી આ તો પુસ્તકનું પાનું છે, આને અર્ઘ કેમ ચડાવાય ?

મુમુક્ષુ :- ચોથું ગુણસ્થાન, પાછું અવ્રતી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અવ્રતી નથી કહેતા, અસંયમી કહે છે. શબ્દ એ વાપરે છે. વિદ્વાન લોકો અસંયમી(ના) અર્થમાં વાપરે છે. શાસ્ત્રમાંથી શોધી કાઢે, 'ह्णँ फ्रफ्र्फ्रक्रों फ्रफ्रेंरे हि' અસંયમીને વંદન કરાતા નથી. બાપુ ! આ પ્રકરણ ચાલ્યું છે બીજું અને (તું) કાંઈક સમજ્યો છો બીજું. ત્યાં દ્રવ્યલિંગી મુનિની વાત ચાલી છે. 'ह्णँ फ्रफ्र्फ्रक्र ों फ्र फ्रेंरे हि' એ ચાલ્યું છે 'અષ્ટપાહુડ'માં સૂત્ર છે. 'કુંદકુંદાચાર્યદેવે' ત્યાં દ્રવ્યલિંગીને અસંયમી કહ્યા છે. દ્રવ્યલિંગી સંયમી જે થાય, બાહ્ય સંયમમાં પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણનો પૂરો સંયમ હોય (છતાં) વંદન કરીશ નહીં. ના પાડી છે. મારા કરતા ઊંચા કે નહિ ? તને વંદન કરવાની ના પાડી છે. એને વંદન કરાય નહિ. અત્યારે તો દ્રવ્યલિંગી પણ નથી. પણ દ્રવ્યલિંગી હોય તોપણ વંદન

ન કરાય. એટલી વાત લીધી છે.

મુમુક્ષુ :- એ વાતને અહીંયાં બેસાડી. વાત ને ઊંધી બેસાડી.

પૂજ્ય ભાઈશ્રી :- એ વાતને અહીંયાં બેસાડી દીધી, જ્ઞાનીની જ્ગ્યાએ બેસાડી દીધી. પોતાના અભિપ્રાયને કોઈપણ શાસ્ત્રના કથન સાથે આગળપાછળનો વિચાર કર્યા વિના કે એ દશામાં આવ્યા વિના, એટલી ગરજની દશામાં આવ્યા વિના, એટલી પાત્રતાની દશામાં આવ્યા વિના, પોતાના અભિપ્રાય અનુસાર અર્થ કરી નાખે, (એમાં) મોટો અનર્થ થાય. એમાં બહુ મહાઅનર્થ થાય છે.

મુમુક્ષુ :- ખરેખર તો ચોથા ગુણસ્થાને ભગવાન થઈ ગયા. શાસ્ત્રમાં આધાર આપ્યા છે. ચોથા ગુણસ્થાનવાળાને ભગવાન કીધેલા છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરમાત્મા, જિન... પરમાત્મા કરણાનુયોગના શાસ્ત્રમાં જિન કહ્યા છે. નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી 'ગોમટ્ટસાર'માં એને જિન કહે છે. 'વીરસેનસ્વામી' 'ધવલ'ની અંદર જિન કહે છે. આ તો કરણાનુયોગના શાસ્ત્રો છે. અધ્યાત્મના શાસ્ત્રમાં, 'સમયસાર'માં એને પરમાત્મા કહ્યા છે.

મુમુક્ષુ :- સ્વાધ્યાય વિપરીત અભિનિવેશ રહિત...

પૂજ્ય ભાઈશ્રી :— હા, એ તો વિપરીત અભિનિવેશ રહિત જ હોવો જોઈએ. સર્વ જ્ગ્યાએ વિપરીતતા શું છે એ એને ખ્યાલમાં હોવું જોઈએ અને એ વિપરીતપણું તે સ્વીકાર્ય નથી. વિપરીતપણું એમ ને એમ રાખીને કાંઈ અવિપરીત દશાને પ્રાપ્ત થાય, અવિપરીત ગુણને પ્રાપ્ત થાય, અવિપરીત સ્વભાવને પ્રાપ્ત થાય એવું તો કદી બને નહિ. કેટલા વર્ષો પહેલા આ બધી વાતો ચાલી હશે. આ તો લગભગ નવ-દસ વર્ષ પહેલાં છપાણું છે. ૪૩ની સાલ ચાલે છે ને ! ૩૩માં પ્રકાશન થયું છે. વાત તો ક્યારે થઈ હશે અને ક્યારે લખાણી હશે. આ તો પ્રકાશન થયા દસ વર્ષ થઈ ગયા. એમ નથી કે વર્તમાન પરિસ્થિતિને અનુલક્ષીને લખ્યું છે. એવું કાંઈ નથી .... ત્રણે કાળે એક જ માર્ગ છે. ચાહે તો પરિસ્થિતિ હો, ચાહે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો, ત્રણે કાળે એક જ માર્ગ છે, બીજો માર્ગ નથી.

**'ગુરુની આજ્ઞાએ વર્તવાથી કર્મ સહેજે દબાય છે...'** બસ ! કોઈ કર્મનું જોર નહિ ચાલે. તું જ્યાં ગુરુ-આજ્ઞામાં આવ્યો, ગુરુનિશ્રામાં આવ્યો, તું જ્ઞાનીના શરણમાં આવ્યો (તો) બધા કર્મ છે એ સમજી ગયા કે, ખલાસ હવે આપણું મોત બોલે છે. જેમ માણસને મોત દેખાય અને ઢીલો પડી જાય એમ જો કર્મને મન દેવામાં કે વાણી દેવામાં આવે તો કર્મ

આવું બોલે, આવું વિચારે, હેં...! આ ગુરુ-આજ્ઞામાં ગયો, આપણું મોત બોલી ગયો, હવે આપણું કાંઈ ચાલવાનું નથી. પતી ગયું. એક વાત આણે એવી પકડી છે કે ખલાસ, હવે આપણું જોર ચાલશે નહિ.

(જીવે) કોઈ આકરા કર્મ પૂર્વે બાંધેલા હોય. (હળવા કર્મ જ બાંધ્યા હોય) એવો કાંઈ નિયમ નથી. કોઈ ઘણા કઠિન કર્મ પણ બાંધ્યા હોય, તેમાં પણ એ સહીસલામત છે, ગુરુ શરણમાં રહેલો જીવ સહીસલામત છે. કઈ રીતે સહીસલામત છે ? કે, એને એ ઉદયના કાળમાં કેમ આત્માનું હિત થાય અને કેમ અહિત ન થાય, એ વાત(ની જાગૃતિ રહે છે). એ ઉદયમાં એ નવા કર્મ એવા નહીં બાંધે કે જે એણે પહેલા બાંધ્યા હતા. એમાંથી એ છૂટી જશે. તો પહેલાં ભલે ગમે તેવા બાંધ્યા હોય હવે એ સહીસલામત છે, હવે એને વાંધો નથી. જેમ અંદરમાં કોઈ આત્માના આશ્રયમાં આવે તો સહીસલામત છે એમ બહારમાં કોઈ આત્મજ્ઞાન પ્રાપ્ત મૂર્તિમંત આત્મજ્ઞાની છે એવા સત્પુરુષના શરણમાં જાય તો સહીસલામત છે. આમ છે.

મુમુક્ષુ :– એક જ લીટીમાં બેડો પાર !

પૂજ્ય ભાઈશ્રી :– સહેજે કર્મ દબાશે, કર્મને દબાવું પડશે, હવે તારે દબાવાની જરૂર નથી. અનાદિથી કર્મના ઉદય પાસે તું હારીને હેરાન થઈ ગયો, તું હારી જાય છે. હવે કર્મ દબાઈ જશે. હવે તારે દબાવાની જરૂર રહેતી નથી. જેમ માણસને કોઈ પડખીયો મળે તો જોરમાં આવી જાય છે કે નહિ ? એ રીતે આ ધીંગો ધણી કહે છે, શું કહે છે ? ગામડાની ભાષામાં ધીંગો ધણી ! શક્તિવાન ! સમર્થ પુરુષ, એના સમાગમમાં, એના આશ્રયમાં કોઈ બીવાની જરૂર રહેતી નથી. નિર્ભય થઈ ગયો, એ નિઃશંક થઈ ગયો, નિર્ભય થઈ ગયો, એનો સંસાર છૂટી ગયો એવી પ્રતીતિ એને આવી જ જાય છે. ઇ જે અર્ઘ ચડાવ્યો એમાં સંકેત છે, એની પ્રતીતિ એને ત્યાં આવી ગઈ. એ વખતે વિશ્વાસ આવી ગયો. નહિતર પહેલી વખત સાંભળ્યું એમાં આ ભાવભાસન ક્યાંથી આવ્યું ? મૂળ દિગંબર, પહેલાવહેલા 'સોનગઢ' આવ્યા ને વ્યાખ્યાન સાંભળે છે તો એ ભાવભાસનમાં આવી જાય છે. એમને વાત ત્યાં ચોંટ મારી ગઈ હતી. પછી પ્રત્યક્ષ થયું, પેલું પરોક્ષ હતું. એટલે પરોક્ષથી તો કામ થતું નથી. એમને પ્રત્યક્ષ આવવાનો ભાવ થયો એટલે કહ્યું કે, મારે આવવું છે, તમે જાઓ ત્યારે મારે આવવું છે. (એક મુમુક્ષુને) એ વાત કરી હતી. એ ન આવી શક્યા. બન્નેએ તારીખ નક્કી કરી. પેલાને કામ આવી ગયું, એ ત્યાં રહી ગયા અને આ એકલા

ગાડીમાં બેસી ગયા. એ 'કિશનગઢ'થી બેસે અને આ 'અજમેર'થી બેસે. એટલે પહેલા એમને બેસવું પડે. એમણે તો ટિકિટ લઈ લીધેલી હોય તો એ આવશે, એક ડબ્બામાં થઈ જઈશું. ન મળ્યાં તો કાંઈ નહીં ટિકીટ લીધી છે, બેસી જાઓ આપણે. કંઈક કારણ બની ગયું હશે. આવી ગયા (સોનગઢ).

આત્મા સાંભળ્યો. જ્ઞાન અને રાગ જુદા છે. એ જ્ઞાનમાં આત્મા સાંભળ્યો. રાગ જુદો છે આત્માથી એવો આત્મા સાંભળ્યો, ભિન્ન આત્મા સાંભળ્યો, રાગથી ભિન્ન જ્ઞાનમય આત્મા છે એ સાંભળ્યું અને ધૂન ચડી ગઈ એની. એમ કહેતા કે, પહેલા પંદર દિવસ ક્યાં ગયા છે મને ખબર નથી રહી. એવી આત્માની ધૂન ચડી છે કે પહેલા પંદર દિવસ ક્યાં પૂરા થઈ ગયા એ ખબર નથી રહી. પછી ઘરે નહીં કહેલું કે, હું ફલાણી જગ્યાએ – સોનગઢ જાઉં છું. બે-ત્રણ ગામની વાત ચાલી હોય. કદાચ 'મુંબઈ' જાવું પડશે, 'સોનગઢ' પણ જાવાનો વિચાર છે, ફલાણું છે. જતી વખતે એમ નહીં કીધેલું કે, હું 'સોનગઢ' જાઉં છું. ખરીદી માટે 'મુંબઈ' જાવું પડે. ક્યાંક ને ક્યાંક બહારગામ તો રહેવું પડે. એ દિવસોમાં 'મુંબઈ'માં હિન્દુ-મુસલમાનનું હુલ્લડ ફાટી નીકળેલું. એટલે આમના પંદર-પંદર દિવસ સુધી કાંઈ સમાચાર નહિ. એટલે શંકા થઈ. એટલે જ્યાં જ્યાં જવાની વાત હતી ત્યાં બધે એ લોકોએ તાર કર્યાં. .... એ જાતનો તાર કર્યો. તમે કુશળ છો એના તારથી સમાચાર આપો. 'સોનગઢ' તાર આવ્યો ત્યારે ખબર પડી. એ લોકોએ બે-ત્રણ જગ્યાએ તાર કરેલા, જ્યાં હશે ત્યાંથી સમાચાર આવશે અને ખબર પડશે કે આ જગ્યાએ છે. પંદર દિવસે એ ભાનમાં આવ્યા ! ઠીક ! પંદર દિવસે ભાનમાં આવ્યાં છે ! એવી ધૂન ચડી ગઈ. (તાર ઉપરથી એમને એમ લાગ્યું કે) આ લોકોને કાંઈ ચિંતાનું કારણ બન્યું લાગે છે. ત્યાં સુધી ખબર નથી રહી કે રાત ક્યાં જાય છે, દિવસ ક્યાં જાય છે. એવી ધૂનમાં (ચડી ગયાં હતાં.)

શુદ્ધાત્માની પ્રાપ્તિનો રસનો એવો પ્રકાર છે. એવો કોઈ રસ છે કે એકવાર એ રસમાં આખી દુનિયાની વિસ્મૃતિ થઈ જાય છે. એનું જે પ્રાપ્ત જગત છે, આજુબાજુનું જગત છે એની વિસ્મૃતિ થઈ જાય છે. 'શ્રીમદ્જી'એ ઘણા પત્રોમાં એ મથાળું બાંધ્યું છે કે, દશ્યને જેણે અદશ્ય કર્યું અને અદશ્યને જેણે દશ્ય કર્યું. દશ્યમાન જગતને જેણે અદશ્ય કર્યું અને અદશ્ય એવા આત્મતત્ત્વને જેણે દશ્યમાન કર્યું એવા મહાત્માઓને નમસ્કાર ! આવું મથાળું બાંધી અને પછી એ પત્ર લખતા. એ આ વાત છે કે, એકવાર જગતનું વિસ્મરણ કર. તારી માનેલી – આ મારી દુનિયા છે, મારી આ દુનિયા છે એમ માનેલી દુનિયાને એકવાર

તું ભૂલી જા અને અંદરમાં એક ચૈતન્યલોક છે, અનંત ગુણની એક નવી દુનિયા છે એ દુનિયામાં એકવાર તું ડૂબકી માર, એમાં આવી જા. જા તને અમરપટ્ટો મળશે, એમ કહે છે. તું અમર થઈ ગયો, હવે તારા જન્મ-મરણ નથી, એમ કહે છે.

પ્રશ્ન :– પહેલું 'આત્મધર્મ' જે આવ્યું એ પહેલા 'ગુરુદેવ'નું નામ સાંભળેલું ?

સમાધાન :– સાંભળ્યું હોય કદાચ પણ એ તો ઘણાના નામ પ્રસિદ્ધિમાં આવતા હોય અને કોઈ નામ જુદું જુદું સાંભળ્યું હોય પણ એ બાબતમાં કાંઈ વિચાર ચાલ્યો ન હોય, કાં પોતે Importance ન આપ્યું હોય, વાતચીતમાં કાંઈ ઉલ્લેખ નથી થયો, એ વિષયમાં કોઈ ઉલ્લેખ નથી થયો.

પ્રશ્ન :– 'આત્મધર્મ' વાંચીને જ એમણે નક્કી કરી નાખ્યું કે આ જ્ઞાનીપુરુષ છે ?

સમાધાન :– 'આત્મધર્મ'માં શું છે કે મુદ્દાની વાતો આવી, ચોંટ મારે એવી. ષટ્ આવશ્યક નથી, એક જ આવશ્યક છે. હેં...! છ આવશ્યક તો પાકા કરેલા. એ તો એને વિકલ્પનો વિષય, મૂંઝવણનો વિષય હતો, એ દર્શનપરિષહમાં હતા.

પ્રશ્ન :– તર્ક ન ઠ્યો ?

સમાધાન :– ના, તર્ક ન ઠ્યો. તર્ક ન ઠ્યો, લટાનું બધા તર્ક શાંત થાય એ પરિસ્થિતિ આવી. વિકલ્પથી મૂંઝાતા હતા. નિર્વિકલ્પ કેમ થાવું એ રસ્તો જડતો નહોતો. છ વિકલ્પ નથી, છ આવશ્યક નથી, આવશ્યક તો એક જ છે આત્મા. લાગે છે કાંઈક .... એટલે પ્રતીતિ આવે છે. વાતમાં પ્રતીતિ આવી જાય છે. એવો જ કોઈ યોગ્યતાને એ વિષયમાં ઊંડો સંબંધ છે. એ વિષયનો ઊંડેથી વિશ્વાસ આવે છે. નહિતર પાંચસો માઈલની મુસાફરી કરીને અહીં સુધી કોણ આવે ? આ તો સૌરાષ્ટ્રના અંદરના ભાગમાં આવેલું ગામડું છે. પાંચસો માઈલની મુસાફરી, કોઈ ઓળખે નહિ, પાળખે નહિ, લેવા નહિ, દેવા નહીં. અજાણ્યું સ્થળ, કોણ ક્યાં કેવું હશે કાંઈ ખબર નથી, શું વ્યવસ્થા હશે એ ખબર નથી. એમ ને એમ ચાલી નીકળે છે. જરૂર એણે કોઈ મોટી આશા ભાખી છે તો આવે છે.

મુમુક્ષુ :– કોઈ તર્ક ન આવ્યો પણ એણે કૂટસ્થ કીધો એમાં ખળભળાટ થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– કૂટસ્થ, અપરિણામી અને ધ્રુવ ત્રણેય શબ્દો એમના બહુ ખાસ બોલવાના હતા.

પ્રશ્ન :– કૂટસ્થ એટલે ?

સમાધાન :– કૂટસ્થ. કૂટ એટલે લાકડું એમ ને એમ પડ્યું રહે. સ્થ એટલે પડ્યું રહે.

લાકડું એમ ને એમ પડ્યું રહે. એમ અંદરમાં પરમધામ જે આત્મા છે એ એકરૂપ એમ ને એમ સદૃશ્ય, સદૃશ્ય, સદૃશ્ય, સદૃશ્ય ભાવે એમ ને એમ કૂટસ્થ રહે છે. હલતો નથી, ચલતો નથી. અવિચલિત સ્વભાવે રહે છે, અવિચલિત સ્વભાવના ન્યાયે એને કૂટસ્થ પણ કહેવામાં આવે છે.

એમાં શું છે કે, આત્માનું વર્ણન અનેક પ્રકારે સાંભળ્યું હોય. એ વર્ણનમાં અનેક જાતના આત્માના બતાવનારા, દર્શાવનારા શબ્દોનો પરિચય કર્યો હોય. કોનો પરિચય કર્યો હોય ? શબ્દોનો પરિચય કર્યો હોય પણ ભાવ ભાસ્યો ન હોય. એ શબ્દથી કોઈ નવો શબ્દ આવે તો જેણે શબ્દનો પરિચય કરીને કલ્પના કરી છે કે, આવો આત્મા. એને એમ થાય કે આ નવી વાત કરે છે એ ખોટી છે. અમારા જ્ઞાની ગુરુએ તો કદી આવી વાત કરી નથી. માટે આ નવી વાત છે. ત્યાં શું વિચારવું જોઈએ ? કે, જે જ્ઞાની ગુરુને પોતે સ્વીકાર્યા છે એની સંમતિ લેવી જોઈએ કે, આપે આવું નથી કહ્યું એવું અમને લાગે છે, આમણે આવું કહ્યું તો આ બેમાં હકીકત શું છે ? કોઈ એમ કહે કે, અમે કહ્યું છે. સાંભળો ફલાણી જગ્યાએ અહીંયાં એમ કહ્યું છે. તો કહે બતાવી દ્યો. બીજા ભાગમાં આધાર મૂક્યા જ છે ને ! ત્રણ ભાગમાંથી બીજા ભાગમાં 'ગુરુદેવ'ની વાણીના જ આધાર મૂક્યા છે. ત્રણ પ્રવચન મૂક્યા છે. બીજી બે વાત, એક 'આત્મધર્મ'માંથી અને એક, 'સમયસાર'ના પૂજ્ય 'બહેનશ્રી'ના લખેલા પ્રવચનમાંથી વાત લીધી છે. અપરિણામી ત્યાંથી લીધું છે. એ 'બહેનશ્રી'ના પ્રવચન એ જમાનાના લખેલા, બહુ શરૂઆતમાં. એમાંથી એ વાત લીધી છે. ૨૮૦ ગાથાના ભાવાર્થ ઉપરના પ્રવચનમાં એ વાત ચાલી છે. ત્યાં ત્રણ જગ્યાએ આત્માને અપરિણામી કહ્યો છે. એ કહ્યું હોય છે પણ પોતાનું ધ્યાન ન હોય. એવું પણ બનવા યોગ્ય છે કે, કહ્યું હોય અને પોતાનું ધ્યાન ન રહ્યું હોય. કલ્પના જ્યાં સુધી હોય ત્યાં સુધી તો બહુ વિનમ્ર રહેવું જોઈએ. આ વિષય આપણે સીધેસીધો ઉપાડવો નથી, ગુરુ-આજ્ઞાએ જે કાંઈ થાય તે કરવાનું છે, એમાં આપણો કાંઈ Voice છે નહીં. બસ ! આટલું રાખે તો એ જીવને બીજી તકલીફ થાય નહિ. નહિતર તો ઘણી તકલીફનો વિષય છે.

પ્રશ્ન :– 'સોગાનીજી'ને સમ્યગ્દર્શન થયું ત્યારે 'ગુરુદેવ'ને બીજા દિવસે ખબર પડી ?

સમાધાન :– નહિ, 'ગુરુદેવ'ને તો 'સોગાનીજી'ના દેહાંત પછી 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' વાંચ્યા પછી એ વિષય ખ્યાલમાં આવ્યો છે. ત્યાં સુધી આપસમાં પરિચય નહોતો. કેમકે આ તો બહુ ઓછાબોલા હતા. બહુ ઓછાબોલા એટલે લગભગ બોલતા જ નહિ એમ કહીએ તો

ચાલે અને મુમુક્ષુઓનો પરિચયમાં આવવા માગતા નહોતા અને લગભગ આવતા નહોતા. પાછળથી થોડા મુમુક્ષુઓનો પરિચય થયો પણ એ તો એકલા પોતાની મસ્તીમાં રહેતા અને કોઈની સાથે કાંઈ સંસર્ગ નહિ, સંપર્ક નહિ અને પોતાનું કામ બહુ મજબૂત રીતે આગળ વધારતા ગયા. એટલી તૈયારી કરી કે આ કાળમાં, આ ભવમાં જે તૈયારી કરવી જોઈએ એ પૂરી તૈયારી કરી નાખી. અહીંથી તો મોક્ષ નથી, એક અવતાર તો થવો જ જોઈએ, એક અવતાર પછી તરત જ મોક્ષ છે. જેટલી તૈયારી અહીંયાં કરવી જોઈએ એટલી પર્યાપ્ત કરી લીધી. બીજું, એવો સત્‌સમાગમ મળ્યો નથી તોપણ સત્‌સમાગમની ભાવના એ એવું કામ કર્યું છે. જુઓ ! એવો પુણ્યયોગ નથી રહ્યો કે પાત્રતા અને યોગ્યતા આટલી જબરજસ્ત હોવા છતાં પુણ્યયોગ નથી તો ભાવનામાં રહ્યા છે અને એ ભાવનાએ એમને આગળ વધવા દીધા છે. નહિતર સમાગમમાં રહે તો ભાવના કાર્યકારી છે અને વિયોગમાં રહે તોપણ ભાવના જ કાર્યકારી છે. ભાવના તો ઉત્કૃષ્ટ થઈ ગઈ હતી. (સમય થયો છે).

***

**તત્ત્વ – શ્રવણ, વાંચન અને વિચાર સમયે, જે તે ભાવોના અનુભવનો દૃષ્ટિકોણ મુખ્ય રાખવાથી યથાર્થ સમજાય અથવા ભાવભાસન થાય. અનુભવનો દૃષ્ટિકોણ લાગુ કરવો. તેથી પરિણામમાં અનુભવપદ્ધતિથી કાર્ય થશે. તત્ત્વ અભ્યાસની આ જ સાચી રીત છે. અન્યથા પ્રકારે તત્ત્વ – અભ્યાસ કરવાથી ગુણ થતો નથી. પરંતુ 'હું જાણું છું' – એવું અભિમાન પ્રાયઃ થાય છે.**

**(પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ 'અનુભવ સંજીવની' – ૯૪૦)**

જેમ કમળ કાદવ અને પાણીથી જાુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જાુદું જ છે; તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહિ થાય. તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી. આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જાુદાપણું જણાય જ છે. ૧૬૦.

તા. ૧૨-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૬૦
પ્રવચન નં. ૧૨૨

ભેદજ્ઞાનનો વિષય છે આ બોલમાં અને ભેદજ્ઞાનનો વિષય છે એવું જ વસ્તુનું સ્વરૂપ છે. પહેલાં દૃષ્ટાંત આપ્યું છે. **'જેમ કમળ કાદવ અને પાણીથી જુદું જ રહે છે તેમ તારું દ્રવ્ય કર્મ વચ્ચે રહ્યું હોવા છતાં કર્મથી જુદું જ છે; તે ગયા કાળે એકમેક નહોતું, વર્તમાનમાં નથી, ભવિષ્યમાં નહીં થાય.'** ત્રણ કાળનો વિષય લીધો છે. કમળનું દૃષ્ટાંત છે કે, કમળ નિરંતર કાદવ અને પાણી વચ્ચે રહેલું જોવામાં આવે છે. એટલે તો એનું નામ 'પંકજ' પાડ્યું છે. પંક એટલે કાદવ. **ग़्फ्रेळज़्प्रॅम्र्क्रिह्निम्रफ़ळज़्प्र** કાદવ એટલે માટી. તળાવની માટી એવી રીતે હોય છે. પાણી ભરેલું રહે છે એવા તળાવની અંદર કમળ ઉત્પન્ન થાય છે. સદાય – નિરંતર કાદવ અને પાણી વચ્ચે હોવા છતાં કમળ જુદું છે, પાણી જુદું છે, કાદવ જુદો છે. એમ આત્મદ્રવ્ય – ચૈતન્યદ્રવ્ય શરીરના ક્ષેત્રના આકારે જે આ ચૈતન્યદ્રવ્ય છે એમાં કાર્મણવર્ગણાના અનંતા કર્મ પરમાણુઓ પણ એ જ ક્ષેત્રે સૂક્ષ્મ પર્યાયે પરિણમિત હોવાથી ચક્ષુ ઇન્દ્રિયનો

વિષય થતાં નથી. કર્મના પરમાણુ અનંત છે તોપણ એની સ્થૂળ પર્યાય એવી નથી કે જે ઇન્દ્રિયજ્ઞાન દ્વારા જોઈ શકાય કે સ્પર્શથી એનો ખ્યાલ આવે. સ્પર્શનાઇન્દ્રિયથી સ્પર્શનો ખ્યાલ આવતો નથી અને ચક્ષુ ઇન્દ્રિયથી એને જોઈ શકાતા નથી. એવા અનંત કર્મના પરમાણુઓ જે જીવની સાથે સંબંધ પામેલા છે. જીવના વિકારીભાવોનું નિમિત્ત પામીને અનંતકાળથી કર્મ પરમાણુને અહીંયાં દ્રવ્યકર્મ કહે છે કેમકે એ કર્મ પુદ્ગલ દ્રવ્ય છે, એટલે એને દ્રવ્યકર્મ કહ્યાં. તેની વચ્ચે ચૈતન્યસ્વરૂપી આત્મા રહ્યો હોવા છતાં, સદાય રહેતો હોવા છતાં, અનંતકાળથી રહ્યો હોવા છતાં કર્મથી તદ્દન જુદો છે. કર્મની કોઈપણ પ્રકારની પર્યાયને અને ચૈતન્ય દ્રવ્યને ખરેખર કાંઈ લેવાદેવાનું આપસમાં હોતું નથી. એ કર્મ પરમાણુમાં પ્રકૃતિનો વિપાક આવે છે એને કર્મનો ઉદય કહે છે તોપણ એ કર્મનો ઉદય પરમાણુની પર્યાયમાં થાય છે, કર્મનો ઉદય જીવના ભાવમાં થતો નથી, જીવની પર્યાયમાં થઈ શકતો નથી. (લોકો) કર્મથી બિવડાવે છે.

મુમુક્ષુ :– આકરા કર્મ..

પૂજ્ય ભાઈશ્રી :– આકરા કે વગર આકરા, જેવા છે એવા તે તેનામાં છે. તને કાંઈ કરી શકતા નથી, તને અડી શકતા નથી, તને સ્પર્શ કરી શકતા નથી, તને દુઃખ દઈ શકતા નથી, તને સુખ દઈ શકતા નથી. એમ કહે છે કે આ દર્શનાવરણીયથી નિંદ્રા આવે છે, જ્ઞાનાવરણીયથી જ્ઞાનને આવરણ આવે છે એટલે તો એનું નામ જ્ઞાનાવરણીય પાડ્યું છે, એનું નામ દર્શનાવરણીય પાડ્યું છે (કેમકે એ) દર્શન ઉપયોગને આવરે છે. એ કર્મ કાંઈ કરતા નથી અને એનું નામ પાડ્યું છે ? કે જીવ પોતે જ્ઞાનને આવરે એવો ભાવ કરે ત્યારે એવા કર્મનો, એ પ્રકૃતિનો ઉદય હોય છે અથવા એવો એનો સ્વાદ મળતો ભળતો હોય છે એટલે બન્નેનું એક નામ દેવામાં આવે છે – ભાવ જ્ઞાનાવરણીય અને દ્રવ્ય જ્ઞાનાવરણીય, ભાવ દર્શનાવરણીય અને દ્રવ્ય દર્શનાવરણીય, ભાવ દર્શનમોહ અને દ્રવ્ય દર્શનમોહ. મિથ્યાત્વ પ્રકૃતિ દર્શનમોહની દ્રવ્યકર્મની પ્રકૃતિ અને ભાવ દર્શનમોહ. એમ દ્રવ્ય અંતરાય અને ભાવ અંતરાય. એને ભળતો જીવનો ભાવ છે એટલે એને બન્નેને નામ એક દેવામાં આવે છે. હવે નિમિત્તનૈમિત્તિક સંબંધે જીવ એને અનુસરે છે અને જીવ એને અનુસરે છે ત્યારે નિમિત્તનૈમિત્તિક સંબંધે નવા કર્મનો આસ્રવ અને સંબંધ થાય છે. એ બધી પ્રક્રિયા જીવને બન્ને વચ્ચેનો સંબંધ ગણવામાં આવે છે. તોપણ દ્રવ્યાનુયોગનો જે વિષય છે કે જડ અને ચેતન પદાર્થો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પોતપોતાના સ્વ-ચતુષ્ટયથી અત્યંત ભિન્ન છે

અને બન્ને વચ્ચે અત્યંત અભાવ છે, કોઈપણ જાતનો સદ્‌ભાવ નથી. એ વિષય રાખીને નિમિત્તનૈમિત્તિક સંબંધને દર્શાવવામાં આવે છે. એમ સમજવું.

અહીંયાં અધ્યાત્મના વિષયમાં તો એવી વાત લેવી છે કે પરદ્રવ્ય સાથે સંબંધ રાખીને તેં રાગ દ્વેષ કર્યા અને દુઃખી થયો અને સંસારમાં પરિભ્રમણ કર્યું. હવે એ પરદ્રવ્ય જુદું છે એનું જ્ઞાન કરાવીને, તને જુદાંપણાનું ભાન કરાવીને ભાવથી તારું જુદાંપણું અનુભવ કરવા માટે તને એનું જુદાંપણું દર્શાવવામાં આવે છે, કહેવામાં આવે છે.

**'તારું દ્રવ્ય...'** કમળના દૃષ્ટાંતે દ્રવ્ય કર્મની વચ્ચે રહ્યું હોવા છતાં અનંત દ્રવ્ય કર્મના પરમાણુ એક જ ક્ષેત્રે છે કે જ્યાં તારું આત્મદ્રવ્ય પણ છે, ચૈતન્યપિંડ આત્મા પણ છે છતાંય એ તમામ કર્મથી – સમસ્ત કર્મથી જુદું જ છે અથવા તદ્દન જુદું છે. જરાપણ તારે એની સાથે કોઈપણ પ્રકારનો સંબંધ છે અથવા હું એના કારણરૂપે છું અને એ મારા કારણરૂપે છે એવું કાંઈ પણ તારે ગ્રહણ કરવાની જરૂર નથી. જુદાંને જુદાંપણે જાણી લે અને એની ઉપાધિથી અને એની ચિંતાથી તું મુ ત થા. કોઈપણ કર્મની તારે ચિંતા કરવાની જરૂર નથી.

મુમુક્ષુ :- બાંધેલા તો પોતે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાના વિકારી ભાવના નિમિત્તે બંધાવાની એની યોગ્યતા હતી તે બંધાણો. જુઓ ! જગતમાં વાતાવરણમાં કાર્મણવર્ગણા અનંતી છે. એક એક કાર્મણવર્ગણામાં અનંતા દ્રવ્ય કર્મના પરમાણુ છે, કર્મ પુદ્‌ગલ છે. હવે એક જીવે ભાવ કર્યો ત્યારે એમાંથી અમુક આવ્યા અને જીવના પ્રદેશ સાથે એણે સંબંધ રાખ્યો, અમુક કાળ પર્યંત – મર્યાદિત કાળ પર્યંત. તો બધાએ એની સાથે સંબંધ કેમ ન ધરાવ્યો ? બધા એકસરખા કર્મસામાન્યમાં હતા. કાર્મણવર્ગણામાં બધાની યોગ્યતા કર્મસામાન્યની હતી. કોઈને હજી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીયની ત્યાં કાંઈ વિભાગની પ્રકૃતિ (નહોતી). પ્રકૃતિનો કોઈ વિભાગ કાર્મણવર્ગણાની અંદર નથી. જ્યારે આ જીવ ભાવ કરે છે ત્યારે કેટલાક જ્ઞાનાવરણીય પરિણમવા યોગ્ય તે જ્ઞાનાવરણીયપણે પરિણમે છે, દર્શનાવરણીય પરિણમવા યોગ્ય તે દર્શનાવણીયપણે પરિણમે છે, મોહનીય પરિણમવા યોગ્ય મોહનીય કર્મની પ્રકૃતિએ પરિણમે છે. એ પ્રકૃતિનો ભાગ ઉત્પન્ન થાય છે એને આસ્રવ કહે છે અને જે ક્ષેત્રે – એ તો આત્માના જે ક્ષેત્રે છે એ જ ક્ષેત્રે હોય છે, બહારથી કાંઈ એને આવવાનું હોતું નથી.

અહીંયાં જે ક્ષેત્રે કાર્મણવર્ગણા કર્મસામાન્ય છે ત્યાં ને ત્યાં કેટલાક પરમાણુમાં પ્રકૃતિનો – ભિન્ન ભિન્ન પ્રકૃતિનો વિભાગ ઉત્પન્ન થાય છે અને એ કર્મના પરમાણુઓ જીવની સાથે

એકક્ષેત્રાવગાહ સંબંધે એટલે કે જ્યાં જ્યાં જીવ ગતિ કરે ત્યાં ત્યાં એ એની સ્થિતિ પૂરી ન થાય ત્યાં સુધી સાથે ને સાથે રહે છે. સંયોગમાં રહે છે, સાથે રહે છે એટલે સંયોગમાં રહે છે. એને બંધ અથવા સંબંધ કહેવામાં આવ્યો. બસ ! આટલી જ વાત છે આમાં. છતાં એ સ્વતંત્ર રીતે પરિણમ્યા છે. જીવ એની ઇચ્છા પ્રમાણે પરિણમાવે છે એવું તો કાંઈ નથી. જીવને બંધ તો જોતો નથી છતાં ભાવ કરે તો બંધાયા વિના રહે નહીં. કેમકે એ તો એનું વિજ્ઞાન છે, કાર્મણવર્ગણાનું એ વિજ્ઞાન છે. અને જે પરમાણુઓ જે કર્મની પ્રકૃતિએ સ્વતંત્ર પરિણમવા યોગ્ય છે તે પરિણમે છે. ખરેખર તો વિભાવ કરનાર જીવને ખબર પણ હોતી નથી કે કેટલા કર્મ પરમાણુઓનો આસ્રવ અને સંબંધ થયો અને કઈ કઈ પ્રકૃતિનો કેટલા પરમાણુનો જથ્થો અથવા સંખ્યા બંધાણી છે એની એને ખબર હોતી નથી. એ તો સ્વયં જ કાર્ય થાય છે. જો જીવ કરતો હોય તો જીવને ખબર હોવી જોઈએ પણ તમારા જીવને શું ખબર છે ? ક્યારે કેટલા કર્મનો સંબંધ થયો ઇ ખબર છે ?

મુમુક્ષુ :- બાંધવાય નથી..

પૂજ્ય ભાઈશ્રી :- બાંધવાય નથી. પણ એની કાંઈ ખબર નથી, એ કાંઈ કરતો નથી પેલા સ્વયં બંધાય છે, એની યોગ્યતાને લઈને. જીવ વિભાવ કરે અને કર્મનો સંબંધ ન થાય એવું બને નહીં. નિયમબદ્ધ, ડિગ્રી ટુ ડિગ્રી (બંધાય). જેવો વિભાવ કરે, બસ ! એવા જ એને કર્મ પરમાણુનો સંબંધ થાય. લોભનો ભાવ કરે અને ક્રોધની પ્રકૃતિ ન પડે. ક્રોધનો ભાવ કરે અને લોભની પ્રકૃતિ ન પડે. એ તો જેવો ભાવ કરે એવી જ પ્રકૃતિ અહીંયાં ઉત્પન્ન થાય. કુદરત જો વિકારી ભાવ સાથે બંધાયેલી છે..

મુમુક્ષુ :- 'બહેનશ્રીનાં વચનામૃત'માં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા ! ત્યાં તો એમ લીધું છે કે ભાવના સાથે કુદરત બંધાયેલી છે. જો જીવને સ્વરૂપ પ્રાપ્તિની ભાવના થાય, અપૂર્વ ભાવના થાય અને એને સ્વરૂપ પ્રાપ્તિ ન થાય એવું ત્રણ કાળમાં બનતું નથી. કુદરત બંધાયેલી છે. અંદરથી જીવ સ્વભાવ પ્રગટ થાય છે. એ કુદરત છે. વિજ્ઞાન છે કહો. કુદરત છે કહો (એકાર્થ છે). એકવાર (પૂજ્ય બહેનશ્રીને) પૂછેલું કે, આ કુદરત બંધાયેલી છે એમાં એમ લખ્યું છે કે ચૌદ બ્રહ્માંડને ફરવું પડે પણ આમાં ફેર પડે નહીં. આટલું બધું જોરથી કહ્યું એની પાછળ શું વિચાર છે ? કે, જુઓ ! આ શુભાશુભભાવથી કુદરત બંધાયેલી છે કે નહીં ? જેવો ભાવ કરે એવા કર્મ પરમાણુનો સંબંધ થાય, એવા એને ફળ આવે. બંધાયેલી છે એવા એને ફળ આવે. ઉદય

આવે ત્યાં એકદમ બધો ફેરફાર થઈ જાય. બહારમાં પણ ફેરફાર થઈ જાય, અંદરમાં પણ ફેરફાર થઈ જાય. જો વિભાવ સાથે કુદરત આ રીતે બંધાયેલી છે તો શુદ્ધ સ્વભાવ સાથે કુદરત કેમ બંધાયેલી ન હોય ?

પ્રશ્ન :- અહીંયાં કુદરત એટલે શું ?

સમાધાન :- કુદરત એટલે વસ્તુનું વિજ્ઞાન. પરમાં અને જીવ બન્નેમાં એ વિજ્ઞાન છે. જીવનું પણ એક વિજ્ઞાન છે. જેમકે જીવનો સ્વભાવ અપ્રગટ છે. ગુણ અપ્રગટ છે અને ગુણ પ્રગટ કરવા છે તો જેને ગુણ સાચી ભાવનાથી પ્રગટ કરવા છે એને ગુણ પ્રગટ ન થાય એવો એક પણ અપવાદ ખાતર કોઈ કેસ બનતો નથી. એક પણ કેસ નથી બનતો એવો, એમ કહે છે.

મુમુક્ષુ :- ભાવ કરે પશુમાં જવાના પછી જાય દેવલોકમાં...

પૂજ્ય ભાઈશ્રી :- પણ એવું કોઈ દિવસ બને નહીં. તિર્યંચને યોગ્ય પરિણામ કરે એ તિર્યંચમાં જાય, મનુષ્યને યોગ્ય પરિણામ કરે તે મનુષ્યમાં જાય. આપોઆપ કુદરતી એ બધું બને છે. જેમકે જીવ અહીંથી નરકની કે દેવની ગતિમાં જાય તો દેવગતિને લાયક પરિણામ થયા હોય તો કોઈપણ જાતના વાહન વગર, કોઈપણ જાતના સાધન વગર, અરે...! દેહ, હાથ, પગ વગર, નહીંતર કહે કે પગે ચાલીને ગયો પણ હાથ પગ વગર વિદેહી અવસ્થામાં, જ્યાં કોઈ ઇન્દ્રિય નથી, મન નથી, પાંચ ઇન્દ્રિય નથી, કાંઈ નથી, એકલો, ફ ત દ્રવ્યકર્મની વર્ગણા છે એ સાથે છે એની સ્થિતિ જે નથી પૂરી થઈ એ બધા સાથે છે, અસંખ્ય યોજન – અબજો યોજન નહીં, લાખ યોજન નહીં, કરોડ નહીં, અબજ નહીં, અસંખ્ય યોજન ! ત્યાં જીવ એક સેકન્ડમાં, એક સેકન્ડ શું એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં એક સમયમાં જઈને ભો રહે. અસંખ્ય યોજનમાં ક્યારે નીચે, ક્યારે વચ્ચે અને ક્યારે ઉપર ! નીચેથી ઉપર જવાની એ એની ઉત્કૃષ્ટ ગતિ છે. એક પરમાણુની ક્રિયાવર્તીશ તિ – ગતિ ક્રિયા ફરી શકે એવી શ તિ લોકના એક છેડેથી ચૌદે બ્રહ્માંડને વિંધી નાખીને ઉપર જાય. નીચે જાય તોપણ એટલી ગતિથી જાય, ઉપર જાય તોપણ એટલી ગતિથી જાય. આ કુદરત છે. આનું નામ કુદરત.

પ્રશ્ન :- મન અહીંયાં રહે કે મન સાથે જાય ?

સમાધાન :- નહીં. મન બે જાતના. એક દ્રવ્યમન અને એક ભાવમન. દ્રવ્યમન અહીંયાં શરીરની સાથે પડ્યું રહ્યું. ભાવમનમાં વિગ્રહગતિમાં કોઈ ઉપયોગ નથી. પછી ત્યાં મનવાળું

પ્રાણી થાય તો ભાવમન પ્રગટે, મન વગરનું પ્રાણી હોય તો ભાવમન ન પ્રગટે. એનો મનનો ક્ષયોપશમ વિલય થઈ ગયો.

પ્રશ્ન :– આ નિંદ્રામાં કર્મ બંધાય છે ઇ કઈ રીતે ?

સમાધાન :– ભાવ થાય છે, નિંદ્રામાં પણ જીવ અબુદ્ધિપૂર્વકના ભાવ કરે છે. કોઈ વખત બુદ્ધિપૂર્વકના ભાવ પણ કરે છે. સપના આવે છે ત્યાં બુદ્ધિપૂર્વકના ભાવ છે. તો ત્યાં જેવા ભાવ કરે એવો કર્મનો સંબંધ થાય છે, ડિગ્રી ટુ ડિગ્રી.

મુમુક્ષુ :– જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય કર્મ બંધાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય. એ તો આઠેય પ્રકારના કર્મનો નિરંતર ઉદય અને નિરંતર એનો આસ્રવ છે. મિથ્યાત્વ દશામાં સંસારી જીવને એનો આસ્રવ પણ નિરંતર છે, અને બંધ પણ નિરંતર છે અને ઉદય પણ એને નિરંતર છે. એ સાયકલ ચાલુ જ છે એની. એ તો મિથ્યાત્વ અવસ્થા છે ને સંસારી જીવની. સાયકલ ચાલુ જ છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ચાર ઇન્દ્રિય થાય અથવા અસંજ્ઞી થાય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, એકેન્દ્રિય થાય, કાંઈ નક્કી નહીં. એ ભાવમન એટલે ક્ષયોપશમ છે. વિચાર કરવાનો, વિવેક કરવાનો, હિતાહિતનો વિચાર કરવાનો એક ક્ષયોપશમ છે એ મૂંઢાઈ જાય છે. જ્યારે જીવ મન વગરનો થાય ત્યારે એ યોગ્યતા એની મૂંઢાઈ જાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– નહીં, એ તો ક્યારે છે કે એક માણસ સંજ્ઞી પંચેન્દ્રિય છે અને આંખો ફૂટી જાય ને આંધળો થાય. એ જોઈ શકતો નથી પણ યોગ્યતા નથી ગઈ. એટલે ઉદય આવે તો કો'ક દેખતો પણ થાય છે. થાય છે કે નથી થાતો ? કેમકે યોગ્યતા નથી ગઈ. એમ કાને ન સંભળાય તો યોગ્યતા નથી ગઈ. ચાર ઇન્દ્રિય નથી થયો, ટૂંકામાં. એ પાંચ ઇન્દ્રિયવાળો ચાર ઇન્દ્રિય આયુષ્ય પર્યંત ન થાય. પણ નીચેની ગતિનું બીજું આયુષ્ય બાંધે (તો) અસંજ્ઞી થાય ચાર ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, બે ઇન્દ્રિય. ત્યારે એને એ જાતની યોગ્યતા ખલાસ થાય છે. એમ. પછી ત્યાં એટલું જ્ઞાન મૂંઢાઈ જાય છે, એમ લેવું.

પ્રશ્ન :– સ્વરૂપ રમણતાથી કર્મનો ક્ષય થઈ જાય ?

સમાધાન :– હા, ક્ષય થઈ જાય. સ્વરૂપ રમણતા એક એવી ચીજ છે, એ નિર્વિકારભાવ

છે જીવનો. સ્વરૂપ રમણતા એ નિર્વિકાર સ્વરૂપમાં નિર્વિકારભાવે એકાગ્રતા (થાય) એને સ્વરૂપ રમણતા કહે છે, એ શુદ્ધભાવ છે, પવિત્રભાવ છે, ધર્મભાવ છે. તેનાથી અશુદ્ધિ પણ નાશ પામે છે, અશુદ્ધ પરિણામ પજવાની યોગ્યતા નાશ પામે છે અને અહીંયાં ભાવકર્મ નાશ પામે છે અહીંયાં દ્રવ્યકર્મ ખરી જાય છે. ઇ જ એનો એકમાત્ર ઉપાય. છેલ્લો કહો, પહેલો કહો પણ એકમાત્ર ઉપાય એનો એ જ છે, બીજો કોઈ ઉપાય નથી. ઉપવાસ કરે અને કર્મ ખરે એ વાતમાં કાંઈ માલ નથી.

મુમુક્ષુ :– પ્રાયશ્ચિત્ત કરે ..

પૂજ્ય ભાઈશ્રી :– પ્રાયશ્ચિત્ત તો શુભભાવ છે, પ્રાયશ્ચિત્તના જે પરિણામ છે (એ) શુભભાવ છે. એમાં કષાય મંદ પડે છે. બાકી સ્વરૂપની એકાગ્રતામાં જ કર્મ ખરે છે, આ સિવાય બીજો કોઈ ઉપાય નથી, એમ લેવું. બીજી કોઈ વાત આવેને તો એ કોઈ વાતમાં લલચાવા જેવું નથી. આમ કરશો તો તમને કર્મ ખરશે, આમ કરશો તો કર્મ તમને માર્ગ દેશે, આમ કરશો તો તમને કર્મના ઉદયની અનુકૂળતા થઈ જશે – એ કાંઈ લપમાં પડવા જેવું નથી.

મુમુક્ષુ :– તપસ્યા નિર્જરા કહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તપ એટલે સ્વરૂપની એકાગ્રતાને ત્યાં તપ કહ્યું છે. નિશ્ચય ભક્તિ, નિશ્ચય તપ, નિશ્ચય પ્રાયશ્ચિત્ત, નિશ્ચય પ્રત્યાખ્યાન, નિશ્ચય આલોચના એ બધા સ્વરૂપની એકાગ્રતાના જ નામ છે. પૂર્વે વિકલ્પ હોય છે તે અનુસાર એકાગ્રતાને નામ આપવામાં આવે છે. નિર્વિકલ્પ એકાગ્રતા થયા પહેલાં પૂર્વે ક્યો વિકલ્પ હતો ? એમ કહે કે બાર પ્રકારના તપ કે બાર પ્રકારનો વિકલ્પ છે એમાં એમ. એટલી વાત છે. નિશ્ચય વ્રત પણ એનું નામ છે ને નિશ્ચય તપ પણ એનું નામ છે. સ્વરૂપ એકાગ્રતાનું જ નામ છે.

અહીંયાં ત્રણ કાળની લખી છે કે ત્રણે કાળે તારું દ્રવ્ય જુદું છે. તારું આત્મદ્રવ્ય ચૈતન્ય મહાપ્રભુ ! ચૈતન્ય મહાપ્રભુ 'બંગાળ'માં થઈ ગયા. આ ચૈતન્ય મહાપ્રભુ છે પોતે. એનો ઇતિહાસ એવો છે કે બહુ મસ્તીવાળા બતાવ્યા છે. બસ ! એ લોકો તો ઈશ્વરકર્તાને માને છે. ઈશ્વર ભજનમાં મસ્ત રહેતા. હાલતા ચાલતા બસ ! બધી જગ્યાએ ઈશ્વર ભજન જ કર્યા કરે, બીજું કાંઈ (નહીં). એને કાંઈ બીજું ભૂખ-તરસની ભાન નહોતી રહેતી. એમ કરીને એની મસ્તી બતાવી છે. આ પોતે ચૈતન્ય મહાપ્રભુ છે. એ ત્રણે કાળે સંસાર અવસ્થામાં ભૂતકાળમાં દ્રવ્યકર્મની વચ્ચે રહ્યા છતાં જુદું રહ્યું, અત્યારે દ્રવ્યકર્મની વચ્ચે હોવા છતાં જુદું છે, ભવિષ્યમાં પણ એ સદાને માટે જુદું જ છે. એમાં કાંઈ કર્મનો ભય રાખવાની જરૂર

નથી. માખીઓની બીક લાગે છે ? એકસાથે ટોળાબંધ હોય છે ને ઘરની અંદર કે શેરીની અંદર કે ગામની અંદર કેટલી માખીઓ છે ? માણસની વસ્તી વધારે કે માખીની ? માખીની વસ્તી વધારે. એની કાંઈ બીક લાગે છે ? કેમ ? કે એ તો આમ સહેજ કોઈ અંગ ઉપાંગ હલે ત્યાં ભાગે છે, ભગાડવી પડતી નથી. બસ ! આ ચૈતન્ય આત્મા અંદરથી સહેજ એના ભાનમાં હાલ્યો કે ઓલા રસ્તો પકડે છે.

આમાં આવે છે ને ? મહાભારતમાં એક દૃષ્ટાંત આવે છે કે મહાભારતના યુદ્ધમાં સામે સામે બન્ને સૈન્યો ગોઠવાય ગયા ત્યારે જે મુખ્ય લડવાવાળો 'અર્જુન' હતો એ પોતે જ ભયાન્વિત થઈ ગયો કે હું તો ડરું છું, કંપે, મારા ગાત્ર કંપે છે. એવું એમાં આવે છે, 'ગીતા'ની અંદર એ બધા વર્ણન આવે. મારા ગાત્ર બધા કંપે છે. આ સામે મારા મામા, માસીના દીકરા, ફઈબાના દીકરાઓ, કાકાના દીકરાઓ, દાદાના દીકરાઓ બધા દાદાઓ કેટલાય વડીલો બધા સામે ભા છે અને હું બાણ છોડી છોડીને મારું ? મારું તો હૃદય કંપે છે ને મારા ગાત્ર કંપે છે, ધ્રૂજું છું હું તો ભાઈસાહેબ ! મારું કામ નથી આ લડવાનું. કેમ ? મારાથી કાંઈ નહીં થઈ શકે. હવે મારાથી કાંઈ થઈ શકે નહીં, હરહરી ગયો. 'શ્રીકૃષ્ણે' એનું સારથીપણું સંભાળ્યું છે. (એ એને કહે છે), ભાઈ ! તું ડર મા. આ તો તારો ધર્મ છે ને તારી ફરજ છે. જ્યારે યુદ્ધને કોઈ આહ્‌વાન આપે પછી તો યુદ્ધ કરવામાં ક્ષત્રિયનો બચ્ચો હોય એને બીજો વિચાર કરવાનો પ્રશ્ન રહેતો નથી. પણ આને કેમ મારવા ? તો ('શ્રીકૃષ્ણ' કહે છે), આ તારું ગાંડીવ ધનુષ્ય છે એનો તું એક ટંકાર કરજે. હાથમાં ઉપાડ ! એક જ્યાં દોરી ખેંચી તો એમાંથી અવાજ નીકળે. એ બધા વિદ્યાથી સાધેલા ધનુષ્ય હતા. જ્યાં ગાંડીવ ધનુષ્યની પણછ ખેંચી – દોરી ખેંચી, દોરીને પણછ કહે છે, ત્યાં સૈન્ય ભાગવા મંડ્યા. મરી ગયા રે મરી ગયા, આણે ધનુષ્ય હાથમાં લીધું, ખલાસ ! હવે બાણ હાથમાં લેશે એટલે આપણા ભુક્કા. મારી નાખશે. એક બાણ છૂટશે ને હજારો મરી જશે. એક બાણમાં એક ન મરે, લાખ્ખો મરે. ભાગવા મંડ્યા ભયથી. એવું આનું છે કે જીવને ભાવભાસનમાં જ્યાં ચૈતન્યવીર્યની સ્ફુરણા થાય ત્યાં બધા ભાગવા માંડે છે. કર્મ બધા (ભાગવા માંડે છે). એટલો જોરાવર અને શ તિવાળો આત્મા છે ! કર્મ તો બિચારા કાંઈ નથી એની પાસે, એની કોઈ શ તિ નથી, એની કોઈ તાકાત નથી, એ આત્માને કાંઈ કરી શકતા નથી. સંપ્રદાયમાં મફતના બિવડાવી બિવડાવીને હેરાન કરી નાખ્યા. એ તો ખ્યાલ છે ને કેવી રીતે બિવડાવે છે. આમ થશે, તેમ થશે. દુકાન ચલાવવામાં એવું છે બધું. જો બીવે તો એની

પાસે આવતો રહે. મહારાજ કાંઈક રસ્તો કરી દ્યો. મૂંઝાણો છું, હવે કાંઈક રસ્તો કરી દ્યો. રસ્તો થાય કે ન થાય પણ એનું ચાલ્યા કરે. આ બધું છે.

પ્રશ્ન :- માયામૃષાવાદમાં જાય ને ?

સમાધાન :- હા, એ બધા તો બહુ તીવ્ર તીવ્ર ખરાબ પરિણામ છે. ધર્મને નામે કોઈપણ જાતનું અજ્ઞાન અને ધતિંગ ચાલે એના જેવું બીજું કોઈ પાપ નથી. બહુ મોટું પાપ છે. દુકાને કોઈને છેતરે તો માણસ સમજે છે કે આ પાપ કરે છે. પણ અહીંયાં કોઈ સમજતું નથી. અહીં તો કહે કે ના, ના આપણા હિતની વાત કરે છે, આપણા હિતની વાત કરે છે. અરે...! હિતની વાત નહીં, તારા અહિતની વાત છે, એમાં હિત થતું નથી.

મુમુક્ષુ :- સર્પ દંશે તો એક જ વાર મરણ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કુગુરુ માટે એ વાત લીધી છે. સર્પ દંશે તો એકવાર મૃત્યુ થાય. અહીંયાં કુગુરુના સંગમાં જાય (તો) એવું મિથ્યાત્વ દૃઢ કરે (કે) છોડ્યું છૂટે નહીં. અનંત જન્મ-મરણ કરે. અનંત નિગોદના ભવ એ મિથ્યાત્વના ગર્ભમાં રહેલા છે.

મુમુક્ષુ :- સાચા ગુરુની વાતની કિંમત કેટલી !

પૂજ્ય ભાઈશ્રી :- એની કોઈ કિંમત જ થઈ શકે નહીં. દુનિયામાં કોઈ પદાર્થ એવો નથી, કોઈ Terminology નથી, કઈ Term માં એની કિંમત કરવી. એ જગતની અંદર કોઈ વસ્તુ નથી. એટલે તો 'શ્રીમદ્જી'એ ગાયું કે, 'તે તો ગુરુએ આપીયો વર્તું ચરણાધીન.' તમે જે ચીજ આપી છે એની સામે મારાથી કાંઈ આપી શકાય એ પ્રશ્ન રહ્યો નથી. કોઈ ચીજ દેખાતી નથી કોની સાથે મૂલ્ય કરવું ? અવમૂલ્યન તો થઈ શકે એવું નથી. બીજી ચીજ આની બરાબર છે (કે), ચાલો તમે મને આત્મા દેખાડ્યો તો હું તમને ફલાણું કામ કરી દઉં, એવું અવમૂલ્યન તો થઈ શકે એવું છે નહીં.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એનો અર્થ તો એમ છે કે સંપ્રદાયમાં પણ ધર્મશાસ્ત્ર પ્રમાણે કોઈ ચાલતું નથી. એમ થયો ને એનો અર્થ ? એના માનેલા ધર્મ શાસ્ત્ર પ્રમાણે. કેટલો સાંગોપાંગ પ્રમાણિક છે એ બીજો વિષય છે. પણ એમ છતાં જેટલું છે એ પ્રમાણે પણ કોઈ ચાલતું નથી. એવું આ કાળને વિશે ધર્મ દારિદ્રય ઘણું છે. કેટલું ? ધર્મનું દરિદ્રપણું ઘણું છે. ધર્મની સમૃદ્ધિ નથી. ધર્મ દરિદ્રી જીવો છે.

(અહીંયાં) કહે છે કે, **'તારા દ્રવ્યનો એક પણ ગુણ પરમાં ભળી જતો નથી.'** આ

વસ્તુનું સ્વરૂપ છે. ભલે અનંતકાળ દ્રવ્યકર્મની વચ્ચે સંયોગમાં રહેવાનું થયું પણ તારા આત્મદ્રવ્યમાંથી એક પણ ગુણ એ દ્રવ્યકર્મની સાથે ભળ્યો નથી. દ્રવ્યકર્મનો એક પણ ગુણ તારા આત્મદ્રવ્યમાં ભળ્યો નથી. આમ બન્ને જુદાં છે એમ જાણવું તે ભેદજ્ઞાન છે અને આમ બન્ને જુદાં છે એ વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ પણ એવું છે અને એ અનુસાર ભેદજ્ઞાન છે એટલે એને સાચું જ્ઞાન કહેવામાં આવે છે, એને સત્યજ્ઞાન કહેવામાં આવે છે.

**'આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ.'** તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે એને તું ઓળખ. કાંઈ ભળ્યું નથી, તારા દ્રવ્યમાં કાંઈ ભળ્યું નથી. એક પરમાણુ, એક રજકણ જરાય આવ્યો નથી, તને કાંઈ પણ હેરાન કર્યો નથી, હેરાન કરી શકતો નથી. ભૂત, ભાવિ ને વર્તમાનમાં તારા દ્રવ્યસ્વરૂપે તું ત્રિકાળ શુદ્ધ રહ્યો છો, એવું તારી શુદ્ધતાનું, તારા દ્રવ્યની શુદ્ધતાનું તું ભાન કર. એમ લેવું છે. એને ઓળખ, એની ઓળખાણ કર. એ ઓળખાણ થતાં તારી શુદ્ધતા પ્રગટવાનું (ચાલુ થશે). અવસ્થામાં અશુદ્ધતાનો – મલિનતાનો નાશ થવો અને શુદ્ધતા પ્રગટ થવાની પ્રક્રિયા આપોઆપ ચાલું થશે.

**'આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે...'** અથવા પૂર્ણ શુદ્ધ છે તેની ઓળખાણ કર. તેની ઓળખાણ કર. પહેલી વાત ઓળખવાની છે પછી બીજું બધું થાય છે. ઓળખાણ કર્યા વિના કોઈ વાત આગળ ચાલતી નથી. જીવને પોતાના શુદ્ધ સ્વરૂપની ઓળખાણ નથી અને બીજા કહે છે એને પરીક્ષા કર્યા વિના માની લે છે. બહુભાગ શું કરે છે જીવ ? સંપ્રદાયની અંદર અનુસરવામાં પરીક્ષા કર્યા વિના માની લે છે. આપણા મહારાજ છે, આપણા ગુરુ છે એ કહે તે સાચું જ હોય.

મુમુક્ષુ :– જય બાપજી.

પૂજ્ય ભાઈશ્રી :– જય બાપજી. એવું થઈ જાય છે. ઓઘે ઓઘે એવું માન્યું છે.

જો તું દેવ–શાસ્ત્ર–ગુરુના સ્વરૂપની પરીક્ષા કર્યા વિના, ઓળખાણ કર્યા વિના એમ ને એમ માન્યતા કર તો તારામાં ને અન્ય મતિમાં કાંઈ ફેર નથી.

મુમુક્ષુ :– ... પ્રમાણ કરજે.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રમાણ કરજે. અનુભવીને પ્રમાણ કરજે. ત્યાં તો એમ કહે છે કે મારો કહેવાનો વિષય તો સ્વાનુભવનો છે. શુદ્ધ શ્રદ્ધાનનો વિષય, સ્વાનુભવના વિષયને હું કહીશ, મારા અનુભવના વૈભવથી કહીશ તમે એને પ્રમાણ કરજો, માન્ય કરજો. પ્રમાણ કરવું એટલે વિશેષે કરીને માન્ય કરવું. પણ કેવી રીતે માન્ય કરજો ? કે તમે પણ અનુભવથી

માન્ય કરજો. અનુભવ કર્યા વિના માન્ય કરવાનું હું કહેતો નથી. એવી વાત છે. 'પરગામસાર'માં પહેલો જ બોલ એ ખેંચેલો છે, સૌથી પહેલો બોલ એ છાપ્યો છે.

બહુ શરૂઆતમાં જ્યારે 'સમયસાર'નો અનુવાદ થયોને ત્યારે 'ગુરુદેવશ્રી'એ આ વચનામૃત લખી આપેલું છે. પોતાના સ્વ હસ્તાક્ષરમાં લખેલી વાત છે. **'ૐ નમઃ સિદ્ધેભ્યઃ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ...'** ભગવાનથી લ્યે છે. 'કુંદકુંદ' આમ કહે છે એમ નથી. **'ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ સમયપ્રાભૃતમાં કહે છે કે, હું જે આ ભાવ કહેવા માગું છું તે અંતરના આત્મસાક્ષીના પ્રમાણ વડે <u>પ્રમાણ કરજો</u>;...'** આત્માનો સાક્ષાત્કાર કરીને, આત્માની સાક્ષીને અંદર ભેળવીને એને માન્ય કરજો. એમ ને એમ માન્ય કરતા નહીં. આ વાત છે. અંદરથી તમારો આત્મા હા પાડે છે ? કઈ રીતે હા પાડે છે ? આ નક્કી કરજો. સાક્ષી પૂરે. સાક્ષીમાં જ્ઞાન કામ કરે છે. રાગનું આમાં કામ નથી. જ્ઞાનનું કામ છે.

**'કારણ કે આ અનુભવપ્રધાન શાસ્ત્ર છે,...'** એમ આ અનુભવની વાત લેવી છે. **'તેમાં મારા વર્તતા સ્વ-આત્મવૈભવ વડે કહેવાય છે.'** અહીંયાં જે કહેવાય છે એ મારામાં જે આત્મગુણો પ્રગટ્યા છે, આત્માના ગુણનો વૈભવ જે પ્રગટ થયો છે, અનુભવ જે વર્તે છે એના દ્વારા હું કહીશ. અદ્ધરથી કલ્પના કરીને કાંઈ વાત કરીશ નહીં. **'આમ કહીને છઠ્ઠી ગાથા શરૂ કરતાં આચાર્ય ભગવાન કહે છે કે,...'** ત્યાં પણ 'આચાર્ય ભગવાન કહે છે' એમ કહ્યું. **'આત્મદ્રવ્ય અપ્રમત્ત નથી અને પ્રમત્ત નથી...'** છઠ્ઠું અને સાતમું ગુણસ્થાન – પ્રમત્ત અને અપ્રમત્ત. **'એટલે કે એ બે અવસ્થાનો નિષેધ કરતો...'** અવસ્થામાત્રનો નિષેધ કરતો, શુદ્ધ અને અશુદ્ધ બન્ને અવસ્થાનો નિષેધ કરતો **'હું એક જાણનાર અખંડ છું...'** જ્ઞાયકસ્વભાવી હું અખંડ જ્ઞાતા છું. **'એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.'** એવા જ્ઞાયકપણાને અવસ્થામાં ધારણ કરીને, જ્ઞાયક સ્વરૂપનું અવધારણ કરીને હું કહું છું. પ્રમત્ત અપ્રમત્ત દશા હોવા છતાં એને હું ધારણ કરતો નથી. મારા ભાવમાં તો જ્ઞાયક ભાવ છે. અવસ્થાથી પાર રહેલું દ્રવ્ય છે એમાં હુંપણું હું ધારણ કરું છું. એને દ્રવ્યનું અવધારણ કહે છે.

**'હું એક જાણનાર અખંડ છું – એ મારી વર્તમાન વર્તતી દશાથી કહું છું.' મુનિપણાની દશા અપ્રમત્ત અને પ્રમત્ત એ બે ભૂમિકામાં હજારો વાર એ દશા આવ-જા કરે છે, તે ભૂમિકામાં વર્તતા મહામુનિનું આ કથન છે.'** 'કુંદકુંદાચાર્યદેવ' મહામુનિ છે એમણે આ કથન કર્યું કે, હું પ્રમત્ત નથી, હું અપ્રમત્ત નથી. **'ण्फ्रक्ष्फ्रिहोफ्रि ह्राप्रफ्रोकण्फ्राप्रफ्रोक'** એમ કરીને લખ્યું. આપ તો છઠ્ઠે-સાતમે ગુણસ્થાને પ્રમત્ત અપ્રમત્ત દશામાં તો બિરાજમાન છો. તો કહે છે,

ના ના ! હું મારા દ્રવ્ય સ્વરૂપમાં બિરાજમાન છું, આવત-જતી દશામાં હું બિરાજમાન નથી. કરણાનુયોગ તો એમ કહે છે કે, આપ છટ્ઠે-સાતમે ગુણસ્થાને છો. તો કહે છે, કરણાનુયોગ કહેતો હોય તો એને કહેવા દ્યો. મારો અધ્યાત્મનો અનુયોગ એમ કહે છે કે હું તો ચૌદે ગુણસ્થાનથી પાર છું. અત્યારે જ સિદ્ધ છું.

'સોગાનીજી'એ એમ લીધું કે ચૌદમું ગુણસ્થાન થાશે ત્યારપછી સિદ્ધાલયમાં જવાનું થાશે. આત્માનું ક્ષેત્રાંતર થશે, મનુષ્યલોકમાંથી સિદ્ધ શિલામાં જવાનું થશે પણ એ બધું કાર્ય તો પર્યાયનું પર્યાયમાં થાશે. ક્યાં સરવાળો માર્યો ? કે એ બધું કાર્ય તો પર્યાયનું પર્યાયમાં થશે. હું તો અત્યારે જ સિદ્ધ છું. અત્યારે જ સિદ્ધાલયમાં જ બિરાજમાન છું. નિશ્ચય 'નિહાલભાઈ'ને કાંઈ આવવા જવાનું હવે રહ્યું નથી. ન કભી કહીં આયા, ન કભી કહીં ગયા. અત્યારે જ સિદ્ધાલયમાં છું. સિદ્ધ સ્વરૂપે છું અને સિદ્ધપણે બિરાજમાન છું. એવી પ્રતીતિ – નિર્વિકલ્પ પ્રતીતિ છે એમાં વિકલ્પ નથી. આવો છું એમાં વિકલ્પ નથી બીજો. નિર્વિકલ્પ પ્રતીતિ છે મારી તો. મારા સ્વરૂપને વિશે મારી આવી નિર્વિકલ્પ પ્રતીતિ છે. સાદી અનંતકાળ એ પ્રતીતિમાં હવે ફેર પડે એવું નથી. એમ વાત છે.

મુમુક્ષુ :– બહુ સરસ વાત લીધી. આજે 'મહાવીરસ્વામી' ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. બન્ને ભેગું છે.

પૂજ્ય ભાઈશ્રી :– અષ્ટાહ્નિકાનો છેલ્લો દિવસ છે. હા, વદ એકમ છે. વદ એકમનો આ દિવસ છે ને. ભગવાન 'મહાવીરસ્વામી'ની દિવ્યધ્વનિ જ આ છે કે, તું પ્રમાણ કરજે. 'કુંદકુંદાચાર્યદેવે' પણ એમ કહ્યું અને ભગવાને પણ એમ કહ્યું કે, તું તારા અનુભવથી પ્રમાણ કરજે. ખરેખર તો સાંભળનારને એક આશીર્વાદ મળી ગયો કે, હું તને એમ કહું છું કે તારા અનુભવથી પ્રમાણ કરજે એનો અર્થ કે તને અનુભવ થવાનો છે પ્રમાણ કરવામાં. આચાર્ય ભગવાનનું વચન ખાલી જાય નહીં. એમ વાત છે. એ 'સમયસાર' વાંચીને 'ગુરુદેવ' જેવા (થયા). ખાલી નથી ગયું વચન, પ્રમાણ કર્યું છે બરાબર. અને અનેકને બીજાને પણ પ્રમાણ થયું.

શું કહે છે ? કે **'સમયપ્રાભૃત એટલે સમયસારરૂપી ભેટણું.'** પ્રાભૃતને ભેટણું કહેવામાં આવે છે. **'જેમ રાજાને મળવા ભેટણું આપવું પડે છે...'** રાજાના દરબારમાં જાય ત્યારે કાંઈને કાંઈ ભેટ લઈને જાય. રાજાને કાંઈ ખામી નથી, રાજાના ભંડારમાં કોઈ ખામી નથી પણ એક બહુમાનનો વ્યવહાર છે કે આપની પાસે આવ્યો તો આપના પગમાં કાંઈકને કાંઈક

હું ધરીશ. એમ ને એમ ખાલી જય જિનેન્દ્ર કરવાની વાત નથી. તો એમ કહે છે કે મારે મારી ઉત્કૃષ્ટ દશા પ્રાપ્ત કરવી છે, પરમાત્મ દશા પ્રાપ્ત કરવી છે તો એ પરમાત્મ દશા પ્રાપ્ત કરવા માટે **'પોતાની પરમ ઉત્કૃષ્ટ આત્મદશાસ્વરૂપ પરમાત્મદશા પ્રગટ કરવા સમયસાર જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રસ્વરૂપ આત્મા તેની પરિણતિરૂપ ભેટણું આપ્યે પરમાત્મદશા – સિદ્ધદશા – પ્રગટ થાય છે.'** આત્માને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની દશાથી ભેટતા પરમ ઉત્કૃષ્ટ દશા પ્રગટ થશે તો આ જે પહેલું સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષમાર્ગ છે ઇ એને ભેટ આપ્યું. સમર્પણ કર્યું, પરમાત્મતત્ત્વને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું સમર્પણ કર્યું. આત્મા પણ પવિત્ર અને એનું સમર્પણ પણ પવિત્ર. રાગથી ભક્તિ કરી એમ ન લેવું. આમ છે. સામે સામે એ રીતે વાત લીધી છે. 'ગુરુદેવ'ની શૈલી એવી હતી.

**'આ શબ્દબ્રહ્મરૂપ પરમાગમથી દર્શાવેલા એકત્વવિભક્ત આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો,...'** એટલે કે એનો નકાર કરશો નહીં (કે), આવું ન હોય, આવું ન હોય, આમ કેમ હોય ? હું સંસારી ને હું આવો દીન ને રાંકો ને સાધારણ વાણિયો માણસ, માંડ બે ટાંગા હરખા થાય. પેટિયું રળે ને ઘણા ? માંડ બે ટાંગા હરખા થાય. અમારું તો કામ છે આ ? (તો કહે છે), એમ નથી. તું પણ હા પાડજે. સ્વરૂપે કરીને તું પરમાત્મા છો. આપણે ટેપ મૂકે છે, **'તું પરમાત્મા છો એમ નક્કી કર !'** પણ સીધું એમ નક્કી કરવું ? કે પણ તને વાંધો શું છે ? તને સીધું નક્કી કરવામાં કાંઈ વાંધો પડે છે ? કોઈ તને ના પાડે છે ? અંદર કોઈ તને નડે છે ? શું છે ? તારી માન્યતા નડે છે બીજું કાંઈ નડતું નથી.

**'આત્માને પ્રમાણ કરજો, હા જ પાડજો,...'** અને હું ફલાણો ફલાણો છું એવી **'કલ્પના કરશો નહીં.'** અથવા પહેલાં આમ કરું ને પહેલાં દયા પાળું ને પહેલાં દાન કરું ને પહેલાં પૂજા, ભક્તિ કરી લઉં ને પહેલાં થોડું શાસ્ત્ર ભણી લઉં પછી હું આ પરમાત્મા છું એમ નક્કી કરું, એમ અંદર કલ્પના કરવી નહીં. **'આનું બહુમાન કરનાર પણ મહાભાગ્યશાળી છે.'** જેને અહીંયાં બહુમાન આવ્યું, 'કુંદકુંદઆચાર્યદેવ'ના વચનો પ્રત્યે, 'સમયસાર' પરમાગમ પ્રત્યે બહુમાન આવ્યું એ આ કાળમાં ખરેખર ભાગ્યશાળી છે, એમ લીધું છે. અનેક જીવોની એવી ગર્ભિત યોગ્યતા હોય છે કે એણે હા પાડી છે (તો) આગળ જતાં કાંઈને કાંઈ એની સફળતા જોવામાં આવશે.

પ્રશ્ન :– આ બધું લખાયું છે એ અશુભમાંથી શુભમાં આવવા માટે છે ?

સમાધાન :– નહીં, શુદ્ધતામાં આવવા માટે છે. મૂળમાં પરમાત્મદશા પ્રગટ કરવા માટે

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની વાત છે.

પ્રશ્ન :- સમ્યગ્દર્શન સિવાય જે કહ્યું એ બધું અશુભમાંથી શુભમાં આવવા માટેની વાત છે ને ?

સમાધાન :- હા, અશુભને તો બધાય પાપ જાણે છે. મુસલમાન પણ એટલું તો સમજે છે. એમાં કાંઈ મોટી વાત નથી. તો જૈનમાં ને બીજામાં ફેર શું ? એટલું તો જૈન તરીકેનું ગૌરવ હોવું જોઈએ કે અમે જૈન છીએ, બીજાથી કાંઈક અમારી જાત ફેર છે. અને જગતની અંદર બાહ્ય વ્યવહાર પણ જે જૈનોનો છે એ અન્યમતિમાં હોતો નથી. ખાણી, પીણી, રહેણી, કરણી એની અંદર જે જિનો ત વ્યવહાર છે એટલો અન્યમતિના શાસ્ત્રમાં કે અન્યમતિના વ્યવહારની અંદર એટલું શુભ પણ નથી. એટલું શુભ પણ નથી. એટલું તો ચેલેન્જ મારીને કહી શકાય એવી વાત છે કે નહીં ? તો પછી એ તો થઈ બાહ્ય વ્યવહારની વાત, બહારની રહેણી કહેણીની વાત, અંદરમાં પણ કોઈ અલૌકિક વાત છે, અલૌકિક વિષય છે, અલૌકિક દ્રવ્ય છે, અલૌકિક એની પરિણતિ છે. એવો કોઈ જૈનમાર્ગ છે અને એવું કોઈ જિનતત્ત્વ છે – જૈનતત્ત્વ છે કે જે જૈન પરમેશ્વર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. એ વાત પણ કોઈ લોકોથી જુદી પડતી અને ઊંચી કક્ષાની છે. એને લોકોની સાથે મેળવી શકાય એવું નથી, સરખામણી કરી શકાય એવું નથી.

મુમુક્ષુ :- બીજા ધર્મની જ્યાં સમાપ્તિ થાય છે. ત્યાંથી જૈનધર્મ શરૂ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બધું પૂરું થઈ ગયું પછી આમાં તો હજી કાંઈ નથી. સમાપ્ત થઈ ગયું એટલે આ તો હજી કાંઈ નથી. હજી પહેલું પગથિયું જ પછી શરૂ થાય છે આમાં તો.

મુમુક્ષુ :- અન્ય ધર્મમાં જ્યાં સમાપ્તિ થાય છે ત્યાં જૈન ધર્મની ..

પૂજ્ય ભાઈશ્રી :- ઓલા કહે, અમે પૂરો ધર્મ કર્યો. તો કહે છે, એ તો બધું અમે અધર્મમાં નાખીએ છીએ. ધર્મની વાત જ કોઈ બીજી છે. તું જેને ગુણ કહે છે એને અવગુણમાં નાખીએ છીએ, ગુણની વાત કોઈ બીજા પ્રકારની છે.

મુમુક્ષુ :- આ બધું બાહ્યાંતર, અભ્યંતર બધું શીખવાડ્યું હશે ને...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ વ્યવહાર, એ બધો વ્યવહાર વ્યવહારના સ્થાનમાં ન્યાયોચિત છે, એમ છે. એમ લેવું છે. જે તે ગુણસ્થાન અનુસાર એવા જ કોઈ પરિણામ છે કે જે એથી નીચી કક્ષાના પરિણામમાં જીવ આવતો નથી, એમ કહેવું છે. કૃત્રિમ નથી, એ સહજ જ છે, એ દશા પણ સહજ જ છે.

(અહીંયાં કહે છે), **'આવું તારું દ્રવ્ય અત્યંત શુદ્ધ છે તેને તું ઓળખ. પોતાનું અસ્તિત્વ ઓળખતાં પરથી જુદાપણું જણાય જ છે.'** શુદ્ધ અસ્તિત્વને ગ્રહણ કરે. શુદ્ધ અસ્તિત્વને ઓળખે એટલે શુદ્ધ અસ્તિત્વપણે જ્ઞાનમાં પોતાને ગ્રહણ કરે, ધારણ કરે જ્ઞાનમાં કે હું આવો છું. ત્યારે એને પરથી જુદાંપણું જણાય જ છે. પોતાની વ્યાપકતા પણ પોતામાં જ સીમિત છે અને શરીરમાં પણ પોતે વ્યાપ્તો નથી તો પછી શરીરથી બહાર એવા અન્ય ક્ષેત્રમાં, દૂરવર્તી ક્ષેત્રમાં આત્મા વ્યાપીને કાંઈ કરે એ કોઈ રીતે એની વ્યાપકતા હોય શકતી નથી તો વ્યાપ્યા વિના પણ કાંઈ કરે એ વાત તો વિચારવાની પણ રહેતી નથી.

જીવને વિકલ્પ ઠે છે કે હું શરીરથી આમ કાર્ય કરું ને બીજા પદાર્થોના આવા કાર્ય કરું પણ જેને પોતાના ભિન્ન અસ્તિત્વની ઓળખાણ થઈ એને સીધું જ્ઞાન હાજર રહે છે કે મારી વ્યાપકતા નથી, ત્યાં હું વ્યાપ્તો નથી તો વિકલ્પ ઠ્યો પણ કામ કરી ક્યાંથી શકું ? કેવી રીતે કરી શકું ? એ કરી શકાય એવી વ્યવસ્થા છે જ નહીં. એટલે એના વિકલ્પનું જોર છે એ તૂટી જાય છે કે આ વિકલ્પ ઠે છે પણ કામ તો થઈ શકે એવું નથી, વિકલ્પ ઠે છે પણ કામ થઈ શકે એવું નથી. આ બધી જગ્યાએ એની આ જ્ઞાનની જે ધારા છે એ ભી થાય છે અને એના એ જોર ને – વિપરીત જોરને – કષાયના જોરને કષાયશ તિને એ જ્ઞાન તોડતું જાય છે. એટલે એ કષાય તૂટી જાય છે. એનો અનંતાનુબંધી કષાય પછી લંબાઈ શકતો નથી. કેમકે કરી શકતો નથી, પછી કરવાનો પ્રશ્ન છે એ વાત જોર ખાતી નથી.

જુઓ ! અહીંયાં એ વાત લીધી, **'જુદાપણું જણાય જ છે.'** ક્યારે જણાય ? આ વાંચે ત્યારે જણાય ? બધા પરિણમનમાં જેટલો પરદ્રવ્ય અંગેનો વ્યવહાર છે એમાં એને જુદાંપણું જણાય છે કે હું જ્ઞાયક જુદો, મારી મર્યાદા માત્ર જાણવાની, આથી આગળ મારી કોઈ મર્યાદા નથી. બાકી બધું થાય છે એ પૂર્વ સંસ્કારવશ થાય છે, ઊંધા પૂર્વ સંસ્કારવશ ભાવ ઉત્પન્ન થાય છે પણ કાર્ય કરી શકાય નહીં એવું જુદાંપણાનું ભિન્ન અસ્તિત્વ છે એ વાત ઓળખાણમાં અને ભાવભાસનમાં આવી છે એમાં તો કાંઈ બીજું દેખાતું નથી. આ વસ્તુસ્થિતિ છે. વસ્તુસ્થિતિમાં આવી ગયો એની મર્યાદા થઈ ગઈ. હવે એ બહુ બહાર ડી ડીને જઈ શકે એવું નથી. (સમય થયો છે).

L O L

(નોંધ :- બોલ નં-૧૬૧ ઉપરનું પ્રવચન ઉપલબ્ધ નહિ હોવાને કારણે પ્રકાશિત કરવામાં આવેલ નથી.)

દ્રવ્ય સદા નિર્લેપ છે. પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે. જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે, તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે-નિર્લેપ છે. જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો-વિભાવો જણાય છે તે જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું' એમ ઓળખે-પરિણમન કરે તો પ્રગટ નિર્લેપતા થાય છે. ૧૬૨.

તા. ૧૩-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૬૨
પ્રવચન નં. ૧૨૩

'બહેનશ્રીનાં વચનામૃત' પચાસમું પાનું છે. ૧૬૨ બોલ. '**દ્રવ્ય સદા નિર્લેપ છે.**' (આ) વસ્તુનું સ્વરૂપ છે. કોઈ દ્રવ્ય અન્ય દ્રવ્ય સાથે ભળતું નથી કે મળતું નથી. જો એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં ભળી જાય તો કોઈ એકનો નાશ થાય અથવા તો બન્નેનો નાશ થાય. એ રીતે પણ દ્રવ્ય પોતાના સ્વરૂપને સદાય અકબંધ રાખીને અથવા પોતાના સ્વરૂપનો ત્યાગ કર્યા વિના સદાય જગતમાં હયાતી ધરાવે છે. દ્રવ્યનો જે મૂળ સ્વભાવ છે એ દ્રવ્યસ્વભાવે પણ સ્વભાવથી દ્રવ્ય નિર્લેપ છે, સ્વભાવમાં કદી ભેળસેળપણું થતું નથી.

અનાદિથી જીવ અવસ્થામાં મલિનભાવે પરિણમે છે તોપણ એ મલિનતા દ્રવ્ય સ્વભાવમાં ક્યારેય પણ પ્રવેશ પામતી નથી. સદાય અનંતકાળથી અવસ્થામાં મલિનતા ચાલુ રહેતી હોવા છતાં, શુભાશુભ પરિણામ, અનેક પ્રકારના કષાય, અનેક પ્રકારના વિભાવ ચાલતા હોવા છતાં અને નિગોદમાં તો પ્રચુર તન્મયપણે, પ્રચુર તન્મયપણે અવસ્થામાં મલિનતા ઉત્પન્ન

થતી હોવા છતાં દ્રવ્યનો સ્વભાવ નિર્લેપ રહે છે – નિર્મળ રહે છે – શુદ્ધ રહે છે. એ મલિનતાથી જરા પણ દ્રવ્યસ્વભાવ લેપાતો નથી, એની કોઈ અસર એને પહોંચતી નથી. એવા સ્વદ્રવ્યને ઓળખવું. પ્રથમમાં પ્રથમ એવા સ્વદ્રવ્યને ઓળખવું. ઓળખીને એમાં એકાગ્ર થવું. ઓળખતા મહિમા આવશે, મહિમાપૂર્વક એકાગ્ર થવાય છે. મહિમા વિના એકાગ્રતા થતી નથી.

પ્રશ્ન :– મારું દ્રવ્ય સદાય નિર્લેપ છે ?

સમાધાન :– સદાય નિર્લેપ છે. દેવ, ગુરુ, શાસ્ત્ર, સત્પુરુષો અનુભવથી ખાતરી આપે છે કે તારું દ્રવ્ય સદાય નિર્લેપ છે. (એક મુમુક્ષુ) એમ કહેતા હતા કે, દૂધમાં પાણી નથી ભળ્યું. મારા દૂધમાં પાણી ભળ્યું નથી તો સીધે સીધું પોતે જ ગાયને, ભેંસનું દૂધ દોવે અને જે વાસણ છે એ ટકીને વીછળીને સાફ કરીને તડકે સૂકવી નાખ્યું હોય કે જેમાં પાણીથી ભીંજાયેલું પણ વાસણ ન હોય, એવું કોરું પડી ગયું હોય વાસણ અને પછી એમાં દૂધ દોહવે તો એને ખાતરી થાય કે નહીં ? કે આ દૂધમાં હવે પાણી નથી. સીધે સીધું ચોખ્ખે ચોખ્ખું દૂધ જ છે. એમ મારું દ્રવ્ય નકોર છે. આ વાસણ જેમ કોરું છે એમ મારું દ્રવ્ય છે એ નકોર છે, ક્યારેય પણ એમાં મલિનતા ભળી નથી. મલિનતા મલિનતામાં સદાય રહી છે, દ્રવ્યસ્વભાવથી તે અત્યંત દૂર રહી છે, દ્રવ્યસ્વભાવ એનાથી અત્યંત દૂર રહ્યો છે. આવો ફેર છે. એ તો દર્શાવવું છે, સર્વ શાસ્ત્રોને એ તો દર્શાવવું છે કે તારું સ્વરૂપ આવું નિર્લેપ છે. જો તું નિર્લેપ છો એવા સ્વરૂપે તને જો, તને અનુભવ કર, જેવો છો એવો જ તારો તું અનુભવ કર તો એવું નિર્લેપપણું અવસ્થામાં ભું થાય. આ બોલનો વિષય છે. એટલો જ આ બોલનો વિષય છે.

હવે ભેદજ્ઞાનની વિધિ લ્યે છે કે, '**પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે.**' કેવી રીતે હવે નિર્લેપપણું પ્રાપ્ત કરવું ? અવસ્થામાં પણ નિર્લેપપણું કેવી રીતે કેળવવું એનો આ વિષય છે. '**પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો.**' પ્રત્યક્ષ (ચર્ચામાં) પણ અત્યારે કોઈ પ્રશ્ન કરે તો આ જ જવાબ દ્યે છે. જો કે જવાબ બદલવાનો પ્રશ્ન પણ નથી. પોતે જાણનાર છે. જ્ઞાયક તત્ત્વ છે અને એ જાણનાર છે. એ જાણનાર છે એવું સાદું નથી પણ જાણનાર અનંત મહિમાવંત છે. જેનો જેટલો મહિમા છે એટલો જ્ઞાનની અંદર પ્રતિભાસે અને એ મહિમાપૂર્વક પોતાના નિર્લેપ જાણનાર તત્ત્વને જાણે તો પોતે જ્ઞાયકપણે અવસ્થામાં રહે અને જ્ઞાયકપણે અવસ્થામાં રહે તો નિર્લેપ રહે, તો એ ક્યાંય લેપાય નહીં.

મુમુક્ષુ :- અવસ્થામાં લેપાય નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- અવસ્થામાં પણ લેપાય નહીં. આ અવસ્થામાં લેપાયમાનપણું છે એનું કારણ કે પોતે દ્રવ્ય સ્વભાવથી નિર્લેપ તત્ત્વ છે, એવું એના ભાનમાં રહેતું નથી. તપાસી લ્યે તો ખ્યાલ આવે કે એવું ભાનમાં રહે છે કે હું નિર્લેપ તત્ત્વ છું ? જો હું નિર્લેપ તત્ત્વ છું એવા પોતાના સ્વતત્ત્વનો આધાર લેવાય પરિણમનની અંદર તો સ્વતત્ત્વનો આધાર લેતું એવું જે પરિણમન છે એ ક્યાંય લેપાય નહીં. પરનો આધાર લઈને લેપાય છે. સ્વનો આધાર લેતા લેપાયમાનપણું થતું નથી. આ તો સીધેસીધી વાત છે.

**'પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે.'** કેવી ભાષા લીધી છે ! આ વિધિનો વિષય છે એને કહેવાની જે પદ્ધતિ છે એ પણ કોઈ વિલક્ષણ પ્રકારની છે. કે જાણનાર છે એમ સાદું નથી લેતાં જાણનાર તરીકે જુદો રહેતો, જાણનાર માત્ર તરીકે પોતે રહેતો અને કોઈની સાથે નહીં ભળતો એવો જુદો તરતો છે. માણસ નથી કહેતા કે આ બધામાં આ માણસ જુદો તરી આવે છે કેમકે તે અસાધારણ છે. કોઈ એવું અસાધારણપણું હોય તો એનાથી આખા બધા સમૂહમાં એ પોતે જુદો તરી આવે છે. કહે છે કે જાણનાર તરીકે અસાધારણભાવ છે. બીજા જે વિભાવભાવો છે એનાથી કોઈ અસાધારણ એવો જાણનાર ભાવ જુદો ને જુદો, **'જુદો જ, તરતો ને તરતો છે.'** એ તો જુદો જ તરે છે. એણે જાણનાર ભાવને એ દૃષ્ટિકોણથી કદી પણ અવલોકન કર્યું નથી. પોતે જાણતો હોવા છતાં, જાણનાર તરીકે પરિણમતો હોવા છતાં આ જાણનાર તરીકે જાણનાર જુદો રહે છે એ દૃષ્ટિકોણથી જાણનારને એણે કદી અવલોકન કર્યું નથી.

આ વિધિ બતાવવી છે કે, તું ધીરો થઈને તારા જાણનાર ભાવને જો તો એ જાણનાર તરીકે સદાય જુદો ને જુદો, જુદો જ તરતો રહે છે. જાણે છે બધું છતાં જાણનાર તરીકે એ જુદો રહે છે. જેમ જીભ સ્વાદ લ્યે છે. જેટલા પદાર્થો, ખાદ્ય પદાર્થો જીભ ઉપર આવે એ બધાનો સ્વાદ લેવા છતાં જીભ લૂખી ને લૂખી સ્વાદ વગરની રહે છે. એમાં કોઈ સ્વાદ ચોંટી રહેતો નથી, કોઈ સ્વાદ પકડાઈ રહેતો નથી, સ્વાદ વગરની જ રહે છે. એમ જાણનાર જાણે છે બધું પણ જાણનાર તરીકે એ જાણનાર જ રહે છે, એકેયમાં ભળતો નથી. તપાસે, એ દૃષ્ટિએ એનું અવલોકન કરે તો એને પ્રત્યક્ષ વિશ્વાસ આવે એવી વાત છે. વિશ્વાસ આવે એવી આ પ્રત્યક્ષ વાત છે અને પ્રત્યક્ષને પ્રત્યક્ષ તોરથી અનુભવગોચર કરે તો એ જાણનારનો જાણનાર તરીકેનો અનુભવ છેટો નથી, બહુ દૂર નથી. પણ આ વિધિ છે.

કહેવા કહેવામાં બહુ ફેર છે. જ્યારે કોઈ જ્ઞાની એમ કહે છે કે, જો આ મારું જ્ઞાયકતત્ત્વ છે એ જાણનાર જાણનાર જાણનાર તરીકે જુદો ને જુદો, જુદો ને જુદો, તરતો, જુદો જ તરતો ને તરતો છે ત્યારે એ પોતે જુદાં તરતા તરતા કહે છે, જુદાં પડતા પડતા કહે છે. આ કથનની વિધિમાં જે કોઈ વિશિષ્ટતા છે તો આ છે. એનો એ ધ્વનિ એની અંદર આવે છે. જે જુદાંપણું પોતાને થઈ રહ્યું છે – ભિન્નપણું થઈ રહ્યું છે એ ભિન્નપણું, ભિન્નપણું કહેતા વ્ય ત થાય છે. એ વ તવ્યમાં વ્ય ત થાય છે. ભિન્નપણું કહે છે એ શબ્દો છે પણ એમાં એ ધ્વનિ આવે છે કે આ તરતો ને તરતો (છે), જ્ઞાયકભાવ તરતો ને તરતો જુદો ને જુદો, જ્ઞાયક જુદો ને જુદો, જાણનાર જુદો ને જુદો તરે છે, જુદો જ તરે છે, જુદો જ તરે છે. એ પોતે જુદો ભાવ પડે છે એનો ધ્વનિ એમાં આવે છે. એ એક વિશિષ્ટતા છે.

એટલે તો જિનવાણી સ્તુતિમાં એ વાત લીધી છે કે **'યા વિધિ સંત કહે ધનિ હે ધનિ હે જિન વૈન બડે ઉપકારી.'** એમ લીધું ને ? જે વિધિથી સંત કહે છે એ વિધિથી; અજ્ઞાનીઓ પણ અધ્યાત્મની આવી ઘણી વાતો કરે છે પણ જે વિધિએ સંત કહે છે એ વિધિએ એ કહી શકતા નથી. એવા શબ્દો લાગે, એવી શૈલી લાગે, એવી વાત લાગે, એવો વિષય લાગે તોપણ જે વિધિએ સંત બતાવે છે એ વિધિએ બીજાઓ બતાવી શકતા નથી. એ ઘણો ઉપકારી છે, એ જિન વૈન છે. જે વિધિએ સંતો, અનુભવીઓ કહે છે તે જિનવાણી છે અને તે જિનવાણી ઉપકારી થાય છે, બીજી વાણી ઉપકારી થતી નથી. એમ એમાં અનર્પિત રીતે આવી જાય છે.

પ્રશ્ન :– જે ક્ષેત્રમાં રાગ થાય છે એ જ ક્ષેત્રમાં જ્ઞાન થાય છે, જે પદાર્થમાં રાગ થાય છે એ જ પદાર્થ જ્ઞાન થાય છે તો જુદો કોણ, કોનાથી જુદો ? કેવી રીતે ?

સમાધાન :– એ રાગથી જ્ઞાન જુદું.

પ્રશ્ન :– રાગ કરે છે જીવ, જ્ઞાન કરે છે જીવ તો કોણ કોનાથી જુદું ?

સમાધાન :– જે રાગ કરે છે એનો જ્યારે જીવ આધાર લ્યે છે ત્યારે એ જ્ઞાન કરે છે એમ એને રહેતું નથી. એક સમજવાની વાત થઈ કે જીવ પદાર્થના પરિણમનમાં જીવ જ રાગ કરે છે કેમકે એના ચારિત્રગુણનો પર્યાય છે, જીવ જ જ્ઞાન કરે છે કેમકે એના જ્ઞાનગુણનો પર્યાય છે. એ તો વસ્તુ વ્યવસ્થા સમજવાની વાત થઈ. હવે આ વિષયમાં Practical થવું પડશે કે આ જીવ રાગના આધારે – રાગ તે હું એમ રાગના આધારે પરિણમે છે કે આ જીવ જ્ઞાન તે હું એમ જ્ઞાનના આધારે પરિણમે છે ?

મુમુક્ષુ :- જ્ઞાનના આધારે.

પૂજ્ય ભાઈશ્રી :- જો જ્ઞાનના આધારે જીવ પરિણમે તો એને એમ જણાય કે આ રાગાદિ ભાવ તે જ્ઞેયો છે, તે જ્ઞેયોરૂપે હું નથી. હું જ્ઞાન હોવાને લીધે. 'હું જ્ઞાન' એમ જ્યાં જ્ઞાનનો આધાર લીધો ત્યારે જે જ્ઞાનમાં જ્ઞેયો-કષાયો, વિભાવો બધા જ્ઞેયો છે એ જ્ઞેયો તરીકે જણાય છે. હું એ રાગ કરું છું ને હું રાગરૂપ થઉં છું એમ જણાતું નથી. કેમ ? કે જ્ઞાન રાગરૂપ થતું નથી. હું જ્ઞાનરૂપ છું એમ જ્યાં અનુભવાય છે ત્યાં હું રાગરૂપ છું એમ અનુભવાતું નથી. જ્યાં સુધી હું રાગરૂપ છું એમ અનુભવાય છે, રાગના આધારે જીવ પરિણમે છે ત્યાં સુધી હું જ્ઞાનરૂપ છું એમ અનુભવગોચર થતું નથી. ભલે જીવ પરિણમે છે તોપણ. જ્યારે... હવે આમ લટેથી લઈએ, અહીંયાંથી લઈએ કે, અજ્ઞાનદશામાં - સંસારદશામાં રાગ તે હું એવું એનું પરિણમન છે. અને રાગ તે હું એવું પરિણમન છે ત્યારે જીવ જાણવારૂપે પરિણમતો હોવા છતાં ને જ્ઞાન એનું પરિણમન હોવા છતાં જ્ઞાન તે હું એવો અનુભવ રહેતો નથી. અનુભવને તપાસે તો એને સ્પષ્ટ ખ્યાલમાં આવશે. અધ્યાત્મના વિષયમાં એક સિદ્ધાંત સ્પષ્ટ છે કે બેમાંથી એકનો આધાર જીવ લઈ શકે છે, બન્નેનો આધાર કોઈ જીવ લઈ શકતો નથી. ચાહે જ્ઞાની કે ચાહે અજ્ઞાની. અજ્ઞાની એકલા રાગનો આધાર લ્યે છે, જ્ઞાની એકલા જ્ઞાનનો આધાર લ્યે છે. બન્નેનો આધાર તો કોઈ લઈ શકતા નથી. બન્નેને - અજ્ઞાનીને ને જ્ઞાનીને બન્ને વિદ્યમાન છે, એની અવસ્થામાં રાગ અને જ્ઞાનનું પરિણમ છે પણ આધાર બન્નેનો લઈ શકાતો નથી.

તો એમ કહે છે કે તારા અસ્તિત્વને શોધીને, ખોળીને, ઓળખીને એને ગ્રહણ કર. તારું અસ્તિત્વ જ્યાં છે એને ગ્રહણ કર. જો તું અંતર શોધ ચલાવીશ તો તને અવશ્ય માલૂમ પડશે કે તારું અસ્તિત્વ જ્ઞાનમય છે અને જ્ઞાનમાં તારું અસ્તિત્વ છે. રાગમાં પણ તારું અસ્તિત્વ નથી. જ્યારે જ્ઞાનમય પોતાનું અસ્તિત્વ છે એમ પ્રતિભાસે છે ત્યારે રાગપણે હોવાનું - ભ્રાંતિ થવાનું પણ એને જ્ઞાન, ભ્રાંતિનું પણ એને જ્ઞાન થાય છે કે અનાદિથી મને આ ભ્રાંતિ થઈ હતી કે હું રાગી છું, હું દ્વેષી છું, હું મોહી છું, હું સંસારી છું પણ વાસ્તવિકપણે જોતા દ્રવ્ય સદા નિર્લેપ છે. આ જે પહેલી વાત છે ઇ ધડાકાની વાત છે. જે Tone છે ઇ બહુ સારો છે. આખા બોલનો જે Undertone છે, એનો જે ધ્વનિ છે ઇ બહુ સારો છે કે, **'દ્રવ્ય સદા નિર્લેપ છે.'** અંદર એક ધડાકો ભો થાય (કે), શું કહે છે આ ? અત્યાર સુધી હું એવી રીતે બીજા પદાર્થો સાથે મારી જાતને ભેળવીને રગડ્યા

રગડ કરું છું. એને સીધો ધડાકો કરાવે છે કે દ્રવ્ય સદા નિર્લેપ છે. તું દ્રવ્યે સદા નિર્લેપ છો. ત્રણે કાળે નિર્લેપ છો, કોઈ કાળે તારું દ્રવ્ય ક્યાંય ભળ્યું નથી. સ્પષ્ટ વાત આ છે.

પ્રશ્ન :- તો પછી એમ લેવું કે થાય છે જ્ઞાન અને માને છે કે હું રાગ છું, એમ લેવું ?

સમાધાન :- જ્ઞાન સ્વરૂપે જ પોતાનું અસ્તિત્વ છે. જાણનાર તરીકે એ રહે છે. જાણનાર તે જાણનાર તરીકે લેપાયા વગર રહે છે પણ ભ્રાંતિએ કરીને હું એકાંતે રાગમય છું એવો અનુભવ કરે છે. જ્ઞાનને તો સદંતર, સાવ ચૂકી જાય છે, પૂરેપૂરો સચોડો જ્ઞાનને ભૂલે છે, જ્ઞાનને ચૂકે છે અને એકલો રાગમયપણે પોતાને આખેઆખો અનુભવ કરે છે એ એનો મિથ્યા અનુભવ છે. એ વાત સાચી નથી. એવો અનુભવ ચાલુ રાખવાથી એને – જીવને પોતાને જ ઘણું દુઃખ છે. એથી કાંઈ એને સુખ નથી પણ એને ઘણું દુઃખ છે. સંસારમાં કોઈ સંસારી પ્રાણી સુખી નથી એનું આ એકમાત્ર કારણ છે કે એણે પોતાને રાગી, દ્વેષી, મોહી, સંસારી માન્યો છે, મૂળ સ્વરૂપે જેવો છે એવો માન્યો નથી. આ જ કારણ છે.

પ્રશ્ન :- થાય છે જ્ઞાન પણ માને છે કે મને રાગ થાય છે એમ લેવું ?

સમાધાન :- થાય છે એને બન્ને. પણ આધાર લ્યે છે એકલા રાગનો. સમજણથી લઈએ તો એને બન્ને થાય છે પણ એને જ્ઞાન થાય છે એવું કાંઈ રહેતું નથી. રાગનો આધાર લઈ લેતો હોવાથી અને રાગના આધારે તન્મય થઈને પરિણમતો હોવાથી, એકત્વભાવે પરિણમતો હોવાથી જ્ઞાન થાય છે એ જ્ઞાની જાણે છે એને તો કાંઈ એવું રહેતું નથી. આ પરિસ્થિતિ છે. અને એ તો અનુભવથી સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે કે આમ થાય છે એ વાત જ્ઞાની કહે છે એ સાચી છે કે નહીં ? એ પોતે તપાસીને મેળવી શકે એવું છે.

પ્રશ્ન :- અજ્ઞાનીના જ્ઞાનમાં જ્ઞાન તો થાય છે કે નહીં ?

સમાધાન :- જ્ઞાન તો થાય જ છે ને. જ્ઞાનગુણ કાંઈ પરિણમ્યા વિનાનો રહે ? જ્ઞાનગુણ સદાય પરિણમનશીલ છે. કયો ગુણ પરિણમ્યા વિનાનો રહે ?

પ્રશ્ન :- અજ્ઞાનીને અશુદ્ધતા આવે છે તો એ અશુદ્ધતા ક્યાંથી શરૂ થાય છે ?

સમાધાન :- પરિણમન થયું ત્યારથી જ. પ્રતિસમય. સમયના તો બે ભાગ છે નહીં. પ્રતિસમય અશુદ્ધતા પરિણમે છે.

પ્રશ્ન :- એટલે નવી નવી પ્રગટે છે કે..

સમાધાન :- નવી નવી.

પ્રશ્ન :- એટલે ઉત્થાન જ અશુદ્ધતાથી થાય છે....

સમાધાન :- અશુદ્ધતાથી. લક્ષ એનું પોતા ઉપર નથી, સ્વદ્રવ્ય ઉપર નથી, શુદ્ધતા ઉપર નથી, શુદ્ધ સ્વદ્રવ્ય ઉપર લક્ષ નથી અને પોતે અશુદ્ધ છે એવું માની રાખ્યું છે એટલે એ માન્યતાના આધારે એનું સર્વ પરિણમન અશુદ્ધ જ થાય છે.

પ્રશ્ન :- એટલે એનું ઉત્થાન જ અશુદ્ધ થાય છે કે ઉત્થાન થયા પછી થાય છે.

સમાધાન :- નહીં, નહીં ઉત્થાન જ અશુદ્ધ થાય છે. ઉત્પાદ જ અશુદ્ધ થાય છે.

મુમુક્ષુ :- તો પછી દ્રવ્ય શુદ્ધ છે અને ઉત્થાન એનું અશુદ્ધ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બરાબર છે. એનું કારણ એની માન્યતાનો પ્રકાર એવો છે. પાયામાં એની માન્યતાનો પ્રકાર એવો છે. માન્યતા વિપરીત હોવાને લીધે એનું જ્ઞાન પણ વિપરીતપણે કામ કરે છે, એનું આચરણ પણ વિપરીતપણે કામ કરે છે, એનો પુરુષાર્થ પણ વિપરીતપણે કામ કરે છે. એમ એના મુખ્ય ગુણો બધા વિપરીતપણે કામ કરે છે.

મુમુક્ષુ :- એની માન્યતા...

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો 'इँ: फ्रफ वुमृफ्रेक धम्नुफ्रेक' કહ્યું છે ને. 'इँ: फ्रफ वुमृफ्रेक धम्नुफ्रेक' 'કુંદકુંદભગવાન'નું 'અષ્ટપાહૂડ'નું સૂત્ર છે. 'वुमृफ्रेक धम्नुफ्रेक' કહ્યું છે એનું કારણ એ છે કે જેમ મૂળથી બધું પાંગરે છે એમ તારું જેવું શ્રદ્ધાન એવું તારું પરિણમન પાંગરશે. જો શ્રદ્ધાન વિપરીત તો જ્ઞાન, આચરણ, પુરુષાર્થ બધું વિપરીત. જો તારું શ્રદ્ધાન શુદ્ધ તો તારું જ્ઞાન શુદ્ધ, તારું આચરણ શુદ્ધ, તારો પુરુષાર્થ શુદ્ધ – બધું શુદ્ધતાના પંથે આવશે અને પરિપૂર્ણ શુદ્ધ તું થઈ જઈશ. એમ.

પ્રશ્ન :- અશુદ્ધ થવાનું કારણ શું ?

સમાધાન :- અશુદ્ધ થવાનું કારણ પોતાનું ઊંધું શ્રદ્ધાન અને ઊંધું જ્ઞાન. વિપરીતજ્ઞાન અને વિપરીત શ્રદ્ધાન. પોતે જેવો છે તેવો પોતાને માનતો નથી ને જાણતો નથી, લટું જાણે છે. કર્મજનિત પર્યાય આ મનુષ્યત્વ છે. શું છે ? મનુષ્ય નામકર્મના ઉદયે આ મનુષ્યની યોગ્યતાવાળી કર્મજનિત અવસ્થા છે તો એણે એમ માન્યું કે હું માનવ છું અને મારો માનવધર્મ શું છે આટલું હું કરું. બસ ! આમ ભૂલો પડ્યો. હું આત્મા છું અને મારો આત્મધર્મ શું છે એ વાત એણે વિચારી નહીં, વિચારમાં લીધી પણ નહીં. આ પરિસ્થિતિ છે. અને કહેવાતા જૈન સાધુઓ, જૈન પંડિતો બધા જ, 'બધો ધર્મ પછી છે પહેલો માનવધર્મ છે' આમ ઠપકારે

છે. ઠપકારે જ આમ અહીંથી. બધો ધર્મ પછી છે પહેલો માનવધર્મ છે. શું કહે છો પણ ? એને કાંઈ ખબર નથી. આ બધી ગડબડ ચાલે છે.

મુમુક્ષુ :- આત્મધર્મ ખોવાઈ ગયો અને માનવધર્મ ભો રહ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- માનવધર્મ ભો રહ્યો. પણ તું માનવ નથી. અહીં તો આત્મધર્મમાં પહેલી આ વાત છે કે તું માનવ નથી અને તું આત્મા છો. માનવ તો કર્મના ઉદયથી ઉત્પન્ન થયેલી વિકારી અવસ્થા છે, એ તારું સ્વરૂપ નથી.

પ્રશ્ન :- રાગના આધારે બધું થાય છે પણ આચાર્ય કહે છે કે આબાળગોપાળને બધાને જ્ઞાન જ અનુભવ થાય છે, ઇ કેવી રીતે ?

સમાધાન :- એટલું નથી કહેતા. જ્ઞાન અનુભવ થાય છે એટલું (કહીને) અટકી નથી જતા. અનુભૂતિસ્વરૂપ ભગવાનઆત્માનો અનુભવ થતો હોવા છતાં તે તિરોભૂત થઈ જાય છે. અનાદિ કર્મના ઉદયના લક્ષમાં પડ્યો હોવાથી એને એ અનુભવાતો હોવા છતાં અનુભવાતો નથી. હવે કેવી રીતે એ કહો ? જેમકે કાનને આંખની જેમ બંધ કરવાનું બારણું નથી. પોપચા છે (તો) આંખ બંધ કરી શકે. કાન કોઈ બંધ કરે છે ? તો કાન તો ખુલ્લા જ રહે છે. છતાં લક્ષ ન હોય, જે અવાજ આવતો હોય, જે સાંભળવા મળતું હોય એના ઉપર લક્ષ ન હોય તો સંભળાતું હોવા છતાં સંભળાતું નથી એમ કહેવાય છે કે નહીં ? એ વાત લાગુ પડે છે કે નથી લાગુ પડતી ? સંભળાતું હોવા છતાં સંભળાતું નથી એને. કેમકે એનો ઉપયોગ નથી એના ઉપર. એમ જણાતું હોવા છતાં એને જણાતું નથી. કેમકે એનો ઉપયોગ નથી એના ઉપર.

તારા ઉપયોગને તું તારા ઉપયોગ ઉપર મૂક. ઉપયોગને ઉપયોગ ઉપર લઈ જા. તને સમજાશે કે તારી જાત શું છે. ઉપયોગને ઉપયોગ ઉપર લઈ જા તોપણ તને સમજાશે કે મારી જ્ઞાનની જાત છે, મારી રાગની જાત નથી. એટલે જણાય છે છતાં નથી જણાતું એવું બને છે, સંભળાય છે છતાં નથી સંભળાતું એવું બને છે, દેખે છે છતાં નથી દેખતો એવું પણ બને છે. આંખ ખુલ્લી હોય, ધ્યાન ક્યાંક બીજે હોય, લક્ષ બીજે હોય, સામે પ્રતિબિંબ પડતું હોય ચક્ષુ ઇન્દ્રિયના પડદા ઉપર તો એણે શું જોયું એને ખબર હોય નહીં. એટલે પ્રતિબિંબ નહોતું પડતું ? પણ જ્યાં સુધી એનો ઉપયોગ નથી ત્યાં સુધી એને ખ્યાલમાં આવતું નથી કે આ શું છે. જ્ઞેય શું છે એ એને પકડમાં આવતું નથી.

મુમુક્ષુ :- પ્રવચનમાં ઉપયોગ ન હોય, શશીભાઈએ શું કીધું ? તો કહે, ઇ ધ્યાન

નથી. એવો કલાકમાં વીસ વાર અનુભવ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉપયોગ ન હોય તો જાય. સાંભળ્યું છતાં નથી સાંભળ્યું. એ તો બધાને અનુભવ થઈ શકે એવી વાત છે.

પ્રશ્ન :- જાણનાર છે તે કરનાર નથી અને કરનાર છે તે જાણનાર નથી, એવું આવે છે ને ?

સમાધાન :- એટલે કર્તૃત્વભાવે પરિણમે છે એ જ્ઞાતાભાવે રહેતો નથી. જ્યારે જીવ કર્તૃત્વભાવે પરિણમે છે ત્યારે જ્ઞાતાભાવે રહેતો નથી. જ્યારે જીવ માત્ર જ્ઞાયકપણે રહે છે ત્યારે એને રાગ થાય તોપણ એનું કર્તાપણું થતું નથી. એમ લેવું છે. જે કરોતિ ક્રિયા છે એમાં જ્ઞપ્તિક્રિયા નથી ને જ્ઞપ્તિક્રિયામાં કરોતિ ક્રિયા નથી. 'સમયસાર'માં એ શબ્દ વાપર્યા છે.

એક બીજો વિચાર આવ્યો હતો. આ ઉપયોગ મૂકવાની વાત છે ને ? કે, તારા ઉપયોગ ઉપર જ તારો ઉપયોગ રાખ. તો તારા ઉપયોગમાં અનુભવવાનો સ્વભાવ છે. તારા ઉપયોગમાં અનુભવવાનો સ્વભાવ છે. જ્ઞાનનો પર્યાય જ્ઞાનવેદનનો કદી ત્યાગ કરતો નથી. કેમકે વેદકસ્વભાવી છે, જ્ઞાન પોતે વેદકસ્વભાવી છે. જ્ઞાનનું જ્ઞાનને વેદન તેને જ સ્વસંવેદન કહેવામાં આવે છે. પણ અરેરે...! તારો ઉપયોગ નથી એનું શું ? વાત તો આટલી નજીક છે. એના ઉપર તારો ઉપયોગ નથી. બાકી તારા જ્ઞાનવેદને કદી વેદનનો ત્યાગ કર્યો નથી. પણ તેં કદી તને શું વેદાય છે એના ઉપર ઉપયોગ મૂક્યો નથી. ભ્રાંતિએ કરીને તેં એમ જાણ્યું છે કે મને ઠંડી વેદાય છે, મને ગરમી વેદાય છે, મને સુખ વેદાય છે, મને દુઃખ વેદાય છે, મને અનુકૂળતા વેદાય છે, મને પ્રતિકૂળતા વેદાય છે, શાતા વેદાય છે, અશાતા વેદાય છે. મુખ્યપણે તો જીવ શાતા-અશાતાને એકત્વભાવે વેદે છે પરંતુ એ કદી પોતાના જ્ઞાનને વેદતો નથી. આ તકલીફ છે એની. શાતા-અશાતાને એકત્વભાવે વેદે છે પણ કદી એણે શાતા અશાતાના વેદનથી, એ શાતા-અશાતા તો જ્ઞાનનું જ્ઞેય છે, વેદનાર તત્ત્વને એણે જ્ઞાનવેદનામાં વેદ્યું નથી. એ જ્ઞાનવેદના નિર્વિકલ્પ છે અને એ નિર્વિકલ્પ જ્ઞાનવેદનાને વેદે તો એ ભાવશ્રુત છે અને એ ભાવશ્રુતમાં આનંદના ફુવારા છે.

'ગુરુદેવે' 'પરમાગમસાર'માં એ બધી વાત લીધી છે. 'પરમાગમસાર'માં આપણે છેલ્લે એ વાત (લીધી છે). 'ગુરુદેવ'ની તો શૈલી પણ એકદમ વિષયને અસાધારણ રીતે અભિવ્ય ત કરે એવી છે. '**વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે, તેનું અંતર્લક્ષ કરવું.**' આ ઉપયોગ

મૂકવાની વાત છે ને ? તારા ઉપયોગ ઉપર ઉપયોગ મૂક. એમ આપણે વાત ચાલી. 'અનુભવપ્રકાશ'માં તો આ શૈલી બહુ સરસ લીધી છે, ઠામ ઠામ. વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના. કેમકે જ્ઞાનવેદનમાં વિકલ્પ નથી **'વિકલ્પ વિનાની જ્ઞાનની વેદના કેવી છે તેનું અંતર્લક્ષ કરવું...'** જુઓ ! કેવી અભિવ્યક્તિ છે ! તેનું અંદરમાં તું લક્ષ કર. અંતર્લક્ષ કર તું. ઉપયોગ મૂક તેના ઉપર કે આ જ્ઞાનવેદના વિકલ્પ વિનાની કેવી છે અંદર. તેનું અંતર્લક્ષ કરવું **'તેનું નામ ભાવશ્રુતનું લક્ષ છે.'** એને ભાવશ્રુતનું લક્ષ કહેવામાં આવે છે. આ ભાવશ્રુત છે. દ્રવ્યશ્રુતમાંથી સીધું ભાવશ્રુત છે.

**'રાગની અપેક્ષા છોડીને...'** અહીંયાં વિષયને એકદમ સ્પષ્ટ કરવા માટે એક બીજી વાત સાથે લ્યે છે કે, એવા પ્રકારના ચાલતા **'રાગની અપેક્ષા છોડીને...'** અથવા અનાદિથી ચાલતા રાગનો આધાર છોડીને અને આધારબુદ્ધિ પણ છોડીને **'સ્વનું લક્ષ કરતાં...'** અને સ્વનો આધાર લેતાં **'ભાવશ્રુત ખીલે છે ને તે ભાવશ્રુતમાં આનંદના ફુવારા છે.'** એમાં આનંદનો ફુવારો ફડાક દઈને ભો થઈ જાય છે. એને લક્ષ પણ નથી કે હું આનંદનો અનુભવ કરવા જાઉં, પણ અંદરથી આનંદ ફાટે છે. અનાદિનો આનંદગુણ દુઃખરૂપે પરિણમી રહ્યો હતો એ સીધો એકદમ શુદ્ધ થઈને પરિણમનમાં આવે છે. એક નવો ચમત્કાર થાય છે કે જાણે પરિણમનમાં એટલે જીવનમાં અને જીવનમાં એટલે પરિણમનમાં આ શું થયું ? બધું જાણે બદલાઈ ગયું.

મુમુક્ષુ :- જ્ઞાનનું વેદન ચાલુ જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- વિચારથી લક્ષમાં લેવાથી આગળ જઈને... વિચાર પ્રયોગનો વિષય નથી, એ વિકલ્પમાત્ર છે. જ્યાં જ્ઞાન ચાલી રહ્યું છે ઇ ચાલતા જ્ઞાનમાં વિકલ્પ વિનાની જ્ઞાનવેદના છે કોઈ, એ જ્ઞાનવેદનાનું અંતરમાં લક્ષ કરવું, એ અહીંયાં અંતર્લક્ષ કરવું એ પ્રયોગ છે. એ ભાવશ્રુત છે. એ ભાવશ્રુત પ્રગટ થાય, ખીલે તો એને આત્માનો આનંદ પ્રગટ્યા વિના રહે નહીં.

પ્રશ્ન :- અંતર્લક્ષ કરવું એટલે ઉપયોગ ઉપયોગમાં રહેવો ?

સમાધાન :- અંતરનું લક્ષ કરવું એટલે લક્ષ કરનાર અને લક્ષમાં આવનાર બન્ને એક થઈ જાય છે. કારણ કે બે જુદાં નથી. જ્યારે બે એક થાય છે ત્યારે એને અભેદ અનુભૂતિનો આનંદ આવ્યા વિના રહે નહીં. એ જીવનો સ્વભાવ છે કે ત્યાં આનંદની ઉત્પત્તિ થાય, થાય ને થાય જ. અનિવાર્યપણે આનંદની ઉત્પત્તિ થાય. એ આનંદને કોઈ નિવારી શકતું

નથી.

મુમુક્ષુ :- વસ્તુની વ્યવસ્થા જ એવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ વસ્તુસ્વરૂપ છે.

મુમુક્ષુ :- ધ્યાન, ધ્યાતા અને ધ્યેયનો વિકલ્પ નથી રહેતો.

પૂજ્ય ભાઈશ્રી :- ના. એ તો બહુ આઘી વાત છે. ધ્યાન ધ્યાતાનો વિકલ્પ તો બહુ સ્થૂળ છે. અહીંયાં તો એ પ્રશ્ન જ નથી. અહીંયાં તો પ્રયોગે ચડ્યો છે. એને અવલોકે છે, એને જોવે છે કે આ મારા જ્ઞાનમાં જ્ઞાનનું વેદન – જ્ઞાનનું સ્વસંવેદન સદા હું ધારણ કરી રહ્યો છું, એ તો મારું સ્વરૂપ છે એનો ત્યાગ થઈ શકતો નથી એવી વસ્તુ છે. 'સમયસાર'માં ૯૨, ૯૩, ૯૪, ૯૫, ૯૬ પાંચ ગાથાથી એ વાત ઉપાડી છે કે શીત-ઉષ્ણરૂપે જેમ આત્મા થઈ શકતો નથી. જેવી રીતે શીત-ઉષ્ણ જણાવા છતાં, શિયાળા-ઉનાળામાં ઠંડી-ગરમી વાતાવરણમાં ભી થાય છે તો શીત-ઉષ્ણપણું એ જ્ઞાનમાં જણાવા છતાં જ્ઞાન શીત-ઉષ્ણરૂપે થઈ શકતું નથી. તેમ રાગાદિ ભાવો જ્ઞાનમાં પ્રતિભાસવા છતાં જ્ઞાન તે રૂપે કદી થઈ શકતું નથી. એ જ્ઞાન કોણ છે ? કે જ્ઞાન તે હું. જ્ઞાન કોણ છે ? કે જ્ઞાન તે હું. જ્ઞાનનો અર્થ શું ? જ્ઞાનનો અર્થ આત્મા. આત્માનો અર્થ શું ? 'ह्नप्रह्मुर्क ह्नि ठ्कह्नन्ऋ કે આત્મા એટલે હું. અહં, અહં ઇતિ આત્મા. 'પ્રવચનસાર'માં 'જયસેનાચાર્યે' ટીકા કરી છે એવી. એક જગ્યાએ આવી કાંઈક ચર્ચા ચાલી તો કહે, જ્ઞાનને આત્મા કહો છો, અહીંયાં જ્ઞાનને આત્મા કહો છો. 'ह्नप्रह्मुर्क ह्नि ठ्कह्नन्ऋ આત્માનો અર્થ શું કરો છો ? તો કહે, અહં ઇતિ. 'હું.' આત્માનો અર્થ શું ? કે 'હું' એમ જાણવું, 'હું' એમ જાણવું એનું નામ આત્મા.

મુમુક્ષુ :- અહં બ્રહ્માસ્મી.

પૂજ્ય ભાઈશ્રી :- હા ! અહં બ્રહ્માસ્મી આવી ગયું. એ લોકોએ આ અહં બ્રહ્માસ્મી પકડ્યું છે દિવ્યધ્વનિમાંથી. અહં બ્રહ્માસ્મી પકડ્યું છે દિવ્યધ્વનિમાંથી. એકાંત કરતા મત જુદો પડી ગયો.

ભેદજ્ઞાનનો બોલ છે ને ! બહુ સરસ બોલ છે આ. શું કહે છે ? કે જાણનાર તરીકે પોતે જુદો ને જુદો તરતો છે. જુદો જ તરી રહ્યો છે. જાણનાર ભળતો નથી, જાણનાર જણાનારમાં ક્યાંય ભળતો નથી. શીત-ઉષ્ણને જાણે તો શીત ઉષ્ણરૂપે થતો નથી. રાગાદિને જાણે તો રાગરૂપે થતો નથી. જોવે બરાબર કે જાણનાર તો જાણનાર જ રહે છે. લક્ષ ફેરવવાની એને જરૂર છે, વજન ફેરવવાની એને જરૂર છે, આધાર બદલવાની એને જરૂર છે.

મુમુક્ષુ :- 'સંવર અધિકાર'માં ઉપયોગમાં ઉપયોગ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ ઉપયોગમાં ઉપયોગ છે એ આ જ વાત છે. આ સંવર આ રીતે થાય છે, એમ કહેવું છે. જો ઉપયોગમાં ઉપયોગ છે, જ્ઞાનના આધારે જ્ઞાન છે, ક્રોધાદિ ક્રિયાના આધારે જ્ઞાન નથી. ક્રોધાદિ ક્રિયા જોડે બાજુમાં જ ચારિત્રગુણ પરિણમતો હોવા છતાં, એક જ અવસ્થામાં બાજુ બાજુમાં જ્ઞાન ને રાગ હોવા છતાં બિલકુલ એનાથી નિરપેક્ષ જ્ઞાન છે. એ જણાય છે માટે એનું જ્ઞાન છે એમ પણ નહીં. એટલે તો 'ગુરુદેવ' આ વિષય બહુ લેતા હતા કે, જણાય છે માટે એનું જ્ઞાન થાય છે એમ નથી. કેમકે એટલો પણ આધાર નથી લેવો. એ છે માટે એનું જ્ઞાન થાય છે ? કે, નહીં. એ છે માટે એનું જ્ઞાન થાય છે એમ નથી. તે કાળે જ્ઞાનમાં તેવો જ જ્ઞાનાકાર થવાની સ્વતંત્ર યોગ્યતા હતી, જ્ઞેયને કારણે હરગિજ નહીં. નિમિત્તનૈમિત્તિક સંબંધ હોવા છતાં જ્યાં અધ્યાત્મનો વિષય છે ત્યાં નિમિત્ત નૈમિત્તિક સંબંધ ગૌણ કરાવે છે. નહીંતર તો જ્ઞાન નૈમિત્તિક છે અને રાગાદિ કષાયભાવો એમાં જ્ઞેયરૂપ નિમિત્ત છે અને બન્નેને નિમિત્તનૈમિત્તિક સંબંધ, જ્ઞાનજ્ઞેયનો નિમિત્તનૈમિત્તિક સંબંધ પારિણામિકભાવે રહેલો છે. પણ એ જાણવાનો વિષય છે. નિમિત્ત નૈમિત્તિક તમામ સંબંધો માત્ર જાણવાનો વિષય છે, બિલકુલ આધાર લેવાનો વિષય નથી. અહીંયાં આધાર તું તારો લે. બસ ! એક વાત છે. ભલે અન્ય જ્ઞેયો જ્ઞાનમાં જણાય, આધાર લેવાની કોઈ જરૂર નથી તારે. એનો આધાર લેવા જતાં તું તને ખોય બેસે છો. તારે ખોવાવું નથી, તારે તારા આધારે મજબૂત થાવું છે આટલી વાત છે.

શું કહે છે ? કે **'પોતે જાણનાર જુદો જ, તરતો ને તરતો છે.'** કેવો સરસ ધ્વનિ છે એની અંદર ! પોતે જ તરતો ને તરતો છે. એમ પોતે તરતા ભાવે પરિણમતા જાય છે અને દર્શાવતા જાય છે. આવો Tone છે એની અંદર. પછી દૃષ્ટાંત લીધું છે કે, **'જેમ સ્ફટિકમાં પ્રતિબિંબો દેખાવા છતાં સ્ફટિક નિર્મળ છે,...'** આ તો બહુ સ્પષ્ટ સમજાય એવો વિષય છે કે, સ્ફટિકની નિર્મળતાને લઈને અનેક પ્રતિબિંબો એની અંદર ઠે. **'તેમ...'** એ દૃષ્ટાંતે **'જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે અને નિર્લેપ છે.'** હવે એક તર્ક જે હતો કે રાગ પણ જીવની પર્યાયમાં છે અને જ્ઞાન પણ જીવની પર્યાયમાં છે. એની સામે એક પ્રશ્ન છે કે રાગ જીવની પર્યાયમાં છે એમ કોણે નક્કી કર્યું ? ક્યાં આવવું પડે છે હવે નક્કી કરો. તમારે ક્યાં આવવું પડે છે ઇ નક્કી કરો. તમે જ્ઞાનનું ઘર છોડ્યું છે પણ તમારે જ્ઞાનના ઘરે આવવું જ પડે એવી વાત છે. કેમકે સિવાય જ્ઞાન બધું અંધારું છે.

એક દલીલ લઈ આવ્યા તમે કે રાગ પણ જીવની પર્યાયમાં થાય છે એનું શું ? ત્યારે હું પૂછું છું કે ઇ વાત ક્યાંથી લાવ્યા તમે ? રાગ જીવની પર્યાયમાં છે એ વાત લાવ્યા ક્યાંથી તમે ? તમારે જ્ઞાનના ઘરે આવવું પડે છે. જ્ઞાનને છોડ્યું છે તોપણ આ વિષયને તાત્ત્વિકપણે સમજવા જતાં, આ વિષયનું તત્ત્વ સમજવા જતાં તમારે જ્ઞાનના ઘરમાં જ આવવું પડે એવું છે. બીજો કોઈ ઉપાય આમાં નથી.

એમ કહે છે કે વિભાવભાવો છે એમ જણાય છે, છે એમ જણાય છે ક્યારે ? કે એમાં પ્રતિબિંબ ઠે છે ત્યારે વિભાવભાવો જણાય છે. એ જણાય છે તોપણ જ્ઞાન એનાથી જુદું જ છે. જણાય છે ત્યારે પણ જ્ઞાન એનાથી જુદું છે. એ માને કે મારામાં રાગ થાય છે, મને રાગ થાય છે ને મારામાં રાગ થાય છે એમ માને ત્યારે પણ જ્ઞાનમાં રાગ થતો નથી, જણાય છે – પ્રતિબિંબિત થાય છે. જ્ઞાનમાં રાગ થતો નથી. આ વિષય તત્ત્વનો એવો વિષય છે કે એને રાગની આધારબુદ્ધિ છૂટી જાય એવી વાત છે.

પ્રશ્ન :- રાગ થાય છે ત્યારે જ્ઞાનની જ પ્રતીતિ થાય છે એમ કહેવું છે ?

સમાધાન :- ખરેખર એમ છે. એટલે 'સમયસાર'ની છઠ્ઠી ગાથામાં લીધું છે, પાયાની ગાથામાં લીધું છે કે, જેમ દીવો છે એ ઘટપટને પ્રકાશતા પણ એ પોતાને પ્રકાશે છે. એમ જ્ઞાન રાગાદિને પ્રકાશતા ખરેખર તો પોતાને પ્રકાશે છે. એ આધાર લેવાની વાત છે. ઘટપટને પ્રકાશે છે કે રાગાદિને પ્રકાશે છે એ જાણવાની વાત છે અને પોતાને પ્રકાશે છે એ આધાર લેવાની વાત છે. બે વાતમાં ફેર છે. એક જાણવાનો વિષય છે, એક આધાર લેવાનો વિષય છે. જાણવાના વિષયને જાણવાના વિષયની મર્યાદામાં રાખવો એ મર્યાદામાં પણ એને છોડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તેમ એ મર્યાદાથી ઉલ્લંઘન કરીને એને આધાર લેવામાં પણ નુકસાન છે. જાણવાની મર્યાદા છોડવાથી એમાં પણ નુકસાન છે. જ્યાં જેમ જેમ જેનું જે સ્થાન છે તેને યથાયોગ્ય સ્થાનમાં રાખે એનું નામ જ્ઞાન સાચું. જે તે તત્ત્વને, જે તે પદાર્થને એના યથાયોગ્ય સ્થાનમાં રાખે તે જ્ઞાન સાચું. એમ છે.

મુમુક્ષુ :- રાગ મને થતો જ નથી એવું માને.. રાગ મારામાં છે જ નહીં, રાગ મને થતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ્ઞાનમાં...?

મુમુક્ષુ :- એમ માને. એમ માને કે રાગ મને થતો નથી..

પૂજ્ય ભાઈશ્રી :- રાગ મને થતો નથી એમ એકલા જ્ઞાનને પકડીને માને. એવું જ્ઞાનનો

આધાર લઈને માને તો તે સમ્યક્ છે અને આધાર લે રાગનો અને વિકલ્પ કરે કે મને રાગ થતો નથી, મારામાં રાગ થતો નથી તો એ તો વિકલ્પમાત્ર છે અને કથનમાત્ર છે. એને એ વાતની ખબર પણ નથી, એને ખ્યાલ પણ નથી અને પકડાતું પણ નથી. (રાગ મારામાં) નથી એવું પકડે, પકડાવું જોઈએ, ગ્રહણ થવું જોઈએ તો એ બરાબર છે. ગ્રહણ ન થાય, ગ્રહણ થાય ઊંધું અને વિકલ્પ કરે ને વિચાર કરે ને કથન કરે ઊંધું તો બે વાતને મેળ નથી. એના પરિણમનને અને એના વિચાર વિકલ્પને કાંઈ મેળ ખાતો નથી.

પ્રશ્ન :- આધાર લેવો એટલે ?

સમાધાન :- હું પણે ગ્રહણ કરવું. પ્રશ્ન છે ભાઈનો (કે), આધાર લેવો એટલે શું ? આધાર લેવો કહો, આશ્રય કરવો કહો, ગ્રહણ કરવું કહો, પકડવું એમ કહો, એકત્વ કરવું એમ કહો, લીન થવું અને તન્મય થવું એમ કહો બધું એકાર્થ છે. ઠીક ! ચોખ્ખેચોખ્ખું લઈએ તો. એમાં હુંપણું આવે છે. હું હું હું હું હું થઈ જ રહ્યું છે. ક્યારેય એક સમય પણ હું હું હું જીવને થતું નથી એવું નથી. પણ અસ્થાનમાં થાય છે – રાગમાં ને દેહમાં. આ દેહ તે હું અને આ રાગ તે હું. તપાસી લ્યે, એમ થાય છે કે નથી થતું ? એ અસ્થાનમાં, અયોગ્ય સ્થાનમાં, ખોટા સ્થાનમાં જ્યાં પોતાનું અસ્તિત્વ નથી ત્યાં હુંપણું થઈ રહ્યું છે. એને લઈને એનું દુઃખ છે.

મુમુક્ષુ :- આધાર લેવો ..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બે વસ્તુ જુદી જુદી છે. તત્ત્વજ્ઞાનમાં આ બે વાત હંમેશા ખ્યાલમાં રાખવી પડે છે. તત્ત્વજ્ઞાનનો વિષય બહોળો છે અને આગમ અને અધ્યાત્મ એ એકબીજાથી જુદાં ન પાડી શકાય એવી ચીજ છે. એકબીજા સાથે એવી રીતે સંકળાયેલા છે કે એને જુદાં ન પાડી શકાય. એમાં આગમના કેટલાક વિષયો જાણવાના વિષયો છે, આધાર લેવાના નથી. એટલું જો એને સમજવામાં પ્રયોજનભૂત રીતે આવી જાય તો ક્યાંય ભૂલો ન પડે અને નહીંતર ક્યાંક ને ક્યાંક એવો ભૂલો પડે કે આખું તત્ત્વ  લટું થઈ જાય અને વિપરીત થઈ જાય, વિપરીત અભિનિવેશ એમાંથી  ભો થઈ જાય. જગતના તમામ અન્યમતો દિવ્યધ્વનિમાંથી એ રીતે  ભા થયેલા છે. થયા છે બધાય દિવ્યધ્વનિમાંથી પણ એ આ રીતે પકડવામાં ફેર પડી ગયો એટલે.

(અહીંયાં કહે છે), **'તેમ જીવમાં વિભાવો જણાવા છતાં જીવ નિર્મળ છે–નિર્લેપ છે.'** જીવમાં કહો કે જ્ઞાનમાં કહો, વિભાવો પ્રતિબિંબિત થાય છે તોપણ જે જાણનાર ભાવ છે

અથવા જીવ સ્વભાવ છે એ નિર્મળ છે, નિર્લેપ છે. કોઈ વિભાવથી જાણનાર લેપાતો નથી એટલે કે કોઈ વિભાવથી જીવ લેપાતો નથી એટલે કે કોઈ વિભાવથી હું લેપાતો નથી. આમ પકડવું. એમ વિચાર કરવો નહીં પણ એમ પકડવું અંદરમાં.

પ્રશ્ન :– એટલે કે કોઈ વિભાવનો જ્ઞાનમાં પ્રવેશ નથી એમ લેવું ?

સમાધાન :– હા, બિલકુલ પ્રવેશ નથી, સ્પર્શના જ નથી. કોઈ વિભાવ જ્ઞાનને સ્પર્શી શકતા નથી. જ્ઞાનદર્પણમાં એનું પ્રતિબિંબ ઠે છે પણ જ્ઞાનમાં એનો જરા પણ પ્રવેશ નથી. જ્ઞાનમાં કોઈ વિભાવને પ્રવેશ હોવાનો અવકાશ નથી, કોઈ જગ્યા નથી, કોઈ પોલાણ નથી, કોઈ અવકાશ નથી, ખાલીપણું નથી. અથવા તો જ્ઞાન જ્ઞાનત્વથી એવું જ્ઞાનઘન છે, નિવિડ છે કે એમાં કોઈને પ્રવેશ મળી શકે એવું નથી. જાણે દુનિયા આખીને, કોઈને પ્રવેશ મળે નહીં. એવું જ્ઞાન ઘનિષ્ઠ જ્ઞાનપણે છે. જ્ઞાનપણે જ્ઞાન જ્ઞાનઘન છે. એ જ્ઞાનાકારતા કહો કે આત્માકારતા કહો. પ્રત્યક્ષપણે હું અથવા પ્રત્યક્ષ સ્વરૂપે અનઅવકાશપણે હું એકલો જ્ઞાનમય છું એમ એણે પોતાના સ્વભાવનો આવિર્ભાવ કરવો જોઈએ. એ એની અંદરની વિધિ છે. અનઅવકાશપણે – કોઈ અવકાશ નથી મારામાં. ત્રિકાળ નિર્લેપ છું, ક્યાંય લેપાતો નથી, ક્યાંય કોઈ મારી અવસ્થાનો રહેલો રાગ ન અડે મને, બીજાને અડવાનો પ્રશ્ન ક્યાં ભો થાય છે ? બીજી વાત ક્યાં ભી થાય છે ?

પ્રશ્ન :– તો પછી બધે જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ્ઞાન જ જણાય છે ?

સમાધાન :– જ્ઞાન જ છે. બધે સર્વત્ર મારામાં તો પ્રદેશે પ્રદેશે વિજ્ઞાનઘન સ્વરૂપે હું છું. જ્ઞાનસ્વરૂપે છું એમ નહીં પણ હું વિજ્ઞાનઘન સ્વરૂપે છું અને એમ જોતાં હું અવસ્થામાં પણ વિજ્ઞાનઘનપણે થતો જાઉં છું, અનુભવાતો જાઉં છું. એ વિધિ છે એની.

પ્રશ્ન :– આ વિભાવ થઈ રહ્યો છે. ઇ શેમાં થઈ રહ્યો છે ?

સમાધાન :– વિભાવ વિભાવમાં થઈ રહ્યો છે. વિભાવ હું સ્વરૂપે, મારા સ્વરૂપે છે એમ એનો આધાર લેવાની જરૂર નથી. એક તર્ક જીવ કરી શકે છે કે મારામાં થાય ને એમ કેમ કરવું ? પ્રમાણિકપણે તો મારે સ્વીકાર કરવો જ પડે કે મારામાં થાય છે. પ્રમાણિકપણે એને જાણ કે એ જીવની અવસ્થામાં છે. એટલું જ પ્રમાણિકપણું રાખ. એમ તો તારામાં જ્ઞાન પણ થઈ રહ્યું છે તો પ્રમાણિકપણે એનો સ્વીકાર કેમ કરતો નથી ? કે મારામાં જ્ઞાન થઈ રહ્યું છે. બેનો સ્વીકાર કરી નથી શકતો, તું કરી શકતો નથી. તું કે કોઈ નથી કરી શકતું. પ્રશ્ન જ નથી. હવે કોનો સ્વીકાર કરવો એનો તારે વિવેક કરવાનો છે. તારે રાગનો

સ્વીકાર કરવો છે કે તારે જ્ઞાનનો સ્વીકાર કરવો છે ? છે બન્ને. એક હોય તો તારી વાત માનીએ કે બીજું છે નહીં એનું શું કરવું ? પણ બન્ને છે. હવે તારે શું વિવેક કરવો છે ? જ્ઞાનને સ્વપણે ગ્રહણ કરવું છે કે રાગને સ્વપણે ગ્રહણ કરવો છે ? બે ને નહીં કરી શકે. આ કાયદો છે. જગ્યા નથી, બેને ગ્રહણ કરવાની કોઈ શક્તિ જીવમાં નથી. વિભાવરૂપે પણ સ્વભાવ થઈ શકતો નથી. નિર્લેપ જ છે. પોતે ત્રિકાળ સ્વભાવ સ્વરૂપે છે અને ક્યારે પણ વિભાવરૂપે થઈ શકતો નથી.

ખરેખર સ્વાધ્યાય તો પ્રયોગનો એક અવસર છે. માત્ર વિચારજ્ઞાનનો વિષય નહીં બનાવવો જોઈએ. માત્ર વિચારજ્ઞાનની મર્યાદામાં સ્વાધ્યાયના અંગને નહીં રાખતા એની અંદર તો વિધિની અને પ્રયોગની અનેક વાતો આવે છે. અને વર્તમાનમાં તો સદ્‌ભાગ્યે એવી જ બધી વાતો સામે છે. આ બધા એવા ગ્રંથો છે કે આડીઅવળી–ગડબડ વાત એમાં નથી કોઈ. વિધિની વાત, ભેદજ્ઞાનની વાત, સ્વરૂપ મહિમાની વાત કે જેમાં સ્વરૂપ આવિર્ભાવ થાય, ભાવનાની વાત કે જેમાં પોતાના સ્વરૂપને ભાવનામાં ભવાય. એ જ બધી વાતો છે. તો એમાં તો એ જેટલો ભાવ ઉપસાવે એટલો એનો પ્રયોગ છે. જેટલા ભાવનો આવિર્ભાવ કરે એટલો એનો પ્રયોગ છે. એ તો પ્રયોગનો અવસર છે ખરેખર. માત્ર વિચાર કરીને મૂકી દ્યે કે ઠીક ! ચાલો આ સમજાણું, સમજાણું તો ખરું. એમ મૂકી દેવાની ચીજ નથી.

જુઓ ! કેવી વાત લીધી છે કે એ તો નિર્મળમાં જણાય છે. વિભાવ ભાવો, જીવ નિર્મળ છે (એની) નિર્મળતામાં જણાય છે, સ્વચ્છતામાં જણાય છે છતાં જાણનાર તો એનાથી નિર્લેપ રહે છે. જાણનાર એ સ્વરૂપે કરવો હોય તો થઈ શકતો નથી. જ્ઞાનને રાગાદિરૂપે બનાવવું હોય તોપણ કોઈ જીવ બનાવી શકે નહીં. આ તો વસ્તુસ્થિતિ છે.

એ રીતે **'જ્ઞાયકપણે પરિણમતાં...'** જ્ઞાતાદૃષ્ટાપણે પરિણમતા, માત્ર જ્ઞાયકપણે પરિણમતા વર્તમાન **'પર્યાયમાં નિર્લેપતા થાય છે.'** એટલે રાગ થવા છતાં રાગથી લેપાતો નથી. રાગથી એને ભેદજ્ઞાન વર્તે છે અને રાગથી એ જુદો ને જુદો તરીને પોતાને જુદો તરતો અનુભવે છે. જે જીવ ભેદજ્ઞાનથી ભાવે જુદો તરે છે તે જીવ દ્રવ્યે પણ જુદો તરીને સંસારથી તરીને સિદ્ધાલયમાં જાય છે. આ તરવું છે. તરતા આવડે છે ? એમ કોઈ પૂછે. આ નદીમાં, સમુદ્રમાં વહાણમાં બેઠા હોય, કોઈ એવો વહાણમાં બેસવાનો પ્રસંગ બને. આ જાય છે ને નર્મદાને Cross કરીને 'સિદ્ધવરકૂટ' ! હોડીમાં બેસવાનું (આવે). ભાઈ ! આ પાણી અહીંયાં ઊંડું છે, તરતા આવડે છે ? તો કહે, એ તરતા આવડે કે ન આવડે, ભાવે તરતા આવડે છે

તને ? જુદો ને જુદો એમ તને તરતા આવડે છે ? જો ભાવે તરતા આવડે તો દ્રવ્યે તું તરી ગયો સંસારથી. નથી કહેતા ? સંસાર તરીને મોક્ષે જાવું. આ તરવાની મૂળ વાત આ છે. ઇ 'તરવું' શબ્દ અહીંથી આવ્યો છે. અંદરમાં ભેદજ્ઞાનમાં જુદો ને જુદો જે તરે છે એ ભાવે તરે છે એના ફળમાં જીવ દ્રવ્યે તરી જાય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ની સ્તુતિમાં આવે છે, સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી..

પૂજ્ય ભાઈશ્રી :- હા, સંસાર સાગર તારવા. જિનવાણીમાં આ તારવાની વાત છે. ભાવે તરે તો દ્રવ્યે તરે.

**'જ્ઞાયકપણે પરિણમતાં પર્યાયમાં નિર્લેપતા થાય છે. 'આ બધા જે કષાયો...'** જેટલા વિભાવ ભાવો છે તે જણાય છે. એ જણાય છે તે બધા **'જ્ઞેયો છે, હું તો જ્ઞાયક છું.'** આમ લેવું. જણાય છે તે બધા જ્ઞેયો છે. એનાથી હું ઉદાસ છું, એ જ્ઞેયોનું કોઈ મૂલ્ય નથી. અનિવાર્યપણે એ જણાય છે. નિર્મળતામાં એનું જણાવું નિવારી શકાય એવું નથી તેથી એ જણાય છે તોપણ હું તો જ્ઞાયક છું. હું મારા જ્ઞાયકપણાનો – જ્ઞપણાનો આધાર લઉં છું. હું કષાયોનો, રાગનો કે કોઈ જ્ઞેય તત્ત્વનો આધાર લેતો નથી.

હું તો જ્ઞાયક છું એમાં જ્ઞાયકનો આધાર લેવાનો ધ્વનિ ભો થાય છે કે હું તો જ્ઞાયક છું. શું આધાર લેવો ? એ અહીંયાં સ્પષ્ટ છે. આ બોલમાં જ સ્પષ્ટ છે કે હું તો જ્ઞાયક છું. એમાં શું કહેવું છે ? એ તો શબ્દ છે. હું તો જ્ઞાયક છું એમાં જ્ઞાયકનો હુંપણે આધાર લેવાની વાત છે. એ ભાવ છે એની અંદર. **'હું તો જ્ઞાયક છું' એમ ઓળખે...'** એ પ્રક્રિયા લીધી. પહેલા ઓળખે, ઓળખીને **'પરિણમન કરે...'** આ ક્રમ લીધો. જ્ઞાયકપણે છું એવી એને ઓળખાણ થાય, ઓળખાણ થાય તો એને પરિણમન થાય. ઓળખાણ થવામાં શું છે કે અત્યાર સુધીમાં બીજી રીતે એણે જ્ઞાનમાં સ્વીકાર કર્યો છે એ એનો સ્વીકાર છૂટી જાય. હું માણસ છું, હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું ફલાણો છું, ફલાણો છું. આ હજાર જાતના જે સંબંધ રાખીને આખી સૃષ્ટિ એણે જે રચી છે એ બધી વિલય થઈ જાય છે, એનો નાશ પામે છે કે આમાં ક્યાંય હું નહીં. એ બધી સંસારની કહેવામાત્ર વાતો છે. નિશ્ચયથી એટલે ખરેખરપણે એટલે વાસ્તવિકપણે કોઈનો હું ક્યાંય નથી. કોઈનો હું ક્યાંય નથી. પછી આ દીકરા દીકરીને સામે ભા રાખીને આ વાતને જોવાનો પ્રયત્ન કરવો. વિચારવાનો નહીં, હોં ! પરિવારના સભ્યોને સામે રાખીને, એક એકને જેના જેના ઉપર

રાગ થતો હોય ને એના ઉપર રાખીને પ્રયોગ કરવો. આ પ્રયોગ કરવાનો વિષય છે કે હું કોઈનો કાંઈ નથી એમ દેખાય છે ? આનો કાંઈ છું એમ દેખાય છે કે આનો કાંઈ નથી એમ દેખાય છે ? કાંઈક દેખાય કે આનો હું કાંઈક છું ત્યાં સુધી એણે એ વાત ઉપર લડાઈ કરવી. એ ભાવની સામે અને એ અભિપ્રાયની સામે અને એ પરિણમનની સામે એણે લડવું. કોની સાથે કજિયો કરવો ? કે પોતાને ને પોતાની સાથે અંદરમાં કજિયો કરવો કે મારી સમજણ એમ કહે છે કે તું કોઈનો કાંઈ નથી. અમસ્તો (ચાલ્યા) ગયા પછી બધાય એમ કહે છે હોં ! કે બિચારો કોઈનો હતો સગો ? બિચારો કોઈનો સગો નહોતો એટલે (ચાલ્યો) ગયો, એમ કહે પાછા. પણ તો તું જ પહેલેથી નક્કી કરને ઇ બધા કહે ઇ પહેલાં કે હું કોઈનો કાંઈ નથી.

મુમુક્ષુ :– પચાસ વર્ષ પહેલાં ભેદજ્ઞાન કરવું અઘરું હતું, અત્યારે તો બહુ સહેલું છે.

પૂજ્ય ભાઈશ્રી :– અત્યારે એવા પુણ્ય ઉદયે એવા જ્ઞાનીઓ બિરાજમાન છે. એમાં આ કાળ એવો થયો કે જીવને વૈરાગ્ય આવતા વાર લાગે નહીં. જો સમજે તો. એમાં એવું છે કે ઇ તો પ્રતિકૂળતામાં એને દ્વેષ થાય છે. અનુકૂળતામાં સમજે તો લપટાય નહીં. નહીંતર પ્રતિકૂળતામાં દ્વેષ થાય ને પાછું અનુકૂળ, અનુકૂળ, અનુકૂળ બોલવા મંડે તો વળી છેતરાય જાય કે ના, ના આપણા પ્રત્યે એને માયા મમતા ઘણી છે. આપણે કાંઈ એને સાવ તરછોડી નખાય નહીં. એ વળી લપટાણો, ગયો પાછો.

એ એમ પ્રયોગ કરવાનો વિષય છે. **'એમ ઓળખે...'** જુની ઓળખાણ છોડે, નવી ઓળખાણ શરૂ કરે તો એ પરિણમન કરે અને **'પરિણમન કરે તો...'** એને પ્રગટ અવસ્થામાં નિર્લેપતા રહે, નિર્લેપતા એને પ્રગટ થાય અને એ નિર્લેપતા છે એ એને સંસારથી તારી દેશે, એ એને જન્મ-મરણથી છોડાવી દેશે. અહીં સુધી રાખીએ.

***

**આત્મા તો ચૈતન્યસ્વરૂપ, અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે. જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ, બીજા અનંત આશ્ચર્યકારી ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ. નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી  ઠે તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી  ઠે છે. ૧૬૩.**

**તા. ૧૪-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૬૩**
**પ્રવચન નં. ૧૨૪**

ભગવાન જિન પરમેશ્વરની દિવ્યધ્વનિનો મુખ્ય વિષય પણ આત્મસ્વરૂપનો મહિમા જ છે. એ રીતે સર્વત્ર આત્મસ્વરૂપનો મહિમા જ નિરૂપિત થયેલો છે. સમસ્ત જ્ઞાનીઓના પરિણમનનું એ કેન્દ્રસ્થાન છે. તેથી તેમની વાણીમાં પણ એ વિષય અવારનવાર સહજપણે પ્રકાશિત થાય છે – પ્રસિદ્ધ થાય છે. કરવા યોગ્ય પણ એ જ છે. જે જીવ સ્વરૂપની મહિમા નથી કરતો તો (એને) પરપદાર્થના મહિમાનો રસ પડેલો છે. એના પરિણમનમાં ભલે ભાષા વ્ય ત થાય કે ન થાય પણ પરિણમનમાં તો અન્ય પદાર્થનો, પર સ્વરૂપનો મહિમા વર્તી રહ્યો છે, અનાદિથી ચાલુ છે અને એ પર સ્વરૂપનો મહિમા એ આખો કરણાનુયોગનો વિષય છે. ચાર અનુયોગમાં પર પદાર્થનો મહિમા કરતા જે અપરાધ થયો એ અપરાધનું ફળ અનેક પ્રકારે કેવું હોય છે એના ઉપર આખા કરણાનુયોગની રચના છે. બાકી કથાનુયોગ પણ સ્વરૂપના મહિમાને પ્રદર્શિત કરે છે કે સાધકજીવો, પુરાણપુરુષો સ્વરૂપનો મહિમા કરતા કરતા

સહજમાત્રપણે સંસારને કેવી રીતે તરી ગયા. ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં પણ એમણે પોતાની સાધનાને છોડી નથી. એ કથાનુયોગમાં પણ સ્વરૂપનો મહિમા છે. દ્રવ્યાનુયોગ તો સીધો જ એનું નિરૂપણ કરે છે અને ચરણાનુયોગ પણ આત્મસ્વરૂપના મહિમાધારક સાધકોના – ધર્માત્માઓના આચરણને પ્રસિદ્ધ કરે છે.

અહીં કહે છે કે, **'આત્મા તો ચૈતન્યસ્વરૂપ, અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે.'** આત્મા એટલે જાણે કાંઈ નહીં એક સાધારણ શબ્દ અને સાધારણ વાત છે એમ નથી. 'આત્મા' એમ કહેતા એક ચમત્કારિક પદાર્થ છે, મહાન ચૈતન્ય સ્વરૂપ છે, અનંત ગુણવાળો છે અને અનુપમ ગુણવાળો છે. જેના ગુણની પણ ઉપમા મળતી નથી. એવું જે ચૈતન્યસ્વરૂપ છે એને સર્વજ્ઞની વાણી – દિવ્યધ્વનિ પણ પૂર્ણરૂપે કથી શકે કે કહી શકે એવું વાણીનું સામર્થ્ય નથી. ભગવાનના સામર્થ્યનો આમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી કેમકે વાણી જડ છે, ભગવાન ચૈતન્યસ્વરૂપ છે. અને ભગવાનના જ્ઞાન સામર્થ્યમાં તો પૂરેપૂરું આત્મસ્વરૂપ કાંઈ પણ એક સમયની પર્યાયથી પણ અજાણ નહીં, સર્વ ગુણો, સર્વ ધર્મો, સર્વ પર્યાયો બધું પૂરેપૂરું જ્ઞાનમાં, જ્ઞાનના સામર્થ્યમાં આવી જાય છે અને એમાં એ સ્થિર રહે છે. સ્વરૂપનો મહિમા એટલો પરિપૂર્ણ હદે છે કે એમાં એ લીન રહે છે, લીન રહીને એમાંથી બહાર નીકળતા નથી.

સાદી અનંત કાળ પર્યંત સ્વરૂપમાં રહેવાનું કારણ શું ? અરિહંત દશા પ્રાપ્ત થઈ ત્યારથી તે આગામી સર્વ અનંત કાળ પર્યંત સ્વરૂપસ્થ રહેવાનું – સ્વરૂપમાં જ લીન રહેવાનું પરમાત્માને શું કારણ છે ? કે, પરમાત્માને એ સ્વરૂપ જ કારણ છે. આત્મસ્વરૂપ એટલું મહિમાવંત છે કે ત્યાંથી ઉપયોગને છૂટીને કે કોઈ પરિણામને કોઈ અંશે છૂટીને, પૂરેપૂરું છૂટવાનો પ્રશ્ન નથી, એ તો સાધકને પણ નથી, પણ કોઈ અંશે પણ છૂટીને અન્ય સ્થાનમાં, અન્ય દ્રવ્યમાં જવાનો ક્યાંય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. નહીંતર તો લોકો એમ કહે છે કે, અમારે ધ્યાનમાં એકાગ્ર થવું હોય તો એને અનુકૂળ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ હોય તો અમે એકાગ્ર થઈ શકીએ. વાંચનમાં એકાગ્ર થવું હોય તો બીજો અવાજ ન આવતો હોય એવી જગ્યાએ સ્વાધ્યાય કરીએ તો અમે ધ્યાન આપી શકીએ નહીંતર અમારું ધ્યાન રહે નહીં. સર્વજ્ઞ ભગવાનને લોકાલોક એના જ્ઞાનમાં પ્રતિબિંબિત થઈને જણાઈ જતા હોવા છતાં એમનું ધ્યાન વિચલિત નથી થતું. તારું ધ્યાન તો થોડાક જ્ઞેયોથી વિચલિત થઈ જાય છે, એમનું ધ્યાન અનંતા જ્ઞેયો જ્ઞાનમાં જણાવા છતાં વિચલિત નથી થતું.

પ્રશ્ન :- શું કારણ ?

સમાધાન :- એનું કારણ આ અનંત મહિમાવંત સ્વરૂપ છે. કારણ એ છે કે સ્વરૂપ જ કોઈ એવું આશ્ચર્યકારી છે. (લખ્યું) છે ને **'ચમત્કારિક પદાર્થ છે.'** ચૈતન્યનો એ ચમત્કાર છે. પોતે જ એવો મહા વિસ્મયકારી, મહા આશ્ચર્યકારી પદાર્થ છે કે એને છોડીને ઉપયોગને, આચરણને, શ્રદ્ધાને, કોઈ ગુણની પરિણતિને કે અંશને ક્યાંય જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

લોકો ઉત્સાહથી બહાર પર્યટન કરવા જાય છે. પાંચ, પચીસ, પચાસ દિવસ રખડીને આવે પછી ઘરે આવે ત્યારે એને હાશ થાય કે હાશ હવે ઘરે આવી ગયા. પચાસ, સો દિવસે ઘરમાંથી એમ થાય કે હવે આ ઘર નથી ગમતું માટે છોડી દેવું હવે ઘરને. પૃથ્વીનો છેડો ઘર. લોકો એમ કહે કે પૃથ્વીનો છેડો ઘર. એમ આ સ્વઘર છે. ચૈતન્યસ્વરૂપ આત્મામાં એકવાર પરિણામ આવ્યું, પોતાના સ્વરૂપનું દર્શન કરી પછી પૂર્ણપણે એમાં રહેવાની ભાવના સતત રહે. ભાવના કોરી રહે નહીં એવો પુરુષાર્થ પણ સતત રહે અને સંપૂર્ણપણે નિજ સ્વરૂપમાં લીન થાય પછી બહાર નીકળવાનો પ્રશ્ન રહેતો નથી. એવો જ કોઈ મહિમાવંત સ્વરૂપનો, અનંત મહિમાવંત સ્વરૂપનો એવો જ કોઈ મહિમા છે કે જેનો મહિમા ક્યારેય પૂરો પડતો નથી અને પૂરો પડે તો એને અનંત મહિમા કહેવાય નહીં.

'ગુરુદેવશ્રી' ૪૭ શક્તિઓના પરિશિષ્ટ ઉપર પ્રવચન કરતા ત્યારે ૪૭ શક્તિમાં એક એક શક્તિ ઉપર વર્ણન કરે ત્યારે એ વાત કહેતા કે, આ એક શક્તિનું વર્ણન એક કલાક ચાલે છે એટલે પૂરું થઈ ગયું એમ નથી. અંદર જે જોયું છે અને જ્ઞાનમાં જે ભાસે છે એ વાણીથી પૂરી પડે એવી ચીજ નથી. વાણીમાં તો યોગ હોય એટલું કથાય છે – કહેવાય છે તોપણ એ કાંઈ વાણીથી પૂરી પડે એવી ચીજ નથી. એમ સાથે સાથે કહેતા જાય.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો એની સ્વચ્છતામાં અનંત ગુણો પ્રતિબિંબિત થાય છે, પ્રતિબિંબિત થાય છે. જેમ આંખ ખુલ્લી હોય તો સામે જે પદાર્થ હોય એનો આકાર જ્ઞાનમાં આવી જાય કે નહીં ? આંખમાં પ્રતિબિંબિત થાય કે નહીં ? આપોઆપ જ થાય, કરવું પડે એવું કાંઈ એમાં નથી. સમજવા માટે ઉપયોગ દેવો પડે. પ્રતિબિંબ તો આપોઆપ જ પડે. એ અલ્પ સ્વચ્છતા છે. જ્ઞાનની અલ્પ સ્વચ્છતા છે અથવા કષાયરસથી રંજિત – રંગાયેલું જ્ઞાન છે, ડહોળાયેલું જ્ઞાન છે તોપણ એમાં પ્રતિબિંબ ઊઠે છે, સંપૂર્ણપણે સ્વચ્છતા ગુમાવી નથી.

જ્ઞાન ક્યારેય પોતાની પરિપૂર્ણ સ્વચ્છતા – પૂરેપૂરી સ્વચ્છતા ખોય બેસે એવું ન બને. એમ થાય તો જડ થઈ જાય. એના ઉપરથી – એ દૃષ્ટાંતે સમજી શકાય કે જો અલ્પ સ્વચ્છતામાં પણ પર પદાર્થનું પ્રતિબિંબ આપોઆપ ઠે છે તો જે સકળ વિમળ કેવળજ્ઞાન છે એમાં તો આપોઆપ જ સર્વ જ્ઞેયો પ્રતિબિંબિત થઈ જાય છે. ઉપયોગ ત્યાં લઈ જવાનો પ્રશ્ન રહેતો નથી. જગતમાં ઉપયોગ ફરી વળે તો કેવળજ્ઞાન જાણે એમ નથી કાંઈ. આપોઆપ જ (પ્રતિબિંબિત) થાય છે.

મુમુક્ષુ :- સ્વને જાણવામાં પૂરેપૂરી શ િત ત્યાં લાગેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :- પૂરેપૂરો સ્વને જાણવામાં અને સ્વને ભોગવવામાં, વેદવામાં, લીન રહેવામાં, અનુભવવામાં પૂરેપૂરું કાર્ય ત્યાં થઈ રહ્યું છે. આ તો આપોઆપ જ બીજી Sideનું કાર્ય થાય છે. એ પ્રકારનું પણ સામર્થ્ય છે, એ પ્રકારનું પણ સામર્થ્ય છે, એમ.

મુમુક્ષુ :- સામર્થ્ય છે એટલે જ શ િત આવી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, શ િત આવી. શ િતનો એ વ્ય ત પર્યાય છે. સ્વપરપ્રકાશકપણાનું સામર્થ્ય છે એનો એ વ્ય ત પર્યાય છે. એ શ િત આપોઆપ કામ કર્યા વિના રહે નહીં. એનું પરિણમન થયા વગર રહે નહીં. આપોઆપ જ છે એ તો.

મુમુક્ષુ :- .. પરને જાણે અને સ્વને જાણે એ બેય એકી સાથે..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકીસાથે, એક જ સમયમાં. વારાફરતી જાણે તો એ કેવળજ્ઞાન નહીં રહે અધૂરું જ્ઞાન (છે). આમાં એ આવે છે, શ્વેતાંબરમાં એ વાત આવે છે. પહેલાં દર્શન, કેવળદર્શન ઉપયોગ થાય પછી કેવળજ્ઞાન ઉપયોગ થાય. અરિહંતની, સર્વજ્ઞની જ્યાં આ વાત ચાલી છે એ તાત્ત્વિક તફાવત છે. એ તત્ત્વદૃષ્ટિએ ફેર છે. પરિપૂર્ણ દશામાં એવું બની શકતું નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એ કેવળજ્ઞાન તો ખરેખર એવું જ્ઞાન છે, એવી દશા છે કે અચિંત્ય દશા એને કહેવામાં આવે છે. વર્તમાન પોતાના ચાલતા છદ્મસ્થના પરિણમન સાથે એને મેળવવા જાય તો સમજી શકે એવું નથી કે કેવળજ્ઞાન કેવું હોય ? એ ન સમજી શકે. કેવળજ્ઞાન સમજવા માટે એને એકવાર અંદરમાં કેવળજ્ઞાન સ્વભાવમાં સર્વજ્ઞશ િતનો આધાર લઈને – આશ્રય લઈને એકવાર એણે ડૂબકી મારવી જોઈએ, તો એની જાતને પિછાણે. પછી એને સમજાવવું ન પડે, તિર્યંચ હોય તોપણ, કે કેવળજ્ઞાન કેવું હોય. એ પછી સમજાવવું

પડતું નથી. એ પહેલાં એ વિચાર કરે અને અનુમાન કરે અને કેવળજ્ઞાન આવું હોય ને કેવળજ્ઞાન આવું હોય. વાંચી વાંચીને લ્યો ને, શાસ્ત્રમાંથી વાંચીને (અનુમાન કરે તોપણ) એમ કાંઈ પત્તો ખાય એવું નથી.

પ્રશ્ન :- તીર્થંકર ભગવાન સમોસરણમાં બેઠા છે અને ઉપયોગ બહાર જતો નથી એનું કારણ આત્માનો મહિમા છે ?

સમાધાન :- હા. સ્વરૂપમાં ઉપયોગ ચોંટેલો છે ત્યાંથી ખડીને બહાર જાય એમ ન બને. કોઈ અંશે પણ ન બને. આખો તો ન જાય પણ કોઈ અંશે પણ ન બને, અનંતમાં ભાગે પણ ન બને એમ.

પ્રશ્ન :- જ્ઞાનીને પણ આત્માનો મહિમા અનંતો આવેલો જ છે ને ?

સમાધાન :- આવેલો જ છે પણ હજી ઉપયોગની એટલી સ્થિરતા આવી નથી. જ્ઞાનીને સાધક દશામાં ઉપયોગની અસ્થિરતા વર્તે છે. Continuous સ્થિરતા આવી નથી. અને પરિપૂર્ણ સ્થિરતાના પ્રયોગમાં એ પ્રવર્તી રહ્યા છે. પૂર્ણ સ્થિરતા સાધવા માટે એ પ્રયત્નવંત છે – પુરુષાર્થવંત છે અને ક્રમે કરીને એ પરિપૂર્ણ સ્થિરતાને સાધીને અરિહંત અને સિદ્ધ દશામાં બિરાજમાન થઈ જાય છે. એમ છે. એટલે કેવળજ્ઞાનનું સ્વરૂપ સ્વરૂપાનુભવ પહેલાં, કહેવાનો મતલબ હવે એ છે, તાત્પર્ય લઈએ, કલ્પના કરીને નક્કી કરવું નહીં. શાસ્ત્ર વાંચન કરીને કે શાસ્ત્ર શ્રવણ કરીને કલ્પનાએ ચડીને એની કલ્પના કરે મનમાં ને મનમાં એ રીતે એનો નિર્ણય ન કરવો, કલ્પિત નિર્ણય ન કરવો. એ નિર્ણય કરતાં મિથ્યાત્વ દઢ થાય છે. એમ ન કરવું જોઈએ. એટલી લાલબત્તી છે.

પ્રશ્ન :- કઈ રીતે કરવો ?

સમાધાન :- સ્વરૂપમાં લીન થઈને જાણવું. આપોઆપ જ જણાઈ જશે, જાણવું પડશે એમ નહીં પણ આપોઆપ જ જણાઈ જશે. એમ છે. પ્રાયઃ એવું બને છે કે સત્ શાસ્ત્રને વિશે કેવળજ્ઞાનનું અનેકવિધ પ્રકારે વિવરણ આવે, વર્ણન આવે અને બુદ્ધિ એ રીતે એનો નિશ્ચય કરવા જાય તો એ રીતે પરલક્ષી અને પરાશ્રિત જ્ઞાનમાં કેવળજ્ઞાનનો નિર્ણય થઈ શકતો પણ નથી અને કરવા યોગ્ય પણ નથી, એમ છે.

મુમુક્ષુ :- બન્નેની દિશા જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- તદ્દન જુદી છે.

મુમુક્ષુ :- પશ્ચિમ દિશામાં જવું હોય તો નિર્ણય પૂર્વ...

પૂજ્ય ભાઈશ્રી :- પૂર્વમાં જઈને પશ્ચિમનો નિર્ણય કરવો છે. પશ્ચિમમાં જઈને – અંધારામાં જઈને અજવાળાનો નિર્ણય કરવો છે – કાંઈ મેળ ખાય એવું નથી, એમ છે.

ચાર અનુયોગનો તો વિષય લીધો પણ અધ્યાત્મમાં તો સીધો સીધો સ્વરૂપ મહિમા પ્રદર્શિત કર્યો છે અને સમ્યક્દર્શનથી માંડીને જેટલી કોઈ અધ્યાત્મિક દશા છે – મુનિદશા, શ્રાવકદશા, શુ લધ્યાનની દશા એ બધી દશામાં પણ દશાના માધ્યમ દ્વારા સ્વરૂપનો જ મહિમા એકાંતે કરવામાં આવ્યો છે. અથવા એમ કહેવાય છે કે જિનવાણી અનેકાંતવાદયુ ત છે. અનેક ધર્મોનો, અનેકાંત એટલે અનેક ધર્મોનો વાદ નામ કથન કરનારી જિનવાણી છે તે તમામ અનેકાંતનું કોઈ કેન્દ્રસ્થાન હોય અથવા એ તમામ અનેકાંતનું કોઈ સમ્યક્ એકાંત હોય તો તે સ્વરૂપ મહિમા છે. એ તો 'શ્રીમદ્જી'એ લીધું છે ને કે અનેકાંત પણ સમ્યક્ એકાંત એવા નિજપદની પ્રાપ્તિ અર્થે ઉપકારી છે અને એ સિવાય બીજી રીતે અનેકાંતનો કોઈ ઉપકાર નથી. અનેકાંતનું જે સ્યાદ્વાદનું કથન છે એનો ઉપકાર આ એક જ અર્થે છે કે પોતાના નિજપદની પ્રાપ્તિ નામ અનુભવ થાય. એ એક જ અર્થે વાત છે, બીજો હેતુ નથી, અનેકાંતિક કથનનો બીજો હેતુ નથી.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ને આ બહુ ગમ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'શ્રીમદ્જી'ના ગ્રંથનું એમને સારું વાંચન હતું. છેલ્લે પણ એમને એ જ વાંચન હતું. એ પણ એકાવતારી હતા, 'શ્રીમદ્જી' પણ એકાવતારી હતા. એ આખા જિનવાણીના અનેકાંતપણાનો એક વચનમાં 'શ્રીમદ્જી'એ Total મારેલો છે. જુઓ ! આ એમનું દ્રવ્યશ્રુત ! ભાવશ્રુત તો છે પણ દ્રવ્યશ્રુત કેવું છે ! કે તમામ વિસ્તાર જિનવાણીનો જેટલો છે ચારેય અનુયોગનો અથવા બાર અંગનો સાર એક વા યમાં ઢાળી દીધો છે.

મુમુક્ષુ :- બાર અંગનો સાર આ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બાર અંગના સારભૂત આ ચૈતન્ય સ્વરૂપ છે. બારે અંગમાં અને બાર અંગથી પણ અનંતગુણ વાણી જે દિવ્યધ્વનિ છે, સર્વજ્ઞની વાણી છે ઓમધ્વનિ છે – ઓમકાર ધ્વનિ છે એ બાર અંગથી પણ અનંતગુણ એનો વિસ્તાર છે. એનું પણ કેન્દ્રસ્થાન અને એનો પણ સાર અને એનું પણ તાત્પર્ય આત્મસ્વરૂપનો મહિમા જ છે. એ એક જ વાત સ્વલક્ષે છે અને મુમુક્ષુજીવને પણ એ જ પરમ પ્રયોજનભૂત છે. માત્ર પ્રયોજનભૂત છે એમ નહીં પણ એકમાત્ર એ પરમ પ્રયોજનભૂત છે, એમ લેવું. એટલે જ્યાં જ્યાં સત્ શાસ્ત્રોમાં અથવા સત્ શ્રવણમાં આત્મસ્વરૂપનો મહિમા આવે છે, આત્મસ્વરૂપની વાત આવે

છે ત્યારે એને એ ભાવ આવે છે કે મારા પરમ પ્રયોજનનો વિષય ચાલી રહ્યો છે, એને છોડીને મારો ઉપયોગ આ સમયે તો બીજે ક્યાંય જવો જોઈએ નહીં, એમ. એ પણ વિચારમાં એને હોય છે, વિચારેલું હોય છે. મુમુક્ષુએ એ વિચારેલું હોય છે. એવા શ્રવણ અને વાંચન વખતે એની રુચિ – સ્વરૂપ રુચિ વધારે પ્રગટ થાય છે અને એની રુચિમાં પોષણ મળે છે, એના ભાવમાં એને પુષ્ટિ મળે છે અને એ રીતે એ આત્મસ્વરૂપના ભાવને આવિર્ભાવ કરવાને વધુ નજીક આવે છે. એને ખરેખર સ્વાધ્યાય કહેવામાં આવે છે. બાકી ખાલી શબ્દોના અર્થ આવડે અથવા તો વચનો છે એનું નયજ્ઞાન હોય કે આ કથન – આ વચન આ નયનું છે કે અનેક પ્રકારે એના ભાવાર્થ વગેરે, મતાર્થ વગેરે એ ફાવે એટલે કાંઈ સ્વાધ્યાય (થયો એમ નથી). (એમ) અનેક પ્રકારના અર્થથી સ્વાધ્યાય પૂર્ણ થાય છે એમ નથી. સ્વાધ્યાય તો એને સ્વરૂપમહિમા જાગૃત થાય અને સ્વરૂપ રુચિની એને પૃષ્ટિ થાય તો સ્વાધ્યાય કર્યો લેખે છે, નહીંતર સ્વાધ્યાય કર્યો, બધા અર્થો આવડવા છતાં સ્વાધ્યાય કર્યો અલેખે છે. લેખે નથી પણ અલેખે છે.

સ્વરૂપ મહિમાનો બોલ છે, એ તો પછી એજ વાતનું સ્પષ્ટીકરણ કરે છે, બહુ મહિમા કરે છે. આ ગ્રંથમાં તો ૧૬૩ છે પછી ૧૬૫ પણ સ્વરૂપ મહિમાનો બોલ છે. સ્વરૂપ મહિમાના ઘણાં બોલ છે. કેટલાક આવી ગયા છે. સ્વરૂપ મહિમાના બહુ બોલ છે. સ્વરૂપ મહિમા ખૂબ ખૂબ કર્યો છે એવો બોલ છે. ૭૦, ૮૩, ૮૮, ૯૬, ૧૦૨, ૧૦૮, ૧૧૧, ૧૧૨, ૧૧૪, ૧૨૩, ૧૩૦, ૧૪૮, આ ૧૬૩ ચાલે છે આપણે. ૧૬૫, ૧૭૧, ૧૮૩, ૨૦૫, ૨૨૬, ૨૨૭, ૨૨૮, ૨૩૧, ૨૪૧, ૨૪૪, ૨૪૮. સ્વરૂપ મહિમાના તો ઘણાં બોલ છે. એ સિવાય પણ છે ૨૪૮ પછી. ૩૦૪, ૩૧૦, ૩૧૬, ૩૩૬, ૩૪૧, ૩૫૯, ૩૬૭, ૩૬૯, ૩૭૯, ૩૮૭, ૩૯૨, ૩૯૬, ૩૯૮, ૪૦૮ ને ૪૨૮. આદિ–મધ્ય–અંતમાં સ્વરૂપ મહિમા ભરેલો છે. બીજી રીતે કહીએ તો વચનામૃતમાં આદિ–મધ્ય–અંતમાં આત્મસ્વરૂપનો મહિમા છે. એ મુખ્ય વાત છે. તમામ સમસ્ત જિનવાણીને વિશે એ મુખ્ય વાત છે. સંકલન કરવામાં આ એક વિષય છે, સ્વરૂપમહિમા એ વિષયનું જુદું સંકલન કરવું જોઈએ. એટલે વિભિન્ન પ્રકારે, અનેક પ્રકારે એ એક જ વિષય સામે આવે.

શું કહ્યું ? કે **'આત્મા તો ચૈતન્યસ્વરૂપ, અનંત અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે.'** ચૈતન્યના ચમત્કારનું થોડું અનુમાન કરવું હોય, ગણતરીથી અનુમાન કરવું હોય તો જ્ઞાનની પર્યાય ઉપરથી કરાય છે. કોઈ ઊંચા પર્વતથી કે ઊંચા સ્થાનેથી દૂર દૂરનું ક્ષેત્ર

જોવામાં આવે છે તો અનેક માઈલો સુધીનું ક્ષેત્ર દેખાય છે. કેટલી જગ્યામાં દેખાય છે ? એ તો આંખનો કોડો એટલો મોટો છે પણ અંદર તો જે ચણાની દાળનું પડળ હોય, સપાટી હોય એટલી જગ્યા આંખના પડદાની છે અથવા આ લોકો એટલો લેન્સ બતાવે છે – આંખનો અંદરનો કાચ. એ તો માંસનો પારદર્શક ટુકડો છે. એના ઉપર એમાંથી પસાર થાય છે. કેટલું ક્ષેત્ર છે ? પા ઇંચની જગ્યામાં સેંકડો માઈલનું દર્શન કરે છે. ત્યાં જ્ઞાન પહોંચ્યા વિના. ત્યાં જ્ઞાનને પહોંચવું પડે છે ? ગતિ કરવી પડે છે ? ક્ષેત્ર – અંતર કાપવું પડે છે ? કાંઈ નહીં. વળી ત્યાં આ ચીજ મોટી છે, આ ચીજ નાની છે, ઝાડ નાનું છે, પર્વત નાનો દેખાય છે તોપણ મોટો છે, આગળનું ઝાડ મોટું દેખાય છે તોપણ નાનું છે. બધું નક્કી કરી શકે. મોટું દેખાય તોપણ મોટું નથી અને નાનું દેખાય તોપણ મોટું છે, આ બધું નક્કી કરી શકે. કેટલો ચમત્કાર છે ચૈતન્યનો ! જ્ઞાનનો આ ચમત્કાર છે. આ તો હજી એક પરાશ્રિત વૈભાવિક જ્ઞાન છે. સ્વભાવની તો શું વાત થાય !! આ તો દોષિત જ્ઞાન છે, નિર્દોષ જ્ઞાન નથી. તોપણ એની શ તિ આટલી કામ કરે છે. તો એ જ્ઞાન પોતાની સ્વભાવ શ તિને કેળવીને વિકસિત થાય અને ખીલી  ઠે અને પરિપૂર્ણ કળાએ કેવળજ્ઞાન પર્યંત ખીલી  ઠે એ જ્ઞાન કેવું હોય !! એમ ચૈતન્યનો (મહિમા છે). અને એવું કેવળજ્ઞાનનો વપરાશ જેને કહીએ, કેવળજ્ઞાન શ તિનો વપરાશ અનંત કાળ પર્યંત સર્વજ્ઞ દશામાં થતો રહે તો સર્વજ્ઞશ તિ એટલી ને એટલી, એવડી ને એવડી સદાય એમ ને એમ રહે. નિગોદમાં ગયો અનંતકાળ રહ્યો ત્યારે પણ એટલી ને એમ ને એમ અકબંધ રહી. કેવળજ્ઞાન એનું અનંત કાળ વપરાણું તોપણ એટલી ને એમ ને એમ સર્વજ્ઞશ તિ રહી. જેને શ તિનો અક્ષય ભંડાર કહેવામાં આવે એવી શ તિનો ભંડાર એ ચૈતન્ય સ્વરૂપ. ચૈતન્ય સ્વરૂપ કેવું ? કે આવી શ તિઓનો, અનંત અક્ષય શ તિઓનો, અનંત અમેય શ તિઓનો, અમેય એટલે મટે નહીં, મટાડી શકાય નહીં, અક્ષય એટલે ક્ષય ન થાય જેનો, જેને જરા પણ ઘસારો પહોંચે નહીં, એવી શ તિઓનો ભંડાર – ખજાનો એટલે ચૈતન્યસ્વરૂપ આત્મા.

મુમુક્ષુ :– અત્યારે આવી શ તિઓ અહીંયાં ..

પૂજ્ય ભાઈશ્રી :– અત્યારે એવી શ તિઓ મોજૂદ છે – હયાત છે. તારે ક્યાંય દીનતા કરવાની જરૂર નથી. જરાય દીન થઈને – ગરીબ થઈને ભાવ દરિદ્રપણું કરવાની ક્યાંય જરૂર નથી. મફતનો રાંકો થઈને તારા સુખની ભીખ પુદ્‌ગલ પદાર્થો પાસે માગે છો કે જ્યાં સુખની ગંધ પણ નથી, નામનિશાન નથી. એ તારા સુખના ભંડાર સંયુ ત આત્માને શોભતું

નથી. ચક્રવર્તી થઈને ભીખ માગે તો એક બેહુદી વાત છે, એક ગાંડપણ છે – પાગલપણ છે એના જેવી વાત છે કે સુખનો ભંડાર તારો આત્મા, અનંત સુખનો ભંડાર તું પોતે અને તારા સુખ માટે તું બહાર ભીખ માગતો ફરે છો.

'યોગીન્દ્રદેવે' તો ત્યાં સુધી કહ્યું કે, 'તનમંદિરમાં દેવ ...' આશ્ચર્ય મને થાય છે, વિસ્મય મને થાય છે કે પ્રભુ ભિક્ષાએ ભમંત ! આ પ્રભુ પોતે ભિક્ષાએ નીકળ્યો આ તે શું કહેવાય ! પોતાના સુખની ભિક્ષા માગે છે. આ ભમે છે કે હાલ મંદિરમાં જઈને હું સુખી થાઉં. ફલાણાં સ્થાનમાં જઈને સુખી થાઉં. પણ સિદ્ધાંત એમ કહેતો નથી કે ત્યાંથી સુખ મળે જીવને. એમ સિદ્ધાંત કહેતો નથી. એવો વિષય છે.

મુમુક્ષુ :- આંખની જે કીકી છે....

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં એ જાતનું એટલા પ્રદેશોમાં – જ્યાં આંખની કીકી છે, પડદો છે એટલા પ્રદેશોમાં વિશુદ્ધિ છે અને તે દશ્યમાન પદાર્થોને દેખવાની વિશુદ્ધિ છે. ત્યાંથી ગંધ ને સુગંધની વાસ લઈ શકાય નહીં કે ત્યાંથી સ્પર્શી શકાય નહીં કે ત્યાંથી કાંઈ સાંભળી શકાય નહીં. ખાલી દશ્યમાન પદાર્થોને દેખી શકાય તે પ્રકારની વિશુદ્ધિ અથવા ક્ષયોપશમ ત્યાંથી પ્રવર્તે છે.

મુમુક્ષુ :- આત્માનો દરેક પ્રદેશ સ્વતંત્ર છે. દરેકની યોગ્યતા જુદી-જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો ક્ષયોપશમની યોગ્યતા જુદી જુદી છે. જેમકે જીભની જગ્યા છે ત્યાં રસ લેવાનો ક્ષયોપશમ છે, સ્વાદ લેવાનો છે. કાનનો ક્ષયોપશમ છે એ શ્રવણ કરવાનો છે. નાકનો ક્ષયોપશમ છે ત્યાં સુંઘવામાત્રનો ક્ષયોપશમ છે એમ. પાંચ ઇન્દ્રિયોની એટલી વિશિષ્ટતા છે.

મુમુક્ષુ :- યોગ્યતા છે તે સ્વતંત્ર જુદી જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જુદી જુદી છે. જુદી જુદી એટલે ખાસ પ્રકારની છે. એકનું કામ બીજું ન કરે, એમ.

મુમુક્ષુ :- સિદ્ધ ભગવાન ને યોગ્યતા...

પૂજ્ય ભાઈશ્રી :- એમને તો ક્ષયોપશમ નથી. એમને તો સર્વ પ્રદેશે નિરાવરણ દશા વર્તે છે. અહીંયાં ક્ષયોપશમ છે એ આવરિત થયેલી દશા છે. થોડું આવરણ અને થોડો ઉઘાડ, થોડું આવરણ થોડું ખુલ્લું એને ક્ષયોપશમ કહે છે અથવા એને ઉઘાડ કહે છે. જ્યારે અહીંયાં સિદ્ધાલયમાં સિદ્ધ ભગવાનને તો નિરાવરણ દશા છે. ત્યાં તો બધા ખુલ્લા પ્રદેશો

છે અને કોઈ ચીજ જાણ્યા વિનાની, પ્રતિબિંબિત થયા વિનાની રહેતી નથી.

મુમુક્ષુ :- જે સમયે તેની...

પૂજ્ય ભાઈશ્રી :- સ્વતંત્ર એટલે પૂરેપૂરી શક્તિ વ્યક્ત થઈ ગઈ. ત્યાં કાંઈ જીભથી ચાખવું, કાનથી સાંભળવું એ વાત નથી. ત્યાં સંપૂર્ણપણે સર્વ પ્રદેશે સર્વ જાણવાની શક્તિ છે એ વ્યક્ત થઈ ગઈ. શક્તિ વ્યક્ત થઈ ગઈ, પૂરેપૂરી. પછી યોગ્યતા એની ન કહેવાય. એ તો શક્તિની પૂરેપૂરી વ્યક્તિ થઈ ગઈ.

મુમુક્ષુ :- એટલે અહીંયાં આવરીત શક્તિ છે. વ્યક્તિ થઈ એ તો અમુક પ્રદેશથી થઈ છે ત્યારે બીજા પ્રદેશો તો એમનેમ રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બીજા પ્રદેશો પોતાનું કામ કરે. પોતાનું કામ કરે, એમાં શું ? વ્યક્તિ થઈ એ તો અમુક પ્રદેશથી થઈ છે. ત્યારે બીજા પ્રદેશો તો એમનેમ રહે છે. કેમકે આ તો વિભાવિક દશા છે, આ તો આવરણની દશા છે. આવરણની દશા સિદ્ધ ભગવાનને ક્યાંથી હોય ? જે સંપૂર્ણ નિરાવરણપણે થઈ ગયા, જેમણે બધા મળ ધોઈ નાખ્યા. આ તો મલિનતા નડે છે. જીવને શું નડે છે ? મલિનતા નડે છે. લોકમાં પણ એમ કહે છે કે જુઓ ભાઈ ! આ માણસ બહુ ક્રોધમાં આવશે ને તો એ શું કરી બેસશે એને ખબર નહીં પડે. એનો અર્થ શું ? કે તીવ્ર કષાયમાં મતિ છે (એ) અવ્યવસ્થિત થાય છે. એ કાળે લીધેલો નિર્ણય કે વિચાર એ વ્યવસ્થિત હોતો નથી અથવા પરિપકવ હોતો નથી. એ તો સામાન્ય વ્યવહારથી પણ સમજાય એવું છે. કે જ્ઞાનને રોક્યું, અવરોધ કર્યો. કોણે અવરોધ કર્યો ? કે જે કષાયોથી એણે જ્ઞાનાવરણીય બાંધ્યું – ભાવ જ્ઞાનાવરણીય, દ્રવ્ય જ્ઞાનાવરણીય એમાં નિમિત્ત છે, એને લઈને એનું જ્ઞાન છે એ આવરિત થયેલું છે એમ. એ આવરણ ખૂલી ગયું. આરાધના કરતા કરતા એ આવરણ ખૂલી ગયું, મટી ગયું, મળ ધોવાઈ ગયા, નિર્મળ દશા થઈ જ્ઞાનની. સંપૂર્ણ નિર્મળ દશા થઈ અને કેવળજ્ઞાન થયું. કેવળજ્ઞાન એટલે મળ વિનાનું સંપૂર્ણ નિર્મળજ્ઞાન તે કેવળજ્ઞાન. પછી ત્યાં અમુક પ્રદેશોની આવી યોગ્યતા ને અમુક પ્રદેશોની આવી યોગ્યતા, એ પ્રશ્ન ત્યાં રહેતો નથી.

મુમુક્ષુ :- .. અવલંબન લે છે ત્યાં જ ..

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બીજા બીજાનું અવલંબન લેવા જાય ત્યાં એ બીજાનું આરાધન કરે છે. પોતાનું આરાધન છોડી દ્યે છે ત્યારે એ પરનું આરાધન કરે છે, પરની સેવા કરે છે, પરની સાધના કરે છે. એ પોતે ચૈતન્ય સ્વરૂપી બીજા પદાર્થની સાધના કરવા જાય

તો એની શક્તિ બિડાય જાય. બીજી બધી શક્તિ બિડાય જાય, બધી શક્તિ એની બિડાય. સ્વરૂપની સેવા કરે અને સ્વરૂપની સાધના ને આરાધન કરે તો એની શક્તિ ખીલી ઊઠે. આ સિદ્ધાંત છે.

મુમુક્ષુ :- સ્વભાવે કરીને આવા ભેદ નથી પડતા.

પૂજ્ય ભાઈશ્રી :- ના, સ્વભાવમાં નથી. જ્ઞાન સ્વભાવમાં મતિજ્ઞાનનો ભેદ નથી, શ્રુતજ્ઞાનનો ભેદ નથી, ઇન્દ્રિયજ્ઞાનનો ભેદ નથી, અવધિજ્ઞાનનો ભેદ નથી, મનઃપર્યયજ્ઞાનનો ભેદ નથી અને કેવળજ્ઞાનનો ભેદ એમાં નથી. સ્વભાવ ભેદ વિનાનો અભેદ ભાવ છે. એને સ્વભાવ ભાવ કહેવામાં આવે છે. ખરેખર તો એને દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદો પણ લાગુ કરી શકાતા નથી. સ્વભાવ એટલે સ્વભાવ. નિર્ભેદ સ્વભાવ – ભેદ વિનાનો સ્વભાવ, નિર્વિકલ્પ સ્વભાવ, જેમાં વિકલ્પનો અવકાશ નથી એવો સ્વભાવ, વિકલ્પની ગુંજાશ નથી એવો સ્વભાવ. એવો જે એકાકાર સ્વભાવ, ત્રણેયકાળે એકરૂપ ધ્રુવ સ્વભાવ તે મૂળ આત્મતત્ત્વ છે, મૂળ આત્મસ્વરૂપ છે.

મુમુક્ષુ :- ભેદો છે એ કર્મની અપેક્ષાએ ભેદ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- કર્મનું નિમિત્ત છે એમાં. કર્મનું નિમિત્ત ગણાય. જે ભાવથી ન સમજે એને દ્રવ્યકર્મના નિમિત્તથી સમજાવવું પડે છે. કેટલીક વાતો એવી છે કે જીવને ભાવથી કહેતા એ વાત અસર કરતી નથી. જો જીવ માઠાં પરિણામ કરે ત્યારે એ માઠાં પરિણામનું ફળ એને બહુ માઠું ભોગવવું પડશે એ વાત એને માઠાં પરિણામના ભાવથી ન સમજાય તો એને એમ કહે કે આકરા કર્મ બાંધીશ નહીં, નહીંતર એનો ઉદય બહુ આકરો આવશે, એમ કહે. તો એ કર્મથી એને સમજાવવાની વાત છે. મૂળ વાત તો ભાવ શું છે એ એને સમજાવું જોઈએ. એટલે એ પદ્ધતિ છે, શાસ્ત્રપદ્ધતિ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઇન્દ્રિયની ક્રિયા અતીન્દ્રિય ઉપયોગના કાળે ચાલુ નથી રહેતી. એ ચોથા ગુણસ્થાને પ્રથમ એ દશા સમ્યક્દર્શનના કાળમાં થાય છે. એને સ્વાનુભૂતિની પર્યાય અથવા સ્વાનુભૂતિનો ઉપયોગ કહેવામાં આવે છે. ત્યાંથી તેનું અતીન્દ્રિય પરિણમન, અતીન્દ્રિયજ્ઞાન, અતીન્દ્રિય સુખ એ બધું એનું ત્યાંથી ચાલુ થાય છે. ઉપયોગ તો ક્ષણમાત્રમાં પૂરો થાય છે પછી અતીન્દ્રિય પરિણતિ એની ચાલુ રહે છે એ એની સાધના છે.

પ્રશ્ન :- ઇન્દ્રિયજ્ઞાન તે જ્ઞાન જ નથી ને ?

સમાધાન :- ખરેખર જ્ઞાન નથી. જાણે છે એટલે એને જ્ઞાન કહીએ પણ એ આત્માની જાતિનું જ્ઞાન નહીં હોવાથી, સ્વભાવની જાતિનું જ્ઞાન નહીં હોવાથી એને જ્ઞાન કહેતા નથી. એમ. જેમ કોઈ પરિવારનો સભ્ય અનુચિત પ્રકારે, આખા ખાનદાનથી અનુચિત પ્રકારે બીજી લાઇન પકડી લ્યે તો એમ કહે કે, ભાઈ ! અમારો આ જણ નથી, આ જણ અમારો નથી. એમ કહે કે ન કહે ? બાપ એમ કહે કે આ મારો દીકરો નહીં. છે તો એનો, એમ છે. એ જ્ઞાનનો પર્યાય પણ અધ્યાત્મભાષાએ એને એ આત્માનું જ્ઞાન નહીં અથવા જ્ઞાન નહીં એમ કહેવામાં આવે છે. આગમભાષાએ એને જ્ઞાનનો પર્યાય કહેવામાં આવે છે. એમ અધ્યાત્મમાં જાય ત્યારે આગમનું જ્ઞાનનું સંતુલન ખોય બેસે એવું ન બનવું જોઈએ. એ પણ એક અનેકાંતિક પરિણમન છે.

અધ્યાત્મનો વિષય આધાર લેવાનો છે. જ્યાં આધાર લેવામાં આવે ત્યાં જોર દેવામાં આવે છે. અને જોર એવું દેવામાં આવે કે જાણે પૂરું જોર અહીંયાં દેવું છે તોપણ આગમનો વિષય જેમ છે તેમ જ્ઞાનમાં રહે અને રાખીને એ વાત છે. એટલી અપેક્ષા અને એટલી મર્યાદા ત્યાં સમજવી જોઈએ. નહીંતર આખી વસ્તુ વ્યવસ્થા અથવા વસ્તુનું બંધારણ જે Constitution જેને કહીએ એની અંદર ગડબડ થાય તો સીધો જ તે ગૃહીત મિથ્યાત્વનો પ્રસંગ આવે, બીજું કાંઈ થાય નહીં. એવું ક્યારે બને (કે) અધ્યાત્મની મુખ્યતા કરતા કરતા ગૃહીત મિથ્યાત્વમાં આવી જાય ? કે, એને અધ્યાત્મનો વ્યામોહ વર્તતો હોય અને દર્શનમોહ એ વખતે પણ તીવ્ર થઈ જાય ત્યારે. ગૃહીત મિથ્યાદર્શન એ કાંઈ નથી, દર્શનમોહની તીવ્ર દશાને ગૃહીત મિથ્યાત્વ કહેવામાં આવે છે. જ્યારે મિથ્યાત્વ વધારે તીવ્ર થાય ત્યારે અગૃહીતપણાના પ્રકારને છોડીને ગૃહીતપણાના પ્રકારમાં પ્રવેશ કરે છે.

ખરેખર તો અધ્યાત્મ દર્શનમોહના નાશનું કારણ છે. અધ્યાત્મિક વિષય ઉપર જોર આવવું એ તો દર્શનમોહના નાશનો ઉપાય છે. જે દર્શનમોહના નાશનો ઉપાય છે ત્યાં દર્શનમોહ તીવ્ર થાય એ તો બહુ મોટી ગડબડ કહેવાય. એવું તો બનવું જોઈએ નહીં. એટલે સત્‌શાસ્ત્રને વિશે જ્યાં સ્વરૂપધ્યાનીનું વર્ણન આવે છે ત્યાં એક આ શરત મૂકી છે કે આત્મસ્વરૂપનું ધ્યાન, આત્મસ્વરૂપનું ધ્યાન કરવાવાળો મહાત્મા કેવો હોય ? કે જેને આગમ અને અધ્યાત્મનું સુમેળવાળું જ્ઞાન વર્તતું હોય. કેમકે એને તો ઉપયોગ સ્થિર કરવાનો છે. સ્વરૂપસ્થ ઉપયોગ થાય, સ્વરૂપમાં સ્થિર ઉપયોગ થાય, એ ક્યારે થાય ? કે, એનું આગમજ્ઞાન, એ આગમકૌશલ્યપૂર્વક જેનું અધ્યાત્મનું જોર હોય ત્યારે એનો ઉપયોગ સ્થિર થાય. નહીંતર

ઉપયોગ સ્થિર થઈ શકે નહીં. એ તો બહુ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે આખી. એમ કાંઈ વિકલ્પ કરે કે ઇચ્છા કરે કે મારે આત્મામાં લીન રહેવું છે ને સ્થિર રહેવું છે એટલે ઉપયોગ સ્થિર થાય, એ વાતમાં કાંઈ માલ નથી. એ તો વસ્તુનું વિજ્ઞાન છે આખું. આત્મપદાર્થનું એ વિજ્ઞાન છે. એ દશા કેળવાયને સહજ જ ઉપયોગ લીન થાય છે. મુનિદશામાં જુઓ ને ! છઠ્ઠા-સાતમાં ગુણસ્થાનની જે મુનિદશા છે, ક્ષણે ક્ષણે ઉપયોગ સ્વરૂપમાં લીન થઈ જાય, ચૈતન્ય ગોળો છૂટો પડી જાય, આહાર કરતાં કરતાં લીન થઈ જાય, શાસ્ત્ર વાંચન કરતા કરતા, ઉપદેશ દેતા દેતા, ચાલતા ચાલતા, હાલતા હાલતા, કોઈપણ ક્રિયા કરતા ઉપયોગ લીન થઈ જાય અંદરમાં. સહજપણે વૈજ્ઞાનિક રીતે કેળવાયેલી એ દશા છે. કોઈ કૃત્રિમતા આમાં કામ આવતી નથી અને ખરેખર તો ત્રિકાળ અકૃત્રિમ સ્વભાવને વિશે કૃત્રિમતા બિલકુલ વિસંગત છે, જરાય સુસંગત નથી. એટલે આ માર્ગ જ જરાય કૃત્રિમતાનો નથી, સહજતાનો જ માર્ગ છે. એટલું તો બરાબર સૈદ્ધાંતિક રીતે ગાંઠ મારીને દઢ રાખવું જોઈએ.

મુમુક્ષુ :- અનુયોગો કાર્યકારી છે તે આ રીતે છે.

પૂજ્ય ભાઈશ્રી :- આગમકૌશલ્ય. 'પ્રવચનસાર'માં તો આગમકૌશલ્યનો બહુ સરસ વિષય ચાલે છે. જે મહામુનિ આગમમાં પ્રવીણ છે અને જે અધ્યાત્મમાં પણ બરાબર કુશળ છે એ સ્વરૂપધ્યાનને વિશે સ્વરૂપ લીનતામાં સારી રીતે પ્રવર્તીને પોતાની સિદ્ધ દશાને બહુ શીઘ્ર કાળમાં સાધી લ્યે છે. કેમકે એ સ્વરૂપ લીનતામાં રહી શકે છે. એ શુ લધ્યાનની શ્રેણીમાં આરૂઢ થશે. ઉજ્જવળ ધ્યાનને વિશે પ્રવૃત્તિ થઈને સંપૂર્ણ દશા નિરાવરણ દશાને પ્રાપ્ત કરશે. (ત્યાં) આચરણનો અધિકાર ચાલ્યો છે.

અહીંયાં કહે છે કે, એ સર્વ પર્યાયોનું આશ્રયસ્થાન છે એ અનંત અનુપમ ચૈતન્યસ્વરૂપ અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ આત્મા છે. જેના ભાવભાસનમાત્રમાં, હજી મુમુક્ષુને તો નિર્ણયની ભૂમિકામાં લઈએ તો, જેના ભાવભાસનમાત્રમાં વિભાવની જડ કપાવા મંડે છે. મૂળિયાને ટીબી લાગુ પડે છે, વિભાવના મૂળને ટીબી લાગુ પડે છે. એ ક્ષય થવાની તૈયારી થાય. મૂળ છે એમાં ઊંડામાં ઊંડો વિભાવ દર્શનમોહનો છે. ચીકણામાં ચીકણા પરિણામ. જીવના મોહના ચીકણામાં ચીકણા પરિણામ દર્શનમોહના છે. એના મૂળ બળવાની શરૂઆત જેના ભાવભાસનમાત્રમાં શરૂઆત થઈ જાય છે. એવો ચમત્કારિક પદાર્થ છે. જેનું ભાસન આવે, ભાસ થાય ત્યાં અહીંયાં દર્શનમોહ કહે છે કે મર્યા, મરી ગયા. આ જાગ્યો હવે ! સિંહ જાગ્યો છે. હવે આપણા શિયાળિયાના આમાં કામ નથી. એવો એટલો શ ્તિવંત

ચમત્કારિક પદાર્થ છે. કહેવામાત્ર ચમત્કારિક છે એમ નથી, વાસ્તવિકપણે ચમત્કારિક પદાર્થ છે.

જેના પ્રથમ દર્શનમાં લ્યો, ભાવભાસન પછીનો બીજો તબક્કો લઈએ, જેને સમ્યક્દર્શન કહે છે, જેના પ્રથમ દર્શનમાં સિદ્ધપદનું Registration થાય, સિદ્ધપદનો ટાંકો બાંધે. જેમ કોઈ કહે છે ને કે આવો ભાવ કરીશ તો નરકનો ટાંકો બંધાશે ને આ ભાવે તારા દેવલોકનો ટાંકો બંધાશે. આ કહે છે કે સમ્યક્દર્શનમાં તારા સિદ્ધપદનો ટાંકો બંધાશે. એવો જેના પ્રથમ દર્શનનો પ્રભાવ છે. એનો ચમત્કાર કેટલો ? કે, અનંતકાળથી પરિભ્રમણ કરતો આ સંસારી જીવ સિદ્ધાલયને – સિદ્ધપણાને પ્રાપ્ત કરે, જેના આશ્રય માત્રથી એમ થાય. પર્યાયને જેના આશ્રયમાત્રથી સર્વ સિદ્ધિ થાય કે જ્યાં કોઈ અસિદ્ધિ નથી, જ્યાં કોઈ રિદ્ધિ સિદ્ધિની ખામી નથી એવો સંપૂર્ણ રિદ્ધિ સિદ્ધિનો ભંડાર એ ચમત્કારિક પદાર્થ આત્મા પોતે જ છે. ક્યાંય એને બીજે જાવાની જરૂર નથી. એવો આત્મા પદાર્થ છે.

**'જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ,...'** 'સમયસાર' શાસ્ત્રની સ્તુતિ કરતાં પંડિતજીએ બહુ સરસ પંક્તિ કરી છે. 'સમયસાર' એ શાસ્ત્રનું નામ છે, એ જ 'સમયસાર' અનંત ગુણવાળા ચૈતન્ય પદાર્થનું નામ છે 'સમયસાર'. 'નમઃ સમયસારાય' એને નમસ્કાર લીધો. ત્યાં સ્તુતિમાં એક વાત લીધી કે તને જાણતા જ્ઞાનીઓના હૃદય કળાય જાય છે. સર્વ જ્ઞાનીઓના, અનાદિઅનંત સર્વ જ્ઞાનીઓના, જેટલા ભૂતકાળમાં થયા અનંતા, ભવિષ્યમાં થાશે અનંતા, એના હૃદયમાં કોણ છે ? કે શુદ્ધાત્મા છે. એના હૃદયમાં કોનો મહિમા છે ? કે, ચૈતન્યચમત્કારનો મહિમા છે. જો પોતે અંદરમાં પોતાને ચૈતન્ય ચમત્કાર પદાર્થને જાણે તો અનંત જ્ઞાનીઓના હૃદયમાં શું છે એ પણ એ કળે. બધા જ્ઞાનીઓના હૃદય પકડાઈ જશે.

ભૂતકાળમાં થયેલા જ્ઞાનીને એના વચનમાત્રથી વર્તમાન જ્ઞાની ક્યાંથી જાણે છે કે આ જ્ઞાની હતા ? કે, એના હૃદય સુધી એ પહોંચી જાય છે. એણે જે રીતે સ્વરૂપમહિમા કર્યો છે, જે વિધિએ સ્વરૂપ મહિમા કર્યો છે એ વિધિથી એ પકડી લ્યે છે કે આ કોઈ સ્વરૂપજ્ઞાની છે. સ્વરૂપજ્ઞાની સિવાય આ રીતે વાત આવી શકે નહીં. એવી જ વાત કૃત્રિમતાથી કરનાર હોય તોપણ એ પકડી શકે ને સહજતાથી કરનાર હોય તોપણ એ પકડી શકે. આમ ફેર પડે છે.

**'જ્ઞાયકની સાથે જ્ઞાન જ નહિ,...'** આત્માને જે જ્ઞાયક કહ્યો છે એ જ્ઞાયકની સાથે એકલું જ્ઞાન, એકલી જ્ઞાન શક્તિ, એક માત્ર જ્ઞાન ગુણ નહીં પણ **'બીજા અનંત આશ્ચર્યકારી**

**ગુણો છે જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહિ.**' કેમકે આખો આત્મા ચૈતન્ય છે. એના અનંતગુણોમાં પણ એ ચેતના વ્યાપેલી છે. ચેતના ગુણોનો બીજા સાથે મેળ ખાતો નથી. ચૈતન્ય ગુણોનો બીજા સાથે મેળ ખાતો નથી. એક જ્ઞાન ગુણથી, એક ગુણથી એ કેટલો ચમત્કારિક પદાર્થ છે એ સમજી શકાય છે. વિભાવ ગુણથી જ્ઞાન કરીએ તો એવો એક જ્ઞાન ગુણ નહીં પણ એવા અનંત આશ્ચર્યકારી ગુણ છે. એક એક ગુણ એટલા આશ્ચર્યકારી છે.

એક એક ગુણમાં એટલી શક્તિ ભરેલી છે કે જેને જાણતા વિસ્મય થાય એવું છે – આશ્ચર્ય થાય એવું છે. એટલે તો એમ કહેવાય છે કે યથાર્થપણે સ્વરૂપને જાણવા જનારો જે ઉપયોગ છે; યથાર્થપણે એટલે સન્મુખ થઈને, સ્વરૂપની સન્મુખ થઈને જે ઉપયોગ સ્વરૂપને જાણવા પ્રેરાય તો સ્વરૂપ એવું અનંત આશ્ચર્યકારી હોવાથી થંભી જાય છે એકવાર. ઉપયોગ ત્યાં થંભી જાય છે એનું કારણ સ્વરૂપ એવું છે, બીજું કોઈ કારણ એમાં નથી. એમ કહેવું છે. એવા અનંત આશ્ચર્યકારી ગુણો છે. જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાતો નથી એટલે બીજા પદાર્થની સરખામણી કરીને એને બતાવી શકાતો નથી. બરાબરી કરીને કોઈ ઉપમા આપે એવું કાંઈ મેળ ખાય એવું નથી. એટલે પણ એને પહેલાં અનુપમ ગુણવાળો ચમત્કારિક પદાર્થ લીધો. ઉપમા ન આપી શકાય એવા ગુણવાળો ચમત્કારિક પદાર્થ છે એમ લીધું.

મુમુક્ષુ :– અનંત શક્તિઓ છે એમાં ૪૭ શક્તિઓ છે એના એક બે નમૂના લ્યો ને.

પૂજ્ય ભાઈશ્રી :– નમૂના તો એવું છે કે સાડા ત્રણ મિનિટ બાકી છે. એક એક શક્તિમાં તો કેટલું ભર્યું છે ! એક એક શક્તિમાં કેટલું ભર્યું છે ! સ્વરૂપના મહિમા માટે તો એની નવરાશ ચોક્કસ ખાસ પ્રકારે લેવી જોઈએ ને !

મુમુક્ષુ :– બધા અનંતભર્યાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– આદિ–મધ્ય–અંતમાં આ ભર્યું છે એમ કહીએ તો ચાલે. આ તો Direct વિષય, હોં ! સીધો મહિમા. પાછો બીજા બોલોમાં ગુરુ મહિમા આવે, દેવ મહિમા આવે તો એ ચૈતન્યસ્વરૂપનો જ મહિમા છે ખરેખર તો.

મુમુક્ષુ :– ગુરુ મહિમા એ ચૈતન્યનો મહિમા છે !

પૂજ્ય ભાઈશ્રી :– ગુરુ મહિમા એ ચૈતન્યનો મહિમા છે. કેમકે ગુરુ છે એની પરિણતિ, ગુરુ એટલે મહાન ક્યારે છે ? કે એ ચૈતન્યને આરાધી રહ્યા છે ત્યારે. એવી રીતે દેવ

પણ ચૈતન્યસ્વરૂપે વિકસિત થઈ ગયા છે. જેવું પોતાનું અંતર ચૈતન્ય સ્વરૂપ છે એવો જ અંતર બાહ્ય એક સરખો વિકાસ થઈ ગયો. એટલે એ દેવના મહિમામાં પણ ચૈતન્યનો મહિમા છે, ગુરુના મહિમામાં પણ ચૈતન્યનો (મહિમા છે). એના બોલ જુદાં છે પાછા. એ તો સર્વત્ર એ જ ભર્યું છે, જિનવાણીમાં તો સર્વત્ર એ ભરેલું છે.

**'જેનો કોઈ અન્ય પદાર્થ સાથે મેળ ખાય નહીં. નિર્મળ પર્યાયે પરિણમતાં, જેમ કમળ સર્વ પાંખડીએ ખીલી   ઠે તેમ આત્મા ગુણરૂપ અનંત પાંખડીએ ખીલી   ઠે છે.'** જેમ કમળ છે, એવા કમળ થાય છે, અત્યારે તો એવા કમળ નથી, પણ હજારો પાંખડીના કમળ હોય. એવા મોટા મોટા કમળ હોય. શાસ્ત્રમાં એનું વર્ણન આવે છે કે યોજન સુધીની એની લંબાઈ હોય. એવા સમુદ્ર પણ મોટા હોય, એવા સરોવર મોટા હોય. એવા કમળ મોટા હજારો પાંખડીઓ હોય. જ્યારે એ ખીલે તો જોનારને આશ્ચર્ય થાય કે આ તે ફૂલ છે કાંઈ ! એમ. એવી રીતે આપોઆપ ખીલે. એને કોઈ હાથ અડાડીને કોઈ ખીલવવા જાય એમ કમળ ન ખીલે. એ આપોઆપ ખીલે છે. એવી રીતે આત્માની સાધના કરતાં કરતાં અનંત ગુણની અનંત પાંખડી — અનંત પર્યાયો વિકસિત થાય છે, શુદ્ધ થાય છે – નિર્મળ થાય છે અને આખો આત્મા સિદ્ધ દશામાં ખીલી   ઠે છે. એને ચૈતન્યનો બાગ ખીલી   ઠ્યો એમ કહેવાય છે. એ ચૈતન્યબાગમાં ક્રીડા કરતાં કરતાં, 'બહેનશ્રી' એ વાત અવારનવાર લ્યે છે, ચૈતન્યબાગમાં ક્રીડા કરતાં કરતાં. એવો રમ્ય છે, બાકી બધું નામમાત્ર રમ્ય છે. આ આત્મા ખરેખર રમણીય છે ને રમ્ય છે. રમ્ય છે એટલે રમવા યોગ્ય – સુંદર. આત્માને ખીલવાનો એ ઉપાય છે.

***

> ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે. શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે, શુભાશુભ પરિણમન નથી. તેનાથી અવશ્ય સંસારરોગ જાય. વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે; તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત-ઔષધ કહેવામાં આવ્યાં છે. ૧૬૪.

તા. ૧૫-૦૭-૧૯૮૭, વચનામૃત–૧૬૪
પ્રવચન નં. ૧૨૫

**'ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે.'** ૧૬૨ માં એમ કહ્યું કે, **'દ્રવ્ય સદા નિર્લેપ છે.'** અહીંયાં કહે છે કે, **'ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે.'** દ્રવ્ય સ્વભાવ. ચૈતન્યદ્રવ્ય એટલે અહીંયાં ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ પરિપૂર્ણ નીરોગ છે. એમાં કોઈ વિકૃતિ નથી, મલિનતા નથી, કોઈપણ પ્રકારની ક્ષતિ નથી, અપૂર્ણતા નથી, પરિપૂર્ણ શુદ્ધ છે, પૂર્ણ છે, નીરોગ છે. **'ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. પર્યાયમાં રોગ છે.'** જીવની અવસ્થામાં વિભાવ કહો, વિકાર કહો, સંસારરોગ કહો ઇ પર્યાયમાં છે. જીવની પર્યાયમાં રોગ છે. રાગ છે તે રોગ છે. સીધું લઈએ તો રાગ છે તે રોગ છે. સ્વભાવમાં રાગનો અભાવ હોવાથી ચૈતન્યદ્રવ્ય – ચૈતન્યસ્વભાવ નીરોગ છે.

રાગ છે તે રોગ છે અને રોગને સારો જાણવો તે મહારોગ છે. મિથ્યાત્વ શું છે ? મહારોગ છે કે જે રોગને – રાગના રોગને સારો માને છે, સારો જાણે છે કે, આ રાગ

સારો છે. બીજા અશુભ રાગ સારા નથી પણ ખાસ કરીને આ રાગ સારો છે. વાંચનનો રાગ વધારે સારો છે. અથવા રાગનો પ્રેમી ભૂમિકા અનુસાર અમુક રાગ તો થવો જ જોઈએ, ન્યાયની દૃષ્ટિએ ન્યાયોચિત છે (એમ કહે) તોપણ એ રાગનો પ્રેમ અને રાગનો રાગ કરવા જેવો નથી. એટલી મર્યાદા રાખીને એ વાત કરનારે કહી છે. એ સત્‌શાસ્ત્રનો વિષય છે કે ભૂમિકા અનુસાર જીવને રાગ આવે જ, ન આવે એવું બને નહીં. ન આવે, એ ભૂમિકાનો રાગ એને ન આવે તો એ ભૂમિકાની એને વીતરાગતા નથી એમ પણ કહેવામાં આવે છે.

જેમકે મુનિદશામાં મુનિ યોગ્ય પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિ પાલનનો રાગ, ચૈત્યવંદન આદિ, દેવવંદન આદિનો રાગ અથવા વ્રત, પૂજા, ભક્તિનો રાગ એ મર્યાદિત રાગ આવે. એવો રાગ ન આવે અને એથી નીચેની કોટિનો રાગ આવે તો એને વીતરાગતા – મુનિદશાને યોગ્ય વીતરાગતા ત્યાં નથી. એ ભૂમિકા ત્યાં એની નથી એમ નક્કી થાય છે.

એમ શ્રાવકને શ્રાવકની ભૂમિકાને યોગ્ય રાગ ન આવે, એથી નીચી કોટિના રાગની ઉપસ્થિતિ હોય તો એને નીચેની ચોથી-પાંચમી ભૂમિકા નથી. એવી રીતે મુમુક્ષુને મુમુક્ષુને યોગ્ય શુભરાગ ન હોય એથી નીચી કોટિનો તો રાગ પાછો ભો જ હોય સંસારમાં હોય એટલે, તો એની એ ભૂમિકા નથી.

પ્રશ્ન :- મુમુક્ષુની કેવી ભૂમિકા હોય ?

સમાધાન :- મુમુક્ષુની ભૂમિકામાં એને તત્ત્વનો પ્રેમ હોય, દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા હોય, સત્પુરુષનો મહિમા હોય, પ્રત્યક્ષ સત્પુરુષ હોય તો એની અત્યંત ભક્તિ હોય અને એ સિવાય એને પૂજા, ભક્તિ, દયા, દાન, શાસ્ત્ર વાંચન આદિના એ પ્રકારના શુભભાવ હોય છે. પણ એ રાગને સારો માનવો એ ન્યાયની મર્યાદા છોડીને, એ મર્યાદિત ન્યાય છે, મર્યાદા છોડીને રાગને સારો માનવો એ એકાંત થઈ ગયું, એ મિથ્યાત્વ થઈ ગયું. એ મહારોગ છે. રાગ તો રોગ છે. રોગને રોગ જાણે તો એ રોગ છે એ નાશ કરવા યોગ્ય છે, ટાળવા યોગ્ય છે એ વાત લક્ષમાં રાખીને ભૂમિકાના રાગનો સ્વીકાર કરે. એ તો જો કે આવી જાય છે. આવી જાય છે એને બતાવવાની એક પદ્ધતિ છે. એને લાવવો એ પ્રશ્ન નથી પણ એ આવી જાય છે.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં નિષેધ વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- અભિપ્રાયમાં તો રાગનો એક કણ પણ સ્વીકાર્ય હોય તો એને સમ્યક્દર્શન થાય નહીં, ત્યાં સુધી એને સમ્યક્દર્શન થાય નહીં.

પ્રશ્ન :- આદર કોનો વર્તે છે ?

સમાધાન :- એને જ્ઞાતાદૃષ્ટા એવા સ્વભાવનો આદર છે અને જ્ઞાતાદૃષ્ટા રહેવાનો એનો પ્રયત્ન છે – એનો પુરુષાર્થ છે. એ પુરુષાર્થની નબળાઈ – કચાશને કારણે જે ભૂમિકામાં હોય તે ભૂમિકાનો રાગ ઉપસ્થિત થઈ આવે છે, એમ કહેવું છે. પણ એ શુદ્ધિની ભૂમિકાને ન ઓળખે તો અશુદ્ધિની ભૂમિકાથી એને દર્શાવવામાં આવે છે કે આ ભૂમિકામાં આવો રાગ ન હોય અને નીચી કોટિનો રાગ વર્તતો હોય તો એ ભૂમિકા એને વર્તતી નથી એમ જાણવું જોઈએ. પણ રાગ છે રોગ. રોગ છે એ રોગ જ છે. રોગ છે એમાં નીરોગતા નથી, નીરોગતામાં રોગ નથી. આ વાત સ્પષ્ટ હોવી જોઈએ.

પ્રશ્ન :- પર્યાય તો એક સમયની છે તો એક સમયનો રોગ છે ?

સમાધાન :- હા, ખરેખર તો એક સમયનો રોગ છે. જ્યાં સુધી દૃષ્ટિ પર્યાય ઉપર છે ત્યાં સુધી એ રોગ પ્રતિ સમયની પર્યાયમાં ચાલુ ને ચાલુ રહે છે. જેવી દ્રવ્યની દૃષ્ટિ થઈ એટલે પહેલો મહારોગનો નાશ થાય છે. મિથ્યાત્વનો મહારોગ ટળે છે પછી અસ્થિરતાનો ભૂમિકા અનુસાર રાગ રહે છે તે ક્રમશઃ દ્રવ્યના અવલંબને, જેમ જેમ સ્વદ્રવ્યનું – નીરોગી દ્રવ્યનું અવલંબન વધતું જાય છે તેમ તેમ નીરોગતા વધુને વધુ વ્ય ત થતી જાય છે અને સંપૂર્ણ નીરોગ થવાનો અવસર એને આવે છે.

**'પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે.'** શું કહે છે ? આ જે બોલનો વિષય છે એ આ છે કે શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયમાં રાગનો રોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે. સ્વરૂપને ભાવવું, નીરોગી ચૈતન્ય દ્રવ્યને ભાવનામાં ભાવવું. એ ભાવનાને ભાવતા ભાવતા એમાં લીનતા ઉત્પન્ન થાય એટલી હદે એને ભાવવું કે જેથી એ લીનતા ઉત્પન્ન થવાથી પર્યાયમાં રાગના રોગનો નાશ થઈ જાય છે. ઉત્પન્ન ન થાય. રાગ ઉત્પન્ન ન થાય. આ એકમાત્ર ઔષધ છે. રોગને નાશ કરવાનું આ એકમાત્ર ઔષધ છે અને એ સમ્યક્ હોવાથી એને ઉત્તમ ઔષધ કહેવામાં આવે છે. એ સમ્યક્ છે.

આમ તો મુમુક્ષુ જીવને સ્વરૂપ પ્રાપ્તિની અંતરમાંથી ઉગેલી ભાવનાને ભાવના કહેવામાં આવે છે. એ મુમુક્ષુના તબક્કાનો વિષય છે. અહીંયાં તો રાગના રોગને નાશ કરવાનું પ્રકરણ ચાલે છે ત્યાં **'શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે.'** અહીં સ્પષ્ટ કરે છે. અહીંયાં રાગાંશ છે, સ્વરૂપ પ્રાપ્તિનો રાગ સહિત કાંઈ પુરુષાર્થ ઉપાડવા માગે છે અથવા પુરુષાર્થ

શરૂ થાય એ ભૂમિકામાં પ્રયોગમાં આવવા જેની ભાવના વર્તે છે, જેની ભાવનાને વશ જે પ્રયોગને આદરે છે અથવા જે ભાવનાને વશ ભેદજ્ઞાનનો પુરુષાર્થ શરૂ કરી શકે છે એ ભાવના રહી મુમુક્ષુની ભૂમિકાની. અહીંયાં આગળ ચાલીને એમ કહે છે કે જે શુદ્ધ ચૈતન્યની ભાવના છે એ તો શુદ્ધ ચૈતન્યમાં લીનતાસ્વરૂપ છે, શુદ્ધ પરિણમન સ્વરૂપ છે અને એ રાગના નાશનું એકમાત્ર કારણ છે. રાગરૂપી રોગ એનાથી જાય છે. બીજા કોઈ ઉપાયથી રાગનો નાશ થતો નથી. વીતરાગતા એ એક જ રાગનો નાશ કરવાનો ઉપાય છે અને બીજો કોઈ ઉપાય નથી.

ધર્મના ક્ષેત્રમાં વીતરાગ સ્વભાવની ઓળખાણ અને જ્ઞાનના અભાવને લીધે કોઈને કોઈ રાગને જ ધર્મ માનીને એને વીતરાગતાનું નામ દઈ દેવામાં આવે છે. ઓળખાણમાં તો રાગના એક કણને પણ રાગ તરીકે જ ઓળખે એવી ચોખ્ખેચોખ્ખી અંદરમાં ઓળખાણ પડવી જોઈએ. નહીંતર રાગ અને જ્ઞાન વચ્ચેનું ભેદજ્ઞાન નહીં થાય. રાગ અને જ્ઞાન વચ્ચેનું ભેદજ્ઞાન નહીં થવામાં એક મુખ્ય કારણ એ છે કે જીવને રાગની રાગ તરીકેની ઓળખાણ નથી તો એ જ્ઞાનથી એને જુદું કેવી રીતે પાડશે ? વળી જ્ઞાનમાં પ્રતિ સમય રાગ પ્રતિબિંબિત થતો હોવાથી અને રાગની સાથે એકત્વબુદ્ધિ વર્તતી હોવાથી એ પ્રતિબિંબને જ બિંબ માને છે. એટલે કે રાગ મારામાં છે, જણાતો રાગ મારામાં છે, જણાય છે એમ નહીં પણ મારામાં છે એમ એને લાગે છે. છે તો પ્રતિબિંબ, બિંબ નથી – રાગરૂપી બિંબ નથી, જ્ઞાનમાં તો પ્રતિબિંબ છે પણ એને એમ થાય છે કે મારામાં (થાય છે). મારામાં એટલે જ્ઞાનમાં, જ્ઞાનમાં એટલે મારામાં. આ ભ્રાંતિ થાય છે.

મુમુક્ષુ :– ચોંટી પડે છે કે મારામાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો પોતાના અસ્તિત્વથી અભેદ માને છે. એ તો નાશ થઈ જાય છે, પ્રતિ સમય રાગનો તો નાશ થાય છે. પોતે ભો રહે છે, રાગનો નાશ થાય છે. એટલે રાગ ખંડ ખંડ ભાવે ઉત્પન્ન થાય છે અને પોતે અખંડપણે ભો રહે છે. જો પોતે અને રાગ એક સ્વરૂપે હોય તો રાગનો નાશ થતા પોતાનો નાશ થવો જોઈએ. એમ તો બનતું નથી.

મુમુક્ષુ :– રાગ કરે છે એ પોતાનું અસ્તિત્વ રાખીને રાગ કરે છે તો પછી જુદો કેવી રીતે..

પૂજ્ય ભાઈશ્રી :– જુદો એટલે જ્ઞાનથી જુદો છે. હું જ્ઞાન સ્વરૂપ છું.

પ્રશ્ન :- અસ્તિત્વ કેવી રીતે પકડાય ?

સમાધાન :- જ્ઞાનલક્ષણથી પકડાય. એટલે એને એ પૂરેપૂરો કેમ છે એનું પૃથ્થકરણ કરવા જેવું છે કે એટલો બધો રાગરસથી રસાન્વિત થયો છે કે જાણે પૂરેપૂરો રાગમાં ખૂંચી ગયો છે. બરાબર છે ? તો એ રાગરસ છે એમાં ડૂબેલો છે પોતે. રાગરસમાં ડૂબેલો છે એટલે પૂરેપૂરો એને અનુભવમાં આવે છે. હવે એ રસને તોડે – રાગરસને તોડે. એટલે તો પહેલા રસ તોડવાની પ્રક્રિયા લીધી છે. રસ તોડ્યા વિના અનુભવ ઉત્પન્ન થાય એવી ભૂમિકા પણ ઉત્પન્ન થતી નથી. રાગરસને અને દર્શનમોહને સીધો સંબંધ છે.

(આ) પૃથ્થકરણ કરવા જેવો વિષય છે. રાગ છે તે કષાય છે અને રાગમાં રહેલો જે રાગરસ છે એ કષાયની શક્તિ છે. તાકાત બધી ત્યાં છે. કષાયની તાકાત ક્યાં છે ? રાગરસમાં છે. એ એની શક્તિ પહેલા મોળી પડી જાય તો એને એનાથી જુદું પડવું, જે ડૂબી ગયો છે એનાથી જુદું પડવું સુગમ થાય છે અથવા જુદાં પડવાનો અવકાશ થાય છે, જુદાં પડવાની કાંઈક તૈયારી થઈ શકે છે. નહીંતર એટલું બધું એને રાગરસમાં રગડીને પરિણમન આવે છે કે એને રાગનું એકત્વ તોડવું એ અનંત કાળથી દુર્લભ થઈ પડ્યું છે. અને કેટલાક જીવો તો પોતાના અનુભવને જોઈને એમ કહે છે કે રાગથી જુદું પડવું એ વાત ભલે તમે કરો પણ એ વાત કોઈ રીતે અમને શક્ય દેખાતી નથી. કેમકે રાગ ચાલ્યો જ આવે છે, ચાલ્યો જ આવે છે, સિવાય રાગ અમને બીજું અમારા પરિણમનમાં અનુભવાતું નથી. એનું કારણ શું છે કે તીવ્ર રાગરસથી ચાલતું એ પરિણમન છે. એ રાગરસને સ્વરૂપ ભાવના, સ્વરૂપ જિજ્ઞાસા, સ્વરૂપ પ્રાપ્તિની લગની અને ભેદજ્ઞાનના પ્રયોગના પુરુષાર્થ દ્વારા અને અંતર અવલોકન દ્વારા એને રાગરસને પહેલાં ફિક્કો કરી નાખવો જોઈએ.

મુમુક્ષુ :- ફિક્કો કરવાની જે વાત કરી એ બહુ સરસ છે. અહીંયાં તો પહેલાં વેગથી ચોંટેલો છે...

પૂજ્ય ભાઈશ્રી :- પૂરો વેગ કહો, પૂરો રસ કહો. મૂળ તો એમાં રસ છે. બરાબર છે ?

મુમુક્ષુ :- ઇ રસનો તોડવા માટે કોઈ ...

પૂજ્ય ભાઈશ્રી :- ના, ના. પોતાની વર્તમાન હિત અહિતની સમજણ છે, વિવેક છે એ કામ કરે છે. જ્ઞાનમાં બુદ્ધિમાં જ્યારે વિવેક ઊપજે છે કે આ રાગરસ છે એ મિથ્યાત્વની સાથે બહુ ઘનિષ્ઠ સંબંધ ધરાવે છે અને એમાં અનંત નિગોદના ભવનો ગર્ભ પડેલો છે,

ત્યાંથી પાંગરશે તો એને જ્ઞાનનો જે વિવેક છે એ મિથ્યાત્વજ્વરને મોળો પાડે છે, આ રસને મોળો પાડનાર એ છે – વિવેક છે. જ્યારે જીવને અવિવેક વર્તે છે ત્યારે મિથ્યાજ્વર છે એ જોર કરે છે. જ્યારે વિવેક જોર કરે છે ત્યારે મિથ્યાજ્વર છે એનો રસ મોળો પડ્યા વિના રહે નહીં. એટલે પહેલેથી જ્ઞાન કામ કરે છે. વિવેક કોણ કરે છે ? જ્ઞાન કરે છે. જ્ઞાન પહેલેથી કામ કરે છે. પ્રારંભથી આ માર્ગને વિશે જ્ઞાનનું કાર્ય મુખ્ય છે અને જે જ્ઞાનનું કાર્ય છે એ મુખ્ય રહેતા આગળ જતા ઓળખાણ થાય છે, એ જ મુખ્ય રહેતા સ્વસંવેદન થાય છે, એની જ મુખ્યતામાં આગળ વધીને પૂર્ણતા સુધી જીવ જાય છે.

મુમુક્ષુ :– અહીંયાં તો પૂરા વેગથી જાય છે, અવકાશ જ નથી કે આ કાંઈક વિચારું.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એવું છે કે એકસરખું પરિણમન તો કોઈ જીવનું ક્યારેય રહેતું નથી. થોડો વેગ છે એ બરાબર છે પણ એકસરખું પરિણમન તો નિગોદમાં પણ રહેતું નથી. તો અહીં તો મનુષ્ય છે. ક્રિશ્ચન જેવા ક્રિશ્ચન, મુસલમાન જેવા મુસલમાન, જેને અભક્ષ્ય આહાર હોય છે એ પણ અઠવાડિયાનો એક દિવસ નક્કી કરે છે. મુસલમાન લોકો શુક્રવાર નક્કી કરે છે તો ક્રિશ્ચન લોકો રવીવાર નક્કી કરે છે. એકધારું પરિણમન રહે છે કોઈનું ? એ ત્યાં આમ આમ આમ બધું નમાજ પઢે ત્યારે કેવો શાંત દેખાય છે માણસ ! શાંત દેખાય છે કે નહીં ? એમ ત્યાં શાંત દશામાં આવીને ચિત્તની શાંતિમાં ભો રહીને ક્યાંક એના પોતાના હિત અહિતનો વિવેક કરે તો એનો વેગ મોળો પડ્યા વિના રહે નહીં. બરાબર છે ?

વળી કોઈ એને એમ કહે કે તને વેગ છે પણ દુઃખ નથી જોતું એ વાત તો નક્કી છે કે નહીં ? જોઈએ છે કોઈને દુઃખ ? રોગ, પીડા, દરિદ્રતા, અસમાધાન અને મૂંઝવણનું દુઃખ કોઈને જોઈતું નથી. આ તો બરાબર છે ? હવે એવા દુઃખી પ્રાણીને કોઈ એમ કહે કે ભાઈ ! તારું દુઃખ મટાડવાનો અમારી પાસે ઉપાય છે. તો એને જિજ્ઞાસા ન થાય ? છે તો જીવ છે કે નહીં એ પણ ! ભલે દુઃખી પણ એ જીવ છે, એ આત્મા છે. તારું દુઃખ મટાડવાનો ઉપાય છે, બહુ સારો ઉપાય છે, થોડીવાર તું બીજી ઉપાધિથી દૂર થઈને તારા દુઃખ મટાડવાની વાત સાંભળ. તો એ જિજ્ઞાસામાં આવે ત્યાં એનો રસ અને વેગ એનો મોળો પડે.

આપણે તો અહીંયાં 'નિર્ભ્રાંત દર્શન'માં એક ન્યાય લીધો છે કે જો જીવને પોતાના સ્વરૂપને જાણવાની અને સ્વરૂપ પ્રાપ્તિના એટલે સુખના માર્ગની – ઉપાયની કોઈ અપૂર્વ

જિજ્ઞાસા પડે તો એ જિજ્ઞાસાને વશ એના પાંચ ઇન્દ્રિયના વિષયના રસ ફિક્કા પડી જાય છે. એ જિજ્ઞાસાની ભૂમિકામાં, એ અપૂર્વ જિજ્ઞાસા (છે) એ એની પાત્રતા છે. એમાં દર્શનમોહ મોળો પડી જાય છે.

મુમુક્ષુ :- જીવ-પુદ્‌ગલને સંબંધ પણ ભ્રાંતિથી છે.

પૂજ્ય ભાઈશ્રી :- અહીંયાં પ્રકરણ શું છે કે રસ મોળો પડે કે ન પડે ? કે પડે. ભાઈ એમ કહે છે કે એવો વેગમાં તણાયેલો રહે છે, એવો વેગમાં તણાયેલો રહે છે કે એ વેગથી છૂટો પડે તો કાંઈક વિચારે ને ! પણ વેગથી છૂટા પડવાના પણ એને કારણો છે કે એને દુઃખ જોઈતું નથી. જ્યારે કોઈ એમ કહે છે, વીતરાગ એમ કહે છે કે, અમારા વચનોમાં પણ કેટલી શાંતિ ભરી છે એ તો જો ! અમારા પરિણમનને તો તું ઓળખીશ ત્યારે તું ફિદા થઈ જઈશ. જ્યારે અમારું શાંત પરિણમન તું જોઈશ ત્યારે તો તારું ચિત્ત આખું બદલાઈ જશે, ફરી જશે. પણ અમારા શાંતરસયુ ત વચનો તો તું થોડાક સાંભળ તો ત્યાં તને ફેર પડી જાય એવું છે. છે કે નહીં પણ એમ ? આ તો વચનો એવા છે કે જેમાં એના નિમિત્તે શાંતિ પજ્યા વિના રહે નહીં. ભલે માનસિક શાંતિ પજે છે. તો એને વિશ્વાસ આવે છે કે શાંતિનો ઉપાય અને અશાંતિ ટળવાનો ઉપાય આવા જો એના શાંત વચનો હોય તો એને પાસે ઉપાય હોવાનો સંભવ છે. છે કે નહીં હજી જિજ્ઞાસા (છે), સ્વીકારી લેવાની વાત પછી છે, પણ છે કે નહીં તપાસ તો કરું હું એની, એનું કુતૂહલ તો કરું હું. જો અપૂર્વ જિજ્ઞાસામાં આવે તો એ જ કાળે એનો રસ ફિક્કો પડ્યા વિના રહેતો નથી.

એટલું સહેલું કામ છે, વેગમાં તણાતા જે અઘરું દેખાય છે એ એટલું સહેલું કામ છે કે ક્ષણમાત્રમાં એનો વેગનો પારો નીચે તરી જાય. એવું કામ છે. નથી થાય એવું કાંઈ નથી. અનંતાએ કર્યું છે. તારે કોઈ ગભરાવાની જરૂર નથી, મૂંઝાવાની જરૂર નથી. જે અનંતા આત્માઓ સિદ્ધિને વર્યા છે એ બધા તારા જેવા હતા. એ કોઈ ઈશ્વરના અવતાર નહોતા અન્યમતની જેમ કે ભાઈ ઈશ્વરનો અવતાર હતો એટલે અવતાર લઈને - ભવ લઈને એને તો એના ભવનું બધું સવળું જ કરી શકેને ? પણ આપણે તો સંસારી છીએ. એવું કોઈ નથી. બધા જ સંસારી હતા. પૂરેપૂરા સંસારી હતા એમાંથી સિદ્ધ થયા છે. એકપણ વ્ય તિગત સિદ્ધ રીતે એકપણ સિદ્ધ એમ નથી કે પહેલેથી સિદ્ધ છે. પહેલેથી સંસારી છે અને પછી સિદ્ધ થયા છે.

બહારમાં ભૌતિક કાર્યોની અંદર ભૌતિકસુખ લેવા માટે તો તું એમ વિચારે છે કે બીજા કરી શકે તો આપણે શું કરવા ન કરી શકીએ ? જે એ કામ કરે, જે સાધન એ અપનાવે તે આપણે એ કામ કરીએ અને એ સાધન કરીએ. એ કરે તે આપણે કરીએ. અનંતાએ સિદ્ધપદને હાંસલ કર્યું છે. તું નહીં મેળવી શકે એ પ્રશ્ન રહેતો નથી.

પ્રશ્ન :– અપૂર્વ જિજ્ઞાસા એટલે અપૂર્વ ભાવના ?

સમાધાન :– અપૂર્વ જિજ્ઞાસામાં ભાવના સાથે છે પણ જિજ્ઞાસામાં ચોખ્ખી જિજ્ઞાસા લઈએ તો કુતૂહલવૃત્તિ છે, કુતૂહલ છે. વસ્તુનું સ્વરૂપ કેવું છે ? મારું મૂળ સ્વરૂપ કેવું છે ? એવી પોતાના જ સ્વરૂપને સમજવાની, જાણવાની કોઈ અપૂર્વ જિજ્ઞાસા અંદરથી ઉત્પન્ન થાય તો એ કાળમાં એના વિભાવરસ તીવ્ર રહી શકતા નથી. આ નિયમબદ્ધ વાત છે, સૈદ્ધાંતિક વાત છે. 'જિજ્ઞાસા' શબ્દ કોઈ જગ્યાએ સ્વરૂપની ભાવનાની જગ્યાએ વપરાય છે. જિજ્ઞાસા અને ભાવના કોઈ વખત એકાર્થમાં પણ વપરાય છે. એમ બને છે.

મુમુક્ષુ :– ત્યાં એટલું બધું દુઃખ છે તોપણ ત્યાં જઈને...

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં એના દુઃખને ભૂલીને આનંદને અનુભવે છે.

મુમુક્ષુ :– .. ખૂંચી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– ખૂંચી જાય છે કે નહીં ? બીજી વાત કે, કોઈ મોટો રોગ લાગુ પડે તો બહુ મોટો રોગ છે માટે શું કરીએ એમ કરીને હાથ હેઠા મૂકી દ્યે છે ? મૂકી દ્યે છે ? બહુ મોટો રોગ છે તો દુનિયાભરમાં તપાસ કરાવડાવો કે આ રોગ મટવાનો ક્યાંય ઉપાય છે કે નહીં ? એનો અભિપ્રાય શું રહે છે ? પછી કાર્ય ભલે શક્તિ અનુસાર કરે છે પણ એનો અભિપ્રાય એમ રહે છે કે દુનિયાભરમાંથી આ રોગને મટાડવાનો કોઈ જાણકાર છે કે નહીં ? એની જો તપાસ થઈ શકતી હોય તો મારે કરાવવી છે. ત્યાં હાથ હેઠા મૂકી દ્યે છે ? કોઈ મૂકી દ્યે નહીં. કેમકે કોઈને મરવું નથી. મરવું છે કોઈને ? આ તો બરાબર છે કે નહીં ? તો અહીંયાં હાથ હેઠા મૂકવાની તારે શું જરૂર છે ? બહુ વેગ છે, બહુ વેગ છે, અનાદિનો વેગ છે, અનાદિનું જોર છે, અનાદિના સંસ્કાર છે, અનાદિનું એક થઈ ગયું છે. કાંઈ તારે હાથ હેઠા મૂકી દેવાની જરૂર નથી. છે કોઈ આનો જાણકાર ? પહેલું એણે આ શોધવાની જરૂર છે કે આ અનાદિના ભવભ્રમણના રોગને મટાડનાર કોઈ જાણકાર છે આ જગતમાં ? તો વીતરાગ એમ કહે છે કે ક્યારે પણ પૃથ્વી નક્ષત્રિય થતી નથી. ત્રણે કાળના જાણનારનો ત્રણે કાળે સદ્ભાવ રહે છે. 'ગુરુદેવ' આ સૂત્ર કહેતા હતા.

ભલે આ ક્ષેત્રે તીર્થંકર ને કેવળી નથી પણ વિદેહાદિ ક્ષેત્રમાં તો વીસ તીર્થંકર, વીસ વીસ તીર્થંકર આજે બિરાજમાન છે. એક નહીં પણ એક સાથે વીસ વીસ (તીર્થંકર) કાયમ બિરાજે છે અને કેવળીઓ, એના નિમિત્તે કેટલાય કેવળીઓ, લાખો કેવળીઓ થાય છે. એક એક સમવસરણમાં લાખો કેવળીઓ થાય છે. ભલે ક્રમશઃ થાય છે પણ થયા જ કરે છે. એટલા લાંબા આયુષ્ય છે ત્યાં, એક એક તીર્થંકરના સમવસરણમાં લાખો કેવળીઓ થાય છે. એમ કહે કે ત્યાં તો કાંઈ આપણે જવાય નહીં. પણ ભાઈ ! એની વાત અહીં આવી છે તારા નસીબે. એ વાત કદાચ તને એમ લાગતી હતી કે એ તો બધી ત્યાંની વાતો આપણે શું કામની ? કે ત્યાંની અહીં આવી છે, લે હાલ ! તું એટલો નસીબદાર છો કે ત્યાંની વાત પણ અહીંયાં આવી છે. હવે તું એનો ગ્રાહક થા બીજું કાંઈ નહીં. તું એનો ગ્રાહક થા. તને એને ગ્રહણ કરવાની જો વૃત્તિ થાય તો તને ધન્યવાદ આપીએ. ઉપેક્ષા કર તો હોનહાર છે તારું, બીજો એમાં કોઈ અમારે ઉપાય નથી.

મુમુક્ષુ :- ત્યાંની જે વાત આવી એ ભાગ્ય છે ને ! ગુરુદેવનો સંગમ મળે...

પૂજ્ય ભાઈશ્રી :- એ જાતના પુણ્ય છે. યોગ છે એ જબરજસ્ત પુણ્ય છે. જબરજસ્ત વાત છે. પણ એને પોતાને છૂટવાની અંદરથી ભાવના થવી જોઈએ, સાચી ભાવના થવી જોઈએ. ઉપર ઉપરની ખોટી ભાવના તો અનંત વાર કરી છે, સાચી ભાવના થવી જોઈએ. આ સીધી વાત છે. સાચી ભાવનાવાળાને આ એક વિકલ્પ – શોધનો વિકલ્પ અવશ્ય આવે છે. જ્યારે એને એમ થાય છે કે મારું સ્વરૂપ મારે જાણવું છે અને મારું સ્વરૂપ મને કોઈ સમજાવે, દેખાડે એવા કોઈ આત્મજ્ઞાની હોય તો સારું, મળી જાય તો સારું, એનો પરિચય અને સંગ થાય તો સારું. એ પ્રકારનો એને વિકલ્પ આવ્યા વિના રહેતો નથી. જેને શોધ વર્તે છે, અંતર્શોધ વર્તે છે એને બહારમાં આટલો વિકલ્પ આવી જાય છે. બહુભાગ તો એવા જીવને એવો યોગ મળી જાય છે, કોઈ જીવને ન મળે તો ભાવના વધારે તીવ્ર થાય છે. કામ કોઈનું અટકે છે એવો અપવાદ ખાતર એકપણ કેસ ત્રણે કાળને વિશે હોતો નથી. આટલી બધી તો આ માર્ગની સફળતા છે કે એકપણ અપવાદ ખાતર એવો કેસ નથી બનતો કે જે જીવને પોતાનું આત્મહિત કરવું હોય ને એનું હિત ન થાય. ખરી ભાવનાથી આત્મહિત કરવું હોય અને એ પોતાનું હિત સાધી ન શકે તેવું ત્રણ કાળને વિશે એકપણ દાખલો લઈ શકાય, એના માટે સોગંદ ખાય શકાય એક પણ કેસ મળતો નથી. આવી પરિસ્થિતિ છે. એ માર્ગની સોએ સો ટકા સફળતાની સિદ્ધિનો જબરદસ્ત પુરાવો છે. બહુ મોટી વાત

છે.

મુમુક્ષુ :- આવે છે ને અંજન આદિ ચોર ઘનઘોર પાપ..

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તેવા હોય નહીં. 'ગુરુદેવશ્રી' ભગવાન 'મહાવીરસ્વામી'નું દૃષ્ટાંત આપતા. દસમાં ભવે સિંહની પર્યાયનો શિકાર કરીને ખાય છે ત્યાં ઉપરથી ચારણ દ્વિધારી મુનિ આવે છે. હાથ ને મોઢું લોહીવાળા છે ને પેટમાં માંસ પડ્યું છે. ક્રૂર પરિણામ છે. એ તો કાંઈ પેટ સાવ ખાલી તો હોતું નથી તે 'દી ન ખાધું હોય તો આગલા દિવસનું પણ પેટમાં તો ઇ જ પડ્યું છે, એ તો કાંઈ સિંહ ખડ ખાતા નથી. પણ છે એ ભગવાન 'મહાવીરસ્વામી'નો જીવ છે. ક્યાં તીર્થનાયક 'મહાવીરસ્વામી', ક્યાં સિંહની પર્યાય, ક્યાં એ હરણને મારે, એ માંસ ખાય ! ક્યાંની ક્યાં વાત છે. કેટલો વેગ હશે એનો ! ભૂખ લાગી હોય, હરણિયાને થાપ મારીને મારી નાખી ખાતા હોય. એનો વેગ તો હશે કે નહીં ? એક સેકન્ડમાં, વેગને ફરતા વાર કેટલી ? એક સેકન્ડમાં. જ્યાં ઉપરથી તરીને સંબોધન કર્યું કે અરે...! જીવ ! આ તું શું કરે છો ? તું કોણ છો ? વિચાર તો કર. બધું ફરી ગયું. પરિણમન ફરતા શું વાર લાગે ? એક જ સમય લાગે છે, બીજો સમય લાગતો નથી.

મુમુક્ષુ :- એ તો જરાક કહ્યું ને ચાલ્યા ગયા. આપણા ચારણ દ્વિધારી તો ચાલીસ વર્ષથી એકધારું કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સાચી વાત છે. એ તો થોડીક વાર કહ્યું તોપણ એ તરી ગયા. એમણે કામ કરી લીધું. સિંહની પર્યાયમાં, તિર્યંચની પર્યાયમાં એટલી યોગ્યતા, આ મનુષ્યની પર્યાયની યોગ્યતા. એમ છે. જો તિર્યંચ પણ આટલું કામ કરી શકે છે, તિર્યંચ તો એક એવી સ્થિતિ ઉત્પન્ન થઈ છે, જીવની દશા છે, મૂળ તો જીવ છે પણ એ દશામાં પણ જીવ જો આટલું કામ કરી શકે છે તો મનુષ્ય જેવા મનુષ્ય થઈને તારે કાંઈ હારી જવા જેવું નથી. બરાબર છે કે નહીં ? અને હવે તો ઘણી નજીકતા છે. જે આ વાત સાંભળવા સુધી આવ્યો એ તો ઘણો નજીક આવી ગયો. જેને કાને ન પડી હોય એની વાત જુદી છે, જેને આ વિષય જ કાને નથી પડ્યો એ વિચાર કેવી રીતે કરે ? એ પ્રયોગ કેવી રીતે કરે ? અનુભવ કેવી રીતે કરે ? પણ જેને કાને પડી એને તો લક્ષ ઉપર વાત આવી, ખ્યાલમાં વાત આવી કે છે વાત મુદ્દાની. માર્ગ તો આ જ છે. ત્રણે કાળને વિશે વીતરાગનો માર્ગ, વીતરાગ પ્રાપ્તિનો માર્ગ આ જ છે. આ જ પ્રકાર છે. મારો પ્રયત્ન થાય એટલી જ વાર છે, બીજું કાંઈ આમાં નથી. કહેનારે સ્પષ્ટ કર્યું છે, સમજાવનારે સમજાવવામાં બાકી રાખી

નથી. જે કાંઈ વાત છે તે મારે કામ કરવાનું બાકી છે એટલી વાત છે અને એ હું કરું ત્યારે થાય અને ન કરું તો ન થાય. એમાં મારી સંપૂર્ણ સ્વતંત્રતા છે, જરા પણ પરાધીનતા નથી. જીવ રોકાણો છે તો પોતાના કારણે રોકાણો છે, કોઈ સંયોગો ને કર્મના ઉદયના કારણે રોકાણો છે એ વાત તદ્દન જૂઠી છે, ખોટી વાત છે.

મુમુક્ષુ :– ભાવના અનુસાર ફળ.

પૂજ્ય ભાઈશ્રી :– ભાવના અનુસાર ફળ આવ્યા વિના રહેતું નથી. જીવ મગનું મટકું થયો. મગમાં મટકા પડે છે કે નહીં ? ઘઉંમાં ધનેડા પડે છે, ચોખામાં વાતરી પડે છે, ચણાની અંદર કાણાં પાડે છે ને સોંસરા ? ક્યાંથી થયો ? ક્યાંથી થયો ? એ જીવ ત્યાં ક્યાં ગયો ? એ ભાવ્યું એટલે ત્યાં ગયો. ભાવતા ભાવતા, ભાવના ભાવતા ભાવતા ત્યાં ગયો. સીધી વાત છે. વિભાવમાં પણ કુદરત બંધાયેલી છે તો સ્વભાવમાં તો કહેવાની જરૂર નથી કે કુદરત બંધાયેલી છે. સીધી વાત છે.

**'પર્યાયમાં રોગ છે. શુદ્ધ ચૈતન્યની ભાવના પર્યાયરોગ ચાલ્યો જાય એવું ઉત્તમ ઔષધ છે.'** દ્રવ્યે ચૈતન્યદ્રવ્ય પૂર્ણ નીરોગ છે. એની અવસ્થામાં એટલે પર્યાયમાં રાગાદિ રોગ છે અને શુદ્ધ ચૈતન્યની ભાવના, વીતરાગ સ્વરૂપની ભાવના, ભાવના નામ અહીંયાં શુદ્ધ ચૈતન્યમાં અભેદ શુદ્ધ પરિણમન કે જે શુભાશુભરૂપ પરિણમન નથી એવું પરિણમન, એ રાગનો રોગ ટાળવાનું સમ્યક્ પ્રકારનું ઔષધ છે, સમ્યક્ પ્રકારનો એ ઉપાય છે.

ચોખવટ એ કરી છે કે આ ભાવના શુદ્ધ પરિણમન છે. **'શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન...'** સ્વરૂપ છે અને તે શુભ કે અશુભ પરિણમન સ્વરૂપ નથી. શુભ અને અશુભ પરિણમન એ સ્વયં રોગિષ્ઠ પરિણમન છે અને શુદ્ધ પરિણમન એ નીરોગ પરિણમન છે. અહીંયાં તો રોગ અને નીરોગની ઉપમાથી વાત ચાલે છે. તો શુભ અને અશુભ રાગ છે તે રોગ છે અને વીતરાગતા છે એ નીરોગપણું છે.

પ્રશ્ન :– ભાવના બે પ્રકારની ?

સમાધાન :– એટલે પહેલાં ત્યાં ભાવના કહેવાય છે. પણ એ ભાવના સાચી ક્યારે ? કે એના પુરુષાર્થનું ઉત્થાન આવે ત્યારે. નહીંતર ઉપર ઉપરની ભાવના, ઉપર ઉપરનો રાગ, ભાવનાવાળો રાગ ઉપર ઉપરનો. એને ખરી ભાવના શું કહેવી ? એને ભાવના કહેવી પણ શું ? એ ભાવના નથી. એમ છે. જો એનો પુરુષાર્થ પડે ત્યારે એને ભાવનાનું નામ દઈએ. અને શુદ્ધ પરિણમન થાય ત્યારે એ ભાવનાએ એનું મૂર્ત સ્વરૂપ પકડ્યું એમ કહેવામાં આવે

છે. ત્યારે એ ભાવના સાચી ભાવના.

એવી શુદ્ધ ચૈતન્યની ભાવનાથી **'અવશ્ય સંસારરોગ જાય.'** અવસ્થામાં જે જન્મ-મરણનો રોગ લાગુ પડ્યો છે એ અવશ્ય જાય. મરણ છે એ કોઈને જોઈતું નથી પણ એનો સમય આવે એટલે દેહત્યાગનો પ્રસંગ ઉત્પન્ન થયા વિના રહેતો નથી. સંસાર અવસ્થામાં જેને દેહત્યાગ થાય છે (તે) એક સમય, બે સમય કે વધુમાં વધુ ત્રીજા સમયે એ નવો જન્મ ધારણ કરે છે. ક્યાં ને ક્યાં નવી પર્યાયે પજી જાય છે. બીજા ભવની ભવાંતરરૂપ પર્યાયે પજવું એને જન્મ કહે છે. વર્તમાન ભવનું પૂર્ણવિરામ થવું, પૂરો થવો એને અહીંયાં મરણ કહેવામાં આવે છે. વાસ્તવિકપણે જોવામાં આવે તો કોઈ જીવને જન્મ-મરણ નથી. શાશ્વત છે, બધા દ્રવ્યો શાશ્વત છે.

મુમુક્ષુ :- ભય ટળી ગયો, મરણનો ભય ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- મરણ જેવી ચીજ નથી પછી એનો ભય ક્યાં રહ્યો ? જેમ કોઈ કહે છે કે ભૂતનો ભય લાગે છે. પણ કોઈ સાબિત કરે કે ભૂત જેવી ચીજ દુનિયામાં છે નહીં તો પછી એનો ભય ક્યાં રહ્યો ? એમ મરણનું ભૂત છે, જીવને મરણનું ભૂત છે. નામ સાંભળવા તૈયાર નથી, એનો વિચાર કરવા તૈયાર નથી. ઇ તો લોકો એમ કહે કે મરણની અશુભ વાતો કરવી નહીં. એવી વાતો કરવી ન ગમે, સાંભળવી ન ગમે, કરવી ન ગમે, ઠીક ! પણ ક્યાંથી ગમે તને ? તારો ભય છે એ વાતથી પણ તને દૂર રાખવા માગે છે.

અહીંયાં તો તારે કાંઈ ગભરાવાની જરૂર નથી. તને ખબર પડશે કે દેહત્યાગનો હવે સમય નજીક છે તોપણ તું તારી આનંદની સાધનામાં અને સુખની સાધનામાં વિશેષ વિશેષ પ્રકારે પ્રવૃત્ત થઈ જઈશ, દેહત્યાગની અને મરણની ચિંતા છોડીને. તને જરાય એની ચિંતા થશે નહીં. કેમકે હું શાશ્વત છું, સદાય હયાત રહેનારો છું પછી મરણની વાત જ ક્યાં રહે છે ? એ તો એક સંયોગ, દેહના સંયોગનો વિયોગ છે. એ તો તમામ સંયોગ વિયોગ સહિત જ છે. દેહ શું બધા જ સંયોગ વિયોગ સહિત જ છે. કોઈ સંયોગ શાશ્વત રહેતા નથી.

**'તેનાથી અવશ્ય સંસારરોગ જાય.'** શુદ્ધ ચૈતન્યની ભાવના – શુદ્ધ પરિણમન, એનાથી સંસારરોગ જાય અથવા સંસારના સર્વ પ્રકારના વિભાવ અને વિકારનો નાશ એનાથી થઈ જાય. એક શુદ્ધ પરિણમન છે તે શુભાશુભ પરિણમનના નાશનું કારણ છે. શુદ્ધ પરિણમનમાં

શુદ્ધ ચૈતન્યનો રસ છે, આત્મરસ છે. અમર તત્ત્વનો કોઈ અમૃતરસ એની અંદર છે. અમૃત જે પીએ તે મરે નહીં એમ કહે છે ને ? જગતની અંદર શું કહે છે કે એક છાંટો જો અમૃત કોઈ પી જાય તો પછી એને મરણ થાય નહીં. આ સમ્યક્દર્શનનો એક છાંટો પી જાય તો એનું મરણ થાય નહીં. એમ છે. કેટલી Guaranteed વાત છે ! એની અંદર અમૃતરસ ભરેલો છે. એ એટલો બધો પરિણમનની અંદર વ્ય ત થતો શ િતશાળી રસ છે, એટલી બધી એની શ િત વ્ય ત થાય છે કે શુભાશુભ પરિણમનની શ િત છે એ હણાય જાય છે, હણાય જાય છે.

એટલે 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ સમ્યક્દર્શનને વાચા આપી. આમ તો સમ્યક્દર્શનને વાણી હોતી નથી, પણ એમણે એને વાણી આપી. અને સમ્યક્દર્શન બોલ્યું કે, હે જીવ ! જો એકવાર તું મને અંગીકાર કરીશ તો પછી સંસારમાંથી ઢસડીને તને હું મુ િતમાં પહોંચાડી દઈશ. ખેંચીને લઈ જઈશ. તારી તાકાત નથી, એ તારા વશની વાત નથી કે હવે તું સંસાર ભોગવવા માટે લાંબો કાળ રહે. એ તારા વશની વાત નથી. હવે મુ િતમાં ખેંચીને લઈ જવું એ મારા વશની વાત છે. આમ લીધું છે. એનો અર્થ શું થાય છે ? કે જીવની શુભાશુભ પરિણમનની શ િત હણાય જાય છે. ચૈતન્યરસની શ િત એવી વેગથી ઉત્પન્ન થાય છે કે એને શુભાશુભ રસની શ િત હણાય જાય છે.

મુમુક્ષુ :– મતિ-શ્રુતજ્ઞાન કેવળજ્ઞાનને બોલાવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– કેવળજ્ઞાનને બોલાવે છે. 'સમયસાર'ના નિર્જરા અધિકારમાં 'કુંદકુંદાચાર્યે' એના ઉપર ગાથાની ગાથાઓ લખી, વિસ્તૃત અધિકાર લખ્યો છે. સંવર કરતા અને બંધ કરતા, આગળનો સંવર અધિકાર છે પછી નિર્જરા અધિકાર છે ને પછી બંધ અધિકાર છે. એ ત્રણેય અધિકારમાં નિર્જરા અધિકાર મોટો છે. લંબાઈ ગયો અધિકાર એમાં આચાર્ય મહારાજને લખતાં લખતાં થોડું વિશેષ લખવાનો રસ પડ્યો તો એમણે ત્યાં સુધી કહ્યું, 'રાજમલ્લજી' એમની ટીકા કરતા કહે છે કે, સમ્યક્દૃષ્ટિનું દ્રવ્ય શુદ્ધત્વરૂપ પરિણમી ગયું છે. એનો સંસારરસ છે એ ડી ગયો છે, સંસારમાં રાગનો રસ એનો ડી ગયો છે. પૂર્વે અજ્ઞાનદશામાં એણે જે પ્રકારના પુણ્ય પાપ કરેલા એનો ઉદય જરૂર આવે છે. એ ઉદયને સમ્યક્દૃષ્ટિ જીવ ભોગવતો પણ દેખાય છે તોપણ એનો એમાં રસ નિરસ થયેલો હોવાથી એને નવા કર્મ બંધાતા નથી. એ ઉદય એને નિર્જરાને લેખે થઈ જાય છે અને નિર્જરી જાય છે. આ વાત કર્મ ભોગવતા છતાં નિર્જરા થાય છે એ સમ્યક્દૃષ્ટિપણામાં

ચૈતન્યરસના વ્ય ત શ તિની પ્રસિદ્ધિ કરવા માટે આખો અધિકાર, નિર્જરા નામનો અધિકાર લખ્યો છે. બહુ સરસ છે. 'કળશટીકા' છે ને ? (૧૪૬ કળશ).

**'प्रक्काफ्रीफ्रिफ्रक्कक्रिप्रक्रठ्ठप्रक्क** પૂર્વે બંધાયેલા. પૂર્વે એટલે અજ્ઞાનદશામાં મિથ્યાત્વની હયાતીમાં જે શુભાશુભ કર્મ બાંધ્યા હતા. **'प्रक्काफ्रीफ्रिफ्रक्कक्रिप्रक्रठ्ठप्रक्क ज्ञ्म्रीप्रिंप्रक्र ॅ फ्रि भ्रष्रॅहृप्रक्रप्रोक्र** જ્ઞાનીને એવો કર્મનો ઉપભોગ હોય છે **'ह्रप्र स्त्प्रक्क च्क रप्रक्र्रिक्रिप्रक्रप्रक्क** પણ એને એનો રસ નથી. **'ॊप्रिंच्चेह्निकॊंफ्राप्ररिगींहभ्प्रक्कप्रक्क** ખરેખર તે એના પરિગ્રહભાવને પામતા નથી. કેમકે પકડાતો નથી. એ ઉદય થયો એ કર્મના ઉદયની પક્કડ આવતી નથી. એટલે પક્કડ આવે એને પરિગ્રહ કહ્યો, પક્કડ ન આવે તો પરિગ્રહ નથી. છેલ્લે લે છે એ વાતને **'प्रक्काफ्रीफ्रिफ्रक्कक्रिप्रक्रठ्ठप्रक्क** એનો અર્થ કરે છે. કેમકે આગળ એમણે પ્રશ્ન ઉઠાવ્યો છે.

**'કોઈ પ્રશ્ન કરે કે છે કે આવા વિરાગીને-સમ્યક્દષ્ટિ જીવને...'** વિરાગીને એટલે સમ્યક્દષ્ટિ જીવને **'વિષયસામગ્રી કેમ હોય છે ?'** પોતે તો વિરાગી છે પછી એને વિષયસામગ્રી કેમ છે ? **'ઉત્તર આમ છે કે...' 'प्रक्काफ्रीफ्रिफ्रक्कक्रिप्रक्रठ्ठप्रक्क'प्रक्क'** એટલે **'સમ્યક્ત્વ પજતાં પહેલાં...'** તે જીવ **મિથ્યાદષ્ટિ જીવ હતો, રાગી હતો; ત્યાં રાગભાવ દ્વારા બાંધી હતી જે પોતાના પ્રદેશોમાં જ્ઞાનાવરણાદિરૂપ કાર્મણવર્ગણા તેના ઉદયને લીધે.'** એનો ઉદય થતાં એ આવ્યા વિના રહે નહીં.

**'ભાવાર્થ આમ છે કે – રાગ-દ્વેષ-મોહ પરિણામ મટતાં...'** સમ્યક્દષ્ટિને રાગ-દ્વેષ-મોહ પરિણામ મટતાં **'દ્રવ્યરૂપ બાહ્ય સામગ્રીનો ભોગ બંધનું કારણ નથી, નિર્જરાનું કારણ છે; તેથી સમ્યક્દષ્ટિ જીવ અનેક પ્રકારની વિષયસામગ્રી ભોગવે છે,...'** એટલે ભોગવવાની ક્રિયા છે. **'પરંતુ રંજિત પરિણામ નથી તેથી બંધ નથી,...'** રસ નથી તેથી બંધ નથી. આ રસ તૂટે છે. ચૈતન્યના અનુભવરસમાં શુભાશુભ રસની શ તિ હીણી થઈ ગઈ છે તેથી પૂર્વે બાંધ્યું હતું જે કર્મ તેની નિર્જરા થાય છે. જેમ અશાતા વેદની અવશ્ય ભોગવવી પડે છે એ જ પ્રકારે કોઈપણ પ્રકારનો ઉદય એને ભોગવવો પડે છે પણ એમાં એને રસ હોતો નથી તેથી એ નિર્જરાના કારણમાં જાય છે. એ **'અતિવિર તિમ્'** છે. અતિવિર ત છે એ. એને તે કર્મના ભોગ સામગ્રીની વાંછારૂપ પરિણામ હોતા નથી. તેથી એને રસ પજતો નથી.

બીજો ૧૪૮ મો કળશ પણ એવો છે કે **'ज्ञ्म्रीप्रिंप्रक्र ॊफ्र हि प्ररिगींहभ्प्रक्क . ठ्ठक्क रप्रक्रॅ फ्रिक्षह्रप्रॅमैंप्रिह्न'** કર્મ રાગરસ. 'રસ' શબ્દ પકડ્યો છે. એનાથી રિ ત એટલે ખાલી છે.

'**रौं ॵॢक्ष्हिॢ ॳॠॅफ्रॢफ्रॅऀॅफ्रॅ स्फ्ॢॡ्रैफ्रहि ब्रहिॡ्ॢफ्रह्रॢ्ॾ्ॾ्**' જેમ ફટકડી વિનાનો મજીઠનો રંગ છે એ ઉપર ઉપર લાગે તો એ કાચો રંગ નીકળી જાય છે એની જેમ. '**ॡ्रक इफ्रीफ्रेंॢफ्र ॢफ्ररिगेंहभ्ॢफ्रक्रोंफ्रहि ह्ॢिफ्र** '**જેટલી વિષયસામગ્રી ભોગરૂપ ક્રિયા છે તે સમ્યક્દૃષ્ટિ જીવને મમતારૂપ સ્વીકારપણાને નિશ્ચયથી પ્રાપ્ત થતી નથી.**' કેવા શબ્દ વાપર્યા છે ! એનો મમતારૂપ સ્વીકાર ત્યાં નથી. આ સામે આવેલી ચીજ મારી છે, એ વાત એને નથી. ચીજ મારી નથી આ વાત પહેલી છે. કર્મનો ઉદય આવ્યો, ચીજ સામે આવી, ચીજ મારી નથી. હું એનાથી તદ્દન ભિન્ન છું એ એની ભિન્નતાને વશ એને રસ તૂટી ગયેલો હોય છે. આ સ્પષ્ટ વાત છે.

'**મમતારૂપ સ્વીકારપણાને નિશ્ચયથી...**' તે સામગ્રી '**પ્રાપ્ત થતી નથી. શા કારણે ? કર્મની સામગ્રીને પોતારૂપ જાણીને રંજિતપરિણામરૂપ જે વેગ,...**' રસનો અર્થ લીધો છે. '**કર્મની સામગ્રીને પોતારૂપ જાણીને રંજિતપરિણામરૂપ જે વેગ,...**' મિથ્યાદૃષ્ટિને થાય '**તેનાથી...**' સમ્યક્દૃષ્ટિ જીવનું પરિણામ ખાલી થઈ ગયું છે. એ વેગ એને નથી. એટલે કે ભિન્નપણાનું એને જ્ઞાન છે અને પોતાના ચૈતન્યના અનંત ગુણોના વૈભવના રસનો વેગ એને પ્રવર્તે છે. વેગ તો છે, હોં ! પણ એ ચૈતન્યનો વેગ છે, જડનો વેગ એને રહ્યો નથી. '**એવો ભાવ હોવાથી.**' એના ઉપર આ દૃષ્ટાંત લીધું છે – કપડાં ઉપરના કાચા રંગનું.

મુમુક્ષુ :– વેગ સામાન્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :– વેગની દિશા પલટાઈ ગઈ છે. વેગ તો વધ્યો છે. ખરેખર તો પુરુષાર્થ વધ્યો છે, પુરુષાર્થનો વેગ વધ્યો છે પણ તે સ્વરૂપપ્રત્યયી છે, આત્મપ્રત્યયી એ પુરુષાર્થનો વેગ છે. બહારના રાગમાં એનો રસ ને વેગ નથી. એક મોટો જે મુદ્દો છે આની અંદર સમજવા જેવો જે મુદ્દો છે એ આ છે. ઘણાં કળશ છે એના ઉપર. અંતરંગ ચીકણાપણું નથી. વેગ નથી ત્યારે શું છે એને ?

'**इफ्रेंफ्रफ्रेंफ्रॅ स्ॅ फ्रफ्रेॅफ्रि** ૧૪૯ મો છે. '**इफ्रेंफ्रफ्रेंफ्रॅ स्ॅ फ्रफ्रेॅफ्रिॅ फ्रॢफ्र ॅ फ्रॢफ्र**કારણ કે **ॅ फ्रॢफ्र** એટલે કારણ કે એ પોતાના જ્ઞાનવાન સ્વરસમાં હોવાને લીધે **ॅ फ्रफ्रफ्रॅ फ्रफ्रफ्रेंफ्रफ्रॢफ्र** રાગરસનો વર્જનશીલ છે. રાગરસના ત્યાગના સ્વભાવવાળો થઈ ગયો છે. '**दिॢफ्रॅ फ्रॢफ्र ॅ फ्रॡ्ॢफ्रॡ्ॢफ्रिफ्रेफ्र ॡ्ॢफ्रॅ फ्रफ्रहिॢफ्रॢफ्रिफ्रॢफ्रोंफ्र**' '**ंफ्रदिॢफ्रॅ फ्रॢफ्र**' '**ंफ्र**છેલ્લો આવે છે. '**ंफ्रदिॢफ्रॅ फ्रॢफ्र ॅ फ्रॡ्ॢफ्रॡ्ॢफ्रिफ्रेफ्र**' બધા કર્મની વચમાં હોવા છતાં એ લેપાયમાન થતો નથી.

પ્રથમમાં પ્રથમ આ મુદ્દો સમજવા જેવો છે. મુમુક્ષુજીવે સમજવા જેવો મુદ્દો એ છે કે

પૂર્વકર્મને કારણે કોઈ એક ચોક્કસ પ્રકારના સંયોગોની મધ્યમાં પડેલો જીવ છું. આ વાત તો નક્કી છે. જે કાંઈ વર્તમાન ઉપલબ્ધ સંયોગો છે એ પૂર્વકર્મને કારણે છે. આવા જ સંયોગોમાં હોવા છતાં જેઓ બંધનને પામતા નથી એનું કારણ શું ? સંયોગો આવા જ પ્રકારે હોવા છતાં એ બંધનને પામતા નથી એનું કારણ શું ? કેમ બંધાતા નથી ? આ કારણ એણે શોધી કાઢવું જોઈએ. આની શોધ એણે ચલાવવી જોઈએ કે અંદરમાં એવું એ શું કરે છે કે જેને લઈને એ સંયોગો હોવા છતાં બંધનને પામતા નથી ? આ વસ્તુ એની વિચક્ષણતાના શોધનો વિષય બનવી જોઈએ.

મુમુક્ષુ :– એ વસ્તુ ભેદજ્ઞાન..

પૂજ્ય ભાઈશ્રી :– એ આવ્યા વગર રહે નહીં. ભેદજ્ઞાન ઉપર જ આવે એ. ' **ठ्ठक्ष्कॅ प्रम्ह्मिक्षाप्रि** કર્મની મધ્યમાં પડી ગયો છે. પૂર્વ કર્મને કારણે એમાં તો આવી ગયો છે. હવે એમાં આવ્યો છતાં એવું શું કરે છે કે એ કર્મથી બંધાતો નથી ? કે એનો રસ ફરી ગયો છે, બસ ! '**ज्ञ्प्रक्षंम्क्षंफ्ॅ स्रॅ प्रक्षेक्षाप्रि** જ્ઞાનવાન છે. જ્ઞાનવાન એટલે ? અહીં 'રાજમલ્લજી' અર્થ કરે છે કે, '**શુદ્ધસ્વરૂપ-અનુભવશીલ છે જે જીવ તે,...**' કોને જ્ઞાનવાન્ કીધો ? કે જેને પોતાના શુદ્ધાત્મસ્વરૂપનો અત્યંત રસથી અનુભવ થયો છે તે જ્ઞાનવાન છે. ઁ **स्रॅ प्रक्षः** એટલે શુદ્ધતાનો રસ જેને પ્રગટ્યો છે. શુદ્ધતારસરૂપે એનું દ્રવ્ય પરિણમ્યું છે અને એનું વિભાવરસનું પરિણમન મટ્યું છે. '**તેથી જેટલા રાગ-દ્વેષ-મોહપરિણામરૂપ અનાદિના...**' રસના જે સંસ્કાર, એ '**સંસ્કાર તેનાથી રહિત...**' જેનો સ્વભાવ થયો છે એવો છે. એની પ્રકૃતિ ફરી ગઈ. પહેલાં એની કષાયની પ્રકૃતિ, પૂર્વ સંસ્કાર બીજાં હતા. ખબર પણ ન પડે, જાગૃતિ આવે એ પહેલા તો એ પરિણમી જાય. હવે એ રસ આખો બદલાઈ ગયો છે. પૂર્વ સંસ્કારના રસે એ પરિણમતો નથી. અર્થ કેવા કર્યા છે !

રાગ-દ્વેષ-મોહના પૂર્વ સંસ્કાર છે, જીવને અનાદિના સંસ્કાર છે તો કહે છે, એ જેટલા અનાદિના રાગ-દ્વેષ-મોહરૂપ અનાદિના સંસ્કાર, તેનાથી રહિત પરિણમવાનો જેનો સ્વભાવ થઈ ગયો છે તેને અહીંયાં ઁ **प्रक्षप्रॅ प्रक्षंम्प्रक्ष्रुः॑ प्रक्ष** એમ કહેવામાં આવે છે. આ સમ્યક્દૃષ્ટિનું સ્વરૂપ લીધું છે. કેવો છે સમ્યક્દૃષ્ટિ ? કે ઁ **प्रक्षप्रॅ प्रक्षंम्प्रक्ष्रुः॑ प्रक्ष**(અર્થાત્) બધા પ્રકારના રાગરસનો વર્જનશીલ થઈ ગયો છે. એટલે એ ' **ठ्ठक्ष्कॅ प्रम्ह्मिक्षाप्रि** કર્મની મધ્યમાં પડેલો હોવા છતાં પણ એ નવા કર્મથી બંધાતો નથી. 'નિર્જરા અધિકાર'માં બહુ સુંદર લખાણ છે.

મુમુક્ષુ :- દૃષ્ટાંત આપતા ને..

પૂજ્ય ભાઈશ્રી :- પરિણામ લુખ્ખા થયા. લુખ્ખા થયા એ ત્યાં તો પચીસ વર્ષનો દીકરો મરી ગયો હતો એટલે એને શોકથી પરિણામ લાડવા ખાવાના રસવાળા ન રહ્યા. બારમે તેરમે (દિવસે) ચૂરમું કરીને ખવડાવે પણ એને શોકમાં ડૂબેલું પરિણામ છે એટલે એને ભોજનનો રસ રહેતો નથી. અહીંયાં એમ કહે છે કે એ ભિન્ન છે – જુદું છે, સુખ રહિત છે અને મલિન ભાવ અને દુઃખનું કારણ છે. એવું જ્યારે એને સ્પષ્ટ જ્ઞાન થાય છે ત્યારે એનો રાગરસ એમાંથી  ડી જાય છે. અંદરમાં અનંત સુખનો અને અનંત જ્ઞાનનો ભંડાર ભર્યો છે. સાક્ષાત સર્વજ્ઞપદ છે, સિદ્ધપદ છે, પરમેશ્વરપદ છે એનો રસ  પજે છે, અનુભવરસ  પજે છે ત્યારે પરિણામમાં રસની જાત  લટી-સૂલટી બદલાઈ જાય છે. એટલે એના પરિણામ – સમ્યક્દૃષ્ટિના પરિણામ લુખ્ખા થઈ ગયા છે. અંતરંગ ચીકણા પરિણામ રહ્યા નથી. અંતરંગ લુખ્ખા પરિણામ થઈ ગયા છે અને અંતરંગ લુખ્ખા પરિણામ થઈ જવાને કારણે લુખાશ બંધનું કારણ નથી, ચીકાશ બંધનું કારણ છે. ચીકણાથી બંધાય, લુખ્ખાથી બંધાય નહીં.

બીજા પણ દૃષ્ટાંત આવે છે. આ ધાવમાતાના ને એના દૃષ્ટાંત આવે છે કે નહીં ? ધાવમાતા બાળકને ઉછેરે છે, ધવરાવે છે, રમાડે છે, પ્રેમ કરતી દેખાય છે પણ એના દીકરાનો પ્રેમ એની માતાને આવે એવો પ્રેમ મૂળમાંથી ધાવમાતાને  પજે એવું બની શકતું નથી. કેમકે આ ચીજ મારી નથી, આ દીકરો મારો નથી એવું એને સતત ભાન વર્તે છે. બસ ! અહીંયાં ભાન વર્તે છે કે આ ચીજ મારી નથી. પતી ગયું. કર્મના મધ્યમાં પડેલો છે પણ એકેય ચીજ મારી નથી એ ભાનમાં આવી ગયો. (સમય થયો છે).

***

## તા. ૧૭-૦૭-૧૯૮૭, વચનામૃત-૧૬૪,૧૬૫
## પ્રવચન નં. ૧૨૬

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૫૧. બોલ ૧૬૪ ચાલુ છે. શું કહે છે ? શુદ્ધ ચૈતન્ય ભાવના એ રૂપ જે શુદ્ધ પરિણમન. શુદ્ધ ચૈતન્યભાવના એ રૂપ રાગ પરિણમન નહીં પણ એ રૂપ શુદ્ધ પરિણમન, જે શુદ્ધ ચૈતન્યની સાથે અભેદરૂપ છે, સદશ છે, તદાકાર છે અને જે શુભાશુભ પરિણમનરૂપ નથી **'તેનાથી અવશ્ય સંસારરોગ જાય.'** જન્મ-મરણ અવશ્ય ટળે એવો એ ઇલાજ છે, એવો ઉપાય છે કે જેનાથી અવશ્ય જન્મ-મરણ ટળે. આનાથી અવશ્ય જન્મ-મરણ ટળે જ ટળે અને બીજા કોઈપણ પ્રકારે જન્મ-મરણનો નાશ થઈ શકે નહીં. એવું અનેકાંત છે. આનાથી થાય અને બીજી રીતે ન થાય, એમ અનેકાંત છે. કેમ એનાથી મટે છે ? કે જે શુદ્ધ પરિણમન દ્વારા જન્મ-મરણ રહિત ભાવનો તેવા જ ભાવે અનુભવ થાય છે.

શુદ્ધ ચૈતન્ય એટલે જન્મ-મરણ રહિત પરમ પદાર્થ. જે પરમ પદાર્થમાં ક્યારેય જન્મ-મરણનું કાર્ય-કારણ કાંઈ નથી, એ સંબંધીની ગંધમાત્ર પણ નથી, એનું નામમાત્ર પણ જેને નથી એવા શુદ્ધ ચૈતન્ય પરમ પદાર્થ આત્માને એવા જ ભાવથી, તેવા જ શુદ્ધ પરિણામથી જ્યારે અનુભવગોચર કરવામાં આવે અથવા શ્રદ્ધાએ શ્રદ્ધવામાં આવે, જ્ઞાનથી વેદવામાં આવે અને એમાં જ આચરણથી સ્થિર રહેવાય ત્યારે અવસ્થામાં જન્મ-મરણનો રોગ ટળી જાય છે. કેમકે વસ્તુ જન્મ-મરણ રહિત છે. જન્મ-મરણ મને નથી એવા શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રમાં જન્મ-મરણનું કારણ બળી જાય છે, પૂર્વે હતું તે નાશ થઈ જાય છે. તેથી એ જન્મ-મરણ (મટવાનું) પરમ ઔષધ છે, ઉપાય છે એમ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– ચૈતન્યની ભાવના જાગે ત્યારે પર્યાયરોગ ચાલ્યો જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પર્યાયરોગ એનો ચાલ્યો જાય. પર્યાયમાં સંસારરોગ છે, પર્યાયમાં

રાગનો રોગ છે. વીતરાગ શુદ્ધ પરિણમનથી એનો નાશ થઈ જાય છે, એનો અભાવ થઈ જાય છે.

પ્રશ્ન :- શુદ્ધ ચૈતન્યની ભાવના જાગે ક્યારે ?

સમાધાન :- શુદ્ધ ચૈતન્યની ભાવના શુદ્ધ ચૈતન્ય સ્વરૂપના પુરુષાર્થ સહિત ભાવ વર્તે એને શુદ્ધ ચૈતન્યની ભાવના કહે છે. અથવા એમ વિચારીએ કે શુદ્ધ ચૈતન્યની ભાવના અને માત્ર શુદ્ધ ચૈતન્ય સંબંધીનો કોરો વિકલ્પ એ બે વચ્ચે શું ફેર ? એમ વિચારી શકાય કે જે માત્ર વિકલ્પરૂપ છે, રાગરૂપ ભાવ માત્ર છે એ માત્ર રાગમાં સાથે સમ્યક્ પુરુષાર્થ જોડાયેલો નથી. સમ્યક્ પુરુષાર્થ રહિત છે. માત્ર વિકલ્પ છે, એને માત્ર વિકલ્પ અથવા માત્ર એનો રાગ કહેવામાં આવે છે. ભાવના એને કહીએ કે જેમાં પુરુષાર્થ સાથે ઉત્પન્ન થાય એને ભાવના કહેવામાં આવે. નહીંતર તો કોઈપણ માણસ એમ કહે કે અમને તો આત્માની ભાવના છે, આત્માની ભાવના છે એટલે તો અમે આત્માની વાત વાંચીએ છીએ, વિચારીએ છીએ અને એ ભાવના ભાવ્યા કરીએ છીએ. પણ એ ભાવના ક્યારે સાચી ? કે જ્યારે એ સંબંધીનો પુરુષાર્થમાં કાંઈક ઉદ્યમ થાય, ચૈતન્યપ્રત્યયી કાંઈક ઉદ્યમ થાય તો એની ભાવનાને ભાવના કહી શકાય, નહીંતર એ માત્ર રાગ છે.

પ્રશ્ન :- ભાવના એટલે આત્માની વાત ગમવી ?

સમાધાન :- ગમે છે તો પેલો પણ એમ કહે છે કે મને તો ગમે છે, ગમે છે ત્યારે તો સમય આપું છું, ગમે છે ત્યારે તો વાંચું, વિચારું, સાંભળું છું. એટલે ગમવું તો કોઈ વાર ઉપર ઉપરથી પણ થાય છે. આત્માની વાત અથવા આત્મા સંબંધીનો વિચાર ગમે છે, એ ભાવ ગમે છે માટે વારંવાર એવો ભાવ કરવો એવો પણ અભિપ્રાય રહે છે. તેથી વાંચન વિચારના નિમિત્તે આત્મભાવના ભાવીએ છીએ એમ કહે.

અહીંયાં તો જોકે જુદી જ વાત લીધી છે કે **'શુદ્ધ ચૈતન્યભાવના તે શુદ્ધ પરિણમન છે,...'** એ તો દર્શન, જ્ઞાન, ચારિત્રનું શુદ્ધ પરિણમન છે. એને જ અહીંયાં તો ભાવના કહી છે. અહીંયાં રાગના વિકલ્પને તો ભાવના (કહી નથી). **'શુભાશુભ પરિણમન નથી...'** અહીંયાં એવી ભાવના કહી છે કે જે શુદ્ધ પરિણમનને લઈને સંસારરોગનો અવશ્ય નાશ થાય ને થાય જ. કેમ સંસારરોગનો નાશ થાય છે ? કે શુદ્ધ ચૈતન્ય સ્વરૂપમાં પરમ પદાર્થને વિશે જન્મ-મરણ નથી, જન્મ-મરણનું કારણ પણ નથી. એને જન્મ-મરણ નથી, એને જન્મ-મરણનું કોઈ કારણ પણ નથી. એવો હું. એવો જે પુરુષાર્થ સહિતનો શ્રદ્ધા, જ્ઞાન આચરણનો પરિણામ

એ અવસ્થામાં પણ જન્મ-મરણને ઉત્પન્ન થતાં રોકી દ્યે છે. અનાદિથી જે અવસ્થામાં જન્મ-મરણ કરતો આવેલો આ જીવ છે એને રોકવાનો એકમાત્ર આ ઉપાય છે, બીજો કોઈ ઉપાય ત્રણ કાળ ત્રણ લોકમાં નથી. એક જ ઉપાય છે.

મુમુક્ષુ :– આંતરડીમાંથી ભાવના ઉત્પન્ન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ પહેલાંની મુમુક્ષુ ભૂમિકાની વાત લીધી છે ત્યાં અને ત્યાં જે ભાવના ઉત્પન્ન થાય છે એમાં એનો ભાવનાને વશ ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલે છે અને જ્યાં પ્રયોગ ચાલે છે ત્યાં પુરુષાર્થ શરૂ થાય છે, પુરુષાર્થ વિના પ્રયોગ શરૂ થતો નથી. પુરુષાર્થનો પ્રારંભ ક્યારે ? કે ભેદજ્ઞાનનો પ્રયોગ ચાલુ થાય ત્યારે. ત્યાં સુધી એને પુરુષાર્થ ન કહેવાય. કાલે એ વિષય રાતના શરૂ થયો કે એ અંદરથી ઉપાડ આવવો જોઈએ. આ વસ્તુને પ્રયોગમાં લાવવા માટે અંદરથી પુરુષાર્થ ઉપાડવો જોઈએ. ('પરમાગમસાર' ૩૦૪). હું આવો મહાન પદાર્થ ! એ પુરુષાર્થનો વિષય શું છે ? હું આવો મહાન પદાર્થ એવો અંદરથી ઉપાડ આવે, એની મુખ્યતા આવે તો એને પ્રતિભાસીત રાગથી જ્ઞાનનું ભિન્નપણું ભાસે. પુરુષાર્થ ઉપડે તો પ્રયોગ (થાય), પ્રયોગ થાય તો પુરુષાર્થ ( પડે) એમ બન્ને અવિનાભાવી છે. કોઈ એમ કહે કે પ્રયોગ કરીએ છીએ (પણ) પુરુષાર્થ નથી આવતો. એને પ્રયોગ નથી, વિકલ્પમાત્ર છે.

મુમુક્ષુ :– એ આંતરડીમાંથી ઉત્પન્ન થાય એ જ્યારે આ કામ થઈ ગયા પછીની ભાવના છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ ભાવના છે. એ ભાવના શબ્દ જુદી જુદી જગ્યાએ વપરાય છે. કોઈ જગ્યાએ તો શાસ્ત્રમાં સ્વરૂપ સ્થિરતાને જ આત્મભાવના કહી છે. જ્યાં ચારિત્રનો અધિકાર ચાલે છે એને આત્મભાવના નામ આપ્યું છે. આ જ નિશ્ચય ભાવના છે. એને પણ ભાવના કહે છે. અને જ્યાં અંદરથી એવી ભાવના ઉત્પન્ન થાય કે જેને લઈને એ ભેદજ્ઞાનનો પ્રયોગ કરી શકે, કરવા તત્પર થઈ શકે અને ભેદજ્ઞાનના પ્રયોગમાં એટલું કાર્ય એનાથી જે પહેલાં નહોતું થતું એટલું પ્રારંભ થાય ત્યારે એમ સમજવું કે એ ભાવનાને વશ ઉત્પન્ન થયેલી પરિસ્થિતિ છે.

બીજી રીતે વિચારીએ કે, મુમુક્ષુજીવને એમ ખબર પડે છે કે ભેદજ્ઞાન કરવા યોગ્ય છે અને એકમાત્ર ભેદજ્ઞાન જ સિદ્ધિનો ઉપાય છે, એક જ ચાવી છે, બીજી કોઈ ચાવી સંસારરોગને ટાળવા માટે લાગુ પડતી નથી. છતાં એ જીવ ભેદજ્ઞાન કેમ કરી શકતો નથી ?

તો ત્યાં એ વાત જો અંતરશોધથી પોતાના પરિણામને તપાસે, ચકાસે તો એને તરત ખ્યાલ આવે એવું છે કે ભેદજ્ઞાન કરવા યોગ્ય છે એ સમજાયું છે તોપણ ભાવનાના અભાવમાં ભેદજ્ઞાન શરૂ થતું નથી.

હવે પ્રશ્નનો ઉત્તર આવે છે કે સાચી ભાવના છે એમ કેમ ખબર પડે ? કે ભેદજ્ઞાન ચાલુ થાય તો. માત્ર આત્માની વાત ગમે છે, માત્ર આત્માની વાર્તા સાંભળવી ગમે છે કે સત્‌શાસ્ત્ર વાંચવા ગમે છે માટે એને આત્માની ભાવના થઈ ગઈ છે એમ વધારે પડતું માની લેવાની જરૂર નથી. પોતાને વિશે એ છે એના કરતાં વધારે માને છે તો એ નુકસાનનું કારણ છે, લાભનું કારણ બિલકુલ નથી.

પ્રશ્ન :- (ભાવના અને રુચિ સાથે સાથે હોય છે ?)

સમાધાન :- સાથે સાથે છે. ભાવના અને રુચિ અવિનાભાવી છે. આત્માની ભાવના હોય ને રુચિ ન હોય એમ બને નહીં, આત્માની રુચિ હોય ને એને ભાવના ન થાય એવું બને નહીં. બન્ને એકબીજાના સહકારી છે.

પ્રશ્ન :- સાચું ભેદજ્ઞાન ત્યારે જ ચાલુ થાય ને ?

સમાધાન :- સાચું ભેદજ્ઞાન સ્વરૂપની અત્યંત ભાવનામાં આવે ત્યારે ઉત્પન્ન થાય. આપણે ત્યાં પ્રશ્ન ચાલે છે કે ભેદજ્ઞાન કરવું છે પણ થતું નથી. પછી શું કરીએ ? કે વાંચન વિચાર કર્યા કરીએ. અભિપ્રાયની દૃષ્ટિએ તો વિપરીત અભિપ્રાય થઈ ગયો. પણ સત્‌ શાસ્ત્ર વાંચન વિચારનો અભિપ્રાય વિપરીત ? કે હા. એના અભિપ્રાયમાં પછી એમ ફરી ગયું કે, આ વાંચન વિચાર કરતાં કરતાં કરતાં, આમ કરતાં કરતાં કો'ક 'દી આપણું કામ થઈ જશે. હવે એણે ત્યાં શું કર્યું છે ? કે પુરુષાર્થ ઉપાડવા પહેલાં એક પૂર્ણવિરામ કરી નાખ્યું છે કે આપણે તો વાંચન વિચાર કરીએ. આ કરતાં કરતાં થશે, આ કરતાં કરતાં થશે. એક પૂર્ણવિરામ થઈ ગયું ત્યાં. એ અભિપ્રાય ખોટો છે.

મારો પુરુષાર્થ ન પડે અને એ પુરુષાર્થ ન પડે તો મારું હિત ન થાય અને મારું હિત ન થાય તો આગળનો સમય પરિભ્રમણમાં સંસારચક્રમાં રખડી મરવાનો સમય છે. એટલે જે સમય જાય છે એ બહુ કિંમતી ચાલ્યો જાય છે એમ એને જો ખેવના થાય અને જો એ સ્વરૂપની ભાવનામાં આવીને ભેદજ્ઞાનનો પુરુષાર્થ શરૂ કરે તો એના વાંચન વિચારને સહકારી કારણ કહેવામાં આવે. એ બધા વાંચન વિચાર એને ભેદજ્ઞાનમાં નિમિત્ત પડે છે. પણ ભેદજ્ઞાનનો પુરુષાર્થ આત્મભાવનાના અભાવપણાને લઈને ન કરી શકે, ન થઈ શકે

અને વાંચન વિચારનો અભિપ્રાય ઘડાઈ જાય કે ચાલો આમ કરતાં કરતાં કો'ક 'દી લાભ થઈ જશે. તો એ અભિપ્રાય જૂઠો છે, ખોટો અભિપ્રાય છે, વિપરીત અભિપ્રાય છે. કોઈ દિવસ વાંચન વિચારમાં ભાગ ન લેતા હોય એને એમ કહેવાય કે ભાઈ ! વાંચન વિચાર તો કરો. કો'ક 'દી કાંઈક તમને ગોળી વાગશે કે તીર કો'ક લાગી જશે પણ વાંચન વિચાર તો કરો. વાંચન વિચાર તમે ક્યાં છોડી દીધું. પછી તો બીજું કાંઈ રહ્યું નહીં. તમારે સંસાર કાર્યો ને સંસારની ઉપાધિ – આધિ, વ્યાધિ, ઉપાધિ સિવાય બીજું કાંઈ રહેવાનું નથી. જીવ કેવળ અશુભમાં ચાલ્યો જશે. તો એ તબક્કે એને વાંચન વિચાર કરવાનું કહેવાય છે તોપણ ત્યાં એમ સાથે સાથે કહેવાય છે કે આ અભિપ્રાયનો વિષય થવો જોઈએ નહીં. જો તું વાંચન વિચાર સુધી આવ્યો છે તો તારા સ્વરૂપની આત્મભાવનાને કારણે, એ આત્મભાવનાના ફળ સ્વરૂપે ભેદજ્ઞાન ઉત્પન્ન થાય એ સ્થિતિમાં રહેવું જરૂરી છે. એ સ્થિતિ ચાલુ રહે તો એમાંથી વૃદ્ધિગત થઈને તું અવશ્ય મોક્ષમાર્ગને પામીશ અને એમાંથી વૃદ્ધિગત થઈને અવશ્ય તું મોક્ષને પામીશ. એમ વાત છે. માર્ગદર્શન તો (ઘણું છે).

મુમુક્ષુ :– હજુ કાંઈ કર્યું જ નથી, કરવાનું ઘણું બાકી છે એવી ભાવના નિરંતર રહેવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હાસ્તો. નિરંતર. કેમકે જેને લક્ષ પૂર્ણતાનું છે. આત્મભાવનામાં ધ્યેય, એનું સાધ્ય પૂર્ણ નિષ્કલંક દશા છે, પૂર્ણ પવિત્ર દશા છે. જેને કષાય કલંકનો એક કણ પણ પોતાને માથે જોઈએ નહીં. માણસ નથી કહેતા કે અમારે માથે કલંક ન જોઈએ. કહે છે કે કષાય કલંકનો એક કણ પણ જેને ન જોઈએ એવું જેનું ધ્યેય છે એને વર્તમાન દશામાં સંતોષ આવવાનું કારણ બનતું નથી કે ચાલો સમ્યક્દર્શન તો થઈ ગયું ને, એ એને નથી. એને તો લટાનું એમ છે કે સમ્યક્દર્શન થઈ ગયું તો શું થઈ ગયું ? હજી તો મારે ઘણું બાકી છે. માર્ગ કાપવાનો ઘણો બાકી છે. ચોથાગુણસ્થાનથી આગળ ચાલીને ચૌદમા ગુણસ્થાન સુધીનો વિષય છે. અસિદ્ધત્વ સંસારપણું છે; તો આટલો બધો લાંબો માર્ગ કાપવાનો છે માટે મારે હવે ત્વરાથી માર્ગને કાપવો જોઈએ, આગળ વધવું જોઈએ. એમ એને આવે. એ વાત એની યોગ્ય છે, ન્યાયસર છે. પણ ઠીક ચાલો ઘણાં આગળ વધી ગયા. એ વાત તો કોઈપણ રીતે એને ઉચિત નથી.

જેને ક્ષયોપશમમાં અહંપણું થાય છે એને તો સમ્યક્દર્શન ને સમ્યક્જ્ઞાન થયા પહેલાં પ્યાલો ફાટે છે કે આપણને તો ઘણું જ્ઞાન છે. પૂછો કોઈ સવાલ. બધા સવાલના ઉત્તર

દઈ દઉં. ભાઈ ! એક મિનિટમાં બોલતો બંધ થઈ જઈશ. કાંઈ એમાં વાતમાં માલ નથી. વસ્તુ તો અગાધ સ્વભાવી છે અને એના અનંત ગુણધર્મોમાં વર્તમાન ક્ષયોપશમમાં આવે કેટલું ? અને એ પણ હજી સમ્યક્ થયા પહેલાં અસમ્યક્ દશામાં તો ઓઘસંજ્ઞાએ વાત હોય કેટલી ? કે એ તો કાંઈ નથી. પાશેરામાં પહેલી પૂણીએ મૂકી નથી ત્યાં જ એનો પ્યાલો ફાટે છે એને તો અધોગતિ સિવાય બીજું કોઈ એનું ફળ આવતું નથી.

પ્રશ્ન :- ભેદજ્ઞાન માટે ધ્યાનમાં બેસવું ?

સમાધાન :- ધ્યાનમાં બેસવું જરૂરી છે ? ધ્યાનમાં બેસવાનો પ્રશ્ન નથી રહેતો. નિર્ણય સુધી પહોંચે પછી એકાંતમાં બેસવાનો પ્રયોગ કરે તો ઠીક છે. બાકી એ પહેલાં શેનું ધ્યાન કરશે ? રાગથી ખસવું છે એટલે ક્યાંથી ખસવું છે અંદરમાં ને અંદરમાં એની જ એને ખબર નથી અને ક્યાં આવવું છે એનો પણ જેને પત્તો નથી, એ ધ્યાનમાં બેસીને કરે શું ? શું કરે ધ્યાનમાં ? એટલે એ વિષયમાં 'શ્રીમદ્જી'એ એમ કહ્યું કે, ગુરુ આજ્ઞા વિના ધ્યાન તરંગરૂપ થઈ પડે છે. એમ કહે છે. એટલે જો પ્રત્યક્ષ જ્ઞાનીનો યોગ હોય તો એની આજ્ઞાએ સત્ શાસ્ત્ર વાંચવું, એની આજ્ઞાએ ધ્યાન કરવું. તો સત્ શાસ્ત્ર એની આજ્ઞાએ મુમુક્ષુ વાંચે છે.

'શ્રીમદ્જી'ના વખતમાં જે વિદ્યમાન મુમુક્ષુઓ હતા એની બહારમાં કાર્યપ્રણાલી એવી હતી કે આજ્ઞા લ્યે કે આ શાસ્ત્ર વાંચવાનો ભાવ છે. આપની આજ્ઞા હોય તો વાંચવાનું શરૂ કરીએ. 'શ્રીમદ્જી' બહુ વિચક્ષણ હતા. મુમુક્ષુની વ્યક્તિગત યોગ્યતાનો એમને નિર્મળ જ્ઞાનની અંદર બહુ ખ્યાલ આવતો. જરૂર લાગે તો એ એમ કહે કે, આ શાસ્ત્ર નહીં પણ તમારે આ શાસ્ત્ર વાંચવું અત્યારે ઠીક છે. એમ કહી દ્યે. કાં તો એમ કહે કે, આ શાસ્ત્ર અત્યારે વાંચવું તમારે માટે બરાબર નથી. અત્યારે તમે માત્ર સત્સમાગમની અંદર આ વિષયને સમજવાનો પ્રયત્ન કરો. એ જાતનું માર્ગદર્શન વ્યક્તિગત રીતે એ આપતા હતા. હજી શાસ્ત્ર વાંચવાની અંદર પણ માર્ગદર્શનનો વિષય છે તો ધ્યાનની વાત તો ક્યાં ને ક્યાં છે.

મુમુક્ષુ :- 'સોનગઢ' થોડા વખત પહેલાં 'અમદાવાદ'થી થોડા બહેનો આવ્યા હતા. ધ્યાનની વાતો કરતા હતા. અનુભવ વગર ધ્યાન કોનું કરશો ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યાં સ્થિર થવું છે એ વસ્તુને ઓળખ્યા વિના, જાણ્યા વિના ધ્યાન કોનું કરવાનું ? એ બધો એક મેન્યા પડ્યો છે બીજું કાંઈ નથી. મેન્યા છે ધ્યાનના વિષયનો.

મુમુક્ષુ :- ધ્યાન તરંગરૂપ થઈ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'શ્રીમદ્દજી'એ એ જ કહ્યું કે સ્વરૂપને ઓળખ્યા વિના તો ધ્યાન તરંગરૂપ થઈ પડશે. એટલે તને વિચારોના તરંગ આવશે. તું માનીશ કે હું ધ્યાન કરું છું. એ ધ્યાન નથી પણ અપધ્યાન છે – માઠું ધ્યાન છે. એનાથી કાંઈ લાભ થતો નથી. કેટલાક તો ઉન્માર્ગે ચાલ્યા જાય છે, ઉન્માર્ગે ચડી જાય છે. એને પોતાને ખબર રહેતી નથી.

મુમુક્ષુ :- અવલોકન કરવા માટે એકાંતમાં બેસીએ તો..

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ ઠીક છે. પણ માત્ર એકાંતમાં બેસીને જ અવલોકન કરવું ને પછી એ દુર્લક્ષ થઈ જાય, એ ખ્યાલ ન રહે એમ નહીં થવું જોઈએ. અવલોકન કરવા માટે એકાંતમાં બેસવું ઠીક છે. એને સ્વરૂપનું ચિંતવન કરવા માટે, એનો નિર્ણય ને ઓળખાણ કરવા માટે બેસવું એ ઠીક વાત છે. એ ધ્યાનમાં બેઠા ન કહેવાય. ધ્યાન તો એકાગ્રતાનો પ્રયત્ન ને પુરુષાર્થ છે. સ્વરૂપ વિચારણા કરવા એકાંત પકડવું એ ઠીક છે કે બીજા કાર્યોથી, બાહ્ય કાર્યોથી નિવૃતિ લઈને. પણ એમાં પણ પ્રવૃત્તિ કાળે પછી વિષય સાવ અદ્ધર રહી જાય, ઉદયકાળે બધું અદ્ધર રહી જાય એમ થવું જોઈએ નહીં. એટલી જાગૃતિ રાખીને આ પ્રવૃત્તિ થાય. નહીંતર શું થશે કે ચાલો એક કલાક કે બે કલાક એકાંતમાં બેસીને તત્ત્વનું ચિંતવન કે તત્ત્વના વિચાર કે એવું તો કાંઈક કર્યું ને ! કાંઈક તો કર્યું ને ! આત્મા માટે તો કાંઈક કર્યું ને ! હવે કરો સંસારનું અથવા હવે આ બધું કામ માથે છે એ બધું પતાવો અને એમાં ઓતપ્રોત થઈ જાય, તો કામની એ પદ્ધતિ પણ બરાબર નથી. એટલે અવલોકન છે એ પણ સતત રહે એ જરૂરી છે.

મુમુક્ષુ :- ધંધાના વિચાર કરવા હોય તો એમાં એકાંતમાં જવું પડતું નથી. ઘોંઘાટમાં પણ એકાગ્ર થઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હાલતા, ચાલતા, માંદો હોય, વેદના હોય તોપણ બધા વિચાર કરે. ઠીક ! ત્યાં એને વ્યાધિ પણ નડતી નથી.

મુમુક્ષુ :- એમાં એકાંત ગોતવું પડતું નથી. મારું કહેવાનું એમ છે કે તત્ત્વવિચાર કે આત્મવિચારમાં એકાંત હોવું જ જોઈએ એમ નથી. પોતાને રસ લાગે એટલે ગમે તે..

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં એને એ જ ચાલે. એ જ ચાલે એને. તો એની રુચિ બરાબર છે.

મુમુક્ષુ :- આમાં Practice છે ને ભાઈ ! અનાદિકાળનો રીઢો થઈ ગયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો સીધી વાત છે. Practice છે અને બીજું શું છે કે

જરૂર લાગી છે. જરૂર બહુ ખરાબ ચીજ છે. મને પૈસાની જરૂર છે તો ધંધાના વિચાર, પૈસા પ્રાપ્ત કરવા માટે કોઈ ધંધો, પ્રક્રિયા, એના વિચાર ગમે તે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં કરવાનો જ છે. કેમકે એને જરૂર લાગી છે. અહીંયાં જરૂર લાગી છે કે નહીં આ મૂળ વાત છે. જેની જરૂર લાગે, તદ્‌સંબંધી પુરુષાર્થ રોકયો રોકાય નહીં. આ તો સર્વ સાધારણ અનુભવગોચર વિષય છે. એટલે એણે પોતાના આત્માને પહેલાં પૂછવું કે તને કેટલીક જરૂર છે ? તને તારી આત્મપ્રાપ્તિ, સ્વાનુભવની જરૂર કેટલી ? કે એના વગર તારું જીવન ચાલે છે એમાં વાંધો આવતો નથી અને ચાલે છે એમ છે. જો કદી તારો એ અભિપ્રાય છે કે, ના ! ના ! સ્વાનુભવ વિના પણ ચાલે છે, ખાઈએ, પીએ છીએ અને લહેરથી ઊંઘ પણ આવે છે, ખાધું પચે છે અને ઊંઘ આવે છે, બીજી કોઈ ખાસ ઉપાધિ નથી, નાની મોટી તો સૌને થોડીઝાઝી હોય એમાં આપણને હોય તો કાંઈ ગૌણ છે. પણ એકંદરે વાંધો નથી, ચાલે છે. તો જેને ચાલે છે એને કદી પ્રાપ્ત થવાનો અવસર નથી. નહીં ચાલે એવી જેને જરૂર ભી થાય છે એ ખરેખર પુરુષાર્થમાં જોડાય છે. એ પુરુષાર્થમાં જોડાય છે, એ પુરુષાર્થમાં પોતાના પરિણામને યોજે છે અને એનું કાર્ય થાય છે બાકી ચાલે છે એનું કાર્ય કદી થતું નથી. એ તપાસી લેવું કે તારે ચાલે છે કે તારે નથી ચાલે એવું ? બસ ! આટલી વાત છે. ચાલે છે તો તેં વાતને એકકોર અભેરાઈએ ચડાવી દીધી છે. પુરુષાર્થ શરૂ થવાનો કોઈ અવસર ને કોઈ પ્રસંગ નથી. અત્યારે તો આ બહુ માર્ગદર્શન (મળે છે). પેથીએ પેથીએ જેમ તેલ નાખે એમ એવું માર્ગદર્શન છે. ઘણી વાતો ખોલીને સ્પષ્ટ કરી છે.

મુમુક્ષુ :- આમાં ૩૬ મો બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જરૂરનો ૩૬ મો બોલ છે. ઉપયોગનો જે પલટો કરવા માંગે છે પણ રુચિને પલટાવતો નથી તેને માર્ગનો ખ્યાલ નથી. એને ઉપર ઉપરથી વિકલ્પ થાય છે, ઇચ્છા થાય છે કે મારે શુદ્ધ ઉપયોગ કરવો છે, મારા આત્મામાં ઉપયોગ સ્થિર કરવો છે, ઉપયોગને આત્મામાં જોડી દેવો છે, ઉપયોગને અંદરમાં વાળી દેવો છે. રુચિ બીજે કામ કરે છે ક્યાંથી ઉપયોગ વળવાનો હતો. એને ઉપયોગ વળવાનો અવસર નથી અથવા એને ઉપયોગ કેમ વળે એ વિધિનો પણ ખ્યાલ નથી. બહુ સુંદર બોલ આવે છે.

મુમુક્ષુ :- સંસારના રોગ તો ઔષધથી મટે કે ન મટે પણ આ તો મટે જ મટે.

પૂજ્ય ભાઈશ્રી :- પ્રશ્ન જ નથી, અવશ્ય સંસારરોગ મટે. Guaranteed. પોતાને પ્રતીતિ થઈ જાય કે હવે આ જીવને સંસાર નથી, હવે જન્મ-મરણ નથી. એને પોતાને ખાતરી આવી

જાય કોઈને પૂછવા જાવું પડે નહીં. આથી વધારે શું જોઈએ ? અને જેને એમ લાગે કે મારી ચીજ, મારી વસ્તુ, હું પોતે જન્મ-મરણ રહિત સ્વભાવવાળો છું પછી એને જન્મ-મરણની શંકા કેવી રીતે રહે ? જેને હાથમાં રત્ન ચિંતામણી છે એને હું દરિદ્ર છું કે નથી દરિદ્ર એની શંકા કેવી રીતે રહે ? સાધારણ શ્રીમંતને પણ શંકા પડતી નથી કે હું ગરીબ છું કે નહીં, તો આને તો પ્રશ્ન ક્યાં છે. એમ અનંતગુણ નિધાન જેણે જન્મ-મરણ રહિત જોયું એને મને ભવ થશે કે નહીં ? મારી દુર્ગતિ થશે કે સુગતિ થશે ? એ પ્રકારના શંકાવાળા પરિણામ એને રહેતા નથી. એટલી પાત્રતામાં મુમુક્ષુતામાં એ તો આવી જાય છે. પાત્રતાનું લક્ષણ છે કે એને શંકા પડતી નથી.

**'વીતરાગ દેવ અને ગુરુના વચનામૃતોનું હાર્દ સમજીને શુદ્ધ ચૈતન્યભાવનારૂપ ઉપાદાન-ઔષધનું સેવન કરવામાં આવે તો ભવરોગ ટળે છે;...'** એને ભવરોગ રહેતો નથી.

મુમુક્ષુ :- અહીંયાં ઉપાદાન શબ્દ મૂક્યો.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપાદાન, ચૈતન્યભાવનારૂપ ઉપાદાનનું સેવન કરવામાં આવે. ઉપાદાનરૂપી ઔષધનું સેવન કરવામાં આવે. અંદરથી એનું ઉપાદાન શુદ્ધ ચૈતન્યની ભાવનારૂપે પડે તો એને ભવ થતો નથી. આમ તો જીવ ઇચ્છે છે કે મારે મૃત્યુ નથી જોઈતું. મારે મરવું નથી. કોઈ ઇચ્છે છે કે ના ના મારે મરવું છે ? કોઈને મરવું નથી. પણ એ પ્રસંગ ટાળી શકાય એવો નથી. એની પાસે – સંસારી જીવને કોઈ ઉપાય નથી કે એ મરણને આવતું રોકી શકે અને મરણ થાય તો એ નવા જન્મને રોકી શકે. એની પાસે એનો કોઈ ઉપાય નથી. અહીંયાં કહે છે કે આ રામબાણ ઉપાય છે. ખાલી જાય નહીં કે એને જન્મ-મરણ રહે નહીં. શેનેથી કિંમત થાય આ વાતની કહો ? આની કિંમત શેનેથી કરવી ? કે, કોઈ રીતે એ કિંમત થઈ શકે એવી ચીજ નથી.

**'વીતરાગ દેવ અને ગુરુના વચનામૃતોનું હાર્દ સમજીને...'** ઉપર ઉપરથી નહીં. ચાલો આ બધું બુદ્ધિશક્તિ છે એટલે સમજાય જાય છે. એવી બુદ્ધિની શક્તિ ઓછી નથી કે કાંઈ સમજણ પડતી નથી, બરાબર સમજાય જાય છે. હવે એ તો તને સમજાય છે એવું તો એંસી વર્ષની બુઢ્ઢી ડોસીને પણ સમજાય છે. વારંવાર એક ને એક વાત સાંભળે તો એને એ ઘડ બેસવી કાંઈ બહુ મોટી વાત નથી. પણ એનું હાર્દ પકડાય છે કે નહીં ? આ મુખ્ય વાત છે. હાર્દ એટલે એનું હૃદય. વીતરાગ વચનામૃતોનું હૃદય શું છે, એનો અભિપ્રાય શું છે અથવા જે પરમ પદાર્થને હૃદયમાં ધારણ કરીને જ બધું કહેવામાં આવે છે, જેના

લક્ષે જ બધું કહેવામાં આવે છે, જેની દૃષ્ટિ કરાવવા માટે જ બધું કહેવામાં આવે છે અને જેની મુખ્યતા રાખીને જ બધું કહેવાય છે એવું તને વીતરાગ વચનામૃતોમાં સર્વત્ર ભાસે છે ?

કહેનાર ગમે તેટલી લાંબી વાત કરે કે ટૂંકી વાત કરે સરવાળે વાતને ત્યાં ખેંચી જાય છે કે નહીં ? એ એનું હાર્દ છે. કોઈપણ વ તાને સમજવું હોય તો એને એ રીતે સમજવો જોઈએ કે આ ગમે તે વાત કરીને સરવાળે શુદ્ધાત્મા ઉપર વાતને ખેંચી જાય છે કે નહીં ? જો એમ ન થાય તો એ વીતરાગ વચનામૃતોના નિમિત્તે વિષયાંતર કરે છે. ખરેખર તો વીતરાગ વચનામૃતોનું હાર્દ તો શુદ્ધાત્મા છે. શુદ્ધાત્માને દર્શાવવા માટે એ બધી વાતો છે. એ જ વાત જો અંદરથી ગૂમ થઈ જાય તો બાકી બધી વાતો રહી એ બધી યુ તિ પ્રયુ તિની વાતો રહી. એમાં ક્યાંય માલ નથી, ક્યાંય એમાં આત્મા નથી. આત્મા વિનાની વાત છે. પ્રાણ વિનાના ખોળિયા જેવી એ બધી વાત છે. એનો કોઈ ઉપયોગ થઈ શકે એવું નથી.

મુમુક્ષુ :- આ બન્ને પાનામાં ધ્રુવની જ વાત છે. ૬-૭ બોલ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો બધે એક જ વાત છે. જ્યાંથી લ્યો ત્યાંથી એક જ વાત છે.

**'વીતરાગ દેવ અને ગુરુનાં વચનામૃતોનું હાર્દ સમજીને...'** શુદ્ધ ચૈતન્યભાવનામાં આવે. શુદ્ધ ચૈતન્યભાવના – અભેદ ચૈતન્યના પરિણમનમાં આવે, શુદ્ધ પરિણમન છે, તો એનો ભવરોગ ટળી જાય છે, એને જન્મ-મરણ થતાં નથી. 'ગુરુદેવશ્રી'એ તો બહુ સ્પષ્ટ કર્યું કે શુદ્ધ ચૈતન્યભાવનારૂપ જે શુદ્ધ પરિણમન છે (તેને કારણે) પહેલી જ ક્ષણે એના જન્મ-મરણનો ભૂકો બોલાઈ ગયો. જન્મ-મરણનું કારણ હતું એનું મૂળિયું બાળી નાખ્યું. હવે પાંદડાં લીલા રહ્યા છે થોડો કાળ એ તો સુકાવા માટે છે, હવે પાંગરવા માટે નથી. મૂળિયું બળી ગયું તો ક્યાંક કૂંપળ ફૂટી હોય તો પછી આગળ ન વધે. કેમકે એનું સિંચન મૂળમાંથી બંધ થઈ ગયું. કોઈ જગ્યાએ ઝાડમાં એવું બને કે નવી નવી ડાળી ખૂલવા માટે એની કૂંપળો ફૂટી હોય પણ જો નીચેથી મૂળ કપાય (તો) પતી ગયું. ઉપર કાંઈ હવે આગળ વધવાનો પ્રશ્ન રહેતો નથી, હવે એ બધું સુકાઈ જશે. અલ્પ સમયમાં એ સુકાવા માટે લીલું રહેલું છે, પાંગરવા માટે હવે એમાં કાંઈ છે નહીં. એમ એનો ભવરોગ ટળે છે અને ભવરોગ ટળે છે એની ખાતરી ભવરોગ જેને ટળ્યો છે એ વીતરાગ દેવ, ગુરુ, સત્પુરુષો આપે છે. પોતાને પણ એની ખાતરી અંદરથી આવી જાય છે. એને કોઈ શંકા રહેતી નથી.

**'તેથી વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત – ઔષધ કહેવામાં આવ્યા છે.'** 'શ્રીમદ્જી'એ 'આત્મસિદ્ધિ'ની અંદર પદ લીધું છે કે **'વચનામૃત વીતરાગના પરમ શાંત રસ મૂળ.'** અંદરમાં આત્માને કહેનારા વચનામૃતો છે ને ! અનંત શાંતિનો કંદ છે, શાંતિનું સરોવર છે તો એના કથનની અંદર એ શાંતિની હવા ભી થાય છે. શાંત સ્વરૂપને કથનારા વચનો છે એમાં પણ શાંતભાવ, શાંતરસ ઉત્પન્ન થાય છે. 'પરમ શાંતરસ મૂળ, ઔષધ જે ભવરોગના...' ભવરોગને નાશ કરવાના એ ઔષધ છે. અહીંયાં જે વાત લીધી કે **'વીતરાગનાં વચનામૃતને ભવરોગનાં નિમિત્ત -- ઔષધ કહેવામાં આવ્યા છે.'** એ એટલા માટે કીધું છે. જે અપાત્ર છે, કુપાત્ર છે એને એ પ્રતિકૂળ પડે છે, એને એ અરુચિનો વિષય થાય છે. 'કાયરને પ્રતિકૂળ.' કાયર એટલે પુરુષાર્થ હીન. જે હીનસત્ત્વ થયેલો છે, જેનો પુરુષાર્થ શુભાશુભમાં ચાલ્યો જાય છે અને શુદ્ધતાનો પુરુષાર્થ, શુદ્ધાત્માનો પુરુષાર્થ જે કરી શકતો નથી. એવા લટી ગતિને પ્રાપ્ત કરનારા જીવોને એ પ્રતિકૂળ લાગે છે. એને એમ થાય કે આ બધી નિશ્ચયની વાત માંડે છે પણ વ્યવહારની તો વાત ક્યાંય કરતા નથી. એકલી આત્માની ને નિશ્ચયની જ બધી વાતો અહીં તો ચાલે છે. ભાઈ ! એ ભવરોગના ઔષધ છે. તને પ્રતિકૂળ પડે છે પણ સાચી ઔષધી એ છે. ૧૬૪ (બોલ પૂરો) થયો.

**જેને ચૈતન્યદેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે. ૧૬૫.**

૧૬૫ મો બોલ સ્વરૂપ મહિમા(નો) છે. **'જેને ચૈતન્યદેવનો મહિમા નથી...'** આત્માનો મહિમા નથી એવો સાદો શબ્દ અહીંયાં નથી વાપર્યો. **'જેને ચૈતન્યદેવનો મહિમા નથી...'** આત્મા દિવ્ય પદાર્થ છે એટલે એને દેવ કહેવામાં આવે છે. દિવ્ય ગુણોનો ભંડાર છે અને એ અનંત દિવ્ય ગુણોની એકરૂપ એક મૂર્તિ છે એટલે એને દિવ્યમૂર્તિ આત્મા કહેવામાં આવે છે. એ ચૈતન્યદેવ આત્મા છે. આત્મા, આત્મા, આત્મા, જ્ઞાયક, જ્ઞાયક એવી ખાલી પીલી ઠાલી કોઈ વાત નથી પણ એક ચૈતન્યદેવ છે, એ જ પરમદેવ છે. પરમદેવ તો આ

પોતાનો આત્મા જ છે, એક પોતાનો પરમાત્મા છે, 'ગુરુદેવ'નો તો ધ્વનિ કેવો હતો ! તું પરમાત્મા છો એમ નક્કી કર. તોપના ગોળા જેવી વાત છે. તું પરમાત્મા છો એમ નક્કી કર. અંદરમાં ગાંઠ માર કે તું પરમાત્મા છો. 'પરમાત્મપ્રકાશ'ના પ્રવચનોમાં એ બોલ આવ્યા છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ'ની વાણી..

પૂજ્ય ભાઈશ્રી :- એ અસાધારણ છે ને !

મુમુક્ષુ :- તીર્થંકર આવા જ હોય !

પૂજ્ય ભાઈશ્રી :- તીર્થંકર.. જેમ કોઈ દિવ્યધ્વનિનો ધ્વનિ છૂટે એવો ધ્વનિ છે એની અંદર. લાયક જીવને હિત થવાનું હોય ત્યારે એને એવું જ ભાસે છે કે નક્કી આ મારા માટે તો દિવ્યધ્વનિ જ છે. દૈવી અવાજ જાણે ! આત્માને પ્રદર્શિત કરતો નેપથ્યમાંથી કોઈ દૈવી અવાજ આવતો હોય એવો એને ભાસ થાય. આ તો આમ ફલાણાં બોલે છે ને હોઠ ફફડે છે એ કલ્પના નથી રહેતી. વિષય પણ એવો છે, એના Backgroundની અંદર ભાવ પણ એવો જ છે.

મુમુક્ષુ :- સંપ્રદાયમાં તો તું ભગવાન છે એ વાત ક્યાંય આવે નહીં.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો વિષય જ આખો બંધ થઈ ગયો, બીજે માર્ગે ચડીને બધા સંપ્રદાય ચાલે છે.

મુમુક્ષુ :- મૂળ દિગંબરમાં નથી તો બીજે ક્યાંથી હોય.

પૂજ્ય ભાઈશ્રી :- દિગંબરમાં વાત નથી બીજે તો આશા ને અપેક્ષા રાખવી જ વ્યર્થ છે. મૂળ દિગંબર સંપ્રદાયની અંદર વાત ખોવાય ગઈ હતી. દિગંબર સંપ્રદાયની અંદર એટલે તો એ લોકોએ વિરોધ કર્યો કે આ નવી વાત કાઢી, આ લોકો અમારા સંપ્રદાયની અંદર બધો ફેરફાર કરી નાખે છે, અમારી બધી પ્રણાલિકા તૂટી જાય છે ને અમારે બધો ફેરફાર થઈ જાય છે. દેકારો કરી મૂક્યો. ભાઈ ! મૂળ તું ભૂલી ગયો છો. વિકૃતિને તે મૂળ માન્યું છે અને મૂળ વસ્તુને તું ભૂલી ગયો છો. મૂળ વસ્તુ તારી સામે આવે ત્યારે તને એમ લાગે છે કે આ નવું સામે આવ્યું. ભાઈ ! નવું નથી, એ મૂળ છે. બબ્બે હજાર વર્ષ પહેલાંના આચાર્યોના ગ્રંથોમાંથી મૂળ વિષય કાઢ્યો છે. બે હજાર વર્ષ પહેલાંના ગ્રંથો, 'કુંદકુંદઆચાર્ય' જેવાના આધારભૂત વચનો એ મૂળ કે અત્યારે બધા સાધારણ પંડિત પલાખાં ભણે એ બધા મૂળ ? કોને મૂળ કહેવું ? જેને સમ્યક્જ્ઞાનના, સમ્યક્દર્શનના ઠેકાણાં નથી. જેને વૃત્તિ દારિદ્રયનો

કોઈપાર નથી, થોડી બુદ્ધિ ને બે ચાર શાસ્ત્રનું ભણતર કરી લીધું એટલે એનો કાંઈ આધાર લેવાય નહીં. એવું છે.

**'જેને ચૈતન્ય દેવનો મહિમા નથી તેને અંદર વસવાટ કરવો દુર્લભ છે.'** શું કહે છે ? કે જેને આત્મસ્વરૂપનો બોધ થાય છે, નિજ સ્વરૂપનો જેને બોધ થાય છે એને સ્વરૂપમહિમા પજ્યા વિના રહેતો નથી. જેને સ્વરૂપ મહિમા પજ્યો એને આત્મા કેવો છે ? ખરેખર પોતાનો પરમ પદાર્થ, ચૈતન્યદેવ કેવો છે એ એના જ્ઞાનમાં આવ્યો, એના લક્ષમાં આવ્યો, એને એનો બોધ થયો. એને એમ થયું કે, મારો નિવાસ તો મારા સ્વરૂપમાં જ છે. ક્યાં ? મારો નિવાસ તો મારા સ્વરૂપમાં છે. એક સમયની વિચલિત પર્યાયમાં પણ મારો નિવાસ નથી. તો પછી મકાનમાં ને બીજે ક્યાંય દેશમાં ને ગામમાં મારો નિવાસ છે એ તો પ્રશ્ન રહેતો નથી. કોઈ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવમાં સાતમી નરકની નારકીમાં પણ એ સ્વરૂપ નિવાસમાં છે. એ જીવ સ્વરૂપ નિવાસમાં આવ્યો. કેમકે પોતે ત્યાં વસેલો છે. અનંત ગુણો ત્યાં વસેલા છે. પોતાનું સ્વરૂપ ત્યાં અનાદિઅનંત વસેલું છે, બસ ! બધેથી એની નાસ્તિ થઈ ગઈ. જ્યાં જ્યાં એણે પોતાની સ્થાપના કરી હતી એ બધી સ્થાપના એણે ઉથાપી અને એક પોતાના સ્વરૂપમાં પોતાના અસ્તિત્વને સ્થાપ્યું, હતું ત્યાં એને લક્ષમાં લીધું એટલે એણે સ્થાપ્યું. એને સ્વરૂપ નિવાસ થાય છે અને જેને સ્વરૂપનો મહિમા આવે નહીં એને કોઈ રીતે સ્વરૂપમાં નિવાસ થઈ શકે નહીં.

મુમુક્ષુ :- ધ્યાન કેમ થાય એનો જવાબ આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- આવી ગયું આપોઆપ. ધ્યાન ક્યાંથી થાય ? જે ધ્યેયભૂત વિષય જ એના જ્ઞાનમાં નહોય તો ધ્યાન ક્યાંથી થાય. ધ્યાનને તો ધ્યેય સાથે સંબંધ છે. જ્યાં સુધી પોતાના પરમ શુદ્ધ આત્મતત્ત્વનું ધ્યેય નથી તો એને અવશ્ય બીજું કોઈ સાંસારિક પદાર્થ અને રાગનું ધ્યેય રહેલું છે. એ પાછો ધ્યેય વિનાનો નથી, કોઈ આત્મા ધ્યેય વિનાનો નથી. હજી તો જેને સંસારના પદાર્થોનું ધ્યેય છે એને કોઈ રીતે આ વાત સ્થાન પામતી નથી. એની રુચિમાં, એના હૃદયમાં, એની ભાવનામાં આ વાતને સ્થાન મળતું નથી. એ ધ્યાન તો કરે ક્યાંથી ? એને ધ્યાન કરવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :- જગતમાં આ વાત 'સોનગઢ'માં જ છે આખા જગતમાં – World માં.

પૂજ્ય ભાઈશ્રી :- અંધારામાં એક પ્રકાશનું કિરણ છે. આખા જગતમાં ઉપરથી જુઓ તો અંધારું વ્યાપેલું છે. ક્યાંય મુક્તિનો માર્ગ જડે એવું નથી, ગોત્યો જડે એવું નથી. કો'ક

કાંઈક બતાવે છે, કો'ક કાંઈક બતાવે છે, કોઈ ક્યાંક દેવ દેવલાને બતાવે છે, કો'ક કાંઈક વ્રત ને બાધા આખડી ને બતાવે છે, કો'ક એમ કહે છે કે તું જંગલમાં હાલ્યો જા ને તું ડુંગરામાં ચાલ્યો જા ને પર્વતમાં ચાલ્યો જા ને આમ થઈ જા ને તેમ થઈ જા. બધે અંધારું છે. એક કિરણ – પ્રકાશનું કિરણ અહીંયાં છે કે જુઓ ! આ માર્ગ છે. તને કાંઈ દેખાય તો પ્રકાશની પાછળ પાછળ ચાલ્યો આવ. બાકી તો જગતમાં બધે સર્વત્ર અંધારું છે. બીજે ક્યાંય વસ્તુ મળે એવું નથી. હવે તો એનો ઉપયોગ થઈ જાય તો એ સાર્થક છે. જો પોતે બેદરકાર રહે તો એ તો યોગ અયોગ જેવો થઈ જશે.

'સોગાનીજી'માં આ વિષય બીજી પદ્ધતિથી એવી રીતે આવે છે કે, પર્યાયની બેઠક ઉપર બેસીને જ્યાં સુધી ચૈતન્યદેવનો મહિમા કરે છે; આ ચૈતન્યદેવનો મહિમા કેમ કરવો એ પ્રશ્ન છે, જ્યાં સુધી પર્યાયમાં બેસીને ચૈતન્યદેવનો મહિમા કરે છે ત્યાં સુધી પણ એને અંદરમાં ઉપયોગ વળતો નથી અથવા એ ખરો મહિમા નથી અને એના ફળમાં એને કોઈ સિદ્ધિ થતી નથી, એની કાર્ય સિદ્ધિ પ્રાપ્ત થતી નથી. એટલે ચૈતન્યદેવનો મહિમા અને સ્વરૂપનો વસવાટ એ બન્ને એક સાથે જોડાયેલી વાત છે.

જ્યાં સ્વરૂપમાં મારો નિવાસ છે એમ ખબર પડે ત્યારે એને સ્વરૂપનો મહિમા બરાબર આવે છે અને ત્યારે એ સ્વરૂપમાં બેસીને, સ્વરૂપમાં બેસીને એટલે અનાદિથી એક સમયની ચાલતી પર્યાયના વેદનમાં હુંપણું પૂરેપૂરું સ્થાપી દીધું હતું એ ઠી જાય છે. એ પરિસ્થિતિ બદલી જાય છે એનો એને બરાબર ખ્યાલ આવે છે. કેમકે આખી બેઠક બદલાઈ ગઈ. બેઠો તો એક સમયની પર્યાયમાં, એ ઠીને સીધો આવ્યો ચૈતન્ય સ્વરૂપના મહિમાથી ચૈતન્ય સ્વરૂપમાં. એને ચૈતન્યનો મહિમા થાય છે. એ ચૈતન્યનો મહિમા યથાર્થ છે. બાકી પર્યાયમાં બેસી બેસીને ચૈતન્યના ગાણાં ગાય છે એને પણ ચૈતન્યનો મહિમા ખરેખર થતો નથી.

એમણે બહુ સારી શૈલી લીધી છે. કેમકે અહીંયાં એક લાલબત્તી એ છે કે, જીવ પરિણામથી ચૈતન્યનો મહિમા કરે, શુદ્ધાત્માનો મહિમા કરે પણ અનાદિનો જે પરિણામમાં પોતાનો જે નિવાસ રાખ્યો છે, વસવાટ રાખ્યો છે એ એમ ને એમ રાખી લ્યે, પકડી રાખે, એમાં ફેરફાર ન થાય તો એ ચૈતન્યનો મહિમા યથાર્થ નથી. ચૈતન્યનો મહિમા કરે છે ઇ ક્યાં જડનો મહિમા કે પૈસાનો મહિમા કરે છે ? ચૈતન્યનો મહિમા કરે છે. ભો રહે. ચૈતન્યનો મહિમા પણ બેઠક ત્યાંની ત્યાં રાખીને કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– વેદન પર્યાયમાં છે પણ અસ્તિત્વ...

પૂજ્ય ભાઈશ્રી :- મહિમા પર્યાયમાં થાય છે તોપણ નિવાસ પર્યાયમાં છે એમ રહેતું નથી. બહુ અલૌકિક વિષય છે ! એની બેઠક બદલી જાય છે. વેદન થાય પર્યાયનું. એના પરિણામની લાઇન આખી ફરી જાય છે.

'સોગાનીજી'ના સ્વર્ગવાસ પછી 'ગુરુદેવે' એમ પ્રસિદ્ધ કર્યું કે આ જીવ સમ્યક્દૃષ્ટિ હતો અને એક અવતાર કરીને મોક્ષમાં ચાલ્યો જશે તો એમના જે વચનો – અક્ષરદેહ રહી ગયો, પેલો દેહ તો જે દ્રશ્યમાન દેહ છે એની ચેષ્ટા, એના ભાવ એ જોવાનો તો પ્રશ્ન હતો નહીં, અવિદ્યમાનતાને લઈને, તો અક્ષરદેહ પરથી જે નક્કી કર્યું એમાં લાઇન કેવી રીતે પકડી ? કે એક સમયની પર્યાયમાં અનંત સુખ હોય તોપણ શું ? મારે જે મુખ્ય છે એ જ મુખ્ય છે, એનો જ મને મહિમા છે, એક સમયની પર્યાયનો મને મહિમા નથી. એ બધું ક્યાંથી આવ્યું ? કેવી રીતે આવ્યું ? એ વાત એમણે સ્વરૂપનું અનુસંધાન કરવાનો જે પારમાર્થિક બોધ છે અને જે ગુપ્ત રહસ્ય છે, જ્ઞાનીના હૃદયનું જે ગુપ્ત રહસ્ય છે એ રહસ્ય ખુલ્લું થયેલું એમના વચનોમાં એમણે જોયું અને નિશ્ચય થયો કે આ પામી ગયો. આમાં કાંઈ ફેરફાર નથી. પામી ગયો એટલું જ નહીં પણ વાતે વાતે જે એના ઉપરનું જોર આવે છે એ આની કોઈ પરિણામની તેજ ગતિને પ્રદર્શિત કરે છે. જેની પરિણામની ગતિ તેજ છે એની મુ તિને લાંબો કાળ હોય શકે નહીં.

મુમુક્ષુ :- પર્યાયને બદલે ધ્રુવમાં આસન જમાવવું.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો કહે, ત્યાં જ પલાંઠી વાળીને બેસી જાને ! ત્યાં જ જમાવટ કરી લે ને પછી તારે  ઠવાનો પ્રશ્ન જ નથી ત્યાંથી. કેટલી કેટલી વાતો (કરી છે) ! વાત – વિષય એકનો એક પણ ફેરવી ફેરવીને કેવી રીતે જોર વ્ય ત થાય છે ! એ થોડો ધ્યાન આકર્ષિત કરે એવો વિષય છે. અને એ વિષયનો રસ લેવો હોય તો એ રસ લેવા જેવો ગ્રંથ છે. જેને સ્વરૂપ મહિમાનો રસ લેવો હોય તો બહુ વાતો છે.

સ્વાધ્યાયમાં પણ જો આ ચૈતન્યદેવના મહિમાથી એનો રસ ન લેવાય તો એ તો નામમાત્ર સ્વાધ્યાય છે, કહેવામાત્ર સ્વાધ્યાય છે, કથનમાત્ર સ્વાધ્યાય છે, ત્યાં ખરેખર સ્વાધ્યાય નથી, એમ છે. સ્વ-અધ્યાય. અધિ એટલે આધાર લઈને આવવું. પોતાનો આધાર લઈને આવવાનો પ્રયત્ન થવો, એવા ભાવનો આવિર્ભાવ જ્યાં થવો એને કાંઈક સ્વાધ્યાયનું નામ દેવાય તો ઉચિત છે. નહીંતર તો પછી જેમ બધે નામ દઈ દેવાય છે એમ નામ પાડવાની વાત છે. અંદરમાં કાંઈ માલ હોતો નથી.

અહીં તો નાસ્તિથી વાત લીધી છે કે **'જેને ચૈતન્યદેવનો મહિમા નથી...'** એને બીજા કોઈ ઉપાયથી અંદરમાં આવવાનું બનતું નથી. એના પરિણામ અંતર્મુખ વળી શકતા નથી. એનું અનાદિનું બહિર્મુખપણું છૂટી શકતું નથી અને એ જીવનો સંસાર ક્યારે પણ મટતો નથી. અથવા તો એક ચૈતન્યનો મહિમા જ ચૈતન્યની પ્રાપ્તિ કરાવે છે. આગળ એક બોલ છે એવો – ચૈતન્યનો મહિમા જ પ્રાપ્ત કરાવે છે. બીજી કોઈ ક્રિયાથી ચૈતન્યની પ્રાપ્તિ થતી નથી. અનેક ક્રિયાએ જીવ ચડી જાય છે. આ ક્રિયા કરું તો મારું આત્મકલ્યાણ થશે, આ ક્રિયા કરું તો મારું આત્મકલ્યાણ થશે. કોઈ ક્રિયા પમાડતી નથી, એક ચૈતન્યનો મહિમા જ ચૈતન્યને પમાડે છે. એ વાત આગળ એક જગ્યાએ લીધી છે. એ Total માર્યો છે, બધી વાતોનો સરવાળો મારી દીધો છે કે જો આ વાત છે ? તપાસી લે. નહીંતર તારી બધી ક્રિયા એ કોઈ આત્મપ્રાપ્તિ માટેની ક્રિયા નથી. આત્મહિત માટેની કોઈ ક્રિયા નથી અને એ બધી ક્રિયાઓ તને કાંઈ લાભ કરવાની નથી.

પ્રશ્ન :– આસન જમાવવું એટલે હુંપણું કરવું ?

સમાધાન :– હુંપણે સ્થિર થઈ જવું. જમાવવું એટલે એમાં હુંપણે સ્થિર થઈ જવું. સર્વ પરિણામ, અનંતા ગુણોનું સમગ્ર પરિણમન, સમગ્ર પરિણમન એક અભેદ ચૈતન્યમાં એકાકાર થાય, વ્યાપ્યવ્યાપકભાવે એકાકારનો અનુભવ થાય ત્યારે એણે અંદરમાં વાસ કર્યો છે એમ કહેવામાં (આવે છે), નિવાસ કર્યો છે. નિવાસ કર્યો છે એટલે પ્રદેશે પ્રદેશે પોતાના સ્વતત્ત્વનો – સ્વસ્વરૂપનો – પોતાના નિજ ભગવાનનો અનુભવ, પરમ પદાર્થનો અનુભવ (થાય) એને ચૈતન્યનો વસવાટ કહે છે. એ ચૈતન્યમાં વસ્યો. બાકી તો રાગમાં અનાદિનો વસેલો છે. દુઃખી દુઃખી ને હેરાન હેરાન થઈ રહ્યો છે. બીજું કાંઈ એમાં તો એનું ફળ બીજું કાંઈ આવે એવું નથી.

ટુકડો એક છે પણ બહુ રસથી વાત લીધી છે. ચૈતન્યદેવ લીધો છે ને ! બહારમાં તો તીર્થંકર ભગવાન હોય છે એને પરમ દેવાધિદેવ એમ કહીને નમસ્કાર કરવામાં આવે છે. એ તીર્થંકર ભગવાન એમ કહે છે કે, તારા અંદરમાં પરમ દેવાધિદેવ છે. વાણીમાં એમ આવે છે. આમ નક્કી કર. હું પરમાત્મા છું એમ તું મને કહે છો પણ હું તને એમ કહું છું કે તું પરમાત્મા છો.

મુમુક્ષુ :– પ્રતિછંદ.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રતિછંદના સ્થાને છે. 'સમયસાર'ની ટીકામાં, પહેલી ગાથાની ટીકામાં

એ વાત આવી. કહે છે કે, હું પણ સિદ્ધ છું અને તારા આત્મામાં પણ હું સિદ્ધપદનું સ્થાપન કરું છું. આ પૂજા કરે ત્યારે પહેલાં સ્થાપના કરે છે કે નહીં ? તો 'સમયસાર'નું માંગળિક કર્યું એમાં સ્થાપના કરી કે, તારા આત્મામાં હું સિદ્ધપદની સ્થાપના કરું છું. એ સ્થાપ્યા પછીની બધી વાત છે. એ ઉથાપીને એકેય વાત નથી. એવી રીતે વાત લીધી છે. સીધો પડઘો પડે છે અંદર – તું સિદ્ધ ને હું પણ સિદ્ધ. આમ લીધું છે. એવું ભાસવા લાગે, એવું અનુભવમાં આવે ત્યારે એને સ્વરૂપનો બોધ કહ્યો છે, ત્યારે એને વસવાટ કહ્યો છે.

'શ્રીમદ્જી' 'સોભાગભાઈ'ને 'ઇડર'ના પહાડ ઉપર છેલ્લે છેલ્લે લઈ ગયા ને ? (દેહ છૂટવાના) અગિયાર દિવસ પહેલાનો પ્રસંગ છે. યોગ્યતા બરાબર પાકી ગઈ હતી. જેમ કોઈ ફળ પાકીને નીચે પડવાની તૈયારી થાય એવી સ્થિતિમાં હતા. એને એ કહ્યું કે જો તું સિદ્ધ છો, જો અંદરમાં તું સિદ્ધ છો. ધ્રુવ સિદ્ધપદ આ તારું અસલ સ્વરૂપ છે, બાકી બધી નકલ છે. બાકી બધી વાતો છે. તારું મૂળ ધ્રુવ સિદ્ધપદ છે એને જો, એના સામું જો. એ સ્વરૂપે તું તને સ્વીકાર. જોતા તને પ્રતીતિ આવશે. બસ ! એને એમ કહ્યું કે આત્મબોધ આપ્યો. શ્રીગુરુએ આત્મબોધ (આપ્યો). સત્પુરુષે આત્માનો બોધ આપ્યો એમ કહ્યું. બોધ આપ્યો શું એને પોતાને દેખાડ્યું, છે એ દેખાડ્યું. એનું લક્ષ નહોતું એ લક્ષ ફેરવ્યું. ફેરવવામાં નિમિત્ત પડે છે. લક્ષ તો જીવ પોતે પોતાના પુરુષાર્થથી ફેરવે છે. એ આત્મામાં નિવાસ કરે છે. એ સર્વ કથનનું તાત્પર્ય છે. એક લીટી છે પણ એ સર્વ કથનનું તાત્પર્ય છે. (સમય થયો છે).

***

श्रप स्महृम्रफ ँ प्रफ्लम्हिँ ग्रीं प्रफ ढ द्रँ द्व

ह्राप्रहृध्रग्रीं ळम्प्रेफ(हिं२प)

| गिंग्रफ ळमेप्रहृफ हम्फ्रिफ्र | कुहुँ फ |
|---|---|
| ०१ ह्रेंप्रफग्रीं ळम्फ(द्रफ २प्रफ जफ. ळँप्रहृप्रफ) | - |
| ०२ ह्रप्रहृँम्फ(श्रप्लुफ व्रफफ्रफ ाप्रफक ढ४६९, ४९१, ६०९ ाप्रफ ाप्रहृँ फ भर्प्रफ्रश्रप शप्रफर्प्रफ ेढ ाीस्प्रेफ | २०-०० |
| ०३ ह्रेंप्रफ ँ फ्रप्रेफ (ाप्रहृँ फ भर्प्रफ्रश्रप शप्रफर्प्रफ द्रप्रफ दिप्रफ गप्रेफ स्फ्रेंप्रहृफ ळ ँ फ द्रप्रेफ | १५०-०० |
| ०४ ह्रप्रहृँ फि शप्रफ ाप्रफ ीस्प्रेफ(ाप्रहृँ फ गृप्रफ२ स्प्रफ द्रप्रफ | ५०-०० |
| ०५ ह्रप्रहृफ स्प्रहृफ वेंफ | - |
| ०६ बृहर ूर्सँफ्रीह | ह्रेंप्रहृप्रफ |
| ०७ ूर्स फ क्रिद्वीं ळम्फ(ह्रमेफ भप्रफ ाप्रहृँ फ श्रप ीप्रहृफ जफ ँ प्रेफ्रेफजफ ेढ ाप्रफ हस्फ हुहृफ्रफ | ३०-०० |
| ०८ र्इँख्प्रफ ृळ ोफ श्प्रेफ(ाीहँ फ्र ँ प्रहृफ क्रिफ्र्रफ ढ स्फ्रेंप्रहृफ ळ ँ .फ द्रप्रेफ | ०६-०० |
| ०९ र्इः फ्रप्रहृफ धप्रहृफ ँ( प्रहृफ हुफ वुहिवुफ्रिफ्रफढ ह्रप्रहृफ ेढ ह्रप्रफ) | ०६-०० |
| १० धँ फ ह्रप्रफ्रेफ(श्रप्लुफ रफ्रफू जफ ढ ह्रहृफगफ ह्रँ प्रहृफ२ शप्रफ ाप्रफ ाप्रहृँ फ भर्प्रफ्रश्रप शप्रफर्प्रफ द्रप्रफ रिस्प्रेफ | - |
| ११ रिशप्रफ बेप्रफ(श्रप्लुफ रफ्रफू ाप्रफक ढ१६६, ४४९, ५७२ ाप्रफ ाप्रहृँ फ भर्प्रफ्रश्रप शप्रफर्प्रफ ेढ ाीस्प्रेफ | २५-०० |
| १२ धँ फ ाप्रहृफ क्वफ | - |
| १३ धँ फ ह्र स्प्रफ | - |
| १४ गृप्रफ गृप्रफ ँ प्रफ्रफ(ाप्रहृँ फ बहिंप्रप चप्रफहिं फ द्रप्रफ गृप्रफ भद्विफ | १५-०० |
| १५ गृप्रफ गिप्रफ गप्रफ | - |
| १६ जिप्रँ फ्रँ प्रफ ँ प्रफ(झप्रेफ प्रहृफ क्रिफ्रफ ढ स्फ्रेंप्रहृफ ळ ँ .फ द्रप्रेफ | ०८-०० |
| १७ .ृद्वुफ्रीह्रिफ(श्रप्लुफ व्रफफ्रफू ाप्रफक ढ१०३,३३२,५१०, ५२८,५३७ हफ३७४ ाप्रफ ाप्रहृँ फ भर्प्रफ्रश्रप शप्रफर्प्रफ ेढ ाीस्प्रेफ | २५-०० |
| १८ . ळप्रेफ रह्रें फ ँ फ्रिह्वफ(ाप्रफ वुप्रहृँ फ ेढ रिफ्रिप्रफ स्फ्रेंप्रहृफ ाप्रफ ाप्रहृँ फ भर्प्रफ्रश्रप शप्रफर्प्रफ ेढ ाीस्प्रेफ | ३०-०० |
| १९ वुप्रहृफ भप्रफ(ाप्रहृँ फ गृप्रफ२ स्प्रफ. ळमेफ ँ स्प्रहृफ ेढ रिप्रिफ्रीस्प्रेफ | ०८-०० |
| २० वुहृफ्रफ ह्रप्रेहृफअप्रफ(श्रप्लुफ रफ्रफू ाप्रफक ढ२५४ ाप्रफ ाप्रहृँ फ भर्प्रफ्रश्रप शप्रफर्प्रफ ेढ ाीस्प्रेफ | - |

| | | |
|---|---|---|
| २१ | वृध्दिहृफठफवुफ्फ्कँ( प्रफ्फ्कँ स्फ्ग्यफगींत्फ्ग्रफ्र ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प ` ढग्रींस्फ्फ्रफ्फ | १०-०० |
| २२ | ीप्रिीप्लफ्र२ शफ्र्फ्रफठ ग्रफ्फ्र द ८ (दृफ ग्रफ्ऋ फभ्फ्फ्फ्श्प शफ्र्फ्रफ्फ्र) | १०-०० |
| २३ | ग्रफ्रवुफ्फ्फ्हुँफ्फ्र (ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढ १००८ स्फ्फ्फ्फ्हुफ्फ) | - |
| २४ | ग्रीँ प्रेफ्फ्रफाँ फ्ठि (दृफ ग्रफ्ऋ फभ्फ्फ्फ्श्प शफ्र्फ्रफ्फ्र) | ०४-०० |
| २५ | ग्रफ्रिभिंवुफ्रफेढग्रींहँप्फ्र्कँ प्फ्रफ(श्रप्वुफ्र रफ्फ्फ्फ्र ग्रफ्फ्फ्रढ१९५, १२८, २६४ | |
| | ग्रफ्र ग्रफ्ऋ फभ्फ्फ्फ्श्प शफ्र्फ्रफ्फ्र ` ढग्रींस्फ्फ्फ्रफ | २०-०० |
| २६ | ग्रींस्फ्फ्फ्रफोप्फ्फ्फ्फ्हफ(भ्फ्फ्फ्फ१) (ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढ श्फ्फँकफग्रींस्फ्फ्फ्रफ | २०-०० |
| २७ | ग्रींस्फ्फ्फ्रफोप्फ्फ्फ्फ्हफ(भ्फ्फ्फ्फ२) (ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढ श्फ्फँकफग्रींस्फ्फ्फ्रफ | २०-०० |
| २८ | ग्रींस्फ्फ्फ्रफोप्फ्फ्फ्फ्हफ(भ्फ्फ्फ्फ३) (ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढ ४७ ोफ्फ्फ ` ढ | |
| | श्फ्फँकफग्रींस्फ्फ्फ्रफ | २०-०० |
| २९ | ग्रींस्फ्फ्फ्रफोप्फ्फ्फ्फ्हफ(भ्फ्फ्फ्फ४) (ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढ ४७ शफ्दिहृफ ` ढ | |
| | श्फ्फँकफग्रींस्फ्फ्फ्रफ | २०-०० |
| ३० | ग्रींस्फ्फ्फ्रफँ प्फ्फ्फ(भ्फ्फ्फ्फ१) (ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढग्रींस्फ्फ्फँफ्फ्र | |
| | ग्रफ्रवुफ्फ्फ्हुफग्रफ्र ध्फ्फ्फ्फ्फ्हप ग्रींस्फ्फ्फ्रफ | २०-०० |
| ३१ | ग्रींस्फ्फ्फ्रफँ प्फ्फ्फ(भ्फ्फ्फ्फ२) (ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढग्रींस्फ्फ्फँफ्फ्र | |
| | ग्रफ्रवुफ्फ्फ्हुफग्रफ्र ध्फ्फ्फ्फ्फ्हप ग्रींस्फ्फ्फ्रफ | २०-०० |
| ३२ | ग्रींस्फ्फ्फँफ्फ्र | ह्नोंप्फ्फ्फृफ्फ |
| ३३ | ग्रींच्फ्फ्र्कँ हृफठफ्फँ प्रींह | ह्नोंप्फ्फ्फृफ्फ |
| ३४ | ँ प्फ्हुफठफ्फ्फ्रफ प्रिफिठफ(दृफ श्रप ध्फ्हुफ्फँफ्फ्फ वृफ्दृफ्रढ) | १५-०० |
| ३५ | इफ्फ्फ्फ्हुफ्फ(श्रप्वुफ्रळरफ्फ्फ्र गीं:प्हुफ्फँ फच्फ्फ्फ्र.ि ढफ ग्फ्फ स्फ्फ्फ्फ्हुफ्फ) | - |
| ३६ | ँ प्फ्हुफ्र शफ्फ्फ्रेढँ प्फ्फ्फ्फृठ्हु ीप्रफ्फँफ्फ्फ्हफ छ ग्रफ्र.फठफह्नवुफ्हफग्रफ्फ | |
| | (श्रप्वुफ्र रफ्रच्फ्र ग्रफ्फ्फ्रढ४९३ ग्रफ्र ग्रफ्ऋ फभ्फ्फ्फ्श्प शफ्र्फ्रफ्फ्र ` ढग्रींस्फ्फ्फ्रफ | १८-०० |
| ३७ | ीँ फ्ठिग्रफठफँ प्फ्फ्फ्फ्र ह्नग्रफ्फ्फ(श्रप्वुफ्रळरफ्फ्फ्र गीं:प्हुफ्फँ फ्रग्रफ्फ्फ्रढ१४७,१९४, | |
| | २००,५११,५६० हस्फ८१९ ग्रफ्र ग्रफ्ऋ फभ्फ्फ्फ्श्प शफ्र्फ्रफ्फ्र ` ढग्रींस्फ्फ्फ्रफ | २५-०० |
| ३८ | ँ पृफ्सिध्फि२ शफ्फ्फ्रफँ( पृफ्सिध्फि दृफ्र्फग्रफ्र ग्रफ्ऋ फभ्फ्फ्फ्श्प शफ्र्फ्रफ्फ्र ` ढग्रींस्फ्फ्फ्रफ | ४०-०० |
| ३९ | ँ प्फ्हुफ्फँफ्फ्र ोप्फ्हु ढ | ह्नोंप्फ्फ्फृफ्फ |
| ४० | ँ प्फ्हुफ्फँफ्फ्र. ठ्दृफ्फग्रु ठफ | ह्नोंप्फ्फ्फृफ्फ |
| ४१ | ँ प्फ्हुफ्फँफ्फ्र | ह्नोंप्फ्फ्फृफ्फ |
| ४२ | ह्नफ्फ्फ्फृफ्फ्दृफ्फ(भ्फ्फ्फ्फ१,२,३) (दृफ ग्रफ्ऋ फभ्फ्फ्फ्श्प शफ्र्फ्रफ्फ्र) | २०-०० |
| ४३ | ह्नफ्हुँ फ | ह्नोंप्फ्फ्फृफ्फ |
| ४४ | सिध्फि सिफ्फ्फ्फ(सिध्फि सिफ्फ्फफढ स्फ्फ्फ्फ्हुफ्फ्फठफँ .फठ्दृफ्फ) | १०-०० |
| ४५ | स्फ्फ्फ्फ्हुफ्फरहँ ँ फ(ग्रफ्ऋ फगृफ्रकेस्फ्प. ढफ्फ्फ्फँ स्फ्हुफ्र ` ढ ोप्फ्फरैप्फ्हफ्र हृह ग्रींस्फ्फ्फ्रफ | २०-०० |

## વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૬૯, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજું કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભ ્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૩ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૫ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | મબદ્ધપર્યાય | - |
| ૨૮ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૨૯ | નિભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૦ | પરમાત્માપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૧ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૨ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શ તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૬ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૮ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૩૯ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૦ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૧ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૩ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૪ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૫ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૬ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૦ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૧ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૨ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૩ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૪ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૫ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૬ | સમ્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક-ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૭ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૬૮ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૬૯ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૦ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૧ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૪ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૫ | ધન્ય આરાધક | - |
| ૭૬ | અધ્યાત્મ સુધા ભાગ–૪ | ૨૦-૦૦ |

## ऱ्फह्रक्रक्राफँ फ्र्ह्रफँक्रफ्रहिँ फ्रीँ फ्रक्र ढ्रृदँ ऩ्वेँ ˙
## ्रीं ढरिफ्रहर्ृ ग्रँछह्रकढ़े ढ्रीं ह्रफँ फ्रँ फ्रक

| | | |
|---|---|---|
| ०१ | ्रींफ्रफेंफ्रँफ्रक्र (गछफ्रफ्रफ्र) | १५०० |
| ०२ | ्रींफ्रफेंफ्रँफ्रक्र (हिंदी) | ४२०० |
| ०३ | ्रफ्रफ्रैं ह्रफ्रॅफ्रँफ्रींह (गछफ्रफ्रफ्र) | १००० |
| ०४ | ्रफ्रफ्रैं ह्रफ्रॅफ्रँ फ्रींह (हिंदी) | २५०० |
| ०५ | ँ फ्रॅफ्रँफ्रक्र ेंफ्रह्न ढ (हिंदी) | ३००० |
| ०६ | ह्रक्रफ्रफ्रदृ (हिंदी) | २००० |
| ०७ | ह्रोंछफ्रफ्री ढफ्रफ्र | २१०० |
| ०८ | ्रफ्रवुफ्रहुीं ढफ्रफ्र | ४१०० |
| ०९ | ँ फ्रॅफ्रँफ्रक्र. ढ्फ्रफ्र ऩ्ु ढ्रक (हिंदी) | २००० |
| १० | ह्रफ्रहुह्र ऱ्फ्रफ्र ढेंफ्र | २००० |
| ११ | ँ फ्रफ्रफ्रफ्रफ्र (गछफ्रफ्रफ्र) | २००० |
| १२ | बृह्र ू ऍँफ्रफ्रींह (हिंदी) | ३००० |
| १३ | इफ्रेंफ्रहुफ्र (गछफ्रफ्रफ्र) | १०,००० |
| १४ | ँ फ्रँफ्रँफ्रक्र | २००० |
| १५ | ह्रदँ फ्रहुँफ्रफ्रे श्फ्र | २००० |
| १६ | ्रफ्रफेंफ्र प्रफ्रफ्रफ्रफ्र | ३००० |
| १७ | ँ फ्रॅफ्रँफ्रक्र | ३१०० |
| १८ | ँ फ्रॅफ्रँफ्रक्र (हिंदी) | २५०० |
| १९ | ह्रदँ फ्रहुफ्रढ ्रफ्रफ्रं ्रइँ फ्रीफ्रफ्रफ्रफ्रू ज्फ्र<br>ँ फ्रफ्रेंफ्र द्रफ्रफ्र दिफ्रफ्रफ्र | ३००० |
| २० | ू ऍँफ्र क्रिह्न ्री ढफ्रफ्र (गछफ्रफ्रफ्र) | १०,००० |
| २१ | ू ऍँफ्र क्रिह्न ्री ढफ्रफ्र (हिंदी) | ६६०० |
| २२ | ्रछक्रफ्रफ्रैं फ्रिह्न ्रफ्रॅफ्र (गछफ्रफ्रफ्र) | ६१०० |
| २३ | अह्रफ्रफ्रफ्र ॅफ्रॅफ्र (गछफ्रफ्रफ्र) | ८००० |
| २४ | ह्रदँ फ्रहुफ्रफ्रफ्र (गछफ्रफ्रफ्र) | ३००० |
| २५ | ध्रँ फ्र ह्रफ्रफ्रक्र (गछफ्रफ्रफ्र) | ३७०० |
| २६ | ध्रँ फ्र ह्रफ्रफ्रक्र (हिंदी) | ८००० |
| २७ | ्रफ्रवुफ्रहुँफ्रक्र (गछफ्रफ्रफ्र) | ५००० |

| | | |
|---|---|---|
| २८ | ा्रफ्रवुफ्रफ्रहुँफ्रफ्रफ(हिंाँ२५) | ४००० |
| २९ | रुफ्रफ्रोंफ्रहृफ्र ाींरुफ्रोंफ्र भफ्रफ्रफ१-२ | ५००० |
| ३० | ाीफ्रृफ्रहफ्र २ शफ्रोंफ्रफ्र. `द्ध प्ह (गछफ्रफ्रहृफ्र) | ५००० |
| ३१ | ाीफ्रृफ्रहफ्र २ शफ्रोंफ्रठ ा्रफ्रफ्र द ५ (हिंाँ२५) | ७००० |
| ३२ | ह्ञोंछफ्रफ्रा्रीं ठफ्रफ्र(हिंाँ२५) | २००० |
| ३३ | गछ्रगछफ्रँ फ्रफ्रफ्रणफ्रक(गछफ्रफ्रहृफ्र) | ३००० |
| ३४ | जिफ्रफ्रँ फ्रँफ्रफ्रँ फ्रफ्रफ(गछफ्रफ्रहृफ्र) | २००० |
| ३५ | जिफ्रफ्रँ फ्रँफ्रफ्रँ फ्रफ्रफ(हिंाँ२५) | २००० |
| ३६ | द्वफ्र शफ्र ह्ञोंध्रीं‌्फ्रफ(गछफ्रफ्रहृफ्र) | २००० |
| ३७ | ऱ्ँ फ्र दृफ्रफ्रफ्र धफ्रफ्र(गछफ्रफ्रहृफ्र) | २००० |
| ३८ | धफ्रँ फ्र ह्ञ फ्रफ्रफ्रोंफ्रफ(गछफ्रफ्रहृफ्र) | १००० |
| ३९ | धफ्रँ फ्र ह्ञ फ्रफ्रफ्रोंफ्रफ(हिंाँ२५) | १५०० |
| ४० | ा्रींरुफ्रोंफ्रो फ्रफ्रोंफ्रहृफ्र भफ्रफ्रफ१-४ | ५८५० |
| ४१ | ा्रींरुफ्रोंफ्रा्रीँ फ्रफ्र भफ्रफ्रफ१-२ | २३०० |
| ४२ | ा्रफ्रफ्रा्रीं ठफ्रफ(गछफ्रफ्रहृफ्र) | २००० |
| ४३ | ा्रीँ फ्रज्फ्रोंफ्रोँ फ्रऊ (गछफ्रफ्रहृफ्र) | ३५०० |
| ४४ | ा्रीँ फ्रज्फ्रोंफ्रोँ फ्रऊ (हिंाँ२५) | २५०० |
| ४५ | रिफ्रधिफ्र रिफ्रफ्रोंफ्र(गछफ्रफ्रहृफ्र) | २००० |
| ४६ | रिफ्रधिफ्र रिफ्रफ्रोंफ्र(हिंाँ२५) | २००० |
| ४७ | भफ्रफ्रफ्रोंफ्र ह्ञ फ्रहृफ्र(गछफ्रफ्रहृफ्रहिंाँ२५) | ३५०० |
| ४८ | ँ फ्रहुँ.फ्र ळफ्रफ्रोंफ्र प्ा्र.फ्र ठफ्र(गछफ्रफ्रहृफ्र) | १००० |
| ४९ | ँ फ्रहुँ.फ्र ळफ्रफ्रोंफ्र प्ा्र.फ्र ठफ्र(हिंाँ२५) | १५०० |
| ५० | ह्ञफ्रफ्रोंछ्रफ्रदृफ्रोंफ्र(गछफ्रफ्रहृफ्र) | ४००० |
| ५१ | ह्ञफ्रफ्रोंछ्रफ्रदृफ्रोंफ्र(हिंाँ२५) | २००० |
| ५२ | बफ्रज्छः ठफ्र शंफ्रधफ्र वुफ्रफ(गछफ्रफ्रहृफ्र) | ४००० |
| ५३ | ऱ्ँखफ्रफ्र ृद्ध ोफ्रश्फ्रंफ्रज्फ्र(हिंाँ२५) | २००० |
| ५४ | दुफ्रछफ्रहृफ्र ह्ञ फ्रं हणफ्र अफ्रहृफ्र(गछफ्रफ्रहृफ्र) | २५०० |
| ५५ | दुफ्रछफ्रहृफ्र ह्ञ फ्रं हणफ्र अफ्रहृफ्र(हिंाँ२५) | ३५०० |
| ५६ | ह्ञ वुफ्रहृफ्रा्रफ्रफ्र(गछफ्रफ्रहृफ्र) | २००० |
| ५७ | ह्ञ वुफ्रहृफ्रा्रफ्रफ्र(हिंाँ२५) | २५०० |
| ५८ | ा्रफ्ररिभिंवुफ्रफ्रोंफ्रफ्रा्रीहँ फ्रफ्रँ फ्रोंफ्र(गछफ्रफ्रहृफ्र) | १५०० |

| | | |
|---|---|---|
| ५९ | ्रफ्रिभिंक्षुफ्रफ्रेढ्रीहॅफ्रक्रॅ फ्रोंफ्र(हिंाइ५) | २५०० |
| ६० | ह्रफ्रहॅंफ्रंफ्र(ग्छफ्रफ्रहृत्ता) | १५०० |
| ६१ | ह्रफ्रहॅंफ्रंफ्र(हिंाइ५) | ३००० |
| ६२ | ह्रोंछफ्रफ्रॅ फ्रफ्रफ्रोंफ्र (ग्छफ्रफ्रहृत्ता) | १००० |
| ६३ | ह्रोंछफ्रफ्रॅ फ्रफ्रफ्रोंफ्र (हिंाइ५) | १००० |
| ६४ | ञ्फ्रोंफ्रहृत्ताफ्र(हिंाइ५) | २५०० |
| ६५ | रफ्रोंफ्रहृत्ताफ्ररहॅ ॅ फ्र | १००० |
| ६६ | ःि शफ्रबंधफ्र(हिंाइ५-ग्छफ्रफ्रहृत्ता) | ३५०० |
| ६७ | . ढ्फ्रोंफ्ररत्नंफ्रॅ फ्रिहृफ्र(हिंाइ५-ग्छफ्रफ्रहृत्ता) | २५०० |
| ६८ | ्रींरफ्रोंफ्रॅ छफ्र(भ्फ्रफ्र१) | १४०० |
| ६९ | . ट्वृफ्रफ्रींहिफ्रफ्र(हिंाइ५-ग्छफ्रफ्रहृत्ता) | ३५०० |
| ७० | ॅ फ्रफ्रफ्र. ढफ्रॅ फ्रफ्रोंफ्र ह्रफ्रॅफ्र<br>(हिंाइ५-ग्छफ्रफ्रहृत्ता) | ३००० |
| ७१ | ग्छ गिफ्रफ्रग्फ्ररफ्र(हिंाइ५-ग्छफ्रफ्रहृत्ता) | ३५०० |
| ७२ | ह्रफ्रहॅंफ्रि फ्रिऊ शफ्रॅफ्रफ्र ्रींरफ्रोंफ्र | ७५० |
| ७३ | ्रींरफ्रोंफ्रॅ छफ्र(भ्फ्रफ्र२) | ७५० |
| ७४ | ॅ फ्रहॅंफ्रॅफ्रफ्र इ होंफ्र | ७५० |
| ७५ | ग्छ ग्छफ्रॅ फ्रफ्रफ्रणफ्र | ७५० |
| ७६ | ॅ छफ्रफ्रिफ्र शफ्रोंफ्र | १००० |
| ७७ | ॅ फ्रहुि ढ्हृोंछ बफ्रज्फ्र | १००० |
| ७८ | ॅ रफ्र्रफ्रफ्रोंफ्र | १००० |
| ७९ | ्रींरफ्रोंफ्रॅ छफ्र(भ्फ्रफ्र३) | १००० |
| ८० | ्रींरफ्रोंफ्रॅ छफ्र(भ्फ्रफ्र४) | १००० |
| ८१ | . ढहिकेॅढफ्रोंफ्रींव्फ्र्रींरफ्रोंफ्र भ्फ्रफ्र१ | १००० |
| ८२ | . ढहिकेॅढफ्रोंफ्रींव्फ्र्रींरफ्रोंफ्र भ्फ्रफ्र२ | १००० |
| ८३ | ॅ छफ्रफ्रिफ्र शफ्रोंफ्र(हिंाइ५) | १००० |
| ८४ | ्रींरफ्रोंफ्रॅ छफ्र(भ्फ्रफ्र५) | १००० |
| ८५ | ू रॅफ्रॅफ्रींह ्रींरफ्रोंफ्र(भ्फ्रफ्र१) | १००० |
| ८६ | ू रॅफ्रॅफ्रींह ्रींरफ्रोंफ्र(भ्फ्रफ्र२) | १००० |
| ८७ | रफ्रोंफ्रहृत्ताफ्ररहॅ ॅ फ्र(हिंाइ५) | १००० |
| ८८ | ्रींरफ्रोंफ्रॅ छफ्र(भ्फ्रफ्र६) | १००० |

| | | |
|---|---|---|
| ८९ | रफ्रन्फ्रएइ ॅ फ्र(भ्प्रफ्रफ्र१) | १५०० |
| ९० | रफ्रन्फ्रएइ ॅ फ्र(भ्प्रफ्रफ्र२) | १५०० |
| ९१ | ह्ल ॅ प्रह्लुॅफ्रछ्रप्रफ्रक (भ्प्रफ्रफ्र१) | १००० |
| ९२ | ह्ल ॅ प्रह्लुॅफ्रछ्रप्रफ्रक (भ्प्रफ्रफ्र२) | १००० |
| ९३ | ग्छ्क गिप्रफ्रफ्रग्फ्रूरफ्र(भ्प्रफ्रफ्र१) | १००० |
| ९४ | ह्ल ॅ प्रह्लुफ्रॅ छ्रप्रफ्रक(भ्प्रफ्रफ्र३) | १००० |
| ९५ | ्रीफ्रप्रोंफ्रॅ छ्रप्रफ्रक(भ्प्रफ्रफ्र७) | ७५० |
| ९६ | ्रीफ्रप्रोंफ्रॅ छ्रप्रफ्रक(भ्प्रफ्रफ्र८) | ७५० |
| ९७ | रफ्रन्फ्रएइ ॅ फ्र(भ्प्रफ्रफ्र३) | ७५० |
| ९८ | वृुष्ह्लिोंफ्रक वुफ्रफ्रक(गृफ्रन्फ्रफ्रह्लफ्र( | १००० |
| ९९ | ्रीफ्रप्रोंफ्रोंप्रफ्रोंफ्रह्लफ्र(भ्प्रफ्रफ्र३) | १००० |
| १०० | ्रीफ्रप्रोंफ्रोंप्रफ्रोंफ्रह्लफ्र(भ्प्रफ्रफ्र४) | १००० |
| १०१ | ्रीफ्रप्रोंफ्रॅ छ्रप्रफ्रक(भ्प्रफ्रफ्र९) | ७५० |
| १०२ | ग्छ्क गिप्रफ्रफ्रग्फ्रूरफ्र(भ्प्रफ्रफ्र२) | ७५० |
| १०३ | ्रीफ्रप्रोंफ्रॅ पृफ्रप्रफ्रक(भ्प्रफ्रफ्र२) हिंइ८ | १००० |
| १०४ | ्रीफ्रप्रोंफ्रॅ पृफ्रप्रफ्रक(भ्प्रफ्रफ्र१०) (गृफ्रन्फ्रफ्रह्लफ्र) | ७५० |
| १०५ | ्रीफ्रप्रोंफ्रॅ पृफ्रप्रफ्रक(भ्प्रफ्रफ्र११) (गृफ्रन्फ्रफ्रह्लफ्र) | ७५० |
| १०६ | धफ्रॅ फ्र ह्ल प्रफ्रफ्रफ्रढ (गृफ्रन्फ्रफ्रह्लफ्र) | ७५० |

# પાઠકોની નોંધ માટે





વચનામૃતના એક એક ટુકડામાં, એક એક શબ્દમાં, નિધાન ભર્યાં છે. જેને તળીયા પકડતાં આવડે તેને અગાધતા લાગે સ્વભાવની. પર્યાયે પ્રભુને સંઘર્યો, આખો જ્ઞાનમાં લઈ લીધો. આ તો સિધ્ધાંતનું દોહન છે. જગતનાં ભાગ્ય કે આ (બેનનું પુસ્તક) ટાણે બહાર આવી ગયું. થોડા શબ્દોમાં, સાદી ભાષામાં, મૂળ તત્ત્વને પ્રગટ કર્યું.

— પૂજ્ય ગુરુદેવશ્રી

વીતરાગ સત સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર